ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ

ગ્રંથ ૩

# મૈત્રક કાલ અને અનુ-મૈત્રક કાલ

શેઠ ભોળાભાઈ જેશિંગભાઈ અધ્યયન-સંશોધન વિદ્યાભવન

સંશોધન ગ્રંથમાલા—ગ્રંથાંક ૬૮
શેઠ ભોળાભાઈ જેશિંગભાઈ અધ્યયન-સંશોધન વિદ્યાભવન

# ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ

ગ્રંથ ૩

# મૈત્રક કાલ અને અનુ-મૈત્રક કાલ

સંપાદકો

**રસિકલાલ છોટાલાલ પરીખ**
અનુસ્નાતક અધ્યાપક, સંશોધન-માર્ગદર્શક અને નિવૃત્ત અધ્યક્ષ,
ભો. જે. અધ્યયન-સંશોધન વિદ્યાભવન, અમદાવાદ

અને

**હરિપ્રસાદ ગંગાશંકર શાસ્ત્રી**, એમ. એ., પીએચ. ડી.
અનુસ્નાતક અધ્યાપક, સંશોધન-માર્ગદર્શક અને અધ્યક્ષ,
ભો. જે. અધ્યયન-સંશોધન વિદ્યાભવન, અમદાવાદ

શેઠ ભોળાભાઈ જેશિંગભાઈ અધ્યયન-સંશોધન વિદ્યાભવન
અમદાવાદ-૯

પ્રથમ સંસ્કરણ   વિ. સં. ૨૦૩૦   ઈ. સ. ૧૯૭૪

કિંમત રૂ. [redacted]
૧૫૧=૦૦

પ્રકાશક
હરિપ્રસાદ ગં. શાસ્ત્રી
અધ્યક્ષ
ભો. જે. અધ્યયન-સંશોધન વિદ્યાભવન,
ર. છો. માર્ગ, અમદાવાદ–૯

મુદ્રક :
ગુલામ મોહમ્મદ સમસુદ્દીન વલીઉલ્લા
જી. એસ. પ્રિન્ટર્સ,
કાળુપુર, પાંચપટ્ટી, સુજાદીની પોળ,
અમદાવાદ–૧

# પ્રસ્તાવના

ગુજરાત રાજ્ય સરકારના આર્થિક પ્રોત્સાહન નીચે ભો. જે. વિદ્યાભવને 'ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ'ની ગ્રંથમાલા તૈયાર કરવાનું ૧૯૬૭ ની આખરમાં શરૂ કર્યું ને ૧૯૭૨ માં એના ગ્રંથ ૧: ઇતિહાસની પૂર્વ-ભૂમિકા તથા ગ્રંથ ૨ : મૌર્યકાલથી ગુપ્તકાલ પ્રકાશિત થયા.

પ્રાગૈતિહાસિક તથા આદ્ય-ઐતિહાસિક સંસ્કૃતિઓનું નિરૂપણ ગ્રંથ ૧ માં થયું. ઐતિહાસિક કાલનાં પગરણ ગ્રંથ ૨ માં થયાં ને એમાં ગુજરાતનો મૌર્ય-કાલ, અનુ-મૌર્યકાલ, ક્ષત્રપકાલ અને ગુપ્તકાલનો ઇતિહાસ આલેખાયો, જેમાં એકંદરે લગભગ ઈ. પૂ. ૩૨૨ થી લગભગ ઈ. સ. ૪૭૦ સુધીના સમયને આવરી લેવામાં આવ્યો.

હવે આ ગ્રંથ ૩ માં મૈત્રક કાલ (લગભગ ઈ. સ. ૪૭૦ થી ઈ. સ. ૭૮૮) તથા અનુ–મૈત્રક કાલ(ઈ. સ. ૭૮૮ થી ઈ. સ. ૯૪૨)નો ગુજરાતનો ઇતિહાસ નિરૂપવામાં આવ્યો છે.

ગુજરાતના પ્રાચીન ઇતિહાસમાં ત્રણ કાલ લાંબા અને મહત્ત્વના છે : ક્ષત્રપ-કાલ (લગભગ ઈ. સ. ૭૮ થી કે ઈ. સ. ૩૮ થી લગભગ ઈ. સ. ૪૦૦), મૈત્રકકાલ (લગભગ ઈ. સ. ૪૭૦ થી ઈ. સ. ૭૮૮) અને સોલંકીકાલ (ઈ. સ. ૯૪૨ થી ૧૩૦૪). મૌર્યકાલથી ગુપ્તકાલ સુધી સુરાષ્ટ્રનું રાજકીય કેંદ્ર ગિરિનગર હતું; મૈત્રકકાલ દરમ્યાન મૈત્રક રાજ્યની રાજધાની વલભી છે ને મૈત્રક રાજાઓની સત્તા સમસ્ત સૌરાષ્ટ્ર ઉપરાંત કચ્છ, ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને પશ્ચિમ માળવા પર પ્રવર્તે છે. મૈત્રક રાજ્યના ઇતિહાસનાં સાધનોમાં જેના પર ભૂમિદાનને લગતાં રાજશાસન કોતરેલાં છે તેવાં તામ્રપત્ર સહુથી વિપુલ તથા સહુથી મહત્ત્વનું સાધન છે.

મૈત્રક કાલના અંત (ઈ. સ. ૭૮૮) અને સોલંકી કાલના આરંભ(ઈ. સ. ૯૪૨)ની વચ્ચે જે દોઢસોએક વર્ષનો ગાળો રહેલો છે તેને માટે એ કાલના કોઈ એક વિશાળ પ્રબળ રાજ્યના અભાવે અહીં 'અનુ–મૈત્રક કાલ' શબ્દપ્રયોગ કરવામાં આવ્યો છે.

મૈત્રક કાલ તથા અનુ-મૈત્રક કાલ દરમ્યાન રાજસ્થાન-ગુજરાતમાં જે ગુર્જર અને ચાવડા રાજ્ય થયાં તે ગુજરાતના આ કાલના ઇતિહાસમાં મહત્ત્વની અસર

ધરાવે છે. શ્રીમાલ–ભિલ્લમાલ–ભીનમાલ એ પ્રાચીનતર ગુર્જર દેશનું પાટનગર હતું, એટલું જ નહિ, વર્તમાન ગુજરાતની અનેક મહત્ત્વની જાતિઓનું મૂળ સ્થાન પણ હતું. નાંદીપુર–ભરુકચ્છનો મૈત્રકકાલીન ગુર્જરવંશ તો એ પ્રાચીનતર ગુર્જરદેશના પ્રતીહાર વંશની શાખા લાગે છે. પંચાસરના રાજા જયશિખરી અને અણહિલવાડના સ્થાપક વનરાજ ચાવડા સાથે સંકળાયેલા કનોજના રાજા ગુર્જર–પ્રતીહાર વંશના હતા ને એ વંશે સૌરાષ્ટ્ર પર લાંબા સમય લગી આધિપત્ય ધરાવ્યું હતું. ચાપોત્કટ–ચાવડા કુલનાં રાજ્ય ભિલ્લમાલ અને પંચાસર ઉપરાંત સૌરાષ્ટ્ર અને કચ્છમાં અનેક સ્થળોએ થયાં. ઉત્તર ગુજરાતનો ચાવડા વંશ અણહિલવાડ પાટણના કારણે ગુજરાતના ઇતિહાસમાં નામાંકિત થયેલો છે. એના પોતાના કોઈ અભિલેખ મળ્યા ન હોઈ એનો ચોક્કસ રાજ્યકાલ નક્કી કરવો મુશ્કેલ નીવડ્યો છે, છતાં કનોજના સંભવિત સમકાલીન રાજાઓના નિર્ણીત રાજ્યકાલના આધારે જયશિખરી–વનરાજના આનુશ્રુતિક રાજ્યકાલને સોએક વર્ષ મોડો મૂકવો પડે છે એ મુદ્દો અહીં ખાસ નોંધપાત્ર છે.

મૈત્રક કાલ દરમ્યાન સૌરાષ્ટ્રમાં ગારુલકોનું રાજ્ય થયું તથા દક્ષિણ ગુજરાતમાં ત્રૈકૂટકો, કટચ્ચુરિઓ, ચાહમાનો, સેંદ્રકો અને ચાલુક્યોનાં પણ રાજ્ય પ્રવર્ત્યાં. મૈત્રક કાલના અંતભાગમાં સૌરાષ્ટ્રમાં સૈંધવોનું અને દક્ષિણ ગુજરાતમાં રાષ્ટ્રકૂટોનું રાજ્ય સ્થપાયું, તે બંને રાજ્ય અનુ–મૈત્રક કાલ દરમ્યાન ચાલુ રહ્યાં. પછીના આ કાલમાં સૌરાષ્ટ્રમાં ચાપ–કુલ ઉપરાંત ચાલુક્ય–કુલનું પણ એક રાજ્ય પ્રવર્ત્યું. આ બધાં મોટાંનાનાં રાજ્યોનો ઇતિહાસ અહીં 'ખંડ ૨ : રાજકીય ઇતિહાસ'માં નિરૂપવામાં આવ્યો છે.

પરંતુ હવે ઇતિહાસ રાજકીય ઇતિહાસમાં સીમિત રહ્યો નથી, આથી ગ્રંથ ૨ ની જેમ આ ગ્રંથમાં પણ સાંસ્કૃતિક ઇતિહાસનો વિસ્તૃત ખંડ આપવામાં આવ્યો છે, જેમાં આ કાલનાં સામાજિક અને આર્થિક સ્થિતિ, ભાષા અને સાહિત્ય, લિપિ અને ધર્મસંપ્રદાયોનો ઇતિહાસ આલેખવામાં આવ્યાં છે. લિપિના ઇતિહાસમાં અહીં આ કાલ દરમ્યાન અગાઉની દક્ષિણી શૈલીને બદલે ઉત્તરી શૈલી પ્રચલિત થઈ એ નોંધપાત્ર છે. એવી રીતે ધર્મસંપ્રદાયના ઇતિહાસમાં આ કાલ દરમ્યાન અહીં બૌદ્ધ ધર્મનો લોપ થયો ને ઇસ્લામ તથા જરથોસ્તી ધર્મનો પ્રવેશ થયો એ પણ ખાસ ઉલ્લેખપાત્ર છે.

પુરાવસ્તુને લગતા ખંડ ૪ માં ગ્રંથ ૨ ની જેમ આ ગ્રંથમાં પણ સ્થળ-તપાસ તથા ઉત્ખનન દ્વારા મળેલી માહિતી, સ્થાપત્યકીય સ્મારકો અને શિલ્પ-

કૃતિઓનો વૃત્તાંત નિરૂપાયો છે. એમાં આ કાલ દરમ્યાન ગુજરાતમાં દેવાલયના સ્થાપત્ય–સ્વરૂપનો જે ક્રમિક વિકાસ થયો તે તથા અહીં શાંર્ગધરની જે પશ્ચિમી કલાશૈલી પ્રચલિત થઈ તે બે બાબત લક્ષ્યમાં લેવા જેવી ગણાય. આ કાલની ચિત્રકલાના નમૂના હાલ ગુજરાતમાં ઉપલબ્ધ નથી, પરંતુ વલભીના મૈત્રક રાજ્યના શાસન નીચેના માલવ પ્રદેશમાં બાઘના ડુંગરની ગુફાઓમાં મળે છે.

ખંડ ૪ પછી ચાર પરિશિષ્ટ આપવામાં આવ્યાં છે. પરિશિષ્ટ ૧ માં ચીની પ્રવાસી યુઅન શ્વાંગના પ્રવાસગ્રંથ 'સિ–યુ–કી'માંથી ગુજરાતને લગતો વૃત્તાંત આપવામાં આવ્યો છે. પરિશિષ્ટ ૨ અને ૩ માં બૉમ્બે ગૅઝેટિયરમાંથી અનુક્રમે ભીનમાલ (ભિલ્લમાલ) અને ગુજરો(ગુર્જરો)ને લગતાં પરિશિષ્ટોનો અનુવાદ રજૂ કર્યો છે. પરિશિષ્ટ ૪ માં આ કાલને લગતા અગત્યના આનુશ્રુતિક વૃત્તાંતોનો ખ્યાલ આપ્યો છે.

ગ્રંથ ૨ ની જેમ છેવટે વંશાવળીઓ, સંદર્ભસૂચિ અને શબ્દસૂચિ પણ આપવામાં આવી છે.

વળી નકશાઓ, રેખાચિત્રો અને ફોટોગ્રાફોને લગતા ૪૦ પટ્ટ આપવામાં આવ્યા છે, જેથી અગાઉનાં પ્રકરણોમાં નિરૂપેલી ઘણી બાબતો વધુ વિશદ બને.

ગુજરાતના રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસની આ ગ્રંથમાલા તૈયાર કરાવી પ્રકાશિત કરવા માટે રાજ્ય સરકારે ૭૫ ટકાના અનુદાનની માતબર સહાય કરી છે એની કૃતજ્ઞતાપૂર્વક નોંધ લઈ, આ ગ્રંથમાલાની યોજના પાર પાડવામાં રાજ્ય સરકારનું સક્રિય પ્રોત્સાહન હંમેશાં મળતું રહેશે એવી આશા રાખીએ છીએ.

ગુજરાત રાજ્યના ભાષાનિયામકશ્રીના વિભાગ તરફથી આ બાબતમાં અમને સતત સક્રિય માર્ગદર્શન મળેલ છે એ માટે અમે એ વિભાગના સહુ સંચાલકોનો આભાર માનીએ છીએ.

અવારનવાર કિંમતી સૂચનો આપવા માટે સલાહકાર સમિતિના વિદ્વાન સભ્યોના અમે ઋણી છીએ.

અમારા નિમંત્રણનો સ્વીકાર કરી જે અનેક વિદ્વાનોએ આ ગ્રંથનાં પ્રકરણ તથા પરિશિષ્ટ તૈયાર કરી આપ્યાં છે તે સહુનો અમે હાર્દિક આભાર માનીએ છીએ. ગુજરાતના સર્વાંગી ઇતિહાસની આ યોજનાની સફળતાનો મુખ્ય આધાર એવા સહુ તજ્જ્ઞ વિદ્વાનોના સહકાર પર રહેલો છે.

અમારા સંપાદનકાર્યમાં તેમજ પ્રૂફવાચનના કાર્યમાં અમારા સહકાર્યકર અધ્યા. કેશવરામ કા. શાસ્ત્રીએ બધો વખત સક્રિય સાથ આપ્યો છે તથા નકશાઓ, આલેખો, ફોટોગ્રાફો વગેરે બાબતમાં ડૉ. કાંતિલાલ ફૂ. સોમપુરાએ સક્રિય મદદ કરી છે તેની અહીં કૃતજ્ઞતાપૂર્વક નોંધ લઈએ છીએ.

ફોટોગ્રાફો તથા બ્લૉકો માટે અમને જે સંસ્થાઓ તથા વ્યક્તિઓના સૌજન્યનો લાભ મળ્યો છે તેઓનો અમે અન્યત્ર ઋણસ્વીકાર કર્યો છે. આ ગ્રંથમાં પ્રકાશિત થયેલાં અનેક ચિત્રો માટે ભારત સરકારનાં તથા રાજ્ય સરકારનાં લાગતાં વળગતાં ખાતાંઓના સૌજન્યની સાભાર નોંધ લઈએ છીએ.

ગુજરાતની શૈક્ષણિક તથા સાહિત્યિક સંસ્થાઓ તેમજ ઇતિહાસરસિક વ્યક્તિઓ આ ગ્રંથમાલાને સક્રિય આવકાર આપવો ચાલુ રાખશે તો આ યોજનાને વિશેષ પ્રોત્સાહન મળશે

ભો. જે. વિદ્યાભવન,
ર. છો. માર્ગ,
**અમદાવાદ–૯**
તા. ૩૧–૩–૧૯૭૪

**રસિકલાલ છો. પરીખ**
**હરિપ્રસાદ ગં. શાસ્ત્રી**
સંપાદકો

# અનુક્રમણી

પ્રસ્તાવના ૫
અનુક્રમણી ૯
નકશાઓ અને ચિત્રો ૧૫
ઋણસ્વીકાર ૧૭
સંક્ષેપસૂચિ ૧૮
શુદ્ધિપત્રક ૨૦

## ખંડ ૧

## પ્રાસ્તાવિક

### પ્રકરણ ૧

### મૈત્રક કાલ અને અનુ-મૈત્રક કાલ

ડૉ. હરિપ્રસાદ ગંગાશંકર શાસ્ત્રી, એમ.એ.,પીએચ.ડી.
અધ્યક્ષ, ભો. જે. અધ્યયન-સંશોધન વિદ્યાભવન, અમદાવાદ

૧ મૈત્રક કાલ ૧
૨ અનુ-મૈત્રક કાલ ૩

## ખંડ ૨

## રાજકીય ઇતિહાસ

### પ્રકરણ ૨

વલભી ૬

ડૉ. હરિપ્રસાદ ગં. શાસ્ત્રી, એમ.એ.,પીએચ.ડી.

## પ્રકરણ ૩

### મૈત્રક રાજ્ય

લે. હરિપ્રસાદ ગં. શાસ્ત્રી, એમ.એ.,પીએચ.ડી.


૧. મૈત્રકો અને તેઓની ઉત્પત્તિ ૨૭

૨. સ્થાપના અને સ્થિરતા ૩


## પ્રકરણ ૪

### મૈત્રક રાજ્ય (ચાલુ)

લે. હરિપ્રસાદ ગં. શાસ્ત્રી, એમ.એ.,પીએચ.ડી.


૧. અભ્યુદય ૫

૨. પડતી અને અંત ૬

પરિશિષ્ટ : ભૂમિદાન, દાનશાસનો અને તામ્રપત્રો ૭૩


## પ્રકરણ ૫


શ્રીમાલ–ભિલ્લમાલ : ગુર્જર દેશનું પાટનગર ૮૨


લે. પ્રિયબાળાબહેન જી. શાહ, એમ.એ.,પીએચ.ડી., ડી. લિટ.
આચાર્યા, માતુશ્રી વીરબાઈમા મહિલા કૉલેજ, રાજકોટ

## પ્રકરણ ૬

### ગુર્જર–પ્રતીહારો

લે. હરિપ્રસાદ ગં. શાસ્ત્રી, એમ.એ.,પીએચ.ડી.


૧. ગુર્જર દેશનો અને અવંતિ–કનોજનો પ્રતીહાર વંશ ૯૪

૨. નાંદીપુર–ભરુકચ્છનો ગુર્જરનૃપતિવંશ ૯૭

૩. ગુજરાતમાં પ્રતીહારોનું આધિપત્ય ૧૦૩


## પ્રકરણ ૭

### ચાવડા રાજ્યો

લે. હરિપ્રસાદ ગં. શાસ્ત્રી, એમ.એ.,પીએચ.ડી.


કુલનામ ૧૧૨

ભિલ્લમાલનું ચાપરાજ્ય ૧૧૪

સૌરાષ્ટ્ર અને કચ્છનાં ચાવડા રાજ્ય ૧૧૫

ઉત્તર ગુજરાતનાં ચાવડા રાજ્ય ૧૧૮

પ્રકરણ ૮

સમકાલીન રાજ્યો ૧૩૬

લે. હરિપ્રસાદ ગં. શાસ્ત્રી, એમ.એ., પીએચ.ડી.

પરિશિષ્ટ

ગુજરાત ઉપર મુસલમાનોનાં આક્રમણ ૧૭૦

લે. છોટુભાઈ રણછોડજી નાયક, એમ.એ., બી.ટી., પીએચ.ડી.
ફારસીના રીડર, ભાષા–સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

પ્રકરણ ૯

રાજ્યતંત્ર ૧૭૭

લે. હરિપ્રસાદ ગં. શાસ્ત્રી, એમ.એ., પીએચ.ડી.

## ખંડ ૩

## સાંસ્કૃતિક ઇતિહાસ

પ્રકરણ ૧૦

સામાજિક અને આર્થિક સ્થિતિ ૧૮૮

લે. ભોગીલાલ જયચંદભાઈ સાંડેસરા, એમ.એ., પીએચ.ડી.
નિયામક, ઓરિયેન્ટલ ઇન્સ્ટિટ્યૂટ અને અધ્યક્ષ, ગુજરાતી વિભાગ, મ. સ. યુનિવર્સિટી, વડોદરા

પ્રકરણ ૧૧

ભાષા અને સાહિત્ય

લે. અંબાલાલ પ્રેમચંદ શાહ, વ્યાકરણતીર્થ
નિવૃત્ત સંયુક્ત પ્રધાન–સંપાદક, લાલભાઈ દલપતભાઈ ગ્રંથમાલા, લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદ

ભાષા ૨૦૫

સાહિત્ય ૨૧૫

પ્રકરણ ૧૨
લિપિ ૨૩૭
લે. પ્રવીણચંદ્ર ચિમનલાલ પરીખ, એમ.એ.,પીએચ.ડી.
ભારતીય સંસ્કૃતિના અધ્યાપક, માતુશ્રી વીરબાઈમા મહિલા કૉલેજ, રાજકોટ

પ્રકરણ ૧૩
ધર્મસંપ્રદાયો
અ. ભારતીય સંપ્રદાયો ૨૫૪
લે. ભોગીલાલ જ. સાંડેસરા, એમ.એ.,પીએચ.ડી.
આ. ઇસ્લામનો ઉદય અને ગુજરાતમાં એના ફેલાવાનો આરંભ ૨૬૬
લે. છોટુભાઈ ર. નાયક, એમ.એ.,બી.ટી.,પીએચ.ડી.
ઇ. પારસીઓનો વસવાટ અને જરથોસ્તી ધર્મ ૨૭૭
લે. ફીરોઝ કાવસજી દાવર, એમ.એ.
નિવૃત્ત અધ્યાપક, ગુજરાત કૉલેજ અને લા. દ. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ

ખંડ ૪
પુરાવસ્તુ

પ્રકરણ ૧૪
સ્થળતપાસ અને ઉત્ખનન દ્વારા મળતી માહિતી ૨૮૧
લે. રમણલાલ નાગરજી મહેતા, એમ.એ.,પીએચ.ડી.
અધ્યક્ષ, ડિપાર્ટમેન્ટ ઑફ આર્કિયોલૉજી ઍન્ડ ઍન્શ્યન્ટ હિસ્ટરી, મ. સ. યુનિવર્સિટી,
વડોદરા

પ્રકરણ ૧૫
સ્થાપત્યકીય સ્મારકો
લે. જયેન્દ્ર મુકુન્દલાલ નાણાવટી, એમ.એ.
ડાયરેક્ટર ઑફ આર્કિયોલૉજી, ગુજરાત રાજ્ય, અમદાવાદ
અને
કાન્તિલાલ ફૂલચંદ સોમપુરા, એમ.એ.,એલએલ.બી.,પીએચ.ડી.
ભારતીય સંસ્કૃતિના અધ્યાપક, ભો. જે. અધ્યયન-સંશોધન વિદ્યાભવન, અમદાવાદ
નાગરિક સ્થાપત્ય ૨૮૮
ધાર્મિક સ્થાપત્ય ૨૮૯

પ્રકરણ ૧૬

શિલ્પકૃતિઓ ૩૪૯

લે. ઉમાકાન્ત પ્રેમાનંદ શાહ, એમ.એ.,પીએચ.ડી.
નાયબ નિયામક, ઓરિયેન્ટલ ઇન્સ્ટિટ્યૂટ, મ. સ. યુનિવર્સિટી, વડોદરા; સંપાદક, જર્નલ ઑફ ઇન્ડિયન સોસાયટી ઑફ ઓરિયેન્ટલ આર્ટ, કલકત્તા

પ્રકરણ ૧૭

ચિત્રકલા ૩૬૫

લે. પનુભાઈ નાનાલાલ ભટ્ટ, એમ.એ.,પીએચ.ડી.
અધ્યાપક, સ્કૂલ ઑફ આર્કિટેક્ચર, અમદાવાદ

# પરિશિષ્ટો

પરિશિષ્ટ ૧

યુઅન શ્વાંગની નોંધ ૩૭૩

(ચીની 'સિ–યુ–કી'ના પ્ર. ૧૧ ના પ્રસ્તુત ભાગનો અંગ્રેજી અનુવાદના આધારે કરેલો ગુજરાતી અનુવાદ અને ટિપ્પણ)

જયેશકુમાર મ. શાહ, એમ.એ., પીએચ.ડી.
અધ્યાપક, જયેન્દ્રપુરી આર્ટ્સ કૉલેજ, ભરૂચ

પરિશિષ્ટ ૨

ભીનમાલ ૩૮૩

*Gazetteer of the Bombay Presidency, Vol. I, Part 1, Appendix III : Bhinmal*નો અનુવાદ

નીલાંજના સુબોધચંદ્ર શાહ, એમ.એ.,પીએચ.ડી.
અધ્યાપક, ગુજરાત કૉલેજ, અમદાવાદ

પરિશિષ્ટ ૩

ગુજરો ૪૧૪

(*Gazetteer of the Bombay Presidency, Vol. IX, Part I, Appendix B : The Guja*-નો અનુવાદ)

ઇલા વિજયકર બીજ્વાડિયા, એમ.એ.
'મિસર અને પશ્ચિમ એશિયાની પ્રાચીન સંસ્કૃતિઓ'નાં લેખિકા

પરિશિષ્ટ ૪

આનુશ્રુતિક વૃત્તાંતો ૪૨૮

લે. અંબાલાલ પ્રેમચંદ શાહ, વ્યાકરણતીર્થ

વંશાવળીઓ ૪૫૦

સંદર્ભસૂચિ ૪૫૭

પરિભાષા ૪૮૪

શબ્દસૂચિ ૪૮૭

# નકશા અને ચિત્રો

## નકશા


૧. મૈત્રકકાલીન ગુજરાત

૨. અનુ-મૈત્રક કાલનું પશ્ચિમ ભારત

૩. અનુ-મૈત્રક કાલનું ગુજરાત

૪. સ્થળતપાસ, ઉત્ખનન અને શિલ્પકૃતિઓનાં સ્થળ

૫. સ્થાપત્યકીય સ્મારકોનાં સ્થળ


## ચિત્રો


| પટ્ટ | આકૃતિ | |
|---|---|---|
| ૧ | ૬–૭ | મૈત્રકકાલીન લિપિ |
| ૨ | ૮–૯ | અનુ-મૈત્રક કાલની લિપિ |
| ૩ | ૧૦–૨૦ | મૃત્પાત્રો અને મુદ્રાંક |
| ૪ | ૨૧–૨૭ | માટીની પક્વ પૂતળીઓ |
| ૫ | ૨૮–૪૪ | શંખની બંગડીઓ, મણકા વગેરે |
| ૬ | ૪૫–૫૭ | ચિત્રિત અને ઘાટીલાં મૃત્પાત્ર |
| ૭ | ૫૮ | ગોપના મંદિરનું તલદર્શન |
| | ૫૯ | કદવારના મંદિરનું તલદર્શન |
| ૮ | ૬૦ | ધ્રાસણવેલના મંદિરનું તલદર્શન |
| | ૬૧ | પાછતરના પંચાયતન મંદિરનું તલદર્શન |
| ૯ | ૬૨ | મંદિરની જગતી – ઊર્ધ્વદર્શન |
| | ૬૩ | મંદિરની પીઠિકા – ઊર્ધ્વદર્શન |
| | ૬૪ | સ્તંભ – ઊર્ધ્વદર્શન |
| ૧૦ | ૬૫ | હલ્લીસકનું દૃશ્ય, બાઘ |
| ૧૧ | ૬૬ | હાથીની સવારીનું દૃશ્ય, બાઘ |
| ૧૨ | ૬૭ | ગોપનું મંદિર |
| ૧૩ | ૬૮ | વીસાવાડાનું શંકર દેરું |
| | ૬૯ | જમળાનું સૂર્યમંદિર |
| ૧૪ | ૭૦ | કીંદરખેડાનું સૂર્યમંદિર |
| ૧૫ | ૭૧ | ભાણસરાનું મંદિર નં. ૩ |
| | ૭૨ | પસનાવડાનું સૂર્યમંદિર |
| ૧૬ | ૭૩ | સુવર્ણતીર્થનું જગન્નાથ મંદિર |

| | | |
|---|---|---|
| ૧૭ | ૭૪ | કળસારનું મંદિર |
| | ૭૫ | ખીમેશ્વરનું મંદિર નં. ૧ |
| ૧૮ | ૭૬ | સોનકંસારી મંદિર નં. ૧ |
| | ૭૭ | પીંડારાનું મંદિર |
| ૧૯ | ૭૮ | જૂની પ્રેત્રડનું કાલિકા માતા મંદિર |
| ૨૦ | ૭૯ | બીલેશ્વરનું શિવમંદિર |
| ૨૧ | ૮૦ | સુત્રાપાડાનું સૂર્યમંદિર |
| | ૮૧ | પાછતરનું સૂર્યમંદિર |
| ૨૨ | ૮૨ | અખોદરનું સૂર્યમંદિર |
| ૨૩ | ૮૩ | પ્રાસણવેલનું મગદેરું |
| ૨૪ | ૮૪ | મિયાણીનું મંદિર નં. ૨ |
| | ૮૫ | ધૂમલીનું ગણેશમંદિર |
| ૨૫ | ૮૬ | સોનકંસારીનું મંદિર નં. ૩ |
| ૨૬ | ૮૭ | પસનાવડાનું ગાયત્રીમંદિર |
| | ૮૮ | ખીમેશ્વરનું મંદિર નં. ૬ |
| ૨૭ | ૮૯ | વિશ્વરૂપ વિષ્ણુ, શામળાજી |
| ૨૮ | ૯૦ | શિવ, શામળાજી |
| ૨૯ | ૯૧ | શિવ-પાર્વતી, કારવણ |
| | ૯૨ | માતા અને શિશુ, કોટયર્ક |
| ૩૦ | ૯૩ | કૌમારી, દેલવાડા (આબુ) |
| | ૯૪ | ચામુંડા, દેલવાડા (આબુ) |
| | ૯૫ | વારાહી, દેલવાડા (આબુ) |
| ૩૧ | ૯૬ | જીવંતસ્વામી, અકોટા |
| | ૯૭ | વિશ્વરૂપ વિષ્ણુ, કઠલાલ |
| ૩૨ | ૯૮ | ઉમા-મહેશ્વર, કપૂરાઈ |
| | ૯૯ | ચામુંડા, રોડા |
| ૩૩ | ૧૦૦ | સ્કંદમાતા, કોટયર્ક |
| | ૧૦૧ | શિવ-પાર્વતી, ટીંટોઈ |
| ૩૪ | ૧૦૨ | અચ્છુપ્તા, અકોટા |
| ૩૫ | ૧૦૩ | ચામરધારિણી, અકોટા |
| | ૧૦૪ | સૂર્ય, રણુપીપળી |

# ઋણસ્વીકાર

| | |
|---|---|
| ગુજરાત રાજ્ય પુરાતત્ત્વખાતું, અમદાવાદ | આકૃતિ ૫૮–૬૪ (રેખાચિત્રો)<br>આકૃતિ ૬૭–૮૮ (ફોટોગ્રાફ) |
| ભો. જે. વિદ્યાભવન, ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ | આકૃતિ ૬૫, ૯૨, ૯૮, ૧૦૦ (બ્લૉક)<br>આકૃતિ ૯૭ (ફોટોગ્રાફ) |
| ઓરિયેન્ટલ ઇન્સ્ટિટ્યૂટ, વડોદરા | આકૃતિ ૧૦૪ (બ્લૉક) |
| કુમાર કાર્યાલય લિ., અમદાવાદ | આકૃતિ ૮૯ (બ્લૉક) |
| ડૉ. ઉમાકાન્ત પ્રે. શાહ, વડોદરા | આકૃતિ ૯૦, ૯૧, ૯૩ થી ૯૬, ૯૯, ૧૦૧, ૧૦૩ (ફોટોગ્રાફ) |

# સંક્ષેપસૂચિ

## સંસ્કૃત

| | |
|---|---|
| अप. पृ. | अपराजितपृच्छा, ले. भुवनदेवाचार्य |
| अभि. चिन्ता. | अभिधानचिन्तामणि, ले. हेमचन्द्राचार्य |
| प्र. चि. | प्रबन्धचिन्तामणि, ले. मेरुतुंगाचार्य |
| सम. सू. | समराङ्गणसूत्रधार, ले. भोजदेव |
| सु. सं. | सुकृतसंकीर्तन, ले. अरिसिंह |

## હિન્દી

| | |
|---|---|
| भाप्रालि | भारतीय प्राचीन लिपिमाला, ले. गौ. ही. ओझा |
| हिंगइ | हिन्दू गणितशास्त्रका इतिहास, भा. १ (हिन्दी अनुवाद), ले. बि. भू. दत्त और अ. ना. सिंह |

## ગુજરાતી

| | |
|---|---|
| ગુઐલે | ગુજરાતના ઐતિહાસિક લેખો (ગિ. વ. આચાર્ય) |
| ગુ. મ. રા. ઇ. | ગુજરાતનો મધ્યકાલીન રાજપૂત ઇતિહાસ ( દુ. કે. શાસ્ત્રી ) |
| ગુ. સં. મં. | ગુજરાત સંશોધન મંડળ |
| જૈ. આ. ગુ. | જૈન આગમ સાહિત્યમાં ગુજરાત, લે. ભો. જ. સાંડેસરા |
| ફા. ગુ. સભા | ફાર્બસ ગુજરાતી સભા |
| મૈ. ગુ. | મૈત્રકકાલીન ગુજરાત, લે. હ. ગં. શાસ્ત્રી |

## અંગ્રેજી

| | |
|---|---|
| AANG | 'Architectural Antiquities of Northern Gujarat' by J. Burgess & H. Cousens |
| A. G. | 'Archaeology of Gujarat' by H. D. Sankalia |
| A. G. I. | 'Ancient Geography of India' by A. Cunnigham |

| | |
|---|---|
| AHS | 'Ancient History of Saurashtra' by K. J. Virji |
| AIK | 'Age of Imperial Kanauj' Ed. by R. C. Majumdar |
| AKK | '(Report on) the Antiquities of Kathiawad and Kachh' by J. Burgess |
| ARWMR | Annual Report of Watson Museum, Rajkot |
| ASIWC | Archaeological Survey of India, Western Circle |
| B. G / Bom. G. | Bombay Gazetteer (Gazetteer of the Bombay Presidency) |
| CG | 'Chronology of Gujarat' Ed. by M. R. Majmudar |
| C. I. I / Corp. Inscr. Ind. | Corpus Incriptionum Indicarum |
| CSTG | 'Chronology of Solanki Temples in Gujarat' by M. A. Dhaky |
| E. I. | Epigraphia Indica |
| GG | 'The Glory that was Gujaradesa' |
| HIH | 'History of India as Told by its own Historians' by Elliot |
| I. A. | Indian Antiquary |
| I. E. G. | 'Indian Epigraphical Glossary' by D. C. Circar |
| I. H. G. | 'Introduction to the History of Gujarat' by R. C. Parikh (Kāvyānuśāsana, Vol. II) |
| I. H. Q. | Indian Historical Quarterly |
| JASB (NS) | Journal of the Asiatic Society of Bengal, New Series |
| JBBRAS | Journal of the Bombay Branch of the Royal Asiatic Society, Bombay |
| JGRS | Journal of the Gujarat Research Society, Bombay |
| JOI | Journal of the Oriental Institute, Baroda |
| JUB | Journal of the University of Bombay |
| MSTG | 'The Maitraka and the Saindhava Temples of Gujarat' by J. M. Nanavati & M. A. Dhaky |
| NIA | New Indian Antiquary |
| Records | 'Buddhist Records of the Western World' by Hiuen Tsiang |
| SMTK | 'Somanatha and Other Medieval Temples of Kathiawad' by H. Cousens |
| SSR | 'Sculptures from Samalaji and Roda' by U. P. Shah |
| STG | 'Structural Temples of Gujarat' by K. F. Sompura |

# શુદ્ધિપત્રક

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૭ | ૧૦ | વાંસવાળીઓ | વાંસવળીઓ |
| ૧૪ | ૧૫ | વિહરનો | વિહારનો |
| | ૧૮ | ભટ્ટાર્કવિહારનો | ભટાર્કવિહારનો |
| | ૨૦ | પૂર્ણભટ્ટાએ | પૂર્ણભદ્રાએ |
| ૧૯ | ૪ | કઠિયાવાડ | કાઠિયાવાડ |
| ૩૪ | ૨૫ | ભત | ભૂત |
| ૪૭ | ૨૯ | A. C. Biswas | A. B. Biswas |
| | ૩૦ | *Indian culture*, Vol. VII, pp. 372 ff. | *S. I.*, *ff.* pp. 425 ff. |
| ૪૮ | ૧૬ | *ASH* | *AHS* |
| ૫૪ | ૧૪ | રાજવર્ધન | રાજ્યવર્ધન |
| ૫૮ | ૨૨ | હોવતું | હોવાતું |
| ૬૫ | ૯ | ૭૭૧ | ૭૧૧ |
| ૬૭ | ૭ | રાજા ધર્મપાલ છે. | રાજા ધર્મપાલ (લગભગ ઈ.સ. ૭૭૦-૮૧૦) |
| ૯૨ | ૩૧ | વર્ષ ૮૩ | પૃ. ૧૦૮ |
| ૯૩ | ૩ | R. C. Patkh | R. C. Parikh |
| ૯૯ | ૪ | જિલ્લા | કિલ્લા |
| ૧૦૧ | ૨૮ | દશાંવી | દર્શાવી |
| ૧૦૨ | ૨૭ | પ્રશંશા | પ્રશંસા |
| ૧૦૬ | ૬ | અનુશ્રુતિક | આનુશ્રુતિક |
| | ૭ | પ્રર્વતાવ્યું | પ્રવર્તાવ્યું |
| ૧૦૭ | ૧૧ | વિનયકપાલ | વિનાયકપાલ |
| | ૧૮ | Gūrjar | Gūrjara |
| | ૨૦ | Bānka | Bāuka |
| ૧૦૯ | ૬ | *G.I.I.* | *C.I.I.* |
| ૧૧૦ | ૨ | જનૈદ | જુનૈદ |

| | | | |
|---|---|---|---|
| ૧૧૧ | ૧૮ | Katākhośa | Kathākośa |
| ૧૧૫ | ૨૪ | સગભગ | લગભગ |
| ૧૨૨ | ૨૬ | ચંપા | ચાંપા |
| ૧૨૪ | ૧૮ | પ્રસસ્તિ | પ્રશસ્તિ |
| ૧૩૨ | ૪ | ૪૪૩ | ૩૪૩ |
| ૧૩૩ | ૧૦ | ૮.૮ | પૃ. ૮ |
| ૧૫૦ | ૬ | મહારારાષ્ટ્ર | મહારાષ્ટ્ર |
| ૧૬૩ | ૨૪ | વરસિંહ | વૈરિસિંહ |
| ૧૬૬ | ૩૬ | Konw | Konow |
| ૧૭૨ | ૨૦ | પરભવ | પરાભવ |
| ૧૮૧ | ૨૩ | અધિકારિક | આધિકારિક |
| ૧૮૪ | ૧૩ | કામરંજ | કામરેજ |
| | ૧૪ | મહાપી | મહાતી |
| ૧૯૦ | ૧ | ૧૯ | ૧૯૦ |
| ૧૯૧ | ૧૯ | શ્રાવાકો | શ્રાવકો |
| ૧૯૨ | ૨૯ | પહેરવા કોઈ | પહેરવાનું કોઈ |
| ૧૯૩ | ૭ | પુષ્પકામ | પુષ્પમય |
| | ૮ | એટલે એ વસ્ત્રાદિના | એટલે કે વસ્ત્રાદિના |
| | ૧૮ | સાહિષમાં | સાહિત્યમાં |
| ૧૯૫ | ૫ | મૈત્રકકાલીનની | મૈત્રકકાલીન |
| ૧૯૯ | ૧૭ | કલ્યના | કલ્પના |
| ૨૦૩ | | (પાદટીપ ૩૯ પછી ઉમેરો.) | ૩૯ અ. ભો. જ. સાંડેસરા, ઉપર્યુક્ત, પૃ. ૧૮–૨૦ |
| | | (પાદટીપ ૪૪ પછી ઉમેરો.) | ૪૫. M. R. Majmudar, *op. cit.*, p. 267 |
| ૨૦૫ | ૭ | સોલંકીવંશ | ચાલુક્યવંશ |
| ૨૦૬ | ૮ | भटाक | भटार्क |
| ૨૦૯ | ૨૪ | कुलयवाय | कुल्यवाप |
| ૨૧૭ | ૧૭ | વ્યાખ્યતા | વ્યાખ્યાતા |
| ૨૨૪ | ૨૮ | નિશ્વત | નિશ્ચિત |
| | ૩૦ | રભદ્રહસૂરિ | હરિભદ્રસૂરિ |

| | | | |
|---|---|---|---|
| ૨૨૭ | ૨૯ | મપ્પાભટ્ટસૂરિ | બપ્પભટ્ટસૂરિ |
| ૨૩૫ | ૧૦ | પૃ. ૧ | પુ. ૧ |
| | ૧૮ | विषमपदय्याख्यालंकृत | विषमपदव्याख्यालंकृत |
| ૨૩૯ | ૩૦ | અસ્ત પછી એક | અંત પછી અર્ધી |
| ૨૫૪ | | (પંક્તિ ૨ પછી ઉમેરો) | (અ) ભારતીય ધર્મો |
| | ૧૪ | ધર્મસંપદાયો | ધર્મસંપ્રદાયો |
| ૨૫૭ | ૨૨ | મૈત્રકલીન | મૈત્રકકાલીન |
| ૨૬૪ | ૨૭ | તુરેફાન | તુરફાન |
| ૨૬૮ | ૨૪ | અદ્ભુત | અદ્ભુત |
| ૨૭૧ | ૨ | ૫૫૨ | ૫૫૮ |
| | ૩, ૧૧ | દારયસ | દરાયસ |
| ૨૭૩ | ૫ | પ્રતિદાયક | પ્રતીતિદાયક |
| ૨૭૫ | ૧૨–૧૩ | યઝૂદગર્દી ૩૫૬ (ઈ.સ. ૯૮૮) બીજા જૂથનું વર્ષ છે યઝ્દગર્દી ૩૯૦ (ઈ.સ. ૧૦૨૨) | યઝ્દગર્દી ૩૬૮ (ઈ.સ. ૧૦૦૦). બીજા અને ત્રીજા જૂથનું વર્ષ છે યઝ્દગર્દી ૩૯૦ (ઈ.સ. ૧૦૨૨) |
| ૨૭૭ | ૮–૯ | એને ઈશ્વરનું અને જરથોસ્તી ધર્મનું ચિહ્નન | એને ઈશ્વરનું ચિહ્નન |
| | ૯ | છતાં પ્રકાશ અહુરમઝ્દનું માત્ર ચિહ્ન છે. | છતાં પ્રકાશ અહુરમઝ્દનું માત્ર ચિહ્ન છે, અહુરમઝ્દ પોતે નથી. |
| | ૨૮ | Vol. I, p.164 | Vol. I, Part 1, p. 164 |
| ૨૯૦ | ૧૧ | મુંદિર | મંદિર |
| ૨૯૧ | ૨૬ | વિજયદેનીનું | વિજયદેવનું |
| ૨૯૫ | ૧૨ | અને મંડપની આગળ મંડપ | અને મંડપ |
| ૨૯૯ | ૨૨ | સ્તંભવેદિકા | સ્તંભ, વેદિકા |
| ૩૦૮ | ૩૧ | કે કોણાત્મક | કે ગંધારના કોણાત્મક |
| | ૩૨ | છાપરાઘાટ-માંથી ઊતરી આવેલી મંદિર-શિખરની આ પરંપરા કાશ્મીરનાં મંદિરોમાં | છાપરાઘાટના વિકારમાંથી ઊતરી આવેલી પરંપરા કાશ્મીરનાં મંદિરોમાં પણ |

| | | | |
|---|---|---|---|
| ૩૦૯ | ૨ | કાસ્મીરથી | ગંધારથી |
| ૩૩૧ | ૧૯ | ઉત્તરેથી બીજું | ઉત્તર બાજુ |
| ૩૩૪ | ૧૪ | કરવામાં આવતી મૂળ રેખાની | કરવામાં આવતી અને ભદ્ર તથા મૂળ રેખાની |
| ૩૪૫ | ૧૪ | Nanvati | Nanavati |
| ૩૬૩ | ૨ | પુ. ૩ | પુ. ૧ |
| | ૨૩ | Barcda | Baroda |
| ૩૬૫ | ૭ | ચિકત્રલાનું | ચિત્રકલાનું |
| ૩૬૮ | ૬ | ઔરંગાબાદની એલોરા | ઔરંગાબાદની તથા એલોરા |
| ૩૬૯ | ૧૪ | સરળ | સરસ |
| ૪૧૫ | ૧૭ | ધોઞ્ઝ | ધોગ્ઝ |
| ૪૧૬ | ૨૭ | મેકરામ | એલ્કરામ |
| ૪૨૧ | ૩૧ | પૌરસ્ત્ય ૩ | પૌરસ્ત્ય ૩૫ |
| ૪૨૫ | ૨૯ | સમૂહના | સમૂહની |
| | ૩૨ | ને ચાપો | તે ચાપો |
| ૪૩૯ | ૯ | એક વિનું | એ કવિનું |
| ૪૫૮ | ૨૯ | जैनप्रभसूरि | जिनप्रभसूरि |
| ૪૬૪ | ૨૧ | ચંદ્રાદિત્ય | ચંદ્રાદિત્ય |
| ૪૬૬ | ૮ | मौवाना | मौलाना |
| ૪૬૮ | ૨૧ | A chitecture | Architecture |
| ૪૭૭ | ૧૬ | બૌદ્ધધર્મ | બૌદ્ધધર્મ |
| ૪૭૯ | ૪ | Maitrakas | Maitraka |
| | ૧૬ | Confernce | Conference |
| ૪૮૦ | ૧૯ | Nanvati | Nanavati |
| | ૨૭ | Maitraks | Mātrikās |

# ખંડ ૧

# પ્રાસ્તાવિક

## પ્રકરણ ૧

## મૈત્રક કાલ અને અનુ–મૈત્રક કાલ

### (૧) મૈત્રક કાલ

**મૈત્રક રાજ્ય**

મગધના ગુપ્ત સમ્રાટ સ્કંદગુપ્તના મૃત્યુ (લગભગ ઈ. સ. ૪૬૭) પછી ગુપ્ત સામ્રાજ્યનું શાસન શિથિલ થયું ને દૂરના કેટલાક પ્રાંતોમાં સ્થાનિક રાજસત્તા સ્થપાઈ. સૌરાષ્ટ્રમાં વલભીપુરમાં મૈત્રક વંશની સત્તા સ્થપાઈ ને એ સત્તા સમસ્ત સૌરાષ્ટ્ર ઉપરાંત કચ્છ, ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાત પર પણ પ્રવર્તી. સમય જતાં મૈત્રક વંશની રાજસત્તા પશ્ચિમ માળવા પર પ્રસરી. થોડો વખત ભરૂચની આસપાસના પ્રદેશ પર પણ મૈત્રકોની સત્તા જામી. મૈત્રક વંશનું રાજ્ય ઈ. સ. ૪૭૦ના અરસામાં સ્થપાયું ને એનો અંત ઈ. સ. ૭૮૮માં આવ્યો. આમ આ વંશની રાજસત્તા ત્રણસો વર્ષથીય વધુ એવા લાંબા કાલ લગી ગુજરાતના ઘણા મોટા ભાગ પર પ્રવર્તી.[૧]

**દક્ષિણ ગુજરાતનાં સમકાલીન રાજ્ય**

માત્ર દક્ષિણ ગુજરાત મુખ્યત્વે મૈત્રકોની સત્તા નીચે હતું નહિ. ભરૂચ પ્રદેશ પર મૈત્રકોની સત્તા ઈ. સ. ૬૪૮ના અરસામાં પ્રસરી હતી, પરંતુ એ સત્તા ત્યાં અઠ્ઠાવીસેક વર્ષ જેટલો અલ્પકાલ જ ટકી હતી. એ અગાઉ ત્યાં પહેલાં સંગમસિંહ નામે રાજાની અને પછી કટચ્ચુરિ વંશની સત્તા હતી. દરમ્યાન નાંદીપુર (નાંદોદ) પ્રદેશમાં ગુર્જરનૃપતિવંશની સત્તા સ્થપાઈ; ભરૂચ-પ્રદેશ પર

પણ આગળ જતાં એ વંશની સત્તા પ્રસરી. ગુર્જરનૃપતિવંશનું રાજ્ય દોઢસોથી વધુ વર્ષ (લગભગ ઈ. સ. ૫૮૦ થી ૭૩૫) પ્રવર્ત્યું. એ પછી વળી ત્યાં ચાહમાન રાજાની સત્તા સ્થપાઈ. એ ઉત્તરના પ્રતીહાર રાજાના આધિપત્ય નીચે હતો.

તાપીની દક્ષિણે શરૂઆતમાં ત્રૈકૂટક વંશનું રાજ્ય પ્રવર્તેલું. એ પછી ત્યાં કટચ્ચુરિ રાજ્યની સત્તા સ્થપાઈ. ઈ.સ. ૬૬૯ માં નવસારીમાં દખ્ખણના ચાલુક્ય રાજ્યની શાખા સત્તારૂઢ થઈ. આ વંશની સત્તા ત્યાં ૭૫-૮૦ વર્ષ ટકી. આઠમી સદીના મધ્યમાં અહીં વળી દખ્ખણના રાષ્ટ્રકૂટ વંશની શાખાએ સત્તા જમાવી. શરૂઆતમાં આ વંશની સત્તા તાપીની ઉત્તરે કીમ નદી સુધી પ્રવર્તી, જ્યારે ભરૂચની આસપાસના પ્રદેશ પર ચાહમાન વંશની સત્તા પ્રવર્તેલી, પરંતુ ઈ. સ. ૭૮૮ માં મૈત્રક રાજ્યનો અંત આવતાં રાષ્ટ્રકૂટ રાજાએ પોતાની સત્તા છેક સાબરકાંઠા સુધી પ્રસારી ને રાજધાની ખેડામાં રાખી.

આમ આ કાલ દરમ્યાન લાટ(દક્ષિણ ગુજરાત)ના ઉત્તર ભાગ પર ઉત્તરોત્તર ચારેક રાજ્યોની અને લાટના દક્ષિણ ભાગ પર બીજાં ચારેક રાજ્યોની સત્તા પ્રવર્તી હોવાનું માલૂમ પડે છે.[2]

**મૈત્રક કાલ**

ગુજરાતમાં મગધના ગુપ્ત સમ્રાટોના શાસનનો અંત આવ્યા બાદ સૌરાષ્ટ્ર, કચ્છ, ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતમાં મૈત્રક વંશની સત્તા પ્રવર્તી ને એ સત્તા ત્રણસોથી વધુ વર્ષના લાંબા કાલ લગી સળંગ ચાલુ રહી, આથી ગુજરાતના ઇતિહાસમાં આ કાલને 'મૈત્રકકાલ' તરીકે ઓળખવામાં આવ્યો છે.[3]

દક્ષિણ ગુજરાત મુખ્યત્વે મૈત્રકોની સત્તા નીચે નહોતું, પરંતુ આ કાલ દરમ્યાન ત્યાં કોઈ એક મુખ્ય વંશની સત્તા પ્રવર્તી નહોતી. મોટે ભાગે બધો વખત ઉત્તર લાટમાં અને દક્ષિણ લાટમાં અલગ અલગ સમાંતર સત્તાઓ પ્રવર્તી હતી ને એ પણ એક પછી એક ચારેક સત્તાઓ. આથી આ કાલ માટે મૈત્રકોના નામની સાથે જેનું નામ સાંકળી શકાય તેવું દક્ષિણ ગુજરાતમાં કોઈ મોટું પ્રબળ રાજ્ય ગણાવી શકાય એમ નથી. એક ગ્રંથમાં "મૈત્રકકાલ"ને બદલે "મૈત્રક-ગુર્જરકાલ" નામ પ્રયોજાયું છે,[4] પરંતુ ગુર્જરનૃપતિવંશનું રાજ્ય લાટના માત્ર ઉત્તર ભાગ ઉપર અને મૈત્રકકાલના અર્ધા ભાગ જેટલો સમય સુધી જ સત્તા ધરાવતું, આથી દક્ષિણ ગુજરાતના સમગ્ર પ્રદેશમાં આ કાલ દરમ્યાન બસો-ત્રણસો વર્ષ સુધી કોઈ એક વંશની રાજસત્તા પ્રવર્તી ન હોવાથી, આ કાલને "મૈત્રકકાલ" તરીકે ઓળખવો અસ્થાને નથી. મૈત્રકવંશની સત્તા ગુજરાતના મોટા ભાગ પર

ત્રણસોથી વધુ વર્ષના લાંબા કાલ લગી સળંગ રીતે પ્રવર્તી હોઈ, એ કાલના રાજવંશોમાં એ વંશ જ કાલપ્રવર્તક વંશ જેવું મહત્ત્વ ધરાવે છે.

## (૨) અનુ-મૈત્રક કાલ

### રાષ્ટ્રકૂટ રાજ્ય

વલભીના મૈત્રક વંશના રાજ્યનો અંત આવતાં ગુજરાતની રાજકીય પરિસ્થિતિમાં ભારે પલટો આવ્યો. દક્ષિણ ગુજરાતમાં ગુર્જરનૃપતિવંશની સત્તા તથા ચાલુક્યોની નવસારી શાખાની સત્તા અસ્ત પામી હતી ને ત્યાં રાષ્ટ્રકૂટોના એક કુલની સત્તા સ્થપાઈ હતી. મૈત્રક રાજ્યનો અંત આવતાં એ રાષ્ટ્રકૂટ રાજ્યની સત્તા છેક સાબરકાંઠા સુધી પ્રસરી ને એની રાજધાની ખેટક(ખેડા)માં સ્થપાઈ.[૫] આ રાષ્ટ્રકૂટ કુલની સત્તા દખ્ખણના રાષ્ટ્રકૂટ રાજ્યે થોડા વખતમાં ઝૂંટવી લીધી ને ત્યાં પોતાની એક અલગ શાખા સ્થાપી.[૬] આ શાખાએ મધ્ય ગુજરાત તથા દક્ષિણ ગુજરાત પરની સત્તા જારી રાખી, પરંતુ એ ઉત્તર ગુજરાતમાં તથા સૌરાષ્ટ્રમાં પોતાની સત્તા પ્રસારી શકી નહિ.

### ગુર્જર-પ્રતીહારો

સૌરાષ્ટ્રમાં ત્યારે અલગ અલગ રાજસત્તાઓ પ્રવર્તતી હતી. પશ્ચિમ સૌરાષ્ટ્રમાં મૈત્રકકાલના અંતભાગથી ધૂમલીનો સૈંધવ વંશ રાજસત્તા ધરાવતો હતો,[૭] દક્ષિણ સૌરાષ્ટ્રમાં ચાલુક્ય કુલનું રાજ્ય પ્રવર્તતું હતું,[૮] ને વઢવાણની આસપાસ વળી ચાપ વંશનું શાસન ચાલતું હતું.[૯] આમાંના છેલ્લા બે રાજવંશો પર કનોજના પ્રતીહાર વંશનું આધિપત્ય પ્રવર્તતું હતું. મૈત્રક કાલ દરમ્યાન ભિલ્લમાલ(દક્ષિણ રાજસ્થાન)ની આસપાસનો પ્રદેશ 'ગુર્જરદેશ' તરીકે ઓળખાતો ને એ પ્રદેશ ગુજરાત સાથે ગાઢ સંબંધ ધરાવતો.[૧૦] ભિલ્લમાલ જે શ્રીમાલ તરીકે પ્રસિદ્ધ હતું ત્યાંથી અનેક જાતિઓ ગુજરાતમાં આવીને વસી.[૧૧] નાંદીપુર -ભરુકચ્છનો મૈત્રકકાલીન ગુર્જરનૃપતિવંશ એ ગુર્જરદેશના પ્રતીહાર વંશની શાખા હોવાનું જણાય છે.[૧૨] ગુર્જર-પ્રતીહાર વંશે આ કાલ દરમ્યાન કનોજમાં રાજધાની રાખી પશ્ચિમ ભારતમાં પોતાની વિશાળ સત્તા જમાવી ત્યારે સૌરાષ્ટ્રનાં રાજ્યો પર એનું આધિપત્ય પ્રવર્ત્યું.[૧૩] ઉત્તર ગુજરાતમાં આવેલા પંચાસરના ચાવડા રાજ્યની સત્તા પડાવી લઈ એ ગુર્જર-પ્રતીહાર વંશે ત્યાં પોતાનું સીધું શાસન પ્રવર્તાવ્યું[૧૪]

### ચાવડા રાજ્ય

પરંતુ ઉત્તર ગુજરાતમાં પ્રતીહારોના શાસનનો થોડા વખતમાં અંત આવ્યો ને ત્યાં ચાવડા વંશનું રાજ્ય પ્રવર્ત્યું, જેની રાજધાની અણહિલ્લપાટક (અણહિલવાડ) નામે નવા પત્તન(પાટણ)માં સ્થપાઈ.[૧૫] એ અગાઉ મૈત્રકકાલ દરમ્યાન ગુર્જરદેશમાં ચાપ વંશનું રાજ્ય હતું ને વઢવાણમાં પણ એ વંશનું એક બીજું રાજ્ય હતું.[૧૬] આ ચાપ કુલ "ચાપોત્કટ" કે "ચાવડા" તરીકે પણ ઓળખાતું. આમ ગુર્જર-પ્રતીહારોની જેમ ચાવડાઓએ પણ મૈત્રક તથા અનુ-મૈત્રક કાલ દરમ્યાન ગુજરાતના રાજકીય ઇતિહાસમાં કેટલોક સક્રિય ભાગ ભજવેલો છે. ઈ. સ. ૯૪૨ થી લગભગ ઈ. સ. ૧૩૦૦ સુધીના લાંબા કાલ દરમ્યાન ગુજરાતનો રાજકીય તથા સાંસ્કૃતિક અભ્યુદય સાધનાર સોલંકી રાજ્યનો પાયો અણહિલવાડના ચાવડા રાજ્યની ભૂમિકા પર સ્થપાયો.

### અનુ-મૈત્રક કાલ

આમ મૈત્રક રાજ્યના અંત (ઈ. સ. ૭૮૮) પછી લગભગ દોઢસો વર્ષે સોલંકી રાજ્ય સ્થપાયું તે વચગાળા દરમ્યાન ગુજરાતના જુદા જુદા ભાગોમાં જુદા જુદા રાજવંશોની સત્તા પ્રવર્તી, જેમાં ગુર્જર-પ્રતીહાર, ચાવડા અને રાષ્ટ્રકૂટ વંશ મહત્ત્વના ગણાય. ગુજરાતના ઇતિહાસમાં આ કાલને કઈ સંજ્ઞાથી ઓળખવો એ એક પ્રશ્ન છે. શરૂઆતમાં ત્યારે અણહિલવાડના ચાવડા રાજ્યનો મહિમા મનાતો ને એથી આ કાલને 'ચાવડા કાલ' તરીકે ઓળખવામાં આવતો,[૧૭] પરંતુ હવે એ ચાવડા વંશનું રાજ્ય ઉત્તર ગુજરાતના પ્રદેશનો મર્યાદિત વિસ્તાર ધરાવતું હોવાનું માલૂમ પડ્યું હોઈ આ કાલને 'ચાવડા કાલ' કહેવો અસ્થાને ગણાય છે. હવે એક પુસ્તકમાં આ કાલને "રાષ્ટ્રકૂટ-પ્રતીહાર કાલ" તરીકે ઓળખાવવામાં આવ્યો છે.[૧૮] આ કાલ દરમ્યાન ગુજરાતમાં પ્રબળ અને વિશાળ સત્તા એ બે વંશોની હતી, પરંતુ પશ્ચિમ સૌરાષ્ટ્રના સૈંધવો પર પ્રતીહારોનું આધિપત્ય હોવાનો કોઈ સંગીન પુરાવો મળ્યો નથી તેમજ અણહિલવાડના ચાવડા રાજ્ય પર એ બેમાંની એકેય મહાસત્તાની આણ પ્રવર્તી હોવાનું માલૂમ પડ્યું નથી, આથી મૈત્રક રાજ્યના જેવા કોઈ એક પ્રબળ વિશાળ રાજ્યના અભાવે આ કાલને "અનુ-મૈત્રક કાલ" તરીકે ઓળખવો બહેતર છે,[૧૯] અથવા એને "પ્રાક્-સોલંકી કાલ" તરીકે પણ ઓળખાવી શકાય. અહીં આપણે એને અનુવર્તી કાલ કરતાં પૂર્વકાલના અન્વયે "અનુ-મૈત્રક કાલ" તરીકે ઓળખીશું.

## પાદટીપો

૧. જુઓ પ્રકરણ ૨-૪.

૨. જુઓ પ્રકરણ ૬-૮.

૩. હ. ગં. શાસ્ત્રી, "મૈત્રકકાલીન ગુજરાત", પૃ. ૪—૫

૪. *Chronology of Gujarat* (Vol. I)માં એના સંપાદકે આ નામ પ્રયોજ્યું છે (પૃ. ૧૩૨–૨૧૬); ત્યાં આ નામનું તાત્પર્ય સમજાવ્યું નથી.

૫–૮. જુઓ પ્રકરણ ૮.

૯. જુઓ પ્રકરણ ૭.

૧૦–૧૧. જુઓ પ્રકરણ ૫; R. C. Parikh, *I. H. G.*, p. LXXXIII

૧૨–૧૪. જુઓ પ્રકરણ ૬.

૧૫–૧૬. જુઓ પ્રકરણ ૭.

૧૭. દા. ત. દુ. કે. શાસ્ત્રી, "ગુજરાતનો મધ્યકાલીન રાજપૂત ઇતિહાસ," પ્ર. ૩

૧૮. *Chronology of Gujarat* (pp. 219 ff.)માં

૧૯. હ. ગં. શાસ્ત્રી, "ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ," પૃ. ૧૫૧

# ખંડ ૨

# રાજકીય ઇતિહાસ

## પ્રકરણ ૨

## વલભી

પાંચમા શતકના ઉત્તરાર્ધમાં સૌરાષ્ટ્રમાં ગુપ્ત સામ્રાજ્યનું શાસન લુપ્ત થતાં વલભીમાં મૈત્રક વંશની રાજસત્તા સ્થપાઈ. ગુજરાતના ઇતિહાસનું કેન્દ્ર હવે ગિરિનગરમાંથી વલભીપુરમાં ખસ્યું.

વલભી એ સૌરાષ્ટ્રના પૂર્વ ભાગમાં આવેલી પ્રસિદ્ધ નગરી હતી. એને સામાન્યતઃ "વલભી" કહેતા;[1] ક્યારેક "વલભીપુર" કહેતા.[2] પ્રાકૃતમાં એને "વલહિ" કે "વલહી" કહેતા.[3] બ્રિટિશ કાલમાં એ "વળા" તરીકે ઓળખાતું.[4] ૧૯૪૫માં "વળા"ને બદલે એનું પ્રાચીન નામ "વલભીપુર" પુનઃ સ્થાપિત કરવામાં આવ્યું છે, પરંતુ સરતચૂકથી એની જોડણી "વલ્લભીપુર" રખાઈ ગઈ છે.[5]

હાલ વલભીપુર (૨૨° ૪૧' ઉ, ૭૨° ૩૮' પૂ) ભાવનગર જિલ્લાના વલભીપુર મહાલનું વડું મથક છે. એ ભાવનગરની પશ્ચિમ–ઉત્તરપશ્ચિમે ૨૯ કિ. મી.(૧૮ માઈલના)ના અંતરે અને ધોળા રેલવે–જંકશનની ઉત્તરપૂર્વે ૧૬ કિ. મી.(૧૦ માઈલ)ના અંતરે આવેલું છે. વલભીપુરની ઉત્તરપશ્ચિમે પાંચ કિ. મી. ના અંતરે ઘેલો નદીના બે ફાંટા પડે છે, એ ફાંટા વલભીપુરની પૂર્વ–દક્ષિણપૂર્વે ત્રણ કિ. મી. ના અંતરે પાછા જોડાઈ જાય છે ને ત્યાંથી નદી પૂર્વ–દક્ષિણપૂર્વે આગળ વધી ખંભાતના અખાતની ભાવનગર ખાડીમાં ભળી જાય છે.[6] આ ખાડી હાલ વલભીપુરથી બત્રીસેક કિ. મી. (વીસેક માઈલ) જેટલી દૂર છે.

## "વલભી" નામનું તાત્પર્ય

કુશસ્થલી, દ્વારવતી અને ગિરિનગર જેવાં પ્રાચીન નગરોનાં નામોની સરખામણીએ "વલભી" નામનું તાત્પર્ય નક્કી કરવું મુશ્કેલ છે.

સંસ્કૃત "વલભી" પરથી પ્રાકૃત "વલહિ" થયું કે પ્રાકૃત "વલહિ" પરથી સંસ્કૃત "વલભી" થયું એ પ્રશ્ન અસ્થાને છે, કેમકે સંસ્કૃત "વલભિ"–"વલભી"નો તથા પ્રાકૃત "વલહિ"–"વલહી"નો અર્થ એક જ છે. "વલભિ" તથા "વલભી" શબ્દનો પ્રયોગ સંસ્કૃત સાહિત્યમાં અનેક ઠેકાણે જોવા મળે છે.[૭] સંસ્કૃત કોશોમાં "વલભી"ના મુખ્યત્વે બે પ્રકારના અર્થ આપવામાં આવે છે : (૧) છાપરું, વાંસવાળીઓ વગેરેનું માળખું કે છાજ ટેકવવાનું ચોકઠું, ઢળતા છાપરાની પાંખ, ઘરની અણીદાર ટોચ; (૨) ઘરનો સહુથી ટોચનો ભાગ, સપાટ છાપરા પરનું શિરોગૃહ કે કામચલાઉ બાંધકામ, ઉપલો ખંડ.[૮] આ અર્થમાં એ શબ્દને वल् ધાતુમાંથી ઉપજાવવામાં આવે છે ને ત્યાં એ ધાતુનો છાવવું–આચ્છાદન કરવું એ અર્થ ઘટાવવામાં આવે છે. મોનિયર–વિલિયમ્સે વળી "વલભી" શબ્દ કદાચ "વલ–ભિદ્"(મેઘ–ભેદક)નું સંક્ષિપ્ત રૂપ હોવાનું સૂચવ્યું છે.[૯] આ શબ્દ વેદમાં મેઘરૂપી વલને ભેદનાર ઇંદ્ર માટે પ્રયોજાતો, પરંતુ અહીં એ શબ્દ ગગનચુંબી (sky-scraper)-ના અર્થમાં હોય, તો "વલભી" ઊંચી બહુમાળી હવેલીઓનો અર્થ સૂચવે.

વાસ્તુશાસ્ત્રમાં એને મળતા અનેક અર્થ આપ્યા છે : (૧) ત્રણ ચંદ્રશાલાઓ-(છાપરાના ઢળતા ભાગમાં અજવાળા માટે મૂકેલી બારીઓ)વાળું છાપરું, (૨) પાંચમાળી મકાનોનો એક વર્ગ, ચોરસ મકાનોનો એક પ્રકાર, (૩) સપાટ છાપરાવાળું મંદિર, (૪) વેદિકા (વંડી) કે પ્રસ્તાર (સ્તંભો ટેકવેલ સપાટ પાટડો), વેદિકા કે પ્રસ્તારની ભાત, (૫) ઝરૂખો, (૬) ચંદરવો, (૭) તંબુ.[૧૦] આમાં કેટલાકમાં આચ્છાદનનો, તો કેટલાકમાં ટોચરૂપ ઉત્તુંગ સ્થિતિનો ભાવ રહેલો છે. નગરીવિશેષના નામ તરીકે એમાં આવો કોઈ અર્થ ઉદ્દિષ્ટ હશે? એ નગરી નદીની બે શાખાઓ વચ્ચે આવેલા ઉચ્ચ પ્રદેશ પર વસેલી હોઈ એનાં મકાન ઊંચાં મકાનોનાં છાપરાં જેવાં કે મકાનોનાં છાપરાં પરનાં શિરોગૃહ જેવાં દેખાતાં હશે એ પરથી એ નગરીનું નામ "વલભી" પડ્યું હોય એ અસંભવિત નથી.[૧૧]

છતાં મૂળ શબ્દ સંસ્કૃત–પ્રાકૃત નહિ, પણ દેશ્ય હોય તો એ શક્યતા પણ લક્ષમાં લેવી ઘટે. શ્રી. રસિકલાલ છો. પરીખે આ દૃષ્ટિએ બે શબ્દ સૂચવ્યા છે: (૧) वलही (કપાસ), (૨) वलयी (વલયા=વેલા= સમુદ્રકાંઠા પર આવેલું સ્થળ).[૧૨]

અગાઉ ભરૂચની જેમ વલભીમાં કપાસનો સારો પાક થતો હશે ને તો "જંબુસર"ની જેમ એનું પ્રાકૃતિક લક્ષણ સૂચવતું "વલહી" નામ પડ્યું હોય; નહિ તો વેલાકૂલ(વેરાવળ)ની જેમ સમુદ્રકાંઠાને લઈને એ "વલયી"નું "વલઈ"[૧૩] અને એનું "વલહી" તથા "વલભી" થયું હોય. ઉલ્લેખના અભાવે સંભાવનાઓ લેખે અટકળ કરવી રહી.[૧૩અ]

**પ્રાચીનતા**

વલભી ઈ. સ. ૪૭૦ના અરસામાં મૈત્રક રાજ્યની રાજધાની બની ત્યાર પહેલાંયે અસ્તિત્વ ધરાવતી હતી. સ્કંદ-પુરાણના પ્રભાસખંડમાં મનુ વૈવસ્વતના પુત્ર શર્યાતિના સંદર્ભમાં એનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.[૧૪] પાણિનિના ગણાતા ગણપાઠમાંના वरणादि ગણમાં અન્ય નગરીઓની સાથે વલભીનું નામ આપેલું છે.[૧૫] બૃહત્કથામંજરી[૧૬] તથા કથાસરિત્સાગરની[૧૭] કથાઓમાં વાણિજ્ય તથા વિદ્યાના કેંદ્ર તરીકે આવતો વલભીનો નિર્દેશ પ્રાચીન બૃહત્કથામાંના નિર્દેશ પર આધારિત હોય તો મૂળ ઉલ્લેખ પ્રાયઃ પહેલી સદી જેટલો પ્રાચીન ગણાય.[૧૮]

જૈન અનુશ્રુતિ પણ વલભીની પ્રાચીનતા સૂચવે છે. દેવસેનસૂરિ (૯ મી-૧૦ મી સદી) "દર્શનસાર"માં તથા "ભાવસંગ્રહ"માં વિક્રમ રાજાના મૃત્યુને ૧૩૬ વર્ષ થતાં સૌરાષ્ટ્રમાં વલભીમાં શ્વેતપટ (શ્વેતાંબર) સંઘ ઉત્પન્ન થયો હોવાનું જણાવે છે.[૧૯] વળી હરિષેણ (૧૦ મી સદી)[૨૦] તથા રત્નનંદી (૧૬ મી સદી)[૨૧] પહેલા ભદ્રબાહુ(ઈ. પૂ. ૪ થો સૈકો)ના સમયમાં ઉજ્જયિનીમાં અર્ધફાલક સંપ્રદાય અને આગળ જતાં ભદ્રબાહુના શિષ્યના શિષ્ય જિનચંદ્રના સમયમાં વલભીમાં શ્વેતાંબર સંપ્રદાય ઉત્પન્ન થયો હોવાનું જણાવે છે. શ્વેતાંબર સંપ્રદાયની ઉત્પત્તિ પ્રાયઃ ચંદ્રગુપ્ત મૌર્ય(લગભગ ઈ. પૂ. ૩૨૨-૨૯૮)ના સમકાલીન ભદ્રબાહુના સમયમાં થઈ હોઈ આ બન્ને અનુશ્રુતિઓની વિગતો ભાગ્યેજ સ્વીકાર્ય ગણાય,[૨૨] છતાં એમાં શ્વેતાંબર સંપ્રદાય સાથેનો વલભીનો સંબંધ ઘણો પ્રાચીન હોવાનું સૂચિત થાય છે.

જૈન આગમગ્રંથોની જે વાચના વલભીમાં નાગાર્જુનની અધ્યક્ષતા નીચે તૈયાર થયેલી[૨૩] તે ઈ. સ. ૩૦૦ ના અરસામાં થઈ હોઈ વલભી રાજધાની થતાં પહેલાં જૈન ધર્મની પ્રવૃત્તિઓનું એક મહાન કેંદ્ર હતું એ નિર્વિવાદ છે.

नयचक्रના પ્રાચીન ગ્રંથ પરથી द्वादशारनयचक्र નામે વિસ્તૃત નયગ્રંથ લખી નયવાદ તથા સ્યાદ્વાદનું સમર્થન કરી બૌદ્ધો પર વાદવિજય પ્રાપ્ત કરનાર અને

સ્તંભનકનું સૂરિપદ સંભાળનાર મલ્લવાદીની કારકિર્દી વલભી સાથે સંકળાયેલી છે.[૨૪] આ મહાન વાદીના વિજયનો પ્રસંગ વી. નિ. સં. ૮૮૪ (ઈ. સ. ૩૫૭)-માં થયો હોઈ,[૨૫] એમની કારકિર્દી ક્ષત્રપ કાલની ગણાય. એમણે પદ્મ (રામ) વિશે ૨૪ હજાર શ્લોકપ્રમાણનું પદ્મચરિત પણ રચેલું.[૨૬]

આ પછી લગભગ સો વર્ષે વલભીમાં એક બીજી મહત્ત્વની ઘટના બની. અગાઉ ત્યાં નાગાર્જુનની અધ્યક્ષતા નીચે જૈન આગમ ગ્રંથોની વાચના થઈ હતી ત્યારે મથુરામાં સ્કંદિલાચાર્યની અધ્યક્ષતા નીચે પણ એવી વાચના થયેલી, પરંતુ આ બે આચાર્ય પરસ્પર મળી શકેલા નહિ ને તેઓની વાચનાઓમાં કેટલાક પાઠભેદ રહી ગયેલા. આ બે વાચનાઓના પાઠની તુલના કરી એ પરથી આગમોની એક સમીક્ષિત આવૃત્તિ તૈયાર કરવાનું અમૂલ્ય કાર્ય દેવર્દ્ધિગણિ ક્ષમાક્ષમણે વલભીમાં ઈ. સ. ૪૫૩ માં પાર પાડયું.[૨૭] એમાં માથુરી વાચનાને મુખ્ય વાચના તરીકે લઈ વાલભી (નાગાર્જુનીય) વાચનાનાં પાઠાંતર નોંધવામાં આવ્યાં. ભારતભરના શ્વેતાંબર જૈનો વલભીમાં તૈયાર થયેલી આ સમીક્ષિત આવૃત્તિને અનુસરે છે. દેવર્દ્ધિગણિ નન્દિસૂત્રના કર્તા પણ ગણાય છે.[૨૮] તેઓ કુમારગુપ્ત ૧ લાના રાજ્યકાલમાં થયા.

મૈત્રક રાજ્યની સ્થાપના પહેલાં વલભીમાં જૈન ધર્મની જેમ બૌદ્ધ ધર્મની પ્રવૃત્તિઓ વિકસી હતી.

ચીની પ્રવાસી યુઅન શ્વાંગ નોંધે છે કે વલભીપુરથી થોડે દૂર અચલે બંધાવેલો સંઘારામ (વિહાર) છે, જ્યાં બોધિસત્ત્વ ગુણમતિ અને સ્થિરમતિએ પોતાના વિહાર દરમ્યાન નિવાસ કરેલો ને લબ્ધપ્રતિષ્ઠ ગ્રંથ લખેલા.[૨૯] ગુણમતિ વસુબંધુના અને સ્થિરમતિ અસંગના શિષ્ય હતા ને તેઓએ નાલંદા વિદ્યાપીઠમાં પણ નામના મેળવી હતી. તેઓ ચોથી સદીમાં અર્થાત્ ક્ષત્રપકાલ દરમ્યાન થયા.[૩૦] આચાર્ય સ્થિરમતિએ વલભીમાં બપ્પપાદીય વિહાર નામે વિહાર બંધાવેલો. એ નામમાં "બપ્પપાદ"થી એમના ગુરુ અસંગ અભિપ્રેત હશે.[૩૧] અચલે બંધાવેલો વિહાર એનીય પહેલાંનો લાગે છે. આ અચલ પશ્ચિમ ભારતના હતા ને એમણે એક બીજો મહાવિહાર અજંતામાં બંધાવ્યો હતો.[૩૨]

આમ વિવિધ સાહિત્યિક ઉલ્લેખો વલભી મૈત્રક રાજ્યની રાજધાની બની તે પહેલાંય એ નગરી તરીકે પ્રસિદ્ધ હોવાનું દર્શાવે છે. પુરાવસ્તુકીય અવશેષો પણ એની આ પ્રાચીનતાનું સમર્થન કરે છે.

શ્રી. વજેશંકર ગૌરીશંકરે એકત્ર કરેલા વલભીના અવશેષોમાં બીજા તથા પાંચમા સૈકાની મૃત્તિકા-મુદ્રાઓ મળી છે, જેમાં બૌદ્ધ ધર્મની પ્રસિદ્ધ હેતુગાથા

કોતરેલી છે.[૩૩] વલભીનાં ખંડેરોમાંથી મળેલી કેશિનિષૂદન કૃષ્ણની પ્રતિમા ચોથી સદીના અંતની અને મહિષાસુરમર્દિનીની મૂર્તિ એનાથી સહેજ મોડા સમયની, અર્થાત્ પાંચમી સદીના આરંભની છે.[૩૪] વલભીમાંથી મળેલા શર્વ ભટ્ટારકના સિક્કા પણ લગભગ એ જ સમયના છે.[૩૫]

૧૯૩૦ માં ફાધર હેરાસે વળાના ઘોડાદમન તળાવ પાસે થોડું ખોદકામ કરાવેલું. એના છૂટક અવશેષ મુંબઈના ઇન્ડિયન હિસ્ટૉરિકલ રિસર્ચ ઇન્સ્ટિટયૂટમાં સંગૃહીત થયેલા છે, પરંતુ એ અવશેષોના પ્રાપ્તિ-સ્તર તથા સમયાંકનની નોંધ પ્રકાશિત થઈ નથી. ૧૯૫૦ માં સુબ્બારાવે વલભીપુરની સ્થળતપાસ કરી ત્યારે ત્યાં લાલ ચકચકિત મૃત્પાત્રોના અવશેષ મળેલા,[૩૬] જેનો સમય સામાન્યતઃ ૧ લી થી ૪ થી સદીનો આંકવામાં આવે છે.[૩૭] ૧૯૬૫ માં આ પ્રાચીન વસાહતની સ્થળ-તપાસ વધુ વિગતે કરવામાં આવી ત્યારે એમાં વસ્તીની સહુથી જૂની નિશાનીઓ ૧ લી-૨ જી સદીની જણાઈ.[૩૮] એમાં લાલ ચકચકિત મૃત્પાત્રો ઉપરાંત રોમન ઍમ્ફોરા, અબરખિયાં મૃત્પાત્ર, અને ધૂસરાં મૃત્પાત્રોના ખંડ પણ મળેલા. આમ ઉપલબ્ધ ઉલ્લેખો તથા અવશેષો પરથી વલભી મૈત્રક રાજ્યની રાજધાની થતાં પહેલાં ઓછામાં ઓછાં પાંચ શતક જેટલી પ્રાચીન હોવાનું સ્પષ્ટ થાય છે. પ્રાચીન વલભીનાં ખંડેરોનું મોટા પાયા પર પદ્ધતિસર ઉત્ખનન થાય તો એની પહેલી વસાહતની પ્રાચીનતાનો ખરો ખ્યાલ આવે ને ઈસ્વી પૂર્વેના સમય-નિર્દેશોની વાસ્તવિકતા-અવાસ્તવિકતાની પ્રતીતિ થાય.

### મૈત્રક રાજ્યની રાજધાની

મૌર્યકાલથી ગુપ્તકાલ સુધી સૌરાષ્ટ્રનું વડું મથક ગિરિનગર હતું, પરંતુ મૈત્રક કુલના સેનાપતિ ભટાર્કે પોતાના રાજ્યની સ્થાપના કરી ત્યારે એણે રાજ-ધાની વલભીમાં રાખી. આ ફેરફાર પાછળનું ચોક્કસ કારણ નોંધાયું નથી. ભટાર્કની પ્રશસ્તિ પરથી માલૂમ પડે છે કે એને કોઈ પ્રબળ પ્રતિપક્ષનો સામનો કરવો પડેલો.[૩૯] એ પ્રતિપક્ષ ઘણું કરીને ગુપ્ત સામ્રાજ્યનો સૌરાષ્ટ્ર માટેનો ગોપ્તા હોવો જોઈએ, જેનું વડું મથક ગિરિનગર હતું. સ્કંદગુપ્તનું મૃત્યુ થતાં ગુપ્ત સામ્રાજ્યની સત્તા શિથિલ બની લાગે છે, તેથી સૌરાષ્ટ્રના ગોપ્તાને મગધથી વધુ કુમક મળી નહિ હોય. છતાં સેનાપતિ ભટાર્કે પોતાનું, પોતાના કુલનું કે પોતાના સહાયકોનું પ્રાબલ્ય પૂર્વ સૌરાષ્ટ્રમાં હોય તે કારણે કે એવા કોઈ અન્ય રાજકીય કારણે પોતાના રાજ્યની સ્થાપના ગિરિનગરમાં કરવાનું ટાળી વલભીમાં કરી લાગે છે;[૪૦] અથવા ગિરિનગરનો પરિત્યાગ ત્યાંના સુદર્શન તળાવનો સેતુ (બંધ) વારંવાર તૂટવાથી થતી હેરાનગતિને લીધે કરવામાં આવ્યો હોય.[૪૧]

રાજધાની તરીકે વલભીની પસંદગી એ ભાવનગરની ખાડી પરનું બંદર હોવાને લીધે થઈ હશે.[૪૨] વલભી જે જલમાર્ગે તથા સ્થળમાર્ગે જવાય તેવું દ્રોણમુખ હતું ને જ્યાં સમુદ્ર સુધી નૌકા મારફતે વ્યવહાર કરી શકાય, જ્યાંથી પર્વત બહુ દૂર ન હોય ને જે રમ્ય સપાટ પ્રદેશમાં આવેલું હોય તેવું સ્થળ હતું.[૪૩] આમ દ્વીપકલ્પના અંદરના ભાગમાં આવેલા ગિરિનગરને બદલે સમુદ્રતટ પાસે આવેલી વલભીમાં રાજધાની રાખવાનું પગલું અનેક રીતે ઉચિત ગણાય.

મૈત્રક રાજ્યની સત્તાનો તથા સમૃદ્ધિનો ઉત્તરોત્તર વિસ્તાર થતાં એની રાજધાની વલભીની જાહોજલાલી વધતી ગઈ. મૈત્રક રાજાઓનું શાસન સમસ્ત સૌરાષ્ટ્ર ઉપરાંત કચ્છ, ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને પશ્ચિમ માળવા પર પ્રવર્ત્યું. વલભીના રાજાઓ "મૈત્રક રાજાઓ" તરીકે નહિ, પણ "વલભીપતિ" તરીકે ઓળખાતા એવું દક્ષિણ ગુજરાતના સમકાલીન ગુર્જરનૃપતિવંશનાં દાન-શાસનોમાં આવતા ઉલ્લેખો પરથી માલૂમ પડે છે.[૪૪] સૈંધવ સામંત પુષ્યેણનું મુદ્રાંક વળા(વલભીપુર)માંથી મળ્યું છે.[૪૫] ફુંકપ્રસ્રવણના ગારુલક વંશના રાજા પણ મૈત્રકોના સામંત હતા.[૪૬] મૈત્રક રાજાઓની પ્રશસ્તિમાં તેઓના અનેક સામંતોના ઉલ્લેખ આવે છે; યુદ્ધ તથા ઉત્સવના પ્રસંગોએ વલભીની રાજસભામાં એવા અનેક સામંત ઉપસ્થિત થતા હશે. વલભીના મૈત્રક રાજાઓની રાજસભા, તેઓના રાજપ્રાસાદ, નગરીનો દુર્ગ, રાજાઓએ તથા અન્ય સાધનસંપન્ન જનોએ બંધાવેલાં ભવ્ય દેવાલય, કાકૂ જેવા નગરશેઠોની હવેલીઓ ઇત્યાદિના નથી અવશેષ મોજૂદ રહ્યા કે નથી એનાં વિગતવાર વર્ણન મળતાં.

સમસામયિક દંડીએ "દશકુમારચરિત"માં એક ઉપકથાના પૂર્વાર્ધમાં ઘટનાસ્થાન તરીકે વલભી નગરી પસંદ કરી છે. ત્યાં એ નગરીનું વર્ણન આપ્યું નથી, પરંતુ એની અંદર નાવિકપતિ ગૃહગુપ્તના પડોશી વણિકની સાત માળની હવેલીનો ઉલ્લેખ આવે છે એ નોંધપાત્ર છે.[૪૭] સોલંકી કાલ દરમ્યાન ૧૧ મી સદીમાં લાટ દેશના વાલભ કાયસ્થ કવિ સોડ્ઢલે "ઉદયસુંદરીકથા"ના આરંભમાં પોતાના કુલના ઉત્પત્તિસ્થાન વલભીને સકલ ભુવનના ભૂષણરૂપ, "વલભી" એવા પ્રસિદ્ધ નામથી રમ્ય અને અને અસીમ ગુણ ધરાવનાર રાજધાની તરીકે નિરૂપી છે.[૪૮]

### વિદ્યાધામ તરીકે

પ્રાચીન "બૃહત્કથા"ના આધારે રચાયેલા "કથાસરિત્સાગર"માંની 'વિષ્ણુદત્ત અને સાત બ્રાહ્મણ–પુત્રો'ની કથામાં અંતર્વેદી(ગંગા દોઆબ)ના

દ્વિજ વસુદત્તનો સોળ વર્ષનો પુત્ર વિષ્ણુદત્ત વિદ્યાપ્રાપ્તિ માટે વલભીપુરી આવ્યાનો જે ઉલ્લેખ આવે છે[૪૯] તે પરથી પ્રાગ્-મૈત્રક કાલમાં પણ વલભીપુરી વિદ્યાધામની ખ્યાતિ ધરાવતી હોવાનું સૂચિત થાય છે. એ સમયમાં અવરજવરનાં સાધનોની મર્યાદા જોતાં એટલે દૂરથી બ્રાહ્મણનો પુત્ર વિદ્યાપ્રાપ્તિ માટે છેક વલભી આવે એ નિર્દેશ વિદ્યાધામ તરીકે વલભી ત્યારે કેટલું નામાંકિત હશે એ દર્શાવે છે. બૌદ્ધ આચાર્ય સ્થિરમતિ તથા ગુણમતિ તેમજ જૈન સૂરિ મલ્લવાદીની વિદ્યાકીય પ્રવૃત્તિઓ પરથી વલભીની એ મહત્તા ચોથી-પાંચમી સદીમાં પણ ચાલુ રહી હોવાની પ્રતીતિ થાય છે. ઋગ્વેદ-ભાષ્ય અને નિરુક્ત-ટીકાના કર્તા, ભર્તૃધ્રુવના પુત્ર સ્કંદસ્વામી (ચંદ્રગુપ્ત) વિક્રમાદિત્ય(લગભગ ઈ.સ. ૩૭૬-૪૨૪)ના ધર્માધ્યક્ષ હરિસ્વામીના ગુરુ અને વલભીના વતની હતા[૫૦] એ પરથી ગુપ્તકાલ દરમ્યાન વલભીમાં વેદ-વેદાંતના શિક્ષણની સંભાવના સૂચિત થાય છે.

મૈત્રકકાલનાં દાનશાસનોમાં વલભીના જે બ્રાહ્મણ પ્રતિગ્રહીતાઓનો ઉલ્લેખ આવે છે તેઓમાંના કેટલાક ત્યાંના ચાતુર્વિદ્ય-સામાન્ય ને કેટલાક ત્યાંના ત્રૈવિદ્ય-સામાન્ય હતા.[૫૧] આ પરથી વલભીમાં ચતુષ્ટયી વિદ્યાઓ જાણનારાઓની તથા ત્રયી વિદ્યાઓ જાણનારાઓની પર્ષત હોવાનું માલૂમ પડે છે.

ગુહસેનના વ. સં. ૨૪૦(ઈ. સ. ૫૫૯)ના દાનશાસનમાં બૌદ્ધ વિહારને દાન દેવાના ઉદ્દેશોમાં સદ્ધર્મ(બૌદ્ધ ધર્મ)નાં પુસ્તકોના પ્રબંધનો ઉદ્દેશ પણ જણાવ્યો છે.[૫૨] વલભીમાં મગધના નાલંદા જેવું મોટું વિદ્યાપીઠ હતું, જેમાં બેત્રણ વર્ષ ગાળીને વિદ્યાર્થીઓ બૌદ્ધ ન્યાય તથા દર્શનનું ઉચ્ચ શિક્ષણ પામતા. જેમણે પ્રાચીન તેમજ નવીન પુસ્તકોનો બરાબર અભ્યાસ કર્યો હોય તેમને જ ત્યાંની વાદસભામાં પ્રવેશ મળતો. ત્યાં ભિન્ન ભિન્ન મતોનો વિવાદ કરીને જે પોતાના મતની શ્રેષ્ઠતા પ્રતિપાદિત કરી શકતા તે ચારે દિશામાં ખ્યાતિ પામતા, તેમને ભૂમિનાં દાન પ્રાપ્ત થતાં, એ વિવાદસભામાં ઉચ્ચ શ્રેણી પામતા ને એમનાં ખ્યાત નામ એ વિદ્યાપીઠના ઉચ્ચ પ્રવેશદ્વાર પર લખાતાં. એમનામાંના કેટલાક તો રાજસભામાં જઈ પોતાની મેધાવિતા પ્રદર્શિત કરી રાજયતંત્રના ઉચ્ચ અધિકાર પ્રાપ્ત કરતા.[૫૩] ઇત્સિંગ વલભી વિદ્યાપીઠને સુપ્રસિદ્ધ નાલંદા વિદ્યાપીઠની હરોળમાં મૂકે છે ને એ બે વિદ્યાપીઠોને ચીનનાં વિખ્યાત વિદ્યાપીઠો સાથે સરખાવે છે.[૫૪] વલભીમાં અનેક બૌદ્ધ વિહાર હતા. ત્યાં અર્હત્ અચલ તથા આચાર્ય સ્થિરમતિ અને ગુણમતિ ઉપરાંત આચાર્ય બુદ્ધદાસ તથા વિમલગુપ્ત વસ્યા હોવાના ઉલ્લેખ મળે છે,[૫૫] પરંતુ ત્યાં એવા બીજા અનેક આચાર્ય

કવિ ભટ્ટિએ "રાવણવધ" નામે મહાકાવ્ય મૈત્રક વંશના રાજા ધરસેનના સમયમાં વલભીમાં રચેલું ને એમાં કથાવસ્તુના નિરૂપણની અંદર શબ્દશાસ્ત્ર તથા કાવ્યશાસ્ત્રને લગતાં ઉદાહરણ વણી લઈ દ્વિસંધાન કાવ્યનો અવનવો પ્રકાર પ્રયોજેલો.[૫૬] "ભટ્ટિકાવ્ય" તરીકે ખ્યાતિ પામેલા આ મહાકાવ્ય પર જયમંગલ તથા મલ્લિનાથ જેવા અનેક વિદ્વાનોએ ટીકા લખી છે.[૫૭]

જૈન આગમ-ગ્રંથોની વાચનાનું કેન્દ્ર બનેલા વલભીપુરમાં જિનભદ્રગણિ ક્ષમાશ્રમણે આવશ્યકસૂત્રની નિર્યુક્તિ પર "વિશેષાવશ્યક ભાષ્ય" લખ્યું, જે જૈન પ્રવચન-સાહિત્યમાં મુકુટમણિ સમાન ગણાય છે.[૫૮]

મૈત્રક રાજાઓનાં દાનશાસનોમાં આપેલી રાજ-પ્રશસ્તિઓની રચના રાજધાનીમાં વસતા રાજકવિઓએ કરી ગણાય; એમાં સંસ્કૃત સાહિત્યની ઉચ્ચ ગદ્ય-શૈલીનું કાવ્યતત્ત્વ રહેલું છે.[૫૯]

## ધર્મસ્થાન તરીકે

વલભીના મૈત્રક રાજાઓનાં ઉપલબ્ધ દાનશાસનોમાં વલભીનાં દેવાલયોના ઉલ્લેખ નથી, પરંતુ ત્યાંના અનેક બ્રાહ્મણોના ઉલ્લેખ મળે છે.[૬૦] આ બ્રાહ્મણ ભારદ્વાજ, ઔદરેષણિ, ગાર્ગ્ય અને કૌશિક ગોત્રના હતા; તેઓમાંના કેટલાક સામવેદના છંદોગનો સ્વાધ્યાય કરતા, તો કેટલાક યજુર્વેદી અને અધ્વર્યુ હતા. એમાંના કેટલાક તો આનર્તપુર–આનંદપુર (વડનગર), પુષ્યસાંબપુર (સામોર) અને ગોમૂત્રિકા (ગોમટા) જેવાં વતન તજી વલભીમાં આવી વસ્યા હતા. એમને અપાતા ભૂમિદાનનો ઉદ્દેશ તેઓ પંચમહાયજ્ઞની ક્રિયાઓ સરળતાથી કરી શકે એ હતો.

મૈત્રક કુલના ઘણાખરા રાજાઓ 'પરમ માહેશ્વર' હતા. તેઓની રાજમુદ્રાનું લાંછન શિવના વાહન નંદીનું હતું. તેઓના શાસનકાલમાં વલભીમાં અનેક ભવ્ય શિવાલય બંધાયાં હશે, પરંતુ હાલ એ મોજૂદ રહ્યાં નથી તેમજ એના સાહિત્યિક ઉલ્લેખ પણ ઉપલબ્ધ નથી, છતાં એનાં ખંડેરોમાંથી મળેલાં કેટલાંક શિવલિંગ ત્યાંનાં પ્રાચીન શિવાલયોની પ્રતીતિ કરાવે છે. એમાં હાલ સિદ્ધેશ્વર નામે ઓળખાતા મહાદેવના લિંગનો ઉપલો રુદ્રભાગ ૧·૯ મીટર જેટલો ઊંચો છે ને એનો ઘેરાવો ૨·૬ મીટર જેટલો છે. એની સાથે મળેલી નંદીની પ્રતિમા પણ લગભગ ૨·૪ × ૧·૨ મીટરના કદની છે.[૬૧] આ ઉપરાંત રત્નેશ્વર, બુદ્ધેશ્વર, વૈજનાથ, પ્રગટનાથ, ભીડભંજન વગેરે મહાદેવને નામે ઓળખાતાં લિંગ પણ ત્યાંનાં જૂનાં ખંડેરોમાં મળ્યાં હોઈ અન્ય મૈત્રકકાલીન શિવાલયોની ઝાંખી કરાવે છે.

'પરમ ભાગવત' ધ્રુવસેન ૧ લાના સમયમાં વલભીમાં વૈષ્ણવ સંપ્રદાયને તથા 'પરમ આદિત્ય-ભક્ત' ધરપટ્ટના સમયમાં સૂર્ય-ભક્તિના સંપ્રદાયને સવિશેષ પ્રોત્સાહન મળ્યું હશે. વલભીમાં શિવ ઉપરાંત શક્તિ, વિષ્ણુ, સૂર્ય ઇત્યાદિ અન્ય દેવતાઓનાં પણ દેવાલય બંધાયાં હશે. વલભીનાં ખંડેરોમાંથી મળેલી કેશિનિષૂદન કૃષ્ણની તથા મહિષાસુરમર્દિની દેવીની પ્રાચીન પ્રતિમાઓ આ અટકળને સંગીન સમર્થન આપે છે.[૬૨] ભટ્ટિએ વલભીમાં રામચરિતને વિશે રચેલું "રાવણવધ" મહાકાવ્ય ત્યાં વિષ્ણુના રામાવતારની પણ ઉપાસના સૂચવે છે.

વલભીપુર બૌદ્ધધર્મનું એક મોટું કેન્દ્ર હતું. મૈત્રકકાલ દરમ્યાન ત્યાં અનેક બૌદ્ધ વિહાર બંધાયા હતા. મૈત્રક રાજાઓનાં દાનશાસનોમાં એમાંના ૧૧ વિહારોનો ઉલ્લેખ મળ્યો છે.[૬૩] આ વિહારોનાં બે મંડલ હતાં : એક ભિક્ષુઓના વિહારોનું અને બીજું ભિક્ષુણીઓના વિહારોનું. ભિક્ષુઓના વિહારોનું મંડલ દુદ્દાવિહારની આસપાસ રચાયું હતું ને ભિક્ષુણીઓના વિહારોનું મંડલ યક્ષશૂરવિહારની આસપાસ. દુદ્દાવિહાર મૈત્રક રાજા ધ્રુવસેન ૧ લાની ભાગિનેયી પરમ-ઉપાસિકા દુદ્દાએ બંધાવ્યો હતો. આચાર્ય સ્થિરમતિએ બંધાવેલા પ્રાચીન બપ્પપાદીય વિહારનો સમાવેશ પણ દુદ્દાવિહારમંડલમાં થયેલો. આ વિહારમંડલમાં એ ઉપરાંત આચાર્ય બુદ્ધદાસે તથા આચાર્ય વિમલગુપ્તે બંધાવેલા વિહારોનો, વાણિજક કક્ક માંકિલે બંધાવેલ વિહારનો, ગોહકે બંધાવેલા વિહારનો અને ભર્ટાકવિહારનો તથા એની બાજુમાં મિમ્માએ બંધાવેલા આભ્યંતરિકા-વિહારનો પણ સમાવેશ થતો.[૬૪] એવી રીતે યક્ષશૂરવિહારમંડલમાં યક્ષશૂર-વિહાર ઉપરાંત પૂર્ણભટ્ટાએ બંધાવેલા વિહારનો તથા પ્રાયઃ વાણિજક અજિતે બંધાવેલા વિહારનો પણ સમાવેશ થતો.[૬૫] શીલાદિત્ય ધર્માદિત્યે પોતાના મહેલની બાજુમાં એક સુંદર વિહાર બંધાવ્યો હતો ને એમાં શિલ્પીઓનું કલાકૌશલ ઠાલવ્યું હતું.[૬૬] યુઅન શ્વાંગે એના સમયમાં વલભી રાજ્યમાં સોએક અને સૌરાષ્ટ્રમાં પચાસેક બૌદ્ધ વિહાર હોવાનું જણાવ્યું છે,[૬૭] તેઓમાંના ઓછામાં ઓછા ૧૨—પ્રાયઃ એનાથી વધુ—વિહાર વલભીમાં હોવાનું માલૂમ પડે છે. આ વિહારોમાં કેટલાક ભિક્ષુઓ કાયમ માટે રહેતા, તો કેટલાક બહારથી આવી કામચલાઉ વસતા.[૬૮] કેટલાક વિહારોમાં ભગવાન (ગૌતમ) બુદ્ધની તો કેટલાક વિહારોમાં છેલ્લા સાતેય બુદ્ધોની નિયમિત પૂજા થતી.[૬૯] મૈત્રક વંશના ઘણા રાજાઓ આ બૌદ્ધ વિહારોને ભૂમિદાન દેતા, જેમાંથી ત્યાંના આભ્યતંર તથા અભ્યાગત ભિક્ષુઓનાં ભોજન, વસ્ત્ર, ઔષધ વગેરે માટે તેમજ મૂર્તિ કે મૂર્તિઓની પૂજા માટે તથા

ગીતવાદ્યનૃત્ય માટે જોગવાઈ થતી.[૭૦] ગુહસેને છેલ્લા જ્ઞાત દાનશાસનમાં પોતાને 'પરમ ઉપાસક' કહ્યો છે.

વલભીપુર પ્રાગ્-મૈત્રક કાલથી જૈન ધર્મનું મોટું કેન્દ્ર હતું. મૈત્રક રાજાઓનાં દાનશાસનોમાં ત્યાંનાં જૈન ચૈત્યોનો ઉલ્લેખ આવતો નથી, પરંતુ જૈન સાહિત્યમાં એને લગતા કેટલાક ઉલ્લેખ મળે છે. "વિશેષાવશ્યકભાષ્ય"ની રચના કે પ્રતિના સંદર્ભમાં વલભીપુરના શાંતિનાથ-દેરાસરનો નિર્દેશ આવે છે.[૭૧] વલભીના રાજા 'શિલાદિત્ય'ને ધનેશ્વરસૂરિએ જૈન ધર્મનો બોધ દીધો ને એ રાજાના આગ્રહથી એ સૂરિએ "શત્રુંજય-માહાત્મ્ય" રચ્યું એવી એમાં આપેલી અનુશ્રુતિ પાછળથી ઉપજાવી કાઢેલી લાગે છે,[૭૨] પરંતુ વલભીનો નાશ થવાની તૈયારીમાં હતો ત્યારે ત્યાંની અમુક જૈન પ્રતિમાઓનું સ્થળાંતર થયાની જે અનુશ્રુતિ પ્રબંધોમાં આપી છે તે વાસ્તવિક લાગે છે.[૭૩] એ સમયે જૈન સંઘના ચિંતાયક વર્ધમાનસૂરિ હતા. એમને વલભીપુરનો ભંગ થવાની આગાહી થતાં એમની પ્રેરણાથી ત્યાંના જૈન સંઘે ૧૮ હજાર શકટોમાં સ્થળાંતર કરી મોઢેરામાં વાસ કર્યો.[૭૪] ચંદ્રપ્રભ સ્વામીની પ્રતિમા, અંબા અને ક્ષેત્રપાલની પ્રતિમાઓ સાથે, દેવપત્તન-શિવપત્તન (પ્રભાસ પાટણ) ગઈ. હાલ પ્રભાસમાં ચંદ્રપ્રભ સ્વામીનું દેરાસર છે ને એમાંની મૂર્તિ વલભીથી આવેલી અને નંદિવર્ધને કરાવેલી એવો એના પર લેખ કોતરેલો છે.[૭૫] વર્ધમાન મહાવીરની પ્રતિમા શ્રીમાલપુર ગઈ. શ્રીમાલ(ભીનમાલ)માં જૈન દેરાસરો છે. આદિદેવ-ઋષભદેવની પ્રતિમા કાશહૃદ ગઈ. પાર્શ્વનાથની પ્રતિમા વલભીથી હારીજ ગઈ. વલભીનાથની પ્રતિમા શત્રુંજય પહોંચી. વલભીનાથ એ વલભીના નગરપાલક યક્ષ હશે.[૭૬]

## વેપારવણજના મથક તરીકે

સમુદ્રતટ પર આવેલું વલભીપુર વેપારવણજના મથક તરીકે પ્રાગ્-મૈત્રક કાલથી જાણીતું હતું. "બૃહત્કથા" પરથી રચાયેલ "બૃહત્કથામંજરી" તથા "કથાસરિત્સાગર"માંય વલભીનો આ પ્રકારનો ઉલ્લેખ આવે છે. એમાં જીમૂતવાહનની કથામાં વલભી નગરીના વણિક સાર્થવાહ મહાધનનો પુત્ર વસુદત્ત મોટો થતાં વેપાર કરી દ્રવ્યોપાર્જન કરવા દ્વીપાંતર (દેશાવર) ગયાનો વૃત્તાંત આવે છે;[૭૭] ને કીર્તિસેનાની કથામાં પાટલિપુત્ર(પટના)ના અગ્રણી વણિક ધનપાલિતની પુત્રી કીર્તિસેનાનો પતિ દેવસેન વેપાર કરી દ્રવ્યોપાર્જન કરવા વલભીપુરી ચાલ્યો ગયેલો ત્યારે સાસુના ત્રાસથી કંટાળેલી કીર્તિસેના આટલે દૂર સુધીનો વિકટ પ્રવાસ ખેડી પતિ પાસે વલભી જવા નીકળી હોવાનો વૃત્તાંત આપ્યો છે.[૭૮] આ

ઉલ્લેખો પરથી વલભીના વણિક દેશાવરમાં અને મગધ જેવા દેશાવરના વણિક વલભીમાં વેપારવણજ કરી દ્રવ્ય કમાતા હોવાનું સૂચિત થાય છે.[૭૯]

કવિ દંડીના "દશકુમારચરિત"માં આવતી 'નિમ્બવતીની કથા'માં વલભી નગરીના ગૃહગુપ્ત નામે નાવિકપતિનો ઉલ્લેખ આવે છે, જેમાં એને કુબેર જેવો સંપત્તિમાન કહેવામાં આવ્યો છે. વળી એમાં એના પડોશી વણિકનોય નિર્દેશ આવે છે, જેને કુલીનતા, સંપત્તિ, અને રાજાની સાથેના નિકટ સબંધને લઈને સર્વ પૌરો(નાગરિકો)માં શ્રેષ્ઠ કહેલો છે. આ સમસામયિક ઉલ્લેખો પરથી મૈત્રક કાલમાં વલભીમાં આવા અતિધનિક વણિકો વસતા હોવાનું તથા એમાં નાવિકપતિનો પણ સમાવેશ થતો હોવાનું સૂચિત થાય છે. એ સમયે વલભી સમુદ્રતટ પર હોવાનું પણ એ પરથી પ્રતિપાદિત થાય છે.

ચીની પ્રવાસી યુઅન શ્વાંગે વલભીની પ્રત્યક્ષ મુલાકાત લઈ નોંધેલો અહેવાલ કથાસાહિત્યમાં પ્રતિબિંબિત થતી વલભીની આ પ્રતિષ્ઠાને સબળ સમર્થન આપે છે. એ નોંધે છે: "વલભીમાં વસ્તી ઘણી ઘીચ છે; રહેઠાણો સમૃદ્ધ છે. કરોડપતિઓનાં સોએક ઘર છે. દૂરના પ્રદેશોમાં થતી વિરલ અને કિંમતી ચીજો અહીં વિપુલ પ્રમાણમાં સંગૃહીત થાય છે."[૮૦] આ નોંધ પરથી વલભી વેપારવણજનું તથા સમૃદ્ધિનું મોટું કેંદ્ર હોવાની પ્રતીતિ થાય છે.

મારવાડના રંક કાકૂને કોઈએ મજાકમાં વલભીનું નામ દીધું ને એ વલભી જઈ વસ્યો; ત્યાં ભાગ્યવશાત્ એ સિદ્ધિઓ વડે અઢળક ધન કમાયો; એની પુત્રી પાસે સોનાની રત્ન-જડિત કાંસકી હતી તેવી રાજાની કુંવરી પાસેય નહોતી. પ્રબંધોમાં[૮૧] આપેલી વલભી-ભંગની આ કથાનો મુખ્ય અંશ ઐતિહાસિક કે વાસ્તવિક હોવા સંભવ છે. આ પરથી પણ વલભી છેક મૈત્રક કાલના અંત સુધી સારી જાહોજલાલી ધરાવતી હોવાનું ફલિત થાય છે. કક્ક અને અજિત જેવા વણિકોએ વલભીમાં વિહાર બંધાવેલા એ હકીકત ત્યાંના વણિકોની સાધન-સંપત્તિની પ્રતીતિ કરાવે છે.

### વલભીનો નાશ

મૈત્રકોની રાજધાની તરીકે વલભીએ ત્રણસોથી વધુ વર્ષ જાહોજલાલી ભોગવી. સેનાપતિ ભટાર્કે ત્યાં ઈ. સ. ૪૭૦ ના અરસામાં રાજધાની સ્થાપેલી, પછી મૈત્રક વંશમાં એકંદરે ૧૯ રાજા થયા. એમનામાંના છેલ્લા રાજા શીલાદિત્ય ૭ માના સંબંધમાં મૈત્રક રાજ્યનો અંત આવ્યો લાગે છે. જૈન પ્રબંધોમાં આપેલી અનુશ્રુતિ અનુસાર રાજાના જુલમી વર્તનથી ત્રાસેલા કાકૂ શેઠે મ્લેચ્છમંડલ

જઈ ત્યાંના રાજાને વલભી પર દરિયાઈ હુમલો કરવા પ્રેરણા આપી ને એ મ્લેચ્છપતિની સેનાએ રાજાને યુદ્ધમાં હણીને વલભીનો નાશ કર્યો.[૮૩] આ ઘટના વિ. સં. ૮૪૫(ઈ. સ. ૭૮૮)માં બની.[૮૪] અલ-બીરૂનીના જણાવ્યા મુજબ આ મ્લેચ્છપતિ તે સિંધનો અરબ સૂબો હતો.[૮૫]

**વલભીની અવદશા**

આમ આ અરબ હુમલો વલભીને ઘણો વિઘાતક નીવડ્યો. હુમલો થવાની આગાહી થતાં ત્યાંની ઘણી વસ્તી સ્થળાંતર કરી ગઈ લાગે છે ને એ હુમલાએ વલભીમાં ભારે હોનારત કરી લાગે છે. વલભીનો નાશ કરી અરબો તો પાછા ચાલ્યા ગયા,[૮૬] પરંતુ વલભીના મૂળ મૈત્રક વંશનોય હવે અંત આવી જતાં એ નગરીનો સમુદ્ધાર થયો નહિ. વલભીના રાજકુલના ભાયાતો હવે વળા(વલભી) અને આસપાસનાં સ્થાનોમાં શાસન કરવા લાગ્યા, તેઓ "વાળા" તરીકે ઓળખાયા.[૮૭] એક બીજી શાખા તળાજા–મહુવા પ્રદેશમાં સત્તારૂઢ થઈ. વલભી–વલહી–વળા પરથી વલભી અને એની દક્ષિણનો પ્રદેશ પછી "વાળાક" (વાલાક) નામે ઓળખાયો. [૮૮] આગળ જતાં વળા પ્રદેશ ગોહિલોએ જીતી લીધો.

જ્યાં અગાઉ છેક આનંદપુર (વડનગર) જેવાં દૂરનાં સ્થાનોના બ્રાહ્મણો વતન તજી વસવા આવતા હતા તે વલભીના બ્રાહ્મણો હવે વલભીથી સ્થળાંતર કરવા લાગ્યા. દા. ત. વલભીના બ્રાહ્મણ ભાનુને રાષ્ટ્રકૂટ રાજા કર્કરાજ સુવર્ણવર્ષ તરફથી વડપદ્રક(વડોદરા)નું દાન મળતાં એ વલભી તજી ગયો (ઈ. સ. ૮૧૨);[૮૯] વલભીનિવાસી બ્રાહ્મણ સોમ રાષ્ટ્રકૂટ રાજા પ્રભૂતવર્ષ ગોવિંદરાજ પાસેથી શેત્રુંજી નદીના પ્રદેશમાં ભૂમિદાન મેળવી વહેલોમોડો એ પ્રદેશમાં વસવા લાગ્યો હશે (ઈ. સ. ૮૧૮–૧૯);[૯૦] વાલભ કાયસ્થ વંશના ભોગિકે રાષ્ટ્રકૂટ રાજ્યમાં ધર્માધિકરણિકનો અધિકાર સંભાળ્યો (ઈ. સ. ૮૭૧)[૯૧]. આમ અનુ–મૈત્રક કાલ દરમ્યાન વલભીની કેટલીક વ્યક્તિઓ રાષ્ટ્રકૂટ રાજ્યનો આશ્રય લેતી. વલભીના રાજકુલના લોકો હવે "વાળા" તરીકે ઓળખાયા લાગે છે. વલભીના કાયસ્થો "વાલભ કાયસ્થ" કહેવાતા.[૯૨] મૂળ વળાના વતની, પણ પછી કારણવશાત્ વળાથી ધંધુકા જઈ વસેલા વાલમ બ્રાહ્મણોની [૯૩] જ્ઞાતિનું નામ પણ "વલભી" પરથી વ્યુત્પન્ન થયું લાગે છે.

**વલભીનાં ખંડેર**

અરબ હુમલાનો ભોગ બનેલ વલભીનો ઘણો ભાગ નાશ પામ્યો હશે, પરંતુ અરબો ચાલ્યા જતાં ત્યાં કેટલાક લોક પાછા વળ્યા હશે [૯૪] ને નગરીના

કેટલાક ભાગમાં વસ્તી થઈ હશે, જ્યારે એના બાકીના ભાગ ખંડેર હાલતમાં વેરાન રહ્યા હશે. સોલંકી કાલ દરમ્યાન ત્યાં જૂનાં ખંડેર નજરે પડતાં હતાં એવું ઈ. સ. ૧૦૩૦ ના અરસામાં અલ-બીરૂનીએ નોંધ્યું છે.[૯૫] આચાર્ય હેમચંદ્ર સાથે સૌરાષ્ટ્રની યાત્રાએ નીકળેલો રાજા કુમારપાલ વલભી ગયેલો ને ત્યાં એણે ઋષભદેવ તથા પાર્શ્વનાથનાં બિંબ સ્થાપી પ્રાસાદ કરાવેલા [૯૬] એ ઉલ્લેખ પરથી સોલંકી કાલમાં ત્યાં ઠીક ઠીક વસ્તી હોવાનું ફલિત થાય છે.

મૈત્રક રાજ્યના અંત પછી ત્યાં વાળાઓએ રાજ્ય કરેલું. ઈ. સ. ૧૨૬૦ ના અરસામાં વળા ગોહિલ રાજા રાણોજીએ જીતી લીધું.[૯૬અ] ગુજરાતમાં મુસ્લિમ હકૂમત સ્થપાતાં વળામાં દિલ્હી સલ્તનતની, પછી ગુજરાતની સલ્તનતની ને છેવટે મુઘલ બાદશાહોની હકૂમત પ્રવર્તી.[૯૭] ઔરંગઝેબના મૃત્યુ (ઈ. સ. ૧૭૦૭) બાદ સિહોરના ગોહિલ રાજા ભાવસિંહજીએ વળા જીતી લીધું ને ત્યાં પોતાના બીજા પુત્ર વીસોજીની ગાદી સ્થાપી.[૯૮] વીસોજી અને એના વંશજોએ પોતાના સંસ્થાનનો વિસ્તાર કર્યો.[૯૯] બ્રિટિશ અમલ દરમ્યાન વળા સંસ્થાન ત્રીજા દરજ્જાનું સંસ્થાન હતું ને એમાં ૪૦ ગામોનો સમાવેશ થતો હતો.[૧૦૦] ૧૯૪૫માં "વળા"ને બદલે "વલ્લભીપુર" ("વલભીપુર") નામ પ્રયોજાયું.[૧૦૧] આઝાદી મળતાં વલભીપુર પહેલાં સૌરાષ્ટ્ર રાજ્યના ગોહિલવાડ જિલ્લાના અને પછી ગુજરાત રાજ્યના ભાવનગર જિલ્લાના વલભીપુર મહાલનું વડું મથક બન્યું. ૧૯૬૧ની વસ્તીગણતરીમાં ત્યાંની વસ્તી ૬,૯૦૮ માણસોની હોવાનું નોંધાયું છે.[૧૦૨]

અર્વાચીન કાલમાં વલભીનાં ખંડેરોનું વર્ણન ફોર્બ્સે "રાસમાળા" (૧૮૫૬)માં કરેલું છે.[૧૦૩] એમાં વળા શહેરની પશ્ચિમે તથા ઉત્તરે પિલુડીનું વિશાળ જંગલ હોવાનું, એની આસપાસ સર્વત્ર ખંડેરો હોવાનું, એમાં ચારે બાજુ ત્રણ ફૂટ પહોળી દીવાલોના અવશેષ દેખાતા હોવાનું, વલભીની ચારે બાજુ ત્રણ ચાર માઈલ સુધી એવી ઈંટેરી દીવાલો મળતી હોવાનું, એની ઈંટો ૧૬"×૧૦"×૩" કદની હોવાનું અને ચોમાસામાં ઘેલો નદીમાં પૂર આવતાં ને પછી નદીમાં પ્રવાહ બદલાતાં વલભીનાં ખંડેર પ્રગટ થતાં જતાં હોવાનું નોંધ્યું છે. નષ્ટ વલભીપુરની ઉત્તરે "ઘોડાદમન" નામે એક વિશાળ કુંડ અને નૈઋર્ત્યમાં "રતન તળાવ"નું સ્થાન હોવાનું પણ નોંધાયું છે. વલભીનાં ખંડેરોમાંથી મળેલાં મોટાં શિવલિંગો તથા નંદીની મૂર્તિઓ વિશે પણ નોંધ લીધી છે. વળી વળાની દક્ષિણે આવેલા ચમારડી ગામ પાસેના ખરાબાને અગાઉ સમુદ્રનાં

પાણીની છોળો વાગતી હતી એવી અનુશ્રુતિ આપીને ત્યાંની બખોલોથી એને સમર્થન મળતું હોવાનું પણ નોંધવામાં આવ્યું છે.[૧૦૪]

બૉમ્બે ગૅઝેટિયરના ગ્રંથ ૮: કઠિયાવાડ(૧૮૮૪)માં વળામાં સ્થાપત્યકીય અવશેષ જૂજ હોવાનું, ખંડેરોમાંથી હંમેશાં ઈંટો ખોદાતી હોવાનું, જૂના સિક્કા, તામ્રપત્રો, માટીની મુદ્રાઓ, મણકાઓ અને નાની ઘરગથ્થુ પ્રતિમાઓ મળતી હોવાનું, પથ્થરના થોડા નંદી અને એક બે મોટાં લિંગ મળ્યાં હોવાનું, પણ પથ્થરનાં કોઈ મોટાં કે ભવ્ય મકાનોની નિશાનીઓ ન હોવાનું નોંધવામાં આવ્યું છે.[૧૦૫]

એ પછી ૧૮૯૬ માં બૉમ્બે ગૅઝેટિયરના ગ્રંથ ૧ માં ગુજરાતનો ઇતિહાસ પ્રસિદ્ધ થયો ત્યારે એમાં વલભીનાં ખંડેરોમાંથી ૭ મી સદીની મૃત્તિકા-મુદ્રાઓ, માટીનો નાનો ઘડો, અકીક અને સ્ફટિકનાં નંગ, કાળા પથ્થરમાં કંડારેલી અર્ધા રૂપિયાના કદની વૃષભ–આકૃતિ, ૨ જી અને ૫ મી સદીની મુદ્રાઓ, અને પુષ્યેણની રાજમુદ્રા જેવા અવશેષો શ્રી. વજેશંકર ગૌરીશંકરે ભેગા કર્યાની નોંધ પ્રગટ થઈ.[૧૦૬] ત્યાં ઇમારતોની મોટી ઈંટો નીકળતી હોવાનું તથા ૧૮૭૨ ની સ્થળતપાસમાં ત્યાં થોડાં લિંગ અને પૂરા કદની નંદીની પાપણ–પ્રતિમા મળી હોવાનું તેમજ ઈંટો શોધતાં તામ્રપત્રો, તામ્રપાત્રો વગેરે પ્રાપ્ત થયાં હોવાનું પણ જણાવાયું.

૧૯૧૪–૧૫ માં વળામાંથી એક ધાતુપ્રતિમા મળેલી, જેને દે. રા. ભાંડારકરે બુદ્ધની ધારેલી.[૧૦૭] મુંબઈના પ્રિન્સ ઑફ વેલ્સ મ્યુઝિયમમાંની આવી બીજી ચાર ધાતુપ્રતિમાઓ પણ વળામાંથી મળેલી છે.[૧૦૮] ૧૯૩૦ માં ફાધર હેરાસે વળાના ઘોડાદમન કુંડ પાસે થોડું ખોદકામ કરાવેલું ત્યારે એમાંથી માટીનાં વાસણ, માટીનાં મુદ્રાંક, નંગો, મણકાઓ, બંગડીઓ, પ્રતિમાઓ ઇત્યાદિ વિવિધ અવશેષ નીકળેલા તે મુંબઈના ઇન્ડિયન હિસ્ટોરિકલ રિસર્સ ઇન્સ્ટિટ્યૂટમાં રાખેલા છે. વલભીપુરના સ્થાનિક મ્યુઝિયમમાં પણ તામ્રપત્રો, શિલાલેખો, પ્રતિમાઓ, મુદ્રાંકો, નળિયાં ઇત્યાદિ અવશેષ એકત્ર કરેલા છે.

૧૯૫૦ માં સુબ્બારાવે વલભીપુરમાં સ્થળતપાસ કરીને લાલ ચકચકિત વાસણોના અવશેષ હોવાનું નોંધેલું.[૧૦૯] ૧૯૬૩ માં સાંકળિયા, નાણાવટી અને અનસારી સાથે ર. ના. મહેતાએ ત્યાં વધુ સ્થળતપાસ કરી એનો વિગતવાર અહેવાલ પ્રકાશિત કર્યો છે.[૧૧૦] એમાં એમણે મળેલા અવશેષોની પ્રાપ્તિ પરથી પ્રાચીન વલભીનો વિસ્તાર ત્રણ કિ. મી. લાંબો અને અર્ધો કિ. મી. પહોળો હોવાનું અનુમાન તારવ્યું છે. આ સ્થળતપાસ દરમ્યાન અહીં મૃત્પાત્રોના અનેક પ્રકાર મળ્યા છે; જેમકે રોમન ઍમ્ફોરા, અબરખિયાં વાસણ, લાલ ચકચકિત વાસણ, રાખોડિયાં

વાસણ, લાલ-અને-કાળાં વાસણ અને સાદાં તથા રંગીન લાલ વાસણ. અહીં આ ઉપરાંત શંખના ટુકડાઓ, શંખની બંગડીઓ, પથ્થરનાં ઓજારો અને નિસાતરાઓ વગેરે અવશેષ પણ મળેલા. ૩૭·૫×૨૨·૫×૬·૨૫ સેં.મી. કદની ઈંટો ઠેકઠેકાણે મળ્યા કરે છે. આમ આ પ્રાચીન નગરીમાં માટીનાં વાસણ, ઈંટો, શંખની ચીજો, પથ્થર-કામ, ધાતુકામ, શિલ્પ ઇત્યાદિ અનેક હુન્નરકલાઓ વિકસી હોવાની નિશાનીઓ મળે છે. પાઘડી-પને બંધાયેલી આ નગરી વાસ્તુશાસ્ત્રની પરિભાષામાં દંડ પ્રકારનું નગર-આયોજન ધરાવતી. યુઅન શ્વાંગે જણાવેલી ૬,૦૦૦ ભિક્ષુઓની સંખ્યા વલભી નગરીના સંઘારામોને લગતી ગણાય કે સમસ્ત વલભી રાજ્યના સંઘારામોને લગતી, એ એક પ્રશ્ન છે. પ્રાચીન વલભીમાં ૨૦ થી ૨૫ હજાર માણસોની વસ્તી હશે એવું ર. ના. મહેતા ધારે છે.[૧૧૧] સ્થળતપાસમાં થયેલા અવશેષો પરથી વલભીનો વિસ્તાર ઓછામાં ઓછો આટલો તો હતો જ એટલું નિશ્ચિત કહી શકાય. યુઅન શ્વાંગ વલભીનો ઘેરાવો ૩૦ લી (૮ કિ. મી.) હોવાનું જણાવે છે.[૧૧૨]

ખંડેરોનો બહોળો વિસ્તાર ધરાવતી આ પ્રાચીન નગરીના સ્થાનમાં મોટા પાયા પર વ્યવસ્થિત ઉત્ખનન કરવામાં આવશે ત્યારે એના નગર-આયોજન, એનાં મકાનો તથા એના હુન્નરઉદ્યોગો વગેરે વિશે વિશેષ માહિતી સાંપડશે.

## પાદટીપો

૧. દા. ત. મૈત્રક રાજાઓનાં દાનશાસનોમાં, भट्टिकाव्यમાં, दशकुमारचरितમાં, आर्यमञ्जुश्रीमूलकल्पમાં, उदयसुन्दरीकथाમાં, बृहत्कथामञ्जरीમાં, कथासरित्सागरમાં, प्रभावकचरितમાં, प्रबन्धचिन्तामणिમાં અને प्रबन्धकोशમાં.

૨. દા. ત. प्रबन्धचिन्तामणिમાં.

૩. દા. ત. दर्शनसार, भावसंग्रह, प्रबन्धचिन्तामणि, विविधतीर्थकल्प, पुरातन-प्रबन्धसंग्रह અને प्रमालक्षणમાં.

૪. *Bombay Gazetteer*, Vol. VIII, pp. 670 ff; "કાઠિયાવાડ સર્વસંગ્રહ" પૃ. ૭૭ થી

૫. ખરી રીતે "વલભી" શબ્દને "વલ્લભ" શબ્દ સાથે કંઈ સંબંધ નથી. વળી "વલ્લભ"નું સ્ત્રીલિંગ રૂપ તો "વલ્લભા" થાય છે, "વલ્લભી" નહિ.

૬. R. N. Mehta, 'Valabhai of Maitrakas', *J. O. I.*, Vol. XIII, p. 241, Fig. I.

૭. દા. ત. प्राकाराणां समुच्छ्रायान् वलभीर्वा तथाविधाः ।
न संहतानि कुर्वीत न तुच्छानि शिरांसि च ॥
कौटिल्य, अर्थशास्त्र, २, २४, ३२

तां कस्यांचिद् भवनवलभौ सुप्तपारावतायां
नीत्वा रात्रिं चिरविलसनात्खिन्नविद्युत्कलत्रः ॥

मेघदूत, ४१

सौधान्यत्यर्थतापाद् वलभिपरिचयद्वेषिपारावतानि ।

मालविकाग्निमित्र, २, १२

धूपैर्जालविनि:सृतैर्वलभयः संदिग्धपारावताः ।

विक्रमोर्वशीय, ३, २

दृष्ट्वा दृष्ट्वा भवनवलभीतुङ्गवातायनस्था ।

मालतीमाधव, १, १५

यस्यामसेवन्त नमद्वलीकाः समं वधूभिर्वलभीर्युवानः ॥

शिशुपालवध, ३, ५३

सा वानरेन्द्रबलरुद्धविहारकोष्ठ-
श्रीद्वारगोपुरसदोवलभीविटङ्का ।

भागवतपुराण, ९, १०, १७

वास्तोष्पतीनां च गृहैर्वलभीभिश्च निर्मितम् ।

भागवत पुराण, १०, ५०, ५४

हर्म्यप्रासादवलभीष्वन्विष्यन् सोऽभ्रमन्निशि ।

कथासरित्सागर, ८७, १२

૮. गोपानसी तु वलभी छादने वक्रदारुणि ।
(अमरकोश, २, २, १५; वैजयन्ती, पृ. १६२, श्लो. ३९)
वलभी छदिराधारो नागदन्तास्तु दन्तकाः ।

अभिधानचिन्तामणि, श्लो. १०११

आच्छादनं स्याद्वलभी गृहाणां
गोपानसी दारु च वक्रसंस्थम् ।

हलायुधकोश, ३०३

આમાં મકાનના છાપરાનો અર્થ આપવામાં આવ્યો છે.

પા. ટી. ૭ માં अर्थशास्त्र, मालविकाग्निमित्र, विक्रमोर्वशीय, भागवतपुराण–स्कन्ध ९ અને कथासरित्सागरના સંદર્ભમાં 'वलभी' શબ્દ આ અર્થમાં પ્રયોજાયો છે, જ્યારે मेघदूत, मालतीमाधव, शिशुपालवध અને भागवतपुराण स्कन्ध १० ના સંદર્ભમાં એ શબ્દ 'શિરોગૃહ' એવા બીજા અર્થમાં પ્રયોજાયો છે. वैजयन्तीમાં આ અર્થ પણ આપેલો છે— कूटागारं तु वलभी । (पृ. १६१, શ્લો. ३१).

સંસ્કૃત ટીકાઓમાં આ અર્થ માટે બીજા આધાર પણ ટાંકવામાં આવે છે; જેમકે सौधोपरिकुटीं वलभीं विदुः । અથવા शुद्धान्ते वलभीचन्द्रशाले सौधोर्ध्ववेश्मनि इति रभसः । વળી જુઓ V. M. Apte's *The Practical Sanskrit–English Dictionary, Monier Monier-Willams, Sanskrit-English Dictionary.*

૯. *Sanskrit-English Dictionary*, p. 927

૯અ. A. A. Macdonell, *Vedic Mythology*, pp. 159 f.

૧૦. P. K. Acharya, *Dictionary af Hindu Architecture*, pp. 537 f.

૧૧. 'It formed a small high plateau and hence it is very likely that it might have been considered to be an area like the roof. This area apparently was given an apt name Valabhi.'

R. N. Mehta, 'Valabhi of the Maitrakas', *J. O. I.*, Vol. XIII, p. 250

૧૨. " ગુજરાતની રાજધાનીઓ," પૃ. ૭૬-૭૭

૧૩. તોલેમી (૨ જી સદી) વલભીનો "બલઈ" નામથી નિર્દેશ કરે છે એવું બોમ્બે ગેઝેટિયર (ગ્રંથ ૧, ભાગ ૧, પૃ. ૭૮, પા. ટી. ૧) નોંધે છે ને એના આધારે આ બલઈ રૂપ પ્રાકૃત "વલહી" રૂપને ઠીક ઠીક મળતું આવે છે એવું ર. છો. પરીખ નોંધે છે (ઉપર્યુક્ત, પૃ. ૭૫). પરંતુ McCrindleના *Ancient India as described by Ptolemy*-માં આવો ઉલ્લેખ આપેલો નથી.

૧૩અ. શ્રી. શંભુપ્રસાદ દેસાઈ વળી એ નામ કોઈ રાણી કે કુંવરીના નામ પરથી પડ્યું હોવાની કલ્પના કરે છે ("સૌરાષ્ટ્રનો ઇતિહાસ," પૃ. ૧૦૬).

१४. स्कन्दपुराण, ७, १, २८२, १

આ ઉલ્લેખ પાછળ કોઈ પ્રાચીન અનુશ્રુતિનો આધાર રહેલો હોય તો વલભીનું અસ્તિત્વ આદ્ય-ઐતિહાસિક કાલ જેટલું પ્રાચીન ગણાય.

૧૫. આ ગણપાઠ "અષ્ટાધ્યાયી"ના પરિશિષ્ટરૂપ ગણાય છે, પરંતુ એનો બધો ભાગ પાણિનિના સમયનો ન પણ હોય.

'So although we cannot be certain whether any one word now found in the Gaṇapāṭha existed in Pāṇini's days, still the bulk of our present Gaṇapātha may, safely, be considered as coming from the grammarian himself.'

—S. K. Belvalkar, *Systems of Sanskrit Grammar*, p. 26

૧૬. लम्बक ७, कीर्तिसेनाख्यायिका

१७. तरंग २२, श्लो. ६०, ११६, १२८; तरंग २९, श्लो. ७५, ८३, १०१, १०२, १०३, १७९; तरंग ३२, श्लो. ४३

૧૮. આ બંને સંસ્કૃત કૃતિઓ ગુણાઢ્ય-કૃત પૈશાચી बृहत्कथाનાં સંક્ષિપ્ત રૂપાંતર તરીકે રચાઈ છે. મૂળ પૈશાચી કૃતિ હાલ ઉપલબ્ધ નથી, પરંતુ એ સાતવાહન કાલ દરમ્યાન પ્રાયઃ ૧ લી સદીમાં રચાયેલી એવું મનાય છે.

૧૯. देवसेनाचार्य-संकलित दर्शनसार, ११; એમાં नाथूराम प्रेमी, दर्शनसार-विवेचना, परिशिष्टमां पृ. ५५-५९. વળી જિનેશ્વરસૂરિએ प्रमालक्षणમાં ટાંકેલી ગાથામાં શ્વેતાંબરોના મતની ઉત્પત્તિ વલભીપુરીમાં વી. નિ. વર્ષ ૬૦૯ (ઈ. સ. ૮૨-૮૩)-માં થઈ હોવાનું જણાવ્યું છે (એજન, પૃ. ૬૧).

૨૦. बृहत्कथाकोश, भद्रबाहुकथानक, શ્લો. ६९-८०

૨૧. भद्रबाहुचरितમાં (नाथूराम प्रेमी, उपर्युक्त, पृ. ५९-६०)

૨૨. नाथूराम प्रेमी, उपर्युक्त, पृ. ६०-६१

૨૩. માથુરી વાચનાનો સમય વિ. સં. ૩૫૭ કે ૩૭૦ (ઈ. સ. ૩૦૦-૦૧ કે ૩૧૩-૧૪) આપવામાં આવ્યો છે ને વાલભી વાચના પણ લગભગ એ જ સમયે થયેલી.

(मुनि कल्याणविजय, वीरनिर्वाण संवत् और जैन कालगणना, पृ. १०४-११)

૨૪. હ. ગં. શાસ્ત્રી, "મૈત્રકકાલીન ગુજરાત," ભાગ ૨, પૃ. ૪૯૦-૪૯૨

૨૫. चन्द्रप्रभसूरि, प्रभावकचरित, विजयसिंहसूरिप्रबन्ध, શ્લો. ८३

૨૬. एजन, मल्लवादिचरित, શ્લો. ७०

૨૭. मुनि कल्याणविजय, उपर्युक्त, पृ. १०४-२०; भो. ज. सांडेसरा, जैन आगमसाहित्यमां गुजरात, पृ.८३

માથુરી વાચના પ્રમાણે મહાવીરનું નિર્વાણ વિ. સં. પૂ. ૪૭૦ વર્ષે અને વાલભી વાચના પ્રમાણે વિ. સં. પૂ. ૪૮૩ વર્ષે થયેલું; માથુરી વાચનામાં વિ. સં. નો આરંભ વિક્રમાદિત્યના રાજ્યારોહણથી ગણાય છે, જ્યારે વાલભી વાચનામાં એ સંવત રાજ્યારોહણ પછી ૧૩ વર્ષે શરૂ થયો ગણાય છે. આ બંને ગણતરીએ દેવર્દ્ધિગણિની સમીક્ષિત આવૃત્તિ વિ. સં. ૫૧૦ (ઈ. સ. ૪૫૩-૫૪)માં થઈ ગણાય, કેમકે માથુરી વાચના પ્રમાણે ત્યારે વીરનિર્વાણને ૯૮૦ વર્ષ થયાં ગણાતાં, જ્યારે વાલભી વાચના પ્રમાણે ૯૯૩ વર્ષ થયાં ગણાતાં.

૨૮. મો. દ. દેસાઈ, "જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ", પૃ. ૩૮; H. R. Kapadia, *History of the Canonical Literature of the Jainas*, p. 160

૨૯. Hiuen Tsiang, *Buddhist Records of the Western World*, Vol. II, p. 268

૩૦. હ. ગં. શાસ્ત્રી, "મૈત્રકકાલીન ગુજરાત," ભાગ ૨, પૃ. ૩૯૪

૩૧. એજન, પૃ. ૩૯૮

૩૨. એજન, પૃ. ૩૯૫-૩૯૬

૩૩. *B. G.*, Vol. I, Pt. 1, p. 78, f.n. 1

૩૪. ગ્રંથ ૨, પૃ. ૨૪૦

૩૫. એજન, પૃ. ૨૪૦

તેઓના ગુરુ અસંગ અને વસુબંધુ ઈ. સ. ૩૦૦-૩૫૦ના અરસામાં થયા (મૈ. ગુ., ભા. ૨, પૃ. ૩૯૪).

૩૬. B. Subbarao, *Baroda through the Ages*, pp. 56 ff.

૩૭. *Ibid.*, pp. 57 f; ગ્રંથ ૨, પૃ. ૩૨૨-૨૩

૩૮. R. N. Mehta, "Valabhi of the Maitrakas," *J. O. I.*, Vol. XII, pp. 240 ff.

૩૯. મૈ. ગુ., ભા. ૧, પૃ. ૪૮    ૪૦-૪૧. એજન, પૃ. ૫૧

૪૨. *B. G.*, Vol. I, Pt. 1, p. 79

૪૩. ર. છો. પરીખ, "ગુજરાતની રાજધાનીઓ," પૃ. ૭૮-૭૯

૪૪. *C. I. I.*, Vol. IV, Nos. 21, 22, 23 and 24; મૈ. ગુ., ભા. ૧, પૃ. ૨૮૬, ૨૯૬

૪૫. ગુ. ઐ. લે., ભા. ૩, લેખ નં. ૨૫૭

૪૬. મૈ. ગુ., ભા. ૧, પૃ. ૨૧૪-૨૨૯

૪૭. उच्छ्वास ६, निम्बवतीवृत्त.

એમાં 'विमानहर्म्य' સાત માળની હવેલીનો અર્થ ધરાવે છે.

૪૮. सकलभुवलयभूषणीभूतभवनमणिकिरणकुण्डलायां वलभीति प्रसिद्धनामरम्यायामसीमगुणभाजि राजधान्याम् (पृ. ३).

૪૯. तरंग ३२, श्लो. ४२–८९

૫૦. वलभीविनिवास्येतामृगर्थागमसंहृतिम् ।

भर्तृध्रुवसुतश्चक्रे स्कन्दस्वामी यथास्मृति ॥

ऋक्संहिता स्कन्दस्वामिकृतभाष्येण सहिता, पृ. १२२

ઉ. પ્રે. શાહ, 'ગુજરાતના કેટલાક પ્રાચીન પંડિતો', "બુદ્ધિપ્રકાશ", વર્ષ ૯૯, પૃ. ૩૦૨-૩૦૩, स्कन्दस्वामिमहेश्वर, निरुक्तभाष्यटीका, भाग १-४

૫૧. ગુ. ઐ. લે., ભા. ૧, લેખ નં. ૫૮, ૭૭, ૭૯, ૮૩ અને ૯૦. 'ત્રૈવિદ્ય-સામાન્ય' અને 'ચાતુર્વિદ્ય-સામાન્ય'ના અર્થ માટે જુઓ મૈ. ગુ., ભા. ૨, પૃ. ૩૫૫-૩૫૬.

૫૨. ગુ. ઐ. લે., ભા. ૧, લેખ ૩૩

૫૩. Takakusu, *A Record of the Buddhist Religion as Practised in India and the Malaya Archipelago (A. D. 671-695) by I-tsing*, pp. 177 f.

૫૪. *Ibid.* p. 177    ૫૫. મૈ. ગુ., ભા. ૨, પૃ. ૩૮૫-૩૮૬

૫૬-૫૭. એજન, પૃ. ૪૬૩-૪૬૭    ૫૮. એજન, પૃ. ૪૨૪,૪૯૩

૫૯. એજન, પૃ. ૪૯૭-૫૦૦

૬૦. એજન, પરિશિષ્ટ ૩, લેખ ૩૮, ૩૯. ૬૪, ૬૭, ૬૯, ૭૩, ૭૬

૬૧. એજન, પૃ. ૩૬૮    ૬૨. ગ્રંથ ૨, પૃ. ૩૯૦-૩૯૧

૬૩. મૈ. ગુ, ભા. ૨, પૃ. ૩૯૬    ૬૪. એજન. પૃ. ૩૯૬-૪૦૨

૬૫. એજન, પૃ. ૪૦૨-૪૦૩

૬૬. Hiuen Tsiang, *Buddhist Records of the Western World*, Vol. II, p. 261    ૬૭. *Ibid.*, pp. 266, 269

૬૮. કાયમ રહેતા ભિક્ષુઓ "આભ્યંતર" કહેવાતા; ને બહારથી આવેલા "અભ્યાગત" (મૈ. ગુ., ભા. ૨, પૃ. ૩૮૫).

૬૯. એજન, પૃ. ૪૧૦–૪૧૧

૭૦. એજન પૃ. ૪૦૫–૪૦૯

૭૧. એજન, પૃ, ૪૯૩

૭૨. એજન, પૃ. ૪૮૭–૪૮૯

૭૩. એજન, પૃ. ૪૨૨

૭૪. એજન, પૃ. ૪૨૧–૪૨૨

૭૫. એજન, પૃ. ૪૨૨–૪૨૩

૭૬. વિનયચંદ્રસૂરિ-કૃત काव्यशिक्षा માં વલભીનાથનું સ્વરૂપ આ રીતે નિરૂપાયું છે :

कपालपाणिर्वलभीपतिर्गगनगामुकः ।

सुरापानरतो नित्यं देवोऽयं वलभीपतिः॥ ४, ६२

७७. सोमदेव, कथासरित्सागर, तरंग २२

७८. क्षेमेन्द्र, बृहत्कथामञ्जरी, लम्बक ७, कीर्तिसेनाख्यायिका; सोमदेव, कथासरित्सागर, तरंग २९

७९. उच्छ्वास ६ માં.

૮૦ Hiuen Tsiang, *op. cit.*, Vol II, p. 266

૮૧. प्रबन्धचिन्तामणि, पृ. १०७–१०९; विविधतीर्थकल्प, पृ. २९; प्रबन्धकोश, पृ. २३; पुरातनप्रबन्धसंग्रह, पृ. ८२–८३ (જુઓ મૈ. ગુ., ભા. ૧, પૃ. ૧૫૬, પા. ટી. ૯૬.)

૮૨. મૈ. ગુ., ભા. ૨, પૃ. ૩૯૯, ૪૦૩

૮૩. એજન, ભા. ૧, પૃ. ૧૫૬

૮૪. એજન, પૃ. ૧૫૭–૧૫૮

કેટલાક ગ્રંથોમાં વર્ષ ૮૪૫ ને વિક્રમ સંવતને બદલે વીર નિર્વાણ સંવતનું માની લેવામાં આવેલું ને એ અનુસાર એ વર્ષને વિ. સં ૩૭૫ ગણવામાં આવેલું. આ સ્પષ્ટતઃ અસંભવિત છે.

૮૫. Sachau, *Alberuni's India* ,Vol. I, pp. 192 f.

८६. विविधतीर्थकल्प, पृ. २९

૮૭. 'વાળા' શબ્દ 'વળવું' (પાછા ફરવું) પરથી વ્યુત્પન્ન થયો હોવાનું ધારવામાં આવ્યું છે; ને એ વ્યુત્પત્તિને વલભીના છેલ્લા રાજા શીલાદિત્યનો પુત્ર ધરસેન મેવાડથી પાછો વળ્યો એવી બારોટોની અનુશ્રુતિ વડે સમજાવવામાં આવી છે. વળી વાળાઓને કર્ણનો પુત્ર વૃષકેતુ ભારત-યુદ્ધમાંથી પાછો વળ્યો તેના વંશજ પણ માનવામાં આવ્યા છે. 'વૃષકેતે વંશ ઊજળો, જ્યાંથી વાળા જાત.' 'વાળા'માં 'ઊજળા વંશ'નો બીજો અર્થ પણ રહ્યો લાગે છે. (*B. G.*, Vol. VIII, p. 672; શં. હ. દેશાઈ, "સૌરાષ્ટ્રનો ઇતિહાસ." પૃ. ૧૭૮

પરંતુ "વાળા" શબ્દ ખરેખર 'વળા' (વલભી) પરથી થયો લાગે છે. 'વાળા' એટલે 'વાલભ.'

૮૮. એમાં સિહોર તથા પાલીતાણાનો સમાવેશ થતો (ગ્રંથ ૧, પૃ. ૩૫૩).

૮૯. ગુ. ઐ. લે., ભા. ૨, લેખ ૧૨૩

૯૦. *E. I.*, Vol. XXXV, pp. 269 ff.

૯૧. ગુ. ઐ. લે., ભા. ૨, લેખ ૧૩૦

૯૨. સોડ્ઢલકૃત उदयसुन्दरीकथामां આ વંશ (જેમાં એ કવિ જન્મેલો) વલભીના રાજા 'શિલાદિત્ય'ના નાના ભાઈ કલાદિત્ય, જેણે અમાત્યપદ સ્વીકારી રાજાને વિજય અપાવ્યો ને જે મહેશ્વરના ગણનો અવતાર મનાતો, તેનામાંથી ઉદ્ભવ્યો હોવાનું જણાવ્યું છે (પૃ. ૩–૧૧).

૯૩. *B. G.*, Vol. VIII, p. 674; *Bhavanagar District*, pp. 57 f.; શંભુપ્રસાદ હ. દેશાઈ, "સૌરાષ્ટ્રનો ઇતિહાસ," પૃ. ૨૭૫, ૩૦૬

૯૪. મેવાડથી વાછા "વઝ્યા" એ પરથી "વાળા" કહેવાયા એ વ્યુત્પત્તિ સ્પષ્ટતઃ કપોલકલ્પિત છે, પરંતુ ઉપર જણાવેલો બ્રાહ્મણ સોમ ઈ. સ. ૮૧૮–૧૯માં "વલભીનો વાસ્તવ્ય" (નિવાસી) હતો એ ઉલ્લેખ ત્યારે ત્યાં વસ્તી હોવાની પ્રતીતિ કરાવે છે.

૯૫. Sachau, *Alberuni's India*, p. 193 ૯૬. ગ્રંથ ૨, પૃ. ૩૫૨–૫૩

૯૬ અ. *Bom. Gaz.*, Vol. VIII, p. 672 ૯૭–૯૮ *Ibid.*, p. 673

૯૯. *Ibid.*, pp. 673 f. ૧૦૦. *Ibid.*, p. 670

૧૦૧. ૨૫ મી મે, ૧૯૪૫ થી.

૧૦૨. "વસતિ–ગણતરી ૧૯૬૧: ગુજરાત: જિલ્લા વસતિ-ગણતરી પુસ્તિકા: ભાવનગર જિલ્લો," પૃ. ૪૦. ૧૮૮૧ માં ૪,૯૭૨ માણસોની વસ્તી હતી (*B. G.*, Vol. VIII, p. 675).

૧૦૩. "રાસમાળા." પૃ. ૧૮–૧૯ ૧૦૪. એજન, પૃ. ૩

૧૦૫. *B. G.*, Vol. VIII, p. 675

૧૦૬. *B. G.*, Vol. I, Pt. 1, p. 78

૧૦૭. *ASIWC.*, 1914-15, p. 30

૧૦૮. H. D. Sankalia, *Archaeology of Gujarat*, Appendix K, p. 84

૧૦૯. B. Subbarao, *Baroda Through The Ages*, pp. 56 ff.

૧૧૦. R. N. Mehta, "Valabhi of the Maitrakas" *J.O.I.*, Vol. XIII, pp. 240 ff.

૧૧૧. *Ibid.*, p. 251 ૧૧૨. Hiuen Tsiang, *op cit.*, Vol. II, p. 2૯

## પ્રકરણ ૩

# મૈત્રક રાજ્ય

## (૧) મૈત્રકો અને તેઓની ઉત્પત્તિ

### ૧. વલભીના રાજકુલનું નામઃ 'મૈત્રક'

વલભીના રાજવંશનાં સોએક તામ્રશાસન મળ્યાં છે તેઓમાં એ વંશના સોળ રાજાઓએ ફરમાવેલાં ભૂમિદાનને લગતાં રાજશાસન તામ્રપત્રો પર કોતરેલાં છે. આ દાનશાસનોમાં પહેલાં દાન દેનાર રાજાના પૂર્વજો—પૂર્વાધિકારીઓની પ્રશસ્તિ આપવામાં આવે છે. એમાં પહેલી પ્રશસ્તિ સેનાપતિ ભટાર્કની આવે છે, જેણે વલભીમાં રાજસત્તા સ્થાપેલી. અર્થાત્ વલભીના આ રાજવંશનો સ્થાપક ભટાર્ક હતો. એની પ્રશસ્તિના આરંભમાં प्रसभप्रणतामित्राणां मैत्रकाणाम् એવાં પદ પ્રયોજાયાં છે. એની પછી अतुलबलसंपन्नमण्डलाभोगसंसक्तसंप्रहारशतलब्ध-प्रतापः એવું પદ આવે છે. વલભીનાં દાનશાસનોના સંપાદકોએ શરૂઆતમાં मैत्रकाणाम्નો અન્વય मण्डलाभोग સાથે સાંકળ્યો ને मैत्रकનો અર્થ "મિત્ર" ઘટાવીને પ્રસ્તુત વાક્યનો અર્થ એવો કર્યો હતો કે "જેમણે શત્રુઓને જોરથી નમાવ્યા છે તેવા મિત્રોના અતુલ બલવાળા મંડળના વિસ્તારમાં સેંકડો પ્રહાર ઝીલી જેણે પ્રતાપ પ્રાપ્ત કર્યો છે તેવા."[1] આગળ જતાં માલૂમ પડ્યું કે मैत्रक એ મિત્રવાચક સામાન્ય નામ નહિ, પણ કોઈ જાતિનું વિશેષનામ છે.[2] પછી પ્રસ્તુત વાક્યનો અર્થ આમ સુધારવામાં આવ્યો હતો: "જેમણે શત્રુઓને જોરથી નમાવ્યા છે તેવા મૈત્રકોના અતુલ બળવાળા મંડળના વિસ્તારમાં સેંકડો પ્રહાર ઝીલી જેણે પ્રતાપ પ્રાપ્ત કર્યો છે તેવો."[3] આ પરથી મૈત્રકોને વલભીના રાજવંશના સ્થાપક ભટાર્કે હરાવેલા શત્રુઓ માનવામાં આવ્યા હતા ને વલભીના રાજાઓના પોતાના કુલનું નામ હજી અજ્ઞાત જ રહ્યું હતું.[4]

આગળ જતાં मैत्रकाणाम् શબ્દ પછીના સમાસથી સ્વતંત્ર હોવાનું અને એના પછી कुले કે वंशे જેવા શબ્દ અધ્યાહાર હોવાનું માલૂમ પડ્યું. આ

અનુસાર પ્રસ્તુત વાક્યનો અર્થ હવે એમ કરવામાં આવ્યો કે "જેમણે શત્રુઓને જોરથી નમાવ્યા છે તેવા મૈત્રકોના (કુલમાં કે વંશમાં), પોતાના અતુલ બળ વડે મેળવેલા પ્રદેશના વિસ્તારમાં સેંકડો પ્રહાર ઝીલી જેણે પ્રતાપ પ્રાપ્ત કર્યો છે તેવો."[૫] આગળ જતાં આ વંશનાં આરંભિક દાન-શાસનોમાં संपन्न ને બદલે सपत्न શબ્દ માલૂમ પડતાં આ અર્થ જ ઉદ્દિષ્ટ હોવાનું નિશ્ચિત થયું.[૬] આ અનુસાર હવે ભટાર્કની પ્રશસ્તિના મુખ્ય શબ્દ "મૈત્રકોના (કુલમાં) કે મૈત્રકોમાં ભટાર્ક (થયો)" હોવાનું પ્રતિપાદન થયું.[૭] આથી "મૈત્રક" એ વલભીના રાજાઓએ હરાવેલા શત્રુઓના કુલનું નહિ, પણ આ રાજાઓના પોતાના કુલનું નામ હોવાનું નક્કી થયું.

આ રાજવંશ માટે "મૈત્રક" કુલનામ ત્યારે પણ ખાસ રૂઢ થયું લાગતું નથી.[૮]

## ૨. મૈત્રકોની ઉત્પત્તિ

### ગુહિલોનો પૂર્વજ?

વલભીના રાજાઓનું કુલનામ સ્પષ્ટ થયું તે પહેલાં, ગુજરાત-રાજસ્થાનની અનુશ્રુતિઓ અનુસાર આ રાજાઓ અયોધ્યાના સૂર્યવંશના હતા ને મેવાડના ગુહલોત વંશનો સ્થાપક ગુહિલ વલભીના છેલ્લા રાજા શીલાદિત્યના મૃત્યુ પછી એની વિધવા પુષ્પાવતીને પેટે મેવાડની ગુહામાં જન્મેલો તેનો પુત્ર હોવાનું માનવામાં આવેલું,[૯] પરંતુ વિગતોની ચકાસણી કરતાં આ અનુશ્રુતિ સાવ કપોલકલ્પિત હોવાનું માલૂમ પડયું છે.[૧૦] મેવાડના રાજાઓને વડનગરના નાગર બ્રાહ્મણના વંશજ પણ માનવામાં આવેલા હોઈ, વલભીના રાજાઓને પણ નાગરો સાથે સાંકળવામાં આવેલા,[૧૧] પરંતુ આગળ જતાં આ મત તજી દેવામાં આવ્યો છે.

### મેર? હૂણો?

શરૂઆતમાં મૈત્રકો એ વલભીના રાજવંશના સ્થાપકે હરાવેલા શત્રુઓ હતા એવું જણાયેલું ત્યારે "મૈત્રક" શબ્દને સૂર્યવાચક "મિત્ર" શબ્દમાંથી થયેલો માની મૈત્રકોને સૌરાષ્ટ્રના મેર લોકોના પૂર્વજ મિહિરો સાથે સાંકળવામાં આવેલા ને મિહિરોને હૂણોની શાખાના કે હૂણોની સાથે નિકટ સંબંધ ધરાવતી જાતિના ગણવામાં આવતા.[૧૨] આમાં પહેલું અનુમાન "મૈત્રક"ના મૂળમાં રહેલો "મિત્ર" અને "મેર"ના મૂળમાં રહેલો "મિહિર" શબ્દ સૂર્યવાચક હોઈ પર્યાયરૂપ ગણાય એ માન્યતાના આધારે અને બીજું અનુમાન હૂણ રાજા મિહિર-

કુલના નામમાં આવતા "મિહિર" શબ્દના તથા મેર લોકોમાં રહેલી "હૂણ" અટકના આધારે કરેલું છે. પરંતુ "મિત્રના ઉપાસક" એવા અર્થમાં પ્રયોજાયેલો "મૈત્રક" શબ્દ "માહેશ્વર" "ભાગવત" કે "શાક્ત" જેવું ધર્મસંપ્રદાયનું નામ ગણાય, કોઈ જાતિવિશેષનું નહીં. વળી સૂર્યના ઉપાસકો માટે સંસ્કૃતમાં "આદિત્ય-ભક્ત" અને "સૌર" શબ્દ રૂઢ થયેલા છે; "મૈત્રક" શબ્દ ક્યાંય અન્યત્ર પ્રયોજાયો નથી.[13] ઉપરાંત, મૈત્રકો એ વલભીના રાજાઓ હોવાનું સ્પષ્ટ થતાં તેઓનો કુલધર્મ તો માહેશ્વર (શૈવ) હોવાનું માલૂમ પડ્યું છે, નહિ કે સૌર.[14]

### ગુર્જરો ?

મૈત્રકો વલભીના રાજાઓના શત્રુઓ હોવાનું મનાતું ત્યારે વલભીના રાજાઓ પોતે ગુર્જર જાતિના હોવાનું ધારવામાં આવેલું.[15] સ્મિથે વલભીના રાજાઓને હૂણોના સામંત ધારેલા,[16] પરંતુ હવે એ અસંભવિત માલૂમ પડ્યું છે.[17]

### મિત્રો ? નાગરો ?

પંચાલ અને એની નજીકના પ્રદેશોમાં 'મિત્ર' અંતવાળાં નામ ધરાવતા રાજાઓના અનેક પ્રાચીન સિક્કા મળ્યા છે એ પરથી એ પ્રદેશમાં ચોથી સદીમાં મિત્ર નામે રાજવંશ થયો હોવાનું અનુમાન તારવવામાં આવ્યું હતું[18] પછી પંચાલ, કોશલ અને મથુરાના એ મિત્રોને વલભીના મૈત્રકોના પૂર્વજ ધારવામાં આવેલા.[19] વળી એ મિત્રોને માનસ સરોવર પાસેના હાટક પ્રદેશના નાગરોની શાખારૂપ પણ માનવામાં આવેલા,[20] પરંતુ એ વંશના કેટલાક રાજાઓનાં જ નામોના અંતે "મિત્ર" શબ્દ આવે છે, બીજા રાજાઓનાં નામોમાં તો ભૂતિ, દત્ત, સેન, ઘોષ, પાલ અને ગુપ્ત જેવા અન્ય નામાંતો આવે છે. વળી "મિત્ર" શબ્દ તો બીજા વંશોમાં પણ નામોના અંતે જોવામાં આવે છે. ઉપરાંત, વલભીના મૈત્રક રાજાઓનાં નામોમાં એ નામાંત એકેય નામમાં આવતો નથી, આથી કેટલાંક નામોને અંતે આવતા "મિત્ર" શબ્દ પરથી ઉત્તર ભારતમાં મિત્ર નામે રાજવંશ થયો હોવાનું અનુમાન ભાગ્યેજ સ્વીકારી શકાય.[21]

પુરાણોમાં આવતા પુષ્યમિત્ર, પટુમિત્ર અને પદ્મમિત્ર નામે જાતિઓના ઉલ્લેખ પરથી ત્રણ મૈત્ર જાતિઓ હોવાની અને એ લોકો મૈત્રકોના પૂર્વજ હોવાની કલ્પના કરવામાં આવેલી. વળી ખલીફ નરસેહ(ઈ. સ. ૨૯૩–૩૦૨)ના પૈકુલી લેખમાં જણાવેલા બોરરિપશિનને વારવત્ય યાદવ તરીકે અને તેઓના

નાયક મિત્ર-અલ-સેનને મિત્ર જાતિઓના સંઘપતિ તરીકે ઓળખાવવાનું સૂચવાયેલું,[૨૨] પરંતુ નામના પૂર્વપદ તરીકે કે ઉત્તરપદ તરીકે આવતા "મિત્ર" શબ્દનું એકમાત્ર પ્રમાણ કંઈ મૈત્ર નામે જાતિવિશેષનું અનુમાન કરવાને પર્યાપ્ત ન ગણાય.[૨૩]

### લડાયક જાતિ

સૈંધવ, ગુર્જર, પ્રતીહાર, પરમાર, ચૌલુક્ય વગેરે રાજવંશોની જેમ મૈત્રકો પોતાના કુલની ઉત્પત્તિ વિશે કોઈ અનુશ્રુતિ કે પૌરાણિક માન્યતા જણાવતા નથી. તેઓનાં દાનશાસનોમાં તો તેઓને માટે "પ્રસભ-પ્રણત-અમિત્ર" પદ પ્રયોજાયું છે એ પરથી તેઓ પરાક્રમશાળી હોવાનું જણાય છે. ભટાર્કનું સેનાપતિપદ મૈત્રકોના લડાયકપણાનું સંગીન દૃષ્ટાંત છે. દાનશાસનો પરથી તેઓની રાજધાની સૌરાષ્ટ્રમાં આવેલી વલભી હોવાનું ને તેઓનો કુલધર્મ માહેશ્વર હોવાનું માલૂમ પડે છે

### ક્ષત્રિયો-યાદવો

સાતમી સદીમાં ચીની મહાશ્રમણ યુઅન શ્વાંગે ભારતના પ્રવાસ દરમ્યાન વલભીની મુલાકાત લીધી ત્યારે ત્યાંનો રાજા (જે મૈત્રક કુલનો હતો) "ક્ષત્રિય વર્ણનો" હોવાનું નોંધ્યું છે.[૨૪] મૈત્રકકાલના અંતભાગમાં રચાયેલા "આર્યમંજુશ્રીમૂલકલ્પ" નામે બૌદ્ધ ગ્રંથમાં વલભીના રાજાઓના પહેલા કુલને વારવત્ય યાદવોના વંશનું કહ્યું છે.[૨૫] એ પરથી મૈત્રકો યાદવોની દ્વારાવત્ય શાખાના હોવાનું સૂચવાયેલું.[૨૬] "શત્રુંજય-માહાત્મ્ય" નામે જૈન ગ્રંથ વલભીના રાજા "શિલાદિત્ય"ને યદુવંશભૂષણમણિ ગણાવે છે.[૨૭] આ માહાત્મ્ય એ રાજાના આગ્રહથી એના સમયમાં લખાયું હોવાનું એમાં જણાવ્યું છે,[૨૮] પરંતુ એ વસ્તુતઃ વિ.સં ૧૩૭૧ (ઈ.સ. ૧૩૧૪-૧૫) પછી લખાયું છે.[૨૯] આ ઉલ્લેખો પરથી વલભીના મૈત્રક રાજાઓ ક્ષત્રિય વર્ણના અને યાદવ કુલના ગણાતા હોવાનું ફલિત થયેલું.[૩૦]

### વ્રાત્યો

પુરાણોમાં જે અનેક પ્રાચીન રાજવંશ ગણાવવામાં આવ્યા છે તેઓમાં મૈત્રક નામે રાજવંશ જણાવ્યો નથી, પરંતુ સ્મૃતિસાહિત્યમાં "મૈત્ર" નામે જાતિનો પરિચય આપવામાં આવ્યો છે. મનુસ્મૃતિ (ઈ. પૂ. ૨૦૦-ઈ.સ. ૨૦૦)માં સુધન્વાચાર્યો, કારુષો, વિજન્માઓ અને સાત્વતોની જેમ મૈત્રોને વ્રાત્ય વૈશ્ય

પુરુષ અને વૈશ્ય સ્ત્રીમાંથી ઉત્પન્ન થયેલા જણાવ્યા છે.[૩૧] વૈજયન્તી (૧૧મી સદી) નામે સંસ્કૃત કોશમાં મૈત્રોની ઉત્પત્તિ વધુ વિગતે સમજાવી છે ને એમાં 'મૈત્ર'નો ઉલ્લેખ 'મૈત્રક' તરીકે પણ કર્યો છે.[૩૨] આ પરથી "મૈત્ર" અને "મૈત્રક" એ એક જ નામનાં રૂપ હોવા વિશે શંકા રહેતી નથી.[૩૩] અહીં સુધન્વાચાર્યાદિ પાંચ જ્ઞાતિઓની ઉત્પત્તિની બાબતમાં તેઓની વૈશ્ય માતાના પાંચ પ્રકાર ગણાવવામાં આવ્યા છે. ભારુષ(કારુષ)ની માતા વ્રાત્ય વૈશ્ય સાથેના લગ્ન પહેલાં અપૂર્વા એટલે અવિવાહિત હોય છે, જ્યારે બીજા ચારની માતાઓ એ પહેલાં જુદા જુદા વર્ણના પુરુષો સાથે લગ્ન કરેલી હોય છે. એમાં મૈત્રની માતા પહેલાં વૈશ્ય સાથે પરણેલી હોય છે.[૩૪] આમ અગાઉ વૈશ્યને પરણેલી વૈશ્ય સ્ત્રી પુનઃ વ્રાત્ય વૈશ્યને પરણી સંતાન ઉત્પન્ન કરે ત્યારે એની સંતતિ 'મૈત્ર' કે 'મૈત્રક' તરીકે ઓળખાતી. મૈત્રકોની ઉત્પત્તિને લગતી આ અનુશ્રુતિમાં કંઈ ઐતિહાસિક તથ્ય હશે ? ઘણી વાર જુદી જુદી જ્ઞાતિઓની ઉત્પત્તિ ગમે તેમ કરીને ચાતુર્વર્ણ્યની જુદી જુદી શાખારૂપે બતાવવામાં આવતી એવું સ્મૃતિઓનું વલણ જણાય છે.[૩૫] વળી વર્ણોના મિશ્રણ પરથી નવી નવી જ્ઞાતિઓ પણ ગણાતી. સ્મૃતિકારોની નજરે શરૂઆતમાં મૈત્રકોની એ સમયની વૃત્તિ વૈશ્યની જણાઈ હશે, પરંતુ એમની રહેણીકરણી વૈશ્યોની રહેણી-કરણીથી ઊતરતી જણાઈ હશે તેથી તેઓને 'વ્રાત્ય વૈશ્ય' ગણી કાઢવામાં આવ્યા હશે.[૩૬]

### પૂજારી

વૈજયન્તી કોશના એ અધ્યાયમાં આગળ જતાં કેટલીક જ્ઞાતિઓના જુદા જુદા ધંધા જણાવવામાં આવ્યા છે.[૩૭] એમાં આ પાંચેય પ્રકારના વૈશ્ય વ્રાત્યોનો ધંધો જુદા જુદા સંપ્રદાયનાં દેવાલયોના પૂજારીનો જણાવ્યો છે.[૩૮] એમાં મૈત્રકોને શાકય (બૌદ્ધ) ચૈત્યના પૂજારી કહ્યા છે. જેમ પોરવાડ, શ્રીમાળી, ઓસવાળ વગેરે અનેક જ્ઞાતિઓએ "તરવાર મૂકીને તાજૂડી લીધી" તેમ મૈત્રકોને પણ તેઓની રાજસત્તાની પડતી થતાં ધંધો બદલવાની ફરજ પડી હોય ને પોતે માહેશ્વર હોવા છતાં, જૈન મંદિરોમાં પૂજા કરતા ગોઠીઓની જેમ, બૌદ્ધ ચૈત્યમાં પૂજા કરવાનો ધંધો અંગીકાર કરવો પડ્યો હોય.

### પાશુપત મિત્રના વંશજ

જાતિવિશેષના નામ તરીકે "મૈત્રક" શબ્દનો અર્થ "મિત્રનો વંશજ" થાય. "મિત્ર" એ સૂર્યસ્વરૂપનું નામ હોઈ આ નામનો અર્થ "સૂર્યવંશી" ઘટાવી શકાય, પરંતુ સંસ્કૃત સાહિત્યમાં આ શબ્દ એ અર્થમાં વપરાયો જણાતો

નથી. વળી વલભીના મૈત્રક રાજાઓ તો યાદવકુલના ગણાતા એ અનુસાર એ ચંદ્રવંશી ગણાય, સૂર્યવંશી નહિ; આથી અહીં મિત્રદેવમાંથી મનાતી પૌરાણિક ઉત્પત્તિને બદલે મિત્ર નામે કોઈ પુરુષવિશેષમાંથી થયેલી વાસ્તવિક ઉત્પત્તિ વિચારવી ઘટે.

શૈવ ધર્મના પાશુપત સંપ્રદાયમાં લકુલીશ નામે મહાન આચાર્ય થયા, એમના ચાર શિષ્યોમાંના એકનું નામ "મિત્ર" હતું ને એમના મહાન નામ પરથી "મૈત્ર્ય" નામે શાખા પ્રવર્તી.[૩૯] લકુલીશ લાટ દેશના કાયારોહણમાં ઈસ્વી સનની બીજી સદીમાં થયેલા જણાય છે.[૪૦] મિત્રના ગુરુબંધુ કુરુષના વંશજો માટે "કૌરુષ" અને "કૌરુષ્ય" એવાં બે વૈકલ્પિક રૂપ મળે છે[૪૧] તેમ "મિત્ર" પરથી "મૈત્ર" અને મૈત્ર્ય" એવાં બે રૂપ ઉત્પન્ન થયાં હોય; ને તો એ એક જ નામનાં વૈકલ્પિક રૂપ હોય. ઇતિહાસની દૃષ્ટિએ પણ 'મૈત્ર્ય' અને 'મૈત્રક' વચ્ચે અનેકવિધ સામ્ય રહેલું છે. બંનેનો કુલધર્મ શૈવ છે.[૪૨] લાટના મૈત્ર્યો અને સૌરાષ્ટ્રના મૈત્રકોના પ્રદેશ પણ સમીપ-સમીપ આવેલા છે.[૪૩] વળી પાશુપતો લડાયક હતા ને ઘણી વાર રાજાના સૈન્યમાં ભરતી થતા; તેઓના વડાને बप्प (બાપા) તરીકે વિશિષ્ટ માન આપવામાં આવતું.[૪૪] 'મૈત્ર્ય' પણ લડાયક હતા ને પોતાના બપ્પને પોતાના જેવાં મહાબિરુદોથી નવાજતા. મૈત્ર્યોના મૂળ પુરુષ બીજી સદીમાં થયા, જ્યારે મૈત્રકો એ પછી પાંચમી સદીમાં સત્તારૂઢ થયા તેમજ મૈત્રોનો સહુથી પ્રાચીન ઉપલબ્ધ ઉલ્લેખ જેમાં મળ્યો છે તે મનુસ્મૃતિની રચના ઈ. સ. ૨૦૦ સુધીમાં થઈ ગણાય છે, તેથી કાલાન્વયનો બાધ આવે એમ નથી. આ પરથી મૈત્રો કે મૈત્રકો ને મૈત્ર્યો એક હોઈ શકે ને તો તેઓના મૂળપુરુષ પાશુપત સંપ્રદાયના પ્રવર્તક લકુલીશના શિષ્ય 'મિત્ર' ગણાય.

મૈત્રકો અને મૈત્રયકોને એક ગણી તેઓ ગુપ્તોના વૈતાલિક હોવાનું સૂચવાયું છે,[૪૫] પરંતુ મૈત્ર્યો કે મૈત્રકો એ ઉત્પત્તિ તેમજ વૃત્તિ-બંને બાબતમાં મૈત્રયકોથી છેક ભિન્ન છે,[૪૬] એટલું જ નહિ, એ બંને નામોની ઉત્પત્તિ પણ જુદી જુદી રીતે થયેલી છે;[૪૭] આથી મૈત્રકો વિશેનું આ મંતવ્ય અસ્વીકાર્ય છે.

### ફલિતાર્થોનું સંકલન

આમ મૈત્રકોની ઉત્પત્તિ વિશે અનેકવિધ મત પ્રવર્તે છે. એમાં ગુહિલો, નાગરો, મેરો, હૂણો, ગુર્જરો, મિત્રો વગેરેને લગતાં સંદિગ્ધ મંતવ્ય બાજુએ

રાખોને સીધા અને નક્કર ઉલ્લેખોના ફલિતાર્થોને કાલાનુક્રમે ગોઠવીને એનું સંકલન કરીએ, તો એનું તાત્પર્ય આ પ્રમાણે નીકળે છે :

૧. મૈત્રકો એ પાશુપત લકુલીશના શિષ્ય મિત્રમાંથી ઉત્પન્ન થયેલા મૈત્ર્યો હોઈ શકે; પાશુપતો લડાયક વૃત્તિના હતા.

૨. શરૂઆતમાં સ્મૃતિમાં તેઓની ગણના વ્રાત્ય વૈશ્યો તરીકે થઈ.

૩. મૈત્રકો લડાયક હતા; પાંચમી સદીમાં એમાંના સેનાપતિ ભટાર્કે વલભીમાં રાજસત્તા સ્થાપી; આ વંશની સત્તા છેક આઠમી સદી સુધી રહી.

૪. એ કાલ દરમ્યાન મૈત્રક રાજાઓ ક્ષત્રિય વર્ણના અને યાદવ કુલના ગણાતા.

૫. એ પછી પડતીના કાલમાં મૈત્રકો બૌદ્ધ ચૈત્યોમાં પૂજા કરવાનો ધંધો કરતા.

આ પરથી મૈત્રકો મૂળમાં પાશુપત મિત્રની શાખાના વીર પુરુષો હોવાનું ને પહેલાં સ્મૃતિની દૃષ્ટિએ વ્રાત્ય વૈશ્ય ગણાયા હોવાનું, પણ પાંચમી સદીમાં રાજસત્તા પ્રાપ્ત થતાં ક્ષત્રિય વર્ણના અને યાદવ કુલના ગણાયાનું ફલિત થાય છે.[૪૮]

## (૨) સ્થાપના અને સ્થિરતા

### સેનાપતિ ભટાર્ક

સ્કંદગુપ્તના મૃત્યુ પછી અર્થાત્ ઈ. સ. ૪૬૭ માં કે એ પછીના એકાદ વર્ષમાં મગધના ગુપ્ત સામ્રાજ્યની પડતીનો આરંભ થયો ને એણે દૂરના કેટલાક પ્રાંત ગુમાવી દીધા.[૪૯] ગુજરાતમાં સ્કંદગુપ્ત પછીના કોઈ ગુપ્ત સમ્રાટના અભિલેખ કે સિક્કા મળ્યા નથી. ઈ. સ. ૪૫૫–૫૭ માં સૌરાષ્ટ્રનો વહીવટ સમ્રાટ સ્કંદગુપ્તે નીમેલો ગોપ્તા પર્ણદત્ત કરતો હતો,[૫૦] જ્યારે ઈ. સ. ૫૦૨ માં ત્યાં વલભીના મૈત્રક રાજા દ્રોણસિંહની સત્તા પ્રવર્તતી હતી.[૫૧] દ્રોણસિંહના ઉત્તરાધિકારીઓનાં દાનશાસનો પરથી માલૂમ પડે છે કે વલભીમાં એનો રાજ્યાભિષેક થયો તે પહેલાં ત્યાં એના બે પૂર્વાધિકારીઓ રાજ્ય કરી ગયા—એનો પિતા સેનાપતિ ભટાર્ક અને પછી એનો જ્યેષ્ઠ પુત્ર સેનાપતિ ધરસેન. આ વંશનાં બીજાં બધાં દાનશાસનોમાં પણ સેનાપતિ ભટાર્કને આ રાજવંશનો મૂળ પુરુષ જણાવ્યો છે. દ્રોણસિંહના ઉત્તરાધિકારીનાં દાનશાસનોનાં વર્ષો પરથી એનો રાજ્યાભિષેક ઈ. સ. ૫૦૦ ના અરસામાં થયો જણાય છે. સ્કંદગુપ્તનું મૃત્યુ ઈ. સ. ૪૬૭ માં

કે એ પછી એકાદ વર્ષમાં થયેલું. દ્રોણસિંહનો રાજ્યયાભિષેક ઈ. સ. ૫૦૦ ના અરસામાં થયો એ પરથી સેનાપતિ ભટાર્કે રાજસત્તા ઈ. સ. ૪૬૮ ના અરસામાં પ્રાપ્ત કરી ગણાય.

ભટાર્કે રાજસતા કેવી રીતે પ્રાપ્ત કરી એ વિશે વિગતવાર માહિતી મળતી નથી, પરંતુ એની પ્રશસ્તિમાં એણે "અતુલ બળવાળા શત્રુઓના મંડલના વિસ્તારમાં સેંકડો પ્રહાર ઝીલી પ્રતાપ પ્રાપ્ત કરેલો" એવું જણાવ્યું છે એ પરથી એ માટે એને ચાલુ સત્તા સાથે ભારે સંગ્રામ ખેલવો પડ્યો હશે એવું સ્પષ્ટ થાય છે. ભટાર્ક સેનાપતિ તરીકે ઓળખાતો એ પરથી એ રાજસત્તા ધારણ કરતાં પહેલાં કોઈ રાજ્યના સેનાપતિ તરીકે અધિકાર ધરાવતો એ નિશ્ચિત છે. એણે રાજસત્તા સૌરાષ્ટ્રના વલભીપુરમાં સ્થાપી એ પરથી એ પ્રાયઃ ગુપ્ત સામ્રાજ્યના સુરાષ્ટ્ર પ્રાંતમાં સેનાપતિપદ ધરાવતો હોવાનું માલૂમ પડે છે.[૫૨] સ્કંદગુપ્તના રાજ્યકાલના આરંભમાં (ઈ. સ. ૪૫૫-૫૭ માં) ત્યાં પર્ણદત્ત નામે ગોપ્તા વહીવટ કરતો હતો. સેનાપતિ ભટાર્કે સૌરાષ્ટ્રમાં રાજસત્તા ધારણ કરી ત્યારે એને ગુપ્ત સામ્રાજ્યના ગોપ્તા સાથે સંઘર્ષ થયો હોવો જોઈએ. એમાં સ્કંદગુપ્તના ઉત્તરાધિકારીની નિર્બળતા તથા મગધથી આ પ્રાંતના રહેલા લાંબા અંતરને લઈને આખરે સેનાપતિ ભટાર્કને સફળતા મળી લાગે છે. પોતે સેનાપતિપદે હોઈ એ પોતાના સૈન્યનો લાભ મેળવી શકે એ સ્વાભાવિક છે. દાનશાસનોમાં આપેલી એની પ્રશસ્તિમાં સ્પષ્ટ જણાવ્યું છે કે "એણે પ્રતાપથી વશ થયેલા અને દાન, માન અને આર્જવથી અનુરાગ પામેલા મૌલ, ભૃત, મિત્ર અને શ્રેણીના અનુરક્ત સૈન્ય વડે રાજ્યશ્રી પ્રાપ્ત કરેલી".[૫૩] આ પરથી એ મૈત્રક સેનાપતિ પોતે એક પ્રતાપી યોદ્ધો હતો ને એના પ્રતાપને લઈને એનું સૈન્ય એને વશ હતું; એ ઉપરાંત એ દાન, માન અને આર્જવ (ઋજુ વર્તાવ) દ્વારા સૈન્યનો અનુરાગ પ્રાપ્ત કરતો હતો. એના અધિકાર નીચેનાં મૌલ (વારસાગત) તથા ત (ભાડૂતી) સૈન્ય એને અનુરક્ત (વફાદાર) રહેતાં. ભટાર્કે પોતાના પરાક્રમમાં એ બે પ્રકારનાં પોતાનાં સૈન્યો ઉપરાંત મિત્રો(સાથીઓ)નાં સૈન્યોનો તથા શ્રેણીઓનાં સૈન્યોનો સહકાર સાધ્યો હતો. આ સૈન્યો વિશે તથા એનો સામનો કરનાર પ્રતિપક્ષ વિશે કંઈ અંગત વિગત ઉપલબ્ધ નથી.

ચંદ્રગુપ્ત મૌર્યના સમયથી માંડીને છેક સ્કંદગુપ્તના સમય સુધી, અર્થાત્ લગભગ છેલ્લાં આઠ શતકો દરમ્યાન, સૌરાષ્ટ્રનું વડું મથક ગિરિનગર હતું, જ્યારે ભટાર્કે સ્થાપેલા રાજ્યની રાજધાની એ રાજવંશના સમગ્ર રાજ્યકાલ દરમ્યાન, અર્થાત્ પછીનાં લગભગ ત્રણ શતકો દરમ્યાન, વલભી રહી, આથી ભટાર્કે કરેલા

આ સ્થાન-ફેર માટે કંઈ પ્રબળ કારણ હોવું જોઈએ. આ કારણ અંગે ત્યારે ક્યાંય કંઈ નિર્દેશ થયો નથી, પરંતુ હાલ કેટલીક અટકળો કરવામાં આવી છે: ગિરિનગરમાં સુદર્શન તળાવનો બંધ વારંવાર તૂટવાથી થતી હેરાનગતીને લીધે એનો ત્યાગ કરવામાં આવ્યો હોય,[૫૪] વલભીપુર ત્યારે સૌરાષ્ટ્રના પૂર્વ સમુદ્રતટ પરનું મહત્ત્વનું સ્થાન હોવાથી એની પસંદગી થઈ હોય[૫૫] અથવા ગિરિનગરમાં મગધ સામ્રાજ્યના ગોપ્તાનું પ્રબળ જોર હોય અને મૈત્રક સેનાપતિ ભટાર્કનું પ્રાબલ્ય સૌરાષ્ટ્રના પૂર્વ ભાગમાં રહેલું હોય.[૫૬]

ભટાર્ક મૈત્રક કુલનો હતો ને પરમમાહેશ્વર અર્થાત્ મહેશ્વર(મહાદેવ)નો પરમ ભક્ત હતો. એનું મૂળ નામ "भटक्क" હતું, જે રાજમુદ્રામાં તેમજ શરૂઆતનાં દાનશાસનોમાં પ્રયોજાયું છે. દાનશાસનોની ભાષા સંસ્કૃત હોઈ, પછીનાં દાનશાસનોમાં એનું સંસ્કૃત રૂપ "भटार्क" પ્રયોજાયું[૫૭] ને સંયુક્તાક્ષરમાં र् પછી આવતા વ્યંજનને બેવડાવવાની તત્કાલીન અભિરુચિ અનુસાર એની જોડણી "भटार्क्क" કરવામાં આવતી. "ભટાર્ક" એટલે ભટો(સૈનિકો)નો અર્ક (સૂર્ય).[૫૮] એ મૈત્રક વીર સૈનિકમાંથી સેનાપતિ થયો ત્યારે એનું નામ કેવું સાર્થક લાગ્યું હશે! સેનાપતિ ભટાર્કે સેંકડો પ્રહારો ઝીલી અનુરક્ત સૈન્યોના સહકારથી રાજસત્તા પ્રાપ્ત કરી એ એની મહાન સિદ્ધિ હતી. એ પછીની એની રાજા તરીકેની કારકિર્દી વિશે ખાસ માહિતી મળતી નથી. મૈત્રક વંશની રાજમુદ્રામાં એનું નામ श्रीभटक्क જ લખ્યું હોય છે. એના ઉત્તરાધિકારીઓનાં દાનશાસનોમાં શરૂઆતમાં એના ઉલ્લેખ "શ્રીસેનાપતિભટાર્ક" તરીકે અને આગળ જતાં "શ્રીભટાર્ક" તરીકે જ કરવામાં આવે છે; આ પરથી એણે રાજસત્તા ધરાવવા છતાં રાજબિરુદ ધારણ કરેલું નહિ ને છેવટ સુધી પોતાનું અસલ "સેનાપતિ"[૫૬] જ ચાલુ રાખેલું એવું ફલિત થાય છે. એના શરૂઆતના ઉત્તરાધિકારીઓ પોતાના પરમભટ્ટારક-પરમસ્વામીનો સાદર નિર્દેશ કરે છે એ પરથી સૂચિત થાય છે તેમ ભટાર્કે પોતાના સમ્રાટ સાથેનો મૂળ સબંધ ઔપચારિક રીતે યથાતથ રહેવા દીધો લાગે છે ને પોતે જાણે રાજપદવી ધારણ કર્યા વિના એના સેનાપતિ તરીકે શાસન કરતો હોય એમ દાખવતો ! આમ એ પ્રબળ સેનાપતિ અને સફળ વિજેતા હોવા ઉપરાંત મુત્સદ્દી રાજનીતિજ્ઞ પણ હતો. એનું કોઈ તામ્રશાસન મળ્યું નથી. પોતાની મુદ્રામાં આ મૈત્રક શાસકે મહેશ્વરના વાહન નંદીનું લાંછન રાખ્યું હતું. એના સમયમાં શર્વ ભટ્ટારકના સિક્કા ચલણમાં ચાલુ થયા લાગે છે. ત્રિશૂળના ચિહ્નવાળા એ સિક્કા પડાવનાર શર્વ આ મૈત્રક રાજાઓનો દૂરનો પૂર્વજ હોવા સંભવ છે.[૫૯] વલભીમાં બંધાયેલો ભટાર્કવિહાર ભટાર્કે બંધાવ્યો જણાય છે. એ વિહાર

રાજસ્થાનીય શૂરને પ્રસાદ(કૃપા)રૂપે ભેટ આપવામાં આવેલો.[૬૦] આ શૂર એ ગારુલક વંશનો સ્થાપક સામંત શૂર ૧ લો હોવા સંભવ છે.[૬૧] સેનાપતિ ભટાર્ક દાન વડે પોતાના સેવકોનો અનુરાગ પ્રાપ્ત કરતો એનું આ એક સંગીન દૃષ્ટાંત ગણાય. લગભગ ઈ. સ. ૪૬૮–૫૦૦ના ગાળામાં ભટાર્કના રાજ્યની ઉત્તરમર્યાદા ઈ. સ. ૪૮૦ ના અરસામાં અંકાય, કેમકે એના જ્યેષ્ઠ પુત્ર પછીના ત્રણ પુત્ર ઈ. સ. ૫૦૦-૫૫૫ ના સુમારમાં રાજ્ય કરતા હતા. ભટાર્કના રાજ્યકાલના એટલા ટૂંકા ગાળા દરમ્યાન મગધના ગુપ્ત વંશમાં ત્રણ રાજા થઈ ગયા ને ચોથા રાજા બુધગુપ્તનું રાજ્ય શરૂ થયું લાગે છે.[૬૨] સેનાપતિ ભટાર્કે ગુજરાતને મગધના ગુપ્ત સામ્રાજ્યના શાસનમાંથી મુક્ત કર્યું ને એણે વલભીમાં સ્થાપેલી રાજસત્તા એના વંશમાં ત્રણ સૈકાઓ સુધી ટકી રહી એ આ વીર વિજેતા તથા મુત્સદ્દી રાજનીતિજ્ઞની મહાન સિદ્ધિ ગણાય.

**સેનાપતિ ધરસેન ૧ લો**

ભટાર્ક પછી એનો જ્યેષ્ઠ પુત્ર ધરસેન ગાદીએ આવ્યો. એણે ઈ. સ. ૪૮૦ થી ૫૦૦ના અરસામાં રાજ્ય કર્યું. એના પૂર્વાધિકારીની જેમ એણે પણ રાજબિરુદ ધારણ ન કરતાં પરંપરાગત "સેનાપતિ" બિરુદ ચાલુ રાખેલું. આ પરથી ભટાર્કની જેમ ધરસેને પણ ગુપ્ત સમ્રાટ સાથેનો મૂળ સંબંધ ઔપચારિક રીતે જાળવી રાખ્યો જણાય છે. એના સમયનો ગુપ્ત સમ્રાટ સ્પષ્ટતઃ બુધગુપ્ત (લગભગ ઈ. સ. ૪૭૬–૫૦૦) હતો.[૬૩] ગુ. સં. ૧૬૫ (ઈ. સ. ૪૮૪) માં કાલિંદી (યમુના) અને નર્મદા વચ્ચેના પ્રદેશના રાજા સુરશ્મિચંદ્ર પર બુધગુપ્તનું આધિપત્ય પ્રવર્તતું હોઈ એ ગુપ્ત સમ્રાટનું શાસન ત્યારે મધ્ય પ્રદેશ સુધી પ્રસરેલું હતું જ.[૬૪]

ધરસેને સત્તાવાર રીતે રાજસત્તા ધારણ કરી નહોતી. એનું ભૂમિદાનને લગતું કોઈ તામ્રશાસન મળ્યું નથી. એના ઉત્તરાધિકારીઓનાં દાનશાસનોમાં એની જે પ્રશસ્તિ આપી છે તેમાં એની ભટાર્ક તરફ પરમ આદર ધરાવનાર, શત્રુઓને નમાવનાર અને દીન, અનાથ તથા કૃપણ (કૃપાપાત્ર) લોકોને ઉપજીવિકા આપનાર તરીકે પ્રશંસા કરવામાં આવી છે.[૬૫] ધરસેનને વશ રહેલા શત્રુઓ પ્રાયઃ ભટાર્કે હરાવેલા પ્રતિસ્પર્ધીઓ કે અન્ય સ્થાનિક સામંતો હશે. ધરસેને વધુ હરીફોને હરાવી રાજ્યવિસ્તાર કર્યો ન હોય ને પિતા ભટાર્કે સ્થાપેલું નવું રાજ્ય યથાતથ ટકાવી રાખ્યું હોય તો એ પણ નાનીસૂની સિદ્ધિ ન ગણાય. ધરસેનની દીન અનાથ વગેરે તરફની ઉદારતાએ નવા રાજ્યના રાજાની લોકપ્રિયતામાં સારો ઉમેરો કર્યો હશે. ધરસેન 'પરમ માહેશ્વર' હતો.

**મહારાજ દ્રોણસિંહ**

સેનાપતિ ધરસેનનો ઉત્તરાધિકાર એના નાના ભાઈ દ્રોણસિંહને મળ્યો' એ પરથી ધરસેન અપુત્ર મૃત્યુ પામ્યો હોવો સંભવે. પરંતુ ભટાર્કના ત્રણેય મોટા પુત્રોનો ઉત્તરાધિકાર તેના તેના નાના ભાઈને મળેલો છે એ પરથી આ રાજવંશમાં ઉત્તરાધિકાર વારાફરતી દરેક રાજપુત્રને મળે એવો સંભવ સૂચિત થાય. છતાં ભટાર્કના ચોથા પુત્રનો ઉત્તરાધિકાર એના પોતાના પુત્રને મળ્યો, નહિ કે એના સહુથી મોટા ભાઈના પુત્રને, એ પરથી પછીની પેઢીમાં પાછો જ્યેષ્ઠાધિકાર પ્રમાણે ઉત્તરાધિકાર મળે એવું જણાતું નથી, નહિ તો આ વંશના અનેક રાજાઓને અપુત્ર માનવા પડે. ભટાર્કના ત્રણેય મોટા પુત્ર અપુત્ર મૃત્યુ પામ્યા એવું માનવું ખાસ સંભવિત ગણાય નહિ. આગળ જતાં શીલાદિત્ય ૧ લાનો ઉત્તરાધિકાર એના નાના ભાઈ ખરગ્રહ ૧ લાને મળેલો તે મોટા ભાઈની પસંદગીથી મળેલો એવો ઉલ્લેખ આવે છે તેમજ દેરભટના પુત્રોમાં રાજવારસો નાના ભાઈ પાસેથી મોટા ભાઈ પાસે જાય છે એ હકીકત જોતાં મૈત્રક રાજાઓ પોતાના ઉત્તરાધિકારીની પસંદગી પોતાની વિવેકબુદ્ધિ પ્રમાણે કરતા એ સહુથી વધુ સંભવિત લાગે છે.[૬૬]

દ્રોણસિંહના ઉત્તરાધિકારીઓનાં દાનશાસનોમાં આપેલી એની પ્રશસ્તિમાં જણાવ્યા મુજબ "અખિલ ભુવનમંડલ વિસ્તારના સ્વામી એવા પરમસ્વામીએ પોતે" દ્રોણસિંહનો રાજ્યાભિષેક કરાવેલો.[૬૭] મૈત્રક વંશમાં રાજબિરુદ ધારણ કરવાની શરૂઆત દ્રોણસિંહથી શરૂ થઈ એ આ રાજ્યાભિષેક દ્વારા થઈ લાગે છે. દ્રોણસિંહનો રાજ્યાભિષેક એના પરમ સ્વામીએ પોતે કરાવેલો એ આ બાબતમાં ખાસ નોંધપાત્ર છે. દ્રોણસિંહે ઈ. સ. ૫૦૨ માં ભૂમિદાન દીધેલું છે, એના દાનશાસનમાં એણે "મહારાજ" બિરુદ ધારણ કરેલું છે ને એમાં પોતાના બિરુદ "પરમભટ્ટારક"નો પણ ઉલ્લેખ કરેલો છે,[૬૮] જ્યારે એના ઉત્તરાધિકારીનાં દાનશાસન ઈ. સ. ૫૨૫ થી ૫૪૪ નાં છે,[૬૯] આથી દ્રોણસિંહનો રાજ્યાભિષેક ઈ. સ. ૫૦૨ પહેલાં નજીકમાં પ્રાયઃ ઈ. સ. ૫૦૦ ના અરસામાં થયો ગણાય.

દ્રોણસિંહનો આ પરમસ્વામી કોણ હશે એ વિશે તરેહતરેહના તર્ક રજૂ થયા છે. એમાં હૂણ રાજા તોરમાણ[૭૦] તથા એના પુત્ર મિહિરકુલનું સૂચન સ્વીકાર્ય નથી, કેમકે તેઓએ તો ઈ. સ. ૫૧૦ થી કે એ પછી રાજ્ય કરેલું,[૭૧] જ્યારે દ્રોણસિંહનો રાજ્યાભિષેક તો ઈ. સ. ૫૦૨ સુધીમાં થઈ ચૂક્યો હતો. મિહિરકુલને હરાવનાર યશોધર્મા વિષ્ણુવર્ધન[૭૨] તો વળી ઈ. સ. ૫૨૬ પછી

સત્તારૂઢ થયો,[૭૩] તેથી એ પણ દ્રોણસિંહનો પરમસ્વામી હોઈ શકે નહિ. વાકાટક સમ્રાટ હરિષેણ માટેનું સૂચન[૭૪] લક્ષમાં લેવા જેવું ખરું, કેમકે એનો રાજ્યકાલ ઈ. સ. ૫૦૦-૫૨૦ નો જણાય છે ને એણે અવંતિ, ત્રિકૂટ, લાટ વગેરે પ્રદેશ પર પોતાની આણ ફેલાવી હતી,[૭૫] પરંતુ આ પ્રદેશોની યાદીમાં સુરાષ્ટ્ર કે આનર્તનો સમાવેશ થયો નથી એ સૂચક છે. વળી દ્રોણસિંહના પરમસ્વામીના નિર્દેશમાં એનું નામ જણાવવામાં આવ્યું નથી, એ પરથી એ રાજા મૈત્રકોનો કુલપરંપરાગત પરમસ્વામી હોવાનું સૂચિત થાય છે ને એ અનુસાર એ પરમસ્વામી મગધના ગુપ્ત વંશનો સમ્રાટ હોવો જોઈએ. દ્રોણસિંહના દાનશાસનમાં પ્રયોજાયેલો સંવત ગુપ્ત સંવત છે એ હકીકત આ તર્કને સમર્થન આપે છે. વળી દ્રોણસિંહનો ઉત્તરાધિકારી (લગભગ ઈ. સ. ૫૨૦ થી ૫૫૦) પણ પોતાના પરમ ભટ્ટારક(પરમ સ્વામી)નો નિર્દેશ કરે છે ને વાકાટકોની સત્તા ઈ.સ. ૫૨૦ ના અરસામાં અસ્ત પામેલી, જ્યારે ગુપ્ત રાજાઓની સત્તા ઈ. સ. ૫૪૩ સુધી ચાલુ હોવાનું પ્રમાણ મળે છે. આ બધા મુદ્દા લક્ષમાં લેતાં માલૂમ પડે છે કે દ્રોણસિંહનો પરમસ્વામી વાકાટક રાજાધિરાજ હરિષેણ નહિ, પણ એ સમયનો મગધનો ગુપ્ત સમ્રાટ હોવો જોઈએ.[૭૬]

ગુપ્ત સમ્રાટ બુધગુપ્તની સત્તા દક્ષિણમાં છેક નર્મદા સુધી પ્રવર્તતી હતી. એનું વહેલામાં વહેલું જ્ઞાત વર્ષ ગુ. સં. ૧૫૭ (ઈ. સ. ૪૭૬) અને મોડામાં મોડું જ્ઞાત વર્ષ ગુ. સં. ૧૭૫(ઈ. સ. ૪૯૪-૯૫) છે.[૭૭] એના ઉત્તરાધિકારી વૈન્યગુપ્તનું જ્ઞાત વર્ષ ગુ. સં. ૧૮૮(ઈ. સ. ૫૦૭) છે.[૭૮] બુધગુપ્તની જેમ વૈન્યગુપ્ત પણ "મહારાજાધિરાજ" હતો ને એણે પણ ગુપ્ત સામ્રાજ્યની સત્તા ટકાવી રાખી હતી.[૭૯] આથી દ્રોણસિંહના રાજ્યાભિષેક સમયે મગધમાં ગુપ્ત સમ્રાટ બુધગુપ્ત અથવા વૈન્યગુપ્ત હોવો જોઈએ.[૮૦] આપણી હાલની જાણકારીમાં એ બેમાંથી અમુક એકનો નિર્ણય થઈ શકે એમ નથી.

પરમ સ્વામીએ પોતે દ્રોણસિંહનો રાજ્યાભિષેક કરાવ્યો એ પ્રસંગ મૈત્રકો માટે ઘણો સૂચક ગણાય, કેમકે એનો અર્થ એ થયો કે મૈત્રકોની રાજસત્તા હવે ગુપ્ત સમ્રાટોએ રીતસર માન્ય કરી. મૈત્રકોને હવે રાજ્યાભિષેક-વિધિનો અને રાજબિરુદનો અધિકાર પ્રાપ્ત થયો તેમજ ગુપ્ત સમ્રાટોને પણ એથી મૈત્રકોનો વિશ્વાસ તેમજ અનુરાગ પ્રાપ્ત થયો હશે.[૮૧] સેનાપતિ ભટાર્કનો પુત્ર અને સેનાપતિ ધરસેનનો અનુજ "મહારાજ દ્રોણસિંહ" તરીકે ઓળખાયો. એનાં ભૂમિદાનને લગતાં દાનશાસન પણ જાણવા મળે છે.

દ્રોણસિંહના ઉત્તરાધિકારીઓનાં દાનશાસનોમાં એની પ્રશસ્તિ આપવામાં આવી છે. : "એ મનુ વગેરે (સ્મૃતિકારો)એ નિયત કરેલાં વિધિવિધાન પાળતો; એ ધર્મરાજની જેમ વિનય–વ્યવસ્થાની પદ્ધતિ અનુસરતો."[૮૨] આ પરથી માલૂમ પડે છે કે મૈત્રકોના નવા રાજ્યમાં વ્યવસ્થિત રાજ્યતંત્ર દ્રોણસિંહના સમયમાં સ્થપાયું હશે. ભટાર્ક અને ધરસેનનો સમય મોટે ભાગે એ નવા રાજ્યના સંરક્ષણમાં ગયો હશે, જ્યારે એનું રાજ્યતંત્ર રાજબિરુદ ધારણ કરનાર દ્રોણસિંહના સમયમાં વ્યવસ્થિત થયું હશે.[૮૩] એના તામ્રશાસન પરથી જણાય છે કે એના રાજ્યતંત્રમાં આયુક્તક, વિનિયુક્તક, મહત્તર, દ્રાંગિક ઇત્યાદિ અધિકારીઓના તંત્રની તેમજ વિષય, આહરણી, દ્રંગ અને ગ્રામ જેવા વહીવટી વિભાગોની વ્યવસ્થા થઈ ચૂકી હતી.

દ્રોણસિંહની પ્રશસ્તિમાં એનાં મહાન દાનોનોય નિર્દેશ આવે છે.[૮૪] એનાં બે ભૂમિદાન જાણવા મળ્યાં છે. એણે પાંડુરાજ્જા નામે દેવીના મંદિરને (વલભી) સંવત ૧૮૩(ઈ. સ. ૫૦૨)માં એક ગામનું દાન કરેલું, જેનું તામ્રશાસન મળ્યું છે.[૮૫] ધ્રુવસેન બાલાદિત્યના એક તામ્રશાસન પરથી માલૂમ પડે છે કે દ્રોણસિંહે કોટ્ટમહિકા નામે દેવીના મંદિરને પણ એક ગામ દાનમાં આપેલું.[૮૬] એનું જ્ઞાત દાનશાસન એક પતરા પર કોતરેલું હોવાથી એમાં એના કુલ તથા પૂર્વાધિકારીઓની વિગત આપેલી નથી તેમજ એની પ્રશસ્તિ પણ આપી નથી. દાનશાસન રાજધાની વલભીમાંથી ફરમાવેલું છે. દાનમાં આપેલું ગામ હસ્તવપ્ર (હાથબ) આહરણીમાં આવેલું હતું, જે સૌરાષ્ટ્રના પૂર્વ ભાગમાં આવેલો વહીવટી વિભાગ હતો. દાનનું શાસન રાજાએ સીધું સ્વયં ફરમાવેલું ને કુમારિલપતિક નામે અધિકારીએ[૮૭] એનો શાસનલેખ ઘડેલો. દ્રોણસિંહે લગભગ ઈ. સ ૫૦૦ થી ૫૨૦ સુધી રાજ્ય કર્યું.[૮૮]

### મહારાજ ધ્રુવસેન ૧ લો

મહારાજ દ્રોણસિંહનો ઉત્તરાધિકાર એના અનુજ ધ્રુવસેન ૧ લાને પ્રાપ્ત થયો. એનાં ૨૨ દાનશાસન મળ્યાં છે.[૮૯] આ શાસનોની મિતિ (વલભી) સંવત ૨૦૬(ઈ. સ. ૫૨૫) થી સંવત ૨૨૬(ઈ. સ. ૫૪૪)ની છે. આ રાજાએ લગભગ ઈ. સ. ૫૨૦ થી ૫૫૦ સુધી રાજ્ય કર્યું જણાય છે.[૯૦] દ્રોણસિંહની જેમ ધ્રુવસેન પણ "પરમભટ્ટારક"ના આધિપત્યનો ઉલ્લેખ કરે છે. સર્વ શાસનોમાં દ્રોણસિંહને માટે "મહારાજ" બિરુદ પ્રયોજાયું છે. કેટલાંક દાનશાસનોમાં એની પહેલાં "મહાસામંત" બિરુદ ઉમેરાયું છે; એમાં વળી એ બેની વચ્ચે "મહાપ્રતીહાર" "મહાદંડનાયક" અને "મહાકાર્તાકૃતિક" એ ત્રણ

બિરુદ ઉમેરાયાં છે.[૯૧] આ પાંચ બિરુદો એ પ્રાચીન રાજાઓ સંબંધી જણાવાતા પંચ મહાશબ્દ છે.[૯૨] તાબાના રાજાઓ આ પાંચ મહાબિરુદ ધારણ કરવામાં ગૌરવ લેતા.

આ સમયે ગુપ્ત સમ્રાટોની સત્તામાં ઊથલપાથલ થયા કરતી હતી. ઈ. સ. ૫૧૦ ના અરસામાં હૂણોએ માળવા પડાવી લીધું હતું. ઈ. સ. ૫૨૬ ના અરસામાં મગધનો ગુપ્ત સમ્રાટ ભાનુગુપ્ત હૂણ રાજા મિહિરકુલને ત્યાંથી હાંકી કાઢી પોતાની સત્તા પુનઃ પ્રાપ્ત કરવામાં સફળ થયેલો,[૯૩] પરંતુ ઈ. સ. ૫૩૩ સુધીમાં તો ઉત્તર ભારતમાં યશોધર્મા વિષ્ણુવર્ધનનું આધિપત્ય પ્રસર્યું[૯૪]. એ પછી ઈ. સ. ૫૫૦ ના અરસામાં ત્યાં યશોધર્માની સત્તા અસ્ત પામી ગયેલી ને મૌખરિ વંશના રાજા ઈશાનવર્માની સત્તાનો અભ્યુદય થયેલો.[૯૫] આ બધી ઊથલપાથલ છતાં ગુપ્તોની રાજસત્તા પૂર્વ ભારતમાં હજી ઓછીવત્તી ટકી રહી હતી.[૯૬] આમ છતાં ધ્રુવસેને "પરમ ભટ્ટારક"નો નિર્દેશ કર્યો, તે નવા નવા અધિપતિઓ વિશેના વાસ્તવિક નિર્દેશ કરતાં પરંપરાગત અધિપતિને લગતો ઔપચારિક નિર્દેશ હોવા સંભવ છે. મૌખરિ રાજા ઈશાનવર્માએ સુરાષ્ટ્રના રાજાને હરાવ્યો લાગે છે; ઈશાનવર્માના રાજ્યકાલ (લગભગ ઈ. સ. ૫૨૫-૫૫૦) પરથી આ રાજા ધ્રુવસેન ૧ લો હોવા સંભવ છે.[૯૭] ધ્રુવસેને ઈ. સ. ૫૩૪-૩૬ દરમ્યાન કરેલી વિજયયાત્રાઓ પરથી એ અરસામાં એણે પોતાની સત્તા પુનઃ સ્થિર કરી હોવાનું સૂચિત થાય છે.

ધ્રુવસેન 'પરમ ભાગવત' હતો. કુલધર્મની પરંપરા તજી અન્ય સંપ્રદાયનો અંગીકાર કરવામાં એણે પહેલ કરી હતી. મૈત્રક રાજાઓમાં ભાગવત સંપ્રદાય અંગીકાર કરનાર એ એક જ છે. એની પ્રશસ્તિમાં એને 'અભિલષિત ફલ આપવામાં કલ્પતરુ જેવો' કહ્યો છે. એનાં દાનશાસનોની સહુથી મોટી સંખ્યા પરથી એની ઉદારતાની પ્રશંસાને સંગીન સમર્થન મળે છે. એણે ઘણાં ભૂમિદાન બ્રાહ્મણોને આપેલાં છે; ત્રણ દાન બૌદ્ધ વિહારોને આપેલાં છે. એમાંનો એક વિહાર બંધાવનાર એની ભાગિનેયી (ભાણેજી) દુદ્દા હતી. ધ્રુવસેને એક ગામ ગારુલક વંશના પરમ ભાગવત રાજા વરાહદાસ ૨ જાને દાનમાં દીધું હતું. ધ્રુવસેને આપેલાં ભૂમિદાન લેનારા બ્રાહ્મણ સિંહપુર (સિહોર), હસ્તવપ્ર (હાથબ), નગરક (નગરા) અને આનંદપુર (વડનગર) જેવાં ગામોના નિવાસી હતા. આ પરથી મૈત્રકોની સત્તા એ સમયે સૌરાષ્ટ્ર ઉપરાંત ઉત્તર ગુજરાત તથા મધ્ય ગુજરાત પર પણ પ્રવર્તતી હોવાનું સૂચિત થાય છે. દાનશાસનોના દૂતકો તથા લેખકોના ઉલ્લેખો પરથી એના કેટલાક અધિકારીઓનાં નામ અને હોદ્દા

જાણવા મળે છે.[૯૮] પ્રશસ્તિમાં ધ્રુવસેનને પરાક્રમી, શરણદાતા અને દાનવીર ઉપરાંત શાસ્ત્રાર્થતત્ત્વોનો જાણકાર કહ્યો છે.[૯૯] આ પરથી એ દર્શનો–શાસ્ત્રોના અભ્યાસમાં અભિરુચિ ધરાવતો હશે એવું સૂચિત થાય છે. જૈન અનુશ્રુતિ અનુસાર એ કલ્પસૂત્રનું પણ શ્રવણ કરતો.

એ અનુશ્રુતિમાં જણાવ્યા પ્રમાણે ધ્રુવસેન રાજાને પુત્રમરણથી સંતાપ થયેલો ત્યારે એની સ્વસ્થતા માટે આનંદપુરમાં સભા સમક્ષ કલ્પસૂત્ર વાંચવાનું શરૂ કરવામાં આવ્યું હતું.[૧૦૦] એ અગાઉ કલ્પસૂત્ર સાધુઓ સમક્ષ જ વંચાતું, પરંતુ રાજાનો માનસિક સંતાપ દૂર કરવા માટે જરૂરિયાત ઉપસ્થિત થતાં, પ્રાચીન પ્રથામાં સુધારો કરીને રાજસભામાં એવું જાહેર વાચન કરવાની પહેલ કરવામાં આવી. કલ્પસૂત્રના એક સૂત્રમાં એ સમયે મહાવીર સ્વામીના નિર્વાણને ૯૮૦ મું (વાચનાંતર પ્રમાણે ૯૯૩ મું) વર્ષ ચાલતું હોવાનું જણાવ્યું છે.[૧૦૧] કેટલાક આ વર્ષને દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણે કરેલા આગમોને (ને એની અંદર આ કલ્પને પણ) લેખનારૂઢ કર્યાનું વર્ષ ગણે છે,[૧૦૨] તો કેટલાક એને કલ્પસૂત્રના પહેલા જાહેર વાચન સાથે સાંકળે છે.[૧૦૩] કેટલાક વળી વર્ષ ૯૮૦ ને દેવર્દ્ધિગણિની પ્રવૃત્તિ સાથે અને વર્ષ ૯૯૩ ને કલ્પસૂત્રના જાહેર વાચન સાથે સાંકળી બંને મતોનું સમાધાન કરે છે.[૧૦૪] કોઈ વળી ધ્રુવસેન રાજાના પુત્રનું મરણ મહાવીર સ્વામીના નિર્વાણના ૧૦૮૦ મા વર્ષે થયું હોવાનું જણાવે છે.[૧૦૫] ઈ. પૂ. ૫૨૭માં વીરનિર્વાણ થયું હોવાનું પ્રચલિત મત અનુસાર વી. નિ. સં. ૯૮૦ બરાબર ઈ. સ. ૪૫૩ અને વી. નિ. સં. ૯૯૩ બરાબર ઈ. સ. ૪૬૬ આવે, જ્યારે મૈત્રક વંશની સ્થાપના પણ થઈ નહોતી. પરંતુ જો આ વર્ષનિર્દેશ ધ્રુવસેનના સમયને લાગુ પડતો હોય તો વીરનિર્વાણ સંવતનો આરંભ સંશોધિત મત અનુસાર ઈ. પૂ. ૪૬૭ માં ગણવો જોઈએ ને તો વી. નિ. સં ૯૮૦ બરાબર ઈ. સ. ૫૧૩ અને વી. નિ. સં. ૯૯૩ બરાબર ઈ. સ. ૫૨૬ આવે. આ ગણતરીએ આ વર્ષ, ખાસ કરીને બીજું વર્ષ, મૈત્રક રાજા ધ્રુવસેન ૧ લાને બરાબર લાગુ પડે. વી. નિ. સં. ૧૦૮૦ નું વર્ષ પ્રચલિત મત પ્રમાણે ઘટાવવું પડે ને તોપણ એ ઈ. સ. ૫૫૩ જેટલું મોડું આવે. કલ્પસૂત્રમાં જણાવેલું વર્ષ એના જાહેર વાચનને લગતું હોય કે ન હોય, પણ એ ધર્મગ્રંથના જાહેર વાચનની શરૂઆત ધ્રુવસેન ૧ લાના સમયમાં થઈ હોય એ તદ્દન સંભવિત છે. આ અનુશ્રુતિ પરથી ધ્રુવસેનના પુત્રનું પિતાની હયાતીમાં મરણ થયું હોવાનું માલૂમ પડે છે. ઘણું કરીને એ પુત્ર રાજાનો એકનો એક પુત્ર હશે ને એનું અકાળ અવસાન થવાથી રાજા અપુત્ર થયો હશે.[૧૦૬] આ પુત્રનું નામ જાણવા

મળ્યું નથી.[107] કેટલાક ઉજ્જયિનીની રાજપુત્રી ચંદ્રલેખાના પતિ જે વલભીના રાજા હતા તેને આ ધ્રુવસેન તરીકે ઓળખાવે છે,[108] પરંતુ અર્ધફલક સંપ્રદાયને લગતી એ આખી અનુશ્રુતિ કપોલકલ્પિત છે.[109]

**મહારાજ ધરપટ્ટ**

ધ્રુવસેન ૧ લાનો અનુજ અને ઉત્તરાધિકારી ધરપટ્ટ એ સેનાપતિ ભટ્ટારકનો સહુથી નાનો જ્ઞાત પુત્ર છે. એનું એકેય દાનશાસન મળ્યું નથી. એના અગ્રજોએ સિત્તેરેક વર્ષ રાજ્ય કર્યું લાગે છે. એ પરથી ધરપટ્ટ રાજ્યારોહણ સમયે ઘણો વયોવૃદ્ધ હોવાનું અને એથી એનો રાજ્યકાલ ઘણો ટૂંકો હોવાનું સૂચિત થાય છે. આથી એણે લગભગ ઈ. સ. ૫૫૦ થી ૫૫૫ સુધી રાજ્ય કર્યું ગણાય.[110] એના ઉત્તરાધિકારીઓનાં દાનશાસનોમાં એની જે પ્રશસ્તિ આપવામાં આવી છે તે પણ પ્રમાણમાં ઘણી ટૂંકી છે.

ધરપટ્ટના પુત્ર ગુહસેનના એક દાનશાસનમાં ધરપટ્ટની પ્રશસ્તિ લુપ્ત હોવાથી ધ્રુવસેન ૧ લાનો ઉત્તરાધિકાર સીધો ગુહસેનને મળ્યો હોવાનો ભ્રમ થાય છે, પરંતુ આ લોપ માત્ર એ એક દાનશાસનમાં જ થયો છે ને એ પણ સરતચૂકથી.[111] બીજાં બધાં દાનશાસનોમાં તો ધ્રુવસેન ૧ લા પછી એના અનુજ ધરપટ્ટ માટે પણ "મહારાજ" બિરુદ આપવામાં આવ્યું છે, આથી ધરપટ્ટને રાજપદ પ્રાપ્ત થયેલું એ નિઃશંક છે. એનો રાજ્યકાલ ઘણો ટૂંકો હોઈ, એનાં દાનશાસન મળ્યાં નથી એ આશ્ચર્યકારક ન ગણાય.

ધ્રુવસેન ૧ લાની જેમ ધરપટ્ટ પણ ધર્મસંપ્રદાયની બાબતમાં કુલપરંપરાને અનુસર્યો નહિ; એ 'પરમ આદિત્યભક્ત' હતો. મૈત્રક રાજાઓમાં એ એક જ આદિત્યભક્ત છે. એની પ્રશસ્તિમાં એના સુવિશુદ્ધ ચરિત્રની તથા પરાક્રમ અને પ્રતાપની પ્રશંસા કરવામાં આવી છે.[112] સેનાપતિ ભટાર્કનો ઉત્તરાધિકાર વારાફરતી એના ચાર પુત્રોને મળ્યો; ધરપટ્ટના મૃત્યુ પછી એ અધિકાર પછીની પેઢીને પ્રાપ્ત થયો. આ અધિકાર ધરપટ્ટના પુત્ર ગુહસેનને મળ્યો. ધરપટ્ટના અગ્રજોને–ખાસ કરીને ધરસેન ૧ લા અને દ્રોણસિંહને પુત્ર હશે, તો ગુહસેનની પસંદગી એના ગુણોને લઈને થઈ હશે ને ઉત્તરાધિકારીની પસંદગી મૈત્રક કુલમાં દરેક રાજા પોતાની વિવેકબુદ્ધિ પ્રમાણે કરતો હશે.[113]

## પાદટીપો

૧. R. G. Bhandarkar, 'A Valabhi Grant', *Indian Antiquary*, Vol. I, p. 14.

૨. Mandalik, *JBBRAS*, Vol. XI, p. 346

૩. Kielhorn, 'A Copper-plate Grant of Śilāditya, I of Valabhi', *Indian Antiquary*, Vol. XIV, p. 321

૪. આથી *Gazetteer of the Bombay Presidency*, Vol. I, Part 1: *History of Gujarat* માં આ વંશને લગતા પ્રકરણ ૮ નું શીર્ષક "The Valabhis" આપવામાં આવેલું.

૫. Fleet, 'Sanskrit and Canarese Inscriptions', *Indian Antiquary*, Vol. VIII, p. 303

૬. Hultzsch, 'Ganesgad Plates of Dhruvasena I', *Epigraphia Indica*, Vol. III, p. 323

૭. બીજા પ્રાચીન રાજવંશોનાં તામ્રશાસનોમાં પણ આવો પ્રયોગ આવે છે; જેમકે भारशिवानां महाराजभवनाग..........., वाकाटकानां महाराजश्रीप्रवरसेनस्य, त्रैकूटकानां......... श्रीमहाराजव्याघ्रसेनः, पल्लवानां महाराजः श्रीनन्दिवर्मा, कदम्बानां...... मृगेशवरवर्मा વગેરે. આમ અહીં ષષ્ઠી વિભક્તિનો પ્રયોગ સપ્તમીના અર્થમાં કે વંશવાચક અર્થમાં થયો છે. વલભીનાં દાનશાસનોના નમૂના અનુસાર લખાયેલાં ગારુલક રાજાઓનાં દાનશાસનોમાં गारुलकानां પછી સ્પષ્ટતઃ वंशे શબ્દ પ્રયોજાયો છે.

૮. કોઈ સમકાલીન રાજ્યોના અભિલેખોમાં તેઓને માટે "મૈત્રક" નામ પ્રયોજાયું નથી; ગુર્જરોના અભિલેખોમાં તેઓને "વલભીપતિ" તરીકે જ ઓળખાવ્યા છે.

૯. J. W. Watson, "Legends of the Earlier Chudāsamā Rās of Junagadh", *I. A.*, Vol. II, pp. 312 ff.; Tod, *Annals and Antiquities of Rajasthan*, Vol. I, pp. 100 and 251 ff.

૧૦. गौ. ही. ओझा, राजपूतानेका इतिहास, जि. १, पृ. ३८३-३८९. ગુહિલના વંશમાં શીલાદિત્ય નામે રાજા થયો ને વલભીના વંશમાં એ નામનો રાજા જાણીતો હતો એ નામસામ્ય પરથી આ ગોટાળો થયો લાગે છે એવો શ્રી. ઓઝાનો તર્ક ઘણો સંભવિત છે. વલભીના છેલ્લા રાજા શીલાદિત્યનું જ્ઞાત વર્ષ ઈ. સ. ૭૬૬ છે, જ્યારે ગુહિલ એ પહેલાં લગભગ બસો વર્ષે ઈ. સ. ૫૬૮ ના અરસામાં ને એનો વંશજ શીલાદિત્ય ઈ. સ. ૬૪૬ ના અરસામાં થયો!

૧૧. D. R. Bhanadarkar, *JASB* (NS), Vol. V, pp. 167 ff.

૧૨. Fleet, "Note", *IA*, Vol. XV, p. 361; Bhagvanlal, *B. G.*, Vol. I, Pt. 1, pp. 87 f.; *B.G.*, Vol. IX, pp. 492 f.; D. R. Bhandarkar, *JASB*, 1904, p. 183; N. R. Ray, *IHQ.*, Vol. IV, p. 457

૧૩. Jagan Nath, "Early History of the Maitrakas of Valabhi", *Indian Culture*, Vol. V, p. 408

૧૪. વલભીના ૧૯ મૈત્રક રાજાઓમાં માત્ર એક જ આદિત્ય-ભક્ત હતો, જ્યારે ૧૭ પરમમાહેશ્વર હતા. (એક પરમ ભાગવત હતો.)

૧૫. *B.G.*, Vol. I, Pt. I, p. 45

૧૬. Smith, *Early History of India*, p. 335

૧૭. *AHS*, pp. 28 f.

૧૮. માનશંકર પી. મહેતા, "મેવાડના ગુહિલો", પૃ. ૯૭

૧૯. D. R. Bhandarkar, "The Nāgar Brāhmaṇs and the Bengal Kāyasthas", *IA*, Vol. LXI, p. 70; દુ. કે. શાસ્ત્રી, "વલભીના રાજાઓ મેર હતા? ગુર્જર હતા? હૂણ હતા? કે નાગર?" "ફા. ગુ. સભાનું ત્રૈમાસિક", પુ. ૧, પૃ. ૧૭૦-૭૮

૨૦. D. R. Bhandarkar, 'The Nāgar Brāhmaṇs and the Bengal Kāyasthas', *IA*, Vol. LXI, pp. 41 ff.; 61 ff.

૨૧. હ. ગં. શાસ્ત્રી, "મૈત્રકકાલીન ગુજરાત", ભાગ ૧, પૃ. ૨૦, ટી. ૧૬

વલભીના રાજાઓ મેર, ગુર્જર, હૂણ કે નાગર હતા કે કેમ એની વિગતે ચર્ચા કરીને શ્રી. દુર્ગાશંકર શાસ્ત્રી નોંધે છે કે વલભી રાજવંશનું મૂળ શોધવું એ પાણી વલોવવા જેવું છે (ઉપર્યુક્ત, પૃ. ૧૭૬).

૨૨. Jayaswal, *History of India 150 A.D. to 350 A. D.*, p. 238; *Imperial History of India*, p. 25

૨૩. હ. ગં. શાસ્ત્રી, મૈ. ગુ., ભાગ ૧, પૃ. ૨૧, ટી. ૧૭

૨૪. *Buddhist Records of the Western World* (Trans. by S. Beal), Vol. II, p. 267

૨૫. શ્લોક ૬૦૫-૬૧૦

૨૬. Jayaswal, *Imperial History of India*, pp. 25 f.

૨૭. सर्ग १५, श्लोक २४९, २५१

૨૮. सर्ग १, श्लोक १४; सर्ग १५, श्लोक २४९, २५१

૨૯. હ. ગં. શાસ્ત્રી, "મૈત્રકકાલીન ગુજરાત", ભા. ૨, પૃ. ૪૮૮-૪૮૯

૩૦. દુ. કે. શાસ્ત્રી "તેઓ મૈત્રકવંશના ક્ષત્રિયો હતા" એટલું તારવવું બસ ગણે છે (ઉપર્યુક્ત, પૃ. ૧૭૬); કૃ. જે. વીરજી તેઓને યાદવ જાતિના ક્ષત્રિય ગણે છે ને તેઓની ઉત્પત્તિ મથુરાની આસપાસના પ્રદેશના મિત્ર વંશના રાજાઓમાંથી દર્શાવે છે (*AHS*, p. 19).

૩૧. वैश्यात्तु जायते व्रात्यात् सुधन्वाचार्य एव च ।
कारुषश्च विजन्मा च मैत्रः सात्वत एव च ॥ १०, २३

૩૨. જુઓ નીચે પા. ટી. ૩૮ અને ૪૨.

૩૩. સંસ્કૃતમાં ઘણી વાર તદ્ધિત માત્ર એના એ જ અર્થમાં (**स्वार्थे**) લગાડવામાં આવે છે.

૩૪. वैश्या व्रात्यात्सुधन्वानमाचार्यं विप्रपूर्विका ॥ ५६
सुधन्वाचार्य एको वा मैत्रं सा वैश्यपूर्विका ।
शूद्रपूर्वा विजन्मानं सात्वतं क्षत्रपूर्विका ॥ ५७
अपूर्वा भारुषं कारु ब्रह्मक्षत्रविशाममी ।
व्रात्यानां क्रमशः पुत्राः ............ ॥ ५८

भूमिकाण्ड, मनुष्याध्याय

૩૫. Senart, *Caste in India*, pp. 94, 95, 159; Fick, *The Social Organization in North-West India in Buddha's Time*, pp. 81, 332

૩૬. વ્રાત્યો એટલે એવા લોકસમૂહ જે ચુસ્ત આર્યોના જેવી જ ભાષા બોલે, પણ જે એમની રહેણીકરણી પામે નહિ (Kane, *History of Dharmaśāstra*, Vol II, p. 386).

मनुस्मृति (१०, २०) અને वैजयन्ती(मनु. अ. श्लो. ५९) માં આ પ્રકારના વ્રાત્યો એટલે સમયસર ઉપનયન–સંસ્કાર ન પામીને સાવિત્રી મંત્રના અધિકારથી પરિભ્રષ્ટ રહેનારા એવો અર્થ આપવામાં આવ્યો છે.

૩૭. एषां लक्षणसिद्ध्यर्थं केषांचिद् वृत्तिरुच्यते ॥६४

૩૮. भारुषस्त्वर्चयेन्मातृश्मशानादि चतुष्पथम् ॥ १०३
सुधन्वाचार्य ईशानं शाक्यचैत्यादि मैत्रकः ।
भूतप्रेतपिशाचांस्तु विजन्मा सूतिवेश्म च ॥ १०४
सात्वतः पूजयेद्विष्णुभक्तो भागवतश्च सः ।

૩૯–૪૦. જુઓ ગ્રંથ ૨, પૃ. ૨૯૭–૩૦૧.

લકુલીશને ચાર શિષ્ય હતા: કુશિક, ગર્ગ, મિત્ર અને કુરુષ. તેઓનાં નામ પરથી અનુક્રમે કૌશિક, ગાર્ગ્ય, મૈત્ર્ય અને કૌરુષ કે કૌરુષ્ય નામે શાખા પ્રવર્તી (મૈ. ગુ, પૃ. ૨૬, ટી ૩૨).

૪૧. "કૌરુષ" સિંત્રા પ્રશસ્તિ(ગુઐલે, નં. ૨૨૨)માં અને "કૌરુષ્ય" પુરાણોમાં.

૪૨. લકુલીશ પાશુપત સંપ્રદાયના પ્રવર્તક હતા; ને મૈત્રક કાલમાં ગુજરાતના માહેશ્વર આ સંપ્રદાય અનુસરતા (*B. G.*, Vol. I, Pt. 1, pp. 83 ff.).

૪૩. મૈત્રકોની સત્તા તળ–ગુજરાતમાં લાટની ઉત્તર સીમા સુધી તો હતી જ; ને પાશુપતોનું કેંદ્ર સુરાષ્ટ્રના પ્રભાસમાં પણ હતું (જુઓ ગ્રંથ ૨, પૃ. ૨૯૩).

૪૪. *B. G.*, Vol. I, Pt, 1, pp. 84 ff.

૪૫. Jagan Nath, "Early History of the Maitrakas of Valabhi", *Indian Culture*, Vol V, pp. 408 f.

૪૬. મૈત્રેયકોની ઉત્પત્તિ તો વૈદેહ પિતા અને આયોગવી માતામાંથી થઈ ગણાતી ને તેઓનો ધંધો રાજ્યારોહનો હતો (मनुस्मृति १०, ३३; वैजयन्ती, मनुष्याध्याय, શ્લો. ૩૪, ૬૪).

૪૭. "મૈત્ર" ને "મૈત્રક" શબ્દ "मित्र" માંથી નીકળેલા છે, જ્યારે "મૈત્ર્ય" કે "મૈત્રેયક" નું મૂળ "मित्रा" છે.

"भट"ને બદલે સરતચૂકથી ક્યારેક "भट्ट" એવો ભિન્નાર્થ શબ્દ પ્રયોજાતો, તેમ સિંત્રા પ્રશસ્તિમાં "मैत्र्य" ને બદલે ભિન્નાર્થ "मैत्रेय" શબ્દ વપરાયો છે. એ સ્પષ્ટતઃ ભૂલભરેલું છે. રાજશેખરસૂરિના षड्दर्शनसमुच्चयમાં "मैत्र्य" રૂપ જ પ્રયોજાયું છે.

૪૮. વ્રાત્ય વૈશ્યોની યાદીમાં તેઓને સાત્વતો સાથે સાંકળવામાં આવ્યા છે એ મુદ્દો તેઓના યાદવકુલની માન્યતાના સંદર્ભમાં લક્ષમાં લેવા જેવો ગણાય.

૪૯. Raychaudhuri, *Political History of Ancient India*, pp. 590 f.; R. C. Majumdar, *Classical Age*, p. 81; K. J. Virji, *Ancient History of Saurashtra*, pp. 22 f.; હ. ગં. શાસ્ત્રી, "મૈત્રકકાલીન ગુજરાત," ભાગ ૧, પૃ. ૪૬–૪૮

૫૦. જુઓ ગ્રં. ૨, પૃ. ૧૯૫.

૫૧. ગિ. વ. આચાર્ય, "ગુજરાતના ઐતિહાસિક લેખો", લેખ નં ૧૬

૫૨. ભટાર્ક સ્કંદગુપ્તનો સેનાપતિ હતો એવો ઉલ્લેખ ભાટચારણોના વૃત્તાંતોમાં આવે છે એવું વૉટસને જણાવેલું (*IA*, Vol. II, p. 313), પરંતુ આ વૃત્તાંત તો છેક નજીકના સમયમાં અર્વાચીન માહિતી અને મંતવ્યો પરથી ઊપજ્યા હોવાનું માલૂમ પડ્યું છે (Fleet, *Corpus Inscriptionum Indicarum*, Vol. III, Introduction, p. 50).

૫૩. मौल, भृत, मित्र, श्रेणी વગેરે સૈન્યપ્રકાર અને એના સમુદાન-કાલ કૌટિલ્યે વિગતે જણાવ્યા છે (अर्थशास्त्र, ९, २). વળી જુઓ *IA*, Vol. XLVIII, pp. 207 f.

૫૪. Jagan Nath, "Early History of the Maitrakas of Valabhi," *Indian Culture*, Vol. V, pp. 413 f.

૫૫. *B. G.*, Vol. I, Pt. 1, pp. 78 f.

૫૬. મૈ.ગુ., ભા. ૧, પૃ. ૫૧

૫૭. "ભટાર્ક" અને "ભટ્ટારક" તદ્દન જુદા શબ્દ છે. "ભટાર્ક" એ વિશેષ નામ છે, જ્યારે "ભટ્ટારક" સામાન્ય નામ છે. "ભટાર્ક"માં મુખ્ય શબ્દ "ભટ" (भृत) છે, જ્યારે "ભટ્ટારક"માં "ભટ્ટ" (भर्तृ) છે. "ભટ"નો અર્થ સેવક કે સૈનિક થાય છે, જ્યારે "ભટ્ટ"નો અર્થ સ્વામી થાય છે.

૫૮. "ભટાર્ક" નામના ઉત્તરપદ તરીકે આવતો "અર્ક" શબ્દ અને વિક્રમાદિત્ય જેવાં અનેક નામોના ઉત્તર પદ તરીકે આવતો "આદિત્ય" શબ્દ એક અર્થ ધરાવે છે.

૫૯. જુઓ ગ્રંથ ૨, પૃ. ૧૯૦.

૬૦–૬૧. મૈ.ગુ., ભા. ૧, પૃ. ૨૧૯

૬૨. સ્કંદગુપ્તના રાજ્યનું છેલ્લું જ્ઞાત વર્ષ ગુ. સં. ૧૪૮ (ઈ. સ. ૪૬૭–૪૬૮) છે ને બુધગુપ્તના રાજ્યનું પહેલું જ્ઞાત વર્ષ ગુ. સં. ૧૫૭ (ઈ. સ. ૪૭૬–૪૭૭) છે. એ બે વર્ષો વચ્ચેના ગાળામાં ત્યાં પુરગુપ્ત, નરસિંહગુપ્ત અને કુમારગુપ્ત ૨ જો — એ ત્રણ રાજા રાજ્ય કરી ગયા.

૬૩. કે. જે. વીરજી ધરસેન ૧ લાનો રાજ્યકાલ ઈ. સ. ૪૯૩–૪૯૯ નો આંકે છે ને છતાં એ સમયે મગધની ગાદી પર પ્રાયઃ ભાનુગુપ્ત હોવાનું માને છે (*AHS*, p. 26) ! બુધગુપ્તના રાજ્યકાલનું છેલ્લું નિશ્ચિત જ્ઞાત વર્ષ ગુ. સં. ૧૭૫ (ઈ. સ. ૪૯૪–૯૫) છે (*Classical Age*, p. 32) ને સંદિગ્ધ જ્ઞાત વર્ષ તો ગુ. સં. ૧૮૧ (ઈ. સ. ૫૦૦–૫૦૧) પણ છે (*IA*, Vol. XIV, p. 68).

વીરજી ધરસેન ૧ લાના પ્રકરણમાં એરણના યુદ્ધનો વૃત્તાંત નિરૂપે છે (*AHS.*, p. 26), પરંતુ એ યુદ્ધ તો ગુ. સં. ૧૯૧ (ઈ. સ. ૫૧૦) પહેલાં નજીકમાં થયું હોઈ ધરસેનના ઉત્તરાધિકારી દ્રોણસિંહના રાજ્યકાલમાં થયું ગણાય. વાકાટક હરિષેણે હૂણોને હાંકી કાઢવા મૈત્રક રાજા સાથે મૈત્રી સાધી હોવાનું એ જણાવે છે (p. 27). આ મૈત્રી માટે એ જે લગ્નસંબંધનો ઉલ્લેખ કરે છે તેને એ ધરસેનના બીજા ઉત્તરાધિકારી ધ્રુવસેન સાથે સાંકળે છે !

૬૪. Fleet, *Corp. Inscr. Ind.*, Vol. III, p. 88

૬૫. મૈ.ગુ., ભા. ૧, પૃ. ૫૪

૬૬. એજન, પૃ. ૩૬–૩૮

૬૭. એજન, પૃ. ૫૫

૬૮. ગુએલે, નં. ૧૬

૬૯. મૈ.ગુ., ભા. ૧, પૃ. ૬૨

૭૦. Smith, *Early History af India*, p. 335

૭૧. મૈ.ગુ., ભા. ૧, પૃ. ૫૬–૫૭

૭૨. *BG*, Vol. I, Pt. I, p. 88. ત્યારે દ્રોણસિંહનું દાનશાસન મળ્યું નહોતું ને એનો રાજ્યાભિષેક ઈ. સ. ૫૨૦ ના અરસામાં થયેલો ગણાતો.

૭૩. મૈ.ગુ., ભા. ૧, પૃ. ૫૭

૭૪. Jayaswal, *History of India 150 Ā. D. to 350 Ā. D.*, p. 103; K. J. Virji, *AHS*, p. 29

૭૫. Jayaswal, *ibid.*, p. 103; A. C. Biswas, "Ajanta Cave Inscription of the Time of Harishena", *Indian Culture*, Vol. VII, pp. 372 ff.

૭૬. મૈ.ગુ., ભા. ૧, પૃ. ૫૮–૫૯

૭૭. એજન, પૃ. ૫૭

૭૮. D. C. Sircar, "Gunaighar Copper-plate Inscription of Vainya Gupta–Gupta year 188," *Select Inscriptions*, pp. 331 ff.

૭૯–૮૦. મૈ.ગુ., ભા. ૧, પૃ. ૫૮

૮૧–૮૨. એજન, પૃ. ૬૦

૮૩. એજન, પૃ. ૬૦–૬૧. મુઘલ રાજ્યમાં બાબર અને હુમાયુનો સમય મુખ્યત્વે સંરક્ષણમાં ગયો ને રાજ્યતંત્રની પૂર્ણ વ્યવસ્થા અકબરના સમયમાં થઈ એ આનું એક સમાંતર દૃષ્ટાંત ગણાય.

૮૪. એજન, પૃ. ૬૧

૮૫. ગુમૈલે, ભા. ૧, નં. ૧૬

૮૬. એજન, નં. ૬૭

૮૭. એનો હોદ્દો જણાવવામાં આવ્યો નથી.

૮૮. મૈ.ગુ., ભા. ૧, પૃ. ૬૨

૮૯. મૈ.ગુ., ભા. ૧, પરિશિષ્ટ ૨, લેખ ૨ થી ૧૭ અને ૮૨ થી ૮૫. ઉપરાંત એક ભાવનગર જિલ્લામાંથી (હરિપ્રસાદ શાસ્ત્રી, 'મૈત્રક રાજા ધ્રુવસેનનું એક અપ્રસિદ્ધ દાનશાસન', "સ્વાધ્યાય", પુ ૩, પૃ. ૧૯ થી) અને એક આંબળાસ (જિ. જૂનાગઢ)-માંથી (હરિપ્રસાદ ગં. શાસ્ત્રી અને પુષ્પકાંત વિ. ધોળકિયા, 'વલભીના મૈત્રક રાજા ધ્રુવસેન ૧ લાનું દાનપત્ર', "સ્વાધ્યાય", પુ ૭, પૃ. ૨૩૫ થી) મળ્યું છે.

૯૦. મૈ.ગુ., ભા. ૧, પૃ. ૬૨, ૬૮

૯૧. એજન, પૃ. ૬૩. આ બિરુદોના વધારા કે ઘટાડાનો કોઈ કાલક્રમ નથી.

૯૨. એજન, પૃ. ૬૩. અર્થ માટે જુઓ મૈ.ગુ., ભા. ૨, પૃ. ૫૦૩, ૫૧૨.

૯૩-૯૬. એજન, પૃ. ૬૩-૬૪

૯૭. ઈશ્વરવર્માના જૌનપુર શિલાલેખમાં રૈવતક ગિરિ વિશે તૂટક ઉલ્લેખ આવેલો છે (CII, Vol. III, pp 229 ff.). કૃ. જે. વીરજી સુરાષ્ટ્રના રાજાને ગુહસેન તરીકે ઓળખાવે છે (*ASH*, p. 88, n. 6), પરંતુ ઈશાનવર્મા (લગભગ ઈ. સ. ૫૫૦-૫૬૭)-ના પૂર્વાધિકારી ઈશ્વરવર્માનો સમકાલીન ધ્રુવસેન ૧ લો ગણાય.

૯૮. મૈ.ગુ., ભા. ૧, પૃ. ૬૫-૬૬

૯૯. એજન, પૃ. ૬૫

૧૦૦. विनयविजय, कल्पसूत्र-सुबोधिका, पृ. १५–१६

૧૦૧. સૂત્ર ૧૪૭

૧૦૨. धर्मसागरगणि, कल्पसूत्र–किरणावलि, पृ. २००

૧૦૩. विनयविजय, कल्पसूत्र–सुबोधिका, पृ. २०१; मुनि सुंदरसूरि, स्तोत्र–रत्नाकर, ११

૧૦૪. धर्मसागरगणि, कल्पसूत्र–किरणावली, पृ. ९२९; विनयविजय, कल्पसूत्र-सुबोधिका, पृ. २०१

૧૦૫. जिनप्रभसूरि, कल्पसन्देहविषौषधि, पृ. ११८

૧૦૬. મૈ.ગુ., ભા. ૧, પૃ. ૬૭-૬૮

૧૦૭. नवशताशीतिवर्षे वीरात्सेनाङ्गजार्थमानन्दे । એ ગાથામાં ક્યાંક (દા. ત. 'કલ્પદીપિકા'માં) वीरात्सेनने બદલે वीरसेन પાઠફેર થતાં આ રાજપુત્રનું નામ વીરસેન હોવાનો ભ્રમ થયેલો, પરંતુ ખરી રીતે वीर શબ્દનો સંબંધ અહીં વર્ષ સાથે છે, અને સેન તો રાજાના ध्रुवसेन નામના સંક્ષિપ્ત રૂપ તરીકે છે.

૧૦૮. C. J. Shah, *Jainism in North India*, p. 68; Virji, *AHS*, pp. 27, 29, 34

ભટ્ટારકનંદિના "भद्रबाहुचरित" (નાથૂરામ પ્રેમી), दर्शनसार, પરિશિષ્ટ, પૃ. ૫૯-૬૦) માં તથા હરિષેણના बृहत्कथाकोश (ભદ્રબાહુકથાનક, શ્લો. ૬૯-૮૧)માં એવી અનુશ્રુતિ આપી છે કે ભદ્રબાહુના સમયમાં પડેલા લાંબા દુકાળ વખતે ઉજ્જનમાં અર્ધ-ફલક (અર્ધ-વસ્ત્ર) સંપ્રદાય શરૂ થયો હતો. આ સંપ્રદાયના સાધુઓ વલભી ગયા ત્યારે ત્યાંના રાજાએ તેઓના વિચિત્ર વેશનો ઉપહાસ કરતાં એની રાણી જે ઉજ્જનના રાજાની કુંવરી હતી તેણે અર્ધફલક સાધુઓને પૂર્ણવસ્ત્રધારી બનાવ્યા ને એ રીતે વલભીમાં શ્વેતાંબર સંપ્રદાયનો ઉદ્ભવ થયો. ભદ્રબાહુચરિતમાં રાણીનું નામ ચંદ્રલેખા અને એના પિતાનું નામ ચંદ્રકીર્તિ જણાવ્યું છે, જ્યારે બૃહત્કથાકોશમાં રાણીને સ્વામિની તરીકે અને એના પતિને વપ્રદેવ તરીકે ઓળખાવેલાં છે, છતાં વીરજીના ગ્રંથમાં ઉજ્જનના રાજાને હરિષેણ તરીકે અને વલભીના રાજાને ધ્રુવસેન ૧ લા તરીકે ઓળખાવવામાં આવ્યા છે.

१०९. नाथूराम प्रेमी, दर्शनसार, परिशिष्ट प. ६०–६१

૧૧૦. મૈ.ગુ., ભા. ૧, પૃ. ૬૮

૧૧૧. એજન, પૃ. ૩૩–૩૫

૧૧૨. એજન, પૃ ૬૮–૬૯

૧૧૩. એજન, પૃ. ૩૬–૩૮

## પ્રકરણ ૪

# મૈત્રક રાજ્ય (ચાલુ)

## (૧) અભ્યુદય

**મહારાજ ગુહસેન**

મહારાજ ગુહસેન એ મૈત્રક વંશનો પ્રતાપી રાજા છે. એ "મહાસામંત" જેવાં ગૌણ બિરુદ ધારણ કરતો નથી ને એને કોઈ પરમભટ્ટારકનો ઉલ્લેખ કરવો પડતો નથી. મૈત્રક વંશના ઉત્તરકાલીન રાજાઓ સ્થળસંકોચને લઈને કેટલાક આરંભિક રાજાઓની પ્રશસ્તિ રદ કરે છે ત્યારે તેઓ ભટાર્કના વંશમાં પૂર્વજોની પ્રશસ્તિનો આરંભ ગુહસેનની પ્રશસ્તિથી કરે છે. વળી એની પ્રશસ્તિમાં પણ એને 'મહાન રાજવી' તરીકે આલેખવામાં આવ્યો છે. ગુહસેનના રાજ્યકાલનાં જ્ઞાત વર્ષ (વલભી) સંવત ૨૪૦ (ઈ. સ. ૫૫૯)થી ૨૪૮ (ઈ. સ. ૫૬૭) છે.[૧] એણે લગભગ ઈ. સ. ૫૫૫ થી ૫૭૦ સુધી રાજ્ય કર્યું જણાય છે. ઈ. સ. ૫૫૦ ના અરસામા ગુપ્ત સમ્રાટોની સત્તા અસ્ત પામી લાગે છે. ઉત્તર ભારતમાં હવે મૌખરિઓ અને ઉત્તરકાલીન ગુપ્તો આધિપત્ય માટે સ્પર્ધા કરતા હતા. આ સંજોગોમાં મહારાજ ગુહસેને મૈત્રક રાજ્યની સ્વતંત્રતા સ્થાપી જણાય છે. આથી ગુહસેન મૈત્રક વંશમાં મહાન રાજવી તરીકે નામાંકિત છે.

આ રાજાના કુલ પાંચ અભિલેખ મળ્યા છે. એમાં ત્રણ તામ્રશાસન છે, જ્યારે એક મૃત્પાત્રલેખ અને એક શિલાલેખ છે.[૨] પહેલું દાનશાસન વિષ્ણુસિંહે ઘડયું છે ને બાકીનાં બે સંધિવિગ્રહાધિકૃત સ્કંદભટે ઘડેલાં છે. એમાં સ્કંદભટે રચેલી ગુહસેનની પ્રશસ્તિ વધારે સારી છે. આ પ્રશસ્તિઓમાં ગુહસેનનાં પરાક્રમ, રૂપ, સ્થૈર્ય, ગાંભીર્ય અને બુદ્ધિની ભારે પ્રશંસા કરવામાં આવી છે.[૩] એમાં જણાવ્યા મુજબ એણે બાળપણથી વીરતા દાખવી હતી ને યુદ્ધકળામાં સારી નામના મેળવી હતી, પરંતુ એણે શાં પરાક્રમ કરેલાં એની કોઈ નક્કર વિગત

ઉપલબ્ધ નથી. એણે હૃદયનું રંજન કરી "રાજા" શબ્દ સાર્થક કરેલો એ ઉલ્લેખ એની લોકપ્રિયતા દર્શાવે છે. એ શરણાગતને અભયદાન દેવામાં પરાયણ રહેતો ને સકલ ભુવનનો હાલતોચાલતો આનંદ હતો એવી એની પ્રશંસા પણ નોંધપાત્ર ગણાય. અગાઉના રાજાઓએ તળ-ગુજરાતના બ્રાહ્મણોને સૌરાષ્ટ્રની ભૂમિનાં દાન દીધેલાં, જ્યારે તળ-ગુજરાતની ભૂમિનાંય દાન દીધાનો ઉલ્લેખ આ રાજાના સમયથી શરૂ થાય છે.[૪] આ પરથી મૈત્રક રાજાઓ તળ-ગુજરાત પર પણ સત્તા ધરાવતા હોવાની પ્રતીતિ થાય છે.

ગુહસેનનાં ત્રણેય દાનશાસન બૌદ્ધ વિહારોને આપેલાં ભૂમિદાનને લગતાં છે. એમનાં પહેલાં બે દાનશાસનોમાં એને "પરમ માહેશ્વર" અને ત્રીજા દાનશાસનમાં "પરમ ઉપાસક" કહ્યો છે, એ પરથી એ (વલભી) સંવત ૨૪૬ (ઈ. સ. ૫૬૪) અને ૨૪૮ (ઈ. સ. ૫૬૭)ની વચ્ચે મહેશ્વરને બદલે બુદ્ધનો ઉપાસક બન્યો હોવાનું અનુમાન કરવાનું મન થાય; પરંતુ એના ઉત્તરાધિકારી-ઓનાં દાનશાસનોમાં વળી એને હમેશાં "પરમ માહેશ્વર" કહ્યો છે, આ પરથી બૌદ્ધ ધર્મ વિશેનો એનો અનુરાગ ઉત્તરાવસ્થામાં અભિવૃદ્ધિ પામ્યો હશે, પરંતુ એથી એણે કુલપરંપરાગત માહેશ્વર ધર્મ તજી દીધો નહિ હોય એવું ફલિત થાય છે. મૈત્રક વંશના ઘણા માહેશ્વર રાજાઓ બૌદ્ધ વિહારોનેય ભૂમિદાન વગેરે દ્વારા પ્રોત્સાહન આપતા હતા. ઈ. સ. ૫૬૭ માં આભ્યંતરિકા વિહારને ભૂમિદાન દેતી વખતે ગુહસેને પોતાને 'પરમ ઉપાસક' તરીકે ઓળખાવવામાંય ગૌરવ લીધેલું.

**મહારાજ ધરસેન ૨ જો**

ગુહસેન પછી એનો પુત્ર ધરસેન ૨ જો ગાદીએ આવ્યો. આ રાજાનાં ૧૬ દાનશાસન મળ્યાં છે. વળી એના નામે લખાયેલાં બે બનાવટી દાનશાસન પણ છે. જ્ઞાત ભૂમિદાનોની સંખ્યામાં ધ્રુવસેન ૧ લા પછી બીજું સ્થાન ધરસેન ૨ જાનું છે. એનાં દાનશાસન (વલભી) સંવત ૨૫૨ (ઈ. સ. ૫૭૧) થી ૨૭૦ (ઈ. સ. ૫૮૯) નાં છે.[૫] એણે લગભગ ઈ. સ. ૫૭૦ થી ૫૯૫ સુધી રાજ્ય કર્યું જણાય છે.[૬]

આ રાજાનાં બધાં શાસનોમાં "મહારાજ"નું બિરુદ તો છે જ, પરંતુ કેટલાંક શાસનોમાં એ ઉપરાંત "સામંત" કે "મહાસામંત" બિરુદ ઉમેરેલું છે. આ પરથી ધરસેનના રાજકીય દરજ્જાની ચડતીપડતી તારવવામાં આવી છે,[૭] પરંતુ એનાં બિરુદોને વિગતે તપાસતાં માલૂમ પડે છે કે ગૌણ બિરુદોનો ઉમેરો

તથા લોપ ગમે તેમ કરવામાં આવેલો છે ને એમાં કોઈ વાસ્તવિક ચડતીપડતીની ભૂમિકા રહેલી નથી.[૮] ધરસેનના કોઈ દાનશાસનમાં પરમભટ્ટારકનો નિર્દેશ થયો નથી તેમજ એની સહીમાં ક્યાંય કોઈ ગૌણ બિરુદ પ્રયોજાયું નથી. દાનશાસનના લેખકે પ્રાચીન પરંપરાની અસરથી કોઈ કોઈ દાનશાસનમાં "સામંત" અને કોઈ કોઈમાં "મહાસામંત" બિરુદ ફાવે તેમ ઉમેરી દીધું લાગે છે. વસ્તુતઃ ધરસેનને તો ગારુલક સિંહાદિત્ય અને મૈત્રક શીલાદિત્ય જેવા સામંત હતા,[૯] આથી ધરસેન પોતે ગુહસેન જેવો સ્વતંત્ર રાજા હતો.

ધરસેનની પ્રશસ્તિમાં એની ધનુર્વિદ્યામાં રહેલી કુશળતાની તેમજ એના યશસ્વી પરાક્રમની પ્રશંસા કરવામાં આવી છે.[૧૦] એનાં કેટલાંક દાનશાસનોમાં આવતા વિજયછાવણીના ઉલ્લેખ પરથી એના વિજયી પરાક્રમનો ઉલ્લેખ વાસ્તવિક હોવાની પ્રતીતિ થાય છે. આ સમયે ઉત્તર ભારતની રાજકીય પરિસ્થિતિમાં અવનવું પરિવર્તન થતું હતું. મૌખરિ રાજા અવંતિવર્મા, અનુકાલીન ગુપ્ત વંશનો રાજા મહાસેનગુપ્ત અને થાણેશ્વરનો રાજા પ્રભાકરવર્ધન આધિપત્ય માટે સ્પર્ધા કરી રહ્યા હતા.[૧૧] એમાં પ્રભાકરવર્ધને દક્ષિણમાં ગુર્જર, માલવ અને લાટ પર પોતાનું આધિપત્ય પ્રસાર્યું હતું. આ પ્રદેશ સૌરાષ્ટ્રની નજીક આવેલા હોઈ ધરસેનને પોતાની સ્વતંત્રતા ટકાવવા પુરુષાર્થ કરવો પડ્યો હશે. અથવા કદાચ માલવના મહત્ત્વાકાંક્ષી મહાસેનગુપ્ત સામે એને સંગ્રામમાં ઊતરવું પડ્યું હોય. છતાં વધુ સંભવિત એ છે કે ધરસેનનું પરાક્રમ દક્ષિણ ગુજરાતમાં રાજસત્તા પ્રસારવા માટે થયું હોય. દાનશાસનોના દૂતક તરીકે ઉલ્લિખિત સામંત શીલાદિત્ય પ્રાયઃ મૈત્રક કુલનો હતો ને ઘણું કરીને દક્ષિણના સહ્ય પ્રદેશ પર શાસન કરતો હતો.[૧૨] તો એ ધરસેનનો મોટો પુત્ર શીલાદિત્ય હોવો સંભવે.[૧૩] આ અનુસાર ધરસેન ૨ જાના સમયમાં મૈત્રકોની સત્તા દક્ષિણ ગુજરાત પર પ્રસરી ગણાય. બનાવટી દાનશાસનોમાં જણાવેલ દેયભૂમિનાં સ્થાન પણ આ તર્કનું સમર્થન કરે છે.[૧૪]

ધરસેન માત્ર યુદ્ધવીર નહોતો, દાનવીર પણ હતો. એની પ્રશસ્તિમાં એ અગાઉના રાજાઓએ આપેલાં ધર્મદાનોનું અનુપાલન કરતો હતો ને એની સંપત્તિ પર સેંકડો હજારો યાચકોનું ગુજરાન ચાલતું હતું એવો ઉલ્લેખ આવે છે.[૧૫] આ રાજાનાં દાનશાસનોની સંખ્યા એની દાનવીરતાની પ્રતીતિ કરાવે છે. એનાં ૧૧ ભૂમિદાન બ્રાહ્મણોને અને ત્રણ ભૂમિદાન બૌદ્ધ વિહારોને આપેલાં છે. આ રાજાને નામે આગળ જતાં બે બનાવટી દાનશાસન ઉપજાવેલાં છે,[૧૬] એ

પણ પ્રાયઃ એની દાનશીલતાને લઈને હશે. ધરસેનનાં દાનશાસન સંધિવિગ્રહાધિકૃત સ્કંદભટે લખેલાં છે. એ દિવિરપતિ પણ હતો.

પ્રશસ્તિકારે ધરસેનને આભિગામિક ગુણોથી આશ્રિત, શ્રી અને સરસ્વતીનો એકાધિવાસ દર્શાવનાર અને પ્રજાને પીડતા ઉપદ્રવોનું નિવારણ કરનાર તરીકે નવાજ્યો છે.[૧૭] એમાં કુદરતી ઉપદ્રવો કરતાં રાજકીય ઉપદ્રવો અધિક અભિપ્રેત હશે. ધરસેન 'પરમ માહેશ્વર' હતો.

**શીલાદિત્ય ૧ લો-ધર્માદિત્ય**

મહારાજ ધરસેન ૨ જા પછી એનો પુત્ર શીલાદિત્ય વલભીની ગાદીએ આવ્યો. એનાં ૧૩ દાનશાસન મળ્યાં છે, જે (વલભી) સંવત ૨૮૬ (ઈ. સ. ૬૦૫) થી ૨૯૨ (ઈ. સ. ૬૧૧) ની મિતિનાં છે.[૧૮] આ રાજાનો રાજ્યકાલ લગભગ ઈ. સ. ૫૯૫ થી ૬૧૨ સુધીનો ગણાય.[૧૯] એનાં દાનશાસન સંધિવિગ્રહાધિકૃત દિવિરપતિ વત્રભટ્ટિએ લખેલાં છે.

ધરસેન ૨ જાનાં દાનશાસનોનો દૂતક સામંત શીલાદિત્ય એ આ શીલાદિત્ય હોય તો એણે વલભીના રાજા થતાં પહેલાં સહ્ય પ્રદેશ પર શાસન કરતા સામંત તરીકે સત્તા ધરાવી ગણાય, તો દક્ષિણના એ પ્રદેશ જીતવામાં રાજપુત્ર શીલાદિત્યે અગ્રિમ કે સક્રિય ભાગ લીધો હોવો સંભવે. શીલાદિત્યનો પ્રશસ્તિકાર જણાવે છે તેમ એ ભારે મનોરથ સેવતો હતો ને એણે એ મનોરથને પોતાના યશસ્વી પરાક્રમ વડે સિદ્ધ કર્યો હતો.[૨૦] એ ઈ. સ. ૬૦૯ અને ૬૧૧ માં દંડયાત્રામાં રોકાયેલો હતો.[૨૧] યુઅન શ્વાંગે માળવાની મુલાકાત લીધી ત્યારે ત્યાંના સાઠેક વર્ષ ઉપર થઈ ગયેલા શીલાદિત્ય રાજાની પ્રશસ્તિ જાણી હતી. ખરી રીતે આ રાજા યુઅન શ્વાંગની મુલાકાત (લગભગ ઈ. સ. ૬૪૦) પહેલાં લગભગ ત્રીસથી પિસતાળીસ વર્ષ પહેલાં થયો હતો ને એણે, એ ચીની પ્રવાસી જણાવે છે તેમ, પચાસેક વર્ષ નહિ, પણ વીસેક વર્ષ રાજ્ય કર્યું હતું. રાજ્યકાલને લગતો આ વિગતદોષ બાજુએ રાખીએ તો એણે નિરૂપેલું શીલાદિત્યનું ચરિત વલભીના આ રાજા શીલાદિત્ય ૧ લાને બરાબર લાગુ પડે છે.[૨૨] આ અનુસાર યુઅન શ્વાંગની નોંધ પરથી એવું ફલિત થાય છે કે વલભીના રાજા શીલાદિત્ય ૧ લાની સત્તા છેક માળવા સુધી પ્રવર્તતી હતી. માળવાના દશપુરથી વલભી આવેલા બે બ્રાહ્મણોને શીલાદિત્ય ભૂમિદાન કરે છે એ પરથી એના સમયમાં વલભી અને માળવા વચ્ચે ગાઢ સંપર્ક હોવાનું સૂચિત થાય છે.[૨૩] ઈ. સ. ૬૧૬ માં શીલાદિત્યનો ઉત્તરાધિકારી ખરગ્રહ ઉજ્જનમાં

વિજયછાવણી નાખે છે એ પરથી પણ માળવ દેશ પર મૈત્રક સત્તા પ્રસરી હોવાનું માલૂમ પડે છે.[૨૪] આગળ જતાં ઈ. સ. ૬૩૯–૪૦ માં ધ્રુવસેન ૨ જાએ માળવાનાં બે ગામોનાં દાન દીધાં એ પરથી માળવા પરની મૈત્રક સત્તાની પૂરેપૂરી પ્રતીતિ થાય છે.[૨૫]

હવે પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે માળવા પર મૈત્રક રાજ્યની સત્તા કોણે અને ક્યારે પ્રસારી હશે. માળવાના ગુપ્ત વંશમાં મહાસેનગુપ્ત સમર્થ રાજા હતો, પરંતુ થાણેશ્વરના પ્રતાપશીલ પ્રભાકરવર્ધને માલવસત્તાનો પરાભવ કર્યો હતો ને માલવના રાજપુત્ર કુમારગુપ્ત અને માધવગુપ્તને પ્રભાકરવર્ધનના પુત્ર રાજ્યવર્ધન અને હર્ષવર્ધનના સાથી તરીકે થાણેશ્વરમાં રાખવામાં આવ્યા હતા. પ્રભાકરવર્ધને પોતાની પુત્રી રાજ્યશ્રીને કનોજના મૌખરિ નરેશ અવંતિવર્માના પુત્ર ગ્રહવર્મા સાથે પરણાવી હતી. પ્રભાકરવર્ધનનું મૃત્યુ થતાં વેંત માલવરાજે કનોજના રાજા ગ્રહવર્માનો સંહાર કર્યો ને રાજ્યશ્રીને કારાગૃહમાં પૂરી, આથી રાજ્યવર્ધને કનોજ તરફ કૂચ કરી માલવસેના જીતી લીધી, પરંતુ ગૌડાધિપ શશાંકે એનું દગાથી ખૂન કરાવ્યું. ગ્રહવર્માને મારનાર માલવરાજ તે માલવના ગુપ્ત વંશનો રાજા દેવગુપ્ત હોવાનું માલૂમ પડે છે. દેવગુપ્તનો રાજ્યવર્ધને પરાભવ કર્યા પછી એનો નામનિર્દેશ આવતો નથી, જ્યારે મહાસેનગુપ્તના ઉત્તરાધિકારી તરીકે માધવગુપ્ત મગધમાં સત્તારૂઢ થાય છે. એ પરથી હર્ષના સમયમાં માળવામાં એ ગુપ્તવંશની સત્તા લુપ્ત થઈ ગઈ હોવાનું ફલિત થાય છે.[૨૬]

હર્ષ ઉત્તર ભારતની રાજસત્તાઓ સામે રોકાયેલો હતો (ઈ. સ. ૬૦૬ થી ૬૧૨) તે દરમ્યાન શીલાદિત્યે માળવા પર પોતાની સત્તા પ્રસારી લાગે છે. ઈ. સ. ૬૧૦ માં કટચ્ચુરિ નરેશ બુદ્ધરાજે આનંદપુર (વડનગર) સુધી કૂચ કરી એ પરથી માલૂમ પડે છે કે ત્યારે મૈત્રકો અને કટચ્ચુરિઓ વચ્ચે અથડામણ થઈ હશે.[૨૭] આમાં માલવ દેશની બાબતમાં મૈત્રકો ફાવ્યા લાગે છે. "આર્યમંજુશ્રીમૂલકલ્પ"માં જણાવ્યા મુજબ શીલાદિત્યની સત્તા પશ્ચિમમાં પશ્ચિમ સમુદ્રના કાંઠા સુધી અને પૂર્વમાં ઉજ્જયિની સુધી પ્રસરી હતી.[૨૮]

શીલાદિત્ય ૧ લાના સમયથી મૈત્રક રાજ્યનાં દાનશાસનોમાં કેટલોક વિગતસંક્ષેપ અને નિશ્ચિત ક્રમ જોવા મળે છે.[૨૯] લેખપદ્ધતિની દૃષ્ટિએ દાનશાસનના સ્વરૂપમાં કેટલોક સુધારો થયો, પરંતુ રાજાના નામ આગળ મુકાતા રાજબિરુદનો સમૂળો લોપ થયો એ મુદ્દો વિલક્ષણ ગણાય. આ પ્રથા એના

ત્રણ ઉત્તરાધિકારીઓના સમય સુધી ચાલુ રહે છે, જ્યારે એ પછીના રાજાઓ "મહારાજાધિરાજ" જેવાં વધારે મોટાં રાજબિરુદ ધરાવે છે. એ સમયે સામાન્ય રાજાઓ "મહારાજ" કહેવાતા ને મહાન રાજાઓ "મહારાજાધિરાજ" કહેવાતા, તો શીલાદિત્યને એક બાજુ એના પૂર્વાધિકારીઓની જેમ "મહારાજ" કહેવરાવવામાં નાનમ લાગતી હશે ને બીજી બાજુ એ સમયની રાજકીય પરિસ્થિતિમાં "મહારાજાધિરાજ" જેવું ભારે બિરુદ ધારણ કરવાનો સમય પાકચો નહિ લાગ્યો હોય !

શીલાદિત્ય પરાક્રમી અને વિજયી તરીકે પ્રતાપી નીવડચો હતો, પરંતુ એ આંતરિક ગુણોની સંપત્તિમાં એથીય વધુ નામના ધરાવતો હતો. પ્રશસ્તિમાં એના અદ્‌ભુત ગુણસમુદાયની ભારે પ્રશંસા કરવામાં આવી છે.[૩૦] એ પરા તથા અપરા વિદ્યાનું અધ્યયન કરતો અને હૃદયનું અતિગાંભીર્ય ધરાવતો, છતાં નાનાં સુભાષિતોથીય સંતોષ પામતો ને ઉત્તમ સુચરિત દ્વારા પરમ કલ્યાણસ્વભાવ ધરાવતો.[૩૧] એણે જાણે (કલિયુગમાં) રૂંધાઈ ગયેલા કૃતયુગ(સત્યયુગ)ના રાજાઓના માર્ગને સાફ કરી મોટી નામના મેળવી હતી ને પોતાનાં ધન, સુખ અને સંપત્તિના ભોગને ધર્માચરણ વડે ઉજ્જ્વળ કરીને "ધર્માદિત્ય" એવું દ્વિતીય નામ પ્રાપ્ત કર્યું હતું.[૩૨] આ પરથી એની ઉત્કટ ધર્મભાવના સૂચિત થાય છે. એણે બ્રાહ્મણો તથા બૌદ્ધ વિહારો ઉપરાંત દેવાલયોને પણ ભૂમિદાન દીધાં છે. એમાંનું એક દેવાલય મહાદેવનું હતું ને બીજું આદિત્યદેવનું.[૩૩]

ચીની મહાશ્રમણ યુઅન શ્વાંગ પણ એની ભારે પ્રશંસા કરે છે: "એનું જ્ઞાન વિશાળ હતું ને એની વિદ્યા વિપુલ હતી. સાહિત્યમાં એનું ચાતુર્ય અગાધ હતું. એ ચારે પ્રકારનાં ભૂતોને[૩૪] ચાહતો અને રક્ષતો ને ત્રિરત્ન[૩૫] તરફ ઊંડો આદર ધરાવતો. જન્મથી માંડીને છેક છેવટ સુધી એનું મુખ કદી કોપથી લાલચોળ થયું નહોતું તેમ એના હાથે કદી જીવને ઈજા થઈ નહોતી. એના હાથીઘોડાઓને પણ ગાળેલું પાણી પાવામાં આવતું, જેથી એની અંદર રહેલાં જીવજંતુઓને ઈજા ન થાય. એનામાં આવી મૈત્રી અને કરુણા હતી. એના પચાસેક વર્ષના શાસનકાલ દરમ્યાન રાની પશુઓ મનુષ્યો સાથે ભળી ગયાં હતાં ને મનુષ્યો તેઓને ઈજા કરતા નહિ કે હણતા નહિ. પોતાના મહેલની બાજુમાં એણે વિહાર બંધાવ્યો તેને અલંકૃત કરવામાં એણે કલાકારોનું બધું કૌશલ ઠલવાવ્યું ને દરેક પ્રકારનું અલંકરણ પ્રયોજ્યું. એમાં એણે સાત બુદ્ધોની પ્રતિમાઓ પધરાવી. દર વર્ષે એ "મોક્ષ પરિષદ" નામે પરિષદ ભરતો ને ચારે દિશાઓના ભિક્ષુઓને તેડાવતો. તેઓને એ ચાર દ્રવ્ય[૩૬] આપતો. વળી એ

દરેકને ધર્મોપાસનામાં વપરાતાં ત્રણ ચીવર આપતો ને અદ્ભુત પ્રકારનાં સાત રત્નમાણેક પણ અર્પણ કરતો. આ પુણ્યપ્રદ પ્રથા અવિરત રીતે અદ્યપર્યંત ચાલુ રહી છે."[૩૭] આ પરથી શીલાદિત્યની ધર્મશીલતાનો વધુ ખ્યાલ આવે છે. "આર્યમંજુશ્રીમૂલકલ્પ" પણ એને "ધર્મરાજ" તરીકે બિરદાવે છે ને "એ ધર્મવત્સલ રાજા પ્રાણીઓના શ્રેય અર્થે ભવ્ય વિહારો બંધાવી એમાં મનોહર બુદ્ધપ્રતિમાની વિવિધ પ્રકારની પૂજા કરાવશે" એમ નોંધે છે.[૩૮] એનાં દાનશાસન પણ બૌદ્ધ વિહારોને અપાયેલાં અનેક ભૂમિદાન નોંધે છે.[૩૯] એમાં વંશકટમાં એ રાજાએ બંધાવેલા વિહારનો ઉલ્લેખ આવે છે[૪૦] એ આ સંદર્ભમાં ખાસ લક્ષમાં લેવા જેવો ગણાય.

એ સમયની વિષમ રાજકીય પરિસ્થિતિમાં પણ શીલાદિત્ય જેવો પ્રતાપી રાજા આટલો ધર્મશીલ બની "ધર્માદિત્ય" તરીકે નામાંકિત બને એ ખરેખર અસામાન્ય ગણાય.

### ખરગ્રહ ૧ લો

શીલાદિત્ય ધર્માદિત્યને દેરભટ નામે પુત્ર હતો, છતાં એનો ઉત્તરાધિકાર એના અનુજ ખરગ્રહને પ્રાપ્ત થયો. ખરગ્રહની પ્રશસ્તિમાં એણે વડીલ બંધુની આજ્ઞાને લઈને જ રાજલક્ષ્મી ધારણ કર્યાનું જણાવ્યું છે,[૪૧] એટલું જ નહિ, શીલાદિત્યનાં ઉત્તરકાલીન દાનશાસનોના દૂતક તરીકે પણ ખરગ્રહ જ અધિકાર ધરાવતો[૪૨] એ પરથી એને રાજપદનો ઉત્તરાધિકાર શીલાદિત્યની પસંદગીથી મળ્યો હોવાનું માલૂમ પડે છે. દેરભટે સહ્ય–વિંધ્ય પ્રદેશનું રાજ્ય સંભાળ્યું,[૪૩] જ્યારે વલભીની ગાદીનો વારસો ખરગ્રહને મળ્યો. ખરગ્રહનાં બે જ દાનશાસન મળ્યાં છે. એ (વલભી) સંવત ૨૯૭(ઈ. સ. ૬૧૬)નાં છે. ખરગ્રહે લગભગ ઈ. સ. ૬૧૫ થી ૬૨૦ સુધી પાંચેક વર્ષ રાજ્ય કર્યું લાગે છે.[૪૪]

દાનશાસનોમાં ખરગ્રહના પરાક્રમની ભારે પ્રશંસા કરવામાં આવી છે.[૪૫] પ્રખ્યાત પૌરુષ અને અસ્ત્રકૌશલની વિશિષ્ટતાને લઈને એ વીર પુરુષોમાં અગ્રિમ સ્થાન ધરાવતો હતો. ઈ. સ. ૬૧૬ માં એણે ઉજ્જયિનીમાં વિજયછાવણી નાખી હતી. એની આ વિજયકૂચને હર્ષ–પુલકેશી સંઘર્ષ સાથે સંબંધ હોવો સંભવે છે.[૪૬] મૈત્રકોએ પહેલાં દખ્ખણના ચાલુક્ય નરેશ પુલકેશીનો પક્ષ લીધો હોય, પણ પાછળથી એને હર્ષનું આધિપત્ય સ્વીકારવાની ફરજ પડી હોય એવું જણાય છે.[૪૭]

ખરગ્રહ 'પરમ માહેશ્વર' હતો. પ્રશસ્તિમાં એની ગુણસંપત્તિની, પ્રભાવિતાની અને વિશુદ્ધ મનોવૃત્તિની ભારે પ્રશંસા કરવામાં આવી છે.[૪૮] એમાં ખરગ્રહે પણ કલિયુગની અસર લુપ્ત કરી હોવાનું જણાવ્યું છે. આ પરથી શીલાદિત્યની જેમ આ રાજા પણ ધર્મિષ્ઠ અને ગુણસંપન્ન હોવાની છાપ પડે છે.

**ધરસેન ૩ જો**

ખરગ્રહ ૧ લા પછી એનો મોટો પુત્ર ધરસેન ગાદીએ આવ્યો. એનાં બે દાનશાસન[૪૯] મળ્યાં છે, ઈ. સ. ૬૨૩ અને ૬૨૪ નાં. એણે લગભગ ઈ. સ. ૬૧૭ થી ૬૨૫ સુધી રાજ્ય કર્યું.[૫૦] એનાં દાનશાસનોનો દૂતક "રાજપુત્ર સામંત શીલાદિત્ય" તે દેરભટનો પુત્ર શીલાદિત્ય હોવો જોઈએ.[૫૧]

ઈ. સ. ૬૨૩–૨૪ દરમ્યાન ધરસેન લાંબી દંડયાત્રામાં રોકાયેલો હતો,[૫૨] પરંતુ એ દંડયાત્રાનું નિમિત્ત નક્કી કરવું મુશ્કેલ છે. ધરસેનની પ્રશસ્તિમાં એના અનેક વિજયોનો તેમજ એના અસ્ત્રકૌશલનો ઉલ્લેખ કરેલો છે.[૫૩] વળી એમાં એના વિદ્યાધિગમની, અનેક શાસ્ત્ર કલા અને લોકચરિતના ઊંડા અભ્યાસની, સત્ત્વસંપત્તિ તથા ત્યાગ–ઔદાર્યની તેમજ ભદ્ર પ્રકૃતિ અને વિનયશીલતાની પણ પ્રશંસા કરવામાં આવી છે,[૫૪] છતાં "આર્યમંજુશ્રીમૂલકલ્પ"માં જણાવેલ ચપલ એ આ ધરસેન હોય તો એ સ્ત્રીલંપટ હતો ને એને લઈને શસ્ત્રજીવી સૈનિક વડે એનો વધ થયેલો.[૫૫] ધરસેન ૩ જાનો ઉત્તરાધિકાર એના અનુજ ધ્રુવસેન ૨ જાને પ્રાપ્ત થયો.

**ધ્રુવસેન ૨ જો–બાલાદિત્ય**

ધ્રુવસેન ૨ જાના સમયથી મૈત્રક રાજાઓની કીર્તિ સમસ્ત ભારતવર્ષમાં પ્રસરી. શીલાદિત્ય ૧ લાએ "ધર્માદિત્ય" ધારણ કર્યું હતું તેમ ધ્રુવસેન ૨ જાએ "બાલાદિત્ય" એવું બીજું નામ ધારણ કર્યું. પ્રશસ્તિમાં એણે ઉદય-સમયે જનાનુરાગ પ્રાપ્ત કરી એ અપર નામ સમર્થિત કર્યાનું જણાવ્યું છે.[૫૬] એનાં દાનશાસન (વલભી) સંવત ૩૧૦(ઈ. સ. ૬૨૯)થી ૩૨૩ (ઈ. સ. ૬૪૨) મળ્યાં છે.[૫૭] એણે લગભગ ઈ. સ. ૬૨૫ થી ૬૪૩ સુધી રાજ્ય કર્યું. ઈ. સ. ૬૩૮ સુધીનાં દાનશાસનોમાં દૂતક તરીકે સામંત શીલાદિત્યનું નામ આવે છે. ઈ. સ. ૬૩૯–૪૦ નાં દાનશાસનોમાં રાજપુત્ર ખરગ્રહનું અને ઈ. સ. ૬૪૨ ના દાનશાસનમાં રાજપુત્ર ધરસેનનું. આ ત્રણે ય એના પિતરાઈના પુત્ર છે, જેમાંનો

જ્યેષ્ઠ હવે રાજપુત્ર ગણાતો નહોતો. દાનશાસનના લખનાર તરીકે દિવિરપતિ વત્રભટ્ટિ પછી એના પુત્ર દિવિરપતિ સ્કંદભટ ૨ જાનો ઉલ્લેખ આવે છે.

શરૂઆતમાં ઉત્તરાપથના ચક્રવર્તી હર્ષે આ વલભીપતિનો પરાભવ કર્યો ને ત્યારે નાંદીપુરના ગુર્જરનૃપતિરાજવંશી દદ્દ પ્રશાંતરાગે એનું પરિત્રાણ કરેલું.[૫૮] આગળ જતાં હર્ષે વલભીપતિ સાથે સુમેળ કરી એને પોતાનો જમાઈ બનાવ્યો.[૫૯] આ બંને બનાવ ધ્રુવસેનના રાજ્યકાલના આરંભમાં બન્યા હોવા જોઈએ, કેમકે ઈ. સ. ૬૪૨ માં પુખ્ત વય પ્રાપ્ત કરતો રાજપુત્ર ધરસેન હર્ષનો દૌહિત્ર હોવાનું માલૂમ પડે છે.[૬૦]

ચક્રવર્તી હર્ષે ઈ. સ. ૬૪૪ માં ગંગા–યમુનાના સંગમ પર છઠ્ઠી પંચવાર્ષિક પરિષદ બોલાવી ત્યારે એના જમાઈ તરીકે ત્યાં વલભીપતિ ધ્રુવસેનને અગ્રિમ સ્થાન આપવામાં આવ્યું હતું. ત્યાં ધ્રુવસેનનો તંબુ સંગમની પશ્ચિમે હતો ને પરિષદ માટેની રાજસવારીમાં એના સૈનિક હાથી પર સવાર થયા હતા.

આ રાજાએ કરેલાં ભૂમિદાનોને લગતાં આઠ તામ્રશાસન મળ્યાં છે. એમાં પાંચ દાન બ્રાહ્મણોને આપવામાં આવ્યાં છે, જે સુરાષ્ટ્ર, ખેટક અને માલવકમાં રહેતા હતા; બે દાન વલભીના બૌદ્ધ વિહારોને અર્પણ કરેલાં છે; ને એક દાન સુરાષ્ટ્રમાં આવેલા એક દેવીમંદિરને આપેલું છે. આ છેલ્લું દાન મૂળ દ્રોણસિંહે આપેલું, તે વચગાળામાં લુપ્ત થઈ જતાં ધ્રુવસેને એને તાજું કરેલું.[૬૧]

પ્રશસ્તિકારે આ રાજાના સચ્ચરિત, પુરુષાર્થ, પ્રજાનુરાગ, પરાક્રમ, મૃદુ હૃદય, અગર્વિતા, પ્રશાંત સ્વભાવ ઇત્યાદિ અનેક ગુણોની ભારે પ્રશંસા કરી છે.[૬૨] વળી પ્રશસ્તિમાં એ રાજતંત્ર અને શાલાતુરીય (પાણિનીય) તંત્ર એ બંનેમાં નિષ્ણાત હોવનું જણાવ્યું છે.[૬૩] આ ઉલ્લેખ પરથી એણે વ્યાકરણના પાણિનિતંત્રનો સારો અભ્યાસ કર્યો હોવાનું સૂચિત થાય છે.

ધ્રુવસેન 'પરમ માહેશ્વર' હતો ને અગાઉના મૈત્રક રાજાઓની જેમ બૌદ્ધ ધર્મને પણ પ્રોત્સાહન આપતો. ચીની મહાશ્રમણ યુઅન શ્વાંગે ઈ. સ. ૬૪૦ ના અરસામાં વલભીની મુલાકાત લીધી ત્યારે એણે એની નોંધમાં આ રાજા વિશે ધ્રુવપટુ( ? ધ્રુવભટ) તરીકે નિર્દેશ કર્યો છે. એમાં એ નોંધે છે કે "એ રાજા તાજેતરમાં જ ત્રિરત્નની ઉપાસના તરફ અનુરક્ત થયો છે,"[૬૪] પરંતુ એણે ઈ. સ. ૬૨૯ અને ૬૩૮ માં બૌદ્ધ વિહારોને ભૂમિદાન કરેલાં છે.[૬૫] યુઅન શ્વાંગ આ રાજાના બૌદ્ધધર્માનુરાગ વિશે નોંધે છે: "દર વર્ષે એ મોટી પરિષદ બોલાવે છે ને સાત દિવસ સુધી અતિ કિંમતી રત્નો અને ઉત્તમ ભોજન આપે છે, ને

ભિક્ષુઓને ત્રણ ચીવર અને ઔષધ, કે એની કિંમતની બીજી વસ્તુઓ, અને સાત પ્રકારનાં કિંમતી વિરલ રત્નોના બનેલા મૂલ્યવાન પદાર્થોનું દાન કરે છે. આ સર્વ દાનમાં આપીને એ બધું બમણી કિંમતે પાછું રાખી લે છે. એ સદાચારને સંમાને છે ને સજ્જનોને આદર આપે છે. એ બહુશ્રુત જનોને માન આપે છે. દૂર દેશમાંથી આવતા મહાન ભિક્ષુઓને એ ખાસ આદરભાવથી સંમાને છે."[૬૬]

યુઅન સ્વાંગ આ રાજા વિશે વળી એમ પણ નોંધે છે કે એ મોજીલી અને ઉતાવળી વૃત્તિનો છે ને એનું જ્ઞાન અને એની રાજનીતિ છીછરાં છે.[૬૭]

ગમે તેમ, ધ્રુવસેન બાલાદિત્યે ઉત્તરાપથના ચક્રવર્તી હર્ષ સાથેના સંઘર્ષમાં છેવટે સલામત રહી સૌરાષ્ટ્ર, તળ-ગુજરાત અને માળવા પરની મૈત્રક સત્તા ટકાવી રાખી હતી, એટલું જ નહિ, હર્ષના જમાઈ તરીકે ઉત્તર ભારતના સર્વ રાજાઓમાં ગરવું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. હર્ષ જેવા ચક્રવર્તીએ પોતાના જમાઈ તરીકે વલભીપતિ ધ્રુવસેનની પસંદગી કરી એ હકીકત ગુજરાતના ઇતિહાસમાં ખાસ નોંધપાત્ર ગણાય, ખાસ કરીને હર્ષ અપુત્ર હતો એ સંયોગોમાં.

**ધરસેન ૪ થો-ચક્રવતી**

ધ્રુવસેન બાલાદિત્યનો પુત્ર અને ઉત્તરાધિકારી ધરસેન ૪ થો એ મૈત્રક વંશનો સહુથી મહાન રાજા છે. વલભીના શરૂઆતના રાજાઓ માત્ર "મહારાજ" હતા ને શીલાદિત્ય ૧ લાથી ધ્રુવસેન ૨ જા સુધીના રાજાઓ કંઈ રાજબિરુદ પ્રયોજતા નહિ, જ્યારે ધરસેન ૪ થાએ 'પરમભટ્ટારક-મહારાજાધિરાજ-પરમેશ્વર'નાં મહાબિરુદ ધારણ કરવાની પહેલ કરી હતી. આ આધિપત્યદર્શક બિરુદો આગળ જતાં એના ઉત્તરાધિકારીઓએ પણ ચાલુ રાખ્યાં હતાં, પરંતુ "ચક્રવર્તી"નું બિરુદ તો માત્ર ધરસેન ૪ થાએ જ ધારણ કર્યું હતું. મૈત્રક રાજ્યનો વિસ્તાર પણ એના સમયમાં સહુથી વધુ થયો હતો.

આ રાજાનાં ચાર દાનશાસન મળ્યાં છે, ઈ. સ. ૬૪૪ થી ૬૪૮ નાં.[૬૮] એણે લગભગ ઈ. સ. ૬૪૩ થી ૬૫૦ સુધી અર્થાત્ માત્ર સાતેક વર્ષ રાજ્ય કર્યું હતું.[૬૯] (વલભી) સંવત ૩૨૬(ઈ. સ. ૬૪૪-૪૫) નાં દાનશાસનોમાં એ પોતાના પિતા ધ્રુવસેન ઉપરાંત પોતાના અજ્જક(માતામહ)નો સાદર નિર્દેશ કરે છે, જ્યારે (વલભી) સંવત ૩૩૦(ઈ. સ. ૬૪૮)નાં દાનશાસનોમાં એ અજ્જકનો નિર્દેશ કરતો નથી. આ પરથી આ નિર્દેશ સ્પષ્ટતઃ ચક્રવર્તી હર્ષને લાગુ પડે છે, જે ઈ. સ. ૬૪૬-૪૭ માં મૃત્યુ પામ્યો હતો. માતામહ હર્ષની હયાતી દરમ્યાન પણ

ધરસેને 'પરમભટ્ટારક–મહારાજાધિરાજ–પરમેશ્વર–ચક્રવર્તી' બિરુદ ધારણ કર્યાં હતાં, આથી એમાં ચક્રવર્તી હર્ષની અમીદૃષ્ટિ હોવી જોઈએ.[૭૦]

એ પ્રાયઃ અપુત્ર હર્ષના દૌહિત્ર તરીકે એનો ઉત્તરાધિકારી ગણાતો હશે, પરંતુ હર્ષનું મૃત્યુ થતાં એને એના સામ્રાજ્યનો ઉત્તરાધિકાર પ્રાપ્ત થયો નહિ એ હકીકત છે, છતાં ધરસેને એ પછી થોડા વખતમાં (ઈ. સ. ૬૪૮ માં) ભરુકચ્છ(ભરૂચ)માં વિજયછાવણી નાખી એ પરથી એણે દક્ષિણ ગુજરાતમાં મૈત્રક રાજ્યની સત્તા વિસ્તારી લાગે છે. આગળ જતાં આ વંશનો રાજા શીલાદિત્ય ૩ જો ભરુકચ્છ વિષય(ભરૂચ જિલ્લા)માંથી ભૂમિદાન દે છે એ હકીકત પરથી આ અનુમાનને સમર્થન મળે છે. આ પરથી ધરસેને ધારણ કરેલું "ચક્રવર્તી" બિરુદ પશ્ચિમ ભારત પૂરતું સાર્થક થયું ગણાય, કેમકે વલભીના મૈત્રકોની સત્તા હવે સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત, પશ્ચિમ માળવા, અને સહ્ય પ્રદેશ ઉપરાંત ભરૂચ જિલ્લા પર પણ પ્રવર્તી.

ધરસેને રાજપુત્ર–અવસ્થામાં દૂતક તરીકેની ફરજ બજાવી હતી. એની પ્રશસ્તિમાં જણાવ્યા મુજબ એ નાનપણથી વિમલ શ્રુતિ ધારણ કરતો ને દાન દેવામાં પરાયણ રહેતો.[૭૧] વળી એણે પ્રજા પાસેથી હળવા કર લેવાની ઉદાર નીતિ અપનાવી હતી.[૭૨] એ ધનુર્વિદ્યામાં નિપુણ હતો.[૭૩]

ધરસેન ચક્રવર્તી તરીકે નામાંકિત થયો, પરંતુ એને પુત્ર નહોતો. એને ભૂપા નામે કુવરી હતી, જેણે બે દાનશાસનોના દૂત તરીકે ફરજ બજાવેલી,[૭૪] પરંતુ એનો ઉત્તરાધિકાર તો પિતરાઈ ધ્રુવસેનને પ્રાપ્ત થયો. શીલાદિત્ય ૧ લાનો રાજવારસો એના અનુજ ખરગ્રહ ૧ લાના વંશમાં ગયો હતો, તે હવે શીલાદિત્યના પુત્ર દેરભટના વંશમાં ગયો. દેરભટના પુત્રોમાં ધ્રુવસેન સહુથી નાનો હતો, છતાં ધરસેનના ઉત્તરાધિકારી તરીકે એની પસંદગી કરવામાં આવી હતી.[૭૫] દેરભટ અને એના પછી એનો જ્યેષ્ઠ પુત્ર શીલાદિત્ય ૨ જો વિંધ્ય-સહ્ય પ્રદેશની શાખા સંભાળતો હતો, જ્યારે દેરભટના નાના પુત્ર ધ્રુવસેનને વલભીના મુખ્ય વંશનો ઉત્તરાધિકાર પ્રાપ્ત થયો હતો.[૭૬]

## (૨) પડતી અને અંત

### ધ્રુવસેન ૩ જો

શીલાદિત્ય ૧ લાના પુત્ર દેરભટનો કનિષ્ઠ પુત્ર ધ્રુવસેન ધરસેન ચક્રવર્તીનો ઉત્તરાધિકારી થયો, પરંતુ એણે ધરસેનની જેમ કોઈ મહાબિરુદ ધારણ કર્યાં નહિ

ને પિતામહ શીલાદિત્ય અને એના નજીકના ઉત્તરાધિકારીઓની જેમ પોતાના નામ સાથે "મહારાજ" જેવાં સામાન્ય બિરુદ પ્રયોજવાનું પણ ટાળ્યું. મૈત્રક વંશમાં આ સ્થિતિ પચીસેક વર્ષ સુધી ચાલુ રહી. એ પરથી મૈત્રકોની રાજકીય અધિસત્તામાં વળી કંઈક ઓટ આવી હોવાનું સૂચિત થાય છે. આ દરમ્યાન મૈત્રક રાજ્યના વિસ્તારમાં કંઈ ઘટાડો થયો જણાતો નથી, એથી આ હ્રાસ પશ્ચિમ ભારતના સમગ્ર સંદર્ભમાં મૈત્રકોના રાજકીય દરજ્જામાં થયો ગણાય.

ધ્રુવસેન ૩ જાનાં ત્રણ દાનશાસન મળ્યાં છે. એનો રાજ્યકાલ પાંચેક વર્ષ (લગભગ ઈ. સ. ૬૫૦ થી ૬૫૫) જેટલો ટૂંકો હોવાનું માલૂમ પડે છે.[૭૭] એનાં દાનશાસન દિવિરપતિ સ્કંદભટ ૨ જાના પુત્ર દિવિરપતિ અનહિલે લખેલાં છે. આ રાજાએ એક દાન ખેટક(ખેડા)ના બ્રાહ્મણને અને એક બીજું વલભીના બૌદ્ધ વિહારને આપેલું છે.[૭૮]

ઈ. સ. ૬૫૭ માં ધ્રુવસેને સિરિસિમ્મિણિકા (સરસવણી, તા. પાદરા, જિ. વડોદરા)માં વિજયછાવણી નાખી હતી, એ પરથી એની દંડયાત્રા દક્ષિણ ગુજરાત સાથે સબંધ ધરાવતી લાગે છે. દાનશાસનોમાં આપેલી એની પ્રશસ્તિમાં તો એના આધિપત્યનો સ્પષ્ટ નિર્દેશ કરેલો છે.[૭૯] વળી એનાં બલ અને પરાક્રમની પણ પ્રશંસા કરી છે.[૮૦] એ ખડ્ગ તેમજ ધનુષબાણના ઉપયોગમાં પ્રવીણ હતો ને શત્રુના રાજ્યમાં પોતાની આણ પ્રવર્તાવી ત્યાંથી કર લેતો હતો.[૮૧] એની વિદ્યા, સંપત્તિ તથા દાનશીલતાનીય ભારે પ્રશંસા કરવામાં આવી છે. પ્રશસ્તિ પરથી તો આ રાજા વિશાળ સામ્રાજ્ય પર આધિપત્ય ધરાવતો માલૂમ પડે છે.[૮૨]

### ખરગ્રહ ૨ જો—ધર્માદિત્ય

ધ્રુવસેન ૩ જાનો ઉત્તરાધિકાર એના અગ્રજ ખરગ્રહને મળ્યો. નાના ભાઈનો રાજ્યવારસો મોટા ભાઈને મળે એ ક્રમ અસામાન્ય ગણાય, પરંતુ ઉત્તરાધિકારીની પસંદગી મૈત્રક વંશમાં વિવેકબુદ્ધિ પ્રમાણે કરાતી ને એ અનુસાર ધરસેન ચક્રવર્તીએ પોતાના ઉત્તરાધિકારી તરીકે કનિષ્ઠ પિતરાઈ ધ્રુવસેનની પસંદગી કરી હતી. ધ્રુવસેન અપુત્ર મૃત્યુ પામ્યો હશે ને એનો જ્યેષ્ઠ ભ્રાતા શીલાદિત્ય ૨ જો એ સમયે હયાત હશે તો એ વિંધ્ય-સહ્ય શાખા સંભાળતો હશે, આથી અગાઉ રાજવારસાથી વંચિત રહેલા વચેટ ખરગ્રહને આખરે વલભીની રાજગાદીનો યોગ પ્રાપ્ત થયો.[૮૩]

ખરગ્રહ ૨ જાનું એક જ દાનશાસન મળ્યું છે. એ શાસન વિજયછાવણીમાંથી ફરમાવવામાં આવ્યું છે, આથી એના પૂર્વાધિકારીની જેમ એ પણ દંડયાત્રામાં રોકાયો લાગે છે (ઈ. સ. ૬૫૬) ને એની દંડયાત્રા પણ દક્ષિણ ગુજરાત તરફ થઈ હોવાનું સૂચિત થાય છે. આ દાનશાસનમાં એણે ખેટકના બ્રાહ્મણને શિવભાગપુર (શિવરાજપુર) વિષય(જિલ્લા)માંથી ગામ આપેલું છે.[૮૪] ખરગ્રહની પ્રશસ્તિમાં શત્રુવર્ગનો દર્પ દલિત કર્યાનો તથા શત્રુવંશને બાળી દીધાનો નિર્દેશ આવે છે એ પ્રાયઃ એનાં આ પરાક્રમોને ઉદ્દેશીને હશે.[૮૫]

પ્રશસ્તિકારે આ રાજાને અપૂર્વ પુરુષોત્તમ તરીકે નિરૂપ્યો છે તેમજ એની રાજસંપત્તિની તથા સામંતો પરના આધિપત્યની પ્રશંસા કરી છે.[૮૬] પ્રશસ્તિમાં સૂચિત થતો વધુ વાસ્તવિક ઉલ્લેખ એની દાનશીલતા અંગેનો છે : અગાઉના રાજાઓએ લોભથી ઝૂંટવી લીધેલાં દેવદેય અને બ્રહ્મદેયને એ ઉત્સંકલિત કરી અનુમોદન આપતો ને ઉદ્રંગાદિ મહાદાનો તથા ધર્મપાલન દ્વારા એણે ધર્મધ્વજ વડે પોતાના વંશને પ્રકાશિત કર્યો હતો.[૮૭] આવી ધર્મપરાયણતાને લઈને શીલાદિત્ય ૧ લાની જેમ ખરગ્રહ રાજાએ પણ 'ધર્માદિત્ય' એવું અપર નામ ધારણ કર્યું હતું.

ધ્રુવસેન ૩ જાની જેમ ખરગ્રહ ૨ જાએ પણ માત્ર પાંચેક વર્ષ (લગભગ ઈ. સ. ૬૫૫ થી ૬૬૦) રાજ્ય કર્યું જણાય છે.

### મહારાજાધિરાજ શીલાદિત્ય ૩ જો

ખરગ્રહ ૨ જા પછી વલભીનો રાજવારસો એના અગ્રજ શીલાદિત્ય ૨ જાના પુત્ર શીલાદિત્ય ૩ જાને મળ્યો હતો. શીલાદિત્ય ૨ જો એના પિતા દેરભટની જેમ વિંધ્ય–સહ્ય પ્રદેશનું રાજ્ય સંભાળતો. એ રાજ્ય વિશે પછી કંઈ માહિતી મળતી નથી, એથી એના પુત્ર શીલાદિત્ય ૩ જાને વલભીની ગાદી મળતાં એ શાખા વલભીની મુખ્ય શાખામાં વિલીન થઈ સંભવે છે.[૮૮]

શીલાદિત્ય ૨ જાના પુત્રનું નામ 'શીલાદિત્ય' છે, એટલું જ નહિ, શીલાદિત્ય ૩ જાનો દરેક ઉત્તરાધિકારી પણ એ જ નામ ધરાવે છે. એ પરથી ત્યારથી મૈત્રક વંશનો દરેક રાજપુત્ર રાજા થતાં 'શીલાદિત્ય' નામ ધારણ કરતો હોવાનું માલૂમ પડે છે.[૮૯] આ પ્રથા આ નામની લોકપ્રિયતા દર્શાવે છે.

શીલાદિત્ય ૩ જાનાં ૧૧ દાનશાસન ઉપલબ્ધ છે.[૯૦] એની મિતિ (વલભી) સંવત ૩૪૩ (ઈ. સ. ૬૬૨) થી ૩૫૭ (ઈ. સ. ૬૭૬) ની છે. એણે લગભગ

ઈ. સ. ૬૬૦ થી ૬૮૫ સુધી રાજ્ય કર્યું જણાય છે.[૯૧] એનાં આઠ ભૂમિદાન વલભી ખેટક સિંહપુર ઇત્યાદિ સ્થળોના બ્રાહ્મણોને અને બાકીનાં ત્રણ વલભીમાં આવેલા બૌદ્ધ વિહારોને આપવામાં આવ્યાં છે. દાનશાસનોમાં જણાવેલો રાજપુત્ર ધ્રુવસેન એ આ રાજાનો ઉત્તરાધિકારી હોવાનું જણાય છે.[૯૨] ઈ. સ. ૬૬૬ થી ૬૭૬ સુધીનાં બધાં દાનશાસન કોઈ ને કોઈ વિજયછાવણીમાંથી ફરમાવેલાં છે, એ પરથી આ રાજા ઘણાં વર્ષો સુધી દંડયાત્રામાં રોકાયેલો હોવાનું માલૂમ પડે છે. એમાંના છેલ્લા દાનશાસનમાં જણાવેલી દેયભૂમિ ભરુકચ્છ વિષયમાં આવેલી હતી એ પરથી ત્યારે ભરૂચ જિલ્લાનો પ્રદેશ વલભીના મૈત્રક વંશની સત્તા નીચે હોવાની પ્રતીતિ થાય છે. સંવત ૩૪૩ થી સંવત ૩૫૭ ના પોષ સુધીનાં દાનશાસનોમાં એના નામ સાથે કોઈ રાજબિરુદ આપવામાં આવ્યાં નથી, જ્યારે સંવત ૩૫૭ ના માઘ માસના દાનશાસનમાં એના નામની પહેલાં 'પરમભટ્ટારક–મહારાજાધિરાજ–પરમેશ્વર' એ ત્રણ મહાબિરુદ પ્રયોજાયાં છે ને એ મહાબિરુદો એના સર્વ ઉત્તરાધિકારીઓનાં દાનશાસનોમાં શીલાદિત્ય ૩ જાના નામ સાથે તેમજ તેઓનાં પોતાનાં નામ સાથે ચાલુ રહેલાં છે, આથી ભરુકચ્છ વિષયની ભૂમિના દાનને લગતા દાનશાસનમાં આ મહાબિરુદો પ્રયોજાયાં એ સૂચક ગણાય. ધરસેન ચક્રવર્તીએ જ્યાં વિજયકૂચ કરેલી તે ભરુકચ્છનો પ્રદેશ મૈત્રકોએ પછી ગુમાવી દીધો હશે ? ગમે તેમ, હવે મૈત્રક રાજાઓ ધરસેન ચક્રવર્તીએ ધારણ કરેલાં આ ત્રણ મહાબિરુદ ફરી ધારણ કરવા લાગ્યા એ પરથી તેઓના રાજકીય દરજ્જાની પુનઃ ઉન્નતિ થઈ જણાય છે. આ રાજાની પ્રશસ્તિમાં આપેલી અનેક ઉપમાઓ પરથી એ રાજ્યારોહણ સમયે નવયૌવનમાં હોય એવો ધ્વનિ નીકળે છે.[૯૩]

પરંતુ શીલાદિત્યની આ ઉન્નતિ લાંબો વખત ટકી નહિ. બીજે વર્ષે (ઈ. સ. ૬૭૭) ભરુકચ્છ વિષય પર નાંદીપુરીના ગુર્જરનૃપતિવંશી દદ્દ બાહુસહાયનું શાસન દેખા દે છે એ પરથી એ રાજાએ ભરૂચ પ્રદેશ શીલાદિત્ય પાસેથી જલદી જીતી લીધો જણાય છે.[૯૪] નવસારીના ચાલુક્ય રાજા ધરાશ્રય જયસિંહે મહી–નર્મદા પ્રદેશમાં રાજા વજ્જડ(વજ્જટ)ના સમગ્ર સૈન્યનું ઉન્મૂલન કર્યાનું નોંધાયું છે તે વજ્જટ આ શીલાદિત્ય હોવો જોઈએ. પ્રાયઃ એ એનું મૂળ નામ હશે. રાજકીય ઉન્નતિમાં આમ હ્રાસ થવા છતાં, મૈત્રક રાજાઓએ પ. મ. પ. નાં મહાબિરુદ ચાલુ રાખ્યાં. આ રાજાના સમયમાં હિ. સ. ૫૭(ઈ. સ. ૬૭૭)માં અરબ સરદાર ઇરમાઇલે બાંધા પર હુમલો કરેલો.[૯૫]

શીલાદિત્ય ૩ જાના અનુગામીઓનાં દાનશાસનોમાં શીલાદિત્ય ૩ જાથી શીલાદિત્ય ૭ મા સુધીના સર્વ રાજાઓના સંદર્ભમાં 'શ્રીબપ્પ' તરફ પરમ આદર વ્યક્ત કરવામાં આવ્યો છે ને રાજાની જેમ બપ્પને પણ 'પરમભટ્ટારક –મહારાજાધિરાજ–પરમેશ્વર'નાં મહાબિરુદોથી નવાજવામાં આવે છે. અહીં 'બપ્પ' એ કોઈ વ્યક્તિવિશેષ નથી એ તો સ્પષ્ટ છે. 'બપ્પ' શબ્દ અહીં બાપ: (પિતા) ના અર્થમાં નહિ, પણ વડા ધર્મગુરુ(બાપજી)ના અર્થમાં પ્રયોજાયો જણાય છે.[૯૬] મૈત્રક વંશમાં 'બપ્પ' તરફ પરમ આદર દર્શાવવાની પ્રથા હવે પ્રચલિત થઈ.

## મહારાજાધિરાજ શીલાદિત્ય ૪ થો

શીલાદિત્ય ૩ જા પછી એનો પુત્ર શીલાદિત્ય ૪ થો ગાદીએ આવ્યો. એણે લગભગ ઈ. સ. ૬૮૫ થી ૭૧૦ રાજ્ય કરેલું. એનાં આઠ દાનસશાન મળ્યાં છે.[૯૭] એની મિતિ (વલભી) સંવત ૩૭૨ (ઈ. સ. ૬૯૧) થી ૩૮૭ (ઈ. સ. ૭૦૫) સુધીની છે. એમાં જણાવેલાં બધાં ભૂમિદાન સુરાષ્ટ્રને લગતાં છે. દિવિરપતિ તરીકે હવે બલાધિકૃત ફરજ બજાવે છે. પછીનાં દાનશાસનોના દૂતક તરીકે જણાવેલો રાજપુત્ર ધરસેન એ આ રાજાનો ઉત્તરાધિકારી હોવો સંભવે છે.

શીલાદિત્ય ૪ થો "પરમભટ્ટારક–મહારાજાધિરાજ–પરમેશ્વર શીલાદિત્યદેવ" કહેવાતો, પરંતુ એ એના પિતાએ ગુમાવેલો ભરુકચ્છ વિષય પાછો મેળવી શક્યો નહિ. નાંદીપુરના રાજાઓએ હવે પોતાની રાજધાની જ ભરુકચ્છમાં રાખેલી. શીલાદિત્યની પ્રશસ્તિમાં એણે પૃથ્વીના મહામંડલનો ઉદ્ધાર કર્યાનું, પરમ ઐશ્વર્ય પ્રાપ્ત કર્યાનું, શત્રુઓના સૈન્યનો પરાભવ કરી ચોમેર પ્રતાપ પ્રસાર્યાનું અને પ્રબલ બાહુ વડે ઉજ્જ્વળ યશ મેળવ્યાનું જણાવ્યું છે.[૯૮] એ ઘણો ઉદાર હતો અને ભૂમિદાન દેવામાં ઘણો ઉત્સાહ ધરાવતો[૯૯] એવી એની પ્રશસ્તિને એનાં દાનશાસનોની સંખ્યાથી સમર્થન મળે છે. દાનશાસનોનાં શાસન-સ્થળો પરથી આ રાજાએ પણ પ્રસંગોપાત્ત દંડયાત્રા કરી હોવાનું જાણવા મળે છે, પરંતુ એ વિશે કંઈ વિશેષ માહિતી ઉપલબ્ધ નથી.

## મહારાજાધિરાજ શીલાદિત્ય ૫ મો

શીલાદિત્ય ૪ થાના પુત્ર અને ઉત્તરાધિકારી શીલાદિત્ય ૫ માનાં ત્રણ જ દાનશાસન મળ્યાં છે. એમાંનાં બે (વલભી) સંવત ૪૦૩(ઈ. સ. ૭૨૧–૭૨૨)નાં છે,[૧૦૦] જ્યારે ત્રીજાની મિતિ અવાચ્ય છે.[૧૦૧] આ રાજાએ લગભગ ઈ. સ.

૭૧૦ થી ૭૩૫ સુધી રાજ્ય કર્યું ગણાય છે.[૧૦૨] રાજપુત્ર તરીકે આ રાજાનું નામ 'ધરસેન' હતું, જ્યારે એના પોતાના રાજપુત્રનું મૂળ નામ શીલાદિત્ય છે. એનાં ત્રણેય ભૂમિદાન ખેટક(ખેડા)માંની વિજયછાવણીમાંથી ફરમાવેલાં છે. એમાં સુરાષ્ટ્ર ઉપરાંત લાટ(તળ-ગુજરાત)ની ભૂમિનુંય દાન નોંધાયું છે. એની પ્રશસ્તિ ઘણી ટૂંકી છે.[૧૦૩]

**અરબોનું આક્રમણ**

આ રાજાના સમયમાં પશ્ચિમ ભારત પર અરબોનું આક્રમણ થયું. ઈ. સ. ૭૭૧ માં અરબ સરદાર મોહમ્મદ કાસિમે સિંધ કબજે કર્યું ને ત્યાં અરબી હકૂમત સ્થપાઈ. એ પછી બે ત્રણ વર્ષમાં અરબો સૌરાષ્ટ્ર સાથે સંઘર્ષમાં આવ્યા, પણ ઈ. સ. ૭૧૪ માં તેઓએ સુલેહ કરી દીધી.[૧૦૪] ઈ. સ. ૭૨૧-૨૨ની શીલાદિત્ય ૫ માની દંડયાત્રા શાને ઉદ્દેશીને હશે એ જાણવા મળતું નથી.[૧૦૫]

ઈ. સ. ૭૨૫ ના અરસામાં ખલીફ હશામે સિંધના સૂબા તરીકે જુનૈદની નિમણૂક કરી. થોડા વખતમાં જ જુનૈદે મારવાડ, માંડલ, દહનજ, માળવા, ભરૂચ, ઉજ્જન, સૈંધવ, કચ્છ, સુરાષ્ટ્ર, ચાપોટક, ગુર્જર વગેરે રાજ્યો પર હુમલો કરવા ફોજ મોકલી.[૧૦૬] અરબી ફોજ આ રાજ્યોનો પરાભવ કરીને દક્ષિણાપથ તરફ આગેકૂચ કરવા નવસારિકા આવી ત્યારે ત્યાંના ચાલુક્ય રાજાએ એને પરાસ્ત કરી. વલભીપુરમાં પણ એનો પરાજય થયો; એમાં ભરૂચના ગુર્જરનૃપતિ-વંશી રાજાએ સક્રિય ભાગ ભજવ્યો.[૧૦૭] આ પરથી સિંધની અરબી ફોજે મૈત્રક રાજ્યના કચ્છ સૌરાષ્ટ્ર માળવા વગેરે પ્રદેશો પર સફળ આક્રમણ કર્યું હોવાનું ને છેવટે એ પરાસ્ત થતાં પાછા ફરતાં વલભીપુરમાંય શિકસ્ત પામી હોવાનું ફલિત થાય છે. અરબી ફોજને પાછી હઠાવવામાં ભરૂચના રાજાએ છેક વલભીપુર સુધી એનો પીછો પકડ્યો લાગે છે. વલભીમાં થયેલા અરબી ફોજના પરાભવમાં ત્યાંના રાજા શીલાદિત્ય ૫ માએ સક્રિય ભાગ લીધો હશે.

જયદ્રથવંશી ગણાતા સૈંધવ મહારાજ અહિવર્માએ આ રાજાના રાજ્યકાલમાં સિંધ તજી સૌરાષ્ટ્રમાં આશ્રય લીધો લાગે છે.[૧૦૮]

**મહારાજાધિરાજ શીલાદિત્ય ૬ ઠ્ઠો**

શીલાદિત્ય ૫ મા પછી એનો પુત્ર શીલાદિત્ય ૬ ઠ્ઠો ગાદીએ આવ્યો. એનું એક જ દાનશાસન મળ્યું છે;[૧૦૯] એ (વલભી) સંવત ૪૪૧(ઈ. સ. ૭૫૯)નું છે. એણે લગભગ ઈ. સ. ૭૩૫ થી ૭૬૦ સુધી રાજ્ય કર્યું.

પ્રશસ્તિમાં એને ભારે પરાક્રમી, શક્તિશાળી અને વિજયી નિરૂપ્યો છે; એને 'પુરુષોત્તમ' તથા અનેક પાર્થિવોનો અધિરાજ કહેવામાં આવ્યો છે.[૧૧૦] એણે પોતાનું દાનશાસન ગોદ્રહક(ગોધરા)ની વિજયછાવણીમાંથી ફરમાવ્યું છે ને ભૂમિદાનમાં સૂર્યાપુર વિષયમાંનું એક ગામ આપેલું છે. આ વિષય લુણાવાડા–ગોધરા પ્રદેશમાં આવ્યો હોવાનું માલૂમ પડે છે.[૧૧૧] આ દાનશાસન પરથી મૈત્રક રાજાઓની સત્તા હજી છેક પંચમહાલ જિલ્લા સુધી સાંગોપાંગ ટકી રહ્યાની ખાતરી થાય છે.

શીલાદિત્યની ગોદ્રહક તરફથી દંડયાત્રા મૈત્રક રાજ્યની ઉત્તર કે ઈશાન સીમાના સંરક્ષણને ઉદ્દેશીને થઈ હશે. ઈ. સ. ૭૫૦ ના અરસામાં રાષ્ટ્રકૂટ રાજા દંતિદુર્ગે મહી અને રેવા નદી વચ્ચેના લાટ અને માલવ દેશ પર વિજયકૂચ કરી. હવે ભરુકચ્છના ગુર્જરનૃપતિવંશીઓની સત્તા અસ્ત પામી હતી ને ત્યાં ચાહમાન વંશની સત્તા જામી હતી, જેણે ઉત્તરના પ્રતીહાર નરેશ નાગભટ ૧ લાનું આધિપત્ય સ્વીકાર્યું હતું. શીલાદિત્યની દંડયાત્રા પડોશના ગુર્જરદેશની પ્રતીહાર સત્તા સામેના સંરક્ષણ માટે થઈ હોવી સંભવે છે.

હિ. સ. ૧૪૦(ઈ. સ. ૭૫૮)માં નિમાયેલા સિંધના સૂબા હશામે અમરૂને વહાણનો કાફલો લઈ હુમલો કરવા વલભીને કિનારે મોકલ્યો, પણ અરબો એમાં ફાવ્યા લાગતા નથી.[૧૧૨]

આમ શીલાદિત્ય ૬ ઠ્ઠાએ મૈત્રક રાજ્યને સુરક્ષિત રાખ્યું લાગે છે.

### મહારાજાધિરાજ શીલાદિત્ય ૭ મો

શીલાદિત્ય ૬ ઠ્ઠાનો પુત્ર અને ઉત્તરાધિકારી શીલાદિત્ય ૭ મો એ મૈત્રક વંશનો છેલ્લો રાજા છે. એ ઈ. સ. ૭૬૦ ના અરસામાં ગાદીએ આવ્યો. એણે ઈ. સ. ૭૬૬ માં આનંદપુર(વડનગર)ના એક બ્રાહ્મણને ખેટક (ખેડા) આહાર નામે વહીવટી વિભાગમાંનું ગામ દાનમાં દીધું.[૧૧૩] આ રાજાનું મૂળ નામ 'ધ્રુવસેન' હોવું સંભવે છે. એ ધ્રુવભટ અથવા ધ્રૂભટ તરીકે પણ ઓળખાતો.[૧૧૪] એ પ્રાયઃ ભરુકચ્છના ચાહમાન રાજા ધ્રૂભટનો દૌહિત્ર થતો હતો.[૧૧૫]

મૈત્રક વંશના દરેક રાજાની પ્રશસ્તિ કાવ્યમય ગદ્યમાં આપવામાં આવતી, જ્યારે આ રાજાની પ્રશસ્તિ પદ્યમાં રચવામાં આવી છે.' એમાં એનાં પરાક્રમ, વૈભવ, ધર્મિષ્ઠતા, કીર્તિ, જ્ઞાન, ગુણ, વિજય, આધિપત્ય, કાંતિ, પરમાર્થ, પ્રતાપ ઇત્યાદિની પ્રશંસા કરવામાં આવી છે.[૧૧૬] એમાં એ ગજવ્યૂહ રચવામાં દક્ષ હતો એ ઉલ્લેખ નોંધપાત્ર ગણાય. એના પૂર્વાધિકારીઓની જેમ એ પણ

'પરમભટ્ટારક–મહારાજાધિરાજ–પરમેશ્વર શ્રીશીલાદિત્યદેવ' કહેવાતો ને 'પરમભટ્ટારક –મહારાજાધિરાજ–પરમેશ્વર શ્રીબપ્પનું પાદાનુધ્યાન' કરતો.

શીલાદિત્યે ઈ. સ. ૭૬૬ માં આનંદપુર(વડનગર)માં વિજયછાવણી નાખી. 'ઉદયસુંદરીકથામાં'માં કવિ સોડ્ઢલ વલભીપતિ શીલાદિત્ય અને ઉત્તરાપથસ્વામી ધર્મપાલ વચ્ચે થયેલા યુદ્ધનો વૃત્તાંત નિરૂપે છે.[117] આ ધર્મપાલ એ બંગાળાના પાલ વંશનો પ્રસિદ્ધ રાજા ધર્મપાલ છે; ને એથી આ શીલાદિત્ય એ મૈત્રક વંશનો રાજા શીલાદિત્ય ૭ મો હોવો જોઈએ. ધર્મપાલે પોતાનું શાસન ઉત્તરે તથા પશ્ચિમે ઘણે લાંબે વિસ્તાર્યું હતું. 'ઉદયસુંદરીકથા'માં જણાવ્યા મુજબ શીલાદિત્યના સૈન્યે ધર્મપાલના દુર્ગ પર ઘેરો ઘાલ્યો. અમાત્ય કનકાયનના રાજદ્રોહને લઈને એ ઘેરામાં ઘણો વિલંબ થતો હતો ત્યારે રાજાના અનુજ કલાદિત્યે સેનાનું સંચાલન પોતાના હાથમાં લઈ, થોડા વખતમાં ધર્મપાલને વશ કરી રાજાની સમક્ષ હાજર કર્યો ને એને એનું રાજ્ય પાછું સોંપી રાજા પોતાની રાજધાનીમાં પાછો ફર્યો; વિજયોત્સવ પૂરો થતાં રાજાએ અમાત્યનો અધિકાર કલાદિત્યને સોંપ્યો. આ વૃત્તાંતમાં ઐતિહાસિક તથ્ય રહેલું હોય, તો શીલાદિત્યે ધર્મપાલ જેવા પ્રતાપી રાજવી સામે મેળવેલો વિજય એ એની યશસ્વી સિદ્ધિ ગણાય. આનંદપુરની વિજયછાવણી શીલાદિત્યના આ પરાક્રમ સાથે સંબંધ ધરાવતી હોય, તો આ ઘટના ઈ. સ. ૭૬૬ ના અરસામાં બની હશે.

આ પછી દસ વર્ષે વલભી પર અરબોનો બીજો દરિયાઈ હુમલો થયો. ખલીફ અલ્–મહદીના સમયમાં અબ્દુલ મલીકે હિ. સ. ૧૬૦(ઈ. સ. ૭૬૬)માં વલભી પર દરિયાઈ હુમલો કર્યો. શરૂઆતમાં અરબો વલભી કબજે કરવામાં ફાવ્યા, પરંતુ પાછળથી સૈનિકોનો મોટો ભાગ રોગચાળાને લઈને મરણશરણ થયો ને બાકી રહેલાઓને જલદી પાછા ભાગી જવું પડ્યું. આને પરિણામે ખલીફે હિંદ પર ફરી હુમલો કરવાનો વિચાર માંડી વાળ્યો.[118] આમ આ વખતે શીલાદિત્યને પોતાની વીરતા નહિ, તો કુદરત વહારે ધાઈ.[119]

જૈન પ્રબંધોમાં વલભી–ભંગ અંગે જે અનુશ્રુતિ આપી છે તેનો સાર આ પ્રમાણે છે: શીલાદિત્ય રાજાએ પોતાની કુંવરી માટે નગરના શ્રેષ્ઠી રંક કાકૂને ત્યાંથી એની રત્નજડિત સુવર્ણ-કંકટિકા (કાંસકી) બળાત્કારે ઝૂંટવી લીધી, એ અપમાનનો બદલો લેવા રંક મ્લેચ્છ-મંડલ ગયો ને મ્લેચ્છપતિને મોંમાગ્યા પૈસા આપીને વલભી પર હુમલો કરવા તૈયાર કર્યો. આ સમયે આસોની પૂનમને દિવસે વલભીમાંથી ચંદ્રપ્રભ, વીર વગેરેની પ્રતિમાઓ દેવપત્તન

શ્રીમાલપુર વગેરે સ્થળોએ ચાલી ગઈ. નગરદેવતાએ વર્ધમાનસૂરિને નગરનો નાશ થવાની ખબર આપી ને ત્યાંના શ્રાવકો મોઢેરપુર ચાલ્યા ગયા. હવે મ્લેચ્છો નગર પાસે આવી પહોંચ્યા. શીલાદિત્યનો દૈવી અશ્વ રંકની યુક્તિને લઈને આકાશમાં ઊડી જતાં રાજા નિરાધાર થઈ યુદ્ધમાં મરણ પામ્યો ને મ્લેચ્છોએ વલભીનો ભંગ (નાશ) કર્યો.[120] આ ઘટના વિક્રમ સંવત ૮૪૫ માં બની.[121]

અરબ લેખક અલ્-બીરૂનીની નોંધ પરથી માલૂમ પડે છે કે આ 'મ્લેચ્છપતિ' અલ્-મનસુરાનો અધિપતિ અર્થાત્ સિંધનો અરબ સૂબો હતો.[122] અરબી તવારીખમાં ઈ. સ. ૭૮૮-૮૯ નો આ હુમલો નોંધાયો નથી, પરંતુ એ તવારીખ પરથી સિંધનો આ સૂબો સલીમ યુનીસી (ઈ. સ. ૭૮૬-૯૦) હોવાનું માલૂમ પડે છે.[123] દક્ષિણ ગુજરાતમાં રાજ્ય કરતા રાષ્ટ્રકૂટ રાજા કર્કરાજે ૧૧ મી નવેંબર, ઈ. સ. ૭૮૮ સુધીમાં ખેટકમાં રાજધાની ખસેડી ઉત્તર ગુજરાત સુધી પોતાનું આધિપત્ય પ્રસાર્યું હોવાનું જાણવા મળ્યું છે,[124] આથી જૈન પ્રબંધોમાં વલભીની જૈન પ્રતિમાઓના સ્થળાંતરના સંદર્ભમાં જણાવેલી આશ્વિન પૂર્ણિમા વિ. સં. ૮૪૪ના છેલ્લા માસની પૂર્ણિમા (૧૯ મી સપ્ટેંબર, ઈ. સ. ૭૮૮) હોવી જોઈએ. આ ગણતરીએ વલભીભંગની ઘટના વિ. સં. ૮૪૫ ના આરંભમાં અર્થાત્ ઈ. સ. ૭૮૮ ની ૫ મી ઑક્ટોબરથી ૧૧ મી નવેંબર સુધીમાં બની ગણાય.

### મૈત્રક રાજ્યનો અંત

જૈન પ્રબંધો પરથી જણાય છે કે અરબી ફોજ રાજા શીલાદિત્યનો અને વલભીનો નાશ કરી પાછી ચાલી ગઈ.[125] પરંતુ એ પછી ત્યાં મૈત્રક વંશની સત્તાનો સમૂળો અંત આવ્યો. છેલ્લા રાજા શીલાદિત્યની જુલમી નીતિ આમ મૈત્રક રાજ્યનો કરુણ અંજામ લાવવાનું નિમિત્ત બની. મૈત્રક રાજકુટુંબ વિશે આ ઘટના પછી કંઈ જાણવા મળતું નથી. તળ-ગુજરાતના મૈત્રક પ્રદેશો પર રાષ્ટ્રકૂટ રાજાની સત્તા પ્રસરી, જ્યારે સૌરાષ્ટ્રના ઉત્તરપૂર્વમાં ચાપ વંશની, દક્ષિણમાં ચાલુક્ય વંશની અને પશ્ચિમમાં સૈંધવ વંશની સત્તા પ્રવર્તી. ઈ. સ. ૮૧૮-૧૯ માં પૂર્વ સૌરાષ્ટ્રમાં રાષ્ટ્રકૂટ રાજાની સત્તા દેખા દે છે, પરંતુ ત્યાં થોડા વખતમાં વાળા વંશની સત્તા સ્થપાઈ લાગે છે. વલભી હવે ચાલુ સ્થાનિક ભાષામાં "વળા" કહેવાતું હશે ને વળાના વતનીઓ "વાળા" તરીકે ઓળખાયા લાગે છે. વલભીના મૈત્રકોનો વંશવેલો વાળાઓમાં ચાલુ રહેલો સંભવે છે. અરબી હુમલાને લઈને વલભી તાત્કાલિક વેરાન થઈ ગયું, પણ પછી થોડા

વખતમાં ત્યાં વસ્તી થવા લાગી,[126] જ્યાં એ શતકો સુધી ભગ્નાવશેષો ધરાવતું નાનું સ્થળ જ રહ્યું ને ત્યાં અગાઉ મૈત્રકોના વિશાળ રાજ્યની રાજધાની હતી ને એની ગણના પશ્ચિમ ભારતની પ્રસિદ્ધ સમૃદ્ધ નગરી તરીકે થતી એ હકીકત સ્મૃતિશેષ બની રહી.

**મૈત્રક રાજ્યની સિદ્ધિઓ**

બાહ્ય પ્રદેશના શાસનમાંથી મુક્ત થઈ ગુજરાતમાં મૈત્રક વંશે પોતાની સ્વતંત્ર સત્તા સ્થાપી એ એની પહેલી મહત્ત્વની સિદ્ધિ છે. પછી મૈત્રક વંશની સત્તા સૌરાષ્ટ્ર, કચ્છ; ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને પશ્ચિમ માળવા પર પ્રવર્તી (નકશો ૨) ને ત્રણ શતકો જેટલા સુદીર્ઘ કાલ પર્યંત ટકી એ મૈત્રક રાજ્યની બીજી મહાન રાજકીય સિદ્ધિ ગણાય. મૈત્રક રાજાઓએ પોતાના વિશાળ રાજ્યમાં સુવિહિત રાજ્યતંત્ર વિકસાવ્યું હતું. એમણે ધર્મ, વિદ્યા, સાહિત્ય, કલા, વેપાર, ઉદ્યોગ વગેરેને પ્રોત્સાહન આપી પોતાના રાજ્યમાં આર્થિક તેમજ સાંસ્કૃતિક જીવનની પ્રવૃત્તિઓને પણ વિકસાવી હતી. તેઓએ બ્રાહ્મણો, દેવાલયો અને બૌદ્ધ વિહારોને અનેકાનેક ભૂમિદાન દીધાં હતાં ને તામ્રપત્રો પર એનાં રાજશાસન કોતરાવી આપ્યાં હતાં.

વલભીમાં 'ભટ્ટિકાવ્ય' કે 'રાવણવધ' જેવું અવનવું મહાકાવ્ય રચાયું હતું. વલભી શિક્ષણક્ષેત્રે તથા વેપારક્ષેત્રે દેશભરમાં નામાંકિત થઈ હતી. વલભીમાં શૈવ, બૌદ્ધ અને જૈન ધર્મને ઘણું પ્રોત્સાહન મળ્યું હતું. મૈત્રક કાલ દરમ્યાન ગુજરાતમાં જૈન સાહિત્યમાં દ્વાદશારનયચક્ર, વિશેષાવસ્યકભાષ્ય, ચૂર્ણિઓ અને હરિવંશપુરાણ જેવી મહત્ત્વની કૃતિઓ રચાઈ હતી. સૌરાષ્ટ્રમાં મંદિર-સ્થાપત્યના સ્વરૂપનો આ કાલમાં વિકાસ થયો હતો. મૈત્રક રાજ્યમાં શિલ્પકલામાં પણ નોંધપાત્ર પ્રગતિ સધાઈ હતી.

આમ ગુજરાતના રાજકીય તથા સાંસ્કૃતિક ઇતિહાસમાં મૈત્રક રાજ્ય અનેક રીતે મહત્ત્વનું સ્થાન ધરાવે છે.

## પાદટીપો

૧-૨. મૈ.ગુ., ભા. ૧, પૃ. ૭૦-૭૧ ૩. એજન, પૃ. ૭૩-૭૫

૪. ગુઐલે, નં. ૩૪ ૫-૬. મૈ.ગુ., ભા. ૧, પૃ. ૭૫

૭. *AHI*, pp. 43 f. ૮-૯. મૈ.ગુ., ભા. ૧, પૃ. ૭૬-૭૭

૧૦. એજન, પૃ. ૭૭ ૧૧. એજન, પૃ. ૭૮

૧૨-૧૪. એજન, પૃ. ૭૯, ૧૧૯ ૧૫. એજન, પૃ. ૭૯

૧૬. એજન, પૃ. ૮૦-૮૧ ૧૭. એજન, પૃ. ૭૯-૮૦

૧૮. એજન, પૃ. ૮૨; હ. ગં. શાસ્ત્રી અને પુ. વિ. ધોળકિયા, 'મૈત્રક રાજા શીલાદિત્ય ૧ લાનું આંબળાસ દાનપત્ર', "સ્વાધ્યાય", પુ. ૮, પૃ. ૧૭૮-૮૪

૧૯. મૈ.ગુ., ભા. ૧, પૃ. ૮૨ ૨૦-૨૧. એજન, પૃ. ૮૪

૨૨. એજન, પૃ. ૮૫-૮૭ ૨૩-૨૪. એજન, પૃ. ૮૮

૨૫. એજન, પૃ, ૮૮-૮૯ ૨૬. એજન, પૃ. ૮૯-૯૧

૨૭. એજન, પૃ. ૯૧ ૨૮. એજન, પૃ. ૯૩

૨૯. પૂર્વજોની પ્રશસ્તિનું લંબાણ વધતું જતાં, ભટાર્ક અને ગુહસેનની વચ્ચેના ચાર રાજાઓની પ્રશસ્તિ રદ કરવામાં આવી; ને દૂતક, લેખક, મિતિ અને સ્વહસ્તનો ક્રમ નિયત થવા લાગ્યો. રાજાના સ્વહસ્ત(દસ્કત)માં પણ માત્ર "स्वहस्तो मम"થી પતાવવામાં આવ્યું.

૩૦-૩૨. મૈ.ગુ., ભા. ૧, પૃ. ૮૩ ૩૩. એજન, પૃ. ૮૨

૩૪. યોનિજ, અંડજ, સ્વેદજ અને ઉદ્ભિજ્જ ૩૫. બુદ્ધ, ધર્મ અને સંઘ

૩૬. પ્રાયઃ કળશ, કુંડી, થાળી અને આસન

૩૭. *Buddhist Records of the Western World* (Trans. by Beal), Vol. II, pp. 261 f. ૩૮. શ્લોક ૫૮૭-૫૮૯

૩૯. મૈ.ગુ., ભા. ૧, પૃ. ૮૨; સ્વાધ્યાય, પુ. ૮, પૃ.૧૮૦, ૧૮૩

૪૦. મૈ.ગુ., ભા. ૨, પૃ. ૪૦૩-૪૦૪ ૪૧. મૈ.ગુ., ભા. ૧, પૃ. ૯૫

૪૨. એજન, પૃ. ૮૨ ૪૩. એજન, પૃ. ૧૧૮-૧૧૯

૪૪. એજન, પૃ. ૯૫-૯૬ ૪૫. એજન, પૃ. ૯૬

૪૬. એજન, પૃ. ૯૬-૯૭ ૪૭. એજન, પૃ. ૯૭

૪૮-૪૯. એજન, પૃ. ૯૮

૫૦. आर्यमंजुश्रीमूलकल्पમાં જણાવેલો ધ્રુવનો અગ્રજ ચપલ આ રાજા હોવો સંભવે છે. એમાં એણે "वर्षार्ध" (અર્ધું વર્ષ) રાજ્ય કર્યું હોવાનું જણાવ્યું છે તે ખરી રીતે "वर्षाष्ट" (આઠ વર્ષ) હોવું જોઈએ (એજન, પૃ. ૧૦૦-૧૦૨)

૫૧. એજન, પૃ. ૯૯ ૫૨-૫૩. એજન, પૃ. ૧૦૦

૫૪. એજન, પૃ. ૧૦૨-૧૦૩ ૫૫. એજન, પૃ. ૧૦૦-૧૦૧

૫૬. એજન, પૃ. ૧૦૯

૫૭. એજન, પૃ. ૧૦૩; અને H. G. Shastri, "Malila Copper-plate Inscription of King Dhruvasena II", *JOI*, Vol. X, pp. 123 ff.

૫૮-૬૦. મૈ.ગુ., ભા. ૧, પૃ. ૧૦૫-૧૦૬. દૂતક તરીકેના ઉલ્લેખો પરથી ધ્રુવસેનનો પુત્ર ધરસેન ઈ. સ. ૬૪૨ માં (કે ૬૪૧ માં) પુખ્ત વયનો થયો લાગે છે; ઈ. સ. ૬૪૦ સુધી તો પિતરાઈ દેરભટના પુત્ર એ અધિકાર ધરાવતા.

૬૧. ગુઐલે, નં. ૬૭　　　૬૨-૬૩. મૈ.ગુ., ભા. ૧, પૃ. ૧૦૮-૧૦૯

૬૪. *Buddhist Records of the Western World* (Trans. by Beal), Vol. *II*, p. 267

૬૫. ગુઐલે, નં. ૬૩ અને ૬૬　　　૬૬-૬૭. *BRWW*, Vol. II, pp. 267 f.

૬૮-૬૯. મૈ.ગુ., ભા. ૧, પૃ. ૧૧૨　　　૭૦. એજન, પૃ. ૧૧૪

૭૧-૭૩. એજન, પૃ. ૧૧૭　　　૭૪. ગુઐલે, નં. ૭૨-૭૩

૭૫-૭૬. મૈ.ગુ., ભા. ૧, પૃ. ૧૧૭-૧૨૦　　　૭૭. એજન, પૃ. ૧૨૧

૭૮. ત્રીજા દાનશાસનની વિગત ઉપલબ્ધ નથી.

૭૯-૮૨. મૈ.ગુ., ભા. ૧, પૃ. ૧૨૨-૧૨૩　　　૮૩. એજન, પૃ. ૧૨૩-૧૨૪

૮૪. એજન, પૃ. ૧૨૪　　　૮૫. એજન, પૃ. ૧૨૫

૮૬. એજન, પૃ. ૧૨૬-૧૨૭　　　૮૭. એજન, પૃ. ૧૨૬

૮૮. એજન, પૃ. ૧૧૮-૧૨૦, ૧૨૭-૧૨૮

૮૯. દૂતક તરીકે આવતા રાજપુત્રના નામનિર્દેશ પરથી શીલાદિત્ય ૪ થાનું મૂળ નામ 'ધ્રુવસેન' અને શીલાદિત્ય ૫ માનું 'ધરસેન' હોવાનું સૂચિત થાય છે (એજન, પૃ. ૧૨૮, પા. ટી. ૨૧).

૯૦-૯૧. એજન, પૃ. ૧૨૮-૧૩૦　　　૯૨. એજન, પૃ. ૧૨૯-૧૩૦

૯૩. એજન, પૃ. ૧૩૩-૧૩૪

૯૪. Mirashi, *CII*, Vol. IV, No. 28, ll. 9-10; રાષ્ટ્રકૂટ રાજાઓનાં અનેક દાનપત્રોમાં પણ કર્ણાટકના સૈન્યે જે રાજાઓને વશ કરેલા તેઓમાં હર્ષની સાથે વજ્રટનું નામ ગણાવ્યું છે. ( દા. ત. *EI*, Vol. VI, pp. 210 ff.)

૯૫. મૈ.ગુ., ભા. ૧, પૃ. ૧૩૫　　　૯૬. એજન, પૃ. ૧૩૨

૯૭. ગુઐલે, નં. ૭૭. ૮૮-૯૧; હ. ગં. શાસ્ત્રી, 'ફૂંકાવાવનું દાનશાસન, વ. સં. ૩૭૬', "બુદ્ધિપ્રકાશ", પુ. ૧૦૫, પૃ. ૯ થી; H. G. Shastri, "Vadnagar Plates dated Year 385," *JOI*, Vol. XVII, pp. 59 ff. હ. ગં. શાસ્ત્રી, 'શિહોરનું દાનશાસન, વલભી સંવત ૩૮૭,' "બુદ્ધિપ્રકાશ" પુ. ૧૦૨, પૃ. ૯ થી; પૃ. ૧૦૨ થી

૯૮-૯૯. મૈ.ગુ., ભા. ૧, પૃ. ૧૪૦　　　૧૦૦. ગુઐલે, નં ૯૩-૯૪

૧૦૧. H. G Shastri, "Vadnagar Plates," *JOI*, Vol. XVII, pp. 61 ff.

૧૦૨. મૈ.ગુ., ભા. ૧, પૃ. ૧૪૧　　　૧૦૩. એજન, પૃ. ૧૪૪

૧૦૪. *Elliot*, *HIH*, Vol. I, p. 123

૧૦૫. રાષ્ટ્રકૂટ રાજા ઇંદ્ર ૧ લાએ ખેટકમંડલમાં ચાલુક્ય રાજપુત્રી ભવનાગાનું હરણ કરી એની સાથે લગ્ન કરેલું એ કપ્પાણમાંનું ખેટક છે. હ. ગં. શાસ્ત્રી, 'ગુજરાતમાં રાષ્ટ્રકૂટોનું શાસન,' "ગુ. સં. મંડળનું ત્રૈમાસિક," પુ. ૩૦, પૃ. ૩૦૯–૧૪

૧૦૬. *HIH*, pp. 125 f.; "Navasari plates of Avanijanāśraya Pulakeśin", *CII*, Vol. IV, pp. 139 ff.

૧૦૭. મૈ.ગુ., ભા. ૧, પૃ. ૧૪૩–૧૪૪

૧૦૮. H. G. Shastri, "Ambalas Plates of the Saindhava King Ahivarman", *JOI*, Vol. XIX, pp. 279 ff.

૧૦૯. ગુએલે, નં. ૯૫

૧૧૦. મૈ.ગુ., ભા. ૧, પૃ. ૧૪૯

૧૧૧. એજન, પૃ. ૧૪૫

૧૧૨. એજન, પૃ. ૧૪૭

૧૧૩. ગુએલે, નં. ૯૬

૧૧૪–૧૧૫. મૈ.ગુ., ભા. ૧, પૃ. ૧૫૦

૧૧૬. એજન, પૃ. ૧૫૧

૧૧૭. પૃ. ૩–૪

૧૧૮. *HIH*, Vol. I, p. 444; Voll. II, p. 246

૧૧૯. અગાઉ આ હુમલાને વલભી-ભંગનું નિમિત્ત માનવામાં આવેલો (*BG*, Vol. I, pt. I, pp. 94, 50, 67), પરંતુ વલભી-ભંગની ઘટના એ પછી બાર વર્ષ બાદ બની.

૧૨૦. प्रबन्धचिन्तामणि (સં. જિનવિજય), પૃ. ૧૦૭–૧૦૯; विविधतीर्थकल्प (સં. જિનવિજય), પૃ. ૨૯; प्रबन्धकोश (સં. જિનવિજય), પૃ. ૨૩; पुरातनप्रबन्धसंग्रह (સં. જિનવિજય), પૃ. ૮૨–૮૩

૧૨૧ प्रबन्धचिन्तामणि (પૃ. ૧૦૯) તથા पुरातनप्रबन्धसंग्रह(પૃ. ૮૩) માં તેમજ प्रबन्धकोश(પૃ. ૨૪)માં આ વર્ષ વિ. સં. ૩૭૫ (ઈ. સ. ૩૧૮–૧૯) અને प्रभावकचरित-(પૃ. ૭૪)માં વીર નિર્વાણ સંવત ૮૪૫ (ઈ. સ. ૩૧૮–૧૯) જણાવ્યું છે, જ્યારે विविध-तीर्थकल्प(પૃ. ૨૯)માં વિ. સં. ૮૪૫(ઈ. સ. ૭૮૮–૮૯) આપ્યું છે. ઈ. સ. ૩૧૮–૧૯ માં તો વલભીના રાજ્યની સ્થાપનાય થઈ નહોતી, જ્યારે ઈ. સ. ૭૮૮–૮૯નું વર્ષ એ રાજ્યના છેલ્લા જ્ઞાત દાનશાસનના વર્ષ(ઈ. સ. ૭૬૬)ની નજીકનું છે. આથી જૈન અનુશ્રુતિમાં કેટલીક જગ્યાએ વિ. સં. ૮૪૫ને બદલે વી. નિ. સંવત ૮૪૫નો ભ્રમ થયો લાગે છે (મૈ.ગુ., ભા. ૧, પૃ. ૧૫૭–૫૮).

૧૨૨. Sachau's *Alberuni in India*, Vol I, pp. 192 f.

૧૨૩. મૈ.ગુ., ભા. ૧, પૃ. ૧૬૦

૧૨૪. એજન, પ. ૩૩૧–૩૩

૧૨૫–૧૨૬. એજન, પૃ. ૧૬૪, પા. ટી. ૧૧૬

## પરિશિષ્ટ

# ભૂમિદાન, દાનશાસનો અને તામ્રપત્રો

### ભૂમિદાન

ધર્મશાસ્ત્રમાં દાનનો ઘણો મહિમા ગાવામાં આવ્યો છે.[1] દાનના અનેક પ્રકાર છે, એમાં ભૂમિદાન એ મહાદાન કે અતિદાન ગણાતું.[2] સુવર્ણ, ધેનુ, અન્ન ઇત્યાદિ જંગમ પદાર્થોની સરખામણીએ સ્થાવર ભૂમિનું દાન શાશ્વત પ્રકારનું હોઈ એને અંગે રાજશાસનનું ખત કરાવવામાં આવતું ને એ ખતને તામ્રપત્રો પર કોતરાવવામાં આવતું. આ દાનશાસન સંસ્કૃત ભાષામાં લખાતું.

મૈત્રક વંશના રાજાઓ અનેક ભૂમિદાન દેતા ને એને લગતાં દાનશાસન તામ્રપત્રો પર કોતરાવતા. આ પૈકી એકસોથી વધુ તામ્રશાસન મળ્યાં છે ને હજી અવારનવાર વધુ ને વધુ તામ્રશાસન મળતાં રહે છે.[3] દેવને (અર્થાત્ દેવાલયને) અપાતા ધર્મદેયને 'દેવદેય' અને બ્રાહ્મણને અપાતા ધર્મદેયને 'બ્રહ્મદેય' કહે છે. રાજાએ કરેલા ભૂમિદાનને લગતા અને તામ્રપત્રો પર કોતરેલા શાસનપત્રને 'દાનપત્ર' 'દાનશાસન' 'તામ્રપત્ર' કે 'તામ્રશાસન' કહે છે. વલભીના મૈત્રક રાજ્યનો ઇતિહાસ જાણવામાં એનાં તામ્રશાસન સહુથી મોટું અને સહુથી મહત્ત્વનું સાધન નીવડ્યાં છે.

### દાનશાસન

મૈત્રક રાજ્યમાં દાનશાસનના લેખની પદ્ધતિ સારો વિકાસ પામી હતી. આ લેખપદ્ધતિનું સ્વરૂપ પૂરી વિગતો અને નિયત ક્રમ ધરાવતું.

લેખનો આરંભ **स्वस्ति** કે **ॐ स्वस्ति** એવા મંગલ પદથી થતો.[4] એ પછી પહેલાં રાજશાસન કયા સ્થળેથી ફરમાવવામાં આવે છે એ જણાવવામાં આવતું.[5] શાંતિના સમયમાં દાનશાસનનું સ્થળ રાજધાની વલભી હોય છે, જ્યારે દંડયાત્રા દરમ્યાન એ સ્કંધાવાર(લશ્કરી છાવણી)નું જુદું જુદું સ્થળ હોય છે. એને

હમેશાં "(અમુક) સ્થાનમાં વસેલો વિજયસ્કંધાવાર" કહેતા. આ વિગત પરથી રાજાઓની કેટલીક દંડયાત્રાઓ અને એનાં કેટલાંક સ્થળ જાણવા મળે છે.

દાતાને લગતી માહિતીનો આરંભ દાન દેનાર રાજાના વંશના પરિચયથી કરવામાં આવતો, જેમાંથી આ રાજવંશ મૈત્રક નામે પરાક્રમી વંશ હોવાનું જાણવા મળ્યું છે.[૬]

પછી દાતાના પૂર્વજો તથા પૂર્વાધિકારીઓની પ્રશસ્તિ આવે છે, જેનો આરંભ આ રાજવંશના સ્થાપક સેનાપતિ ભટાર્કની પ્રશસ્તિથી થાય છે.[૭] વંશ અને પૂર્વજોની પ્રશસ્તિ આપવાની પ્રથા ધ્રુવસેન ૧ લાના સમયથી પ્રચલિત થઈ, જ્યારે દાતાના પૂર્વાધિકારીઓની સંખ્યા માત્ર ત્રણની હતી. પરંતુ સમય જતાં એ સંખ્યા વધતી ગઈ, આથી શીલાદિત્ય ૧ લાના સમયથી ભટાર્ક પછીના ચાર રાજાઓની પ્રશસ્તિ રદ કરવામાં આવી. એ પછી મૈત્રક વંશમાં બીજા ૧૧ રાજા થયા ને વંશાન્વય દર્શાવવા માટે બીજા બે પૂર્વજોના નિર્દેશની જરૂર પડી, છતાં પછી બાકીના સર્વ પૂર્વાધિકારીઓ અને જરૂરી પૂર્વજોની પ્રશસ્તિ જારી રાખવામાં આવી. એ પછી દાન દેનાર રાજાની પ્રશસ્તિ આપવામાં આવે છે. આ પ્રશસ્તિઓ પરથી એકંદરે મૈત્રક વંશના ૧૯ રાજાઓની અને અંકોડારૂપ બીજા બે પુરુષોની પ્રશસ્તિ જાણવા મળી છે.[૮]

આ પ્રશસ્તિઓ ઉચ્ચ ગદ્ય-શૈલીમાં રચાતી.[૯] એમાંનાં ઘણાં પદ આલંકારિક અત્યુક્તિઓથી ભરપૂર હોઈ અને કોઈ નક્કર ઘટનાઓ કે વિગતોના નિર્દેશ વિના મોઘમ અને ગોળ ગોળ શબ્દચિત્ર રજૂ કરતાં હોઈ, એમાંથી વાસ્તવિક ઘટનાઓ કે સિદ્ધિઓની નક્કર વિગતો જવલ્લે સાંપડે છે, છતાં આ પ્રશસ્તિઓ પરથી રાજાઓનાં નામ, બિરુદ કે બિરુદો (હોય તો), પૂર્વાધિકારી સાથેનો સગાઈસંબંધ, અને ધર્મસંપ્રદાય તથા કેટલીક વાર તેઓની અમુક વિશિષ્ટ રુચિઓ તથા સિદ્ધિઓ જાણવા મળે છે.[૧૦] મૈત્રક વંશના રાજાઓની સળંગ વંશાવળી એને લઈને જ બંધ બેસાડી શકાય છે.

દાન દેનાર રાજાની કુશળતા જણાવીને દાનનું નિવેદન કરવામાં આવે છે, જે લાગતાવળગતાઓને ઉદ્દેશીને હોય છે. પહેલા દસ રાજાઓનાં દાનશાસનોમાં આ લાગતાવળગતા દસપંદર અધિકારીઓની યાદી આપવામાં આવતી; આગળ જતાં સ્થળસંકોચને કારણે એ યાદી રદ કરવામાં આવી.[૧૧] આ યાદી પરથી એ રાજ્યના અધિકારીઓના અનેક પ્રકારોનો ખ્યાલ આવે છે.

આ પછી દાન દેવાનો હેતુ જણાવવામાં આવે છે.[12] આ હેતુ સામાન્યતઃ માતાપિતાના પુણ્યની અભિવૃદ્ધિનો દર્શાવાતો. શરૂઆતનાં દાનશાસનોમાં એ ઉપરાંત પોતાના ઐહિક તથા આમુષ્મિક યથેષ્ટ ફલની પ્રાપ્તિનો હેતુ ઉમેરાતો.

દાન લેનારને 'પ્રતિગ્રહીતા' કહેતા. પ્રતિગ્રહીતા બ્રાહ્મણ હોય તો એનું સ્થાન, ગોત્ર, સ્વાધ્યાયની વેદશાખા, વિદ્યાપર્યંતનો પ્રકાર ને એનું સ્થાન, પિતાનું નામ અને એનું પોતાનું નામ—એ વિગતો આપવામાં આવતી.[13] બ્રાહ્મણ જો એ સ્થાને બીજે ક્યાંકથી આવીને વસ્યો હોય તો એનું મૂળ વતન પણ દર્શાવવામાં આવતું.

દેવાલયની બાબતમાં એનું સ્થાન તથા એનાં દેવ કે દેવી અને કેટલીક વાર એના બંધાવનારનું નામ જણાવતા.[14] બૌદ્ધ વિહારની બાબતમાં એનું સ્થાન, એના બંધાવનારનું નામ, એમાં રહેતા તેમજ બહારથી આવતા ભિક્ષુઓ કે ભિક્ષુણીઓનાં સંઘ નિકાય યાન વગેરેની વિગત પણ આપવામાં આવતી.[15]

પ્રતિગ્રહીતાની વિગતો સાથે એને દાન આપવાનું પ્રયોજન પણ દર્શાવવામાં આવતું.[16] બ્રાહ્મણોની બાબતમાં બલિ, ચરુ, વૈશ્વદેવ, અગ્નિહોત્ર, અતિથિ અને પંચ મહાયજ્ઞોની ક્રિયાઓના પરિપાલનનું પ્રયોજન રહેતું, દેવાલયોની બાબતમાં તે તે દેવના પૂજનનું, વાદ્ય-ગીત-નૃત્યાદિનું, પૂજારીની આજીવિકાનું અને દેવાલયના સમારકામનું પ્રયોજન રહેતું. બૌદ્ધ વિહારની બાબતમાં ભિક્ષુઓ કે ભિક્ષુણીઓના ચીવર (વસ્ત્ર), પિંડપાત (ભિક્ષા), શયનઆસન અને ભૈષજ્ય(ઔષધ)નું, બુદ્ધ કે બુદ્ધોના પૂજનનું અને વિહારના સમારકામનું પ્રયોજન રહેતું.

પ્રતિગ્રહીતાને લગતી આ વિગતો પરથી તત્કાલીન ધર્મસંપ્રદાયો, ધર્મસ્થાનો તથા ધર્મપુરુષો વિશે ઠીક ઠીક માહિતી મળે છે.

દાતા અને પ્રતિગ્રહીતાની જેમ દેયભૂમિની વિગતો પણ દાનશાસનમાં અગત્યનું સ્થાન ધરાવે છે. ભૂમિદાનમાં ક્યારેક ગામનું, ક્યારેક ક્ષેત્ર(ખેતર)નું, તો ક્યારેક વાપી (વાવ)નું દાન દેવામાં આવતું. ગામની બાબતમાં એના નામ ઉપરાંત એ કયા પ્રદેશના કયા વહીવટી વિભાગમાં આવેલું છે એ પણ જણાવાતું.[17] ક્ષેત્ર કે વાપીની બાબતમાં એને લગતા ગામ ઉપરાંત એ ગામની સીમાની દિશા, એનું માપ, એનું નામ (હોય તો) અને એનાં ચારે દિશાનાં આઘાટન (ખૂંટ) પણ જણાવવામાં આવતાં. દેયભૂમિને લગતી આ વિગતો પરથી મૈત્રક રાજ્યના પ્રદેશો, વહીવટી વિભાગો તથા પેટા વિભાગો, અમુક ગામોનાં એ સમયનાં નામ (પ્રાયઃ સંસ્કૃત કે સંસ્કૃતીકૃત રૂપમાં), ભૂમિમાપના એકમ, ભૂમિના માલિકનું કે ક્ષેત્રના ખેડનારનું

નામ, ખેતરો વાવો વગેરે અને એની ચારે બાજુ આવેલા ભૂમિપ્રકારો ઇત્યાદિ અનેકવિધ માહિતી ઉપલબ્ધ થાય છે.

ભૂમિનું ધર્મદેય પ્રતિગ્રહીતાને આર્થિક સગવડ માટે આવવામાં આવતું, એની સાથે ઉદ્રંગ ઉપરિકર ઇત્યાદિ કરવેરા લેવાનો હક આપવામાં આવતો, એમાં રાજાના અધિકારીઓના–ખાસ કરીને સૈનિકોના–હસ્તક્ષેપનો નિષેધ ફરમાવવામાં આવતો અને ભૂમિચ્છિદ્ર(પડતર જમીન)ના ન્યાયે આ ભૂમિને પણ કરમુક્ત રાખવામાં આવતી.[૧૮] પ્રતિગ્રહીતાને આ ભૂમિ પરનો હક આખી જિંદગી પર્યંતનો મળતો, એટલું જ નહિ, એના પુત્રો પૌત્રો વગેરે વંશજોને પણ એ હક ચાલુ રહેતો,[૧૯] આથી આ દાન 'ચંદ્ર, સૂર્ય, સમુદ્ર, ભૂમિ, નદી અને પર્વત ટકે ત્યાં સુધીનું' અર્થાત્ શાશ્વતકાલીન હોવાનું જણાવવામાં આવતું.[૨૦] આ બધી વિગતો પરથી જમીન–મહેસૂલના પ્રકારો, જમીન પરના હકો અને ધર્મદેયોની શાશ્વતતા વિશે જાણવા મળે છે.

ધર્મદાય ઉદકાતિસર્ગ અર્થાત્ જલસંકલ્પની વિધિ દ્વારા કરવામાં આવતું.[૨૧] ધર્મદેયની રૂએ પ્રતિગ્રહીતાને એને ભોગવવાનો, ખેડવાનો, ખેડાવવાનો ને સુપરત કરવાનો હક રહેતો.[૨૨]

આ બધા નિયમ દાન દેનાર રાજા પોતાના અધિકારીઓ પાસે પળાવી શકે, પરંતુ ભવિષ્યના રાજાઓનું શું ? આથી એ આગામી 'ભદ્ર' રાજાઓને તો નૈતિક અનુરોધ કરવાનો રહે : ઐશ્વર્યો અનિત્ય છે, માનુષ્ય અસ્થિર છે ને ભૂમિદાનનું ફળ સર્વ-સામાન્ય છે, એનો ખ્યાલ કરીને તેઓ આ ધર્મદાયનું અનુમોદન આપી એનું અનુપાલન કરે.[૨૩] શરૂઆતનાં દાનશાસનોમાં તો, કોઈ ધર્મદેયનો ભંગ કરે કે કરવા દે તો, એને પંચ મહાપાતકો અને ઉપપાતકો લાગે એવી ચેતવણી પણ આપવામાં આવતી.[૨૪] આગળ જતાં સ્થળસંકોચને લઈને આ વાક્ય કમી કર્યું લાગે છે.

પરંતુ આપેલા દાનનું અનુપાલન કરવાથી મળતા પુણ્યનું તથા એનો આચ્છેદ કરવાથી લાગતા પાપનું નિરૂપણ કરતા કેટલાક પૌરાણિક શ્લોક તો અવશ્ય ટાંકવામાં આવતા.[૨૫] આ શ્લોક વેદવ્યાસના મનાતા. શરૂઆતમાં ઘણી વાર ત્રણ, કેટલીક વાર બે, અને કોઈ વાર એક, ચાર, પાંચ કે છ શ્લોક આપવામાં આવતા, પરંતુ શીલાદિત્ય ૧ લાના સમયથી દાનશાસનમાં આપવાના શ્લોકોની સંખ્યા તથા એનો ક્રમ પણ નિયત કરવામાં આવ્યો. મૈત્રક વંશનાં દાનશાસનોમાં એકંદરે નીચેના સાત શ્લોક આપવામાં આવ્યા છે :

षष्टिं वर्षसहस्राणि स्वर्गे मोदति भूमिदः ।
आच्छेत्ता चानुमन्ता च तान्येव नरके वसेत् ॥

[ ભૂમિદાતા વસે સ્વર્ગે વર્ષો સાઠ હજાર ને
છેદે કે છેદવા દે તે એટલાં નરકે વસે. ]

स्वदत्तां परदत्तां वा यो हरेत वसुन्धराम् ।
गवां शतसहस्रस्य हन्तुः प्राप्नोति किल्बिषम् ॥

[ પોતે કે પારકે દીધી ભૂમિને જે હરે નર,
લાખ ગાયો હણ્યા કેરું લાગે પાતક તેહને. ]

बहुभिर्व्वसुधा भुक्ता राजभिस्सगरादिभिः ।
यस्य यस्य यदा भूमिस्तस्य तस्य तदा फलम् ॥

[ સગરાદિ ઘણા રાજા ભૂમિને ભોગવી ગયા;
જેની જેની યદા ભૂમિ તેનું તેનું તદા ફલ. ]

पूर्व्वदत्तां द्विजातिभ्यो यत्नाद्रक्ष युधिष्ठिर ।
महीं मतिमतां श्रेष्ठ दानाच्छ्रेयो[ऽ]नुपालनम् ॥

[ દ્વિજોને દાન દીધેલી યત્ને પાળ, યુધિષ્ઠિર !
ભૂમિને, શ્રેષ્ઠ ભૂપાલ, દાનથી શ્રેય પાલન. ]

यानीह दारिद्र्यभयान्नरेन्द्रैर्द्धनानि धर्म्मायतनीकृतानि ।
निर्भुक्तमाल्यप्रतिमानि तानि को नाम साधुः पुनराददीत ॥

[ધર્માશ્રયે દાન કરેલ ભૂપે છે દ્રવ્ય નિર્માલ્ય સમાન તે તે;
દરિદ્રતાના ભયથી ખરે એ પાછાં લઈ સજ્જન કોણ લે રે ? ]

विन्ध्याटवीष्वतोयासु शुष्ककोटरवासिनः ।
कृष्णाहयो हि जायन्ते भूमिदायं हरन्ति ये ॥

[ ભૂમિદાય હરે છે જે જન્મે છે કૃષ્ણસર્પ તે;
વસે શુષ્ક બખોલોમાં વિંધ્ય-નિર્જલ-કાનને. ]

लक्ष्मीनिकेतं यदपाश्रयेण प्राप्तो[ऽ]सि [ह्ये]को[ऽ]भिमतं नृपार्थः ।
तान्येव पुण्यानि विवर्द्धयेथा न हापनीयो ह्युपकारिपक्षः ॥

[ જેના થકી ઈપ્સિત અર્થ પામ્યો લક્ષ્મી તણો આશ્રય [એ]ક, ભૂપ !
પુણ્યો રહ્યાં એ જ વધારવાનાં, ગુમાવવો ના ઉપકારિપક્ષ. ]

આગળ જતાં જ્યારે શ્લોક નિયત કરવામાં આવ્યા ત્યારે આમાંથી बहुभि०, यानीह० અને षष्टिं० એ ત્રણ શ્લોક પસંદ કરવામાં આવ્યા. આમાંના ઘણાખરા શ્લોક સ્કંદ, પદ્મ, ભવિષ્ય અને વિષ્ણુધર્મોત્તર જેવાં પુરાણોમાં આપેલા છે.[૨૬]

દાનશાસનને અંતે રાજશાસનના દૂતકનાં નામ અને હોદ્દો, દાનશાસન ઘડનારનાં નામ અને હોદ્દો, દાનની મિતિ અને દાન દેનાર રાજાના દસ્કત આપવામાં આવે છે.[૨૭] શરૂઆતનાં દાનશાસનોમાં આ ચાર બાબતો ગમે તે ક્રમમાં રજૂ થતી, પરંતુ શીલાદિત્ય ૧ લાના સમયથી એનો ક્રમ ઉપર જણાવ્યા મુજબ નિયત કરવામાં આવ્યો.

દાનશાસન ઘડવાનો હક અમુક પ્રકારના અધિકારીને રહેતો. ધર્મદેય દેતી વખતે એ ત્યાં હાજર હોય તો રાજા એને સ્વમુખે આજ્ઞા કરતો, પરંતુ એવું ભાગ્યેજ બનતું. સામાન્ય રીતે તો અન્ય કોઈ જવાબદાર અધિકારી એને રાજ-શાસનનો સંદેશો પહોંચાડતો, એને 'દૂતક' કહેતા. દૂતકનો અધિકાર સામાન્ય રીતે રાજપુત્ર કે સામંતને અને કેટલીક વાર મહાપ્રતીહાર કે મહાક્ષપટલિક જેવા ઉચ્ચ અધિકારીને સોંપાતો.[૨૮] દાનશાસન ઘડવાનો અધિકાર સામાન્ય રીતે દિવિરપતિ (લિપિકરોનો ઉપરી) સંભાળતો. દિવિરપતિનો અધિકાર ઘણી વાર સંધિ-વિગ્રહાધિકૃતને ને કેટલીક વાર બલાધિકૃતને સોંપવામાં આવતો. [૨૯] દૂતક અને લેખકના હોદ્દાઓની વિગતો પરથી મૈત્રક રાજ્યના અધિકારીઓ વિશે વિશેષ માહિતી સાંપડે છે.

દરેક દાનશાસનમાં દાનની મિતિ આપવામાં આવે છે. મૈત્રક રાજ્યનાં દાનશાસનોમાં વર્ષ, માસ, પક્ષ અને તિથિ જણાવતા, વાર જણાવતા નહિ. [૩૦] વર્ષ માટે 'સંવત્સર' શબ્દ પ્રયોજાતો. મૈત્રક વંશનાં દાનશાસન સંવત્સર ૧૮૩ થી ૪૪૭ નાં છે. અહીં આ વર્ષ કયા સંવતનાં છે એ જણાવતા નહિ, પરંતુ આ વર્ષ વલભી સંવતનાં હોવાનું માલૂમ પડ્યું છે.[૩૧] વર્ષની સંખ્યા અંકોમાં આપવામાં આવતી; માસનું નામ આપવામાં આવતું. કોઈ વર્ષે અધિક માસ આવ્યો હોય તો પછીના માસને 'દ્વિતીય' કહેવામાં આવતો.[૩૨] પક્ષ માટે 'શુદ્ધ' (શુક્લ) અને 'બહુલ' (કૃષ્ણ) શબ્દ વપરાતા.[૩] તિથિ અંકોમાં આપવામાં આવતી. ક્વચિત્, ગ્રહણનું પર્વ હોય તો એનો નિર્દેશ કરવામાં આવતો.[૩૪] મિતિને લગતી આ વિવિધ વિગતો પરથી મૈત્રક રાજ્યમાં સંવત, વર્ષ, માસ અને અધિક માસ અંગે કાલગણનાની કઈ પદ્ધતિઓ પ્રચલિત હતી એ જાણવા મળે છે.[૩૫]

રાજાના દસ્કતમાં શરૂઆતમાં તો એનું બિરુદો સાથે નામ આપવામાં આવતું, પરંતુ શીલાદિત્ય ૧ લાના સમયથી એને બદલે માત્ર 'स्वहस्तो मम' (દસ્કત પોતે) લખાતું. દાનશાસનના ખતની પ્રમાણિતતા માટે રાજાના દસ્કત અગત્યના હોઈ, એમાં તે તે રાજાના દસ્કતનો મરોડ ઘણું મહત્ત્વ ધરાવતો હશે.

મૈત્રક રાજ્યનાં દાનશાસનોની લેખપદ્ધતિ ગુપ્ત સામ્રાજ્ય કરતાં વાકાટક રાજ્યની લેખપદ્ધતિ સાથે ઘણું સામ્ય ધરાવે છે.

**તામ્રપત્રો**

ભૂમિદાન શાશ્વત પ્રકારનું હોઈ એને લગતું શાસનપત્ર પેઢીઓ ને પેઢીઓ લગી જાળવી રાખવાની જરૂર રહેતી, આથી પ્રતિગ્રહીતાને દાનશાસન તાંબાનાં પતરાં પર કોતરાવી આપવામાં આવતું, એને 'તામ્રપત્રો' કહે છે. આ પતરાં ખતના પત્રના કદ પ્રમાણે કાપવામાં આવતાં. તાડપત્ર પરથી કપાતાં તામ્રપત્ર લંબાઈની સરખામણીએ પહોળાઈમાં ઘણા સાંકડાં રહેતાં. દક્ષિણ ગુજરાતનાં ઘણાં તામ્રપત્ર આવા આકારનાં છે, પરંતુ મૈત્રક રાજ્યનાં તામ્રપત્રોની પહોળાઈ એની લંબાઈ કરતાં થોડી જ ઓછી હોય છે, કેમકે ઉત્તર ભારતનાં તામ્રપત્રોની જેમ એનો આકાર ભૂર્જપત્ર પરથી ઘડાતો.[૩૬] દ્રોણસિંહનું દાનશાસન, જે મૈત્રક રાજ્યનું પહેલું જ્ઞાત દાનશાસન છે તે, ટૂંકું હોઈ એને એક પતરા પર કોતરવામાં આવેલું, પરંતુ પછી રાજવંશ, પૂર્વાધિકારીઓ અને દાન દેનાર રાજાની પ્રશસ્તિ ઉમેરાતાં દાનશાસનને બે પતરાં પર કોતરવાની પ્રથા પ્રચલિત થઈ ને છેવટ સુધી ચાલુ રહી. સમય જતાં રાજવંશાવળીનો વિસ્તાર વધતો ગયો તેની સાથે આ પતરાંનું કદ પણ વધારતા ગયા. તામ્રપત્રનું કદ શરૂઆતમાં સરેરાશ ૩૦×૨૦ સેં.મી. (૧૨×૮ ઇંચ) હતું તે આગળ જતાં સરેરાશ ૪૦×૩૦ સેં.મી. (૧૬×૧૨ ઇંચ) જેટલું થયું.[૩૭] શરૂઆતમાં ભટાર્ક પછીના ચાર રાજાઓની પ્રશસ્તિ કમી કરવામાં આવી, છતાં દાનશાસનનું લંબાણ વધતું ગયું. પછી પતરાંનું કદ વધારવા ઉપરાંત અક્ષરોનું કદ ઘટાડતા રહેવાનું અપનાવવામાં આવ્યું. પરિણામે હવે પંક્તિમાં લગભગ ૨૪ ને બદલે છેક ૭૫ જેટલા અક્ષર સમાવી શકાતા ને પતરા પર ૧૨–૧૫ પંક્તિને બદલે ૩૦–૩૫ કે એથીય વધુ પંક્તિ કોતરી શકાતી.[૩૮]

દરેક તામ્રશાસનનાં પતરાંને એક છેડે તાંબાની બબ્બે કડીઓ વડે જોડવામાં આવતાં. આ માટે પહેલા પતરાના નીચલા છેડા પાસે અને બીજા પતરાના ઉપલા છેડા પાસે બબ્બે મોટાં કાણાં પાડવામાં આવતાં. આમ કરવાથી તામ્રશાસનનાં બંને પતરાં એક છેડે જોડાયેલાં રહે છે ને અંદરનો લેખ વાંચવા માટે બીજે

છેડેથી ખોલી જ શકાય છે. તામ્રપત્ર જમીનમાં દાટીને કે ઘરના ગોખલામાં કે કોઠલામાં મૂકીને સાચવવામાં આવતાં, એથી એની બહારની બંને બાજુ કોરી રાખવામાં આવતી; અર્થાત્, લખાણ અંદરની બાજુ પર જ કોતરવામાં આવતું. લખાણવાળી અંદરની બાજુઓ એક-બીજા સાથે ઘસાય નહિ એ માટે બંને પતરાંની કોર ચારે બાજુએ અંદર વાળવામાં આવતી. પતરાંને જોડનારી કડીના તારને ગોળ વાળી એના છેડા એક-બીજા સાથે જોડી દેવામાં આવતા. એમાંની એક કડીના સાંધા પર રાજમુદ્રાની છાપ લગાવવામાં આવતી, જેથી તામ્રશાસનોનાં પતરાંની જોડી અકબંધ રહે ને પ્રમાણિત ગણાય. મૈત્રક રાજ્યની રાજમુદ્રાના ઉપલા ભાગમાં બેઠેલા નંદિનું ચિહ્ન અને નીચલા ભાગમાં રાજવંશના સ્થાપક શ્રીભટાર્કના નામનું લખાણ હોય છે.[૩૯] તામ્રપત્ર પર લહિયો દાનશાસનની પંક્તિઓ લખી આપતો ને કંસારો એ પ્રમાણે અક્ષરો કોતરતો. દાનશાસનમાં કંસારાનું નામ આપવામાં આવતું નહિ.

ક્યારેક આગળ જતાં પાછલા કોઈ રાજાના નામે બનાવટી દાનશાસન લખાતું ને તામ્રપત્રો પર કોતરાતું, પરંતુ એવા દાનશાસનમાંની અસંગત વિગતો પરથી તેમજ એની લિપિના મરોડ પરથી એ અનુકાલીન બનાવટ હોવાનું પકડાઈ જાય છે.[૪૦]

મૈત્રક રાજ્યનાં તામ્રશાસનો પરથી એ રાજ્યના રાજવંશ, રાજ્યતંત્ર, ધર્મસંપ્રદાયો, લિપિ, કાલગણના ઇત્યાદિ વિશે વિપુલ માહિતી ઉપલબ્ધ થઈ છે.

## પાદટીપો

૧—૨. P. V. Kane, *Histotry af Dharmaśāstra*, Vol. II, pp. 437 ff.

૩. જુઓ મૈ.ગુ., ભા ૧, પરિશિષ્ટ ૧, જેમાં આ વંશનાં ૧૦૧ તામ્રશાસન ગણાવ્યાં છે. એ પછી બીજાં સાત તામ્રશાસન મળ્યાં છે. સન ૧૯૭૦ની આખરે કુલ સંખ્યા ૧૦૮ થઈ છે. એમાં બે તામ્રશાસન બનાવટી છે.

૪–૭. મૈ.ગુ., ભા. ૨, પૃ. ૫૩૫

૮. જુઓ મૈત્રક રાજાઓની વંશાવળી.

૯. મૈ.ગુ., ભા. ૨, પૃ. ૪૯૭–૪૯૯

૧૦–૧૬. એજન, પૃ. ૫૩૫–૫૩૬, પરિશિષ્ટ ૩

૧૭. એજન, પૃ. ૫૩૭; પરિશિષ્ટ ૪

૧૮–૨૪. એજન, પૃ. ૫૩૭; વળી જુઓ એજન, પૃ ૩૪૫.

૨૫-૨૬. એજન, પૃ. ૩૪૫-૩૪૭, ૫૩૫

૨૭. એજન, પૃ. ૫૩૪, ૫૩૮

૨૮-૨૯. એજન, પૃ. ૫૧૪-૫૧૫

૩૦. એજન, પૃ. ૫૩૮, ૬૦૦

૩૧. મૈ.ગુ., ભાગ ૨, પૃ. ૫૭૨-૫૭૪

૩૨. કોઈ મિતિ અધિક માસની મળી નથી.

૩૩. 'સુદ' અને 'વદ' શબ્દ 'शु.दि.' અને 'ब.दि.' સંક્ષિપ્તરૂપો પરથી થયા છે.

૩૪ મૈ.ગુ., ભા. ૨, પૃ. ૬૦૨

૩૫. જુઓ ગ્રંથ ૧, પ્ર. ૧૩; મૈ.ગુ., ભા. ૨, પૃ. ૫૭૭-૫૮૫

૩૬-૩૯. મૈ.ગુ., ભા. ૨, પૃ. ૫૪૨-૫૪૬

૪૦. દા. ત. ધરસેન ૨ જાના નામનાં શક ૪૦૦નાં બે દાનપત્ર (મૈ.ગુ., ભા. ૧, પૃ. ૮૦-૮૧)

## પ્રકરણ ૫

# શ્રીમાલ–ભિલ્લમાલ

## ગુર્જરદેશનું પાટનગર

**શ્રીમાલ-ભિલ્લમાલ**

આનર્ત–સૌરાષ્ટ્રને ગુર્જરદેશ કે ગુજરાતનું નામ ક્યારે મળ્યું એ ગુજરાતના ઇતિહાસનો હજી અણઉકલ્યો કોયડો છે. મહી–ઓરસંગથી મીંઢોળા નદી સુધીના વિસ્તારમાં સત્તા ધરાવતા ગુર્જરનૃપતિવંશીઓનાં તામ્રપત્ર મળ્યાં છે અને એ પ્રમાણે સાતમા-આઠમા સૈકામાં એકસોથી વધુ વર્ષનું ગુર્જર રાજ્ય વડોદરા, ભરૂચ અને સુરત જિલ્લામાં દેખા દે છે.[1] આ ગુર્જર રાજ્યની રાજધાની પહેલાં નાંદીપુરી–નાંદીપુર (નાંદોદ) અને પછી ભરુકચ્છ (ભરૂચ) હતી.[2] બીજી બાજુ ઉત્તરમાં ગુર્જરદેશ હતો, જેની રાજધાની ભિલ્લમાલ (શ્રીમાલ) હતી એમ યુઅન શ્વાંગે પોતાની પ્રવાસનોંધમાં લખેલું છે.[3] હાલના ગુજરાતના ભૂભાગમાં થયેલાં તત્કાલીન કેટલાંક રાજકુલ ગુર્જરજાતિનાં કે ગુર્જરદેશનાં હોવાં સંભવે છે. એમાંય રાજિપુત્ર મૂલરાજ સોલંકીનું રાજકુલ ખાસ નોંધપાત્ર છે. આ પ્રદેશનું નામ આગળ જતાં ગુર્જરદેશ કે ગુજરાત પડ્યું, પરંતુ સાતમી સદીમાં તો શ્રીમાલ–ભિલ્લમાલ(ભીનમાલ)ની આસપાસનો પ્રદેશ ગુર્જરદેશ તરીકે ઓળખાતો હતો. આ પ્રદેશ હાલ આબુની ઉત્તરપશ્ચિમે આજના રાજસ્થાનના દક્ષિણપશ્ચિમ ભાગમાં આવેલો છે (નકશો ૨).

ગુજરાતની ઘણી ઇતર વર્તમાન જ્ઞાતિઓ પણ એમના આચાર, વિચાર અને ધર્મમાં શ્રીમાલ–ભિલ્લમાલ સાથે સંબંધ ધરાવે છે એ પરથી એમ કહી શકાય કે 'ગુજરાતની જાતિઓ–જ્ઞાતિઓનું ઘડતર શ્રીમાલનું છે અને એ શ્રીમાલ–ભિલ્લમાલની ગુર્જરતા આનર્ત, સૌરાષ્ટ્ર અને લાટમાં વિસ્તરી છે એ નિઃશંક છે. આ અર્થમાં પ્રાચીન ગુર્જરદેશનું પહેલું રાજકીય તથા સાંસ્કૃતિક પાટનગર શ્રીમાલ કે ભિલ્લમાલ ગણાય.

**નામની ઉત્પત્તિ**

શ્રીમાલ-ભિલ્લમાલ અંગે એક પુરાણ રચાયેલું છે, જેનું નામ શ્રીમાલ-પુરાણ કે શ્રીમાલમાહાત્મ્ય છે.[૪] આ પુરાણમાં શ્રીમાલ નામ કેવી રીતે પડયું એની કથા આપેલી છે.

શ્રીમાલ નામે જે નગરી જાણીતી થઈ તેનું પ્રારંભનું નામ ગૌતમાશ્રમ હતું. ઋષિ ગૌતમને શિવ ભગવાને ત્ર્યંબક સરોવર છે ત્યાં જવા કહ્યું હતું. ત્ર્યંબક સરોવર સૌગંધિક પર્વતની ઉત્તરે આવેલું છે અને આબુ પર્વતના વાયવ્ય કોણમાં છે. સરોવરની પાસે વરુણ કાનન છે, જ્યાં તપ કરવાથી વરુણને એની સત્તા પ્રાપ્ત થઈ હતી. ગૌતમે પાંચ ગવ્યૂતિ(દસ માઈલ)ના પ્રદેશમાં પોતાનો આશ્રમ સ્થાપ્યો અને એ પોતાની પત્ની અહલ્યા અને ભક્તો સાથે ત્યાં રહેવા લાગ્યા. આ જ સ્થળ પાછળથી 'શ્રીમાલ' નામે જાણીતું થયું.[૫]

'શ્રીમાલ' નામ કેમ પડ્યું એ અંગેની રસપ્રદ માહિતી શ્રીમાલપુરાણમાંથી મળી આવે છે. ભૃગુ ઋષિને ત્યાં પુત્રી તરીકે લક્ષ્મીજીનો જન્મ થયો અને એને વિષ્ણુ સાથે પરણાવવામાં આવી. આ સ્થળ ઉપર થઈને વિષ્ણુ અને બીજા દેવો પસાર થતા હતા તે વખતે તેઓ એક સ્થળે રોકાયા ત્યારે ત્ર્યંબક સરોવરમાં સ્નાન કર્યા પછી શ્રીને પોતાના સાચા સ્વરૂપનો ખ્યાલ આવ્યો. શ્રીને સાચું જ્ઞાન થયું એને પરિણામે દેવોએ સમગ્ર પ્રદેશને દૈવી પુષ્પોની માળાઓથી ઢાંકી દીધો, આથી પાંચ કોશ જેટલી સમગ્ર ભૂમિ કે જે દેવોના વિમાન માટે ઉપયોગમાં લેવામાં આવી હતી તેને શ્રીની વિનંતીથી 'શ્રીમાલ' નામ આપવામાં આવ્યું. સમગ્ર પ્રદેશ શ્રીએ બ્રાહ્મણોને બક્ષિસ તરીકે આપ્યો અને ઇચ્છા પ્રદર્શિત કરી કે પોતા માટે થોડીક જગા રાખવી. વિષ્ણુએ પોતાના ગણોને જણાવ્યું કે જુદા જુદા ભાગમાંથી પવિત્ર બ્રાહ્મણોને લાવવા અને વિશ્વકર્માને આ સ્થળ ઉપર સુંદર શહેર બાંધવા જણાવવું. દૈવી સ્થપતિએ ભવ્ય શહેર બાંધ્યું એનું સુંદર વર્ણન શ્રીમાલપુરાણમાં આપેલું છે. આ શહેરને અવકાશમાં રહીને શ્રી, વિષ્ણુ અને બીજા દેવોએ જોયું અને એ માટે સંપૂર્ણ સંતોષ વ્યક્ત કરતાં કહ્યું કે "अहो रम्यमहो रम्यमहो रूपमहो महः।".

ખૂબ સંતોષ પામીને શ્રીએ વિશ્વકર્માને દૈવી હસ્તસૂત્ર અને સુવર્ણકમળહાર આપ્યાં અને વિષ્ણુએ એને વરદાન આપ્યું : "તમે જે સ્થાપત્યવિદ્યા ઉત્પન્ન કરી છે તે ધર્મશાસ્ત્ર હોય તે રીતે શ્રેષ્ઠ બ્રાહ્મણો એનો અભ્યાસ કરશે. જ્યાં મહેલો અને ઘરો બંધાતાં હશે ત્યાં સ્થપતિઓમાં તમે જ સૌ પ્રથમ માન

પામશે એ નિ:શંક છે."[૬] જ્યારે આપણે ગુજરાતના સ્થાપત્યનો વારસો અને સ્થપતિઓ કે જેઓએ સ્થાપત્ય તૈયાર કર્યું છે તેનો અભ્યાસ કરીએ છીએ ત્યારે એમ જણાય છે કે "ઇશ્વરે આપેલું વચન બરાબર પળાયું છે."

પવિત્ર બ્રાહ્મણો આવ્યા અને તેઓએ શ્રી પાસેથી શહેરની બક્ષિસ મેળવી.[૭]

જે સ્થળ ઉપર આ શહેર બંધાયું તે 'શ્રીમાલનગર' તરીકે જાણીતું થયું.[૮]

સ્વજાતિ ધનવાન હોવા છતાં એણે પુરુષરત્ન માઘનો ક્ષુધાથી નાશ થવા દીધો એટલે શ્રીમાલનું નામ 'ભિલ્લમાલ' પડ્યું એવું માઘ-પ્રબંધ જણાવે છે.[૯]

શ્રીમાલમાં કલિયુગ આવેલો જાણીને લક્ષ્મી ત્યાંથી ચાલી ગઈ, ને એના જવાથી શૂન્ય થયેલા શ્રીમાલનું 'ભિન્નમાલ' નામ થયું એવું શ્રીમાલપુરાણ જણાવે છે.[૧૦] પુરાણ પ્રમાણે શહેરનું 'શ્રીમાલનગર' નામ સત્યયુગમાં હતું; ત્રેતાયુગમાં એનું નામ 'પુષ્પમાલ' હતું; ને કલિયુગમાં એ 'ભિન્નમાલ' કે 'ભિલ્લમાલ'ના નામે જાણીતું થયું. એનું ચોથું નામ પુરાણમાં બતાવેલું છે અને પ્રબંધચિંતામણિએ પણ એની નોંધ કરી છે. એ છે 'રત્નમાલ', જેની કથા રાજા શ્રી-પુંજ અને એની પુત્રી શ્રીમાતાના સંબંધમાં ઉદ્‌ભવેલી છે.[૧૧]

ઐતિહાસિક દૃષ્ટિએ આનો વિચાર કરીએ.

ભિન્નમાલ કે ભિલ્લમાલ, શ્રીમાલ, પુષ્પમાલ અને રત્નમાલ આ ચારે નામોને અંતે 'માલ' શબ્દ આવે છે. 'માલ' શબ્દના ત્રણ અર્થ થાય છે: (૧) બે ગામડાં વચ્ચેનું જંગલ, (૨) ઊંચો ડુંગરાળ પ્રદેશ, અને (૩) એ નામની મ્લેચ્છ જાતિ.[૧૨]

'ભિલ્લમાલ' કલિયુગનું નામ છે. ઘણા પ્રદેશો ત્યાં રહેતી જાતિઓના નામથી ઓળખાય છે, આથી ભિલ્લ અને માલ નામની પ્રજા આ પ્રદેશમાં વસતી હશે અને તેથી એ પ્રદેશ 'ભિલ્લમાલ' નામે જાણીતો થયો હશે.[૧૩] જેમ જેમ શહેર સમૃદ્ધ થતું ગયું તેમ તેમ ત્યાંના રહેવાસીઓએ 'શ્રીમાલ' નામ પ્રચારમાં મૂક્યું હશે. સાતમા સૈકાના સુપ્રસિદ્ધ જ્યોતિષાચાર્ય બ્રહ્મગુપ્ત 'ભિલ્લમાલકાચાર્ય' તરીકે ઓળખાય છે.[૧૪] શ્રીમાલપુરાણમાં પવિત્ર સ્થળોની યાદી આપી છે તેમાં કૈરાત સરોવરનો ઉલ્લેખ છે.[૧૫] આ સરોવર કિરાતો કે ભિલ્લો માટે પવિત્ર હશે.

### વિસ્તાર

આ શહેરના વિસ્તારનો ખ્યાલ મેળવવો મુશ્કેલ નથી. શ્રીમાલપુરાણ પ્રમાણે ગૌતમાશ્રમનો અર્થાત્ શ્રીમાલ ક્ષેત્રનો વિસ્તાર પાંચ ગવ્યૂતિનો[૧૬] એટલે કે આશરે પંદરેક માઈલનો થાય. શહેરનું સમગ્ર ક્ષેત્રફળ મોટાં મોટાં મકાનોમાં રોકાઈ ગયું છે. જે જગા દેવોના વિમાને રોકી હતી તે જગા પાંચ કોશ[૧૭] એટલે દસ માઈલની હતી; ને પરાંઓ સાથેના શ્રીમાલનગરનો વિસ્તાર પાંચ યોજન[૧૮] એટલે કે વીસ માઈલનો થાય છે.

યુઅન શ્વાંગ આ નગરનો ઘેરાવો ૩૦ લી (પાંચ માઈલ) હોવાનું જણાવે છે.[૧૯]

### વર્ણન

ગુર્જરોની આ રાજધાની ભિલ્લમાલની મુલાકાત ચીની પ્રવાસયાત્રી યુઅન શ્વાંગે સાતમા સૈકામાં લીધી હતી. પોતાની પ્રવાસનોંધમાં એ એનું વર્ણન કરતાં જણાવે છે કે:

વલભીથી ઉત્તર તરફ લગભગ ૧૮૦૦ લીના અંતરે કૌચેલો(ગુર્જર)ની રાજધાની આવેલી છે. આ પ્રદેશ ૫,૦૦૦ લીના ઘેરાવામાં છે. અને એની રાજધાની પીલોમોલો ૩૦ લીનો ઘેરાવો ધરાવે છે. આ સ્થળનો ખેતપ્રદેશ અને લોકોની રીતભાત સૌરાષ્ટ્રને મળતાં આવે છે. વસ્તી ગીચ છે. સ્થાનો સમૃદ્ધ અને અનેક વસ્તુથી ભરેલાં છે. તેઓ નાસ્તિક છે, થોડાંક બૌદ્ધ ધર્મને માને છે. ત્યાં એક સંઘારામ છે, જેમાં સો સાધુઓ રહે છે. તેઓ હીનયાન અને સર્વાસ્તિવાદનો ઉપદેશ કરે છે. એમાં કેટલાંક દેવમંદિરો છે તેઓમાં અનેક ધર્મની પૂજા થાય છે. રાજા ક્ષત્રિય વર્ણનો છે. એ વીસ વર્ષનો જુવાન છે. એ એનાં જ્ઞાન અને શૌર્ય માટે જાણીતો છે. એ બૌદ્ધધર્મી છે. વિવિધ શક્તિ ધરાવતાં માનવીઓને એ માન આપે છે.[૨૦]

પ્રભાવકચરિતના લેખક પ્રભાચંદ્રસૂરિ (વિ. સં. ૧૩૩૪–ઈ. સ. ૧૨૭૮) આ ભવ્ય નગરનું વર્ણન આ પ્રમાણે કરે છે:

ગૂર્જરદેશ કે ગૂર્જરભૂમિ કે જે શ્રીથી સમૃદ્ધ છે તેમાં શ્રીમાલ નામે એક શહેર છે, જે એક સૌંદર્યવતી અપ્સરા સમાન છે. ત્યાંનાં મંદિરોના કુંભોની શ્રેણી જાણે કે શહેરના મુગટ ઉપરનાં રત્નો છે. એ ભવ્ય મહેલો સુંદર મત્તવારણોથી શણગારાયેલા છે. એનો મુખ્ય માર્ગ શક્તિશાળી હાથીઓની

હાજરીથી શોભાયમાન છે. આ શહેરમાં સુંદર જૈન મંદિરો છે અને મહાન સાધુઓ વસે છે.[૨૧]

શ્રીમાલપુરાણ જે શ્રીમાલનો પ્રદેશ ગુર્જર મટી પાછો મરુમાં ગણાયો ત્યાર પછી લખાયું લાગે છે, તેમાં શ્રીમાલનગરનું સુંદર વર્ણન આપેલું છે: "ચૂનાથી ધોળેલી એની ઊંચી હવેલીઓ ગગનાંગણમાં હંસોની પંક્તિઓ જેવી શોભે છે. મકાનોની જાળીઓમાંથી દેખાતી ચિત્રોવાળી ભીંતો ગૃહલક્ષ્મીઓનાં ચિત્ર-વિચિત્ર વસ્ત્રોની જેમ શોભતી હતી. હવેલીઓનાં શિરોગૃહો ઉપર સિંદૂર છંટાતું ને ત્યારે એ આકાશમાં રાતાં ઇંદ્રગોપ (ગોકળગાય) જેવાં લાગતાં હતાં. નગરના છેડાઓ ઉપર ૨૮ પટ્કોણ સ્તંભ ઊભા કરવામાં આવ્યા હતા. સ્થળે સ્થળે તોરણો હતાં–ક્યાંક સોનેરી, ક્યાંય મણિમય ને ક્યાંક રૂપેરી. એ નગરના સૌધોનો મહાન ઉચ્છ્રય કિનારા પર ઊછળી આવેલા ઉત્તરસમુદ્રનું સ્મરણ કરાવતો હતો."[૨૨]

નગરની રચના ચતુરસ્ર હતી.[૨૩]

પુરાણ શ્રીમાલના કેટલાક આંકડાઓ આપે છે, જેને 'શ્રીમાલિકી સર્વસંખ્યા' કહે છે તે પ્રમાણે શ્રીમાલમાં ૧૦૦૦ ગણપતિ, ૪૦૦૦ ક્ષેત્રપાલો, ૮૪ ચંડિકા દેવીઓ, ૧૦૦૦ સરોવરો, ૧૧૦૦૦ શિવલિંગો, ૯૯૯ મુખ્ય મંદિરો અને દુર્ગાનાં ૧૮૦૦૦ મંદિરો હતાં.

૪૦૦૦ બ્રહ્મશાળાઓ, ૮૦૦૦ દુકાનો અને ૧૦૦૦ સભાગૃહો હતાં.

આ નગરના સંરક્ષિત દુર્ગની દીવાલમાં ૮૪ દરવાજાઓ હતા.

આ શહેરની પૂર્વ દિશામાં રહેતા વૈશ્યો 'પ્રાગ્વાટ' નામે જાણીતા થયા, તેવી જ રીતે દક્ષિણના 'ધનોત્કટ' અને પશ્ચિમ અને ઉત્તરના 'શ્રીમાલી' કહેવાયા.[૨૪]

**ઇતિહાસ**

"શ્રીમાલમાં સચવાયેલી પ્રણાલી પ્રમાણે જગત્સ્વામી કે સૂર્યનું સૌ પ્રથમ મંદિર વિ. સં. ૨૨૨(ઈ. સ. ૧૬૬)માં બંધાયું. શહેરનો નાશ વિ. સં. ૨૬૫ (૨૦૯ ઈ. સ.)માં થયો. વિ. સં. ૪૯૪(ઈ. સ. ૪૩૮)માં રાક્ષસોએ શહેરનો ફરીથી નાશ કર્યો અને વિ. સં. ૭૦૦(ઈ. સ. ૬૪૪)માં શહેર ફરીથી વસ્યું. વિ. સં. ૯૦૦(ઈ. સ. ૮૪૪)માં ત્રીજી વખત શહેરનો નાશ થયો. વિ. સં. ૯૫૫-(ઈ. સ. ૮૯૯)માં શહેર ફરીથી વસ્યું અને બાર સૈકાઓ સુધી એની સમૃદ્ધિ ટકી રહી."[૨૫]

ભીનમાલની પ્રમાણભૂત લિખિત માહિતી વર્મલાતના સમયનો શિલાલેખ પૂરી પાડે છે.[૨૬] પ્રભાવકચરિતના મતે એ શ્રીમાલનો રાજા હતો.[૨૭] શિલાલેખ વિ. સં. ૬૮૨(ઈ. સ. ૬૨૬)નો છે. એક રાજા વર્મલાતનો ઉલ્લેખ માઘ કવિએ પોતાના સંસ્કૃત મહાકાવ્ય 'શિશુપાલવધ'ની પ્રશસ્તિમાં કરેલો છે. આ બંને વર્મલાત એક જ હોય તો સુપ્રભદેવ કે જે માઘના દાદા હતા તે વર્મલાતના મુખ્ય મંત્રી હતા. કવિના પિતાનું નામ દત્તક હતું; અને લોકો એના મૈત્રીભર્યા વર્તનને લીધે એને 'સર્વાશ્રય' તરીકે સંબોધતા હતા. માઘના મહાકાવ્યના દરેક સર્ગને અંતે 'શ્રી' શબ્દ આવે છે અને માઘ 'શ્ર્યંક' કહેવાય છે. અને આ રીતે એણે પોતાના નગર શ્રીમાલને એના મહાકાવ્યમાં યાદગાર બનાવ્યું.[૨૮]

ભીનમાલનો રાજકીય ઇતિહાસ જોતાં જણાય છે કે વર્મલાત (ઈ. સ. ૬૨૬) પછી ચાપ વંશનો રાજા વ્યાઘ્રમુખ શ. સં. ૫૫૦(ઈ. સ. ૬૨૮)માં રાજ્ય કરતો હતો.[૨૯] જ્યારે યુઅન શ્વાંગ ઈ. સ. ૬૪૧માં આવ્યો ત્યારે ત્યાં ૨૦ વર્ષનો એક ક્ષત્રિય રાજા રાજ્ય કરતો હતો તે કદાચ વ્યાઘ્રમુખનો પુત્ર હશે.[૩૦] ભીનમાલની આસપાસના પ્રદેશમાં ત્યારે ગુર્જર-પ્રતીહારો રાજ્ય કરતા હતા.[૩૧] આ સમયે આ સમસ્ત પ્રદેશ 'ગુર્જરદેશ' તરીકે ઓળખાતો હોવાનું જણાય છે.[૩૨] નવસારીના ચાલુક્ય રાજા પુલકેશીના કલચુરિ સંવત ૪૯૦(ઈ. સ. ૭૩૯)ના તામ્રપત્રમાં ઉલ્લેખ છે કે મુસલમાનોએ ચાવોટકો ઉપર હુમલો કર્યો.[૩૩] જો આ ભીનમાલના ચાપો હોય તો એમ જરૂર કહી શકાય કે ભીનમાલ ઉપર ઈ. સ. ૭૩૯ પહેલાં હુમલો થયો હતો.[૩૪]

ચાપો પછી ભીનમાલમાં પ્રતીહારો રાજ્ય કરતા હતા. ચાપોની જગાએ પ્રતીહારો ક્યારે આવ્યા એ જાણી શકાયું નથી. પંડિત ગૌરીશંકર ઓઝા આ બનાવ ઈ. સ. ૭૪૦ અને ઈ. સ. ૮૦૯ની વચમાં મૂકે છે.[૩૫]

આ પ્રતીહારો અવંતિમાં પણ રાજ્ય કરતા હતા.[૩૬]

સૌ પ્રથમ પ્રતીહાર રાજા નાગભટ હતો. ભરૂચના ચૌહાણ રાજા ભર્તૃવૃદ્ધ બીજાના તામ્રપત્ર(વિ. સં. ૮૧૩-ઈ. સ. ૭૫૭)માં નોંધાયેલો નાગાવલોક તે આ નાગભટ હોય તો ભર્તૃવૃદ્ધ નાગભટનો સામંત હતો.[૩૭] આ તામ્રપત્ર ભરૂચ જિલ્લાના હાંસોટ ગામમાંથી મળી આવ્યું હતું, આથી એમ કહી શકાય કે નાગભટનું સામ્રાજ્ય ઉત્તરમાં મારવાડથી દક્ષિણમાં ભરૂચ સુધીનું હતું.[૩૮] આ સમયે બલૂચીઓએ એના રાજ્ય ઉપર હુમલો કર્યો હતો, પણ એમને મારી હઠાવવામાં આવ્યા હતા.[૩૯]

ત્યાર પછી બે રાજા કાકુત્સ્થ અને દેવરાજ થઈ ગયા અને પછી આવ્યો વત્સરાજ. વત્સરાજે બંગાળાના ગૌડ રાજાઓને જીતી લીધા. જ્યારે એ માળવાના રાજા સાથે યુદ્ધમાં રોકાયેલો હતો ત્યારે એના ઉપર રાષ્ટ્રકૂટ રાજા ધ્રુવરાજે હુમલો કર્યો અને વત્સરાજ હારીને પોતાના રાજ્ય મારવાડમાં પાછો આવ્યો. પોતે ગૌડ રાજા પાસેથી બે શ્વેત છત્રો લીધાં હતાં તે એણે રાષ્ટ્રકૂટ રાજાને પાછાં આપ્યાં.[૪૦] જૈન દિગંબર આચાર્ય જિનસેને શક સંવત ૭૦૫(ઈ. સ. ૭૮૩)માં રચેલા હરિવંશપુરાણમાં એની નોંધ આપી છે.[૪૧] એવી જ રીતે ઉદ્દ્યોતનસૂરિએ પોતાની કુવલયમાલાકથા(ઈ. સ. ૭૭૮)માં એનો ઉલ્લેખ કરેલો છે.[૪૨]

એના પછી એનો પુત્ર નાગભટ બીજો ગાદીએ આવ્યો. એ 'નાગાવલોક' નામે જાણીતો હતો. એણે કનોજના રાજા ચક્રાયુધને હરાવ્યો. એ સામ્રાજ્યનો વડો થયો. ગ્વાલિયરના અભિલેખમાંથી માહિતી ઉપલબ્ધ થાય છે કે એણે આંધ્ર, સૈંધવ, વિદર્ભ, કલિંગ અને બંગના રાજાઓને જીતી લીધા હતા અને આનર્ત, માલવ, કિરાત, તુરુષ્ક, વત્સ અને મત્સ્યના ગિરિદુર્ગો લઈ લીધા હતા.[૪૩] જોધપુર રાજ્યના એક ગામડામાંથી એનો વિ. સં. ૭૭૨(ઈ. સ ૭૧૬)નો લેખ મળી આવ્યો છે. એ ભગવતીનો મહાન ભક્ત હતો. જૈન લેખકો આ નાગભટને 'આમ' નામથી ઓળખે છે.[૪૪] પ્રભાવકચરિત પ્રમાણે એ વિ. સં. ૮૯૦-(ઈ. સ. ૮૩૪)માં મૃત્યુ પામ્યો.[૪૫] કદાચ આ સમયે જ ભીનમાલ ગુર્જરોની રાજધાની મટી ગયું. ત્યાર પછી ગુર્જરોની રાજધાની કાન્યકુબ્જ થઈ.[૪૬]

પશ્ચિમ સૌરાષ્ટ્રના સૈંધવ રાજા જાઈક ૨ જાના ગુ. સં. ૫૯૬ (ઈ. સ. ૯૧૫)ના દાનશાસન પરથી માલૂમ પડે છે કે ભૂતામ્બિલિકા(ધૂમલી)માં ભિલ્લમાલના નન્ન નામે વેપારીએ પોતાના નામે નન્ન-મઠિકા નામનો નાનો મઠ સ્થાપ્યો હતો.[૪૭]

રાષ્ટ્રકૂટ રાજા કૃષ્ણ ૩ જાના સમય(ઈ. સ. ૯૩૯-૯૬૭)માં ભિલ્લમાલના વેપારીઓએ સંયાન(સંજાણ)માં ભિલ્લમાલદેવ મધુસૂદનની પ્રતિષ્ઠા કરી હોવાનો ઉલ્લેખ આવે છે.[૪૮]

માળવાના પરમાર રાજા સિંધુરાજ(ઈ. સ. ૯૯૪થી ૧૦૧૧)ના પુત્ર દૂસલે ભીનમાલમાં અલગ શાખા સ્થાપી. એ શાખાની સત્તા ત્યાં બારમી સદી સુધી રહી.[૪૯]

**પુરાતન અવશેષો**

ભીનમાલમાં ઉત્ખનન અને સ્થળતપાસ દ્વારા 'રાતાં ચળકતાં મૃત્પાત્રો' અને 'કાળાં-અને-રાતાં મૃત્પાત્રો'ના અવશેષ મળી આવ્યા છે. આ ઉપરાંત રોમન સામ્રાજ્યના સમયનાં મૃત્પાત્રોના અવશેષ નવલખેશ્વર મહાદેવના ટેકરા ઉપરથી

મળી આવ્યા છે.[૫૦] આ અવશેષો બતાવે છે કે શ્રીમાલની વસાહત ખ્રિસ્તી સંવતની પૂર્વેના સમયમાં તેમજ એની આરંભિક સદીઓમાં આબાદ હતી.

જેકસન બોમ્બે ગૅઝેટિયર-વૉ. ૧માં જૈકોપ (યક્ષકૂપ) અને જગત્સ્વામી સૂર્યના મંદિરનું વિગતથી વર્ણન આપે છે. સરોવરની બાજુમાં ખૂબ ધ્યાન ખેંચે તેવું એક મહાકાય શિલ્પ છે. જેકસન એનું વિગતે વર્ણન આપીને નોંધે છે કે આ મહાકાય શિલ્પ તૂટેલું છે, આથી એનું મુખ બેડોળ જણાય છે. હાથ અને પગ ભગ્ન છે છતાં પણ આ શિલ્પકૃતિ ભવ્ય જણાય છે. એના માથાના વાળ વ્યવસ્થિત અને વાંકડિયા છે. એની છાતી અને એનું વર્તુળાકાર ઉદર કુશળતાથી ઘડેલાં છે. આ મૂર્તિમાં સપ્રમાણતાની ખામી છે. એના હાથનો નીચેનો ભાગ અને પગ ઘણા ટૂંકા છે, તેવી જ રીતે એને માટેનું આસન સાંકડું છે. આથી એમ જણાય છે કે પથ્થરની જરૂરી ઊંડાઈનો અભાવ હશે અને પરિણામે કુશળ શિલ્પીના હાથે પ્રમાણહીન પ્રતિમા ઘડાઈ હશે. આ મૂર્તિમાં ધ્યાન ખેંચે તેવાં લક્ષણોમાં માથાના વાળ (જુલફાં) અને એના જમણા હાથમાં રહેલો પથ્થરનો દડો છે. માથાના વાળ વાંકડિયા અને વ્યવસ્થિત છે. વાંકડિયા વાળ કપાળ ઉપર ઝૂલે છે. વાંકડિયા વાળની ચાર હરોળ છે, જે ખભા સુધી લટકતી જણાય છે. મસ્તક ઉપરના મુકુટને ત્રણ ટોચ છે. એ ખૂબ અસરકારક અલંકાર તરીકે શોભે છે. નાકના ઉપરના ભાગની સંમુખ ટોચ અને કાન ઉપરની બે બાજુની બે ટોચ એમ ત્રણે ટોચો વાળેલી પટીથી બાંધેલી છે. પ્રથમ નજરે હાથમાં રહેલો પથ્થરનો ગોળો શ્રીફળ હોય એમ લાગે છે; જાણે કે રાજા એને સરોવરમાં પધરાવતા હોય, જ્યારે એક મત એ માનવમસ્તક હોવાનો છે (પૃ. ૪૫૭).

"આ આકૃતિનો દેખાવ, એની ભવ્યતા, એનો ભરાવદાર દેહ અને એની અદા, એના માથાના વાંકડિયા વાળ વગેરે એલિફન્ટાની ગુફામાં શિવ-પાર્વતીના લગ્ન વખતના શિલ્પમાંની ચંદ્રની આકૃતિને મળતી આવે છે. આથી એમ સ્પષ્ટ થાય છે કે આ આકૃતિ શ્રીમાલનો જૂનામાં જૂનો અવશેષ હોઈ શકે કે જે એલિફન્ટાની વાંકડિયા વાળની આકૃતિ છઠ્ઠા કે સાતમા સૈકાની માનવામાં આવે છે તેની સાથે સામ્ય ધરાવે છે અને આ જ સમયે ગુર્જરોએ શહેરની સ્થાપના કે પુનઃસ્થાપના કરી એમ મનાય છે" (પૃ. ૪૫૮).

## સાહિત્યનું ધામ

શ્રીમાલપુરાણ પ્રમાણે શ્રીમાલમાં એક હજાર બ્રહ્મશાળાઓ અને ચાર હજાર મઠો હતા, જેઓમાં જુદી જુદી વિદ્યાશાખાઓના વિષયો ભણાવવામાં આવતા.[૫૧] આ રીતે શ્રીમાલ મહાન વિદ્યાપીઠનું ધામ હતું.

ભીનમાલની આસપાસના પ્રદેશનું વર્ણન કરતાં જેકસન નોંધે છે કે ઈંટોના ટુકડા મોટા વિસ્તારમાં વેરાયેલા પડ્યા છે તેથી એ પ્રાચીન વિદ્યાશાલા કે સંસ્કૃત કૉલેજનો પ્રદેશ હોઈ શકે.[૫૨]

માઘ કવિ આ જ શહેરમાં ખ્યાતનામ થયો હતો. મહાન ખગોળશાસ્ત્રી ભિલ્લમાલકાચાર્ય બ્રહ્મગુપ્તે પોતાનો જ્યોતિષનો મહાન ગ્રંથ બ્રહ્મસ્ફુટસિદ્ધાંત શક સંવત ૫૫૦(ઈ. સ. ૬૨૮)માં અહીં પૂર્ણ કર્યો હતો. અલ્-બીરૂની (ઈ. સ. ૧૦૩૦) કહે છે કે વિષ્ણુના પુત્ર બ્રહ્મગુપ્તે બ્રહ્મસ્ફુટસિદ્ધાંતનો ગ્રંથ મુલતાન અને અણહિલવાડની વચમાં ભીનમાલ શહેરમાં રચ્યો હતો.[૫૩]

શ્રીમાલ જૈનવિદ્યાનું મહાન ધામ હતું. સુવિખ્યાત સિદ્ધર્ષિની ઉપમિતિભવ-પ્રપંચકથાનો ગ્રંથ વિ. સં. ૯૬૨(ઈ. સ. ૯૦૬)માં ભીનમાલમાં પૂર્ણ થયો હતો. હરિભદ્રસૂરિની વિદ્યાપ્રવૃત્તિ પણ ભીનમાલમાં થઈ હતી. ષડ્દર્શનસમુચ્ચય નામનો ગ્રંથ આ શહેરમાં જ લખાયો હતો. સમરાદિત્ય નાયકની સમરાદિત્યકથા (समराइच्चकहा) પણ જૈન વિદ્વાન હરિભદ્રસૂરિએ પ્રાકૃતમાં અહીં લખી હતી. એને 'સકલકથા' તરીકે કાવ્યાનુશાસનમાં ઓળખવામાં આવે છે. સિદ્ધર્ષિ, જે હરિભદ્રસૂરિનો શિષ્ય હતો તે, શ્રીમાલનો નાગરિક હતો એમ પ્રભાવકચરિતમાં નોંધેલું છે. હરિભદ્રસૂરિએ એને માટે લલિતવિસ્તરા નામની ટીકા લખી હતી.[૫૪]

કુવલયમાલા કથાનો પ્રાકૃત ગ્રંથ ઉદ્દ્યોતનસૂરિએ લખ્યો છે, જે હરિભદ્રસૂરિનો સમય નક્કી કરવામાં બહુ ઉપયોગી છે. આ ગ્રંથ પૂર્ણ થયાનો સમય શક કાલ ૭૦૦ વર્ષના આગલા દિવસે બપોરનો કહેવાય છે. આ ગ્રંથ આ પ્રમાણે પૂર્ણ થાય છે : –"આ ગ્રંથ કવિના પોતાના અભિમાન માટે કે કાવ્ય લખવાના ઉદ્દેશથી રચાયો નથી, પરંતુ આ ધર્મકથા છે માટે એ લખાય છે, આથી એના દોષ તરફ જોશો નહિ."[૫૫]

આવા થોડાક ઉલ્લેખોમાંથી શ્રીમાલની વિદ્યાકીય પ્રવૃત્તિનો ખ્યાલ આવે છે. ત્યાર પછી અણહિલવાડ પાટણ એની પ્રેરણાનું કેંદ્ર રહ્યું.

### ધર્મસંપ્રદાય

શ્રીમાલનો ધાર્મિક ઇતિહાસ જોતાં નજરે પડે છે કે શ્રીમાલ શૈવ અને વૈષ્ણવ તીર્થસ્થળ છે. વળી યુઅન સ્વાંગની પ્રવાસનોંધમાંથી જાણી શકાય છે કે એના સમયે બૌદ્ધ ધર્મ પ્રચારમાં હતો, જૈન ધર્મ પણ મહત્ત્વનું સ્થાન ધરાવતો હતો.[૫૬]

સિદ્ધર્ષિ(૧૦ મી સદી)નું કાર્યક્ષેત્ર ભિલ્લમાલ હતું.[૫૭] વીરગણિ ભીનમાલ, થરાદ, થરા અને પાટણમાં રહેતા.[૫૮]

વલભી-ભંગ (ઈ. સ. ૭૮૮) થવાની તૈયારીમાં હતો ત્યારે વલભીની વર્ધમાન-સ્વામીની પ્રતિમા શ્રીમાલપુર ગઈ.[૫૯]

અંચલગચ્છના ધર્મપ્રભસૂરિ (૧૩ મી સદી) ભિન્નમાલ નગરના વતની હતા.[૬૦] વિવિધતીર્થકલ્પ(૧૪ મી સદી)માં શ્રીમાલપત્તનમાં વીરપ્રતિમા હોવાનો ઉલ્લેખ છે.[૬૧] ભાવડ (૧૫ મી સદી) શ્રીભિન્નમાલનગરમાં થયો.[૬૨] ભિન્નમાલમાં લોકાયતિક મતના અનુયાયીઓ પણ હતા.[૬૩]

**પડતી**

શ્રીમાલપુરાણમાં આપેલી સારિકોપાખ્યાન નામની કથામાં[૬૪] નોંધેલું છે કે સિંધના લોકો શ્રીમાલ ક્ષેત્રની લગ્નલાયક જુવાન કન્યાઓને ઉપાડી જતા હતા, આ કારણે બીકના માર્યા લોકો શ્રીમાલ છોડીને આઘુ ગયા. આ બતાવે છે કે પશ્ચિમ તરફના ભયના મુખ્ય કારણથી શ્રીમાલની પડતી થઈ અને પરિણામે શહેરનો નાશ થયો.

સારિકાના ભયથી શહેર ઉજ્જડ થઈ ગયું અને ૧૬૪ વર્ષો પછી શ્રીપુંજે એને ફરી વસાવ્યું. વિક્રમ સંવત ૧૨૦૩, વૈશાખ શુક્લ અષ્ટમીને દિવસે શ્રીમાલની શ્રી શહેર છોડીને ચાલી ગઈ અને શહેર 'ભિલ્લમાલ' બન્યું. લક્ષ્મી ત્યાંથી નીકળી ગુર્જરદેશની રાજધાની પાટણ આવી.[૬૫] આ બતાવે છે કે ઉપર જણાવેલા વર્ષ પછી શહેરમાં રાજકીય પરિસ્થિતિ બદલાઈ ગઈ હશે. ઐતિહાસિક દૃષ્ટિએ જોતાં જણાય છે કે ગુજરાતના મહાન સોલંકીઓએ પોતાનો રાજ્યવિસ્તાર મારવાડ સુધી અર્થાત્ હાલના પશ્ચિમ રાજસ્થાન સુધી વિસ્તાર્યો અને એ જ હકીકત આપણને શ્રીમાલપુરાણમાંની પૌરાણિક કથામાંથી પ્રાપ્ત થાય છે.

## પાદટીપો

૧—૨. જુઓ પ્રકરણ ૬, ખંડ ૨.

૩. જુઓ પ્રકરણ ૬, ખંડ ૧.

૪. પુષ્પિકામાં એનું નામ श्रीमालमाहात्म्य આપેલું છે ને એને स्कन्दपुराणના ब्राह्म-खंडની અંતર્ગત જણાવ્યું છે. 'श्रीमालपुराण' એ એનું લોકોમાં રૂઢ નામ છે.

૫. अध्याय २–३		૬. अध्याय ६–९

૭. अध्याय १०–११		૮. श्रीमालपुराण, अ. ९, श्लो. ३७

९. प्रबन्धचिन्तामणि, पृ. ३६		१०. अ. ७२, श्लो. ३३–३५

૧૧. R. C. Parikh, *Introduction to Kāvyānuśāsana* p. XCII; ર. છો. પરીખ, ગુજરાતની રાજધાનીઓ. પૃ. ૬૨-૬૩

૧૨. ર.છો. પરીખ, એજન, પૃ. ૬૩

माल ग्रामान्तराटवी । अभि. चिन्ता., का. ४, श्लो. २९७

मालं शैलप्रायमुन्नतस्थलम् । मल्लिनाथ, मेघदूतटीका, श्लो. १६

माला भिल्लाः किराताश्च सर्वेऽपि म्लेच्छजातयः । अभि. चिन्ता., का. ३, श्लो. ५९८; અથવા ભિલ્લ લોકોનો માલ (ભીડનો પ્રદેશ)-સં.

૧૩. ર. છો. પરીખ, એજન પૃ. ૬૩

१४. शं बा. दीक्षित, भारतीय ज्योतिष, पृ. ३०० १५. अध्याय १९

१६. अ. ३, श्लो, २५; अ. ४, श्लो. ४५ १७. अ. १, श्लो. ३८

१८. अ. १०, श्लो. ५८

૧૯. Hiuen Tsiang: *Buddhist Records of the Western World*, Vol. II, p. 270 ૨૦. *Ibid.*, pp. 269 f.

२१. प्रबन्ध १४, श्लो. ५-८

२२. अ. ९, श्लो. ३-१८; ર. છો. પરીખ, "ગુજરાતની રાજધાનીઓ". પૃ. ૯૭-૯૮

२३. अ. १०, श्लो. ५८

२४. अ. ७२; अ. १३, श्लो. २५; ર. છો. પરીખ, "ગુજરાતની રાજધાનીઓ", પૃ. ૯૯-૧૦૦ ૨૫. *B. G.*, Vol. I, Pt. 1, p. 463

૨૬. *EI.*, Vol. IX, p. 191 २७. प्रबन्ध १४, श्लो. ९

૨૮. R.C. Parikh, *op. cit.*, pp. XCV-XCVI

२९. ब्रह्मगुप्त, ब्राह्मस्फुटसिद्धान्त, अ. २४, श्लो. ७

૩૦. R. C. Parikh, *op. cit.*, p. XCIX

૩૧. *G. G.*, Part III, Appendix A (1) and A (2)

૩૨. Hiuen Tsiang, *op. cit.*, p. 270

૩૩. *B. G.*, Vol. I, Pt. 1, p.109

૩૪-૩૫. R. C. Parikh, *op. cit.*, p. XCIX

૩૬. *G. G.*, Pt- III, p.53 ૩૭. ગ. ગુ. ભા.૧, પૃ. ૩૦૩-૩૦૫

૩૮.-૪૬. R. C. Parikh, *op. cit.*, p.C

૪૭. *Chronology of Gujarat*, p. 259

૪૮. બુદ્ધિપ્રકાશ, વર્ષ ૮૩, પૃ. ૩૪૭

૪૯. *The Struggle for Empire*, pp.73 f.

૫૦. B. M. Parmar, *Cultural and Critical Study of Śrīmāla Purāṇa*, Vol. I, p.118

૫૧. श्रीमालपुराण अ. १२, श्लो. २२; अ. ७२, श्लो. ९

૫૨. *B. G.*, Vol. I, p. 453　૫૩. R.C. Parikh, *op. cit.* p., XCVI

૫૪, *Ibid.*, pp. XCVI-XCVII　૫૫. *Ibid.*, p. XCVII

૫૬. *Ibid.*, p. XCVII

૫૭. મો. દ, દેસાઈ, "જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ", પૃ. ૧૮૫

૫૮. કલ્યાણવિજય, "પ્રભાવકચરિત-પ્રબંધપર્યાલોચન", પૃ. ૭૬-૭૯

૫૯. प्रबन्धचिन्तामणि, पृ. १०९

૬૦. विविधगच्छीय पट्टावलीसंग्रह, पृ. १०१

૬૧. पृ. ८६　૬૨. विविधगच्छीय पट्टावलीसंग्रह, पृ. १२०

૬૩. एजन, पृ. ७५　૬૪. अ. ३८　૬૫. अ. ७५

પ્રકરણ ૬

# ગુર્જર–પ્રતીહારો

## ૧. ગુર્જરદેશનો અને અવંતિ-કનોજનો પ્રતીહાર વંશ

રાજસ્થાનમાં છઠ્ઠી સદીના મધ્યમાં એક નવો રાજવંશ સત્તારૂઢ થયો. એ વંશનો સ્થાપક હરિચંદ્ર નામે વિપ્ર હતો. એને રાણી ભદ્રા નામે ક્ષત્રીય પત્નીથી જે પુત્ર થયા તે 'પ્રતિહાર' કે 'પ્રતીહાર' રાજાઓ તરીકે ઓળખાયા.[૧] આગળ જતાં આ વંશના રાજાઓ પોતાનો વંશ રામના ભાઈ લક્ષ્મણથી ઉત્પન્ન થયેલો અને લક્ષ્મણે રામના પ્રતીહાર તરીકે ફરજ બજાવેલી તેથી આ વંશ એ નામે ઓળખાયો એમ જણાવે છે.[૨] કુલોત્પત્તિની આ માન્યતા પૌરાણિક પ્રકારની છે; વાસ્તવમાં તો આ વંશનો મૂળ પુરુષ કોઈ રાજ્યના પ્રતીહારનો અધિકાર ધરાવતો હશે ને જેમ શુંગ અને મૈત્રક વંશના સેનાપતિઓએ તથા કાણ્વ વંશના અમાત્યે તક મળતાં રાજસત્તા સ્થાપી તેમ આ વંશના પ્રતીહાર મૂળપુરુષે તક મળતાં રાજસત્તા ધારણ કરી હશે. મહાપ્રતીહાર એ મહાસામંત અને મહારાજની હરોળનો એક મોટો હોદ્દો ગણાતો, જેનો સમાવેશ રાજાનાં પંચ મહાબિરુદોમાં થતો.

હરિચંદ્રના પુત્રોએ માંડવ્યપુર (જોધપુરની ઉત્તરે આવેલું મંડોર) જીતી ત્યાં તુંગ પ્રાકાર કરાવ્યો.[૩] એમાંના રજ્જિલના પૌત્ર નાગભટે મેડંતક-(મેડતા)માં રાજધાની સ્થિર કરી (નકશો ૨).[૪] એ પછી એ વંશમાં તાત, યશોવર્ધન, ચંદુક, શિલુક, ઝોટ, ભિલ્લાદિત્ય અને કક્ક નામે રાજા થયા. કક્કે ગૌડો સાથે યુદ્ધ કરી મુદ્દગગિરિ(મુંગેર, બિહાર)માં યશ મેળવ્યો.[૫] એના પુત્ર બાઉકનો વિ. સં. ૮૯૪(ઈ. સ. ૮૩૭)નો શિલાલેખ જોધપુરમાં મળ્યો છે,[૬] જ્યારે બીજા પુત્ર કક્કુકના વિ. સં. ૯૧૮(ઈ. સ. ૮૬૧)ના શિલાલેખ ઘટિયાલ-(જિ. જોધપુર)માં મળ્યા છે.[૭] આ પરથી હરિચંદ્ર ઈસવી ૬ ઠ્ઠી સદીમાં થયો હોવાનું ફલિત થાય છે.

આ વંશની રાજધાની શરૂઆતમાં ભિલ્લમાલ(ભીનમાલ)માં હતી ને યુઅન શ્વાંગે ઈ. સ. ૬૪૧ ના અરસામાં ભિલ્લમાલની મુલાકાત લીધી ત્યારે ત્યાં જે જુવાન રાજા રાજ્ય કરતો હતો તે આ પ્રતીહાર વંશનો રાજા તાત હતો એવી કલ્પના કરવામાં આવી છે,[૮] પરંતુ વિ. સં. ૬૮૨(ઈ. સ. ૬૨૫)માં તો ત્યાં વર્મલાત નામે રાજા રાજ્ય કરતો હતો,[૯] શક વર્ષ ૫૫૦(ઈ. સ. ૬૨૮-૨૯)માં ભિલ્લમાલકાચાર્ય બ્રહ્મગુપ્તે "બ્રાહ્મસ્ફુટસિદ્ધાંત" લખ્યો ત્યારે ચાપવંશના રાજા વ્યાઘ્રમુખનું શાસન હતું,[૧૦] અને ઈ. સ. ૬૪૧ ના અરસામાં યુઅન શ્વાંગે ત્યાં ક્ષત્રિય વર્ણનો રાજા હોવાનું નોંધ્યું છે.[૧૧] ત્યારે ભિલ્લમાલની આસપાસનો પ્રદેશ 'ગુર્જર' નામે ઓળખાતો. છતાં ઉપરના ઉલ્લેખો જોતાં ભિલ્લમાલના રાજાઓ પ્રતીહાર વંશ કરતાં ચાપ વંશના હોય એ વધુ સંભવિત છે. ઈ. સ. ૭૨૬ ના અરસામાં સિંધની અરબ ફોજે આ પ્રદેશ પર આક્રમણ કર્યું હતું.[૧૨]

આ અરસામાં પ્રતીહાર કુલનો એક બીજો રાજવંશ સત્તારૂઢ થયો. આ વંશનો સ્થાપક હતો નાગભટ, જેણે મ્લેચ્છ અધિપતિની મોટી સેનાનો પરાભવ કર્યો[૧૩] સિંધના અરબોને ખાળી રાખવામાં પ્રતીહાર રાજાઓએ ઘણું પ્રાબલ્ય દાખવેલું.

ગુર્જરદેશના પ્રતીહાર વંશની સત્તા ક્ષીણ થતી ગઈ. ભરૂચ પ્રદેશમાં પ્રતીહાર શાખાની જગ્યાએ હવે ચાહમાન વંશ સત્તારૂઢ થયો, તેણે નાગાવલોક અર્થાત્ આ નાગભટનું આધિપત્ય અંગીકાર કર્યું.[૧૪] દખ્ખણના રાષ્ટ્રકૂટ રાજા દંતિદુર્ગે લાટ અને માલવ પર આક્રમણ કરી, ગુર્જર રાજાને હરાવી ઉજ્જનમાં હિરણ્યગર્ભ-દાનવિધિ કરી,[૧૫] પરંતુ એનું શાસન ત્યાં લાંબો વખત ટક્યું નહિ.[૧૬] નાગભટ પછી એના ભાઈનો પુત્ર કક્કુક અને એના પછી એનો નાનો ભાઈ દેવરાજ રાજા થયો. દેવરાજના પુત્ર વત્સરાજના રાજ્યકાલનું વર્ષ શક ૭૦૫ (ઈ. સ. ૭૮૩-૮૪) જાણવા મળ્યું છે એ પરથી નાગભટ ૧ લો ઈસ્વી આઠમી સદીના પૂર્વાર્ધમાં થયો હોવાનું માલૂમ પડે છે. ઈ. સ. ૭૨૬ નો અરબ હુમલો એના વખતમાં થયો હોય એ ઘણું સંભવિત છે.

વત્સરાજ ઘણો પરાક્રમી હતો. એણે પ્રતીહાર વંશના પ્રતાપમાં[૧૭] અભિવૃદ્ધિ કરી. એણે ઉત્તરમાં, પ્રાયઃ કનોજ સુધી, વિજયકૂચ કરી અને ગૌડરાજને પણ હરાવ્યો. શક ૭૦૦(ઈ. સ. ૭૮૮)માં જાવાલિપુર(જાલોર)માં એનું શાસન પ્રવર્તતું હોવાનું નોંધાયું છે.[૧૮] હરિવંશપુરાણમાંના ઉલ્લેખ(ઈ. સ. ૭૮૩)

પરથી વત્સરાજ અવંતિ(માળવા)નો રાજા હોવાનું માલૂમ પડે છે.[૧૯] એ મધ્ય અને પૂર્વ રાજસ્થાન પર પણ સત્તા ધરાવતો.[૨૦]

વત્સરાજનો પુત્ર નાગભટ ૨ જો પિતા કરતાંય વધુ પરાક્રમી નીવડ્યો. એણે આંધ્ર, સૈંધવ, વિદર્ભ અને કલિંગના રાજાઓને વશ કર્યા,[૨૧] પરંતુ કનોજમાં આખરે ગૌડરાજ ધર્મપાલની સત્તા પ્રવર્તી ને ત્યાં ઇંદ્રાયુધની જગ્યાએ ચક્રાયુધ નામે સામંત સત્તારૂઢ થયો.[૨૨]

કનોજ પર આધિપત્ય જમાવવા માટે અવંતિના પ્રતીહાર રાજા, ગૌડ દેશના પાલ રાજા અને દખ્ખણના રાષ્ટ્રકૂટ રાજા વચ્ચે સ્પર્ધા ચાલતી હતી. પછી નાગભટે ચક્રાયુધને હરાવી કનોજ પર પોતાનું શાસન પ્રવર્તાવ્યું.[૨૩] ગુર્જરદેશના પ્રતીહાર રાજા કક્કે, દક્ષિણ સૌરાષ્ટ્રના ચાલુક્ય રાજા બાહુકધવલે અને મેવાડના ગુહિલોત રાજા શંકરગણે નાગભટને ગૌડરાજ સામેના યશસ્વી પરાક્રમમાં સક્રિય મદદ કરેલી.[૨૪] ધ્રુવના ઉત્તરાધિકારી ગોવિંદ ૩ જાએ દક્ષિણ ગુજરાત પર રાષ્ટ્રકૂટોનું શાસન દૃઢ કર્યું. એ રાષ્ટ્રકૂટ વંશનો સહુથી પ્રતાપી રાજા હતો. એનું મૃત્યુ થતાં નાગભટના આધિપત્યને મોકળાશ મળી. એણે કનોજ કબજે કરી ઉત્તર ભારતમાં પોતાનું આધિપત્ય પ્રવર્તાવ્યું,[૨૫] એટલું જ નહિ, આનર્ત, માલવ, કિરાત, તુરુષ્ક, વત્સ, મત્સ્ય વગેરે રાજાઓના ગિરિદુર્ગ પણ કબજે કર્યા. નાગભટ ૨ જો 'નાગાવલોક' તથા 'આમ' નામે પણ ઓળખાતો. એ વિ. સં. ૮૯૦(ઈ. સ. ૮૩૩-૩૪)માં મૃત્યુ પામ્યો.[૨૭] એ ઘણો ધાર્મિક હતો.

નાગભટ ૨ જા પછી એનો પુત્ર રામભદ્ર ગાદીએ આવ્યો. એણે લગભગ ત્રણ વર્ષ જ રાજ્ય કર્યું (ઈ. સ. ૮૩૩-૮૩૬).[૨૮] એ દરમ્યાન ગુર્જરદેશનો પ્રતીહાર રાજા બાઉક સ્વતંત્રતાથી વર્તવા લાગ્યો.[૨૯]

એના પુત્ર ભોજના સમયથી પ્રતીહાર રાજ્યનો પ્રતાપ વિસ્તર્યો. એની રાજધાની કનોજમાં હતી. એણે ગુર્જરદેશના પ્રતીહાર રાજ્ય પર આધિપત્ય પુનઃ પ્રવર્તાવ્યું, પરંતુ ભોજનો પાલ રાજા દેવપાલ વડે પરાજય થયો. ગુજરાતના રાષ્ટ્રકૂટ રાજા ધ્રુવે તથા કલચુરિ રાજા કોક્કલે પણ એને હરાવ્યો. ગુર્જરદેશનો પ્રતીહાર રાજા કક્કુક સ્વતંત્ર થઈ ગયો.[૩૦]

પરંતુ ભોજે થોડા વખતમાં પોતાની પ્રતિષ્ઠા પાછી મેળવી. પાલ રાજા નારાયણપાલને હરાવી એના પશ્ચિમી પ્રદેશોનો ઘણો ભાગ જીતી લીધો.[૩૧] રાષ્ટ્રકૂટ રાજ્ય પર આક્રમણ કરી એણે ગુજરાત જીતી લીધું, પરંતુ રાષ્ટ્રકૂટોએ ગુજરાત પાછું મેળવી લીધું ને ઉજ્જનમાં પણ પોતાની સત્તા જમાવી, છતાં

સૌરાષ્ટ્ર પર ભોજનું આધિપત્ય પ્રવર્ત્યું.[32] ઉત્તર ભારતમાં પ્રતીહાર રાજ્ય ઘણું વિસ્તૃત થયું. ભોજે લગભગ ૪૯ વર્ષ જેટલો લાંબો વખત રાજ્ય કર્યું (લગભગ ઈ. સ. ૮૩૬-૮૮૫). એની પાસે અશ્વો અને ઊંટોનું વિપુલ સૈન્ય હતું ને એ અરબોનો પ્રબળ પ્રતિસ્પર્ધી હતો. એ 'પ્રભાસ', 'આદિવરાહ' અને 'મિહિર' તરીકે પણ ઓળખાતો.[33]

ભોજનો ઉત્તરાધિકાર એના પુત્ર મહેંદ્રપાલને મળ્યો. એણે મગધ જીતી લીધું.[34] સૌરાષ્ટ્રના ચાલુક્યો પર એનું આધિપત્ય પ્રવર્તતું.[35] એ 'મહેંદ્રાયુધ' તથા 'મહેંદ્રપાલ' તરીકે પણ ઓળખાતો. એના ગુરુ રાજશેખર મહાન સાહિત્યકાર હતા

મહેંદ્રપાલના મૃત્યુ (લગભગ ઈ. સ. ૯૧૦) પછીનો પ્રતીહાર રાજ્યનો ઇતિહાસ અસ્પષ્ટ છે.[36] ઈ. સ. ૯૧૨ના અરસામાં એનો બીજો પુત્ર મહીપાલ ગાદીએ આવ્યો. કવિ રાજશેખર એને 'આર્યાવર્તનો મહારાજાધિરાજ' કહે છે.[37] શરૂઆતમાં એણે રાષ્ટ્રકૂટ રાજ્યનો થોડો ભાગ જીતી લીધો, પરંતુ ઇંદ્ર ૩ જાએ કનોજ પર આક્રમણ કરી મહીપાલને ત્યાંથી ભગાડ્યો. સમય જતાં સામંતોની મદદથી મહીપાલે ઘણા પ્રદેશ પાછા મેળવ્યા.[38] વઢવાણનો ચાપ રાજા ધરણીવરાહ મહીપાલનું આધિપત્ય અંગીકાર કરતો.[39] છતાં પ્રતીહાર રાજ્યની સત્તાનો હવે હ્રાસ થવા લાગ્યો ને સામંત રાજ્ય સ્વતંત્ર થવા લાગ્યાં.[40] રાષ્ટ્રકૂટ રાજા કૃષ્ણ ૩ જાએ પ્રતીહાર રાજ્યના બે દુર્ગ કબજે કર્યા.[41] મહીપાલ ઈ. સ. ૯૪૨ના અરસામાં મૃત્યુ પામ્યો. થોડા વખતમાં પ્રતીહાર સામ્રાજ્ય કનોજની આસપાસ આવેલા નાના રાજ્યમાં સીમિત થઈ ગયું.

## ૨. નાંદીપુર-ભરુકચ્છનો ગુર્જરનૃપતિવંશ

છઠ્ઠી સદીના ઉત્તરાર્ધમાં ભરૂચ જિલ્લાના વિસ્તારમાં એક નવા રાજવંશની રાજસત્તા સ્થપાઈ. આ વંશનાં ૧૩ દાનશાસન મળ્યાં છે.[42] એ (કલચુરિ) સંવત ૩૮૦ થી ૪૮૬ નાં, અર્થાત્ ઈ. સ. ૬૨૯ થી ૭૩૬ નાં છે. એમાં શરૂઆતનાં દાનશાસન દદ્દ પ્રશાંતરાગનાં છે. એમાં એના પૂર્વાધિકારીઓ તરીકે એના પિતામહ સામંત દદ્દની તથા પિતા જયભટ વીતરાગની પ્રશસ્તિ આપેલી છે.

### 'ગુર્જરનૃપતિવંશ'નો અર્થ

દદ્દ પ્રશાંતરાગનાં પહેલાં બે દાનશાસનોમાં[43] આ રાજવંશને 'ગુર્જરનૃપતિવંશ' તરીકે ને એને નામે પાછળથી ઘડાયેલાં બનાવટી દાનશાસનોમાં[44]

'ગુર્જરનૃપાન્વય' તરીકે ઓળખાવવામાં આવ્યો છે, જ્યારે આ વંશના ઉત્તરકાલીન રાજાઓનાં રાજશાસનોમાં એને 'મહારાજકર્ણાન્વય' કહેવામાં આવ્યો છે. આમાં ગુર્જરરાજવંશનો ઉલ્લેખ વાસ્તવિક લાગે છે, જ્યારે મહારાજ કર્ણના વંશનો નિર્દેશ પાછળથી ઉપજાવેલી પૌરાણિક ઉત્પત્તિની માન્યતાને સૂચવે છે.

અહીં 'ગુર્જરનૃપતિવંશ'નો અર્થ વિવાદાસ્પદ છે. ઘણા એનો અર્થ 'ગુર્જર જાતિનો રાજવંશ' એવો કરે છે,[૪૫] જ્યારે કેટલાક એનો અર્થ 'ગુર્જર દેશનો રાજવંશ' કે 'ગુર્જર દેશના રાજાનો વંશ' એવો કરે છે.[૪૬] અહીં 'ગુર્જરવંશ'ને બદલે 'ગુર્જરનૃપતિવંશ' એવો લાંબો શબ્દપ્રયોગ થયો હોઈ બીજો અર્થ વધુ સંભવિત છે. વળી છઠ્ઠી સદીમાં ભિલ્લમાલની આસપાસનો પ્રદેશ 'ગુર્જરદેશ' તરીકે ઓળખાતો ને ત્યાંના રાજવંશના સ્થાપક હરિચંદ્રને દદ્દ નામે એક પુત્ર હતો[૪૭] એ પરથી પણ આ સંભવને સમર્થન મળે છે. ગુર્જરદેશનો એ રાજવંશ ત્યારે પ્રતીહાર વંશ તરીકે ઓળખાતો. આ પરથી ભરૂચ જિલ્લાનો આ રાજવંશ પણ ગુર્જરદેશના પ્રતીહાર વંશમાંથી ઉદ્ભવ્યો હોવાનું ફલિત થાય છે. 'ગુર્જર-પ્રતીહારવંશ'માં પણ 'ગુર્જર' શબ્દ દેશવાચક લાગે છે. એ રીતે અહીં પણ એ શબ્દ જાતિવાચક નહિ, પણ દેશવાચક અર્થમાં પ્રયોજાયો ગણાય.

રાજવંશોની ઉત્પત્તિ સમય જતાં રામાયણ–મહાભારતનાં પ્રસિદ્ધ પાત્રોમાંથી થઈ હોવાની માન્યતા પ્રચલિત થતાં ગુર્જરદેશના હરિચંદ્રના વંશજો આગળ જતાં પોતાને રામનું પ્રતીહારત્વ કરતા એમના ભાઈ લક્ષ્મણના વંશજ મનાવતા થયા. સૌરાષ્ટ્રના સૈંધવો પોતાને પાંડવોના સમકાલીન સિંધુરાજ જયદ્રથના વંશજ ગણાવતા હતા. તો ભરૂચ જિલ્લાના આ વંશના રાજાઓ આગળ જતાં પોતાને પાંડવોના સમકાલીન મહારાજ કર્ણના વંશજ મનાવતા હતા. જયદ્રથનું નામ તો સિંધુદેશ સાથે સંકળાયેલું છે, જ્યારે કર્ણ તો પૂર્વભારતમાં આવેલા અંગદેશનો રાજા ગણાતો.

**રાજધાની**

આ વંશની રાજધાની શરૂઆતમાં નાંદીપુરી–નાંદીપુર હતી. દદ્દ પ્રશાંતરાગનાં આરંભિક દાનશાસનો(ઈ. સ. ૬૨૯–૬૩૪)માં[૪૮] એને 'નાંદીપુરી' અને પછીનાં દાનશાસનો(ઈ. સ. ૬૪૨)માં[૪૯] 'નાંદીપુર' તરીકે ઓળખાવી છે એ પરથી એ રાજધાની સમય જતાં 'પુરી'માંથી 'પુર'માં વિકસી હોવાનું સૂચિત થાય છે.

બ્યૂલરે નાંદીપુરને 'રેવામાહાત્મ્ય'માં ભરુકચ્છ પાસે જણાવેલા નંદિતીર્થ તરીકે ને હાલ ભરૂચની પૂર્વે ઝાડેશ્વર દરવાજાની બહાર આવેલા નંદેવાલ નામે જૂના જિલ્લા તરીકે ઓળખાવેલું,[50] ને મુનશીએ આ મત સ્વીકારેલો,[51] પરંતુ ભગવાનલાલે નાંદીપુર એ જૂના રાજપીપળા પાસે આવેલું નાંદોદ સૂચવેલું.[52] ઈ. સ. ૬૪૮ માં મૈત્રક રાજા ધરસેન ચક્રવતીએ ભરુકચ્છમાં વિજયછાવણી નાખેલી[53] ને ઈ. સ. ૬૭૬ માં એના વંશજ શીલાદિત્ય ૩ જાએ ભરુકચ્છ વિષયમાં આવેલી ભૂમિનું દાન દીધેલું[54] એ પરથી ભરૂચ અને એની આસપાસનો પ્રદેશ ત્યારે નાંદીપુરના રાજવંશના શાસન નીચે ન હોવાનું માલૂમ પડે છે. વળી થોડાં વર્ષ પર મળેલા એક દાનશાસનમાં[55] નાંદીપુર વિષયમાં જણાવેલું તોરણક ગામ નાંદોદ પાસે આવેલું છે, આથી ભગવાનલાલનો મત યથાર્થ હોવાનું પ્રતિપાદિત થાય છે. નાંદોદ (૨૧° ૫૨° ઉ, ૭૩° ૩૦° પૂ) કરજણ નદીના પૂર્વ કાંઠા પર આવેલું છે ને ભરૂચ જિલ્લાના નાંદોદ તાલુકાનું વડું મથક છે. હવે એ રાજપીપળા તરીકે ઓળખાય છે.

દદ્દ બાહુસહાય(ઈ. સ. ૬૭૭)ના સમયથી આ રાજવંશની રાજધાની ભરુકચ્છમાં હોવાનું માલૂમ પડે છે.[56] એ રાજાએ આ પ્રદેશ વલભીના મૈત્રકો પાસેથી જીતી લઈ એના સંરક્ષણ માટે ઈ. સ. ૬૭૬–૭૭ દરમ્યાન રાજધાની ત્યાં ખસેડી જણાય છે. ભરુકચ્છ એ નર્મદાના ઉત્તર તટે આવેલું ભરૂચ છે,[57] જે હાલ ભરૂચ જિલ્લાનું વડું મથક છે.

**સામંત દદ્દ**

એ આ રાજવંશનો સ્થાપક છે. આ વંશની રાજમુદ્રા એના નામથી અંકિત હતી. આ દદ્દ એ ગુર્જરદેશના પ્રતીહાર રાજા હરિચંદ્રનો કનિષ્ઠ પુત્ર દદ્દ હોવો સંભવે છે. એના પૌત્ર દદ્દ પ્રશાંતરાગના જ્ઞાત રાજ્યકાલ ઈ. સ. ૬૨૯–૬૪૨ પરથી સામંત દદ્દનો શાસનકાળ ઈ. સ. ૫૭૦ થી ૫૯૫ ના સુમારનો અંકાય. ત્યારે સંખેડા–ભરૂચ પ્રદેશ કટચ્ચુરિ વંશની સત્તા નીચે હતો.[58] દદ્દની પ્રશસ્તિમાં એનાં પરાક્રમ તથા પ્રતાપની પ્રશંસા કરી છે તેમજ રેવા નદીના પ્રવાહનો તથા વિંધ્ય પર્વતની ઉપત્યકાનો નિર્દેશ આવે છે એ પરથી એણે વિંધ્ય–રેવા પ્રદેશમાં કોઈ પ્રતિપક્ષનો પરાજય કરી પોતાની રાજસત્તા સ્થાપી લાગે છે.[59] એણે કટચ્ચુરિ નરેશ શંકરગણનું આધિપત્ય સ્વીકારી સામંતપદ ધારણ કર્યું જણાય છે.[60] એ 'પરમ આદિત્યભક્ત' હતો.

**જયભટ વીતરાગ**

સામંત દદ્દના પુત્ર જયભટે લગભગ ઈ. સ. ૫૯૫ થી ૬૨૦ સુધી રાજ્ય કર્યું. એના નામની સાથે કંઈ બિરુદ આપેલું નથી. એના સમયમાં કટચ્ચુરિ બુદ્ધરાજની સત્તાને ચાલુક્ય નરેશ મંગલરાજે હસ્તગત કરી. એ સંજોગોમાં જયભટ 'સામંત' મટી સ્વતંત્ર રાજા થયો હશે ને છતાં હજી 'મહારાજ' બિરુદ ધારણ કરતો થયો નહિ હોય. એની પ્રશસ્તિમાં એનાં પરાક્રમ, ઔદાર્ય, યશ અને વિનયની પ્રશંસા કરી છે.[૬૧] એકંદરે એ શાંતિપ્રિય અને નિઃસ્પૃહ પ્રકૃતિનો હતો, આથી એ 'વીતરાગ' તરીકે પણ ઓળખાતો.

**દદ્દ પ્રશાંતરાગ**

જયભટ ૧ લાનો પુત્ર દદ્દ ૨ જો આ વંશનો પ્રતાપી રાજા હતો. એના શાસનકાલનાં પાંચ દાનશાસન મળ્યાં છે, જે (ક.) સં. ૩૮૦(ઈ. સ. ૬૨૯)થી સં. ૩૯૨ (ઈ. સ. ૬૪૨)નાં છે.[૬૨] એ 'મહાસામંત'થી માંડીને 'મહારાજ' સુધીનાં પંચ મહાબિરુદ ધરાવતો. એના પિતા 'વીતરાગ'નું અપર નામ ધરાવતા તેમ એણે 'પ્રશાંતરાગ'નું અપર નામ ધારણ કરેલું. પહેલાં બે દાનશાસન અક્રૂરેશ્વર (અંકલેશ્વર) વિષય (જિલ્લા)ને લગતાં છે. (ક.) સં. ૩૯૧-(ઈ. સ. ૬૪૧)નું દાનશાસન[૬૩] દદ્દની અનુજ્ઞાથી એના ભાઈ રણગ્રહે ફરમાવેલું. છેલ્લાં બે દાનશાસન સંગમખેટક (સંખેડા) વિષયને લગતાં છે. સામંત દદ્દની જેમ દદ્દ પ્રશાંતરાગ પણ 'પરમ આદિત્યભક્ત' હતો.

એની પ્રશસ્તિમાં એણે પરાક્રમ વડે વિશાળ યશ પ્રાપ્ત કર્યાનો ઉલ્લેખ છે.[૬૪] એના ઉત્તરાધિકારીઓનાં દાનશાસનોમાં દદ્દ પ્રશાંતરાગના એક એવા પરાક્રમનો નિર્દેશ કરેલો છે કે જેને લીધે એને 'ભમતા મોટા ઉજ્જવલ વાદળ જેવો' યશ પ્રાપ્ત થયો હતો.[૬૫] આ પરાક્રમ હતું "પરમેશ્વર શ્રીહર્ષદેવથી અભિભૂત થયેલા વલભીપતિને પરિત્રાણ" આપ્યાનું.[૬૬] માલવ, ગુર્જર અને લાટનાં રાજ્ય પહેલાં દક્ષિણાપથના ચાલુક્ય નરેશ પુલકેશીના પક્ષમાં ભળેલાં, પણ પાછળથી એ રાજ્યોએ ઉત્તરાપથના ચક્રવર્તી હર્ષની અધિસત્તા અંગીકાર કરેલી. આ સંયોગોમાં દદ્દે વલભીપતિને આપેલું રક્ષણ પુલકેશીના પક્ષકાર કરતાં હર્ષદેવના પક્ષકાર તરીકે અપાયું લાગે છે.[૬૭] દદ્દના આ પરાક્રમે એના રાજવંશને ઘણો યશસ્વી બનાવ્યો હતો. એણે જેનું પરિત્રાણ કરેલું તે વલભીપતિ મૈત્રક રાજા ધ્રુવસેન બાલાદિત્ય હતો, જેને આગળ જતાં હર્ષના જમાઈ

થવાનું માન મળેલું.[૬૮] સંભવતઃ દદ્દને પણ કનોજના એ રાજાની કુંવરી મળી હતી.[૬૯]

દદ્દ પ્રશાંતરાગને નામે આગળ જતાં ત્રણ બનાવટી દાનશાસન[૭૦] ઘડાયાં છે, જેનો સમય શક વર્ષ ૪૦૦, ૪૧૫ અને ૪૧૭(અર્થાત્ ઈ. સ. ૪૭૮, ૪૯૩ અને ૪૯૫)નો આપવામાં આવ્યો છે. ત્યારે તો આ રાજવંશનો આરંભ પણ થયો ન હતો. આ દાનશાસન દેખીતી રીતે એકાદ શતક બાદ અનુ-મૈત્રક કાલમાં રાષ્ટ્રકૂટ રાજ્યનાં દાનશાસનો પરથી ઘડાયાં છે.[૭૧]

**જયભટ ૨ જો**

દદ્દ પ્રશાંતરાગ પછી એનો પુત્ર જયભટ ૨ જો ગાદીએ આવ્યો. એણે લગભગ ઈ. સ. ૬૪૫ થી ૬૬૫ સુધી રાજ્ય કર્યું. એ દરમ્યાન મૈત્રક ચક્રવર્તી ધરસેને ઈ. સ. ૬૪૮ માં ભરુકચ્છ(ભરૂચ)માં વિજયછાવણી નાખેલી.[૭૨] એ અગાઉ ભરૂચ અને એની આસપાસના પ્રદેશનો સમાવેશ કયા રાજ્યમાં થતો એ વિશે કાંઈ ચોક્કસ ઉલ્લેખ ઉપલબ્ધ નથી, પરંતુ નાંદીપુર, અક્રૂરેશ્વર અને સંગમખેટક પ્રદેશોના સાંનિધ્ય પરથી એ પ્રદેશ નાંદીપુરના ગુર્જરનૃપતિવંશની સત્તા નીચે હોવો સંભવે છે. તો એ પ્રદેશ મૈત્રક ધરસેને આ રાજા જયભટ પાસેથી જીતી લીધો ગણાય.

કાપિકા (કાપી) પાસેનું જયાદિત્ય મંદિર પ્રાયઃ આ જયભટે બંધાવ્યું હશે.[૭૩]

**દદ્દ બાહુસહાય**

જયભટ ૨ જાનો પુત્ર દદ્દ ૩ જો પરાક્રમનું બહુમૂલ્ય આંકતો એવું એના 'બાહુસહાય' અપરનામ પરથી સૂચિત થાય છે. દદ્દ પ્રશાંતરાગની જેમ એ પણ પંચ મહાશબ્દ (મહાબિરુદ) ધરાવતો હતો. એણે વલભીના મૈત્રકો પાસેથી ભરુકચ્છ પ્રદેશ જીતી લીધો. ભરુકચ્છ વિષયમાંથી ઈ. સ. ૬૭૬ માં મૈત્રક રાજા શીલાદિત્ય ૩ જાએ ભૂમિદાન દીધેલું,[૭૪] જ્યારે ઈ. સ. ૬૭૭ માં ત્યાંથી દદ્દ બાહુસહાયે ભૂમિદાન દીધું. દદ્દે પોતાના વંશની રાજધાની હવે નાંદીપુરથી ખસેડીને ભરુકચ્છમાં રાખી. પ્રશસ્તિમાં દદ્દે પૂર્વના તથા પશ્ચિમના અધિરાજાને આવરી લેતા મહાસંગ્રામમાં અદ્ભુત બાહુબળ દર્શાવી 'બાહુસહાય' તરીકે ખ્યાતિ પામ્યાનું જણાવ્યું છે.[૭૫] એણે લગભગ ઈ. સ. ૬૬૫ થી ૬૯૦ સુધી રાજ્ય કર્યું. એ 'પરમ માહેશ્વર' હતો.

### જયભટ ૩ જો

દદ્દ બાહુસહાયનો ઉત્તરાધિકાર એના પુત્ર જયભટ ૩ જાને પ્રાપ્ત થયો. એનાં બે દાનશાસન મળ્યાં છે. (ક.) સં. ૪૫૬(ઈ. સ. ૭૦૬)નું ભૂમિદાન[૭૬] ભરુકચ્છ વિષયને લગતું છે, જ્યારે (ક.) સં. ૪૬૦ (ઈ. સ. ૭૧૦)નું ભૂમિદાન[૭૭] નાંદીપુર વિષયમાંની ભૂમિનું છે. એના પરાક્રમની ભારે પ્રશસ્તિ કરવામાં આવી છે; એમાં એણે કોઈ ગુમાવેલો પ્રદેશ પાછો મેળવ્યાનો ધ્વનિ રહેલો છે.[૭૮] ઈ. સ. ૭૦૬ માં આ રાજાએ કાયાવતાર(કારવણ)માં વિજયછાવણી નાખી હતી એ પરથી એનું એ પરાક્રમ ભરુકચ્છ પ્રદેશને લગતું હોવું સંભવે છે.[૭૯] જયભટ 'પરમ માહેશ્વર' હતો ને પંચ મહાશબ્દ ધરાવતો. એના વંશજોનાં દાનશાસનોમાં એને માટે 'મહાસામંતાધિપતિ' બિરુદ પ્રયોજાયું છે. આ રાજાએ લગભગ ઈ. સ. ૬૯૦ થી ૭૧૫ સુધી રાજ્ય કર્યું.

### અહિરોલ

એ જયભટ ૩ જાનો પુત્ર અને ઉત્તરાધિકારી છે. એનું એકેય દાનશાસન મળ્યું નથી, પરંતુ એના ઉત્તરાધિકારીનાં દાનશાસનોમાં એની પ્રશસ્તિ આપેલી છે. એમાં અહિરોલની પરાક્રમી, પ્રતાપી, સદાચારી અને રાજનીતિજ્ઞ રાજવી તરીકે પ્રશંસા કરેલી છે.[૮૦] એ પણ 'પરમ માહેશ્વર' હતો ને પંચ મહાબિરુદ ધરાવતો હતો. 'દદ્દ'ની જેમ 'અહિરોલ' નામ પણ દેશ્ય ભાષાનું લાગે છે. અહિરોલે થોડાં વર્ષ-લગભગ ઈ. સ. ૭૧૫થી ૭૨૦ સુધી રાજ્ય કર્યું લાગે છે.[૮૧]

### જયભટ ૪ થો

અહિરોલનો પુત્ર જયભટ ૪ થો એ આ રાજવંશનો છેલ્લો જ્ઞાત રાજા છે. એનાં બે દાનશાસન[૮૨] મળ્યાં છે, જે બંને (ક.) સં. ૪૮૬(ઈ. સ. ૭૩૬)નાં છે. બંને દાન ભરુકચ્છ વિષયમાંની ભૂમિને લગતાં છે. પોતાના પુરોગામીઓની જેમ જયભટ પણ પંચ મહાશબ્દ ધરાવતો તેમજ 'મહાસામંતાધિપતિ' કહેવાતો; ને 'પરમ માહેશ્વર' હતો.

દાનશાસનોમાં એની લાંબી પ્રશસ્તિ આપવામાં આવી છે. એમાં એનાં પરાક્રમ તથા પ્રતાપની ભારે પ્રશંસા કરવામાં આવી છે: શરવૃષ્ટિ વડે એ સકલ શત્રુમંડલનો નાશ કરતો, શત્રુના ગજોની ઘટાનું વિદારણ કરવામાં નિપુણ હતો, રણાંગણમાં ઊછળતા તુંગ તુરંગમોના સમૂહનો નાશ કરવામાં ભીષણ હતો; અનેક મહાન નરેંદ્ર એને ચરણવંદન કરતા હતા; ધવલ યશરૂપી સુધાથી એણે સકલ

ધરામંડલને ધવલિત કર્યું હતું, ઇત્યાદિ.[૮૩] આ વંશના રાજાઓની પ્રશસ્તિ સામાન્યતઃ ઉચ્ચ શૈલીના ગદ્યમાં રચાતી, જ્યારે આ રાજાની પ્રશસ્તિમાં બે શ્લોકોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.[૮૪] એમાંના પહેલા શ્લોકમાં એને બાલ ઇંદુ સાથે સરખાવવામાં આવ્યો છે. એ પરથી આ રાજા નાની વયે ગાદીએ આવ્યો હોવાનું સૂચિત થાય છે. બીજા શ્લોકમાં એના એક વિશિષ્ટ પરાક્રમની પ્રશસ્તિ ગાવામાં આવી છે. એમાં આ રાજાએ વલભીપતિના નગરમાં તજ્જિકોનો પરાભવ કર્યાનો નિર્દેશ કરેલો છે.[૮૫] જયભટના આ પરાક્રમને નવસારીના ચાલુક્ય રાજા અવનિજનાશ્રય પુલકેશીના પરાક્રમ સાથે સાંકળતાં માલૂમ પડે છે કે તજ્જિક (અરબ) સેનાએ સૌરાષ્ટ્ર ગુર્જર આદિ રાજ્યોને વીંધીને દક્ષિણના રાજાને જીતવા માટે નવસારિકા પર આક્રમણ કરેલું ત્યારે ત્યાંના રાજા પુલકેશીએ એ સેનાને હરાવી ત્યાંથી પાછી હઠાવેલી; પછી એ સેનાનો પરાભવ પાછો વલભીપુરમાં થયો ને એમાં જયભટના પરાક્રમે મહત્ત્વનો ભાગ ભજવેલો.[૮૬] આ ઘટના ઈ. સ. ૭૩૬ ના અરસામાં બની લાગે છે.[૮૭] નવસારીથી પાછી ફરતી અરબ સેનાનો પીછો પકડી જયભટે વલભીપુરમાં એનો ભારે પરાભવ કર્યો લાગે છે.

જયભટ ૪ થાએ લગભગ ઈ. સ. ૭૪૫ સુધી રાજ્ય કર્યું હશે. એ અરસામાં રાષ્ટ્રકૂટ રાજા દંતિદુર્ગે વાતાપિના ચાલુક્ય રાજ્યની સત્તાનો હ્રાસ કરી ઉત્તરમાં રેવા અને મહી નદી સુધી વિજયકૂચ કરી ને લાટ અને માલવ દેશ જીતી લીધા.[૮૮] આ ઘટના ઈ. સ. ૭૫૦ પહેલાં બની.[૮૯] આ રાષ્ટ્રકૂટ આક્રમણને લઈને નવસારીના ચાલુક્યવંશની તેમજ ભરૂચના ગુર્જરનૃપતિવંશની સત્તાનો અંત આવ્યો.

આમ આ ગુર્જરનૃપતિવંશે નાંદોદ-અંકલેશ્વર-ભરૂચ-સંખેડા પ્રદેશ પર લગભગ ૧૭૫ વર્ષ (લગભગ ઈ. સ. ૫૭૦ થી ૭૪૫) રાજ્ય કર્યું.

## ૩. ગુજરાતમાં પ્રતીહારોનું આધિપત્ય

ગુર્જરદેશ(દક્ષિણ રાજસ્થાન)ના પ્રતીહાર રાજાઓનું શાસન મૈત્રક રાજ્યના અંત પછી પણ ગુજરાતના કોઈ ભાગ પર પ્રસર્યું હોવાનું જણાયું નથી, પરંતુ અવંતિના પ્રતીહાર રાજાઓનું આધિપત્ય આ પ્રદેશ પર પ્રસર્યું હોવાના ઉલ્લેખ મળે છે.

આ આધિપત્યનો પ્રથમ જ્ઞાત ઉલ્લેખ ભરૂચના ચાહમાન રાજા ભર્તૃવડ્ઢ ૨ જાના હાંસોટ દાનશાસનમાં મળ્યો છે.[૯૦] એમાં ભર્તૃવડ્ઢ પોતાનો ઉલ્લેખ 'મહાસામંતાધિપતિ' તરીકે કરે છે ને અંતે શ્રીમદ્દનાગાવલોકના પ્રવર્દ્ધમાન વિજય-

રાજ્યનો નિર્દેશ કરે છે. આ દાનશાસન વર્ષ ૮૧૩ નું છે, જે વિક્રમ સંવતનું હોવાનું માલૂમ પડ્યું છે.[૯૧] એ અનુસાર આ દાનશાસન ઈ. સ. ૭૫૬ નું છે. આ પ્રતીહાર વંશનો નાગભટ ૨ જો 'નાગાવલોક' તરીકે પણ ઓળખાતો,[૯૨] પરંતુ એનો રાજ્યકાલ ઈ. સ. ૭૮૩ પછીનો છે, આથી નાગભટ ૨ જાની જેમ એનો પૂર્વજ નાગભટ ૧ લો પણ 'નાગાવલોક' તરીકે ઓળખાતો હોવો જોઈએ ને ભર્તૃવડ્ઢ ૨ જાના દાનશાસનમાં જણાવેલો નાગાવલોક એ નાગભટ ૧ લો હોવો જોઈએ એવું માલૂમ પડે છે.[૯૩]

ભર્તૃવડ્ઢની રાજધાની નર્મદા નદીને ઉત્તરતટે આવેલ ભૃગુકચ્છ(ભરૂચ)માં હતી ને એ નર્મદાના દક્ષિણે આવેલા અક્રૂરેશ્વર (અંકલેશ્વર) વિષય પર પણ સત્તા ધરાવતો. આ પરથી અવંતિના પ્રતીહાર રાજ્યનું આધિપત્ય ત્યારે ગુજરાતના ભરૂચ જિલ્લાના પ્રદેશ પર પ્રવર્તતું હોવાનું સ્પષ્ટ થાય છે.

ભર્તૃવડ્ઢના દાનશાસનમાં એના પાંચ પૂર્વાધિકારીઓનો ઉલ્લેખ કરેલો છે એ પરથી એમાંના પહેલા પૂર્વાધિકારીનું રાજ્ય સાતમા સદીના પૂર્વાર્ધમાં પ્રવર્ત્યું હોવાનું ફલિત થાય છે, પરંતુ લગભગ ઈ. સ. ૬૦૦ થી ૭૩૫ સુધી તો ભરૂચની આસપાસના પ્રદેશમાં ગુર્જરનૃપતિવંશની સત્તા પ્રવર્તી હતી, આથી ચાહમાન વંશની સત્તા આ પ્રદેશમાં ઈ. સ. ૭૩૫ પછી સ્થપાઈ હોવાનું માલૂમ પડે છે. સંભવ છે કે ભૃગુકચ્છના ચાહમાન વંશ શાકંભરી પ્રદેશના ચાહમાનવંશની[૯૪] શાખા હોય ને નાગભટ ૧ લાના સમયથી એ ચાહમાનવંશે આ પ્રતીહાર વંશનું આધિપત્ય અંગીકાર કર્યું હોય, નહિ તો ઈ. સ. ૭૮૮ સુધી ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને પૂર્વ ગુજરાત પર વલભીના મૈત્રક વંશની સત્તા પ્રવર્તતી હોઈ, એ દરમ્યાન અવંતિના પ્રતીહારોનું આધિપત્ય એકાએક છેક ભરૂચ પ્રદેશ પર પ્રસરે એ અસંભવિત જેવું ગણાય. ગમે તેમ હોય, ઈ. સ. ૭૫૬ માં પ્રતીહાર નરેશ નાગાવલોક અર્થાત્ નાગભટ ૧ લાનું આધિપત્ય ભરૂચના ચાહમાન રાજ્ય પર પ્રવર્તતું હતું એ હકીકત છે.

વત્સરાજના રાજ્યકાલ (લગભગ ઈ. સ. ૭૭૮-૭૯૨) દરમ્યાન વલભીના મૈત્રક રાજ્યનો અંત આવી ગયો ને રાષ્ટ્રકૂટ રાજા કર્કરાજની સત્તા દક્ષિણ ગુજરાત ઉપરાંત મધ્ય ગુજરાત પર પ્રવર્તી; ઉત્તર ગુજરાત પર પણ એ રાષ્ટ્રકૂટ રાજાનું આધિપત્ય પ્રસરેલું.[૯૫]

નાગભટ ૨ જા(લગભગ ઈ. સ. ૭૯૨ થી ૮૩૩)એ[૯૬] પ્રતીહાર રાજ્યનો વિસ્તાર કર્યો. એણે શરૂઆતમાં આનર્ત માલવ વગેરે પ્રદેશોના રાજાઓના ગિરિદુર્ગ કબજે કર્યા.[૯૭] આનર્તનો ગિરિદુર્ગ ઉત્તર ગુજરાતમાં આવ્યો હોવો

જોઈએ, પરંતુ એનું ચોક્કસ સ્થાન જાણવા મળ્યું નથી. ખેટક(ખેડા)ના કર્કરાજની સત્તા લુપ્ત થઈ ગઈ હતી ને લાટ (ગુજરાત) પર દખ્ખણના રાષ્ટ્રકૂટ રાજા ગોવિંદરાજ ૩ જાની સત્તા પ્રવર્તી હતી. એણે લાટમંડલનું રાજ્ય પોતાના નાના ભાઈ ઇંદ્રરાજને સોંપ્યું હતું.[૯૮] આનર્ત પરના આક્રમણને લઈને નાગભટને ઇંદ્રરાજ સાથે સંઘર્ષ થયો હોવો જોઈએ. યુદ્ધ કરવા આવેલા ગુર્જરેશ્વરને ઇંદ્રરાજે એકલા હાથે ભગાડી દીધો એવો એના ઉત્તરાધિકારીઓનાં દાનશાસનોમાં ઉલ્લેખ આવે છે.[૯૯] બીજી બાજુ દક્ષિણ સૌરાષ્ટ્રના ચાલુક્ય રાજા વાહુકધવલે યુદ્ધમાં કર્ણાટ-સૈન્યનો અર્થાત્ રાષ્ટ્રકૂટ સૈન્યનો પરાભવ કર્યાનો વાહુકધવલના વંશજ અવનિવર્મા ૨ જાના દાનશાસનમાં નિર્દેશ કરેલો છે.[૧૦૦] વળી વાહુકધવલે ધર્મ નામે પ્રતાપી રાજાને પણ હરાવ્યાનો ને વશ કર્યાનો ઉલ્લેખ થયો છે.[૧૦૧] આ રાજા સ્પષ્ટતઃ ગૌડરાજ ધર્મપાલ છે. વાહુકધવલે આ પરાક્રમ પ્રતીહાર નરેશના સામંત તરીકે કર્યાં લાગે છે.[૧૦૨] વઢવાણના રાજા ધરણીવરાહ(ઈ. સ. ૯૧૪)ની જેમ એના પૂર્વાધિકારીએ પણ આ સમયે પ્રતીહાર નરેશનું આધિપત્ય અંગીકાર કર્યું લાગે છે. પશ્ચિમ સૌરાષ્ટ્રના એક સૈંધવ રાજાએ પણ પ્રાયઃ પ્રતીહાર નરેશનું આધિપત્ય સ્વીકાર્યું લાગે છે, પરંતુ એ વંશના રાજાઓ પોતાનાં દાનશાસનોમાં એ અધિપતિઓનો નિર્દેશ કરતા નહિ.[૧૦૩]

'પ્રભાવકચરિત'માં જણાવ્યા મુજબ આ નાગભટ 'નાગાવલોક' તેમજ 'આમ' નામે પણ જાણીતો હતો.[૧૦૪] આમ રાજાએ સૌરાષ્ટ્રમાં જૈન તીર્થોની યાત્રા કરી ત્યારે એણે રૈવતાચલ (ગિરનાર) ઉપરાંત દામોદર (જૂનાગઢમાં), પિંડારક (પીંડારા), માધવદેવ (માધવપુર), શંખોદ્ધાર, દ્વારકા અને સોમેશ્વર (સોમનાથ) પાટણની પદયાત્રા કરેલી.[૧૦૫]

વનરાજ ચાવડા વિશે જૈન પ્રબંધોમાં જે અનુશ્રુતિ આપી છે તે પ્રમાણે એના જન્મસમયે ગુર્જરભૂમિ (ગુજરાત) કાન્યકુબ્જ(કનોજ)ના રાજ્યની અંતર્ગત હતી.[૧૦૬] હિંદી કાવ્ય 'રત્નમાલા'માં જણાવ્યા મુજબ વનરાજનો પિતા જયશિખરી પંચાસરનો રાજા હતો ને એને યુદ્ધમાં મારી કનોજના રાજા ભુવડે એનું રાજ્ય લઈ લીધું હતું.[૧૦૭] 'ધર્મારણ્ય-માહાત્મ્ય'માં જણાવ્યા પ્રમાણે કનોજના રાજા આમે ગુજરાતનું રાજ્ય જીતી લઈ એ રાજ્ય પોતાની પુત્રીને કાંચળીમાં આપ્યું.[૧૦૮] આ પરથી પંચાસરના રાજ્યનો નાશ કરનાર કનોજનો રાજા ભુવડ એ કનોજના પ્રતીહાર વંશનો રાજા આમ ઉર્ફે નાગભટ ૨ જો હોવાનું માલૂમ પડે છે.[૧૦૯] આ અનુસાર નાગભટ ૨ જાએ ઉત્તર ગુજરાતમાં પંચાસર પ્રદેશ પર પોતાનું શાસન પ્રવર્તાવ્યું ગણાય.

'રત્નમાલા'માં નિરૂપેલા વૃત્તાંત પ્રમાણે કનોજના રાજાએ પંચાસર જીતવા પોતાના સોળે પટાવતોને મોકલ્યા, પણ પંચાસર જિતાયું નહિ, આથી ભુવડે જાતે પંચાસર પર ચડાઈ કરી, તેમાં જયશિખરી લડતાં મરાયો ને ત્યાં કનોજના રાજાની આણ પ્રવર્તી.[૧૧૦]

આમ આભિલેખિક તથા અનુશ્રુતિક વૃત્તાંતો પરથી નાગભટ ૨ જાએ આનર્ત પર પોતાની સત્તા વિસ્તારી હોવાનું તથા સૌરાષ્ટ્રમાં પોતાનું આધિપત્ય પ્રવર્તાવ્યું હોવાનું માલૂમ પડે છે.

નાગભટ ૨ જા પછી એના પૌત્ર ભોજ(મિહિર)ના સમય(લગભગ ઈ. સ. ૮૩૩-૮૮૫)ના કેટલાક ઉલ્લેખ ઉપલબ્ધ છે. સ્કંદપુરાણમાંના 'વસ્ત્રાપથ-માહાત્મ્ય'માં આપેલા વૃત્તાંત મુજબ કનોજના રાજા ભોજે દસ હજાર અશ્વો અને પત્તિઓ લઈ, અશ્વ પર આરૂઢ થઈ રૈવતક (ગિરનાર) પ્રદેશ પર ચડાઈ કરી હોવાનું અને એમાં ત્યાંની એક વિલક્ષણ દેખાવની નારીને પ્રાપ્ત કરી પોતાની અગ્રમહિષી (પટરાણી) બનાવી હોવાનું પણ જણાવ્યું છે.[૧૧૧]

'પ્રબંધચિંતામણિ'માં કાન્યકુબ્જના કલ્યાણકટકમાં ભૂયરાજ નામે રાજા રાજ્ય કરતો હતો ને કાન્યકુબ્જના રાજાએ પોતાની પુત્રી મહણિકાને પહેરામણીમાં ગુર્જરદેશ આપેલો એવું જણાવ્યું છે[૧૧૨] એ પ્રાયઃ કનોજના આ રાજા ભોજને લાગુ પડે છે. આ વૃત્તાંત અનુસાર ખંડણી ઉઘરાવવા કાન્યકુબ્જથી જે પંચકુલ (પંચોળી) અહીં આવેલો તેના સેલ્લભૃત્ (શેલત) તરીકે નિમાઈને, છ મહિના પછી પંચકુલ ૨૪ લાખ રૂપાના દ્રમ અને ચાર હજાર અશ્વ લઈને કનોજ પાછો જતો હતો ત્યારે એને વનરાજે સૌરાષ્ટ્રના ઘાટમાં હણી નાખ્યો. પછી પોતે રાજાની બીકથી એક વર્ષ સુધી જંગલમાં છુપાઈ રહ્યો; ને પછી એણે સરસ્વતીને તીરે અણહિલ્લપાટક વસાવી ત્યાં પોતાનું રાજ્ય સ્થાપ્યું.[૧૧૩] આ પરથી ભોજે ઉત્તર ગુજરાત પરનો પ્રતીહાર રાજ્યનો અધિકાર ગુમાવી દીધો લાગે છે. મધ્ય ગુજરાતના રાષ્ટ્રકૂટ રાજા ધારાવર્ષ ધ્રુવરાજ ૨ જાએ એકલા હાથે ગુર્જરોની (પ્રતીહારોની) સેનાને પાછી હઠાવી પરમ યશ પ્રાપ્ત કર્યો ને મિહિરને ઝાંખો પાડ્યો એવું એના દાનશાસન(ઈ. સ. ૮૬૭)માં જણાવ્યું છે.[૧૧૪] આ પરથી પણ પ્રતીહાર નરેશ ભોજ ગુજરાતમાં ફાવ્યો ન હોવાનું માલૂમ પડે છે.

છતાં સૌરાષ્ટ્ર પરનું પ્રતીહાર વંશનું આધિપત્ય ભોજના સમયમાં તેમજ એ પછી પણ ચાલુ રહ્યું ગણાય છે.

દક્ષિણ સૌરાષ્ટ્રના ચાલુક્ય રાજા બલવર્માના વલભી સંવત ૫૭૪(ઈ. સ. ૮૯૨)ના દાનશાસનમાં તથા એના પુત્ર અવનિવર્મા ૨ જાના વિ. સં. ૯૫૬-(ઈ. સ. ૯૦૦)ના દાનશાસનમાં પરમભટ્ટારક મહારાજાધિરાજ પરમેશ્વર ભોજદેવના ઉત્તરાધિકારી પ. મ. પ. મહેંદ્રાયુધદેવ ઉર્ફે મહેંદ્રપાલદેવના આધિપત્યનો ઉલ્લેખ કરેલો છે.[૧૧૫] આ અધિપતિ એ સ્પષ્ટતઃ કનોજના પ્રતીહાર રાજા ભોજદેવ ૧ લાનો પુત્ર અને ઉત્તરાધિકારી મહેંદ્રપાલ ૧ લો છે.

એવી રીતે વઢવાણના ચાપ વંશના રાજા ધરણીવરાહના શક વર્ષ ૮૩૬-(ઈ. સ. ૯૧૪)ના દાનશાસનમાં[૧૧૬] રાજાધિરાજ પરમેશ્વર મહીપાલદેવના આધિપત્યનો નિર્દેશ આવે છે, એ અધિપતિ મહેંદ્રપાલનો બીજો પુત્ર મહીપાલ છે. હરિષેણકૃત 'બૃહત્કથાકોશ'માં જણાવેલો રાજા વિનયકપાલ (ઈ. સ. ૯૩૧-૩૨)[૧૧૭] કાંતો મહીપાલ પોતે અથવા તો એનો ભાઈ હતો.[૧૧૮] એનો અભિલેખ વિ. સં. ૯૮૮( ઈ. સ. ૯૩૧)નો મળ્યો છે.[૧૧૯]

આ પરથી સૌરાષ્ટ્રમાં કનોજના પ્રતીહાર નરેશોનું આધિપત્ય ઓછામાં ઓછું ઈ. સ. ૯૧૪ સુધી અર્થાત્ એકંદરે સો-સવાસો વર્ષ સુધી પ્રવર્ત્યું હોવાનું ફલિત થાય છે.

## પાદટીપો

૧. B. N. Puri, *The History of the Gūrjar-Pratihāras*, pp. 19 f.

૨. K. M. Munshi, *The Glory that was Gūrjaradeśa*, Pt. III, Appendix A (1): 'Jodhpur' Inscription of Pratihāra Bānka, V. S. 894, vs. 4; Appendix A (2); Ghatiyala Inscription No. 2, V. S. 918, vs. 2

૩. Jodhpur Inscription of Pratihāra Bāuka, vs. 9-10 (*EI*, Vol. XVIII, pp. 87 f.)

૪. *Ibid*, vs. 12. મેડતા જોધપુરની ઉત્તરપૂર્વે લગભગ ૧૧૨ કિ. મી. (૭૦ માઈલ) પર આવેલું છે.

૫. *Ibid*,, vs. 24

૬. ઉપર પા. ટી. ૨ જુઓ

૭. *G. G*, Pt. III, App. A (2), Nos. 1-2

૮. *Ibid*., pp. 30 f.

૯. प्रभावकचरित, ૧૪, ૫-૬ વસંતગઢ (સિરોહી)નો વિ. સં. ૬૮૨નો શિલાલેખ (*E I*, Vol. IX, p. 191)

૧૦. ब्राह्मस्फुटसिद्धान्तની રચના બ્રહ્મગુપ્તે 'ચાપવંશતિલક વ્યાઘ્રમુખ'ના રાજ્યકાલમાં કરી એવું એના અંતિમ અધ્યાય(૨૪, ૭–૮)માં જણાવ્યું છે. ત્યાં લેખકનું કે રાજાનું સ્થાન જણાવ્યું નથી. બ્રહ્મગુપ્તને આગળ જતાં 'ભિલ્લમાલકાચાર્ય' તરીકે ઓળખાવવામાં આવ્યા છે: (I. *A.*, Vol. XVII, p. 192). એ પરથી વ્યાઘ્રમુખ પણ ભિલ્લમાલમાં રાજ્ય કરતો હોવાનું ધારવામાં આવ્યું છે. (गौ. ही. ओझा, राजपूतानेका इतिहास, खं. १, पृ. १५६, ४६), પરંતુ થોડાં જ વર્ષમાં યુઅન શ્વાંગ ભિલ્લમાલને ગુર્જર દેશના પાટનગર તરીકે ઓળખાવે છે એ પરથી કેટલાક વિદ્વાનો ભિલ્લમાલમાં ગુર્જરપ્રતીહારોનું અને ચાવડાઓનું અન્યત્ર રાજ્ય હોવાનું ધારે છે. હ. ગં. શાસ્ત્રી, ગુ. મ. રા. ઇ., પૃ. ૫૦–૫૧; Munshi, *GG.*, III, 32; R. C Majumdar, "Northern India during A. D. 650-750", *The Classical Age*, p. 145. અલ્-બીરૂની 'બ્રાહ્મસ્ફુટસિદ્ધાન્ત'ની રચના બ્રહ્મગુપ્તે ભિન્નમાલમાં કરી હોવાનું સ્પષ્ટ જણાવે છે (Sachau, *Al Berunis India*, Vol. I, pp. 153, 267).

૧૧. Hiuen Tsiang, *Buddhist Records of the Western World*, Vol. II, p. 270; Watters, *On Yuan Ghwang's Travels in India*, Vol. II, p. 250

યુઅન શ્વાંગે જણાવેલા પાટનગરને કેટલાક ભિલ્લમાલને બદલે બાલમેર તરીકે ઓળખાવે છે (Watters, *ibid.*, p. 250; R. C. Majumdar, *The Classical Age*, p. 154).

૧૨. અવનિજનાશ્રય પુલકેશીના નવસારી દાનશાસનમાં આવતો ચાપોત્કટ રાજ્યનો ઉલ્લેખ પ્રાયઃ ગુર્જરદેશને લાગુ પડે છે. (Mirashi, *CII*, Vol. IV, *Introduction*, p. lxiv): અલ્-બિલાદુરી મારવાડ અને ભિન્નમાલનો સ્પષ્ટ નિર્દેશ કરે છે (Elliot and Dowson, *History of India as told by its own Historians*, Vol. I, pp. 126).

૧૩. R. C. Majumdar: 'Rise and Fall of the Pratihara Empire", *The Age af Imperial Kanauj*, p. 19

૧૪. હ. ગં. શાસ્ત્રી. "મૈત્રકકાલીન ગુજરાત", ભા. ૧, પૃ. ૩૦૩–૩૦૫

૧૫–૧૬. R. C. Majumdar, *op. cit.*, p. 20

૧૭. એજન, પૃ. ૨૨–૨૩　　૧૮–૨૦. એજન, પૃ. ૨૧–૨૨

૨૧–૨૫. એજન, પૃ. ૨૪–૨૭

૨૬. चन्द्रप्रभ, प्रभावकचरित, ११. बप्पभट्टिचरित, શ્લો. ૧૮૮, ૧૮૯, ૭૨૧

૨૭. એજન, ૧૧, ૭૨૯

૨૮–૨૯. R. C. Majumdar, *op. cit.*, pp. 28 f.

૩૦. એજન, પૃ. ૨૯–૩૦　　૩૧–૩૩. એજન, પૃ. ૩૧–૩૨

૩૪. એજન, પૃ. ૩૩

૩૫. ગુઐલે., લે. ૨૩૪ ('મહેંદ્રાયુધદેવ') અને ૨૩૫ ('મહેંદ્રપાલદેવ')

૩૬. વિગતવાર ચર્ચા માટે જુઓ R. C. Majumdar, *op. cit.*, pp. 33. ff.

૩૭-૩૮. એજન, પૃ. ૩૫-૩૬ ૩૯. ગુઐલે, લે. ૨૩૬

૪૦-૪૧. R. C. Majumdar, *op. cit.*, pp. 36 f.

૪૨. *G. I. I.*, Vol. IV, Nos. 16 to 24 and 121; ગુઐલે, લે. ૧૦૯ થી ૧૧૯. એમાં ત્રણ બનાવટી છે.

૪૩. *C. I. I.*, Vol. IV, Nos. 16-17; ગુઐલે., લે. ૧૦૯-૧૧૦

૪૪. ગુઐલે, લે. ૧૧૪-૧૧૬

૪૫. દા. ત. *B. G.*, Vol. I, Pt. 1, p. 113

૪૬. દા. ત. Sankalia, *Archaeology of Gujarat*, p. 14

૪૭. દા. ત. હરિચંદ્રને ક્ષત્રિય રાણીથી ચાર પુત્ર હતા: ભોગભટ, કક્ક, રજ્જિલ અને દ્દ: બાઉકનો જોધપુર શિલાલેખ, શ્લો. ૮-૯ -*G.G.*, Part III, Appendix A (2)

૪૮. *C. I. I.*, Vol. IV, Nos. 16-17 ૪૯. *Ibid.*, Nos. 19-20

૫૦. *IA*, Vol. VII, p. 62 ૫૧. *G. G.*, Part III, p. 25

૫૨. *B. G.*, Vol. I, Pt. 1, p. 113; *IA*, Vol. XIII. p. 73

૫૩. જુઓ ઉપર પૃ. ૬૦ ૫૪. જુઓ ઉપર પૃ. ૬૩

૫૫. *C. I. I.*, Vol. IV, No. 22

૫૬. *Ibid.*, Nos. 121 and 122

નં. ૨૧નું શાસન વિજયસ્કંધાવારમાંથી ફરમાવેલું છે, જ્યારે નં. ૨૩-૨૪નાં શાસનસ્થાન અજ્ઞાત છે. ૫૭. ગ્રંથ ૧, પૃ. ૩૪૧-૩૪૪

૫૮. *C. I. I.*, Vol. IV, Nos. 12-15 ૫૯-૬૦. મૈ.ગુ., પૃ. ૨૭૬-૨૭૭

૬૧. એજન, પૃ. ૨૭૮-૨૮૦ ૬૨. *C. I. I.*, Vol. IV, Nos. 16-20

૬૩. *Ibid.*, No. 18 ૬૪-૬૭. મૈ.ગુ., પૃ. ૨૮૬

૬૮. એજન, પૃ. ૨૮૭ ૬૯. એજન, પૃ. ૨૮૬-૨૮૭

૭૦. ગુઐલે, નં. ૧૧૪-૧૧૬ ૭૧. મૈ.ગુ., પૃ. ૨૮૩-૨૮૫

૭૨. જુઓ ઉપર પૃ. ૬૦.

૭૩. Mirashi, *C. I. I.*, Vol IV, Introduction. p. liv

૭૪. જુઓ ઉપર પૃ. ૬૩. ૭૫. મૈ.ગુ., પૃ ૨૯૦

૭૬. *C. I. I.*, Vol. IV, Nos. 21 ૭૭. *Ibid.*, No.22

૭૮-૭૯. મૈ.ગુ., પૃ. ૨૯૧-૯૨ ૮૦. એજન, પૃ. ૨૯૨-૯૩

૮૧. એના પૂર્વાધિકારીના રાજ્યનું છેલ્લું જ્ઞાત વર્ષ ઈ. સ. ૭૧૦ છે; ને એના ઉત્તરાધિકારી જયભટે વલભીપુરમાં કરેલું પરાક્રમ ઈ. સ. ૭૨૬ના અરસામાં થયેલું.

૮૨. *C. I. I.*, Vol. IV, Nos. 23-24 ૮૩. મૈ.ગુ., પૃ. ૨૯૪-૯૫

૮૪-૮૫. એજન, ૨૯૫-૨૯૬ ૮૬. એજન, પૃ. ૨૯૬-૨૯૭

સિંધના સૂબા જુનૈદે મારવાડ, માંડલ, દહનજ(?), ભરૂચ, ઉજ્જન, માળવા, બહરીમદ અને ગુર્જર (દેશ) પર હુમલો કરવા ફોજ મોકલેલી (Elliot and Dowson, *History of India as told by its own Historians*, Vol. I, pp. 125 f.).

તાજિક સૈન્ય સૈંધવ, કચ્છેલ્લ, સૌરાષ્ટ્ર, ચાપોટક, મૌર્ય, ગુર્જર આદિ રાજ્યોને વીંધીને દક્ષિણના રાજાઓને જીતવાની ઇચ્છાથી નવસારિકા આવ્યું હતું. (*CII* Vol. IV, No. 30).

૮૭. જુનૈદ હિ. સ. ૧૦૭ (ઈ. સ. ૭૨૫)માં સિંધનો સૂબો નિમાયો હતો ને એણે આ ફોજ એ પછી થોડા વખતમાં મોકલી હતી.

અવનિજનાશ્રય પુલકેશીના રાજ્યકાલની પૂર્વમર્યાદા એના મોટા ભાઈ જયાશ્રય મંગલરાજના જ્ઞાત વર્ષ શક ૬૫૩ (ઈ. સ. ૭૩૧-૭૨) પરથી અગાઉ ઈ. સ. ૭૩૫ના અરસામાં મૂકવામાં આવતી (મૈ. ગુ., પૃ. ૩૧૯-૩૨૦), પરંતુ હવે મંગલરાજ તો ઉત્તર કોંકણમાં રાજય કરતો હોવાનું પ્રતિપાદિત થયું હોઈ (*C. I. I.*, Vol. IV, Introduction, pp. lxiii-lxiv), પુલકેશીના રાજ્યકાલની પૂર્વમર્યાદા ઠીક ઠીક વર્ષ વહેલી મૂકી શકાય એમ છે. આથી હવે ઈ. સ. ૭૨૬ ના તાજિક આક્રમણને એના યશસ્વી પરાક્રમ સાથે સાંકળી શકાય.

૮૮-૮૯. મૈ.ગુ., પૃ. ૩૨૬

૯૦. ગુઐલે, ભાગ ૩, લેખ નં. ૨૩૩

૯૧. એ દિવસે સૂર્યગ્રહણ હતું (પં. ૧૪ અને ૧૯). વિ સં. પ્રમાણે એ ઈ. સ. ૭૬૫ની ૨૮મી ઑક્ટોબર સાથે બંધ બેસે છે (*EI*, Vol. IX, p. 251, n. 4)

૯૨. चन्द्रप्रभ, प्रभावकचरित, बप्पभट्टिसूरिचरित, श्लो. १८८, ७२१ પરબલના પથારી સ્તંભલેખ(ઈ. સ. ૮૬૭)માં તથા વિગ્રહરાજના હરસ શિલાલેખ (ઈ. સ. ૯૭૪)માં જણાવેલો નાગાવલોક એ આ નાગભટ ૨ જો છે (B. N. Puri, *The History of the Gurjara-Pratihāras*, pp. 36 f.).

૯૩. Sten Know, *EI.*, Vol. XII, pp. 197 f.

૯૪. D. C. Ganguly, "Central and Western India", *The Āge of Imperial Kanauj*, pp. 105 ff.

૯૫. હ. ગં. શાસ્ત્રી, "મૈત્રકકાલીન ગુજરાત", પૃ. ૩૩૦ થી

૯૬. K. M. Munshi, *The Glory that was Gurjaradeśa*, Part III, p. 59; चन्द्रप्रभ, उपर्युक्त, श्लो. ७१९

૯૭. "Gwalior Prasasti of Mihira Bhoja," *EI*, Vol XVIII, pp. 107 ff., vs. 11.

૯૮. દુ. કે. શાસ્ત્રી, "ગુજરાતનો મધ્યકાલીન રાજપૂત ઇતિહાસ", પૃ. ૮૭-૮૮

૯૯. D. C. Ganguly, *op. cit.*, p. 24

૧૦૦. ગુઐલે. ઉપર્યુક્ત, લેખ નં. ૨૩૫, શ્લો. ૧૧

૧૦૧. એજન, શ્લો. ૯ ૧૦૨. D. C. Ganguly, *op. cit.*, p. 24

૧૦૩. *Ibid.*, p. 25   ૧૦૪. चन्द्रप्रभ, उपर्युक्त, श्लो. १८८, १८९, ७२१

૧૦૫. उपर्युक्त, पृ. १०७–१०८   ૧૦૬–૧૦૭. જુઓ પ્રકરણ ૭.

૧૦૮. पद्मपुराण, धर्मारण्य कथा, अ. ५२, श्लोक. ३–९.

૧૦૯. K. M. Munshi, *op. cit.*, pp. 67 ff.

૧૧૦. रत्नमाळ, पृ. ४३–१०७   ૧૧૧. स्कन्दपुराण, ७, २, ६–७

૧૧૨. मेरुतुंग, प्रबन्धचिन्तामणि, पृ. ११–१२

૧૧૩. एजन पृ. १३. આ નગરની સ્થાપના વિ. સં. ૮૦૨ માં થઈ હોવાની અનુશ્રુતિ અનેક લખાણોમાં આપેલી છે: રા. ચુ. મોદી. 'પાટણસ્થાપનાનાં તારીખવાર તિથિ' "કાન્તમાલા", પૃ. ૧૫૭; દુ. કે. શાસ્ત્રી, ઉપર્યુક્ત, પૃ. ૫૯. પરંતુ સમકાલીન રાજાઓના નિશ્ચિત રાજ્યકાલ સાથે આ વર્ષનો મેળ મળતો ન હોઈ એ અસ્વીકાર્ય છે (K. M. Munshi, *op. cit.*, p. 68; H. G. Shastri, 'The Problem of the Chronology of Cavada Kings', *Proceedings and Transactions of the All-India Oriental Conference, Seventeenth Session*, pp. 425 ff.).

૧૧૪. ગુઐલે, લેખ નં. ૧૨૯, શ્લો. ૪૧

૧૧૫. એજન, લેખ નં. ૨૩૪–૨૩૫   ૧૧૬. એજન, લેખ નં. ૨૩૬

૧૧૭. प्रशस्ति, श्लो. ११–१३ A. N. Upadhye, *Introduction*, *Bṛhat-Katākhośa*, p. 121 f.

૧૧૮. A. N. Upadhye, *op. cit.*, p. 122, n.1; R.C.Majumdar, 'Rise and Fall of the Pratihara Empire', *The Age of Imperial Kanauj*, pp. 33 f.

૧૧૯. J. F. Fleet, "Bengal Asiatic Society's Plate of the Mahārāja Vināyakapāla" *IA*, Vol. XV, pp. 138 ff.; Correction by D. R. Bhandarkar, *JBBRAS*, Vol. XXI, pp. 410 ff.

## પ્રકરણ ૭

# ચાવડા રાજ્યો

### કુલનામ

મૈત્રકકાલ તથા અનુ–મૈત્રકકાલ દરમ્યાન ગુજરાતમાં ચાપ–ચાપોત્કટ–ચાવોટક–ચાઉડા–ચાવડા નામે ઓળખાતાં રાજકુલોનાં કેટલાંક રાજ્ય પ્રવર્ત્યાં. ભિલ્લમાલ કે એની નજીકના કોઈ સ્થળે 'ચાપ' વંશનો રાજા રાજ્ય કરતો એવો ઉલ્લેખ બ્રહ્મગુપ્તના 'બ્રાહ્મસ્ફુટસિદ્ધાંત'(ઈ. સ. ૬૨૮)માં આવે છે.[૧] નવસારીના ચાલુક્ય રાજા અવનિજનાશ્રય પુલકેશીના દાનશાસન(ઈ. સ. ૭૩૯)માં 'ચાવોટક' રાજ્યનો નિર્દેશ છે.[૨] ધરણીવરાહના વઢવાણ દાનશાસન(ઈ. સ. ૯૧૪)માં એ રાજા 'ચાપ' વંશનો હોવાનું જણાવ્યું છે.[૩] વનરાજ ચાવડાનો રાજવંશ વિ. સં. ૮૦૨ (ઈ. સ. ૭૫૬)થી ૯૯૮ (ઈ. સ. ૯૪૨) સુધી થયો હોવાની અનુશ્રુતિ છે, પરંતુ એને લગતો સહુથી પ્રાચીન ઉલ્લેખ કુમારપાલના વડનગર શિલાલેખ(ઈ. સ. ૧૧૫૧)માં મળે છે, જેમાં એ વંશ માટે 'ચાપોત્કટ' શબ્દ પ્રયોજાયો છે.[૪] પછી મોહરાજપરાજય(ઈ. સ. ૧૧૭૪–૭૬)માં 'ચાઉક્કડ' (સં. ચાપોત્કટ)નો ઉલ્લેખ છે.[૫] એવી રીતે મહામાત્ય વસ્તુપાલ(લગભગ ઈ. સ. ૧૨૨૦ થી ૧૨૪૦)ના સમયનાં રચાયેલા સુકૃત-સંકીર્તન[૬] તથા સુકૃતકીર્તિ-કલ્લોલિનીમાં[૭] પણ 'ચાપોત્કટ' શબ્દ પ્રયોજાયો છે. ૧૭ મા–૧૮ મા શતકની 'રત્નમાલા'માં 'ચાપોત્કટ' તથા 'ચાઉડા' બંને રૂપ વપરાયાં છે.[૮] પ્રબંધચિંતામણિ(ઈ. સ. ૧૩૦૫)માં પણ 'ચાપોત્કટ' રૂપ પ્રયોજાયું છે.[૯] વિવિધગચ્છીય પટ્ટાવલીઓમાં 'ચાઉડ' તથા 'ચાવડો' એ રૂપ જોવામાં આવે છે.[૯અ] ભાટચારણોએ જાળવેલી અનુશ્રુતિઓમાં સૌરાષ્ટ્ર અને કચ્છમાં બીજાં કેટલાંક 'ચાવડા' રાજકુલ થયાં હોવાનો વૃત્તાંત આવે છે. આમ આ કુલનામનાં વિવિધરૂપ પ્રયોજાતાં, જેમાં 'ચાપોત્કટ', 'ચાવોટક' અને 'ચાઉડા' કે 'ચાવડા'એ સ્પષ્ટતઃ એક જ શબ્દનાં ભિન્ન ભિન્ન રૂપ છે. એમાં 'ચાઉડા' (કે 'ચાવડા') એ મૂળ રૂપ હશે ને 'ચાવોટક' તથા 'ચાપોત્કટ' એ એનાં સંસ્કૃતીકૃત રૂપાંતર થયાં હશે.

આ શબ્દનો મૂળ અર્થ શો હશે એ એક પ્રશ્ન છે. વઢવાણ દાનશાસનમાં તો એવી વાત કરી છે કે શંભુ ધ્યાનમગ્ન થાય ત્યારે પૃથ્વી અસુરોના ઉપદ્રવ સહન કરી શકતી નહિ, આથી એની વિનંતીથી શંભુએ પોતાના ચાપ (ધનુષ)-માંથી એક સમર્થ શક્તિશાળી પુરુષ સર્જ્યો તે 'ચાપ' કહેવાયો ને એનામાંથી ચાપ વંશ પ્રવર્ત્યો.[૧૦] આ વાત દેખીતી રીતે અલૌકિક કથા (myth) પ્રકારની છે ને એમાં 'ચાપ' નામ પરથી એ કુલની ઉત્પત્તિને શંભુના ચાપ સાથે સાંકળીને એ અલૌકિક કથા ઉપજાવેલી છે, જેમ 'ચૌલુક્ય' નામ પરથી એ રાજકુલ બ્રહ્માના ચુલુક(ખોબા)માંથી ઉત્પન્ન થયું હોવાની અલૌકિક કથા ઉપજી છે તેમ.

પ્રબંધચિંતામણિની એક પ્રતમાં ચાપોત્કટોને 'હૈહય' જણાવ્યા છે[૧૧] એ પરથી આગળ જતાં ચાપોત્કટો વળી હૈહયોના વંશજ પણ મનાતા એવું માલૂમ પડે છે.

ખરી રીતે તો 'ચલિક'–'ચલુક'–'ચુલિક'–'શુલિક'ની[૧૨] જેમ 'ચાઉડા'–'ચાવડા' પણ કોઈ દેશી નામ હશે[૧૩] ને 'ચાવોટક' એ એનું નજીકનું અર્ધ-સંસ્કૃત અને આગળ જતાં 'ચાપોત્કટ' એ એનું પૂરું સંસ્કૃતીકૃત રૂપાંતર કરવામાં આવ્યું હશે. અલબત્ત, 'ચાવોટક'ની જેમ 'ચાપોત્કટ'માં પણ અંતે 'ક' ઉમેરાવો જોઈતો હતો. 'ચાપોત્કટ' એટલે 'ચાપ'(ધનુષ)થી 'ઉત્કટ' (સમર્થ, શક્તિશાળી, સંપન્ન કે ઉન્મત્ત) એવો અર્થ થઈ શકે ખરો, પરંતુ એ શબ્દપ્રયોગ સ્પષ્ટતઃ કૃત્રિમ છે.

પ્રબંધચિંતામણિમાં આપેલી વનરાજ ચાવડાના ઉત્તરાધિકારી રાજા યોગરાજને લગતી અનુશ્રુતિમાં એના પૂર્વજોના કલંકને લઈને એનું રાજ્ય ચરટો-(ચોરો)નું રાજ્ય ગણાતું હોવાનો ઉલ્લેખ આવે છે[૧૪] એ પરથી 'ચાઉડા'–'ચાવડા' શબ્દ ગુજરાતી શબ્દ 'ચોટ્ટા'–'ચોરટા' (ચોરી કરવાની ટેવવાળા)-ને મળતો હોવાનું સૂચિત થાય છે[૧૫] ને તો ચાવડા એ ચોરી ને ચાંચિયાગીરી કરતી સાહસિક જનજાતિ હોવી સંભવે છે. આ કુલને સમય જતાં રાજસત્તા પ્રાપ્ત થતાં એનો સમાવેશ છત્રીસ રાજકુલોમાં થયો, પરંતુ એનો સંબંધ સૂર્યવંશ–ચંદ્રવંશ સાથે સંકળાયો નથી. છતાં આ કારણે આ જનજાતિને વિદેશીમાંથી આવેલી ગણવી એ પૂરતું તર્કયુક્ત ન ગણાય.

મૈત્રકકાલ તથા અનુ-મૈત્રક કાલ દરમ્યાન ગુજરાતમાં ચાપ-ચાપોત્કટ-ચાવોકટ-ચાઉડા-ચાવડા કુલનાં અનેક રાજ્ય થયાં.

**ભિલ્લમાલનું ચાપ રાજ્ય**

ચાવડા રાજકુલોનો સહુથી પ્રાચીન જ્ઞાત ઉલ્લેખ શક વર્ષ ૫૫૦ (ઈ. સ. ૬૨૮)નો છે. જ્યોતિષાચાર્ય બ્રહ્મગુપ્તે બ્રાહ્મસ્ફુટસિદ્ધાંતની રચના એ વર્ષે કરી ત્યારે ત્યાં ચાપ વંશનો રાજા વ્યાઘ્રમુખ રાજ્ય કરતો હતો.[૧૬] બ્રહ્મગુપ્તને અન્યત્ર 'ભિલ્લમાલકાચાર્ય' કહ્યો છે એ પરથી વ્યાઘ્રમુખની રાજધાની ભિલ્લમાલમાં હોવી સંભવે છે.[૧૭] ઇ. સ. ૬૪૦ના અરસામાં યુઅન સ્વાંગે ભિલ્લમાલની મુલાકાત લીધી ત્યારે એ ગુર્જરદેશનું પાટનગર ગણાતું હતું[૧૮] એ પરથી ત્યાં ત્યારે ગુર્જર જાતિના રાજાનું રાજ્ય પ્રવર્તતું હતું એમ માનીને ઈ. સ. ૬૨૮માં ચાપ રાજા વ્યાઘ્રમુખ ત્યાં રાજ્ય ન કરતો હોય એવી શંકા ઉપસ્થિત થઈ છે,[૧૯] પરંતુ ચીની પ્રવાસીએ દેશને 'ગુર્જર' કહ્યો છે, રાજવંશને નહિ; આથી ત્યારે એ પ્રદેશ પ્રતીહારોના શાસનને લઈને કે અન્ય કોઈ કારણે 'ગુર્જરદેશ' તરીકે ઓળખાતો હોય ને છતાં ત્યાંના ભિલ્લમાલમાં ચાપ વંશની સત્તા પ્રવર્તતી હોય એ અસંભવિત નથી.[૨૦]

આ રાજકુલોને લગતો બીજો જ્ઞાત ઉલ્લેખ નવસારીના ચાલુક્ય રાજા અવનિજનાશ્રય પુલકેશીના દાનશાસન(ઈ. સ. ૭૩૯)માં આવે છે.[૨૧] એમાં તાજિક (અરબી) સૈન્યે સૈંધવ, કચ્છેલ્લ, સૌરાષ્ટ્ર, ચાવોટક, મૌર્ય, ગુર્જર આદિ રાજ્યોનો પરાભવ કર્યાનું જણાવ્યું છે. 'ફુતુહુલ બુલદાન'માં સિંધના સૂબા જુનૈદે મારવાડ, માંડલ, ધિણોજ, ભરૂચ, ઉજ્જન(માળવા), અને ભીનમાલ(ગુર્જર) પર ફોજ મોકલી હુમલો કરાવ્યાનો ઉલ્લેખ આવે છે.[૨૨] એ ઘટના હિ. સ. ૧૦૭(ઈ. સ. ૭૨૬)ના અરસામાં બની.[૨૩] પુલકેશીના દાનશાસનમાં જણાવેલું તાજિક આક્રમણ અને 'ફુતુહુલ બુલદાન'માં જણાવેલો આ અરબી હુમલો એક જ હોવો સંભવે છે. અહીં પુલકેશીના દાનશાસનમાં જણાવેલા 'ચાવોટક' રાજ્યનો વિચાર કરવાનો છે. અહીં જણાવેલું આ ચાવડા રાજ્ય કયું ? વઢવાણનું ચાપ રાજ્ય તો ઈ. સ. ૮૦૦ના અરસામાં સ્થપાયું હોઈ અહીં અપ્રસ્તુત ગણાય. કેટલાક વિદ્વાનો પુલકેશીના દાનશાસનમાં જણાવેલા ગુર્જર રાજ્યને અરબી તવારીખમાં જણાવેલું ભીનમાલનું ગુર્જર રાજ્ય માની, પુલકેશીના દાનશાસનમાંના ચાવોટક રાજ્યને પંચાસરનું ચાવડા રાજ્ય ગણવાની હિમાયત કરે છે,[૨૪] પરંતુ આ સૂચન સ્વીકારતાં અરબી તવારીખમાં જણાવેલું ભરૂચ પુલકેશીના દાનશાસનમાં અનુલ્લિખિત રહે છે, જ્યારે દાનશાસનમાં જણાવેલું

ગુર્જર રાજ્ય ભરૂચના ગુર્જરનૃપતિવંશનું રાજ્ય હોય એ વધારે બંધ બેસે છે. વળી આનુશ્રુતિક સમયનિર્દેશ અનુસાર પંચાસરના રાજા જયશિખરીનું મૃત્યુ ઈ. સ. ૬૯૬ માં થયેલું ને પછી એ પ્રદેશ પર કનોજના રાજાનું શાસન પ્રવર્તેલું, એથી ઈ. સ. ૭૨૬ ના અરસામાં પંચાસરમાં ચાવડા રાજ્ય હોવાનું સંભવે નહિ. આનુશ્રુતિક સમયનિર્દેશને સુધારતાં જયશિખરી ત્યાં ઈ. સ. ૭૭૦–૭૯૦ ના અરસામાં રાજ્ય કરતો જણાય છે, પરંતુ એ અગાઉ ત્યાં એના પૂર્વજોની સત્તા ક્યારથી પ્રવર્તતી હતી એ જાણવા મળ્યું નથી. બીજી બાજુ ભિલ્લમાલમાં ચાપ વંશનું રાજ્ય વ્યાઘ્રમુખના સમયમાં ઈ. સ. ૬૨૮ માં હતું, પરંતુ ત્યાં એ વંશની સત્તા ક્યાંસુધી ચાલુ રહેલી એ પણ જાણવા મળ્યું નથી, છતાં ગુર્જરદેશના પ્રતીહારોનું પાટનગર ત્યારે અન્યત્ર હોય[૨૫] ને ભિલ્લમાલમાં ચાપ વંશનું રાજ્ય ચાલુ રહ્યું હોય એ અસંભવિત નથી.

## સૌરાષ્ટ્ર અને કચ્છનાં ચાવડા રાજ્ય

આ કાલ દરમ્યાન સૌરાષ્ટ્ર અને કચ્છમાં ચાવડા કુલનાં કેટલાંક રાજ્ય થયાં.

### ૧. વઢવાણનો ચાપવંશ

નવમી સદીના પૂર્વાર્ધમાં વઢવાણમાં ચાપ કુલનો એક રાજવંશ સત્તારૂઢ થયો. ત્યાં એ વંશની ઉત્પત્તિ શિવના ચાપ(ધનુષ)માંથી ઉત્પન્ન થયેલા ચાપ નામે નૃપમાંથી થઈ મનાતી.[૨૬]

આ વંશનો પહેલો જ્ઞાત રાજા વિક્રમાર્ક છે. એણે લગભગ ઈ. સ. ૮૦૫ થી ૮૩૦ સુધી રાજ્ય કર્યું જણાય છે. એના પછી એનો પુત્ર અડ્ડુક ગાદીએ આવ્યો. આ રાજાના નામ પરથી વઢવાણ પાસેના પ્રદેશનું નામ 'અડ્ડાણક' પડ્યું.[૨૭] અડ્ડુકનો રાજ્યકાલ લગભગ ઈ. સ. ૮૩૦ થી ૮૫૫ નો અંકાય. અડ્ડુકનો ઉત્તરાધિકાર એના પુત્ર પુલકેશીને મળ્યો. એણે લગભગ ઈ. સ. ૮૫૫ થી ૮૮૦ સુધી રાજ્ય કર્યું લાગે છે. એનો પુત્ર ધ્રુવભટ (લગભગ ૮૮૦ થી ૮૯૫) ધાર્મિક વૃત્તિનો હતો.[૨૮]

ધ્રુવભટ પછી એનો અનુજ ધરણીવરાહ ગાદીએ આવ્યો. એ દક્ષિણ સૌરાષ્ટ્રના ચાલુક્ય રાજા અવનિવર્મા ૨ જાથી પરાજય પામેલો એવો ઉલ્લેખ અવનિવર્માના વિ. સં. ૯૫૬ (ઈ. સ. ૯૦૦)ના ઊના દાનશાસનમાં આવે છે.[૨૯] ધરણીવરાહે શક વર્ષ ૮૩૬ (ઈ. સ. ૯૧૪)માં વર્દ્ધમાન(વઢવાણ)માંથી મહેશ્વરાચાર્ય નામે શૈવ આચાર્યને એક ગામ દાનમાં દીધેલું.[૩૦] એને લગતા તામ્રશાસનમાં રાજાધિરાજ પરમેશ્વર શ્રીમહીપાલદેવના આધિપત્યનો નિર્દેશ

કરવામાં આવ્યો છે,[31] તે કનોજના પ્રતીહાર નરેશ મહીપાલદેવ ૧ લાને લાગુ પડે છે.[32]

ધરણીવરાહ પંચ મહાશબ્દ ધરાવતો ને 'મહાસામંતાધિપતિ' કહેવાતો. દાનશાસનના મંગલાચરણ તથા પ્રતિગ્રહીતા પરથી એ 'પરમ માહેશ્વર' હોવાનું ફલિત થાય છે. એની પ્રશસ્તિમાં એનાં દાન, શૌર્ય અને સૌંદર્યની ભારે પ્રશંસા કરવામાં આવી છે.[33]

આ ચાપ વંશનો ઈ. સ. ૯૧૪ પછીનો કંઈ વૃત્તાંત ઉપલબ્ધ નથી.

## ૨. સૌરાષ્ટ્રનાં અન્ય ચાવડા રાજ્ય

ભાટચારણો પાસેના આનુશ્રુતિક વૃત્તાંતો અનુસાર આ કાલ દરમ્યાન સૌરાષ્ટ્રમાં ચાવડા કુલનાં બીજાં પણ કેટલાંક રાજ્ય પ્રવર્તતાં. એમાંનું એક રાજ્ય દીવમાં હતું, જે આઠમી સદીમાં સ્થપાઈ ૧૨ મી–૧૩ મી સદી સુધી ચાલુ રહેલું.[34] સોમનાથ પાટણમાં પણ ચાવડાઓનું શાસન પ્રવર્તતું,[35] પણ એની કંઈ વિગત ઉપલબ્ધ નથી.

ઓખામંડળમાં ચાવડા કુલના અખેરાજજીએ વાઘેરોને વશ કરી પોતાની સત્તા સ્થાપી (છઠ્ઠી સદી). એણે થોડાં વર્ષ રાજ્ય કર્યું. પછી એનો પુત્ર ભુવડરાય ગાદીએ આવ્યો. એના પુત્ર જયસેને ચાવડાપાદર નામે નગર વસાવ્યું, જેનું પ્રાચીન સ્થાન હાલના મૂલવાસર ગામની સમીપમાં દર્શાવાય છે. એ નિ:સંતાન હતો. એણે પોતાનું નામ કાયમ રાખવા ચાવડાપાદરની નજીકમાં એક વિશાળ જળાશય બંધાવ્યું ને ત્યાં સ્મારક શિલા પણ સ્થાપી. જયસેન પછી એનો ભાઈ જગદેવ ગાદીએ આવ્યો. એણે ૨૧ વર્ષ રાજ્ય કર્યું. એના પછી એનો પુત્ર મંગલજી રાજા થયો, જે થોડાં વર્ષ જીવ્યો. મંગલજી પછી એનો પુત્ર જગદેવ ૨ જો ગાદીએ આવ્યો. એને બે પુત્ર હતા.

મોટા પુત્ર કનકસેને કનકપુરી નગરી વસાવી, જે હાલ વસઈ તરીકે ઓળખાય છે ને જે ઓખામંડળનું મોટું અને સમૃદ્ધ વેપારી મથક હતું. વસઈ ગામને પાદરે આવેલાં જીર્ણ જૈન દેરાસર કનકસેને બંધાવેલાં મનાય છે.[36]

જગદેવ ૨ જાના બીજા પુત્ર અનંતદેવે આ સમયે દ્વારકામાં પોતાનું અલગ રાજ્ય સ્થાપ્યું. દ્વારકાની ગાદી અગાઉ દેવગાદી મનાતી હોઈ ખાલી રહેતી, તે ગાદી પર અનંતદેવ બેસતાં દેવો કુપિત થયા ને એથી દ્વારકા પર હેરોલ રાજપૂતોએ હુમલો કર્યો એવી માન્યતા છે. હેરોલો ચાવડાઓ સાથે ગાઢ

સંબંધ ધરાવતા. અનંતદેવનું રાજ્ય પડાવી લઈ હેરોલોએ ત્યાં પોતાની પ્રબળ સત્તા જમાવી.

ઓખામંડળમાં ચાવડાઓ અને હેરોલો વચ્ચે છેક ૧૩ મી સદી સુધી વિગ્રહ ચાલ્યા કર્યો.[૩૭] અનંતસેન ચાવડાનું રાજ્ય શિયાળબેટમાં હતું; અથવા એ ભાદ્રોડમાં રાજ્ય કરતો ને એનું નામ 'અનંતદેવ' હતું એવી પણ અનુશ્રુતિ છે.[૩૮]

### ૩. કચ્છનાં ચાવડા રાજ્ય

આનુશ્રુતિક વૃત્તાંતો અનુસાર આ સમયે કચ્છમાં પણ ચાવડા કુલનાં કેટલાંક રાજ્ય થયાં, ખાસ કરીને કચ્છના પશ્ચિમ ભાગમાં.

પાટગઢ(તા. લખપત)માં વીરમ ચાવડો રાજ્ય કરતો.[૩૯] એ ઈસ્વી નવમી સદીના પૂર્વાર્ધમાં થયો જણાય છે. વીરમ ચાવડો ગૂંતરી(તા. નખત્રાણા)ના સાંધ રાજ્યનો ખંડિયો હતો. એણે પોતાની પુત્રી બુદ્ધિ સિંધના સમા રાજા લાખિયાર ભડના પુત્ર લાખા વેરે પરણાવી. વીરમના પુત્ર વાઘમ ચાવડાના નામ પરથી પાટગઢ વાઘમ–ચાવડાગઢ તરીકે ઓળખાતું. એના સમયમાં એની બહેન બુદ્ધિનો જયેષ્ઠ પુત્ર મોડ અને મોડનો સાવકો કનિષ્ઠ ભાઈ મનાઈ પાટગઢ આવ્યા. સમાઓ અને ચાવડાઓ વચ્ચે ઘર્ષણ થતાં મનાઈએ વાઘમ ચાવડાનું ખૂન કરાવ્યું, ને મોડ અને મનાઈએ પાટગઢની ગાદી કબજે કરી.[૪૧]

કનક ચાવડાએ સં. ૬૧૮(ઈ. સ. ૫૬૨)માં ભદ્રાવતી (ભદ્રેશ્વર) લીધું ને સં. ૬૨૨) ઈ. સ. ૫૬૬)માં ત્યાંના મંદિરનો જીર્ણોદ્ધાર કર્યો એવી અનુશ્રુતિ છે,[૪૨] પરંતુ આ વિગતો યથાર્થ લાગતી નથી.

કનક ચાવડો વિંઝાણ(તા. અબડાસા)માં રાજ્ય કરતો. એણે ભદ્રેશ્વર (તા. મુંદ્રા) લીધું હોય, તો એનું રાજ્ય એટલું વિસ્તૃત ગણાય. વળી એના પૌત્ર ભૂઅડ ચાવડાએ પણ ભદ્રેશ્વર પર ચડાઈ કરી કહેવાય છે. એનો રાજ્યકાલ વિ. સં. ૯૭૧ થી ૯૯૦ (ઈ. સ. ૯૧૫ થી ૯૩૪) ગણાય છે. એના સમયમાં સોલંકીઓએ ભદ્રેશ્વર કબજે કર્યું કહેવાય છે.[૪૩] ભદ્રેશ્વરથી પાછા વળતાં ભૂઅડ લડતાં લડતાં રૂપારેલના કાંઠે વીરગતિ પામ્યો. એના નામ પરથી ત્યાં 'ભૂઅડ' નામે ગામ વસ્યું (ત્યાં ભૂઅડે ભૂઅડેશ્વર મહાદેવનું મંદિર બંધાવેલું.) હાલ ત્યાં એનો પાળિયો અને એના નામની દેરી છે.[૪૪] કનક ચાવડો ભૂઅડનો પિતામહ હોય, એ છઠ્ઠી સદીમાં નહિ, પણ નવમી સદીના ઉત્તરાર્ધમાં થયો ગણાય.

આ ઉપરાંત ધોલાય-સરસાગર(તા. લખપત)માં તથા રાયપુર બંદર-(તા. માંડવી)માં પણ ચાવડાઓનું રાજ્ય હતું એવી અનુશ્રુતિ છે,[૪૫] પરંતુ એને લગતી વિગતો ઉપલબ્ધ નથી.

## ઉત્તર ગુજરાતનાં ચાવડા રાજ્ય

આ કાલ દરમ્યાન ઉત્તર ગુજરાતમાં પંચાસર-અણહિલવાડનાં ચાવડા રાજ્ય થયાં.

**પંચાસરનું ચાવડા રાજ્ય**

અણહિલવાડ પાટણમાં વનરાજ ચાવડાએ સ્થાપેલું રાજ્ય ત્યાં સોલંકી રાજ્ય સ્થપાતા સુધી ચાલુ રહ્યું એવો ઉલ્લેખ સોલંકી કાલથી સાહિત્યમાં મળે છે, પરંતુ વનરાજના પૂર્વજો અગાઉ પંચાસરમાં રાજ્ય કરતા હતા એ વિશેના સ્પષ્ટ ઉલ્લેખ એટલા પ્રાચીન સાહિત્યમાં ઉપલબ્ધ નથી. પ્રબંધ-ચિંતામણિ(ઈ. સ. ૧૩૦૫)માં વનરાજની માતા પંચાસરમાં રહેતી હતી એટલો ઉલ્લેખ આવે છે, વનરાજના પિતા વિશે કંઈ નિર્દેશ નથી.[૪૬] પુરાતનપ્રબંધ-સંગ્રહ(૧૪ મી સદી)માં પણ વનરાજની માતા પંચાસરમાં રહેતી હોવાનું જણાવ્યું છે, પણ વનરાજને આંબાસણના ચામુંડ નામે ચાપોત્કટનો પુત્ર કહ્યો છે.[૪૭] પદ્મપુરાણાંતર્ગત ગણાતા 'ધર્મારણ્ય-માહાત્મ્ય'(૧૫ મો સૈકો)માં વળી કોશલદેશના સૂર્યવંશી રાજા અગ્નિકેતુને સૈરંધ્રીથી થયેલા રજનીપુત્ર નામે પુત્રને વનરાજનો પિતા કહેવામાં આવ્યો છે.[૪૮]

પંચાસરના રાજા અને વનરાજના પિતા જયશિખરીનો પ્રસિદ્ધ વૃત્તાંત તો છેક ૧૭ મા-૧૮ મા સૈકામાં રચાયેલી કૃષ્ણ કવિની હિંદી 'રત્નમાલા'માં આપેલો છે.[૪૯] 'મિરાતે અહમદી'(૧૮ મો સૈકો)માં કનોજના રાજા ભુવડના સામંત સામંતસીંગને વનરાજનો પિતા કહ્યો છે,[૫૦] તો વળી એક હસ્તલિખિત પુસ્તકમાં વનરાજને ભિલ્લમાલના ચાવડા રાજા ભીમદેવ તથા એની રાણી જશકુંવરબાનો પુત્ર જણાવ્યો છે.[૫૧]

આમ વનરાજના પિતા વિશે અનેક ભિન્ન ભિન્ન અનુશ્રુતિઓ નોંધાઈ છે, એમાં વનરાજના બાળપણને પંચાસર સાથે નિકટ સંબંધ રહેલો હોવાની બાબતને અનેક અનુશ્રુતિઓનું સમર્થન હોઈ, 'રત્નમાલા'માં આપેલી પંચાસરના રાજા જયશિખરીને લગતી અનુશ્રુતિ ઘણી સંભવિત ગણાય.

એમાં જયશિખરીના પૂર્વજો કે પૂર્વાધિકારીઓ વિશે કંઈ ઉલ્લેખ આવતો નથી, એથી પંચાસરમાં ચાવડા વંશનું રાજ્ય ક્યારથી પ્રવર્તેલું એ નક્કી કરવું મુશ્કેલ છે. એમાં જયશિખરી વિશે જે વૃત્તાંત આપવામાં આવ્યો છે[52] તેનો સાર આ પ્રમાણે છે:

કાન્યકુબ્જ દેશના કલ્યાણકટક શહેરમાં ચુલુક્ય–ચૌલુક્ય(સોલંકી) વંશનો ભુવડ નામે રાજા રાજ્ય કરતો હતો. એને સોળ સુભટ હતા, જેમાં મિહિર મુખ્ય હતો. એક દિવસ ભુવડની રાજસભામાં ગુર્જર દેશના શંકર કવિએ પંચાસરના ચાપોત્કટ–ચાઉડા રાજા જયશિખરીનો મહિમા ગાયો ત્યારે પૂછપરછ કરતાં ભુવડને ખબર પડી કે એના સામંતોએ આસપાસના રાજાઓ પાસે પોતાનું આધિપત્ય અંગીકાર કરાવેલું, તેઓમાં જયશિખરી બાકી રહેલો છે. ભુવડે તરત એ માટે સેના મોકલી, પરંતુ જયશિખરીના શૂરવીર સાળા શૂરપાલે મિહિરની સેનાને પરાસ્ત કરી દીધી. પછી ભુવડે પોતે આગેવાની લઈ પંચાસર પર આક્રમણ કર્યું. બંને સૈન્યો વચ્ચે ઘણા દિવસો સુધી જબરજસ્ત સંગ્રામ ખેલાયો. જ્યારે જયશિખરીના સંખ્યાબંધ સૈનિક યુદ્ધમાં માર્યા ગયા ને વિજયની આશા લુપ્ત થઈ ત્યારે એણે પોતાની ગર્ભવતી રાણી રૂપસુંદરીને કોઈ સુરક્ષિત સ્થાને લઈ જવા શૂરપાલને આજ્ઞા કરી. શૂરપાલ બહેનને જંગલમાં મૂકી આવી જલદી પાછો ફર્યો. દરમ્યાન યુદ્ધમાં રાજા જયશિખરી અજબ વીરતા દાખવી વીરગતિ પામ્યો ને ભુવડની સેનાએ પંચાસર કબજે કર્યું (ઈ. સ. ૭૫૨). ભુવડે વીર જયશિખરીનો અગ્નિસંસ્કાર કરાવ્યો ને ત્યાં 'ગુર્જરેશ્વર' નામે શિવનું મંદિર બંધાવ્યું. ગુર્જરદેશ હાથ કરી ભુવડે કચ્છ સૌરાષ્ટ્ર વગેરે કબજે કર્યાં ને ગુજરાતમાં પ્રધાન નીમી એ કનોજ પાછો ફર્યો. જયશિખરીના મરણોત્તર પુત્ર વનરાજનો જન્મ વિ. સં. ૭૫૨ ની વૈશાખી પૂર્ણિમાને દિવસે થયો. એ ચૌદ વર્ષનો થતાં ગુજરાતનું રાજ્ય પ્રાપ્ત કરવા ઝંખવા લાગ્યો.

જયશિખરીને કાંતિમાન, કાવ્યરસ, ટેકીલો, હેતાળ અને એકવચની કહ્યો છે.[53]

આ અનુશ્રુતિ અનુસાર પંચાસરમાં જયશિખરીનું મૃત્યુ વિ. સં. ૭૫૨ (ઈ. સ. ૬૯૬)માં ગણાય, પરંતુ ત્યારે કનોજમાં ભુવડ નામે કોઈ ચૌલુક્ય રાજા રાજ્ય કરતો નહોતો. ખરી રીતે ચૌલુક્ય (ચાલુક્ય) વંશનું રાજ્ય તો દખ્ખણમાંના કલ્યાણનગરમાં થયું ને એ પણ ઈસ્વી દસમી સદીના અંતભાગથી.[54] સાતમી સદીના અંતે તો કનોજમાં યશોવર્મા નામે પ્રતાપી રાજાનું રાજ્ય શરૂ થયેલું, જેનાં કુલ તથા પૂર્વાધિકારીઓ વિશે કંઈ માહિતી ઉપલબ્ધ નથી.[55] એ પછી પ્રતીહાર વંશના રાજા નાગભટ ૨ જાએ

(લગભગ ઈ. સ. ૭૯૨–૮૩૪) કનોજમાં સત્તા પ્રસારી એને પોતાની રાજધાની બનાવી.[૫૬] એ રાજા 'આમ' નામે ઓળખાતો. એણે આનર્ત પર સત્તા પ્રસારેલી અને સૌરાષ્ટ્રમાં તીર્થયાત્રા કરેલી. જયશિખરીનો યુદ્ધમાં વધ કરી પંચાસરનો પ્રદેશ કબજે કરનાર કનોજ દેશનો રાજા ભુવડ એ કનોજના પ્રતીહાર વંશનો આ રાજા નાગભટ ૨ જો હોવો સંભવે છે. તો જયશિખરીનું મૃત્યુ ઈ. સ. ૬૯૬ માં નહિ, પણ એ પછી લગભગ સો વર્ષે થયું હોવું જોઈએ.[૫૭]

જયશિખરીના મૃત્યુ પછી પંચાસરના ચાવડા રાજ્યનો અંત આવ્યો ને ત્યાં પચાસેક વર્ષ સુધી કનોજના પ્રતીહાર રાજાઓનું શાસન પ્રવર્ત્યું. એ પછી વનરાજે ૫૦ વર્ષની વયે અણહિલવાડ વસાવી ત્યાં પોતાનું રાજ્ય સ્થાપ્યું[૫૮] ત્યારે પંચાસર પ્રદેશ પણ અણહિલવાડના ચાવડા રાજ્યની અંદર સમાયો હશે. વસ્તુતઃ અણહિલવાડનો ચાવડાવંશ એ પંચાસરના ચાવડા વંશમાંથી ઉદ્ભવેલો ગણાય.

## અણહિલવાડનું ચાવડા રાજ્ય

અણહિલવાડનો ચાવડા વંશ વનરાજથી શરૂ થયો, પણ અગાઉ જણાવ્યા મુજબ વનરાજના પિતાની બાબતમાં ભિન્ન ભિન્ન પ્રકારની અનેક અનુશ્રુતિઓ પ્રચલિત છે. એમાં વનરાજ પંચાસરના ચાપોત્કટ રાજા જયશિખરીનો યુદ્ધમાં કનોજના રાજા ભુવડના સૈનિકો વડે વધ થયા બાદ થોડા વખતમાં એની વિધવા રાણી રૂપસુંદરીની કૂખે જન્મ્યો હોવાની જે અનુશ્રુતિ છે તે, બાલ વનરાજના ઉછેરના સંદર્ભમાં પંચાસરને લગતો ઉલ્લેખ[૫૯] બીજી અનેક અનુશ્રુતિઓમાં આવતો હોવાથી, સહુથી વધુ શ્રદ્ધેય ગણાય.

'રત્નમાલા' અનુસાર વનરાજનો જન્મ વિક્રમ સંવત ૭૫૨ ના વૈશાખ માસની પૂર્ણિમાએ વનમાં થયેલો.[૬૦]

### વનરાજનો ઉછેર

જૈન પ્રબંધો[૬૧] પ્રમાણે વનરાજનું શૈશવ વઢિયાર પ્રદેશના પંચાસર ગામમાં વીતેલું. ત્યાં શીલગુણસૂરિ[૬૨] વનવૃક્ષ પર બાંધેલી ઝોળીમાં એ અદ્ભુત લક્ષણવાળા શિશુને જોઈને, લાકડાં વીણતી એની માતાને એના પુત્ર સાથે પોતાની સાથે લઈ ગયા. પછી એમણે માતાના જીવનનિર્વાહ માટે પ્રબંધ કરી, એ શિશુને વીરમતી નામે ગણિનીને સોંપ્યો ને એનું નામ 'વનરાજ' રાખ્યું.

વનરાજ આઠ વર્ષનો થયો ત્યારે સૂરિએ એને ચૈત્યનાં પૂજાનાં સાધનોનું ઉંદરોથી રક્ષણ કરવાનું કામ સોંપ્યું. એણે તો આ માટે બાણ વડે ઉંદરોનો નાશ કરવા માંડયો ! આથી સૂરિએ એને એની માતાને પાછો સોંપ્યો. એની જન્મકુંડળીમાં રહેલા રાજયોગ પરથી એ મોટો થતાં રાજા થશે એવો એમને ખ્યાલ આવી ગયો હતો.

'ધર્મારણ્ય–માહાત્મ્ય'માં વળી વનરાજના ઉછેર અંગે જુદી જાતનો વૃત્તાંત આપવામાં આવ્યો છે:[૬૩] ક્ષત્તા રજનીપુત્રની પત્નીએ વનરાજને જન્મ આપ્યો, એ પછી તેરમા મહિને એનો પિતા ગાયોનું રક્ષણ કરતાં યુદ્ધમાં મૃત્યુ પામ્યો ને એની પત્ની ધર્મારણ્યના ત્રૈવિદ્ય બ્રાહ્મણોને બાળક સોંપી સાધ્વી થઈ. મોટો થતાં એ બ્રાહ્મણોની પત્નીઓના ઘડા ફોડવા લાગ્યો, તેથી બ્રાહ્મણોએ એને પોતાના પ્રદેશમાંથી કાઢી મૂકયો. ધર્મારણ્યથી ઉત્તર દિશામાં દશ ગાઉ પર ઉજ્જડ વનમાં ન્યગ્રોધના વૃક્ષ નીચે રાતે એ સૂતો હતો ત્યાં ગ્રહલ્લા નામે યોગિની આવી ને એણે સંતુષ્ટ થતાં વનરાજને આશીર્વાદ આપ્યો કે સર્વ સિદ્ધ થશે.

'રત્નમાલા'[૬૪] જણાવે છે કે શિશુ છ માસનો થયો ત્યારે વનમાં કોઈ યતિ આવ્યો તેણે ઝાડની ડાળે ઝૂલતી ઝોળી જોઈ ને એને ઝુલાવનારી માતાને ઇંદ્રાણી જેવી લેખી. વિસ્મિત થઈ વૃત્તાંત પૂછતાં એને રાજાની રાણી જાણીને એ નગરમાં લાવ્યા. વનમાં જન્મ થયો હતો તેથી સંન્યાસીએ એને 'વનરાજ' નામ આપ્યું. માતાને જયશિખરીના મૃત્યુની વાત કરી ધીરજ આપી. બહેનને પુત્ર જન્મ્યો જાણી શૂરપાલે એને છાની રીતે લાવીને પોતાની પાસે રાખ્યો. ચૌદ વર્ષનો થતાં સિંહ-શાવકના જેવો પ્રબળ વનરાજ ગુજરાતનું રાજ્ય કરવાની ચાહના કરવા લાગ્યો.

આ અનુશ્રુતિ જૈન અનુશ્રુતિને મળતી આવે છે; માત્ર જૈન સૂરિને બદલે કોઈ સંન્યાસી યતિનો ઉલ્લેખ છે. વનરાજના સમયથી ગુર્જર રાજ્યના વહીવટમાં જૈનોનો વિશેષ ફાળો રહેલો હતો કે બ્રાહ્મણોનો એ વિશે મતભેદ રહ્યા કરતો હતો.[૬૫]

મિરાતે અહમદી[૬૬] પણ લગભગ આવી વાત આપે છે, પરંતુ એમાં વનરાજના જન્મ પછી સબલદેવ નામે માણસ એની માતાની વાત સાંભળી એને રાધનપુર લઈ ગયો એવું જણાવ્યું છે.

આ બધા વૃત્તાંતો પરથી વનમાં જન્મેલો વનરાજ પિતૃછાયાના અભાવે દુઃખમાં ઊછરતો સૂરિ કે યતિ કે બ્રાહ્મણોનો આશ્રય પામી મોટો થયો ને એનામાં રાજા થવાનાં લક્ષણ પ્રગટ થવા લાગ્યાં એવું ફલિત થાય છે.

આરંભિક કાર્યકદી

જૈન પ્રબંધોમાં[67] વનરાજની આરંભિક કારકિર્દીને લગતા કેટલાક રસપ્રદ પ્રસંગ નિરૂપાયા છે :

વનરાજ પોતાના મામા સાથે બધે ધાડો પાડવા લાગ્યો. એક દિવસ કાકર[68] ગામમાં એક વણિકને ત્યાં ખાતર પાડી ધન ચોરતાં વનરાજનો હાથ દહીંના વાસણમાં પડ્યો એટલે અહીં તો જમ્યા બરાબર ગણાય એવું વિચારી, એ બધું ધન ત્યાં મૂકી ચાલ્યો ગયો. બીજે દિવસે એ વણિકની બહેન શ્રીદેવીએ એની તપાસ કરી, રાતે એને બોલાવી જમાડ્યો; ત્યારે વનરાજે એને વચન આપ્યું કે મારો રાજ્યાભિષેક થશે ત્યારે તારી પાસે તિલક કરાવીશ.

વળી એક દિવસ વનરાજના સાથીદાર ચોરો જંગલમાં આંતરેલા જાંબ નામે ધનુર્વિદ્યાવિશારદ વણિકને વનરાજ પાસે લાવ્યા ને વનરાજે એની યુદ્ધકલાથી પ્રસન્ન થઈ, પોતાનો રાજ્યાભિષેક થતાં એને મહામાત્ય નીમવાનું વચન આપ્યું.

આ બંને પ્રસંગ લોકકથાની કોટિના લાગે છે, પરંતુ એ પછીનો પ્રસંગ ઐતિહાસિક દૃષ્ટિએ લક્ષમાં લેવા જેવો છે :

કાન્યકુબ્જના એક રાજાએ (પ્રાયઃ ભૂયરાજે)[69] પોતાની પુત્રી મહણિકાને પહેરામણીમાં ગુર્જરદેશ આપેલો તેની ખંડણી ઉઘરાવવા કાન્યકુબ્જથી જે પંચકુલ (પંચોળી) આવેલો તેણે વનરાજને સેલ્લભૃત્ (શેલત) નીમ્યો. પછી છ મહિના સુધી દેશમાંથી વસૂલાત ઉઘરાવીને રૂપાના ૨૪ લાખ દામ અને ચાર હજાર અશ્વ લઈને પંચોળી પાછો જતો હતો ત્યારે એને સૌરાષ્ટ્ર ઘાટમાં આંતરીને વનરાજે મારી નાખ્યો ને એનું બધું ધન લઈ એ રાજાની બીકથી એક વર્ષ સુધી છુપાઈ રહ્યો.

'ધર્મારણ્ય-માહાત્મ્ય'માં[70] વનરાજની આ કારકિર્દી વિશે એટલું જ જણાવ્યું છે કે ધર્મારણ્યથી નીકળ્યા પછી એ શિકારીનો ધંધો કરતો ને લૂંટતો; એમાં પચાસેક જુવાનો એના અનુચર બન્યા. મિરાતે અહમદીમાં[71] વનરાજ પુખ્ત ઉંમરે પહોંચતાં લૂંટફાટનું કામ કરવા લાગ્યો, એણે ચંપા નામે વાણિયાને સુમાર્ગે દોર્યો ને કનોજ જતી ગુજરાતના ધણીની તિજોરી લૂંટી એ જણાવ્યું છે.

આ આનુશ્રુતિક વૃત્તાંતો પરથી વનરાજે શરૂઆતમાં ચોરીલૂંટનો ધંધો આદરી કનોજના રાજાની સામે કુનેહભર્યું કાવતરું કર્યું લાગે છે.

**અણહિલવાડની સ્થાપના અને વનરાજનો રાજ્યાભિષેક**

કનોજના રાજા તરફથી કંઈ વળતાં પગલાં લેવાયાં લાગતાં નથી. હવે વનરાજને રાજસત્તા ધારણ કરવાનો સમય પાકયો, પરંતુ એણે પંચાસરમાં રાજ્ય ન સ્થાપતાં કોઈ શૂર ભૂમિમાં નવું નગર વસાવવા વિચાર્યું.[૭૨]

જંગલમાં અણહિલ્લ નામે ગોવાળે એને એવી શૂરભૂમિ બતાવી, જ્યાં સસલું[૭૩] શિકારી કૂતરા પર ધસી આવતું.[૭૪] આવી કથા અનેક નગરોની સ્થાપના અંગે પ્રચલિત છે. વનરાજે ત્યાં નવું નગર વસાવ્યું ને એને અણહિલ્લના નામ પરથી 'અણહિલ્લપાટક' નામ આપ્યું. ત્યાં પહેલાં ધવલગૃહ બંધાવ્યું. અણહિલ્લપાટકની સ્થાપના વિ. સં. ૮૦૨ માં થઈ.[૭૫] ત્યાં પહેલાં 'લાક્ષારામ' નામે ગામ વસેલું હતું.[૭૬]

હવે અણહિલ્લપાટકના ધવલગૃહમાં વનરાજનો રાજ્યાભિષેક થયો. ત્યારે વનરાજે અગાઉ આપેલાં વચનો પ્રમાણે શ્રીદેવીને બોલાવી એની પાસે તિલક કરાવ્યું ને જાંબને મહામાત્ય નીમ્યો. આ સમયે વનરાજની વય ૫૦ વર્ષની હતી. આમ એને પુખ્ત વયનો થયા પછી ત્રીસ પાંત્રીસ જેટલાં વર્ષ સુધી હાડમારી વેઠવી પડેલી.

**રાજા વનરાજ**

અનુશ્રુતિ પ્રમાણે વનરાજે ૬૦ વર્ષ (વિ. સં. ૮૦૨ થી ૮૬૨) રાજ્ય કર્યું ગણાય છે, પરંતુ એના કોઈ અભિલેખ કે સિક્કા મળ્યા નથી તેમજ એને લગતા બીજા કોઈ સમકાલીન ઉલ્લેખ ઉપલબ્ધ નથી.

અનુકાલીન સાહિત્યમાં વનરાજનાં રાજ્ય તથા ચરિત વિશે કેટલાક ઉલ્લેખ નોંધાયા છે :

'નેમિનાથચરિઉ'માં[૭૭] જણાવ્યા મુજબ વનરાજે શ્રીમાલથી ગંભૂતા-(ગાંભૂ)માં[૭૮] આવી વસેલા પ્રાગ્વાટ (પોરવાડ) જ્ઞાતિના ઠક્કુર નિન્નય નામે ધનાઢ્ય વેપારીને પાટણમાં વસાવ્યો ને નિન્નયે ત્યાં ઋષભદેવનું મંદિર બંધાવ્યું. નિન્નયનો પુત્ર લહર વનરાજનો સેનાપતિ હતો; એણે વનરાજની સેના માટે વિંધ્યાટવીમાં અનેક ગજ પકડેલા ને સંડથલ (સાંથળી)માં[૭૯] વિંધ્યવાસિનીદેવીનો પ્રાસાદ બંધાવેલો; ને વનરાજે એને સંડથલ ગામ ઇનામમાં આપેલું.

જૈન અનુશ્રુતિ અનુસાર વનરાજે પંચાસરથી શીલગુણસૂરિને (અથવા દેવચંદ્રસૂરિને) અણહિલવાડ તેડાવી એમને પોતાનું રાજ્ય અર્પણ કર્યું, પરંતુ

સૂરિએ એનો અંગીકાર ન કરતાં એમની પ્રેરણાથી વનરાજે ત્યાં 'વનરાજવિહાર' નામે ચૈત્ય બંધાવી, પંચાસરથી પાર્શ્વનાથની પ્રતિમા મંગાવી એમાં એની પ્રતિષ્ઠા કરાવી, એમાં આરાધક તરીકે પોતાની પ્રતિમા[૮૦] પણ કરાવી. પાટણમાં પંચાસરા પાર્શ્વનાથનું મોટું મંદિર છે, તેમાં પંચાસરા પાર્શ્વનાથના બિંબ ઉપરાંત વનરાજની તથા શીલગુણસૂરિની પ્રતિમા પણ છે. વનરાજની સાક્ષીમાં જૈન સંઘે ચૈત્યવાસી યતિઓની સંમતિથી જ સુવિહિત સાધુએ નગરમાં વસવું એવી વ્યવસ્થા કરેલી.[૮૧]

વનરાજે પોતાના રાજમહેલ પાસે કંઠેશ્વરી દેવીનું મંદિર બંધાવ્યું.[૮૨] પાટણમાંની ઉમામહેશ્વરની તથા ગણપતિની પ્રતિષ્ઠા વનરાજે કરેલી મનાય છે.[૮૩]

આ ઉલ્લેખો પરથી વનરાજ શૈવ તથા જૈન એ બંને ધર્મસંપ્રદાયોને પ્રોત્સાહન આપતો હોવાનું ફલિત થાય છે. એનો કુલપરંપરાગત ધર્મ શૈવ હશે ને એ જૈન સૂરિ તરફની કૃતજ્ઞતાને લઈને જૈન ધર્મનેય પ્રોત્સાહન આપતો હશે.[૮૪]

મિરાતે અહમદીમાં વનરાજના મંત્રી તરીકે જાંબને બદલે ચાંપાનું નામ આપેલું છે[૮૫] ને ચાંપાનેર એ ચાંપાએ વસાવેલું મનાય છે.

સુકૃતસંકીર્તન[૮૬] તથા સુકૃતકીર્તિકલ્લોલિનીમાં[૮૭] વનરાજના ચરિતચિત્રણમાં એનાં પરાક્રમ, પ્રતાપ, શૌર્ય તથા યશની પ્રસસ્તિ કરી છે. 'ધર્મારણ્ય-માહાત્મ્ય'-માં એને દુષ્ટોને દંડ દેનારો, સાધુઓને પાળનારો અને ગોબ્રાહ્મણનું હિત કરનારો કહ્યો છે.[૮૮] 'રત્નમાલા'માં એને ચૌરકર્મ તજનાર, કામજિત્, દેવભક્ત, હિંતચિંતક, હેતાળ, ઓજસ્વી અને વિખ્યાત કહ્યો છે.[૮૯]

વનરાજે ૧૦૯ વર્ષનું આયુષ ભોગવી ૫૯ વર્ષ અર્થાત્ વિ. સં. ૮૬૧ સુધી રાજ્ય કર્યું કહેવાય છે.[૯૦]

## રાજાઓની વંશાવળી

વનરાજે અણહિલ્લપાટકમાં સ્થાપેલા ચાપોત્કટ વંશના રાજાઓની વંશાવળી વિશે બે ભિન્ન અનુશ્રુતિઓ પ્રચલિત છે :

એક અનુશ્રુતિ અનુસાર આ વંશમાં ૧. વનરાજ–૫૯ કે ૬૦ વર્ષ, ૨. યોગરાજ–૧૭ કે ૯ કે ૧૦ વર્ષ, ૩. રત્નાદિત્ય–૩ વર્ષ, ૪. વૈરિસિંહ–૧૧ કે ૧૬ (કે ૧૦) વર્ષ, ૫. ક્ષેમરાજ–૩૮ (કે ૩૭) કે ૩૯ કે ૨૯ વર્ષ, ૬. ચામુંડરાજ-૧૩ (કે ૩) કે ૨૭ કે ૨૪ વર્ષ, ૭. આહડ કે આગડ કે ઘાઘડ કે

ઉધડ–૨૬ કે ૨૯ કે ૨૭ કે ૨૮ વર્ષ અને ૮. ભુભટ કે ભૂવડ કે ભૂયગડ કે સામંતસિંહ–૨૭ કે ૨૮ કે ૧૯ વર્ષ–એમ આઠ રાજા થયા, જેમણે કુલ ૧૯૬ વર્ષ રાજ્ય કર્યું.[૯૧]

બીજી અનુશ્રુતિ પ્રમાણે આ વંશમાં સાત રાજા થયા : ૧. વનરાજ–૬૦ વર્ષ, ૨. યોગરાજ–૩૫ વર્ષ, ૩. ક્ષેમરાજ–૨૫ વર્ષ, ૪. ભૂયડરાજ કે પૃથુરાજ–૨૯ કે ૧૯ વર્ષ, ૫. વૈરસિંહ કે વૈરિસિંહ–૨૫ વર્ષ, ૬. રત્નાદિત્ય–૧૫ વર્ષ, ૭. સામંતસિંહ કે ગયંદસિંહ–૭ વર્ષ.[૯૨] આમાં પણ આ રાજાઓએ કુલ ૧૯૬ વર્ષ રાજ્ય કર્યું હોવાનું જણાવ્યું છે.

આમાં રાજાઓની સંખ્યા ઉપરાંત ઘણા રાજાઓના ક્રમમાં પણ ફેર પડે છે. વળી પહેલી અનુશ્રુતિમાંના ચામુંડરાજ અને આહડનાં નામ બીજી અનુશ્રુતિમાં નથી, જ્યારે બીજી અનુશ્રુતિના છેલ્લા રાજા સામંતસિંહનું નામ પહેલી અનુશ્રુતિમાં અપવાદરૂપે જ દેખા દે છે.

### સંભવિત સમય અને સાલવારી

લગભગ સર્વ આનુશ્રુતિક વૃત્તાંતોમાં અણહિલ્લપાટકના ચાપોત્કટ વંશનો રાજ્યકાલ વિ. સં. ૮૦૨(ઈ. સ. ૭૪૬)થી વિ. સં ૯૯૮ (ઈ. સ. ૯૪૨) જણાવેલો છે. એની ઉત્તર મર્યાદા સોલંકી વંશના રાજ્યારંભના સમય સાથે બરાબર બંધ બેસે છે, જ્યારે એની પૂર્વમર્યાદાનું પ્રતિપાદન પંચાસરના રાજ્યનો નાશ કરનાર ભુવડ રાજાના અભિજ્ઞાન પર આધાર રાખે છે. શરૂઆતમાં ભુવડને કલ્યાણનો સોલંકી રાજા માનવામાં આવેલો, પરંતુ ખરી રીતે અહીં કલ્યાણકટક એ કાન્યકુબ્જ દેશના પાટનગરનું નામ છે, દખ્ખણમાંનું કલ્યાણનગર નહિ; ને એથી એ રાજા સોલંકી વંશનો નહિ, પણ પ્રતીહાર વંશનો હોવો જોઈએ.[૯૩] પરંતુ વિ. સં. ૭૫૨–૮૦૨(ઈ. સ. ૬૯૬–૭૪૬)ના અરસામાં કનોજમાં પ્રતીહારોનું રાજ્ય પ્રસર્યું નહોતું, આથી એ રાજા ખરી રીતે ભિલ્લમાલના પ્રતીહારવંશનો હશે, ને આગળ જતાં પ્રતીહારો કનોજમાં સત્તારૂઢ થયા એ પરથી અહીં ભિલ્લમાલને બદલે કનોજનું નામ જોડાઈ ગયું હશે એવી અટકળ કરવામાં આવેલી.[૯૪] એમાં જયશિખરી અને વનરાજના સમયના પ્રતીહાર રાજા એ વંશના કયા રાજા હોઈ શકે એ વિગત વિચારવામાં આવી નથી. 'ભુવડ' એ જૈન પ્રબંધમાં જણાવેલ કાન્યકુબ્જનો ભૂયરાજ હોય, તો પ્રતીહાર હરિચંદ્રના વંશના રાજા તાતનો નાનો ભાઈ ભોજ હોઈ શકે. પરંતુ એ રાજાએ આવું પરાક્રમ કર્યું હોય તો એના વંશજોના શિલાલેખોમાં નિરૂપાયેલાં પૂર્વજોનાં

પરાક્રમોમાં એને પણ ગણાવ્યું હોય, જ્યારે બાઉકના લેખમાં ભોજનું કંઈ પરાક્રમ જણાવ્યું નથી ને કક્કુકના લેખોમાં તો ભોજનું નામ પણ આવ્યું નથી. 'રત્નમાલા'માં પંચાસર પર આક્રમણ કરનાર રાજાનું નામ 'ભુવડ' જણાવ્યું છે, પરંતુ 'ધર્મારણ્ય-માહાત્મ્ય'માં ગુર્જરદેશ પર અધિકાર સ્થાપનાર રાજાનું નામ 'આમ' હોવાનું જણાવ્યું છે.[૯૫] વ્રજલાલ શાસ્ત્રી નોંધે છે તેમ જયશિખરીના સમયમાં પંચાસર પર આક્રમણ કરનાર કનોજનો રાજા 'આમ' નામે હતો, જ્યારે એ પછી પુખ્ત વયના વનરાજે કનોજના જે રાજાની ખંડણી લૂંટ લીધી તે રાજાનું નામ 'ભૂભટ' ('ભુવડ') હતું.[૯૬] આ રાજા ભૂભટ એ જૈન પ્રબંધોમાં જણાવેલો કાન્યકુબ્જ દેશના કલ્યાણકટકમાં રાજ્ય કરતો ભૂયરાજ[૯૭] હોવાનું જણાય છે. 'આમ' એ પ્રતીહાર વંશના નાગભટ ૨ જાનું બીજું નામ હતું ને એ રાજાએ આનર્ત પ્રદેશ જીત્યો હોવાનો ઉલ્લેખ પ્રતીહાર રાજા ભોજની ગ્વાલિયર પ્રશસ્તિમાં આવે છે.[૯૮] તો પછી વનરાજનો સમકાલીન પ્રતીહાર રાજા એ નાગભટ ૨ જાનો પૌત્ર ભોજ હોવો જોઈએ એવું મુનશીએ દર્શાવ્યું છે.[૯૯] આ મત મુજબ જયશિખરી તથા વનરાજના સમયના કનોજના રાજાઓનું અભિજ્ઞાન બરાબર બંધ બેસે છે, પરંતુ એની સાથે જયશિખરી તથા વનરાજના આનુશ્રુતિક સમયનો મેળ મળે એમ નથી, કેમકે નાગભટ ૨ જાનો રાજ્યકાલ લગભગ ઈ. સ. ૭૯૨-૮૩૩ નો છે, જ્યારે જયશિખરીનું મૃત્યુ ઈ. સ. ૬૯૬ માં થયું કહેવાય છે ને ભોજનો રાજ્યકાલ લગભગ ઈ. સ. ૮૩૬-–૮૮૫ નો છે, જ્યારે વનરાજનો રાજ્યાભિષેક ઈ. સ. ૭૪૬ માં થયો કહેવાય છે. આથી મુનશી સૂચવે છે તેમ જયશિખરી અને વનરાજનાં આનુશ્રુતિક વર્ષોને અસ્વીકાર્ય ગણી એ રાજાઓને આમ અને ભોજના સમકાલીન ગણવા જોઈએ.[૧૦૦] આનુશ્રુતિક વર્ષ ૭૫૨ અને ૮૦૨ ને વિક્રમ સંવતને બદલે શક સંવતનાં ગણવામાં આવે[૧૦૧] તો આ સમકાલીનતાનો મેળ મળી રહે છે, પરંતુ ચાવડા વંશના ૧૯૬ વર્ષના ગણાતા રાજ્યકાલમાં ૧૩૫ વર્ષનો કાપ પડે ને એ રાજ્યકાલ માત્ર ૬૧ વર્ષનો રહે, જ્યારે પ્રતીહાર રાજાઓના રાજ્યકાલને આધારે એમાં ૯૦ વર્ષ સુધીનો કાપ ચાલી શકે એમ છે. વનરાજે ૫૦ વર્ષની વયે રાજસત્તા પ્રાપ્ત કરી ને પછી ૫૯ કે ૬૦ વર્ષ રાજ્ય કર્યું એવી અનુશ્રુતિ છે, એને બદલે એણે ૬૦ વર્ષનું રાજ્ય નહિ, પણ ૬૦ વર્ષનું આયુષ ભોગવ્યું હોય એ વધુ સંભવિત છે. યોગરાજને પુખ્ત વયના ત્રણ પુત્ર હતા એ લક્ષમાં લેતાં એનો રાજ્યકાલ ૩૫ વર્ષનો ગણાય. યોગરાજના વંશજોમાં 'ભૂભટ' ('ભૂયડ') અને 'સામંતસિંહ' એક જ રાજાનાં નામ હોય અને 'ચામુંડરાજ' તથા 'આહડ' યોગરાજના બે નાના ભાઈઓનાં નામ હોય, તો અણહિલવાડમાં

યોગરાજ પછી ક્ષેમરાજ, રત્નાદિત્ય, વૈરિસિંહ અને ભૂભટ–સામંતસિંહ એ ચાર રાજાઓ જ થયા ગણાય. એમાં ક્ષેમરાજ, રત્નાદિત્ય અને વૈરિસિંહના રાજ્યકાલ માટે અનુશ્રુતિમાં જણાવેલાં ઓછામાં ઓછાં વર્ષ લઈએ તો એ ત્રણ રાજાઓએ ૨૫+૩+૧૦=૩૮ વર્ષ રાજ્ય કર્યું ગણાય. પરંતુ છેલ્લા રાજાની બાબતમાં ૮ વર્ષનો રાજ્યકાલ ઘણો ટૂંકો પડે, કેમકે એણે રાજા થયા પછી પરણાવેલી એની બહેનનો ભાણેજ પુખ્ત વયનો થઈ એની ગાદી પડાવી લે છે, આથી એને માટે 'વિચારશ્રેણી'માં જણાવેલો ૧૯ વર્ષનો રાજ્યકાલ સ્વીકારવો ઘટે. આ ગણતરીએ અણહિલ્લપાટકના ચાપોત્કટ વંશમાં ૧. વનરાજે ૧૦ વર્ષ, ૨. યોગરાજે ૩૫ વર્ષ, ૩. ક્ષેમરાજે ૨૫ વર્ષ, ૪. રત્નાદિત્યે ૩ વર્ષ, ૫. વૈરિસિંહે ૧૦ વર્ષ અને ૬. ભૂયડ–સામંતસિંહે ૧૯ વર્ષ મળી કુલ ૧૦૨ વર્ષ રાજ્ય કર્યું ગણીએ, તો વનરાજનો રાજ્યાભિષેક વિ. સં. ૯૯૮–૧૦૨=વિ. સં. ૮૯૬ (ઈ. સ. ૮૪૦)ના અરસામાં થયો ગણાય ને જયશિખરીનું મૃત્યુ તથા વનરાજનો જન્મ એ પહેલાં ૫૦ વર્ષે અર્થાત્ ઈ. સ. ૭૯૦ અરસામાં થયો હોવો સંભવે.[૧૦૨]

અલબત્ત, આ સુધારો વનરાજ અને એના પિતાની સાથે કનોજના ભોજરાજ અને નાગાવલોક–આમની સમકાલીનતા બંધ બેસાડવાના હેતુથી સૂચવાયો છે. છતાં આ ચાવડા વંશની વંશાવળી વિશે મળતી બે પરંપરાઓ વચ્ચે સંખ્યા, નામો અને ક્રમનો જે વિસંવાદ રહેલો છે તે પરથી એ વંશાવળીની અનુશ્રુતિમાં કંઈક ગરબડ થઈ હોવાનું નિશ્ચિત છે. પુરાણોમાં પણ વંશાવળીઓને લગતી અનુશ્રુતિઓમાં ક્યારેક આવી ગરબડ માલૂમ પડે છે.[૧૦૨] ચાવડા વંશની વંશાવળીમાં વનરાજ, યોગરાજ, ક્ષેમરાજ, રત્નાદિત્ય અને વૈરિસિંહ એ પાંચ નામ બંને અનુશ્રુતિઓમાં એનાં એ છે. પહેલી અનુશ્રુતિમાં ભૂભટ અને સામંતસિંહનું સમીકરણ જોવા મળે છે એ પરથી બીજી અનુશ્રુતિમાંના ભૂયડ અને સામંતસિંહ વચ્ચે અભેદ હોવો સંભવે છે. પહેલી અનુશ્રુતિમાંના ચામુંડરાજ અને આહડ બીજી અનુશ્રુતિમાં જણાવ્યા જ નથી, તેથી એ અણહિલવાડના રાજા ન હોવાની શંકા રહે છે. આથી બન્ને અનુશ્રુતિઓની તુલના કરતાં આ વંશમાં છ રાજાઓની જ ખાતરી પડે છે.

છતાં અણહિલવાડની સ્થાપના અને વનરાજના રાજ્યાભિષેક માટે વિ. સં. ૮૦૨ નું વર્ષ ભિન્ન ભિન્ન પરંપરાઓના અનેક ગ્રંથોમાં આપેલું હોઈ, એ વર્ષ છેક અશ્રદ્ધેય હોવાનું પણ ભાગ્યેજ માની શકાય. કદાચ એવું બન્યું હોય કે મૂળ વર્ષ '૯૦૨' હોય, પરંતુ કોઈ ગ્રંથમાં લહિયાને હાથે સરતચૂકથી એને

બદલે '૮૦૨' લખાયું હોય ને હાલ ઉપલબ્ધ થતા ઉલ્લેખોમાં એના આધારે બધે એ જ સંખ્યા અપાઈ હોય. તો આ ચાવડા વંશે વિ. સં. ૯૦૨ (ઈ. સ. ૮૪૬)થી ૯૯૮ (ઈ. સ. ૯૪૨) સુધી રાજ્ય કર્યું ગણાય; ને વનરાજનો જન્મ વિ. સં. ૮૫૨(ઈ. સ. ૭૯૬)માં થયો ગણાય. આ બે વર્ષ અનુક્રમે ભોજના તથા નાગભટ ર જાના રાજ્યકાલ સાથે બંધ બેસે છે. આ સૂચના અનુસાર આ વંશના રાજાઓનો સમગ્ર રાજ્યકાલ ૯૬ વર્ષનો થાય ને એ સરવાળો બંધ બેસાડવા માટે વનરાજનાં ૧૦, યોગરાજનાં ૧૭, ક્ષેમરાજનાં ૨૫, રત્નાદિત્યનાં ૧૫, વૈરિસિંહનાં ૧૦ અને સામંતસિંહનાં ૧૯ વર્ષ ગણવાથી મેળ મળી રહે. આ પણ એક બીજી અટકળ છે, પરંતુ આનુશ્રુતિક વૃત્તાંતમાં આપેલાં વર્ષ અને કનોજના રાજાઓના અભિજ્ઞાન વચ્ચે મેળ મેળવવા માટે આવી કોઈ અટકળ કરવી અનિવાર્ય છે.

**વનરાજના વંશજ**

વનરાજ પછી એનો પુત્ર યોગરાજ ગાદીએ આવ્યો. એણે ૩૫ વર્ષ, પ્રથમ સૂચિત સમયાંકન મુજબ ઈ. સ. ૮૫૦થી ૮૮૫ સુધી રાજ્ય કર્યું. એની પ્રશસ્તિમાં એને પરાક્રમી અને પ્રતાપી આલેખ્યો છે.[૧૦૩] એ ધનુર્વિદ્યામાં નિપુણ તેમજ રાજનીતિમાં પ્રવીણ હતો.[૧૦૪]

પ્રબંધચિંતામણિમાં આપેલી અનુશ્રુતિ[૧૦૫] પ્રમાણે રાજા યોગરાજની મનાઈ છતાં એના કુંવરોએ સોમેશ્વર (સોમનાથ) પાટણમાં આવી ચડેલો બીજા રાજ્યનો માલ છાનોમાનો લૂંટી લીધો ત્યારે રાજાએ એથી ચૌરવૃત્તિ અંગેનું પૂર્વજોનું કલંક વધ્યું હોવાનું જણાવી પ્રાયોપવશન કરી ચિતાપ્રવેશ કર્યો.

યોગરાજે ભટ્ટારિકા યોગીશ્વરીનું મંદિર બંધાવ્યું હતું.

યોગરાજનો ઉત્તરાધિકાર એના જ્યેષ્ઠ પુત્ર ક્ષેમરાજને પ્રાપ્ત થયો. એના ચરિતચિત્રણમાં એની વીરતા તથા કીર્તિની પ્રશસ્તિ કરવામાં આવી છે.[૧૦૬] એ સંપત્તિમાન, ઐશ્વર્યવાન અને કોપશીલ હતો. એના દૂત અવિવેકી હતા.[૧૦૭] ક્ષેમરાજે ૨૫ વર્ષ (લગભગ ઈ. સ. ૮૮૫ થી ૯૧૦) રાજ્ય કર્યું. ચામુંડરાજ અને આહડ એ એના નાના ભાઈઓ હોય, તો તેઓએ પણ રાજ્યના કોઈ ભાગમાં સમાંતર રાજ્ય કર્યું હોય. આહડે કર્કરાપુરીમાં આગડેશ્વર (આહડેશ્વર) અને કંટેશ્વરીના પ્રાસાદ કરાવ્યા.[૧૦૮] અણહિલવાડમાં પણ આહડેશ્વરનું મંદિર હતું[૧૦૯]

ક્ષેમરાજ પછી એનો પુત્ર વૈરિસિંહ ગાદીએ આવ્યો. એની શૂરવીરતા તથા કીર્તિની પણ ભારે પ્રશસ્તિ કરવામાં આવી છે.[૧૧૦] એણે ધર્મારણ્યના

ત્રૈવિદ્ય બ્રાહ્મણોની સેવા કરી કહેવાય છે[૧૧૧] એ મ્લેચ્છોથી અપરાજિત રહ્યો ને એને બહુબુદ્ધિશાળી તથા પરાક્રમી પ્રધાન હતો એવો પણ ઉલ્લેખ આવે છે.[૧૧૨] વૈરિસિંહે દસ વર્ષ (લગભગ ઈ. સ. ૯૧૦ થી ૯૨૦) રાજ્ય કર્યું.

વૈરિસિંહના પુત્ર રત્નાદિત્યે માત્ર ત્રણ વર્ષ (લગભગ ઈ. સ. ૯૨૦ થી ૯૨૩) રાજ્ય કર્યું. એ તરવારથી અનેક રાજાઓને હણતો અને યુદ્ધમાં અગ્નિ વરસાવતો.[૧૧૩] એ તેજસ્વી, પ્રતાપી, શક્તિશાળી અને ધૈર્યવાન હતો. એણે રાજ્યમાં શાંતિ તથા નીતિ સ્થાપી હતી.[૧૧૪]

એનો પુત્ર સામંતસિંહ એ આ વંશનો છેલ્લો રાજા છે. એ ભૂભટ–ભૂયડ–ભૂયગડ–ભૂવડ–ભૂઅડ નામે પણ ઓળખાતો. એક બાજુ એની વીરતા તથા યશસ્વિતાની સુંદર પ્રશસ્તિ કરવામાં આવી છે,[૧૧૫] તો બીજી બાજુ એને ખાઉધરો, કામી, અવિવેકી અને ચંચળ નિરૂપવામાં આવ્યો છે.[૧૧૬]

એણે અણહિલવાડ પાટણમાં પોતાના નામ પરથી ભૂયડેશ્વર કે ભૂયગડેશ્વર નામે મંદિર બંધાવ્યું.[૧૧૭]

સામંતસિંહે સોમેશ્વર(સોમનાથ)ની યાત્રાએથી પાછા ફરતા રાજિની અશ્વવિદ્યાથી પ્રસન્ન થઈ એને પોતાની બહેન લીલાદેવી પરણાવી. એ મૂલરાજ નામે પુત્રને જન્મ આપી મૃત્યુ પામી. એ ભાણેજ રાજાને ઘણો વહાલો હતો. ઘણી વાર મદિરા-મત્ત અવસ્થામાં રાજા એને ગાદીએ બેસાડતો ને પછી પાછો ગાદી પરથી ઉઠાડી મૂકતો. આવા 'ચાવડાના દાન'થી મૂલરાજની પણ હાંસી થતી. આથી છેવટે એણે મામાને મારી ગાદી ખરેખર કબજે કરી — એવી અનુશ્રુતિ છે.[૧૧૮] મૂલરાજ ચૌલુક્ય કુલનો હતો, એના વંશની રાજધાની પણ અણહિલ્લ-પાટકમાં હતી ને એ ચૌલુક્યોએ ચાપોત્કટો પાસેથી રાજ્યશ્રી પ્રાપ્ત કરી હતી એ હકીકત જોતાં આ અનુશ્રુતિ સંભવિત ગણાય. સામંતસિંહે ૭ વર્ષ નહિ, પણ ૧૯ વર્ષ (લગભગ ઈ. સ. ૯૨૩ થી ૯૪૨) રાજ્ય કર્યું હોય ને લીલાદેવીનું લગ્ન એણે પોતાના રાજ્યકાલના આરંભમાં કરાવ્યું હોય, તો જ ઈ. સ. ૯૪૨ માં મૂલરાજ સોળેક વર્ષની પુખ્ત વયનો હોઈ શકે.

આ ચાપોત્કટ વંશના કોઈ અભિલેખ કે સિક્કા મળ્યા નથી, પરંતુ રાષ્ટ્રકૂટાદિ સમકાલીન રાજ્યોના અભિલેખો પરથી મળતી માહિતી મુજબ ચાપોત્કટોની સત્તા લગભગ હાલના બનાસકાંઠા અને મહેસાણા જિલ્લા જેટલા

વિસ્તારમાં સીમિત હોવાનું માલૂમ પડે છે. વળી આ કુલના રાજાઓ સમાજમાં ચોરટા તથા દારૂડિયા ગણાતા. છતાં અણહિલ્લપાટક પત્તનની સ્થાપના એ વનરાજનું ચિરંજીવી પ્રદાન બન્યું છે. એવી રીતે આ વંશના રાજાઓએ બંધાવેલાં અનેક મંદિર પણ ગુજરાતના ધાર્મિક સ્થાપત્યમાં નોંધપાત્ર ગણાય.

## પાદટીપો

૧. ब्रह्मगुप्त, ब्राह्मस्फुटसिद्धान्त, २४, ७–८

૨. *C.I.I.*, Vol. IV, No. 30

૩. ગુએલે, ભા. ૨, લેખ ૨૩૬

૪. એજન, ભા. ૩, લેખ ૧૪૭, શ્લો. ૫

૫. પૃ. ૧૦૮ ૬. પૃ. ૬૬ ૭. પૃ. ૭૦

૮. रत्न ૨. એમાં ઘણે ઠેકાણે चापोत्कट (દા. ત. પૃ. ૨૫, ૩૫, ૫૪) અને ક્યારેક चाउरा અર્થાત્ चाउड़ा (દા. ત. પૃ. ૪૦, ૫૧) શબ્દ પ્રયોજાયો છે.

૯. પૃ. ૫૨ ૯ અ. પૃ. ૫૦, ૧૮૮ ૧૦. શ્લો. ૨–૩ ૧૧. પૃ. ૧૬

૧૨. હ. ગં. શાસ્ત્રી, "ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ", પૃ. ૧૭૦

૧૩, દુ. કે. શાસ્ત્રી, "ગુજરાતનો મધ્યકાલીન રાજપૂત ઇતિહાસ", પૃ. ૫૧-૫૨

૧૪. प्रबन्धचिन्तामणि, पृ. १४

૧૫. *B.G.*, Vol I, Part 1, p. 150; ગુ. મ. રા. ઇ., પૃ. ૫૨. "જાવડા" જે પ્રદેશમાં ચોર કે લૂંટારાના અર્થમાં પ્રચલિત છે ત્યાં "ચાવડા"નું રૂપાંતર છે (*B.G.*, Vol, I, part 1, p. 150).

૧૬. ब्रह्मगुप्त, ब्राह्मस्फुटसिद्धान्त, २४, ७–८

૧૭. G. Bühler, 'Gurjara Inscriptions,' *I.A.*, Vol. XVII, p. 192; शं. बा. दीक्षित, भारतीय ज्योतिष, पृ. ३००

૧૮. Hiuen Tsiang, *Buddhist Records of the Western World*, Vol. II, pp. 269 f.

૧૯. દુ. કે. શાસ્ત્રી, "ગુજરાતનો મધ્યકાલીન રાજપૂત ઇતિહાસ", પૃ. ૫૦–૫૧; K.M. Munshi, *The Glory that was Gūrjaradeśa*, Part III, pp. 18, 32

૨૦. ગૌરીશંકર હી. ઓઝા પણ આમ માનતા (राजपूताने का इतिहास, खंड १, पृ. ५६, १४६).

૨૧. *C.I.I.*, Vol IV, No. 30

૨૨. Elliot, *History of India as told by its own Historians*, Vol. I, pp. 125 f.

૨૩. V.V. Mirashi, *C.I.I.*, Vol. IV, Introduction, p. lvi

૨૪. દા. ત. *B.G.*, Vol. I, Part 1, p. 149; દુ. કે. શાસ્ત્રી, ઉપર્યુક્ત, પૃ. ૫૦-૫૧

૨૫. ક. મા. મુનશી પ્રતીહારોનું પાટનગર શરૂઆતમાં ભિલ્લમાલમાં હતું એવું માની લે છે (*G. G.*, Vol. I, Part III. p, 30). પ્રતીહારોના અભિલેખોમાં પ્રતીહાર વંશના સ્થાપક હરિચંદ્રના પાટનગર વિશે કંઈ નિર્દેશ નથી. હરિચંદ્રના વંશજોએ માણ્ડવ્યપુરમાં પ્રાકાર કરાવ્યો એવો ઉલ્લેખ આવે છે. હરિચંદ્રના (મુનશી કહે છે તેમ પૌત્ર નહિ, પણ) પ્રપૌત્ર નાગભટની રાજધાની મેડન્તક (મેડતા)માં હતી ને છતાં એનો પુત્ર તાત ભિલ્લ-માલમાં રાજ્ય કરતો એવું મુનશી ધારે છે (p,. 31) ને એથી વ્યાઘ્રમુખ ગુર્જરદેશમાં અન્યત્ર રાજ્ય કરતો એવું સૂચવે છે (p. 32). દુ. કે. શાસ્ત્રી પણ આવું માને છે. (ગુ. મ. રા. ઇ., પૃ. ૫૦-૫૧).

૨૬. ગુઍલે, ભા. ૩, લેખ ૨૩૬, શ્લો. ૨

૨૭. એજન, પૃ. ૩૬-૩૭

૨૮. એજન, પૃ. ૩૬

૨૯. એજન, લેખ ૨૩૫

૩૦. એજન, લેખ ૨૩૬

૩૧. એજન, પૃ. ૩૦

૩૨. જુઓ ઉપર પૃ. ૧૦૭.

૩૩. શ્લો. ૫-૭

૩૪. *B. G.*, Vol. VIII, p. 434

૩૫. *Ibid.*, pp. 109, 610; શં. હ. દેશાઈ, "સૌરાષ્ટ્રનો ઇતિહાસ", પૃ ૧૮૭

૩૬-૩૭. *Ibid.*, pp. 589 f.

૩૮. શં. હ. દેસાઈ, "સૌરાષ્ટ્રનો ઇતિહાસ", પૃ. ૨૨૦-૨૨૩

૩૯. જયરામદાસ જે. નયગાંધી, "કચ્છનો બૃહદ્ ઇતિહાસ", પૃ. ૪૦; "કચ્છ દેશનો ઇતિહાસ" પૃ. ૬; રામસિંહ રાઠોડ, "કચ્છનું સંસ્કૃતિદર્શન", પૃ. ૪૨

૪૦. "કચ્છ દેશનો ઇતિહાસ"માં એનું નામ 'ઓથી' અને "કચ્છનો બૃહદ્ ઇતિહાસ"માં 'બૌદ્ધિ' આપ્યું છે. મને લાગે છે કે ખરું નામ 'બુદ્ધિ' હશે.

૪૧. જ. જે. નયગાંધી, ઉપર્યુક્ત, પૃ. ૪૧-૪૫; રામસિંહ રાઠોડ, ઉપર્યુક્ત, પૃ. ૪૨-૪૩

૪૨. રામસિંહ રાઠોડ, ઉપર્યુક્ત, પૃ. ૮૬

૪૩. એજન, પૃ. ૮૭

૪૪. એજન, પૃ. ૪૦, ૯૦

૪૫. એજન, પૃ. ૪૨

૪૬. પૃ. ૧૨

૪૭. પૃ ૧૨

૪૮. અ. ૬૬, શ્લો. ૩૭-૫૩. કેટલાકે અહીં વનરાજની માતાનું નામ 'ક્ષત્રા' કે 'અક્ષતા' આપ્યું હોવાનું ધાર્યું છે (રાસમાળા, પૃ. ૩૫; *I. H. G.*, p. CVII; ગુ. મ. રા. ઇ., પૃ. ૫૬), પરંતુ મૂળ શ્લોકો(૫૧-૫૨)માં 'ક્ષત્તા' શબ્દ છે, જે દાસીપુત્રના અર્થમાં વનરાજના પિતા રજનીપુત્ર માટે પ્રયોજાયેલો છે. આ અર્થમાં ધૃતરાષ્ટ્ર-પાંડુના ભાઈ વિદુર પણ "ક્ષત્તા" કહેવાતા.

૪૯. પૃ. ૨૧, ૧૦૭

૫૦. "મીરાતે એહમદી", પૃ. ૧-૨; *Mirat-i-Ahmadi*, p. 1

૫૧. "ફાર્બસ ગુજરાતી સભાનાં હસ્તલિખિત પુસ્તકોની નામાવલિ", અં. ૪૮-૮, પૃ. ૪૪૩. સૂચિમાં આ હસ્તપ્રતનો સમય દર્શાવ્યો નથી.

૫૨. रत्न ३–८

"રાસમાળા"માં ફાર્બસે અને એમને અનુસરીને પછીના કેટલાક લેખકોએ 'જયશેખર' રૂપ પ્રયોજ્યું છે, પરંતુ "રત્નમાળ"માં બધે 'જયશિખરી' રૂપ આપેલું છે. વળી એમાં કવિ રાજાનો પરિચય આપતાં શંકર કવિના મુખે એ નામનો અર્થ પણ આ રીતે સમજાવે છે:

निज प्राक्रमसौं जयगिरि किन्हा, कवि आह्वय 'जयशिखरी' दिन्हा. ६ (पृ. ५४)

અર્થાત્ એણે પોતાના પરાક્રમથી જયનો ગિરિ કર્યો, માટે કવિઓએ એને 'જય-શિખરી' (જયનો પર્વત) નામ આપ્યું છે. ૬

૫૩. पृ. ३६

૫૪. *The Struggle for Empire*, Chapter VI; હ. ગં. શાસ્ત્રી, "પ્રાચીન ભારત," ભાગ ૨, પૃ. ૧૯૧-૧૯૨

૫૫. *Classical Age*, p. 128; એજન, ભાગ ૧, પૃ. ૨૧૮

૫૬–૫૭. જુઓ ઉપર પૃ. ૯૬, ૧૨૦.

૫૮. प्रबन्धचिन्तामणि, पृ. १३

૫૯. જુઓ ઉપર પૃ. ૧૧૮. ૬૦. પૃ. ૧૦૬

૬૧. प्रभावकचरित, पृ. १३३; प्रबन्धचिन्तामणि, पृ. १२; पुरातनप्रबन्धसंग्रह, पृ. १५

૬૨. प्रभावकचरितમાં શીલગુણસૂરિને બદલે દેવચંદ્રનો ઉલ્લેખ છે. દેવચંદ્ર શીલગુણ-સૂરિના શિષ્ય હતા.

૬૩. अध्याय ६६, श्लो. ५४–७९ ૬૪. પૃ. ૧૦૬–૧૦૭

૬૫. गूर्जराणामिदं राज्यं वनराजात्प्रभृत्यपि ।
जैनैस्तु स्थापितं मन्त्रैस्तद् द्वेषी नैव नन्दति ॥ (प्र. चि., पृ. १३)

Forbes, *Rās Māla*, Vol. I, p. 40

૬૬. "મીરાતે એહમદી", પૃ. ૨; *Mirat-i-Ahmadi*, p. 21

૬૭. प्रबन्धचिन्तामणि, पृ. १२–१३; पुरातनप्रबन्धसंग्रह, पृ. १२

૬૮. આ ગામ બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકામાં આવેલું છે.

૬૯. વનરાજને લગતા પ્રસંગમાં આ રાજાનું નામ આપવામાં આવ્યું નથી, પરંતુ વનરાજપ્રબંધની પહેલાંના પ્રબંધમાં કાન્યકુબ્જના સંદર્ભમાં ત્યાંના રાજાનું નામ 'ભૂયરાજ' જણાવ્યું છે (पृ. ११).

૭૦ अ. ६६, श्लो. ८०–८२

૭૧. "મીરાતે એહમદી", પૃ. ૨; *Mirat-i-Ahmadi*, pp. 21 f.

૭૨. એક પટ્ટાવલીમાં ચાવડા વનરાજે પંચાસરથી આવીને વિ. સં. ૭૯૫ માં વણોદ નગર વસાવ્યું, પણ ત્યાં ચારે બાજુ ભયંકર વન હોવાથી વિ. સં. ૮૦૨ માં એણે અણહિલ્લ-પાટક પત્તન વસાવ્યું એવું જણાવ્યું છે (विविधगच्छीयपट्टावलीसंग्रह, भा. १, पृ. १८८).

૭૩. હેમચંદ્રકૃત द्वयाश्रयकाव्य પરની અભયતિલકગણિકૃત ટીકા(પુ. ૧, પૃ. ૮)માં સસલાની જગ્યાએ કૂતરાનો ઉલ્લેખ આવે છે. આ અનુશ્રુતિ અન્યત્ર નોંધાઈ નથી.

૭૪. मोहराजपराजय, पृ. ६७; द्वयाश्रय काव्य પરની अभयतिलकगणिकृत टीका, ૃ. ૮; प्रबन्धचिन्तामणि, पृ. १३; पुरातनप्रबन्धसंग्रह, पृ. १२; विविधतीर्थकल्प, पृ. ५१; *Mirat-i-Ahmadi*, p. 22

૭૫. લગભગ બધા ગ્રંથો આ વર્ષ જ આપે છે, પરંતુ એમાં જુદી જુદી મિતિ જણાવે છે :—

| | |
|---|---|
| प्रबन्धचिन्तामणि | – વૈશાખ શુક્લ ૨ ને સોમવાર |
| धर्मारण्यमाहात्म्य | – આષાઢ શુક્લ ૩ ને શનિવાર |
| રાજવંશાવલીઓ | – શ્રાવણ શુક્લ ૨ ને સોમવાર |
| ઉમામહેશ્વર પ્રતિમા લેખ (ગણપતિ મંદિર, પાટણ) | – ચૈત્ર શુક્લ ૨ ને શુક્રવાર |
| રાસમાળામાં આપેલું કવિત | – માઘ કૃષ્ણ ૭ ને શનિવાર |

(રામલાલ ચુનીલાલ મોદી, 'પાટણસ્થાપનાનાં તારીખવાર તિથિ,' "કાન્તમાળા," પૃ. ૧૫૭). પટ્ટાવલીઓમાં વીર સંવત ૧૨૭૨ અને વિ. સં. ૮૦૨ નું વર્ષ આપ્યું છે (विविध-गच्छीयपट्टावलीसंग्रह, भा. २, पृ. १९, १८८). विचारश्रेणीમાં વિ. સં. ૮૦૨ ને બદલે વિ. સં. ૮૨૧ નું વર્ષ આપ્યું છે. એ ગણતરીએ એમાં ચાવડા વંશનો આરંભ પણ ૧૯ વર્ષ મોડો જણાવ્યો છે. પરંતુ સિદ્ધરાજ જયસિંહના સાંભર શિલાલેખ(*I. A.*, Vol. VIII, p. 234)માં મૂલરાજ સોલંકીના રાજ્યારંભનું વર્ષ વિ. સં. ૯૯૮ આપેલું હોવાથી विचारश्रेणीની સાલવારી અસ્વીકાર્ય ઠરી છે. વળી એમાં વિ. સ. ૮૨૧ ના વૈશાખ શુક્લ ૨ ને સોમવાર કહ્યો છે, જ્યારે એ તિથિએ ખરેખર ગુરુવાર હતો.

વિ. સં. ૮૦૨ના ઉપર જણાવેલા દિવસોમાં આપેલાં તિથિ–વારને પંચાંગનાં કોષ્ઠકોમાં મેળવી જોતાં એમાં વૈ. શુ. ૨, સોમવાર અને આષાઢ સુદ ૩ શનિવાર એ બે જ બંધ બેસતાં હોવાનું માલૂમ પડે છે. આ પરથી શ્રી. મોદીએ નગરની સ્થાપનાની ધર્મક્રિયા વૈશાખ સુદ ૨ ને સોમવારે શરૂ થઈ હશે અને એ ક્રિયા પૂરી થતાં નગરવસવાટ આષાઢ સુદ ૩ ને શનિવારે થયો હશે એવો તર્ક કર્યો છે (ઉપર્યુક્ત, પૃ. ૧૫૭).

૭૬. विविधतीर्थकल्प, पृ. ५१

૭૭. H. Jacobi (Ed.), *Sanatkumāracaritam*, p. 152 (नैमिनाहुचरिउनी પ્રશસ્તિમાંથી)

૭૮. તા. ચાણસ્મા, જિ. મહેસાણા ૭૯. તા. રાધનપુર, જિ. બનાસકાંઠા

૮૦. प्रभावकचरित, पृ. १६३; प्रबन्धचिन्तामणि, पृ. १३

૮૧. प्रभावकचरित, पृ. १६३ ૮૨. प्रबन्धचिन्तामणि, पृ. १३

૮૩. Forbes, *RāsMālā*, p. 41 ૮૪. *Ibid.* pp. 40 f.

૮૫. *Mirat-i-Ahmadi.*, p. 22 ૮૬. सर्ग १, श्लो. १–८

૮૭. श्लो. ९–१० ૮૮. अध्या. ६६, श्लो. ८६

૮૯. पृ. ३६–३७ ૯૦. प्रबन्धचिन्तामणि, पृ. १३

૯૧. सुकृतसंकीर्तन, सर्ग १; सुकृतकीर्तिकल्लोलिनी, श्लो. ९–२२; प्रबन्धचिन्तामणि (A અને D हस्तप्रत), पृ. १५; विचारश्रेणी, पृ. ९; धर्मारण्यमाहात्म्य, अ. ६६, श्लो. ८७–९७ ઇત્યાદિ

૯૨. प्रबन्धचिन्तामणि, पृ. १४–१५; जिनमण्डन, कुमारपालप्रबन्ध, पृ. २; प्रवचनपरीक्षा, पृ.२७१; *Mirat-i-Ahmadi.* p. 23; गूर्जरदेशराजवंशावली, "સ્વાધ્યાય," પુ. ૫, પૃ. ૨૪૮–૨૪૯; रत्नमाळ, पृ. २१–५२

૯૩. અગાઉ કનોજને 'કલ્યાણકટક' કહેતા ને આગળ જતાં દખ્ખણમાંય કલ્યાણ નામે નગરમાં રાજધાની રહેલી, પરંતુ કનોજમાં પ્રતીહાર રાજાઓ રાજ્ય કરતા ને દખ્ખણના કલ્યાણમાં ચાલુક્ય રાજાઓ. અહીં કલ્યાણ ઉત્તરનું ને વંશ દખ્ખણનો એવો ગોટાળો થયો છે.

૯૪. R. C. Parikh, *Kāvyānuśāsana*, Introduction, p. CVIII

૯૫. अ. ५२ ૯૬. રાસમાળા, ગુજ. અનુ. (આવૃત્તિ ૩ જી), પૃ. ૨૩

૯૭. प्रबन्धचिन्तामणि, पृ. ११ ૯૮. જુઓ ઉપર પૃ. ૯૬.

૯૯. *G. G.*, Part III, pp. 69 ff. ૧૦૦. *Ibid.*, pp. 68 ff

૧૦૧. ગૌ. ગુ., ભા. ૧, પૃ. ૧૩૯

૧૦૨. હ. ગં. શાસ્ત્રી, 'અણહિલવાડનો ચાવડા વંશ', "સ્વાધ્યાય" પુ. ૫, પૃ. ૫૦૩ થી.

૧૦૨ અ. દા. ત. શિશુનાગ વંશની અને મૌર્ય વંશની વંશાવળીઓમાં (*Age of Imperial Unity*, pp. 19 f.; હ. ગં. શાસ્ત્રી, 'પુરાણોમાં આપેલી મૌર્યવંશની સાલવારી', "ગુજરાતી સાહિત્ય પરિષદ–૨૦ મું સંમેલન–હેવાલ", પૃ. ૨૫૫–૬૧).

૧૦૩. सु. सं., स. १, श्लो. २७–२८; सु. की. क., श्लो. १५

૧૦૪. रत्नमाळ, पृ. ३७ ૧૦૫. पृ. १४

૧૦૬. सु. सं., स. १, श्लो. ३३–३४; सु. की. क., श्लो. १८

૧૦૭ रत्नमाळ, पृ. ३८ ૧૦૮. प्र. चि., पृ. १५

૧૦૯. ભો. જ. સાંડેસરા, 'ગુજરાતના સાંસ્કૃતિક ઇતિહાસનું એક ભુલાયેલું પૃષ્ઠ', "ગુજરાત", દીપોત્સવી અંક, ૨૦૨૩, પૃ. ૭–૮

૧૧૦. सु. सं., स. १, श्लो. ३१, ३२; सु. की. क., श्लो. १७

૧૧૧. धर्मारण्यमाहात्म्य, अ. ६६, श्लो. ९०

૧૧૨. रत्नमाळ, पृ. ५९

૧૧૩. सु. सं., स. १, श्लो. २९–३०; सु. की. क., श्लो. १६

૧૧૪. रत्नमाळ, पृ. ३९

૧૧૫. सु. सं., स. १, श्लो. ३९–४१; सु. की. क., श्लो. २१–२२

૧૧૬. धर्मारण्यमाहात्म्य, अ. ६६, श्लो. ९४–९५; रत्नमाळ, पृ. ३९

૧૧૭. प्र. चि., पृ. १४–१५　　　　૧૧૮. एजन, पृ. १६

## પ્રકરણ ૮

# સમકાલીન રાજ્યો

મૈત્રક અને અનુ–મૈત્રક કાલ દરમ્યાન ગુજરાતમાં મૈત્રક, ગુર્જર–પ્રતીહાર અને ચાપ–ચાપોત્કટ રાજ્યો ઉપરાંત બીજાં કેટલાંક નાનાં મોટાં રાજ્ય થયાં.

### ૧. ગારુલક રાજ્ય

સૌરાષ્ટ્રમાં મૈત્રકોના આધિપત્ય નીચે ગારુલક નામે એક કુલ રાજસત્તા ધરાવતું. આ વંશનાં બે દાનશાસન મળ્યાં છે.[૧] એમાં ગારુલક વંશને પરાક્રમી યશસ્વી અને પ્રભાવશાળી રાજાઓનો વંશ કહ્યો છે, પરંતુ એમાં એ કુલની ઉત્પત્તિ વિશે કંઈ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. 'ગારુલક' નામમાં 'ગારુડક' શબ્દ અભિપ્રેત લાગે છે; તો એ કુલના રાજાઓ પોતાને ગરુડના વંશજ ગણાવતા હોય. આ રાજાઓ 'પરમ ભાગવત' હતા, તેથી આ તદ્દન સંભવિત છે.[૨]

ગારુલક રાજાઓની વંશાવળીમાં સહુથી પહેલો ઉલ્લેખ શૂર ૧ લાનો આવે છે. મૈત્રક સેનાપતિ ભટાર્કની જેમ શૂર પણ પહેલાં સેનાપતિ હોય ને પછી એણે રાજસત્તા ધારણ કરી હોય એમ લાગે છે.[૩] એ ભટાર્કનો સમકાલીન હતો, એણે લગભગ ઈ. સ. ૪૮૧ થી ૫૦૦ સુધી રાજ્ય કર્યું. ભટાર્ક-વિહાર ભેટ મેળવનાર રાજસ્થાનીય શૂર પ્રાયઃ આ શૂર હોવો જોઈએ. તો એ ભટાર્કનો રાજસ્થાનીય હશે ને ભટાર્કે એના પર પ્રસન્ન થઈ એને પોતાનો વિહાર આપ્યો હશે.[૪]

શૂર પછી એનો પુત્ર વરાહદાસ ગાદીએ આવ્યો. મૈત્રક વંશના આરંભિક રાજાઓની જેમ એ પણ રાજપદવી ધારણ ન કરતાં માત્ર "સેનાપતિ" કહેવાતો. એ મૈત્રક રાજા દ્રોણસિંહનો સમકાલીન હતો.[૫] એ 'પરમ ભાગવત' હતો.

વરાહદાસનો ઉત્તરાધિકાર એના મોટા પુત્ર શૂર ૨ જાને પ્રાપ્ત થયો. એ 'સામંત' અને 'મહારાજ' બિરુદ ધારણ કરતો. એ 'ભટ્ટિ' ('ભટ્ટારક'ના અર્થમાં)

પણ કહેવાતો.[૬] એ મૈત્રક રાજા ધ્રુવસેન ૧ લાનો સમકાલીન હતો.[૭] એ ગારુલક વંશનો પ્રતાપી રાજા ગણાતો.[૮]

શૂર ૨ જાનો ગાદીવારસો એના અનુજ વરાહદાસ ૨ જાને મળ્યો. એનું ઈ. સ. ૫૪૯ નું દાનશાસન મળ્યું છે.[૯] એણે એક ભિક્ષુણી–વિહારને ભૂમિદાન દીધું હતું. એ વિહાર પ્રાયઃ વલભીમાં આવ્યો હતો.[૧૦] વિહારને દાનમાં આપેલી ભૂમિ જે ગામમાં આવેલી હતી તે ગામ એને મૈત્રક રાજા ધ્રુવસેન ૧ લા તરફથી બક્ષિસમાં મળેલું હતું.[૧૧] વરાહદાસ ઘણો ધર્મિષ્ઠ હતો.[૧૨] એણે દ્વારકા જીતી લઈ 'દ્વારકાધિપતિ'નું ગરવું બિરુદ પ્રાપ્ત કરેલું.[૧૩] એ 'પરમ ભાગવત' હતો. એ અનેક દેવાલય વગેરે બંધાવતો.[૧૪]

વરાહદાસ ૨ જા પછી એનો પુત્ર સિંહાદિત્ય ગાદીએ આવ્યો. એણે ઈ. સ. ૫૭૪ માં એક બ્રાહ્મણને ભૂમિદાન દીધેલું.[૧૫] દાનશાસનમાં આપેલી એની પ્રશસ્તિ પરથી એ ધીર ને લલિત, નમ્ર ને દર્શનીય તેમજ પરાક્રમી ને પ્રતાપી હોવાની છાપ પડે છે.[૧૬] ગારુલક વંશમાં સિંહાદિત્ય પછી બીજા રાજાઓ થયા હોય તો એમને વિશે હજી કંઈ માહિતી મળી નથી.

દાનશાસનોના શાસનસ્થાન પરથી ગારુલક રાજ્યનું પાટનગર ફંકપ્રસ્રવણ હોવાનું માલૂમ પડે છે. આ નગરનો સ્થળનિર્ણય કરવો મુશ્કેલ છે.[૧૭] દાનશાસનોમાં જણાવેલાં ગામોના સૂચિત સ્થળનિર્ણય પરથી ગારુલકોનું રાજ્ય સૌરાષ્ટ્રના પશ્ચિમ ભાગમાં હોવાનું માલૂમ પડે છે.[૧૮] એનો વિસ્તાર પશ્ચિમે છેક દ્વારકા સુધી હતો.

### ૨. સૈંધવ રાજ્ય

'અપર–સુરાષ્ટ્રા' અર્થાત્ પશ્ચિમ સૌરાષ્ટ્રમા આઠમી સદીમાં સૈંધવ નામે વંશનું રાજ્ય સ્થપાયું. આ વંશનાં નવ દાનશાસન મળ્યાં છે, જેમાંનું એક બનાવટી છે. આ વંશ સામાન્ય રીતે "સૈંધવ" નામે ઓળખાતો ને એ વંશ જયદ્રથમાંથી ઉત્પન્ન થયેલો મનાતો. આ પરથી આ રાજાઓ મૂળ સિંધુદેશના હોવાનું માલૂમ પડે છે. જયદ્રથ એ પાંડવોનો સમકાલીન સિંધુરાજ હતો, તેથી આ રાજાઓ પોતાના વંશને જયદ્રથ સાથે સાંકળે એ સ્વાભાવિક છે.

ઘૂમલીનાં દાનશાસનોમાં પૂર્વજોની વંશાવળી વધુમાં વધુ પુષ્યદેવ સુધી આપવામાં આવી છે.[૧૯] એના વંશજોના જ્ઞાત સમય પરથી પુષ્યદેવનો રાજ્યકાલ લગભગ ઈ. સ. ૭૩૫ થી ૭૫૦ નો આંકી શકાય.[૨૦] વળા(વલભીપુર)માંથી મળેલું મુદ્રાંક મહારાજ અહિવર્માના પુત્ર મહારાજ મહાસેનાપતિ પુષ્યેણનું

છે. આ પુષ્યેણ ને ધૂમલીના દાનશાસનમાંનો પુષ્યદેવ એક હોવાનો કેટલોક સંભવ મનાયેલો,[૨૨] પરંતુ હવે આંબળાસ(જિ. જૂનાગઢ)માંથી મળેલા તામ્રપત્ર[૨૩] પરથી એ બે વ્યક્તિ ભિન્ન હોવાનો સંભવ અધિક લાગ્યો છે.[૨૪] આ દાનશાસન મહારાજ મહાસેનાપતિ પુષ્યેણના પુત્ર મહારાજ અહિવર્માનું છે. વળાના મુદ્રાંકવાળો પુષ્યેણ એ આ અહિવર્માનો પિતા હોવો સંભવે છે, પરંતુ ધૂમલીના દાનશાસનમાંનો પુષ્યદેવ અહિવર્મા ૨ જાનો પુત્ર હોય એ ઘણું સંભવિત છે.[૨૫]

### પુષ્યેણ

અહિવર્મા ૧ લો સિંધમાં 'મહારાજ' તરીકે રાજ્ય કરતો હશે, જ્યારે એનો પુત્ર પુષ્યેણ સિંધમાં થયેલા અરબી ઉપદ્રવ(ઈ. સ. ૭૧૧)ને કારણે વતન તજી સૌરાષ્ટ્રમાં આવી વસ્યો લાગે છે. વળાના મુદ્રાંક પરથી સૂચિત થાય છે કે એણે શરૂઆતમાં વલભીના મૈત્રક રાજ્યમાં 'મહાસેનાપતિ'નો અધિકાર અંગીકાર કર્યો હશે ને આગળ જતાં સૌરાષ્ટ્રમાં ક્યાંક રાજસત્તા પામી 'મહારાજ' બિરુદ પ્રાપ્ત કર્યું હશે.

### અહિવર્મા ૨ જો

પુષ્યેણનો પુત્ર અહિવર્મા ૨ જો માત્ર 'મહારાજ' કહેવાતો. એણે કુબેરનગરમાંથી એક ભિક્ષુણી–વિહારને ભૂમિદાન દીધું. દાનશાસનનું વર્ષ સ્પષ્ટ નથી, પરંતુ એ વલભી સંવત ૪૦૪ (ઈ. સ. ૭૨૩) હોવું સંભવે છે. કુબેરનગર કોડિનાર પાસ આવ્યું હોય અથવા ધારી તાલુકા(જિ. અમરેલી)નું કૂબડા ગામ હોય.[૨૬] કુબેરનગરના સૈંધવ રાજ્ય વિશે આ એક જ અભિલેખ મળ્યો છે.

### પુષ્યદેવ

ધૂમલીના છેલ્લા દાનશાસનમાં જણાવેલો રાજા પુષ્યદેવ એ પુષ્યેણનો પૌત્ર અને અહિવર્મા ૨ જાનો પુત્ર હોવો સંભવે છે. 'પુષ્યદેવ' એ 'પુષ્યેણ'નું જ રૂપાંતર છે.[૨૭] પુષ્યદેવે લગભગ ઈ. સ. ૭૩૫ થી ૭૫૦ સુધી રાજ્ય કર્યું. એ મૈત્રક નરેશ શીલાદિત્ય ૬ ઠ્ઠાનો સમકાલીન હતો. એની રાજધાની ભૂતાંબિલિકા-(ધૂમલી)માં[૨૮] હતી. એને 'જયદ્રથવંશશેખર' કહેવામાં આવ્યો છે, તે પ્રાયઃ ભૂતાંબિલિકાના સૈંધવ વંશના સ્થાપક તરીકે.

**કૃષ્ણરાજ ૧ લો**

પુષ્યદેવ પછી એનો પુત્ર કૃષ્ણરાજ ગાદીએ આવ્યો. એણે લગભગ ઈ. સ. ૭૫૦ થી ૭૭૦ સુધી રાજ્ય કર્યું. પ્રશસ્તિમાં એને ઘણો પરાક્રમી, યશસ્વી અને પ્રતાપી નિરૂપવામાં આવ્યો છે.[૨૯] એણે મહાસામંત વગેરે પંચ મહાશબ્દ (મહાબિરુદ) ધારણ કર્યાં હતા.

**અગ્ગુક ૧ લો**

કૃષ્ણરાજનો ઉત્તરાધિકાર એના પુત્ર અગ્ગુકને મળ્યો. ધૂમલીમાંથી મળેલાં એ આરંભિક દાનશાસનોમાં ત્યાંની રાજવંશાવળીની શરૂઆત આ રાજાથી કરવામાં આવી છે એ પરથી એ આ રાજવંશનો મહત્ત્વનો રાજા ગણાય. એની પ્રશસ્તિમાં એનાં યશ, પ્રતાપ, દાન અને સુચરિતની લાંબી આલંકારિક પ્રશંસા કરવામાં આવી છે.[૩૦] એનો રાજ્યકાલ લગભગ ઈ. સ. ૭૭૦ થી ૭૯૦ નો આંકવામાં આવ્યો છે. ઈ. સ. ૭૮૮ માં સિંધના અરબો વડે થયેલા વલભી-ભંગનો બનાવ આ દરમ્યાન બનેલો. ધૂમલીના છેલ્લા દાનશાસનમાં આપેલી એની પ્રશસ્તિમાં એણે પોતાના ભૂમંડલનો ઉદ્ધાર કર્યો હોવાનું જણાવ્યું છે.[૩૧]

**રાણક ૧ લો**

અગ્ગુક ૧ લાના પુત્ર રાણક ૧ લાએ લગભગ ઈ. સ. ૭૯૦ થી ૮૧૦ સુધી રાજ્ય કર્યું. ધૂમલીમાંથી મળેલું એક દાનશાસન[૩૨] કૃષ્ણરાજના પુત્ર અગ્ગુકના પુત્ર રાણકનું છે, પરંતુ સૈંધવોની વંશાવાળીમાં કૃષ્ણરાજ-અગ્ગુકની બે જોડી આવે છે ને આ દાનશાસનનું બીજું પતરું મળ્યું ન હોઈ એનો સમય અજ્ઞાત રહ્યો છે. શાસ્ત્રી હાથીભાઈ હરિશંકરે આ રાણકને અગ્ગુક ૧ લાનો પુત્ર રાણક માનેલો, જ્યારે અલતેકરે એમાં કેટલાક વાંધા દર્શાવી એને અગ્ગુક ૨ જાનો પુત્ર ગણ્યો.[૩૩] પરંતુ ડૉલરરાય માંકડે આ પ્રશ્નની વિગતે ચર્ચા કરીને એ અગ્ગુક ૧ લાનો પુત્ર હોવાનું પ્રતિપાદિત કર્યું છે.[૩૪]

રાણકે ભૂમિદાનમાં પચ્છત્રી વિષયમાંનું એક ગામ આપ્યું. પહેલા પતરાના અંતે આપેલી પ્રતિગ્રહીતાને લગતી અપૂર્ણ માહિતીમાં રાણી ક્ષેમેશ્વરીનો ઉલ્લેખ થયો છે, રાજા રાણકની પતિવ્રતા પત્ની તરીકે.[૩૫] પ્રશસ્તિમાં રાજા રાણક પ્રતાપી, યશસ્વી, ઉદાર, ધર્મિષ્ઠ, વિદ્વાન અને પરાક્રમી હોવાનું નિરૂપાયું છે.[૩૬]

રાણકને બે પુત્ર હતા : કૃષ્ણરાજ અને જાઈક.

### કૃષ્ણરાજ ૨ જો

રાણક પછી એનો મોટો પુત્ર કૃષ્ણરાજ ગાદીએ આવ્યો. એણે લગભગ ઈ.સ. ૮૧૦ થી ૮૨૫ સુધી રાજ્ય કર્યું. એની પ્રશસ્તિમાં એને આલંકારિક રીતે ભરત, વૃકોદર, દિનકર વગેરેની ઉપમા આપવામાં આવી છે.[૩૭] પ્રશસ્તિમાંના એક પદમાં આવતા 'ચાપિ' શબ્દ પરથી અલતેકરે આ રાજાએ ચાપ કુલના રિપુઓનો પરાભવ કર્યો હોવાનો અર્થ ઘટાવેલો,[૩૮] પરંતુ ખરી રીતે અહીં 'ચાપિ' શબ્દ તો ચ+અપિના અર્થમાં પ્રયોજાયો છે ને ચની પહેલાં અપિ શબ્દ આવેલો હોવાથી અહીં સરતચૂકથી અપિ શબ્દની નિરર્થક પુનરુક્તિ થઈ છે.[૩૯] એવી રીતે રામની આરાધના કરવામાં આપેલી ભરતની ઉપમા પરથી અલતેકરે આ રાજાના સંદર્ભમાં પ્રતીહાર રાજા રામભદ્રના આધિપત્યનું સૂચન માન્યું છે[૪૦] તે પણ યથાર્થ લાગતું નથી, કેમકે આ ઉપમા તો કૃષ્ણરાજ ૨ જા (ઈ. સ. ૮૧૦ થી ૮૨૫) ઉપરાંત જાઈક ૧ લા (ઈ. સ. ૮૨૫ થી ૮૪૫) અને અગ્ગુક ૩ જા (ઈ. સ. ૮૪૫ થી ૮૭૦) માટે પણ પ્રયોજાઈ છે, જ્યારે પ્રતીહાર રામભદ્રે તો માત્ર ત્રણેક વર્ષ (લગભગ ઈ. સ. ૮૩૩ થી ૮૩૬) રાજ્ય કરેલું. પ્રશસ્તિમાં કૃષ્ણરાજને પરાક્રમી, ઉત્સાહી, દૃઢનિશ્ચય, તેજસ્વી, સત્યાનુરાગી, પુણ્યશાળી અને માતૃભક્ત નિરૂપ્યો છે.[૪૧]

### અગ્ગુક ૨ જો

કૃષ્ણરાજ ૨ જાનો ઉત્તરાધિકાર એના જ્યેષ્ઠ પુત્ર અગ્ગુક ૨ જાને પ્રાપ્ત થયો. ધૂમલીનું ગુ. સં. ૫૧૩(ઈ. સ. ૮૩૨)નું દાનશાસન સગીર અગ્ગુક ૨ જાના રાજ્યકાલ દરમ્યાન એના વાલી તરીકે સત્તા ધરાવતા એના કાકા જાઈકે ફરમાવેલું છે એવું અલતેકરે ધારેલું,[૪૨] પરંતુ ખરી રીતે એ દાનશાસનમાં તો કૃષ્ણરાજનો રાજ્યવારસો જે કુલક્રમની રૂએ પુત્ર અગ્ગુકને મળેલો તે એના પ્રતાપી કાકા જાઈકે પડાવી લીધેલો એટલો જ અર્થ નીકળે છે.[૪૩] આ ઘટના ઈ. સ. ૮૩૨ પહેલાં પ્રાયઃ ઈ. સ. ૮૩૦ ના અરસામાં બની. આ હિસાબે અગ્ગુકે સિંહાસન બહુ થોડા વખત, પ્રાયઃ થોડા મહિના કે થોડા દિવસ, ભોગવ્યું જણાય છે.

### જાઈક ૧ લો

એ કૃષ્ણરાજ ૨ જાનો સાવકો ભાઈ હતો. કૃષ્ણરાજના પુત્ર અગ્ગુક પાસેથી રાજસત્તા આ સમર્થ રાજવીને મળી. એણે ગુ. સં. ૫૧૩ (ઈ. સ. ૮૩૨)

માં સોમેશ્વર(સોમનાથ)ના બ્રાહ્મણને પચ્છત્રી વિષયમાં આવેલું ઢંક (ઢાંક) ગામ દાનમાં દીધું.૪૪ એ વિષયમાંનું એક બીજું ગામ એણે ભિલ્લમાલના બ્રાહ્મણને દાનમાં આપ્યું, પણ એના દાનશાસનમાં દાનનો સમય નોંધ્યો નથી.૪૫ બંને દાનશાસન એક શકે લખેલાં છે. આમાંનું પહેલું દાન જાઈક કે અગ્ગુક ૨ જાના રાજ્યકાલ દરમ્યાન આપેલું એવું અલતેકરનું મંતવ્ય અગાઉ જણાવ્યા મુજબ બરાબર નથી; બંને દાન જાઈક કે પોતાના રાજ્યકાલમાં આપેલાં છે. એણે લગભગ ઈ. સ. ૮૨૫ થી ૮૪૫ સુધી રાજ્ય કર્યું. પ્રશસ્તિમાં એનાં પુરુષાર્થ, પરાક્રમ, ધૈર્ય, ઔદાર્ય, ઐશ્વર્ય ઇત્યાદિની ભારે પ્રશંસા કરવામાં આવી છે. એને બે પુત્ર હતા : અગ્ગુક અને ચામુંડરાજ.

### અગ્ગુક ૩ જો

જાઈક ૧ લા પછી એનો પુત્ર અગ્ગુક ૩ જો ગાદીએ આવ્યો. અલતેકરે ચામુંડરાજને જાઈકનો મોટો પુત્ર માનેલો,૪૬ પરંતુ અગ્ગુક જાઈકનો મોટો પુત્ર હોય ને સીધો પિતાનો ઉત્તરાધિકારી બન્યો હોય એ વધુ સંભવિત છે. અગ્ગુકે લગભગ ઈ. સ. ૮૪૫ થી ૮૭૦ સુધી રાજ્ય કર્યું ગણાય.

એનું એકેય દાનશાસન મળ્યું નથી, પણ એના પુત્ર રાણકના દાનશાસનમાં અગ્ગુકની પ્રશસ્તિ આપેલી છે.૪૭ એમાં એના પુરોગામીઓની પ્રશસ્તિનાં અનેક સુંદર પદ સંકલિત કરેલાં છે. એમાં એનાં પરાક્રમ, કીર્તિ, નીતિ, પુરુષાર્થ, દેહસૌષ્ઠવ આદિની પ્રશંસા કરી છે. અગ્ગુકે લાંબો સમય રાજ્ય ભોગવીને પોતાની હયાતીમાં પોતાના પુત્ર રાણકને રાજસિંહાસને સ્થાપ્યો.૪૮

### રાણક ૨ જો

અગ્ગુક ૩ જાના પુત્ર રાણક ૨ જાનું એક દાનશાસન મળ્યું છે.૪૯ એમાં એણે ગુ. સં. ૫૫૫(ઈ. સ. ૮૭૪–૭૫)માં અમુક મંદિરોને તથા મઠને આપેલા ગ્રામદાનની હકીકત નોંધી છે. એ ગામ સુવર્ણમંજરી વિષયમાં આવેલું હતું. દાનશાસનનો દૂતક યુવરાજ જાઈક છે.

પ્રશસ્તિમાં રાણકના શક્તિ, જ્ઞાન, સચ્ચરિત, ઔદાર્ય, પરાક્રમ, સ્થૈર્ય, ગાંભીર્ય ઇત્યાદિ વિવિધ ગુણોની પ્રશંસા કરવામાં આવી છે, એમાં ઘણાં પદ શ્લેષ માટે આલંકારિક રીતે પ્રયોજાયાં છે.૫૦ રાણકે લગભગ ઈ. સ. ૮૭૦ થી ૮૮૦ સુધી રાજ્ય કર્યું.

રાણકનો ઉત્તરાધિકાર યુવરાજ જાઈકને નહિ, પણ રાણકના કાકા ચામુંડરાજને મળ્યો. યુવરાજ રાજાની પહેલાં અકાળ મૃત્યુ પામ્યો હશે અથવા ચામુંડરાજે સત્તા પડાવી લીધી હશે.

**ચામુંડરાજ**

ચામુંડરાજ અગ્ગુક ૩ જાનો ભાઈ હતો. એણે અગ્ગુકના પુત્ર રાણકનો ઉત્તરાધિકાર પ્રાપ્ત કર્યો. એણે લગભગ ઈ. સ. ૮૮૦ થી ૮૮૫ સુધી રાજ્ય કર્યું. એનું એકેય દાનશાસન મળ્યું નથી, પરંતુ એના પુત્રના તથા પૌત્રના દાનશાસનમાં એની લાંબી પ્રશસ્તિ આપેલી છે. પહેલી પ્રશસ્તિનાં પદ અક્ષરશઃ અગ્ગુક ૩ જાની પ્રશસ્તિ પ્રમાણે આપેલાં છે.[૫૧] એમાં ઉપમા તથા ઉત્પ્રેક્ષા અલંકારનું વિપુલ પ્રમાણ રહેલું છે. બીજી પ્રશસ્તિમાં એનાં પરાક્રમ, યશ તથા વૈભવની સુંદર પ્રશંસા કરેલી છે.[૫૨]

**અગ્ગુક ૪ થો**

ચામુંડરાજ પછી એનો પુત્ર અગ્ગુક ૪ થો ગાદીએ આવ્યો. એણે ગુ. સં. ૫૬૭(ઈ. સ. ૮૮૬–૮૮૭)માં સ્વર્ણમંજરી વિષયમાંનું એક ગામ બ્રાહ્મણને દાનમાં દીધું. એણે લગભગ ઈ. સ. ૮૮૫ થી ૮૯૦ સુધી રાજ્ય કર્યું. એની પ્રશસ્તિનાં ઘણાં પદ રાણક ૨ જાની પ્રશસ્તિનાં પદો સાથે અક્ષરશઃ મળતાં આવે છે. પ્રશસ્તિનાં નવાં પદોમાં એને શક્તિશાળી, શાસ્ત્રપૂત, દર્શનીય, નિષ્કલંક, અજાતશત્રુ અને ઉદાર રાજવી તરીકે નિરૂપવામાં આવ્યો છે.[૫૩]

**જાઈક ૨ જો**

અગ્ગુક ૪ થાનો પુત્ર જાઈક ૨ જો એ સૈંધવ વંશની જ્ઞાત સળંગ વંશાવળીમાંનો છેલ્લો રાજા છે. એનાં બે દાનશાસન મળ્યાં છે : એક મોરબીમાંથી અને બીજું ઘૂમલીમાંથી. મોરબીના દાનશાસનમાં એણે ગુ. સં. ૫૮૫(ઈ. સ. ૯૦૫)માં બે બ્રાહ્મણોને આપેલું દાન નોંધવામાં આવ્યું છે,[૫૪] પરંતુ એનું પહેલું પતરું ઉપલબ્ધ ન હોવાથી એમાં જણાવેલી દેયભૂમિની વિગત જાણવા મળી નથી. રાજા જાઈક તથા એના પૂર્વજોની પ્રશસ્તિ પણ પહેલા પતરા સાથે ગૂમ થઈ છે.

પરંતુ આ પ્રશસ્તિ ઘૂમલીના દાનશાસનમાં[૫૫] સચવાઈ રહી છે. એમાં એના પૂર્વજોની લાંબામાં લાંબી વંશાવળી આપવામાં આવી છે.[૫૬] એમાં પુષ્યદેવથી માંડીને જાઈક ૨ જા સુધીની પિતાપુત્રની સળંગ વંશાવળી આપવામાં આવી છે;

કૃષ્ણરાજ ૨ જાની તથા અગ્ગુક ૩ જાની અવાંતર શાખાઓના રાજાઓ ગણવામાં આવ્યા નથી.

જાઈકે ગુ. સં. ૫૯૬ (ઈ. સ. ૯૧૫)માં નન્નમઠિકાને સુવર્ણમંજરી વિષયમાંનું એક ગામ દાનમાં દીધાનું આ દાનશાસનમાં નોંધ્યું છે. આ મઠિકા ભિલ્લમાલના નન્ન નામે વેપારીએ કરાવી હતી ને એ ભૂતાંબિલિકા પત્તનમાં પુરુષોત્તમ મઠિકાની સમીપ આવેલી હતી.

જાઈકનો રાજ્યકાલ લગભગ ઈ. સ. ૯૦૦ થી ૯૨૦ નો અંકાય. પ્રશસ્તિમાં એના પરાક્રમના સંદર્ભમાં અશ્વદલ તથા ગજદલનો તેમજ કૃપાણ તથા કવચનો ઉલ્લેખ આવે છે ને એને યશ, વચન, તેજ, વેગ, યૌવન વગેરે ગુણોમાં ઉત્તમ ઉપમાઓ આપવામાં આવી છે.[૫૭]

આમ ભૂતાંબિલિકા (ઘૂમલી)નો સૈંધવ વંશ લગભગ ઈ. સ. ૭૩૫ થી ૯૨૦ સુધી અવ્યવચ્છિન્ન રીતે પશ્ચિમ સૌરાષ્ટ્ર પર સત્તા ધરાવતો હોવાનું જાણવા મળે છે.

### સૈંધવો અને જેઠવાઓ

આ પછીનાં સિત્તેરેક વર્ષનો ઇતિહાસ અંધારામાં છે. એ પછી ઈ. સ. ૯૮૯ માં બાષ્કલદેવ નામે રાણકે આપેલા ભૂમિદાનને લગતું તામ્રશાસન ઘૂમલીમાંથી મળ્યું છે.[૫૮] એમાં બાષ્કલના પિતા તથા પિતામહનું નામ આપ્યું છે, પણ એના કુલનું નામ જણાવ્યું નથી. એની આસપાસનો પ્રદેશ 'જ્યેષ્ઠુકદેશ' નામે ઓળખાતો. આ નામ બાષ્કલ પછીના 'જેઠવા' કુલ સાથે સંબંધ ધરાવતું હોવાનું સૂચિત થાય છે, તો બીજી બાજુ ભૂતાંબિલિકા રાજધાની દ્વારા એ અગાઉના સૈંધવો–જાયદ્રથો સાથે પણ સંબંધ ધરાવતું હોય. આ પરથી 'જાયદ્રથ' અને 'જેઠવા' વચ્ચેના સંબંધને[૫૯] સમર્થન મળે છે. જેઠવા કુલના રાજાઓ પણ શરૂઆતમાં ઘૂમલીમાં રાજ્ય કરતા એ હકીકત[૬૦] જાયદ્રથો (સૈંધવો) અને જેઠવાઓ વચ્ચે સીધો સંબંધ હોવાનું સૂચવે છે. જો જેઠવાઓ સૈંધવોના વંશજ હોય તો તેઓએ પોતાના રાજચિહ્નમાં આગળ જતાં મત્સ્યને બદલે હનુમાનનો ફેરફાર કર્યો ગણાય.[૬૧] વળી ભાટચારણોએ નોંધેલી જેઠવાઓની વંશાવળીમાં[૬૨] જણાવેલા ઘૂમલીના આરંભિક રાજાઓનાં નામોમાં આ સૈંધવ રાજાઓનાં નામોનો સમાવેશ થતો નથી એ પરથી પણ સૈંધવો અને જેઠવાઓ વચ્ચેના સંભવિત સંબંધને બાધ આવતો નથી, કેમકે એ વંશાવળીમાંના રાણા સંગજી(૧૨ મી સદી)ની પહેલાંના

વૃત્તાંતની ઐતિહાસિકતા શંકાસ્પદ છે.[13] આથી સિંધ દેશમાંથી આવી સૌરાષ્ટ્રમાં વસેલા સૈંધવો—જાયદ્રથો અને જેઠવાઓ એક કુલના હોઈ શકે છે.

### સૌરાષ્ટ્રનું ચાલુક્ય રાજ્ય

વલભીના મૈત્રક રાજ્યનો નાશ થયો એ અરસાથી દક્ષિણ સૌરાષ્ટ્રમાં ચાલુક્ય કુલનું એક રાજ્ય પ્રવર્તતું હોવાનું જાણવા મળે છે.

ચાલુક્યોનું એક પ્રસિદ્ધ રાજ્ય એ પહેલાં દખ્ખણમાં લગભગ ઈ. સ. ૫૩૫–૭૬૪ દરમ્યાન થયેલું. એની એક શાખા દક્ષિણ ગુજરાતમાં સત્તા ધરાવતી. દખ્ખણના ચાલુક્ય રાજાઓના લેખોમાં તેઓને માનવ્ય ગોત્રના હારીતીપુત્ર કહ્યા છે. તેઓ સપ્તમાતૃકાઓ તથા કાર્તિકેયની આરાધના કરતા ને પોતાના ધ્વજ પર વિષ્ણુના વરાહાવતારનું રાજચિહ્ન રાખતા.[64] દખ્ખણની ચાલુક્ય સત્તાનું ઉન્મૂલન કરનાર રાષ્ટ્રકૂટ રાજ્યના અંત પછી ચાલુક્યોનું બીજું કુલ સત્તારૂઢ થયું ત્યારે ભારદ્વાજ મુનિના કે બ્રહ્માના ચલુક(ખોબા)માંથી ચાલુક્ય વંશની ઉત્પત્તિ થઈ એવી પૌરાણિક માન્યતા પ્રચલિત થઈ.[65] ગુજરાતમાં મૂલરાજ સોલંકીના સમયથી ચૌલુક્ય (સોલંકી) વંશની સત્તા પ્રવર્તી ત્યારે એ રાજ્યમાં પણ બ્રહ્માના ચુલુક(ખોબા)માંથી ચૌલુક્ય કુલ ઉત્પન્ન થયું હોવાની માન્યતા પ્રચલિત હતી,[66] પરંતુ આઠમી-નવમી સદી દરમ્યાન આવી કોઈ પૌરાણિક માન્યતા પ્રચલિત હોવાનું જાણવા મળ્યું નથી. સૌરાષ્ટ્રના આ ચાલુક્ય કુલના અભિલેખોમાં એવી કોઈ માન્યતાનો ઉલ્લેખ નથી. એ સમયે ચાલુક્યો માનવ્ય ગોત્રના અને હારીતીપુત્ર ગણાતા હશે.

ઊનામાંથી મળેલાં બે દાનશાસનો[67] પૈકી બીજા દાનશાસનમાં આ ચાલુક્ય રાજાઓની લાંબી વંશાવળી આપવામાં આવી છે. એ વંશમાં પહેલાં કલ્લ અને મહલ્લ નામે પ્રસિદ્ધ રાજા થયા. એ બે વચ્ચે રામલક્ષ્મણ જેવો ભ્રાતૃભાવ હતો. શરૂઆતમાં એ બંને અભિન્ન રાજાઓ જેવા ગણાયા હશે, પરંતુ આગળ જતાં તેઓમાંનો મોટો કલ્લ રાજાઓમાં શોભાસ્પદ સ્થાન પામ્યો. એના રાજ્યમાં લોકોમાં ધર્માનુરાગ, ઔદાર્ય અને સંપત્તિદાનની વૃત્તિ પ્રવર્તતી. કલ્લે લગભગ ઈ. સ. ૭૭૦ થી ૭૯૦ સુધી રાજ્ય કર્યું.

કલ્લ પછી એનો પુત્ર ગાદીએ આવ્યો. એનું નામ સ્પષ્ટ વંચાયું નથી, પણ એ પ્રાયઃ 'રાજેન્દ્ર' હતું. એણે લગભગ ઈ. સ. ૭૯૦ થી ૮૧૦ સુધી રાજ્ય કર્યું. એની પ્રશસ્તિમાં જણાવ્યા પ્રમાણે એ ઘોડેસવારીમાં નિપુણ હતો; એ દુર્ગમ હતો ને ઉગ્ર દંડ દેતો.

એના પુત્ર બાહુકધવલે 'રાજાધિરાજ' અને 'પરમેશ્વર' કહેવાતા રાજાઓને જીત્યા હોવાનો અને ધર્મ નામે રાજાને હરાવ્યા હોવાનો ઉલ્લેખ આવે છે. આ રાજા ધર્મ એ સ્પષ્ટતઃ બંગાળાના પાલ વંશનો પ્રતાપી રાજા ધર્મપાલ છે. બાહુકધવલે એનો પરાજય પ્રતીહાર નરેશ નાગભટ ૨ જાના સહાયક તરીકે કર્યો લાગે છે. બાહુકધવલે હરાવેલો બીજો મહાન રાજા તે કર્ણાટકનો રાષ્ટ્રકૂટ રાજા, પ્રાયઃ અમોઘવર્ષ ૧ લો હતો. આમ બાહુકધવલ એ સમયના બે મહાન રાજવીઓનો પરાજય કરવાનો દાવો કરતો. અલબત્ત, આ બંને પરાક્રમ એણે પ્રતીહાર અધિપતિના સહાયક તરીકે કર્યાં હોવાં જોઈએ. એના સમયમાં કનોજના પ્રતીહાર નરેશનું આધિપત્ય સૌરાષ્ટ્ર સુધી પ્રસર્યું હતું. બાહુકધવલનો રાજ્યકાલ ઈ. સ. ૮૧૦ થી ૮૪૦ નો અંદાજી શકાય.

બાહુકધવલ પછી એનો પુત્ર અવનિવર્મા ૧ લો ગાદીએ આવ્યો. એણે લગભગ ઈ. સ. ૮૬૫ સુધી રાજ્ય કર્યું. એના પુત્ર બલવર્માનું ઈ. સ. ૮૯૨ નું દાનશાસન મળ્યું છે.[૬૮] એ દાનશાસન નક્ષિસપુરમાંથી ફરમાવેલું છે. નક્ષિસપુર આ રાજ્યનું પાટનગર હતું; એનું સ્થાન બરાબર ઓળખાયું નથી.[૬૯] બલવર્માએ પંચ મહાશબ્દ (મહાબિરુદ) પ્રાપ્ત કર્યા હતા ને એ મહાસામંત તરીકે ઓળખાતો. એણે મહારાજાધિરાજ ભોજદેવના ઉત્તરાધિકારી મહારાજાધિરાજ મહેંદ્રાયુધદેવનું અર્થાત્ પ્રતીહાર નરેશ ભોજદેવના ઉત્તરાધિકારી મહેંદ્રપાલનું આધિપત્ય અંગીકાર કર્યું હતું. બલવર્માએ રાજા વિષઢને હરાવેલો તેમજ રાજા જજ્જપને હણીને હૂણ વંશનું નિકંદન કાઢેલું એવો ઉલ્લેખ એના પુત્રના દાનશાસનમાં આવે છે, પણ એ રાજાઓ વિશે વિશેષ માહિતી મળી નથી. બલવર્માએ કણુવીરિકા નદીના કાંઠા ઉપર આવેલા તરુણાદિત્ય મંદિરને નક્ષિસપુર ચોર્યાશીમાંનું જયપુર ગામ દાનમાં દીધું.[૭૦] એણે લગભગ ઈ. સ. ૮૯૫ સુધી રાજ્ય કર્યું. એ પરાક્રમી, ધર્મિષ્ઠ અને દાનવીર હતો. નાનપણથી એ શંકરનો ઉપાસક હતો.

બલવર્મા પછી એનો પુત્ર અવનિવર્મા ૨ જો ગાદીએ આવ્યો. એનું બીજું નામ 'યોગ' હતું. એનું ઈ. સ. ૯૦૦ નું દાનશાસન મળ્યું છે[૭૧] તેમાં એણે ધનુષબાણ લઈને ગજદળ સાથે આક્રમણ કર્યું ને રાજા યક્ષદાસના સૈન્યનો નાશ કરી એનો ભારે પરાભવ કર્યો એવો ઉલ્લેખ આવે છે. આ રાજા યક્ષદાસ વિશે કંઈ વિશેષ માહિતી ઉપલબ્ધ નથી. વળી અવનિવર્માએ વઢવાણના ચાપ રાજા ધરણીવરાહને હરાવ્યો.

બલવર્માની જેમ અવનિવર્મા પણ પ્રતીહાર મહારાજાધિરાજ મહેંદ્રપાલનો મહાસામંત હતો. એણે પણ નક્ષિસપુર ચોર્યાશીમાંનું એક ગામ તરુણાદિત્ય મંદિરને દાનમાં દીધું.[૭૨] આ બંને રાજાઓનાં દાનશાસનોમાં ધીઇકની પણ અનુમતિ છે. એ મહેંદ્રપાલનો અંતપાલ હતો.

પ્રશસ્તિમાં અવનિવર્માના દેશ, પરાક્રમ, ધર્માનુરાગ તથા ઔદાર્યની પ્રશંસા કરવામાં આવી છે.

આ ચાલુક્ય રાજ્યનો ઈ. સ. ૯૦૦ પછીનો કોઈ અભિલેખ કે ઉલ્લેખ મળ્યો નથી, એથી એ રાજસત્તા ક્યારે ને કેવી રીતે અસ્ત પામી એ જાણવા મળ્યું નથી.

### ૪. વાળા રાજ્ય

વલભીના મૈત્રક રાજ્યના નાશ પછીનો ત્યાંનો ઇતિહાસ ઘણે અંશે અજ્ઞાત રહ્યો છે. વાળા રાજપૂતો વલભીના રાજકુલમાંથી ઉત્પન્ન થયા હોવા સંભવે છે. બારોટોના ચોપડા મુજબ ઉગા વાળો વિ. સં. ૧૦૫૫(ઈ. સ. ૯૯૯)માં વળાની ગાદીએ આવેલો તે વલભીના રાજા શીલાદિત્ય(૭ મા)ના પુત્ર ધરસેનનો પૌત્ર અને વૃષકેતુનો પુત્ર હતો,[૭૩] પરંતુ વલભી-ભંગનો સમય વિ. સં. ૮૪૫ (ઈ. સ. ૭૮૮) જોતાં બસો વર્ષના ગાળામાં એ બે ઉપરાંત બીજા વધુ રાજા થયા હોવા જોઈએ. છતાં વળા પ્રદેશમાં વાળાઓની સત્તા પ્રવર્તી હોય ને એ સોલંકી કાલ સુધી ત્યાં ચાલુ રહી હોય[૭૪] એ તદ્દન સંભવિત છે. દરમ્યાન વાળાઓની એક શાખા વંથળીમાં પણ સ્થપાઈ. એનો સ્થાપક વાળો રામ ગણાય છે. એ રાજા શીલાદિત્યની ઉપાંગનાના પુત્ર વરસીનો પુત્ર કહેવાય છે. વાળા રામનો પુત્ર દેશવટે ચાલ્યો ગયેલો ને વાળા રામે પોતાની બહેન સિંધના નગરઠઠ્ઠાના સમા કુલના રાજા વેરે પરણાવેલી, તેનો પુત્ર ચંદ્રચૂડ વંથળીમાં મામા પાસે રહેતો હતો. એણે વાળા રામના મૃત્યુ પછી વંથળીની ગાદી સંભાળી.[૭૫] આ વૃત્તાંતમાં ઐતિહાસિક તથ્ય રહેલું હોય તો એમાં પણ કેટલાંક નામ ખૂટે છે.

### ૫. સમા રાજ્યો

ભાટચારણોની અનુશ્રુતિ અનુસાર સમાઓ યાદવકુલના હતા; તેઓના પૂર્વજ શ્રીકૃષ્ણના પુત્ર સાંબના વંશજ હતા ને મિસરમાં રાજ્ય કરતા હતા. ત્યાં અરબોનો ઉપદ્રવ થતાં એમાંના કુમાર નરપતે કે એના પુત્ર સમાએ સિંધમાં આવી સત્તા સ્થાપી. એના વંશજ 'સમા' તરીકે ઓળખાયા. નરપતના વંશમાં

ચંદ્રચૂડ થયો. એના વંશજ 'ચૂડાસમા' કહેવાયા. ચંદ્રચૂડનો પુત્ર યુવરાજ હમીર પિતાની હયાતીમાં અકાળ મૃત્યુ પામ્યો. ચંદ્રચૂડનો ઉત્તરાધિકાર હમીરના નાના પુત્ર મૂળરાજે સંભાળ્યો. એણે પોતાના રાજ્યનો વિસ્તાર કર્યો ને રાજ્યતંત્રને વ્યવસ્થિત કર્યું. એના પછી એનો પુત્ર વિશ્વવરાહ ગાદીએ આવ્યો. એ મૂલરાજ સોલંકીના સમકાલીન ગ્રાહરિપુનો પિતા હતો.[૭૬]

સિંધના સમા વંશમાં નરપતની દસમી પેઢીએ લાખિયાર ભડ થયો. એનો પુત્ર લાખો કચ્છના પાટગઢના ચાવડા રાજા વાઘમની પુત્રીને પરણેલો. લાખાના પુત્ર ઉન્નડ, મોડ અને મનાઈ કચ્છમાં યાત્રાએ આવેલા ત્યારે મનાઈએ રાજ્યલોભને વશ થઈ છાનામાના ઉન્નડને મારી નાખ્યો. મોડ અને મનાઈએ પાટગઢના વાઘમ ચાવડાનો આશ્રય લીધો. આગળ જતાં તેઓએ વાઘમને મારી પાટગઢમાં પોતાની સત્તા સ્થાપી. પછી ગૂંતરીના શાસક સાત સાંધોને મારી ત્યાં પોતાની સત્તા પ્રસારી. મોડના પુત્ર સાડે કંથકોટ બંધાવ્યો. ગેડીના ધરણ વાઘેલાએ સાડને પોતાની બહેન પરણાવેલી, છતાં એને દગાથી મારી નંખાવ્યો. સાડના પુત્ર ફૂલે મોટો થતાં ધરણ વાઘેલાને હરાવી વશ કર્યો ને આગળ જતાં એને મારી એનું રાજ્ય ખાલસા કર્યું.[૭૭] ફૂલનો પુત્ર લાખો ફુલાણી મૂલરાજ સોલંકીનો સમકાલીન હતો.

## ૬. સાંધ રાજ્ય

આનુશ્રુતિક વૃત્તાંત અનુસાર કચ્છના થાપર પરગણા પર 'સાત સાંધો'ની સત્તા પ્રવર્તતી હતી. કચ્છના ઇતિહાસમાં આ સાંધોને સામાન્ય રીતે સોલંકી વંશના માનવામાં આવ્યા છે.[૭૭અ] તેઓ 'સૈંધવ' (સિંધવ) હશે એવું પણ સૂચવાયું છે.[૭૭આ] એમની રાજધાની ગૂંતરી(તા. નખત્રાણા)માં હતી. પાટગઢના ચાવડા રાજ્ય પર તેઓનું આધિપત્ય પ્રવર્તતું હતું. ત્યાં વાઘમ ચાવડાની જગ્યાએ સમા કુલના રાજા મોડ અને મનાઈની સત્તા સ્થપાતાં સાંધોએ તેઓની પાસે ખંડણી માગી ત્યારે ખંડણી ભરવાના બહાના નીચે મોડ–મનાઈએ ગાડામાં લશ્કર મોકલી, સાત સાંધોને મારી ગૂંતરીના રાજવંશનો અંત આણ્યો.[૭૮]

## ૭. વાઘેલા રાજ્ય

આ સમય દરમ્યાન ગેડી(તા. રાપર)માં વાઘેલા રાજા ધરણનું રાજ્ય ચાલતું હતું. આ રાજા વાઘેલા કુલનો હતો એવી અનુશ્રુતિ છે, પરંતુ સોલંકી રાજા કુમારપાલ(૧૨ મી સદી)ના સમકાલીન આનાકનો પિતા ધવલ સોલંકી વંશની વાઘેલા શાખાનો સ્થાપક મનાતો હોઈ નવમી સદીમાં વાઘેલા કુલનું

રાજ્ય હોવું ન સંભવે એવી શંકા રહે છે.[૭૮અ] છતાં જેમ ધોળકા ધવલની પહેલાં વસેલું માલૂમ પડયું છે તેમ વાઘેલ સાથેનો આનાકના પૂર્વજોનો સંબંધ પણ ધવલની પહેલાંનો હોય, તો — અને તો જ — ત્યારે અહીં કોઈ વાઘેલા કુલ હોવું સંભવે. સમા રાજા મોડ-મનાઈએ ગૂંતરીના સાંધ રાજ્યનો નાશ કરી આ વાઘેલા રાજ્ય પર નજર કરી ત્યારે ધરણ વાઘેલાએ પોતાની બહેન મોઢના પુત્ર સાડને પરણાવી મૈત્રી સાધી. આગળ જતાં સાડની સત્તાની વૃદ્ધિ થતાં ધરણે એને પોતાને ત્યાં જમવા નોતરી દગાથી મારી નંખાવ્યો. સાડના પુત્ર ફૂલે મોટા થતાં સિંધના બાદશાહ ધલુરાના સૈન્યની મદદથી પિતાનું વેર લેવા ગેડી પર આક્રમણ કર્યું, પણ ધરણ વાઘેલાએ પોતાની કુંવરી ફૂલને પરણાવી એની સાથે સંધિ કરી. આગળ જતાં રાણીના મહેણાને લઈ ને ફૂલે ધરણ વાઘેલાને મારી નાખ્યો ને એનું રાજ્ય લઈ લીધું.[૭૯]

## ૮. કાઠી રાજ્ય

આઠમી સદીમાં કાઠીઓ સિંધમાંથી કચ્છમાં આવી વસ્યા લાગે છે. પાવરગઢ(મધ્ય કચ્છ)માં તેઓનું પાટનગર હતું. આગળ જતાં તેઓની સત્તા ભદ્રાવતી પર પ્રસરી.[૮૦] વાગડમાં આવેલો કંથકોટ અસલ કાઠીઓના કબજે હતો એવું પણ મનાય છે.[૮૧] આ કાઠીઓની સત્તા લાખા ફુલાણીએ તોડી એવી અનુશ્રુતિ છે.[૮૨]

કચ્છ-સૌરાષ્ટ્રનાં આ વાળા, સમા, સાંધ, વાઘેલા અને કાઠી રાજ્યોને લગતો વૃત્તાંત કેવળ ભાટચારણોની અનુશ્રુતિ પર આધારિત છે. એ રાજ્યોના આ કાલને લગતા ઇતિહાસ વિશે કોઈ આભિલેખિક કે સમકાલીન ઉલ્લેખ અદ્યાપિ ઉપલબ્ધ નથી, આથી આ આનુશ્રુતિક વૃત્તાંતોમાંનું ઐતિહાસિક તથ્ય નક્કી કરવું તથા એમાં જણાવેલી ઐતિહાસિક ઘટનાઓનો ચોક્કસ સમય આંકવો મુશ્કેલ છે.

તળ ગુજરાતમાં પણ આ કાલ દરમ્યાન અનેક રાજ્ય થયાં. એવાં રાજ્યોનો વૃત્તાંત એ રાજ્યોના અભિલેખો પરથી જાણવા મળે છે.

## ૯. ત્રૈકૂટક રાજ્ય

દક્ષિણ ગુજરાતમાં ત્રૈકૂટકોનું રાજ્ય ગુપ્તકાલથી પ્રવર્તતું.[૮૩] 'ત્રૈકૂટક' નામ અપરાંત(ઉત્તર કોંકણ)માં આવેલા ત્રિકૂટ પર્વત પરથી પડયું લાગે છે.[૮૪] મહારાજ ઇંદ્રદત્તના પુત્ર મહારાજ દહ્રસેને કલચુરિ સંવત ૨૦૭(ઈ. સ.

૪૫૭)માં ભૂમિદાન દીધેલું.[૮૫] એના પુત્ર વ્યાઘ્રસેને ઈ. સ. ૪૯૦ માં એક બ્રાહ્મણને ભૂમિદાન દીધાનું તામ્રશાસન મળ્યું છે.[૮૬] એ ભૂમિ હાલના સુરત જિલ્લાના પ્રદેશમાં આવી હતી. એના પિતાની જેમ આ રાજા પણ 'પરમ વૈષ્ણવ' હતો.[૮૭] એ અપરાંત દેશ પર પણ સત્તા ધરાવતો.[૮૮] એના સિક્કા મહારાષ્ટ્રના પૂના જિલ્લામાં મળ્યા છે.[૮૯] એની રાજધાની અનિરુદ્ધપુરી લાગે છે. એનું સ્થાન નક્કી થયું નથી.[૯૦] વ્યાઘ્રસેનની પ્રશસ્તિમાં અસંખ્ય નૃપતિઓ પરના આધિપત્યનો, બાહુબલથી પ્રાપ્ત કરેલા વિપુલ દ્રવ્યનો, સીમા પરના શત્રુઓના પરાજયનો અને સૈન્ય વડે પ્રાપ્ત કરેલા દુર્ગ નગર અને સાગર પરના અધિષ્ઠાનનો નિર્દેશ આવે છે. વળી એમાં વિપુલ દ્રવ્યદાનની, વિશાળ યશની, રુચિર વપુની, ઉદાર ચરિતની, ગુરુ ગંભીર પ્રકૃતિની, લોકપ્રિયતાની, આર્થિક પ્રોત્સાહનની અને સંયમી વૃત્તિની પ્રશંસા કરી છે.[૯૧]

કણ્હેરી(ઉત્તર કોંકણ)ના ગુફાલેખ[૯૨] પરથી ત્રૈકૂટકોનું રાજ્ય ક. સં. ૨૪૫ (ઈ. સ. ૪૯૪-૯૫) સુધી ચાલુ રહેલું જણાય છે. એ પછી થોડા વખતમાં વાકાટક રાજા હરિષેણે પોતાની સત્તા ત્રિકૂટ અને લાટ પર પ્રસારી ને એ પછી થોડાં વર્ષોમાં લાટ પર કટચ્ચુરિ વંશનું શાસન પ્રવર્ત્યું.[૯૩]

ત્રૈકૂટક રાજ્યમાં સુરત જિલ્લાના દક્ષિણ ભાગનો તથા વલસાડ જિલ્લાનો સમાવેશ થતો. એમની રાજધાની પ્રાયઃ સુરત જિલ્લામાં આવેલી હતી.[૯૪]

### ૧૦. કટચ્ચુરિ શાસન

ત્રૈકૂટકોની સત્તાનો અસ્ત થતાં આ પ્રદેશમાં કટચ્ચુરિ વંશનું આધિપત્ય પ્રવર્ત્યું. 'કટચ્ચુરિ' આગળ જતાં 'કલચુરિ' તરીકે ઓળખાયા. તેઓની રાજધાની પ્રાયઃ માહિષ્મતી હતી ને તેઓ હૈહય જાતિના ગણાતા.[૯૫]

ક. સં. ૨૯૨(ઈ. સ. ૫૪૧)માં ભરુકચ્છ(ભરૂચ)માંથી મહાસામંત મહારાજ સંગમસિંહે ભરુકચ્છના બ્રાહ્મણોને અંતર્મંદા વિષયમાંનું એક ગામ દાનમાં દીધું.[૯૬] એમાં સંગમસિંહના કુલનું નામ જણાવ્યું નથી. આ રાજા કટચ્ચુરિ નરેશ શંકરગણ(લગભગ ઈ. સ. ૫૭૫-૬૦૦)ના પિતા કૃષ્ણરાજ-(લગભગ ઈ. સ. ૫૫૦-૫૭૫)ના પિતાનો મહાસામંત જણાય છે.[૯૭] આ કટચ્ચુરિ નરેશનું નામ અજ્ઞાત છે.

કટચ્ચુરિ નરેશ કૃષ્ણરાજનું શાસન દક્ષિણ ગુજરાત, ઉત્તર કોંકણ અને મહારાષ્ટ્ર પર પ્રવર્તતું હતું. એ 'પરમ માહેશ્વર' હતો, આથી એના સિક્કા જે બીજી બધી બાબતોમાં ત્રૈકૂટક સિક્કાઓના જેવા છે તે નંદીના ચિહ્નથી અંકિત

છે.[98] પૌત્ર બુદ્ધરાજના દાનશાસનમાં આપેલી કૃષ્ણરાજની પ્રશસ્તિમાં એના પરાક્રમ, પ્રતાપ, સદાચાર, વિનય, દાન આદિ અનેક ગુણોની પ્રશંસા કરવામાં આવી છે.[99]

કૃષ્ણરાજનો પુત્ર શંકરગણ કટચ્ચુરિ વંશનો સહુથી પ્રતાપી રાજવી જણાય છે. એનું ઈ. સ. ૫૯૭ નું આભોણા દાનશાસન[100] મહારાષ્ટ્રને લગતું છે, પરંતુ એના બલાધિકૃત શાંતિલ્લના દાનશાસનનું પહેલું પતરું મળ્યું છે તે વડોદરા જિલ્લાના સંખેડા તાલુકાને લગતું છે. શાંતિલ્લ ભોગિકપાલક (ભોગિક નામે સ્થાનિક અધિકારીઓનો ઉપરી) મહાપીલુપતિ (ગજદળના નાયકોનો ઉપરી) નિરિહુલ્લકનો બલાધિકૃત (સૈન્યનો અધિકારી) હતો ને નિરિહુલ્લક કૃષ્ણરાજના પુત્ર શંકરણ(શંકરગણ)નો અધિકારી હતો. શાંતિલ્લે ભૂમિદાનમાં બ્રાહ્મણને ક્ષેત્ર (ખેતર) આપ્યું.

આ દાનશાસનમાં શંકરગણને 'અનેક યુદ્ધોના વિજય વડે કીર્તિ પ્રાપ્ત કરનાર અને રિપુઓનો નાશ કરનાર' કહ્યો છે. એના પોતાના દાનશાસનમાં આપેલી એની પ્રશસ્તિમાં એને પોતાના બાહુબળ વડે ઉચ્ચ રાજશ્રી પ્રાપ્ત કરનાર, પોતાના પ્રતાપ વડે સમગ્ર સામંતમંડલને વશ કરનાર, લાંબા સમયથી પદભ્રષ્ટ થયેલા રાજવંશોને પદ પર સ્થાપનાર અને અતિગર્વિષ્ઠ રાજવંશોનું ઉન્મૂલન કરનાર તેમજ પૂર્વ તથા પશ્ચિમ સમુદ્ર સુધીના પ્રદેશોના સ્વામી તરીકે નિરૂપ્યો છે. આ પરથી શંકરગણ અનેક રાજવંશો પર આધિપત્ય ધરાવતો અને ઘણા વિશાળ પ્રદેશ પર શાસન કરતો રાજાધિરાજ હોવાનું માલૂમ પડે છે. એ 'પરમ માહેશ્વર' હતો. એણે લગભગ ઈ. સ. ૫૭૫ થી ૬૦૦ સુધી રાજ્ય કર્યું.

શંકરગણ પછી એનો પુત્ર બુદ્ધરાજ ગાદીએ આવ્યો. થોડા વખતમાં એ દક્ખણના ચાલુક્ય રાજા મંગલેશ કે મંગલરાજ વડે ભારે પરાજય પામ્યો (લગભગ ઈ. સ. ૬૦૧),[101] પરંતુ મંગલેશ પોતાના રાજકુલની આંતરિક ખટપટમાં રોકાતાં બુદ્ધરાજે પોતાની સ્થિતિ દૃઢ કરી. એનાં બે દાનશાસન મળ્યાં છે. એણે ક. સં. ૩૬૦(ઈ. સ. ૬૧૦)માં વિદિશા(મ. પ્ર.)ની છાવણીમાંથી નાસિક જિલ્લાના ગામનું દાન દીધું.[102] પછી ક. સં. ૩૬૧(ઈ. સ. ૬૧૦)માં આનંદપુર(વડનગર)ની છાવણીમાંથી ભરુકચ્છ વિષયમાંનું ગામ બ્રાહ્મણને આપ્યું.[103] આનંદપુર પ્રદેશ પર મૈત્રકોનું શાસન પ્રવર્તતું ને થોડા વખતમાં પશ્ચિમ માળવા પર પણ તેઓની સત્તા પ્રસરી. વિદિશામાં આ અગાઉ પ્રાયઃ ગુપ્તકુલનું રાજ્ય પ્રવર્તતું હતું ને આ સમયે ઉત્તર ભારતમાં હર્ષવર્ધન પોતાનું શાસન વિસ્તારતો હતો. બુદ્ધરાજની આ દંડયાત્રા શાને ઉદ્દેશીને હશે એ સ્પષ્ટ

થતું નથી, પરંતુ ગુજરાતમાં એનું શાસન દક્ષિણ ગુજરાતમાં રહ્યું હશે; ઉત્તર ગુજરાત તો મૈત્રકોની સત્તા નીચે હતું. પ્રશસ્તિમાં બુદ્ધરાજના નયવિનયાદિ ગુણોની, રિપુઓના દર્પધ્વંસની, સ્થિતિ અને સિદ્ધિના આશ્રયની અને પ્રજાજનોના દુઃખશમનની પ્રશંસા કરવામાં આવી છે.[૧૦૪] થોડા વખતમાં ચાલુક્ય નરેશ પુલકેશી ૨ જાએ મહારાષ્ટ્ર સુધીના પ્રદેશ જીતી લીધા ને કટચ્ચુરિઓની સત્તા ઘણી સીમિત થઈ ગઈ (લગભગ ઈ. સ. ૬૨૦).[૧૦૫] દક્ષિણ ગુજરાતમાં હવે ઉત્તર ભાગમાં ગુર્જરનૃપતિવંશની અને દક્ષિણ ભાગમાં સેંદ્રક વંશની સત્તા સ્થપાઈ.

## ૧૧. ચાહમાન રાજ્ય

નાંદીપુર-ભરુકચ્છ પ્રદેશમાં ગુર્જરનૃપતિવંશની સત્તા લગભગ ઈ. સ. ૬૨૦ થી ૭૪૦ સુધી પ્રવર્તી. પછી આ પ્રદેશમાં ચાહમાન કુલની સત્તા સ્થપાઈ. પરમાર (પવાર), પ્રતીહાર (પઢિયાર) અને ચૌલુક્ય (સોલંકી) કુલની જેમ ચાહમાન (ચૌહાણ) કુલ પણ આબુ પર્વત પરના અગ્નિકુંડમાંથી ઉત્પન્ન થયું મનાય છે.[૧૦૬] પરંતુ આ માન્યતા આ સમયમાં પ્રચલિત નહોતી. ઈ. સ. ૧૧૬૯ ના બિજોલિયા શિલાલેખમાં તો એ ચાહમાન રાજવંશના આદિપુરુષ સામંતને અહિચ્છત્રપુરના વત્સ ગોત્રના બ્રાહ્મણકુલમાં જન્મેલો જણાવ્યો છે.[૧૦૭] આ રાજ્યનું એક દાનશાસન મળ્યું છે તે (વિક્રમ) સંવત ૮૧૩(ઈ. સ. ૭૫૬–૫૭) નું છે.[૧૦૮] આઠમી સદી પછીના લેખો પરથી ચાહમાનોને પ્રતીહાર રાજાઓ સાથે ગાઢ સંબંધ હોવાનું જાણવા મળે છે.[૧૦૯]

સં. ૮૧૩ નું દાનશાસન ચાહમાન રાજા ભર્તૃવડ્ઢ ૨ જાનું છે. એ પંચ મહાશબ્દ ધરાવતો ને મહાસામંતાધિપતિ ગણાતો. એણે નાગાવલોક અર્થાત્ પ્રતીહાર નરેશ નાગભટ ૧ લાનું[૧૧૦] આધિપત્ય અંગીકાર કરેલું. એના દાન-શાસનમાંનું વર્ષ વિક્રમ સંવતનું છે.[૧૧૧] ગુજરાતના ઉપલબ્ધ અભિલેખોમાં એ સંવતનો ઉપયોગ પહેલવહેલો આ અભિલેખમાં થયો છે.[૧૧૨] વિ. સં. ૮૧૩ (ઈ. સ. ૭૫૬–૫૭)માં ભર્તૃવડ્ઢે ભૃગુકચ્છ(ભરૂચ)માં રહીને બ્રાહ્મણને અક્રૂરેશ્વર (અંકલેશ્વર) વિષયમાંનું ગામ દાનમાં દીધેલું. આ ચાહમાન કુલને વલભીના મૈત્રક વંશ સાથે ગાઢ સંબંધ હતો.[૧૧૩]

ભર્તૃવડ્ઢના દાનશાસનમાં એ વંશના પાંચ પુરોગામી રાજાઓની વંશાવળી આપી છે : મહેશ્વરદામ, ભીમદામ, ભર્તૃવડ્ઢ ૧ લો, હરદામ અને ધ્રૂભટદેવ; પરંતુ આ રાજાઓએ ભરૂચ પ્રદેશમાં રાજ્ય કર્યું હોવાનું સંભવતું નથી, કેમકે ભરુકચ્છ વિષયમાં તો છેક ઈ. સ. ૭૩૬ સુધી ગુર્જરનૃપતિવંશની સત્તા હતી.[૧૧૪] છતાં

તેઓ બીજા કયા પ્રદેશમાં રાજ્ય કરતા એ જાણવા મળ્યું નથી. ભરુકચ્છ વિષયમાં ચાહમાનોની સત્તા ભર્તૃવડ્ઢ ૨ જાના કે પ્રાયઃ એના પિતા ધ્રૂભટના સમયમાં સ્થપાઈ લાગે છે. ચાહમાન રાજ્યની દક્ષિણે રાષ્ટ્રકૂટ રાજા કક્કરાજની સત્તા પ્રવર્તતી. મૈત્રક રાજ્યનો અંત આવતાં એણે પોતાની સત્તા ઉત્તર ગુજરાત સુધી પ્રસારી ત્યારે ભરુકચ્છ પ્રદેશ પણ એની સત્તા નીચે ચાલ્યો ગયો છે. તો આ પ્રદેશમાં ચાહમાનોની સત્તા અલ્પાયુ નીવડી ગણાય.

ઈ. સ. ૭૬૦ ના અરસામાં સિંધના અરબ હાકેમ હિશામે ગંધાર બંદર પર હુમલો કર્યો.[૧૧૫] એ બંદર ભરૂચ પાસે આવેલું હોઈ ત્યારે ત્યાં આ ચાહમાન રાજા રાજ્ય કરતો હશે. ગંધારમાં એ પછી મંદિરની જગ્યાએ મસ્જિદ બંધાઈ.[૧૧૬] એ મસ્જિદ ગુજરાતની સહુથી પહેલી જ્ઞાત મસ્જિદ છે.

## ૧૨. સેંદ્રક રાજ્ય

કટચ્ચુરિ વંશની સત્તા દક્ષિણ ગુજરાતમાં લુપ્ત થતાં હાલના સુરત–વલસાડ જિલ્લાવાળા ભાગમાં સેંદ્રક વંશની સત્તા પ્રવર્તી. સેંદ્રકો પોતાને ભુજગેંદ્ર કે ફણીંદ્ર વંશના ગણાવતા, અર્થાત્ તેઓ નાગ જાતિના હતા.[૧૧૭] હાલ તેઓ 'શિંદે' તરીકે ઓળખાય છે ને એમનું પ્રતીક નાગ છે. સેંદ્રકો શરૂઆતમાં કદંબ રાજાઓના ને પછી ચાલુક્ય રાજાઓના સામંત હતા.[૧૧૮] હવે આ સેંદ્રકો દક્ષિણ ગુજરાત ઉપરાંત ખાનદેશ પર પણ સત્તા ધરાવતા.

આ વંશનો સ્થાપક ભાનુશક્તિ હતો, જે 'નિકુંભ' તથા 'શ્રીવલ્લભ' તરીકે પણ ઓળખાતો.[૧૧૯] એણે પોતાના બાહુબળના પરાક્રમ વડે ભૂમિમંડળ સંપાદિત કરેલું. એની પ્રશસ્તિમાં એને સામંતોનો અધિપતિ પણ કહેલો છે. વળી એમાં એનાં નય, વિનય, સત્ય, શૌચ, આચાર, દમ, દયા, દાન, દાક્ષિણ્ય તથા શ્રીની સંપત્તિનો નિર્દેશ કર્યો છે.[૧૨૦] એણે સાતમી સદીની પહેલી પચીસીમાં રાજ્ય કર્યું.

ભાનુશક્તિ પછી એનો પુત્ર આદિત્યશક્તિ ગાદીએ આવ્યો. એની પ્રશસ્તિ પરથી એણે પોતાની રાજસત્તાનો અભ્યુદય કરવામાં ઘણો ફાળો આપ્યો જણાય છે.[૧૨૧]

એનો ઉત્તરાધિકાર એના પુત્ર અલ્લશક્તિને મળ્યો. એ પણ 'નિકુંભ 'તરીકે ઓળખાતો. એનાં ત્રણ દાનશાસન મળ્યાં છે : બે ખાનદેશમાં અને એક ગુજરાતમાં. ખાનદેશને લગતા એક દાનશાસનમાં કલચુરિ સંવત અને બીજામાં શક સંવત પ્રયોજાયો છે. પહેલું દાનશાસન ક. સં. ૪૦૪(ઈ. સ. ૬૫૩)નું છે,[૧૨૨] બીજું

શ. સ. ૫૭૭(ઈ. સ. ૬૫૬)નું[૧૨૩] આ બીજું દાન નાંદીપુરદ્વારી (નંદરબાર) નજીકના ગામનું છે ને એનું શાસન કાયાવતાર(કારવણ, જિ. વડોદરા)માંથી ફરમાવેલું છે. વલસાડ જિલ્લા(ગુજરાત)માંથી મળેલું દાનશાસન ક. સં. ૪૦૬ (ઈ.સ. ૬૫૬)નું છે.[૧૨૪] એમાં ત્રયણ્ણ (તેન, જિ. સુરત) આહારમાંનું એક ગામ અનિરુદ્ધપુરીના એક બ્રાહ્મણને આપ્યું હોવાનું જણાવ્યું છે.

અલ્લશક્તિ પંચ મહાશબ્દ ધરાવતો હતો ને 'નિકુંભ' ઉપરાંત 'પૃથ્વીવલ્લભ' તરીકે પણ ઓળખાતો હતો. એ 'પરમ માહેશ્વર' હતો.[૧૨૫] એની પ્રશસ્તિમાં એનાં પરાક્રમ, યશ, વિદ્યાકલા-પ્રોત્સાહન, ધર્માનુરાગ, ઔદાર્ય, બુદ્ધિગાંભીર્ય તથા દેહલાવણ્યની પ્રશંસા કરવામાં આવી છે.[૧૨૬]

અલ્લશક્તિના પુત્ર જયશક્તિનું એક દાનશાસન મળ્યું છે, તે શક વર્ષ ૬૦૨(ઈ. સ. ૬૮૦)નું છે ને ખાનદેશને લગતું છે.[૧૨૭] એ અગાઉ ઈ. સ. ૬૭૧માં દક્ષિણ ગુજરાતના આ પ્રદેશમાં ચાલુકયોની નવસારી શાખા સત્તારૂઢ થતાં, સેંદ્રકોએ આ પ્રદેશ ગુમાવી દીધો હોવાનું માલૂમ પડે છે.

### ૧૩. નવસારીનું ચાલુકચ રાજ્ય

કટચ્ચુરિ સત્તાના હ્રાસ પછી દખ્ખણના ચાલુકય નરેશ પુલકેશી ૨ જાએ મહારાષ્ટ્ર પર પોતાનું શાસન પ્રવર્તાવેલું. એના પુત્ર વિક્રમાદિત્ય ૧ લાએ નાસિક જિલ્લો, ઉત્તર કોંકણ અને દક્ષિણ ગુજરાતના પ્રદેશ પોતાના અનુજ ધરાશ્રય જયસિંહને સોંપ્યા (ઈ. સ. ૬૭૧). જયસિંહ પોતે નાસિક જિલ્લામાં રાજ્ય કરતો; એના યુવરાજ શ્યાશ્રય-શીલાદિત્યે દક્ષિણ ગુજરાતનો વહીવટ સંભાળ્યો. ને બીજા રાજપુત્ર જયાશ્રય-મંગલરસે ઉત્તર કોંકણનો.[૧૨૮]

આ વંશના રાજાઓ દાનશાસનોનો આરંભ વિષ્ણુના વરાહાવતારની સ્તુતિથી કરે છે ને પોતાને માનવ્ય ગોત્રના હારીતી-પુત્રો તરીકે ઓળખાવે છે.

ધરાશ્રય-જયસિંહનું દાનશાસન ક. સં. ૪૩૬( ઈ. સ. ૬૮૫ )નું છે.[૧૨૯] એમાં ઉત્તરાપથાધિપતિ હર્ષવર્ધનનો પરાજય કરનાર સત્યાશ્રય-પુલકેશી ( ૨ જા )નો સગૌરવ નિર્દેશ આવેલ છે ને ધરાશ્રય-જયસિંહે મહી અને નર્મદાની વચ્ચેના પ્રદેશમાં રાજા વજ્જડના સમસ્ત સૈન્યનો પરાજય કરેલો જણાવ્યો છે. આ રાજા વજ્જડ વલભીનો મૈત્રક રાજા શીલાદિત્ય ૩ જો હોવો સંભવે છે.[૧૩૦] આ દાન નાસિક વિષયને લગતું છે.

ધરાશ્રય-જયસિંહના રાજ્યકાલ દરમ્યાન યુવરાજ તરીકે શ્યાશ્રય-શીલાદિત્યે કરેલાં ભૂમિદાનોને લગતાં બે તામ્રશાસન મળ્યાં છે. પહેલું દાનશાસન[૧૩૧]

ક. સં. ૪૨૧( ઈ. સ. ૬૭૧ )નું છે. એમાં દખ્ખણના મહારાજાધિરાજ વિક્રમાદિત્યનો પણ નિર્દેશ કરેલો છે. આ દાન નવસારિકા( નવસારી )માંથી નવસારિકાના બ્રાહ્મણને આપવામાં આવેલું; દાનમાં આપેલું ગામ બાહિરિકા વિષયમાં આવ્યું હતું. બીજું દાનશાસન ક. સં. ૪૪૩( ઈ. સ. ૬૯૩ )નું છે.[૧૩૨] ત્યારે દખ્ખણમાં વિક્રમાદિત્ય ૧ લાના પુત્ર વિનયાદિત્યનું રાજ્ય પ્રવર્તતું, આથી અહીં 'મહારાજાધિરાજ' તરીકે એનો ઉલ્લેખ પણ કરવામાં આવ્યો છે. આ દાન કાર્મણેય વિષયના એક ગામનું હતું ને એ કાર્મણેયના એક બ્રાહ્મણને આપવામાં આવ્યું હતું. આ પછી થોડા વખતમાં યુવરાજ પિતાની હયાતી દરમ્યાન અકાળ અવસાન પામ્યો લાગે છે.

પુલકેશીના દાનશાસનમાં ચાલુક્ય વંશના રાજા કીર્તિવર્મા ૧ લો, પુલકેશી ૨ જો, વિક્રમાદિત્ય ૧ લો, ધરાશ્રય-જયસિંહ, જયાશ્રય–મંગલરસ અને અવનિજનાશ્રય પુલકેશીની વંશાવળી આપી છે એ પરથી ધરાશ્રય-જયસિંહનો ઉત્તરાધિકાર એના ત્રીજા પુત્ર અવનિજનાશ્રય–પુલકેશીને પ્રાપ્ત થયો હોવાનું સ્પષ્ટ થાય છે, કેમકે એનો મોટો ભાઈ જયાશ્રય-મંગલરસ તો ઉત્તર કોંકણમાં રાજ્ય કરતો હતો.[૧૩૩] એનાં દાનશાસનોનાં વર્ષ શક-સંવતનાં છે. વલસાડમાંથી તથા કચ્છમાંથી મળેલાં એનાં શક વર્ષ ૬૫૩ નાં દાનશાસન પણ ઉત્તર કોંકણને લગતાં[૧૩૪] છે. અવનિજનાશ્રય–પુલકેશીનું દાનશાસન ક. સં ૪૯૦( ઈ. સ. ૭૪૦ )-નું અર્થાત્ યુવરાજ શ્યાશ્રય-શીલાદિત્યના બીજા દાનશાસન ( ઈ. સ. ૬૯૩ ) કરતાં ૪૭ વર્ષ પછીનું છે.[૧૩૫] ધરાશ્રય-જયસિંહના રાજ્યકાલનાં જ્ઞાત વર્ષો પરથી અવનિજનાશ્રય પુલકેશીએ લાંબું રાજ્ય ભોગવ્યું જણાય છે.

આ રાજા નાનપણથી ગુણવાન હતો, નિત્ય અભ્યુદય પામતો હતો, રાજલક્ષ્મીનો વલ્લભ હતો ને વિશાળ યશ ધરાવતો હતો એવી એની સામાન્ય પ્રશસ્તિ કરવામાં આવી છે, પરંતુ એ પછી એના એક અસામાન્ય પરાક્રમનું સુંદર નિરૂપણ કરવામાં આવ્યું છે. એમાં જણાવ્યા મુજબ સૈંધવ, કચ્છેલ્લ, સૌરાષ્ટ્ર, ચાપોટક, મૌર્ય, ગુર્જર આદિ રાજ્યોને વીંધીને સર્વ દાક્ષિણાત્ય રાજાઓને જીતવાની ઇચ્છાથી દક્ષિણાપથમાં પ્રવેશ કરવા માગતા ને પહેલાં નવસારિકા વિષય જીતવા આવેલા તાજિક ( અરબી ) સૈન્ય સામે એ મૃત કબંધોની રાસમંડળીવાળો ભીષણ સંગ્રામ ખેલીને સમરાંગણમાં એ સૈન્ય પર વિજય પામતાં શ્રીવલ્લભ નરેંદ્રે અર્થાત્ ચાલુક્ય રાજાધિરાજે એના શૌર્યની કદરમાં એને 'દક્ષિણાપથ-સાધારણ' ( દક્ષિણાપથનો આધારસ્તંભ), 'ચલુક્કિ-કુલાલંકાર' (ચાલુક્ય કુલનું આભૂષણ), 'પૃથિવીવલ્લભ '(પૃથ્વીનો પ્રિય) અને

'અનિવર્તક–નિવર્તયિતા' (પાછા નહિ હઠનારને પાછા હઠાવનાર) એવાં ચાર અપર નામ એનાયત કર્યાં.

આ અરબી હુમલો સિંધના હાકેમ જુનૈદે કરેલો હોવાનું માલૂમ પડે છે. આમાં મારવાડ, માંડલ, ધિણોજ, ભરૂચ, માળવા–ઉજ્જન અને ભીનમાલ-ગુર્જરનો ઉલ્લેખ આવે છે.[૧૩૬] જુનૈદની નિમણૂક લગભગ ઈ. સ. ૭૨૫ માં થઈ હતી ને બીજે વર્ષે એની જગ્યાએ તમીમ હાકેમ નિમાયો, આથી આ અરબી હુમલો ઈ. સ. ૭૨૫–૨૬ ના અરસામાં થયો હોવો જોઈએ.[૧૩૭] તો એ સમયે દખ્ખણનો ચાલુક્ય રાજાધિરાજ વિનયાદિત્યનો પુત્ર વિજયાદિત્ય હોવો જોઈએ. આ દાન-શાસન સમયે વિજયાદિત્યનો પુત્ર વિક્રમાદિત્ય ર જો ત્યાં રાજ્ય કરતો.

અવનિજનાશ્રય-પુલકેશીએ ઈ. સ. ૭૪૦ માં એક દક્ષિણી બ્રાહ્મણને કાર્મણેય આહાર વિષયમાંનું એક ગામ દાનમાં દીધું. એ 'પરમ માહેશ્વર' હતો ને 'પરમ-ભટ્ટારક' ગણાતો.[૧૩૮] આ રાજા ચાલુક્યોની નવસારિકા શાખાનો છેલ્લો જ્ઞાત રાજા છે. એના આ ભૂમિદાન પછી થોડા જ વખતમાં દખ્ખણના ચાલુક્ય રાજ્યનો રાષ્ટ્રકૂટોએ અંત આણ્યો ને સાથે સાથે નવસારિકાનું ચાલુક્ય રાજ્ય પણ લુપ્ત થઈ ગયું, કેમકે આ પ્રદેશમાંય રાષ્ટ્રકૂટોનું એક કુલ સત્તારૂઢ થયું.

## ૧૪. રાષ્ટ્રકૂટ રાજ્યો

રાષ્ટ્રકૂટોના કુલની ઉત્પત્તિ એમના લેખમાં ચંદ્રવંશી યાદવકુલ સાથે સાંકળવામાં આવી છે, પરંતુ વસ્તુતઃ એ રાજકુલ 'રટ્ટ' જાતિનું હતું. રટ્ટ જાતિના નાયકો સમય જતાં 'રટ્ટ–કૂટ' તરીકે ઓળખાયા ને એનું સંસ્કૃત રૂપ 'રાષ્ટ્રકૂટ' થયું[૧૩૯] એમાંથી અર્વાચીન 'રાઠોડ' રૂપ વ્યુત્પન્ન થયું છે. રાષ્ટ્રકૂટોની રાજમુદ્રા પર ગરુડનું ચિહ્ન હોય છે. તેઓનાં નામો તથા ઉપનામોમાં પણ વૈષ્ણવ ધર્મની અસર વરતાય છે.[૧૪૦]

રાષ્ટ્રકૂટ દંતિવર્માના વંશમાં ગોવિંદરાજ (૧ લો) નામે પ્રતાપી રાજા થયો. એના પુત્ર કર્કરાજ ૧ લાના પુત્ર ઇંદ્રરાજ ૧ લાએ યુદ્ધમાં ચાલુક્ય રાજપુત્રી ભવનાગાનું હરણ કરીને ખેટક મંડલમાં એની સાથે રાક્ષસ વિવાહ કરેલો.[૧૪૧] આ ખેટકને ગુજરાતનું ખેટક (ખેડા) માનીને આ બનાવને રાષ્ટ્રકૂટોનું ગુજરાત પરનું પ્રથમ વિજયી આક્રમણ ગણવામાં આવતું,[૧૪૨] પરંતુ હવે એ ખેટક દખ્ખણમાંનું ખેટક હોવાનું પ્રતિપાદિત થયું છે.[૧૪૩]

ગુજરાત પર રાષ્ટ્રકૂટોનું પહેલું આક્રમણ ઇંદ્રરાજના નહિ, પણ એના પુત્ર દંતિદુર્ગરાજના સમયમાં થયું. વાતાપિના ચાલુક્ય રાજ્યની સત્તાનો હ્રાસ કરનાર

આ પરાક્રમી રાજાએ મહી અને રેવા નદી સુધી વિજયકૂચ કરી લાટ અને માલવ દેશ જીતી લીધા હતા.[૧૪૪] એલોરાના લેખની મિતિ પરથી એનું પરાક્રમ ઈ. સ. ૭૫૦ પહેલાં બન્યું જણાય છે. આ સમયે નવસારીના ચાલુક્ય રાજ્યની તથા ભરૂચના ગુર્જર રાજ્યની સત્તા અસ્ત પામી હતી.

(૧) સ્વતંત્ર રાજ્ય

ઈ. સ. ૭૫૬ ના અરસામાં દંતિદુર્ગની સત્તા એના કાકા કૃષ્ણરાજે હસ્તગત કરી. આ સમયે નવસારી પ્રદેશમાં રાષ્ટ્રકૂટ રાજા કક્કરાજ ૨ જાની અને ભરૂચ વિભાગમાં ચાહમાન રાજા ભર્તૃવડ્ઢ ૨ જાની સત્તા પ્રવર્તતી હતી. આ કક્કરાજ એ દંતિદુર્ગના પિતરાઈ ભાઈ ગોવિંદરાજનો પુત્ર હતો. કક્કરાજને રાજસત્તા પોતાના પિતાના ઉત્તરાધિકારી તરીકે મળી લાગે છે.[૧૪૫] ગોવિંદરાજની સત્તા દંતિદુર્ગે લાટમાં કરેલી વિજયકૂચ પછી તરત જ સ્થપાઈ લાગે છે. કક્કરાજના દાનશાસનમાં ગોવિંદરાજનાં પરાક્રમોની ઘણી પ્રશસ્તિ કરવામાં આવી છે.[૧૪૬]

ગોવિંદરાજ પછી એનો પુત્ર કક્કરાજ ઈ. સ. ૭૫૫ ના અરસામાં ગાદીએ આવ્યો. એના ઈ. સ. ૭૫૭ ના દાનશાસનમાં[૧૪૭] એ વાતાપિના રાષ્ટ્રકૂટ રાજવીનો નિર્દેશ કરતો નથી ને પોતાને માટે 'પરમભટ્ટારક–મહારાજાધિરાજ–પરમેશ્વર' નાં મહાબિરુદ પ્રયોજે છે એ પરથી એ વાતાપિના મુખ્ય વંશના આધિપત્યથી મુક્ત રહી શકે તેટલો સ્વતંત્ર હોવાનું માલૂમ પડે છે. એ સમયે કક્કરાજે દાનમાં દીધેલું ગામ કીમ અને તાપી નદીની વચ્ચે આવેલા કાશાકુલ વિષયમાં આવેલું હતું, જ્યારે કીમની ઉત્તરે આવેલો અક્રૂરેશ્વર વિષય ત્યારે ચાહમાન રાજાની સત્તા નીચે હતો; અર્થાત્ કક્કરાજની સત્તા ત્યારે ઉત્તરે કીમ નદી સુધી હતી.

કક્કરાજ 'પરમ માહેશ્વર' હતો. એની પ્રશસ્તિમાં એનાં પરાક્રમ તથા યશ ઉપરાંત બીજા અનેક ગુણોની પણ પ્રશંસા કરવામાં આવી છે.[૧૪૮]

થોડાં વર્ષ ઉપર આ રાજાના સમયનું એક બીજું દાનશાસન મળ્યું છે, જે મહાસામંત ચંદ્રાદિત્યનું છે.[૧૪૯] એમાં ચંદ્રાદિત્ય હર્ષપુરમાં રાજ્ય કરતો હોવાનું ને એના અધિપતિ પ. મ. પ. કક્કરાજની રાજધાની ખેટક(ખેડા)માં હોવાનું જણાવ્યું છે. આ દાનશાસન વ. સં. ૪૭૦(વિ. સં. ૮૪૫)ની માગસર સુદ સાતમનું છે. આ પરથી વલભીનો ભંગ એ વર્ષે એ પહેલાં થયો હોવાનું ને મૈત્રક રાજ્યના નાશને લીધે સાંપડેલી તકનો લાભ લઈ કક્કરાજે પોતાની સત્તા તરત જ ઉત્તર ગુજરાત સુધી પ્રસારી હોવાનુ ફલિત થાય છે.[૧૫૦] ત્યારથી લાટના રાષ્ટ્રકૂટ રાજ્યની રાજધાની ખેટકમાં રહી. કક્કરાજનું આધિપત્ય હર્ષપુર

(હરસોલ, તા. પ્રાંતીજ, જિ. સાબરકાંઠા) વિષય પર પ્રવર્તતું હતું. આમ કક્કરાજે પોતાની રાજસત્તાનો ઘણો વિસ્તાર કર્યો. ઈ. સ. ૭૫૭ ના દાનશાસનમાં આપેલાં એનાં મહાબિરુદ હવે યથાર્થ નીવડ્યાં. આમ કક્કરાજે ઓછામાં ઓછું ઈ. સ. ૭૫૭ થી ૭૮૮ સુધી રાજ્ય કર્યું. આ દરમ્યાન દખ્ખણના મુખ્ય વંશમાં કૃષ્ણરાજ અકાલવર્ષ, ગોવિંદરાજ પ્રભુતવર્ષ અને ધ્રુવરાજ ધારાવર્ષ એ ત્રણ રાજા થયા. ધ્રુવરાજે ઉત્તરમાં છેક ગંગા-યમુનાના પ્રદેશ સુધી વિજયકૂચ કરી. એના ઉત્તરાધિકારી ગોવિંદરાજ ૩ જાએ પ્રતીહાર નરેશ નાગભટ ૨ જાને હરાવી પોતાનું શાસન છેક માળવા સુધી પ્રસાર્યું ને લાટમંડલનું રાજ્ય પોતાના નાના ભાઈ ઇંદ્રને સુપરત કર્યું.[૧૫૧] આમ ગુજરાતના સ્વતંત્ર રાષ્ટ્રકૂટ રાજ્યનો ધ્રુવરાજના સમયમાં નહિ, તો ગોવિંદરાજ ૩ જાના સમયમાં અંત આવ્યો. ગોવિંદરાજે માળવા જીતી વિંધ્ય પ્રદેશના રાજા શર્વને વશ કરી પાછા ફરતાં ચોમાસું શ્રીભવનમાં ગાળેલું તે સ્થળ ભરૂચ જિલ્લામાં આવેલું સરભોણ હોઈ અહીં નોંધપાત્ર છે.[૧૫૨] આ બનાવ ઈ. સ. ૮૦૦ ના અરસામાં બન્યો જણાય છે.

### (૨) લાટમંડલની રાષ્ટ્રકૂટ શાખા

ગોવિંદરાજ ૩ જાએ પોતાના અનુજ ઇંદ્રરાજને લાટમંડલ સોંપતાં, અહીં રાષ્ટ્રકૂટ વંશની અલગ શાખા પ્રવર્તી. લાટમંડલનો શાસ્તા ઇંદ્રરાજ '**લાટેશ્વર**' તરીકે ઓળખાતો. એનું પોતાનું કોઈ દાનશાસન મળ્યું નથી. એણે લગભગ ઈ. સ. ૮૧૦ સુધી રાજ્ય કર્યું લાગે છે. એની પ્રશસ્તિમાં એણે ગુર્જરેશ્વરને પરાસ્ત કર્યો હોવાનું ને દક્ષિણાપથના મહાસામંતોને રક્ષણ આપ્યું હોવાનું જણાવ્યું છે.[૧૫૩]

ઇંદ્રરાજને બે પુત્ર હતા : કર્કરાજ અને ગોવિંદરાજ.

### સુવર્ણવર્ષ કર્કરાજ અને પ્રભૂતવર્ષ ગોવિંદરાજ

આ બેમાં કર્કરાજ મોટો હતો. એનાં શક વર્ષ ૭૩૪, ૭૩૬, ૭૩૮, ૭૩૯, ૭૪૩ અને ૭૪૬ નાં દાનપત્ર મળ્યાં છે, જ્યારે એના અનુજ ગોવિંદરાજનાં શક વર્ષ ૭૩૨, શક વર્ષ ૭૩૫, વ. સં. ૫૦૦ (શ. સં. ૭૪૦) અને શક વર્ષ ૭૪૯ નાં દાનપત્ર પ્રાપ્ત થયાં છે,[૧૫૪] આથી એ બે ભાઈઓના રાજ્યકાલ વચ્ચે પૂર્વાપર સંબંધ રહેલો નથી. દાનશાસનોમાં જણાવેલી વિગતો પરથી એ બેના શાસનપ્રદેશ પણ અલગ અલગ લાગતા નથી. આથી આ સમય દરમ્યાન કાયમી રાજા કર્કરાજ હોય ને એનો અનુજ કર્કરાજની ગેરહાજરીમાં રાજબિરુદ ધારણ કરવાનો તથા દાનશાસન ફરમાવવાનો અધિકાર ધરાવતો હતો હોય એવું સંભવે છે.

કર્કરાજ સુવર્ણવર્ષનું પહેલું દાનશાસન (શ. સં. ૭૩૪–ઈ. સ. ૮૧૨) મુખ્ય વંશના રાજા ગોવિંદરાજ ૩ જાના રાજ્યકાલનું છે, જ્યારે એ પછીનાં પાંચે દાનશાસન (શક વર્ષ ૭૩૬ થી ૭૪૬–ઈ. સ. ૮૧૪ થી ૮૨૪) ગોવિંદરાજના ઉત્તરાધિકારી અમોઘવર્ષ-શર્વના સમયનાં છે. એની રાજધાની ખેટક(ખેડા)માં હતી. એણે આપેલી ભૂમિ અંકોટ્ટક ચોર્યાસી, ભારુકચ્છ દેશ કે ભરુકચ્છ વિષય, મહી–નર્મદા વચ્ચેનો દેશ, નાગસારિકા વિભાગ અને માહિષક–૪૨માં આવેલી હતી.

કર્કરાજનું 'સુવર્ણવર્ષ' એવું અપર નામ હતું. એણે અશેષ મહાશબ્દ પ્રાપ્ત કર્યા હતા ને એ 'મહાસામંતાધિપતિ' કહેવાતો હતો. પ્રશસ્તિમાં એનાં શૌર્ય, જ્ઞાન, શાસનતંત્ર, ધનુર્વિદ્યામાં પ્રાવીણ્ય, સૌરાજ્ય માટે ઉદાહરણરૂપ ગણાતા હોવાનો યશ, દાન ઇત્યાદિની પ્રશંસા કરી છે એમાં એક મહત્ત્વનો ઉલ્લેખ એ આવે છે કે જ્યારે દખ્ખણના રાષ્ટ્રકૂટ રાજ્યમાં પ્રતિસ્પર્ધીઓએ બંડ ઉઠાવ્યું ત્યારે આ કર્કરાજે અમોઘવર્ષને એની ગાદી પાછી અપાવી.[૧૫૫] અમોઘવર્ષ ગાદીએ આવ્યો ત્યારે સગીર વયનો હતો ને ત્યારે લાટેશ્વર કર્કરાજ એના વાલી તરીકે વહીવટ સંભાળતો હતો.[૧૫૬]

ગોવિંદરાજ 'પ્રભૂતવર્ષ' તરીકે પ્રસિદ્ધ થયો. એનાં પહેલાં બે દાનશાસન (શ. સં. ૭૩૨ અને ૭૩૫) ગોવિંદરાજ ૩ જાના સમયનાં અને પછીનાં બે દાનપત્ર (વ. સં. ૪૭૦ અને શ. સં. ૭૪૯) અમોઘવર્ષના સમયનાં છે. એમાં જણાવેલી દેયભૂમિ વહાઉલ–૮૪, સીહરખિ–૧૨, પાલિત્તાણક પ્રદેશ અને ભરુકચ્છ પ્રદેશમાં આવેલી હતી. એ પોતાનાં દાનશાસનોમાં પોતાના અગ્રજ કર્કરાજનો આદરપૂર્વક નિર્દેશ કરે છે. પ્રશસ્તિમાં એનાં દાન તથા વિજયની ભારે પ્રશંસા કરવામાં આવી છે.

સુવર્ણવર્ષ કર્કરાજનો ઉત્તરાધિકાર એના પુત્ર ધ્રુવરાજને મળ્યો. કર્કરાજના પ્રથમ દાનશાસન(ઈ. સ. ૮૧૧)નો દૂતક રાજપુત્ર દંતિવર્મા બે વર્ષ પછી અકાળ અવસાન પામ્યો લાગે છે. ધ્રુવરાજ કર્કરાજની વૃદ્ધાવસ્થામાં જન્મ્યો જણાય છે.

### ધારાવર્ષ ધ્રુવરાજ ૧ લો

સુવર્ણવર્ષ કર્કરાજ પછી એનો પુત્ર ધારાવર્ષ ધ્રુવરાજ ઈ. સ. ૮૩૦ ના અરસામાં ગાદીએ આવ્યો. એનું ઈ. સ. ૮૩૫ નું દાનશાસન મળ્યું છે.[૧૫૭] એણે દાનમાં દીધેલી ભૂમિ કાશહ્રદ વિષયમાં આવી હતી; ને દાન લેનાર બ્રાહ્મણ બદરસિદ્ધિ(બોરસદ)નો નિવાસી હતો. 'ધારાવર્ષ' ઉપરાંત 'નિરુપમ' તરીકે પણ ઓળખાતો. એણે યુદ્ધમાં વલ્લભ રાજાની સેનાને નસાડી મૂકેલી એવો ઉલ્લેખ

આવે છે[૧૫૮] તે અમોઘવર્ષને લાગુ પડે છે. એ અનુસાર લાટમંડલના રાષ્ટ્રકૂટ રાજકુલ અને દખ્ખણના રાષ્ટ્રકૂટ રાજકુલ વચ્ચેના સંબંધ હવે વણસ્યા લાગે છે.[૧૫૯] ધ્રુવરાજ આ યુદ્ધમાં શરૂઆતમાં સફળતા પામ્યો હશે, પરંતુ છેવટે એ યુદ્ધમાં માર્યો ગયો (લગભગ ઈ. સ. ૮૪૫).[૧૬૦]

પ્રશસ્તિમાં એની વીરતા તથા દાનવીરતાની ખાસ પ્રશંસા કરી છે.

**અકાલવર્ષ શુભતુંગ**

એનું કોઈ દાનશાસન મળ્યું નથી. એ 'અકાલવર્ષ' અને 'શુભતુંગ' તરીકે જાણીતો છે, પરંતુ એ એનાં અપર નામ લાગે છે; એનું મૂળ નામ જાણવા મળ્યું નથી. મુખ્ય વંશના રાજા અમોઘવર્ષે ઈ. સ. ૮૫૦ માં માન્યખેટ (કર્ણાટક)-માંથી કર્માંતપુર વિષયમાંનું ગામ પૌણ્ડ્રપુરના બ્રાહ્મણોને દાનમાં દીધેલું.[૧૬૦અ] આ પરથી લાટમંડલ ત્યાંસુધી મુખ્ય વંશના શાસન નીચે રહ્યું લાગે છે. આ પછી લાટના અકાલવર્ષે વલ્લભ(અમોઘવર્ષ)ની સેનાથી આક્રાંત થયેલું પોતાના પિતાનું રાજ્ય સત્વર પાછું . મેળવ્યું. પછી ફરી લાટનું સૈન્ય ભયમાં મુકાયું, એવામાં અકાલવર્ષ મૃત્યુ પામ્યો ને એના પુત્ર ધ્રુવરાજે અમોઘવર્ષ સાથે સમાધાન કરી લીધું.

અકાલવર્ષને ધ્રુવરાજ, દંતિવર્મા અને ગોવિંદરાજ નામે પુત્ર હતા.

**ધારાવર્ષ ધ્રુવરાજ ૨ જો**

અકાલવર્ષ શુભતુંગનો ઉત્તરાધિકાર એના જ્યેષ્ઠ પુત્ર ધ્રુવરાજે સંભાળ્યો. એ 'ધારાવર્ષ' અને નિરુપમ' જેવાં અપર નામ ધરાવતો. એનાં ઈ. સ. ૮૬૭ થી ૮૮૪ નાં દાનશાસન મળ્યાં છે. પહેલું દાન એણે ભૃગુકચ્છમાં કર્માંતપુર–૧૧૬ વિભાગમાંના એક બ્રાહ્મણને આપેલું.[૧૬૧] બીજા દાનમાં શક ૭૯૩(ઈ. સ. ૮૭૧–૭૨)માં નર્મદા–મહી પ્રદેશનાં બે ગામ મહાદેવના મંદિરને અર્પણ કરેલાં.[૧૬૨] એ જ વર્ષે અમોઘવર્ષે સંજાન–૮૪ માંના એક ગામનું દાન દીધેલું.[૧૬૩] એ પરથી નવસારી વિભાગની દક્ષિણે આવેલો એ પ્રદેશ રાષ્ટ્રકૂટોના મુખ્ય વંશના સીધા શાસન નીચે હોવાનું માલૂમ પડે છે.

ઈ. સ. ૮૮૪ માં ધ્રુવરાજે કામ્પિલ્યતીર્થના બૌદ્ધવિહારને સુહિલા વિષયમાંનું ગામ દાનમાં દીધું.[૧૬૪] સાત વર્ષ પહેલાં (ઈ. સ. ૮૬૭ માં) ધ્રુવરાજની સંમતિથી એના ભાઈ દંતિવર્માએ પણ એ વિહારને ગ્રામદાન કરેલું છે.[૧૬૫]

ધ્રુવરાજ ગાદીએ આવ્યો ત્યારે એણે અમોઘવર્ષની સાથે સમાધાન કરી લીધેલું, પણ એવામાં એક બાજુ ગુર્જરોનું પ્રબળ સૈન્ય ચડી આવ્યું ને

બીજી બાજુ અમોઘવર્ષ વિમુખ થઈ બેઠો.[૧૬૬] આ સૈન્ય તે કનોજના પ્રતીહાર રાજા મિહિરભોજનું હતું.[૧૬૭] એ સૈન્યે એ સમયના ગુર્જરદેશ પર થઈને લાટમંડલ પર આક્રમણ કર્યું લાગે છે.[૧૬૮] પ્રતીહાર ભોજનું આક્રમણ લાટ-મંડલની સરહદે થયું હશે, પરંતુ ધ્રુવરાજે એકલાએ એ આક્રમણને પાછું હઠાવી દીધું.[૧૬૯] એનું આ પરાક્રમ ઈ. સ. ૮૬૭ પહેલાં થયેલું.

આ રાજાનાં શૌર્ય તથા દાનની ઘણી પ્રશસ્તિ કરવામાં આવી છે. એને કર્કરાજ નામે પુત્ર હતો, પણ એ ઈ. સ. ૮૮૪ પછી અકાળ અવસાન પામ્યો લાગે છે.

**અકાલવર્ષ કૃષ્ણરાજ**

ધ્રુવરાજ ૨ જાનો ઉત્તરાધિકાર એના અનુજ અપરિમિતવર્ષ 'તલપ્રહારી' દંતિવર્માના પુત્ર અકાલવર્ષ કૃષ્ણરાજને પ્રાપ્ત થયો. એનું ઈ. સ. ૮૮૮ નું દાનશાસન મળ્યું છે.[૧૭૦] આ પરથી એનું રાજ્યારોહણ ઈ. સ. ૮૮૬ ના અરસામાં થયું ગણાય. એ સમયે ધ્રુવરાજ ૨ જાનો પુત્ર કર્કરાજ તેમજ કૃષ્ણરાજનો પિતા દંતિવર્મા હયાત નહિ હોય.

આ સમયે રાષ્ટ્રકૂટોના મુખ્ય વંશમાં અમોઘવર્ષનો પુત્ર અકાલવર્ષ કૃષ્ણરાજ રાજ્ય કરતો હતો. લાટમંડલના આ રાજા કૃષ્ણરાજે પણ એની જેમ 'અકાલવર્ષ' અપર નામ ધારણ કર્યું. આ રાજાએ અંકૂલેશ્વર(અંકલેશ્વર)માંથી વરિઅવિ(વરિયાવ)ના બ્રાહ્મણોને વરિઅવિ-૧૧૬ માંનું એક ગામ દાનમાં દીધું.[૧૭૧]

કૃષ્ણરાજે વલ્લભના અર્થાત્ મુખ્ય વંશના કૃષ્ણરાજના દેખતાં ઉજ્જયિનીમાં શત્રુઓનો અર્થાત્ પ્રતીહારોનો પરાજય કર્યો.[૧૭૨] આ પરથી હવે લાટમંડલના રાષ્ટ્રકૂટ કુલને કર્ણાટકના મુખ્ય વંશ સાથે પાછો સારો સંબંધ થયો હોવાનું ફલિત થાય છે. છતાં ગમે તે કારણે આ કૃષ્ણરાજ પછી લાટમંડલની રાષ્ટ્રકૂટ શાખા લુપ્ત થઈને આ પ્રદેશ પર રાષ્ટ્રકૂટોના મુખ્ય રાજવંશનું સીધું શાસન પ્રવર્ત્યું. ગોવિંદરાજ ૩ જાના અનુજ ઇંદ્રરાજના કુલની આ શાખાની રાજસત્તા આમ અહીં લગભગ સોએક વર્ષ ટકી.

**(૩) મુખ્ય વંશનું સીધું શાસન**

**અકાલવર્ષ કૃષ્ણરાજ ૨ જો**

રાષ્ટ્રકૂટોના મુખ્ય રાજવંશમાં અમોઘવર્ષ પછી એનો પુત્ર કૃષ્ણરાજ ૨ જો ઈ. સ. ૮૭૮ ના અરસામાં ગાદીએ આવ્યો હતો. એણે 'લાટના ગર્વનો

નાશ કર્યો' એવો ઉલ્લેખ[૧૭૩] આવે છે એ પરથી એના સમયમાં લાટમંડલ પર એનું સીધું શાસન પ્રવર્ત્યું તે એના બાહુબળથી પ્રવર્ત્યું લાગે છે. સામંત પ્રચંડના કપડવંજ દાનપત્ર[૧૭૪] પરથી સૂચિત થાય છે તેમ પ્રતીહારોએ ખેટક-મંડલ લઈ લીધું હોય ને એ આ અકાલવર્ષ કૃષ્ણરાજે પોતાના પરાક્રમથી પાછું મેળવ્યું હોય. પ્રચંડ(ઈ. સ. ૯૧૦)ના પિતા ધવલપ્પે આમાં રાષ્ટ્રકૂટ રાજાને સંગીન મદદ કરેલી એ પરથી આ બનાવ લગભગ ઈ. સ. ૯૦૦ પહેલાં બન્યો ગણાય.

ઈ. સ. ૯૧૦ માં હર્ષપુર પ્રદેશમાં બ્રહ્મવાક કુલના મહાસામંત પ્રચંડની સત્તા પ્રવર્તતી હતી. એ વર્ષે પ્રચંડના નાના ભાઈ અક્કુકે હર્ષપુર–૭૫૦ ની અંદર કર્પટવાણિજ્ય(કપડવંજ)–૮૪માંના એક ગામનું દાન દીધું.

કૃષ્ણરાજની કૃપાથી મુહમ્મદ ઉર્ફે સુબક્ત નામે અરબ અધિકારીને સંયાન-મંડલનો વહીવટ પ્રાપ્ત થયેલો.[૧૭૫અ] રાષ્ટ્રકૂટ રાજાઓ અરબોને પોતાના રાજ્યમાં મોટા હોદ્દા આપતા એનું આ ઉદાહરણ છે.

### નિત્યવર્ષ ઇંદ્રરાજ ૩ જો

અકાલવર્ષ કૃષ્ણરાજનો પુત્ર જગત્તુંગ પિતાની હયાતીમાં મૃત્યુ પામેલો, તેથી કૃષ્ણરાજનો ઉત્તરાધિકાર જગત્તુંગના પુત્ર ઇંદ્રરાજને પ્રાપ્ત થયો. એનાં ઈ. સ. ૯૧૫ નાં બે દાનશાસન મળ્યાં છે.[૧૭૬] એમાં એના રાજ્યાભિષેકનો તાજા બનાવ તરીકે ઉલ્લેખ આવે છે. ઇંદ્રરાજે પટ્ટબંધના ઉત્સવ પ્રસંગે તુલાપુરુષમાં આરોહણ કરીને સેંકડો ગ્રામદાન દીધેલાં, તેઓમાં લાટદેશમાં આવેલાં બે ગામોનો પણ સમાવેશ થતો. ઇંદ્રરાજ 'પરમભટ્ટારક–મહારાજાધિરાજ–પરમેશ્વર'નાં મહાબિરુદ ધરાવતો ને 'શ્રીવલ્લભ', 'શ્રીપૃથ્વીવલ્લભ', 'નિત્યવર્ષ', 'નરેંદ્ર', 'રટ્ટકંદર્પ', અને 'કીર્તિનારાયણ' જેવાં અપર નામ ધરાવતો. પ્રશસ્તિમાં ઇંદ્રરાજે મેરુ કે મહોદયના રાજાનો પરાભવ કર્યો હોવાનું જણાવ્યું છે તે કનોજના પ્રતીહાર રાજા મહીપાલને લાગુ પડે છે.[૧૭૭]

ઈ. સ. ૯૨૬ માં સંજાણના માંડલિક મુહમ્મદ ઉર્ફે સુબક્તે ઇંદ્રરાજની અનુમતિથી સંયાન મંડલમાંથી બ્રાહ્મણને ભૂમિદાન દીધું.

પ્રશસ્તિમાં ઇંદ્રરાજને ઘણો પ્રતાપી, દર્શનીય અને દાનવીર રાજવી તરીકે નિરૂપવામાં આવ્યો છે.

**અમોઘવર્ષ ૨ જો**

ઇંદ્રરાજ ૩ જા પછી એનો મોટો પુત્ર અમોઘવર્ષ ૨ જો ગાદીએ આવ્યો, પરંતુ એ એકાદ વર્ષમાં અકાળ અવસાન પામ્યો ને એની વિધવા પત્ની વેંગી રાજ્યમાં ચાલી ગઈ.[૧૭૮] અમોઘવર્ષ પછી એનો નાનો ભાઈ ગોવિંદરાજ ગાદીએ આવ્યો હતો. એણે પોતાના અગ્રજ પ્રત્યે ક્રૂરતા દાખવી નહોતી ને બંધુસ્ત્રી-ગમનનો અપયશ મેળવ્યો નહોતો, એવો ઉલ્લેખ આવે છે[૧૭૯] એ આ સંદર્ભમાં ઘણો સૂચક લાગે છે. એમાં ગોવિંદરાજ સ્પષ્ટતઃ પોતાની સામેના એવા લોકાપવાદનો મિથ્યા બચાવ કરતો લાગે છે.[૧૮૦] એનાં દાનશાસનોમાં એ પોતાના અગ્રજની પ્રશસ્તિનો સમાવેશ કરતો નથી એ હકીકત એના વૈમનસ્યની શંકાને દૃઢ કરે છે. અમોઘવર્ષનું કોઈ દાનશાસન મળ્યું નથી.

**સુવર્ણવર્ષ ગોવિંદરાજ ૪ થો**

ઇંદ્રરાજ ૩ જાના આ નાના પુત્રે પોતાના મોટા ભાઈ અમોઘવર્ષ ૨ જાને દગાથી મરાવી ગાદી મેળવી લાગે છે. એણે ઈ. સ. ૯૩૦ માં પટ્ટબંધના મહોત્સવ પ્રસંગે તુલાપુરુષમાં આરોહણ કરીને જે સેંકડો દાન દીધેલાં તેમાં લાટ દેશના ખેટકમંડલમાંના એક ગામના દાનનો સમાવેશ થાય છે.[૧૮૧] એ 'સુવર્ણવર્ષ', 'પૃથ્વીવલ્લભ,' 'શ્રીવલ્લભ' અને 'નરેંદ્ર' એવાં અપર નામ ધરાવતો. એ ઘણો દર્શનીય, દાનવીર, પ્રતાપી અને વિજયી હતો એવું એની પ્રશસ્તિ પરથી સૂચિત થાય છે. એ ઘણો વિષયી અને ઘાતકી હતો. એના મંત્રીઓ તથા સામંતોએ એને દૂર કરી એની જગ્યાએ એના કાકા અમોઘવર્ષને ગાદીએ બેસાડયો.[૧૮૨] આ ઘટના ઈ. સ. ૯૩૫ ના અરસામાં બની.

**અમોઘવર્ષ ૩ જો**

એ જગત્તુંગનો પુત્ર અને ઇંદ્રરાજ ૩ જાનો નાનો ભાઈ હતો. મંત્રીઓ અને સામંતોની વિનંતીથી એણે ગોવિંદરાજને પદભ્રષ્ટ કરી રાજસત્તા ધારણ કરી. ત્યારે એ પ્રૌઢ વયનો હતો. એ ધાર્મિક વૃત્તિનો હતો ને રાજતંત્રમાં સક્રિય રસ લેતો નહિ. એણે માત્ર ત્રણેક વર્ષ રાજ્ય ભોગવ્યું.

**અકાલવર્ષ કૃષ્ણરાજ ૩ જો**

અમોઘવર્ષ ૩ જા પછી એનો જયેષ્ઠ પુત્ર કૃષ્ણરાજ ૩ જો ગાદીએ આવ્યો (ઈ. સ. ૯૩૯). એ યુવરાજ હતો ત્યારથી જ પરાક્રમી હતો. ગાદીએ આવતાં વેંત

એણે ચોળ રાજ્ય પર આક્રમણ કરી દક્ષિણમાં છેક રામેશ્વર સુધી વિજયકૂચ કરી. ઈ. સ. ૯૬૩ ના અરસામાં એણે ઉત્તર ભારતમાં આક્રમણ કર્યું. માળવાના પરમાર રાજા સીયકને હરાવી ઉજ્જયિની કબજે કરી.[૧૮૩] સીયકે આ અકાલવર્ષનું આધિપત્ય અંગીકાર કર્યું. ગુજરાતનો મોડાસા વિભાગ સીયકની સત્તા નીચે હતો.[૧૮૪] કૃષ્ણરાજે ઈ. સ. ૯૬૭ સુધી રાજ્ય કર્યું. એ પછી પાંચસાત વર્ષમાં લાટમંડલમાં તેમજ દખ્ખણમાં રાષ્ટ્રકૂટ રાજાઓની સત્તા અસ્ત પામી.[૧૮૫]

### ૧૫. પરમાર રાજ્ય

મોડાસા પ્રદેશ પર સત્તા ધરાવતો સીયક પરમાર કુલનો હતો. એનું રાજકુલ જાણે રાષ્ટ્રકૂટ કુલમાંથી ઉદ્ભવ્યું હોય એવી રજૂઆત એનાં દાનશાસનોમાં થઈ છે. થોડા દાયકાઓમાં, પરમારોનો મૂળ પુરુષ અર્બુદાચલ પર વસિષ્ઠ ઋષિના યજ્ઞકુંડના અગ્નિમાંથી ઉત્પન્ન થયો હોવાની પૌરાણિક માન્યતા પ્રચલિત થયેલી માલૂમ પડે છે.[૧૮૬] એમાં વિશ્વામિત્ર પાસેથી વસિષ્ઠની કામધેનુ પાછી મેળવી આપનાર એ વીર પુરુષ "પર–માર" (શત્રુને મારનાર) તરીકે ઓળખાયો એવી એ નામની ઉત્પત્તિ ઘટાડવામાં આવી છે.

પરમાર વંશની રાજસત્તા નવમી સદીના આરંભમાં માળવામાં ધારાનગરીમાં સ્થપાઈ. આ વંશનો પહેલો રાજા ઉપેંદ્ર ઉર્ફે કૃષ્ણરાજ હતો. એ પ્રાયઃ રાષ્ટ્રકૂટ રાજા ગોવિંદરાજ ૩ જાનો સામંત હતો.[૧૮૭]

ઉપેંદ્રને બે પુત્ર હતા: વૈરસિંહ ૧ લો અને ડંબરસિંહ. વૈરિસિંહને ધારાનગરીની ગાદી મળી જ્યારે ડંબરસિંહે વાગડ(વાંસવાડા–ડુંગરપુર)માં અલગ શાખા સ્થાપી.

વૈરિસિંહ ૧ લા પછી એનો પુત્ર સીયક ૧ લો ને સીયક ૧ લા પછી એનો પુત્ર વાક્પતિ ૧ લો ગાદીએ આવ્યો. વરસિંહ અને સીયક રાષ્ટ્રકૂટ અમોઘવર્ષ ૧ લાના સામંત હતા. વાક્પતિએ રાષ્ટ્રકૂટ ઇંદ્રરાજ ૩ જાની ઉત્તરાપથની વિજયયાત્રામાં ભાગ લીધો લાગે છે.[૧૮૮] વાક્પતિના પુત્ર વૈરિસિંહ ૨ જાના સમયમાં પ્રતીહાર નરેશ મહીપાલે ઉજ્જન અને ધારા જીતી લઈ છેક નર્મદા સુધી વિજયકૂચ કરી. રાષ્ટ્રકૂટ રાજા કૃષ્ણરાજ ૩ જાની મદદથી વૈરિસિંહે થોડા વખતમાં માળવાનું રાજ્ય પાછું મેળવ્યું લાગે છે.[૧૮૯]

વૈરિસિંહ ૨ જા પછી એનો પુત્ર સીયક ૨ જો ગાદીએ આવ્યો. એનું અપર નામ 'હર્ષ' હતું. ઈ. સ. ૯૪૯ માં એણે આનંદપુર(વડનગર)ના

બે નાગર બ્રાહ્મણોને મોહડવાસક(મોડાસા) વિષયનાં બે ગામ દાનમાં આપ્યાનાં દાનશાસન મળ્યાં છે.[૧૯૦] એમાં સીયક અકાલવર્ષ કૃષ્ણરાજ ૩ જાના આધિપત્યનો નિર્દેશ કરે છે. આ દાનશાસનો પરથી મોડાસાની આસપાસનો પ્રદેશ ત્યારે પરમાર વંશની સત્તા નીચે હોવાનું ને એ પરમાર વંશ પર દખ્ખણના રાષ્ટ્રકૂટ વંશનું આધિપત્ય પ્રવર્તતું હોવાનું સ્પષ્ટ થાય છે. આ દાનશાસનોમાં ખેટકમંડલાધિપતિનો ઉલ્લેખ- આવે છે. આ રાજા સીયકનો તાબેદાર[૧૯૧] કે સાથી[૧૯૨] નહિ તેમજ સીયક પોતે[૧૯૩] પણ નહિ, પરંતુ અકાલવર્ષ કૃષ્ણરાજ હોવો સંભવે છે. મોહડવાસક વિષય પર પરમાર વંશની સત્તા ક્યારથી પ્રવર્તતી એ નક્કી કરવું મુશ્કેલ છે. સંભવ છે કે સીયક ૨ જાના પિતા વૈરિસિંહ ૨ જાના સમયમાં પરમાર વંશની સત્તા માળવામાં લુપ્ત થઈ[૧૯૪] ત્યારે એણે રાષ્ટ્રકૂટ રાજાના સામંત તરીકે માળવાની પડોશમાં આવેલા આ પ્રદેશમાં સત્તા પ્રાપ્ત કરી હોય. કદાચ સીયક ૨ જાની સત્તા પણ ઘણો વખત આ પ્રદેશમાં સીમિત રહી હોય.[૧૯૫] ગમે તેમ, મૂલરાજ સોલંકીના સમયમાં પણ મોહડવાસક વિષય પર પરમાર વંશની સત્તા પ્રવર્તતી હતી. કૃષ્ણરાજ ૩ જાના મૃત્યુ પછી સીયકે રાષ્ટ્રકૂટ રાજ્યનું આધિપત્ય ફગાવી દઈ, માન્યખેટ પર આક્રમણ કરી પોતાના રાજ્યની સ્વતંત્રતા સ્થાપી.

આમ મૈત્રકકાલ અને અનુમૈત્રક કાલ દરમ્યાન ગુજરાતમાં મૈત્રકો, પ્રતીહારો અને ચાપોત્કટો ઉપરાંત બીજાં અનેક રાજકુલોનાં મોટાં નાનાં રાજ્ય થઈ ગયાં.

## પાદટીપો

૧. ગુઐલે, લેખ ૧૧૮-૧૧૯
૨. મૈ.ગુ., પૃ. ૨૧૫
૩. એજન, પૃ. ૨૧૮-૨૧૯
૪. એજન, પૃ. ૨૧૯
૫. એજન, પૃ. ૨૨૦
૬-૭. એજન, પૃ. ૨૨૨
૮. એજન, પૃ. ૨૨૩
૯. ગુઐલે, લેખ ૧૧૮
૧૦ મૈ.ગુ., પૃ. ૨૨૫
૧૧. એજન, પૃ. ૨૨૫-૨૨૬
૧૨-૧૩. એજન, પૃ. ૨૨૪
૧૪. એજન, પૃ. ૨૨૫
૧૫. ગુઐલે, લેખ ૧૧૯
૧૬. મૈ.ગુ., પૃ. ૨૨૬-૨૨૭
૧૭. જુઓ ગ્રંથ ૧, પૃ. ૩૬૧
૧૮. મૈ.ગુ., પૃ. ૨૨૮
૧૯. ધૂમલીના દાનશાસન નં. ૬ માં
૨૦. અલતેકરે ઈ. સ. ૭૩૪ થી ૭૫૪ નો આંક્યો છે (*EI*, Vol. XXVI, p. 187).

૨૧. ગુઐલે, લેખ ૨૫૭ ૨૨. *EI*, Vol XXVI, p. 187

૨૩. H. G. Shastri & P. V. Dholakia, "Ambalas Plates of the Saindhava King Ahivarman," *J. O. I.*, Vol. XIX, pp. 279 ff.

૨૪–૨૫. *Ibid.*, p. 282 ૨૬. જુઓ ઉપર પાદટીપ ૨૩.

૨૭. આ બંને નામોનાં ઉત્તરપદ इन અને દેવ રાજાનો અર્થ ધરાવતાં હોઈ પર્યાય ગણાય (*EI*, Vol. XXVI, p. 187).

૨૮. જુઓ ગ્રંથ ૧, પૃ. ૩૫૯–૩૬૧.

૨૯. મૈ.ગુ., ભા. ૧, પૃ. ૨૩૫; *EI*, Vol XXVI, p. 210

૩૦. એજન, પૃ. ૨૩૬ ૩૧. એજન, પૃ. ૨૩૮, પા.ટી. ૬૮

૩૨. એને અલતેકરે 'C' સંજ્ઞા આપી છે (*EI*, Vol. XXVI, pp. 207 ff).

૩૩. *Ibid.*, pp. 208 f.

૩૪. ડૉ. રં. માંકડ, "ધૂમલીના સૈંધવવંશી રાજાઓ", ગુજરાત સંશોધન મંડળનું ત્રૈમાસિક, પુ. ૧૨, પૃ. ૧૬૫

૩૫. એના નામ પરથી એને શાસ્ત્રી હાથીભાઈએ અણહિલવાડના ચાવડા રાજા ક્ષેમરાજની રાણી માનેલી, જ્યારે અલતેકરે એને ક્ષેમરાજની પુત્રી કે બહેન ગણેલી, પરંતુ અહીં સૂચવેલા સમયાંકન પ્રમાણે ક્ષેમરાજનો રાજ્યકાલ તો લગભગ ઈ. સ. ૮૮૫–૯૧૦ જેટલો મોડો જણાતો હોઈ, આ રાણીનો સબંધ એની સાથે સાંકળવો અસ્થાને છે.

૩૬. *EI*, Vol. XXVI, pp. 200 f., 205, 211 and 223 f.

૩૭. *Ibid.*, p. 201 ૩૮. *Ibid.*, p. 190

૩૯. ડૉ. રં. માંકડ, ઉપર્યુક્ત, પૃ. ૧૬૮ ૪૦ *EI*. Vol. XXVI, p. 191

૪૧. *Ibid.*, p. 201 ૪૨. *Ibid.*, p. 198

૪૩. ડૉ. રં. માંકડ, ઉપર્યુક્ત, પૃ. ૧૬૩–૧૬૬

૪૪. *EI*, Vol. XXVI, pp. 197 ff. (Grant A)

૪૫ *Ibid.*, pp. 203 ff. (Grant B)

૪૬. *Ibid.*, pp. 193 f. ૪૭ *Ibid.*, p. 214

૪૮. *Ibid.*, p. 215 ૪૯. *Ibid.*, pp. 212 ff. (Grant D)

૫૦. *Ibid.*, p. 214 ૫૧. *Ibid.*, p. 219

૫૨–૫૩. *Ibid.*, p. 224 ૫૪. ગુઐલે, લેખ ૨૨૭

૫૫. *EI*, Vol. XXVI, pp. 223 ff. (Grant F)

૫૬. પુષ્યદેવ–કૃષ્ણરાજ–અગ્ગુક–રાણક–જાઈક–ચામુંડરાજ–અગ્ગુક–જાઈક

૫૭. *EI*, Vol. XXVI, pp. 224 f. ૫૮. *Ibid.*, pp. 14 f.

૫૯. *Ibid.*, p. 188

ભાષાશાસ્ત્રની દૃષ્ટિએ जायद्रथ પરથી જેઠ+વા વ્યુત્પન્ન કરવું કંઈક મુશ્કેલ છે, પરંતુ जायद्रथ કૃત્રિમ સંસ્કૃતીકૃત રૂપ હોવાની વધુ શક્યતા છે.

૬૦. *B.G.*, Vol. VIII, p. 623

૬૧. આ ફેરફાર જેઠવાઓએ સમુદ્ર પરનો કાબૂ ગુમાવ્યા પછી રામ તથા હનુમાનની ભક્તિને લઈને થયો એમ અલતેકર ધારે છે ને જેઠવા રાણાઓના પૂર્વજોની આનુશ્રુતિક વંશાવળીમાં હનુમાન પછી મકરધ્વજનું નામ આવે છે તેમજ ધૂમલીના એક મંદિરના અવશેષ પર હનુમાન અને મત્સ્યનાં પ્રતીક સાથે સાથે જોવા મળે છે એ સૂચક હકીકત તરફ ધ્યાન દોરે છે (*EI*, Vol. XXVI, p. 188).

૬૨ *B.G.*, Vol. VIII, pp. 622 ff.

૬૩. *Ibid.*, p. 124

૬૪–૬૬. ગુ.મ.રા.ઇ., પૃ. ૧૨૫–૧૩૫; હ. ગં. શાસ્ત્રી, "ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ," પૃ. ૧૭૦

૬૭. ગુઐલે, લેખ ૨૩૪–૨૩૫

૬૮. એજન, લેખ ૨૩૪

૬૯. જુઓ ગ્રંથ ૧, પૃ. ૩૪૯.

૭૦. ગુઐલે, લેખ ૨૩૪

૭૧-૭૨. એજન, લેખ ૨૩૫

૭૩. શં. હ. દેશાઈ, "સૌરાષ્ટ્રનો ઇતિહાસ", પૃ. ૧૭૬–૧૮૦

૭૪. *B.G.*, Vol. I, Pt. 1, p. 99; Vol. VIII, p. 672

૭૫. શં. હ. દેશાઈ, ઉપર્યુક્ત, પૃ. ૧૮૧–૧૮૨

૭૬. *B.G.*, Vol, VIII, p. 490; શં. હ. દેસાઈ, ઉપર્યુક્ત, પૃ. ૧૯૦–૨૦૩

૭૭. *B.G.*, Vol. V, pp. 132 f.; રામસિંહ રાઠોડ, "કચ્છનું સંસ્કૃતિદર્શન," પૃ. ૪૨–૪૩, ૬૫–૬૬, ૧૧૫–૧૧૬

૭૮. એજન, પૃ. ૯૯–૧૦૦

૭૯. એજન, પૃ. ૧૧૪–૧૧૬

૮૦. રામસિંહ રાઠોડ, ઉપર્યુક્ત, પૃ. ૮૬

૮૧. *B.G.*, Vol. V, p. 224

૮૨. રામસિંહ રાઠોડ, ઉપર્યુક્ત, પૃ. ૧૧૪

૮૩. ગ્રંથ ૨, પૃ. ૧૯૬–૧૯૭

૮૪. Mirashi, *C. I. I.*, Vol. IV, Introduction, pp. xl–xli

૮૫. *C. I. I.*, Vol IV, No. 8

૮૬. *Ibid.*, No. 9

૮૭–૮૮. મૈ.ગુ., ભા. ૧, પૃ. ૨૫૦–૨૫૧

૮૯. Mirashi, *op. cit.*, p. xlii

૯૦. *Ibid.*, pp. 26 f.

૯૧. મૈ.ગુ., ભા. ૧, પૃ. ૨૫૧

૯૨. *C. I. I.*, Vol IV, No. 10

૯૩ Mirashi, *op. cit.*, p. xliii

૯૪. *Ibid.*, p. xliv

૯૫. *Ibid.*, pp. xliv–xlv

૯૬. *C. I. I.*, Vol, IV, No, II

૯૭ Mirashi, *op. cit.*, pp. xlv–xlvi

૯૮. *Ibid.*, p. xlvi

૯૯. મૈ.ગુ., ભા. ૧. પૃ. ૨૫૮–૨૫૯

૧૦૦. *C. I. I.*, Vol. IV, No. 12

૧૦૧. Mirashi, *op. cit.*, p. xlviii

૧૦૨. *C. I. I.*, Vol. IV, No. 14

૧૦૩. *Ibid.*, No 15

૧૦૪. મૈ.ગુ., ભા. ૧, પૃ. ૨૬૨–૨૬૩

૧૦૫. Mirashi, *op. cit.*, pp. xlix–l

૧૦૬. ગ્રંથ ૧, પૃ. ૪૫૦

૧૦૭. મૈ.ગુ., ભા. ૧, પૃ. ૩૦૫

૧૦૮. ગુઐલે, લેખ ૨૩૩ અ

૧૦૯. એજન, પૃ. ૩૦૬

૧૧૦–૧૧૧. Sten Konw, 'Hansot Copper-plates of Cāhamāna Bhartṛvaḍḍha', *E I*, Vol. XII, pp. 197 f.

૧૧૨. મૈ.ગુ., ભા. ૨, પૃ. ૫૯૬; ગ્રંથ ૧, પૃ. ૪૮૭

૧૧૩. મૈ.ગુ., ભા. ૧, પૃ. ૩૦૭-૦૮

૧૧૪. *C. I. I.*, Vol. IV, Nos. 23-24

૧૧૫-૧૧૬. મૈ. ગુ., ભા. ૧, પૃ. ૩૦૮-૩૦૯

૧૧૭-૧૧૮. Mirashi, *op. cit.*, p. lvii

૧૧૯. *C. I. I.*, Vol IV, No. 25, p.111

૧૨૦. મૈ.ગુ., ભા. ૧, પૃ. ૩૧૨		૧૨૧. એજન, પૃ. ૩૧૨-૩૧૩

૧૨૨. *C. I. I.*, Vol. IV, No. 25

૧૨૩. *N. I. A.*, Vol. I, pp. 747 f.

૧૨૪. *C. I. I.*, Vol. IV, No. 26		૧૨૫-૧૨૬. *Ibid.*, Nos. 25-26

૧૨૭. Mirashi, *op. cit.*, p. lix		૧૨૮. *Ibid.*, p. lx

૧૨૯. *G. I. I.*, Vol. IV, No. 28

૧૩૦. Mirashi, *op. cit.*, pp. lxi-lxii

૧૩૧. *C. I. I.*, Vol. IV, No. 27		૧૩૨. *Ibid.*, No. 29

૧૩૩. Mirashi, *op. cit.* pp. lxiii-lxiv

૧૩૪. ગુઐલે, લેખ ૧૦૫; *J. O. I.*, Vol. IX, pp. 141 ff.

વિજયરાજનું સં. ૩૯૪ નું દાનશાસન (ગુઐલે; લેખ ૧૦૨; *C. I. I.*, Vol. IV, No. 34) પ્રાયઃ બનાવટી છે.

૧૩૫. *C. I. I.*, Vol. IV, No. 30

૧૩૬. Elliot, *History of India*, Vol. I, pp. 125 f.

૧૩૭. અગાઉ અવનિજનાશ્રય-પુલકેશીનું રાજ્ય મંગલરસ(ઈ. સ. ૭૩૧) ના રાજ્ય પછી શરૂ થયું ગણાતું ત્યારે આ હુમલો ઈ. સ. ૭૩૧ પછી થયો મનાતો. (મૈ. ગુ., ભા. ૧, પૃ. ૩૧૯-૨૨), પરંતુ હવે પુલકેશીના રાજ્યનો આરંભ ઘણો વહેલો થયો હોવાનું પ્રતિપાદિત થતાં પૂર્વમર્યાદાનો બાધ આવતો નથી. છતાં મિરાશી આ હુમલાને જુનૈદના હુમલાની પછીનો ગણે છે (*op. cit.*, p. lxv), પરંતુ એને માટે કંઈ કારણ આપતા નથી.

૧૩૮. *C. I. I.*, Vol. IV, No. 30

૧૩૯. મૈ. ગુ., ભા. ૧, પૃ. ૩૨૪

આગળ જતાં 'રાષ્ટ્રકૂટ' શબ્દ 'વિષયપતિ'ની જેમ 'રાષ્ટ્રપતિ' નામે અધિકારીના અર્થમાં પ્રયોજાયો.

૧૪૦. દા. ત. 'ગોવિંદરાજ', 'શ્રીવલ્લભ'; 'શ્રીપૃથ્વીવલ્લભ'

૧૪૧. મૈ. ગુ. ભા ૧, પૃ. ૩૨૪

૧૪૨. A. S. Altekar, *The Rāshtrakūtas and Their Times.*, pp. 31 f.; *The Age of Imperial Kanauj*, p. 17, n. 4

૧૪૩. મૈ. ગુ., ભા. ૧, પૃ. ૩૨૫; હ. ગં. શાસ્ત્રી, 'ગુજરાતમાં રાષ્ટ્રકૂટોનું શાસન', "ગુ. સં. મં. નું ત્રૈમાસિક", પુ. ૩૦, પૃ. ૩૦૯-૩૧૦

૧૪૪. મૈ. ગુ., ભા. ૧, પૃ. ૩૨૬		૧૪૫. એજન, પૃ. ૩૨૮-૩૨૯

૧૪૬. એજન, પૃ. ૩૨૯-૩૩૦ ૧૪૭. ગુઐલે, લેખ ૧૨૦

૧૪૮. મૈ.ગુ., ભા. ૧, પૃ. ૩૩૪-૩૩૫

૧૪૯. 'વલ્લભવિદ્યાનગર શોધપત્રિકા', ન ૧, પૃ. ૩૪-૩૮; *EI*, Vol. XXXIV, pp. 213 ff.

૧૫૦. મૈ. ગુ., ભા. ૧, પૃ. ૩૩૩ ૧૫૧. એજન, પૃ. ૩૩૬

૧૫૨. હ. ગં. શાસ્ત્રી, 'ગુજરાતમાં રાષ્ટ્રકૂટોનું શાસન' ઉપર્યુક્ત, પૃ., ૩૧૨

આ બનાવનો ઉલ્લેખ ગોવિંદરાજનાં ઈ. સ. ૮૦૮ નાં વણી દાનશાસન તથા રાધનપુર દાનશાસનમાં આવે છે. આ બે દાનશાસનોનો સમાવેશ "ગુજરાતના ઐતિહાસિક લેખો"માં કરવામાં આવ્યો છે (લેખ ૧૨૧-૧૨૨), પરંતુ એ બંને દાનશાસન ખરી રીતે દખ્ખણને લગતાં છે (હ. ગં. શાસ્ત્રી, એજન, પૃ. ૩૧૨, પા. ટી. ૧૬).

૧૫૩. ગુઐલે, લેખ ૧૨૩, પંક્તિ ૩૩-૩૫

૧૫૪. એજન, લેખ ૧૨૩ (શ. સં. ૭૩૪), ૧૨૪ (શ. સં. ૭૩૫), ૧૨૫ (શ. સં. ૭૩૮), ૧૨૫ અ (શ. સં. ૭૩૯, સુધારીને ૭૩૨), ૧૨૫ બ (શ. સં. ૭૪૩), ૧૨૫ ક (શ. સં. ૭૪૬) અને ૧૨૬ (શ. સં. ૭૪૯)

શક વર્ષ ૭૩૨ ના લેખ માટે જુઓ *EI*, Vol. XXVI, pp. 248 ff.

શક વર્ષ ૭૩૬ ના દાનશાસન માટે જુઓ બુદ્ધિપ્રકાશ, પુ. ૧૧૭, પૃ. ૩૫૫-૩૫૬.

H. G. Shastri, 'Magodi Plates of Suvarṇavarṣa Karkarāja', *J. O. I.*, Vol. XX, pp. 271 ff.

વ સં. ૫૦૦, ના દાનપ્રત્ર માટે જુઓ *EI*, Vol. XXXV, pp. 273 ff.

૧૫૫. ગુઐલે, લેખ ૧૨૭, શ્લો. ૧૦; લેખ ૧૨૯, શ્લો. ૨૯

૧૫૬. A.S. Altekar, 'The Rashtrakuta Empire', *The Age of Imperial Kanauj*, pp. 8 f.

૧૫૭. ગુઐલે, લેખ ૧૨૭ ૧૫૮. એજન, લેખ ૧૨૯

૧૫૯-૧૬૦. A.S. Altekar, *op. cit.*, p. 10

૧૬૦ અ. બુદ્ધિપ્રકાશ, પુ. ૧૧૭, પૃ. ૩૫૬-૩૫૭; H. G. Shastri, 'Tarasadi Plates of Amoghavarṣa I' *J. O. I.*, Vol. XX, pp. 155 ff.

૧૬૧. ગુઐલે., લેખ ૧૨૯ ૧૬૨. *B.G.*, Vol. I, Pt. I, p. 127

આ દાનશાસનનો વિગતવાર પાઠ ઉપલબ્ધ નથી.

૧૬૩. ગુઐલે, લેખ ૧૩૦ ૧૬૪. એજન, લેખ ૧૩૦ અ

૧૬૫. એજન, લેખ ૧૨૮ ૧૬૬. એજન, લેખ ૧૨૯, શ્લો. ૩૭

૧૬૭. એજન, લેખ ૪૧; *AIK*, p. 10

૧૬૮. ગુ. મ. રા. ઇ., પૃ. ૯૬-૯૮

૧૬૯. ગુઐલે, લેખ ૧૨૯, શ્લો. ૩૮; *AIK*, p 10

૧૭૦-૧૭૨. ગુઐલે, લેખ ૧૩૧

૧૭૩. ઈ. સ. ૯૫૯ નું કરહાડ દાનશાસન (*EI*, Vol. IV, p. 287)

૧૭૪-૧૭૫. ગુઐલે., લેખ ૧૩૨

૧૭૫અ. *E.I,* Vol. XXXII, pp. 45 ff.

૧૭૬. ગુઐલે, લેખ ૧૩૩-૧૩૪  ૧૭૭-૧૭૮. *AIK*, p. 13

૧૭૯. ગુઐલે, લેખ ૧૩૫, શ્લો. ૨૨

૧૮૦. અમોઘવર્ષના મૃત્યુ પાછળ ગોવિંદરાજનો હાથ હતો ને એની વિધવા બિન-સલામતીના ભયથી પોતાના પુત્રને લઈને વેંગી ચાલી ગઈ. (*AIK*, p. 13).

૧૮૧ ગુઐલે, લેખ ૧૩૫  ૧૮૨. *AIK*, p. 13

૧૮૩. *AIK*, pp. 14 f.  ૧૮૪. ગુઐલે, લેખ ૨૩૭

૧૮૫. *AIK*, pp. 15 f.  ૧૮૬. *Ibid*, p. 93

૧૮૭. *Ibid.*, p. 94  ૧૮૮-૧૮૯. *AIK*, p. 94

૧૯૦. ગુઐલે, લેખ ૨૩૭  ૧૯૧. *EI*, Vol XIX, p. 236

૧૯૨. *AIK*, p. 95  ૧૯૩. ગુ. મ. રા. ઇ., પૃ. ૧૫૨

૧૯૪. ઈ. સ. ૯૪૬ ના એક અભિલેખ (*EI*, Vol. XIV, pp. 176 ff.)માં ત્યારે ઉજ્જનમાં પ્રતીહાર મહેંદ્રપાલ ૨ જાના પ્રાદેશિક અધિકારીનું શાસન હોવાનો ઉલ્લેખ આવે છે.

૧૯૫. ગુ. મ. રા. ઇ., પૃ. ૧૫૫-૧૫૬

## પરિશિષ્ટ

# ગુજરાત ઉપર મુસલમાનોનાં આક્રમણ

હઝરત મોહમ્મદ પેગમ્બરના અવસાન પછી એમના ખલીફાઓ એટલે કે ઉત્તરાધિકારીઓના જમાનામાં અરબ મુસલમાનોએ મજહબનાં આવેશ, ઝનૂન અને જુસ્સામાં ચારે તરફ ચઢાઈઓ કરવા માંડી હતી. એમનો મૂળ મકસદ બધે દુનિયામાં ઇસ્લામનો પ્રચાર કરવાનો હતો. જ્યાં જ્યાં તેઓ ગયા ત્યાં તેઓને ફતેહ મળી. ટૂંક વખતમાં એમણે શામ (સીરિયા), પેલેસ્ટાઈન અને મિસર જીત્યાં અને ઉત્તર આફ્રિકા, સ્પેન અને ઈરાન પણ એમના કબજામાં ગયાં. આ રીતે તેઓ ઇસ્લામનો પ્રચાર અને ખિલાફતનો વિસ્તાર કરતા જ રહ્યા. અને એમણે ઉત્તર ભારતના પ્રદેશો ઉપર પણ આક્રમણો કરવાનું શરૂ કર્યું.

અરબોએ ઇસ્લામ સ્વીકાર્યો તે અગાઉ ઘણી સદીઓથી એમના દેશ અરબસ્તાન અને ભારતવર્ષ વચ્ચે જળમાર્ગે વેપારી સંબંધો હતા. પશ્ચિમ ભારતના સમુદ્ર–કાંઠા ઉપરનાં બંદરી મથકો ઉપર તેઓ આવતા જતા હતા. એ સંબંધની શરૂઆત ગુજરાતની ભૂમિ ઉપર જ થઈ હતી, જે ગુજરાતના ભૌગોલિક કુદરતી સ્થાનને આભારી હતું.

આ કારણથી ગુજરાતની સમૃદ્ધિ અંગે અરબોને વાકેફગારી તો હતી જ. તેઓએ ઇસ્લામ સ્વીકારતાં મૂર્તિપૂજાને તિલાંજલિ આપી હતી, પરંતુ તેથી ભારતવાસીઓના એમના પ્રત્યેના વલણમાં કંઈ પણ તફાવત પડયો ન હતો. આમ છતાં તેઓએ પશ્ચિમ ભારતનાં સમૃદ્ધ બંદરો તથા એની આજુબાજુના સમૃદ્ધ પ્રદેશો કબજે કરવાની અને ત્યાં મૂર્તિપૂજાનો નાશ કરવાની પ્રવૃત્તિઓ કરવા માંડી. બીજા ખલીફા ઉમર ફારૂકની ખિલાફત (ઈ. સ. ૬૩૪–૬૪૪) દરમ્યાન મુસલમાન અરબ આક્રમણકારીનું ધ્યાન પશ્ચિમ ભારત તરફ ખેંચાયું. બન્યું હતું એવું કે એ ખલીફાએ ઉસમાન બિન અબીઆસ સકૂફીને બહરૈન અને ઉમાનનો હાકેમ નીમ્યો હતો. એણે ખલીફાની પરવાનગી મેળવ્યા વિના પોતાના ભાઈ હકમની સરદારી નીચે હિ. સ. ૧૭ (ઈ. સ. ૬૩૬)માં એક નૌકાફોજ કોંકણ તરફ

રવાના કરી. હકમે વર્તમાન મુંબઈ[1] પાસે આવેલા થાણા[2] બંદર ઉપર આક્રમણ કર્યું અને લૂંટફાટ કરી ત્યાંથી એ ઉમાન પાછો ફર્યો.[3] અરબોનો પશ્ચિમ ભારત ઉપર એ પહેલો હુમલો હતો.

નૌકા–ફોજ લઈ દૂર દૂરના પ્રદેશો ઉપર ચડાઈ કરવામાં પરાજય પામવાનો ખતરો રહેતો હોવાથી ખલીફા ઉમરને એમ કરવા પ્રત્યે અતિ નફરત હતી. આથી મજકૂર આક્રમણ તથા એના પરિણામ અંગેની ખબર એને પહોંચાડવામાં આવી ત્યારે એ અતિ રોષે ભરાયો અને હાકેમ ઉસમાનને પેગામ પાઠવી જણાવ્યું કે 'બિરાદર સકફી! આ બાબતમાં સાચું કહીએ તો તમે ફોજ મોકલી ન હતી, પરંતુ એક કીડાને એક કાષ્ઠ ઉપર મૂકી એને સમુદ્રમાં ફેંકી દીધો હતો. એ લોકો જો આફતમાં સપડાયા હોત (એટલે કે માર્યા ગયા હોત) તો તમારા કબીલામાંથી હું એટલી જ સંખ્યા જેટલા માણસોની કતલ કરાવત.[4]'

આમ છતાં થોડા સમય બાદ મજકૂર સરદારે ભરૂચ[5] ઉપર ચઢાઈ કરી, એમાં પણ હકમને સારો લાભ મળ્યો.[6] એ ફોજ વિશે માત્ર એટલું જ જાણવાનું મળે છે કે એ આક્રમણ કરી મકરાણ તરફ ચાલી ગઈ હતી.[7]

ત્રીજી ચડાઈનો બનાવ ઉપરના બનાવ પછી ૪૧ વરસ બાદ ઘોઘામાં નોંધાયો હતો. પ્રવાસી મોહમ્મદ શફી ઉલ્લાહ ઘોઘાની નોંધ લેતાં લખે છે કે 'ઘોઘામાં એક આરસ શિલા છે, જેના ઉપર અરબી લિપિમાં લેખ છે, તેમાં આ પ્રમાણે લખવામાં આવ્યું છે: 'હિ. સ. ૫૭(ઈ. સ. ૬૭૭)માં સિપાહસાલાર ઇસ્માઇલ એક બળવાન ફોજ સાથે ઘોઘા ઉપર ઊતરી આવ્યો. અહીંના હિંદુ રાજા સાથે એક મહાન જંગ ખેલાયો. બંને તરફે પુષ્કળ માણસો માર્યા ગયા, જેમાં સિપાહ-સાલાર ઇસ્માઇલ અને એનો સરદાર યાકૂબ મદની વગેરે ઘણા ખપી ગયા.'[8]

ઈ. સ. ૭૧૧ માં[9] મોહમ્મદ બિન કાસિમે સિંધ જીતી લીધું અને ત્યાંની શાસન–વ્યવસ્થા બરાબર કર્યા બાદ ઈ. સ. ૭૧૩–૧૪ માં એણે એક ફોજ ભીનમાલ તરફ રવાના કરી. ત્યાંના લોકો લડાઈ કર્યા વિના શરણે થયા. એ પછી એ ફોજ જયપુર તરફ ચાલી ગઈ.

ઈ. સ. ૭૧૪ માં મોહમ્મદ બિન કાસિમે સૌરાષ્ટ્રના રહેવાસીઓ સાથે સુલેહ કરી. એમાં મેડ (મેર) લોકોનો પણ ઉલ્લેખ આવે છે. આ ઉપરથી એમ જણાય છે કે એને એ પ્રજા સાથે કંઈક ઘર્ષણ થયું હોવું જોઈએ.[૯અ] આ વર્ષે મોહમ્મદ બિન કાસિમની બરતરફી થઈ. એ પછી ખલીફા તરફથી સિંધમાં

નિમાઈને આવતા હાકેમો આંતર–વિગ્રહમાં રચ્યાપચ્યા રહ્યા. એનો લાભ લઈ ભીનમાલ અરબોની હકૂમતમાંથી મુક્ત થયું.

ઈ. સ. ૭૨૫ માં[૧૦] સિંધના હાકેમ તરીકે જુનૈદ બિન અબ્દુર્ રહમાન આવ્યો અને હકૂમતનું સુકાન સંભાળ્યા બાદ એણે આજુબાજુના પ્રદેશો ઉપર આક્રમણો કરવાનો આરંભ કર્યો. કચ્છના રણને રસ્તે એ મારવાડમાં[૧૧] પહોંચ્યો. ત્યાં થોડો સમય આરામ લઈ, ત્યાંથી ઊપડી, માંડલ[૧૨] થઈ તે ધિણોજ[૧૩] ગયો. ત્યાંથી આગળ વધી એણે રાજધાની પંચાસરનો કબજો લીધો.[૧૪] એ પછી વિજય–યાત્રા ચાલુ રાખી એ ભરૂચ પહોંચ્યો અને એક જ લડાઈ લડ્યા બાદ એ એણે જીતી લીધું.[૧૫] પોતે સિંધથી ઘણે દૂર સુધી નીકળી આવ્યો છે તથા આગળ વધવું પોતાના માટે ભય ભરેલું છે એવો ખ્યાલ એને ત્યાં આવેલો. ત્યારે એ ત્યાંથી પાછો વળી લૂંટના માલની સાથે ભીનમાલને રસ્તે સિંધ પહોંચ્યો.[૧૬]

નવસારીના એક તામ્રપત્રમાં સૈંધવ, કચ્છેલ્લ, સૌરાષ્ટ્ર, ચાપોટક, મૌર્ય, ગુર્જર વગેરે રાજ્યો ઓળંગી તાજિક (અરબ) ફોજ દક્ષિણના રાજાઓને જીતવા જતી હતી એવો ઉલ્લેખ આવે છે એ પરથી આ અરબ વૃત્તાંતને સમર્થન મળે છે. વળી આ પરથી એમ જણાય છે કે અરબ હાકેમે ભરૂચથી એક ફોજ દક્ષિણા-પથ તરફ આગળ રવાના કરી; અરબ હાકેમને નવસારીના ચાલુક્ય નરેશ અવનિજનાશ્રય પુલકેશીએ રોકી, પરાજય આપી, ત્યાંથી પીછેહઠ કરવાની ફરજ પાડી.[૧૭] ગુર્જર રાજા જયભટે અરબ ફોજનો પરભવ વલભીપુરમાં કર્યો હોઈ, એનું એ પરાક્રમ ઘણું કરીને આ પીછેહઠ દરમ્યાન બન્યું હોવું સંભવે છે.[૧૮]

ઈ. સ. ૭૫૮ માં[૧૯] સિંધના હાકેમ હિશામ બિન ઉમર તગ્લબીએ ઉમર બિન જમલ નામના સરદારને એક નૌકા–ફોજ આપી ગુજરાતના કિનારા તરફ, બહુધા ત્યાંની પરિસ્થિતિની માહિતી મેળવવા,[૨૦] રવાના કર્યો, તે ભરૂચ નજીક આવેલા ભાડભૂત[૨૧] બંદરે પહોંચીને ત્યાંથી પાછો ફર્યો. એણે આપેલી વિગત ઉપરથી હિશામે નૌકા–ફોજ લઈ ભરૂચથી થોડે છેટે આવેલા ગંધાર[૨૨] બંદર ઉપર આક્રમણ કર્યું અને એણે એ જીતી લીધું. કેટલોક સમય એણે ત્યાં પસાર કર્યો. ત્યાં એક બૌદ્ધ વિહાર હતો તેનો કબજો લઈ એને તોડાવી ત્યાં એક મસ્જિદ બણાવી. ગુજરાતમાંની મસ્જિદોમાં એ પ્રથમ બંધાયેલી મસ્જિદ હોવાનું મનાય છે. એ પછી હિશામ ત્યાંથી પાછો ફર્યો.

ખલીફા અલ્‌મહદી અબ્બાસી( ઈ. સ. ૭૭૫–૭૮૫ )એ અબ્દુલમલેક બિન શિહાબની સરદારી નીચે એક નૌકા–ફોજ રવાના કરી, તે ઈ. સ. ૭૭૬ માં ભાડભૂત[૨૩] બંદર ઉપર ઊતરી. એણે એના ઉપર આક્રમણ કર્યું અને ત્યાં જેહાદ જગાવી.

એ સૈનિકોનાં જોસ અને ઝનૂન સામે સ્થાનિક લોકો ટકી શકયા નહિ. અરબ ફોજે શહેરોનો કબજો લીધો ત્યારે લોકો એક બૌદ્ધ વિહારમાં ભરાઈ ગયા. અરબોએ એને ઘેરી લીધો અને ઝડપભેર એનો કબજો મેળવવા તેઓએ વિસ્ફોટક વસ્તુઓ અંદર ફેંકી, જેનાથી એમાં આગ સળગી ઊઠી. કેટલાક લોકો અંદર ભસ્મીભૂત થઈ ગયા અને જે કેટલાક ગભરાઈ ને બહાર આવી રહ્યા તેઓ અરબ સૈનિકોની તેગોના ભોગ બન્યા. એ અથડામણમાં ૨૯ જેટલા અરબો પણ માર્યા ગયા. મામલો થાળે પડ્યો અને શહેરમાં શાંતિ સ્થપાઈ. એ પછી પણ અરબો પાછા રવાના થઈ શકયા નહિ, કારણ કે સમુદ્રમાં તોફાન હતું. કર્મસંજોગે ભાડભૂતમાં અઢાર વરસે ( અધિક ભાદરવાવાળા વરસમાં ) ભરાતો મેળો એ જ સમયે આવ્યો હતો. ઋતુ-ફેર અને લોકોની ઠઠ્ઠને લઈને ત્યાંની હવા બગડી અને રોગચાળો ફેલાયો. એ રોગ મોંમાં થતો હતો અને એવો ઝેરીલો હતો કે જે એમાં સપડાયો તે બચતો નહિ. અરબ ફોજમાંના હજાર જેટલા સૈનિકો એને લીધે મરણ પામ્યા અને એ પછી બાકી રહેલાઓએ ત્યાંથી ઉચાળા ભર્યા.[૨૪]

ઈ. સ. ૭૭૬ ના આ હુમલાને અગાઉ કેટલાકે વલભીના વિનાશનું નિમિત્ત માનેલો, પણ વલભીનો વિનાશ તો વિ. સં. ૮૪૫( ઈ. સ. ૭૮૮ )માં થયો તેથી એ આ હુમલો હોઈ શકે નહિ.

જૈન પ્રબંધોમાં જણાવેલી અનુશ્રુતિ મુજબ મૈત્રક રાજ્યના પતન તેમજ વલભીપુરના વિનાશ અંગે વલભીપતિ શીલાદિત્યને યુદ્ધમાં હણીને વલભીપુરનો નાશ કરનાર મ્લેચ્છ સેનાના ઘાતક આક્રમણને જવાબદાર ગણવામાં આવ્યું છે. શીલાદિત્ય રાજાએ પોતાની કુંવરી માટે નગરના શ્રેષ્ઠી રંક કાકુને ત્યાંથી એની રત્નજડિત સોનાની કાંસકી બળાત્કારે ઝૂંટવી લીધી એનું વેર વાળવા કાકૂએ મ્લેચ્છ સેનાને વલભીનો નાશ કરવા નોતરી હતી.[૨૬]

અલ્‌-બીરૂનીએ એના પુસ્તકમાં આ બાબતમાં કરેલી નોંધ ઉપરથી સ્પષ્ટ થાય છે કે જૈન પ્રબંધોમાં જણાવેલો મ્લેચ્છપતિ તે અલ્‌-મનસૂરાનો હાકેમ હતો અને એણે રાત્રે દરિયાઈ હુમલો કરીને રંકની ઇચ્છા મુજબ વલભીનો નાશ કર્યો હતો.[૨૭]

એ પછી મોહમ્મદ બિન ફઝ્લે મેડ લોકો સામે દરિયાઈ જહાજોનો કાફલો લઈ આક્રમણ કર્યું.[૨૮] એ પ્રજા સૌરાષ્ટ્રમાંની મેર પ્રજા હોવાનું જણાય છે. મોહમ્મદ બિન ફઝ્લ (ઈ. સ. ૮૧૩-૮૩૩ દરમ્યાન) સિંદાન (દમણ પાસે)નો હાકેમ નિમાયો હતો.

ઈ. સ. ૭૮૮-૯૪૨ ના અનુ-મૈત્રક કાલ દરમ્યાન તળ-ગુજરાતમાં રાષ્ટ્રકૂટોનું શાસન હતું અને એમને અરબો સાથે સારો મેળ હતો; જ્યારે સૌરાષ્ટ્રમાં પ્રતીહારોનું આધિપત્ય હતું અને એમને અરબો સાથે સારો સંબંધ ન હતો, તેથી એ કાલ દરમ્યાન અરબોનો ઉપદ્રવ સૌરાષ્ટ્રમાં રહે (અને તળ ગુજરાતમાં ન રહે) એ સ્વાભાવિક છે.

આ રીતે અરબોએ ગુજરાત ઉપર અન્ય આક્રમણ પણ કર્યાં હશે, પરંતુ એની કોઈ કાયમી છાપ રહી ન હતી.

## પાદટીપો

૧. એ વખતે ત્યાં મુંબઈની હસ્તી ન હતી.

૨. અરબી ગ્રંથોમાં "તાના" ઉચ્ચાર છે.

૩. बलाझरी, 'फ़ुतूहुलबुल्दान,' पृ. ४३२

૪. बलाझरी 'फ़ुतूहुलबुल्दान' (Elliot, *History of India*, Vol I, pp. 115-116ના આધારે);

मौलाना सैयद अबू जफ़र नद्वी, 'तारीखे सिंध,' पृ. २६

૫. એ સમયનું ભરુકચ્છ. અરબી ગ્રંથોમાં એને બદલે કેટલેક ઠેકાણે "બરૂજ" અને કેટલેક ઠેકાણે "બરૂસ", છે.

૬. शेख गुलाम मोहम्मद, 'मिर्आते मोहम्मदी,' पृ. २७

૭. मौलाना अब्दुलहय, 'यादे अय्याम', पृ. ४

૮. शेख गुलाम मोहम्मद, 'मिर्आते मुस्तफ़ाबाद', 'पृ. ४९-५०, नोंध

એ યુદ્ધ વિશેનો ઉલ્લેખ અરબી ઇતિહાસ-ગ્રંથોની લખાયેલી નોંધોમાં કોઈ ઠેકાણે જોવામાં આવ્યો નહિ, આથી સિપાહસાલાર ઇસ્માઇલને કોણે મોકલ્યો હતો, આ યુદ્ધ કોની સાથે થયું હતું, વગેરે માહિતી પ્રાપ્ય નથી. પરંતુ ઇતિહાસો ઉપરથી એમ જણાય છે કે એ સમયે ઉમય્યા ખલીફા મુઆવિયાની ખિલાફત (ઈ. સ. ૬૬૧-૬૮૦) હતી અને સૌરાષ્ટ્રમાં વલભીના રાજા શીલાદિત્ય ૩ જાનું શાસન (ઈ. સ. ૬૬૦-૬૮૫) હતું.

૮. मौलाना सैयद सुलेमान नद्वी, 'हिंदके तअल्लुकात,' पृ. १६; अली अक्बर-शाह खुरासोनी, खाबिते अदबीए ईरान व हिंद', पृ. १२

૯. અ. बलाझरी, 'फुतूहुल्बुल्दान' (Elliot, *op. cit.*, pp. 123 f.)

૧૦. એટલે કે હિ. સ. ૧૦૭.

मौलाना सैयद सुलैमान नद्वी, 'अ़रबो हिंदके तअ़ल्लुकात,' पृ. १७; અને 'अरबोंकी जहाजरानी' पृ. ६२–६३

૧૧. અરબી પુસ્તકોમાં "મરમદ" છે.

૧૨. એ વીરમગામ નજીક છે.

૧૩. એ પાટણ નજીક છે.

૧૪–૧૫. मौलाना सैयद अबू जफर नद्वी, 'तारीखे सिंध,' पृ. १३१

૧૬. बलाझरी, 'फुतूहुल्बुल्दान', पृ. ४४२

૧૭. હરિપ્રસાદ ગં. શાસ્ત્રી, "મૈત્રકકાલીન ગુજરાત", ભા. ૧, પૃ. ૩૨૦–૨૨

૧૮. એજન, પૃ. ૨૯૫–૯૬

૧૯. *B. G.*, Vol. I, Pt. I, pp. 93 and 524; मौलाना सैयद अबू जफ़र नद्वी, ('तारीखे सिंध', पृ. १५६–१५७)એ હિ. સ. ૧૫૪ એટલે કે ઈ. સ. ૭૬૮ ની સાલ જણાવે છે.

૨૦. बलाझरी, 'फुतूहुल्बुल्दान' पृ. ४४५

૨૧. આ સ્થાનના નામ વિશે અંગ્રેજી પુસ્તકોમાં મતભેદ છે. ઇલિયટે એને 'બરડા'નું અરબી રૂપ ગણ્યું છે (*History of India*, Vol. I, pp. 444, f. n. 1.), પરંતુ 'બરડા' નામનું કોઈ સ્થળ સમુદ્ર–કિનારે હોવાનું જણાતું નથી. અલબત્ત. પશ્ચિમ સૌરાષ્ટ્રમાં એ નામનો ડુંગર છે. બૉમ્બે ગૅઝેટિયરમાં પણ એ જ અર્થ અપનાવવામાં આવ્યો છે (Vol. I, Pt. I, pp. 95, 524), પરંતુ એના પરિશિષ્ટ ૫ માં 'બાલબહ' પાઠાંતર ગણી એ નામ 'બાલબહ' (બલભ) ઉપરથી વલભીને લાગુ પાડવામાં આવ્યું છે (પૃ. ૫૨૪). એ મુજબ મૂળ 'બરાદહ' છે અને એના ઉપરથી 'બરાબહ', 'બાલ'બહ' અને 'બલ'બહ' એવા ઉચ્ચારો એણે ઘટાવ્યા છે. એમાંના 'બલ'બહ' ઉપરથી 'વલબી' અને એ ઉપરથી "વલભી" હોવાનું તારવે છે. પા. ટી. ૫). "બરાદહ" ઉપરથી "વલભી" આમ તારવવાનું યોગ્ય ગણી શકાય એમ નથી, પરંતુ ઇલિયટે બલાઝરીના 'ફુતૂહુલ્બુલ્દાન'ના વૃત્તાંતના સંક્ષેપમાં પાદટીપમાં બિંદી વિના જે રેખાકીય શબ્દ આપ્યો છે તેમાં એણે એની ઉપર બિંદીઓ કલ્પી "નારંદ" શબ્દ ઘટાવ્યો છે (*History of India*, Vol. I, p. 127), પરંતુ કોઈ સ્થળનું એવા ઉચ્ચારનું નામ માલૂમ પડતું નથી. જો એ જ રેખાકીય શબ્દ નીચે બિંદુઓનો ઉપયોગ કરવામાં આવે તો તે "બારબુદ" વંચાય, અને એ સ્થળને ભરૂચની પશ્ચિમે નર્મદા નદીના મુખમાં આવેલા વર્તમાન ભાળભૂત તરીકે ઓળખાવવામાં આવ્યું છે (सैयद सुलैमान नद्वी, 'अ़रबो हिंदके तअ़ल्लुकात', पृ. १७).

૨૨. ઇતિહાસોમાંથી જાણવા મળે છે કે એ સમયે ગંધાર એક મોટું બંદર હતું, અને એ ઘોઘા અને પીરમ ટાપુની સામે હતું.

૨૩. मौलाना सैयद अबू जफ़र नद्वी, 'तारीखे सिंध,' पृ. १६१

२४. 'इब्ने ख़लदून,' भा. ६, पृ. ३५९

૨૫. હ. ગં. શાસ્ત્રી "મૈત્રકકાલીન ગુજરાત," પૃ. ૧૫૫-૬૦

૨૬. એજન, પૃ. ૪૫૬

૨૭. Sachau, '*Al-Biruni's India*', Vol. I, pp. 192 f.

२८. बलाज़री, 'फ़ुतहुलबुल्दान' (Elliot, Vol. I, p. 129 ના આધારે)

## પ્રકરણ ૯

# રાજ્યતંત્ર

આ કાલના રાજ્યતંત્ર વિશે દાનશાસનો પરથી કેટલીક માહિતી મળે છે.

રાજા રાજ્યતંત્રની સારી જાણકારી ધરાવે એ અપેક્ષિત ગણાતું. એમાં પ્રજાના વિશ્વાસ તથા અનુરૂપ આદેશનો તેમજ સંધિ વિગ્રહ ઇત્યાદિનો સમાવેશ થતો.[૧] પ્રભુ આદિ ત્રણ શક્તિઓ તથા સંધિ આદિ ૭ ગુણોની જાણકારી પણ અપેક્ષિત હતી[૨]. રાજધર્મ માટે મનુસ્મૃતિને આધારરૂપ ગણવામાં આવતી.[૩]

### રાજા

રાજા રાજ્યતંત્રનો સર્વોપરી હતો. રાજસત્તા ધરાવનાર કુલ ક્ષત્રિયવર્ણનાં ગણાતાં. રાજપદનો વારસો કુલપરંપરાગત હતો. રાજગાદીનો વારસો હંમેશાં પુત્રને અને પુત્રોમાં જ્યેષ્ઠ પુત્રને મળે એવી પ્રથા સર્વ રાજકુલોમાં પ્રચલિત નહોતી. મૈત્રક કુલમાં તો જાણે રાજાનો ઉત્તરાધિકાર વારાફરતી એના દરેક પુત્રને મળતો એવું લાગે છે. ઉત્તરાધિકારીની પસંદગી રાજા પોતાની ઇચ્છા અનુસાર કરતો લાગે છે. આથી કવચિત્ ઉત્તરાધિકાર મોટા ભાઈને મૂકીને નાના ભાઈનેય મળતો એવું જોવા મળે છે.[૪] મૈત્રકોનાં દાનશાસનોમાં દૂતક તરીકે ઘણી વાર રાજપુત્રનો અને કવચિત્ રાજપુત્રીનોય ઉલ્લેખ આવે છે, પરંતુ ક્યાંય 'યુવરાજ'નો ઉલ્લેખ આવતો નથી. ચાલુક્યો તથા રાષ્ટ્રકૂટોનાં દાનશાસનોમાં ક્યારેક યુવરાજનો નિર્દેશ મળે છે.[૫]

રાજાઓની પ્રશસ્તિ પરથી આદર્શ રાજામાં ઉચ્ચ કુલ, દર્શનીય દેહ, પરાક્રમ, જ્ઞાન, સુચરિત અને ઉદારતાના ગુણ અપેક્ષિત હોવાનું માલૂમ પડે છે. પરાક્રમની બાબતમાં યુદ્ધકૌશલનો ને યુદ્ધકૌશલની બાબતમાં સહજ શક્તિ તથા વિશિષ્ટ શિક્ષાનો નિર્દેશ આવે છે.[૬]

રાજ્યાભિષેકનો વિધિપુરઃસર ઉત્સવ ઊજવાતો. કેટલાક રાષ્ટ્રકૂટ રાજાઓ પટ્ટબંધ પ્રસંગે અનેક ગામોનું દાન દેતા[7] ને સુવર્ણતુલા પણ કરાવતા. કેટલાક રાજાઓ રાજ્યાભિષેક થતાં નવું નામ ધારણ કરતા.[8] કેટલાક પોતાના મૂળ નામ ઉપરાંત ગૌરવસૂચક અપરનામ ધારણ કરતા; જેમકે 'ધર્માદિત્ય', 'બાલાદિત્ય', 'વીતરાગ', 'પ્રશાંતરાગ', 'બાહુસહાય.', ચાલુક્ય વંશના રાજા 'ધરાશ્રય', 'શ્યાશ્રય', 'જયાશ્રય' અને 'અવનિજનાશ્રય' જેવાં અપરનામ ધરાવતા. રાષ્ટ્રકૂટ રાજાઓ 'સુવર્ણવર્ષ', 'પ્રભૂતવર્ષ,' 'ધારાવર્ષ,' 'નિત્યવર્ષ,' 'અકાલવર્ષ,' અમોઘવર્ષ,' 'શ્રીવલ્લભ', 'પૃથ્વીવલ્લભ,' 'નરેંદ્ર', અને 'કીર્તિનારાયણ' જેવાં એક કે અનેક અપરનામ ધરાવતા. રાજપદ પ્રાપ્ત થતાં કિરીટ, છત્ર, પાલિધ્વજ વગેરે રાજચિહ્નો ધારણ કરતા.

## રાજબિરુદો

નવાં રાજ્ય સ્થાપનાર રાજાઓ રાજ્યાભિષેક પામ્યા પછી જ રાજબિરુદ ધારણ કરતા, નહિતો રાજસત્તા ધરાવવા છતાં પોતાના જૂના હોદ્દા જ ચાલુ રાખતા; જેમકે 'સેનાપતિ' કે 'મહાસેનાપતિ'. આ સમયે સામાન્ય રાજા 'મહારાજ' બિરુદ પ્રયોજતો. કોઈ રાજાધિરાજના આધિપત્યના સંદર્ભમાં એ 'સામંત' કે 'મહાસામંત' કહેવાતો. કેટલાક રાજા 'મહાસામંત', 'મહા-પ્રતીહાર', 'મહાદંડનાયક', 'મહાકાર્તાકૃતિક' અને 'મહારાજ' એ પંચ મહાશબ્દ ધરાવતા.[9] દક્ષિણ ગુજરાતના ઘણા રાજાઓ માત્ર પંચ મહાશબ્દ ધરાવતા હોવાનો મોઘમ ઉલ્લેખ કરતા; જેમકે ગુર્જરનૃપતિવંશના રાજાઓ તથા રાષ્ટ્રકૂટોની લાટ શાખાના રાજાઓ. વળી એમાંના કેટલાક પોતાને 'મહાસામંતા-ધિપતિ' તરીકે ઓળખાવતા. કેટલાક રાજાઓ કોઈ રાજબિરુદોનો પ્રયોગ કરતા નહિ; જેમકે મૈત્રક વંશના શીલાદિત્ય ૧ લાથી માંડીને ધ્રુવસેન ૨ જા સુધીના રાજાઓ. સામંત રાજાઓ પોતાના અધિપતિનો 'પરમભટ્ટારક' કે 'પરમસ્વામી' તરીકે નિર્દેશ કરતા.

પ્રબળ રાજાધિરાજોના આધિપત્યથી મુક્ત થયેલા સ્વતંત્ર રાજાઓ 'પરમભટ્ટારક–મહારાજાધિરાજ–પરમેશ્વર' એવાં મહાબિરુદ ધરાવતા. મૈત્રક રાજા ધરસેન ૪ થાએ એ ઉપરાંત 'ચક્રવર્તી' બિરુદ પણ ધારણ કરેલું.

## રાજધર્મ

પ્રજાનું પરિપાલન એ રાજાનો મુખ્ય ધર્મ ગણાતો. રાજ્યની અંદર શાંતિ, સલામતી અને વ્યવસ્થા રહે એ માટે એ પૂરતો પ્રબંધ કરતો. રાજ્યના રક્ષણ માટે

તેમજ કેટલીક વાર રાજ્યના વિસ્તાર માટે એ સંગ્રામ ખેલતો. દાનશાસનોમાં આવતા સ્કંધાવાર(છાવણી)ના ઉલ્લેખો પરથી એ સમયે દંડયાત્રામાં રાજા જાતે જતો હોવાની પ્રતીતિ થાય છે. રાજ્યતંત્ર માટે એ વિવિધ અધિકારીઓ નીમતો ને પ્રજા પર વિવિધ કર નાખતો. એ દીન-અનાથ જનોનું ભરણપોષણ કરતો, વિદ્વાનો-ગુરુઓને આર્થિક ઉત્તેજન આપતો ને બ્રાહ્મણો દેવાલયો તથા વિહારોને ભૂમિદાન દેતો. અગાઉના રાજાઓએ આપેલાં ધર્મદેયોને અનુમોદન આપી એનું અનુપાલન કરતો. એ વર્ણાશ્રમ-આચારને ઉત્તેજન આપતો. એ પ્રજાહૃદયનું રંજન કરતો. પરાક્રમ અને વિભવની અભિવૃદ્ધિમાં પરાયણ રહેવા છતાં એ સદ્‌વિદ્યા અને સદ્‌ગુણો વડે સદાચાર કેળવતો.[૧૦]

## અમાત્યો

રાજ્યતંત્ર ચલાવવા માટે રાજા કુમારો કુલપુત્રો અને સામંતોની મદદ લેતો ને અમાત્યોની નિમણૂક કરતો. અનુમૈત્રક કાલનાં કેટલાંક દાનશાસનોમાં 'અમાત્ય'નો ઉલ્લેખ આવે છે એ ત્યાં રાજામાત્ય કે મહામાત્યના અર્થમાં છે. આ કાલ દરમ્યાન સોલંકી કાલની જેમ મહામાત્યોના નામનિર્દેશ ભાગ્યેજ મળે છે, છતાં 'ઉદયસુંદરીકથા'માં જણાવ્યા મુજબ અમાત્ય વગરનું રાજ્ય એ સૂત્રધાર વગરના નાટકની જેમ ચલાવી શકાતું નહિ, કેમકે તમામ કામનો મુખ્ય આધાર અમાત્ય પર રહેતો. એમાં જણાવ્યા પ્રમાણે અમાત્યની નિમણૂક રાજા ગમે તે વર્ણમાંથી પોતાના વિવેક અનુસાર કરતો.[૧૧]

## મુખ્ય અધિકારીઓ

કેંદ્રસ્થ તંત્રમાં મુખ્ય અમાત્યને મદદ કરવા અનેક મુખ્ય અધિકારીઓ નિમાતા. એમાં મહાપ્રતીહાર, મહાદંડનાયક અને મહાકાર્તાકૃતિકનો ખાસ સમાવેશ થતો. રાજરક્ષણની બાબતમાં મહાપ્રતીહારની મહત્તા સેનાપતિ જેટલી ગણાતી. મહાદંડનાયક એ સૈન્યના નાયકોનો વડો હતો. કાર્તાકૃતિક એ રાજ્યનાં કૃત અને અકૃત કાર્યોની સમીક્ષા કરનાર મુખ્ય અધિકારી જણાય છે.[૧૨] રાજશાસનના દૂતકનો અધિકાર સામાન્યતઃ રાજપુત્ર (કે ક્વચિત્ રાજપુત્રી), સામંત કે મહાપ્રતીહારને સોંપાતો. કોઈ વાર આ અધિકાર મહાક્ષપટલિક અર્થાત્ અક્ષપટલ (દફતર) ખાતાના મુખ્ય અધિકારીને સોંપવામાં આવતો. રાજશાસન ઘડવાનો દિવિરપતિનો અધિકાર સામાન્ય રીતે મહાસંધિવિગ્રહિકને ને કેટલીક વાર મહાબલાધિકૃતને સોંપાતો. બીજા મોટા અધિકારીઓમાં કુમારામાત્ય, ઉપરિક અને રાજસ્થાનીયનો સમાવેશ થતો. કુમારામાત્ય એટલે કુમારને સલાહ આપનાર

અમાત્ય. ઉપરિક અદાલતી તેમજ વહીવટી આધકાર ધરાવતો મોટો અધિકારી હતો. રાજસ્થાનીયને કેટલાક રાજાના વતી રાજ્યના પ્રદેશનો વહીવટ કરનાર અધિકારી અર્થાત્ રાજ્યપાલ ધારે છે, પરંતુ એને બદલે એ બીજા રાજ્ય (રાજસ્થાન) સાથેના સંબંધ સંભાળનાર અધિકારી, અર્થાત્ વિદેશ ખાતાનો મંત્રી હોય એ વધુ સંભવિત છે.[૧૩]

### મહેસૂલ ખાતાના અધિકારીઓ

ભૂમિદાનનાં રાજશાસનોમાં ઘણી વાર આયુકતક અને વિનિયુક્તકનો ઉલ્લેખ સહુથી પહેલો કરવામાં આવે છે. આયુક્તક એ મહેસૂલી હિસાબના ખાતાનો મુખ્ય અધિકારી અને વિનિયુક્તક એ એ ખાતાનો મદદનીશ અધિકારી હોવાનું જણાય છે. ધ્રુવ અધિકરણનો અધિકારી રાજ્યે ધ્રુવ (મુકરર) કરેલો રાજભાગ ઉઘરાવનાર મહેસૂલી અમલદાર હતો.[૧૪] નહિ ભરાયેલું મહેસૂલ વસૂલ કરનાર અધિકારી 'અનુત્પન્ન-આદાન-સમુદ્ગ્રાહક' કહેવાતો. શુલ્ક (જકાત) ખાતાનો અધિકારી 'શૌલ્કિક' કહેવાતો. ભોગિક એ 'ભોગ' ઉઘરાવનાર મહેસૂલી અધિકારી હોવો સંભવે છે. મહેસૂલી ખાતાનો સહુથી ઉચ્ચ અધિકારી 'ઉપરિક' હોવાનું માલૂમ પડે છે.[૧૫]

### પોલીસ ખાતાના અધિકારીઓ

દંડપાશિક, ચૌરોદ્ધરણિક અને દશાપરાધિક એ પોલીસ ખાતાના અધિકારી હતા. 'દંડપાશિક' એટલે દંડપાશ ધારણ કરી અપરાધીને દંડ દેનાર અધિકારી. 'ચૌરોદ્ધરણિક' એટલે ચોરનો પીછો પકડી એને પકડનાર અધિકારી. 'દશાપરાધિક' એટલે દશ પ્રકારના અપરાધ[૧૬] કરનારને દંડ દેનાર અધિકારી. 'દુસ્સાધસાધનિક' એટલે ધાડપાડુઓને વશ કરનાર પોલીસ ટુકડીનો વડો. 'વર્ત્મપાલ' એટલે વર્ત્મ(માર્ગ)નું રક્ષણ કરનાર અધિકારી. 'અંતપાલ' સરહદનું રક્ષણ કરનાર અધિકારી હતો. 'પ્રતિસારક'એ શહેર, ગામ કે સીમમાં પહેરો ભરનાર ચોકીદાર હતો. 'ચાર' અને 'અવલોકિક' એ ગુપ્તચર વિભાગના અધિકારી હતા.[૧૭]

### ન્યાયખાતાના અધિકારીઓ

ન્યાયખાતાનો મુખ્ય અધિકારી 'પ્રમાતા' હતો. ફોજદારી ન્યાયખાતાનું સંચાલન પ્રાયઃ 'મહાદંડનાયક' કરતો. 'મહાક્ષપટલિક' આ ખાતાનો મુખ્ય મદદનીશ હતો. 'દંડપાશિક' અને 'દશાપરાધિક' એ પ્રાયઃ પોલીસ ખાતા ઉપરાંત ન્યાયખાતાનાય અધિકાર ધરાવતા.[૧૮]

### લશ્કરી ખાતાના અધિકારી

ધર્મદેય તરીકે આપેલી ભૂમિમાં સર્વ રાજકીય પુરુષોને હસ્તક્ષેપ કરવાની મનાઈ ફરમાવવામાં આવતી, તેમાં 'ચાર' અને 'ભટ'નો ખાસ ઉલ્લેખ કરતા. એ પ્રાયઃ નિયમિત અને અનિયમિત સૈનિક હતા. સૈનિકોમાં 'મૌલ' (મૂલના) અને 'ભૃત' (ભાડૂતી) એવા બે પ્રકાર હતા. એ અનુસાર 'ચાર' એ કાયમી અને 'ભૃત' એ કામચલાઉ સૈનિક હોઈ શકે. હસ્તિદળના સૈનિકને 'હસ્ત્યારોહ' અને અશ્વદળના સૈનિકને 'અશ્વારોહ' કહેતા. સૈન્યખાતાનો મુખ્ય અધિકારી 'મહાબલાધિકૃત' હતો. 'મહાદંડનાયક' એ સેનાપતિનો અધિકાર ધરાવતો. 'સાંધિવિગ્રહિક' (સંધિ અને વિગ્રહ ખાતાના અધિકારી)નો અધિકાર 'બલાધિકૃત' સાથે સંકળાયેલો છે.[૧૯]

### પ્રાદેશિક અધિકારીઓ

પ્રાદેશિક અધિકારીઓમાં 'રાષ્ટ્રપતિ'નો અધિકાર સૌથી ઊંચી કક્ષાનો હતો. એને 'રાષ્ટ્રપાલ' કહેતા. એ રાષ્ટ્ર નામે વહીવટી વિભાગનો વહીવટ કરનાર વડો હતો. 'વિષયપતિ' એ વિષય(જિલ્લા)નો વડો હતો. આહારના તથા પથકના અધિકારી માટે ખાસ શબ્દ પ્રયોજાયા નથી. 'સ્થાનાધિકરણિક' એ સ્થાન–થાણાનો વહીવટ કરનાર અધિકારી હતો. 'સ્થાન' અને 'સ્થલી' એક લાગે છે. 'દ્રંગ'(શહેર)નો વહીવટ કરનાર 'દ્રાંગિક' કહેવાતો. 'ગ્રામ'નો વડો 'ગ્રામકૂટ' કહેવાતો. ગામનો સહુથી મોટો માણસ 'મહત્તર' કહેવાતો; એ ગ્રામપંચાયતના સભ્ય જેવો હતો. 'પંચકુલિક' એ પંચકુલ(પંચાયત)નો સભ્ય હતો.[૨૦]

### ઇતર અધિકારીઓ

'વૈક્ષેપિક'[૨૧] એ દૂતોને મોકલનાર અધિકારી હતો.[૨૨] 'અધિકારિક'[૨૩] એ અધ્યક્ષ, નિયામક કે સંચાલન જેવો અધિકારી હતો.[૨૪] 'વાસાપક'[૨૫] એટલે આગંતુકોને નિવાસસ્થાનોનું વિતરણ કરનાર અધિકારી.[૨૬] 'મધ્યગ'[૨૭] એટલે મધ્યસ્થ (લવાદ). 'ભટ'થી ભિન્ન 'ભટ્ટ' એ ભાટચારણ માટે પ્રયોજાયો લાગે છે.

### વહીવટી વિભાગો

વસ્તીનો નાનો એકમ ગ્રામ હતો. નાનાંમોટાં ગામો માટે 'ગ્રામ, ગ્રામક, પદ્ર, પદ્રક, પલ્લી, પલ્લિકા' ઇત્યાદિ શબ્દ પ્રચલિત હતા, પરંતુ વહીવટી

દૃષ્ટિએ આ બધાં 'ગ્રામ' જ ગણાતાં. વસ્તીના મોટા એકમને 'નગર, પુર, પુરી, પત્તન, પાટક' ઇત્યાદિ કહેતા. સમય જતાં કેટલાંક ગામ કે નગર મોટાં-નાનાં થયા કરતાં, દા. ત. 'નાંદીપુરી'માંથી 'નાંદીપુર'.[૨૮] નાના વહીવટી વિભાગોમાં 'દ્રંગ' અને 'સ્થલી' નોંધપાત્ર છે. 'દ્રંગ'માં દ્રંગ(નગર) ઉપરાંત એની આસપાસમાં નાનાં ગામોનો સમાવેશ થતો. 'સ્થલી' મૈત્રક કાલમાં સુરાષ્ટ્રમાં પ્રચલિત હતી. 'પથકનો' વિભાગ તાલુકા જેવો હતો; દા. ત. નગરક પથક, કાલાપક પથક, કોરિલ્લા પથક. 'પથક'થી થોડો મોટો વિભાગ 'આહરણી' કે 'આહાર' કહેવાતો; જેમકે હસ્તવપ્ર આહરણી, ખેટક આહાર, કાર્મણેય આહાર.[૨૯]

આ કાલ દરમ્યાન મોટા વહીવટી વિભાગોમાં 'વિષય' સહુથી વધુ પ્રચલિત હતો. એ હાલના જિલ્લા જેવો વિભાગ હતો. મૈત્રક કાલમાં ખેટક વિષય, માલવક વિષય, શિવભાગપુર વિષય, સૂર્યાપુર વિષય, ભરુકચ્છ વિષય, અંતર્નર્મદા વિષય, અક્રૂરેશ્વર વિષય, સંગમખેટક વિષય અને કાશાકૂલ વિષય જેવા અનેક વિષય પ્રચલિત હતા (નકશો ૧), જ્યારે અનુ-મૈત્રક કાલમાં ભરુકચ્છ વિષય, કંતારગ્રામ વિષય, પચ્છત્રી વિષય, સુવર્ણમંજરી વિષય વગેરે વિષય પ્રચલિત હતા (નકશો ૩). ક્યારેક વિષયના 'પદ્ર' નામે મુખ્ય વિભાગ પાડવામાં આવતા; જેમકે શિવભાગપુર વિષયનો 'દક્ષિણપદ્ર.' આથી 'પદ્ર' એ બ્રિટિશ કાલના 'ડિવિઝન' જેવો વિભાગ લાગે છે. 'ભુક્તિ' ઉત્તર ભારત તથા પૂર્વ ભારતમાં વિષય કરતાં મોટો વહીવટ વિભાગ હતો, જ્યારે પશ્ચિમ ભારતમાં એ વિષયના પર્યાયરૂપ લાગે છે; જેમકે 'માલવક ભુક્તિ' ને 'વર્દ્ધમાન ભુક્તિ.' અનુ-મૈત્રક કાલમાં 'મંડલ' વિષયથી મોટો વિભાગ હતો; દા. ત., ખેટક મંડલમાં કાશહ્રદ વિષય. વહીવટી વિભાગોમાં સહુથી મોટો વિભાગ 'દેશ' હતો; જેમકે લાટ દેશમાં ખેટક મંડલ.[૩૦]

રાષ્ટ્રકૂટ રાજ્યમાં ઘણા વહીવટી વિભાગ અમુક અમુક સંખ્યાનાં ગામોના સમૂહ તરીકે પ્રચલિત હતા. એમાં ૭૫૦ ગામોના કે ૧૧૬ ગામોના મોટા સમૂહ હતા, ૨૪ ગામોના કે ૧૨ ગામોના કે ૧૦ ગામોના નાના સમૂહ હતા, તો ૮૪ ગામો કે ૪૨ ગામોના મધ્યમ સમૂહ પણ હતા; જેમકે ખેટક–૭૫૦, હર્ષપુર –૭૫૦, કાસદ્રહ–૭૫૦, વરિઅવિ–૧૧૬, કર્પટવાણિજ્ય–૮૪, અંકોટ્ટક–૮૪, વાહાઉલ–૮૪, માહિષક–૪૨, તૈલાટ–૪૨, સંજાણ–૨૪, સીહરખિ–૧૨ અને રૂરિદ્ધા–૧૦ (નકશો ૩). સૌરાષ્ટ્રમાં પણ–નક્ષિસપુર–૮૪ નામે વિભાગ હતો.

મૈત્રક કાલ દરમ્યાન સૌરાષ્ટ્રને 'સુરાષ્ટ્ર' કહેતા ને દેશવાચક નામ તરીકે એનો પ્રયોગ બહુવચનમાં થતો. વળી 'સુરાષ્ટ્રા' જેવું સ્ત્રીલિંગ રૂપ પણ પ્રયોજાતું.[૩૧] સુરાષ્ટ્રમાં પૂર્વભાગમાં હસ્તવપ્ર આહરણી નામે વિભાગ હતો, જે આગળ જતાં 'આહાર'માં વિકસ્યો હતો; દક્ષિણપશ્ચિમમાં કૌડિન્યપુરનો વિભાગ હતો, જેના 'પટ્ટ' નામે પેટા વિભાગ હતા; ને ઉત્તરપૂર્વમાં વર્દ્ધમાન ભુક્તિ નામે વિભાગ હતો.[૩૨] વળી ઘાસરક, કાલાપક અને રોહાણક જેવા પથક હતા; ને બિલ્વખાત, ઝરિ, વટપાલ્લકા, પુણ્યાનક, આનુમંજી, નિમ્બકૂપ, કદંબપદ્રક, લોણાપદ્રક વગરે અનેક સ્થલીઓ હતી.[૩૩]

મધ્ય ગુજરાતમાં ખેટક વિષય હતો. એની અંદર ખેટક આહાર હતો. ખેટક આહારની અંદર બંડરિજિદ્રિ, કોણક, સિંહપલ્લિકા, નગરક અને ઉપ્પલહેટ જેવા પથક હતા.[૩૪] ખેટક વિષયની ઉત્તરે આનંદપુર પ્રદેશ હતો[૩૫] ને પૂર્વે સૂર્યાપુર વિષય તથા શિવભાગપુર વિષય હતા.[૩૬] એની ઉત્તરપૂર્વે માલવક ભુક્તિ કે માલવક વિષય નામે વિભાગ હતો, જેનું પાટનગર પ્રાયઃ દશપુર હતું.[૩૭] શિવભાગપુર વિષયની દક્ષિણે સંગમખેટક (સંખેડા) વિષય હતો. એની પશ્ચિમે ભરુકચ્છ (ભરૂચ) વિષય હતો. નર્મદાની દક્ષિણે પશ્ચિમમાં અક્રૂરેશ્વર વિષય અને એની પૂર્વે નાંદીપુરી કે નાંદીપુર વિષય હતો[૩૮] (નકશો ૧).

નર્મદાની દક્ષિણે આવેલો અંતર્નર્મદા પ્રદેશ વહીવટી દષ્ટિએ અક્રૂરેશ્વર વિષય તરીકે ઓળખાતો. એની દક્ષિણે કાશાકૂલ વિષય હતો. તાપીની દક્ષિણે જતાં પશ્ચિમમાં કંતારગ્રામ વિષય હતો. એની પૂર્વે કાર્મણેય આહાર હતો, જે ૧૧૬ ગામોનો સમૂહ લાગે છે; એની પૂર્વે ધરાય વિષય હતો. તાપી અને મીંઢોળાની વચ્ચે પ્લક્ષરકી, તથ(બગ)-ઉંબરા અને ત્રેયણ્ણ આહાર હતા. મીંઢોળાની દક્ષિણે અંતર્મંડલી વિષય હતો. કરહવલ આહાર પ્રાયઃ એની અંતર્ગત હતો. પૂર્ણાની દક્ષિણે બાહિરિકા વિષય હતો. દમણગંગાની દક્ષિણે કુરાટ વિષય હતો.[૩૯]

અનુ-મૈત્રક કાલમાં વઢવાણની દક્ષિણપૂર્વે આવેલો પ્રદેશ અડ્ડાણક દેશ તરીકે ઓળખાતો. એમાં કંથિકા નામે સ્થલી હતી.[૪૦] દક્ષિણ સૌરાષ્ટ્રમાં નક્ષિસપુર–૮૪ વિભાગ હતો.[૪૧] પશ્ચિમ સૌરાષ્ટ્રને 'અપરસુરાષ્ટ્રામંડલ' કહેતા; એમાં પચ્છત્રી વિષય અને સુવર્ણમંજરી વિષય હતા.[૪૨]

આ કાલ દરમ્યાન રાષ્ટ્રકૂટ રાજ્યનો પ્રદેશ 'લાટમંડલ' તરીકે ઓળખાતો. એનું પાટનગર ખેટક (ખેડા) હતું. ખેટક ૭૫૦ ગામોના સમૂહનું ય વડું મથક હતું.[૪૩] આગળ જતાં એ વિભાગ 'મંડલ' ગણાયો.[૪૪] મહી અને ઢાઢર વચ્ચે

આવેલો કાવી પ્રદેશ ખેટક મંડલની અંતર્ગત ગણાતો.[૪૫] ખેટક મંડલના પૂર્વ ભાગમાં માહિષક-૪૨ વિભાગ હતો.[૪૬]

ખેટકમંડલની ઉત્તરપશ્ચિમે કાશહ્રદ વિભાગ હતો.[૪૭] ઉત્તરે હર્ષપુર-૭૫૦ વિભાગ હતો. એની અંદર કર્પટવાણિજ્ય(કપડવંજ)-૮૪ વિભાગ હતો, જેની અંદર વળી રૂરિદ્ધા-૧૦ પેટાવિભાગ હતો.[૪૮] મહી-નર્મદાના-અંતરાલ દેશમાં અંકોટ્ટક-૮૪ વિભાગ હતો.[૪૯] સીહરખિ-૧૨ વિભાગ[૫૦] એની અંદર આવેલો જણાય છે. નર્મદાની ઉત્તરે ભારુકચ્છ દેશ આવેલો હતો,[૫૧] જેને ભરુકચ્છ વિષય પણ કહેતા.[૫૨] એની પૂર્વે મંકણિકા ભુક્તિ હતી. એનું વડું મથક મંકણિકા (માંકણી) સંખેડા પાસે આવેલું હતું. વાહાઉલ-૮૪ વિભાગ[૫૩] પ્રાયઃ આ ભુક્તિની અંતર્ગત હતો.

તાપીની ઉત્તરે વરિઅવિ-૧૧૬ વિભાગ હતો.[૫૪] વરિઅવિ એ હાલનું વરિઆવ (તા. કામરેજ) છે. એની દક્ષિણપશ્ચિમે કંતારગ્રામ વિષય હતો, જેને અગાઉ કવરિકા વિષય કહેતા.[૫૫] એમાં મદ્રાપી(મીંઢોળા) નદીને ઉત્તર તીરે કાંપિલ્ય વિહાર આવ્યો હતો; એ હાલનું કાપલેથા (તા. ચોર્યાસી) છે. એની પૂર્વે કર્માંતપુર વિષય હતો.[૫૬] એ ૧૧૬ ગામોનો સમૂહ હતો.[૫૭] કર્માંતપુર અને કમ્મણિજ-કાર્મણેય (કામરેજ) પ્રાયઃ એક જ છે. મીંઢોળા અને પૂર્ણા નદીની વચ્ચે સુહિલા વિષય હતો.[૫૮] તૈલાટ-૪૨ વિભાગ[૫૯] એના પશ્ચિમ ભાગમાં આવ્યો જણાય છે. પૂર્ણાની દક્ષિણે નાગસારિકા[૬૦] (નવસારિકા) વિભાગ હતો. અંબિકાથી દમણગંગા સુધીના પ્રદેશના વહીવટી વિભાગો વિશે કંઈ માહિતી ઉપલબ્ધ થઈ નથી. દમણગંગાની દક્ષિણે સંજાણ-૨૪ વિભાગ હતો;[૬૧] આગળ જતાં એ વિભાગ મંડલમાં વિકસ્યો.[૬૨]

### ભૂમિનો ભોગવટો

ભૂમિની માલિકી કાયદેસર રાજાની ગણાતી ને ખરીદી બક્ષિસ કે દાનની રૂએ એના ભોગવટાનો જ હક રહેતો, છતાં વ્યવહારમાં તો એનો કબજો ભોગવટો ધરાવનાર એના માલિક જેવો જ ગણાતો. રાજ્યની તમામ કૃષ્ય ભૂમિ સામાન્યતઃ 'કરદ' (કરને પાત્ર) હતી, પરંતુ રાજા તરફથી ધર્મદેય તરીકે અપાયેલી ભૂમિ ભૂમિચ્છિદ્ર(પડતર જમીન)ના ન્યાયે 'અ-કરદ' (કરમુક્ત) ગણાતી. આ ભૂમિ પ્રતિગ્રહીતાને શાશ્વત ધોરણે અપાતી: ને એના ભોગવટાનો હક પુત્રપૌત્રાદિ વારસોને પણ મળતો. ધર્મદેયની ભૂમિ લેનારને એ ભૂમિ 'ભોગવવાનો, ખેડવાનો, ખેડાવવાનો અને સુપરત કરવાનો' હક રહેતો.[૬૩]

## ભૂમિની માપણી

ભૂમિદાનમાં જ્યારે ક્ષેત્ર, વાપી કે કૂપનું દાન દેવામાં આવતું ત્યારે દાનશાસનમાં એનું માપ જણાવવામાં આવતું. આ માપની વિગતો પરથી એ સમયની મોજણી-(જમીન-માપણી)ની કેટલીક પદ્ધતિઓ વિશે માહિતી મળે છે. સુરાષ્ટ્રમાં જમીનની માપણી 'પાદાવર્ત' એટલે પાદને એક બાજુ ફેરવીને મપાય એટલો, (અર્થાત્ એક પાદ ચોરસ = એક પાદ લાંબો અને એક પાદ પહોળો) ભૂમિનો ખંડ; દા. ત. ૧૦૦ પાદાવર્તનું ક્ષેત્ર એટલે ૧૦૦ × ૧૦૦ = ૧૦,૦૦૦ ચોરસ પાદ ક્ષેત્ર. માલવકમાં ભૂમિ 'ભક્તી' માં મપાતી. આ માપ લગભગ પાદાવર્ત જેટલું લાગે છે. દક્ષિણ ગુજરાતમાં ભૂમિની માપણી 'નિવર્તન' માં થતી. નિવર્તન એટલે એક દિવસનું ખેડકામ કરી એમાંથી નિવૃત્ત થવાય એટલો ભૂમિખંડ. વ્યવહારમાં એક નિવર્તન એટલે ૩૦ દંડ લાંબો અને ૩૦ દંડ પહોળો ભૂમિનો ખંડ એવી ગણતરી થતી. કેદાર(ક્યારડા)ની મોજણી 'વ્રીહિપિટક'ની સંખ્યામાં થતી. એ પદ્ધતિમાં જેટલા પિટક (ટોપલા) વ્રીહિ (ડાંગર) વાવી શકાય તેટલા પિટકની સંખ્યા ગણાતી. આ અંગે એક વ્રીહિપિટક ભૂમિખંડ કેટલા ક્ષેત્રફળનો ગણાતો એ જાણવા મળ્યું નથી. ખેટક વિષયમાં તથા સંગમ-ખેટક વિષયમાં વ્રીહિપિટકનાં વિશિષ્ટ માપ (માન) પ્રચલિત હતાં.[૧૪]

## રાજ્યની આવકનાં સાધન

ભૂમિદાનને લગતાં રાજશાસનો પરથી ભૂમિને લગતાં રાજ્યની આવકનાં વિવિધ સાધનો વિશે માહિતી મળે છે. મહેસૂલ (રાજ્યની આવક) માટે 'આદેય' કે 'આદાન' શબ્દ પ્રયોજાતો. ગ્રામ ક્ષેત્ર વગેરેને લગતાં આદેયોમાં ઉદ્રંગ, ઉપરિકર, ધાન્યાદેય, હિરણ્યાદેય, ભાગ, ભોગ, વાતપ્રત્યાય, ભૂતપ્રત્યાય, વિષ્ટિ અને દશાપરાધનો ઉલ્લેખ આવે છે. ઉદ્રંગ એટલે ખેડૂતો પાસેથી છૂટક છૂટક મહેસૂલ ઉઘરાવી લેનાર જમીનદાર પાસેથી વસૂલ કરવામાં આવતું મુકરર સામટું મહેસૂલ. ઉપરિકર એટલે જમીન પર માલિકીહક ન ધરાવતા ખેડૂતો ઉપર નાખેલો વધારાનો કર. ધાન્યના મુકરર ભાગના રૂપમાં લેવાતું મહેસૂલ 'ધાન્યાદેય' કહેવાતું ને હિરણ્ય-(સુવર્ણ)ના અર્થાત્ નગદ નાણાના રૂપમાં લેવાતું મહેસૂલ 'હિરણ્યાદેય' કહેવાતું. ઊપજના મુકરર હિસ્સાના રૂપમાં લેવાતા કરને 'ભાગ' કહેતા ને દૈનિક વપરાશ માટે લેવાતી ફળફૂલ શાક વગેરેની ભેટોને 'ભોગ' કહેતા. વાતપ્રત્યાય એટલે બહારથી આયાત કરેલી ચીજો પરનું શુલ્ક (જકાત) અને ભૂતપ્રત્યાય એટલે ગામમાં ઊપજેલી ચીજો પરનું શુલ્ક. જ્યારે જ્યારે જરૂર ઊભી થાય ત્યારે ત્યારે વિષ્ટિ (વેઠ)

અર્થાત્ વગર મહેનતાણાની સેવા મેળવવાનો રાજ્યના અધિકારીઓને હક રહેતો. દશાપરાધ એટલે દસ પ્રકારના અપરાધો માટે લેવાતા દંડની આવક.[૬૫]

## પાદટીપો

૧. મૈત્રક ધ્રુવસેન ૨ જાની પ્રશસ્તિ પરથી સૂચિત

૨. અહિરોલ તથા ગોવિંદ ૪ થાની પ્રશસ્તિ પરથી સૂચિત

૩. મૈ. ગુ., ભા. ૨, પૃ. ૫૦૪  ૪. એજન, પૃ. ૫૦૫

૫. જુઓ યુવરાજ શ્રયાશ્રય શીલાદિત્યનાં દાનશાસન; ધ્રુવરાજે ગોવિંદ ૩ જાને કંઠિકા આપી એમાં એને યુવરાજ નીમ્યાનો અર્થ અભિપ્રેત હોવાનું ધારવામાં આવ્યું છે.

૬. મૈ.ગુ., ભા. ૨. પૃ. ૫૦૫  ૭. ગુઐલે, લેખ ૧૩૩-૧૩૪

૮. મૈ.ગુ., ભા. ૧, પૃ. ૧૨૮  ૯. એજન, ભા. ૨, પૃ. ૫૭૦

૧૦. એજન, પૃ. ૫૦૮-૫૦૯  ૧૧. એજન, પૃ. ૫૧૦-૫૧૧

૧૨. એજન, પૃ. ૫૧૨  ૧૩. એજન, પૃ. ૫૧૨-૫૧૫

૧૪. ગુજરાતમાં "ધ્રુવ" અથવા "ધ્રૂ" અટક આ હોદ્દા પરથી પડી છે.

૧૫. મૈ.ગુ., ભા. ૨, પૃ. ૫૧૫-૫૧૬

૧૬. આ દસ પ્રકાર માટે જુઓ એજન, પૃ. ૫૧૬-૫૧૭.

૧૭. મૈ.ગુ., ભા. ૨, પૃ. ૫૧૬-૫૧૭  ૧૮. એજન, પૃ. ૫૧૭

૧૯. એજન, પૃ. ૫૧૭-૫૧૮  ૨૦. એજન, પૃ. ૫૧૮-૫૧૯

૨૧. સૈંધવ દાનશાસનોમાં

૨૨. D. C. Sircar, *Indian Epigraphical Glossary*, p. 359

૨૩. રાષ્ટ્રકૂટ દાનશાસનોમાં  ૨૪. *I. E. G.*, p. 7

૨૫. રાષ્ટ્રકૂટ દાનશાસનોમાં  ૨૬. *I. E. G.*, p. 366

૨૭. ચાપ દાનશાસનમાં

૨૮. પ્રાચીન-અર્વાચીન નામોના સંભવિત સમીકરણ અનુસાર ભદ્રપત્તનનું ભદ્રપાટક-ભાદરોડ અને સૂર્યાપુરનું સૂર્યપલ્લી-સુરેલી થયું લાગે છે. એવી રીતે નાંદીપુર છેવટે નાંદીપદ્ર-નાંદોદ થયું.

૨૯-૩૦. મૈ.ગુ., ભા. ૨, પૃ. ૫૨૦-૫૨૩; પરિશિષ્ટ ૪; હ. ગં. શાસ્ત્રી, ગુ. પ્રા. ઇ., પૃ. ૧૫૩-૧૫૫

૩૧. મૈ. ગુ., ભા. ૧, પૃ. ૧૭૧-૧૭૩  ૩૨. એજન, પૃ. ૧૭૪-૧૭૬

૩૩. એજન, પૃ. ૧૭૭-૧૮૧  ૩૪. એજન, પૃ. ૧૮૨-૧૮૪

૩૫. એજન, પૃ. ૨૦૯-૨૧૧  ૩૬. એજન, પૃ. ૨૦૨-૨૦૪

૩૭. એજન, પૃ. ૧૯૫-૨૦૨

૩૮. એજન, પૃ. ૨૦૪–૨૦૫, ૨૯૮–૨૯૯, ૩૦૯–૩૧૦
૩૯. મૈ.ગુ., ભા. ૨, પ્ર. ૯
૪૦. ગુઐલે, લેખ ૨૩૬
૪૧. એજન, લેખ ૨૩૪–૨૩૫
૪૨. *E. I.*, Vol XXVI, pp. 185 ff.
૪૩. ગુઐલે, લેખ ૧૩૨
૪૪–૪૫. એજન, લેખ ૧૩૫
૪૬. એજન, લેખ ૧૨૫ ક
૪૭. એજન, લેખ ૧૨૭
૪૮. એજન, લેખ ૧૩૨
૪૯. એજન, લેખ ૧૨૩
૫૦. એજન, લેખ ૧૨૪
૫૧. બુદ્ધિપ્રકાશ, વર્ષ ૧૧૭, પૃ. ૩૫૬
૫૨. ગુઐલે, લેખ ૧૨૫
૫૩. એજન, લેખ ૧૨૫ અ
૫૪. એજન, લેખ ૧૩૧
૫૫. એજન, લેખ ૧૩૦ અ
૫૬. બુદ્ધિપ્રકાશ, વર્ષ ૧૧૭, પૃ. ૩૧૭; ગુઐલે, લેખ ૧૨૯
૫૭. ગુઐલે, લેખ ૧૨૯
૫૮. એજન, લેખ ૧૩૦ અ
૫૯. એજન, લેખ ૧૨૮
૬૦. એજન, લેખ ૧૨૫ બ
૬૧. એજન, લેખ ૧૩૦
૬૨. બુદ્ધિપ્રકાશ, વર્ષ ૧૦૮, પૃ. ૩૧૪
૬૩. મૈ. ગુ., ભા. ૨, પૃ. ૫૨૩–૫૨૫
૬૪. એજન, પૃ. ૫૨૫–૫૨૭
૬૫. એજન, પૃ. ૫૨૭–૫૨૮

'ભૂતપ્રત્યાય' એટલે ભૂમિમાં થતા કુદરતી ફેરફારોથી ઊપજતી આવક અને 'વાતપ્રત્યાય' એટલે પવનનાં તોફાનોમાંથી ઊપજતી આવક એવો એ શબ્દોનો જુદો અર્થ પણ ઘટાવવામાં આવ્યો (*I. E. G.*, p. 59).

# ખંડ ૩

# સાંસ્કૃતિક ઇતિહાસ

## પ્રકરણ ૧૦

## સામાજિક અને આર્થિક સ્થિતિ

મૈત્રક કાલમાં અને ત્યાર પછીના કાલમાં ગુજરાત અને સૌરાષ્ટ્રનો પ્રદેશ સારી રીતે વસેલો હતો. ગામોમાં મુખ્ય વસ્તી તો ખેડૂતોની હશે એમ સ્વાભાવિક રીતે મનાય. કુટુંબી(કણબી)નો ઉલ્લેખ અમુક તામ્રપત્રોમાં મળે છે.[1] એ સાથે કુંભાર, લુહાર, સુથાર, મોચી, વાળંદ, દરજી, ચમાર વગેરે ધંધાદારીઓ અને વસવાયાંની વસ્તી હશે એનું પણ અનુમાન થઈ શકે છે. ખેડૂતો અને એમની આસપાસના વ્યાવસાયિકો ઉપરાંત ગામ બહાર નેસડા(ઘોષ)ઓમાં વસનાર અને એક સ્થળેથી બીજે સ્થળે ફરતા રહેનાર, ગાયો ઘેટાં બકરાં પાળનાર પશુપાલકો આભીર–આહીર, ભરવાડ, રબારીની વસ્તી પણ હશે.

મૈત્રક દાનશાસનોમાં વર્ણાશ્રમ–આચારના કેટલાક ઉલ્લેખ છે. યુઅન શ્વાંગે એ કાલના સમાજ વિશે લખતાં ચાર વર્ણોનો નિર્દેશ કર્યો છે. કાયસ્થ કવિ સોડ્ઢલકૃત 'ઉદયસુંદરીકથા' અનુસાર, વલભીના રાજા શીલાદિત્યે નવા અમાત્યની પસંદગી વખતે ચારે વર્ણોનો વિચાર કરી જોયો હતો. અર્થાત્ સ્મૃતિપ્રોક્ત ચાતુર્વર્ણ્યની વ્યવસ્થા સમાજમાં એકંદરે પ્રચલિત હતી.[2] વલભી દાનશાસનોમાં બ્રાહ્મણો, રાજાઓ ને ભિક્ષુઓ ઉપરાંત વાણિજક (વેપારી), વર્ધકિ (સુથાર, હિંદી 'બઢઈ'), કુટુંબી (કણબી), કુંભાર, નાપિત વગેરેના ઉલ્લેખ છે, પણ બ્રાહ્મણો કે વાણિજકો વગેરેમાં પછીના સમય જેવા જ્ઞાતિભેદ પ્રચલિત થયા

હોય એમ જણાતું નથી. એમાં જણાવેલા આનંદપુરના બ્રાહ્મણો અનુકાલીન નાગરોના પૂર્વજ હોવા સંભવે છે, પણ એમના નામની સાથે નાગર શબ્દનો પ્રયોગ ક્યાંય દેખા દેતો નથી. એવી રીતે બ્રાહ્મણોની બીજી કોઈ જ્ઞાતિનોયે ઉલ્લેખ આવતો નથી. વળી વાણિજકોનાં નામોની સાથે પણ કોઈ જ્ઞાતિભેદનો શબ્દ નજરે પડતો નથી. સોલંકી કાલના સાહિત્યમાં તેમજ લેખોમાં બ્રાહ્મણો ને વાણિયાઓની જુદી જુદી અનેક જ્ઞાતિઓના ઉલ્લેખ આવે છે, પણ મૈત્રક-કાલીન લેખોમાં માત્ર રાજવંશોનાં જુદાં જુદાં કુલોનો ઉલ્લેખ આવે છે. આ પરથી સોલંકી કાલમાં દેખા દેતી જ્ઞાતિભેદની પ્રથા મૈત્રક કાલમાં ખાસ પ્રચલિત થઈ લાગતી નથી. દાનશાસનોમાં તો મુખ્યતઃ ધંધાદારી વર્ગભેદ જ દેખા દે છે.[3]

ખાસ કરીને ક્ષત્રિય અને બ્રાહ્મણ વર્ણનો આખા દેશમાં એક એક સમુદાય હતો એમ જણાય છે. ક્ષત્રિયો, ઉપર કહ્યું તેમ, મુખ્યત્વે વંશના નામથી ઓળખાતા અને બ્રાહ્મણો અમુક ગામના, અમુક ગોત્રના અને વેદપાઠી એ રીતે ઓળખાતા. રોટીવ્યવહાર અને બેટીવ્યવહાર કોઈ પણ પ્રદેશના બ્રાહ્મણનો બીજા પ્રદેશના બ્રાહ્મણ સાથે થઈ શકતો.[4] ક્ષત્રિયોએ તો એ બાબતમાં પાછળથી પણ ઘણી છૂટ રાખેલી છે. વૈશ્યોમાં પણ આવી છૂટ હશે એમ કલ્પના થઈ શકે છે. દરેક વર્ણના પુરુષ માટે પોતાના વર્ણની સ્ત્રી સાથેનું લગ્ન ધર્મશાસ્ત્રોમાં પ્રશસ્ત ગણ્યું છે, પણ જેની ઇચ્છા હોય તે પોતાથી ઊતરતા વર્ણની સ્ત્રી સાથે લગ્ન–અનુલોમ–લગ્ન કરી શકતા. બ્રાહ્મણ પુરુષથી શૂદ્ર સ્ત્રીમાં ઉત્પન્ન થયેલ પ્રજા તે પારશવ. વલભીનો સમકાલીન મહાકવિ બાણ 'હર્ષચરિત'માં બે પારશવ ભાઈઓનો ઉલ્લેખ કરે છે એ ઉપરથી સ્પષ્ટ છે કે વિદ્વાન બ્રાહ્મણના ઘરમાં શૂદ્ર સ્ત્રી હોય એ એ કાલે નિંદિત ગણાતું નહોતું. કનોજના ગુર્જર–પ્રતીહાર રાજા મહેંદ્રપાલના ગુરુ અને 'કાવ્યમીમાંસા'ના કર્તા રાજશેખરે (ઈ. સ. ૮૮૦–૯૨૦) વિદુષી ચૌહાણ અવંતિસુંદરી સાથે લગ્ન કર્યું હતું એ પ્રસિદ્ધ છે. મેવાડના ગુહિલો, મારવાડના પરમારો, મંડોરના પ્રતીહારો વગેરે રાજવંશોના મૂળ પુરુષોને 'બ્રહ્મક્ષત્ર' અર્થાત્ બ્રાહ્મણ પુરુષથી ક્ષત્રિય કન્યામાં ઉત્પન્ન થયેલા, તે તે વંશના કેટલાક લેખોમાં, કહ્યા છે એ પણ સૂચક છે.[5] રાજસત્તા પ્રાપ્ત કરનાર કુલ મૂળ ગમે તે જાતિ કે વર્ણનું હોય, પણ કાલાંતરે એ ક્ષત્રિય વર્ણનું જ ગણાતું. આ અનુસાર અગાઉ વ્રાત્ય વૈશ્ય ગણાયેલા મૈત્રકો રાજસત્તા પર આવતાં ક્ષત્રિય ગણાયા હતા તેમજ ગુર્જરનૃપતિવંશના રાજાઓ સમય જતાં વીર કર્ણના વંશજ ગણાતા હતા.[6] ઈસ્વી સનના ઠેઠ ૧૧ મા સૈકાનો અલ્–બીરૂની લખે છે કે ભારતમાં ચારે વર્ણના લોકો એકઠા રહે છે અને એકબીજાના હાથનું ખાય છે. સ્પર્શ્યાસ્પર્શ્ય

અને ભક્ષ્યાભક્ષ્યનો વિવિધ વર્ણો વચ્ચે બાધ ન હોય ત્યાં સંકુચિત જ્ઞાતિપ્રથા વિકસી શકે નહિ એ સ્પષ્ટ છે.

ઉચ્ચ વર્ણોમાં વિધવાવિવાહ પ્રચલિત નહોતો, પણ સતીનો રિવાજ હતો એમાં શંકા નથી.[૭] પડદાનો રિવાજ નહોતો. ચક્રવર્તી હર્ષની બહેન અને માતા દરબારીઓને મળતાં એમ બાણ અને યુઅન શ્વાંગના ઉલ્લેખોમાંથી જણાય છે. અરબ મુસાફર અબુ ઝૈદ (ઈ. સ. ૯૧૬) લખે છે કે રાજદરબારમાં અને જાહેર સ્થાનોમાં દેશીઓ અને વિદેશીઓ સામે રાજરાણીઓ ખુલ્લે મોઢે આવતી.[૮] ગુલામીની–દાસદાસીની પ્રથા પૂર્વ કાલની જેમ સર્વસ્વીકૃત હતી.

આ તો સર્વસામાન્ય રૂઢિ કે રિવાજની વાત થઈ, પણ કેટલાક પ્રાદેશિક રીતરિવાજોના પણ ઉલ્લેખ મળે છે. જૈન આગમની કેટલીક ટીકાચૂર્ણિઓમાં લાટ-(દક્ષિણ ગુજરાત)ની કેટલીક સામાજિક રૂઢિઓના નિર્દેશ છે. 'નિશીથચૂર્ણિ' પ્રમાણે, લાટમાં મામાની દીકરી ગમ્ય છે, પણ માશીની દીકરી અગમ્ય છે.[૯] 'નિશીથચૂર્ણિ' નોંધે છે કે દક્ષિણાપથમાં લોહકાર અને કલાલ જાત્યધમ ગણાય છે તેમ લાટમાં ચર્મકાર જાત્યધમ ગણાય છે.[૧૦]

વ્યાવસાયિકોના કેટલાક ઉલ્લેખ ઉપર નોંધ્યા છે. આ ધંધાદારીઓને લગતો એક રસપ્રદ નિર્દેશ મળે છે. 'આવશ્યકચૂર્ણિ' અનુસાર, ભરૂચથી ઉજ્જયિની જવાના માર્ગ ઉપર નટપિટક (પ્રા. नडपिडअ) નામે એક ગામ હતું.[૧૧] સંભવતઃ એ નટો વડે વસાયેલું ગામ હશે. ઉજ્જયિની પાસે પણ નટોનું એક ગામ હતું. રોહક નામે નટપુત્ર એ ગામનો હતો; એની ચતુરાઈની અનેક વાર્તાઓ જૈન આગમ સાહિત્યમાં સંઘરાઈ છે.[૧૨] મુખ્યત્વે એક વર્ગ કે વ્યવસાયના લોકોથી વસેલાં અન્ય ગ્રામોના ઉલ્લેખ પ્રાચીન ભારતીય સાહિત્યમાં આવે છે.

વર્ણવ્યવસ્થાની પરિપાટી અને જ્ઞાતિપ્રથાના અભાવના સંદર્ભમાં 'દેવલસ્મૃતિ'-(ઈ. સ. ૯૦૦ આસપાસ)નો ઉલ્લેખ અહીં પ્રસ્તુત થશે. આપણા અભ્યાસપાત્ર કાલખંડના ઉત્તરાર્ધમાં સિંધ અને ગુજરાત ઉપર મુસ્લિમ આક્રમણ શરૂ થઈ ગયાં હતાં અને ગુજરાતમાં મુસ્લિમો મોટી સંખ્યામાં વસવા લાગ્યા હતા. મુસ્લિમો વડે વટલાવવામાં આવેલા માણસોને અને અપહૃત થયેલી સ્ત્રીઓને શુદ્ધ કરીને આર્ય ધર્મમાં અપનાવી લેવાનાં વિધિવિધાનો 'દેવલસ્મૃતિ'માં આપ્યાં છે.[૧૩] એમાંનાં વિધાનોને અલ્-બીરૂનીની નોંધો વડે અનુમોદન મળે છે. આ બતાવે છે કે હિંદુ સમાજવ્યવસ્થા જડ બની ગઈ નહોતી અને સમયાનુસાર પરિવર્તનો માટેની શક્તિ એણે ટકાવી રાખી હતી.

આ યુગના ખાનપાન વિશે સ્પષ્ટ રીતે ઓછી માહિતી મળે છે. યાજ્ઞવલ્ક્ય ( આચારાધ્યાય, શ્લોક ૧૭૯ તથા ૧૭૬ ) વગેરે સ્મૃતિઓમાં અહિંસા અને માંસ-ત્યાગ પ્રત્યેનું સ્પષ્ટ વલણ દેખાય છે. મૈત્રક કાલમાં, ખાસ કરીને બ્રાહ્મણ અને જૈનોના ખોરાકમાં, નિરામિષ આહારનો આગ્રહ રહેતો હશે એમ અનુમાન થઈ શકે છે. અનુ-મૈત્રક કાલમાં આ તરફ આવેલો અરબ મુસાફર અલ્–મસૂદી (ઈ. સ. ૯૪૫) કહે છે કે ઉચ્ચ વર્ણના હિંદુઓ, જેઓ પીળા તાંતણા (જનોઈ) પહેરે છે તેઓ, માંસને અડતા નથી તેમ દારૂ પીતા નથી.[૧૪] એ બતાવે છે કે નિરામિષ આહારનું વલણ ઉત્તરોત્તર દૃઢ થતું જતું હતું. જીવહિંસા ન થાય એ માટે રાજા શીલાદિત્યના હાથી અને ઘોડાને ગાળેલું પાણી પાવાનો આગ્રહ રાખવામાં આવતો એની નોંધ ચીની મુસાફર યુઅન શ્વાંગે કરી છે.[૧૫] ખેટક માલવ અને ભરુકચ્છ વિષયનાં દાનશાસનોમાં ધાન્યમાં મુખ્ય ઉલ્લેખ વ્રીહિ(ડાંગર)નો છે. માલવ દેશના વર્ણનમાં યુઅન શ્વાંગે ઘઉંના શિયાળુ પાકનો તથા ઘઉંની ચાનકીના આહારનો નિર્દેશ કર્યો છે. આથી ઘઉં અને ચોખા મુખ્ય ખોરાક હશે એમ કહી શકાય. બોર, કેરી, ઉંમરડાં. કોઠાં, ખજૂર વગેરે ફળોના ઉલ્લેખ દાનશાસનોમાં પ્રસંગોપાત્ત આવે છે, એ ઉપરથી આ પ્રદેશમાં ફળોની થતી પેદાશનો કેટલોક ખ્યાલ આવે છે.[૧૬] નિરામિષ આહારનો આગ્રહ સમાજમાં બલવત્તર થતો હતો, છતાં માંસાહાર અને મદિરાપાન નીકળી ગયાં હતાં એમ માનવાનું નથી. જૈન આગમ ‘વ્યવહારસૂત્ર’નાં ભાષ્ય અને ટીકા અનુસાર, સોપારકના બે શ્રાવકોમાં એક શાકટિક–ગાડાં ચલાવનાર અને બીજો વૈકટિક–દારૂ ગાળનાર હતો. જૈન આચાર્ય મંગૂએ વૈકટિક સાથે પ્રસંગોપાત્ત પ્રશ્નોત્તરીમાં એક ઉદાહરણ આપતાં કહ્યું હતું કે ‘હે વૈકટિક! તમારી કૂંડી દુર્બલ હોય તેને વાંસની પટીઓથી બાંધીને પછી એમાં મદ્ય ભરો છો, પણ મજબૂત કૂંડીને બંધનની જરૂર પડતી નથી.’ આ બતાવે છે કે વૈકટિકનો વ્યવસાય પણ સામાજિક દૃષ્ટિએ હેય ગણાતો નહોતો.[૧૭] માહેશ્વર, શ્રીમાલ અને ઉજ્જયિની-માં અમુક પ્રસંગોએ લોકો સમૂહમાં એકત્ર થઈને સુરાપાન કરતા એવો ઉલ્લેખ ‘આવશ્યક સૂત્ર’ ઉપરની ચૂર્ણિમાં છે.[૧૮]

મૈત્રકકાલીન દાનશાસનોમાં રાજાઓના વિવિધ અલંકારોના નિર્દેશ આવે છે. રાજચિહ્નોમાં આતપત્ર(છત્ર) અને પાદપીઠનો પણ ઉલ્લેખ છે. સ્ત્રીના મુખને રંગવાનો તથા અંશુકથી અવગુંઠિત કરવાનોયે નિર્દેશ છે.[૧૯] વસ્ત્રો વિશે કોઈ વિશેષ માહિતી મૈત્રકકાલીન ગુજરાતના સાહિત્યમાંથી મળતી નથી, પણ સમકાલીન ભારતીય સાહિત્ય, શિલ્પો અને ચિત્રો ઉપરથી એ કાલના પહેરવેશ વિશે આમ કહી શકાય : પુરુષો અને સ્ત્રીઓ સામાન્ય રીતે કટિની નીચેના ભાગમાં લાંબું

અધર વસ્ત્ર ( કે નિવસન ) પહેરતાં. એના ઉપલા ભાગ ઉપર નીવિ તેમજ કટિસૂત્ર કે મેખલા બાંધતાં, આગલા વચલા ભાગમાં નીવિની ગાંઠ વાળતાં, એમાંથી એક છેડો છૂટી પાટલીની જેમ વચ્ચે દરિયાઈ મોજાના આકારે સીધો લટકતો રાખતાં, બીજા છેડાને ડાબા પાસા પરથી સીધો અથવા પાછળથી જમણા પાસા ભણી થઈને આગળથી ડાબી બાજુ લાવીને નીવિબંધમાં ખોસી દેતાં કાં તો ડાબા હાથમાં પકડી રાખતાં, વસ્ત્રનો નીચલો છેડો ઘૂંટણ નીચે લગભગ ઘૂંટી સુધી પહોંચાડતાં ને વચ્ચેથી બંને છેડે કછોટો લગાવતાં...... કટિની ઉપરનો ભાગ ઘણાં માણસો–સ્ત્રીઓ સુધ્ધાં–ખુલ્લો રાખતાં. બાઘનાં ચિત્રોમાં નર્તકો તેમજ સૈનિકોના દેહ ઉપર આખી બાંયના કંચુક જોવામાં આવે છે.[20] 'કેટલાક પુરુષો ઉપવીત ઢબે ઉત્તરીય ધારણ કરતા. સ્ત્રીઓ કેટલીક વાર કંચુક (કાંચળી) પહેરતી કેટલીક વાર સ્ત્રીઓ ઉત્તરીય અંશુક ધારણ કરતી. રાજવીઓ સુશોભિત મુકુટ પહેરતા; સામાન્ય લોકો વેષ્ટન (પાઘડી) કે ટોપી પહેરતા.[21] અનુ-મૈત્રક કાલમાં પણ એકંદરે આ જ પહેરવેશ હશે એમ અનુમાન થઈ શકે.

પણ પોશાકની પ્રાદેશિક વિશેષતાના કેટલાક રસપ્રદ ઉલ્લેખો મળે છે. જૈન આગમ સાહિત્ય પૈકી 'નિશીથ ચૂર્ણિ' માં પ્રાકૃત શબ્દ 'ભોયડા'ની સમજૂતી આ પ્રમાણે આપી છે : લાટવાસીઓ જેને 'કચ્છ' કહે છે તે મહારાષ્ટ્રમાં 'ભોયડા' કહેવાય છે. સ્ત્રીઓ બાલપણથી માંડી લગ્ન થયા બાદ સગર્ભા થતાં સુધી કચ્છ બાંધે છે. સગર્ભા થાય ત્યારે ભોજન કરવામાં આવે છે, સ્વજનોને બોલાવી વસ્ત્ર પાથરવામાં આવે છે, અને એ સમયથી કચ્છ બાંધવાનું બંધ થાય છે.[22]

'યવનાલક' (जवणालओ) નામનો 'કન્યાચોલક'–કન્યાઓનો પહેરવેશ મરુમંડલાદિમાં પ્રસિદ્ધ હોવાનું કહ્યું છે. એમાં ચણિયો–ચોળી ભેગાં સીવી લેવામાં આવતાં, જેથી વસ્ત્ર ખસી પડે નહિ. કન્યાના માથેથી એ પહેરાતો, એથી એ પ્રકારના પહેરવેશને ઊભો 'સરકંચુક' પણ કહેવામાં આવતો.[23] આ ઉલ્લેખ વિશિષ્ટ મહત્ત્વનો છે, કેમકે એમાં કન્યાઓના ખાસ પોશાકનો નિર્દેશ છે. પ્રાચીન સંસ્કૃત સાહિત્યમાં 'નીવિ'નો નિર્દેશ આવે છે તે વસ્ત્રની ગાંઠ છે, ચણિયાની દોરીની ગાંઠ નથી, એ દૃષ્ટિએ પણ આ વસ્તુ વિચારવા જેવી છે. સંભવ છે કે સાડીની નીચે ચણિયો પહેરવા કોઈ પરદેશી જાતિની અસરથી દાખલ થયું હોય. ઉપર્યુક્ત ઉલ્લેખમાંના जवणालओ શબ્દમાંનો जवण (સં. यवन શબ્દ શિથિલ અર્થમાં ગમે તે પરદેશી જાતિ માટે પ્રયોજાતો એ જાણીતું છે) અંગ પણ ઘણું કરીને એ જ સૂચવે છે. એ 'કન્યાચોલક' મરુમંડલાદિમાં

પ્રસિદ્ધ હોવાનું કહ્યું છે, એટલે મરુમંડલ ઉપરાંત બીજા પ્રદેશમાં— સંભવતઃ પાસેના ઉત્તર ગુજરાતમાં—પણ એનો પ્રચાર હોવો જોઈએ.[૨૪] સમકાલીન ગુજરાતની સાધનસામગ્રીમાં કલાકારીગરી વિશે પ્રત્યક્ષ માહિતી નહિવત્ મળે છે એ જોતાં, જૈન આગમ સાહિત્ય પૈકી 'દશવૈકાલિકચૂર્ણિ' અને અન્ય ગ્રંથોમાંથી મળતો એક ઉલ્લેખ વિશેષ મહત્ત્વનો બની રહે છે. એમાંથી જાણવા મળે છે કે પુષ્પકાય મુકુટ આનંદપુરમાં સારા બનતા હતા અને 'વેઢિમ' (એ પ્રાકૃત શબ્દનું वेष्टिम એવું રૂપ સંસ્કૃત ટીકાકારો આપે છે) એટલે એ વસ્ત્રાદિના વેષ્ટનથી બનાવેલી પૂતળીઓ વગેરે માટે પણ આનંદપુર પ્રખ્યાત હતું.[૨૫]

જૂના કાળથી સ્વીકારાયેલાં સેનાનાં ચાર અંગો—હાથી, અશ્વ, પદાતિ અને રથ—માંથી રથ મૈત્રક કાલમાં વપરાશમાંથી નીકળી ગયા હોય એમ 'હર્ષચરિત'માંનાં વર્ણનો અને યુઅન શ્વાંગના ઉલ્લેખો ઉપરથી જણાય છે, પણ હાથીઓનો ઉપયોગ પૂર્વવત્ ચાલુ હતો. વલભીનાં દાનશાસનોમાં શત્રુઓની ગજઘટાનો સ્પષ્ટ ઉલ્લેખ મળે છે. ઝડપી પ્રયાણ માટે અશ્વદળનું મહત્ત્વ ઘણું હતું તથા અનેક જાતના ઘોડાઓનો લશ્કરમાં ઉપયોગ થતો. પરદેશોમાંથી આ માટે અશ્વોની મોટા પ્રમાણમાં આયાત થતી. ઊંચી જાતના અશ્વોની જાતિઓનાં જે નામ સંસ્કૃત સાહિત્યમાં—ખાસ કરીને કોશગ્રંથોમાં તથા પછીના સંસ્કૃતોત્થ ભાષાઓના સાહિયમાં મળે છે, તે મોટે ભાગે પરદેશી મૂળનાં છે એ આ દૃષ્ટિએ બહુ સૂચક છે. સૈન્યનું છેલ્લું અને સૌથી મોટું તથા મહત્ત્વનું અંગ તે પદાતિ સૈન્ય કે પાયદળ હતું. કૂચ કરતા સૈન્ય સાથે વૈદ્યો રાખવાનું 'સુશ્રુતસંહિતા' જેવા વૈદ્યકગ્રંથોમાં અને 'અર્થશાસ્ત્ર'માં કહ્યું છે. સૈન્યના પડાવના સ્થાનને 'શિબિર' કહેતા. આ શિબિરો યુઅન શ્વાંગના કહેવા પ્રમાણે સાદાં અને ઝાડની ડાળીઓ પાંદડાં વગેરેથી બનાવવામાં આવતાં અને મુકામ ઉપાડતાં બાળી નંખાતાં.[૨૬]

મૈત્રક દાનશાસનોમાં ધનુર્વેદના ખાસ ઉલ્લેખ ઉપરાંત ખડ્ગાદિ શસ્ત્રોના ઉલ્લેખ પણ આવે છે, તેથી શસ્ત્રવિદ્યાનું શિક્ષણ સૂચિત થાય છે.[૨૭] મૈત્રક રાજવંશ સ્થાપનાર ભટાર્ક મૂળ સેનાપતિ હતો અને એણે મૌલ, ભૃત, મિત્ર અને શ્રેણી એ ચાર પ્રકારનાં સૈન્યોની સહાયથી રાજસત્તા સ્થાપી હતી. રાજ્યના રક્ષણ અર્થે જે મૂળ સ્થાયી સૈન્ય રહેતું હોય તે मौल बल અને યુદ્ધ પ્રસંગે જે વધારાનું ભાડૂતી સૈન્ય થાય તે भृत बल. (સંસ્કૃતનો સૈનિક-વાચક भट શબ્દ, ખરેખર તો, भृत નું પ્રાકૃત રૂપ હોય એમ જણાય છે.) મિત્ર રાજ્યોનું સૈન્ય તે मित्रबल અને શ્રેણીઓનું સૈન્ય તે श्रेणीबल. સ્કંધાવાર અથવા

લશ્કરી છાવણીઓમાંથી આપેલાં દાનપત્રોમાં શરદ, વસંત અને ગ્રીષ્મની તથા કોઈ વાર શિશિરની મિતિઓ જોવામાં આવે છે, પણ હેમંત અને વર્ષાની મિતિઓ દેખાતી નથી, કેમકે ઠંડી અને વરસાદની ઋતુઓ સ્વાભાવિક રીતે જ લશ્કરી કૂચને અનુકૂળ નહોતી.[૨૮]

અનુ-મૈત્રક કાલમાં ગુજરાતમાં કોઈ સ્થાનિક મહાસત્તા નહોતી તેમ એવી મહાસત્તાની ઉપસ્થિતિ થાય એવું રાજકીય કે લશ્કરી સંગઠન ઓછું હતું, પણ દક્ષિણના રાષ્ટ્રકૂટો અને ઉત્તરના ગુર્જર-પ્રતીહારોનાં બળવાન રાજ્યોનો ગાઢ સંપર્ક ગુજરાતને થયો હતો. અરબ વેપારી સુલેમાન( ઈ. સ. ૮૫૧ )ના કથન મુજબ *જુજ* (અથવા કનોજના ગુર્જર) રાજ્યનું ઘોડેસવાર સૈન્ય ભારતમાં સર્વશ્રેષ્ઠ હતું.[૨૯] ઈ. સ. ૯૦૦ આસપાસના બંગાળાના અભિલેખો ઉપરથી જણાય છે કે બંગાળાના રાજાઓ લાટ અને કર્ણાટકમાંથી સૈનિકોની ભરતી કરતા.[૩૦] આ દર્શાવે છે કે એ કાલમાં લાટના સૈનિકો પ્રસિદ્ધ હતા. ઈ. સ. ૯૫૦ આસપાસના 'અગ્નિપુરાણ'માં ઉત્તમ ખડ્ગ તૈયાર કરનાર ભારતનાં પાંચ કેંદ્રોનો ઉલ્લેખ કર્યો છે-શૂર્પારક ( સોપારા ), ખત્તિખત્તર અને રિષિક ( ખાનદેશ ) , વંગ અને અંગ.[૩૧] લાટ પાસેના સોપારાનો સમાવેશ આ કેંદ્રોમાં કરવામાં આવ્યો છે એ એ કાલના લશ્કરી જીવન વિશે જે છૂટક છૂટક માહિતી મળે છે તેના સંદર્ભમાં સૂચક છે.

નીતિના એક શ્લોકમાં કહ્યું છે કે स धनी यस्य भूभागः અર્થાત્ ધનવાન તે કે જેની પાસે ભૂમિ હોય. ભૂમિદાન એ બહુ મહત્ત્વનું દાન હતું. ખેતીની જમીન એ મહત્ત્વની મિલકત હતી, અને ખેતી એ મહત્ત્વનો વ્યવસાય હતો. મૈત્રક દાનપત્રોમાંની ભૂમિદાનની વિગતો પણ એ જ દર્શાવે છે. દાનપત્રોમાં ખેતરોનાં સ્થાન, માપ, સીમા વગેરેનો તથા કેટલીક વાર એના માલિક તથા ખેડૂતનોયે ઉલ્લેખ કરવામાં આવે છે, પણ એમાં કયા પાક થતા એની માહિતી નહિ જેવી મળે છે. ખેટક અને ભરુકચ્છ વિભાગની જમીન ડાંગર માટે અનુકૂળ હતી એમ એ ઉલ્લેખો સૂચવે છે. સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના પાક વિશે સ્પષ્ટ રીતે કંઈ જાણવા મળતું નથી. એક દાનશાસનમાં ક્ષેત્ર, વાપી અને કૂપની સાથે પુષ્પવાટિકાના દાનનો ઉલ્લેખ છે. પૂર્તકાર્યોમાં આરામ એટલે કે બગીચા તૈયાર કરાવવાનું વિધાન ધર્મશાસ્ત્રોમાં છે એના પ્રકાશમાં આવા ઉલ્લેખ જોવા જોઈએ.[૩૨]

અનુ-મૈત્રક કાલની વાત કરીએ તો ઈસ્વી સનના નવમા અને દસમા સૈકાના અરબ પ્રવાસીઓએ ગુજરાતની ફળદ્રુપ જમીન અને આબાદ ખેતીની

વાત કરી છે. અનાજ અને ફળ બંનેનો પાક સારો થતો. ગુજરાતમાં કેરી, નારિયેળ, ઊંચી જાતનાં લીંબુ અને મધની પુષ્કળ પેદાશ થતી હતી. કેટલેક સ્થાને શેરડી પણ ઉગાડવામાં આવતી હતી.[33]

મૈત્રકકાલીનની ગુજરાતના હુન્નરઉદ્યોગો વિશે સાહિત્ય કે ઉત્કીર્ણ સામગ્રીમાંથી કે પુરાતન અવશેષોમાંથી અલ્પ માહિતી મળે છે. દાનશાસનોમાં વર્દ્ધકિ (સુથાર) અને કુંભારનો ઉલ્લેખ છે. ઉત્ખનનોને પરિણામે મળેલી વિવિધ સામગ્રી ઉપરથી જણાય છે કે માટીકામનો હુન્નર સારી રીતે ખીલેલો હતો. મોટાં વાસણો, કોડિયાં, નાળચાવાળાં વાસણો, લોટા, બોટવા, ઘડા વગેરે અનેક પ્રકારનાં વાસણોના અવશેષ મળ્યા છે. સારી રીતે પકવેલાં આ વાસણોની બહારની સપાટી લાલ રંગની અને પૉલિશ કરેલી હોય છે અને એના ઉપર કેટલીક વાર કાળા પટા કે ફૂલવેલ વગેરેની ભાત હોય છે. માટીનાં વાસણોનો આ પ્રકાર નિદાન ક્ષત્રપ-કાલથી પ્રચલિત હતો. વલભીનાં ખંડેરોમાં પકવેલી માટીના તથા જુદી જુદી જાતના કિંમતી પથ્થરોના ઘણા મણકા મળે છે. અકીક અને સ્ફટિકના મણકા તથા નંગ પણ એમાં છે. એમાંનાં કેટલાંક ઉપર વૃષભ ને ગરુડ જેવાં શૈવ અને વૈષ્ણવ લાંછનોની બારીક આકૃતિઓ કોતરેલી હોય છે. વલભી-ભંગની અનુશ્રુતિમાં કાકૂની રત્નજડિત કાંસકીની વાત આવે છે તેને આ હુન્નરની દૃષ્ટિએ સૂચક ગણી શકાય. મળેલી પુરાતત્ત્વીય સામગ્રીમાં કેટલાક મણકા પૉલિશ કર્યા વગરના, કેટલાક કાણું પાડ્યા વગરના, તો કેટલાક ઘડવામાં અધૂરા રહી ગયેલા મળ્યા છે એ બતાવે છે કે આ અત્રત્ય સ્થાનિક ઉદ્યોગ હતો.[34] હલાયુધની 'અભિધાન-રત્નમાલા' (ઈ. સ. ૯૦૦ આસપાસ) ઉપરથી જણાય છે કે સૌરાષ્ટ્ર કાંસાના ઉદ્યોગ માટે અને વંગ ત્રપુ–કલાઈ માટે પ્રખ્યાત હતો. કોશકારે 'કાંસ્ય'ના પર્યાય તરીકે 'સૌરાષ્ટ્રક' (कांस्यं सौराष्ट्रकम्—કાંડ ૨, શ્લોક ૧૫) અને 'ત્રપુ'ના પર્યાય તરીકે 'વંગ' આપ્યો છે, એ બતાવે છે કે આ બે ચીજો તે તે પ્રદેશથી કેવી અભિન્ન ગણાતી હતી.[35]

મૈત્રક રાજ્યનું પાટનગર વલભી એક કાળે બંદર હતું. ભાવનગર પાસેના હાથબ(હસ્તવપ્ર)ની ઉત્તરે આવેલી સમુદ્રની ખાડી એ સમયે વલભી સુધી ઊંડી હતી અને પાછળથી દસબાર માઇલ પુરાઈ ગયેલી હોઈ એના બારામાં હાલ ભાવનગર બંદર આવેલું છે.[36] બૌદ્ધ ગ્રંથ 'આર્યમંજુશ્રીમૂલકલ્પ'માં વલભી-વાસીઓની સમુદ્રમાર્ગે દેશાંતર-યાત્રાનો ઉલ્લેખ છે. એમાં કહ્યું છે કે વલભી-વાસીઓ સમુદ્ર ઓળંગીને શરા પહોંચ્યા હતા. વલભીને પ્રાયઃ એસીરિયા સાથે સીધા વેપારી સંબંધ હતા એવો એનો અર્થ થઈ શકે. દંડીના 'દશકુમારચરિત'

વડે વલભીના આ પરરાષ્ટ્રિય વેપારનું સમર્થન થાય છે. એમાં કહ્યું છે કે વલભીનો નાવિકપતિ ગૃહગુપ્ત કુબેર જેવો ધનસમૃદ્ધ હતો.[૩૭] એનો જમાઈ બલભદ્ર મધુમતી(મહુવા)ના સાર્થવાહનો પુત્ર હતો અને એ ખેટકપુરમાં વેપાર કરી પુષ્કળ ધન કમાયો હતો. બહારના વેપારીઓ પણ આ પ્રદેશમાં આવતા હશે જ. કાશ્મીરના બે જૈન શ્રેષ્ઠીઓ અજિત અને રત્ન ઈ. સ. ૫૫૩ માં ગિરનાર આવ્યા હતા. ત્યાં તીર્થંકર નેમિનાથની લેપ્યમય મૂર્તિ ઓગળી જતી જોઈને એમણે મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો તથા પાષાણની નવીન મૂર્તિ પ્રતિષ્ઠિત કરાવી હતી.[૩૮] સુરાષ્ટ્રના ઘણા લોકો વેપારવણજ અને વહાણવટું કરતા હતા એમ યુઅન શ્વાંગ નોંધે છે. પ્રદેશની ફળદ્રુપતા તેમજ વેપારી ખુશ્કીમાર્ગ અને જળમાર્ગની સરળતાને લીધે એ સમયે વલભી, સિંહપુર, મધુમતી, દ્વીપ, દેવપત્તન, ગિરિનગર, દ્વારકા, હસ્તવપ્ર, નગરક, ખેટક, જંબૂસર, નવસારિકા આદિ અનેક નગરોનો વિકાસ થયો હતો.[૩૯] આનંદપુર પણ વેપારનું મોટું મથક હોઈ જૈન સાહિત્યમાં એને 'સ્થલપત્તન' કહેવામાં આવ્યું છે.[૩૯અ] એમાંનાં કેટલાંક નગર સમૃદ્ધ બંદર પણ હતાં. જૈન 'સૂત્રકૃતાંગસૂત્ર' ઉપરની શીલાંકદેવની વૃત્તિ-(ઈ. સ. ના ૮ મા સૈકા આસપાસ)માં ઉદ્ધૃત થયેલા એક હાલરડામાં નકપુર, હસ્તકલ્પ, ગિરિપત્તન, સિંહપુર, કુક્ષિપુર, આયામુખ, શૌરિપુર અને કાન્યકુબ્જ-નો ઉલ્લેખ છે. રડતા બાળકને આ બધાં નગરોના રાજા તરીકે વર્ણવીને છાનો રાખવાનો પ્રયાસ એમાં છે.[૪૦] આમાનું સિંહપુર એ સૌરાષ્ટ્રનું સિહોર હશે કે અગિયારમા તીર્થંકર શ્રેયાંસનાથના જન્મસ્થાન તરીકે પ્રસિદ્ધ સિંહપુર, સંભવતઃ વારાણસી પાસેનું જૈન તીર્થ સિંહપુરી, હશે એ પ્રશ્ન છે. સિંહપુર એ સિહોર હોય એ શક્ય છે, પણ એમાંનાં હસ્તકલ્પ અને ગિરિપત્તન એ નગરો તો નિઃશંકપણે ગુજરાતનાં છે.[૪૧] હાલરડા જેવા લોકસાહિત્યમાં ઉલ્લેખ પામતાં નગરોની આબાદી નિર્વિવાદ છે એ કહેવાની ભાગ્યેજ જરૂર હોય. એક સંનિવેશમાં બે દરિદ્ર ભાઈઓ રહેતા હતા, તેઓએ સુરાષ્ટ્રમાં જઈને એક હજાર રૂપક ઉપાર્જિત કર્યા હતા એવું એક પ્રાચીન કથાનક જૈન આગમની ટીકાચૂર્ણિઓમાં છે.[૪૨] એ પણ સુરાષ્ટ્રની વેપારી સમૃદ્ધિ બતાવે છે. તેલ ભરવા માટેનું વિશિષ્ટ પ્રકારનું માટીનું પાત્ર સોરાષ્ટ્રમાં 'તેલકેલા' નામથી પ્રસિદ્ધ હતું; એ તૂટી ન જાય તેમજ ચોરાઈ ન જાય એ માટે એનું સારી રીતે સંગોપન કરવામાં આવતું હતું.[૪૩] સાર્થ-વણઝારમાં કે સમુદ્રમાર્ગે તેલની નિકાસ માટે આવાં પાત્રોનો ઉપયોગ થતો હશે એવું અનુમાન થઈ શકે. એનો અર્થ એ પણ થયો કે સુરાષ્ટ્રમાંથી એ કાલમાં પણ તેલની નિકાસ સારા પ્રમાણમાં હશે.

લાંબા સમુદ્રકિનારાને લીધે ગુજરાતનું વહાણવટું સમૃદ્ધ હતું. ગુજરાતના વહાણવટીઓ અને વેપારીઓ અનેક વિદેશો ખૂંદી વળ્યા હતા. અગ્નિ એશિયાના કંબોજ (કંબોડિયા) સંસ્થાનની વસાહતમાં પશ્ચિમ ભારતના વહાણવટાનો ઘણો ફાળો હોવાનું જણાય છે. ગુજરાતના રાજપુત્ર ભૂવિજય સવેલચાલે વિ. સં. ૬૬૦(ઈ. સ. ૬૦૪)માં જવદ્દીપ–જાવામાં સંસ્થાન સ્થાપ્યું હતું એ અનુશ્રુતિમાં પૂરતું ઐતિહાસિક તથ્ય જણાય છે.[૪૪] એ અનુશ્રુતિ પ્રમાણે, એ રાજકુમાર પોતાની સાથે પાંચ હજાર માણસ જાવા લઈ ગયો હતો, જેમાં સૈનિકો, કારીગરો, ખેડૂતો, વૈદ્યો, લેખકો વગેરેનો સમાવેશ થતો હતો. પછીથી એણે બીજા બે હજાર માણસો તેડાવ્યા હતા, તેઓમાં પથ્થરકામ અને ધાતુકામ કરનારા કારીગરો તથા શિલ્પીઓ હતા. જાવાનાં બોરોબુદુર જેવાં ભવ્ય મંદિરો આ શિલ્પીઓએ કે એમના વંશજોએ બાંધ્યાનું મનાય છે.

અનુ-મૈત્રક કાલમાં પણ આ વેપારી સમૃદ્ધિ ચાલુ રહી હતી. પશ્ચિમ ભારતનાં મહત્ત્વનાં બંદરો તરીકે અરબ લેખકો ખંભાત, ભરૂચ, કામરેજ વગેરેનો ઉલ્લેખ કરે છે.[૪૫] અલ્-મસૂદી (ઈ. સ. ૯૧૬) ખંભાત અને અણહિલવાડનો ખાસ ઉલ્લેખ કરે છે[૪૬]. ખંભાતનાં પાનાં (માણેક) એડન અને મક્કા જતાં. ભરૂચની ભાલાની કાઠી 'બરૂસી' (ભરૂચી) તરીકે ઓળખાતી. ખંભાતના જોડા પ્રખ્યાત હતા. પશ્ચિમ ભારતનાં બંદરોએથી મલમલ, ચંદન, કપૂર, લવિંગ, જાયફળ, નાળિયેર, હાથીદાંત, તાંબૂલ, સોપારી, નારંગી, લીંબુ, વાંસ, સીસું વગેરેની નિકાસ થતી. અહીંના બારીક કાપડ-મલમલની અરબ લેખકોએ ખૂબ તારીફ કરી છે. સુલેમાન સોદાગર નોંધે છે કે એ કાપડ એટલું બારીક હોય છે કે આખો ને આખો તાકો અંગૂઠાના ગાળામાંથી પસાર થઈ જાય છે અને એવા તાકા મેં જાતે જોયા છે.[૪૭]

વેપારવણજની આબાદી નાણાં અને વહીવટ વિના સંભવે નહિ. મૈત્રક કાલ એ ગુજરાતની વેપારી સમૃદ્ધિનો કાલ હતો અને મૈત્રક રાજાઓએ પોતાના સિક્કા પાડ્યા હોય એવી અપેક્ષા રહે, પણ સિક્કા પાડવાની કલાની દૃષ્ટિએ મૈત્રક કાલ નિરાશાજનક છે એ વિલક્ષણ લાગે એવી વાત છે. ધ્રુવસેન બાલાદિત્યના એક દાનપત્રમાં રાજ્યના કોશમાંથી દરરોજ એક એક 'રૂપક' આપવાની જાહેરાત છે.[૪૮] આ 'રૂપક' ચાંદીનો સિક્કો હશે એ તો સ્પષ્ટ છે, પણ એ કોઈ મૈત્રક રાજાએ પાડેલો હશે કે કોઈ પૂર્વપ્રચલિત ચાંદીનો સિક્કો હશે એ નિશ્ચયપૂર્વક કહેવાનું શક્ય નથી.

લગભગ ત્રણ સદી જેટલા લાંબા સમય સુધી પશ્ચિમ ભારતના એક વિસ્તૃત પ્રદેશ ઉપર મૈત્રક વંશનું શાસન રહ્યું હોવા છતાં મૈત્રક વંશના એકેય રાજાના નામનો કોઈ સિક્કો મળ્યો નથી, પણ મૈત્રક રાજ્યના પ્રદેશમાંથી અમુક પ્રકારના સંખ્યાબંધ સિક્કા મળે છે, જેને સામાન્ય રીતે 'વલભી સિક્કા' તરીકે ઓળખવામાં આવે છે. શર્વ ભટ્ટારકનું નામ ધરાવતા કેટલાક સિક્કા ક્ષત્રપ કાલના અંત પછીના હશે, જ્યારે ઘણા સિક્કા અગાઉના એ રાજાના નામે નવેસર પડાયા કર્યા હશે. આ સિક્કાઓ ચાંદીના કે તાંબા ઉપર ચાંદીનો ઓપ ચડાવેલા છે, તેથી અનુમાન થાય છે કે મૈત્રક રાજ્યમાં ચાંદીની તંગી હતી. ગુપ્ત સામ્રાજ્યના ઉત્તરકાલમાં પણ ચાંદીની તંગી હતી તે મૈત્રક રાજ્યમાં ચાલુ રહી હશે. આ સિક્કાના મુખ્યત્વે બે પ્રકાર જોવામાં આવે છે: કેટલાક સિક્કાઓની પાછલી બાજુ ઉપર સાદા ત્રિશૂળની આકૃતિ હોય છે, જ્યારે બીજા કેટલાકમાં એ ત્રિશૂળની નીચે પરશુ જોડેલું હોય છે. આમાં ત્રિશૂળ માહેશ્વર સંપ્રદાયનું ચિહ્ન છે અને પરશુ ભાગવત સંપ્રદાય સાથે સંબંધ ધરાવે છે, આથી આ સિક્કા પડાવનાર રાજવંશ મુખ્યત્વે માહેશ્વર હશે અને પછીથી એ ભાગવત સંપ્રદાય તરફ વળ્યો હશે એવું અનુમાન થઈ શકે. સિક્કાની આગલી બાજુ ઉપર રાજાના મસ્તકની દક્ષિણાભિમુખ આકૃતિ હોય છે, જે ક્ષત્રપ સિક્કા ઉપરની એ પ્રકારની આકૃતિનું અનુકરણ છે. અગાઉના જેવા ગ્રીક-રોમન અક્ષર એમાં ભાગ્યેજ નજરે પડે છે તથા વર્ષના આંકડા પણ હોતા નથી. સિક્કાની પાછલી બાજુએ ત્રિશૂળ વગેરે ચિહ્નની આસપાસ ક્ષત્રપકાલીન કુટિલ લિપિમાંનું લખાણ એટલું અસ્પષ્ટ અને વિકૃત હોય છે કે અનેક વિદ્વાનોએ પ્રયાસ કર્યા છતાં હજી એ નિર્ણયાત્મક રીતે વાંચી શકાયું નથી.[૪૯]

ગુજરાતમાંથી આ પછી મળતા અન્ય સિક્કાઓમાં ગુપ્તકાલના ઉત્તર સમયમાં મળતા સિક્કા જેવા કલારહિત અને બેડોળ તથા સ્કંદગુપ્તના નંદીના ચિહ્નવાળા સિક્કા જેવા સિક્કા છે. એ ઉપરનું લખાણ બ્રાહ્મી લિપિમાં હોઈ નીચે મુજબ વંચાય છે: परममाहेश्वर-मातापितृपादानुध्यात-श्रीकृष्णराज. આ વિષયના મોટા ભાગના વિદ્વાનોનો અભિપ્રાય છે કે આમાંનો શાસક તે રાષ્ટ્રકૂટ કૃષ્ણરાજ અકાલવર્ષ; અને દક્ષિણ ગુજરાત ઉપરના એના રાજ્યમાં ચલાવવા માટે આ સિક્કા બહાર પાડવામાં આવ્યા હોઈ નિશ્ચિતપણે ઈસ્વી સનની નવમી સદીના ગણાય. ગુજરાતમાં સંસ્કૃત ભાષા અને બ્રાહ્મી લિપિવાળા સિક્કાની આ વંશથી સમાપ્તિ થાય છે. એ પછીના સિક્કાઓમાં વિદેશી, ખાસ કરીને ઈરાની, અસર સ્પષ્ટ રીતે જોવામાં આવે છે.[૫૦]

અનુ-મૈત્રક કાલમાં ગુજરાતમાં જે સિક્કા મુખ્યત્વે ચાલતા તેને અભ્યાસીઓ 'ભારતીય–સાસાની' (ઇન્ડો-સાસાનિયન) તથા 'ગધૈયા' સિક્કા તરીકે ઓળખે છે. પ્રાચીન ઈરાનના સિક્કા સાધારણ રીતે ત્યાંના સાસાની વંશના સિક્કાને મળતા હોવાથી 'સાસાની' કહેવાય છે. એના નમૂના પરથી કંઈક વિકૃત સ્વરૂપના જે સિક્કા ભારતમાં–ખાસ કરીને રાજસ્થાન, માળવા અને ગુજરાતમાં–પ્રચલિત થયા તે 'ભારતીય-સાસાની' કહેવાય. 'ગધૈયા' તરીકે ઓળખાતા સિક્કાનો સમાવેશ પણ આ વર્ગમાં થઈ શકે.

ઈસ્વી સનની પાંચમી સદીમાં હૂણ લોકોનાં ટોળાં મધ્ય એશિયામાંથી ઈરાનમાં આવ્યાં હતાં. ત્યાંના રાજા ફીરોઝને પરાજિત કરી હૂણ સરદાર તોરમાણે પોતાનું રાજ્ય સ્થાપ્યું હતું. હૂણ લોકો શરીરબળ અને લડાયકપણામાં શ્રેષ્ઠ હોવા છતાં સંસ્કારિતા અને કલાકારીગરીની બાબતમાં લગભગ આદિમ દશામાં હતા. એમણે ફીરોઝના સમયમાં પ્રચલિત સિક્કાને મળતા પોતાના સિક્કા બનાવ્યા હતા અને તોરમાણના પુત્ર મિહિરકુલે પણ એનું અનુકરણ કર્યું હતું. ભારતમાં મિહિરકુલનું રાજ્ય થયું ત્યારે એણે ઈરાનમાં ચાલતા હતા તેવા સિક્કા અહીં પ્રચલિત કર્યા હતા, પણ તેઓનું સ્વરૂપ એટલું બદલાઈ ગયું કે ભારતીય-સાસાની અને ગધૈયા સિક્કા જોવાથી એમના મૂળ ઈરાની સ્વરૂપની કલ્પના ભાગ્યેજ આવે. સાસાની સિક્કાના અગ્રભાગ ઉપર રાજાની મુખાકૃતિ તથા પહેલવી લિપિમાં રાજાનાં નામ, વર્ષ અને ટંકશાળના સ્થળનો ઉલ્લેખ હોય છે. પૃષ્ઠભાગ ઉપર જરથોસ્તી ધર્મના પવિત્ર આતશના પ્રતીકરૂપ અગ્નિકુંડ હોય છે, અને એમાંથી જ્વાળાઓ નીકળતી હોય છે. અગ્નિકુંડની બંને બાજુએ સેવકો હાથ જોડીને ઊભેલા હોય છે. આ પ્રકાર હૂણોએ અપનાવ્યો, પણ એ ઉપરનાં પ્રતીકો એમને માટે સદંતર આગંતુક હોઈ એમાં એમણે મનફાવતા અણઘડ ફેરફારો કર્યા અને સિક્કાઓની કારીગરી ઊતરતી ગઈ. પહેલાં તો, ઈરાની સિક્કાઓની જેમ, થોડાં વર્ષ પહેલાં આપણા દેશમાં પ્રચલિત હતા તેવા રૂપિયાના સિક્કા જેવા મોટા આકારના, પણ તદ્દન પાતળા પતરાના, ચાંદી અને ત્રાંબાના સિક્કા એમણે કાઢચા હતા, પણ પાછળથી એનો આકાર નાનો બનતો ગયો હતો અને જાડાઈ વધતી ગઈ હતી, અને આકૃતિઓ વિકૃત થવા માંડી હતી. પાંચમી સદીના સિક્કાઓનું સાસાની મૂળ સમજાય એવું હોય છે; માત્ર મુખાકૃતિનું નાક વધારે લાંબું થયેલું છે અને પહેલવી લિપિના અજ્ઞાનને કારણે રાજાનાં નામ, વર્ષ અને ટંકશાળના ઉલ્લેખના અક્ષરોનું સ્થાન કેવળ આડી અવળી લીટીઓ જ લે છે ! આ પછીના સમયમાં મુખાકૃતિ આંખ, નાક વગેરેના સ્પષ્ટ અણસાર વિનાની ઢીમચા જેવી બની ગઈ અને

અક્ષરોના માત્ર લીટા રહ્યા. પૃષ્ઠભાગ ઉપર અગ્નિકુંડ અને એની જ્વાળાઓને બદલે આડી લીટીઓ ઉપર ટપકાં આવ્યાં, અને મૂળમાં બંને બાજુએ ઊભેલા સેવકોના આકાર કેવળ ઊભા લીટા જેવા બની ગયા! આમ થતાં થતાં છેવટે 'ગધૈયા'માં કેવળ ટપકાં અને અવ્યવસ્થિત લીટીઓ જ રહી ગઈ! અગ્રભાગ ઉપરની આકૃતિ ઘાટઘૂટ વિનાની ગદા જેવી બની ગઈ. એ ગદાનો ઉપલો ભાગ એવો લાંબો, જાડો અને વાંકો બન્યો કે એ જોતાં ગધેડાની મુખાકૃતિનો ભાસ થાય. એથી આ પ્રકારના સિક્કાને લોકસમાજે 'ગધૈયા' નામ આપ્યું હોય એ સંભવિત છે.[૫૧]

વિવિધ પ્રકાર અને કદના આ સિક્કાઓ ઈસ્વી સનના આઠમા સૈકાથી માંડી તેરમા સૈકા સુધી અર્થાત્ મુસ્લિમ રાજ્યઅમલની સ્થાપના થઈ ત્યાં સુધી પ્રચલિત હતા. અનુ-મૈત્રક કાલ પછી સોલંકી અને વાઘેલાઓના રાજ્યકાલમાં પણ એ ચાલુ હતા. ભાંડારકર માને છે કે ગુર્જરોએ સાસાની સિક્કાઓનું ઠીક અનુસરણ કર્યું હતું; આથી એમના 'દ્રમ્મ'નું વજન ૬૫ ગ્રેઈન છે, જે ૬૬ ગ્રેઈનના ગ્રીક દ્રમ્મ(drachma)ને બિલકુલ મળતું છે.[૫૨] સંસ્કૃત 'દ્રમ્મ' શબ્દ ઉપર્યુક્ત ગ્રીક શબ્દમાંથી ઈરાની 'દિરહમ' દ્વારા આવ્યો છે, અને ગુજરાતી તથા અન્ય ભારતીય ભાષાઓના 'દામ' 'દમડી' વગેરે એમાંથી વ્યુત્પન્ન થયેલા છે.[૫૩] અનુ-મૈત્રક કાલના જુદા જુદા રાજાઓ અને રાજવંશોએ પોતાના 'દ્રમ્મ' કાઢેલા છે. ગુર્જર-પ્રતીહાર રાજ્યમાં મિહિરભોજ(આદિવરાહ)ના 'આદિવરાહ દ્રમ્મ' અને મેવાડમાં બપ્પરાજ(બાપા રાવળ)ના સિક્કા સુપ્રચલિત હતા.[૫૪]

ગુજરાતમાં પ્રચલિત કિંવદંતી ગધૈયા સિક્કાને ઈ. સ. પૂર્વે પહેલી સદીમાં થઈ ગયેલા ઉજ્જયિનીના રાજા ગર્દભિલ્લ સાથે સાંકળે છે. જૈન આચાર્ય કાલકાચાર્યની બહેન સાધ્વી સરસ્વતીનું ગર્દભિલ્લે હરણ કર્યું હતું, તેથી કાલકાચાર્યે શકોને બોલાવી ગર્દભિલ્લના વંશનો ઉચ્છેદ કર્યો, એ પ્રકારનું જૈન કથાનક સુપ્રસિદ્ધ છે અને એ વર્ણવતી અનેક સંસ્કૃત, પ્રાકૃત અને જૂની ગુજરાતી કૃતિઓ ઉપલબ્ધ છે, પણ ઉપર જે ઐતિહાસિક વિગતો રજૂ કરવામાં આવી છે તે જોતાં ગધૈયા સિક્કાને એટલા પ્રાચીન કાલ સુધી લઈ જઈ શકાય નહિ એ સ્પષ્ટ છે. કેટલાક વિદ્વાનોના મત મુજબ 'ગર્દભી' એક સાસાની રાજવંશનું નામ છે; વરહરન ગુર (ઈ. સ. ૪૨૦) એ વંશનો હતો. જંગલી ગધેડાના શિકારનો એને શોખ હતો, તેથી હૂણોએ એના સિક્કાને તિરસ્કારમાં 'ગર્દભ–સિક્કા' એવા અર્થનું કોઈ નામ આપ્યું હશે, જેનું ભારતમાં गर्दभीयाः > गद्दहीया > गधैया એવું સંસ્કૃતીકરણ થયું હોય.

મૈત્રક કાલ અને મુસ્લિમ રાજ્યઅમલની સ્થાપના વચ્ચે ગુજરાતમાં રાજાઓ કે રાજવંશોએ નિશ્ચિત રીતે પાડેલા નામાંકિત સિક્કાઓની દૃષ્ટિએ શૂન્યાવકાશ જેવું લાગે છે, તેથી ગધૈયાના પ્રચલનની પૂર્વમર્યાદા અને ઉત્તરમર્યાદા ડૉ. ભગવાનલાલે નિશ્ચિત કરી હતી અને એમાં ફેરફાર કરવાનાં કોઈ સબળ પ્રમાણ હજી મળ્યાં નથી. આમ છતાં ગધૈયા ઉપરના કોઈ પણ લખાણના અભાવે એ સિક્કાઓનો અભ્યાસ, બીજી રીતે જોઈએ તો, કોયડારૂપ રહ્યો છે; જો કે એની કારીગરીમાં ઉત્તરોત્તર જણાતી વિકૃતિ અને એનું પ્રચારક્ષેત્ર કાલાનુક્રમ તેમજ વ્યાપની દૃષ્ટિએ એનો અભ્યાસ કરવામાં ઠીક સહાયભૂત થાય છે. દસમી સદીના અરબ મુસાફરોની નોંધોને આધારે નિશ્ચિતપણે કહી શકાય કે ગધૈયા એ સમયે પશ્ચિમ ભારતમાં ચાલતા હતા.[૫૫]

આપણા અભ્યાસપાત્ર કાલખંડમાં પ્રચલિત સિક્કાઓ વિશે તત્કાલીન સાહિત્યમાંથી કેટલીક પ્રકીર્ણ પણ રસપ્રદ માહિતી મળે છે તે હવે જોઈએ. જૈન 'નિશીથસૂત્ર' ઉપરની ચૂર્ણિમાં તથા એના ઉપરના પ્રાચીનતમ ભાષ્યમાં આપેલા એક નાનકડા કોષ્ઠક અનુસાર,[૫૬] સૌરાષ્ટ્રની દક્ષિણે આવેલા દીવ બેટમાં ચાલતો મુખ્ય સિક્કો 'સાભરક' કે 'સાહરક' કહેવાતો. એને 'રૂપક' કહ્યો છે, એટલે એ ચાંદીનો હોવો જોઈએ. બે સાભરક બરાબર ઉત્તરાપથનો એક રૂપક અને ઉત્તરાપથના બે રૂપક બરાબર પાટલિપુત્રનો એક રૂપક થતો. વળી એ જ કોષ્ઠક બીજી રીતે આપેલું છે કે દક્ષિણાપથના બે રૂપક બરાબર દ્રાવિડ પ્રદેશમાં આવેલ કાંચીપુરનો 'નેલક' નામનો એક રૂપક અને બે નેલક બરાબર પાટલિપુત્રનો એક રૂપક થાય છે.[૫૭] દીવ એક 'જલપત્તન'–જળમાર્ગે વેપારનું મોટું મથક–હતું અને ત્યાંના વ્યવહારને લક્ષ્યમાં રાખીને નાણાંનું આ કોષ્ઠક અપાયું છે એ બતાવે છે કે મોટાં વેપારી કેંદ્રોમાં અનેક પ્રકારનાં નાણાંનું એકસામટું ચલણ હતું અને તેથી શરાફી અને નાણાવટ સારા પ્રમાણમાં વિકસ્યાં હશે.

'બૃહત્કલ્પસૂત્ર' ઉપરની ક્ષેમકીર્તિની ટીકા (ઈ. સ. ૧૨૭૬) અનુસાર, શ્રીમાલ કે ભિલ્લમાલમાં દ્રમ્મ નામનું રૂપાનાણું ચાલતું હતું.[૫૮] વળી 'નિશીથચૂર્ણિ' અનુસાર ભિન્નમાલનું રૂપ્યમય નાણું 'चम्मलात' (= સં. चर्मलात) કહેવાતું. સિક્કાનું આ નામ જરા વિલક્ષણ લાગે છે. હસ્તપ્રતોના લહિયાઓએ અક્ષરોના રૂપસામ્યને કારણે वનો च કરી નાખ્યો હોય એ અસંભવિત નથી. આ રીતે चम्मलातને સ્થાને वम्मलात (= સં. वर्मलात) વાંચવામાં આવે તો એ નામનું શ્રીમાલના ઇતિહાસ સાથે અનુસંધાન થઈ શકે છે. શ્રીમાલના રાજા વર્મલાતનો ઉલ્લેખ પ્રભાચંદ્રસૂરિના 'પ્રભાવકચરિત'માં છે. પ્રાચીન ગુર્જર

દેશના સુપ્રસિદ્ધ સંસ્કૃત કવિ માઘે પોતાના 'શિશુપાલવધ' મહાકાવ્યની પ્રશસ્તિમાં જે વર્મલાતનો નિર્દેશ કર્યો છે તે જ આ હોય એમ બને. માઘનો દાદો સુપ્રભદેવ આ વર્મલાતનો મંત્રી હતો, અને વર્મલાતનો સં. ૬૮૨ (ઈ. સ. ૬૨૬)નો અભિલેખ મળેલો હોઈ એનો સમય સુનિશ્ચિત છે.[૫૯] વર્મલાત રાજાએ બહાર પાડેલા સિક્કા 'વર્મલાત' નામથી ઓળખાતા હોય એ તદ્દન શક્ય છે. જેમ મધ્યકાલીન ગુજરાતના કેટલાક રાજાઓના સિક્કાઓનો નિર્દેશ 'ભીમપ્રિય', 'વીસલપ્રિય' આદિ નામો વડે ઐતિહાસિક સાધનોમાં કરેલો છે તે રીતે કદાચ 'વર્મલાત' એ 'વર્મલાતપ્રિય'નું સંક્ષિપ્ત રૂપ હોય.

## પાદટીપો

૧. ઉદાહરણો તરીકે જુઓ શીલાદિત્ય ૧ લાના ઈ. સ. ૬૦૬ ના દાનપત્રમાં चोट्टियानकग्रामसीम्नि कुटुम्बिवत्सप्रत्ययक्षेत્राद्दक्षिणतः ગુઐલે, ભાગ ૧, નં ૫૫)

૨. હરિપ્રસાદ, શાસ્ત્રી, મૈ.ગુ., ભાગ ૨, પૃ. ૬૦૭

૩. એજન, પૃ. ૬૦૮

૪. દુર્ગાશંકર શાસ્ત્રી, "ગુજરાતનો મધ્યકાલીન રાજપૂત ઇતિહાસ", પૃ. ૩૦

૫. એજન, પૃ. ૩૨

૬. હરિપ્રસાદ શાસ્ત્રી, ઉપર્યુક્ત, પૃ. ૬૦૯

૭. દુર્ગાશંકર શાસ્ત્રી, ઉપર્યુક્ત, પૃ. ૩૩

૮. એજન, પૃ. ૧૨૧

૯. ભો. જ. સાંડેસરા, "જૈન આગમ સાહિત્યમાં ગુજરાત", પૃ. ૧૬૦

૧૦ એજન, પૃ. ૧૬૦

૧૧. એજન, પૃ. ૯૧

૧૨. એજન, પૃ. ૧૫૭-૫૮. વળી જુઓ "પ્રજાબંધુ-ગુજરાત સમાચાર દીપોત્સવી અંક, સં. ૧૯૯૯"માં ભો.જ. સાંડેસરાનો લેખ "નટપુત્ર રોહક અને રાજા".

૧૩. M. R. Majmudar (Ed.), *Chronology of Gujarat*, Part 1, pp. 254 f.

૧૪. દુર્ગાશંકર શાસ્ત્રી, ઉપર્યુક્ત, પૃ. ૧૧૭

૧૫. હરિપ્રસાદ શાસ્ત્રી, ઉપર્યુક્ત, પૃ. ૬૨૬

૧૬. એજન, પૃ. ૬૨૫-૬૨૬

૧૭. ભો.જ. સાંડેસરા, ઉપર્યુક્ત, પૃ. ૧૮૬

૧૮. એજન, પૃ. ૧૪૩

૧૯. હરિપ્રસાદ શાસ્ત્રી, ઉપર્યુક્ત, પૃ. ૬૨૨-૨૩

૨૦. એજન, પૃ. ૬૨૩-૨૪

૨૧. એજન

૨૨. ભો.જ. સાંડેસરા, ઉપર્યુક્ત, પૃ. ૧૬૨

૨૩. એજન પૃ. ૧૨૫

૨૪. આચાર્ય હેમચંદ્રના 'દ્વયાશ્રય' મહાકાવ્ય(સર્ગ ૯, શ્લોક ૧૪૫)થી એને પુષ્ટિ મળે છે. એમાં લતાગૃહમાં રહેલી મયણલ્લાનો ચોલક' જોઈ એનો ભાવી પતિ કર્ણ સોલંકી અનુમાન કરે છે કે એ કન્યા હોવી જોઈએ. ટીકાકાર અભયતિલકગણિ 'ચોલક'નો

અર્થ कन्योचितसर्वांगीणकंचुकविशेष એ રીતે સમજાવે છે, એ આગમસાહિત્ય-અંતર્ગત ઉલ્લેખને બરાબર મળતું આવે છે. આ પ્રકારના વસ્ત્રને પાછળના સમયમાં 'પેશવાજ' કહેતા. ઈ. સ. ૧૮૦૦ આસપાસના કાંગડા–ગુલેર શૈલીના એક ચિત્રમાં આ વસ્ત્ર છે ("કુમાર", એપ્રિલ ૧૯૬૯). 'પેશવાજ'નો અર્થ 'ચોળી-ચણિયો સાથે સીવેલાં હોય એવું સમસ્ત અંગ ઢાંકતું લાંબું ઘેરદાર વસ્ત્ર" એવો અર્થ એ ચિત્રની સમજૂતીમાં આપ્યો છે.

૨૫. ભો. જ. સાંડેસરા, ઉપર્યુક્ત, પૃ. ૧૮-૧૯

૨૬. દુર્ગાશંકર શાસ્ત્રી, ઉપર્યુક્ત, પૃ. ૨૮

૨૭. હરિપ્રસાદ શાસ્ત્રી, ઉપર્યુક્ત, પૃ. ૪૫૪ ૨૮. એજન, પૃ. ૬૧૦-૧૧

૨૯. દુર્ગાશંકર, શાસ્ત્રી, ઉપર્યુક્ત, પૃ. ૧૧૫

૩૦. M. R. Majmudar, *op. cit.*, p. 115

૩૧. *Ibid.*, p. 266 ૩૨. હરિપ્રસાદ શાસ્ત્રી, ઉપર્યુક્ત, પૃ. ૬૧૬-૧૭

૩૩. M. R Majmudar, *op. cit.*, p. 261

૩૪. હરિપ્રસાદ શાસ્ત્રી, ઉપર્યુક્ત, પૃ. ૬૧૮-૨૦

૩૫. જૈન આગમો ઉપરની ટીકાચૂર્ણિઓ અનુસાર, સૌરાષ્ટ્રમાં થતી એક ખાસ પ્રકારની માટીને 'સૌરાષ્ટ્રિકા' કે 'સૌરાષ્ટ્રકા' પ્રા. सोरट्ठिआ કહેતા. આ શબ્દનો 'ફટકડી' એવો એક અર્થ પણ આપવામાં આવ્યો છે (ભો.જ. સાંડેસરા, ઉપર્યુક્ત, ૨૦૯-૧૦).

૩૬. હરિપ્રસાદ શાસ્ત્રી, ઉપર્યુક્ત, પૃ. ૫૫૬

૩૭. M. R. Majmudar, *op. cit.*, p. 147 ૩૮. *Ibid.*, p. 150

૩૯. હરિપ્રસાદ શાસ્ત્રી, ઉપર્યુક્ત, પૃ. ૬૧૨

૪૦. મૂળ હાલરડાનો પાઠ જુઓ : "रात्रावप्युत्थिताः सन्तो रुदन्तं दारकं धात्रीवत् संस्थापयन्त्यनेकप्रकारैरुल्लापनैः, तद्यथा–"सामिओ सि नगरस्स य णक्कउरस्स य हत्थकप्प-गिरिपट्टणसीहपुरस्स य उण्णयस्स निन्नस्स य कुच्छिपुरस्स य कण्णकुज्ज–आयामुह-सोरियपुरस्स य" ('सूत्रकृतांगसूत्र', शीलांकदेवनी वृत्ति, पृ. ११९)

૪૧. ભો. જ. સાંડેસરા, ઉપર્યુક્ત, પૃ. ૨૦૧ ૪૨. એજન, પૃ. ૨૦૪

૪૩. એજન, પૃ. ૨૦૫

૪૪. *Bombay Gazetteer*, Vol. I, Part I, Appendix IV; શ્રી. રત્નમણિરાવ ભીમરાવનો નિબંધ "ગુજરાતનું વહાણવટું" (વસંત રજત મહોત્સવ સ્મારક ગ્રંથ)

૪૬ હરિપ્રસાદ શાસ્ત્રી, "ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ," પૃ. ૧૬૪

૪૭. પૃ. ૧૬૫. એજન,

૪૮. હરિપ્રસાદ શાસ્ત્રી, મૈ. ગુ., ભાગ ૨, પૃ. ૫૪૮

૪૯. એજન, પૃ. ૫૪૯-૫૪. રણછોડલાલ જ્ઞાની, 'ગુજરાતના ઇતિહાસને લગતા સિક્કાઓ,' "બુદ્ધિવર્ધક વ્યાખ્યાનમાળા" પુષ્પ ૧ અને ૨, પૃ. ૫૬

૫૦. જ્ઞાની, ઉપર્યુક્ત, પૃ. ૫૭ ૫૧. એજન, પૃ. ૫૯-૬૦

પર. M. R. Majmudar, *op. cit.*, p. 280

પ૩. ભો. જ. સાંડેસરા, "શબ્દ અને અર્થ", પૃ. ૧૩૫

પ૪. M. R. Majmudar, *op. cit.*, pp. 279-80 પપ. *Ibid.*, p. 281

પ૬. दो साभरगा दीविच्चगाउ सो उत्तरापथे एक्को ।
दो उत्तरापधा पुण पाडलिपुत्तं हवति एक्को ॥

(ભાષ્ય ગાથા ૯૫૨)

'साहरको' नाम रूपकः, सो वि दीविच्चको । तं दीवं सुरट्ठाए दक्खिणेण जोयणमेत्तं समुद्दमवगाहित्ता भवति। ("निशीथचूर्णि," भाग २, पृ. २३५)

સાતમા–આઠમા સૈકા સુધી દીવ સૌરાષ્ટ્રની મુખ્ય ભૂમિ સાથે જોડાયેલું હતું અને ત્યાર પછી કોઈ ભૂસ્તરીય પરિવર્તનોને કારણે એ ટાપુ બની ગયું હતું એમ સૂચવતી એક અનુશ્રુતિ ડૉ. એ. એસ. અલતેકરે નોંધી છે (A. S. Altekar, *Ancient Towns and Cities in Gujarat and Kathiawad*, p. 26), પણ એ ઉપર આધાર રાખી શકાય એમ નથી, કેમકે સાતમા સૈકાના અરસામાં રચાયેલી "નિશીથસૂત્ર"ની ચૂર્ણિમાંના, ઉપર ટાંકેલા અવતરણમાં સ્પષ્ટ કહ્યું છે કે દીવ સૌરાષ્ટ્રની દક્ષિણે એક યોજન દૂર સમુદ્રમાં આવેલ છે.

પ૭. ભો.જ. સાંડેસરા, "જૈન આગમ સાહિત્યમાં ગુજરાત", પૃ. ૮૯

પ૮. रूपमयं वा नाणकं भवति, यथा–भिल्लमाले द्रम्मः। "બૃહત્કલ્પસૂત્ર" ઉપરની ક્ષેમકીર્તિની વૃત્તિ, ભાગ ૨, પૃ. ૫૭૪. શ્રીમાલના દ્રમ્મને 'પારૌપથ દ્રમ્મ' કહેતા 'પારૌપથ' શબ્દનો નિશ્ચિત અર્થ કહેવો આપણા જ્ઞાનની અત્યારની સ્થિતિમાં મુશ્કેલ છે. "શ્રીમાલની ટંકશાળમાં પાડેલા, ત્રણ વાર પરખેલા, બજારના વ્યવહારમાં આવતા, ચાલુ, ભેળસેળ વિનાના, રોકડા" પારૌપથ દ્રમ્મનું ચલણ ગુજરાતમાં ઓછામાં ઓછું વિક્રમના તેરમા સૈકાના અંત સુધી હતું એમ "लेखपद्धति" (પૃ. ૨૦, ૨૩, ૩૫, ૩૭, ૩૯, ૪૦, ૫૫ ઇત્યાદિ) ઉપરથી જણાય છે.

પ૯. R. C. Parikh, *Kāvyānuśāsana* (by Hemachandra), Vol II, Introduction, p. 95

## પ્રકરણ ૧૧

# ભાષા અને સાહિત્ય

### ભાષા

મૈત્રક અને અનુ-મૈત્રક કાલનો વિચાર કરીએ છીએ ત્યારે એક વસ્તુ બહુ સ્પષ્ટ રીતે તરી આવે છે કે ગુજરાતમાં રાજ્યભાષા સંસ્કૃત હતી. મૈત્રક વંશ, દક્ષિણ ગુજરાતના ગુર્જરનૃપતિવંશ, ચાલુક્યવંશ અને રાષ્ટ્રકૂટવંશ, પશ્ચિમ સૌરાષ્ટ્રના ગારુલક અને સૈંધવ વંશ, દક્ષિણ સૌરાષ્ટ્રનો સોલંકી વંશ, તથા ઉત્તર-પૂર્વ સૌરાષ્ટ્રનો ચાપવંશ વગેરે રાજવંશોનાં અનેકાનેક તામ્રશાસન મળ્યાં છે તે વાંચતાં સંસ્કૃત ભાષા તરફ આ બધા રાજવંશોનો સમાદર અનુભવાય છે.

છેક ભાસથી લઈ ભારતવર્ષમાં સાહિત્યિક સંસ્કૃત ભાષાએ ઉચ્ચ પ્રકારની પ્રૌઢિનો અનેક સાહિત્યસ્વામીઓને હાથે રચાયેલી સમૃદ્ધ રચનાઓ દ્વારા પરિચય આપ્યો હતો. પ્રાચીન ગુર્જરદેશ (પશ્ચિમ મારવાડ) અને ઉત્તરકાલીન ગુર્જરદેશ (વર્તમાન ગુજરાતના મોટા ભાગનો પ્રદેશ) પણ થોડા પણ મહત્ત્વના સાહિત્યકારોથી સમૃદ્ધ હતો. આ સમૃદ્ધિનો આછો ખ્યાલ ઉપર કહેલા રાજવંશોનાં ભિન્ન ભિન્ન કાલે ભિન્ન ભિન્ન સ્થાનોમાંથી અપાયેલાં દાનશાસનોમાં પ્રયુક્ત થયેલી સંસ્કૃત ભાષામાં પણ મળે છે. 'કાદંબરી' અને 'હર્ષચરિત'ના રચનારા મહાકવિ બાણે જે ભવ્ય ગદ્યથી સંસ્કૃત ભાષાને સમૃદ્ધ કરી છે તે ગદ્યનો આરંભ કરવામાં ગુજરાતના વિદ્વાનોનો ફાળો કેવો હતો એનો ખ્યાલ તામ્રદાનશાસનોમાં આપવામાં આવેલી તે તે રાજવંશના રાજવીઓની વ્યક્તિગત પ્રશસ્તિઓમાં જોવા મળે છે. આ પ્રશસ્તિકારોએ બાણની પહેલાં રુદ્રદામાના લેખમાં છે તેવી સમૃદ્ધ પરંપરા ક્યાંથી મેળવી એ કહેવું મુશ્કેલ ખરું; ગમે તે હો, બાણની પહેલાં પાંચેક સૈકાથી આ ગદ્યસમૃદ્ધિનાં ગુજરાત-સૌરાષ્ટ્રની તલભૂમિમાં દર્શન થાય છે અને એ પ્રવાહ અહીં અભિલેખોમાં તો છેક ૧૮ મી સદી સુધી જોવા મળે છે.

એ ખરું છે કે ગુજરાત–સૌરાષ્ટ્ર–કચ્છમાંથી જાણવામાં આવેલા આ કાલના અભિલેખોમાં લોકાભિમુખતાનો પણ અનુભવ થઈ શકે છે. ખાસ કરીને શબ્દકોશની દૃષ્ટિએ તપાસીએ તો, મુખ્યત્વે વિશેષ નામોમાં, લોકમાંથી ઉઠાવેલાં નામોના ક્વચિત્ તત્સમ સ્વરૂપમાં, પણ મોટે ભાગે એનું સંસ્કૃતીકરણ થયું હોય એ સ્વરૂપમાં સંખ્યાબંધ શબ્દો મળે છે. રાજાઓ અને રાજપુરુષોનાં જે નામ નોંધાયાં છે તેમાં આ બેઉ પ્રકારનો સારો એવો અનુભવ થાય છે. મૈત્રક વંશના સંસ્થાપકનું નામ ધ્રુવસેન ૧ લાનાં દાનશાસનોમાં भटक્ક અને भटाक्क મળે છે અને પછી તો भटार्क તરીકે જ ચાલુ રહે છે.[1] भटार्क 'યોદ્ધાઓમાં સૂર્યના જેવો' (સં. भृत પ્રા. भट પછી સં. માં સ્વીકારાયું અને સં. अर्क=સૂર્ય) એવો સંસ્કૃત પ્રકારનો અર્થ આપનારો શબ્દ હતો કે અભિલેખોમાં નોંધાયેલાં अणटक, अनहिल, अम्मधर, अल्ल, अहिरोल, आणुक, आवुक, उच्छड, उज्झक, कक्क, कक्कुक, कण्डकणक, काकिन्निनूवक, किक्कक, कुहुण्डक, कोटिलक, कोधक, खच्चलय (?), खन्द, खुड्डक, खुद्द, खुद्दिलक, खोक्खक, गडह, गिलक, गिल्लक, गुग्गक, गुहिल, गोग्गक, गोपदिन्न, गोम, गोल्लक, गोव, गोहक, घंचक, चच्च, चच्छर, चट्ट, चिर्बिर, छेण्डवक, जज्जल्लक, जजज्जु, जज्जिका, जब, ज्ञाईक, झञ्झक, डाटल्ल, डामर, ढिण्ढक, णण्ण, णरट्टक, तत्त, तावि, तोण्डक, दत्तिल, दत्तुलिक, दद्द, दसिल, दिन्नभट्टि, दुद्दा, देरभट, देवदिन्न, देवळ, देविल, धम्मिल, नट्टक, नण्णवक, नन्न, नाधुल्ल, नावुवक, निरिहुल्लक, पत्तिणक, पालकटज्ञान, पिट्टलेश्वर, पिप्पल, बप्प, बप्पटक, बप्पटीयक, बाटव, बारिलक, बाव, बावुल्ल, बाभ्र, बुट्टक, बूट, बोटक, बोप्पस्वामी, भटील, भट्टि, भट्टु, भाटल्ल, भायिवट्ट, भाग्य, भिरूवक (?), भुद्दादित्य, भोगिक, भोटुक, भोडल्ल, भोण्डक, मग, मम्मक, मंकस्वामी, माड्डक, माण्णक, मासम, मिम्मा, मैल, योतिल, रामिल, राहुवावक, रेविसर, रेगघ, लल्लुव, लाभदरिल्लक, लुद्र, लुद्रक, वत्तक, वन्न, वरुणम्बिलिक, वाटशर्मा, वाड, वावक, विकिदिन्न (?), विण्हल, विंछियक, शर्वट, शान्तिल्ल, शोस्सक, श्यमणेर, श्वर, सग्गळ, सब्भीलक, संगिलिक, संगुल, संगुल्ल, संभुल्ल, सान्द, हेम्बर, हेरम्बक વગેરે;[2] અને अक्कुक, अड्डक, अम्मैयंक, अल्लैयक, इमुव, कण्हक, कल्ल, कल्लुम्बर, कुम्वडि, कोकल्ल, कोट्टम्महिका, कोट्टरा, गिंजक, गोगूराणक, गोबड्डि, गोवास, छच्छर, जज्जक, जज्जप, जज्जुल्ल, जब, जाज्जाक, जेउल्ल, ढोड्डि, तोडल्ल, दीन्द, दुश, देउथ, देद्दक, द्रंगिय, धवलप्प, धीइक, नकुम्भ, नाणसर, नासेण, नेन्नप्प, नेव, नेवरेव, नोघ, पार्थिल, पाल्लह, बप्पुक, बव्य, बादड्डि, बूट, महल्ल, महिंदक, मेहप, रट्ट, राणप–राणप्प, राहप्प, वत्सुव, वव्व, विजाम्बा, विशढ, वेन्नप[2a] જેવાં સંસ્કૃતેતર પ્રકારનાં સ્વતંત્ર કે સંસ્કૃત છાયાનો

આભાસ આપતાં સ્થાનિક કે આયાત થયેલાં નામો જેવો શબ્દ હતો ? भटक्क-भटार्क્ની સાથે ભ્રાંતિ ઉપજાવનારો મૈત્રકોની પહેલાંનો 'शर्वभट्टारक'માંનો 'भट्टारक'[3] પછી મૈત્રકોના લેખોમાં ઉપાધિ તરીકે આવતો અને દિગંબર જૈનોમાં તો બિરુદ તરીકે વ્યાપક થયેલો જોવા મળે છે. આ શબ્દનો સં. भर्ता (પહેલી વિભક્તિ એ. વ.) સાથે જનક-જન્ય સંબંધ હશે ? ઉપરની સંજ્ઞાઓમાં तोडल्ल, द्रोणम्म, अल्लेयक, अम्मैयक જેવા શબ્દોમાં કર્ણાટક તરફની સંજ્ઞાઓનો તો બીજાઓમાં શકો-ક્ષત્રપો-હૂણો જેવી વિદેશી પ્રજાઓની અસર પણ હોય. નિશ્ચયાત્મક રીતે કહેવું મુશ્કેલ છે.

રાજપુરુષોની આ સંજ્ઞાઓથી સ્વતંત્ર રીતે જ જેઓનો અભિલેખોમાં સેંકડોની સંખ્યા કહી શકાય તે નગરો-ગામો-ગોઠડાં-સ્થળો-ખેતરો-પુરુષોની સંજ્ઞાઓ છે. આ બધાં વિશેષ નામોની પણ રાજપુરુષોની સંજ્ઞાઓ જેવી જ સ્થિતિ અનુભવાય છે. अकोट्टक, अक्कोलक, अमदासपुत्र, अमाकारकूप, अम्बरेणु, अम्रिलिका, अयानक, अरलौम, अरिलिका, अशिलपलिला, अंकोलि, आद्रोटक, आनुमंजी, आरील, आसट्टि, इषिकानक, ईक्षरकी, उआसिंघ, द्रपद्रक, उप्पलहेट, उवरिवद्र, उषिलथण, आसुम्भला, कक्किज्ज, कण्हवल, कमणीय, कविट्ठिक, काण्डज्ज, कालापक, कासर, किक्कटापुत्र, कुक्कट, कुक्कुरवल्लिका, कुक्कुराणक, केमज्जु, कोरटप्रदक, कोरिल्ला, कोलम्ब, कोलिक, खग्गडि, खुद्दवेदीय, खुद्दिलिक, खैरोद, खोडस्थलक, गण्डक, गुड्डपल्लि, गोप्परवाटक, गोरकेश, गोरज्जा, गोलिअवली, घराय, घासरक, चिंचानक, चूटिका, चोट्टियानक, चोस्सरी, छीरकह, जम्बुवानक, जाइण्णपल्लि, जीरूक, जो... शल्यासा, ज्येष्ठानक, टभ, डच्चाणक, डभक, डम्भरपद्रक, डहक, डाण्डास, डामरिपाटक, डेभक, डोम्भि, तथउम्बरा, त्रमदी, त्रेयण्ण, दिशापुत्र, दुहुदुहिका, दुहुदुहु, देलावद्र, देसुरक्षितिज्ज, देसेनक, दोध्वक, धम्मणहड्डिका, धानन्दा, धाहद्द, नट्टकपुत्र, नदीय, नन्दीअरक, नागदिन्नानक, नाटयोटक, निगुड, निग्गुडक, निर्गण्डी, नेराछ, पम्रिमलि, पसन, पद्मवटिक, पिच्छिपजि, पिप्पलरुंखरी, पिप्पलाच्छ, पिंछकूपिका, पुण्डिकानक, पुलेण्डक, पुध्मिलानक, फलहवद्र, फंकप्रस्रवण, बण्डरिजिद्रि, बरटक, बरुटखल्लर, बलापल्का, बलिस, बल्हारणक, बहुबटक, बारटक, बारवन, बाल्हरणक, बाहिरिका, ब्रमिलानक, भडासक, भल्लर, भुम्भुसपद्रक, मेराजिजका, भोण्डानक, मदावी, मद्दकणा, मण्णाथ, महिछक, माणइज्जिका, मोरजिज्ज, यमलखल्वर, योधावक, रक्षरपुत्र, राइधं, रोहाणक, रोहिणीयर्ज, लुशनिक, लूषा, लेश्रुदक, लोहिगकक्ष, वघौरि, वटभलिक, वट्टार, वड्डसोमलिका, वप्पोइका, वरण्डा, वराहम्मणिक, वराहहोरक, वलापद्र, वसुकीय, वंशकट, वंशटिका, वारनेर, विकिल्लिस, शमीहम्बर, शविनिपद्रक, शिनबरटक, शुंठवडक,

शोणव्वा, सन्तापुत्र, सर्बालपटक, सावण्डिक, सिरवातानक, सिरिसिम्मिणिका, सीडिका, सीहमुहिज्ज, सीहाणक, सुवर्णारपल्लि, सेरिद्रह, हरियानक, વગેરે[૪]; अक्कोट्टक, अक्षाणक, अम्वाउञ्च, अम्बुल्क, अरलुवक, अल्लूरक, इषिकानक, उप्पलहत्थक, कक्क, कण्हवल, कम्मणिज्ज, कुल्लुवी, कवलोइका, काविका केरडवल्ली, केवञ्ज, कोरिण्ढक, खिकिखरिआणक, खौंराच्छक, चोक्खकुटि, चोरुन्दक, जद्राण, जोणन्धा, तेन्न, थूर्णवि, दन्तेल्लक, दिन्नानक, धडयासह, धन्नवलिका, धाडियप्प, धाहद्ध, नावड, पडमशृग, पंथोडा, पाराहणक, पूरावी, पेढिल्क, फंक, मत्थणिक, मङ्गन, मंकणिका, मोगलिका, मोत्तक, रुह्लाड, रूरि, लिक्कवल्लि, वग्घाच्छ, वडवल्ली, वलोइका, वबुलिक, वञ्चियण, वारडपल्लिका, वाहाउल, विंकल, विञ्चुदसप्पुर, विन्हुयवल्लि, वेहिच्चा, वोरीवद्रक, शणाइचाणक, सज्जोडक, संजाण, सुहिला, सेण्डुवक વગેરે[૪અ] ગામો–ખેતરો–વાવ–પથકો વગેરેનાં સંખ્યાબંધ નામો–આ બધા શબ્દોનાં મૂળ સંસ્કૃતમાં શોધ્યાં જડે એમ નથી. वाहक કે पल्लि જેવામાં અંત્ય શબ્દો પકડાય, પરંતુ બીજું નહિ જ. આમ સેંકડો શબ્દોને અભિલેખોમાં ગૂંથી લેવામાં આવ્યા છે. સ્વરૂપ ઉપરથી ક્યાંક સ્થાનિક સ્વરૂપમાં તો ક્યાંક 'क' ના ઉમેરણે સંસ્કૃતાભાસી બનાવી લેવામાં આવ્યા છે. 'बरटक' જેવામાં સ્થાનિક 'बरड' જેવા શબ્દને પણ જોઈ શકીએ. આ સંસ્કૃતીકરણ છે એમ આપણને લાગે.

આ કાલમાં જેમ ગદ્યનો અભિલેખોમાં પરિચય મળે છે તે પ્રમાણે પદ્યનો પણ મળે છે. જેમ ગદ્યનો જૂનો નમૂનો રુદ્રદામાના જૂનાગઢ–શૈલલેખ (ઈ. સ. ૧૫૦) જેટલા જૂના સમયમાં છે[૫] અને પરંપરા આપણે ત્રૈકૂટકો, મૈત્રકો, ગારુલકો, સૈંધવો, ચાલુક્યો, ગુર્જરો, કલચુરિઓ, ચાહમાન, સેંદ્રક વગેરે વંશોના અભિલેખોમાં જોઈએ છીએ તે પ્રમાણે પદ્યનો જૂનો નમૂનો ત્યાં જ સમ્રાટ સ્કંદગુપ્તના સમયના અભિલેખ(ઈ. સ. ૪૫૭)માં છે,[૬] રાષ્ટ્રકૂટો અને ચાપ વંશના ધરણીવરાહનાં પદ્યોમાં મળે છે. સંપૂર્ણ અભિલેખ નહિ, પરંતુ મોટે ભાગે રાજાવલીનો પૂર્વ ભાગ સુંદર સાહિત્યિક આલંકારિક સમૃદ્ધ સંસ્કૃત ભાષામાં જોવા મળે છે. કક્ક ૨ જા(ઈ. સ. ૭૫૭)ના અભિલેખનું મંગલાચરણ :

श्रीमान्सदा जयति सिद्धसुरासुरेन्द्रवृन्दोत्तमांगमणिचुम्बितपादपद्मः ।
शंभुः समाहितगुणत्रितयः प्रजानां सर्गस्थितिप्रलयकारणमादिदेवः ॥
आसीदनेकसमराप्तजयः क्षितीशः श्रीराष्ट्रकूटकुलपंकजषण्डसूर्य्यः ।
दुर्व्वारवैरिवनितावदनारविन्दहेमन्तकालपवनो भुवि कक्कराजः ॥[૭]

મૈત્રક–અનુમૈત્રક કાલે ભાષાની દૃષ્ટિએ એક મોટી સેવા આપી છે તે રાજ્યવહીવટને લગતા અધિકારીઓ વગેરેના હોદ્દાઓને લગતી પરિભાષાના સંસ્કૃત અલ્પપ્રયુક્ત શબ્દોના અને ક્વચિત્ બહારથી આયાત થયેલા શબ્દોના વ્યવસ્થિત

ઉપયોગની. આમાં બિરુદો અને હોદ્દાઓનો જેમ સમાવેશ થાય છે તેમ જમીનનાં સાટાં વગેરેના પારિભાષિક શબ્દો પણ છે. બિરુદોમાં धर्मादित्य, बालादित्य, वीतराग, प्रशान्तराग, बाहुसहाय, धराश्रय, श्र्याश्रय, जयाश्रय, अवनिजनाश्रय; ધર્મની દૃષ્ટિએ परममाहेश्वर, परमभागवत, परमादित्यभक्त;[8] હોદ્દાની રૂએ રાજબિરુદો सेनापति, महाराज, भट्टारक, परमभट्टारक, सामन्त, महासामन्त, महासामन्ताधिपति, महाराजाधिराज, परमेश्वर;[9] કવચિત્ चक्रवर्ती;[10] અમાત્યોમાં कुमारामात्य, कुलपुत्रामात्य;[11] નાના મોટા અધિકારીઓનાં महाप्रतीहार, महादण्डनायक, महाकार्ताकृतिक, महाक्षपटलिक, महासान्धिविग्रहिक, महाबलाधिकृत, राजस्थानीय, उपरिक, दूतक, कार्थेबरिक, प्रतिनर्त्तक, सूपकारपति, आयुक्तक, विनियुक्तक, ध्रुव, अनुत्पन्नादानसमुद्ग्राहक, शौल्लिक, समाहर्ता, भोगिक, दण्डपाशिक, चौरोद्धरणिक, दशापराधिक, वर्त्मपाल, चार, अवलोकिक, प्रमाता, चाट, भट, महत्तर, ग्रामणी, ग्रामकूट, द्रांगिक, स्थानाधिकरणिक, विषयपति[12] આવા ભિન્ન ભિન્ન અધિકાર બતાવનારા; ક્યાંક ધર્મસંપ્રદાયના માન માટે बप्प ('બાપજી' જેવા અર્થમાં)[13]–આ સંજ્ઞાઓ ઠેર ઠેર વિપુલતાથી વપરાયેલી જોવા મળે છે.

दिविरपति[14] જેવો દૂતક-કોટિનો અધિકાર પણ હતો. આ શબ્દ વિદેશમાંથી આયાત થયેલો છે. એક कार्थेबरिक[15] હોદ્દો પણ જોવામાં આવ્યો છે.

વહીવટી વિભાગોની સંજ્ઞાઓમાં ग्राम, ग्रामक, पद्र, पद्रक, पल्ली, पल्लिका[16] વગેરે નાનાંથી લઈ મોટાં ગામો માટેની, તો नगर, पुर, पुरी, पत्तन[17] એ નાનાં મોટાં શહેરો માટેની, વળી द्रंग, स्थली, पथक, आहार, आहरणी, विषय, भुक्ति[18] જેવી–સૂચક રીતે વપરાતી હતી.

ભોગવટાને લગતા શબ્દોમાં सत्क, धर्मदेय, देवदेय, ब्रह्मदेय, अक्षयनीवीधर्म[19] જેવા પકડી શકાય છે, જ્યારે ભૂમિની માપણીને લગતા पादावर्त, निवर्तन, पिटक, प्रस्थ, आढक, कुलयवाय, भक्ती[20] વગેરે પ્રચલિત થયેલા.

જ્યારે અભિલેખો વાંચીએ છીએ ત્યારે એની ભાષાસમૃદ્ધિની સાથે લોકભોગ્યતાનો પણ પરિચય સુલભ બને છે.

એક વસ્તુ અત્યંત સ્પષ્ટ છે કે આ કાલમાં ભારતવર્ષમાં રાજભાષા સંસ્કૃત હતી, અને સંસ્કૃતની પ્રબલતા એવી હતી કે બૌદ્ધો અને જૈનોના જે ગ્રંથો આ કાલમાં લખાયા તેઓમાં સંસ્કૃત ભાષાને પ્રાધાન્ય મળ્યું. આમ છતાં પ્રાકૃત તરફના સમાદરને કારણે જૈન વિદ્વાનોને હાથે જૈનાગમોની એક વિશિષ્ટ પ્રકારની વૃત્તિઓ

–વિવૃતિઓ, નિર્યુક્તિ અને ચૂર્ણિના સ્વરૂપમાં આ યુગમાં જ મુખ્યત્વે વિકસી. જૈન સાધુઓનું સ્થાન નિશ્ચિત ન હોવાને કારણે રચનાસ્થાન પકડવાં મુશ્કેલ હોવા છતાં આ ધર્મનો વ્યાપક પ્રસાર પશ્ચિમ મારવાડ અને ગુજરાત–સૌરાષ્ટ્રમાં ઘણા જૂના સમયથી હોવાને કારણે મહત્ત્વની રચનાઓ આ ભૂભાગમાં થઈ જણાય છે. નિર્યુક્તિઓ અને ચૂર્ણિઓ ઉપર જૈનાગમની અર્ધમાગધીની પ્રબળ અસર હતી, તેથી આ રચનાઓ એ યુગમાં સમગ્ર ભારતવર્ષમાં પ્રાકૃત કક્ષાએ પ્રાધાન્ય ધરાવતી 'મહારાષ્ટ્રી' પ્રાકૃતને વાહન તરીકે રાખીને રચાઈ, આમ છતાં એમાં સ્થાનિકતાની પ્રબળ અસર રહી. આમાંથી 'જૈન મહારાષ્ટ્રી' પ્રાકૃતનું એક સ્વરૂપ સ્થાપિત થયું. આમાં શબ્દારંભે णकारને સ્થાને અને બે સ્વરોના મધ્યમાં આવેલા બેવડા णणकारને સ્થાને અનુક્રમે न,न्नનો સમાદર અને બે સ્વરોના મધ્યમાંના વર્ગીય વ્યંજનના લોપે અવશિષ્ટ રહેતા अवर्णમાં લઘુપ્રયત્ન यश्रुतिનો વ્યાપક સમાદર સૂચક બની રહ્યાં. આ નિર્યુક્તિઓ અને ચૂર્ણિઓએ તત્સમ સંસ્કૃત અને સંસ્કૃતોત્થ પ્રાકૃત શબ્દો ઉપરાંત સ્થાનિક હજારો દેશ્ય શબ્દોને સાચવી આપ્યા, જેનો સાચો ખ્યાલ તો સોલંકી યુગમાં થયેલા આચાર્ય હેમચંદ્રના देसीसद्दसंगहोથી જ આવી શકે છે. બેશક, એમાં કેટલાક શબ્દોનાં મૂળ સંસ્કૃતમાં પણ મળી શકે છે, પરંતુ એવા શબ્દોની સંખ્યા મર્યાદિત છે. એવું બન્યું છે કે સંસ્કૃત પરંપરાનો અર્થ સચવાયો ન હોય અને નવો જ અર્થ ધરાવતો હોય એવા કારણે એવો શબ્દ 'દેશી' તરીકે સ્થાન પામ્યો હોય.

આવી પ્રાકૃત રચનાઓથી સ્વતંત્ર રીતે સંસ્કૃત પરંપરા જૈનોમાં સમગ્ર ભારતવર્ષમાં વ્યાપક બની હતી. પશ્ચિમ ભારતવર્ષના ભૂભાગ ઉપર પણ એની અસર હતી જ. એ જ પરંપરામાં જૈનાગમોની સંસ્કૃત ટીકાઓ વિકસી. અનુ-મૈત્રક કાલમાં શીલાંકસૂરિ એક એવા આચાર્ય છે. आचारांग–सूत्रकृतांगवृत्ति ઉપરાંત धर्मोपदेशमालाની वृत्ति આ કે આ નામ સાથે સામ્ય ધરાવનારા शीलाचार्यની રચનાઓ છે. विशेषावश्यकभाष्य ઉપર એક કોટ્યાચાર્યે ટીકા લખી છે એ કદાચ શીલાચાર્ય હોય એવો એક મત છે, પણ એ વિશે નિર્ણયાત્મક રીતે કહી શકાતું નથી.[૨૧]

પશ્ચિમ ભારતવર્ષમાં નિર્યુક્તિ અને ચૂર્ણિઓ ટીકાપ્રકારની હતી, પરંતુ કથાપ્રકાર પણ પ્રાકૃત ભાષામાં ક્વચિત્ ખેડાયો હતો. પશ્ચિમ મારવાડમાં આવેલા, જોધપુર પાસેના, જાબાલિપુર–જાલોરમાં ઉદ્દ્યોતનસૂરિ નામના એક જૈનાચાર્યે ઈ.સ. ૭૭૮ લગભગમાં कुवलयमाला નામની જૈન મહારાષ્ટ્રી પ્રાકૃતની ગદ્ય–પદ્ય-

ત્મક રચના કરી,[૨૨] તો ઈ. સ. ૮૭૦ આસપાસ નિવૃત્તિગચ્છના માનદેવસૂરિના શિષ્ય શીલાચાર્યે પ્રાકૃત ગદ્યમાં મહાપુરિસચરિયની રચના કરી.[૨૩]

**અપભ્રંશનો વિકાસ**

આમાંના ઉદ્દ્યોતનસૂરિ અત્યારે તો એક એવા લેખક છે કે જેમણે એમના સમયમાં લોકભાષા તરીકે વ્યાપક થઈ ચૂકેલી અપભ્રંશ ભાષાના ટુકડા પણ નોંધ્યા છે. અપભ્રંશની પશ્ચિમ ભારતવર્ષમાં સ્થિતિ હતી એ વિશે અહીં થોડું કહીએ તો એ અપ્રસ્તુત થશે નહિ.

એ હકીકત છે કે મૈત્રક કાલમાં અપભ્રંશે પોતાના ત્યાં ત્યાંના પ્રાકૃતભાષા-પ્રકારમાંથી લોકભાષાનું સ્વરૂપ સિદ્ધ કરવાની પ્રક્રિયાનો પ્રબળ આરંભ કરી દીધો હતો. અપભ્રંશના લક્ષણ વિશે ઊંડા ઊતરીએ તો આપણે છેક ઈ. પૂ. પાંચમીથી ચોથી સદી વચ્ચે સિદ્ધ થયેલા અને મૈત્રક કાલના આરંભ પૂર્વે વલભીમાં દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણને હાથે સંપાદિત થયેલા જૈનાગમની લેખન–વાચનામાં અનુભવી શકીએ છીએ. નપુંસકલિંગની પહેલી વિભક્તિના બહુવચનનાં અકારાંત નામોનાં રૂપોમાં પ્રા. आणि < સં. आनि ની સાથોસાથ અપ. आइं નાં દર્શન કદાચ વલભીના સ્થાનિક વિકસતા આવતા અપભ્રંશપ્રકારનાં હોય તો કદાચ એ અસંભવિત નહિ હોય.[૨૪] ભરત-નાટ્યશાસ્ત્રમાં એની આછી છાંટ ક્વચિત્ જોવા મળે છે,[૨૫] પરંતુ વિશ્વાસ રાખી શકાય તેવું ચંડના प्राकृत-लक्षण નામના વ્યાકરણગ્રંથમાંથી મળી આવે છે. એમાં ત્રણ મુખ્ય પ્રાકૃત ભાષાઓના સ્વરૂપનો વિસ્તારથી પરિચય આપતાં માત્ર એક સૂત્રમાં 'न लोपोऽपभ्रंशेऽधोरेफस्य' (અપભ્રંશમાં સંયુક્ત વ્યંજનોના ઉત્તર વ્યંજન તરીકે આવતા રકારનો લોપ ન થાય), એમ કહ્યું છે.[૨૬] એના ઉત્તરકાલીન દંડીએ काव्यादर्श માં आमीरादिगिरः[૨૭] તરીકે અપભ્રંશને નોંધેલ જ છે. આભીરોની વસ્તી કચ્છ–સૌરાષ્ટ્ર સાથે પશ્ચિમ મારવાડમાં હતી એ આ પ્રદેશમાં અપભ્રંશના પ્રભુત્વને બળ આપે. એમ તો કાલિદાસના 'વિક્રમોર્વશીય'ના ૪ થા અંકમાં બધી જ ગેય ધ્રુવાઓ 'અપભ્રંશ'માં અપાયેલી છે, પણ એ અપભ્રંશ ભાગ ખરેખર કાલિદાસની રચના હોવાના વિષયમાં મતભેદ છે.[૨૮] એ મોડેનો પ્રક્ષેપ હોવાનો મત છે. ગમે તે હોય, મૈત્રકોના ઉત્તર કાલમાં 'અપભ્રંશ' આ પ્રદેશમાં પ્રભુત્વ જમાવી ગયો હતો. વલભીના મૈત્રક રાજા ગુહસેન (ઈ. સ. ૫૫૯–૫૬૭) ને નામે ચડાવેલા એક દાનશાસનમાં એને संस्कृतप्राकृतापभ्रंशत्रयप्रतिबद्धप्रबन्धरचनानिपुणान्तःकरणः[૨૮] કહેવામાં આવ્યો છે, પરંતુ એ દાનશાસન બનાવટી પુરવાર થયું છે,[૨૯] એટલે આ

વિધાનને આપણે અનુ-મૈત્રક કાલનું હોવાને કારણે એટલું પ્રાચીન ન ગણીએ, કિંતુ છઠ્ઠી સદીના ભામહે પોતાના 'કાવ્યાલંકાર'માં 'संस्कृतं प्राकृतं चान्यदपभ्रंश इति त्रिधा।' એ રીતે સંસ્કૃત ભાષા, પ્રાકૃત ભાષા અને અપભ્રંશ ભાષા એવા ત્રણ ભાષાભેદ કહેલા છે[૩૦] તેને ન ઉવેખી શકીએ. સાતમી સદીના દંડીએ એને જ સમર્થન આપી અપભ્રંશને આભીરાદિની 'ગિરા' કહી છે અને કનોજના રાજા મહેંદ્રપાલ(ઈ. સ. ૯૦૪-૯૦૮)ના સમકાલીન ઉપાધ્યાય, 'કાવ્યમીમાંસા' વગેરે સમર્થ ગ્રંથોના નિર્માતા, રાજશેખરે 'કાવ્યમીમાંસા'માં સંસ્કૃત અને પ્રાકૃત ભાષાઓનો ઉલ્લેખ કરી 'સુરાષ્ટ્ર અને ત્રવણ વગેરે પ્રદેશના લોકો સંસ્કૃત વચનોને અપભ્રંશનો ઓપ આપી બોલે છે' એમ કહ્યું છે.[૩૧] વળી એમાં એણે 'પૂર્વમાં પ્રાકૃત કવિઓ, ઉત્તરમાં સંસ્કૃત કવિઓ, દક્ષિણમાં પિશાચી ભાષાના કવિઓ અને પશ્ચિમમાં અપભ્રંશ ભાષાના કવિઓ' એવું પણ કહ્યું છે.[૩૨] આ રીતે જોતાં અપભ્રંશ ભાષાના કવિઓ રાજશેખરના સમયમાં પશ્ચિમ ભારતમાં હોવા વિશે બળ મળે છે.

ચંડ પહેલાંના, અપભ્રંશ ભાષાના એક મિશ્ર ઉદાહરણનાં દર્શન સંઘદાસ-ગણિના ઈ. સ.ની પાંચમી સદીમાં રચાયેલા 'વસુદેવહિંડી 'નામના ગદ્ય પ્રાકૃત ગ્રંથમાં થાય છે,[૩૩] પરંતુ ગ્રંથકાર ગુજરાતના હતા એવું કહી શકાય એમ નથી. ધ્યાન ખેંચે છે તે તો જિનદાસગણિ મહત્તરે ઈ. સ. ની સાતમી સદીમાં પોતાના आवश्यकचूर्णि ગ્રંથમાં નાનાં બાળકોની ભાષાનો નમૂનો આપ્યો છે તે; જેવો કે–

नंदो राया ण वि (**रायनदु** न वि) जाणति जं सगडालो करेहि ति। नंदो राय **मारेविणु** सिरियं रज्जे ठवेहि ति ॥[३४]

'નંદ રાજા જાણતો નથી કે શકટાલે શું કર્યું. નંદ રાજાએ એને મારીને શ્રીયકને રાજ્ય ઉપર સ્થપિત કર્યો'.

એ જ ગ્રંથકારે એક બીજા પદ્યમાં પણ नच्चिउ (= નાચ્યું, નૃત્ય) એવો એક શબ્દ અપભ્રંશની લાક્ષણિકતાવાળો નોંધ્યો છે.[૩૫]

અહીં એક સારો નમૂનો તો આપણને ઉદ્દ્યોતનસૂરિની कुवलयमालाમાંથી જ મળે છે. અહીં એ ઉમેરવા જેવું છે કે એ गुज्जर (પશ્ચિમ મારવાડ) અને लाड(મધ્ય અને દક્ષિણ ગુજરાત)માં ઉચ્ચારાતી ભાષાઓનો અછડતો ઉલ્લેખ કરી લે છે. 'ગુજ્જર'નું 'मल्लउं' અને 'લાડ'નું 'काउं' ઉદાહરણ છે.[૩૬]

એ જ ગ્રંથમાં ગુર્જર પથિકે અપભ્રંશમાં ગાયેલો દુહો આ પ્રકારે છે:

"जो णवि विहुरे विभजउणउ धवलउ कड्ढइ भारु ।
सो गोट्ठगण-मंडणउसेसउ व्व जं सारु ॥" ૩૭

'જે વિષમ સંકટ સમયમાં હિંમત હારી જતો નથી અને શેષનાગની જેમ ભારને બહાર ખેંચી કાઢે છે તેવો સમર્થ બળદ ગોષ્ઠાંગણની શોભારૂપ છે અને એ જ સારરૂપ છે'.

એ જ ગ્રંથમાં પ્રાકૃતમિશ્ર અપભ્રંશમાં ગદ્યસંદર્ભ:

"सो व दुज्जणु कइसउ । हूं, सुणउ जइसउ, पढमदंसणे च्चिय भसणसीलो पिट्ठि-मासासउ व्व । तहेव मंडलो हि अपच्चभिण्णायं भसइ, मयहिं च मासाइं असइ । खलो घइं मायाहि वि भसइ । चडप्फंडंतहं च पिट्ठिमासाइं असइ त्ति । होउ काएण सरिसु, णिच्चकरयरणसीलो छिड्डपहारि व्व ।"૩૮

'એ દુર્જન કેવા પ્રકારના હોય છે? હા, સાંભળો, એ એવા હોય છે કે પ્રથમ દર્શને ભસનારા હોય અને પીઠ પાછળ ખૂબ નિંદા કરનારા હોય; જેમકે, કૂતરો અજાણ્યા તરફ પહેલાં ભસવા માંડે અને પછી મુડદાનું માંસ ખાય છે. ખલ પુરુષો માતાને પણ ભસે છે અને પાછળથી ખૂબ નિંદા કરે છે. વળી, એ 'કા' 'કા' શબ્દ કરનાર અને ચાંદામાં ચાંચ મારનાર કાગડા જેવા પણ હોય છે.'

એ જ ગ્રંથમાં તળપદી પ્રાકૃત-સંસ્કૃતમિશ્ર ભાષામાં છાત્રોની વાતચીતનો ગદ્યસંદર્ભ આ પ્રકારે છે:

"जनार्दन ! प्रच्छहुं कत्थ तुब्भे कल्ल जिमियल्लया । तेण भणिय, साहिउं जे ते तओ तस्स वलक्ख-एयल्लहं किराडहं तणए जिमियल्लया ।' तेण भणिय, 'किं सा विसेसमहिला वलक्खइएल्लिय' । तेण भणियं,' अहहा, सा य भडारिय संपूर्णस्वलक्खण-गायत्रि यहसिय ।' अण्णेण भणियं, ' चाइभट्टो, मम भोजनं स्पृष्टं, तक्षकोऽहं, न वासुकि ।' अण्णेण भणियं, 'कच्चु घडति तउ, हृद्धय उल्लाव, भोजनस्पृष्ट स्वनाम संघसि ।' अण्णेण भणियं, 'अरे रे वड्डो महामूर्ख, ये पाटलिपुत्रनगरावास्तव्ये ते कुत्था समासोक्ति बुज्झति ।' अण्णेण भणियं, 'अस्मदपि इयं मूर्खतरी ।' अण्णेण भणियं 'काइं कज्जु ।' तेण भणियं, 'अनिपुण-निपुणाथोक्तिप्रचुर ।' तेण भणियं, 'मर काइं मां मुक्त, अम्वोपि विदग्धः संति' । अण्णेण भणियं, 'भट्टो सत्यं त्वं विदग्धः, किं पुणु भोजने स्पृष्ट माम कथित ।' तेण भणियं, 'अरे ! महामूर्खः, वासुकेर्वदनसहस्र कथयति ।'૩૯

"અરે જનાર્દન! હું પૂછું છું કે ગઈ કાલે તમે કયાં જમ્યા? પેલાએ કહ્યું, વલ્લખદેશથી આવેલા ભાલોને ત્યાં જમ્યા. એણે પૂછયું, શું એ વિશેષ સ્ત્રી વલખદેશથી આવેલી છે? પેલાએ કહ્યું, અહહા, એ ભટ્ટારિકા તો પોતાના સંપૂર્ણ લક્ષણથી ગાયત્રી દેવી છે. બીજા એકે કહ્યું, હે ત્યાગી ભટ્ટ, તું મારા ભોજનને અડયો? પેલાએ કહ્યું, તક્ષક (સુથાર) છું, વાસુકિ નથી. બીજાએ કહ્યું, તેથી તું કયાં ઘડે છે? તારા ઉલ્લાપને ધિક્કાર. ભોજનસ્પૃષ્ટ એનું શું? તું તારું નામ કહે છે? એકે કહ્યું, અરે, તું તો મોટો મૂર્ખ છે. પાટલિપુત્રમાં રહેનારા કયાંથી સમાસોક્તિને સમજી શકે? બીજાએ કહ્યું, આ તો આનાથીયે વધારે મૂર્ખ છે. બીજાએ કહ્યું, શા કારણે? એણે કહ્યું, મૂર્ખ અને ચતુરની લોકોક્તિ ઘણી હોય છે. વળી, કોઈએ કહ્યું, મર, મને કંઈ મૂક. અંમો પણ હોશિયાર છે. બીજાએ કહ્યું, ભટ્ટ, સાચે તું હોશિયાર છે. મને ભોજનનું પૂછયું અને તેં ન કહ્યું. પેલાએ કહ્યું, અરે મહામૂર્ખ! વાસુકિ સર્પને હજાર વદન કહેવાય છે.'

આ સંદર્ભ ખૂબ લાંબો છે, પણ એ સમયે છાત્રોની આ અસંબદ્ધ પ્રલાપવાળી ભાષાથી જણાય છે કે લોકોમાં બોલાતી ભાષા આવી જ કંઈક હશે. એમાંની અપભ્રંશની છાંટ પકડી શકાય છે.

ઉદ્દ્યોતનસૂરિએ હકીકતે તો આ કથાના આરંભના ભાગમાં શુદ્ધ અપભ્રંશના પ્રયોગ પણ નોંધ્યા છે; જેવા કે ઉપરના सो व दुज्जणुવાળા વાક્યખંડ પછી जाणिउ खरो जइसउ...अवि कालसप्पु जइसउ...हूं विसु जइसउ पमुहरसिउ...तहेव महुरहु मुहे...कडुयउ मंतइ....खलो ज्जि जइसउ उज्झियसणेहु...विमुक्क-णेहु...मुक्कणेहु असुइ जइसउ...वरउ....कुणउ...वियारु...बहुवियारभंगिभरियल्लउ...सो व सज्जणो कइसउ। रायहंसो जइसउ...सज्जणु पुण जाणइ ज्जि खलजलयहं सभावइ तेण हसिउ अच्छइ। होइ पुण्णिमाइंदु जइसउ सयलकला-भरियउ...अवि मुणालु जइसउ ...तहेव मुणालु वि ईसिकंटूल-सहाउ....सज्जणु पुण महुरसहावु...વગેરે.[૪૦]

સ્વરૂપ એટલું બધું સ્પષ્ટ છે કે ઉદ્દ્યોતનસૂરિએ ઈ. સ. ની આઠમી સદીમાં એના વિચરણના વિશાળ પશ્ચિમ ભારતવર્ષમાં એને લોકભાષા કહી હતી એનો આછો નહિ, પરંતુ સ્પષ્ટ ખ્યાલ આવી જાય છે.

અપભ્રંશમાં જ આખો ગ્રંથ લખાયો હોય તેવી પદ્યરચના તો કવિ ધનપાલની भविस्सत्तकहा કિંવા पंचमीकहा છે.[૪૧] ધક્કડ નામના (સંભવતઃ મારવાડના) કુટુંબમાં જન્મેલો આ કવિ કયારે થયો એ જાણવાનું સ્પષ્ટ પ્રમાણ નથી; આમ છતાં એના આ કાવ્યની ભાષાનું સ્વરૂપ જોતાં ડૉ. યાકોબિ વગેરેએ

એ આ. હેમચંદ્રના સમયથી પૂર્વે બે સદી ઉપર લગભગ થયાનો મત આપ્યો છે.[૪૨] એ શ્વેતાંબર જૈન નહોતો, એ તરફ ડૉ. ગુણેએ ધ્યાન દોર્યું છે.[૪૩] ધનપાલના કાવ્યની ભાષાને ડૉ. યાકોબિએ ઉત્તર તરફનો નાગર અપભ્રંશ કહ્યો છે.[૪૪] એ કદાચ ઉત્તર ગુજરાતનો હોવાની સંભાવના કરી છે, કેમકે ભલે મોડેથી, પરંતુ તેજપાલ મંત્રીના દેલવાડા–આબુના ઈ. સ. ૧૨૩૦ ના અભિલેખમાં ધક્કડ કુલનો ઉલ્લેખ થયેલો છે.[૪૫]

બાવીસ સંધિઓમાં રચાયેલું આ કાવ્ય તત્કાલીન કાવ્યસાહિત્યનું પણ ગણ્ય કોટિનું પ્રતિનિધિત્વ આપે છે, કારણ કે એ ગુજરાત બહારના પૂર્વના દિગંબર કવિઓનાં કાવ્યોની ભાષા જેમ પ્રાકૃતપ્રચુર ભાષા ન આપતાં સરળ અપભ્રંશ ભાષા આપે છે અને સોલંકી કાલના શ્વેતાંબર જૈન કવિઓને પણ એક સ્વસ્થ ભાષાસામગ્રી પૂરી પાડે છે. એની ભાષામાં વિકલ્પોની પણ અછત છે, એ એ ભાષાના સ્વરૂપની દ્યોતક વસ્તુ છે.

મૈત્રક કાલના આજના ગુજરાતના ભૂભાગ અને પશ્ચિમ મારવાડના ભૂભાગમાં રચાયેલી રચનાઓ નથી મળી, પરંતુ અનુ-મૈત્રક કાલમાં એ જોવા મળે છે. ધનપાલની भविस्सत्तकहा જોતાં એ કાલમાં બીજી અપભ્રંશ રચનાઓ પણ થઈ હશે, પણ આજે લભ્ય નથી અને હાલ તો માત્ર એક જ રચનાથી સંતોષ માનવાનો રહે છે.

**સાહિત્ય**

આમ આ સમયમાં વલભી રાજકીય અને સાંસ્કૃતિક પ્રવૃત્તિનું કેંદ્ર હતું. વલભીમાં બ્રાહ્મણો, જૈનો અને બૌદ્ધો પોતપોતાની વિદ્યાકીય પ્રવૃત્તિમાં રચ્યાપચ્યા રહેતા. પંડિતોની પરિષદો ભરાતી ને વાદવિવાદને ઉત્તેજન મળ્યા કરતું. ઇતર દેશના વિદ્યાર્થીઓ પણ અધ્યયન નિમિત્તે વલભીમાં આવતા અને પાંડિત્ય મેળવી પાછા જતા.

એક તરફ વૈદિક બ્રાહ્મણો વેદવિદ્યા અને સંસ્કૃત ભાષાના સાહિત્યને સમૃદ્ધ કરવામાં પ્રયત્નશીલ હતા ત્યારે જૈન શ્રમણો પ્રાકૃતમાં રચાયેલા પોતાના આગમ-ગ્રંથો અને બૌદ્ધ ભિક્ષુઓ પાલિમાં આલેખાયેલા ત્રિપિટક આદિ ગ્રંથોનો ઉદ્ધાર કરવામાં અને એને લગતું સાહિત્ય રચવામાં વ્યસ્ત હતા. એ સાહિત્યકારોની અહીં કાલક્રમિક નોંધ લઈએ.

યુઅન શ્વાંગે વલભીના બૌદ્ધ સંઘારામોમાં થતા ધાર્મિક અધ્યયનની નોંધ લીધી છે. દાનશાસનોમાં ભદ્રરુચિ, બુદ્ધદાસ અને વિમલગુપ્ત નામના બૌદ્ધ

આચાર્યોનો નિર્દેશ આવે છે.[૪૬] પિંડચારિક નામના બૌદ્ધ વિદ્વાનની નોંધ 'આર્ય મંજુશ્રીમૂલકલ્પ' આપે છે.[૪૭]

**ભિક્ષુ ધર્મગુપ્ત (છઠ્ઠો સૈકો)**

ચીની ગ્રંથો લાટ દેશના વતની બૌદ્ધ ભિક્ષુ ધર્મગુપ્ત વિશે જણાવે છે કે ઈ. સ. ના છઠ્ઠા સૈકામાં તેઓ ચીન ગયા હતા. માર્ગમાં વચ્ચે આવતા બૌદ્ધ વિહારો અને સંઘારામોના વિશિષ્ટ વિદ્વાનોના જ્ઞાનનો લાભ લેતા લેતા ચીનના ચાંગગન નગરમાં પહોંચ્યા હતા.

એમણે અનેક પાલિ ગ્રંથોના ચીની ભાષામાં અનુવાદ કર્યા અને ચીનમાં બૌદ્ધ ધર્મના પ્રચાર માટે ઘણું કામ કર્યું. પોતે જોયેલા દેશોના વિસ્તૃત પ્રવાસ-વર્ણનની પુસ્તિકા લખી, જેમાં તે તે પ્રદેશનાં હવા-પાણી, ઉત્પન્ન, રહેવાનાં મકાનો, રહેણીકરણી, રાજ્યવ્યવસ્થા, રીતરિવાજો, રૂઢિઓ, ઉત્સવો, ખાનપાન, વેશભૂષા, શિક્ષણવ્યવસ્થા, વેપાર, ભૌગોલિક પરિસ્થિતિ, પંડિતો વગેરે અંગે દસ વિભાગ(પ્રકરણ)માં ઘણી માહિતી આપી હતી. આ પુસ્તક આજે ઉપલબ્ધ નથી, પરંતુ ચીની યાત્રિકોએ પણ જે પ્રકારની નોંધ લીધી નથી તે પ્રકારની એવી ઝીણવટભરી નોંધ ધર્મગુપ્તે લીધી હતી.[૪૮]

ઉપર જોયું તેમ, પ્રસ્તુત સમયમાં જૈનોની વિદ્યાકીય અને સાહિત્યિક પ્રવૃત્તિઓ વેગીલી અને વિવિધ બની હતી, એમ મળી આવતા ગ્રંથો ઉપરથી જણાય છે. એ જાણીતી હકીકત છે કે જૈનાચાર્યોનું કોઈ સ્થળ નિયત હોતું નથી. એ જ્યાં રોકાય કે વિહારમાં હોય ત્યાં પણ અધ્યયન-અધ્યાપનની પ્રવૃત્તિ ચાલુ રાખતા. પદ્દીધર વાચકો, ઉપાધ્યાયો અને આચાર્યો શિષ્યોને નિયમિત આગમવાચના આપતા રહેતા, બીજા વિષયોનું અધ્યયન પણ કરાવતા, ઇતર વિદ્વાનો સાથે અભ્યસ્ત વિષયની ચર્ચા-વિચારણા પણ કરતા રહેતા, અને સાથોસાથ લેખન-પ્રવૃત્તિ પણ જારી રાખતા. એ જ કારણે આજે એમની રચનાઓ સારા પ્રમાણમાં ઉપલબ્ધ થાય છે.

આગમોના વ્યાખ્યાસાહિત્યમાં નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, ટીકા વગેરે રચનારાઓમાં જૈન ઉપાસકો અને મુનિઓના આચાર-વિચાર, નિયમ-વ્રત, સિદ્ધાંત, પરમતખંડન-સ્વમતસ્થાપન તેમજ અનેક અનુશ્રુતિઓ, પરંપરાઓ, ઐતિહાસિક અર્ધ-ઐતિહાસિક કથાનકો તેમજ ધાર્મિક અને લૌકિક કથાનકોનો સંગ્રહ કરેલો હોય છે.

વળી, સાથોસાથ કાવ્ય, છંદ, અલંકાર, દર્શન વગેરે વિષયોના ગ્રંથો રચવામાં જૈનાચાર્યોએ પીછેહઠ કરી નથી. પરિણામે આ સાહિત્ય જૈન ધર્મ, જૈન સંસ્કૃતિ અને ઇતિહાસના અભ્યાસીઓ માટે અત્યંત આવશ્યક સ્વતંત્ર સાહિત્ય બની ગયું છે.

આ ગ્રંથોનું લેખન ક્યાં શરૂ કર્યું અને ક્યાં પૂર્ણ કર્યું એની નોંધ ક્યાંક મળે છે અને ક્યાંક મળતી નથી. કૃતિનો આરંભ બીજા પ્રદેશમાં કર્યો હોય અને એની પૂર્ણાહુતિ ગુજરાતમાં કરી હોય અથવા ગુજરાતમાં આરંભેલી કૃતિ ઇતર પ્રદેશમાં સમાપ્ત કરી હોય. કેટલાક લોકૈષણામાં નહિ રાચતા 'અંગવિજ્જા'કાર જેવા ગ્રંથકારોએ પોતાનું નામ સુધ્ધાં લખ્યું ન હોય, એ જ રીતે 'તત્ત્વાર્થભાષ્યના ટીકા'કાર સિદ્ધસેનગણિ (ગંધહસ્તી), 'નયચક્રવાલના ટીકા'કાર સિંહવાદી ગણિ, 'ચઉપ્પન્નમહાપુરિસચરિય'ના કર્તા શીલાંકાચાર્યે પોતાના ગ્રંથોનું રચનાસ્થળ બતાવેલું નથી, એટલે એવા કેટલાયે ગ્રંથકારો વિશે અહીં નોંધ લીધી નથી.

## જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ ( છઠ્ઠો સૈકો )

જૈન પરંપરામાં ઈ. સ. ના છઠ્ઠા સૈકામાં થયેલા આ. જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ આગમના અદ્વિતીય વ્યાખ્યતા તરીકે પ્રસિદ્ધ પામી ચૂકેલા છે. આ. હેમચંદ્ર પોતાના વ્યાકરણના ઉદાહરણમાં 'उपजिनभद्रक्षमाश्रमणं व्याख्यातारः' (વ્યાખ્યાકારોમાં જિનભદ્ર ક્ષમાશ્રમણ ઉત્કૃષ્ટ છે), એમ કહીને બિરદાવ્યા છે. એ શ્રુત સાહિત્યના કુશળ વિદ્વાન ઉપરાંત વિભિન્ન દર્શનશાસ્ત્રો, લિપિવિદ્યા, ગણિતશાસ્ત્ર, છંદઃશાસ્ત્ર, શબ્દશાસ્ત્ર આદિના પ્રકાંડ પંડિત હતા. સ્વ–પર સિદ્ધાંતમાં નિપુણ હતા. સ્વાચારપાલનમાં પ્રવીણ અને તત્કાલીન સર્વ જૈન શ્રમણોમાં પ્રમુખ શ્રુતધર હતા. સ્પષ્ટ છે કે આ. જિનભદ્ર એમના સમયના એક પ્રભાવશાળી આચાર્યશ્રેષ્ઠ હતા.

આપણે ઉપર જોયું તેમ, એમણે 'વિશેષાવશ્યકભાષ્ય' નામનો ગ્રંથ રચ્યો છે. એમાં આગમોમાં દર્શાવેલા બધા મહત્ત્વપૂર્ણ વિષયો ઉપર ચર્ચા કરી જૈન જ્ઞાનવાદ, પ્રમાણશાસ્ત્ર, આચારનીતિ, સ્યાદ્વાદ, નયવાદ, કર્મસિદ્ધાંત, ગણધરવાદ, નિહ્નવવર્ણન આદિ વિષયોની સામગ્રી આ ગ્રંથમાં ભરી દીધી છે. એમણે જૈન દર્શનના કેવલજ્ઞાન અને કેવલદર્શન-વિષયક યુગપદ્–ઉપયોગ, દ્વયવાદ અને અભેદવાદને માનનારા પ્રકાંડ તાર્કિક આ. સિદ્ધસેન દિવાકર અને મલ્લવાદિસૂરિના મતોનું ઉપર્યુક્ત ભાષ્ય અને પોતાના 'વિશેષણવતી' નામના ગ્રંથોમાં (जुगवं दो णत्थि उवओगा) ખંડન કર્યું છે. જૈન તત્ત્વોનું નિરૂપણ કેવલ જૈન દૃષ્ટિએ જ નહિ,

પણ ઇતર દાર્શનિક માન્યતાઓની સાથે તુલનાત્મક દૃષ્ટિએ કરેલું છે. એમના પછીના આગમ-વ્યાખ્યાતાઓનો એક પણ ગ્રંથ એવો નહિ હોય, જેમાં 'વિશેષાવશ્યકભાષ્ય'ના પ્રામાણ્યની છાપ લગાવવામાં ન આવી હોય.

આ 'વિશેષાવશ્યકભાષ્ય' ઉપર એમણે સંસ્કૃતમાં સ્વોપજ્ઞ વ્યાખ્યા રચી છે, એ અપૂર્ણ રહી જતાં પાછળથી કોટ્યાર્ય ક્ષમાશ્રમણે પૂર્ણ કરી છે.

જેસલમેરથી મળી આવેલી 'વિશેષાવશ્યક-ભાષ્ય'ની પ્રતની અંતે બે ગાથાઓ મળી છે તે આ પ્રકારે છે:

'पंच सता इगतीसा सगणिवकालस्स वट्टमाणस्स।
तो चेत्तपुण्णिमाए बुधदिणसातिम्मि णक्खत्ते॥
रज्जाणुपालणपरे सी[लादि]च्चम्मि णरवरिन्दम्मि।
वलभीणगरीए इमं महदि [सिरि]संतिजिणभवणे'॥ ૪૯

'શક સંવત્ ૫૩૧ (વિ. સં. ૬૬૫, ઈ. સ. ૬૦૯) માં વલભી નગરીમાં જ્યારે શીલાદિત્ય રાજા રાજ્ય કરતો હતો તે સમયે ચૈત્ર શુકલા પૂર્ણિમા, અને સ્વાતિ નક્ષત્રમાં આ (વિશેષાવશ્યક-ભાષ્ય)ની પ્રત મોટા શાંતિજિનમંદિરમાં (લખાઈ કે અર્પણ કરાઈ).'

આ ગાથાઓમાં કોઈ ક્રિયાપદ નથી, એટલે આ ગ્રંથ 'રચાયો' કે 'મંદિરમાં મુકાયો' એવો પ્રશ્ન ઉદ્ભવે એટલે સમયસ્થળનો નિર્ણય કરી શકાતો નથી. અલબત્ત, વલભી નગરી સાથે આ ગ્રંથના સંબંધથી અનુમાન કરી શકાય કે ગ્રંથકાર આ નગરીમાં રહ્યા હશે અને એ ગ્રંથની નકલો ત્યાં લખાતી હશે.

વળી, એમણે મથુરામાં દેવનિર્મિત સ્તૂપમાં એક યક્ષની આરાધનાપૂર્વક તપસ્યા કરીને, ઉધેઈથી ખવાઈ ગયેલા 'મહાનિશીથસૂત્ર'નો ઉદ્ધાર કર્યો હતો એટલે એઓ ગુજરાતથી દૂર-સુદૂર મથુરા સુધી પણ ગયા હતા.[૫૦]

હાલમાં મળી આવેલી અંકોટ્ટક (અકોટા) ગામની બે ધાતુપ્રતિમાઓના પ્રતિષ્ઠાપક તરીકે જિનભદ્ર વાચનાચાર્યનું નામ ઉત્કીર્ણ થયેલું જોવાય છે,[૫૧] એ ઉપરથી જણાય છે કે તેઓ અકોટામાં આવ્યા હશે અને એમણે નજીકનાં ખંભાત અને ભરૂચ જેવાં જૈન કેંદ્રો તરફ પણ વિહાર કર્યો હશે.

એમણે 'જીતકલ્પ' ઉપર 'સ્વોપજ્ઞ ભાષ્ય' પણ રચ્યું છે. આમાં 'બૃહત્-કલ્પભાષ્ય', 'વ્યવહારભાષ્ય' અને 'પિંડનિર્યુક્તિ' આદિ ગ્રંથોની ગાથાઓનો સંગ્રહ છે. એમાં પાંચ જ્ઞાન, પ્રાયશ્ચિત્તસ્થાન, ભક્તપરિજ્ઞાની વિધિ, જ્ઞાન-દર્શન-ચારિત્ર્યના અતીચારો વગેરે વિષયોનું પ્રતિપાદન કરેલું છે.

એમણે 'અનુયોગદ્વારચૂર્ણિ' રચી છે. એમાં તલવર, કૌટુંબિક, ઇભ્ય, શ્રેષ્ઠી, રથ, યાન, શિબિકા આદિના અર્થ સમજાવ્યા છે. સંગીતશાસ્ત્રના કોઈ પ્રાકૃત ગ્રંથનાં ત્રણ પદ્ય પણ નોંધ્યાં છે.

એમણે રચેલા 'બૃહત્ક્ષેત્રસમાસ'માં જંબૂદ્વીપ, લવણ સમુદ્ર, ધાતકી ખંડ, કાલોદધિ અને પુષ્કરાર્ધ આ પાંચ પ્રકરણોમાં દ્વીપ અને સમુદ્રોનું વર્ણન છે.

એમના 'બૃહત્સંગ્રહણી'માં ચાર ગતિના જીવોની સ્થિતિ વગેરેનો સંગ્રહ છે.

એમના 'વિશેષણવતી'માં વનસ્પતિ--અવગાહ, જલાવગાહ, કેવલજ્ઞાનદર્શન, બીજસજીવત્વ આદિ વિષયોનું સૈદ્ધાંતિક વર્ણન છે.

એમના 'ધ્યાનશતક'માં આર્ત, રૌદ્ર, ધર્મ અને શુક્લ ધ્યાનોનું વર્ણન છે.

## કોટ્ટાર્યવાદિગણિ ક્ષમાશ્રમણ (છઠ્ઠો સૈકો)

આ. જિનભદ્રગણિ ક્ષમાશ્રમણના 'વિશેષાવશ્યકભાષ્ય' ઉપરની સ્વોપજ્ઞ વૃત્તિની અપૂર્ણ રચનાને કોટ્ટાર્યવાદિગણિ ક્ષમાશ્રમણે પૂરી કરી. આ અનુસંધાન કરેલી વૃત્તિમાં એમણે શરૂઆતમાં જણાવ્યું છે કે निर्माप्य षष्ठगणधरव्याख्यानं किल दिवंगताः पूज्याः (છઠ્ઠા ગણધરનું વ્યાખ્યાન પૂર્ણ કરીને પૂજ્ય જિનભદ્રગણિ સ્વર્ગવાસી થયા). એ પછીની વૃત્તિ કોટ્ટાર્યગણિએ રચી પૂર્ણ કરી છે.

આ કોટ્ટાર્યગણિ જિનભદ્રગણિના શિષ્ય કે એમની પરંપરાના કે એમના સહવાસી મુનિ હશે અને એમની સાથે રહીને લેખનપ્રવૃત્તિમાં આચાર્યને મદદ કરતા હશે, એટલે એમનો સમય જિનભદ્રગણિનો સમકાલીન ગણાય અને વિહારભૂમિનાં સ્થળો પણ એ જ હોય એમ માની શકાય.

આ સિવાય એમની બીજી કૃતિ કે જીવન સંબંધી કોઈ માહિતી મળતી નથી.

## સિદ્ધસેનગણિ (છઠ્ઠો સૈકો)

આ. જિનભદ્રગણિ ક્ષમાશ્રમણે રચેલા 'જીતકલ્પ' ગ્રંથ ઉપર રચાયેલી ચૂર્ણિ સિદ્ધસેનગણિની એક માત્ર કૃતિ છે. એ સિવાય એમની બીજી માહિતી મળતી નથી. આ. સિદ્ધસેનગણિ આ. સિદ્ધસેન ક્ષમાશ્રમણથી ભિન્ન છે. સંભાવના

થાય છે કે આ સિદ્ધસેનગણિ જિનભદ્રગણિની સાથે રહ્યા હોય અને એમના ગ્રંથ ઉપર ચૂર્ણિ રચી હોય.

આ ચૂર્ણિ પ્રાકૃત ભાષામાં છે. એમાં સંસ્કૃતના એક પણ શબ્દનો પ્રયોગ થયો હોય એમ જણાતું નથી. એમણે પ્રારંભમાં અગિયાર ગાથાઓમાં ભગવાન મહાવીર, અગિયાર ગણધરો, બીજા વિશિષ્ટ જ્ઞાનીઓ તથા સૂત્રકાર જિનભદ્ર ક્ષમાશ્રમણ આદિને નમસ્કાર કર્યા છે. ચૂર્ણિના અંતમાં પણ જિનભદ્રગણિને પરમ ઉપકારી ગણીને વંદના કરી છે.[૫૨].

**ભટ્ટિ કવિ (છઠ્ઠો-સાતમો સૈકો)**

બ્રાહ્મણ વિદ્વાનોમાં વલભીના વતની કહી શકાય તેવા મહાકવિ ભટ્ટિએ 'રાવણવધ' નામે મહાકાવ્ય રચી મોટી પ્રસિદ્ધિ પ્રાપ્ત કરી છે. એ પ્રસિદ્ધિએ જ આ કાવ્યને એના નામ ઉપરથી 'ભટ્ટિ-કાવ્ય' નામથી લોકવ્યાપી ખ્યાતિ અપાવી. આ કાવ્યમાં ૨૨ સર્ગો છે, તેઓમાં બધાં મળીને ૩૬૨૪ પદ્યો છે. કાવ્યની વસ્તુ તરીકે પૌરાણિક રામચરિત-વર્ણના એણે પસંદ કરી છે. સંભવતઃ સંસ્કૃત ભાષામાં વાલ્મીકિ પછી લલિતકાવ્યરચના લેખે રામચરિતનું આલેખન કરવામાં કવિ ભટ્ટિ સર્વ પ્રથમ યશનો ભાગી થતો હોય એમ જણાય છે. કાવ્યમાં ઋતુવર્ણન, પ્રભાતવર્ણન, યુદ્ધ, રાજનીતિક જ્ઞાન, સંવાદ, શૃંગાર વગેરે વિષયનાં યથોચિત સ્થળે વર્ણનો આપ્યાં છે, અને વિવિધ છંદોમાં એની રચના છે. સાથોસાથ અલંકારશાસ્ત્રગત કાવ્યનાં અમુક લક્ષણોનું પણ આમાં નિરૂપણ કર્યું છે, તેથી આ કાવ્ય દ્વારા મહાકાવ્યનાં સમગ્ર લક્ષણોનો સમાવેશ કરવાનું એ ચૂક્યો નથી. ભટ્ટિનો ઉદ્દેશ કાવ્ય કરતાંયે 'પાણિનિકૃત–અષ્ટાધ્યાયી' વ્યાકરણમાં સિદ્ધ કરાયેલા શબ્દપ્રયોગોનો કાવ્યવ્યવહારમાં ઉપયોગ કરી બતાવી વ્યાકરણ ભણેલા વિદ્યાર્થીઓને સંસ્કૃત વ્યાકરણ-વિષયક જ્ઞાનનું વિસ્ફુટ આકલન કરાવવાનો છે. એ રીતે વ્યાકરણ અને ચરિત દ્વારા સર્વપ્રથમ દ્વયાશ્રય–કાવ્ય-રચનાનું માન પણ એમણે પ્રાપ્ત કર્યું છે. એ દ્વયાશ્રયને તાણાવાણાની જેમ ગૂંથીને એક નવો મૌલિક પ્રકાર પ્રગટ કર્યો છે, એટલે આ પ્રકાર માટે વ્યાખ્યાકારોએ 'व्याख्यागम्यमिदं काव्यम्' કહીને એના ગંભીરાર્થનું સૂચન કર્યું છે. એની બીજી કોઈ કૃતિ ઉપલબ્ધ થઈ નથી છતાં આ એક જ કૃતિ એની સમર્થ પ્રજ્ઞા અને પ્રતિભાની પરિચાયક છે. આશ્ચર્ય તો એ છે કે એવા ધુરંધર કવિએ પોતાના પરિચયમાં માત્ર એક પદ્ય આપીને પરિતોષ માન્યો છે:

'काव्यमिदं विहितं मया वलभ्यां श्रीधरसेननरेन्द्रपालितायाम् ।
कीर्तिरतो भवतान्नृपस्य तस्य क्षेमकरः क्षितिपो यतः प्रजानाम्' ॥

(શ્રી ધરસેન રાજાના રાજ્યકાલમાં વલભીમાં મેં આ કાવ્ય રચ્યું છે. આ કાવ્યથી એ રાજાની કીર્તિ થાઓ, કેમકે એ રાજા પ્રજા માટે કલ્યાણકર છે.)

વલભીમાં ધરસેન નામના ચાર રાજાઓ થયા છે, તેઓ પૈકી કયા ધરસેનના સમયમાં એ થયો એ કહેવું કઠણ છે. તામ્રપત્રમાં ભટ્ટિ નામના પાંચ બ્રાહ્મણોનો ઉલ્લેખ છે. એ પૈકી એક વલભીનો છે. એ શીલાદિત્ય ૧ લાના સમયમાં થયો. એ ભટ્ટિના પિતાનાં નામ જુદાં છે, ધ્રુવસેન ત્રીજાના સમયનો ભટ્ટિ કદાચ વલભીનો હોય, એના પિતાનું નામ પણ જુદું છે. કવિ ભટ્ટિ પ્રાયઃ ધરસેન ૨ જા (લગભગ ઈ. સ. ૫૭૦–૫૯૫) કે ધરસેન ૩જા(ઈ. સ. ૬૨૦ થી ૬૨૮)ના સમયમાં થયો એવું અનુમાન છે.[૫૩]

**બ્રહ્મગુપ્ત ( સાતમો સૈકો )**

ગુર્જરોનું પ્રાચીન પાટનગર શ્રીમાલ સંપત્તિ અને સંસ્કારનું ધામ હતું. અહીંના બ્રહ્મગુપ્ત નામના જ્યોતિષાચાર્યની કીર્તિ દૂર દૂર સુધી વ્યાપેલી હતી. એ ભિલ્લમાલકાચાર્યના નામથીયે પ્રસિદ્ધ હતો. એણે શક વર્ષ ૫૫૦ ( ઈ. સ. ૬૨૮–૨૯ ) માં ૩૦ વર્ષની વયે રચેલો 'બ્રાહ્મસ્ફુટસિદ્ધાંત' ખગોળ–વિષયક સિદ્ધાંતોનું પ્રતિપાદન કરે છે. એમાં ભગણાધિકાર, મધ્યમાધિકાર, સ્પષ્ટાધિકાર, ત્રિપ્રશ્નાધિકાર, ગ્રહણાધિકાર, ઉદયાસ્તાધિકાર, મહાપાતાધિકાર, ગોલાધ્યાય વગેરે વિષયો ઉપર સ્ફુટ વિવેચના કરેલી છે.

જ્યોતિષના કરણ–વિષયોનો 'ખંડખાદ્યકરણ'નામક ગ્રંથ એ એની બીજી કૃતિ છે. આ ગ્રંથની રચના શક વર્ષ ૫૮૭( ઈ. સ. ૬૬૫–૬૬૬ ) માં અર્થાત્ ૬૭ વર્ષની વયે કરેલી છે.

આ બંને ગ્રંથોનું ભારતવર્ષમાં જ નહિ, પણ અરબના વિદ્વાનોમાં એટલું બધું આકર્ષણ થયું કે અરબી પંડિતોએ 'બ્રાહ્મસ્ફુટસિદ્ધાંત'નો 'સિન્ધિંદ' અને 'ખંડખાદ્યકરણ'નો 'અલઅરકન્દ' નામથી અરબી ભાષામાં અનુવાદ કર્યો.

એના ત્રીજા ગ્રંથ 'ધ્યાનગ્રહ' નામનો ઉલ્લેખ મળે છે, પણ એ ગ્રંથ હજી મળી આવ્યો નથી.[૫૪]

**ભિક્ષુ શાંતિદેવ ( સાતમો સૈકો )**

તારાનાથના જણાવ્યા મુજબ શાંતિદેવનો જન્મ સૌરાષ્ટ્રમાં થયો હતો અને તેઓ શ્રીહર્ષના પુત્ર શીલના સમકાલીન હતા, પણ ભારતીય કે ચીની સાહિત્યમાં શીલ અથવા હર્ષના પુત્રની હકીકત મળતી નથી, પરંતુ સૌરાષ્ટ્ર પર જેનો

અધિકાર હોય તેવો શીલ-શીલાદિત્ય અહીં ઉદ્દિષ્ટ હશે. શ્રીહર્ષના જમાઈ ધ્રુવસેન બીજાનો પુત્ર ધરસેન ચોથો પોતાને હર્ષની માફક 'પરમેશ્વર' અને 'ચક્રવર્તી' કહેવડાવે છે તથા अज्जकपादानुध्यात કહે છે. એ શ્રીહર્ષનો દૌહિત્ર હતો, પણ પુત્રતુલ્ય ઉત્તરાધિકારી ગણાતો, કેમકે શ્રીહર્ષ અપુત્ર હતો. ધરસેન ૪ થાનું નામ શીલાદિત્ય હતું કે નહિ એની ખબર નથી, પણ બેંડેલ વગેરે વિદ્વાનો શાંતિદેવ સાતમા આઠમા સૈકામાં થયાનું માને છે એ જોતાં શ્રીહર્ષના દૌહિત્ર ધરસેન ૪ થા-(ઈ. સ. ૬૪૪ થી લગભગ ૬૫૦ આસપાસ)ના સમયમાં શાંતિદેવનો જન્મ થયો એવું અનુમાન કરી શકાય.

ગમે તેમ પણ શાંતિદેવ રાજપુત્ર હતા. બૌદ્ધ દેવી તારાની પ્રેરણાથી એમણે રાજગાદીનો પરિત્યાગ કર્યો અને એ બૌદ્ધ ભિક્ષુ બની ગયા. એમણે 'શિક્ષાસમુચ્ચય,' 'બોધિચર્યાવતાર' અને 'સૂત્રસમુચ્ચય' નામના ગ્રંથ રચ્યા. ભુસુકુના નામથી રચેલાં ચર્યાગીતો આ શાંતિદેવનાં હોવાનું વિદ્વાનો માને છે.[૫૫]

**માઘ કવિ (સાતમો સૈકો)**

શ્રીમાલ નગરમાં માઘ નામનો મહાકવિ ઈ. સ. ૬૫૦ થી ૭૦૦ના અરસામાં થયો. એના પિતાનું નામ હતું દત્ત. એ પ્રકાંડ પંડિત અને દાની હતો. દત્તનો પિતા અને માઘનો દાદો સુપ્રભદેવ વર્મલાત રાજાનો પ્રધાન મંત્રી હતો, એટલે માઘ કવિનો જન્મ એક ધનાઢ્ય બ્રાહ્મણકુલમાં થયો હતો અને એને પિતાની વિદ્યા અને દાદાનો સ્વભાવ વારસામાં મળ્યાં હતાં. માઘની પત્ની મલ્હણદેવી હતી. એ પણ ઉદાર સ્વભાવની હતી.

અનુશ્રુતિઓ માઘને રાજા ભોજના સમકાલીન જણાવી કેટલીક હકીકતો નોંધે છે. એમાં જણાવ્યા મુજબ કોઈ પણ યાચક માઘના ઘેરથી ખાલી હાથે પાછો ફરતો નહોતો; આમ દાન આપતાં માઘ જ્યારે દરિદ્ર બની ગયો ત્યારે એ રાજાના આશ્રય માટે ગયો; રાજાની મદદ એને પહોંચે એ પહેલાં માઘનું અકાળે અવસાન થતાં એ રાજાને ભારે વિષાદ થયેલો. પણ પ્રસિદ્ધ સાહિત્યપ્રેમી માલવનરેશ ભોજનો જન્મ ઈ. સ. ૧૦૦૦માં અર્થાત્ માઘ પછી લગભગ ત્રણસો વર્ષે થયો હતો.

કવિ માઘની 'શિશુપાલવધ' નામે મહાકાવ્યકૃતિ આજે પણ એની યશોગાથા ગાઈ રહી છે. આ મહાકાવ્ય 'શ્રી' શબ્દથી અંકિત છે તેથી 'શ્ર્યંક' કહેવાય છે. આમાં ૨૦ સર્ગો છે. વાસુદેવ કૃષ્ણના હાથે શિશુપાલ રાજાનો વધ થયો એ વૃત્તાંત વિસ્તારથી એમાં આલેખ્યો છે. કવિ ભારવિના 'કિરાતાર્જુનીય' કાવ્યને

આદર્શ તરીકે રાખીને એના જેવું મહાકાવ્ય માઘે રચ્યું હોય એમ બંને કાવ્યોની તુલનાથી સમજાય છે.

'શિશુપાલવધ'ના સર્ગ ૪ ના ૨૦ મા પદ્યમાં સૂર્ય અને ચંદ્રને 'ઘંટા' કહ્યા છે, આથી કેટલાક આના પ્રણેતાને 'ઘંટા–માઘ'થી પણ ઓળખે છે.[૫૬] 'શિશુપાલવધ' મહાકાવ્ય કવિના નામ પરથી 'માઘ–કાવ્ય' તરીકે ખ્યાતિ પામ્યું છે.

ઉપમા માટે કાલિદાસ, અર્થગૌરવ માટે ભારવિ, અને પદલાલિત્યમાં દંડી કવિની પ્રસિદ્ધિ છે. આમ આ કવિઓ એકેક ગુણ માટે પ્રસિદ્ધિ પામ્યા છે, જ્યારે માઘ કવિના કાવ્યમાં એ ત્રણે ગુણોનો સમાવેશ છે. એમની પ્રશંસામાં કહેવાયું છે :

'उपमा कालिदासस्य भारवेरर्थगौरवम् ।
दण्डिनः पदलालित्यं माघे सन्ति त्रयो गुणाः ॥'

વળી, એ કાવ્યના નવ સર્ગ સુધીનો અભ્યાસ કરનાર વિદ્યાર્થીને સંસ્કૃત સાહિત્યનો બોધ પૂરતો ગણાય એમ કહેવાયું છે:—

'नवसर्गगते माघे नवशब्दो न विद्यते ।'

**જિનદાસગણિ મહત્તર ( સાતમો સૈકો )**

જૈન આગમો ઉપર થયેલી જે વ્યાખ્યાઓ પ્રાકૃત અથવા સંસ્કૃતમિશ્ર ભાષામાં રચાયેલી હોય તે 'ચૂર્ણિ' નામથી ઓળખાય છે. આવા ચૂર્ણિવ્યાખ્યાકારોમાં જિનદાસગણિ મહત્તરનું નામ સુપ્રસિદ્ધ છે. આજે મળી આવતા ચૂર્ણિગ્રંથોમાં મોટા ભાગના ચૂર્ણિગ્રંથો એમણે રચ્યા એમ માનવામાં આવે છે. ચૂર્ણિગ્રંથની સર્વપ્રથમ રચનાનો યશ એમને ઘટે છે. એમણે રચેલા ૧. નિશીથસૂત્રવિશેષચૂર્ણિ (મુદ્રિત), ૨. આવશ્યકચૂર્ણિ (અમુદ્રિત), ૩. દશવૈકાલિકચૂર્ણિ (મુદ્રિત), ૪. નંદિચૂર્ણિ (મુદ્રિત) અને ૫. અનુયોગચૂર્ણિ (મુદ્રિત)-આ પાંચ ચૂર્ણિગ્રંથોમાં એમણે પોતાના નામનો ઉલ્લેખ કર્યો છે. એમણે 'નંદિચૂર્ણિ'ના અંતે રચનાસમય નોંધતાં જણાવ્યું છે કે:– 'शकराज्ञः पञ्चसु वर्षशतेषु व्यतिक्रान्तेषु अष्टनवतिषु नन्द्यध्ययनचूर्णिः समाप्ता'। અર્થાત્ શક રાજાનાં ૫૯૮ (વિ. સં. ૭૩૩, ઈ. સ. ૬૭૬ ) વર્ષ વ્યતીત થતાં આ નંદિસૂત્રની ચૂર્ણિની રચના પૂર્ણ થઈ. આ પરથી આ. જિનદાસગણિનો સમય ઈ. સ. નો સાતમો સૈકો નિશ્ચિત છે.

આ શ્રુતધર વિદ્વાને 'નિશીથચૂર્ણિ'ના પ્રારંભમાં એમના વિદ્યાગુરુ પ્રદ્યુમ્ન ક્ષમાશ્રમણના નામનો ઉલ્લેખ કર્યો છે. એ સિવાયના એમના જીવન સબંધમાં વિશેષ સામગ્રી પ્રાપ્ત થઈ નથી.

'ઉત્તરાધ્યયન'ની ચૂર્ણિના અંતમાં કર્તાના નામનો સ્પષ્ટ ઉલ્લેખ નથી, પણ કર્તાના ગુરુનું નામ વાણિજ્યકુલીન, કોટિકગણીય, વજ્રશાખીય ગોપાલગણિ મહત્તર બતાવવામાં આવ્યું છે. 'ઉત્તરાધ્યયનચૂર્ણિ'માં જણાવ્યું છે કે 'षष्ठोऽपि चित्तो नानाप्रकारः प्रकीर्णतपोऽभिधीयते तदन्यत्राभिहितं शेषं दशवैकालिकचूर्णौ अभिहितम्।' અહીં આચાર્યે સ્પષ્ટ જણાવ્યું છે કે પ્રકીર્ણ તપ વિશે અન્યત્ર કહેવામાં આવ્યું છે અને શેષ 'દશવૈકાલિકચૂર્ણિ'માં કહ્યું છે. આ ઉલ્લેખથી સમજાય છે કે 'દશવૈકાલિકચૂર્ણિ'ના જે કર્તા છે તે જ આ 'ઉત્તરાધ્યયનચૂર્ણિ'ના કર્તા જિનદાસગણિ છે, અને એમના દીક્ષાગુરુનું નામ ગોપાલગણિ હતું.[૫૭]

જિનદાસગણિની ચૂર્ણિઓનું આંતર નિરીક્ષણ કરતાં એમ લાગે છે કે તેઓ થોડા સમય વલભીમાં રહ્યા હશે અને સૌરાષ્ટ્ર તેમજ આનર્ત દેશ એમને ખૂબ પરિચિત હશે.

આ. હરિભદ્રસૂરિના ટીકાગ્રંથોમાં જિનદાસગણિની ચૂર્ણિઓનો પ્રભાવ સ્પષ્ટ વરતાય છે.

### જિનભટસૂરિ, જિનદત્તસૂરિ (આઠમો સૈકો)

આ. જિનભટસૂરિ આ. હરિભદ્રસૂરિના ગચ્છપતિ ગુરુ હતા. 'આવશ્યકવૃત્તિ'ના અંતે આ. હરિભદ્રે એમના નામનો ઉલ્લેખ આ પ્રકારે કર્યો છે : 'कृतिः सिताम्बराचार्यजिनभटनिगदानुसारिणो विद्याधरकुलतिलकाचार्यजिनदत्तशिष्यस्य धर्मतो याकिनीमहत्तरासूनोरल्पमतेराचार्यहरिभद्रस्य।' આ ઉલ્લેખમાંના 'जिनभटनिगदानुसारिणः' પદથી અને અવાંતર ઉલ્લેખોથી જણાય છે કે જિનભટસૂરિ ગચ્છપતિ ગુરુ હતા. પ્રત્યંતરોમાં 'જિનભટ'ના સ્થાને 'જિનભદ્ર' નામ મળે છે. 'गुरवस्तु व्याचक्षते' એમ જણાવી કેટલેય સ્થળે આ. હરિભદ્રે પોતાની કૃતિઓમાં ગુરુનું પ્રામાણ્ય માન્ય કર્યું છે એટલે એ ગુરુ ગચ્છપતિ જિનભટસૂરિ હોય કે એમના દીક્ષાગુરુ જિનદત્તસૂરિ હોય. આ ઉલ્લેખથી જણાય છે કે આ. જિનભટે અથવા આ. જિનદત્તે કોઈ ગ્રંથરચના કરી હશે. આ. હરિભદ્રના ગુરુ તરીકે એમની રચનાઓ પ્રાચીન ગુજરાતમાં નિર્માણ થઈ હશે એમ માનવાને કારણ મળે છે.

આ. હરિભદ્રનો સમય ઈ. સ. ૭૦૦ થી ૭૭૦ નિશ્ચિત થયો છે તેથી એમના ગુરુ એ સમયની આસપાસ થોડાં વર્ષો અગાઉ થયા હોય એમ મનાય.

### હરિભદ્રસૂરિ (આઠમો સૈકો)

ઈ. સ. ૭૦૦ ના અરસામાં મેવાડના ચિતોડનગરમાં જિતારિ રાજાના રાજકાલમાં બ્રાહ્મણ કુટુંબમાં એમનો જન્મ થયો હતો. વેદ આદિ અનેક

વિદ્યાઓના પારગામી વિદ્વાન હોવાથી એ રાજપુરોહિત બન્યા. એમણે એવી પ્રતિજ્ઞા લીધી હતી કે જેમનો અર્થ સમજી ન શકું તેમનો શિષ્ય બનીશ. એક વેળા રસ્તેથી પસાર થતાં જૈન ઉપાશ્રયમાં જૈન સાધ્વીજી યાકિની મહત્તરા પ્રાકૃતની ગાથાઓનો સ્વાધ્યાય કરી રહ્યાં હતાં. એમાંથી એક ગાથા એમના કાને પડી, પણ અર્થ સમજી ન શકવાથી એમણે સાધ્વીજી પાસે આવી ગાથાનો અર્થ સમજાવવાની અને શિષ્ય બનાવવાની માગણી કરી. સાધ્વીજી એમના ધર્માચાર્ય પાસે એમને લઈ ગયાં ને ત્યાં એ જિનભટસૂરિ પાસે દીક્ષા લઈ જિનદત્તસૂરિના શિષ્ય બન્યા. એમણે જૈન શાસ્ત્રોનો અભ્યાસ કરી આચાર્યપદ પ્રાપ્ત કર્યું.[૫૮]

આ. હરિભદ્રસૂરિએ પોતાની કૃતિઓમાં 'ભવવિરહ' પદનો કેટલેય સ્થળે પ્રયોગ કર્યો છે, તેથી એમનું ઉપનામ 'ભવવિરહ' હોય એમ સમજાય છે. કેટલીક કૃતિઓમાં કેવળ 'વિરહ'પદનો પ્રયોગ હોવાથી તેઓ 'વિરહાંક'થી પણ પ્રસિદ્ધ છે. તેઓ પોતાના અનેક ગ્રંથોની અંતિમ પુષ્પિકાઓમાં પોતાને વિદ્યાધરગચ્છના, શ્વેતાંબર સંપ્રદાયના, ગચ્છપતિ દીક્ષાગુરુ જિનભટસૂરિ અને ગુરુ જિનદત્તસૂરિના શિષ્ય તરીકે ઓળખાવે છે અને યાકિની મહત્તરાના ધર્મપુત્ર હોવાનું જણાવે છે.

આ. હરિભદ્રે રચેલા ગ્રંથોનાં નામ આ પ્રકારે મળે છે: ૧. અનુયોગદ્વાર-સૂત્રવૃત્તિ, ૨. અનેકાંતજયપતાકા (સ્વોપજ્ઞ ટીકા સહિત), ૩. અનેકાંતપ્રઘટ્ટ, ૪. અનેકાંતવાદપ્રવેશ, ૫. અષ્ટક, ૬. આવશ્યકનિર્યુક્તિ-લઘુટીકા, ૭. આવશ્યકનિર્યુક્તિ-બૃહટ્ટીકા, ૮. ઉપદેશપદ, ૯. કથાકોશ, ૧૦. કર્મસ્તવવૃત્તિ, ૧૧. કુલક, ૧૨. ક્ષેત્રસમાસ-વૃત્તિ, ૧૩. ચતુર્વિંશતિસ્તુતિ-સટીક, ૧૪. ચૈત્યવંદન-ભાષ્ય, ૧૫. ચૈત્યવંદન-વૃત્તિ-લલિતવિસ્તરા, ૧૬. જીવાભિગમ-લઘુવૃત્તિ, ૧૭. જ્ઞાનપંચક વિવરણ, ૧૮. જ્ઞાનાદિત્ય પ્રકરણ, ૧૯. દશવૈકાલિક-અવચૂરિ, ૨૦. દશવૈકાલિક-બૃહટ્ટીકા, ૨૧. દેવેંદ્રનરકેંદ્ર પ્રકરણ, ૨૨. દ્વિજવદનચપેટા (વેદાંકુશ), ૨૩. ધર્મબિંદુ, ૨૪, ધર્મલાભસિદ્ધિ, ૨૫. ધર્મસંગ્રહણી, ૨૬. ધર્મસાર મૂલ-ટીકા, ૨૭. ધૂર્તાખ્યાન, ૨૮. નંદી-વૃત્તિ; ૨૯. ન્યાયપ્રવેશસૂત્ર-વૃત્તિ, ૩૦. ન્યાય-વિનિશ્ચય, ૩૧. ન્યાયામૃતતરંગિણી, ૩૨. ન્યાયાવતાર-વૃત્તિ, ૩૩. પંચનિર્ગ્રંથી, ૩૪. પંચલિંગી, ૩૫. પંચવસ્તુ-સટીક, ૩૬. પંચસંગ્રહ, ૩૭. પંચસૂત્ર-વૃત્તિ, ૩૮. પંચસ્થાનક, ૩૯. પંચાશક, ૪૦. પરલોકસિદ્ધિ, ૪૧. પિંડનિર્યુક્તિ-વૃત્તિ (અપૂર્ણ), ૪૩. પ્રજ્ઞાપનાપ્રદેશ-વ્યાખ્યા, ૪૩. પ્રતિષ્ઠાકલ્પ, ૪૪. બૃહન્મિથ્યાત્વમંથન, ૪૫. મુનિપતિચરિત્ર, ૪૬. યતિદિનકૃત્ય, ૪૭. યશોધરચરિત્ર, ૪૮. યોગદૃષ્ટિ-

સમુચ્ચય, ૪૯. યોગબિંદુ, ૫૦. યોગશતક, ૫૧. લગ્નશુદ્ધિ (લગ્નકુંડલી), ૫૨. લોકતત્ત્વનિર્ણય, ૫૩. લોકબિંદુ, ૫૪. વિંશતિ(વિંશતિવિંશિકા), ૫૫ વીરસ્તવ, ૫૬. વીરાંગદકથા, ૫૭. વેદબાહ્યતાનિરાકરણ, ૫૮. વ્યવહારકલ્પ, ૫૯. શાસ્ત્ર-વાર્તાસમુચ્ચય, ૬૦. શ્રાવકપ્રજ્ઞપ્તિ-વૃત્તિ, ૬૧. શ્રાવકધર્મતન્ત્ર, ૬૨. ષડ્દર્શનસમુચ્ચય, ૬૩. ષોડશક, ૬૪. સંક્તિપચાશી, ૬૫. સંગ્રહણી-વૃત્તિ, ૬૬. સંપંચાસિત્તરી, ૬૭. સંબોધનસિત્તરી, ૬૮. સંબોધપ્રકરણ, ૬૯. સંસારદાવાસ્તુતિ, ૭૦. આત્માનુશાસન, ૭૧. સમરાઇચ્ચકહા, ૭૩. સર્વજ્ઞસિદ્ધિ પ્રકરણ–સટીક, ૭૩. સ્યાદ્વાદકુચોદ્યપરિહાર.

આ. હરિભદ્રના બે તેજસ્વી શિષ્યોને બૌદ્ધોએ મારી નાખ્યા હતા તેથી ક્રોધે ભરાઈને એમણે ૧૪૪૪ બૌદ્ધોનો સંહાર કરવાનો સંકલ્પ કર્યો હતો; એ સંકલ્પના પ્રાયશ્ચિત્તરૂપે એમના ગુરુએ એમને ૧૪૪૪ ગ્રંથોની રચના કરવાની આજ્ઞા કરી હતી એમ કહેવાય છે. આજે ઉપલબ્ધ ગ્રંથોમાં ૪૭ ગ્રંથો નિશ્ચિત રૂપે એમના કહી શકાય; બાકીના ૨૫ ગ્રંથો એમના નામે છે, પણ એ વિશે વિશેષ નિર્ણય કરવો બાકી છે. એમણે પોતાની કૃતિઓમાં જે જે કૃતિના નામનો નિર્દેશ કર્યો છે તે બધીમાંથી પણ ઘણાયે ગ્રંથો આજે અપ્રાપ્ત છે. ઉપલબ્ધ ગ્રંથો ઉપરથી એમની સર્વદેશીય વિદ્વત્તાનો પરિચય પ્રાપ્ત થાય છે.

આ. હરિભદ્ર જૈન આગમોના અને દર્શનશાસ્ત્રના પારગામી વિદ્વાન હતા. એમણે આવશ્યકસૂત્ર, નંદીસૂત્ર, અનુયોગદ્વાર, દશવૈકાલિક, પ્રજ્ઞાપના, જીવાભિગમ અને પિંડનિર્યુક્તિ–આગમગ્રંથો ઉપર અપ્રતિમ અને મૌલિક વૃત્તિઓનું નિર્માણ કર્યું છે. એમાંની 'આવશ્યકસૂત્ર' ઉપરની 'લઘુવૃત્તિશિષ્યહિતા'માં એમણે જણાવ્યું છે કે: यद्यपि मया तथान्यैः कृतास्य विवृतिस्तथापि संक्षेपात्– જો કે મેં તથા બીજા આચાર્યોએ આવી વૃત્તિ રચી છે છતાં આ વૃત્તિ મેં સંક્ષેપમાં રચી છે.

મલધારી આ. હેમચંદ્રે 'આવશ્યક–હારિભદ્રી–ટિપ્પણ'માં જણાવ્યું છે કે: यद्यपि मया वृत्तिः कृता इत्येवंवादिनि वृत्तिकारे चतुरशीतिप्रमाणानेनैवावश्यक-वृत्तिरपरा कृतासीद् इति प्रवादः– જો કે મેં વૃત્તિ રચી છે એવું વૃત્તિકાર કહે છે છતાં, ૮૪૦૦૦ શ્લોકપ્રમાણની એમણે જ બીજી વૃત્તિ રચી હતી એવો પ્રવાદ છે. 'નંદીસૂત્ર'ની વૃત્તિમાં જણાવ્યું છે કે: सांकेतिकशब्दार्थसंबन्ध-वादिमतमप्यावश्यके विचारयिष्यामहे। એથી સ્પષ્ટ થાય છે કે દાર્શનિક ચિંતનના ખજાના જેવી બૃહદ્વૃત્તિ, જે હજી સુધી ઉપલબ્ધ થઈ નથી તેમાં દાર્શનિક વાદોની ઊંડી સમીક્ષા એમણે કરી હશે.

આ. હરિભદ્ર અનેક વિષયોના જ્ઞાતા હતા. એમની ગ્રંથરચનાઓનો પ્રવાહ જોતાં અનુમાન થાય છે કે તેઓ પૂર્વાવસ્થામાં સાંખ્યમતના અનુયાયી હશે. એ સમયે એમણે દર્શનશાસ્ત્રોનો ઊંડો અભ્યાસ કર્યો હશે. એ જ કારણે એમણે અતિ ગંભીરતાપૂર્વક સમસ્ત દાર્શનિક તત્ત્વોનો જૈન દર્શન સાથે સમન્વય કરવાનો પ્રયત્ન કર્યો હશે. ખાસ કરીને એમણે તત્ત્વવિચાર અને આચારના નિરૂપણમાં સમન્વયશૈલીનો વિશેષ રૂપે સમાદર કર્યો છે તેથી એમની રચનાઓમાં ગાંભીર્ય આવ્યું છે.

એમણે ધર્મસંગ્રહણી, પંચવસ્તુક, ઉપદેશપદ, વિંશતિવિંશિકા, પંચાશક, યોગશતક, શ્રાવકધર્મવિધિતંત્ર, દિનશુદ્ધિ આદિ ગ્રંથોમાં શાસ્ત્રીય, દાર્શનિક, યોગ, ચરિત્ર અને જ્યોતિષ આદિ અનેક વિષયોનો સંગ્રહ કર્યો છે તેમજ સમરાઇચ્ચકહા, ધૂર્તાખ્યાન વગેરે કથાઓનું પ્રાકૃત ભાષામાં સર્જન કરીને પ્રાકૃત ભાષાને સમૃદ્ધ કરી છે.

એ જ રીતે સંસ્કૃતમાં પણ એમણે અનેકાંતવાદ, અનેકાંતજયપતાકા, ન્યાયપ્રવેશ, શાસ્ત્રવાર્તાસમુચ્ચય, ષડ્દર્શનસમુચ્ચય, અષ્ટક પ્રકરણ, ષોડશક પ્રકરણ, ધર્મબિંદુ, યોગબિંદુ, યોગદૃષ્ટિસમુચ્ચય, લોકતત્ત્વનિર્ણય આદિ ગ્રંથો રચ્યા છે. એ રીતે સંસ્કૃત ભાષામાં પણ એમનો મહત્ત્વનો ફાળો છે.

એમણે આ બધી રચનાઓ પ્રાચીન ગુર્જરદેશના પાટનગર શ્રીમાલમાં કે ચિત્તોડ આદિ પ્રદેશોમાં રહીને કરી છે. તેઓ ઈ. સ. ૭૦૦ થી ૭૭૦ ( વિ. સં. ૭૫૭ થી ૮૨૭ ) ના ગાળામાં વિદ્યમાન હતા.

## બપ્પભટ્ટિસૂરિ ( ભદ્રકીર્તિ )-આઠમો સૈકો

આ. સિદ્ધસેનસૂરિના શિષ્યનું નામ હતું ભદ્રકીર્તિ[૫૯] અને આ ભદ્રકીર્તિ એ જ બપ્પભટ્ટિસૂરિ. ગૃહસ્થજીવનમાં એમનું નામ સૂરપાલ હતું. એમના પિતાનું નામ હતું બપ્પ અને માતાનું નામ હતું ભટ્ટિ. વિ. સં. ૮૦૭ ( ઈ. સ. ૭૫૦–૭૫૧ ) માં સૂરપાલે દીક્ષા લીધી અને માતાપિતાના સંયુક્ત નામથી એમનું 'બપ્પભટ્ટિ' નામ વિશેષ પ્રસિદ્ધિમાં આવ્યું.

કાન્યકુબ્જ(કનોજ)ના રાજાનો નાગાવલોક નામે પુત્ર કોઈ કારણસર એની માતા સાથે મોઢેરા આવ્યો હતો. એનું બીજું નામ આમરાજ હતું. એનાં રાજવંશી લક્ષણો જોઈને આ. સિદ્ધસેનસૂરિએ એને આશ્રય આપ્યો. બપ્પભટ્ટસૂરિ સાથે એ આમરાજ પણ અભ્યાસ કરવા લાગ્યો. બંને વચ્ચે ગાઢ મૈત્રી બંધાઈ.

કનોજથી પિતાના મરણના સમાચાર મળતાં આમરાજ કનોજ ગયો અને પિતાની ગાદીએ બેઠો. એણે આ. બપ્પભટ્ટિસૂરિને કનોજ તેડાવ્યા. ધર્મલાભનું કારણ જાણી બપ્પભટ્ટિ શિષ્યપરિવાર સાથે કનોજ ગયા. રાજવીએ એમનો ઠાઠમાઠથી પ્રવેશ-મહોત્સવ કર્યો.[૬૦]

આ બપ્પભટ્ટિએ 'ચતુર્વિંશતિકા', 'અનુભૂતસિદ્ધ સારસ્વત સ્તોત્ર', 'શારદાસ્તોત્ર', 'વીરસ્તવ' વગેરે સ્તુતિસ્તોત્રો સંસ્કૃતમાં રચ્યાં છે. 'તારાગણ' નામક કાવ્ય હમણાં શ્રી. અગરચંદજી નાહટાને મળી આવ્યું છે, પણ એના વિષય સંબંધે માહિતી મળી નથી. બપ્પભટ્ટિએ અલંકારવિષયક 'કવિશિક્ષા' ગ્રંથ રચ્યો હોય એમ જણાય છે, પણ હજી મળ્યો નથી.

એમનો સ્વર્ગવાસ વિ. સં. ૮૯૫( ઈ. સ. ૮૩૮ )માં થયો હતો.

એમના શિષ્ય ગોવિંદસૂરિ હતા. એમની કોઈ રચના ઉપલબ્ધ નથી, પરંતુ ધવલ નામના દિગંબર કવિએ ઈ. સ. ની દસમી–અગિયારમી શતાબ્દીમાં અપભ્રંશમાં 'હરિવંશપુરાણ' નામક કાવ્ય રચ્યું છે તેમાં કવિકીર્તન પ્રસંગે કોઈ શ્વેતાંબર ગોવિંદાચાર્યના અપભ્રંશ કાવ્ય 'સનત્કુમાર'નો ઉલ્લેખ આ આ પ્રકારે કર્યો છે :

'सणकुमार जें विरइउ मणहरु, कइ गोविंदु पवरु सेयंवरु ॥

આ શ્વેતાંબર ગોવિંદાચાર્ય બપ્પભટ્ટિસૂરિના શિષ્ય હોવાનો સંભવ છે, પણ એ કાવ્ય આજે મળતું નથી.

### ઉદ્દ્યોતનસૂરિ ( આઠમો સૈકો )

'કુવલયમાલા' કથાના કર્તા દાક્ષિણ્યચિહ્ન ઉદ્દ્યોતનસૂરિ છે. એમણે ઈ. સ. ૭૭૯ માં જાબાલિપુર(જાલોર)માં જ્યારે 'નરહસ્તી–વત્સરાજ' રાજા રાજ્ય કરતો હતો ત્યારે આ ગ્રંથ લખીને સમાપ્ત કર્યો.[૬૧] જાલોર નગર જોધપુરની દક્ષિણે આવેલું છે. આ ગ્રંથના અંતે મહત્ત્વપૂર્ણ પ્રશસ્તિ આપેલી છે તેમાંથી ઘણી ઐતિહાસિક વિગતો પ્રાપ્ત થાય છે.

મુનિજીવન પહેલાં તેઓ મહાદ્વાર નગરના ઉદ્દ્યોતન નામના ક્ષત્રિયના પુત્ર વટેશ્વરના પુત્ર ઉદ્દ્યોતન નામે હતા. કોઈ કારણ મળતાં તેઓ જૈન મુનિ બન્યા. શાસ્ત્રોનો અભ્યાસ કરી તેઓ આચાર્ય થયા અને એમણે આ 'કુવલયમાલા' કથાની રચના કરી.

એમની ગુરુપરંપરા વિશે પ્રશસ્તિમાં આ પ્રકારે જણાવ્યું છે : ઉત્તરાપથમાં ચંદ્રભાગા નદીના તટ પર પવ્વઇયા નામક નગરી હતી. ત્યાં તોરરાય અથવા

તોરમાણ નામનો રાજા રાજ્ય કરતો હતો. આ રાજાના ગુરુ ગુપ્તવંશીય આ. હરિગુપ્તના શિષ્ય મહાકવિ દેવગુપ્ત હતા. દેવચંદ્રના શિષ્ય શિવચંદ્રગણિ મહત્તર ભિલ્લમાલ નગરમાં નિવાસ કરતા હતા. એમના શિષ્ય યક્ષદત્ત હતા. આ યક્ષદત્ત મુનિને નાગ, વૃંદ, મમ્મટ, દુર્ગ, અગ્નિશર્મા, વટેશ્વર આદિ અનેક શિષ્ય હતા. આ વટેશ્વર આચાર્યે ઠેર ઠેર જિનમંદિરોનું નિર્માણ કરાવીને ગુર્જર દેશને રમણીય બનાવ્યો હતો. આ શિષ્યોમાંના એકનું નામ તત્ત્વાચાર્ય હતું. આ જ તત્ત્વાચાર્ય 'કુવલયમાલાકથા'ના કર્તા ઉદ્દ્યોતનસૂરિના ગુરુ હતા. ઉદ્દ્યોતનસૂરિને વીરભદ્રસૂરિએ સિદ્ધાંતનું અને હરિભદ્રસૂરિએ યુક્તિશાસ્ત્રનું અધ્યયન કરાવ્યું હતું.

આ એક અદ્ભુત કથા છે. આમાં બાણની કાદંબરી, ત્રિવિક્રમની દમયંતી-ચંપૂકથા અને હરિભદ્રની સમરાઇચ્ચકહાનો પ્રભાવ સ્પષ્ટ વરતાય છે. આનું પરિમાણ ૧૩૦૦૦ શ્લોકનું છે. કથાવસ્તુ સંકીર્ણ સ્વરૂપનું છે. આમાં પ્રાકૃત, પૈશાચી, અપભ્રંશ અને સંસ્કૃત ભાષાનો ઉપયોગ ગદ્ય-પદ્યમાં થયો છે. વેપારવાણિજ્ય માટે દૂર દૂર સુધી જનારા વણિક લોકોની ૧૮ બોલીઓનો આમાં સંગ્રહ છે. આથી જણાય છે કે આચાર્યે દૂર દૂર સુધી પરિભ્રમણ કરીને અનેક દેશી ભાષાઓની જાણકારી પ્રાપ્ત કરી હતી. શૃંગાર આદિ વર્ણનોથી યુક્ત આ કૃતિમાં અલંકારોનો પ્રયોગ છે. વચ્ચે વચ્ચે સુભાષિતો, પ્રહેલિકાઓ અને પ્રશ્નોત્તરોનો પણ ઉપયોગ કરેલો છે.

ગ્રંથકારે પોતાનાથી પ્રાચીન એવા પાદલિપ્ત, સાતવાહન, ષટ્પર્ણક, ગુણાઢ્ય, વ્યાસ, વાલ્મીકિ, બાણ, વિમલ, રવિષેણ, જડિલ, દેવગુપ્ત, પ્રભંજન અને હરિભદ્રનો તેમજ સુલોચના નામક ધર્મકથાનો ઉલ્લેખ કર્યો છે.

ક્રોધ, માન, માયા, લોભ વગેરેનું પરિણામ બતાવવા માટે અહીં અનેક સરસ કથાઓ ગૂંથેલી છે.

### જિનસેનસૂરિ (આઠમો સૈકો)

જૈનોના પુન્નાટસંઘના દિગંબર આ. જિનસેનસૂરિ આ. કીર્તિષેણસૂરિના શિષ્ય હતા. આ. કીર્તિષેણના ગુરુ જયસેનસૂરિ સમસ્ત સિદ્ધાંતના પારગામી અને પ્રસિદ્ધ વૈયાકરણ હતા. કીર્તિષેણના ગુરુબંધુ અમિતસેન પ્રખરવાદી હતા અને પુન્નાટસંઘના અગ્રણી હતા. આવા વિદ્યાસંપન્ન ગુરુઓના વાતાવરણમાં આ. જિનસેનસૂરિએ 'હરિવંશપુરાણ'ની રચના કરી હતી.

'હરિવંશપુરાણ'માં ૬૬ સર્ગો છે. એ ૧૨૦૦૦ ગ્રંથાગ્રપરિમાણ ગ્રંથ છે. એમાં કુલ ૯૦૦૦ પદ્યો છે. અધિકાંશ રચના અનુષ્ટુપ છંદમાં કરેલી છે. કેટલાક સર્ગોમાં દ્રુતવિલંબિત, વસંતતિલકા, શાર્દૂલવિક્રીડિત આદિ છંદોનો ઉપયોગ કર્યો છે. આ પુરાણમાં જૈનોના બાવીસમા તીર્થંકર શ્રીનેમિનાથ અને તેઓ જે વંશમાં ઉત્પન્ન થયા હતા તે હરિવંશના મહાપુરુષોનું ચરિત આલેખવાનો એમનો ઉદ્દેશ છે. ગૌણરૂપે ૨૪ તીર્થંકરો, ૧૨ ચક્રવર્તીઓ, ૯ નારાયણો, ૯ બલભદ્રો અને ૯ પ્રતિનારાયણો એમ ત્રેસઠ શલાકાપુરુષો અને કેટલાયે રાજાઓ તથા વિદ્યાધરોનાં અવાંતર ચરિત્રોનું કીર્તન કરેલું છે.

આ પુરાણમાં 'પાર્શ્વાભ્યુદય'ના કર્તા જિનસેન (સર્ગ ૧, શ્લો. ૪૦), 'પદ્મપુરાણ'ના કર્તા રવિષેણ (શ્લો. ૩૪), 'વરાંગચરિત'ના કર્તા જટાસિંહ નંદિ (શ્લો. ૩૫) તેમજ 'સુલોચનાકથા'કાર મહાસેન (શ્લો. ૩૩) વગેરેનો ઉલ્લેખ કરેલો છે. સર્ગ ૪ થી ૭ માં ત્રણ લોકનું અને અજીવ આદિ પદાર્થોનું નિરૂપણ છે. સર્ગ ૨૩, શ્લોક ૫૮ થી ૧૦૭ માં પુરુષનાં લક્ષણોની ચર્ચા છે. શ્લોક ૮૫ થી ૯૭ માં કરલક્ષણ અને ફલાદેશનો નિર્દેશ છે. સર્ગ ૬૬ માં ભ. મહાવીરથી લઈને આ ગ્રંથકાર જિનસેનસૂરિ સુધીની ગુરુપરંપરા બતાવી છે. અંતમાં ગ્રંથકારે લેખનસમયનો નિર્દેશ આ રીતે કર્યો છે :

"शाकेष्वब्दशतेषु सप्तसु दिशं पञ्चोत्तरेषूत्तरां
पातीन्द्रायुधनाम्नि कृष्णनृपजे श्रीवल्लभे दक्षिणाम् ।
पूर्वां श्रीमदवन्तिभूभृति नृपे वत्सादिराजेऽपरां
सौराणामधिमण्डले जययुते वीरे वराहेऽवति ॥"

શક સંવત ૭૦૫ માં જ્યારે ઉત્તર દિશાનું રક્ષણ ઇંદ્રાયુધ રાજા, દક્ષિણ દિશાનું રક્ષણ કૃષ્ણનો પુત્ર શ્રીવલ્લભ, પૂર્વ દિશાનું રક્ષણ અવંતિનો રાજા વત્સરાજ અને પશ્ચિમના સૌરોના અધિમંડલ(સૌરાષ્ટ્ર)નું રક્ષણ વીર જયવરાહ નામનો રાજા કરતો હતો, એ સમયે આ ગ્રંથ સમાપ્ત થયો.

આ. જિનસેને જણાવ્યું છે કે 'હરિવંશપુરાણ'ની રચના વર્ધમાનપુરના પાર્શ્વજિનાલયની નન્નરાજ-વસતિમાં રહીને કરવામાં આવી છે અને એનો પછીનો ભાગ દોસ્તટિકામાં પૂરો થયો છે.

શક સં. ૭૦૫ (ઈ. સ. ૭૮૩-૭૮૪) માં આ 'હરિવંશપુરાણ' રચાયું હતું એમ ગ્રંથકાર પોતે જ જણાવે છે.[૬૨]

## શીલાંકાચાર્ય (નવમો સૈકો)

સુપ્રસિદ્ધ શીલાંકાચાર્ય નિર્વૃતિગચ્છના આ. માનદેવસૂરિના શિષ્ય હતા.[૧૩] શીલાંકાચાર્યે કોલાચાર્યના નામથી જૈનાગમોનાં ૧૧ અંગો ઉપર ટીકાઓની રચના કરી હતી એમ 'પ્રભાવકચરિત'ના ઉલ્લેખથી જણાય છે,[૧૪] પરંતુ અત્યારે તો 'આચારાંગ' તેમજ 'સૂત્રકૃતાંગ' એ આગમ ગ્રંથો ઉપરની ટીકાઓ જ પ્રાપ્ત થાય છે. બંને ટીકાઓમાં એમણે દાર્શનિક પદાર્થોની અનેકવિધ ચર્ચા કરી છે.

'આચારાંગ' પ્રથમ શ્રુતસ્કંધની ટીકાની સમાપ્તિ શક સં. ૭૭૨(ઈ. સ. ૮૫૦)માં અને દ્વિતીય શ્રુતસ્કંધની ટીકા શક વર્ષ ૭૮૪(ઈ. સ. ૮૬૨) અથવા શક સં. ૭૯૮(ઈ. સ. ૮૭૬)માં ગંભૂતા(પાટણથી ૨૪ માઈલ દૂર)-માં વાહરિગણિની સહાયતાથી થઈ છે.[૧૫]

વનરાજના પ્રતિબોધક શીલગુણસૂરિ તે જ શીલાંકાચાર્ય એમ કેટલાક વિદ્વાનોનું માનવું છે.[૧૬] અણહિલપાટકની સ્થાપના વિ. સં. ૮૦૨ (ઈ. સ. ૭૪૬)-માં નહિ, પણ ઈ. સ. ૮૪૦ના અરસામાં થઈ હોય, તો આ મંતવ્ય બંધ બેસે તેવું ગણાય.

'ચઉપન્નમહાપુરિસચરિય'ની રચના શીલાંકાચાર્યે શક સં. ૭૯૦(ઇ. સ. ૮૬૮)માં કરી છે, પણ અવાંતર પ્રમાણોથી મુનિશ્રી પુણ્યવિજયજી 'આચારાંગ-વૃત્તિ'ના રચયિતાથી એ શીલાંકાચાર્ય ભિન્ન હોવાનું માને છે.[૧૭]

## પાર્શ્વ મુનિ (દસમો સૈકો)

સૈદ્ધાંતિક યક્ષદેવસૂરિના શિષ્ય મુનિ પાર્શ્વે ગાંભુ ગામમાં નિવાસ કરી ત્યાંના બહુશ્રુત અને શીલવાન શ્રાવક જંબૂનાગની સહાયતાથી ત્યાંના જિનાલયમાં 'યતિપ્રતિક્રમણસૂત્ર' અને 'શ્રાવકપ્રતિક્રમણસૂત્ર'ની રચના શક સં. ૮૨૧(ઈ. સ. ૮૯૯)માં કરી હતી,[૧૮] જેની વિ. સં. ૧૨૨૮માં લખાયેલી તાડપત્રીય પુસ્તિકા અત્યારે પાટણના સંઘવી પાડાના જૈન ભંડારમાં વિદ્યમાન છે. પાર્શ્વ મુનિની બીજી રચનાઓ વિશે જાણવામાં આવ્યું નથી.

## આ. સિદ્ધર્ષિ (દસમો સૈકો)

નિર્વૃતિગચ્છના આ. ગર્ગર્ષિના શિષ્ય સિદ્ધર્ષિએ શ્રીમાલમાં રહીને વિ. સં. ૯૬૨(ઈ. સ. ૯૦૬)માં 'ઉપમિતિભવપ્રપંચકથા'ની રચના ભિન્નમાલમાં સુગમ

સંસ્કૃત ભાષામાં કરી છે.[69] આ કથા આઠ પ્રસ્તાવમાં વિભક્ત છે. પ્રથમ પ્રસ્તાવમાં ઉપોદ્ઘાત છે, બીજા પ્રસ્તાવમાં કર્તા કર્મપરિણામની વિષમતાની હકીકતો બતાવે છે. ત્રીજા પ્રસ્તાવમાં મનોવિકાર અને સ્પર્શેંદ્રિયની વિશેષતા ઉપર પ્રકાશ પાડે છે. ચોથા પ્રસ્તાવમાં ભવચક્રનું નિરૂપણ છે. પાંચમા પ્રસ્તાવમાં સૌજન્ય અને દુર્જનતા વિશે જણાવે છે. છઠ્ઠા પ્રસ્તાવમાં છ પ્રકારના પુરુષો વિશે તથા સાતમા પ્રસ્તાવમાં છ મુનિવરોના વૈરાગ્યસંગતું નિરૂપણ કરે છે અને આઠમા પ્રસ્તાવમાં આ ગ્રંથને સમજાવવા માટે પ્રાપ્ત સુયોગ અને એની ચરિતાર્થતાની હકીકતોને નોંધે છે. આ કથા રૂપકોની પરંપરાથી અલંકૃત છે. ભારતીય સાહિત્યમાં આ રૂપકકથા અનોખા પ્રકારની છે. કથાનો મોટો ભાગ ગદ્યમાં છે અને વચ્ચે વચ્ચે પદ્યો છે. કેટલાંક પદ્યો શાર્દૂલવિક્રીડિત, સ્રગ્ધરા વગેરે છંદોમાં પણ છે. કથા ખૂબ રસિક છે. આ કથાની ઉચ્ચ પ્રકારની રચનાકુશલતા જોઈને એ સમયના શ્રીસંઘે એના કર્તાને 'સિદ્ધવ્યાખ્યાતા'ની પદવીથી વિભૂષિત કર્યા હતા.

આ. સિદ્ધર્ષિ બૌદ્ધ દર્શનનો અભ્યાસ કરવા મહાબોધપુર નામના બૌદ્ધ વિદ્યાપીઠમાં ગયા હતા, પરંતુ પાછળથી ગુરુએ આ. હરિભદ્રની 'લલિતવિસ્તરા' નામની કૃતિ વાંચવા આપતાં એમને યથાર્થ બોધ થયો. એ કારણે જ તેઓ આ. હરિભદ્રનો 'ગુરુ' તરીકે ઉલ્લેખ કરે છે.

એમણે આ. સિદ્ધસેનના 'ન્યાયાવતાર' ઉપર વૃત્તિ રચીને પોતાની દાર્શનિક પ્રતિભાનો પરિચય કરાવ્યો છે. વળી, 'ઉપદેશમાલા' ઉપર પણ એક વૃત્તિની રચના કરી છે. આમ વ્યાખ્યાકાર તરીકે પણ સિદ્ધર્ષિએ સફળતા પ્રાપ્ત કરી છે.

એમનું ગૃહસ્થાવસ્થાનું નામ હતું સિદ્ધ અને એમના પિતાનું નામ હતું શુભંકર.[70] એમના જન્મ કે સ્વર્ગવાસનો સમય નોંધાયેલો નથી, પણ વિ. સં. ૯૬૨(ઈ. સ. ૯૦૬)માં એમણે આ કથાની રચના કરી એવું અંતિમ પ્રશસ્તિમાં જણાવ્યું. છે. વળી, એમણે વિ. સં. ૯૭૪(ઈ. સ. ૯૧૮)માં પ્રાકૃતમાં 'ચંદ્રકેવલિચરિત'ને સંસ્કૃત ભાષામાં અનૂદિત કર્યું છે, એટલે તેઓ દસમા સૈકાના આરૂઢ વિદ્વાન હતા એમ નિશ્ચિત રૂપે કહી શકાય.

### હરિષેણાચાર્ય

પુન્નાટ સંઘના મૌનિભટ્ટારક વર્ધમાનપુરમાં વસતા હતા. તેમના શિષ્ય શ્રી. હરિષેણ ગુણવાન હતા. એમના શિષ્ય ભરતસેન છંદ, અલંકાર, કાવ્ય, નાટક અને તર્કમાં નિપુણ, કાવ્યના કર્તા અને વ્યાકરણના વેત્તા હતા. એમના શિષ્ય

હરિષેણે વિ. સં. ૯૮૯–શક વર્ષ ૮૫૩ માં ખર સંવત્સરમાં વિનયાદિકપાલ રાજાના રાજ્યકાલ દરમ્યાન 'બૃહત્કથાકોશ'ની રચના કરી. એ વર્ષે ઈ. સ. ૯૩૧–૩૨ આવે. પ્રશસ્તિમાં જણાવેલો 'વિનયાદિકપાલ' એ કનોજના ગુર્જર–પ્રતીહાર વંશનો રાજા વિનાયકપાલ છે.[૭૧] 'હરિવંશ પુરાણ'ના કર્તા જિનસેન પણ પુન્નાટ સંઘના હતા ને વર્ધમાનપુર તે અહીં સૌરાષ્ટ્રનું વઢવાણ હોવું જોઈએ.[૭૨]

આ સંગ્રહમાં કુલ ૧૫૭ કથાઓ છે. એમાંની એક કથા (નં. ૧૦૨)માં ૯ કથાઓ વણાઈ છે. ગ્રંથનો ઘણો ભાગ અનુષ્ટુભ છંદમાં છે, થોડોક લાંબા છંદોમાં. ઘણા શ્લોક કવિએ રચેલા છે, તો કેટલાક ઉદાહૃત કરેલા છે. લગભગ બધા ઉદાહૃત શ્લોક કે ગાથાઓ અજ્ઞાતકર્તૃક છે. સમસ્ત ગ્રંથનું પ્રમાણ ૧૨, ૫૦૦ શ્લોકનું છે, આથી દરેક કથાના સરેરાશ ૮૦ જેટલા શ્લોક આવે. પરંતુ કથાનકોનું પ્રમાણ ઘણું ઓછુંવત્તું છે. નાનામાં નાનું (નં. ૧૨૫) ચાર શ્લોકોમાં ને મોટામાં મોટું (નં. ૫૭) ૫૮૫ શ્લોકોમાં છે.

બૃહત્કથાકોશની સર્વ કથાઓનાં બીજ 'ભગવતી-આરાધના' નામે ગ્રંથમાં રહેલાં છે. આરાધના એટલે શ્રમણે મરણ પહેલાં શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર, તપ, વૈરાગ્ય, ધૈર્ય, સંયમ અને ક્ષમતા જેવા ગુણો વિશે પ્રાપ્ત કરવાની દૃઢ સિદ્ધિ. આ વિશે નાનામોટા અનેક ગ્રંથ લખાયા છે, જેમાં 'ભગવતી–આરાધના' ગ્રંથ ઘણો વિસ્તૃત અને મહત્ત્વનો છે. એમાં ૨૧૭૦ પ્રાકૃત શ્લોકો છે. એમાં પાંચ પ્રકારના મરણ વિશે નિરૂપણ કરવામાં આવ્યું છે: બાલમરણ, બાલાબાલમરણ, પંડિતમરણ (જેના ત્રણ પેટા પ્રકાર છે: ભક્તપ્રત્યાખ્યાન, ઇંગિની અને પ્રાયોપગમન), બાલપંડિતમરણ અને પંડિતપંડિતમરણ. એમાં છેલ્લાં ત્રણ મરણ પ્રશસ્ય છે. પંડિત-મરણના પેટા પ્રકારોમાં ઘણું સર્વસામાન્ય છે; ને શ્રમણના આધ્યાત્મિક શ્રેય માટેની સર્વ સૂચનાઓ ભક્તપ્રત્યાખ્યાન પ્રકાર નીચે અર્હ, લિંગ, શિક્ષા, વિનય, સમાધિ, અનિયતવાસ, પરિણામ ઇત્યાદિ ૪૦ બાબતો અંગે આપવામાં આવી છે. ગ્રંથનો મોટો ભાગ આ ઇષ્ટ ગુણોના નિરૂપણમાં રોકાયો છે. મરણાસન્ન આરાધક શ્રમણને આ ગાથાઓના વિવરણરૂપે જણાવેલી બોધાત્મક કથાઓ સંભળાવવામાં આવતી. 'ભગવતી-આરાધના' રચનાર શિવાર્ય હતા. એમનો આ ગ્રંથ દિગંબર આગમ ગ્રંથોના પ્રાચીનતમ સ્તરનો છે.

હરિષેણનો 'બૃહત્કથાકોશ' એ આરાધનાને લગતી કથાઓનો સહુથી પ્રાચીન અને સહુથી સમૃદ્ધ કોશ છે.

## પાદટીપો

૧. ગુ.ઐ.લે., લેખ નં. ૧૭, પૃ. ૬; નં. ૧૯, પૃ. ૧૨ વગેરે અને નં. ૨૭, પૃ. ૩૭ વગેરે.

૨. મૈ.ગુ., ભા. ૨, પરિશિષ્ટ ૭     ૨અ. ગુ.ઐ.લે., ભા. ૩, પરિશિષ્ટ ૨

૩. મૈ.ગુ., પૃ. ૩૩૭ ટી., ૫૫૦, ૫૫૨; ધરસેન ૪ થાનું બિરુદ परमभट्टारक–ગુ.ઐ.લે., લેખ નં. ૭૧ વગેરે, પૃ. ૧૭૦ વગેરે. ધ્રુવસેન ૧ લાને परमभट्टारकपादानुध्यात કહ્યો છે; જુઓ લે. ૧૬, પૃ. ૪ થી શરૂ થતા અનેક લેખો.

૪. મૈ.ગુ., ભા. ૨, પરિશિષ્ટ ૮     ૪અ. ગુ.ઐ.લે., ભા. ૩, પરિશિષ્ટ ૧

૫. ગુ. ઐ. લે., લેખ નં. ૬, પૃ. ૮–૯     ૬. એજન, લેખ નં. ૧૫, પૃ. ૫–૮

૭. એજન, લેખ નં. ૧૨૦, પૃ. ૪     ૮. મૈ.ગુ., પૃ. ૫૦૬–૫૦૮

૯. એજન, પૃ. ૫૦૬–૫૦૭     ૧૦. એજન, પૃ. ૫૦૮

૧૧. એજન, પૃ. ૫૧૦     ૧૨. એજન, પૃ. ૫૧૨–૫૧૯

૧૩. એજન, પૃ. ૧૩૧–૧૩૨

૧૪. ગુ.ઐ.લે., નં. ૪૫, પૃ. ૯૩ થી પછીનાંઓમાં

૧૫. એજન, લેખ નં. ૪૭, પૃ. ૯૭     ૧૬. મૈ.ગુ., પૃ. ૫૧૯

૧૭. એજન, પૃ. ૫૨૦     ૧૮. એજન, પૃ. ૫૨૦–૫૨૧

૧૯. એજન, પૃ. ૫૨૪     ૨૦. એજન, પૃ. ૫૨૫–૫૨૭

૨૧. મો. દ. દેસાઈ, "જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ", પૃ. ૧૮૦–૧૮૧

૨૨. એજન, પૃ. ૧૭૫–૧૭૭

૨૩. એજન, પૃ. ૧૮૧

૨૪. आचाराङ्गसूत्र, १, ८, २, १ (पाणाइं भूयाइं जीवाइं सत्ताइं)

२५. भरतनाट्यशास्त्र (निर्णयसागर प्रेस), पृ. ५४० (मोरल्लउ नच्चन्तउ......... संभत्तउ ॥)

२६. चण्ड, प्राकृतलक्षण, ३–३७     २७. दण्डी, काव्यादर्श, १–३२, ३६

૨૮. ગુ.ઐ.લે., લેખ નં. ૫૦, પૃ. ૧૦૭     ૨૯. એજન, લેખ નં. ૫૦, પૃ. ૧૦૬

३०. भामह, काव्यालंकार, १–१६

३१. राजशेखर, काव्यमीमांसा, पृ. ३४, ९४     ३२. एजन पृ. ५१

३३. संघदासगणि, वसुदेवहिण्डी, पृ. २८

३४. आवश्यक–चूर्णि उत्तरभाग, पृ, १८४

३५. एजन, स-हरिभद्रीयवृत्ति, पृ. ६९७

३६. उद्द्योतनसूरि, कुवलयमाला, पृ. १५२–१५३

३७. एजन, पृ. ५९     ३८. एजन, पृ. ५

३९. एजन, पृ. १५१     ४०. एजन, पृ. ४

४१. धनपाल, भविसयत्तकहा, पृ. १४८

૪૨. કે. કા. શાસ્ત્રી, 'આપણા કવિઓ', પૃ. ૩૮

૪૩. એજન, પૃ. ૪૦ ૪૪. એજન, પૃ. ૪૧

૪૫. ગુ.ઐ.લે., લેખ ન. ૧૬૮, પૃ. ૧૩૮

૪૬. Beal, *Records, p. 268*; Watters, *Travels,* Vol. II, p. 247

૪૭. तत्र देशे समाख्यातो भिक्षुश्च पिण्डचारिकः॥ ५९०॥
शीलवान् बुद्धिसंपन्नो बुद्धानां शासने रतः।
कालचारिमहात्माऽसौ प्रविष्टः पिण्डचारिकम्॥ ५९२॥

૪૮. P. C. Bagchi, *India and China,* pp. 47 f.; ઉમાકાંત પ્રે. શાહ, 'ગુજરાતમાં બૌદ્ધધર્મ', "સ્વાધ્યાય", પુ. ૧, પૃ. ૨૯૩

૪૯. "ભારતીય વિદ્યા", વર્ષ ૩, પૃ. ૧૯૧-૧૯૬

૫૦. इत्थ देवानम्मियथूसे पक्खक्खमणेण देवयं आराहित्ता जिणभद्दखमासमणेहिं उद्देहिआभक्खियपुत्थयपत्तत्तणेणं तुट्टं भग्गं महानिसीहं संधिअं।
विविधतीर्थकल्प, पृ. १९

૫૧. U. P. Shah, *Akota Bronzes,* pp. 28 ff.

૫૨. जिणभद्दखमासमणं निच्छियसुत्तत्थदायगामलचरणं।
तमहं वंदे पयओ परमं परमोपगारकारिणमहग्घं॥
विषमपदव्याख्यालंकृत–सिद्धसेनगणिसंदब्ध–बृहच्चूर्णिसमन्वित–जीतकल्पसूत्र

૫૩. જુઓ, હરિપ્રસાદ શાસ્ત્રી, "મૈત્રકકાલીન ગુજરાત", ભા. ૨, પૃ. ૪૬૪.

૫૪. "भारतीय ज्योतिष" (હિંદી અનુવાદ), પૃ. ૩૦૦-૩૧૧

૫૫. ઉમાકાંત પ્રે. શાહ, 'ગુજરાતમાં બૌદ્ધ ધર્મ' "સ્વાધ્યાય", પુ. ૧, પૃ. ૩૦૬થી

૫૬. હીરાલાલ ર. કાપડિયા, 'કાવ્યોએ કવિઓને આપેલાં બિરુદો', ફાર્બસ ગુજરાતી સભા "ત્રૈમાસિક", પુ. ૨૬, પૃ. ૧૭૭

૫૭. जैन साहित्यका बृहद् इतिहास, भा. ३, पृ. ३०८-३०९
वाणिजकुलसंभूओ कोडियगणिओ उ वयरसाहीतो।
गोवालियमहत्तरओ विक्खाओ आसि लोगम्मि॥ १॥
ससमयपरसमयविऊ ओयस्सी दित्तिमं सुगंभीरो।
सीसगणपरिवुडो वक्खाणरतिप्पिओ आसी॥ २॥
तेसिं सीसेण इमं उत्तरज्झयणाण चुण्णिखंडं तु।
रइयं अणुग्गहत्थं सीसाणं मंदबुद्धीणं॥ ३॥
उत्तराध्ययनचूर्णि, पृ. २२८

૫૮. प्रभावकचरित, १०

૫૯. 'તિલકમંજરી', શ્લો. ૩૨માં આ નામ છે અને એના ટિપ્પણકાર શાંતિસૂરિએ બપ્પભટ્ટિ એ જ ભદ્રકીર્તિ એમ ટિપ્પણમાં જણાવ્યું છે.

૬૦. प्रभावकचरित, ११ बप्पभट्टिसूरिचरित

૬૧. ગ્રંથકારની પ્રશસ્તિ (पृ. २८२–२८३) પરથી.

૬૨. જુઓ 'મૈત્રકકાલીન ગુજરાત', પૃ. ૪૭૮.

૬૩. जेसलमेरभांडागारीय ग्रंथसूची, पृ. ४३–४४

૬૪. श्रीशीलाङ्कः पुरा कोट्याचार्यनाम्ना प्रसिद्धिभूः।
वृत्तिमेकादशाङ्गयाः स विदधे धौतकल्मषः॥१०४॥
अङ्गद्वयं विनाऽन्येषां कालादुच्छेदमाययुः॥

प्रभावकचरित, १९. अभयदेवसूरिचरित

૬૫. निर्वृतिकुलीनश्रीशीलाचार्येण तत्त्वादित्यापरनाम्ना वाहरिगणिसहायेन कृता टीका।...शकनृपकालातीतसंवत्सरशतेषु सप्तसु चतुरशीत्यधिकेषु वैशाखपञ्चम्यामाचारटीका दब्धेति।...शीलाचार्येण कृता गंभूतायां स्थितेन टीकैषा॥"

–आचारांग–प्रशस्ति

૬૬. લા. ભ. ગાંધી, "ઐતિહાસિક લેખસંગ્રહ", પૃ. ૨૨૬

૬૭. मुनि पुण्यविजयजी, 'जैन आगमधर और प्राकृतवाङ्मय' "मुनि हजारीमल स्मृतिग्रंथ," पृ. ७३०.

૬૮. "अब्दानां शकनृपतेः शतानि चाष्टौ गतानि विंशत्या।
अधिकान्येकाधिकया मासे चैत्रे तु पञ्चम्याम्॥
नीतं समाप्तिमेतत् सिद्धान्तिकयक्षदेवशिष्येण।
प्रतिचरणायाः किञ्चिद् व्याख्यानं पार्श्वनाम्ना तु॥
श्रावको जम्बुनामा(गा)ख्यः शीलवान् सुबहुश्रुतः।
साहाय्याद् रचितं तस्य गम्भूतायां जिनालये॥"

—पाटणजैनभंडारग्रंथसूची, पृ. १८

૬૯. बालानामपि सद्बोधकारिणी कर्णपेशला।

૭૦. વિસ્તૃત હકીકતો માટે જુઓ 'प्रभावकचरित'માં १४. सिद्धर्षिचरित તથા શ્રી મોતીચંદ ગિરિધાર કાપડિયા, "सिद्धर्षि."

૭૧. સંપાદક ડૉ. ઉપાધ્યે સૂચવે છે તેમ શ્લોકમાં મૂળ પાઠ 'વિનાયાદિકપાલ' હશે (Introduction, p. 122)

૭૨. Upadhye, *ibid.*, p. 121

## પ્રકરણ ૧૨

# લિપિ

સમ્રાટ અશોકના સમયમાં બ્રાહ્મી લિપિ રાષ્ટ્રવ્યાપી લિપિ હતી. એ સમયે બ્રાહ્મી લિપિ સમગ્ર ભારતમાં લગભગ એક સ્વરૂપે પ્રયોજાતી હતી, એમાં કોઈ પ્રાદેશિક ભેદ પ્રવર્તતા નહોતા.[1] જોકે અશોકના સમયમાં બ્રાહ્મી રૂપાંતર તો પામતી જતી હતી, પરંતુ એ રૂપાંતરનું સ્વરૂપ સમગ્ર ભારતમાં લગભગ એકસરખું હતું. બ્રાહ્મીનું એ રૂપાંતર ઈ. પૂ. ૨૦૦ ના અરસાથી પ્રાદેશિક ભેદોનું સૂચક બનવા લાગ્યું.[2] ઈ. પૂ. ૨૦૦ થી આરંભાયેલી પ્રાદેશિક ભેદોની પ્રક્રિયા, અનેક તબક્કામાંથી પસાર થતાં, ઈ. સ. ના પાંચમા સૈકામાં આવતાં વધુ વેગ પકડતી જણાય છે. ઈ. સ. ૪૦૦ થી ઈ. સ. ૮૦૦ના ગાળા દરમ્યાન ઘણાં પ્રાદેશિક રૂપાંતર થયાં છે, જેનાં મુખ્યત્વે ત્રણ કારણ મનાયાં છે[3] : (૧) લેખનમાં નવાં નવાં સાધનોનો ઉપયોગ અથવા જૂનાં સાધનોને નવીન પદ્ધતિએ ઉપયોગમાં લેવાં, (૨) અક્ષરોના મરોડોને નવીન કલાત્મક બનાવવાનું વલણ, અને (૩) વર્ણોને ત્વરિત કલમે લખવા તેમજ તેઓને સાદો મરોડ આપવો. ઉત્તર અને દક્ષિણ ભારતમાં આ પરિબળોની અસરથી લેખન અલગ અલગ સ્વરૂપ ધારણ કરતું ગયું. કલમનો કસબ અને વર્ણોને કલાત્મક બનાવવાની પ્રવૃત્તિ ઉત્તર અને દક્ષિણ ભારતના લેખોમાં સમાનપણે જોવા મળે છે, પરંતુ અક્ષરોને સાદું સ્વરૂપ આપવાની અને ત્વરિત કલમે લખવાની પ્રવૃત્તિ દક્ષિણ ભારતના લેખોમાં ખાસ તરી આવે છે. આને લઈને દક્ષિણ ભારતની લિપિ ઉત્તર ભારતની લિપિથી તરત જ જુદી પડી આવે છે; દા. ત. ઉત્તર ભારતમાં अ, क અને र જેવા વર્ણોના નીચલા છેડા અગાઉ સહેજ ડાબી બાજુએ વળતા હતા તે બંધ થયા, જ્યારે દક્ષિણ ભારતમાં તેઓના છેડા વધારે વળીને ડાબી બાજુ ઊંચે ચડવા લાગ્યા. આ મુખ્ય પ્રાદેશિક વિશેષતાઓની અસરમાં ઉત્તર અને દક્ષિણ ભારતમાં ભિન્ન ભિન્ન લિપિ-સ્વરૂપો ઉદ્ભવ્યાં, જેને 'ઉત્તરી શૈલી' અને 'દક્ષિણી શૈલી'ના નામે ઓળખાવામાં આવે છે. ઉત્તર ભારતના બધા ભાગોમાં ઉત્તરી શૈલીનું લગભગ એક પ્રકારનું લિપિ-સ્વરૂપ ઘડાવા લાગ્યું, જેની બે

મુખ્ય વિશેષતાઓ હતી : (૧) વર્ણોના મરોડ આદ્ય-નાગરી સ્વરૂપના બનવા લાગ્યા અને (૨) ખાસ કરીને અંતર્ગત સ્વરચિહ્નોને કલાત્મક સ્વરૂપ આપવામાં આવ્યું, જેથી તેઓની આકૃતિ અંશતઃ તીવ્રકોણદાર અને અંશતઃ કુટિલ સ્વરૂપની બની.[૪] દક્ષિણી શૈલીની અસર તળે, ખાસ કરીને કલમના કસબથી, કલિંગમાં, મધ્યપ્રદેશમાં અને પશ્ચિમ ભારતમાં અલગ અલગ પ્રાદેશિક લિપિ-સ્વરૂપ ઘડાયાં. વળી, એની અસરથી તેલુગુ-કન્નડ, તમિળ, ગ્રંથ અને વટ્ટેળુત્તુ લિપિઓનાં પ્રાચીન સ્વરૂપ ઘડાયાં. ઈ. સ. ૪૦૦ થી ૮૦૦ વચ્ચેના ગાળાની ગુજરાતની (ગુપ્તકાલીન અને મૈત્રકકાલીન) લિપિ મુખ્યત્વે એક જ સ્વરૂપની છે અને એ દક્ષિણી શૈલીનો પશ્ચિમ ભાગનો પ્રાદેશિક વિશિષ્ટ લિપિપ્રકાર છે.

ગુજરાતમાં ગુપ્તકાલ દરમ્યાન ક્ષત્રપકાલીન બ્રાહ્મી લિપિનો સ્વાભાવિક વિકાસ થઈ રહ્યો હતો, તેમાં દક્ષિણ ગુજરાતના ત્રૈકૂટકો દ્વારા દક્ષિણી શૈલીની કંઈક અસર વધી હતી.[૫] મૈત્રકકાલ દરમ્યાન, ખાસ કરીને મૈત્રક રાજ્યમાં, ત્રૈકૂટક લેખોની લિપિને મળતી લિપિ પ્રચલિત બની. દક્ષિણ ગુજરાતમાં આ કાલ દરમ્યાન ત્રૈકૂટકો, કટચ્ચુરિઓ, ગુર્જરો, ચાલુક્યો વગેરે રાજાઓની સત્તા પ્રવર્તી. એ રાજ્યોના લેખોમાં પણ મૈત્રકરાજ્યની લિપિ જેવી જ લિપિ પ્રયોજાઈ છે. આ પરથી મૈત્રકકાલ દરમ્યાન ગુજરાતના સમસ્ત પ્રદેશમાં લગભગ એક જ પ્રકારનું લિપિ-સ્વરૂપ[૬] પ્રચલિત થયું હોવાનું માલૂમ પડે છે; અર્થાત્ ગુજરાતની પ્રાદેશિક લિપિનું ખરું સંકલિત સ્વરૂપ આ મૈત્રકકાલ દરમ્યાન ઘડાયું લાગે છે.

દખ્ખણની સમકાલીન લિપિ ગુજરાતની આ લિપિને ઘણે અંશે મળતી આવે છે. આ પરથી કેટલાક વિદ્વાનોએ આ સમગ્ર લિપિ-સ્વરૂપને 'પશ્ચિમી લિપિ' તરીકે ઓળખાવી છે,[૭] પરંતુ બધું ઝીણવટથી તપાસતાં માલૂમ પડે છે કે ગુજરાતની મૈત્રક-કાલીન લિપિ અને મહારાષ્ટ્રની તત્કાલીન લિપિ વચ્ચે કેટલોક નોંધપાત્ર ફરક રહેલો છે, જે સમય જતાં વધતો જાય છે. સાતમી સદીના અંતમાં તો દખ્ખણના રાષ્ટ્રકૂટોના લેખોમાં આદ્ય-કન્નડી કહેવાય તેવી નવી શૈલી વિકસે છે,[૮] આથી ગુજરાતની આ સમયની લિપિને એક વિશિષ્ટ લિપિ-પ્રકાર તરીકે ઓળખવો વધુ ઉચિત છે. આ લિપિ પાંચમીથી નવમી સદી સુધી ગુજરાતમાં પ્રચલિત રહી. નવમી સદીથી ગુજરાતમાં આદ્ય-નાગરી સ્વરૂપની ઉત્તરી શૈલીની લિપિ વ્યાપક પ્રમાણમાં પ્રચલિત થતી ગઈ અને એ સદીના બીજા ચરણથી તો દક્ષિણી શૈલીની મૈત્રકકાલીન લિપિનું સ્થાન સંપૂર્ણપણે ઉત્તર શૈલીની આદ્ય-નાગરીએ લીધું.

ગુજરાતમાં મૈત્રકકાલ દરમ્યાન જ્યારે દક્ષિણી શૈલીની લિપિ પ્રચલિત હતી ત્યારે એ સમયે ગુજરાતની સીમાઓ પર સિંધ, રાજસ્થાન અને માળવામાં

ઉત્તરી શૈલીની કુટિલ લિપિ પ્રચલિત હતી. આ ઉત્તરી શૈલીના પ્રચારવાળા પ્રદેશો સાથે ગુજરાતના આ સમયના સાંસ્કૃતિક સંપર્કને કારણે, ઉત્તરી શૈલીની કેટલીક અસરો ગુજરાતની લિપિ પર થતી જતી હતી.[૯] વળી આ સમયે પ્રાચીન ગુર્જરદેશ(દક્ષિણ રાજસ્થાન)માંથી આવેલા અને દક્ષિણ ગુજરાતમાં નાંદીપુરી અને ભરુકચ્છમાંથી અમલ ચલાવતા ગુર્જરનૃપતિઓ પોતાની સાથે રાજસ્થાનમાં પ્રચલિત ઉત્તરી શૈલીની લિપિ લઈને આવ્યા. જોકે ગુજરાતમાં એ વખતે દક્ષિની શૈલીની લિપિ પ્રયોજાતી હોવાથી, એમણે દાનશાસનો એ પ્રચલિત લિપિમાં કોતરાવ્યાં, પરંતુ લખાણને અંતે એમણે પોતાના દસ્તક ઉત્તરી શૈલીએ કર્યા.[૧૦] આ ગુર્જરનૃપતિઓના સંપર્કને કારણે દક્ષિણ ગુજરાતમાં ધીમે ધીમે લોકોને ઉત્તરી શૈલી પરિચિત થતી જતી હોવાનું સંભવિત છે. મૈત્રકકાલના અંતસમયે પશ્ચિમ સૌરાષ્ટ્રમાં સૈંધવ રાજાઓની સત્તા સ્થપાઈ હતી અને એ સત્તા લગભગ સમગ્ર અનુ-મૈત્રક કાલ દરમ્યાન ચાલુ રહી હતી. આ સૈંધવો સિંધમાંથી આવેલા. એમણે પોતાનાં શાસનોમાં સિંધની ઉત્તરી શૈલીની લિપિ પ્રયોજવા માંડી. વળી નવમી સદીમાં દક્ષિણ સૌરાષ્ટ્રમાં ચાલુકયવંશ અને ઉત્તર સૌરાષ્ટ્રમાં ચાપવંશની સત્તા પ્રવર્તી. આ વંશોનાં દાનશાસનોમાં ઉત્તરી શૈલી પ્રયોજાઈ છે. આ રાજાઓ મૂળ કયા પ્રદેશોમાંથી આવેલા એ નિશ્ચિત નથી, પરંતુ એ બંને રાજ્યો પર કનોજના પ્રતીહારોનું આધિપત્ય પ્રવર્તતું હતું, આથી એ બે રાજ્યોમાં પ્રયોજાયેલી લિપિ ઉત્તરના પ્રતીહારોની લિપિને મળતી હોય એ પણ સ્વાભાવિક છે. અનુ-મૈત્રક કાલના આરંભના હર્ષપુરના મહાસામંત ચંદ્રાદિત્યના રાજ્યમાં પણ પ્રયોજાયેલી ઉત્તરી શૈલી ઉત્તરના પડોશી પ્રદેશના સાંસ્કૃતિક સંપર્કને લઈને હોવાનું સંભવે છે. મૈત્રકકાલના અંતભાગ દરમ્યાન દખ્ખણના રાષ્ટ્રકૂટ રાજ્યમાં દક્ષિણી શૈલીની સાથે સાથે ઉત્તરી શૈલીની પણ લિપિ પ્રચલિત થવા લાગી હતી[૧૧] અને એનું પ્રમાણ ત્યાં ઉત્તરોત્તર વધતું રહ્યું, આથી દક્ષિણ ગુજરાતના રાષ્ટ્રકૂટ રાજ્યમાં પણ આઠમી સદીના અંતિમ ચરણ તથા નવમી સદીના પ્રથમ ચરણ દરમ્યાન દક્ષિણી શૈલીની સાથે સાથે ઉત્તરી-શૈલીની લિપિ પ્રચલિત થતી ગઈ અને એ પછી માત્ર ઉત્તરી શૈલી જ પ્રયોજાતી રહી.

આ સર્વ પરિબળોને લઈને સૌરાષ્ટ્ર અને તળ-ગુજરાતમાં ઉત્તરી શૈલીના પ્રચારનો વેગ એટલો તો પ્રબળ બન્યો કે મૈત્રકકાલના અસ્ત પછી એક સદીમાં જ (નવમી સદીના બીજા ચરણથી) અહીં દક્ષિણી શૈલીની લિપિનો સદંતર લોપ થઈ ગયો અને એને સ્થાને માત્ર ઉત્તરી શૈલીની આદ્ય–નાગરી પ્રયોજાવા

લાગી. ગુજરાતમાં થયેલા બ્રાહ્મીના લિપિ-વિકાસમાં આ એક ક્રાંતિકારી ઘટના ગણાય.

મૈત્રક અને અનુ-મૈત્રક કાલ દરમ્યાન ગુજરાતમાં પ્રયોજાયેલી બ્રાહ્મીની દક્ષિણી શૈલીની લિપિઓનું સ્વરૂપ દર્શાવવા માટે બે અલગ પટ્ટ તૈયાર કર્યા છે. એ પટ્ટોને આધારે આ ગાળાની એ લિપિઓનું સ્વરૂપ ટૂંકમાં તપાસીએ.

**દક્ષિણી શૈલી** (આકૃતિ ૬-૭)

મૈત્રકકાલીન લેખોમાં બધા મળીને ૪૮ વર્ણ પ્રયોજાયા છે, જેઓમાં ૧૦ સ્વરો (अ, आ, इ, ई, उ, ऋ, ए, ऐ ओ, औ); ૪ અયોગવાહો (અનુસ્વાર, વિસર્ગ, જિહ્વામૂલીય, ઉપધ્માનીય)[૧૨], ૨૬ સ્પર્શ વર્ણો (क થી म સુધીના ૨૫ અને ळ), ૪ અંતઃસ્થ (य, र, ल, व) અને ૪ ઉષ્મા (श, ष, स, ह)—નો સમાવેશ થાય છે. અહીં ऊ, ॠ, ऌ અને ॡ એ સ્વરો પ્રયોજાયા ન હોવાથી તેઓનું સ્વરૂપ જાણવા મળતું નથી. એકંદરે અહીં વર્ણમાલાના મોટા ભાગના વર્ણોનો પ્રયોગ થયો હોવાથી મૈત્રકકાલીન લિપિની લગભગ પૂરી વર્ણમાલાનું સ્વરૂપ જાણવા મળે છે.

આ લિપિના વર્ણોનાં કેટલાંક નોંધપાત્ર લક્ષણ નીચે પ્રમાણે તારવી શકાય:

(૧) આ વર્ણ ક્ષત્રપકાલીન વર્ણોની અપેક્ષાએ સાદા અને સરળ મરોડવાળા છે. આ વર્ણોનું સાદું અને સરળ સ્વરૂપ હોવા અંગે ડૉ. દાની ધારે છે કે આ લિપિ મુખ્યત્વે તામ્રપત્ર પર કોતરાયેલી હોવાથી એમ થયું હોવાનું સંભવે છે,[૧૩] પરંતુ મૈત્રકકાલીન લિપિનું સ્વરૂપ મરોડદાર નથી એમ ભાગ્યેજ કહી શકાય એમ છે. અગાઉનો કાલમાં જે થોડાક અક્ષરો(દા. ત. ऋ, ग, ज, ठ, थ, ध, श)માં શિરોરેખા કરાતી નહોતી તેઓમાં હવે આ કાલ દરમ્યાન એ ઉમેરાવા લાગી છે. શિરોરેખાના આ સર્વસામાન્ય ઉપયોગથી અક્ષરોનો મરોડદાર ઉઠાવ આવે છે. બીજું ऋ અને मને વધારે ઘાટ આપવામાં આવ્યો છે. ત્રીજું, કેટલાક અક્ષરોને ખાસ મરોડદાર સ્વરૂપ આપવામાં આવ્યું છે, જેમકે लना મરોડ. આ બાબતો સૂચવે છે કે મૈત્રકકાલીન લિપિ સાદી અને સરળ મરોડવાળી, છતાં સુરેખ નહિ પણ ગોળ મરોડવાળી છે.

(૨) શિરોરેખા સામાન્યતઃ ચાર પ્રકારે થતી જોવા મળે છે: (૧) બિંદુ-સ્વરૂપે, (૨) નાની આડી રેખા-સ્વરૂપે, (૩) કોણાકારે અને (૪) પોલા ત્રિકોણાકારે. પહેલા બે પ્રકારે શિરોરેખા મુખ્યતઃ બધા લેખોમાં પ્રયોજાતી નજરે

પડે છે. કોણાકારે શિરોરેખા કટચ્ચુરિ વંશના લેખોમાં ક્વચિત્ (દા. ત., च, ह અને श ના મરોડમાં ) પ્રયોજાયેલી જોવા મળે છે. સાધારણ રીતે પોલા ત્રિકોણાકારે શિરોરેખા અપવાદરૂપે જોવા મળે છે, પરંતુ મહાસામંત સંગમસિંહના લેખમાં શિરોરેખા મુખ્યત્વે પોલા ઊંધા ત્રિકોણાકારે દેખા દે છે. આવા પ્રકારે શિરોરેખા કરવાની પ્રથા ઉત્તર અને મધ્ય ભારતના ઉત્તરી શૈલીના કેટલાક ગુપ્તકાલીન લેખોમાં જોવા મળે છે. અહીં ત્રિકોણાકારે શિરોરેખા પ્રયોજવામાં ઉત્તરી શૈલીની અસર સૂચિત થાય છે.

અગાઉ ऋ, ठ, थ અને घ જેવા વર્ણોને મથાળે શિરોરેખા પ્રયોજાતી નહોતી, તેઓને મથાળે પણ હવે શિરોરેખા થવા લાગી છે અને ग તેમજ श ને મથાળે અગાઉ ક્વચિત જ દેખા દેતી શિરોરેખા અહીં નિશ્ચિત બની છે.

(૩) બે ત્રાંસી રેખાઓના પરસ્પર છેદનથી ઘડાયેલા વર્ણોનો વિકાસ અહીં નોંધપાત્ર છે. ऋ અને म આવા પ્રકારના વર્ણ છે. તેઓની વાયવ્ય–અગ્નિ રેખાને સીધી–ત્રાંસી રહેવા દઈ, ઈશાન–નૈઋર્ત્ય રેખાને બહિર્ગોળ સાથે જોડેલા અંતર્વૃત્તનું કલાત્મક સ્વરૂપ આપવામાં આવ્યું છે. (मના મોટા ભાગના મરોડોમાં આ લક્ષણ જોવા મળે છે.)

(૪) इ, ओ, ञ અને ण ના મોટા ભાગના મરોડોમાં અગાઉ મથાળે થતી આડી રેખાને તરંગાકાર આપવામાં આવ્યો છે. આ પ્રવૃત્તિને લઈને વર્ણોના મરોડ કલાત્મક બન્યા છે.

(૫) अ, आ, ई, क, ङ्क, ञ અને र જેવા વર્ણોની મુખ્ય ઊભી રેખાના નીચલા છેડાને અગાઉ ક્ષત્રપકાલમાં ડાબી બાજુએ સહેજ વાળવામાં આવતા હતા (જેમકે પહેલા ખાનાનો પહેલો મરોડ), જે ગુપ્તકાલથી સહેજ વધુ વળીને ડાબી બાજુએ ઉપર ચડતા બન્યા હતા. અહીં આ પ્રવૃત્તિ બહુધા નિશ્ચિત બનેલી જણાય છે અને વળાંક બહુ સ્પષ્ટ થતો નજરે પડે છે.

(૬) ગુર્જરનૃપતિઓના લેખોમાં રાજાઓના હસ્તાક્ષરોમાં પ્રયોજાયેલા વર્ણોના મરોડ આદ્ય–નાગરી સ્વરૂપના છે; જેમકે कના છેલ્લા બે મરોડ, गના છેલ્લા બે મરોડ, दનો ત્રીજો મરોડ, न म य અને वના છેલ્લા મરોડ અને हના છેલ્લા બે મરોડ. ચાલુક્યોના લેખોમાં પણ કોઈક કોઈક અક્ષરના આદ્ય–નાગરી મરોડ દેખા દે છે; દા. ત., म, य અને रના છેલ્લા મરોડ.

(૭) આ કાલના ढ અને फ લગભગ એકસરખો મરોડ ધરાવે છે.

આવાં સામાન્ય લક્ષણ ધરાવતા આ વર્ણોમાં કેટલાક વર્ણ વિશિષ્ટ લક્ષણો પણ ધરાવે છે, જે તેઓના વિકાસ અને પ્રચારની દૃષ્ટિએ નોંધપાત્ર છે. આવા વર્ણોમાં ए, ऐ, ओ, औ, ङ, ड, ण, थ, ब, म અને ल ખાસ ગણાવી શકાય. બાકીના વર્ણોનો વિકાસ ઘણે અંશે અગાઉના કાલમાં થયો હતો, જેઓનાં સામાન્ય લક્ષણ ઉપર નોંધ્યાં છે.

અંતર્ગત સ્વરચિહ્નોનો પણ આ સમયે વિકાસ થયો છે. આ કાલના આરંભમાં અંતર્ગત आની રેખા વર્ણને મથાળે જમણી બાજુએ વળાંકવાળા સ્વરૂપે જોડાતી હતી; દા. ત. का અને रा (પહેલો મરોડ). સમય જતાં એ રેખાને જમણી બાજુએ લંબાવીને સહેજ નીચે ઉતારવામાં આવે છે; જેમકે. रा (બીજો મરોડ) અને અનુમૈત્રકકાલીન नामां. એવી જ રીતે અંતર્ગત एના મરોડને સમય જતાં ડાબી બાજુએ નીચે ઝુકાવાતો જોવા મળે છે; દા. ત. મૈત્રકકાલીન जे અને અનુ મૈત્રકકાલીન नेना મરોડમાં. અંતર્ગત एની આ રેખાને ડાબી બાજુએ ઝુકાવીને નીચે લંબાવવાની પ્રવૃત્તિમાં પડિમાત્રા કરવાનું વલણ ઉત્તર મૈત્રક-કાલથી વધેલું જણાય છે. અંતર્ગત इ મુખ્યતઃ વર્ણની ટોચે પૂર્ણ વૃત્તના સ્વરૂપે પ્રયોજાય છે. અંતર્ગત ईના બે મરોડ પ્રયોજાતા નજરે પડે છે, જેમાં જમણી બાજુએથી આરંભીને ડાબી બાજુએ વળતા મરોડના વપરાશનું (અર્થાત્ कीના બીજા મરોડમાં મળતા સ્વરૂપના વપરાશનું) પ્રમાણ, એનાથી વિપરીત દિશામાં થતા મરોડની અપેક્ષાએ, ઓછું છે. આ બંને મરોડો ઉપરાંત ક્યારેક પૂર્ણ વૃત્તમાં નીચેની બાજુએ વર્ણની ટોચે નાનું બીજું વૃત્ત જોડીને પણ અંતર્ગત ई સૂચવાતો નજરે પડે છે; દા. ત. री. અંતગર્ત ईના મૈત્રકકાલમાં વ્યાપક પ્રમાણમાં પ્રચલિત થયેલા આ મરોડનો અનુ-મૈત્રક કાલમાં વિકાસ થયો છે. એના સરલીકૃત સ્વરૂપને જમણી બાજુએ સહેજ વધારે લંબાવેલ છે; દા. ત. कीનો પહેલો મરોડ. कीનો બીજો મરોડ મૈત્રકકાલીન रीના જેવો છે. અંતર્ગત उ અને ऊનાં બબ્બે સ્વરૂપ પ્રયોજાય છે, એમાં અમુક વર્ણ સાથે અમુક મરોડ જ જોડાય એવો ચોક્કસ નિયમ પ્રવર્તતો જણાતો નથી; દા. ત. घ તેમજ म અને (અનુમૈત્રકકાલીન) प સાથે બંને સ્વરૂપ પ્રયોજાતાં નજરે પડે છે. रનો નીચલો અવયવ ગોળ મરોડવાળો હોવાથી અંતર્ગત उ અને અંતર્ગત ऊ એની સાથે ન જોડાતાં વર્ણની જમણી બાજુએ મધ્યમાં જોડવામાં આવે છે. ऋ સૂચવવા માટે બે પદ્ધતિ પ્રયોજાયેલી જોવા મળે છે. મૈત્રકકાલમાં અંતર્ગત ऊના ચિહ્નમાં જમણી બાજુએ ટોચથી સહેજ નીચે (લગભગ મધ્યમાં) ઉમેરાતી રેખા (દા. ત. घू અને मूના બીજા મરોડ) અનુ-મૈત્રક કાલમાં નિશ્ચિતપણે ટોચે જોડવામાં આવે છે

(દા. ત. क्रू). અંતર્ગત ऋનું ચિહ્ન કલાત્મક વળાંકવાળું છે. એ ચિહ્નમાં ડાબી બાજુએ મધ્યમાં એક ત્રાંસી રેખા ઉમેરાતાં અંતર્ગત ॠનો મરોડ ઘડાય છે (જેમકે मॄનો મરોડ).અંતર્ગત ऐ, અંતર્ગત ओ અને અંતર્ગત औમાં સાધારણ રીતે અંતર્ગત आ અને અંતર્ગત एની પદ્ધતિ અને મરોડ પ્રયોજાતાં નજરે પડે છે; જોકે આ અંતર્ગત સ્વરચિહ્નો પ્રયોજવામાં અંતર્ગત एના ચિહ્નમાં વિકસેલા પડિમાત્રા જેવા મરોડનું પ્રમાણ ઓછું છે. આમ એકંદરે ઉત્તર મૈત્રકકાલથી અંતર્ગત સ્વરચિહ્નોએ વધુ વિકસિત મરોડ ધારણ કરવા માંડ્યા છે એમ કહી શકાય. પડિમાત્રા કરવાનું વલણ ગુજરાતમાં આ સમયથી આરંભાયું અને સમય જતાં એનો પ્રચાર ઉત્તરોત્તર વધતો ગયો એ મહત્ત્વની બાબત ગણાય.[૧૪]

સંયુક્ત વ્યંજનોમાં પછીનો વ્યંજન પૂર્વના વ્યંજનને નીચલે છેડે ઊભો જોડવાની સાધારણ પદ્ધતિ અહીં પૂર્વના ण સાથેના કેટલાક સંયુક્ત વ્યંજનોને બાદ કરતાં, બાકીના બધા સંયુક્ત વ્યંજનોમાં સચવાઈ છે; દા. ત. क्क, क्ल, ज्ञा વગેરેમાં. પૂર્વના ण ના નીચેના છેડે પછીનો વ્યંજન (જેમકે ण्यના પહેલા મરોડમાં) જોડવાને બદલે ક્યારેક णના ઉપલા જમણા છેડા સાથે પછીનો વ્યંજન જોડવામાં આવે છે (જેમકે ण्य ના બીજા મરોડમાં). જોકે આ મરોડ ઘણો કલાત્મક લાગે છે છતાં એ પ્રચલિત નિયમના અપવાદરૂપ તો ગણાય. પછીનો વ્યંજન જ્યારે પૂર્વના વ્યંજન સાથે જોડાય છે ત્યારે પછીના વ્યંજનની શિરોરેખાનો લોપ થાય છે. પૂર્વનો क પછીના વ્યંજન સાથે જોડાય ત્યારે એના નીચલા ગોળ અવયવનો લોપ થાય છે; જેમકે क्क, क्ल અને क्षમાં. ज्ञि, ब्ध, ष्ठि તેમજ स्थिમાં પૂર્વના વ્યંજન અને પછીના વ્યંજનને જોડવા માટે નાનીશી ઊભી રેખા ઉમેરી છે. આમ કરવામાં તેઓને સીધી રીતે જોડતાં ઊભો થતો આકાર-ભ્રમ નિવારી શકાય, એવી ગણતરી હોવાનું જણાય છે. સંયુક્ત વ્યંજનમાં અંતર્ગત સ્વરચિહ્ન સાધારણ રીતે પૂર્વ વ્યંજનની ટોચે જોડાય છે; દા. ત. द्रो, ल्या (પહેલો મરોડ); છતાં ક્યારેક એ અંતર્ગત સ્વરચિહ્ન પછીના વ્યંજન સાથે પણ જોડાતાં નજરે પડે છે; દા. ત. ल्या (બીજો મરોડ). પછીના यનો હૂક-આકાર મરોડ અહીં મુખ્યત્વે પ્રયોજાયો છે. સંયુક્ત વ્યંજનને ચાલુ કલમે લખવામાં આ હૂકાકાર સ્વરૂપ વધુ માફક આવે એવું હોવાથી એનો વ્યાપક પ્રયોગ થયો છે અને એને લઈને સંયુક્ત વ્યંજન ઘણા કલાત્મક બન્યા છે; જેમકે ण्य અને ल्याના મરોડ. અનુ-મૈત્રક કાલમાં यના હૂકાકાર મરોડની ટોચ પૂર્વના વ્યંજનની સમ ઊંચાઈએ પહોંચી હોવાથી એના પર શિરોરેખા થવા લાગી છે. પછીનો र ગોળ કલાત્મક મરોડે પ્રયોજાયો છે

(દા. ત. द्रौ માં). અનુ-મૈત્રક કાલમાં પછીના રના ગોળ મરોડના છેડાને લંબાવીને ઊંચે ચડાવી ડાબી તરફ સહેજ વાળ્યો છે. દક્ષિણના સમકાલીન લેખોમાં આ પ્રવૃત્તિ વ્યાપકપણે પ્રચલિત હોવાનું જણાય છે. ह्म માં પછીના મની ડાબી ટોચ પૂર્વના વ્યંજનને સ્પર્શ કરીને કોઈ આકાર-ભ્રમ ઊભો ન કરે એ માટે મની ડાબી ટોચને ડાબી બાજુએ વાળી દીધી છે. આ સંયુક્ત વ્યંજનના અનુકાલીન વિકાસને લક્ષમાં લેતાં એ વિકાસ સૂચક ગણાય. એકંદરે સંયુક્ત વ્યંજન કલાત્મક મરોડના બન્યા છે.

સંકેતચિહ્નોમાં અનુસ્વાર અને વિસર્ગ બિંદુસ્વરૂપે તેમજ નાની આડી રેખા-સ્વરૂપે પ્રયોજાયા છે. ક્યારેક વિસર્ગ બે નાની ઊભી રેખાઓ વડે સૂચવાય છે; દા. ત. तः. તેઓને પ્રયોજવાની પદ્ધતિ વર્તમાન પદ્ધતિના જેવી જ છે. જિહ્વામૂલીયનો મરોડ તત્કાલીન मના મરોડને મળતો છે. એ મરોડની વાયવ્ય-અગ્નિ રેખા વર્ણ(क અગર ख)ની સાથે ચાલુ કલમે જોડાય છે. (દા. ત. क સાથેનો એનો પ્રયોગ.) અનુ-મૈત્રક કાલમાં પણ આ સ્વરૂપ અને પદ્ધતિએ જિહ્વામૂલીયનું ચિહ્ન પ્રયોજાયું છે. ઉપધ્માનીયનું ચિહ્ન સમકાલીન ૮૦ ના અંકચિહ્ન સાથે મળતું આવે છે. એ પણ વર્ણ(प કે फ)ની ટોચે જોડાય છે. જિહ્વામૂલીય અને ઉપધ્માનીયના જોડાણ વખતે વર્ણની ટોચની શિરોરેખાનો લોપ થાય છે. વર્ણને પ્રયોજવાનું અંતર્ગત સ્વરચિહ્ન જિહ્વામૂલીય અને ઉપધ્માનીયના ચિહ્ન સાથે જોડાય છે; જેમકે पा સાથેના ઉપધ્માનીયના મરોડમાં. હલંત વ્યંજનો સૂચવવાની પદ્ધતિ મૈત્રકકાલમાં વૈવિધ્યપૂર્ણ જણાય છે. હલંતને (૧) ક્યારેક આગલા અક્ષરની નીચે વિલક્ષણ સ્વરૂપે (દા. ત. शत् માં त्ને કાકપાદ જેવા સ્વરૂપે) જોડીને, (૨) ક્યારેક વર્ણનો પ્રાચીન મરોડ પ્રયોજીને (દા. ત. त નો પહેલો મરોડ), (૩) ક્યારેક પ્રચલિત મરોડની શિરોરેખા દૂર કરીને (દા. ત. तનો બીજો મરોડ), (૪) ક્યાંક શિરોરેખા દૂર કરેલા મરોડની ઉપર (છુટ્ટી) આડી રેખા કરીને (જેમકે म માં), અથવા (૫) વર્ણના મરોડની ટોચે ત્રાંસી રેખા પ્રયોજીને (દા. ત. त्નો છેલ્લો મરોડ) સૂચવવામાં આવે છે. આમાંની છેલ્લી બે પદ્ધતિ આ પછીના કાલમાં પણ પ્રચલિત રહેલી જણાય છે.

અહીં અંકચિહ્નો બ્રાહ્મી અંકોની પ્રાચીન શૈલીએ લખાયાં છે. પ્રાચીન શૈલી મુજબ ૧ થી ૯ સુધીના અંકો માટે નવ ચિહ્નો ઉપરાંત ૧૦, ૨૦, ૩૦, ૪૦, ૫૦, ૬૦, ૭૦, ૮૦. ૯૦, ૧૦૦, અને ૧૦૦ ના અંકચિહ્ન પરથી સાધિત ૨૦૦, ૩૦૦ વગેરેનાં ચિહ્ન,-એમ અલગ અલગ ચિહ્ન પ્રયોજવામાં આવે છે. દશાંશ-પદ્ધતિ(નૂતન શૈલી)નો પ્રચાર ભારતવર્ષના ઇતર ભાગોમાં થવા લાગ્યો હતો, પરંતુ ગુજરાતમાં

એનો પ્રયોગ અનુમૈત્રકકાલીન ઉત્તરી શૈલીના લેખોથી દેખા દે છે. અહીં પ્રયોજાયેલાં અંકચિહ્નો પૈકી ૧૦ અને ૪૦ નાં એક કરતાં વધારે મરોડનાં અંકચિહ્ન પ્રયોજાયાં છે. આ અંકચિહ્નોના મરોડ આ કાલના વર્ણો સાથે કેટલુંક આકાર-સામ્ય ધરાવે છે; દા. ત. ચોગડાનો મરોડ શિરોરેખા વગરના સંયુક્ત વ્યંજન ષ્ક સાથે, પાંચડાનો મરોડ ના સાથે, ૨૦ નો મરોડ થ સાથે, ૩૦નો લના (વૈકલ્પિક) મરોડ સાથે, ૪૦ નો પહેલો મરોડ સંયુક્ત વ્યંજન પ્ત અને બીજો મરોડ સ વર્ણ સાથે મળતો આવે છે. ૫૦ અને ૧૦૦ ના મરોડ લગભગ સરખા છે અને તે ઞ ના મુખ્ય અંગને મળતા છે, જ્યારે ૨૦૦ નો મરોડ ઞને ઘણે અંશે મળતો છે. ૭૦ નો મરોડ સંયુક્ત વ્યંજન હ્ન ને મળતો જણાય છે; જોકે આ આકાર-સામ્ય ઉપરથી અંકચિહ્ન અક્ષરચિહ્નો ઉપરથી સાધિત થયાં છે એમ નિશ્ચિતપણે કહી શકાતું નથી. ઘણે ભાગે આ અંકો અને વર્ણોનું આકાર-સામ્ય આકસ્મિક હોવાનું જણાય છે.[15] આ અંકશૈલીમાં શૂન્યનું ચિહ્ન તથા સ્થાન-મૂલ્યની પદ્ધતિ પ્રચલિત ન હોઈ સંખ્યાઓ દર્શાવવા માટે તે તે સંખ્યાનું અલગ અલગ ચિહ્ન પ્રયોજાતું. દા. ત. ૧૫૬ લખવા માટે ૧૦૦ નું, ૫૦ નું અને ૬ નું એમ ત્રણ ચિહ્ન પ્રયોજાતાં, જ્યારે ૧૦૭ માટે ૧૦૦નું અને ૭ નું એમ ફક્ત બે જ ચિહ્ન પ્રયોજવાં પડતાં. એવી રીતે ૪૩૦ માં ૪૦૦ નું એક અને ૩૦ નું એક એમ બે જ ચિહ્ન પ્રયોજવાં પડતાં.

મૈત્રક અને અનુ-મૈત્રક કાલ દરમ્યાન દક્ષિણી શૈલીનો જે લિપિપ્રકાર ગુજરાતમાં પ્રયોજાયો છે તેને ઉત્તર અને દક્ષિણ ભારતવર્ષના સમકાલીન લેખોની લિપિ સાથે સરખાવતાં જણાય છે કે ગુજરાતની લિપિ પર દક્ષિણી અને ઉત્તરી એમ બન્ને શૈલીઓની અસર થયેલી જોવા મળે છે, પરંતુ એમાં દક્ષિણી શૈલીની અસર સવિશેષ થઈ છે. આ શૈલીની અસરનું અધિક પ્રમાણ ગુજરાતની લિપિમાં છેક ક્ષત્રપકાલથી દેખા દે છે અને મૈત્રકકાલના અંતપર્યંત અને અંશતઃ એ પછી પણ ચાલુ રહે છે સાથે સાથે ઉત્તરી શૈલીની કેટલીક અસર નજરે પડે છે. આમ ગુજરાતની આ સમયની લિપિ દક્ષિણી શૈલીનાં લક્ષણ સવિશેષ ધરાવતી હોવા છતાં, ગુજરાત ઉત્તર ભારતવર્ષની સીમા પર આવેલું હોવાથી સાંસ્કૃતિક સંપર્કને કારણે, ઉત્તરી શૈલીની લિપિની પણ એના ઉપર સ્વાભાવિક અસર થઈ છે. એ અસરને પરિણામે ગુજરાતની લિપિ પશ્ચિમ ભારતવર્ષની એ સમયની અન્ય લિપિઓને ઘણે અંશે મળતી આવવા છતાં જુદી પડે છે.[16]

### ઉત્તરી શૈલી (આકૃતિ ૮-૯)

આ શૈલીનો પ્રચાર ગુજરાતમાં ઈ. સ. ના નવમા સૈકાની પહેલી પચીસીથી થવા લાગ્યો. આ શૈલી ઉત્તર ભારતવર્ષમાં છેક ઈ. સ. ની પાંચમી સદીથી પ્રયોજાતી

હતી, આથી ગુજરાતમાં ઉત્તરી શૈલીનું પૂર્વકાલીન સ્વરૂપ ઉત્તર ભારતવર્ષના ઈ. સ. ૪૦૦ થી ઈ. સ. ૮૦૦ દરમ્યાનના લેખોમાં પ્રાપ્ત થાય છે. આ લિપિના પૂર્વ-કાલીન સ્વરૂપને[૧૭] લક્ષમાં લઈને અનુ-મૈત્રકકાલીન ઉત્તરી શૈલીની લિપિનું સ્વરૂપ અને એમાં થયેલો વિકાસ તપાસીએ એ પહેલાં બે બાબત ધ્યાનમાં લેવી જરૂરી છે : (૧) ઉત્તરી અને દક્ષિણી શૈલીઓ મૂળ ( મૌર્યકાલીન ) બ્રાહ્મીના રૂપાંતરમાંથી ઉદ્ભવી છે, છતાં એમાં બધા જ વર્ણોના મરોડમાં શૈલી પ્રમાણે અલગ અલગ રૂપાંતરો થયાનું જણાતું નથી. એવા કેટલાક વર્ણોનું સ્વરૂપ ઉત્તરી તેમજ દક્ષિણી શૈલીમાં એક-સરખું રૂપાંતર પામીને પ્રચારમાં રહેલું નજરે પડે છે. ખાસ કરીને छ, ज, ठ, ढ, द, प, फ, ब, ल ( વૈકલ્પિક સ્વરૂપ), व, ष અને हના મરોડ બંને શૈલીઓમાં એકસરખા સ્વરૂપવાળા પ્રયોજાતા હતા, જ્યારે બાકીના વર્ણોનાં સ્વરૂપોમાં વત્તે-ઓછે અંશે તફાવત નજરે પડે છે. (૨) ઉત્તરી શૈલીના વર્ણોની બાબતમાં મહત્ત્વની નોંધપાત્ર બાબત એ છે કે આ શૈલીમાં વર્ણોને નીચલે છેડે નાની-શી ઊભી રેખા ઉમેરવામાં આવતી. આ પ્રવૃત્તિ સાતમા–આઠમા સૈકામાં ઉત્તર ભારતમાં આરંભાઈ હતી અને નવમા સૈકામાં એ ઉત્તર ભારતમાં અને ગુજરાતમાં પણ વ્યાપક બનેલી જણાય છે. ए, घ, च, थ, द, ध, प, ब, य, र, ल, व, ष, स અને हમાં નીચલે છેડે નાની-શી ઊભી રેખા ઉમેરાઈ છે. જો વર્ણને અંગભૂત ઊભી રેખા હોય તો આ માટે એ રેખાને જ સહેજ નીચે લંબાવવામાં આવી. આ નાની રેખા ઉમેરવાને લઈને આ વર્ણોના સ્વરૂપમાં ક્રાંતિકારક પરિવર્તન આવ્યું. મોટા ભાગના વર્ણ તેઓના પ્રાચીન સ્વરૂપથી છેટા પડીને અર્વાચીન નાગરી સ્વરૂપની નિકટ આવી ગયા. વળી આને લઈને ઉત્તરી શૈલી અને દક્ષિણી શૈલી વચ્ચેનું અંતર વધી ગયું.

ઉપર્યુક્ત બંને બાબત લક્ષમાં લઈને આ લિપિના વર્ણોનું સ્વરૂપ તપાસીએ તો એમાં કેટલાંક સાધારણ લક્ષણ જણાઈ આવે છે :

(૧) શિરોરેખા મુખ્યત્વે નાની આડી રેખાના સ્વરૂપે અને ક્વચિત્ બિંદુ-સ્વરૂપે પ્રયોજાય છે. શિરોરેખા ક્યારેક ત્રિકોણાકારે પણ પ્રયોજાઈ છે. क, ढ, द જેવા મથાળે એક ટોચવાળા વર્ણોમાં ક્યાંક ક્યાંક શિરોરેખાની લંબાઈ વધવા લાગી છે. બે ટોચવાળા વર્ણોમાં ડાબી ટોચે શિરોરેખા અચૂક કરવામાં આવતી. સમય જતાં એવા વર્ણોની જમણી ટોચે પણ શિરોરેખા થવા લાગી અને ક્યાંક તો આ બંને અલગ અલગ શિરોરેખાઓને સાંકળીને એક સળંગ શિરોરેખા કરવામાં આવી, જે શિરોરેખાના પૂર્ણ વિકાસની અવસ્થા સૂચવે છે; દા. ત. अ, आ, घ, प, म, य, ष અને सના મરોડ. અહીં घ સિવાયના બધા જ વ્યંજનાક્ષરોને

મથાળે શિરોરેખા કરવામાં આવે છે. સ્વરાક્ષરોમાં अ, आ અને उमां એ નિશ્ચિતપણે પ્રયોજાય છે, બાકીના સ્વરોમાં એની શરૂઆત થયેલી નથી.

(૨) આ ઉત્તરી શૈલીની લિપિમાં અગાઉની દક્ષિણી શૈલીના કેટલાક મરોડ પણ પ્રયોજાયા છે. ઉત્તર ભારતવર્ષમાં न નો વિશિષ્ટ મરોડ પ્રયોજાતો હતો તેનો અહીં સ્વીકાર થયો નથી, એને બદલે એનો અગાઉનો મરોડ અહીં પ્રયોજાયો છે. એવી રીતે टनां મૈત્રકકાલીન મરોડ-વૈવિધ્ય પણ અહીં પ્રયોજાયાં છે. इनो દક્ષિણી મરોડ, એના ઉત્તરી મરોડની સાથેસાથ, પ્રયોજાતો રહ્યો છે. ભુલાતી જતી દક્ષિણી શલીની અસરના આ નમૂના સૂચક છે.

(૩) જે વર્ણોના મુખ્ય અવયવ ઉપરની બાજુએ બહિર્ગોળ આકાર ધારણ કરતા હોય તેવા વર્ણોમાં (દા. ત. अ અને आના ડાબા અંગમાં અને तना મુખ્ય અંગમાં) એ ગોળ અવયવને પ્રચલિત પદ્ધતિએ શિરોરેખાની સાથે નાની-શી (અંગભૂત) આડી રેખા વડે સાંકળવાને બદલે ક્યારેક એને શિરોરેખાથી અલગ રાખવામા આવે છે. ચાલુક્યવંશના લેખોમાં (દા. ત. अ, आ અને तमां) તેમજ ચાપવંશના લેખમાં (દા. ત. तमां) આમ કરવામાં આવ્યું છે. ઉત્તર ભારતવર્ષના ઉત્તરી શૈલીના લેખોમાં આ પ્રવૃત્તિ વ્યાપકપણે પ્રચલિત હતી, જ્યારે ગુજરાતમાં એનું પ્રમાણ ઘણું જૂજ જણાય છે.

(૪) અહીં કેટલીક અનિયમિતતાઓ પણ જોવા મળે છે; જેમકે ई(બીજા ખાનાનો બીજો મરોડ)માં નીચેનો ગોળ અવયવ વિપરીત દિશામાં કરવામાં આવ્યો છે. એવી જ રીતે लनो મરોડ (છેલ્લા ખાનાનો પહેલો મરોડ) ડાબેથી જમણે ઊલટાઈ ગયો છે. આટલી અનિયમિતતાઓ બાદ કરતાં એકંદરે વર્ણ સ્પષ્ટ અને સપ્રમાણ લખાયા છે.

(૫) अ, आ, घ, त, थ, म અને य જેવા વર્ણોના કેટલાક મરોડમાં નીચલા છેડા જમણી બાજુએ સહેજ વાળવામાં આવે છે, જે કલાત્મક લેખનની પ્રવૃત્તિના સૂચક છે.

એકંદરે જોતાં આ લિપિના ઉપલબ્ધ વર્ણોમાં अ(વૈકલ્પિક મરોડ), इ, ई, औ, छ, ज्ञ, ध, ब અને म આ વર્ણોને તેઓનું વર્તમાન નાગરી સ્વરૂપ પામવાને હજી વિકાસના કેટલાક તબક્કાઓમાંથી પસાર થવાનું બાકી રહે છે, જ્યારે બાકીના વર્ણ તેઓની વર્તમાન નાગરી અવસ્થાને પામવાની અણી પર આવીને ઊભા છે.

આ લિપિનાં ऊ સિવાયનાં બધાં જ અંતર્ગત સ્વરચિહ્ન પૂર્ણ વિકાસ પ્રાપ્ત કરવાની અણી ઉપર આવ્યાં છે. પડિમાત્રા તરીકે અંતર્ગત एनो ઐચ્છિક પ્રયોગ

કરવાનું વલણ અગાઉના દક્ષિણી શૈલીના આ અંતર્ગત સ્વરચિહ્નના પડિમાત્રાત્મક પ્રયોગની અપેક્ષાએ વધ્યું છે. અહીં પણ અગાઉની માફક એનું વળાંકવાળું સ્વરૂપ બહુધા પ્રયોજાયું છે; જેમકે રે (પહેલો મરોડ), કે, વો અને શૌમાં; છતાં ક્યાંક ક્યાંક એનો સુરેખ મરોડ પણ પ્રયોજાવો શરૂ થયો છે; જેમકે સંયુક્તાક્ષર ન્તોમાં. આ, ઓ અને ઔનાં અંતર્ગત સ્વરચિહ્નોમાં જમણી બાજુની ઊભી રેખાની ટોચને વર્ણની લંબાવાતી સુરેખા સાથે સાંકળવામાં આવે છે. જોકે એ શિરોરેખાઓની ટોચને સ્પર્શ કરે છે ખરી, પરંતુ એની પાર જતી નથી. અહીં વર્ણની શિરોરેખાને ડાબી બાજુએ લંબાવીને અંતર્ગત इ અને ईનાં ચિહ્નો સાથે સાંકળવાની પ્રથા શરૂ થઈ જણાતી નથી (જુઓ जि અને कीના મરોડ). અંતર્ગત સ્વરચિહ્નોના સ્વરૂપના વિકાસની સાથે સાથે તેઓને વ્યંજનો સાથે જોડવાની પદ્ધતિ પણ અર્વાચીન પ્રકારની બનતી જાય છે. સાધારણ રીતે વર્ણની ટોચે જોડાતાં અંતર્ગત સ્વરચિહ્ન નિયમિત પ્રકારે જોડાયાં છે. બાકી અગાઉ વર્ણને નીચલે છેડે જોડાતાં અંતર્ગત સ્વરચિહ્ન જોડવામાં વિવિધ પદ્ધતિ જોવા મળતી હતી, પરંતુ આ સમયમાં વર્ણના નીચલા છેડે નાની ઊભી રેખા ઉમેરાવા લાગતાં, એ રેખા સાથે જ અંતર્ગત उ, ऊ અને ऋનાં ચિહ્ન જોડાવા લાગ્યાં. પરિણામે આ ચિહ્નો જોડવાની બાબતમાં સ્થિરતા આવી અને એ ચિહ્નો અર્વાચીન પદ્ધતિએ પ્રયોજાવા લાગ્યાં.

આ લિપિમાં સંયુક્ત વ્યંજનોના જોડાણની ત્રણ જુદી જુદી પદ્ધતિ પ્રયોજાતી નજરે પડે છે : (૧) વ્યંજનની નીચે વ્યંજન સીધો ઊભો જોડવો (દા. ત. क्क, त्नो, ण्ण), (૨) વ્યંજનની નીચે ત્રાંસી સ્થિતિમાં વ્યંજન જોડવો (દા. ત. स्व), અને (૩) વ્યંજનની જમણી બાજુએ વ્યંજન જોડવો (દા. ત. ल्प). આ ત્રણ પદ્ધતિઓમાં પહેલી પદ્ધતિનું પ્રમાણ સૌથી વધુ છે, બીજી પદ્ધતિનું પ્રમાણ એનાથી ઓછું છે, જ્યારે ત્રીજી પદ્ધતિની માત્ર આછી શરૂઆત થતી જણાય છે. ત્રીજી પદ્ધતિએ પ્રયોજાયેલા સંયુક્ત વ્યંજનમાં પૂર્વના વ્યંજનની જમણી અને પછીના વ્યંજનની ડાબી રેખા એકાકાર બનતાં સંયુક્ત વ્યંજન અર્વાચીન સ્થિતિના (પૂર્વ–પશ્ચિમ સ્થિતિના) બને છે. य વર્ણનો વિકાસ થયો હોવા છતાં, પછીના य તરીકે અગાઉનો દ્વિકાકાર મરોડ જ વ્યાપકપણે પ્રયોજાયો છે, જોકે એના જમણા છેડાને વધુ ને વધુ ઊંચે ચડાવવામાં આવે છે (જેમકે ण्यમાં). ક્યાંક એ લંબાવાયેલા છેડાને વર્ણની શિરોરેખા સાથે સાંકળવામાં આવે છે (દા. ત. त्यમાં). પૂર્વના रનો રેફાકાર મરોડ ઘડાવા લાગ્યો છે, જ્યારે પછીનો र વર્તમાન પદ્ધતિએ પૂર્વના વ્યંજનની નીચે ડાબી બાજુએ પ્રયોજાવા લાગ્યો

છે (જેમકે ત્રિમાં). જ્ઞમાં જ ના તત્કાલીન વિકસિત મરોડના ડાબા અંગમાં, એ અંગના નીચલા છેડાને મળતો મરોડ જોડવામાં આવ્યો છે. એકંદરે જોતાં વર્ણો અને અંતર્ગત સ્વરચિહ્નો તેઓની વર્તમાન નાગરી અવસ્થાની નિકટનાં બન્યાં છે, એવું સંયુક્તાક્ષરોની બાબતમાં જણાતું નથી.

સંકેતચિહ્નોમાં અનુસ્વાર અને વિસર્ગ મુખ્યત્વે પોલા મીંડાના સ્વરૂપે પ્રચલિત પદ્ધતિએ પ્રયોજાયા છે. જિહ્વામૂલીયનું ચિહ્ન તત્કાલીન મ વર્ણને મળતું છે, જ્યારે ઉપધ્માનીયનું ચિહ્ન એના દક્ષિણી મરોડની સાથોસાથ વીંછીના અંકોડાના આકારે પણ પ્રયોજાયું છે. વર્ણ સાથે તેઓને જોડવાની પદ્ધતિ તત્કાલીન પ્રચલિત પદ્ધતિને અનુરૂપ છે. વ્યંજનનું હલંતપણું દર્શાવવા માટે વર્ણની નીચે ચાલુ પદ્ધતિએ અને સ્વરૂપે હલંતસૂચક રેખા છુટ્ટી પ્રયોજવામાં આવે છે. અવગ્રહનો પ્રયોગ ગુજરાતમાં આ સમયથી મળવા લાગે છે. અવગ્રહની જરૂરિયાત પ્રાકૃતિમાં નહિ, પણ સંસ્કૃતમાં પડે છે. ખાસ કરીને પદને અંતે આવેલા ए અને ओ પછી अ આવે ત્યારે એની જરૂર પડે છે. પ્રાચીન લેખન–પદ્ધતિમાં પદ પદ વચ્ચે અંતર રાખવામાં આવતું ન હોવાથી અને સ્વર–સંધિના નિયમ મુજબ પદને અંતે આવેલા ए અને ओ પછી अનો લોપ થતો હોવાથી મૂળ ઉત્તર પદના આરંભમાં अ રહેલો હતો કે નહિ એ વિશે કોઈ વાર સંદિગ્ધતા રહે. આ સંદિગ્ધતાના નિવારણ માટે લુપ્ત अ દર્શાવવા ખાસ ચિહ્ન પ્રયોજાયું.[૧૮] ગુજરાતમાં ક્ષત્રપકાલથી સંસ્કૃત અભિલેખો મળે છે, પરંતુ મૈત્રકકાલ સુધીના સંસ્કૃત લેખોમાં અવગ્રહનું ચિહ્ન પ્રયોજાયું નથી. ત્યાં લુપ્ત अના ઘણાખરા પ્રસંગોએ એનો લોપ પૂર્વાપર સંબંધ પરથી સ્પષ્ટ થતો હતો. અનુ-મૈત્રક કાલથી ઉત્તરી શૈલીના લેખોમાં અવગ્રહનું ચિહ્ન પ્રયોજાવા લાગે છે, જેનો પ્રયોગ ઉપર કહેલી સંદિગ્ધતા નિવારવા માટે ખરેખર ઇષ્ટ ગણાય. અવગ્રહનું સ્વરૂપ આ કાલ દરમ્યાન એના વર્તમાન સ્વરૂપને પામ્યું છે. આ લોપચિહ્ન પ્રયોજવાનો પ્રસંગ સંધિમાં થતા अના લોપ અંગે નજરે પડે છે, છતાં આ ચિહ્ન अના ચિહ્ન સાથે સામ્ય ધરાવતું નથી; પ્રાયઃ આ એક પ્રકારનું વિરામચિહ્ન જેવું સ્વતંત્ર ચિહ્ન હશે.

અંકો સૂચવવા માટેનાં ચિહ્ન આ લિપિમાં દશાંશપદ્ધતિએ પ્રયોજાતાં હોવાથી, ચિહ્નોની સંખ્યા (૧ થી ૯ સુધીનાં અને શૂન્યનું એમ) ૧૦ ની નિશ્ચિત બની. અહીં ૧ અને ૦ ના મરોડ જાણવા મળતા નથી. બાકીનાં અંકચિહ્નોમાં ૩, ४, ૬ અને ૮ નાં ચિહ્ન તેઓના વર્તમાન નાગરી મરોડની નિકટનાં બન્યાં છે, જ્યારે ૨, ૫ અને ૭ ને થોડીક પ્રક્રિયામાંથી પસાર થવાનું બાકી રહે છે.

૯ ના મરોડને પણ અમુક તબક્કામાંથી પસાર થવાનું રહે છે.[૧૯] સ્થાનમૂલ્યની પદ્ધતિ આરંભાઈ હોવાથી સંખ્યાઓ સૂચવવાનું સરળ બન્યું છે; દા. ત. ૫૧૬ સૂચવવા માટે શતકના સ્થાને ૫ નું, દશકના સ્થાને ૧ નું અને એકમના સ્થાને ૬ નું ચિહ્ન મૂકવામાં આવે છે. આ પદ્ધતિને લઈને બહુ જ ઓછાં ચિહ્ન યાદ રાખવાં પડતાં હતાં, તેથી આ પદ્ધતિ ઘણી ઝડપથી પ્રચલિત બની.[૨૦]

એકંદરે જોઈએ તો ગુજરાતમાં નવમી સદીથી પ્રયોજાવા લાગેલી ઉત્તરી શૈલીની લિપિ નાગરી લિપિની વર્તમાન અવસ્થા તરફ વિકસતી જણાય છે. જો કે આ સમયના ઉત્તર કાલમાં (દસમી સદીના ઉત્તરાર્ધમાં) મોટા ભાગના વર્ણ તેઓના વર્તમાન નાગરી સ્વરૂપને પામવા લાગ્યા હતા, છતાં શિરોરેખાનો વિકાસ એના વર્તમાન સ્વરૂપ જેવો થયો નહોતો. અંતર્ગત ઋના ચિહ્ન સિવાયનાં બીજાં અંતર્ગત સ્વરચિહ્ન તેઓના વિકાસના અર્વાચીન તબક્કે લગભગ આવી પહોંચ્યાં હતાં. સંયુક્ત વ્યંજનોને તેઓની વર્તમાન અવસ્થા પામવામાં હજી ઘણી અવસ્થામાંથી પસાર થવાનું બાકી હતું, આથી એકંદરે આ સમયની લિપિને આરંભિક સ્વરૂપની નાગરી કે આદ્ય-નાગરી કહી શકાય. આ લિપિને ઉત્તર ભારતના તેમજ દખ્ખણના એ લિપિમાં લખાયેલા લેખોની[૨૧] લિપિ સાથે સરખાવતાં એ બાબત સ્પષ્ટ થાય છે કે તેઓની વચ્ચે કોઈ નોંધપાત્ર ભેદ વરતાતો નથી; અર્થાત્ આ સમય દરમ્યાન આ લિપિનો સાહજિક વિકાસ બધે જ થતો રહ્યો છે, પરંતુ ઉત્તરી (દેવનાગરી) કે દખ્ખણી (મરાઠી બાળબોધ) જેવો પ્રાદેશિક ભેદ તારવી શકાતો નથી.

## પાદટીપો

૧. બ્યૂલરે અશોકના સમયમાં બ્રાહ્મી લિપિમાં ઉત્તરી અને દક્ષિણી શૈલીનો ભેદ શરૂ થયો હોવાનું માનેલું. જુઓ Bühler, *Indian Paleograply*, pp. 51 f.

પરંતુ બ્રાહ્મી લિપિમાં એવો પ્રાદેશિક ભેદ થયાનું જણાતું નથી. જુઓ Upasak, *History and Paleography of Mauryan Brāhmī Script*, pp. 25–30 અને Ahmed Hasain Dani, *Indian Paleography*, pp. 34 f.

૨. Dani, *op. cit*, p. 69

૩. *Ibid.*, pp. 113 ff.

૪. આ સમયના વર્ણોની ઊભી રેખાના નીચલા છેડા ડાબી બાજુએ નમે છે અને ત્યાં તીવ્ર કોણ દાખવે છે (Bühler, *ibid.*, pp. 68); જ્યારે અંતર્ગત સ્વરચિહ્ન ઘણાં અને મરોડદાર બને છે (गौरीशंकर ओझा, भारतीय प्राचीन लिपिमाला, पृ. ६२).

લિપિ કે વર્ણોને લગતા પ્રાચીન ઉલ્લેખોમાં આવતા "કુટિલ" શબ્દના પ્રયોગ પરથી પ્રિન્સેપ, ફ્લીટ, ઓઝા વગેરે આ લિપિને "કુટિલ લિપિ" કહે છે (જુઓ ओझा, भाप्रालि, पृ. ६२), પરંતુ એ ઉલ્લેખોમાં 'કુટિલ' શબ્દ વળાંકદારના અર્થમાં નહિ, પણ વિકટના અર્થમાં પ્રયોજાયો છે એમ દર્શાવીને, બ્યૂલર એ નામનો અસ્વીકાર કરીને એને બદલે "તીવ્રકોણદાર" એવો શબ્દ પ્રયોજે છે (Bühler, *op. cit.*, p. 69), છતાં શોભાત્મક મરોડના અર્થમાં કુટિલ શબ્દનો પ્રયોગ ચાલુ રાખવા જેવો ગણાય (Dani, *op. cit.*, pp. 115 f.).

૫. Dani, *op. cit.*, pp. 165 f.

૬. ડૉ. દાની મૈત્રકોના અભિલેખોની લિપિને કાઠિયાવાડી લિપિ-શૈલી તરીકે ઓળખાવે છે, (*op. cit.*, p. 168), પરંતુ મૈત્રકોનાં તામ્રશાસનો સૌરાષ્ટ્ર ઉપરાંત મધ્ય ગુજરાત અને પૂર્વ ગુજરાતને પણ આવરી લે છે. વળી મૈત્રક રાજ્યના અભિલેખોની લિપિ અને દક્ષિણ ગુજરાતના સમકાલીન અભિલેખોની લિપિ વચ્ચે ખાસ નોંધપાત્ર ફરક પડતો નથી. અન્યત્ર ડૉ. દાની પણ ત્રૈકૂટકો, લાટના ગુર્જરો અને મૈત્રકોના લેખોની લિપિ એકસરખી હોવાનું જણાવે છે (*op. cit*, p. 165).

૭. જુઓ Bühler, *op. cit.*, p. 81 અને ओझा, भाप्रालि, पृ. ४३.

૮. Dani, *op. cit.*, p. 184

૯. Bühler, *op. cit.*, p. 82

૧૦. ગુર્જરોના નીચેના લેખોમાં હસ્તાક્ષર ઉત્તરી શૈલીમાં કરેલા છે:

(૧) દદ્દ ૨ જાના કલચુરિ સંવત ૩૮૦(ઈ. સ. ૬૨૯)ના ખેડાના, ક. સં. ૩૮૫ (ઈ. સ. ૬૩૪)ના ખેડાના અને ક. સ. ૩૯૨(ઈ. સ. ૬૪૨)ના સંખેડાના લેખોમાં. (જુઓ Mirashi, *Corpus Inscriptionum Indicarum*, Vol. IV, pp. 57, 67 and 78.)

(૨) જયભટ ૩ જાના ક. સં. ૪૫૬(ઈ. સ. ૭૦૬)ના નવસારી લેખમાં (જુઓ Mirashi, *ibid.*, p. 18.)

(૩) જયભટ ૪ થાના ક. સં. ૪૮૬(ઈ. સ. ૭૩૬)ના કાવીના અને ક. સં. ૪૮૬ના બીજા એક લેખમાં (જુઓ Mirashi, *op. cit.*, pp. 96 and 102.)

૧૧. Bühler, *op. cit.*, p. 70 અને ओझा, भाप्रालि, पृ. ७०

૧૨. અયોગવાહોના નમૂના પટ્ટમાં સંકેતચિહ્નોમાં આપ્યા છે.

૧૩. Dani, *op. cit.*, p. 165

૧૪. જોકે અહીં પડિમાત્રાનું સ્વરૂપ વળાંકવાળું જોવા મળે છે, જે સમય જતાં સુરેખ બને છે. પડિમાત્રાનું (અહીં પ્રયોજાયું છે તેના જેવું) વળાંકવાળું સ્વરૂપ બંગાળી

લિપિમાં અદ્યપર્યંત ચાલુ છે. (જુઓ ओझा, भाप्रालि, लिपिपत्र ७८ માં બંગાળી-લિપિમાં के; कै, को અને कौના મરોડ.)

૧૫. બ્રાહ્મીનાં પ્રાચીન શૈલીનાં અંકચિહ્ન અક્ષરચિહ્નો પરથી ઘડાયાનું પંડિત ભગવાનલાલ ઈંદ્રજીએ (*Indian Antiquary*, Vol. VI, p. 44) અને ત્યાર પછી દત્ત અને સિંઘે (हिन्दु गणितशास्त्रका इतिहास, पु १, पृ. ३४) પણ માનેલું, પરંતુ બ્યૂલર (*IA*, Vol. VI, p. 48), બાર્નેલ (*South Indian Paleography*, p. 60), ઓઝા (भाप्रालि, पृ. १०६) વગેરે વિદ્વાનો આકાર-સામ્યવાળા અંકો અને વર્ણો વચ્ચેના સંબંધનું કોઈ નિશ્ચિત ધોરણ વરતાવું નહિ હોવાનું પ્રતિપાદિત કરીને આવા આકાર-સાદૃશ્યને આકસ્મિક ગણાવે છે.

૧૬. આ સમયે ગુજરાતમાં દક્ષિણી શૈલીની લિપિની સાથોસાથ ઉત્તરી શૈલીની લિપિ પણ પ્રચલિત હોવાનું બ્યૂલરે ધાર્યું છે (Bühler, *IP*., p. 82), પરંતુ ગુર્જરનૃપતિઓના હસ્તાક્ષરોમાં થયેલા ઉત્તરી શૈલીના પ્રયોગ સિવાય ગુજરાતમાંથી એના કોઈ નમૂના ઉપલબ્ધ થતા નથી; અને એ હસ્તાક્ષરો ગુર્જરનૃપતિઓ પોતાના દેશના (પ્રાચીન ગુર્જરદેશના) મરોડમાં કરતા હતા, તેથી ગુજરાતમાં એ લિપિ પ્રચલિત હોવાનું કહી શકાય નહિ.

આ લિપિ પર થયેલી ઉત્તરી શૈલીની અસરથી ગુજરાતમાં દક્ષિણી લક્ષણોને તિલાંજલિ આપી ઉત્તરી શૈલીનાં લક્ષણ અપનાવવાનું વલણ પ્રવર્તતું હોવાનું ડૉ. દાની ધારે છે (Dani, *op. cit.*, p. 170), પણ એ અસ્થાને છે, કેમકે ઉપર જોયું તેમ દક્ષિણી શૈલીની અસર આ સમયે વધતી જ રહી છે.

૧૭. આ શૈલીના પૂર્વકાલીન સ્વરૂપ માટે ત્રણ રાજાઓના લેખો સમયાનુક્રમે લક્ષમાં લીધા છે:

(૧) રાજા યશોધર્માના મંદસોરના વિક્રમ સંવત ૫૮૯(ઈ. સ. ૫૩૨)ના અભિલેખો – ओझा, भाप्रालि, लिपिपत्र १८ मुं.

(૨) મેવાડના ગૂહિલવંશી રાજા અપરાજિતના સમયનો કુંડેશ્વરનો વિ. સ ૭૧૮(ઈ. સ. ૬૬૧)નો અભિલેખ– ओझा, एजन, लिपिपत्र २० मुं.

(૩) ચંપાના રાજા મેરુવર્માના સમયના (ઈ. સ.ની આઠમી સદીના) પ્રતિમાલેખો – ओझा, एजन, लिपिपत्र–२२ मुं.

૧૮. દા. ત. युद्धेसमर्थः= (૧) युद्धे समर्थः કે (૨) युद्धे असमर्थः સમજાય, પરંતુ જો युद्धेऽसमर्थः એમ અવગ્રહનું ચિહ્ન પ્રયોજીને લખ્યું હોય તો युद्धे असमर्थः સ્પષ્ટ સમજાય.

૧૯. નૂતન શૈલીનાં અંકચિહ્ન પણ પ્રાચીન શૈલીનાં ૧ થી ૯ નાં ચિહ્નો પરથી ઘડાયાં છે, માત્ર શૂન્યનું ચિહ્ન એમાં ઉમેરવામાં આવ્યું છે. જુઓ ओझा, भाप्रालि, लिपि-पत्र ८४ मुं.

૨૦. ગુજરાતમાં (તેમજ ભારતવર્ષમાં) લેખોમાં નૂતન શૈલીના ઉપયોગનો પહેલ-વહેલો દાખલો કલચુરિ સંવત ૩૪૬(ઈ. સ. ૫૯૫)ના સંખેડાના તામ્રપત્રમાં પ્રાપ્ત થાય છે. આ મિતિને ભારતીય સંખ્યાલેખનની નૂતન શૈલીનો પ્રાચીનતમ ઉપલબ્ધ નમૂનો માનવામાં આવ્યો છે. (જુઓ ओझा, भाप्रालि. પૃ. ૧૧૫ તેમજ જુઓ दत्त अने सिंघ, हिंगइ, पु. ૧. પૃ. ૩૬.)

પરંતુ આ તામ્રપત્ર બનાવટી મનાયું છે (જુઓ Mirashi, *op. cit.*, p. 162). ગુજરાતમાં ત્યાર પછીનો નૂતન શૈલીનો પ્રાચીનતમ નમૂનો રાષ્ટ્રકૂટોની લાટશાખાના રાજા દંતિવર્માના શ. સં. ૭૮૯(ઈ. સ. ૮૬૮)ના લેખમાં પ્રાપ્ત થાય છે. આ લેખ *Epigraphia Indica*, Vol. VI, p. 285 પર પ્રકાશિત થયો છે.

૨૧. આ લિપિને ઉત્તર ભારતવર્ષના પ્રતીહાર રાજા મહીપાલદેવના આસની (ફત્તેહપુર જિલ્લો) લેખ(ઈ. સ. ૯૧૭–૧૮)ની લિપિ સાથે (*IA*, Vol. XVI, Plate, between pp. 174-175) અને દક્ષિણના રાષ્ટ્રકૂટ રાજા કૃષ્ણ ૩ જાના દેવલી (વિદર્ભ) લેખ-(ઈ. સ. ૯૪૦–૯૪૧)ની લિપિ સાથે (*E.I.*, Vol V, Plate between pp. 194–195) સરખાવો.

## પ્રકરણ ૧૩

# ધર્મસંપ્રદાયો

મૈત્રકકાલ અને અનુ-મૈત્રક કાલમાં ગુજરાતના ધર્મસંપ્રદાયો અને ધાર્મિક પરિસ્થિતિ વિશે માહિતી આપતી પ્રમાણસામગ્રી અગાઉના મુકાબલે વિશેષ પ્રમાણમાં ઉપલબ્ધ હોઈ એ કાલનું વધુ સુરેખ ચિત્ર દોરી શકાય છે.

મૈત્રકકાલના ઇતિહાસ માટેનાં સૌથી અગત્યનાં સાધન તે એ કાલનાં સવાસો ઉપરાંત દાનપત્રો છે. ભૂમિદાનને લગતા આ શાસનલેખ છે. દાતા તરીકે એમાં કેવળ રાજકુલની વ્યક્તિઓ છે. ઉપલબ્ધ દાનપત્રો પૈકી ૩/૪ ભાગનાં દાન બ્રાહ્મણોને અપાયાં છે, બાકીનાં દાનપત્રોમાંથી લગભગ ૧/૪ ભાગનાં શિવ શક્તિ સૂર્ય આદિનાં દેવાલયોને અને એ સિવાયનાં સર્વ શાક્ય સંઘના વિહારોને અર્પણ કરવામાં આવ્યાં છે.[૧] આમ આ ઐતિહાસિક સામગ્રી રાજકુલસંબદ્ધ હોવા છતાં એની વિપુલતા તથા એના ઉપર્યુક્ત પ્રકારના અપેક્ષાકૃત વૈવિધ્યને કારણે તેમજ એ સામગ્રી સમકાલીન દસ્તાવેજોના રૂપમાં હોવાને કારણે તત્કાલીન ધર્મસંપદાયો તથા ધાર્મિક જીવન ઉપર એ ઠીક ઠીક પ્રકાશ પાડે છે. દાન બ્રાહ્મણ વ્યક્તિને આપવામાં આવ્યું હોય તો એના પ્રતિગ્રહીતાને બલિ, ચરુ, વૈશ્વદેવ, અગ્નિહોત્ર ને અતિથિની પંચમહાયજ્ઞોની ક્રિયાઓના અનુષ્ઠાન અર્થે અપાતું. દેવાલયને અર્પણ કરાતા દાનનું પ્રયોજન દેવની સકલ પૂજા ચાલુ રાખવાનું, વાદ્ય ગીત નૃત્યાદિ માટેના ઉપયોગનું, સેવકના ભરણપોષણનું ને દેવાલયનું ભાગ્યુંતૂટયું સમરાવવાનું ગણવામાં આવતું, જ્યારે બૌદ્ધ વિહારની બાબતમાં એ ઉપરાંત એ વિહારમાં વસતા કે ચારે બાજુથી ત્યાં આવતા ભિક્ષુઓનાં ચીવર, ભિક્ષા, શયન, આસન ને રોગનિવારણના ભૈષજ્યની જોગવાઈ કરવાનું જણાવવામાં આવતું. મૈત્રકકાલનાં ઘણાં દાન પાટનગરમાંથી ને કેટલાંક દાન જુદા જુદા મુકામે રાખેલી વિજયછાવણીમાંથી આપેલાં છે. શાંતિના સમયમાં રાજા પાટનગરમાંથી દાન દેતો ને દંડયાત્રા દરમ્યાન લશ્કરી છાવણીમાંથી દાન

દેતો, જ્યારે તે તે પ્રદેશના ગ્રહીતાઓને વિશેષ લાભ મળતો.[2] ગુજરાત પ્રદેશમાં મૈત્રકોના સમકાલીન રાજવંશો ત્રૈકૂટક, કટચ્ચુરિ, ગુર્જર, ચાહમાન, સેંદ્રક અને લાટના ચાલુક્ય તથા અનુ-મૈત્રક કાલના રાજવંશો — રાષ્ટ્રકૂટ, ધૂમલીના સૈંધવ, દક્ષિણ સુરાષ્ટ્રના ચાલુક્ય, વઢવાણના ચાપ આદિનાં દાનપત્રોમાંથી પણ ધાર્મિક પરિપાટી અને પરિસ્થિતિનું એકંદરે સમાન ચિત્ર ખડું થાય છે. અનુ-મૈત્રક કાલમાં થયેલા અણહિલવાડ પાટણના ચાવડા રાજવંશનું કોઈ દાનપત્ર મળ્યું નથી એ અહીં નોંધવું જોઈએ.

જેમને દાનપત્રો અપાયાં છે તે વેદપાઠી બ્રાહ્મણો સમાજના ધાર્મિક જીવનમાં અગત્યનો ભાગ ભજવતા એ સ્પષ્ટ છે. એમની વસ્તી, મૈત્રકોનાં દાનપત્રો ઉપરથી જોઈએ તો, પાટનગર વલભી ઉપરાંત સિંહપુર, હસ્તવપ્ર, ગિરિનગર, ખેટક, નગરક, કાશહ્રદ, આનંદપુર, દશપુર, ગિરિનગર, ઉદુમ્બર, જંબૂસર, ભરુકચ્છ જેવાં નગરોમાં હતી. ઘણા બ્રાહ્મણ આનંદપુર, દશપુર, ગિરિનગર, ઉદુમ્બરગહ્વર ને જંબૂસર જેવાં દૂરનાં નગરોમાંથી વિનિર્ગત થઈ વલભી, ખેટક ને સિંહપુર જેવાં નજીકનાં નગરોના અથવા અગસ્તિકા, અયાનક અને શ્રદ્ધિકા જેવા અગ્રહારો(બ્રાહ્મણને દાનમાં અપાયેલ ગામો)ના વાસ્તવ્ય (રહેવાસી) બનતા હતા.[3] પાટનગરમાં અને નજીકનાં ગ્રામનગરોમાં વિદ્યા અને વિદ્વાનોને જે સવિશેષ આશ્રય મળતો હતો તેની પણ આ વસ્તુ દ્યોતક છે. ઋગ્વેદી અને અથર્વવેદી બ્રાહ્મણોના ઉલ્લેખ દાનપત્રોમાં આવતા હોવા છતાં દાન સ્વીકારનાર બ્રાહ્મણોનો મોટો વર્ગ યજુર્વેદી અને સામવેદી હતો એમ જણાય છે. વલભી, આનંદપુર, દશપુર, ઉદુમ્બરગહ્વર, સિંહપુર, દીપ, વંશકટ અને જંબૂસર જેવાં સ્થાનોમાં ચાતુર્વિદ્ય (ચતુર્વેદી) અને/અથવા ત્રૈવિદ્ય (ત્રિવેદી) બ્રાહ્મણોની પર્ષત્ હતી.[4] તત્કાલીન ગુજરાતમાં વેદવિદ્યાના અધ્યયનનાં અને પુરાતન શ્રૌત ધર્મનાં અનેક જીવતાં કેન્દ્ર હતાં એ આ ઉપરથી સ્પષ્ટ છે. અનુ-મૈત્રક કાલમાં પાટલિપુત્ર અને ગૌડ દેશના તથા કર્ણાટક અને મહારાષ્ટ્રના અનેક વિદ્વાન બ્રાહ્મણો, ખાસ કરીને રાષ્ટ્રકૂટોના સમયમાં, ગુજરાતમાં આવીને વસ્યા હતા અને અહીંના કર્ણાટકમાં ગયા હતા. રાષ્ટ્રકૂટ રાજાઓ પટ્ટબંધ-ઉત્સવ પ્રસંગે તુલાપુરુષારોહણ કરી બ્રાહ્મણો અને દેવકુલોને મોટાં દાન કરતા.

તત્કાલીન ગુજરાતમાં સૌથી પ્રચલિત સંપ્રદાય માહેશ્વર–શૈવ હતો. મૈત્રક વંશના બે સિવાયના બધા રાજાઓ 'પરમમાહેશ્વર' હતા. મૈત્રક રાજમુદ્રામાં લાંછન શિવના વાહન નંદીનું હતું અને વલભી સાથે સંકળાયેલા સિક્કાઓ ઉપરનું પ્રતીક શિવના આયુધ ત્રિશૂળનું હતું. મૈત્રકો પોતે પાશુપત સંપ્રદાયના

સ્થાપક લકુલીશના ચાર પટ્ટશિષ્યોમાંના એક મિત્રના વંશજ મનાયા છે.[5] ગુપ્ત વંશના શાસનકાળમાં ભાગવત સંપ્રદાયની આબાદીવૃદ્ધિ થઈ હતી તેમ મૈત્રક-કાલમાં માહેશ્વર સંપ્રદાય, જે ક્ષત્રપ કાલમાં રુદ્ર અને મહાસેનની ઉપાસનામાં પ્રચલિત હતો તેનો પુનઃ અભ્યુદય થયો જણાય છે. દક્ષિણ ગુજરાતમાં કટચ્ચુરિ રાજાઓ 'પરમમાહેશ્વર' હતા. ગુર્જરનૃપતિવંશના રાજાઓ શરૂઆતમાં આદિત્યભક્ત હતા, પણ આગળ જતાં તેઓ 'પરમમાહેશ્વર' થયા હતા. ચાલુક્ય અને ચાહમાન રાજાઓ 'પરમમાહેશ્વર' હતા, અને રાષ્ટ્રકૂટ રાજાઓનો મૂળ ધર્મ માહેશ્વર હતો.[6] વલભીનાં ખંડેરોમાંથી અનેક વિશાળ શિવલિંગ અને નંદીની અનેક વિશાળ ભવ્ય પ્રતિમા મળી છે. જનસમાજમાં પણ શૈવ સંપ્રદાયનો વિશેષ પ્રચાર હશે એ સ્પષ્ટ છે, છતાં મૈત્રક દાનપત્રોમાં શિવાલયને અપાયેલા દાનનો એક જ લેખ છે એ આશ્ચર્યજનક છે. એ શિવાલય સુરાષ્ટ્રમાં આવેલા વટપદ ગામમાં હરિનાથ નામે કોઈ માણસે બંધાવ્યું હતું અને શીલાદિત્ય ધર્માદિત્યે ઈ. સ. ૬૦૯ માં એને એક વાપી અને બે ક્ષેત્રોનું દાન આપ્યું હતું.[7] આ વસ્તુ સૂચવે છે કે ઐતિહાસિક સામગ્રી તરીકે પૂર્વકાલની તુલનાએ દાનપત્રોની વિપુલતા હોવા છતાં એ સમગ્ર ધાર્મિક–સામાજિક પરિસ્થિતિનો કેવળ એકદેશ વ્યક્ત કરે છે.

સોમનાથનું શૈવ તીર્થ પ્રાચીન કાલથી પ્રસિદ્ધ છે. અગિયારમા સૈકામાં મહમૂદ ગઝનવીએ તોડેલું સોમનાથનું મંદિર ક્યારે બંધાયું હશે એ નક્કી કરવાનાં કોઈ નિશ્ચિત પ્રમાણ નહોતાં, પણ એ વલભીકાલમાં બંધાયું હશે એમ કેટલાક વિદ્વાનો માનતા.[8] એ માન્યતાને હમણાંનાં ઉત્ખનનો અને સંશોધનોથી સમર્થન મળ્યું છે. સોમનાથના મંદિરના જે ખંડેરનો સને ૧૯૫૦ માં જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો તે કુમારપાલ સોલંકીએ બંધાવેલા મંદિરનું હતું. ઉત્ખનન દરમ્યાન એની નીચે મળેલો થર સોલંકી ભીમદેવ પહેલાએ બંધાવેલા (એટલે કે ગઝનવીએ કરેલા સોમનાથના ભંગ પછી ભીમદેવે બંધાવેલા) મંદિરનો હતો. એની નીચે સૌથી જૂના, નાના માપના મંદિરના અવશેષ નીકળેલા તે એનાથીયે પ્રાચીન. અલબીરૂની એને આશરે સો વર્ષ પહેલાં બંધાયું કહે છે. એ જૂના મંદિરની જલાધારીની નીક એના ઘસારા ઉપરથી તદ્વિદોને આશરે ત્રણસો વર્ષ જૂની લાગી છે. એ જોતાં ઈસ્વી સનની આઠમી સદીના મધ્યમાં, અર્થાત્ મૈત્રકકાલના છેવટના ભાગમાં, એ મંદિર બંધાયું હશે એમ એ ઉત્ખનન કરાવનાર શ્રી. થાપરનું માનવું છે.[9] ગારુલક સામંતોના લેખોમાં સાધુ–સંન્યાસીઓ માટે આશ્રમ (आवसथ) બાંધવાના ઉલ્લેખ છે. મૈત્રક

રાજાઓનાં દાનપત્રોમાં આ પ્રકારના એક જ આશ્રમનો નિર્દેશ મળે છે.[૧૦] સોમનાથ જેવાં પ્રસિદ્ધ શૈવ તીર્થો સાથે આવા આશ્રમો કે મઠો હોય એ સમજાય એવું છે. જોકે એ વિશેનો સ્પષ્ટ પુરાવો ઉપલબ્ધ ઐતિહાસિક સાધનોમાંથી મળતો નથી, પણ બૌદ્ધોમાં વિહાર કે મઠની સંસ્થા એ સમયમાં પૂર્ણ વિકસિત હોઈ શૈવોમાં પણ એવી સંસ્થા નહિ હોય એમ માનવું મુશ્કેલ છે. અનુ-મૈત્રક કાલમાં લાટ અને સૌરાષ્ટ્રમાં કેટલાક મઠોના ઉલ્લેખ મળે છે,[૧૧] તેથી આ અનુમાનને સમર્થન મળે છે. શૈવ સંપ્રદાયના ચોક્કસ સ્વરૂપ વિશે દાનપત્રોમાંથી કંઈ જાણવા મળતું નથી, પણ એમાં નિર્દિષ્ટ 'માહેશ્વર' વડે લોકપ્રચલિત પાશુપત સંપ્રદાય ઉદ્દિષ્ટ છે એમ માનવાનું અભ્યાસીઓનું વલણ છે.[૧૨] માહેશ્વરોમાં આમર્દક નામે એક સંપ્રદાય હતો, જેના એક આચાર્યને ચાપવંશના રાજા ધરણીવરાહે ભૂમિદાન આપ્યું હતું. મહાદેવનાં કેટલાંક મંદિરોના ઉલ્લેખ મૈત્રક દાનપત્રોમાં છે. અનુ-મૈત્રક કાલમાં, અનુમાને ઈસ્વી સનના આઠમી સદીના અંતમાં અથવા નવમી સદીના પ્રારંભમાં, મહાન તત્ત્વચિંતક અને ધર્મ-સુધારક આદિ શંકરાચાર્યે દ્વારકામાં શારદામઠ સ્થાપ્યો તથા ત્યાં પોતાના શિષ્ય સુરેશ્વરાચાર્યને (જેમને કેટલાક વિદ્વાનો મંડનમિશ્રથી અભિન્ન ગણે છે) નિયુક્ત કર્યા. શંકરાચાર્યના આગમનથી પણ પશ્ચિમ ભારતવર્ષમાં કેવલાદ્વૈત ઉપરાંત પંચદેવોની ઉપાસનાના એક ભાગ તરીકે શિવપૂજાને પણ વેગ મળ્યો જણાય છે. શારદાપીઠનું અધિકારક્ષેત્ર સિંધુ-સૌવીર, સૌરાષ્ટ્ર, મહારાષ્ટ્ર અને વચ્ચેના પ્રદેશો સુધી પ્રવર્તતું અને ત્યાંનાં આજ્ઞાપત્રોને રાજા જેવું માન મળતું.

શિવપૂજાની સાથોસાથ શક્તિપૂજાનો વિચાર આવે. દેવીનાં મંદિરોને અપાયેલાં ભૂમિદાનોના થોડાક ઉલ્લેખ મૈત્રકલીન દાનપત્રોમાં છે. મહારાજા દ્રોણસિંહે આપેલા, પણ એ લુપ્ત થઈ જતાં ધ્રુવસેન બાલાદિત્યે ઈ. સ. ૬૩૯ માં ફરી આપેલા, દાનપત્રમાં 'કોટમ્મહિકા' દેવીનો ઉલ્લેખ છે, તે પ્રતિમા મહિષા-સુરમર્દિનીની હશે એમ અનુમાન થયું છે. 'પાંડુરાર્યા' અને 'શાંકરિકા' દેવીનાં મંદિરોનો ઉલ્લેખ અન્ય દાનપત્રોમાં છે. બીજા એક દાનપત્રમાં દેવીક્ષેત્ર નામે ખેતરનો ઉલ્લેખ છે, જેથી સુરાષ્ટ્રમાં વટપલ્લિકા સ્થલીમાં એક દેવી-મંદિર હોવાનું સૂચન થાય છે. શીલાદિત્ય ૩ જાના એક દાનપત્રમાંના 'માતૃસ્થાન–ક્ષેત્ર' એ ઉલ્લેખથી સુરાષ્ટ્રમાં મદસર સ્થલીમાં આવેલા માતૃસ્થાન અથવા માતાઓના મંદિરની માહિતી મળે છે.[૧૩] અનુ-મૈત્રક કાલમાં એક સૈંધવ દાનશાસન અનુસાર સુવર્ણમંજરી વિષયમાં દેવકનીગ્રામના ભટ્ટ શિવરુદ્ર નામે કર્પટી–કાપડીએ ગામને ફરતાં હરિ

(વિષ્ણુ), હરિદશ્વ (સૂર્ય), વિનાયક (ગણપતિ) અને માતૃકાઓનાં મંદિર બંધાવ્યાં હતાં.[૧૪] એટલે કે માતૃકા-પૂજા પણ સમાજમાં સુપ્રચલિત હતી એમ અનુમાન કરવું યોગ્ય છે.

ગુપ્તકાલમાં વિકસેલા ભાગવતધર્મનું સાતત્ય મૈત્રકકાલમાં પણ ચાલુ રહ્યું હતું. મૈત્રક રાજાઓનો કુલધર્મ માહેશ્વર હોવા છતાં ધ્રુવસેન ૧ લો 'પરમ ભાગવત' થયો હતો, પણ ભાગવત ધર્મના દેવાલયને લગતું એક પણ મૈત્રકકાલીન દાનપત્ર ઉપલબ્ધ નથી. ગારુલક વંશના રાજાઓ (જેમના કુળની ઉત્પત્તિ વિષ્ણુના વાહન ગરુડ સાથે સાંકળવામાં આવતી તેઓ) 'પરમ ભાગવત' હતા. દક્ષિણ ગુજરાતના ત્રૈકૂટક રાજાઓ ભાગવત-ધર્માનુયાયી હતા. ભાગવતધર્મના અનુયાયી રાજવંશોની સંખ્યા ભારતીય ઇતિહાસમાં તુલનાએ ઓછી જણાય છે, પણ સમાજમાં ભાગવતધર્મ સદા લોકપ્રિય રહ્યો છે; અને જે ઐતિહાસિક કાલની આપણે વાત કરીએ છીએ તે કાલના ભાગવતધર્મવિષયક ઉલ્લેખ કે પુરાતન અવશેષો વિરલ હોય તેથી, ઇતિહાસના સાતત્યના એકંદર સંદર્ભમાં, આ વિધાનને બાધ આવતો નથી. પ્રભાસ પાટણ પાસેના કદવાર ગામનું પ્રાચીન મંદિર ભાગવત-ધર્મનું મૈત્રકકાલીન મંદિર હોવાનું જણાય છે. એમાં હાલ માત્ર વરાહની મૂર્તિ છે, પણ મૂળે ત્યાં વિષ્ણુના દસે અવતારોની મૂર્તિઓ હશે એમ અભ્યાસીઓનું માનવું છે. વિષ્ણુના દસ અવતારોમાંથી વરાહ, વામન અને કૃષ્ણની પૂજા સવિશેષ પ્રચલિત હોય એમ દાનપત્રોમાંના રાજપ્રશસ્તિગત ઉલ્લેખો ઉપરથી અનુમાન થાય છે, જોકે રામાવતારનો મહિમા પણ બહુમાન્ય હશે જ. 'રાવણવધ' અથવા 'ભટ્ટિકાવ્ય' નામથી ઓળખાતું, રામચરિતવિષયક સુપ્રસિદ્ધ વ્યાકરણકાવ્ય ભટ્ટિએ વલભીમાં રચેલું. આમ છતાં સૌથી વિશેષ મહિમા પૂર્ણપુરુષોત્તમ કૃષ્ણાવતારનો હશે, અને એથી માહેશ્વર મૈત્રકોને આગળ જતાં યદુકુલના ગણાવવાનું ગૌરવાસ્પદ મનાયું.[૧૫]

સૂર્યપૂજા ગુજરાતમાં લોકપ્રિય હતી અને સૌરો અથવા આદિત્યભક્તોનો સંપ્રદાય પ્રચલિત હતો. મૈત્રક રાજાઓનો કુલધર્મ માહેશ્વર હતો છતાં મૈત્રક રાજ્યની સ્થાપના કરનાર ભટાર્કનો ચોથો પુત્ર ધરપટ્ટ 'પરમ આદિત્યભક્ત' બન્યો હતો. આદિત્યભક્તોની પૂજાવિધિ અને ઉપાસનાપદ્ધતિ વિશે મૈત્રકકાલીન ઐતિહાસિક સાધનોમાંથી કંઈ જાણવા મળતું નથી, પણ બાણભટ્ટકૃત 'હર્ષચરિત'-માં આદિત્યભક્ત પ્રભાકરવર્ધનની ઉપાસનાપદ્ધતિ અને દિનચર્યાનું જે સંક્ષિપ્ત વર્ણન કરવામાં આવ્યું છે તે ઉપરથી એની કલ્પના થઈ શકે છે. લાટના ગુર્જર-નૃપતિવંશના શરૂઆતના રાજાઓ દદ્દ ૧ લો, દદ્દ ૨ જો વગેરે દિનકર અથવા સૂર્યના

ઉપાસક હતા.[૧૬] લાટમાંથી માળવા ગયેલા પટ્ટવાયો અથવા વસ્ત્ર વણનાર કારીગરોએ દશપુરમાં ઈ. સ. ૪૩૬ માં એટલે કે ગુપ્ત કાલમાં 'દીપ્તરશ્મિ' અથવા સૂર્યનું મંદિર બાંધ્યું હતું, તે ઈ. સ. ૪૭૩ માં ફરી બંધાયું હતું. આ બતાવે છે કે વેપારીઓ કે કારીગરોની શ્રેણીઓ અથવા મહાજનો દ્વારા પણ સૌર સંપ્રદાયને પોષણ મળતું હતું. સમકાલીન હૂણ રાજાઓ –તોરમાણ અને મિહિરકુલ પણ સૂર્યપૂજક હતા. 'મિહિરકુલ' નામ પણ આ દૃષ્ટિએ સૂચક છે. મૈત્રકકાલ તથા અનુ-મૈત્રક કાલમાં ગુજરાતમાં સૂર્યમંદિરો હોવાના પુરાવા મળે છે. સુરાષ્ટ્રના ભદ્રેણિયક ગામમાં આવેલા એક સૂર્યમંદિરને શીલાદિત્ય ધર્માદિત્યે ઈ. સ. ૬૧૧ માં ભૂમિદાન આપ્યું હતું. એ જ રાજાના બીજા એક દાનપત્રમાં સુરાષ્ટ્રના વટપદ્ર ગામમાંની આદિત્યદેવની વાપી(आदित्यदेवपादीय वापी)નો ઉલ્લેખ છે,[૧૭] એ સૂર્યમંદિરની પાસેનું જળાશય હશે એમ ગણાવું જોઈએ. લાટના રાષ્ટ્રકૂટ રાજા પ્રભૂતવર્ષ ગોવિંદરાજે ઈ. સ. ૮૨૭ માં કાવી પાસેના કોટિપુરમાં જયાદિત્યના મંદિરને દાન આપ્યું હતું.[૧૮] નક્ષિસપુર–ચોર્યાસીના જયપુર ગામ પાસે કણ્વીરિકા નદીના તટે તરુણાદિત્ય નામે સૂર્યનું મંદિર હતું. એક સૈંધવ દાનપત્રમાં ઉલ્લિખિત સૂર્યમંદિરનો નિર્દેશ હમણાં જ ઉપર કર્યો છે. થાનમાં પ્રાચીન સૂર્યમંદિર છે. સૂત્રાપાડા, ગોપ, વિસાવાડા, કળસાર, કીંદરખેડા વગેરે સ્થાનોનાં પ્રાચીન મંદિરો સૂર્યમંદિરો હોવાનો સંભવ છે. 'મૈત્રક' શબ્દનો સંબંધ કેટલાક વિદ્વાનો 'મિત્ર' અથવા સૂર્ય સાથે જોડે છે. આદિત્યની ઉપાસના વેદકાલ જેટલી પ્રાચીન છે એ ખરું, પણ ભારતવર્ષનાં અને ગુજરાતનાં સૂર્યમંદિરો અને સૂર્યમૂર્તિઓમાં ઈરાનની મિહિર-ઉપાસનાની સ્પષ્ટ અસરો રહેલી છે. મૈત્રકકાલીન સૂર્યમંદિરોમાં એ સમયની કોઈ સૂર્યમૂર્તિ રહી નથી અને મંદિરોનાં લેશમૂર્ત શિલ્પોમાંની સૂર્યની નાની એવી આકૃતિમાં એની વેશભૂષા જોઈ શકાય એમ નથી.[૧૯] પણ એ સમયમાં રચાયેલી વરાહમિહિરની 'બૃહત્સંહિતા'માં સૂર્યમૂર્તિનું જે વિધાન છે તે ઉપરથી અને પછીના સોલંકીકાલની જે અનેક સૂર્યમૂર્તિઓ વિદ્યમાન છે તેઓમાં એ મૂર્તિના વિધાનમાં ઈરાની વેશભૂષાની સ્પષ્ટ અસર વરતાય છે. સૂર્યમૂર્તિની પ્રતિષ્ઠા અને પૂજા કરનાર મગ બ્રાહ્મણો શાકદ્વીપ અથવા પૂર્વ ઈરાનથી આવ્યા હતા એ દર્શાવનારા સંખ્યાબંધ ઉલ્લેખ છે અને સૂર્યપૂજાના એક મહાકેંદ્ર શ્રીમાલમાં વસતા બ્રાહ્મણોની એક જ્ઞાતિ આજે પણ પોતાને 'મગ' બ્રાહ્મણ અથવા 'શાક-દ્વીપીય' અથવા 'શાકલદ્વીપીય' બ્રાહ્મણ તરીકે ઓળખાવે છે.

ગુપ્ત રાજ્યકાલના અંત સુધી વલભી જૈન ધર્મનું અને તદ્વિષયક સર્વ પ્રવૃત્તિઓનું મોટું કેંદ્ર હતું. પ્રાચીન ગુર્જરદેશમાં પણ જૈન ધર્મ વ્યાપક

બન્યો ત્યાર પછી અન્ય સંપ્રદાયો સમેત જૈન ધર્મનો પૂર્વાધિક ઉત્કર્ષ ત્યાં થાય એમ સ્વભાવિક રીતે બને, પણ એ માટેનાં સ્પષ્ટ પ્રમાણ મળતાં નથી એ કંઈક આશ્ચર્યજનક ગણાય. મૈત્રક રાજાઓ અને એમનાં કુટુંબીઓ સર્વ સંપ્રદાયોને આશ્રય આપતાં. મૈત્રકોનાં સંખ્યાબંધ દાનપત્રોમાંથી એક પણ દાનપત્ર જૈનોના કોઈ પણ ધર્મસ્થાનકને અપાયું નથી. દાનપત્રોની વિગતોમાં એ જૈન ધર્મનો કોઈ ઉલ્લેખ ભાગ્યેજ આવે છે. માત્ર અપવાદરૂપે, ઈ. સ. ૬૧૬ માં એક દાનપત્રમાં એક 'શ્રાવક-વાપી'નો ઉલ્લેખ છે,[૨૦] પણ એમાં એ 'શ્રાવક' શબ્દ 'બૌદ્ધ ઉપાસક'ના અર્થમાં નહિ હોય એમ નિશ્ચિતપણે કહી શકાય નહિ. 'સેનાપતિ ભટાર્કના સમયથી બૌદ્ધ ધર્મ તરફ ઢળેલા વલણે મૈત્રક રાજાઓને જૈન ધર્મથી ઠીક ઠીક દૂર રાખ્યા હશે' એવો તર્ક ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીએ કર્યો છે, પણ એ સમુચિત લાગતો નથી. દાનશાસનોનું સ્વરૂપ જ એવું છે કે સાહિત્યના વિવિધ પ્રકારોમાં થાય છે તેવું સમગ્રકલ્પ જીવન એમાં પ્રતિબિંબિત ન થાય. વલભીના મૈત્રક રાજાઓ માહેશ્વર હોવા છતાં શિવાલયને અપાયેલા દાનનો એક જ લેખ મળ્યો છે એ શું આશ્ચર્યજનક નથી? વળી અન્ય સંપ્રદાયોને અપાયાં હતાં તેવાં ભૂમિદાન આદિ વલભી રાજ્યમાં પ્રચલિત જૈન સંપ્રદાયને સ્વીકાર્ય ન હોય અને તેથી એને લગતો કોઈ પણ પુરાવો ન મળે એમ બને. મુખ્યત્વે સાહિત્યિક પ્રમાણોને આધારે એમ કહી શકાય કે મૈત્રક કાલમાં વલભીનગર તેમજ વલભી રાજ્ય જૈન ધર્મનાં પૂર્વવત્ કેંદ્ર ચાલુ રહ્યાં હતાં.

વીરનિર્વાણ સં. ૯૮૦ માં (અથવા વાચનાંતર અનુસાર સં. ૯૯૩ માં, ઈ. સ. ૪૫૪ અથવા ૪૬૭)માં ધ્રુવસેન રાજાને પોતાના પુત્ર વીરસેનના મરણથી થયેલો શોક શમાવવા માટે આનંદપુરમાં સભા સમક્ષ 'કલ્પસૂત્ર' વાંચવામાં આવ્યું હતું એવો ઉલ્લેખ 'કલ્પસૂત્ર'ની વિવિધ ટીકાઓમાં છે.[૨૧] દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણે કરાવેલી આગમ-વાચનાના વર્ષનો આમાં 'કલ્પસૂત્ર'-વાચનાના વર્ષ સાથે સંભ્રમ થયો છે એ સ્પષ્ટ છે, કેમકે ધ્રુવસેન ૧ લો ઈ. સ. ૫૦૨ પહેલાં રાજા થયો નહોતો.[૨૨] પણ વલભી કાલમાં જૈન ધર્મને જે રાજ્યાશ્રય મળતો હતો તેનું વિરલ પણ સબળ પ્રમાણ આ ઉલ્લેખો દ્વારા મળી રહે છે.

જે વલભીનગરમાં સમગ્ર જૈન આગમની સંકલના થાય તથા એ આગમો લિપિસ્થ થાય ત્યાં અનેક જૈન મંદિરો અને ઉપાશ્રયો હોય એ સ્વાભાવિક છે. એ સંકલના પછી આશરે દોઢ સૈકા બાદ, ઈ. સ. ૬૦૯ આસપાસ, આચાર્ય જિનભદ્રગણિ ક્ષમાશ્રમણનો મહાગ્રંથ 'વિશેષાવસ્યક ભાષ્ય' વલભીમાં એક જિનભવનમાં

રચાયો હતો એ અત્યંત નોંધપાત્ર ઘટના છે.[૨૩] શત્રુંજય અને ગિરનાર તો પ્રસિદ્ધ જૈન તીર્થ હતાં, પણ એ ઉપરાંત સ્તંભનક (થામણા), ભરુકચ્છ, મોઢેરા, વઢવાણ, તારણ (તારંગા), સિંહપુર (સિહોર), દ્વારવતી–દ્વારકા, શંખપુર–શંખેશ્વર, સ્તંભતીર્થ–ખંભાત, ખેટક–ખેડા, વાયડ આદિ નાનાંમોટાં તીર્થ હતાં એમ વિવિધ ગ્રંથોમાં નોંધાયેલી અનુશ્રુતિઓ ઉપરથી જણાય છે. વલભીભંગની આગાહી થતાં વલભીનો જૈન સંઘ સલામતી શોધતો મોઢેરા જઈ વસ્યો. વલભીની જૈન પ્રતિમાઓ પણ અન્ય સ્થળે લઈ જવામાં આવી. ચંદ્રપ્રભની મૂર્તિ અંબા અને ક્ષેત્રપાલની મૂર્તિ સાથે શિવપત્તન–પ્રભાસપાટણ ગઈ, મહાવીરસ્વામીની મૂર્તિ શ્રીમાલ પહોંચી, આદિનાથની મૂર્તિ કાસહ્રદ (કાસિંદ્રા) અને વલભીનાથની મૂર્તિ શત્રુંજય, અને બીજી કેટલીક મૂર્તિઓ હારીજ પહોંચી. આ ઉલ્લેખો બતાવે છે કે મૈત્રકકાલમાં ગુજરાતમાં અનેક જૈન કેંદ્ર સ્થપાયાં હતાં.[૨૪]

વલભીના વિદ્યાપીઠમાં જેમ દૂર દેશાવરથી જિજ્ઞાસુઓ વિદ્યાભ્યાસ માટે આવતા તેમ દૂરના પ્રદેશમાંથી ખાસ કરીને જૈન યાત્રાળુઓ ગુજરાતનાં જૈન તીર્થોની યાત્રાએ આવતા. અજિત અને રત્ન નામે બે કાશ્મીરવાસી શ્રેષ્ઠીઓ ઈ. સ. ૫૫૩ આસપાસ ગિરનાર તીર્થની યાત્રાએ આવ્યા હતા. ત્યાં શ્રી નેમિનાથની લેપ્યમય મૂર્તિને ઓગળી જતી જોઈ એમણે બીજી પાષાણમય મૂર્તિની ત્યાં પ્રતિષ્ઠા કરાવી હતી.[૨૫] સમુદ્રસૂરિના શિષ્ય માનદેવસૂરિએ ગિરનાર ઉપર તપશ્ચર્યા કરીને અસ્વાસ્થ્યને કારણે ભુલાઈ ગયેલો સૂરિમંત્ર પુનઃ પ્રાપ્ત કર્યો હતો.[૨૬]

અનેક પ્રભાવક જૈન આચાર્ય આ કાલમાં થઈ ગયા, પણ તેઓમાંથી થોડાકનો નિર્દેશ જ આ લેખની મર્યાદામાં શક્ય છે. જિનભદ્રગણિ ક્ષમાશ્રમણનો ઉલ્લેખ તો ઉપર કર્યો છે. એમના 'વિશેષાવશ્યક ભાષ્ય' ઉપર વૃત્તિ લખનાર કોટ્યાચાર્યને 'પ્રભાવકચરિત'ના કર્તા પ્રભાચંદ્રસૂરિએ 'આચારાંગ સૂત્ર' અને 'સૂત્રકૃતાંગ સૂત્ર' ઉપર સંસ્કૃત ટીકાઓ રચનાર શીલાંક કે શીલાચાર્યથી અભિન્ન ગણ્યા છે. અણહિલવાડ પાટણના સ્થાપક વનરાજ ચાવડાના ગુરુ શીલગુણસૂરિ તે આ જ એવો એક પ્રબળ અભિપ્રાય છે.[૨૭] આગમસૂત્રો ઉપર પ્રાકૃત ચૂર્ણિઓ રચનાર જિનદાસગણિ મહત્તર,[૨૮] સમદર્શી આચાર્ય હરિભદ્રસૂરિ, 'આચારાંગ સૂત્ર'ના 'શસ્ત્રપરિજ્ઞા' અધ્યયનના વિવરણરૂપે રચાયેલી પણ સૈકા થયાં લુપ્ત 'ગોવિંદનિર્યુક્તિ'ના કર્તા ગોવિંદસૂરિ,[૨૯] હારિલ વાચક,[૩૦] સંસ્કૃત મહાકથા 'ઉપમિતિભવપ્રપંચકથા'ના કર્તા સિદ્ધર્ષિ, પ્રભાવશાળી રાજમિત્ર આચાર્ય બપ્પભટ્ટિસૂરિ આદિનો નિર્દેશ કરી શકાય. ઉદ્દ્યોતનસૂરિકૃત પ્રાકૃત મહાકથા 'કુવલય-

માલા'(ઈ. સ. ૭૭૭)ની પ્રશસ્તિમાં કર્તાના અનેક પૂર્વાચાર્યોના ઉલ્લેખ છે. મૈત્રકકાલ અને અનુ-મૈત્રક કાલ ગુર્જર દેશમાં જૈન ધર્મના ઉત્કર્ષનો હતો.

જૈન સંપ્રદાયની બે શાખાઓ શ્વેતાંબર અને દિગંબર વચ્ચે સ્પર્ધા અને કલહના પણ ઉલ્લેખ મળે છે. બપ્પભટ્ટિસૂરિએ દિગંબરોના કબજામાંથી ગિરનાર-તીર્થ છોડાવ્યું હતું.[31] બપ્પભટ્ટસૂરિના ગુરુબંધુઓ નન્નસૂરિ અને ગોવિંદસૂરિ ગુર્જર–પ્રતીહાર રાજા મિહિરભોજના પરિચયમાં હતા. નન્નસૂરિએ ભરત ચક્રવર્તીનું જીવન નિરૂપતું એક સંસ્કૃત નાટક તૈયાર કર્યું હતું અને ગોવિંદસૂરિની સહાયથી આમ રાજા (નાગાવલોક અથવા નાગભટ ૨ જા) સમક્ષ એ ભજવાયું હતું.[32] બપ્પભટ્ટિસૂરિ પોતે ઘોડેસવાર થઈને ફરતા એમ 'પ્રભાવકચરિત' નોંધે છે. દેવગુપ્તસૂરિને (ઈ. સ. ૯૩૯ આસપાસ) વીણા વગાડવાનો ખૂબ શોખ હતો. જૈન સંઘે એ સામે વાંધો લેતાં તેઓ સૂરિપદ છોડી લાટ ચાલ્યા ગયા હતા.[33] ચૈત્યવાસી સાધુઓએ વિદ્યાધ્યયન સાથે લલિત કલાઓનો પણ શોખ કેળવ્યો હતો એના પુરાવા અહીં મળે છે. પછીના સમયમાં જૈન સમાજે ચૈત્યવાસી સંસ્થાનો સ્વીકાર કરી લીધો હતો. અનેક સંગીતશાસ્ત્રના ગ્રંથ પણ રચ્યા હતા. કેટલાક સુવિહિત સાધુઓના નેતૃત્વ નીચે ચૈત્યવાસીઓ સામે પાછળથી સુધારક પ્રત્યાઘાત ઊભો થયો હતો એ વસ્તુ આપણા ધાર્મિક–સામાજિક ઇતિહાસમાં અભ્યાસપાત્ર છે, પણ એનું નિરૂપણ આ પ્રકરણમાં પ્રસ્તુત નથી.

આ મુખ્યત્વે શ્વેતાંબર જૈનની વાત થઈ. દિગંબર સંપ્રદાયના અનુયાયીઓની સંખ્યા પછીના સમયની તુલનાએ એ સમયમાં મોટી હતી એમ અનુમાન થાય છે. દિગંબર સંપ્રદાયનું એક મુખ્ય કેંદ્ર વઢવાણ હતું. દિગંબર સાહિત્યની પ્રાચીનતમ સંસ્કૃત રચનાઓ પૈકી બે—જિનસેનકૃત 'હરિવંશપુરાણ' (ઈ. સ. ૭૮૩) અને હરિષેણકૃત 'બૃહત્કથાકોશ' (ઈ. સ. ૯૩૧–૩૨)—વઢવાણમાં રચાયેલી છે. જિનસેન અને હરિષેણ બંને પુન્નાટ સંઘના આચાર્ય હતા. કર્ણાટક–અંતર્ગત પુન્નાટનો એક દિગંબર સાધુસમુદાય સૌરાષ્ટ્રમાં આવીને, ખાસ કરીને વઢવાણ આસપાસના પ્રદેશમાં, સ્થિર થયો હતો અને પોતાના મૂળ સ્થાન ઉપરથી પુન્નાટ સંઘ તરીકે ઓળખાતો હતો.[34] 'ભદ્રબાહુચરિત' અનુસાર, કરહાટ (કરાડ?)-ના રાજાએ ઈ. સ. ૯૦૦ આસપાસ વલભીના વિદ્વાન શ્વેતાંબર સાધુઓને પોતાની રાણી નૃકુલદેવીની વિનંતીથી નિમંત્ર્યા હતા.[35] ખરેખર તો ઈ. સ.ના આઠમા સૈકાના અંતભાગમાં વલભીનો ભંગ થયા પછીની આ ઘટના ગણાય, પણ વલભીનું મહત્ત્વ કંઈ એકાએક નાશ પામ્યું નહિ હોય અને અનુ-મૈત્રક કાલમાં પણ ત્યાંની ધાર્મિક સાંસ્કારિક પ્રવૃત્તિઓ ઓછાવત્તા પ્રમાણમાં ચાલુ રહી હશે

વળી એક તરફ ગુજરાત અને બીજી તરફ મહારાષ્ટ્ર તેમજ કર્ણાટક વચ્ચે રાજકીય ઉપરાંત જે સાંસ્કારિક સંપર્ક ચાલુ રહ્યો હતો તે પરત્વે પણ ઉપર્યુક્ત નિર્દેશ કંઈક ઉદાહરણાત્મક પ્રકાશ પાડે છે.

જૈન ધર્મની જેમ બૌદ્ધ ધર્મ પણ મૈત્રકકાલમાં વ્યાપક પ્રચારમાં હતો, જોકે કોના અનુયાયી વર્ગની સંખ્યા વિશેષ હતી એ કહેવું મુશ્કેલ છે. ઈસ્વી સનના સાતમા સૈકાની અધવચમાં ગુજરાતમાં આવેલા ચીની મુસાફર યુઆન-શ્વાંગે પોતાના પ્રવાસવર્ણનમાં સેંકડો બૌદ્ધ વિહારોની નોંધ લીધી છે. મૈત્રક દાનપત્રોમાં પણ બૌદ્ધ ભિક્ષુઓ અને ભિક્ષુણીઓના અનેક વિહારોના ઉલ્લેખ છે. બુદ્ધદાસ, સ્થિરમતિ અને વિમલગુપ્ત એ બૌદ્ધ આચાર્યોના ઉલ્લેખ દાનપત્રોમાં છે; એમણે વિહારો બંધાવ્યા હતા. વલભી નજીકના એક સંઘારામમાં સ્થિરમતિ અને ગુણમતિ નામે બે બોધિસત્ત્વો પૂર્વકાલમાં રહી ગયાનું યુઆન શ્વાંગ નોંધે છે. વળી એ સંઘારામ બંધાવનાર તરીકે અચલ નામે 'અર્હંત'નો એ ઉલ્લેખ કરે છે.[૩૬] 'આર્યમંજુશ્રીમૂલકલ્પ'માં ગુણમતિ ઉપરાંત પિંડચારિક નામે વલભી-વાસી વિખ્યાત બૌદ્ધ સાધુનો નિર્દેશ છે.[૩૭] આ સંઘારામને ભાવનગર પાસેના 'તળાજાની ગુફાઓ' તરીકે ઓળખવામાં આવેલ છે.[૩૮] વલભીના રાજાઓ તથા એમનાં કુટુંબીઓએ અનેક વિહાર બંધાવ્યાનાં પ્રમાણ છે. વલભીપતિ ભટાર્કે બાંધેલો મનાતો વિહાર 'ભટાર્કવિહાર' તરીકે ઓળખાતો હતો; મિમ્મા નામે ઉપાસિકાએ બંધાવેલો વિહાર એની પાસે હતો. ભટાર્કપુત્ર ધ્રુવસેનની ભાણેજી, પરમોપાસિકા દુદ્દાએ વલભીમાં એક મહાવિહાર બંધાવ્યો હતો. શીલાદિત્ય ધર્માદિત્યે વંશકટમાં વિહાર બંધાવ્યો હતો અને એના મહેલની બાજુમાં બંધાયેલા વિહાર વિશે નોંધ યુઅન શ્વાંગે કરી છે. રાજ્યાધિકારીઓ, વેપારીઓ આદિએ પણ વિહાર બંધાવ્યાનું જાણવા મળે છે. સામંત કક્કુકના માતૃકુલની પૂર્ણભદ્રાએ વલભીમાં ભિક્ષુણીઓનો વિહાર બંધાવ્યો હતો અને દિવિરપતિ સ્કંદભટે યોધાવકમાં ભિક્ષુઓનો વિહાર કરાવ્યો હતો. કક્ક માંકિલ અને અજિત નામે વણિકોએ વલભીમાં વિહાર બંધાવ્યા હતા. કોઈ યક્ષશૂરે (સંભવતઃ ગારુલક રાજા શૂરે) વલભીમાં ભિક્ષુણીઓ માટે મહાવિહાર બંધાવ્યો હતો અને ગોહકે વલભીના દુદ્દાવિહારમંડલમાં એક વિહાર બંધાવ્યો હતો. વલભીમાં ભિક્ષુઓના વિહારોનું મંડલ દુદ્દાવિહારની આસપાસ હતું અને ભિક્ષુણીઓના વિહારોનું મંડલ યક્ષશૂરવિહારની આસપાસ હતું. આ તેમજ બીજા કેટલાક વિહારોને મૈત્રક તેમજ ગારુલક રાજાઓએ ભૂમિદાન આપ્યાના ઉલ્લેખ મળે છે. બૌદ્ધ ધર્મના મહાયાન અને હીનયાન એ બંને સંપ્રદાય પ્રાચીન ગુર્જરદેશમાં પ્રચલિત હતા, પણ મહાયાનની તુલનાએ

હીનયાનના ભિક્ષુઓની સંખ્યા ઘણી વધારે હતી એમ યુઅન સ્વાંગની નોંધ ઉપરથી જણાય છે.[૩૯] આથી ઉપાસકોમાં પણ હીનયાનના અનુયાયી વધારે હશે એમ અનુમાન કરી શકાય.

સોળમા સૈકામાં થઈ ગયેલા બૌદ્ધ લામા તારાનાથે તિબ્બતી ભાષામાં બૌદ્ધ ધર્મનો ઇતિહાસ આલેખ્યો છે તેમાં શાંતિદેવ નામે એક વિખ્યાત બૌદ્ધ આચાર્ય પંડિત અને ગ્રંથકારનો વૃત્તાંત નોંધ્યો છે. તારાનાથના કથન અનુસાર, શાંતિદેવે 'બોધિચર્યાવતાર,' 'સૂત્રસમુચ્ચય' અને 'શિક્ષાસમુચ્ચય' એ ગ્રંથ રચ્યા હતા, જે પૈકી 'શિક્ષાસમુચ્ચય'ના તિબ્બતી ભાષામાં ત્રણ અનુવાદ થયા હતા. શાંતિદેવ રાજપુત્ર હતા અને ઈ. સ. ૬૫૦ આસપાસ સૌરાષ્ટ્રમાં જન્મ્યા હતા, એટલે કે તેઓ મૈત્રકકાલમાં થઈ ગયા. નાલંદા વિદ્યાપીઠમાં એમણે ઘણો સમય આળ્યો હતો તથા અધ્યાપન કર્યું હતું. મહાયાન સંપ્રદાયના પ્રસિદ્ધ શાસ્ત્રકારો દીપંકર (અતીશ), નાગાર્જુન, આર્યદેવ અને અશ્વઘોષની હરોળમાં શાંતિદેવને પણ મૂકવામાં આવે છે. પૂર્વ ભારતવર્ષમાં રચાયેલાં અપભ્રંશ ચર્યાગીતો પૈકી કેટલાંકમાં કર્તા તરીકે ઉલ્લિખિત ભુસુકુપાદ આ શાંતિદેવથી અભિન્ન છે એવો પણ એક મત પ્રતિપાદિત થયો છે.[૪૦] લગભગ આ જ અરસામાં લાટમાં જન્મેલ એક બૌદ્ધ શ્રમણ ધર્મગુપ્તનું જીવન પણ રોમાંચક છે. તેવીસ વર્ષની વયે વતનમાંથી નીકળી, ગુજરાત સાથે નિકટના રાજકીય સંબંધોથી જોડાયેલા કાન્યકુબ્જમાં તેઓ ગયા અને ત્યાં કૌમુદીસંઘારામ નામે બૌદ્ધ મઠમાં રહી તેમણે ધર્મશાસ્ત્રોનો અભ્યાસ કર્યો. ત્યાંથી ટક્ક અથવા ઉત્તર પંજાબ જઈ દેવવિહાર નામે મઠમાં રહ્યા, અને ત્યાંથી ચીન જવાનો નિશ્ચય કર્યો. ગાંધાર દેશના મુખ્ય નગર કપિશામાં બે વર્ષ રહી, પગરસ્તે પહાડો ઓળંગી, તુખાર અને બદક્ષાન થઈ તેઓ કાશ્ગર પહોંચ્યા. કાશ્ગરમાં રાજ્યાશ્રિત બૌદ્ધ મઠમાં બે વર્ષ ગાળી કૂચી ગયા. ત્યાં પણ બૌદ્ધ વિદ્વાનો સાથે એમને બે વર્ષ ગાળવાં પડ્યાં. કૂચીનો રાજા ધર્મગુપ્તને પોતાની પાસે કાયમ રાખી લેવા આતુર હતો તેથી એને ખબર આપ્યા વિના જ તેઓ ચાલી નીકળ્યા અને માર્ગમાં અગ્નિદેશ અથવા કરાસહ્ર અને તુરફાનમાં થોડાંક વર્ષ ગાળીને તથા રણપ્રદેશમાં જોખમભરી મુસાફરી કરીને તેઓ ચીન પહોંચ્યા. ત્યાં એમણે સંખ્યાબંધ બૌદ્ધ ધર્મગ્રંથોનો ચિનાઈ ભાષામાં અનુવાદ કર્યો અને ચીનમાં બૌદ્ધ સાહિત્યિક પરંપરાની નવજાગૃતિમાં મૂલ્યવાન ફાળો આપ્યો. ધર્મગુપ્તના આ કાર્યમાં ચીનના શહેનશાહની પણ સહાય હતી. ૨૯ વર્ષની સતત પ્રવૃત્તિ પછી ઈ. સ. ૬૧૯ માં ધર્મગુપ્તનું ચીનમાં જ અવસાન થયું. ગુજરાતના આ બૌદ્ધ શ્રમણ ધર્મગુપ્તે પોતે જ જે જે દેશની મુલાકાત

લીધી હતી તે તે વિશે એક ગ્રંથ લખ્યો હતો. જો કે એ ગ્રંથ અત્યારે મળતો નથી, પણ એનો વિષયાનુક્રમ ચિનાઈ સાહિત્યમાંથી પ્રાપ્ત થાય છે. એ વિષયાનુક્રમ બતાવે છે કે આ દેશ કે વિદેશના કોઈ પ્રાચીન પુસ્તકભંડારમાંથી આ ગ્રંથ જડી આવે તો મેગેસ્થનિસ, યુઅન શ્વાંગ કે અલબીરૂનીના ગ્રંથો કરતાં એનું મૂલ્ય જરા પણ ઓછું નહિ ગણાય.[૪૧] ગુજરાતના પ્રવાસી બૌદ્ધ વિદ્વાનોમાંથી શાંતિદેવ અને ધર્મગુપ્તનો જીવનવૃત્તાંત કંઈક વિગતવાર મળે છે, પણ આવા બીજા અનેક વિદ્વાન થયા હશે એવી કલ્પના કરવી ન્યાય્ય છે.

મૈત્રકકાલમાં બૌદ્ધ ધર્મ પરમોત્કર્ષની કોટિએ પહોંચ્યો હતો, પણ મૈત્રક રાજ્યકાલના અંતભાગમાં એની જાહોજલાલી ઝાંખી પડતી દેખાય છે અને અનુ-મૈત્રક કાલમાં તો એ ગુજરાતમાં (તેમજ ભારતવર્ષમાં અન્યત્ર) ઝડપથી લુપ્ત થતો જણાય છે. તારંગાના ડુંગર ઉપર ધારણ માતાના નામથી પૂજાતી બૌદ્ધ તારા દેવીની પ્રતિમા ગુર્જર–પ્રતીહારોના સમયમાં પ્રચલિત શૈલીની એક સુંદર પ્રતિમા છે. ખંભાત પાસે નગરાનાં રબારી–વાસના ટીંબા ઉપરની 'બુદ્ધનાથ' તરીકે ઓળખાતી સાડાચાર ફૂટ ઊંચી આસનસ્થ બુદ્ધમૂર્તિ પણ આ કાલની સંભવે છે. ઉત્તર ગુજરાતમાં વિજાપુર પાસેનું વિહાર ગામ એ સ્થળે પૂર્વકાલે કોઈ બૌદ્ધવિહાર હોવાનું સૂચન કરે છે અને નજીકના મહુડી ગામેથી મળેલા બૌદ્ધ અવશેષો એ તર્કનું સમર્થન કરે છે. રાષ્ટ્રકૂટ રાજા અપરિમિતવર્ષ દંતિવર્માએ ઈ. સ. ૮૬૭ માં તથા ધ્રુવ રાજાએ ઈ. સ. ૮૮૪માં કાંપિલ્ય તીર્થના વિહારને ભૂમિદાન આપ્યું હતું. એ વિહાર કાંતારગ્રામ (કતારગામ) વિષયમાં મહાવી (મીંઢોળા) નદીના કિનારે આવેલો હતો. કાંપિલ્ય વિહારમાં પાંચસો સાધુ રહેતા હતા, એ બતાવે છે કે લાટપ્રદેશમાં બૌદ્ધ ધર્મનો પ્રભાવ કંઈક વિશેષ ભાવે ચાલુ રહ્યો હતો.[૪૨] 'અષ્ટ-સાહસ્રિકા પ્રજ્ઞાપારમિતા'ની, અનુક્રમે ઈ. સ. ૧૦૧૫ અને ઈ. સ. ૧૦૭૧ માં નકલ કરાયેલી, બંગાળ–નેપાળની બે સચિત્ર હસ્તપ્રતોમાં लाहूट(लाट)देशे तारापुरे तारा, लाहूट(लाट)देशे कुरुकुल्लाशिखरे कुरुकुल्ला અને लाहूट(लाट)देशे बुंकरानगरे चुन्दा એ પ્રમાણે ત્રણ બૌદ્ધ દેવીઓનો ચિત્રો સાથે નિર્દેશ કરેલો છે. નિર્દિષ્ટ સ્થાનો લાટ દેશમાં ક્યાં આવેલાં હતાં એ અલગ ચર્ચાનો વિષય છે, પણ અગિયારમા શતકની બંગાળી–નેપાળી હસ્તપ્રતોમાં ગુજરાતનાં ત્રણ બૌદ્ધ તીર્થોનાં ચિત્ર છે એ ઉપરથી અનુમાન થઈ શકે કે થોડાઘણા બૌદ્ધ યાત્રીઓ આ તરફ આવતા હશે.[૪૩] કુમારિલ ભટ્ટ અને શંકરાચાર્યના વાદવિજયોએ બૌદ્ધ ધર્મને દૂર કરવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો તેમ બૌદ્ધ ધર્મમાં વધી પડેલું તાંત્રિક તત્ત્વ એના આંતરિક પતનમાં તથા આત્યંતિક લયમાં કારણભૂત બન્યું

હશે. દ્વારકામાં શંકરાચાર્યની શારદાપીઠની સ્થાપનાએ પણ આ પ્રદેશમાંથી બૌદ્ધ ધર્મને દૂર કરવામાં ફાળો આપ્યો હશે એમ અનુમાન કરવું વધારે પડતું નથી. પૂર્વ ભારતવર્ષમાં બૌદ્ધ ધર્મ પ્રત્યે સહાનુભૂતિવાળા હિંદુ રાજવંશોનો ઉચ્છેદ થતાં તથા નાલંદા, વિક્રમશીલ આદિ વિદ્યાપીઠોનો નાશ થતાં સારાયે ભારતવર્ષમાં બૌદ્ધ ધર્મ ક્રમશઃ નામશેષ થઈ ગયો.

શૈવ, શાક્ત, ભાગવત, જૈન, બૌદ્ધ, સ્માર્ત આદિ વિવિધ સંપ્રદાયો છતાં ગુજરાતના ધાર્મિક જીવનમાં સમન્વયપ્રધાન એકતા હતી. રાજાઓ અને વિશિષ્ટ વ્યક્તિઓના વિચાર-વ્યવહારની અસર સમસ્ત પ્રજાવર્ગ ઉપર થતી. મૈત્રક રાજાઓ માહેશ્વર હોવા છતાં એમણે બૌદ્ધ વિહાર બાંધ્યા હતા અને એ વિહારોને ભૂમિદાન આપ્યાં હતાં. મૈત્રક રાજા ધ્રુવસેન ૧ લાની સભામાં શોકનિવારણ અર્થે 'કલ્પસૂત્ર'ની વાચના થઈ હતી. રાષ્ટ્રકૂટ રાજા અમોઘવર્ષ ૧ લો ચુસ્ત જૈન હતો, પણ મહાલક્ષ્મી દેવીમાં એને પૂર્ણ શ્રદ્ધા હતી અને પોતાના રાજ્યમાં ચાલતો રોગચાળો દૂર થાય એ માટે પોતાની એક આંગળી કાપીને એણે દેવીને અર્પણ કરી હતી.[૪૪] રાષ્ટ્રકૂટ રાજા કર્ક સુવર્ણવર્ષ ચુસ્ત શૈવ હતો, પણ એણે નવસારીના એક જૈન મંદિરને ભૂમિદાન આપ્યું હતું.[૪૫] આ પ્રદેશમાં બુદ્ધમૂર્તિ 'બુદ્ધનાથ' તરીકે પૂજાય એ સમજાય એવું છે. ગુજરાતમાં ધર્મજીવનની આ લાક્ષણિકતા એના ઇતિહાસમાં ઠેઠ અર્વાચીન કાલ સુધી સતત અનુસ્યૂત છે.

## (આ) ઇસ્લામનો ઉદય અને ગુજરાતમાં એના ફેલાવાનો આરંભ

આ કાલ દરમ્યાન ગુજરાતમાં મુસ્લિમોના વસવાટ દ્વારા ઇસ્લામ ધર્મનો પ્રસાર થયો. મધ્યકાલની વિશિષ્ટ ઘટનાઓમાંની એક અરબસ્તાનમાં આવેલા હિજાઝ પ્રદેશમાં થયેલો ઇસ્લામનો ઉદય છે. એ સમય પૂર્વે ત્યાંના લોક અજ્ઞાન અને અંધશ્રદ્ધામાં અટવાયેલા રહેતા હતા, બિલકુલ અસંસ્કૃત હતા. પોતપોતાના કબીલાઓમાં રહી માંહોમાંહે લડતા હતા અને અનેક મૂર્તિઓની પૂજા કરતા હતા. એવી પ્રજામાંના કુરૈશ નામના કબીલામાં ઇસ્લામના સ્થાપક હઝરત મોહમ્મદ પેગમ્બરનો જન્મ ઈ. સ. ૫૭૧ માં કે એની આસપાસમાં મક્કામાં થયો હતો. એના થોડા જ મહિના અગાઉ એમના વાલિદ અબ્દુલ્લાહનું અવસાન થયું હતું અને એ લગભગ છ વર્ષની વયના થયા એટલામાં તો એમનાં માતા આમિના પણ ગુજરી ગયાં. એ પછી એમનો ઉછેર એમના દાદા અબ્દુલ્મુત્તલિબે કરવા માંડ્યો, પરંતુ એમની આઠ વર્ષની ઉંમર પૂરી થાય તે પહેલાં એ પણ આ ફાની દુનિયા છોડી ગયા, આથી એમની પરવરિશ કરવાની જવાબદારી એમના કાકા અબૂ તાલિબે

ઉપાડી. હઝરત મોહમ્મદ ઉપર એમને અતિ વહાલ હતું, પરંતુ ભારે કૌટુંબિક જવાબદારીને લઈને એ ભત્રીજાને શિક્ષણ અપાવી શક્યા ન હતા. એ એમને પોતાના વ્યવસાયમાં હંમેશાં સાથે રાખતા હતા તેથી વેપારમાં એમને ઘણો અનુભવ મળ્યો. એ સાથે યહૂદીઓ અને ખ્રિસ્તીઓના સંપર્કમાં આવતાં એમના ધર્મોનો એમને પરિચય પણ કેળવાતો રહ્યો. એમની ધંધાની કુનેહ તથા એમનું ઊંચું ચારિત્ર્યબળ જોઈને ખદીજા નામની એમના જ કબીલાની એક માલદાર વિધવાએ એમને પોતાનો માલ વેચવા આપવા માંડ્યો. થોડા જ સમય બાદ એ સંબંધથી એમની નેકી ઉપર એ એટલાં તો પ્રસન્ન થયાં કે એમણે એમની સાથે શાદી કરી. એ સમયે હઝરત મોહમ્મદની ઉંમર પચીસ વર્ષની અને ખદીજાની ચાળીસ વર્ષની હતી.

આ વ્યવસ્થાથી હઝરત મોહમ્મદ આજીવિકા રળવાની ઉપાધિમાંથી મુક્ત થયા અને તેથી એમને અંતરની ઇચ્છા મુજબ યતીમો અને બેવાઓને મદદ, લોકોના માંહોમાંહેના ઝગડાઓનો નિકાલ અને કલ્યાણનાં એવાં કાર્યોમાં પ્રવૃત્ત રહેવા સાથે મક્કાથી થોડે અંતરે આવેલી હિરા નામની ગુફામાં ભરાઈને એ એકાંતમાં અલ્લાહનાં ચિંતન અને ધ્યાનમાં સમય પસાર કરવા મંડી પડ્યા.

આ સર્વને પરિણામે ચાળીસ વર્ષની એમની વયે અલ્લાહ તરફથી એમના ઉપર વહી ઊતરવા લાગી અને તેઓ પેગમ્બર બન્યા. સેંકડો કુટુંબો સાથે સંબંધ ધરાવતી જુદી જુદી મૂર્તિઓને બદલે એક નિરાકાર સર્વશક્તિમાન અલ્લાહની ઈબાદત કરવાનો બોધ એમણે કરવા માંડ્યો. તમામ અરબ નિવાસીઓની એક સંયુક્ત કોમ બનાવવી, એમના મઝહબી તથા સામાજિક કુરિવાજો અને એમની નુકસાનકારક રૂઢિઓને તોડી એમનું જીવન પવિત્ર અને ઊંચું કરવું અને સૌ કરતાં વિશેષ તેઓમાં માનવ માત્રની સમાનતા અને ભ્રાતૃભાવ કેળવવો એ એમના ઉપદેશોનું ધ્યેય હતું. શરૂઆતમાં ધીમી ગતિએ એમને અનુયાયીઓ મળતા રહ્યા અને અલ્લાહની પ્રેરણા અનુસાર તેઓ એમના મઝહબનો પ્રચાર કરતા રહ્યા. એ કાર્યમાં એમનો તથા એમના અનુયાયીઓનો એમના જ લોકોએ સખત વિરોધ કર્યો અને પરિણામે એમને વિવિધ પ્રકારની યાતનાઓ વેઠવી પડી. અંતે જાન બચાવવા પોતાના અનુયાયીઓને આગળ રવાના કરી એમને મક્કા છોડી એની ઉત્તરે ત્રણસો માઈલ[૪૬] ઉપર આવેલા યથરિબ શહેરમાં પહોંચવું પડ્યું. એ બનાવ ઇસ્લામની તવારીખમાં 'હિજરત' નામથી ઓળખાય છે. એનાથી હિજરી સનની શરૂઆત થઈ હતી. એના દિવસોની ગણતરી ચંદ્રમા અનુસાર થાય છે.

યથરિબ–વાસીઓએ હઝરત મોહમ્મદને ખૂબ ભાવથી આવકાર્યા. આ બનાવના ઉપલક્ષમાં એ શહેરનું નામ પાછળથી મદીનતુન્નબી, એટલે કે 'નબીનું -અર્થાત્ પેગમ્બરનું શહેર' પડયું. એ પછી અરબો એને અલ્‌મદીના નામથી ઓળખતા રહ્યા અને ઈરાનીઓ એ માટે માત્ર 'મદીના' શબ્દ વાપરતા રહ્યા.

હઝરત મોહમ્મદની હિજરત પછી મક્કાના લોકોએ એમને તથા ઇસ્લામને ખતમ કરવા મદીના ઉપર આક્રમણ કરવાની કાર્યવાહી કરવા માંડી અને પેગમ્બરે પણ એમનો સામનો કરવાની તૈયારી રાખી. ઈ. સ. ૬૨૪ માં મદીનાના નૈઋર્ત્ય ખૂણામાં ૧૩૩ કિ.મી. (૮૩ માઈલ)[૪૭] ઉપર આવેલા બદ્ર સ્થળ આગળ લડાઈ થઈ તેમાં ત્રણસો તેર મુસ્લિમોની નાનકડી ફોજે એક હજાર મક્કાવાસીઓના લશ્કરને શિકસ્ત આપી. મુસ્લિમોની એ પ્રથમ અને નિર્ણયાત્મક ફતેહ હતી. એને પરિણામે ઇસ્લામ પ્રત્યે ઉત્સાહી વર્ગને પુષ્ટિ મળી, અર્ધદગ્ધ લોકોને વિશ્વાસ આવ્યો અને નિઃસ્પૃહીઓ પ્રભાવિત થયા.[૪૮] હઝરત મોહમ્મદને એ પછી અનેક લડાઈઓ લડવી પડી. અંતે મક્કાવાસીઓ થાકયા અને ઈ. સ. ૬૩૦ માં એમણે હઝરત મોહમ્મદની ઉપર ઈમાન લાવીને જાહેર કર્યું કે 'લા ઈલાહા ઈલ્લલાહ મોહંમ્મદુર્ રસૂલુલ્લાહ''.[૪૯]

એ પછી બે વરસ બાદ એટલે કે ઈ. સ. ૬૩૨માં હઝરત મોહમ્મદ પેગમ્બર ટૂંકી માંદગી ભોગવી અલ્લાહની રહેમતમાં પહોંચી ગયા.

એમણે સ્થાપિત કરેલા મઝહબના નામ 'ઇસ્લામ' શબ્દના મૂળમાં સુલેહ-શાંતિનો ભાવ સમાયેલો છે, અને તેથી અલ્લાહની ઇચ્છાને સંપૂર્ણ રીતે શરણે રહેવું એવો એનો અર્થ ઘટાવાય છે. એ ઉપરથી સર્જક અલ્લાહ અને એના સર્જન સાથે સુલેહશાંતિ રાખનાર તે મુસ્લિમ હોવાની માન્યતા છે. 'કુરાને શરીફ,' જેમાં હઝરત પેગમ્બર ઉપર ઊતરેલી વહીઓ સંગૃહીત છે તે, મુસ્લિમોની મઝહબી કિતાબ છે.

હઝરત મોહમ્મદે અરબોમાં જે અદ્ભુત જાગૃતિ આણીને એક સલ્તનત ઊભી કરી હતી તેને લઈને એના ખલીફાઓ એટલે કે ઉત્તરાધિકારીઓની સત્તા નીચે રહીને તેઓ એમના મઝહબના પ્રચારનાં ઝનૂન અને આવેશમાં સમૃદ્ધ પડોશીઓનાં ધનદોલતનો કબજો મેળવવાને [૫૦] એમની મરુભૂમિમાંથી બહાર નીકળી પડ્યા. પેગમ્બરના અવસાન પછી એક સદીથી ઓછા ગાળામાં એમના વિજયોનું વર્તુળ પશ્ચિમ તેમજ પૂર્વમાં મોટા પાયા ઉપર વિસ્તાર પામ્યું અને એમની ખિલાફતની આણ સિંધ સુધી વરતાઈ.

એ સમય દરમ્યાન અરબોએ ગુજરાતનાં સમૃદ્ધ બંદરો ઉપર જળમાર્ગે સીધાં તથા સિંધમાં સત્તારૂઢ થયેલા અરબોએ જમીનમાર્ગે ત્યાંથી આક્રમણો કરેલાં, તેઓની વિગત યથાસ્થાને આપવામાં આવી છે.

ગુજરાતનાં બંદરો ઉપર અરબો વેપાર અર્થે પુરાણા જમાનાથી આવતા હતા એ પરંપરા ઇસ્લામના ઉદય પછી પણ ચાલુ રહી હતી. ઈ. સ. ૭૬૦ પછી થોડા વખતમાં ગંધાર બંદર(ઢાઢર નદીના મુખ પાસે)માં મસ્જિદ બંધાઈ હતી,[૫૦અ] તેથી ત્યારે ત્યાં મુસ્લિમોની વસ્તી હોવી જોઈએ.

અરબ વેપારીઓ સઢવાળાં વિવિધ કદનાં જહાજોમાં માલસામાન લઈ ચીનના પૂર્વ કિનારા પર્યંત પહોંચતા હતા. જતાં આવતાં સૌરાષ્ટ્ર અને ગુજરાતનાં બંદરો ઉપર વેચાણ-ખરીદી, સાધનસામગ્રી અને મીઠા પાણી માટે તેઓ થોભતા હતા. ભરૂચથી લાખ અને ગળી તેઓ લઈ જતા હતા.[૫૧]

એવા અરબ તેમજ ઈરાની વેપારીઓમાં કેટલાકે એમની મુસાફરી દરમ્યાન જે કંઈ જાણ્યું હતું અને જોયું હતું તેની નોંધો રાખીને એ ઉપરથી એમની ભાષા અરબીમાં ગ્રંથ લખેલા છે. તેઓમાંથી સુલેમાન સૈરાફી (બસરી) [૫૨] (ઈ. સ. ૮૫૧–હિ. સ. ૨૩૭), બુઝુર્ગ બિન શહરિયાર[૫૩] (ઈ. સ. ૯૧૨–હિ. સ. ૩૦૦), અબૂલહસન અબી અલ્‌મસઊદી[૫૪]. (ઈ. સ. ૯૧૫–હિ. સ. ૩૦૩), અબૂ ઇસ્હાક ઇબ્રાહીમ ઇસ્તખ્રી[૫૫] (ઈ. સ. ૯૫૧–હિ. સં. ૩૪૦) અને ઇબ્ને હોકલ બગદાદી[૫૬] (ઈ. સ. ૯૭૬–હિ. સં. ૩૬૬) હતા. એમનાં સફરનામાં જાણીતાં છે. એમાંથી જાણવા મળે છે કે ગુર્જર રાજાઓ સાથેના અરબોના સંબંધ સારા ન હતા, બલ્કે અરબોના ઉપર એવી છાપ હતી કે એમનાથી વધે તેવો બીજો એમનો કોઈ દુશ્મન ન હતો.[૫૭] પરંતુ ગુર્જર–પ્રતીહારોના પ્રતીસ્પર્ધી રાષ્ટ્રકૂટો સાથે તેઓ ભલાઈનો ગાઢ સંબંધ ધરાવતા હતા અને તેથી અરબ વેપારીઓએ એમના પ્રતિ ગ્રંથોમાં વિશિષ્ટ શબ્દોમાં એ બાબતની નોંધ કરેલી છે.

રાષ્ટ્રકૂટોની સત્તા નીચેના પ્રદેશમાં ખંભાતથી ચેમૂર સુધીના[૫૮] કાંઠા ઉપરનાં શહેરોમાં વર્તમાન ગુજરાતનાં કેટલાક બંદરોનો સમાવેશ થતો હતો. એ સર્વમાં હિંદુઓની મોટી સંખ્યાની વસ્તીમાં મુસલમાનો પણ રહેતા હતા અને તેઓ ઉપર ખુદ મુસલમાનોની હકૂમત હતી એટલે કે રાજા તરફથી એમને માટે હાકેમની નિમણૂક થતી હતી. વલ્લભરાયની[૫૯] સત્તા નીચેના પ્રદેશમાં મસ્જિદો પણ હતી, જેમાં જુમાની તેમજ અન્ય નમાઝ પઢાતી હતી અને અઝાન પણ મોટે સાદે પોકારાતી હતી.[૬૦]

કદાચ આવાં કારણોને લઈ ને અરબ પ્રવાસીઓએ નોંધેલું છે કે વલ્લભરાય જેવી મોહબ્બત અન્ય કોઈ રાજા અરબો પ્રત્યે રાખતો નથી, અને એની પ્રજા પણ અરબોને ચાહે છે.[૬૧] એમણે એ પણ જણાવેલું છે કે વલ્લભરાયના રાજ્યના લોક માને છે કે અરબોની મોહબ્બતના કારણે એમના રાજાઓનું આયુષ અને એમનું શાસન દીર્ઘ રહે છે.[૬૨] એ વખતમાં એ પ્રદેશમાં રહેતા મુસ્લિમોનો લિબાસ હિંદુઓના જેવો જ હતો અને અતિ ગરમીને લઈ ને તેઓ લૂંગી (એટલે કે ધોતી) અને ખમીસ પહેરતા હતા. તેઓ હિંદુઓના જેવા જ વાળ રાખતા.[૬૩]

ઇસ્વી આઠમી સદીથી મુસ્લિમ સંતો, સૂફીઓ, ફકીરો અને દરવેશો અરબસ્તાન તથા ઈરાનમાંથી જલમાર્ગે તેમજ જમીનમાર્ગે દક્ષિણ અને પશ્ચિમ ભારતવર્ષમાં આવતા હતા. એમાંના કેટલાકે ગુજરાતમાં આવીને પણ વસવાટ કર્યો હતો. એમ કરવામાં એમનો ઉદ્દેશ ઇસ્લામનો પ્રચાર કરવાનો હતો. તેઓ એમના કાર્યમાં પ્રવીણ હતા. એ સાથે એમનાં ત્યાગ, ચારિત્ર્ય અને ભક્તિમય જીવન જોઈ ને સ્થાનિક લોકો પ્રભાવિત થતા હતા અને કેટલાક ઇસ્લામ અંગીકાર પણ કરતા હતા.[૬૪] ધર્મપલટો કરનારાઓને તથા અપહરણ કરાયેલી સ્ત્રીઓને શુદ્ધિની મોટીનાની વિધિઓ દ્વારા અપનાવી લેવાની છૂટ આપવાનું પણ એ સમયે ચાલતું હતું.[૬૫]

## (૬) પારસીઓનો વસવાટ અને જરથોસ્તી ધર્મ

અરબોને હાથે પરાભવ પામી કેટલાક ઈરાનીઓ ભારતવર્ષમાં આવી વસ્યા હતા એ ઇતિહાસ-સિદ્ધ બાબત છે. પરંતુ ભારતવર્ષમાં ઈરાનીઓનું આ આગમન પહેલવહેલું નહોતું, પરાપૂર્વથી, પ્રાગૈતિહાસિક કાલથી ઈરાન અને હિંદ વચ્ચે ધાર્મિક અને સાંસ્કૃતિક સંબંધ હતો અને અનેક વાર ઈરાનીઓ હિંદ ભણી આવ્યા હતા, અને એના અનેક દાખલા પણ ઉપલબ્ધ છે. અવેસ્તાશાસ્ત્રમાં ચાર વાર હિંદ વિશે ઉલ્લેખ મળે છે, પણ હિંદુ ગ્રંથોમાં તો ઈરાન અને ઈરાનીઓ વિશે અનેક નિર્દેશ થયા છે. આવા ઉલ્લેખ ઋગ્વેદ, મહાભારત, વિષ્ણુપુરાણ, ભવિષ્યપુરાણ વગેરેમાં છે. વળી સંસ્કૃત સાહિત્યના પ્રશિષ્ટ (classical) કાલમાં વિશાખદત્તકૃત 'મુદ્રારાક્ષસ' વગેરેમાં ઈરાન અને એની પ્રજા વિશે ઉલ્લેખો મળે છે. 'શાહનામા' અને ઈરાનમાં લખાયેલ અન્ય 'નામાં'ઓ પ્રમાણે દંતકથામાં મશહૂર થયેલ કેટલાક ઈરાની બાદશાહો અને શૂરવીરો હિંદ ભણી આવી ગયા હતા એ વિશેની નોંધ છે, પરંતુ જ્યારથી ઈરાનમાં હખામની વંશ ઈ. પૂ.

૫૫૨ થી શરૂ થયો ત્યારથી ઐતિહાસિક કાલનો આરંભ થયો એમ ગણવામાં આવે છે. એ વંશના બાદશાહ દારયસ હિસ્તાસ્પિસે ઈ. પૂ. ૫૧૨ માં પંજાબ અને સિંધ જીત્યાં ત્યારથી તો ઈરાન અને હિંદ વચ્ચેની અવરજવર પુષ્કળ વધી પડી. ઈરાને હવે હિંદમાં પોતાના ક્ષત્રપો (રાજ્યપાલો) મોકલવા માંડયા, અને જેમ જેમ ઈરાની રાજ્યહકૂમત નબળી પડતી ગઈ તેમ તેમ એ ક્ષત્રપો હિંદમાં સ્વતંત્ર થતા ગયા અને 'મહાક્ષત્રપો' કહેવાયા. ઈરાનમાં જ્યારે પાર્થિયન રાજાઓનો અને સાસાની બાદશાહોનો અમલ ચાલતો હતો ત્યારે હિંદમાં કેટલાક ક્ષત્રપોનું રાજ્ય ચાલતું હતું, અને ગુજરાતના ઇતિહાસમાં તો લગભગ ઈસ્વી ૭૮ થી ૪૦૦ સુધીનો કાલ એ ક્ષત્રપકાલ કહેવાયો છે.[૬૬] ઉત્તર ભારતવર્ષમાં તક્ષશિલામાં પારસી વસ્તી હતી એવું સંશોધન થયું છે. અને દારયસે જીતેલા પ્રદેશમાં તક્ષશિલાનો સમાવેશ થાય છે. સર જ્હોન માર્શલના[૬૭] પ્રયાસથી ત્યાં એક અગ્નિમંદિરના અને દખમાના અવશેષ મળ્યા છે, અને જ્યાં આ બંને હોય ત્યાં પારસીઓની સારી વસ્તી હોવી જોઈએ એવું અનુમાન થઈ શકે. તક્ષશિલાની આજુબાજુના વિસ્તારમાં અશોકના 'ખરોષ્ઠી લિપિ'માં લખાયેલ કેટલાક શિલાલેખ પણ મળ્યા છે, અને એ લિપિ ઈરાનીઓ વાપરતા હતા એ જાણીતું છે.[૬૮] એ ઉપરથી પણ ઈ. પૂ. ત્રીજા સૈકામાં ત્યાં પારસીઓની વસ્તી હોય એમ માની શકાય.

મૌર્યકાલમાં ભારતના સ્થાપત્ય ઉપર ઈરાનની અસર હતી. એ ડૉ. સ્પૂનરે બતાવી આપ્યું છે.[૬૯] ઈ. પૂ. બીજી સદીથી ઈ. સ. બીજી સદી સુધીમાં 'મગ બ્રાહ્મણો' નામે ઓળખાતા ઈરાનીઓ ભારતમાં આવ્યા હતા[૭૦] અને મુલતાનમાં તેઓએ સૂર્યમંદિર બંધાવ્યું હતું. એ મગ બ્રાહ્મણોની વસ્તી આગળ જતાં હિંદુઓમાં ભળી જવા પામી હતી. છેક ૧૩૯૮ માં તૈમૂર લંગે ગબ્ર (અગ્નિપૂજક પારસી) સંસ્થાનો ઉત્તર ભારતવર્ષમાં નાશ કરી કાળો કેર વર્તાવ્યો હતો એવી નોંધ ઇલિયટ અને ડાઉસનના ઇતિહાસના ત્રીજા વૉલ્યૂમમાં[૭૧] મળે છે. આ સઘળી માહિતી ઉપરથી જણાય છે કે ઈરાનીઓ માત્ર એક જ વાર એક હજાર વર્ષ પૂર્વે પશ્ચિમ ભારતવર્ષમાં આવી વસ્યા નહોતા, પણ પરાપૂર્વથી તેઓ અહીં આવતા રહ્યા હતા, અને ઘણે ભાગે ઉત્તર અને પશ્ચિમ ભારતવર્ષમાં તેઓનાં સંસ્થાન હતાં, પરંતુ જે ઈરાનીઓ અહીં આવ્યા તેઓ અહીંની હિંદુ વસ્તીમાં ભળી ગયા અને માત્ર તેઓના અવશેષ છોડી ગયા.[૭૨] પરંતુ હજારેક વર્ષ પૂર્વે જે ઈરાનીઓ જલમાર્ગે અહીં આવી પશ્ચિમ ભારતવર્ષમાં ગોઠવાયા અને પારસીઓના પૂર્વજ કહેવાયા તે હિંદુ વસ્તીમાં ભળી ગયા નથી, અને એમનાં જ આગમન અને વસવાટ વિશે અહીં લખવાની અપેક્ષા છે.

પારસીઓના પૂર્વજ અહીં આવી કાયમના વસ્યા એની કશી તવારીખ સચવાઈ નથી, સચવાયું છે માત્ર 'કિસ્સે સંજાન' નામનું ૮૬૪ પંક્તિઓવાળું ફારસી કાવ્ય. એ કાવ્ય બેહમન કૈકોબાદ સંજાણાએ નવસારીમાં ઈ. સ. ૧૬૦૦ ની સાલમાં લખ્યું હતું. લેખક વિદ્વાન નહોતા, એમણે ઐતિહાસિક બાબતોમાં પણ ભૂલો કરી છે: અને તારીખો પણ યોગ્ય રીતે આપી નથી, પરંતુ તેઓએ ઈરાની આગમન વિશેની પ્રચલિત અનુશ્રુતિ (tradition) એમાં નોંધી છે, અને એ આપણે માટે અમૂલ્ય નીવડી છે. 'કિસ્સે સંજાન' પ્રમાણે અરબોએ ઈરાન ઉપર વિજય મેળવ્યો ત્યારે એમના રાજ્ય-અમલથી ત્રાસી જઈ સ્વધર્મના રક્ષણાર્થે કેટલાક ઈરાનીઓએ ખોરાસાનના પહાડી પ્રદેશમાં આવી આશરો લીધો. સો વર્ષ પછી ત્યાં પણ સુરક્ષિતતા ન લાગવાથી તેઓના વંશજો ઈરાનથી હોરમઝ નામના બંદરે આવ્યા અને તેઓએ ત્યાં ૧૫ વર્ષ કાઢ્યાં. ત્યાં પણ અરબોનું આક્રમણ થશે એમ લાગવાથી એ ઈરાનીઓ હવે માતૃભૂમિને છેવટનાં વંદન કરી જલમાર્ગે પશ્ચિમ ભારતવર્ષમાં આવી સૌરાષ્ટ્રના દીવ બંદરે ઊતર્યા. ત્યાં ૧૯ વર્ષ રહ્યા પછી એ પ્રદેશમાં પણ મુસ્લિમ હુમલાનો ભય લાગવાથી કોઈ સલામત જગ્યાની શોધમાં હોડીઓમાં બેસી નાસી છૂટયા. માર્ગમાં ભારે તોફાન નડ્યું અને સૌના જાન જશે એવો ભય ઉપસ્થિત થયો. સૌએ પ્રભુપ્રાર્થના કરી ને પ્રતિજ્ઞા લીધી કે જો બચી ગયા તો અમે એક આતશ બહેરામ (સૌથી મહાન અગ્નિમંદિર) બંધાવીશું. તોફાન શાંત થયું અને હિજરતીઓ સુરત પાસે આવેલા સંજાણ બંદરે ઊતર્યા. હાલમાં તો સંજાણમાં કશી મહત્તા રહી નથી, પણ એ સમયમાં એ એક જાણીતું બંદર હોવું જોઈએ. ત્યાંના રાજવી જાદી રાણાએ એમને ઉદારતાથી આશરો આપ્યો, અને એ ઈરાનીઓએ એક આતશ બહેરામ બંધાવી પોતાની પ્રતિજ્ઞાનું પાલન કર્યું.

પણ આ આગમન કયા વર્ષમાં થયું હતું એ જાણવું આવશ્યક છે. ભરૂચવાળા દસ્તૂર અસ્પંદયારજી કામદીને ૧૮૨૬ માં પોતાના પુસ્તક 'કદીમ તારીખ પારસીઓની કસર'માં પરાપૂર્વથી ચાલતી આવેલી એક ભરોસાપાત્ર વિગત નોંધી છે. એ વિગત પ્રમાણે ઈરાનીઓના આગમનનું વર્ષ વિક્રમ સંવત ૭૭૨, અથવા ઈસ્વી ૭૧૬ અથવા યઝ્‌દગર્દી ૮૫ હતું. એ આગમનના દિવસની હિંદુ તિથિ હતી શ્રાવણ સુદ ૯ શુક્રવાર, અને પારસી તિથિ ચોથા મહિનાના બીજા દિવસે પડતી હતી. હવે સંવત ૭૭૨ માં એક અધિક શ્રાવણ આવેલો, પણ એમાંના એકે માસમાં સુદની નવમીએ શુક્રવાર પડતો ન હતો. વળી પારસી તિથિ સાથે પણ એ તારીખનો મેળ બેસતો નહોતો, એટલે ૧૯ મી સદીમાં કે. આર. કામાએ

શોધ કરી કે શ્રાવણ સુદિ ૯ અને શુક્રવાર, જે પારસી ચોથા મહિનાના બીજા દિવસે જ આવતો હતો, તે સંવત ૭૭૨ માં નહિ, પણ ૯૯૨ માં પડતો હતો. પણ એટલી શોધથી આગળ કે. આર. કામા જઈ શક્યા નહિ. પણ વીસમી સદીમાં જૂનાગઢ કૉલેજના આચાર્ય એસ. એચ. હોડીવાળા[૭૩] એનો પ્રતિદાયક ખુલાસો આપી શક્યા. એમના મંતવ્ય પ્રમાણે અસલ ભરોસાપાત્ર નોંધમાં જ ૯૯૨ લખાયું હતું, પરંતુ ૯ નો આંકડો ૭ જેવો લાગવાથી એ ૭૭૨ નું ખોટું વર્ષ વંચાયું, અને આ ગોટાળો ઊભો થયો, વળી સંવત ૯૯૨(ઈ.સ. ૯૩૬)માં જ હિંદુ અને પારસી તિથિઓ પણ બંધ બેસે છે, એટલે ઈરાનીઓનું આગમન ઈ. સ. ૯૩૬ માં થયું એવી સૌ કોઈની ખાતરી થઈ.

એસ. એચ. હોડીવાળાની એક બીજી અગત્યની શોધ[૭૪] એ હતી કે ઈ. સ. ૯૩૬ માં ઉત્તર કોંકણમાં શિલાહાર વંશનું રાજ્ય ચાલતું હતું અને ગોગ્ગીનો પુત્ર વજ્જડ–દેવ એ સમયે રાજા હોય એ બનવાજોગ હતું. એ 'વજ્જદ' શબ્દ ઉપરથી પારસીઓએ 'જાદી' શબ્દ બનાવ્યો હશે. વળી પારસીઓ પોતાના કલ્યાણકર્તા હિંદુ રાજાને 'દેવ' કહી સંબોધે નહિ, કેમકે અવસ્તા ભાષામાં 'દેવ'નો અર્થ 'દૈત્ય' થાય છે, તેથી પારસીઓએ એ રાજાને 'રાણો' કહ્યો. આમ 'વજ્જદ-દેવ' ઉપરથી 'જાદીરાણા' થયું હોય એ તદ્દન શક્ય છે.

ડૉ. એરચ જે. એસ. તારાપોરવાળા[૭૫] આ મતનો સ્વીકાર કરે છે. તેઓ માનતા કે અરબોએ જ્યારે ઈરાન જીત્યું ત્યારે એમણે મહાત્રાસ વર્તાવ્યો નહોતો અને એક હાથમાં કુરાન અને બીજા હાથમાં તલવાર પકડી જોરજબરીથી ઈરાનીઓ પાસે ધર્માંતર કરાવ્યું પણ નહોતું. (બીજા ઘણા વિદ્વાનોનો એ વિશે તદ્દન જુદો જ મત છે એ નોંધવું જોઈએ.) ડૉ. તારાપોરવાળાના મત પ્રમાણે સંવત ૭૭૨(ઈ.સ. ૭૧૬)માં ઈરાનીઓએ ભારતવર્ષ પ્રત્યે પ્રયાણ કરવાની કશી જરૂર નહોતી, પરંતુ ખલીફ મામૂન પછીના ખલીફો ભારે ધર્મઝનૂની હતા, તેઓમાં ખલીફ અલ્મુતવક્કિલ (રાજ્યકાલ ઈ. સ. ૮૪૭–૮૬૧) બહુ જ ધર્માંધ હતો, તેણે ઈરાની જરથોસ્તીઓ વિરુદ્ધ અનેક કાયદા પસાર કર્યા, અને ઈરાનનાં સંતાનોને ઈરાનમાં જ રહેવું અસહ્ય થઈ પડ્યું, એ તો ડૉ. તારાપોરવાળા પોતે પણ કબૂલે છે. એ પછી જ, 'કિસ્સએ સંજાન'માં જણાવ્યું છે તેમ, કેટલાક ઈરાનીઓ ખોરાસાનમાં જઈ વસ્યા અને ઘણાં વર્ષો પછી ઈરાનને અંતિમ નમસ્કાર કરી જલમાર્ગે ભારતવર્ષમાં આવી પહોંચ્યા. એટલે 'કિસ્સએ સંજાન' તવારીખ નહિ, પણ એક જૂની અનુશ્રુતિ (tradition) ઉપર રચાયેલ હોવા છતાં છેવટે ઇતિહાસનો ટેકો મેળવવા પામે

છે, અને પારસીઓનું હિંદમાં આગમન ઈ.સ. ૯૩૬ માં સંજાણના રાજા જાદી રાણાના સમયમાં થયું હોવું જોઈએ એમ હવે સૌ માનતા થયા.

પરંતુ ઇતિહાસમાં છેવટનું સત્ય તો કોઈ ઉચ્ચારી શકયું નથી. આવતી કાલે પુરાતત્ત્વવિદ્યા(archaeology)નું કેવું સંશોધન થશે અને કોની ગણતરી ઊંધી વળી જશે એની કોઈને ખબર નથી. આપણી આ બાબતમાં પણ છેલ્લી શોધખોળના આધારે પાછી અનિશ્ચિતા ફેલાઈ રહી છે. 'સંજાનના સ્થાનિક ઇતિહાસ ઉપર પડેલો પ્રકાશ' એ નામના એક લેખમાં ડૉ. હરિપ્રસાદ ગં. શાસ્ત્રી[૭૬] લખે છે તેમ (હાલના મહારાષ્ટ્ર રાજ્યના) થાણા જિલ્લાના દહાણુ તાલુકાના ચિંચણી ગામે ૧૯૫૫ માં પાંચ તામ્રપત્ર મળ્યાં. એની વિગત ડૉ. દિ. ચં. સરકારે *Epigraphia Indica* માં નોંધી છે, અને એ વિશે 'ચિંચણીમાંથી મળેલા પાંચ અપ્રસિદ્ધ તામ્રપત્ર-લેખો' એવા નામનો લેખ ડૉ. ઉમાકાંત શાહ અને ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીએ 'બુદ્ધિપ્રકાશ'માં લખ્યો હતો. આ પાંચ તામ્રપત્રોમાંથી માત્ર પ્રથમ તામ્રપત્ર જ આપણા માટે ઉપયોગી છે. આ દાનશાસન ઈ.સ. ૯૨૬ માં રાષ્ટ્રકૂટ રાજા ઇંદ્રરાજ ત્રીજાએ આપ્યું હતું. એ સમયે સંયાન(સંજાણ)માં ખંડિયા અરબ રાજાઓનો અમલ ચાલતો. આ દાનશાસન બીજા કેટલાક અમલદારો ઉપરાંત 'હંયમન' નામે ઓળખાતા અમલદારોને બક્ષિસ અપાયું હતું. ડૉ. જીવનજી જ. મોદીએ 'હંયમન' (અવસ્તા પ્રમાણે 'હંજમન' અને ફારસી પ્રમાણે 'અંજુમન')નો અર્થ 'પારસી વસાહત' એવો કર્યો છે. હવે જો આવી વસાહત સંજાણમાં ઈસ્વી ૯૨૬ માં થઈ ચૂકી હોય તો પારસીઓનું આગમન ઈ.સ. ૯૩૬ માં થયું હતું એમ કેમ કહી શકાય? વળી જાદીરાણા તે જ ઉત્તર કોંકણમાં રાજ્ય કરી ગયેલ શિલાહાર વંશના વજ્જડદેવ એવો એસ. એચ. હોડીવાળાનો તર્ક પણ અહીં ખોટો પડે છે, કેમકે રાષ્ટ્રકૂટ વંશ ઈ. સ. ૯૭૨ માં પૂરો થયો હતો અને ઉત્તર કોંકણના શિલાહાર વંશનો આરંભ તો એ પછી થયો હતો.

ડૉ. હરિપ્રસાદ ગં. શાસ્ત્રી[૭૭] દલીલ કરે છે તેમ સંજાણમાં પારસી વસાહત થઈ ત્યારે રાષ્ટ્રકૂટ રાજાઓના આધિપત્ય નીચે ત્યાં યાદવ માંડલિકોનું પણ શાસન ચાલતું હશે, એ ઉપરથી જણાય છે કે જે જાદીરાણાએ પારસીઓને આશ્રય આપ્યો એ પણ એક યાદવ માંડલિક હોવો જોઈએ. ખુદ 'યાદવ' અને 'જાદી' શબ્દો પણ એક જ છે, અને તેથી 'જાદી' શબ્દનું મૂળ 'વજ્જડ-દેવ' ઉપરથી શોધવા નીકળવાની કાંઈ જરૂર જણાતી નથી. વળી જાદી રાણાને જો શિલાહાર વંશનો ગણવો હોય તો એ વંશ તો છેક ઈ.સ. ૯૭૨ પછી થયો હતો. આ રીતે પારસીઓનું આગમન જલમાર્ગે પશ્ચિમ ભારતવર્ષમાં ક્યારે થયું અને ક્યા

વંશના કયા રાજાએ એમને આશ્રય આપ્યો એ બાબત હજી નક્કી થયેલી કહેવાય નહિ, અને મહાપ્રયત્ને હાથમાં આવેલી બાજી હાલ તુરત પાછી ખોરવાઈ ગઈ લાગે છે.

ઈરાની પૂર્વજોનું ભારતવર્ષમાં આગમન થયું એની એક સીમા આપણે દોરી શકીએ છીએ. મુંબઈ નજદીક આવેલી કન્હેરી બૌદ્ધ ગુફાઓમાં પહેલવી લેખ કોતરાયા છે એ વિગત કે. આર. કામાને[૭૮] ડૉ. ભાઉ દાજી તરફથી જાણવા મળી. એ લેખો ઉપરથી જણાયું કે પારસીઓનાં બે જૂથ ત્યાં બે જુદા સમયે ઉજાણી કરવા ગયાં હશે. સદ્‌ભાગ્યે તેઓને એ ગુફાઓમાં પોતાનાં નામ અને ઉજાણી કર્યાનાં વર્ષ કોતરવાની બુદ્ધિ સૂઝી. એ નામો ઉપરથી અને વર્ષો યઝ્‌દગર્દી આપ્યાં હોવાથી તેઓ પારસીઓ હોવા જોઈએ એમ સ્પષ્ટ થાય છે. પહેલું જૂથ ગયું એનું વર્ષ લખ્યું છે યઝ્‌દગર્દી ૩૫૬ (ઈ.સ. ૯૮૮). બીજા જૂથનું વર્ષ છે યઝ્‌દગર્દી ૩૯૦ (ઈ.સ. ૧૦૨૨). પારસીઓએ અહીં વસવાટ કર્યો તેનાં કેટલાંક વર્ષો પછી તેઓએ હિંદુ નામ પણ રાખવા માંડયાં હતાં. પણ આ કોતરાયેલાં નામ તો શુદ્ધ ઈરાની છે એ ઉપરથી કહી શકાય કે એ માણસો પારસીઓ હોવા ઉપરાંત જે ઈરાની પૂર્વજો સંજાણમાં આવી વસ્યા હતા અને હવે આજુબાજુ ફેલાતા હતા તેમના જ તેઓ નજદીકના વંશના હોવા જોઈએ. ત્યારે એટલું તો ફલિત થાય છે કે પારસી પૂર્વજોનું પશ્ચિમ ભારતવર્ષમાં આગમન ઈ.સ. ૯૮૮ પછી તો હોઈ શકે નહિ અને એ ઘણું કરી ઈસ્વી દસમી સદીના આરંભમાં થયું હોવું જોઈએ.

પારસીઓ જરથોસ્તી ધર્મ પાળે છે. એ ધર્મના સ્થાપક જરથુસ્ત્ર (જરથોસ્ત) ઈરાનમાં થયા. જરથોસ્તી ધર્મ સ્થપાયા પહેલાં સૈકાઓ પર ઈરાનમાં ભારતીય-ઈરાની નામે ઓળખાતો આર્યધર્મ ફેલાયેલો હતો. એ અનેકેશ્વરવાદી હતો. આગળ જતાં એ પ્રજામાં ધાર્મિક મતફેરી ઊભી થઈ અને એક મોટું ટોળું ભારતવર્ષમાં ઊતરી આવી સિંધુ નદી પાસે વસ્યું એ કારણે એ હિજરતીઓ 'સિંધુઓ' અથવા 'હિંદુઓ' તરીકે ઓળખાયા. જેઓ ઈરાનમાં જ રહ્યા તેઓ ઈરાનના પાર્સ નામના એક મુખ્ય પ્રાંત ઉપરથી આગળ જતાં 'પારસીઓ' કહેવાયા. જરથુસ્ત્ર કયારે થઈ ગયા એ નિશ્ચિત થઈ શકયું નથી.

જરથુસ્ત્રની સૌથી મહત્ત્વની સેવા એ એકેશ્વરવાદનો એમનો સંદેશ હતો. અહુરમઝ્‌દ (ઈશ્વર) એક જ છે. ભારતીય-ઈરાની ધર્મમાં જે અનેક દેવદેવીઓ

હતાં તેઓનો હવે નિષેધ થયો અને તેઓને ઠેકાણે અહુરમઝ્દની આજ્ઞા ઉપાડનાર ફિરસ્તાઓ આવ્યા. સૈકાઓ પછી પાછી પ્રકૃતિપૂજા શરૂ થઈ, જોકે હવે પ્રકૃતિનાં સ્વરૂપ દેવો નહિ, પણ ફિરસ્તાઓ જ રહ્યા અને પૂજા તો માત્ર એક અહુરમઝ્દની થતી. જરથુસ્ત્ર અત્યંત દયાળુ હોવાથી એમણે પશુઓના બલિદાનની મનાઈ ફરમાવી.[79] જરથુસ્ત્રના શિક્ષણથી મદિરાપાનનો રિવાજ પણ ત્યાજ્ય ગણવામાં આવ્યો.[80] જરથુસ્ત્રે એક ગાથામાં વોહુમનો(પવિત્ર મન)-નો[81] સંદેશ સંભળાવી શુદ્ધ વિચાર, વાચા અને વર્તન દ્વારા સમસ્ત પ્રજામાં પવિત્રતાવાળું વાતાવરણ ફેલાવ્યું. જરથોસ્તીનો ધર્મ અને એનું કર્તવ્ય એ છે કે એણે પ્રભુનું અનુકરણ કરી, પરોપકારી જીવન ગાળી પ્રભુમય બનવું. બીજી ગાથાનું એક મહાવાક્ય[82] છે : સુખ તેને કે જેનાથી સુખ બીજાને.

જરથોસ્તી ધર્મ ભાવનાવાદી કરતાં વાસ્તવવાદી વિશેષ છે. જરથોસ્તી ધર્મ સમજાવે છે કે નિત્ય ઈશ્વરનું ધ્યાન ધરી જગતનાં કાર્યોમાં નિમગ્ન રહેવું અને ઈશ્વરને અમાન્ય હોય તેવું અનુચિત એકે કાર્ય કરવું નહિ. જીવનમાં જે શુભ હોય તેની જોડે સહકાર કરવો, જે અનિષ્ટ હોય તેનો સામનો કરવો, પણ જીવન અને એની અનેક ફરજો પ્રત્યે પીઠ ફેરવી કાયરની પેઠે ભાગવું નહિ. જીવનમાં સંવાદની જરૂર છે અને કેટલીક વાર સંગ્રામની પણ આવશ્યકતા ઊભી થાય છે. પવિત્ર હૃદય અને શુદ્ધ મન સાથે અનિષ્ટનો સામનો કરવાથી જીવન એક કુરુક્ષેત્ર નહિ, પણ ધર્મક્ષેત્ર બની જાય છે.

જરથોસ્તી ધર્મનું ધ્યેય સુખવૈભવ કે ભોગવિલાસ નથી, પણ સંપૂર્ણતા છે.[83] જેમ માનવી સંપૂર્ણતા પ્રત્યે આગળ વધે છે તેમ એ ઓછો પાપી અને વધુ પુણ્યશાળી બને છે અને છેવટે એ અહુરમઝ્દના સાંનિધ્યમાં પહોંચે છે, અને જરથોસ્તી ધર્મ પ્રમાણે એના આત્માનો ઉદ્ધાર થાય છે.

જરથોસ્તી ધર્મ જ્ઞાન અને ભક્તિમાં માને છે, પણ સૌથી વિશેષ એ કર્મમાં શ્રદ્ધા ધરાવે છે. ખરી આવશ્યકતા છે સુકર્મની.[84] જરથોસ્તી ધર્મ પ્રમાણે નિષ્કામ કર્મ અને સ્વાર્થરહિત પરોપકારથી જ અહુરમઝ્દ પ્રસન્ન થાય છે.

જરથુસ્ત્રનો સંદેશ છે કે જગતમાં જીવો, પણ જગતના થઈ એમાં લપટાશો નહિ, પણ જલકમલવત્ રહી સેવા બજાવ્યા કરો.

જરથોસ્તી ધર્મ અપરિણીત જીવન કરતાં વિવાહિત જીવનને વધુ પસંદગી આપે છે, કેમકે વિવાહિત જીવન વધુ કુદરતી છે. જરથોસ્તી ધર્મ જીવન જેવું

છે તેવું સ્વીકારી લઈ એનો ઉત્કર્ષ કરવા ઇચ્છે છે, એનો ઉચ્છેદ કરવા ઇચ્છતો નથી. જરથોસ્તી ધર્મ અત્યંત વ્યવહારુ છે. વ્યવહારમાં ન મુકાય તેવા સિદ્ધાંતોનો એ પ્રચાર કરતો નથી. જરથોસ્તી ધર્મ પ્રમાણે કોઈ તારણહાર નથી. જરથોસ્તી ધર્મમાં મર્દાનગી છે અને પ્રત્યેક માનવી પોતાનાં કર્મોથી પોતાનો જ તારણહાર થઈ શકે એવો એ ધર્મનો બોધ છે.

જરથુસ્ત્રે અગ્નિની પૂજા ચાલુ રાખી. એમને મન પરમાત્માનું સાચું પ્રતીક તે પ્રકાશ છે. પ્રકાશ જ સૌથી શ્રેષ્ઠ પ્રતીક હોઈ એને ઈશ્વરનું અને જરથોસ્તી ધર્મનું ચિહ્ન ગણવામાં આવ્યું છે, છતાં પ્રકાશ અહુરમઝ્દનું માત્ર ચિહ્ન છે.

જરથોસ્તી ધર્મ તત્ત્વજ્ઞાન કરતાં નીતિશાસ્ત્ર ઉપર વધુ ભાર મૂકે છે. સૌથી શ્રેષ્ઠ સદ્‌ગુણ 'અષ' નો છે. એનો અર્થ છે સીધાપણું, સત્ય, પવિત્રતા. એ સદ્‌ગુણમાં સર્વ સદ્‌ગુણો સમાઈ જાય છે. આ ધર્મમાં પ્રેમ અને અહિંસાનું માહાત્મ્ય તો છે, તોપણ એના કરતાં ન્યાયની વધુ અગત્ય સ્વીકારવામાં આવી છે.

જરથોસ્તી ધર્મમાં ભક્તિનો મહિમા બહુ મોટો ગણવામાં આવ્યો છે અને દિવસમાં પાંચ વાર પ્રાર્થના કરવાનું ફરમાન છે. પ્રાર્થનાથી ઈશ્વરનું મનન-ચિંતન થાય છે અને તેથી મન શુદ્ધ અને હૃદય નિર્મળ બને છે. આ ધર્મ ઉદ્યોગ અને ખંતને વખાણે છે અને ખેતીને ખાસ પ્રોત્સાહન આપે છે. વંદીદાદમાં[૮૫] તો કહેલું છે કે જે ધાન્ય વાવે છે તે અષોઈ વાવે છે. કોઈએ કરજ કરવું નહિ એવું પણ આ ધર્મનું ફરમાન છે.

ટૂંકમાં, જરથોસ્તી ધર્મનો આશય વ્યક્તિ અને જગત ઉભયનું કલ્યાણ સાધવાનો છે. એના સાચા અનુયાયીઓમાંથી સંન્યાસીઓ નહિ, પણ વ્યાવહારિક સંતો અથવા મહાન કર્મવીરો ઉત્પન્ન થવાની સંભાવના છે.

## પાદટીપો

૧. હરિપ્રસાદ શાસ્ત્રી, "મૈત્રકકાલીન ગુજરાત," ભાગ ૨, પૃ. ૩૪૧-૪૨
૨. એજન, પૃ. ૩૪૨-૪૩
૩. એજન, પૃ. ૩૫૫
૪. એજન, પૃ. ૩૫૬
૫. એજન, પૃ. ૩૫૭
૬. એજન પૃ. ૩૬૮
૭. એજન, પૃ. ૩૬૩, ૩૬૮
૮. *Bombay Gazetteer*, Vol. I, p. 164; દુર્ગાશંકર શાસ્ત્રી, "શૈવ ધર્મનો સંક્ષિપ્ત ઇતિહાસ," પૃ. ૧૪૭-૪૮

૯. Thapar, *Somanātha–Shrine Eternal*, p. 89. વળી જુઓ દુર્ગાશંકર શાસ્ત્રી, "ગુજરાતનો મધ્યકાલીન રાજપૂત ઇતિહાસ," પૃ. ૨૦૨-૪.

૧૦. મૈ.ગુ., ભાગ ૨, પૃ. ૩૬૭

૧૧. હ. ગં. શાસ્ત્રી, "ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ," પૃ. ૧૫૬-૫૭

૧૨. મૈ.ગુ., ભાગ ૨, પૃ. ૩૭૦-૭૨ ૧૩. એજન, પૃ. ૩૭૩-૭૪

૧૪. હ. ગં. શાસ્ત્રી, "ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ", પૃ. ૧૫૬

૧૫. મૈ.ગુ., ભાગ ૨, પૃ. ૩૭૭

૧૬. M.R. Majmudar(Ed.), *Chronology of Gujarat*, Vol. I, p. 272

૧૭. ગિ.વ. આચાર્ય, "ગુજરાતના ઐતિહાસિક લેખો," ભાગ ૧, પૃ. ૧૩૨

૧૮. M.R. Majmudar, *op. cit.*, pp. 239, 272

૧૯. મૈ.ગુ., ભાગ ૨, પૃ. ૩૮૪ ૨૦. એજન, પૃ. ૪૨૦

૨૧. ભો.જ. સાંડેસરા, "જૈન આગમસાહિત્યમાં ગુજરાત," પૃ. ૧૮, ૪૨, ૯૧

૨૨. મૈ.ગુ., ભાગ ૨, પૃ. ૪૨૦

૨૩. જિનવિજય, "ભારતીય વિદ્યા" (સિંઘી સ્મૃતિગ્રંથ), ભાગ ૩, પૃ. ૧૯૧-૯૬

૨૪. મૈ.ગુ., ભાગ ૨, પૃ. ૪૨૨-૨૩

૨૫. M.R. Majmudar, *op. cit.*, p. 150 ૨૬. *Ibid.*, p. 144

૨૭. જૈ.આ.ગુ., પૃ. ૧૭૬-૭૭ ૨૮. એજન, પૃ. ૭૩-૭૪

૨૯. એજન, પૃ. ૬૮-૬૯ ૩૦. એજન, પૃ. ૨૧૬-૨૧૭

૩૧. M.R. Majmudar, *op. cit.*, p. 240 ૩૨. *Ibid.*, p. 231

૩૩. *Ibid.*, p. 264

૩૪. ભો.જ. સાંડેસરા 'ગુજરાતમાં રચાયેલા કેટલાક દિગંબર જૈન ગ્રંથો', "ઇતિહાસ અને સાહિત્ય," પૃ. ૧૪૯-૫૭

૩૫. M.R. Majmudar, *op. cit.*, p. 254 ૩૬. મૈ.ગુ., ભાગ ૨, પૃ. ૩૮૫

૩૬, M.R. Majmudar, *op. cit.*, p. 169

૩૮. "પુરાતત્ત્વ", પુ. ૧, પૃ. ૧૦૩-૧૧૨

૩૯. મૈ.ગુ., ભાગ ૨, પૃ. ૩૮૫-૪૦૫

૪૦. ઉમાકાંત શાહ, 'ગુજરાતમાં બૌદ્ધ ધર્મ', "સ્વાધ્યાય", પુ. ૧, અંક ૩, પૃ. ૩૦૬-૧૭

૪૧. ભો. જ. સાંડેસરા, "અન્વેષણા," પૃ. ૧૦૮-૧૦

૪૨. M.R. Majmuder, *op. cit.*, p. 246; મણિભાઈ દ્વિવેદી, "પુરાતન દક્ષિણ ગુજરાત," પૃ. ૨૧૨-૧૩

૪૩. ઉમાકાંત શાહ, ઉપર્યુક્ત, પૃ. ૩૨૦-૨૧

૪૪. M.R. Majmudar, *op. cit.*, p. 236

૪૫. *Ibid.*, p. 238. આ ભૂમિદાન સ્વીકારનાર જૈન મંદિર ચૈત્યવાસી પરંપરાનું હોય એ સંભવિત છે.

૪૬. Philp K. Hitti, *History of the Arabs*, p. 104

૪૭. *Ibid.*, p. 116

૪૮. R. A. Nicholson, *A Literary History of the Arabs*, p. 175

૪૯. એટલે કે 'અલ્લાહ સિવાય (અન્ય) કોઈ અલ્લાહ નથી અને મોહમ્મદ એનો રસૂલ છે.'

૫૦. T. W. Arnold, *Preaching of Islam*,, pp. 45–101

૫૧. मौलाना सैयद सुलैमान नदूवी, "अरबोंकी जहाज़रानी," पृ. ८१

૫૨. એ ઈરાની અખાતના સૈરાફ બંદરનો વતની હતો. પાછળથી એણે બસરામાં જઈને વસવાટ કર્યો હતો. એણે "सिलसिलतुत्तवारीख़" નામનો પ્રવાસગ્રંથ લખ્યો હતો. કૌંસમાં જણાવેલાં વર્ષ પુસ્તક પૂરું થયાનો સમય સૂચવે છે.

૫૩. એ ઈરાનનો વેપારી હતો. "अजायिबुल-हिंद" નામના ગ્રંથમાં એણે અને એના સાથીઓએ ગુજરાત અંગેની બાબતો નોંધેલી છે.

૫૪. અબૂલ્‌હસન અલી અલ્‌મસ્‌ઊદી ભૂગોળવિદ અને તવારીખનવેસ હતો. એણે અનેક ગ્રંથ રચ્યા હતા. તેઓમાંના "मुरूजुज़्ज़हब"માં ગુજરાત અંગેની માહિતી મળે છે. એ પુસ્તક એણે ઈ. સ. ૯૪૩(હિ. સ. ૩૩૨)માં લખ્યું હતું.

૫૫. એના "किताबुलअक़ालीम" નામના ગ્રંથમાં ગુજરાત અંગેની વિગત મળે છે.

૫૬. ઇબ્ને હ૊કલ બગદાદીના "अश्‌कालुल्‌बिलाद" નામના ગ્રંથમાં ગુજરાત અંગે વિગત છે.

૫૭. सुलैमान सैराफी, "सिल्‌सिलतुत्‌तवारीख़," पृ. २६–३०, (मौलवी मोहम्मद अब्दुलमालिक, "शाहाने गूजर," भा. २, पृ. ૫૧૭ના આધારે)

૫૮. अबूल्‌हसन अली अल्‌मसउदी, "मुरूजुज़्ज़हब", भा. १, पृ. ३३०–३४० (मौलाना सैयद सुलैमान नदूवी, "अरबोंकी जहाज़रानी," पृ. ૭૫ ના આધારે)

इब्ने होक़ल बग़दादी, "अश्‌कालुल्‌बिलाद, पृ. २८४, (मौलाना सैयद सुलैमान नदूवी "अरबों हिंदके तअल्लुक़ात," પૃ. ૨૮૪ ના આધારે)

૫૯. એ માટે અરબ વેપારીઓનાં સફરનામાઓમાં 'બલહરા' નામ છે.

૬૦. इब्ने होक़ल बगदादी, "अश्‌कालुल्‌बिलाद", पृ. २३३ (मौलाना सैयद सुलैमान नदूवी, "अरबोंहिंदके तअल्लुक़ात" પૃ. ૨૮૪ ના આધારે)

૬૧. सुलैमान सैराफ़ी, "सिल्‌सिलतुत्‌तवारीख़," पृ. २६–३० (मौलवी मोहम्मद अब्दुल्‌ मालिक, "शाहाने गूजर," भा. १, पृ. ૫૧૬ ના આધારે)

अबूलहसन अली अल्‌मसऊदी, "मुरूजुज़्ज़हब", भा. १, पृ. ३८२, ३८४ (अरबोंहिंदके तअल्लुक़ात, પૃ. ૨૮૦ ના આધારે)

૬૨. सुलैमान सैराफ़ी, "सिल्‌सिलतुत्‌तवारीख़" पृ. २६–३० (मौलवी मोहम्मद अब्दुल मालिक, "शाहाने गूजर," भा. १, पृ. ૫૧૬ના આધારે)

૬૩. इब्ने होक़ल बग़दादी, "अश्काल्लुल्बिलाद," पृ. २३३ (H. M. Elliot, '*The History of India,*' Vol, I, p. 34 ના આધારે)

૬૪. બુઝુર્ગ બિન શહરિયારે એના ગ્રંથમાં નોંધ્યું છે કે હું આ તરફ મારાં જહાજો લાવતો હતો ત્યારે મને હિંદુમાંથી મુસલમાન થયેલો એક વહાણવટી મળ્યો હતો.

अजायिबुल्हिंद, पृ. १६ (मौलाना सैयद सुलैमान नद्वी, अरबोंहिंदके तअल्लुक़ात" પૃ. ૨૭૮ ના આધારે)

૬૫. હરિપ્રસાદ ગં. શાસ્ત્રી, "ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ", પૃ. ૧૬૫

૬૬. જુઓ ગ્રંથ ૨, પ્રકરણ ૬-૭.

૬૭. J. Marshall, *A Guide to Taxila*, pp. 87 f.

૬૮. V. A. Smith, *Early History of India*, p. 175

૬૯. એ મતના સમર્થન માટે જુઓ V. A. Smith, *Early History of India*, pp. 173 f. અને J. Fergusson, *History of Indian and Eastern Architecture*, Vol. I, p. 59.

૭૦. જુઓ भविष्यपुराण, अ. १३९.

૭૧. જુઓ H. M. Elliot and G. Dowson, *History of India as told by its own Historians*, Vol. III, pp. 389 ff: "મલફૂઝાતે તયમૂરી" કે "તુઝૂકે તૈમૂરી" (તયમૂરનાં લખાણો અથવા આત્મકથા). (જુઓ પાલનજી બ. દેસાઈ-કૃત, "તારીખે શાહાને ઈરાન," દફતર બીજું, પૃ. ૪૧૬-૪૧૮ (ગુજરાતી).

૭૨. પરાપૂર્વથી તે આધુનિક સમય સુધી ઈરાનીઓ અને ભારતીયો વચ્ચેના સાંસ્કૃતિક સંબંધના સળંગ ઇતિહાસ માટે જુઓ ફીરોઝ કા. દાવરનાં *Iran and its Culture* અને *Iran and India Through the Ages.*

૭૩-૭૪. S. H. Hodiwala, *Studies in Parsi History*, pp. 67 ff.

૭૫. જુઓ એરચ જહાંગીર તારાપોરવાળા, 'પારસીઓનું હિંદમાં આગમન તથા તેમનો ત્યાર પછીનો ઇતિહાસ', "બુદ્ધિપ્રકાશ", વર્ષ ૮૩, પૃ. ૨૮૧-૨૯૧.

૭૬. જુઓ હરિપ્રસાદ ગં. શાસ્ત્રી, 'સંજાણના સ્થાનિક ઇતિહાસ પર પડેલો પ્રકાશ,' "ગુજરાતી સાહિત્ય પરિષદ, ૨૧ મું સંમેલન, હેવાલ," પૃ. ૨૭૮-૨૮૩.

૭૭. જુઓ હરિપ્રસાદ ગં. શાસ્ત્રી, "ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ," પૃ. ૧૬૩-૧૬૪.

૭૮. F. C. Davar, *Iran and India through the Ages*, pp. 104 f.

૭૯. જુઓ યસ્ન, ૩૨, ૧૨.

૮૦. જુઓ યસ્ન, ૪૮, ૧૦.

૮૧. જુઓ યસ્ન, ૨૮, ૧.

૮૨. જુઓ યસ્ન, ૪૩, ૧.

૮૩. જુઓ યસ્ન, ૩૩. ૮.

૮૪. જુઓ યસ્ન, ૩૧, ૧૦.

૮૫. જુઓ વંદીદાદ, ૧૧, ૧૨.

૮૬. જુઓ વંદીદાદ, ૩, ૩૧.

# ખંડ ૪

# પુરાવસ્તુ

## પ્રકરણ ૧૪

## સ્થળતપાસ અને ઉત્ખનન દ્વારા મળતી માહિતી

ગુજરાતમાં આદ્ય-ઐતિહાસિક તથા પ્રાચીન ઐતિહાસિક કાલનાં સંશોધનોના પ્રમાણમાં મૈત્રક તથા અનુ-મૈત્રક કાલની પુરાણી વસ્તુઓનું સંશોધન ઓછું થયેલું હોવા છતાં એમાં કેટલીક નોંધપાત્ર શોધ થયેલી છે (નકશો ૪). આ સંશોધનોના પરિણામે આ કાલનાં નગરો તથા ગામોમાંથી માટીકામના નમૂના, મુદ્રાઓ, ધાતુના નમૂના, તળાવો વગેરે ઘણી સામગ્રી પ્રાપ્ત થઈ છે. આ તમામ સામગ્રી પરથી જાણવા મળે છે કે આ કાલનાં ઘણાં ગામ અને નગરો સાતમી–આઠમી સદી પછી નાશ પામ્યાં હતાં તેમજ કેટલાંક પર લાંબા વખત સુધી કોઈ વસ્તી થયાનાં ચિહ્ન મળતાં નથી. આવી મહત્ત્વની ઐતિહાસિક અર્થઘટનની બાબતો મળી આવેલી હોઈ એનું અહીં અર્થઘટન કરવાને બદલે આ યુગની પુરાવસ્તુઓનો ખ્યાલ આપવાનો ઉદ્દેશ નજર સમક્ષ રાખીને અહીં કેટલીક માહિતી આપી છે.

### માટીની વસ્તુઓ

આ કાલ પૂર્વેના કાલની માફક આ કાલના માટીના અવશેષોમાં વાસણો, રમકડાં, પૂતળીઓ, ઈંટો, વગેરે ગણાવાય. આ પૈકી વાસણોનાં ઠીકરાં મોટા પ્રમાણમાં મળી આવ્યાં છે.

આ કાલનાં માટીનાં વાસણોમાં લાલ સાદાં તથા ઘૂંટેલાં, કાળાં સાદાં તથા ઘૂટેલાં, તેમજ લાલ ચીતરેલાં, મુદ્રાંકિત, અબરખ છાંટેલાં આદિ ગણાવી શકાય. આ વાસણો ટીંબરવા, વડોદરા, અકોટા, દ્વારકા, સોમનાથ, શામળાજી, વડનગર અને નગરાના ખોદકામમાંથી મળ્યાં છે[1] (પટ્ટ ૩, આ. ૧–૧૪; ૧૬–૨૦; પટ્ટ ૫, આ. ૪૧, ૪૩, ૪૪; પટ્ટ ૬, આ. ૪૯, ૫૨–૫૬). વલભીપુરની સ્થળતપાસમાં પણ આવાં વાસણ ઉપલબ્ધ થયાં છે.[૧અ] નગરામાંથી રોમન ઘાટના ઍમ્ફોરાના અવશેષ મળ્યા છે (પટ્ટ ૪, આ. ૨૧). લાલ ચળકતાં વાસણ (Red Polished ware) તેમજ બીજાં ક્ષત્રપકાલીન વાસણ આ કાલમાં ભાગ્યેજ મળે છે.

સાદાં લાલ વાસણ બનાવટમાં ખાસ વિશેષતા દર્શાવતાં નથી. એમાં વિચિત્ર જાતના વાડકા તથા નાના ઘડા મુખ્યત્વે જોવામાં આવે છે. આ વાડકા નાની બેઠકવાળા તથા સીધી બાજુઓ અને સાદી કિનારવાળા તથા બાલ્યગોળ આકારવાળા, બેઠક વિનાના તથા સાદી અંદર વળેલી કોરવાળા, એમ જુદા જુદા ઘાટના જોવામાં આવ્યા છે. તેઓની બનાવટ ખાસ કારીગરી વિનાની હોય છે, જોકે એ સારી રીતે પકવેલા હોય છે. તેઓનું ઉત્પાદન પણ જથ્થાબંધ કરવામાં આવતું હોવાનું ચાક પરથી ઉતારતી વખતે દબાયેલા નમૂનાઓ પરથી જણાય છે.

ઘડા બહાર વળેલી કિનારવાળા અને ગોળ બેઠકવાળા હોય છે. ચાક પરથી ઉતાર્યા બાદ તેઓને ટપલા તથા વીંટલાથી ઘડીને મોટા બનાવેલા હોય છે. તદુપરાંત સાદી થાળી અથવા કલેડાં પણ આ પ્રકારનાં વાસણોમાં હોય છે.

આ વાસણોના પ્રમાણમાં લાલ ઘૂંટેલાં વાસણોની બનાવટ સારી હોય છે. તેઓની પર લાલ અસ્તર ચડાવીને ત્યારબાદ પકવ્યા પછી તેઓને ઘૂંટીને ચળકતાં બનાવવામાં આવે છે. આ વાસણોમાં પણ ઘડા, વાડકા, કોઠીના કાંઠા વગેરે હોય છે. સાદાં વાસણોની સરખામણીમાં આ અસ્તર ચડાવેલાં વાસણ દેખાવમાં સારાં હોય છે.

આ વાસણોનો વિશિષ્ટ પ્રકાર ચીતરેલાં વાસણોનો છે.[2] તેઓમાં સફેદ પટા પર કાળા રંગની વિવિધ ભાતો ચીતરેલી હોય છે (પટ્ટ. ૬, આ. ૪૫–૪૮, ૫૦–૫૨, ૫૫, ૫૭). ક્ષત્રપ કાલમાં ચીતરેલાં વાસણો પૈકી કેટલાંક આ જાતનાં હોય છે, જ્યારે મધ્ય ગુજરાતમાં આ પ્રકારનાં વાસણ વધુ પ્રમાણમાં મળતાં જોવામાં આવે છે. આ પરિપાટી લાંબા સમય સુધી ચાલુ રહેલી દેખાય છે.

વાસણોને ચીતરીને સુશોભિત કરવા ઉપરાંત તેઓની પર મુદ્રા વડે છાપ પાડીને સુશોભિત કરવામાં આવે છે. શામળાજીના[3] ઉત્ખનનમાં આવાં ઘણાં વાસણોના ટુકડા મળ્યા છે. તેઓની પર રેખાંકનો, ફૂલ, પ્રાણીઓ ઇત્યાદિની ઘણી છાપો જોવામાં આવી છે (પટ્ટ ૬, આ. ૪૫–૪૮). આ વાસણોની સાથે માટીની પટ્ટીઓ પર આંગળીથી પાડેલી ભાત અથવા બૂઠાં ઓજારો વડે દોરેલી રેખાઓથી સુશોભિત કરેલાં વાસણ પણ જોવામાં આવે છે.

આ લાલ વાસણોની સાથે અબરખ છાંટેલાં વાસણ પણ મહત્ત્વનાં છે. આ વાસણોમાં પહોળા મોંવાળી અને વચ્ચેથી કણીવાળી હાંડલી સૌથી વધુ પ્રમાણમાં જોવામાં આવે છે. લાલ રંગનાં આ વાસણોમાં અબરખનું પ્રમાણ કંઈક વધારે હોવાથી એ ચળકતાં હોય છે.[4] આ વાસણો ગુજરાત અને સૌરાષ્ટ્રના ઘણા ભાગોમાંથી મળી આવે છે.

લાલ વાસણોની સાથે કાળા રંગનાં વાસણ પણ મળે છે. આ કાળા રંગનાં વાસણ સાદાં અથવા ઘૂંટેલાં હોય છે. આ વાસણોમાં મુખ્યત્વે માટલાં તથા ઢાંકણાં તેમજ કલેડાં જોવામાં આવે છે. લાલ વાસણોની સરખામણીમાં કાળાં વાસણ ઓછાં દેખાય છે. કાળાં વાસણોની કિનાર, કાંઠો, તેમજ ઉપલો ભાગ ઘૂંટેલો અને નીચેનો ભાગ ઘણી વાર સાદો હોય છે, તેથી જ્યારે વાસણોના જુદા જુદા આકારના ટુકડા મળે ત્યારે એ જુદી જુદી જાતનાં વાસણ હોવાનો ભ્રમ પણ પેદા થાય છે, એ ધ્યાનમાં રાખવા જેવી હકીકત છે. આ પ્રકારનાં વાસણોમાં પાછળથી કરવડા અને વાઢી (પટ્ટ, ૫ આ. ૪૪; પટ્ટ ૬, આ. ૫૪) જેવા ઘાટ ઉમેરાતા હોય એમ લાગે છે.

મૌર્ય અને ક્ષત્રપ કાલનાં વાસણોમાં જેટલી વિવિધતા જોવામાં આવી છે તેની સરખામણીમાં આ કાલમાં વિવિધતાનું પ્રમાણ કંઈક ઓછું દેખાય છે, પરંતુ માટીકામના ઘાટ અને એની બનાવટની શૈલીનું ધોરણ બરાબર જળવાયેલું લાગે છે. આ કાલમાં સંભવતઃ ધાતુનાં વાસણ ઘણાં બનાવાતાં હોય તો માટીનાં માત્ર ખપ પૂરતાં વાસણ બનાવાય અને તેથી એમાં વૈવિધ્યની વિપુલતા સામાન્ય રીતે હોય નહિ.

માટીનાં વાસણો ઉપરાંત આ કાલમાં માટીનાં રમકડાં (પટ્ટ ૫, આ. ૨૮, ૨૯), પૂતળીઓ (પટ્ટ ૪, આ. ૨૩–૨૫, ૨૭), ઈંટો, મણકા (પટ્ટ ૬, આ. ૫૩) વગેરે ગણાવાય. આવાં રમકડાં વગેરે ગુજરાતમાં કારવણ,[5] વડોદરા (અકોટા),[6] નગરા[7] ઇત્યાદિ સ્થળોએથી મળી આવ્યાં છે. આ બધાંમાં કારવણથી

મળી આવેલું યુગલ, નગરામાંથી મળી આવેલી વૃષભની પ્રતિમાઓ (પટ્ટ ૪, આ. ૨૨), ઘોડાં (પટ્ટ ૪, આ. ૨૬), ઘેટાં, નીલ ગાય, ભેંસ, હાથી વગેરે મુખ્ય છે. આ ઉપરાંત કાનનાં કુંડળ, ચકરડી, દીવા, શીશી, ચકતીઓ, મૃચ્છકટિક (માટીનું ગાડું), મુદ્રાંક (પટ્ટ ૩, આ. ૧૫), સોગઠાંનો પાસો (પટ્ટ ૫, આ. ૩૧) આદિ ગણાવાય. મનુષ્યની આકૃતિઓ (પટ્ટ, ૪, આ. ૨૩–૨૫, ૨૭) પણ આ કાલમાં થોડીઘણી મળી આવે છે. તદુપરાંત વિવિધ ઉત્ખનનોમાંથી માટીની ઈંટો તથા સુશોભિત ચકતીઓ મળી આવે છે. આવી એક સુશોભિત ચકતી ટીંબરવાના ઉત્ખનનમાંથી મળી આવી હતી. માટી ઉપરાંત આ કાલમાં પથ્થરની ઘંટી, નિશાતરા, મૂર્તિઓ, મણકા આદિ વિવિધ વસ્તુઓ મળી આવી છે. આ પૈકી મૂર્તિઓ વિશિષ્ટ અધ્યયન માગી લેતો જુદો જ વિષય હોઈ પથ્થરની ઇતર વસ્તુઓની કેટલીક માહિતી અહીં રજૂ કરી છે.

**પથ્થર**

પથ્થરની ઘંટીઓ હજુ ક્ષત્રપકાલીન સ્વરૂપો બતાવતી નજરે પડે છે. એના પર આડો હાથો હોય છે. એનું નીચેનું પડ નાનું અને વચ્ચે પથ્થરના ખીલડાવાળું હોય છે. આ ખીલડો પણ મોટો હોઈ ઘણી વાર આ પડ શિવલિંગ જેવું દેખાતું હોય છે. આવાં પડોની શિવલિંગ તરીકે પૂજા થતી ખેડા, વલભી-પુર અને ગોપ જેવી જગ્યાએ દેખાય છે, જ્યારે ઉપલા પડના ટુકડા આડાઅવળા પડેલા નગરા, ધલા, દેવની મોરી વગેરે અનેક જગ્યાઓએ નજરે પડે છે.

ઘંટીઓ ઉપરાંત લંબગોળ આકારના નિશાતરા પણ ઠામ ઠામ મળી આવે છે. એ ઘડેલા પથ્થરના હોય છે અને વપરાશને લીધે ઘણી વાર આ પથ્થરો ઊંડા ખાડાવાળા, સુંવાળા અને ચળકતા બની ગયેલા હોય છે. એનો છેદ ગોળાકાર હોય છે, પણ વધારે વપરાશને લીધે લંબગોળ થયેલા છેદવાળા નિશાતરા ગુજરાતમાં ઘણીખરી જગ્યાઓએથી મળી આવતા નજરે પડે છે.

આ કાલના બીજા પદાર્થોમાં મણકા (પટ્ટ ૫, આ. ૩૦, ૪૦, ૪૨) ગણાવાય. આ કાલમાં મધ્ય એશિયા તરફથી વૈદૂર્ય (lapis lazuli)[૮] નામનો અર્ધ-કિંમતી ભૂરા રંગનો પથ્થર આવતો તેના ગોળ, અષ્ટકોણ આદિ ઘાટના મણકા મળી આવે છે. તદુપરાંત અકીક (પટ્ટ ૫, આ. ૩૮), ચર્ટ, ચાલ્સીડોની વગેરે પદાર્થના વિવિધ ઘાટના મણકા મળી આવે છે, પરંતુ ચોકી હવે મળતી નથી. કાર્નેલિયનના ભાતવાળા મણકા પણ હવે મળતા નથી. મણકાઓના પથ્થરોની બાબત એક પુરાવો સૂચવે છે કે વૈદૂર્યના મણકા ગુજરાતમાં સાતમી સદીમાં પ્રચલિત હતા.

વૈદૂર્ય ગુજરાતમાં તેમજ ભારતવર્ષ અને પશ્ચિમ એશિયામાં તથા બીજા પ્રદેશોમાં બદકસાનીની ખાણોમાંથી આયાત થતા હોવાનું સમજાય છે. આ પદાર્થ શાંતિ અને વેપારનો સૂચક છે અને ઐતિહાસિક રાજકીય સ્થિરતાનો સૂચક હોય એવો લાગે છે. ગુજરાતમાં આ પદાર્થ મુઘલ કાલ, સલ્તનત કાલ, મૈત્રક કાલ અને ક્ષત્રપ કાલના થરોમાંથી નગરાના[૯] ઉત્ખનનમાં મળી આવ્યો છે. આ બાબત વધારે તપાસવાની જરૂર છે અને જો આ તપાસને બીજાં સ્થળોએથી પુષ્ટિ મળે તો એની સમયાંકન માટે ઘણી ઉપયોગિતા વધે.

આમ હોવા છતાં અને મણકાઓના ઘાટ અને રંગ સુંદર હોવા છતાં કોઈ વિશિષ્ટ પ્રકારના મણકા આ કાલમાં જ પ્રચલિત હતા અને બીજા કાલમાં નહોતા, એવા લાક્ષણિક પ્રકારની સામગ્રી આપણને મળી આવી નથી.

**ધાતુઓ**

આ કાલમાં લોખંડ, તાંબું, પંચધાતુ, સોનું, ચાંદી, સીસું ઇત્યાદિ ધાતુઓ વપરાશમાં હતી. લોખંડના ખીલા જેવી વસ્તુઓ ઉત્ખનનોમાંથી મળી આવી છે, પરંતુ બીજી વસ્તુઓ ખાસ મળી નથી. તાંબાનાં સુંદર શિલ્પ આ કાલમાં બનતાં હોવાના અસંખ્ય પુરાવા મળ્યા છે, પરંતુ તેઓમાં અકોટાની જૈન પ્રતિમાઓ સર્વોત્તમ છે. આ પ્રતિમાઓમાં તાંબું તથા ચાંદી વપરાયાં છે અને એના દેખાવ પરથી એમાં બીજી ધાતુઓ વપરાઈ હોય એવો સંભવ વિચારી શકાય, પરંતુ એનો વિગતવાર અભ્યાસ કરીને એ બાબત સાબિત કરવાની જરૂર છે. આ ધાતુઓમાં ચાંદી વપરાઈ હતી. તદુપરાંત ચાંદીની મુદ્રાઓ પણ આ કાલમાં બનતી હોવાનો પૂરતો સંભવ છે. ગુજરાતમાં મૈત્રકોના સિક્કાને નામે પ્રચલિત સિક્કા મળે છે, પરંતુ એ ભટ્ટારક અને શર્વ ભટ્ટારક નામે રાજાઓના[૧૦] હોઈ ને મૈત્રક રાજવીઓના સિક્કા કયા એ બાબત જોઈતી સ્પષ્ટતા હજુ સુધી થઈ નથી, પરંતુ આ કાલના બીજા રાજવીઓના સિક્કા ચાંદીના બનતા હોવાના અસંખ્ય પુરાવા છે.

આ કાલમાં સીસું સિક્કા પાડવામાં ખાસ વપરાયું નથી, પરંતુ એની પતરીઓનાં કાનનાં આભૂષણ ક્વચિત્ મળી આવે છે. આ આભૂષણો ઉપરાંત નક્કર સીસાનાં આભૂષણ પણ પ્રાપ્ત થાય છે. આમ સીસાનો થોડોઘણો ઉપયોગ જાણીતો છે.

**શંખ-છિપોલી**

ગત કાલની માફક આ કાલમાં પણ શંખની બંગડીઓ (પટ્ટ ૫, આ. ૩૨–૩૭, ૩૯), મણકા (પટ્ટ ૫, આ. ૪૦, ૪૨) ઇત્યાદિ વસ્તુઓનો ઉપયોગ ચાલુ હતો. શંખની સાદી તથા સુશોભિત બંગડીઓ આ કાલમાં વપરાતી તેમજ એના ગોળ કે ચોરસ મણકા પણ વાપરવામાં આવતા. શંખની આ વસ્તુઓનો ઘણો પ્રચાર હતો અને તેથી આ કાલમાં કાચની બંગડીઓ પ્રમાણમાં ઘણી ઓછી મળે છે.

**કાચ**

કાચનો થોડોઘણો ઉપયોગ ચાલુ હતો, પરંતુ એની વિશિષ્ટ વસ્તુઓ મળી આવી નથી.

મૈત્રક અને અનુ-મૈત્રક કાલમાં મળી આવતી કેટલીક વસ્તુઓની રૂપરેખા પરથી જણાશે કે આ કાલમાં પુરાવસ્તુનું ખેડાણ પ્રમાણમાં થોડું થયેલું છે. એ ખેડાણ વધુ થાય તો ગુજરાતના ઇતિહાસમાં તામ્રપત્રો દ્વારા જાણીતા થયેલા આ કાલ માટેની ઘણી વધારે સામગ્રી મળી આવે અને ગુજરાતની ભૌતિક સામગ્રીના ઇતિહાસના ખૂટતા અંકોડા મેળવવાનું શક્ય બને.

## પાદટીપો

૧. R. N. Mehta, *Excavation at Nagara*, pp. 34 ff. વધુમાં જુઓ R. N. Mehta & A. J. Patel, *Excavation at Shamalaji*, pp. 17 ff; R. N. Mehta, *Excavation at Timbarva*, pp. 6 ff.

૧અ. R N. Mehta., 'Valabhi of the Maitrakas', *J.O.I.*, Vol. XII, pp. 240 ff.

Z. D. Ansari & M. S. Mate, *Excavations at Dwarka*, pp. 74 ff.

J. M. Nanavati, R. N. Mehta & S. N. Chowdhary, *Somnath–1956*, pp. 56 ff.

૨. B. Subba Rao & R. N. Mehta, *Baroda through the Ages*, pp. 32 ff; B. Subba Rao & R. N. Mehta, 'Excavation at Vadnagar', *Journal of the M. S. University of Baroda*, Vol. IV, pp. 25 ff.

૩. R. N. Mehta & A. J. Patel, *Excavation at Shamalaji*, p. 36

૪. *Ibid.*, p. 33

૫. R. N. Mehta, 'Karavan–The Seat of Lakulisa Sect,' *Proceedings of the Fourteenth Session, Indian History Congress*, pp. 71 ff.

૬. B. Subba Rao & R. N. Mehta, *Baroda Through the Ages*, p. 86

૭-૯. R. N. Mehta, *Excavation at Nagara*, pp. 41 ff.

૧૦. ર. ના. મહેતા, 'ભિલોદરા', "વિદ્યાપીઠ," વર્ષ ૪, પૃ. ૩૩૧-૩૩૨

## પ્રકરણ ૧૫

# સ્થાપત્યકીય સ્મારકો

સ્થાપત્ય–વાસ્તુકલાનો વિકાસ બે પ્રકારે થયો છે: (૧) નાગરિક (બિન-સાંપ્રદાયિક) સ્થાપત્ય અને (૨) ધાર્મિક સ્થાપત્ય.

### નાગરિક સ્થાપત્ય

મૈત્રકકાલીન અને અનુ-મૈત્રકકાલીન નગરોનું મોટા પાયા પર વ્યવસ્થિત ખોદકામ થયું નહિ હોવાથી એ કાલની નગરરચનાના તેમજ મકાન–બાંધકામના પ્રત્યક્ષ નમૂના મળ્યા નથી. વલભીપુરનાં ખંડેરોમાં મોટી ઈંટોના તથા નળિયાંના નમુના નીકળ્યા છે. વલભીપુરને દુર્ગ હતો અને એ દુર્ગને મોટા દરવાજા (પ્રદ્વાર) હતા, પરંતુ એના અવશેષ શોધાયા નથી. એવી રીતે ગિરિનગર, ખેટકપુર, ભરુકચ્છ, દશપુર ને આનંદપુર જેવાં અન્ય નગરોની નગરરચના તેમજ દુર્ગરચના વિશે સંશોધન થયું નથી. કોઈ પ્રાસાદોના અવશેષ મળ્યા નથી.

**આભિલેખિક ઉલ્લેખો**

દાનશાસનોમાં સભા(સભાગૃહ), સત્ર(ધર્મશાળા), પ્રપા(પરબ), વાપી(વાવ), કૂપ(કૂવો), તડાગ(તળાવ) ઇત્યાદિ અનેકવિધ સાર્વજનિક બાંધકામોનો ઉલ્લેખ આવે છે. દાનશાસનોમાં જે વાપીઓના ઉલ્લેખ છે તે ૧૨, ૧૬, ૨૦, ૨૫, ૨૮, ૩૨ કે ૩૫ પાદાવર્તની હતી. પાદાવર્ત એટલે એક ફૂટ ચોરસ; દા.ત. ૧૨ પાદાવર્ત એટલે ૧૨ ફૂટ ચોરસ એટલે કે ૧૨ ફૂટ×૧૨ ફૂટ=૧૪૪ ચો. ફૂટ. કોઈ યમલવાપી (જોડિયાવાપી) ૪૦ પાદાવર્તની પણ હતી. એક કૂપનું માપ નોંધાયું છે ને એ છે ૧૬ પાદાવર્તનું. સરસ્, તટાક-તડાક અને તડાકિકાના ઉલ્લેખ મળે છે, પણ તેઓનાં માપ જણાવ્યાં નથી.[૧]

**વાસ્તુવિદ્યામાં નાગરિક વાસ્તુ**

મૈત્રકકાલીન નાગરિક સ્થાપત્યની વિગતો સાહિત્યિક સામગ્રીમાં પણ ખાસ ઉપલબ્ધ નથી, પરંતુ એ કાલ દરમ્યાન ગુજરાતની પડોશમાં આવેલા પ્રદેશમાં રચાયેલ

વરાહમિહિરની બૃહત્સંહિતા(ઈ. સ. ૫૦૫)માં આપેલા વાસ્તુવિદ્યાના અધ્યાયો પરથી એ કાલની નાગરિક વાસ્તુરચના વિશે ઘણી માહિતી મળે છે. એમાં ખાસ કરીને નૃપ, સેનાપતિ, સચિવ, યુવરાજ, કુમાર, સામંત, અધ્યક્ષ, દૈવજ્ઞ, પુરોહિત, ભિષક્ ઇત્યાદિ અધિકારીઓનાં તેમજ બ્રાહ્મણાદિ વર્ણના સામાન્ય ગૃહસ્થોનાં મકાનો-(વાસ્તુ)ની યોજનાનો ખ્યાલ આપવામાં આવ્યો છે.[૨]

**ધાર્મિક સ્થાપત્ય : આભિલેખિક અને સાહિત્યિક ઉલ્લેખો**

ધાર્મિક વાસ્તુ કે સ્થાપત્ય બૌદ્ધ, શૈવ, જૈન ઇત્યાદિ ધર્મસંપ્રદાયોને લગતું છે. બૌદ્ધ સ્થાપત્યમાં હવે વિહારોના જ ઉલ્લેખ મળે છે. એમાં ભગવાન બુદ્ધ કે બુદ્ધોની પ્રતિમાઓની પૂજા થતી એ પરથી વિહારમાં ચૈત્યગૃહનો સમાવેશ થતો લાગે છે.

શૈવ, વૈષ્ણવ, શાક્ત, સૌર ઇત્યાદિ સંપ્રદાયોનાં સ્થાપત્યોમાં જુદાં જુદાં દેવદેવીઓનાં દેવાલય બંધાતાં; જૈન સ્થાપત્યમાં જુદા જુદા તીર્થંકરોનાં ચૈત્યોનો ઉલ્લેખ મળે છે.

**બૌદ્ધ વિહારો**

બૌદ્ધ ભિક્ષુસંઘ માટે આ કાલ દરમ્યાન ગુજરાતમાં વલભી, ભરુકચ્છ, ખેટક(ખેડા), આનંદપુર(વડનગર) વગેરે ઘણાં સ્થળોએ વિહાર બંધાયા હોવાનું યુઅન શ્વાંગે એની પ્રવાસનોંધમાં નોંધ્યું છે.[૩] એ વિહાર સંખ્યામાં બસોએક હશે. તેઓમાંથી એ બે વિહારોનો ખાસ નિર્દેશ કરે છે, વલભીમાં મહારાજ શીલાદિત્યે પોતાના મહેલની બાજુમાં બંધાવેલા ભવ્ય વિહારનો[૪] અને વલભીથી થોડે દૂર અર્હત્ અચલે બંધાવેલા મહાવિહારનો.[૫] શીલાદિત્યે બંધાવેલા વિહારમાં સાત લોકનાથ બુદ્ધોની મૂર્તિઓ પધરાવી હતી.[૬]

મૈત્રકોનાં દાનશાસનોમાં એકંદરે તેર વિહારોનો ઉલ્લેખ આવે છે. તેઓમાંના અગિયાર વલભીપુરમાં હતા ને તેઓનાં બે મંડલ હતાં, એક ભિક્ષુઓના વિહારોનું ને બીજું ભિક્ષુણીઓના વિહારનું. આ બંને મંડલ અનુક્રમે 'યક્ષશૂર-વિહાર' અને 'દુદ્દા-વિહાર' તરીકે ઓળખાતાં.[૭]

આ તમામ વિહારોને મૈત્રક રાજાઓ તરફથી વારંવાર ભૂમિદાન મળ્યાં હતાં. દુદ્દા-વિહારને ૭, બપ્પપાદીયવિહાર, વિમલગુપ્તવિહાર, યક્ષશૂરવિહાર અને

શીલાદિત્ય-વિહારને બબ્બે, અને બાકીના વિહારોને એક એક ભૂમિદાન મળ્યાં હતાં.[૮] આ વિહારોમાંના કેટલાકમાં શાક્ય બુદ્ધની અને ઘણા વિહારોમાં અનેક બુદ્ધોની પૂજા થતી.[૯] આ બુદ્ધો સાત માનુષી બુદ્ધો હોવાનો સંભવ છે.[૧૦] આ ઉપરાંત આ વિહારોમાં પાંચ ધ્યાની બુદ્ધો, બોધિસત્ત્વ પદ્મપાણિ અવલોકિતેશ્વર, તારા, મૈત્રેય, મંજુશ્રી વગેરેની પૂજા પણ થતી હશે.[૧૧] દાનશાસનોમાં વિહારોની સાથે આવતા બૌદ્ધ મૂર્તિઓના ઉલ્લેખો પરથી એ વિહારોની અંતર્ગત રહેલાં બૌદ્ધ ચૈત્યગૃહોનું પણ અનુમાન થઈ શકે છે.

દ્રોણસિંહના દાનશાસનમાં જણાવેલી પાંડુરાદેવી પાંચ ધ્યાની બુદ્ધો પૈકીના ચાલુ યુગના અધિષ્ઠાતા અમિતાભ બુદ્ધની શક્તિ હોવાનું જણાય છે.[૧૨] આ દેવીનું મંદિર હસ્તવપ્ર (હાથબ) આહરણીમાં ત્રિસંગમક નામના સ્થળે આવ્યું હોવાનું ઉપર્યુક્ત દાનશાસન પરથી જણાય છે, પરંતુ એ મંદિર હાલ મોજૂદ નથી.[૧૩]

દક્ષિણ ગુજરાતમાં આવેલા એક બૌદ્ધ વિહારને અનુમૈત્રકકાલીન રાષ્ટ્રકૂટ રાજાઓ તરફથી ભૂમિદાન અપાયાનાં બે દાનશાસન મળ્યાં છે.[૧૪] આ વિહાર કાંપિલ્ય મુનિએ કરાવેલો હોઈ 'કાંપિલ્ય વિહાર' તરીકે ઓળખાતો. એ કાંતારગ્રામ (કતારગામ) વિષયમાં મહાવી (મીંઢોળા) નદીને તીરે આવેલો હતો ને એમાં પાંચસો ભિક્ષુ રહેતા હતા. બારડોલી તાલુકામાં આવેલું કાપલિયા ગામ એ પ્રાચીન કાંપિલ્યતીર્થનું સ્થળ સૂચવતું હોવા સંભવ છે.[૧૫]

આમાંના કોઈ વિહાર હાલ અવશેષરૂપે ઊભેલા નથી.

વિહારોમાં સામાન્ય રીતે વચ્ચે એક ખુલ્લો ચોક રાખવામાં આવતો અને એની આસપાસ એક ખંડ કે બે ખંડોના આવાસ હરોળબંધ બાંધવામાં આવતા. એમાં વચ્ચે સંમેલન-વ્યાખ્યાનાદિ સમૂહકાર્ય માટે એક-બે મોટા ખંડ પણ રાખવામાં આવતા. ચારે બાજુના નાનામોટા ખંડોની આગળ ચોકને ફરતી સ્તંભાવલિયુક્ત પડાળી બનાવવામાં આવતી. આવાસના ખંડ નાના કદના એક પ્રવેશદ્વારવાળા બનાવાતા. ઈંટેરી વિહારની આ યોજના ગુફામાંથી કોરી કાઢેલા વિહારોને પણ લાગુ કરવામાં આવતી. એ એક બાજુએથી ઊંડી કોરી કાઢેલી હોવાથી એમાં ચોકનો ભાગ ખુલ્લો રાખી શકાતો નહિ. વિહારના ખંડોમાં સૂવા-બેસવા માટેની બેઠકો તેમજ એની આગળ વાંચવા માટેની પાટલીઓ પણ રાખવામાં આવતી. નિકટમાં પાણીનું નાનું ટાંકું રખાતું. કેટલાક ખંડોમાં એકાંત ઉપાસના માટે બુદ્ધ કે બોધિસત્ત્વોની મૂર્તિઓ સ્થાપિત કરવામાં આવતી.[૧૬]

જૈન ચૈત્યો

મૈત્રકકાલના ઉદય સમયે ગુજરાતમાં જૈન ધર્મ ઘણો પ્રચલિત હતો. વીસમા તીર્થંકર મુનિ સુવ્રતના નામ સાથે સંકળાયેલું અને ખપુટાચાર્યે પુનઃ પ્રતિષ્ઠિત કરેલું ભરુકચ્છનું અશ્વાવબોધતીર્થ, પાર્શ્વનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી નાગાર્જુને સ્થાપેલું સેઢી નદી પરનું સ્તંભનક–થંભણય(થામણા)તીર્થ ઇત્યાદિ અનેક જૈન તીર્થો આ પ્રદેશમાં આ કાલ દરમ્યાન ખ્યાતિ પામ્યાં હતાં. આ તીર્થોમાં આવેલાં મંદિરો 'ચૈત્ય' 'પ્રાસાદ' 'જિનાલય' 'દેવાલય' 'દેવાશ્રય' વગેરે નામે ઓળખાતાં. મૈત્રક રાજાઓ તરફથી, અલબત, એક પણ ભૂમિદાન જૈન સ્થાનકને મળ્યું હોય એવો ઉલ્લેખ મળતો નથી, છતાં આ કાલ દરમ્યાન વલભીપુર જૈન ધર્મના એક મોટા કેંદ્ર તરીકે ખ્યાતિ પામ્યું હતું. ઈ. સ. ૬૦૯ ની આસપાસ વલભીમાં શાંતિનાથનું દેવાલય હતું.[૧૭]

વલભીના વિનાશ વખતે ત્યાંથી ચંદ્રપ્રભ, આદિનાથ, પાર્શ્વનાથ અને મહાવીરની પ્રતિમાઓ સલામત સ્થળે ખસેડવામાં આવી હતી.[૧૮] આ પરથી ત્યાં એ તીર્થંકરોનાં ચૈત્ય હોવાં સંભવે છે. વર્ધમાન(વઢવાણ) અને દીસ્તટિકામાં અનુક્રમે પાર્શ્વનાથ અને શાંતિનાથનાં મંદિર હતાં.[૧૯] આમાંના કોઈ પણ ચૈત્યના અવશેષ મળ્યા નથી.

અનુ-મૈત્રક કાલમાં રાષ્ટ્રકૂટ રાજા સુવર્ણવર્ષ કર્કરાજે નાગસારિકા(નવસારી)માં આવેલા અર્હત્–ચૈત્યાલય(જિનાલય) સાથે જોડાયેલી વસતિકાને ભૂમિદાન દીધું હતું.[૨૦] આ મંદિર હાલ મળતું નથી.

જૈન અનુશ્રુતિ અનુસાર અણહિલવાડના વનરાજ ચાવડા અને એના વંશજોએ અનેક જૈન ચૈત્ય બંધાવ્યાં હતાં. વનરાજે અણહિલપુરની સ્થાપનાના સમયે પંચાસરા પાર્શ્વનાથનું મંદિર બંધાવી એમાં પંચાસરમાંથી આણેલી પાર્શ્વનાથની મૂર્તિ સ્થાપિત કરી હતી.[૨૧] વનરાજના મંત્રી નિય કે નિન્નય કે નીમાએ વિ સં. ૮૨૫ (ઈ. સ. ૭૬૮–૬૯) માં અણહિલવાડમાં ઋષભદેવનું એક ચૈત્ય બંધાવ્યું હતું.[૨૨] જીવાભિગમસૂત્રમાં જણાવ્યા પ્રમાણે વિજયદેવીનું એક જૈન મંદિર અહીં આવેલું હતું.[૨૩] કાન્યકુબ્જ(કનોજ)ના રાજા આમ ઉર્ફે નાગાવલોક કે નાગભટ ૨ જાએ (અવસાન વિ. સં. ૮૯૦: ઈ. સ. ૮૩૪) અણહિલપુર અને મોઢપુર(મોઢેરા)માં જૈન મંદિર બંધાવ્યાં હતાં.[૨૪] આ મંદિરો પૈકી હાલ કોઈ મોજૂદ રહ્યાં નથી, પરંતુ તેઓનું સ્થાપત્યકીય સ્વરૂપ ઘણે અંશે એ કાલનાં હિંદુ દેવાલયોના સ્થાપત્યકીય સ્વરૂપ જેવું હશે.

## હિંદુ દેવાલયો

વલભીનાં ખંડેરોમાં મળેલાં અનેક મોટાં શિવલિંગો તથા નંદિપ્રતિમાઓ પરથી ત્યાં મૈત્રકકાલનાં અનેક ભવ્ય દેવાલયોનું નિર્માણ સૂચિત થાય છે.[૨૫] મૈત્રકોનાં દાનશાસનોમાં બ્રાહ્મણ સંપ્રદાયનાં કેટલાંક દેવાલયોનો ઉલ્લેખ આવે છે. દેવાલય માટે દાનશાસનોમાં 'દેવકુલ' શબ્દ વપરાયો છે.[૨૬] એમાં 'કુલ' નો અર્થ આયતન, આલય, ગૃહ એવો થાય છે.

સૌરાષ્ટ્રના વટપદ્રનું હરિનાથે કરાવેલું શિવમંદિર ઈ. સ. ૬૦૯ માં અસ્તિત્વમાં હતું.[૨૭] ધ્રુવસેન ૨ જાના એક દાનશાસન(ઈ. સ. ૬૩૧)માં[૨૮] જણાવેલા ભર્ત્રીશ્વર તટાકના નામ પરથી એની સમીપમાં ભર્ત્રીશ્વર મહાદેવનું મંદિર હોવાનું અનુમાન કરી શકાય. ખેટક આહારના કોણક પથકમાં એ નામનું શિવાલય હતું એમ જણાય છે.[૨૯] દક્ષિણ ગુજરાતના ભરુકચ્છ વિષયના કેમજ્જુ ગામમાં આવેલા આશ્રમને લગતા દાનશાસનમાં એ આશ્રમના દેવનું નામ આપવામાં આવ્યું નથી, પરંતુ એ ગામમાં હાલ આસમેશ્વર મહાદેવના મંદિર પરથી એ આશ્રમનું દેવાલય હોવાનું અનુમાન કરવામાં આવ્યું છે.[૩૦]

શૈવ સંપ્રદાય સાથે શાક્ત સંપ્રદાય નિકટનો સંબંધ ધરાવે છે. મૈત્રક-કાલીન લેખોમાં દેવીનાં બે મંદિરોને ભૂમિદાનો અપાયાનું નોંધાયું છે. તેઓમાંનું એક મંદિર સુરાષ્ટ્રમાં ત્રિસંગમક નામે ગામમાં આવેલું હતું તેને મૈત્રક રાજા દ્રોણસિંહે ધર્મદેયનું તામ્રશાસન લખી આપેલું, પણ સમય જતાં એ લુપ્ત થઈ જવાથી ધ્રુવસેન બાલાદિત્યે એને વ. સં. ૩૨૦(ઈ. સ. ૬૩૯)માં ફરી દાન-શાસન લખી આપ્યું હતું.[૩૧] એમાં દેવીનું નામ 'કોટમ્મહિકા' આપ્યું છે.[૩૨]

ધરસેન ૩ જાના એક દાનશાસનમાં 'શંકરિકા' નામે દેવીમંદિરનો ઉલ્લેખ થયો છે, જે 'સુરાષ્ટ્ર'માં સિરવાતાનક સ્થલીમાં આવેલું હતું.[૩૩] ધ્રુવસેન ૨ જાના દાનશાસનમાં 'દેવી-ક્ષેત્ર' નામે ખેતરનો ઉલ્લેખ મળે છે, જે પરથી 'સુરાષ્ટ્ર'માં વટપલ્લિકા સ્થલીમાં આવેલા એક દેવીના મંદિરનું સૂચન મળે છે.[૩૪]

શીલાદિત્ય ૩ જાના એક દાનશાસનમાં આવતા માતૃસ્થાન-ક્ષેત્રના ઉલ્લેખ પરથી 'સુરાષ્ટ્ર'માં મદસર સ્થલીમાં આવેલા માતૃસ્થાનની અર્થાત્ માતાઓના મંદિરની માહિતી મળે છે.[૩૫]

મૈત્રકોનાં દાનશાસનોમાં આદિત્ય(સૂર્ય)ના એક દેવાલયનો ઉલ્લેખ આવે છે. એ સુરાષ્ટ્રના ભદ્રેણિયક ગામમાં આવેલું હતું. ઈ. સ. ૬૧૧ માં શીલાદિત્ય ધર્માદિત્યે એને ભૂમિનું દાન આપ્યું હતું.[૩૬] આ રાજાના એક બીજા દાનશાસનમાં

સુરાષ્ટ્રના વટપદ્રમાં આવેલી આદિત્યદેવની વાપીનો ઉલ્લેખ આવે છે,[૩૭] જે પરથી એની બાજુમાં આદિત્યદેવનું મંદિર હોવાનું સૂચિત થાય છે. મૈત્રક-કાલના અંત સમયે લાટમાં રાજસત્તા ધરાવનાર રાષ્ટ્રકૂટ કર્કરાજ સુવર્ણવર્ષના અનુજ ગોવિંદરાજ પ્રભૂતવર્ષના શક સં. ૭૪૯ (ઈ. સ. ૮૨૭)ના દાનશાસનમાં[૩૮] જણાવેલું જંબૂસર નજીકના કાવિકા(કાવી) વિભાગના કોટિપુરમાં આવેલું 'જયાદિત્ય' નામે સૂર્ય ભગવાનનું મંદિર પ્રાયઃ મૈત્રકકાલના પૂર્વાર્ધમાં બંધાયું હશે. સૌરાષ્ટ્રનાં આ કાલનાં પ્રાચીન મંદિરોમાંનાં ઘણાં મંદિર સૂર્યનાં છે.

અનુ-મૈત્રકકાલીન દાનપત્રોમાં જણાવ્યા મુજબ દક્ષિણ સૌરાષ્ટ્રના ચાલુક્ય રાજ્યમાં નક્ષિસપુર ચોર્યાસીના જયપુર ગામ પાસે કણવીરિકા સરિતાને તટે તરુણાદિત્ય નામે સૂર્યનું દેવાલય હતું.[૩૮અ] સૈંધવ રાજ્યના સુવર્ણમંજરી વિષયમાં દેઙ્ડીગ્રામના ભટ્ટ શિવરુદ્ર નામે કર્પટીએ ગામને ફરતાં હરિ (વિષ્ણુ), હરિદશ્વ (સૂર્ય), વિનાયક (ગણપતિ) અને માતૃકાઓનાં દેવકુલ બંધાવ્યાં હતાં. ત્યાં મઠ હતો. દાનનો અર્ધો ભાગ દેવકુલોને તથા અર્ધો ભાગ મઠપતિને આપ્યો હતો.[૩૯] ભૂતામ્બિલિકા(ધૂમલી)માં નગરની મધ્યમાં પુરુષોત્તમ-મઠિકા નામે નાનો મઠ હતો અને એની બાજુમાં ભિન્નમાલના નન્ન નામના વેપારીએ પોતાના નામની નન્નમઠિકા સ્થાપી હતી.[૪૦]

પ્રબંધચિંતામણિના કથન અનુસાર વનરાજે અણહિલવાડમાં ધવલગૃહ કરાવીને કંઠેશ્વરીનું મંદિર બંધાવ્યું હતું.[૪૧] એના અનુગામી યોગરાજે આ સ્થળે ભટ્ટારિકા યોગેશ્વરીનું મંદિર બંધાવ્યું હતું.[૪૨] વળી આ જ વંશમાં થઈ ગયેલા આગડદેવે કર્કરાપુરીમાં આગડેશ્વર અને કંઠેશ્વરીનાં દેવાલય બંધાવ્યાં હતાં.[૪૩]

મૈત્રક અને અનુ-મૈત્રક કાલનાં દાનશાસનોમાં ઉલ્લેખાયેલાં મંદિરો પૈકીનું કોઈ પણ મંદિર હાલ અસ્તિત્વમાં નથી.

**વાસ્તુવિદ્યામાં દેવાલયો**

બૃહત્સંહિતામાં દેવાલય વિશે એક ખાસ અધ્યાય (प्रासादलक्षणम् નામે) આપવામાં આવ્યો છે.[૪૪] દેવાલય માટે એમાં 'દેવતાયતન' શબ્દ પ્રયોજાયો છે. એમાં જણાવ્યું છે તેમ દેવાલયના સ્થાનની પસંદગી નદી, સરોવર, નિર્ઝર, વન, પર્વત ને ઉપવન-ઉદ્યાનની સમીપમાં કરવામાં આવતી. નાનાં દેવાલય એક ભૂમિ(મજલા)નાં ને એક શિખરવાળાં બંધાતાં. એનો વિસ્તાર ૯, ૧૨ કે ૧૬ હસ્ત જેટલો રખાતો. એની ઊંચાઈ એનાથી બમણી રાખવામાં આવતી. એની

કટિની ઊંચાઈ એના ત્રીજા ભાગની રહેતી. ગર્ભગૃહનો વિસ્તાર એના કુલ વિસ્તારથી ૧/૨ ભાગનો રહેતો. એના દ્વારનો વિસ્તાર એના ૧/૪ ભાગનો રખાતો. દ્વારશાખાના નીચલા ચોથા ભાગમાં બે બાજુએ પ્રતીહાર (દ્વારપાલ) ગોઠવવામાં આવતા. એના ઉપલા ભાગમાં મંગલ વિહંગ (પક્ષી), શ્રીવૃક્ષ, સ્વસ્તિક, ઘટ, મિથુન, પત્રવલ્લી, પ્રમથ (ગણ) ઇત્યાદિ આકૃતિઓ કોતરવામાં આવતી. દ્વારની ઊંચાઈ કરતાં પ્રતિમાની ઊંચાઈ ૧/૮ ઓછી રાખતા ને એમાં એનો ૧/૩ ભાગ એની પિંડિકા(પીઠિકા)માં રોકતા. દેવાલયના પ્રાસાદનો આકાર વૃત્ત (ગોળ), ચતુષ્કોણ, સમકોણ, ષોડશકોણ એમ અનેક પ્રકારનો રખાતો. મોટાં દેવાલયોમાં પાંચ, છ, સાત, આઠ કે દસ ભૂમિ (મજલા) રાખતા. એ દેવાલયો પર અનેક શૃંગ (શિખર) રચતા. છત્રીસ હસ્તના વિસ્તાર ધરાવતા પાંચ મજલાવાળા ચોરસ પ્રાસાદને 'સર્વતોભદ્ર' કહેતા. બત્રીસ હસ્તના વિસ્તારના બાર મજલાના ષટ્કોણ પ્રાસાદને 'મેરુ' કહેતા, દસ મજલાના ને ત્રીસ હસ્તના વિસ્તારવાળા પ્રાસાદને 'કૈલાસ' કહેતા; એમ અનેક પ્રકારના પ્રાસાદ ગણાવવામાં આવ્યા છે.

### મોજૂદ રહેલાં દેવાલય

અભિલેખોમાં તથા સાહિત્યમાં ઉલ્લિખિત દેવાલયોના નમૂના હાલ મોજૂદ રહ્યા નથી, પરંતુ સ્થાપત્ય-સ્વરૂપની દૃષ્ટિએ આ સમયપટને આવરી લેતાં કેટલાંક મંદિર સૌરાષ્ટ્રમાં અને થોડાંક તળ-ગુજરાત તથા કચ્છમાં હાલ અવશેષરૂપે જળવાઈ રહ્યાં છે (નકશો ૫). આ મંદિરોનાં સ્થાપત્યકીય સ્વરૂપોનો અભ્યાસ કરતાં જણાય છે કે આ સમયનાં મંદિર સાદાં હોવા છતાં કેટલાંક વિશિષ્ટ લક્ષણ ધરાવતાં હતાં.

### સ્થાપત્યકીય સ્વરૂપ

વિકસિત સ્વરૂપમાં તલદર્શનની દૃષ્ટિએ (પટ્ટ ૭-૮) મંદિર અનેક અંગોનું બનેલું હોય છે. જે ખંડમાં દેવપ્રતિમાની સ્થાપના કરવામાં આવે છે તે 'ગર્ભગૃહ' તરીકે ઓળખાય છે. ગર્ભગૃહની ઉપરના સપાટ આચ્છાદનને 'છાદ્ય' કહે છે, જ્યારે સૂર્પાકારનું ઉત્તુંગ આચ્છાદાન 'શિખર' કહેવાય છે. ગર્ભગૃહના પ્રવેશમાર્ગને 'ગર્ભદ્વાર' કહે છે.

ગર્ભગૃહની આગળ જે સ્તંભાવલિયુક્ત ખંડની રચના કરવામાં આવે છે તેને 'મંડપ' કહે છે. આ મંડપમાં રહીને લોકો વ્યક્તિગત કે સામૂહિક રીતે દેવનાં દર્શન તેમજ ગાનવાદન વગેરે ક્રિયાઓ કરે છે. મંડપ પરનું છાવણ ઘણી વાર સપાટ હોય છે, તો કોઈ વાર ગર્ભગૃહના શિખરના જેવું સૂર્પાકાર અર્થાત્

બેઠી પગથીના ઘાટનું હોય છે. ગર્ભગૃહને કેટલીક વાર પ્રદક્ષિણા માટેનો માર્ગ હોય છે તેને 'પ્રદક્ષિણાપથ' કે 'ભમતી' કહે છે. પ્રદક્ષિણાપથવાળા મંદિરને 'સાંધાર પ્રાસાદ' કહે છે. આવા મંદિરના મંડપનો વિસ્તાર કરવામાં આવે તો પાર્શ્વમાર્ગને 'અલિંદ' કહે છે, અને ગર્ભગૃહ અને મંડપની વચ્ચે આ રીતે વિસ્તાર પામેલ ભાગને 'અંતરાલ' કહે છે. પ્રદક્ષિણાપથ અને અલિંદની યોજના ન હોય તેવાં કેટલાક મંદિરોમાં ઘણી વખતે 'અંતરાલ'ની યોજના ગર્ભગૃહ અને મંડપને જોડનાર અંગ તરીકે પણ થતી હોય છે. કેટલીક વાર આવા મંડપની આગળ એક બીજો મંડપ ઉમેરવામાં આવે છે ત્યારે સામાન્ય રીતે પાછલો મંડપ બાજુઓએ દીવાલોથી ઢંકાયેલો ને આગલો મંડપ બાજુઓએ ખુલ્લો હોય છે. દીવાલોથી ઢંકાયેલા મંડપને 'ગૂઢમંડપ' અને બાજુઓએ ખુલ્લા મંડપને 'સભામંડપ' કે 'રંગમંડપ' કહે છે. અને મંડપની આગળ મંડપ ન હોય તો ગર્ભગૃહની આગળ પ્રવેશ માટેના એક નાના મંડપની રચના થાય છે તેને 'મુખમંડપ' કે 'શૃંગારચોકી' કહે છે. આમાં ઘણી વાર ચાર સ્તંભોવાળી એક ચોકી હોય છે; પ્રાક્-સોલંકી કાલનાં મંદિરોમાં ક્યારેક એવી ત્રણ ચોકીઓની આડી સળંગ હાર હોય છે. એના ઉપરનું આચ્છાદન મંડપના જેવું જ કરવામાં આવે છે.

ક્યારેક મંદિરની આસપાસ ચાર ખૂણે પંચાયતનમાંના અન્ય ચાર દેવોનાં નાનાં મંદિર કરવામાં આવે છે, ત્યારે આ મંદિરસમૂહને 'પંચાયતન' તરીકે ઓળખવામાં આવે છે.

ઊર્ધ્વદર્શનની દૃષ્ટિએ મંદિર મુખ્યત્વે 'પીઠ', 'મંડોવર' અને 'શિખર' એમ ત્રણ ભાગોનું બનેલું હોય છે. દેવાલયનું મુખ્ય અંગ 'પીઠ' પર ચણવામાં આવે છે. પીઠ પરના મુખ્ય અંગની દીવાલની બહારની બાજુને 'મંડોવર' કહે છે. પ્રાક્-સોલંકી મંદિરોની દીવાલો સાદી હોય છે, પણ ક્યારેક બાહ્ય ભાગ પર ત્રણે બાજુએ મધ્યમાં એક એક નિર્ગમ રચવામાં આવે છે તેને 'ભદ્ર' કહે છે. આ સંજોગોમાં દીવાલની મૂળ રેખાને 'કર્ણ' કે 'કોણ' નામે ઓળખવામાં આવે છે. મધ્ય ભદ્ર અને બંને બાજુના કર્ણના સમગ્ર દેખાવવાળા ભાગને 'ત્રિનાસિક' કે 'ત્રિરથ' તલદર્શન કહેવામાં આવે છે. પ્રાક્-સોલંકી કાલનાં મંદિરોમાં ક્યારેક 'ત્રિનાસિક'ને બદલે 'પંચનાસિક' કે 'પંચરથ' તલદર્શન યોજવામાં આવે છે. એમાં ભદ્રની બંને બાજુએ 'પ્રતિરથ' નામે એકેક નિર્ગમ ઉમેરીને 'ભદ્ર'ના નિર્ગમને પ્રતિરથોના નિર્ગમોની આગળ પ્રસારવામાં આવે છે. 'પીઠ' અને 'મંડોવર'ના ભાગ કેટલીક વખતે વિવિધ ઘાટના સમતલ થરો વડે અલંકૃત કરેલા હોય છે.

શિખરની રચના પરત્વે ગુજરાતના મંદિરસ્થાપત્યમાં બે પરંપરા જોવામાં આવે છે : આમાંની પ્રથમ પરંપરા લગભગ ૫ મી–૬ ઠ્ઠી સદીથી શરૂ થઈ લગભગ ૧૦ મી સદી સુધી પ્રવર્તતી જોવામાં આવે છે, જ્યારે બીજી પરંપરા લગભગ ૧૦ મી સદીથી શરૂ થતાં દેવાલયોમાં પ્રચલિત થઈ છે. સોલંકી કાલમાં વિકસેલી બીજી શૈલીમાં ગર્ભગૃહ ઉપર શંકુ-આકારનું ઉત્તુંગ શિખર કરવામાં આવે છે, જ્યારે પ્રાક્-સોલંકી કાલનાં મંદિરોમાં પહેલી શૈલીનાં શિખર ટોડા-પદ્ધતિએ બાંધેલાં હોય છે. નીચેથી ઉપર જતાં ક્રમે ક્રમે ઓછી લંબાઈ–પહોળાઈ ધરાવતા સમતલ થરો વડે એમાં શિખરની છેક ઉપરની ટોચ સધાય છે અને એના ઉપર ચૂલિકા અથવા આમલક અને કલશની રચના થાય છે. વળી એ ત્રણ, ચાર, પાંચ, છ કે સાત કે એનાથી વધુ સંખ્યામાં આવતા સમતલ થરોને ચારે બાજુએથી ચૈત્યગવાક્ષ જેવાં દેખાતાં સુશોભનો વડે અલંકૃત કરવામાં આવે છે. અલંકરણમાં વળી કયારેક સમગ્ર શિખરની નાની પ્રતિકૃતિઓનો ઉપયોગ કરવામાં આવે છે. શિખરોની રચનાશૈલીની દૃષ્ટિએ આ પ્રકારનાં શિખરોવાળાં મંદિર 'છાદ્ય પ્રાસાદો' તરીકે ઓળખાય છે. આ ઘાટના શિખરને કેટલાક 'સ્તૂપાકાર' કે 'શુણ્ડાકાર' તરીકે પણ ઓળખે છે.[૪૫]

**તલદર્શન**

આ કાલનાં કેટલાંક મંદિર તલદર્શનની દૃષ્ટિએ સમચોરસ કે લંબચોરસ ઘાટનાં છે. માત્ર ગર્ભગૃહ ધરાવતાં મંદિર સામાન્યતઃ સમચોરસ હોય છે, પરંતુ ગર્ભગૃહ અને ગૂઢમંડપ પરસ્પર જોડાયેલાં હોય તેવા સંજોગોમાં તેઓનું તલ-દર્શન (કે તલછંદ) લંબચોરસ ઘાટનું બને છે. કેટલાંક મંદિરોમાં એકથી વધુ ગર્ભગૃહ પણ હોય છે. અનુ–મૈત્રકકાલ દરમ્યાન બંધાવેલાં મંદિરોમાં ગર્ભગૃહની દીવાલોમાં નિર્ગમોની પણ રચના જોવામાં આવે છે. આ કાલનાં મંદિરોનું તલદર્શનની દૃષ્ટિએ નીચે પ્રમાણે વર્ગીકરણ કરી શકાય :[૪૬]

૧. એકાયતન

(૧) માત્ર ગર્ભગૃહનાં બનેલાં આ મંદિરોની આગળ પ્રવેશચોકી પણ હોતી નથી.

(અ) આ ગર્ભગૃહ સામાન્ય રીતે સમચોરસ હોય છે; દા. ત. મિયાણીની ટેકરીના ઢોળાવ પર આવેલું પ્રાચીન મંદિર,[૪૭] ભાણસરા[૪૮] મંદિર નં. ૩ અને ૪, નંદીશ્વર મંદિર નં. ૧, ઓડદર ગામની પૂર્વ સીમા પર આવેલું એકાકી પ્રાચીન મંદિર તથા રોડા[૪૯] મંદિર નં. ૨ આ પ્રકારનાં મંદિર છે.

(આ) આ કાલનાં કેટલાંક બીજાં મંદિર લંબચોરસ ગર્ભગૃહનાં બનેલાં છે. બોરીચા, પાતા તથા નંદીશ્વર નં. ૩ નાં સપ્તમાતૃકા મંદિર આ પ્રકારનાં છે.[૫૦]

(૨) આ કાલનાં કેટલાંક મંદિર ગર્ભગૃહ અને મુખમંડપનાં બનેલાં છે. આ મંદિરોમાં (અ) કેટલાંક મંદિરોનાં બંને અંગ સમચોરસ ઘાટનાં હોય છે અને (આ) બીજાં કેટલાંકમાં બંને અંગ લંબચોરસ ઘાટનાં હોય છે; દા. ત. ખીમેશ્વરનું મંદિર નં. ૭, કીંદરખેડાનું ચામુંડા મંદિર, કાલાવડનું કોટેશ્વર મંદિર,[૫૧] થાનનું પ્રાચીન સૂર્યમંદિર,[૫૨] પોરબંદરનું ધીંગેશ્વર મંદિર,[૫૩] રોડા મંદિરસમૂહ[૫૪–૫૫] પૈકીનાં મંદિર નં ૧, ૩, ૪, ૫, ૬; દેદાદરાનાં ગંગવા કુંડ પરનાં મંદિર,[૫૬] મૈથાણનું સૂર્યમંદિર,[૫૭] વડનગરનાં અમથોર મંદિરસમૂહ પૈકીનાં ચાર મંદિર,[૫૮] આગિયાનું પ્રાચીન મંદિર[૫૯] વગેરેમાં બંને અંગ સમચોરસ ઘાટનાં છે, તો વડનગરના અમથોર માતા મંદિરસમૂહ પૈકીના મધ્યમંદિરની પાછલી હરોળમાં આવેલા એક મંદિરમાં ગર્ભગૃહ તથા મુખમંડપ લંબચોરસ ઘાટનાં છે.[૬૦]

(૩) આ કાલનાં કેટલાંક મંદિર ગર્ભગૃહ અને ગૂઢમંડપનાં બનેલાં છે. આમાં કેટલાંક મંદિરોનાં બંને અંગ (અ) સમચોરસ ઘાટનાં કે (આ) લંબચોરસ ઘાટનાં હોય છે, પણ કેટલાંક મંદિરોમાં (ઇ) ગર્ભગૃહ સમચોરસ ઘાટનું અને ગૂઢમંડપ લંબચોરસ ઘાટનો હોય છે; દા.ત.

(અ) ખીમેશ્વરનું નં. ૫, સોનકંસારીનું નં. ૩, વિસાવાડાનું શિવ(શંકર) મંદિર, પસનાવડાનાં નાગ અને સૂર્ય મંદિર[૬૧], કૂછડી અને દેગામનાં ચામુંડા મંદિરો અને પાતાના સૂર્યમંદિરનાં બંને અંગ સમચોરસ ઘાટનાં છે.

(આ) કલસાર અને ખીમેશ્વર મંદિર નં. ૬ નાં બંને અંગ લંબચોરસ ઘાટનાં છે.[૬૨]

(ઇ) સવનીનું પ્રાચીન મંદિર, સોનકંસારીનું નં. ૫, જમળાનું સૂર્યમંદિર, બળેજનું કોઠ મંદિર,[૬૩] વગેરેમાં ગર્ભગૃહ સમચોરસ અને ગૂઢમંડપ લંબચોરસ ઘાટનાં છે.

(૪) આ કાલનાં કેટલાંક મંદિર ગર્ભગૃહ, ગૂઢમંડપ અને મુખમંડપનાં બનેલાં છે. એમાં (અ) કેટલાંકમાં ત્રણે અંગ સમચોરસ હોય છે અને (આ) કેટલાંકમાં બધાં અંગ લંબચોરસ હોય છે; દા. ત.

(અ) મેવાસાનું છેલેશ્વર મંદિર[64] અને રોડાના[65] મંદિર નં. ૭ માં ત્રણ અંગ સમચોરસ છે.

(આ) પરંતુ ખામેશ્વરના વલભીછંદજ મંદિરનાં ત્રણે અંગ લંબચોરસ ઘાટનાં છે.[66]

(૫) આ કાલનાં કેટલાંક મંદિર ગર્ભગૃહ, અંતરાલ, મંડપ અને મુખમંડપનાં બનેલાં છે; દા. ત. લાકરોડાનું 'ડમરાનું દેરું" તરીકે ઓળખાતું પ્રાચીન મંદિર[67] આ પ્રકારનું છે.

(૬) ઉપર વર્ણવેલાં તમામ મંદિર 'નિરંધાર' અર્થાત્ પ્રદક્ષિણાપથ વગરનાં છે. ગર્ભગૃહને ફરતો પ્રદક્ષિણાપથ ધરાવતા સાંધાર પ્રાસાદોમાંનાં કેટલાંક મંદિર ગર્ભગૃહ, પ્રદક્ષિણાપથ અને મુખમંડપનાં બનેલાં છે. એ મંદિરોનાં ગર્ભગૃહ અને પ્રદક્ષિણાપથ સમચોરસ હોય છે, પરંતુ તેઓની આગળ આવેલો મુખમંડપ લંબચોરસ ઘાટનો હોય છે. ગોપનું પ્રસિદ્ધ મંદિર આ પ્રકારનું તલમાન ધરાવતું લાગે છે[68] (પટ્ટ ૭, આ. ૫૮).

(૭) આ કાલનાં કેટલાંક મંદિર ગર્ભગૃહ, પ્રદક્ષિણાપથ અને ગૂઢમંડપનાં બનેલાં છે. આમાં (અ) કેટલાંક મંદિરોનાં ત્રણે અંગ સમચોરસ ઘાટનાં હોય છે, પણ (આ) કેટલાંકમાં માત્ર ગૂઢમંડપ લંબચોરસ હોય છે; દા. ત.

(અ) સોનકંસારીનું નં. ૧,[69] ધ્રાસણવેલનું કાલિકા મંદિર[70] અને બળેજના પીઠડ માતા મંદિરમાં[71] ત્રણે અંગ સમચોરસ ઘાટનાં છે.

(આ) બીલેશ્વરનું શિવમંદિર,[72] અખોદરનું સૂર્યમંદિર,[73] છાવાનું અંજની-મંદિર,[74] સુવર્ણતીર્થનું જગન્નાથમંદિર,[75] સૂત્રાપાડાનું સૂર્ય-મંદિર,[76] ખામેશ્વરનું મંદિર નં. ૩, વિસાવાડાનું રાંદલ મંદિર,[76અ] પસનાવડાનું ગાયત્રી-મંદિર[76આ] વગેરેમાં ગૂઢમંડપ લંબચોરસ છે, જ્યારે બાકીનાં અંગ સમચોરસ છે.

(૮) આ કાલનાં કેટલાંક મંદિર ગર્ભગૃહ, પ્રદક્ષિણાપથ, ગૂઢમંડપ અને મુખ-મંડપનાં બનેલાં છે. આમાંનાં (અ) કેટલાંક મંદિરોનાં ગર્ભગૃહ અને પ્રદક્ષિણાપથ લંબચોરસ અને ગૂઢમંડપ અને મુખમંડપ સમચોરસ તથા (આ) કેટલાંક મંદિરોનાં ગર્ભગૃહ અને પ્રદક્ષિણાપથ સમચોરસ અને ગૂઢમંડપ તથા મુખમંડપ લંબચોરસ હોય છે; દા. ત.

(અ) કદવારનાં લંબચોરસ ગર્ભગૃહ અને પ્રદક્ષિણાપથની આગળ ગૂઢમંડપ અને મુખમંડપો સમચોરસ ઘાટના[૭૭] છે (પટ્ટ ૭, આ. ૫૯), તો

(આ) ખીમેશ્વરનું મંદિર નં. ૧, શ્રીનગરનું વિંધ્યવાસિની દેવીમંદિર, કીંદરખેડાનું સૂર્યમંદિર, બોખીરાનું ચામુંડામંદિર, અને સોનકંસારીના મંદિર નં. ૨ માં સમચોરસ ગર્ભગૃહ અને પ્રદક્ષિણાપથની સામે લંબચોરસ ગૂઢમંડપ અને મુખમંડપ આવેલા છે.[૭૮]

## ૨. ત્ર્યાયતન

આ કાલનાં મંદિરોમાં મધ્યમાં ચોરસ મંડપ અને મંડપની (આગલી સિવાયની) ત્રણે બાજુએ ચોરસ ઘાટનાં ગર્ભગૃહોવાળું ત્ર્યાયતન પ્રકારનું મંદિર પણ સરમામાંથી મળ્યું છે.[૭૯]

## ૩. પંચાયતન

પંચાયતન પ્રકારનાં મંદિરોમાં મધ્યમાં મુખ્ય મંદિર અને એની જગતીના ચાર ખૂણે ચાર નાનાં મંદિરોની રચના હોય છે. આ કાલનું આવું એક મંદિર પાછતરમાંથી મળ્યું[૮૦] છે (પટ્ટ ૮, આ. ૬૧). મિયાણીના વાયવ્ય કોણે લગભગ ત્રણ કિ.મી. દૂર આવેલું એક મંદિર પાછતરના જેવું પંચાયતન મંદિર છે.[૮૦અ]

## ૪. સપ્તાયતન

સપ્તાયતન મંદિરનો આ કાલનો નમૂનો ધ્રાસણવેલમાં 'મગદેરા' નામે જાણીતો છે.[૮૧] (પટ્ટ ૮, આ. ૬૦).

### ઊર્ધ્વદર્શન

ઊર્ધ્વદર્શનની દૃષ્ટિએ ગર્ભગૃહના પીઠ, મંડોવર અને શિખર એવા ત્રણ મુખ્ય ભાગ હોય છે; મંડપમાં પીઠ, સ્તંભવેદિકા કે ભિત્તિ અને છાવણ એવા ત્રણ મુખ્ય ભાગ હોય છે. કેટલાંક દેવાલયોમાં પીઠની નીચે 'જગતી' નામે બેસણી હોય છે. પીઠનું મથાળું સમગ્ર દેવાલયનું ભોંયતળિયું બને છે.

### પીઠોદય

મૈત્રકકાલની શરૂઆતનાં કેટલાંક મંદિરોની જગતીને તથા પીઠ (કે અધિષ્ઠાન)ને વિશિષ્ટ પ્રકારના સમતલ થરો વડે આભૂષિત કરવામાં આવે છે (પટ્ટ ૯, આ. ૬૨–૬૩). એને 'પીઠોદય' કહે છે. શ્રી. નાણાવટી તથા ઢાંકીએ આ થરોને નીચેથી

ઉપર જતાં અનુક્રમે ઉપાન, અલંકાર જગતી, પદ્મ, ક્ષેપણુ, વાજન, ઊર્ધ્વપદ્મ, વલભી, કપોત, ક્ષેપણુ અને પટ્ટિકા વગેરે નામે ઓળખાવ્યા છે. કપોતને વળી ચૈત્યબારી જેવાં દેખાતાં અલંકરણોથી વિભૂષિત કરવામાં આવતો.[૮૨] વાજનની પહોળી પટ્ટિકામાં કેટલીક વખત ઠેર ઠેર ગવાક્ષો રચાતા. આવી રચના ગોપના મંદિરની અને પસનાવડાના ગાયત્રીમંદિરની પીઠિકામાં જોવામાં આવે છે.[૮૩] વલભીના થરમાં લૂપો (લૂમો), અર્ધવૃત્તાકારમાં પદ્મદલો, પદ્મકળીઓ કે નાગદંતોની રચના થતી. આવી રચના ઉપર્યુક્ત ગાયત્રીમંદિર તથા શ્રીનગરના વિંધ્યવાસિની મંદિર અને સોનકંસારી મંદિર નં. ૧ માં જોવામાં આવે છે.[૮૪]

અનુ-મૈત્રક કાલનાં કેટલાંક મંદિરોના ગર્ભગૃહના પીઠોદયમાં ભિટ્ટ (સાદી પહોળી પટ્ટીનું બાંધણું), જાડચકુંભ, અંતરપત્ર ને કપોતિકાના થર, અને બીજાં કેટલાંક મોટા કદનાં મંદિરોના પીઠોદયમાં એ ઉપરાંત વેદિબંધની રચના થયેલી જોવામાં આવે છે. વેદિબંધના થરોમાં ખુરક, કલશ, રત્ન અથવા કુંજરાક્ષના અલંકરણથી વિભૂષિત અંતરપત્ર અને કપોતાલિની રચના થયેલી હોય છે. મંડપ અને શૃંગારચોકીના પીઠોદયમાં રાજસેનક નામે થરની રચના કરી હોય છે.

## મંડોવર

મંદિરની દીવાલોના બાહ્ય ભાગને 'મંડોવર' કહે છે.

આ કાલનાં મંદિરોનો મંડોવર સાદો હોય છે. કેટલીક વખતે દીવાલોના મથાળે વલભી અને કપોત અને ક્યારેક એ બંને વચ્ચે વાજન નામની પહોળી પટ્ટિકા હોય છે. પાછલા સમયનાં કેટલાંક મંદિરોની દીવાલોમાં ઉત્તર, ઊર્ધ્વપદ્મ અને કપોતની રચના પણ જોવામાં આવે છે. ઓડદર, વિસાવાડા, મિયાણીની ટેકરીના ઢોળાવ પરનું પ્રાચીન મંદિર, શ્રીનગર અને જમળાનાં સૂર્યમંદિર, ભાણુ-સરાનું મંદિર નં. ૫, જૂની ધ્રવેડના રાજલવેજલ તથા કાલિકા માતાના મંડપની દીવાલો, સુવર્ણતીર્થના મંદિર આસપાસના પ્રદક્ષિણાપથની દીવાલો, સોનકંસારીનાં મંદિર નં. ૧ તથા ૮, પસનાવડા સૂર્યમંદિર તથા જૂની ધ્રવેડના કાલિકા માતાના મંદિરની ગર્ભગૃહની દીવાલો આ પ્રકારના થરોથી વિભૂષિત છે.[૮૫] આ કાલના સાંધાર (પ્રદક્ષિણાપથવાળા) પ્રાસાદોની દીવાલોમાં તથા નિરંધાર (પ્રદક્ષિણાપથ વગરના) પ્રાસાદોના ગૂઢમંડપની દીવાલોમાં જાલક કે ચંદ્રાવલોકન તથા વાતાયનોની રચના જોવામાં આવે છે. આવી રચના ખીમેશ્વરનું મંદિર નં.૧, પાતા અને પસનાવડાનાં સૂર્યમંદિરો, પસનાવડાનું ગાયત્રીમંદિર, તથા કદવાર અને કીંદરખેડાનાં મંદિરોમાં જોવા મળે છે.[૮૬]

**દ્વારશાખા**

ગર્ભદ્વારની શાખાઓ ભાગ્યેજ શિલ્પમંડિત જોવામાં આવે છે. કદવારનું વરાહમંદિર, પાતાનું સૂર્યમંદિર, બળેજનું કોઠ મંદિર અને બોરીચા તથા ખીમરાણનાં મંદિરોનાં ગર્ભગૃહોની શાખાઓમાં શિલ્પો છે, બાકીનાં મંદિરોનાં ગર્ભદ્વાર સાદાં અથવા બે કે બેથી વધુ શાખાઓથી અર્થાત્ શાખામાં કાઢેલા એક કે વધુ ખાંચાઓથી મંડિત છે.[૮૭]

**વેદિકા અને કક્ષાસન**

ગૂઢમંડપ દીવાલોથી ઢંકાયેલો હોય છે. એ દીવાલો પ્રાયઃ સાદી હોય છે. કેટલીક વાર એમાં બે બાજુઓની વચમાં અંદરના ભાગમાં કક્ષાસન (બાજુની બેઠકો) કાઢ્યાં હોય છે. ખુલ્લા મંડપમાં તથા શૃંગારચોકીઓમાં કેટલીક વાર વેદિકા (વંડી) અને કક્ષાસન કાઢેલાં હોય છે. કદવારનું વરાહ અને બોરીચાના સપ્તમાતૃકા મંદિરમાં વેદિકાની રચના તથા પાતા, જમળા અને બોખીરાનાં મંદિરોમાં વેદિકા તથા કક્ષાસનની રચનાઓ છે.[૮૮]

**સ્તંભો**

આ કાલનાં મંદિરોના સ્તંભો મોટે ભાગે 'રુચક' પ્રકારના (પટ્ટ ૯, આ. ૬૪) અર્થાત્ ચતુરસ્ર (ચોરસ) આકારના છે. ઓડદરનું મંદિર નં. ૧, બોરીચાનું સપ્તમાતૃકા મંદિર તથા બળેજના પીહડ માતા મંદિરના સ્તંભ આવા છે. નીચે ચોરસ અને ઉપરના ભાગે અષ્ટકોણ એવા 'વજ્રક' પ્રકારના સ્તંભ પણ નજરે પડે છે. બીલેશ્વર તથા ખીમેશ્વરનાં મંદિર નં. ૧ અને ૨ માં આ પ્રકારના સ્તંભ છે. અનુ-મૈત્રક કાલનાં કેટલાંક મંદિરોમાં ચોરસ સ્તંભોમાં 'ભદ્રક' ઘાટ જોવામાં આવે છે. આ ઘાટમાં ચારે બાજુએ સ્તંભની મધ્યમાં 'ભદ્ર' નામક નિર્ગમ ઉપસાવવામાં આવે છે. ધ્રાસણવેલનું મગદેરું તથા વસઈના કાંકેશ્વર મંદિરના મંડપ આ ઘાટના સ્તંભોથી વિભૂષિત છે.[૮૯]

**શિરાવટીઓ**

આ મંદિરોના સ્તંભોની શિરાવટીઓ બેવડા તરંગાકાર કે કુંડલિત ભાત વડે વિભૂષિત કરેલી છે અને કેટલીકમાં કુમારો(કીચકો)નાં સુશોભન છે. છાયા પાસેના અંજની માતા મંદિરના અને ધ્રાસણવેલના કાલિકા માતા મંદિરના સ્તંભોની શિરાવટીઓ આ પ્રકારની છે.[૯૦]

**છાવણ**

મંડપ, અંતરાલ, પાર્શ્વમાર્ગ, ગર્ભગૃહ અને પ્રદક્ષિણામાર્ગ (નીચલી બાજુએ) મોટે ભાગે સપાટ આચ્છાદન વડે ઢાંકેલા છે. પાછલા કાલની 'વિતાન'

નામથી જાણીતી થયેલી પદ્ધતિ અહીં એના પ્રાથમિક સ્વરૂપે પ્રતિબિંબિત થતી જણાય છે. કેટલીક વાર સપાટ આચ્છાદનવાળી આ પિધાનફલકની રચનાને ચોતરફ ઢાળવાળા છાપરાનો ઘાટ આપવામાં આવે છે. કીંદરખેડાના સૂર્યમંદિર તથા પ્રાસણવેલના કાલિકા માતાના મંદિરના પ્રદક્ષિણામાર્ગની છતોનો અને પસનાવડાના ગાયત્રીમંદિરના મંડપની છતોનો બહારનો દર્શનીય ભાગ આ ઘાટનો છે.[૯૧]

**અલંકરણો**

અલંકરણોમાં ચૈત્યબારી[૯૨] જેવાં દેખાતાં 'ચંદ્રશાલા' નામે સુશોભનો ઉપરાંત સકરપારા, અર્ધરત્નો, રત્નવલયો વગેરે ભૌમિતિક આકૃતિઓ તથા વનસ્પતિજન્ય આકૃતિઓ, કમલપત્રો, પૂર્ણકમલ, પુષ્પમાળા, બકુલમાળા વગેરે જોવામાં આવે છે.[૯૩] આમાનાં ઘણાંખરાં અલંકરણ ગોપના મંદિરમાં જોવા મળે છે.

**શિખરો**

દેવાલયના ગર્ભગૃહની ઉપર જે ઉભડક રચના કરવામાં આવતી તેને આ કાલ સુધીમાં રચાયેલા શિલ્પગ્રંથોમાં મોટે ભાગે 'શિખર' નામથી ઓળખાવવામાં આવેલ છે. શિખરની ઊંચાઈ અને વિસ્તાર, ચંદ્રશાલાદિ સુશોભનો વગેરેનું પણ એમાં નિરૂપણ થયેલું છે,[૯૪] પરંતુ શિખરના ઘાટની શૈલી પરત્વેની કોઈ પરિપાટીઓ એમાં નોંધાઈ નથી.

એ પછીના કેટલાક શિલ્પગ્રંથોમાં 'શિખરશૈલી'ને લગતા અધ્યાય પ્રયોજાયા છે.[૯૫] દા. ત. 'સમરાંગણ સૂત્રધાર'(લગભગ ૧૧ મી સદી)માં એક અધ્યાયમાં છાદ્ય શિખરશૈલીની[૯૬] અને બીજા કેટલાક અધ્યાયોમાં રેખાન્વિત શિખરશૈલીની આલોચના કરી છે.[૯૭] આ જ ગ્રંથમાં શિખરમાં એક ઉપર એક એમ અનેક ભૂમિ-મજલાના આયોજનની દ્રાવિડ શિખરશૈલીની પણ નોંધ થઈ છે.[૯૮] અપરાજિત-પૃચ્છા(લગભગ ૧૧-૧૩ મી સદી)માં છાદ્ય શિખરશૈલીનો ભાગ્યેજ ઉલ્લેખ થયો છે; ત્યાં મોટે ભાગે રેખાન્વિત શિખરશૈલીનું જ વર્ણન છે.[૯૯]

આ કાલનાં દેવાલયોના પ્રાપ્ત નમૂનાઓ પરથી દેવાલયોની શિખરશૈલીને મુખ્યત્વે ત્રણ વર્ગોમાં મૂકી શકાય એમ છે : (૧) છાદ્યશિખરશૈલી, (૨) રેખાન્વિત-શિખરશૈલી અને (૩) વલભીછંદજ.[૧૦૦]

## (૧) છાદ્ય શિખરશૈલી

છાદ્ય શિખરોની રચના ટોડા-પદ્ધતિએ બાંધેલાં પગથિયાંમાં સૂર્પાકાર કે શુણ્ડાકાર (પિરામિડ) ઘાટની હોય છે. એમાં નીચેથી ઉપર જતાં ક્રમે ક્રમે ઓછી

લંબાઈ–પહોળાઈ ધરાવતા બે, ત્રણ, ચાર, પાંચ કે એનાથી વધુ સમતલ થરો વડે છેક ઉપરની ટોચ સધાય છે. આ ટોચ પર ચૂલિકા કે આમલસાર તથા કલશ મૂકવામાં આવે છે. વળી આ સમતલ થરોને ચૈત્યબારી-ઘાટનાં સુશોભનો વડે અલંકૃત કરવામાં આવે છે. એના પોલાણમાં કવચિત્ માનવમુખ, કમલ અથવા કોઈક મૂર્તિ મૂકી એને વધુ આકર્ષક બનાવવામાં આવે છે. અલંકરણમાં વળી ક્યારેક સમગ્ર શિખરની અત્યંત નાના કદની પ્રતિકૃતિઓનો પણ ઉપયોગ કરવામાં આવે છે.[૧૦૧]

છાદ્ય શિખરના સમતલ થરોના ઘાટમાં ત્રણ પ્રકારનું વૈવિધ્ય નજરે પડે છે. આ ત્રણેને અપરાજિતપૃચ્છા અનુસાર આપણે અનુક્રમે 'ફાંસના', 'કપોત' અને 'કપોતપાલિકા' નામે ઓળખાવી શકીએ.[૧૦૨]

ફાંસના એટલે ઢાળવાળું છાદ્ય. એ એકથી વધુ તલ(થર)ની બનેલી હોય છે.

આ ત્રણ પ્રકારના સમતલ થરો પૈકી દ્વિતલ ફાંસનાવાળા શિખરનું સર્વોત્તમ ઉદાહરણ ગોપનું મંદિર છે. એનાં બંને તલ નીચેથી ઉપર જતાં દરેક બાજુએ અનુક્રમે ૨ અને ૧ ચંદ્રશાલા વડે વિભૂષિત કરેલ છે.[૧૦૩] કદવારના વરાહમંદિરના પ્રદક્ષિણાપથના છાવણની રચના પણ આવી દ્વિ–છાદ્યાન્વિત છે, પરંતુ ગર્ભગૃહ પરનું શિખર આ પ્રકારનું નથી. આ જ પ્રમાણે પસનાવડાના ગાયત્રીમંદિરના પ્રદક્ષિણાપથ તથા ગૂઢમંડપનાં છાવણ ચંદ્રશાલાથી અલંકૃત સપ્તતલ ફાંસનાની રચના ધરાવે છે, પરંતુ તેઓના ગર્ભગૃહ પરનું શિખર પાછલા સમયની નાગર શૈલીની બેડોળ રચનાવાળું છે.[૧૦૪] વાલમના કાળિયા મહાદેવના ગર્ભગૃહ પરના શિખરનાં તથા મુખમંડપ પરના છાવણનાં ચતુસ્તલોની રચના આ પ્રકારની છે અને એના દરેક થરમાં ચંદ્રશાલાનાં અલંકરણ છે.

છાદ્ય શિખરના દરેક સમતલ પ્રસ્તરની ઉપલી ધાર ગોળા(કપોત)થી વિભૂષિત હોય તો એ છાદ્ય શિખરોનો બીજો ઉપપ્રકાર ગણાય.[૧૦૫] આ ઉપપ્રકારમાં પણ બે લક્ષણ જોવામાં આવે છે: કેટલાંક મંદિરોના છાદ્ય–પ્રસ્તર અલંકરણ વિનાના સાદા છે ને કેટલાંકના પ્રસ્તર ચંદ્રશાલાનાં અલંકરણોથી વિભૂષિત હોય છે. અલંકરણ વિનાની સાદી પ્રસ્તરરચનાવાળાં મંદિરોમાં ઓડદર ગામની પૂર્વ સીમમાં આવેલું પ્રાચીન મંદિર અને ઓડદરના ગોરખ મઠના મંદિર નં. ૪ નાં શિખર ત્રિતલ (ત્રિછાદ્ય) છે. કીંદરખેડાનું ચામુડા માતાનું મંદિર પંચથર છે.[૧૦૬] દરેક થરપ્રસ્તર પર ચંદ્રશાલાનાં અલંકરણ પ્રયોજાયાં હોય તેવા

રાજલવેજલ મંદિરનું, ત્રિતલ શિખર વિસાવાડાના શંકર દેરાનું અને છાયા પાસેના ધીંગેશ્વર મંદિરનું ચતુશ્છાદ્ય શિખર આ જ પરિપાટીનાં છે.[૧૦૭]

વળી દરેક પ્રસ્તરના ઘાટમાં ગોળા-ગલતાનું સંયોજન થયેલું હોય તેવાં છાદ્ય શિખરોનો ત્રીજો ઉપપ્રકાર પણ જોવામાં આવે છે.[૧૦૮] આ રચનામાં બહિર્ગોળ અને અંતર્ગોળ ઘાટનો એકાંતરે ઉપયોગ થયેલો હોય છે. આ ઉપપ્રકારમાં પણ રચના પરત્વે બે ભેદ જોવામાં આવે છે: શુદ્ધ અને સંઘાટ. શુદ્ધમાં પ્રસ્તરની રચના સાદા ગોળા-ગલતાવાળી કે કેટલીક વાર ચંદ્રશાલાથી અલંકૃત હોય છે, પણ સંઘાટની પ્રસ્તરરચનામાં ગોળા–ગલતા વચ્ચે નાના કદના કપોતનો થર હોય છે. ત્રિતલાંકિત શિખરવાળું પાતાનું સૂર્યમંદિર, અને બોડદરનું નં. ૪, ચતુર્દલાંકિત બોરીચાનું શિવમંદિર, કીંદરખેડાનું સૂર્યમંદિર, છાયાનું અંજનીમંદિર, શ્રીનગરનું શિવમંદિર નં. ૩ અને ખીમેશ્વરનું મંદિર નં. ૭, મેવાસાનું ષટ્તલાંકિત ચેલેશ્વર મંદિર અને સોનકંસારી સપ્તદલાંકિત મંદિરનું નં. ૮ શુદ્ધ સાદા થરવાળાં છે, તો ખીમેશ્વરનું નં. ૩ અને બળેજનું પીઠડ માતાનું ત્રિદલાંકિત મંદિર તથા ભાણસરા નં. ૩ અને જમળાના સૂર્યમંદિરનાં ચતુસ્તલાંકિત શિખરોના થરો ચંદ્રશાલા-અલંકરણથી વિભૂષિત છે.[૧૦૯] કામળીના બ્રહ્માણી માતાના અને આગિયા ગામના પ્રાચીન મંદિરનાં પંચતલ ચારે બાજુએ ચન્દ્રશાલાના અલંકરણથી વિભૂષિત છે. કામળીના મંદિરના મુખમંડપ ઉપરનું ત્રિતલ છાવણ પણ આ જ પ્રકારની રચના ધરાવે છે.

સંઘાટ પ્રસ્તર રચનાવાળાં મંદિરોમાં બોખીરાના ચામુંડા મંદિરનું શિખર ત્રિતલ છે. આવી જ રચના ધરાવતા પસનાવડાના સૂર્યમંદિર અને રાણાવાવના જાડેશ્વર મંદિરનાં શિખરોનાં ચતુસ્તલ તથા સોનકંસારીના મંદિર નં. ૪ ના શિખરનાં ષટ્તલ તથા સુવર્ણતીર્થના મંદિરનાં નવતલ મધ્યમાંથી ચંદ્રશાલાની ઊભી હરોળ વડે વિભૂષિત કરેલાં છે.[૧૧૦]

કેટલાંક મંદિરોમાં પ્રસ્તર–છાદ્યની રચનામાં એક તલ કે છાદ્યને બીજા તલ કે છાદ્યથી છૂટું પાડનાર અંગ 'ઉચ્છેદ'નો પ્રયોગ થયેલો જોવામાં આવે છે.[૧૧૧] છાદ્યશિખર શૈલીનો આ ચોથો ઉપપ્રકાર ગણાય.[૧૧૨] આમાં ભાણસરાનાં નં. ૨ અને ૫, અને મિયાણી પાસે કોયલા ડુંગરની ધાર પર આવેલા પ્રાચીન મંદિરનાં ત્રિછાદ્ય શિખરોવાળાં મંદિરો, વસીનું દેરું કે ફિરંગી દેવળ નામે ઓળખાતું કલસારનું પ્રાચીન મંદિર, બીલેશ્વર નં. ૧ તથા ૨, શ્રીનગરનું સૂર્યમંદિર તથ પીંડારાના પ્રાચીન મંદિરનાં ચતુસ્તલ શિખરોવાળાં મંદિર, ભાણસરાનું નં. ૪, સોનકંસારી

નં ૧, પંચતલ શિખરોવાળું જૂની પ્રવેડનું કાલિકામંદિર તથા દેગામનું ચામુંડા મંદિર અને બીલેશ્વરનું ષટ્તલ શિખરવાળું મંદિર; તેઓનો સમાવેશ થાય છે.[૧૧૩]

**(૨) શિખરાન્વિત**

પ્રાક્–ચૌલુક્ય (પ્રાક્–સોલંકી) શૈલીનાં અંતિમ અવસ્થાની શિખરશૈલીનાં મંદિર ઉત્તર ભારતની નાગર શૈલીની પ્રાથમિક અવસ્થાનાં સૂચક છે. આ અવસ્થામાં શિખર મુખ્યત્વે ત્રણ ફેરફાર ધારણ કરતાં જણાય છે : (૧) સમતલ શિખર-રચનાનું સ્થાન રેખાન્વિત શિખરશૈલી લે છે, (૨) ચંદ્રશાલાનું અલંકરણ ધીમે ધીમે શિખર પર જાલ નામથી જાણીતી રચનામાં પરિણમે છે તથા (૩) શિખરોના તલના છેડે પ્રચલિત શિખરની પ્રતિકૃતિઓ નાના કદની શૃંગિકાઓમાં પરિણમતી જણાય છે અને રેખાન્વિત શિખરની નમણનો ઘાટ 'વેણુકોશ' સંજ્ઞા પામે છે.[૧૧૪]

વળી શિખરોના વેણુકોશમાં ભદ્ર–પ્રતિરથની રચના તથા શિખરની રચના એકશૃંગી (એકાંડી) કે પંચશૃંગી (પંચાંડી) હોવી એ પણ આ અવસ્થાનાં મંદિરોનું એક મહત્ત્વનું લક્ષણ બની રહે છે. આ શૈલીનાં મંદિરોનું પ્રાચીનતમ સ્વરૂપ ભાણસરાનું મંદિર નં. ૧ હોવાનું જણાય છે. એના વેણુકોશમાં ભદ્ર નિર્ગમ જણાય છે, પરંતુ એ ઉપરના ભાગે ઘણું ખંડિત થયેલું છે. સૂત્રાપાડાનું સૂર્ય-મંદિર, કાલાવડનું કોટેશ્વર મંદિર, અખોદરનું સૂર્યમંદિર તથા પાછતરના સંદેવંત સાવલિંગા મંદિરનાં શિખરોના વેણુકોશમાં ભદ્ર–પ્રતિરથ નિર્ગમો છે અને આ બધાં મંદિર એકશૃંગી કે એકાંડી છે. ધ્રાસણવેલનું મગદેરું, મિયાણી મંદિર નં. ૨, ધૂમલીનું ગણેશમંદિર, નંદીશ્વરમંદિર નં. ૪, રોડા મંદિરસમૂહમાંના મંદિર નં. ૨ સિવાયનાં મંદિરો તથા વડનગરના અમથોર માતાના મંદિરસમૂહનાં મંદિરોનાં શિખરોમાં વિકાસક્ષમતા નજરે પડે છે. આ જ પ્રકારની વિકાસક્ષમતાનાં કેટલાંક બીજાં ઘોતક ઉદાહરણોમાં વિસાવાડાનું રાંદલ મંદિર, નંદીશ્વરનું નં. ૫, ઓડદરનું મંદિર નં. ૬, ધ્રાસણવેલનું કાલિકા મંદિર, પાછતરનું પંચાયતન મંદિર, મિયાણીનાં મંદિર નં. ૩ અને ૪ તથા વસઈના કાંકેશ્વર મંદિરને ગણાવી શકાય, પરંતુ આ તમામ મંદિરોના વેણુકોશમાં જાલનું અલંકરણ જોવામાં નથી આવતું. આ અવસ્થાનાં કેટલાંક મંદિર પંચાંડી છે. એમાં શિખરશૈલીનો વધુ વિકાસ નજરે પડે છે. ખામરાણાના શિવમંદિરના પંચાંડી શિખરના વેણુકોશ સજાલ છે, જ્યારે સોનકંસારીનું નં. ૩, મિયાણીનું નં. ૧ તથા નંદીશ્વરના નં. ૩ ના પંચાંડી શિખરના વેણુકોશમાં જાલનાં અલંકરણોનો સર્વથા અભાવ છે.[૧૧૫]

(૩) વલભીછંદજ

ખીમેશ્વર મંદિર નં. ૬ વલભીછંદજ શિખરશૈલીનો એકમાત્ર ઉપલબ્ધ નમૂનો છે. લંબચોરસ ઘાટના એના ગર્ભગૃહ પરના છાવણમાં, બૌદ્ધ ચૈત્યગૃહો પર હોય છે તેવી અર્ધનલાકાર ઢોલ કે પીપને મળતા ઘાટની રચના કરેલી છે. આ પ્રકારની રચના 'વલભી' નામે ઓળખાય છે.[૧૧૬]

**વિદ્યમાન દેવાલયો**

આ સમયનાં મંદિરોમાં સૌથી પ્રાચીન મંદિર જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકામાં બરડાના ડુંગરાળ પ્રદેશમાં જૂના ગોપ કે ઝીણાવાળી ગોપ નામના ગામમાં આવેલું છે. સમચોરસ ગર્ભગૃહનું બનેલું આ મંદિર ઊંચી ને વિશાળ સમચોરસ 'જગતી' (અધિષ્ઠાન–વ્યાસપીઠ) પર આવેલું છે. આ 'જગતી'ને પૂર્વ તરફ વિસ્તરતી દર્શાવી છે. ગર્ભગૃહની ચોતરફ એક વખતે દીવાલોથી ઘેરાયેલો અને છાવણથી ઢંકાયેલો પ્રદક્ષિણાપથ હતો, હવે એ ખુલ્લો થઈ ગયો છે. જગતી પરની મંદિરની પીઠ પણ ઘણી જગ્યાએ ખંડિત થયેલી છે. એની પૂર્વ તરફની મુખ્ય 'સોપાનશ્રેણી' પણ લુપ્ત થઈ છે. મંદિરની આગળ મંડપની રચના ન હતી, પરંતુ જગતીના પૂર્વ તરફ વિસ્તાર પામેલ ભાગ (નિર્ગમ) પર આવી કોઈક રચના હશે એવું અનુમાન છે.[૧૧૭] એમાં ઉત્તર તથા દક્ષિણ બાજુએ આવેલ અર્ધચંદ્ર કે ચંદ્રશિલાની નિશાનીઓ[૧૧૮] આ નિર્ગમ પર સામસામાં બે નાનાં મંદિર આવેલાં હોવાનો સંકેત કરે છે. મુખ્ય સોપાનશ્રેણીની બંને બાજુએ એક એક દ્વારપાલ હોવાનું પણ તાજેતરમાં ત્યાંથી પ્રાપ્ત થયેલ દ્વારપાલના એક ખંડિત શિલ્પ પરથી ફલિત થાય છે.[૧૧૯]

પૂર્વાભિમુખે આવેલા આ મંદિરની મુખ્ય સેવ્ય પ્રતિમા મળી નથી, પરંતુ ગર્ભગૃહમાં બે મૂર્તિ પડેલી છે. તે પૈકીની એક મૂર્તિ વિષ્ણુની અને બીજી સ્કંદ–કાર્તિકેયની છે.[૧૨૦] મંદિરની વ્યાસપીઠમાં આવેલા ગવાક્ષોમાં મૂકેલી મૂર્તિઓના કદ કરતાં આ બંને મૂર્તિઓનું કદ મોટું હોવાથી એ ગવાક્ષોમાંની મૂર્તિઓ નથી એ નિશ્ચિત છે. આ મંદિર સૂર્યમંદિર હોવાનું કેટલાક માને છે,[૧૨૧] પરંતુ એ વિશેનો કોઈ નક્કર પુરાવો હજુ સુધી મળ્યો નથી. મંદિરની દ્વારશાખામાં પણ આને લગતું કોઈ પ્રમાણ મળતું નથી.[૧૨૨]

મંદિરના મથાળે દ્વિતલ છાદ્યશિખરના નીચલા થરમાં પશ્ચિમ અને ઉત્તર દિશાની ચંદ્રશાલાઓમાં અનુક્રમે ગણેશ અને પાર્વતીનાં શિલ્પ છે.[૧૨૩] દક્ષિણ તથા પૂર્વ તરફની ચંદ્રશાલાઓમાંની મૂર્તિઓ ગુમ થયેલી છે. મંદિરના અધિષ્ઠાનની

દીવાલમાંના ગવાક્ષોમાંની મૂર્તિઓ પૈકી એક મૂર્તિ રામ કે સૂર્યની જણાય છે. [૧૨૪] બાકીની કાંતો ઘસાઈ ગઈ છે યા ગુમ થયેલી છે. આમ આ મંદિરની સેવ્ય પ્રતિમાની માહિતી કોઈ પણ રીતે ઉપલબ્ધ થતી નથી.

મંદિરની જગતી તલદર્શન(પટ્ટ ૭, આ. ૫૮)માં અનેક નિર્ગમો વડે અને ઊર્ધ્વદર્શનમાં વિવિધ થરો વડે અંકિત કરેલી હતી. એનો વિસ્તાર (૬૩'–૪" × ૬૩'–૪" = ૧૯.૫ × ૧૯.૫ મી.) સમચોરસ છે. પૂર્વ તરફના વિસ્તૃત નિર્ગમ સાથે એની લંબાઈ ૮૪'–૪" (૨૫.૯ મી.) થાય છે.[૧૨૫] જગતીની ઊંચાઈ ૧૧'–૭" (૩.૩ મી.) છે અને એમાં નીચેથી ઉપર જતાં અનુક્રમે નાનામોટા, સાદા તથા અલંકૃત ૨૬ થરોનું આયોજન થયેલું હતું તથા એમાં યોજેલા ગવાક્ષોમાં મૂર્તિશિલ્પ મૂકેલાં હતાં.[૧૨૬] આ જગતીનો ઘણોખરો ભાગ નષ્ટ થયો છે, એમ છતાં ઉપલબ્ધ અવશેષોના આધારે સ્પષ્ટ જણાય છે કે જગતીની ચારે બાજુએ મૂળ રેખાથી બહાર નીકળતા સાત નિર્ગમ આવેલા હતા.[૧૨૭]

જગતીની મધ્યનો થર નાના કદનાં મંદિરોનો આભાસ નિપજાવતાં તોરણો અને સ્તંભિકામંડિત ગવાક્ષો વડે અલંકૃત કરેલો હતો. આ ગવાક્ષોના મથાળે ચંદ્રશાલાનાં સુશોભન હતાં અને ગવાક્ષોમાં અનેકવિધ મૂર્તિશિલ્પ મૂકેલાં હતાં. આ જગતીના પૂર્વ તરફના મધ્ય નિકારાની ઉત્તર-દક્ષિણે સોપાનશ્રેણી હતી તેવી જ રીતે આ બાજુએ મધ્યવર્તી સોપાનશ્રેણી પણ હતી, જે જગતી પરની પીઠના મથાળા સુધી પહોંચતી.

જગતી પર આવેલ પીઠનો—પૂર્વ બાજુના મધ્ય નિકારા સિવાયનો—વિસ્તાર ૪૧'–૪" × ૪૧–૪" (લગભગ ૧૨×૧૨મી.) છે. એની ત્રણ બાજુએ મધ્યમાં ભદ્ર અને પ્રતિરથના નિર્ગમ છે. કોણનો ભાગ પણ ભદ્ર અને પ્રતિરથના નિર્ગમોથી સુશોભિત કરેલો છે. પીઠનું તલદર્શન આમ ત્રિનાસિક બની રહે છે. જગતીની માફક પીઠોદયમાં પણ અનેક સમતલ સાદા અલંકૃત થરોની રચના છે.[૧૨૮] તેઓમાંનો મધ્ય થર ગવાક્ષમંડિત શિલ્પોથી વિભૂષિત છે. આમાંનાં ઘણાંખરાં શિલ્પ કાંતો લુપ્ત થયાં છે અથવા તો અવશેષરૂપ જળવાઈ રહ્યાં છે. એ એટલાં બધાં ઘસાઈ ગયેલાં છે કે ઓળખી શકાતાં નથી.[૧૨૯]

પીઠ પર પ્રદક્ષિણાપથની જે બાહ્ય દીવાલ આવેલી હતી તે નાશ પામી છે, પરંતુ ગર્ભગૃહની દીવાલના મથાળા તરફ લગભગ ૧૪ ફૂટ (૪ મી.) ઊંચાઈએ આવેલાં સળંગ બાકોરાંની રચનાથી સ્પષ્ટ સૂચવાય છે કે ગર્ભગૃહની ચોતરફ પથ્થરની છાટો વડે ઢાંકેલો પ્રદક્ષિણાપથ આવેલો હતો. આ પ્રદક્ષિણાપથની દીવાલ તથા એના પરની છત લુપ્ત થઈ ગયાં છે.

મંદિરનું ગર્ભગૃહ ૧૦'–૯" (૩.૩ મી.) સમચોરસ છે. એની દીવાલની ઊંચાઈ ૧૭'–૦ (૫.૧૮ મી). છે. એના મથાળે આવેલી ભારે કદની કાનસ સિવાય એ તદ્દન સાદી છે. જગતી પરથી શિખર સુધીની સમગ્ર મંદિરની ઊંચાઈ ૨૫'–૦" (૭.૬૨ મી.) છે. ગર્ભગૃહના દ્વારના ઓતરંગમાં આવેલી કપોત ઘાટની કાનસ સિવાય દ્વારશાખાઓ સાદી છે. એની એક શાખા પર સાત અક્ષર કોતરેલા છે.[૧૩૦] ગર્ભગૃહમાં મૂર્તિસ્થાપન માટેની પીઠિકા નથી, માત્ર વિષ્ણુ અને સ્કંદનાં બે છૂટાં શિલ્પ એમાં પડેલાં છે. વિષ્ણુના હાથ ખંડિત છે, પરંતુ એમના ઉપલા બે હાથમાં ખંડિત ગદા અને ચક્ર સ્પષ્ટ જણાય છે. મસ્તક પર કિરીટ મુકુટ પણ છે. એની બંને બાજુઓનાં સ્ત્રીશિલ્પ ઘસાઈ ગયાં છે. સ્કંદ દ્વિભુજ છે. એમનો ડાબો હાથ કેડ પર મૂકેલો છે અને જમણા હાથે એ શક્તિ (ભાલો) ધારણ કરે છે. મસ્તક પર દ્વિતલ જટાભાર છે.[૧૩૧]

મંદિરનું દ્વિતલ છાદ્યશિખર અંદરથી પોલું છે. બાહ્ય ભાગે એ એક પર એક એમ બે સમતલ થરો વડે વિભૂષિત છે અને એના પર અર્ધ શંકુ-ઘાટની ચૂલિકાની રચના છે. બંને સમતલ થરને એકબીજાથી વાજન અને કંઠ (નામની પટ્ટિકાઓ) વડે અલગ પડતા દર્શાવ્યા છે. નીચેનું છાદ્ય દરેક બાજુએ બબ્બે મોટા કદની નિર્ગમિત ચંદ્રશાલાનાં સુશોભનો વડે અલંકૃત છે. એની ઉપરના છાદ્યની મધ્યમાં આવું જ એક એક અલંકરણ છે. આ ચંદ્રશાલાઓમાં સુશોભનશિલ્પ આવેલાં હતાં, તેઓમાંનાં અવશેષરૂપ બચેલાં શિલ્પોમાંનાં માત્ર બે જ શિલ્પ–ગણેશ અને પાર્વતી ઓળખી શકાયાં છે.[૧૩૨]

ગોપનું આ મંદિર છઠ્ઠી સદી પછીનું નહિ હોવાનો મત બર્જેસે વ્યક્ત કર્યો હતો.[૧૩૩] ગોપનું મંદિર કાશ્મીરના માર્તંડ મંદિર સાથે બે બાબતમાં સામ્ય ધરાવતું હોવાનું કઝન્સે પ્રતિપાદિત કર્યું હતું: (૧) ચંદ્રશાલાના અલંકરણથી વિભૂષિત પગથિયાંવાળું સૂર્પાકાર (પિરામીડ) શિખર અને (૨) પીઠમાં આવેલા ગવાક્ષોના મથાળે આવેલાં ચૈત્યબારીનાં અલંકરણોમાં ત્રિદલ કમાન (trefoil arch)-ની ભાત. તેઓનું વિશેષ અનુમાન હતું કે સૂર્યપૂજક મેર લોકો કાશ્મીરની આ પરંપરા સૌરાષ્ટ્રમાં લઈ આવ્યા હતા, તેથી કાશ્મીરના માર્તંડ મંદિર કરતાં ગોપનુ મંદિર વહેલું હોઈ શકે નહિ.[૧૩૪] કઝન્સનો આ મત કુમારસ્વામી[૧૩૫] અને પર્સી બ્રાઉને[૧૩૬] સ્વીકાર્યો હતો.

કઝન્સના આ મતનું ડૉ. સાંકળિયા ખંડન કરે છે, કારણ કે કાશ્મીરનું કોઈ પણ મંદિર આઠમી સદી પહેલાંનું નથી. અલબત, તેઓ જણાવે છે કે કોણાત્મક છાપરા–ઘાટમાંથી ઊતરી આવેલી મંદિરશિખરની આ પરંપરા કાશ્મીરનાં મંદિરોમાં

દેખા દે છે. આ પરંપરા કાશ્મીરથી સિંધ થઈને સૌરાષ્ટ્રમાં આવી હોવાનો તેઓ મત ધરાવે છે. ગંધારની આ પરંપરા તથા પાછલા સમયની ચૈત્યબારી (ચંદ્રશાલા)-ના અલંકરણની યોજનાના આધારે તેઓ ગોપના મંદિરને બર્જેસ કરતાં એક સૈકું વહેલું મૂકી એ ઈસુની પાંચમી સદીનું હોવાનું જણાવે છે.[૧૩૭]

શ્રી. એસ. કે. સરસ્વતીના મત મુજબ ગોપના મંદિરની શિખર-રચનામાં કાશ્મીર કે ગાંધારની અસર હોવા કરતાં પ્રદક્ષિણાપથની અંદર ગર્ભગૃહની સ્થિતિ તથા શિખરનો પગથિયાંવાળો ઘાટ ગુપ્ત કાલનાં મંદિરોના તલદર્શન તથા નાની થતી અનેક ભૂમિકાઓવાળા શિખરની રચના સાથે સામ્ય ધરાવે છે.[૧૩૮] કાશ્મીરનાં ત્રિકોણાત્મક છાપરાંવાળાં મંદિરોની અસર ગોપના મંદિરના શિખર પર હોવાની માન્યતાનો વિરોધ કરતાં શ્રી. સૌન્દરરાજન એની શિખર-રચનામાં ઐહોલનાં મંદિરોની પરંપરા શુણ્ડાકાર અને નલાકાર ઘાટનું સંમિશ્રણ-હોવાનું જણાવી તેઓ ગોપનું મંદિર સાતમી સદીનું હોવાનું પ્રતિપાદિત કરે છે.[૧૩૯]

કલકત્તાના ડૉ. શ્યામદાસ ચેટરજીએ ગોપના મંદિરની દીવાલમાં આવેલા કાષ્ઠના મોભના ટુકડાનું રેડિયો કાર્બન-૧૪ પરીક્ષણ કર્યું તો એ લગભગ ઈ. સ. ૫૫૦±૧૫૦નું જણાયું છે.[૧૪૦] આથી એકંદરે એનો રચનાકાલ પાંચમી-થી સાતમી સદી આવે.[૧૪૧] મંદિરના ગર્ભગૃહની દ્વારશાખા પર કોતરેલ લખાણની લિપિનો મરોડ છઠ્ઠી-સાતમી સદીનો છે. સાતમી સદીના દેવગઢના પ્રાચીન મંદિરનાં, ઐહોલના દુર્ગા મંદિરનાં, શિરપુરના છઠ્ઠી સદીના લક્ષ્મણ મંદિરનાં તથા એ જ સ્થળના છઠ્ઠી-સાતમી સદીના વિહારનાં કેટલાંક લક્ષણ ગોપની જગતીમાં જળવાયાં છે. આ બધાં કારણોસર શ્રી. નાણાવટી તથા ઢાંકીએ આ મંદિરનો સમય છઠ્ઠી સદીના અંતિમ ચરણનો હોવાનું પ્રતિપાદિત કર્યું છે.[૧૪૨]

કદવાર(તા. પાટણ-વેરાવળ, જિ. જૂનાગઢ)નું પૂર્વાભિમુખ પ્રાચીન મંદિર ઊંચી પીઠ પર આવેલું છે. મંદિરનું ગર્ભગૃહ લંબચોરસ છે. એની લાંબી બાજુ ઉત્તર-દક્ષિણ છે. એની પીઠ નિર્ગમોથી તેમજ ગવાક્ષોથી મંડિત નથી અને માત્ર કલશાદિ થોડા થરો વડે વિભૂષિત છે. ગોપના મંદિરની પીઠ કરતાં એ ઘણી સાદી છે. લંબચોરસ ગર્ભગૃહની આગળ સમચોરસ મંડપ છે. એની સંબાઈ ગર્ભગૃહની લંબાઈ જેટલી જ છે, પરંતુ ગર્ભગૃહ એની બાજુઓના પ્રદક્ષિણાપથને લઈને બહારથી મંડપ કરતાં વધારે લાંબું દેખાય છે. મંડપના અગ્રભાગના બંને છેડે કાટખૂણે એક એક શૃંગારચોકી કાઢવામાં આવી છે. શૃંગારચોકીના આ નિર્ગમોને લઈને દેવાલયનું તલદર્શન વધુ કલાત્મક બન્યું છે. એમાંની ઉત્તર-દક્ષિણ બાજુની શૃંગારચોકીઓની ઉત્તર તથા દક્ષિણ દીવાલને

પ્રદક્ષિણાપથની અનુક્રમે ઉત્તર તથા દક્ષિણ દીવાલની સમસૂત્ર રાખવામાં આવેલ છે (પટ્ટ ૭, આ. ૫૯). મુખ્ય પ્રવેશની બંને બાજુએ મથાળે કીર્તિમુખના અલંકરણથી શોભતા ભીંતાસ્તંભોની રચના છે. શૃંગારચોકીઓની વેદિકા(વંડી)-માં વામન સ્તંભો અને કક્ષાસનોની રચના છે; વચ્ચેનો ખુલ્લો ભાગ કુમુદની ભાતવાળી જાળીદાર પડદીઓ વડે ભરી દીધો છે.[૧૪૩]

મંડપનું છાવણ મધ્યના ચાર સ્તંભો પર ટેકવેલું છે. પછીના સમયમાં ઉત્તર તથા દક્ષિણ બાજુના સ્તંભ-યુગ્મની વચ્ચે ભારવહન માટે એકેક સ્તંભ ઉમેરાયો છે. મંડપના બંને પાર્શ્વમાર્ગની દીવાલોમાં એક એક મોટા ઊંડા ઉદ્ગમમંડિત ગવાક્ષની રચના કરેલી છે.

દેવાલયના ગર્ભદ્વારની ઊંચાઈ પહોળાઈ કરતાં બમણી છે. ગર્ભદ્વારની દ્વારશાખા પંચશાખ પ્રકારની છે. એમાં દ્વારમાર્ગ તરફની 'પત્રશાખા'માં ફૂલવેલ-ભાત તથા હીરા-ઘાટની આકૃતિઓ છે. એના લલાટબિંબમાં વિષ્ણુનું શિલ્પ તથા એની ઊભી શાખાઓના નીચલા છેડે ગંગા તથા યમુનાનાં શિલ્પ છે.[૧૪૪] દ્વાર-શાખાની મધ્ય શાખા અર્થાત્ 'રૂપસ્તંભ' ઘાટમાં ગોળ સ્તંભિકા જેવો છે. એની શિરાવટીમાં ઘટ-પલ્લવની આકૃતિ ઉપર ચંદ્રશાલાના અલંકરણવાળી પટ્ટિકા છે. બાકીની બે શાખા સાદી છે. રૂપસ્તંભ અને અંદરની પત્રશાખાની વચ્ચેની શાખાના લલાટબિંબમાં ગણેશનું શિલ્પ છે.

ઉત્તરાંગમાં પદ્મપીઠ અને બબ્બે સ્તંભિકાઓથી સુશોભિત પાંચ ગવાક્ષોમાં એકેક મૂર્તિશિલ્પ છે. વળી આ ગવાક્ષોના મથાળે સૂર્પાકાર ફાંસનાની રચના છે. ગવાક્ષોમાં ડાબેથી જમણે અનુક્રમે સૂર્ય, બ્રહ્મા, વિષ્ણુ, શિવ અને ચંદ્રનાં શિલ્પ છે.[૧૪૫]

મંદિરના ગર્ભગૃહમાં હાલ નૃવરાહની સેવ્ય પ્રતિમા આવેલી હોવાથી આ મંદિર હાલ વરાહમંદિર તરીકે ઓળખાય છે. આ મૂર્તિના પરિકરમાં વિષ્ણુના બાકીના નવ અવતારોનાં શિલ્પ કોતરેલાં છે.[૧૪૬] ગર્ભગૃહની આ મૂર્તિ ઉપરાંત વેરવિખેર પડેલાં અહીંનાં કેટલાંક મૂર્તિશિલ્પોના આધારે મંદિરનો રચના-સમય આંકવાના પ્રયાસ થયા છે. મંદિરના લંબચોરસ ગર્ભગૃહ પરથી એક સમયે એમાં વિષ્ણુના દસે અવતારોની મૂર્તિઓ પ્રસ્થાપિત થયેલી હશે અને એ દશાવતારનું મંદિર હશે એવું કઝન્સે પ્રતિપાદિત કર્યું હતું. મંદિરની બહાર પડેલા શિલ્પખંડો પૈકીના વામન તથા પરશુરામની આકૃતિવાળા શિલ્પખંડોએ એમના આ મતને સમર્થન આપ્યું હોય એમ જણાય છે.[૧૪૭]

મંદિરની આસપાસ પડેલા શિલ્પખંડ પ્રાચીન પરિકરના હોવાનું માલૂમ પડે છે. મંદિર દશાવતારનું હોવા છતાં એમાં વરાહાવતારને પ્રાધાન્ય આપવામાં આવેલું.[૧૪૮]

અવતાર–શિલ્પોના જે અવશેષ હાલ ઉપલબ્ધ થયા છે તે સર્વ પ્રાચીન પરિકરના છે, છતાં ગર્ભગૃહનું લંબચોરસ તલદર્શન અને પછીતની આગળ કરેલી લાંબી સળંગ પીઠિકા આ મંદિર દશાવતારનું હોવાનું સૂચવે છે; અલબત, વરાહ-અવતાર સિવાયના અન્ય અવતારોની સેવ્યમૂર્તિઓ ઉપલબ્ધ થઈ નથી. શ્રી. નાણાવટી તથા ઢાંકીએ કઝન્સના મતની વિશદ ચર્ચા કરી છે. કઝન્સે વામન અને પરશુરામ(ખરી રીતે રામ)ની આકૃતિવાળા જે શિલ્પખંડોની વાત કરી છે તે શિલ્પખંડો ઘણું કરીને અત્યારના પરિકરની અગાઉના મોટા કદના કાળા પથ્થરના જુદા પરિકરના હોય એમ જણાય છે.[૧૪૯] આ શિલ્પખંડો પૈકી એકમાં વામન અને બુદ્ધ, બીજામાં રામ અને બલરામ, ત્રીજામાં મત્સ્ય અને નૃસિંહ, અને ચોથામાં કૂર્મ અને પરશુરામની મૂર્તિઓ છે. મુખ્ય વરાહમૂર્તિની ઉપર કલ્કિનું શિલ્પ હોવાની સંભાવના છે.[૧૫૦] અત્યારની વરાહમૂર્તિનો કાળા પથ્થરનો પરિકર અગિયારમી સદી પહેલાંનો નથી એમ તેઓ માને છે, તો બીજી બાજુએ ગર્ભગૃહમાં એ વરાહમૂર્તિની બાજુમાં અત્યારે પણ પગ નીચેના શેષ સાથેની પ્રાચીન વરાહની ખંડિત પાષાણમૂર્તિ સચવાઈ છે. પૂરા માનવકદની આ ખંડિત પ્રતિમા પરિકરના ખંડિત શિલ્પખંડો સાથે માપની દૃષ્ટિએ બંધબેસતી જણાય છે.[૧૫૧]

વળી આ મંદિર પરનું શિખર રચનાની દૃષ્ટિએ બીલેશ્વરના શિખરને મળતું તથા સમયની દૃષ્ટિએ ગોપ અને વિસાવાડાનાં પ્રાચીન મંદિરોનાં શિખરોના સમયનું હોવાનું કઝન્સે સૂચવ્યું છે. દ્વારશાખા પરની ગંગાયમુનાની આકૃતિઓ પરથી પણ એનો પ્રાચીન કાલ સૂચિત થતો હોવાનું તેઓ નોંધે છે; પણ એ બરાબર નથી, કારણ કે સમચોરસ ગર્ભગૃહવાળા મંદિરની શિખરરચના અહીંના લંબચોરસ ગર્ભગૃહ પર બંધ બેસે એમ નથી. આથી ઘણું કરીને આ દેવાલયના ગર્ભગૃહ પરનું શિખર 'વલભી' પ્રકારનું હોવા સંભવે છે.[૧૫૨]

દ્વારશાખામાં ગંગા–યમુનાની આકૃતિઓ કંડારવાની પ્રથા સોલંકી કાલના અંત સુધી ચાલુ રહી હોવાથી આને લગતો મુદ્દો સમયાંકનની બાબતમાં નિર્ણયાત્મક ન ગણાય.[૧૫૩]

પ્રદક્ષિણા–પથના મથાળે આવેલ ચંદ્રશાલાના બેવડા થરના આધારે તથા ગર્ભદ્વારના ઉત્તરાંગના ગવાક્ષોના મથાળે આવેલા દ્વિ–તલ સૂર્પાકાર છાવણની

રચના પરથી જણાય છે કે આ મંદિર ઘણું કરીને ગોપના મંદિર પછી થોડા જ સમયમાં નિર્માણ પામ્યું હશે.[૧૫૪] અલબત્ત, શૈલીને લગતાં કેટલાંક વિધાન કઝન્સના મતને સમર્થન આપતાં હોવા છતાં ચંદ્રશાલા સાથેની પ્રદક્ષિણાપથ પરની ફાંસના-રચના ગોપના મંદિરના ગર્ભગૃહ પરના શિખરની ફાંસના અને ચંદ્રશાલા કરતાં ઊતરતી પંક્તિની છે. ઉત્તરાંગનાં શિલ્પો અને અત્યારની વરાહ-મૂર્તિની કેશશૈલી અને આભૂષણો ગુપ્તશૈલીની અવનત દશાનું સૂચન કરે છે. આથી આ મંદિર ગોપના મંદિર પછી એકાદ બે પેઢી પછી, ઘણું કરીને સાતમી સદીના પહેલા ચરણ આસપાસ, બંધાયું હોવાનું સૂચવાય છે.[૧૫૫]

પસનાવડા(તા. પાટણ-વેરાવળ, જિ. જૂનાગઢ)ના પૂર્વાભિમુખ ગાયત્રી-મંદિર(પટ્ટ ૨૬, આ ૮૭)ના ગર્ભગૃહ આસપાસ પ્રદક્ષિણાપથ છે.[૧૫૬] ગર્ભગૃહની આગળ લંબચોરસ ઘાટનો ગૂઢમંડપ છે. એની આગળ સોલંકી કાલ દરમ્યાન ઉમેરણ પામેલ શૃંગારચોકી સાથેનો રંગમંડપ છે. મંદિરના અધિષ્ઠાનમાં પદ્મ, પાદ, અર્ધવર્તુલાકાર ઘાટનાં અલંકરણોથી વિભૂષિત ઉત્તર, પદ્મ અને નાગદંતથી વિભૂષિત અંબુજ અને સાદી પટ્ટિકાના થર છે. અધિષ્ઠાનની પશ્ચિમ, ઉત્તર તથા દક્ષિણની દરેક બાજુએ ઊંડા ખત્તકો(ગોખલાઓ)ની રચના છે. તેઓના મથાળે દ્વિતલ ફાંસના છે. મંદિરની દીવાલના મથાળે આવેલી વાજનની નાના કદની પટ્ટિકા સિવાય આખી દીવાલ સાદી છે. દીવાલોમાં જાળીદાર બારીઓ છે. એમાં ત્રણ બારી પ્રદક્ષિણાપથમાં (દરેક બાજુએ એક એક) અને બે બારી ગૂઢમંડપમાં (ઉત્તર તથા દક્ષિણ બાજુએ એક એક) આવેલી છે. પ્રદક્ષિણાપથની બારીઓની જાળીઓ પરસ્પર છેદતા ઊભા-આડા સળિયાના ઘાટમાં કોતરેલી છે. ગૂઢમંડપની જાળીઓમાં ભૌમિતિક, વનસ્પતિજન્ય તથા પ્રાણિજન્ય આકૃતિઓ કોતરેલી છે.[૧૫૭]

પ્રદક્ષિણાપથ તથા મંડપ પરના છાવણની સમતલ ફાંસના-રચનાનો દરેક થર ચંદ્રશાલા વડે વિભૂષિત કરેલો છે. થરોની સંખ્યા અને ચંદ્રશાલાના અલંકરણનું વિકસિત સ્વરૂપ મંદિરને ગોપના મંદિરના પછીના સમયનું સૂચવે છે. ગર્ભગૃહ ઉપરનું પુનર્નિર્મિત શિખર પણ ઘણા પછીના સમયનું છે. એના મથાળે આપેલ ચૂલિકા અને કલશ ગોપના શિખર કરતાં ઊતરતી પંક્તિનાં છે.

ગર્ભગૃહમાં ગાયત્રી માતા તરીકે પૂજાતો પાષાણનો શિલ્પખંડ આવેલો છે. ગર્ભગૃહના દ્વારના ઉત્તરાંગમાં એક વખતે નવગ્રહનો શિલાપટ્ટ હતો, જે હવે નષ્ટ થયેલ છે. ગૂઢમંડપના આઠ ભીંતાસ્તંભો પર ટેકવેલ કરોટક (ઘૂમટ) સોલંકી

કાલ દરમ્યાન મંદિરના જીર્ણોદ્ધારનું સૂચક ચિહ્ન છે. ગૂઢમંડપના કરોટક(ઘૂમટ)-ની પદ્મશિલા પ્રાચીન છે.

આ મંદિર સમયાંકનની દૃષ્ટિએ સૂત્રાપાડાના સૂર્યમંદિર (પટ્ટ ૨૧, આ. ૮૦) સાથે સામ્ય ધરાવતું લાગે છે એટલે કે એ ઈસુની આઠમી સદીની શરૂઆતનું હોય એમ જણાય છે.[૧૫૮]

વાલમ(તા. વિસનગર, જિ. મહેસાણા)ના કાળિયા મહાદેવ તરીકે ઓળખાતા પ્રાચીન મંદિરનું ગર્ભગૃહ ત્રિરથ પ્રકારનું છે. એની આગળ વેદિકા અને કક્ષાસનથી યુક્ત મુખમંડપ આવેલો છે. ગર્ભગૃહની પીઠમાં કુંભાનો થર છે. એની ઉપરની છાજલી અંતરપત્ર વડે જુદી પાડેલી છે. મંડોવરની દીવાલો સાદી છે, પરંતુ ભદ્ર ગવાક્ષમાં દેવમૂર્તિઓ આવેલી છે. દીવાલના મથાળે પટ્ટિકા, કપોત અને વલભીનો થર છે. ગર્ભગૃહની ઉપરની ફાંસના પંચથરની બનેલી છે. એની પર સ્તૂપી તથા આમલક-કલશની રચના છે. ફાંસનાના દરેક થરમાં ચંદ્રશાલાનાં અલંકરણ છે.

મુખમંડપની વેદિકામાં રાજસેનક, રત્નપટ્ટી તથા ભારે હીરાધારનાં અલંકરણ અને સ્તંભિકાઓની રચના છે. આસનપટ્ટ પર કક્ષાસન અને વામન સ્તંભો તથા સ્તંભોની શિરાવટીઓ પર છાદ્યની રચના છે, અને એના ઉપર કપોતનો થર તથા ફાંસના-છાવણની રચના છે. આ ફાંસના-છાવણ ચાર થરોનું જણાય છે અને દરેક થર ચંદ્રશાલાનાં અલંકરણોથી વિભૂષિત છે.

ગર્ભગૃહ ઉપર સૂર્પાકાર છાવણમાં બેથી વધુ થરોમાં કુંડલિત કાનસ ધરાવતાં બીજાં કેટલાંક મંદિર પણ નોંધપાત્ર છે; દા. ત. ઓડદર(તા. પોરબંદર, જિ. જૂનાગઢ)ની પૂર્વ દિશામાં આવેલા પૂર્વાભિમુખ મંદિરના[૧૫૯] તથા ત્યાંના ગોરખમઠમાંના પશ્ચિમાભિમુખ મંદિર નં. ૪ ના શિખરના ચારે થર કુંડલિત કાનસની રચના વડે મંડિત કરેલ છે.[૧૬૦] આમાંના પ્રથમ મંદિરની દીવાલોના મથાળે વલભી અને કપોતના થર છે. બીજા મંદિરની દીવાલો પર થોડા સમય પૂર્વે સિમેંટ પ્લાસ્ટર લગાડેલું હોવાથી એના થર એમાં દબાઈ ગયેલા હોય એમ જણાય છે. કીંદરખેડા(તા. પોરબંદર, જિ. જૂનાગઢ)ના પૂર્વાભિમુખ ચામુંડા-મંદિરના ગર્ભગૃહ પરના શિખરમાં કુંડલિત કાનસવાળા પાંચ થર છે. એના ગર્ભગૃહની આગળ વેદિકા પરના ચાર વામન સ્તંભો પર ટેકવેલ અર્ધખુલ્લી શૃંગારચોકી છે.[૧૬૧] આ મંદિર અહીંના પ્રાચીન રાંદલ મંદિરના નૈઋત્ય કોણે પાએક કિલોમીટર દૂર આવેલું છે.

ઉપર્યુક્ત મંદિરોના શિખરોનાં કુંડલિત કાનસવાળા થર સાદા છે, પરંતુ કેટલાંક બીજાં મંદિરોનાં આ પ્રકારનાં શિખરોના થરોમાં 'ચંદ્રશાલા'નાં સુશોભન કરેલાં છે; દા. ત. વિસાવાડા(તા. પોરબંદર, જિ. જૂનાગઢ)ના પ્રાચીન મંદિર-શંકર દેરા(પટ્ટ ૧૩, આ. ૬૮)ના શિખરના કુંડલિત કાનસવાળા ચાર થર ચંદ્રશાલાનાં સુશોભનો વડે અલંકૃત છે. નીચેથી ઉપર જતાં દરેક બાજુએ ક્રમશઃ ૪, ૩, ૨ અને ૧ સુશોભન આવેલાં છે. મંદિરની દીવાલના મથાળે કપોત–ક્ષેપણાદિ થરો છે. વળી ગર્ભગૃહની આગલી દીવાલોમાં આવેલાં મોટાં ચોરસ બાકોરાંઓ પરથી તથા છાવણના મથાળે ત્રિકોણાત્મક ખાંચાઓની નિશાનીઓ પરથી જણાય છે કે એની આગળ મંડપ અગર શૃંગારચોકીઓની રચના હશે. મંદિરના અધિષ્ઠાનમાં કુંભ, ઉપાન, કંપ, કંધાર, વલભી અને કપોતના થર છે. મંદિરના ગર્ભગૃહમાં હાલ મૂર્તિ નથી. આ મંદિર કદવારના વરાહમંદિરના સમયનું હોવાનું જણાય છે.[૧૬૨] પોરબંદરની પૂર્વમાં છાયા પાસે આવેલ ધીંગેશ્વરનું મંદિર ગર્ભગૃહ અને શૃંગારચોકીનું બનેલું છે.[૧૬૩] એના ચતુસ્તલ-શિખરના થર ચંદ્રશાલાનાં અલંકરણ ધરાવે છે. સૌથી ઉપર આમલક અને કલશની રચના છે.[૧૬૪] દીવાલોના મથાળે વલભી અને કપોતના થર છે. જૂની કાવેઠ (તા. ઓખામંડળ, જિ. જામનગર) પાસે આવેલ રાજલ-વેજલના મંદિરના ત્રિછાદ્ય શિખરના થરોમાં ચંદ્રશાલાનાં અલંકરણ છે. એની દીવાલોના મથાળે વલભી, વાજન, ઊર્ધ્વપથી અને કપોતના થર છે.[૧૬૫]

બળેજ(તા. પોરબંદર, જિ. જૂનાગઢ)માં કેટલાંક પ્રાચીન મંદિરોનો સમૂહ છે. એમાં કોઠ મંદિરના શિખરના એક માત્ર નીચલા થર સિવાયના તમામ થર નાશ પામ્યા છે. આ કુંડલિત કાનસવાળો થર ચંદ્રશાલાનાં અલંકરણોથી સુશોભિત છે. મંડપના ચાર સ્તંભો પર બેવડા ઘોડા(બ્રેકેટ્સ)ની રચના છે. અહીંના મંદિરસમૂહમાં કદાચ આ સૌથી પ્રાચીન મંદિર છે.[૧૬૬]

રાતિયા(તા. પોરબંદર, જિ. જૂનાગઢ)નું પ્રાચીન સૂર્યમંદિર ભગ્નાવશેષ-રૂપે ઊભેલું છે. મંદિરના ગર્ભગૃહની માત્ર પાછલી દીવાલ જળવાઈ રહી છે. એ પર શિખરના અંતિમ થરની રચના બળેજના કોઠ મંદિરના શિખર જેવી છે.[૧૬૭]

કેટલાંક મંદિરોનાં સૂર્પાકાર છાવણોના થર ગલતા–ગોળા ઘાટના છે. નીચે જણાવેલાં મંદિરોનાં શિખર સાવ સાદાં એટલે કે અલંકરણ–રહિત છે.

ખીમેશ્વર (તા. પોરબંદર, જિ. જૂનાગઢ) મંદિરસમૂહ પૈકીના ધીંગેશ્વર નામે ઓળખાતા મંદિર નં. ૭ ના ચતુસ્તલ શિખરના થર સાદા છે. મંદિરની શૃંગારચોકીમાં વામન કદના સ્તંભો અને છૂટા સ્તંભોની રચના છે.[૧૬૮]

શ્રીનગર(તા. પોરબંદર, જિ. જૂનાગઢ)ના મંદિરસમૂહ પૈકીના પ્રાચીન સાંધાર પૂર્વાભિમુખ શિવમંદિર(નં. ૩)ના ગર્ભગૃહ ઉપરનું ચતુરસ્તલ શિખર પણ આ જ પ્રકારનું છે. ગર્ભગૃહની ચોતરફ સપાટ છતવાળો પ્રદક્ષિણાપથ આવેલો છે.[૧૬૯]

બોરીચા(તા. પોરબંદર, જિ. જૂનાગઢ)ની દક્ષિણે એક પ્રાચીન પૂર્વાભિમુખ શિવમંદિર છે. મૂળમાં એ મંદિર સાંધાર પ્રકારનું હતું, હાલ તો માત્ર એ સાદા ચોરસ ગર્ભગૃહનું બનેલું છે. એમાં શિવલિંગ છે. એનું દ્વાર ત્રિશાખ છે. એમાં કમલપંક્તિઓ તથા બકુલમાલા કોતરેલ છે. મંદિરના ચતુરસ્તલ શિખરની સૌથી ઉપરના થરમાં દરેક બાજુએ મધ્યમાં એક એક ચંદ્રશાલાનું અલંકરણ છે, બાકીના થરો પરથી એ લુપ્ત થયેલ છે.[૧૭૦]

કીંદરખેડા(તા. પોરબંદર, જિ. જૂનાગઢ)નું પૂર્વાભિમુખ સૂર્યમંદિર ગર્ભગૃહ, પ્રદક્ષિણાપથ, ગૂઢમંડપ અને શૃંગારચોકીનું બનેલું છે. શૃંગારચોકીના ચાર સાદા રુચક (ચોરસ) ઘાટના વામન સ્તંભો પરની શિરાવટીઓમાં કુંડલિત કાનસ છે. મંડપને ટેકવતા સ્તંભો તથા શિરાવટી પણ આ જ ઘાટનાં છે. સ્તંભોની નીચે કુંભીઓ છે. મંડપની બંને બાજુની દીવાલોમાં જાળીની રચના છે તેમાં પૂર્ણ વિકસિત કમલની ઊભી તથા આડી ત્રણ હરોળ છે. ગર્ભગૃહ ચોરસ અને સાદું છે. એમાં અવશેષરૂપ મળેલી સૂર્ય તથા સૂર્યાણીની મૂર્તિઓ છે. સૂર્યાણીને સ્થાનિક લોકો 'રાંદલ' તરીકે પૂજે છે. ગર્ભગૃહ ઉપરના ચતુરસ્તલ શિખરના મથાળે આમલક છે. ગૂઢમંડપના મથાળે એક બાજુ ઢાળવાળું છાવણ છે. પ્રદક્ષિણાપથ અને મંડપના પાર્શ્વમાર્ગ ઉપર પણ આ જ પ્રકારનું છાવણ છે.[૧૭૧]

મેવાસા(તા. જૂનાગઢ, જિ. જૂનાગઢ)ની પશ્ચિમે આવેલ ચેલેશ્વર મંદિર ગર્ભગૃહ, મંડપ અને શૃંગારચોકીનું બનેલું છે. પાછળનાં બંને અંગ પછી ઉમેરાયેલાં છે. મંદિરનું ષટ્તલ શિખર દીવાલના મથાળે આવેલ ઉત્તર અને કપોતના થર ઉપર આવેલું છે.[૧૭૨]

ધૂમલી(તા. ભાણવડ, જિ. જામનગર)ના ચૌલુક્ય કાલના નવલખા મંદિરની પશ્ચિમે, આશાપુરાના શિખરની પાછળ, કંસારી નામના તળાવના કાંઠે આવેલા સોન કંસારીના કહેવાતા મંદિરસમૂહમાંનું એક–પૂર્વના છેડે આવેલ પશ્ચિમાભિમુખ પ્રાચીન મંદિર (નં. ૮) ગર્ભગૃહ અને મંડપનું બનેલું છે. એના અધિષ્ઠાનમાં ઉપાન, કુમુદ અને કપોતના થર છે. મંદિરની સાદી દીવાલો એક માત્ર 'વસંતપટ્ટિકા' નામના થરથી સુશોભિત છે. ગર્ભગૃહના મથાળે સપ્તદલ સૂર્પાકાર છાવણની રચના

છે. મંડપના મથાળે ચતુસ્તલ છાવણ છે.[173] આની ઉપર ઢાળવાળી પિધાનફલકની રચના છે.[174]

ઓડદર મંદિરસમૂહમાંનું એક પશ્ચિમાભિમુખ મંદિર (નં. ૪) હાલ માત્ર ગર્ભગૃહનું બનેલું છે, પરંતુ એની આગળની બાજુની દીવાલમાં આવેલાં બાકોરાંઓ પરથી એની આગળ ચતુષ્કિકા (શૃંગારચોકી) હોવાનું સૂચવાય છે. એનું શિખર ત્રિછાદ્ય છે.[175]

પોરબંદરના અગ્નિ કોણે છાયામાં એક પ્રાચીન મંદિર અવશેષ-રૂપે ઊભેલું છે. હાલ એ અંજની માતાના મંદિર તરીકે ઓળખાય છે. આ પૂર્વાભિમુખ મંદિર ગર્ભગૃહ, પ્રદક્ષિણાપથ અને મંડપનું બનેલું છે. ગર્ભગૃહ ઉપરનું શિખર ચતુશ્છાદ્ય છે. મંડપની દીવાલોમાં ભીંતાસ્તંભોની રચના છે. મંડપ પરનું છાવણ નષ્ટ થયું છે.[176]

પાતા(તા. પોરબંદર, જિ. જૂનાગઢ)માં આવેલા મંદિરસમૂહ પૈકીનું મંદિર નં. ૧ સૂર્યમંદિર છે. નીચી વ્યાસપીઠ પર આવેલું આ મંદિર પૂર્વાભિમુખ છે. ગર્ભગૃહની આગળ ખુલ્લો મંડપ છે. દીવાલોના મથાળે કપોતનો થર છે. મંદિરના શિખરના છાદ્ય થરો પૈકીના નીચેના ત્રણ અસલ સ્વરૂપના છે, બાકીના થર પાછલા સમયમાં ઉમેરાયા છે. મંડપનું છાવણ ફાંસના-ઘાટનું છે. મંડપમાં ચાર ચોરસ સ્તંભ છે. મંડપની બંને બાજુની દીવાલોમાં ચોકડી ભાતની ભારે કદની જાળીઓ છે. આગળની દીવાલોમાં વેદિકા અને કક્ષાસનની રચના છે. મંડપના ફાંસના-છાવણનું મથાળું આગળની બાજુએ ભારે કદની ચંદ્રશાલા વડે સુશોભિત કરેલું છે.[177]

ગલતા-ગોળા ઘાટનાં છાદ્યોથી વિભૂષિત કેટલાંક મંદિરોનાં શિખરોના થરોમાં ચંદ્રશાલાનાં અલંકરણ પણ જોવામાં આવે છે; દા. ત. ખીમેશ્વરનું સમચોરસ ગર્ભગૃહ અને એવા જ ઘાટના મોટા કદના મંડપવાળા એક મંદિર(નં ૩)ના ત્રિછાદ્ય શિખરના થરોમાં ચંદ્રશાલાનાં અલંકરણ છે. મંડપનું છાવણ તૂટી પડ્યું છે.[178] મંદિરના નીચા કદના અધિષ્ઠાનમાં કુંભ, વાજન, કંધાર, વલભી, કપોત અને પટ્ટિકાના થર છે.[179] દીવાલના મથાળે ઉત્તર અને કપોતના થર છે.

બળેજનું એક પ્રાચીન મંદિર, જે હાલ પીઠડ માતાનું કહેવાય છે તે, ગર્ભગૃહ, મંડપ અને ચતુષ્કિકાનું બનેલું છે. આ મંદિરના અવશેષરૂપ ત્રિછાદ્ય શિખરની ચંદ્રશાલાઓમાં વિકસિત કમલ અંકિત કરેલાં છે.[180]

ભાણસરા(તા. પોરબંદર, જિ. જૂનાગઢ)ના મંદિરસમૂહમાંના પ્રાચીન ઉત્તરાભિમુખ શિવમંદિર (પટ્ટ ૧૫, આ ૭૧)ની સાદી દીવાલોના મથાળે ઉત્તર,

અંબુજ અને કપોતના થર છે, અને એના ઉપર ચતુસ્તલ શિખરના થરોમાં ચંદ્રશાલાનાં અલંકરણ છે.[૧૮૧]

કામળી(તા. સિદ્ધપુર, જિ. મહેસાણા)માં સાત મંદિરોનું ઝૂમખું છે. તેઓમાંનું મુખ્ય મંદિર બ્રહ્માણી માતાના મંદિર તરીકે જાણીતું છે અને એ ઘણું પ્રાચીન છે. પશ્ચિમાભિમુખ આ મંદિરનું ગર્ભગૃહ ત્રિરથ પ્રકારનું છે. મંદિર ગર્ભગૃહ, અંતરાલ અને સભામંડપનું બનેલું છે. ગર્ભગૃહની પીઠના થરમાં કુંભો, અંતરપત્ર અને એ પરની ચંદ્રશાલાનાં અલંકરણયુક્ત વલભી નોંધપાત્ર છે. એના મંડોવરની દીવાલની ત્રણ બાજુઓએ એક એક ઉદ્ગમમંડિત ગવાક્ષ છે અને એમાં દક્ષિણે મહિષાસુરમર્દિની, પશ્ચિમે વૈષ્ણવી અને ઉત્તરે ક્ષેમંકરીની મૂર્તિઓ છે. દીવાલના મથાળે વાજનનો સાદો થર અને એના ઉપર ચંદ્રશાલાયુક્ત વલભી છે. ભદ્ર ભાગની દીવાલના મથાળે આવેલ રથિકામાં યુદ્ધ અને ભોગાસનને લગતાં શિલ્પ છે. રથિકા પર ભારે ઉદ્ગમની રચના છે અને દીવાલના કોણ ભાગે રત્નપટ્ટિકાનું અલંકરણ છે અને ગર્ભગૃહનું શિખર પંચતલ–ફાંસનાનું છે. એમાં ચંદ્રશાલાનાં અલંકરણ છે. એની ઉપર વેદી, ઘંટા અને કલશની રચના છે.

અંતરાલ પરની ત્રિતલ ફાંસના-છાવણની રચના શિખરના જેવી જ છે, પરંતુ એ ઊંચાઈમાં ઓછી છે.

સભામંડપની વેદિકા તેમજ કક્ષાસન સાદાં છે. એ પરના વામન સ્તંભ મિશ્ર ઘાટના છે. તેઓના મથાળે કુંડલિત શિરાવટીની રચના છે. મંડપનું છાવણ સપાટ છે.[૧૮૧અ]

આગિયા (તા. ખેડબ્રહ્મા, જિ. સાબરકાંઠા) ગામના તળાવની પાસે એક જૂનું મંદિર છે. એની દીવાલો સાદી છે. અસલ મંદિર ગર્ભગૃહ અને મુખચોકીનું બનેલું હતું. પાછળથી મંદિરની સંમુખ ખુલ્લો મંડપ ઉમેરાયેલો છે. આ મંદિરના ગર્ભગૃહની સાદી દીવાલના મથાળે કપોત, વલભી અને વાજનનો થર છે. એની ઉપરના શિખરનો આકાર, ફાંસના–પ્રકારના પિરામીડ ઘાટનો છે. એમાં પાંચ સમતલ થરોની દરેક બાજુએ ચૈત્યગવાક્ષનાં અલંકરણ છે. નીચા ઘાટની મુખચોકી પરનું ચતુસ્તલ તિર્યક છાવણ સાદું છે. પાછળથી ઉમેરાયેલા મંડપના સોળ સ્તંભ ઘાટમાં નીચેથી લંબચોરસ, મધ્યમાં અષ્ટકોણ અને છેક ઉપરના છેડે વૃત્તાકાર છે. તેઓની ઉપરના શિરોભાગ સાદા છે, પણ ક્યાંક ક્યાંક કીચકનાં શિલ્પ નજરે પડે છે. મંડપ પરનું વિતાન સાદું છે.

આ મંદિરનું સ્થાપત્યકીય સ્વરૂપ આઠમી–નવમી સદીનું હોય એમ જણાય છે.[૧૮૧આ]

જમળા(તા. કુતિયાણા, જિ. જૂનાગઢ)ના વાયવ્ય કોણ પર આવેલ પ્રાચીન સાંધાર સૂર્યમંદિર (પટ્ટ ૧૩,આ ૬૯) પૂર્વાભિમુખ છે. એના ગર્ભગૃહની દીવાલો નીચે વેદીબંધનો થર છે. મથાળે અંબુજ અને કપોતનો થર છે. એના પરના શિખરના થરોમાં ચંદ્રશાલાનાં અલંકરણ છે. ગર્ભગૃહની ચોતરફનો પ્રદક્ષિણાપથ તૂટી ગયો છે. મંડપનું છાવણ તદ્દન સપાટ છે.[૧૮૨]

ગલતા–ગોળાના ઘાટના છાવણથી વિભૂષિત કેટલાંક મંદિરોના થરોમાં એકાંતરે નાના કદની કુંડલિત કાનસની રચના જોવામાં આવે છે; દા. ત. ખોખારા-(તા. પોરબંદર, જિ. જૂનાગઢ)ના સમચોરસ ઘાટના ચામુંડામંદિરના શિખરમાં. એ ગર્ભગૃહ, પ્રદક્ષિણાપથ અને શૃંગારચોકીનું બનેલું છે. શૃંગારચોકી કદમાં ઘણી વિસ્તૃત છે. એમાં ચોરસ વામન સ્તંભોને સાદા આસનપટ્ટ આપેલા છે. મંદિરની દીવાલો સાદી છે. ગર્ભગૃહના શિખરના અસલ ત્રણ થરો સિવાય બાકીના થર તથા તેઓના પરનું આમલક પાછલા સમયનાં ઉમેરણ છે. પ્રદક્ષિણાપથ અને શૃંગારચોકીના છાપરા–ઘાટના છાવણના થરોમાં એકાંતરે ચંદ્રશાલાનાં સુશોભન છે. આ મંદિર મૂળમાં શિવમંદિર હોવાનું જણાય છે.[૧૮૩]

આ પ્રકારની રચનાવાળાં શિખરોના થરોના ભદ્ર નિર્ગમ ઘણી વાર ચંદ્રશાલા-ઘાટની મધ્યલતાથી વિભૂષિત કરેલા હોય છે. પસનાવડાનું પ્રાચીન સૂર્યમંદિર ગર્ભગૃહ અને ગૂઢમંડપનું બનેલું છે. મંદિરને અધિષ્ઠાન નથી. સમચોરસ ગર્ભ-ગૃહની દીવાલો સાદી છે. એના મથાળે ઉત્તર, અંબુજ અને કપોતની થર છે. ગર્ભગૃહ ઉપર ચતુશ્છાદ્ય શિખરની રચના છે. એની મધ્યલતા આ પ્રકારની છે. ચતુશ્છાદ્ય પરના બીજા બે થર તથા એની ઉપરનો કલશ પાછલા સમયનો છે. મંદિરના ગર્ભગૃહમાં સૂર્ય તથા સૂર્યાણીઓની ખંડિત મૂર્તિઓ છે. ગૂઢમંડપની દીવાલના મથાળે કપોતનો થર છે અને એના પરનું છાવણ તદ્દન સપાટ છે. ગૂઢ-મંડપના પ્રવેશદ્વારની બંને બાજુએ બાકોરાંવાળી જાળીઓ છે, તેઓમાંની એકમાં હંસનું આલેખન છે. મંદિરની આગળ ચારે બાજુએ સૂર્યમૂર્તિઓના કોતરકામ-વાળો ભારે કદનો એક શિલ્પખંડ પડેલો છે.[૧૮૪]

રાણાવાવ(તા. પોરબંદર, જિ. જૂનાગઢ)ના જાડેશ્વર મહાદેવના પ્રાંગણમાં આવેલું એક પ્રાચીન મંદિર ગર્ભગૃહ, પ્રદક્ષિણાપથ અને ગૂઢમંડપ(એનો ઘણો-ખરો આગલો ભાગ કેટલાક વખત પર તૂટી ગયો છે)નું બનેલું છે. એના ચતુ-શ્છાદ્ય શિખરની રચનામાં મધ્યલતાનું આયોજન જોવામાં આવે છે. ચતુશ્છાદ્ય પરના પગથિયા–ઘાટના પાંચ થર તથા એના પરનો કલશ પાછલા સમયની કૃતિ જણાય છે. મધ્યલતાની ચંદ્રશાલાનું વિકસિત સ્વરૂપ આ મંદિર પસનાવડાના

સૂર્યમંદિર (પટ્ટ ૧૫, આ. ૭૨) પછીની કૃતિ હોવાનું દર્શાવે છે.[૧૮૫]

વરવાળા(તા. ઓખામંડળ, જિ. જામનગર)ની પાસે આવેલા સુવર્ણતીર્થ-(સુવાન)નું જગન્નાથ મંદિર નામે ઓળખાતું મંદિર (પટ્ટ ૧૬, આ. ૭૩) મોટી જગતી પર આવેલું છે. જગતીની દીવાલોમાં કુડ્ય-સ્તંભો છે. દીવાલોના મથાળે નીચા કદની વારિમાર્ગ સાથેની વંડી છે. ગર્ભદ્વારની શાખાઓ પર ઊડતા માલાધરોનાં શિલ્પ છે. ગર્ભગૃહ પરના છાદ્યશિખરના નવ સમતલ થર ચંદ્રશાલાનાં સુશોભનોવાળી મધ્યલતાથી અંકિત કરેલા છે. તેઓના પર ચંદ્રિકા, આમલસાર અને કલશ આવેલાં છે. ચંદ્રશાલાની આકૃતિઓ રાણાવાવના જાડેશ્વર મંદિરના શિખર પરની આકૃતિઓ સાથે સામ્ય ધરાવે છે તેથી એ બંને મંદિર એક જ સમયનાં લાગે છે.[૧૮૬]

સોનકંસારી મંદિરસમૂહમાંના મંદિર નં. ૪ નું ઘણુંખરું અધિષ્ઠાન દટાઈ ગયેલું છે. દીવાલો સાદી છે, પરંતુ મથાળે વલભી, અંબુજ અને કપોતના થરથી વિભૂષિત છે. એની ઉપરનું પટ્ટતલ શિખર ચંદ્રશાલાની મધ્યલતાથી અંકિત થયેલું છે. એના પરનું આમલક ભારે કદનું છે. ચંદ્રશાલાનું અત્યંત વિકસિત સ્વરૂપ અને શિખરની રેખાનાં નમણ સુવર્ણતીર્થના શિખર કરતાં વિકસિત હોવાને કારણે આ મંદિર સાતમી સદીની શરૂઆતનું હોવાનું જણાય છે.[૧૮૭]

આ કાલનાં કેટલાંક મંદિરોના છાદ્ય થરોના કોણ (ખૂણા) પર કર્ણકૂટ અર્થાત્ સમગ્ર શિખરના ઘાટની નાના કદની પ્રતિકૃતિઓની યોજના જોવામાં આવે છે. ભાણસરા મંદિરસમૂહનું પૂર્વાભિમુખ એક મંદિર (નં. ૨) માત્ર ગર્ભગૃહનું બનેલું છે. (એની આગળ પછીના સમયમાં મુખમંડપનું ઉમેરણ કરવામાં આવ્યું છે.) જમીનમાં દટાઈ ગયેલ અધિષ્ઠાનના કેટલાક થર (જેવા કે કુંભાર, કુમુદ, સૂર્પ: વલભી) નજરે પડે છે. દીવાલ સાદી છે, પરંતુ મથાળે શોભનપટ્ટિકા અને કપોતના થર આવેલા છે. તેઓના પર શિખરના ત્રિતલ પ્રસ્તર(છાદ્ય)ની રચના છે, જેમાં દરેક બાજુએ અનુક્રમે નીચેથી ઉપર જતાં ૩, ૨ અને ૧ ચંદ્રશાલાનાં અલંકરણ છે. સૌથી નીચેના થરના છેડા પર એક એક ખૂણે દ્વિતલ કર્ણકૂટની રચના છે. ચંદ્રશાલાની મધ્યમાં પૂર્ણ વિકસિત સમયનાં રેખાંકન છે, જે ઘાટમાં કદવારની જાળીનાં કમલો સાથે સામ્ય ધરાવે છે. આ મંદિર કદવાર જેટલું પ્રાચીન હોય એમ જણાય છે. [૧૮૮]

ભાણસરા મંદિરસમૂહનું સૌથી મોટું મંદિર (નં. ૫) સાંધાર પ્રકારનું છે. એના ગર્ભગૃહની આગળ લંબચોરસ ઘાટનો ગૂઢમંડપ છે. અધિષ્ઠાન તથા દીવાલો સાદી છે. દીવાલોના મથાળે રાખેલા મુજબના વલભી અને કપોતના થર

છે. પ્રદક્ષિણાપથના મથાળે ઢાળવાળું આચ્છાદાન છે. ગર્ભગૃહ ઉપર ત્રિછાદ્ય શિખરની રચના છે. એમાં નીચેથી ઉપર જતાં અનુક્રમે દરેક બાજુએ ૩, ૨ અને ૧ ચંદ્રશાલાનાં અલંકરણ છે. સૌથી નીચેના થરના દરેક છેડે એક એક કર્ણકૂટની યોજના છે. સૌથી ઉપર અષ્ટકોણ ચૂલિકાની રચના છે. ગૂઢમંડપની છત સપાટ છે. અહીંના મંદિર નં ૬ ના નીચલા થરમાં કર્ણકૂટની યોજના છે. આ મંદિર ઘણું જીર્ણ થઈ ગયેલું છે.[૧૮૯]

વસીના કે ફિરંગીના દેવળ તરીકે જાણીતું થયેલ કળસાર(તા. મહુવા, જિ. ભાવનગર)નું પ્રાચીન પૂર્વાભિમુખ મંદિર (પટ્ટ ૧૭, આ. ૭૪) સાદી વ્યાસપીઠ પર આવેલું છે. એ લંબચોરસ ઘાટના ગર્ભગૃહ અને ગૂઢમંડપનું બનેલું છે. દીવાલના મથાળે વલભી અને કપોતનો થર છે. એના ત્રિછાદ્ય શિખરના નીચલા બે થરોના દરેક ખૂણા પર કર્ણકૂટની યોજના છે. મંડપ પરનું છાવણ દ્વિતલ છે અને એની ઉપર ભારે કદની આમલશિલા છે. ગર્ભગૃહનાં શિખરના તેમજ મંડપના છાવણના થરોમાં ચંદ્રશાલાનાં સુશોભન છે. શિખરના છેડા પરનાં કર્ણ-કૂટ રચના પરત્વે ત્રણ સાદા થરનાં બનેલાં છે. મંદિરના મથાળે અગ્ર-ભાગમાં ભારે કદની ચૈત્યબારી જેવી ભાત આવેલી હોવાના કારણે આ મંદિર બૌદ્ધ ધર્મ સાથે સંબંધ ધરાવતું હોવાનું મનાતું, પણ વાસ્તવમાં એ બ્રાહ્મણ મંદિર છે.[૧૯૦]

ખીમેશ્વર મંદિર નં. ૫ ના અધિષ્ઠાનમાં ઉપાન, વાજન, કંધાર, ઉત્તર, વલભી અને પટ્ટિકાના થર છે. એના પરની મંદિરની દીવાલોના મથાળે છેડે કપોતનો થર છે. ગર્ભગૃહ ઉપરનાં ત્રિતલ છાદ્યોના દરેક છાદ્યની ચારે બાજુએ નીચેથી ઉપર જતાં ક્રમે ૩, ૨ અને ૧ ચંદ્રશાલાનાં અલંકરણ છે. છેડા પર સાદાં કર્ણકૂટોની રચના છે. ત્રિતલ છાદ્યના મથાળે પગથિયા-ઘાટની સાદી રચના અને એની ઉપર અર્વાચીન સમયની સ્તૂપી આવેલી છે. લંબચોરસ ગૂઢમંડપની આગલી દીવાલમાંના પ્રવેશદ્વારની બંને બાજુએ એક એક સ્તંભિકા પર ટેકવેલી મોટા કદના ગવાક્ષોની રચના છે. દરેક ગવાક્ષના મથાળે ચંદ્રશાલાનાં સુશોભનોથી વિભૂષિત ચતુસ્તલ છાવણ અને એના પર આમલક અને કલશની રચના ઘણી આકર્ષક છે.[૧૯૧]

મિયાણી(તા. પોરબંદર, જિ. જૂનાગઢ)ના કોયલા ડુંગરના ઢોળાવ પર આવેલું આ કાલનું એક પ્રાચીન મંદિર માત્ર ગર્ભગૃહનું બનેલું છે. સાદી દીવાલોના મથાળે વલભી અને કપોતના થર છે. એના ત્રિછાદ્ય શિખરના ચોતરફના થરોમાં નીચેથી ઉપરના ક્રમે ૩, ૨ અને ૧ ચંદ્રશાલાનાં સુશોભન છે નીચલા થરોના છેડા કર્ણકૂટથી વિભૂષિત કરેલા છે.[૧૯૨]

ખીમેશ્વર મંદિર નં. ૧ (પટ્ટ ૧૭, આ. ૭૫) ગર્ભગૃહ, ગૂઢમંડપ અને મુખમંડપનું બનેલું સાંધાર પ્રકારનું મંદિર છે. અધિષ્ઠાન સાદું છે. મંદિરની દીવાલો સાદી છે. એમાં ઉત્તર અને દક્ષિણ બાજુએ જાળીવાળાં વાતાયનોની રચના છે. દક્ષિણ બાજુના વાતાયનની જાળીમાં અષ્ટદલ તારાકૃતિની મધ્યમાં કમલ પુષ્પ કોતરેલાં છે. ઉત્તર તરફનાં બે વાતાયનોની જાળીઓમાં ચોકડાં અને હીરાની ભાતની આકૃતિઓ કોતરેલી છે. દીવાલોના મથાળે વલભી અને ઊર્ધ્વપદ્મની પટ્ટિકા તથા કપોતની રચના છે.

ગર્ભગૃહ પરના ચતુસ્તલ શિખરમાં આવેલાં ચંદ્રશાલાનાં સુશોભનોની સંખ્યા દરેક બાજુએ નીચેથી ઉપર જતાં ૪, ૩, ૨ અને ૧ ની છે તથા શિખરના દરેક તલના ખૂણા કર્ણકૂટથી વિભૂષિત કરેલા છે. સૌથી ઉપરની નાના કદની ગ્રીવા ઉપર પછીના સમયનું આમલસારક છે. ગર્ભગૃહના દ્વારના ઉંબરમાં મધ્ય મંદારકની બંને બાજુએ એક એક કીર્તિમુખની રચના છે. મંડપની દીવાલોમાં ભીંતાસ્તંભો છે. મુખમંડપના છૂટા સ્તંભ ચોરસ (રુચક) છે.[૧૯૩]

ઉપર્યુક્ત મંદિરની ઉત્તરે બીજું એક નાના કદનું સાંધાર પશ્ચિમાભિમુખ દેવાલય (નં. ૨) આવેલું છે તેનું અધિષ્ઠાન સાદું છે. મંદિરની ઉપરનું છાવણ ઉપર્યુક્ત મંદિરની રચના સાથે સામ્ય ધરાવે છે. એ શિવમંદિર છે. ગર્ભગૃહની અંદરનું લિંગ અને જળાધારી ઘણાં પ્રાચીન નથી.[૧૯૪]

શ્રીનગર(તા. પોરબંદર, જિ. જૂનાગઢ)નું સૂર્યમંદિર હાલ તો ગર્ભગૃહ અને એની આગળની અનુકાલીન શૃંગારચોકીનું બનેલું છે, પરંતુ એની પ્રાચીન વિશાળ જગતી (૧૫ × ૭.૫ મી.) તથા અનુકાલીન શૃંગારચોકીની રચના જોતાં આ મંદિર બીજાં અંગોપાંગોને સમાવતું ઘણું મોટું મંદિર હશે, અધિષ્ઠાનમાં ઉપાન, કુમુદ, વલભી, વાજન, કંધરની પહોળી પટ્ટિકા–પદ્મવાજન અને પટ્ટિકા વગેરે થર આવેલા છે. ગર્ભગૃહની દીવાલના મથાળે વલભી અને કપોતનો થર છે. ગર્ભગૃહ પર આવેલ ચતુશ્છાદ્યના થરોમાં સૌથી ઉપરના થર સિવાય બાકીના થર ચારે બાજુએ અનુક્રમે ૩, ૨ અને ૧ ચંદ્રશાલાના સુશોભનથી અંકિત કરેલા છે. થરોના ખૂણા કર્ણકૂટ વડે અલંકૃત કરેલા છે તથા સૌથી ઉપર આમલસારક, ઘંટા અને સ્તૂપીની રચના છે. ગર્ભગૃહના ઉદુંબરમાં અર્ધ વર્તુલાકાર કમલદલ–અંકિત મંદારક(માણુ)ની રચના છે. ગર્ભગૃહમાં પછીના સમયની સૂર્ય અને સપરિકર વિષ્ણુની મૂર્તિઓ છે.[૧૯૫]

અહીંનું વિંધ્યવાસિનીનું મંદિર પ્રમાણમાં વિસ્તૃત છે. એ ગર્ભગૃહ, પ્રદક્ષિણાપથ, ગૂઢમંડપ અને શૃંગારચોકીનું બનેલું છે. અધિષ્ઠાનમાં પદ્માંકિત ઉપાન, કુમુદ, ક્ષેપણ, વાજન, કંધર, વલભી, ઉત્તર, કપોત, ક્ષેપણ અને પટ્ટિકાના થર છે. એની શૃંગારચોકી ત્રિકમંડપ પ્રકારની છે. મંદિર પશ્ચિમાભિમુખ હોવાને કારણે શૃંગારચોકી પશ્ચિમ બાજુએ ખુલ્લી છે. બાકીની ત્રણે બાજુએ એ દીવાલો વડે ઢંકાયેલી છે. ખુલ્લી બાજુએ બે છૂટા સ્તંભ અને દીવાલોમાં દબાયેલા ૭ ભીંતાસ્તંભ છે. ગૂઢમંડપમાં બાર છૂટા સ્તંભ અને બાર ભીંતા-સ્તંભ છે. મંડપ, શૃંગારચોકી અને પ્રદક્ષિણાપથ પર સપાટ આચ્છાદન છે. ગર્ભગૃહની ઉપરના શિખરની રચના અગાઉ વર્ણવેલ સૂર્યમંદિરના શિખર સાથે સામ્ય ધરાવે છે, પરંતુ એના ચારે થરોમાં ચંદ્રશાલાનાં અલંકરણ આવેલાં છે.[૧૯૬]

સોનકંસારી સમૂહમાંનું સૌથી મોટું મંદિર (નં. ૧) (પટ્ટ ૧૮, આ. ૭૬) પૂર્વાભિમુખ છે. એ ગર્ભગૃહ, પ્રદક્ષિણાપથ અને ગૂઢમંડપનું બનેલું છે. મંડપ અને પ્રદક્ષિણાપથ પરનાં છાવણ નાશ પામ્યાં છે. મંડપના સ્તંભ પણ નાશ પામ્યા છે. અવશેષરૂપ ઊભેલી એની બાહ્ય દીવાલોના પીઠભાગે ખુરક, કુંભ, કલશ, કપોતપાલિકા, પટ્ટિકા, ઊર્ધ્વપદ્મ અને ચંદ્રશાલાનાં અલંકરણોથી સુશોભિત કપોતના થર છે. દીવાલોમાં પ્રવેશદ્વારની બંને બાજુએ એક એક, પ્રદક્ષિણાપથની ઉત્તર તથા દક્ષિણ દીવાલે એક એક અને ગૂઢમંડપની દીવાલની બંને બાજુએ ત્રણ ત્રણ બારીઓની રચના છે. આ બારીઓ એક વખતે છિદ્રાળુ જાળીઓ વડે આચ્છાદિત કરેલી હોવાનું જણાય છે. વળી દીવાલની બહારની બાજુએ—પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણ બાજુએ—મધ્યમાં એક એક ભારે અલંકૃત ઊંડો ખત્તક છે. એ દરેકના મથાળે વિવિધ ઘાટનાં છાવણ છે. એમાંના ઉત્તર તરફના ખત્તકના મથાળે સુંદર મકર–તોરણ છે. તોરણ ઉપર આકર્ષક ગ્રાસપટ્ટી, પુષ્પ-માલા અને ઊર્ધ્વપદ્મની પંક્તિની રચના છે. એની ઉપરના ઉદ્‌ગમની મધ્યમાં બેઠેલ કુબેરનું શિલ્પ છે. એની ચોતરફ શૂરસેનકનું સુશોભન છે. ખત્તકની નીચેના ભાગમાંની ચંદ્રશાલાની મધ્યમાં પણ આવું જ ઘસાઈ ગયેલું કુબેરનું શિલ્પ નજરે પડે છે. ગર્ભગૃહનું દ્વાર નાશ પામ્યું છે. ગર્ભગૃહની દીવાલોના મથાળે ત્રિકોણાંકિત ઉત્તર, ઊર્ધ્વપદ્મ અને ચંદ્રશાલાનાં સુશોભનોથી અંકિત કપોતનો થર છે. ગર્ભગૃહ ઉપરના પંચછાદ્ય સૂર્પાકાર શિખરના તમામ થર ચંદ્રશાલા વડે અલંકૃત કરેલા છે. પંચછાદ્યનાં નીચલાં ત્રણ છાદ્યોના ખૂણા પર એક એક કર્ણકૂટ છે.[૧૯૭]

પીંડારા(તા. કલ્યાણપુર, જિ. જામનગર)નું પ્રાચીન સૂર્યમંદિર (પટ્ટ ૧૮, આ. ૭૭) પૂર્વાભિમુખ છે. એનું માત્ર ગર્ભગૃહ જળવાઈ રહ્યું છે. ગર્ભગૃહની

આગલી દીવાલમાં આવેલાં બાકોરાં એની આગળ મંડપ હોવાનું સૂચવે છે. ગર્ભગૃહ પરના પંચછાદ્ય શિખરનું સૌથી ઉપરનું છાદ્ય નાશ પામ્યું છે. નીચેનાં છાદ્યોમાં નીચેથી ઉપર જતાં દરેક બાજુએ અનુક્રમે ૫, ૪, ૩ અને ૨ ચંદ્રશાલાનાં સુશોભન છે. દરેક છાદ્યના ખૂણાઓ પર કર્ણકૂટની રચના છે.[૧૯૮]

જૂની ધ્રેવડ(તા. ઓખામંડળ, જિ. જામનગર)ના સાંધાર પ્રકારના કાલિકા માતા મંદિર(પટ્ટ ૧૯, આ. ૭૮)નું અધિષ્ઠાન પદ્મકુંભ, કલશ, વાજન, કંધર, ઉત્તર, વલભી, ઊર્ધ્વપદ્મ, કપોત, પટ્ટિકા વગેરે થરોથી મંડિત છે. ગર્ભગૃહની સાદી દીવાલોના મથાળે ઊર્ધ્વપદ્મ, પલ્લવપટ્ટિકા અને કપોતનો થર છે. ગૂઢમંડપની દીવાલો સાદી છે, પણ એની બંને બાજુએ એક એક વાતાયન છે. વાતાયનના મથાળે 'દંડ છાદ્ય' અને 'શૂરસેનક'ની રચના છે. મંડપની દીવાલના મથાળે વલભી અને કપોતનો થર છે. ગૂઢમંડપમાં ભદ્રક પ્રકારના ચાર છૂટા સ્તંભ છે. મંડપની આગળની ત્રિકચોકી પછીના સમયનું ઉમેરણ જણાય છે. ગર્ભગૃહની ઉપરના પંચછાદ્ય શિખરનું દરેક છાદ્ય ચારે બાજુએ નીચેથી ઉપર જતાં અનુક્રમે ૫, ૪, ૩, ૨ અને ૧ ચંદ્રશાલા વડે અલંકૃત કરેલું છે.[૧૯૯]

દેગામ(તા. પોરબંદર, જિ. જૂનાગઢ)નું ચામુંડા માતાનું પ્રાચીન મંદિર નવનિર્માણ પામ્યું છે, છતાં એમાં કેટલાંક જૂનાં લક્ષણ જળવાઈ રહ્યાં છે. આ પૂર્વાભિમુખ મંદિર ગર્ભગૃહ અને ચાર ચોરસ સ્તંભોવાળા ગૂઢમંડપનું બનેલું છે. ગર્ભગૃહની દીવાલોના મથાળે વલભી અને કપોતનો થર છે અને એની ઉપરના કંઠથી મંદિરનું પંચછાદ્ય શિખર શરૂ થાય છે. પાંચ થરો પૈકી નીચેના ત્રણ અસલ સ્વરૂપના છે; એ ચંદ્રશાલા વડે વિભૂષિત કરેલા છે. ઉપરના બે થર પછીના સમયના છે.[૨૦૦]

ભાણસરાનું મંદિર નં. ૪ પશ્ચિમાભિમુખ છે. ગર્ભગૃહની દીવાલોના મથાળે વલભી અને કપોતનો થર છે. એની ઉપર આવેલ પંચછાદ્ય શિખરનું છેક ઉપરનું છાદ્ય નષ્ટ થયું છે. બાકીના ચાર થરોમાં નીચેથી ઉપર જતાં દરેક બાજુએ અનુક્રમે ૫, ૪, ૩ અને ૨ ચંદ્રશાલાનાં અલંકરણ છે. આ થરોના ખૂણે આવેલાં કર્ણકૂટ ઊતરતી પંક્તિનાં છે.[૨૦૧]

બીલેશ્વરનું સાંધાર શિવમંદિર (પટ્ટ ૨૦, આ. ૭૯) કદમાં ઘણું મોટું છે. એના અધિષ્ઠાનની થર-યોજના કદવારના વરાહમંદિર સાથે સામ્ય ધરાવે છે. મંદિરની દીવાલો બહારની તથા અંદરની બાજુએથી વિવિધ ઘાટના ભીંતા-સ્તંભો વડે વિભૂષિત કરેલી છે. દીવાલોના મથાળે વલભી અને કપોતના થર છે. ગર્ભગૃહ

ઉપરના સૂર્પાકાર શિખરનાં ૭ છાદ્યો પૈકી નીચલાં પાંચ ચંદ્રશાલાનાં સુશોભન ધરાવે છે. એમના ખૂણા કર્ણકૂટોથી વિભૂષિત છે. સૌથી ઉપરનો થર સાવ સાદો છે. એ પર આમલક અને કલશની રચના છે. શિખરના પૂર્વ ભાગે ઉત્તુંગ-નિર્ગત શૂરસેનકની રચના સોલંકી કાલના શિખરના અગ્ર ભાગે રચાતા શુકનાસની ગરજ સારે છે. શિખરના થરોના ખૂણાઓ પર પ્રયોજાયેલાં કર્ણકૂટોનું આકારવૈવિધ્ય નોંધપાત્ર છે. ગર્ભગૃહમાં આવેલું મોટા કદનું સ્વયંભૂ શિવલિંગ (ખડકનો ભાગ હોય તેવું) ખંડિત થયેલું છે. ગર્ભગૃહની દ્વારશાખા પછીના સમયની છે. આ મંદિરનો સમય સાતમી સદીના પ્રારંભનો હોવાનું ગણાય છે.[૨૦૨]

નાગર સ્થાપત્ય સ્વરૂપના દેવાલયમાં સમય જતાં છાદ્યાન્વિત શિખરને સ્થાને રેખાન્વિત શિખરનું સ્વરૂપ પ્રચલિત થયું. આ નવા સ્વરૂપના ઘડતરની આરંભિક અવસ્થામાં છાદ્યાન્વિત શૈલી અને રેખાન્વિત શૈલીના સંમિશ્રણની સંક્રમણ–અવસ્થા નજરે પડે છે. સમય જતાં એમાં છાદ્યાન્વિત લક્ષણોનું પ્રમાણ ઉત્તરોત્તર ઘટતું ગયું ને એની જગ્યાએ રેખાન્વિત લક્ષણોનું પ્રમાણ ઉત્તરોત્તર વધતું ગયું. રેખાન્વિત શિખરશૈલીનો પૂર્ણ વિકાસ થતાં એમાં છાદ્યાન્વિત શૈલીનાં લક્ષણોનો સદંતર લોપ થયો.

આ સંક્રમણ–અવસ્થાનાં મંદિરોનાં શિખરોમાં રચનાની દૃષ્ટિએ મુખ્યત્વે બે ભેદ જોવામાં આવે છે :

(૧) કેટલાંક મંદિરોનાં શિખરોની રેખાઓમાં ઊંડા કોતરેલા ચંદ્રશાલા-યુક્ત સમતલ થરોનાં લક્ષણ જળવાઈ રહ્યાં છે.

ભાણસરામાં મંદિર નં. ૨ ની ઉત્તરે મંદિર નં. ૧ પૂર્વાભિમુખે આવેલું છે. એ ઘણી નીચી ઊભણી ઉપર છે. એનાં બે અધિષ્ઠાનોમાં ઉપાન, કુમુદ, વાજન, કપોત, ક્ષેપણપટ્ટિકા આદિના થર છે. મંદિરની સાદી દીવાલોના મથાળે ઉત્તર અને કપોતના થર છે. મંદિરનું શિખર છાદ્ય અને રેખાન્વિત શિખરશૈલી વચ્ચેની પ્રાથમિક અવાંતર દશાનું છે. શિખરની રચનામાં ભદ્રનિર્ગમ છે. એ તથા એની બંને બાજુઓની કોણની રેખામાં અંકિત થયેલા સમતલ થર અર્ધચંદ્રશાલાનાં સુશોભનોથી અંકિત છે. કોણ પરના કર્ણકૂટોમાં આમલસારની ભાતનું સુરેખ રેખાંકન નજરે પડે છે. આ પ્રકારની વિશિષ્ટ રચના ત્યાર પછી શિખરની રેખાઓમાં દેખા દેતી જાલ અને લતાની રચનાની શરૂઆતની દશાનું સૂચન કરે છે. શિખરનો ઉપલો ભાગ નાશ પામ્યો છે.[૨૦૩]

ભાણસરાના મંદિર નં. ૧ ની પ્રાથમિક કક્ષાની રેખાન્વિત શિખરશૈલીનો વિકાસ સુત્રાપાડા(તા. પાટણ–વેરાવળ, જિ. જૂનાગઢ)ના સૂર્યમંદિર(પટ્ટ ૨૧,

આ. ૮૦)ના શિખરમાં સૌ પ્રથમ જોવા મળે છે. શિખર પર જાલ તરીકે અંકિત થયેલ ભાત એના ઊંડા તક્ષણ વગેરેને કારણે સરસ ઉઠાવ આપે છે. છાદ્ય–શિખરની પરિપાટીની ઝલક પણ એટલી જ ઉત્કૃષ્ટતાપૂર્વક અંકાઈ છે; એના અંકન સાથે રેખાના સામર્થ્યને પણ સારો અવકાશ મળ્યો છે. શિખરનો સમગ્ર સૂર્પાકાર ઘાટ, મધ્યમાં અંકિત થયેલ ચંદ્રશાલાના ક્રમશઃ મોટાથી નાના કદનો ઘાટ તથા એની બાજુમાં એ જ ક્રમે અર્ધચંદ્રશાલાના સંયોજિત આકારનાં કર્ણકૂટો સુત્રાપાડાના સૂર્યમંદિરનું શિખર ક્રમશઃ રેખાન્વિત બનતું હોવાનું સૂચન કરે છે. એ દૃષ્ટિએ આ શિખરનું ઘણું મહત્ત્વ છે. મંડપ અને પ્રદક્ષિણા-પથ પરનાં છાવણ ઢળતા ઘાટનાં છે. એના પરનાં ચંદ્રશાલાનાં અંકન અધૂરાં રહેલાં છે. આ મંદિર સાતમી સદી આસપાસનું છે.[૨૦૪]

કાલાવડ(તા. કાલાવડ, જિ. જામનગર)ના કોટેશ્વર મંદિરનો મંડપ નાશ પામ્યો છે. એના સમચોરસ ગર્ભગૃહની દીવાલોમાં ઉપાન, પદ્મ ક્ષેપણ, કુમુદ ક્ષેપણ, સૂર્પ, વાજન, ક્ષેપણ, ઊર્ધ્વપદ્મ, પટ્ટિકા, વાજન, કંધર, ઊર્ધ્વપદ્મ, કપોત, ક્ષેપણ, પટ્ટિકા, પાદ, ઉત્તર, કંપ વગેરે થરોનું ક્રમશઃ આયોજન થયેલું છે. વળી આ થર-રચના પરત્વે આ થરો અગાઉનાં મંદિરોમાં દેખા દેતા આ જ પ્રકારના થરો કરતાં વિશિષ્ટ પ્રકારનું કૌશલ પ્રગટ કરતા હોવાથી મંદિરસ્થાપત્યની અવાંતર અવસ્થાના સૂચક બની રહે છે. પટ્ટિકાના મથાળે નાના કદની ચંદ્રશાલાની હરોળ અંકિત થયેલી જોવામાં આવે છે. ગર્ભગૃહ ઉપરના પ્રાથમિક કક્ષાના રેખાન્વિત શિખરમાં છાદ્યની પરિપાટીની એંધાણીઓ નજરે પડે છે. શિખરના જાલકની ચંદ્રશાલાનાં રેખાંકન જૂની ઘરેડનાં જણાય છે. સૌથી ઉપરની ટોચનું આમલક પણ ભારે કદનું જણાય છે. આ મંદિર સુત્રાપાડાના મંદિર કરતાં થોડું વહેલું હોય એમ જણાય છે.[૨૦૫]

અખોદર (તા. કેશોદ, જિ. જૂનાગઢ) તથા પાછતર(તા. ભાણવડ, જિ. જામનગર)નાં સૂર્યમંદિરોથી મંદિરશિખરમાં રેખાની પરિપૂર્ણતા પ્રગટતી શરૂ થતી જણાય છે. અખોદરનું સૂર્યમંદિર (પટ્ટ ૨૨, આ. ૮૨) રચના પરત્વે સુત્રાપાડાના સૂર્યમંદિર સાથે સામ્ય ધરાવે છે, પરંતુ એ કદમાં એનાથી ઘણું મોટું છે. એની સાદી દીવાલોના મથાળે ઉત્તર, ઊર્ધ્વપદ્મ, કપોત, વાજન, કંઠ અને કપોતના થર છે. કપોતના થરમાં ઉત્તર તથા દક્ષિણ બાજુએ પાંચ પાંચ અને પશ્ચિમ બાજુએ ત્રણ ચંદ્રશાલાનાં સુશોભન છે. ઉત્તર તરફથી કેટલીક ચંદ્રશાલાની મધ્યમાં તથા આજુબાજુ માનવમુખ (ભૂત) કોતરેલાં છે. પશ્ચિમ તરફની એક ચંદ્રશાલામાં આવાં સામસામાં આવેલાં બે માનવમુખોમાંથી

તોરણ પ્રગટતું દર્શાવ્યું છે. મંડપ અને પ્રદક્ષિણાપથનું છાવણ સપાટ છે. ગર્ભગૃહ પરના શિખર પરની જાલક-ભાત ઉઠાવદાર અને સુરેખ છે. આ મંદિર સૂત્રાપાડાના સમય આસપાસનું છે.[૨૦૬]

પાછતરનું સૂર્યમંદિર (પટ્ટ ૨૧, આ. ૮૧) સદેવંત સાવલિંગા નામે પણ ઓળખાય છે. મૂળમાં આ મંદિર સાંધાર પ્રકારનું હતું, પરંતુ એના પ્રદક્ષિણાપથ અને મંડપ નાશ પામ્યા છે. ગર્ભગૃહની સૂર્યમૂર્તિને જૂનાગઢ મ્યુઝિયમમાં ખસેડવામાં આવી છે. રેખાન્વિત શિખર પરના ચંદ્રશાલાનાં સુશોભનોના થરને ભદ્ર ભાગે બે વિભાગમાં મધ્યલતાની માફક વહેંચી નાંખેલ છે. કોણ પરનાં સુશોભનોનો ઘાટ પણ એ જ પ્રકારનો છે, પરંતુ એમાં ચડતા ઊતરતા ક્રમે ક્રમ ગોઠવીને વૈવિધ્ય આણ્યું છે. શિખર પરની સુશોભન-શૈલીનો વિકાસ આ મંદિર સૂત્રાપાડા પછીનું—આઠમી સદીના પૂર્વાર્ધનું હોવાનો સંકેત કરે છે.[૨૦૭]

(૨) કેટલાંક મંદિરોનાં રેખાન્વિત શિખરોમાં સમતલ થરો આછી કોતરણીને લઈને ભરચક લાગે છે ને એ થરોમાં બધે જાલક નામે ભાતની કોતરણી પણ જોવામાં આવે છે; દા. ત. ધ્રાસણવેલ(તા. ઓખામંડળ, જિ. જામનગર)નાં મગદેરાં નામે જાણીતાં થયેલ અને એક જ જગતી પર આવેલાં સપ્તાયતન પ્રકારનાં મંદિરો( પટ્ટ ૮, આ. ૬૮; પટ્ટ ૨૩, આ. ૮૩)માં મધ્યમાં મુખ્ય મંદિર અને એને ફરતાં બીજાં ૭ મંદિર છે. મંદિરને ફરતી ભમતી હોવાના અવશેષ ઉપલબ્ધ બન્યા છે. મુખ્ય મંદિરનું તલદર્શન પંચરથ-પંચનાસિક છે. એના વેદીબંધની ઉપર મંડોવરની દીવાલોના મથાળે રેખાન્વિત ભાતીગર શિખરની રચના છે. મંડપ પરનું છાવણ તથા શુકનાસ નાશ પામ્યાં છે, પણ મંડપના ભદ્રક સ્તંભ અને એના પરના પાટડા અવશેષરૂપે સલામત છે.

મુખ્ય મંદિરની આજુબાજુનાં ૭ મંદિરોમાંનું એક ઉત્તરાભિમુખ મંદિર સપ્તમાતૃકાનું હોય એમ એની સચવાઈ રહેલી પીઠિકા પરથી જણાય છે.

શિખર પરની ચંદ્રશાલાની ભાત સૂત્રાપાડા કરતાં વિકસિત સ્વરૂપની, પરંતુ રોડા મંદિરસમૂહના શિખર પરની ભાત કરતાં ઓછી ઉઠાવદાર હોવાને કારણે આ મંદિર ઈસુની આઠમી સદીના ઉત્તરાર્ધનું હોવાની ધારણા છે.[૨૦૮]

ધ્રાસણવેલના મગદેરાની રેખાન્વિત શિખર-રચના સાથે પંચરથ તલદર્શનનાં બીજાં મંદિરોમાં મિયાણીનું મંદિર નં. ૨, ઘૂમલીનું ગણેશમંદિર અને નંદીશ્વરના મંદિર નં. ૪ નો સમાવેશ થાય છે. મિયાણી મંદિર નં. ૨(પટ્ટ ૨૪, આ. ૮૪)ના ગર્ભગૃહનો વેદીબંધ મગદેરા કરતાં નાજુક છે. વેદીબંધ પરની મંડો-

વરની દીવાલોમાં મધ્યે રત્નપટ્ટિકા અને દરેક દિશાએ મધ્યમાં ઉદ્ગમ-મંડિત એક એક ગવાક્ષની રચના છે. મંડોવરના મથાળે આવેલ વરંડિકા અને કંઠના થરની ઉપરથી રેખાન્વિત શિખર શરૂ થાય છે. એના ભદ્ર અને કર્ણમાં ચંદ્રશાલા, અર્ધચંદ્રશાલા અને આમલક-કર્ણકૂટોની વિશિષ્ટ ભાત સ્પષ્ટ તરી આવે છે. આ મંદિર હાલ ગણેશમંદિર તરીકે ઓળખાય છે, પણ એ મૂળમાં શિવમંદિર હતું.[૨૦૯]

ધૂમલીનું ગણેશમંદિર (પટ્ટ, ૨૪, આ. ૮૫) નવલખા મંદિરની દક્ષિણ બાજુએ આવેલું છે. હાલ તો માત્ર ગર્ભગૃહ અને એના ઉપરનું રેખાન્વિત શૈલીનું શિખર ઊભું છે. એની આજુબાજુનો પ્રદક્ષિણાપથ તથા ગૂઢમંડપ નાશ પામ્યાં છે. શિખર પરની જાલક–ભાત મિયાણી કરતાં વિકસિત સ્વરૂપની છે.[૨૧૦]

નંદીશ્વર મંદિર નં. ૪ પણ આ પ્રકારનું છે. [૨૧૧]

લાકરોડા(તા. વિજાપુર, જિ. મહેસાણા)માં પ્રાક્-સોલંકી શૈલીની વિશિષ્ટતા ધરાવતું એક પ્રાચીન મંદિર આવેલું છે. અસલ આ મંદિર શિવમંદિર હશે, પણ હાલમાં એ 'દેમરાનું દેરું' તરીકે ઓળખાતું હનુમાનનું મંદિર છે. મંદિરના પ્રાંગણમાં હનુમાનની એક ભવ્ય મૂર્તિ આવેલી હોવાથી એ આ નામે ઓળખાતું લાગે છે. મૂળ મંદિર ગર્ભગૃહ, અંતરાલ અને ગૂઢમંડપનું બનેલું છે. પીઠભાગમાં વેદીબંધ અને વરંડિકાના થર સિવાય મંદિરની દીવાલો સાદી છે. ગર્ભગૃહ પરના સૂર્પાકાર શિખરમાં બાર સમતલ થરોની રચના નોંધપાત્ર છે. આમલક વગેરે ગુમ થયેલાં છે. અંતરાલ પર શુકનાસની રચના છે. ભારે કદના બાર સ્તંભો પર ટેકવેલા મંડપનું છાવણ સપાટ છે.

મંદિરની આગળ એક અલગ ચતુષ્કી( ચોકી )ની રચના છે. આ ચતુષ્કીના વેદીબંધમાં ખુરક, કુંભ, કલશ, ગણની આકૃતિઓથી અંકિત પહોળી પટ્ટિકા તથા કપોતાલીના થર છે. એની પર દરેક ખૂણે એક એક ભદ્રક ઘાટના ચાર સ્તંભોની રચના છે. દરેક સ્તંભની કુંભીમાં કાટખૂણે બે ગોખ છે, જેમાં એક વખતે મૂર્તિશિલ્પો હોવાનું જણાય છે. સ્તંભની ટોચનો ભાગ ભરણી અને શિરા-વટીથી અંકિત છે. ભરણીની કર્ણિકા પર ચંપક પુષ્પો અને પદ્મદલોની પંક્તિઓ છે. શિરાવટીમાં કુમાર( કીચક )નાં શિલ્પ છે. [૨૧૨]

રોડા(તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા)માં સાત મંદિરોનું ઝૂમખું છે.[૨૧૩] આમાં મંદિર નં. ૩ અને ૫ ની વચ્ચે કુંડના કાંઠે આવેલું મંદિર નં. ૪ માત્ર એની જગતી સિવાય હવે સંપૂર્ણ નાશ પામ્યું છે.[૨૧૪] આ મંદિરના અવશેષ ચારે બાજુએ વેરાયેલા છે. લાડ્ચી માતાના કુંડ તરીકે જાણીતા આ લંબચોરસ

કુંડના ચાર ખૂણે આવેલાં ચાર નાનાં મંદિર[૨૧૫] રચના પરત્વે મંદિર નં. ૩ અને ૫ સાથે સામ્ય ધરાવે છે.

આ મંદિરો પૈકી મંદિર નં. ૭ સિવાયનાં બાકીનાં બીજાં મંદિર કદમાં નાનાં છે અને એ ચોરસ કે લંબચોરસ ગર્ભગૃહ અને એની આગળ આવેલ એવા જ ઘાટની શૃંગારચોકી કે અર્ધમંડપનાં બનેલાં છે. તલદર્શન પરત્વે તેઓની દીવાલો ભદ્ર પ્રતિરથના નિર્ગમોથી અંકિત છે, પણ મંદિર નં. ૨ ની દીવાલો સાવ સાદી છે. એમાં કોઈ નિર્ગમ નથી. મંદિર નં. ૩ ના પ્રતિરથની રચના ભીંતા–સ્તંભો જેવી છે. તેઓના મથાળે હીરગ્રહણક અને ચોરસ ભરણીની રચના છે.[૨૧૬] મંદિર નં. ૨ ની ઉપરના સૂર્પાકાર છાવણમાંનો ચંદ્રશાલાથી અંકિત સૌથી નીચલા થર સિવાયનો ઉપરનો તમામ ભાગ નાશ પામ્યો છે.[૨૧૭]

રોડા મંદિરસમૂહની શૃંગારચોકીઓ પરનાં ફાંસના–છાવણ ખાસ ધ્યાન ખેંચે તેવી રચનાવાળાં છે. આ છાવણોની આગળની રથિકામાંનાં શૂરસેનક મૂર્તિશિલ્પોથી અલંકૃત કરેલાં છે.[૨૧૮] વળી મંદિર નં. ૭ ના મંડપ પરનું ફાંસના–છાવણ તેર અને ચેઝરલાના ચૈત્યગૃહ તથા ઓસિયાના હરિહર મંદિર નં. ૧ સાથે રચના-બાબતમાં સામ્ય ધરાવે છે.[૨૧૯] એમ છતાં ચંદ્રશાલાના છાવણના થર પરનાં સુશોભન એને અભિનવ ઘાટ બક્ષે છે.

આ મંદિરો પૈકી કોઈમાં અભિલેખ નથી અને તેથી તેઓનો સમય આ કાલનાં અન્ય મંદિરોની માફક માત્ર રચના અને કોતરણીની શૈલીના આધારે જ નક્કી થઈ શકે. સાતમીથી નવમી સદી સુધીમાં ભારતવર્ષમાં અન્ય સ્થળે બંધાયેલાં મંદિરો સાથે રચના પરત્વે આ મંદિર સામ્ય ધરાવે છે. વળી સૌરાષ્ટ્રનાં ધૂમલી, પાછતર, મિયાણી, વિસાવાડા વગેરે સ્થળોએ આવેલાં મંદિરો સાથેનું તેઓનું રચનાસામ્ય પણ આ મંદિરસમૂહ આઠમી સદીના પૂર્વાર્ધનો હોવાનું સૂચવે છે.[૨૧૯અ]

મંદિર નં. ૨ નું શિખર ફાંસાકાર છે, જ્યારે બાકીનાં બધાં મંદિરોનાં શિખર એકાંડી રેખાન્વિત શિખરશૈલીનાં છે. આ મંદિરોનાં શિખર પ્રાક્–સોલંકી કાલનાં છાદ્યાન્વિત સૂર્પાકાર ઘાટનાં શિખરો પછીના ચૌલુક્યકાલના પ્રારંભના સળંગ ઉભડક વળાંકવાળાં રેખાન્વિત શિખરોની શૈલીની વચગાળાની અવસ્થા દર્શાવે છે. શિખર પરની જાલક–ભાત સૂત્રાપાડા, પાછતર અને ધ્રાસણવેલનાં મંદિરોનાં શિખરોની જાલક–ભાત કરતાં સુવિકસિત છે.

આ તમામ મંદિરોની દીવાલો એના પર આવેલા સુશોભિત ગવાક્ષો સિવાય સાદી છે. આ મંદિરોની પીઠમાં ભીટ, જાડચકુંભ અને પટ્ટિકા (સાદી અથવા

સાંકળી અને તમાલપત્રની ભાતથી વિભૂષિત), તો કેટલીક વખતે વેદીબંધમાં ફૂલવેલ-ભાતથી અંકિત અંતરપત્ર અથવા લૂમા અથવા કલિકાથી અંકિત કપોતાલીના થર જોવામાં આવે છે.[૨૨૦] મંડોવરના મથાળે ક્યાંક અર્ધવૃત્તાકાર કમલ-પુષ્પોની હારમાળા (મંદિર નં. ૧), ક્યાંક સાંકળી અને તમાલપત્ર (મંદિર નં. ૩), ક્યાંક પુષ્પપંક્તિઓ (મંદિર નં. ૬ અને ૭), તો ક્યાંક ગ્રાસપટ્ટી-(મંદિર નં. ૪)નાં અલંકરણ છે.[૨૨૧]

આ મંદિરોના ગર્ભગૃહની દ્વારશાખાનાં વૈવિધ્ય અને કોતરકામની ઉત્કૃષ્ટતા પ્રશંસનીય છે. મંદિર નં ૨ અને ૩ ની દ્વારશાખા ફૂલવેલ-ભાત, કલ્પલતા, દેવી તેમજ અર્ધદૈવી સ્ત્રી-પુરુષોનાં યુગલ-શિલ્પોથી અંકિત છે. મંદિર નં. ૩ અને ૭ સિવાયનાં મંદિરોની દ્વારશાખા ત્રિશાખ છે. આમાં મંદિર નં ૩ ની દ્વારશાખા તો અત્યંત રમણીય છે. દ્વારશાખાના ઉદુંબર અને મંદારક(માણુ)માં મધ્યે આવેલાં વૃક્ષ કે વૃક્ષલતાની બંને બાજુએ પક્ષીઓનાં શિલ્પ હતાં, જે હવે ઘણાં ઘસાઈ ગયાં છે. આ દ્વારશાખા પંચશાખ પ્રકારની છે. એમાં ડાબી બાજુની મધ્યશાખાના રૂપસ્તંભના ગવાક્ષોમાં શિવ, શિવ-પાર્વતી અને અર્ધનારીશ્વરનાં શિલ્પ છે. જમણી બાજુની શાખાના રૂપસ્તંભમાં વિષ્ણુ અને લક્ષ્મીનારાયણનાં શિલ્પ છે. રૂપસ્તંભની બંને બાજુની શાખાઓમાં સિંહવ્યાલનાં શિલ્પ છે. અને ગર્ભદ્વાર તરફથી અંતિમ શાખામાં અંકિત કરેલ રત્નશાખાનું આકાર-સૌષ્ઠવ અપ્રતિમ છે. દીવાલ તરફની પત્રશાખા પણ એવી જ નયનરમ્ય છે. શાખાઓના નીચલા ભાગે ગંગા-યમુના અને દ્વારપાલનાં શિલ્પ છે. ઉત્તરાંગની ગવાક્ષ-પંક્તિમાં અનુક્રમે બ્રહ્મા, કુબેર, વિષ્ણુ, શિવ, ગણેશ વગેરેનાં શિલ્પ છે. બંને બાજુની દ્વારશાખામાં હરિ અને હર-સમૂહનાં શિલ્પોનું સંયોજન હોવાથી ડૉ. ઉ. પ્રે. શાહ આ મંદિર હરિહરનું હોવાનું સૂચવે છે. આ મંદિરની જંઘાના પશ્ચિમ દિશાના ગોખમાં અષ્ટભુજ હરિહરનું ઘસાયેલું શિલ્પ એમના આ મતનું સમર્થન કરતું લાગે છે.[૨૨૨]

મંદિર નં. ૬ ની દ્વારશાખામાં ગંગા-યમુનાનાં શિલ્પ અને ઉત્તરાંગમાં નવગ્રહ-પટ્ટ કોતરેલાં છે.[૨૨૩]

આ મંદિરોના સ્તંભ ચોરસ (રુચક) ઘાટના છે. એના મથાળે ઘટપલ્લવની આકૃતિઓ કોતરેલી છે. ઘટપલ્લવની નીચે ફૂલવેલ-પટ્ટિકા અને એની નીચે અર્ધવૃત્તાકાર ઘાટમાં કલ્પવલ્લીનાં આલેખન છે.[૨૨૪] ક્યારેક સ્તંભના મથાળેથી

શિરાવટીની નીચે કીર્તિમુખોની પટ્ટિકા અને કુંઠલિત કાનસોની રચના જોવામાં આવે છે. એક ચોકીના સ્તંભમાં કલશ અને નાગપાશનું આલેખન ઉત્કૃષ્ટ કોટીનું છે.

આમાંનાં કેટલાંક મંદિરોની સમતલ છતોમાં આડાં-ઊભાં ચોકઠાં બનાવીને તેઓને ફૂલવેલ ભાતમાં કંડારેલાં છે.[૨૨૫] કેટલાંક મંદિરોની છતો સોલંકી કાલમાં જાણીતી થયેલ અર્ધવૃત્તાકાર કરોટક(નાભિછંદ) પ્રકારની છે. તેઓના ઘૂમટાકાર થરોમાં ચંપક-કલીનો થર અને ગજતાલુ(કોલ-કાચલા)ની રચના જોવામાં આવે છે.[૨૨૬]

પૂર્વાભિમુખ આવેલું મંદિર નં. ૧ શિવમંદિર હોવાનું એની જંઘાના ગવાક્ષોમાં આવેલાં શિલ્પો પરથી સૂચિત થાય છે. ઉત્તરમાં શિવ, પશ્ચિમે ઉમા-મહેશ્વર અને દક્ષિણે ગણેશનાં શિલ્પ છે. ગર્ભદ્વારની ત્રિશાખ દ્વારશાખાના મથાળે ઉત્તરાંગમાં દેવમૂર્તિઓ (મધ્યમાં શિવ) ઉપરાંત વાદકો અને મિથુનોનાં શિલ્પ છે. દ્વારશાખાના લલાટમાં ગણેશનું શિલ્પ છે.[૨૨૭]

મંદિર નં. ૨ ની દ્વારશાખા અત્યંત અલંકૃત છે.

કુંડ પાસે આવેલું પૂર્વાભિમુખ મંદિર નં. ૫ વિષ્ણુમંદિર હોવાની ધારણા છે. મંદિરની ઉત્તર તથા દક્ષિણ દીવાલે અનુક્રમે વરાહ અને નૃસિંહનાં શિલ્પ છે.[૨૨૮]

મંદિર નં. ૬ ઘણું કરીને સૂર્યમંદિર છે. એની પાછલી બાજુની દીવાલના ગવાક્ષમાં સૂર્યની મૂર્તિ છે. એની દ્વારશાખાના ઓતરંગમાં નવગ્રહનો પટ્ટ છે. મંદિરની દક્ષિણ અને ઉત્તરની દીવાલની જંઘાના ગવાક્ષોમાં અનુક્રમે પંચાગ્નિતપમાં લીન પાર્વતી તથા ગણેશનાં શિલ્પ છે.[૨૨૯]

પૂર્વાભિમુખ મંદિર નં. ૭ શિવમંદિર છે. ગર્ભગૃહની દીવાલની જંઘાના પાછલા ગવાક્ષમાં શિવનું શિલ્પ છે. મંદિરના મંડપની દક્ષિણ દીવાલના એક ગવાક્ષમાં પગમાં નૂપુર ધારણ કરવામાં નિમગ્ન સિંહારૂઢ પાર્વતીનું સુંદર શિલ્પ છે. ઉત્તર દિશાની દીવાલના ગવાક્ષમાં ગણેશ છે.[૨૩૦]

રોડાનાં મંદિરોનો તલમાનની દૃષ્ટિએ અભ્યાસ કરતાં જણાય છે કે મંદિર નં. ૧, ૪ અને ૬ના તલમાનની મધ્યમાં એક નિર્ગમ-ભદ્રની રચના હોવાથી એ 'ત્રિરથ' પ્રકારનાં છે, જ્યારે મંદિર નં. ૩, ૫ અને ૭ ના તલમાનમાં ભદ્ર અને પ્રતિરથ એમ બે નિર્ગમ હોવાથી એ 'પંચરથ' પ્રકારનાં છે. મંદિર નં. ૨ 'એકરથ' પ્રકારનું છે. મંદિર નં. ૬ ની આગળની શૃંગારચોકી પાછલા સમયમાં ઉમેરાયેલી છે. મંદિર નં. ૭ નો ગૂઢમંડપ વિસ્તૃત છે. એની આગળની શૃંગારચોકી

નાશ પામી છે. આ મંદિરના ગર્ભગૃહની દ્વારશાખાના લલાટબિંબમાં લકુલીશનું શિલ્પ છે. આ મંદિર અહીંના મંદિરસમૂહમાં સૌથી પાછલા સમયનું જણાય છે.

શામળાજી(તા. ભિલોડા, જિ. સાબરકાંઠા)ના ખાક-ચોક નામના સ્થળના વાયવ્ય કોણ પર એક પ્રાચીન સૂર્યમંદિર આવેલું છે. મંદિરના ગર્ભગૃહની દ્વારશાખા પરની પહોળી પટ્ટિકા તથા ચંદ્રશાલાનાં સુશોભન રોડાનાં મંદિરો જેવાં જ છે. મંદિર લંબચોરસ ગર્ભગૃહ, અંતરાલ, બંને બાજુએ ઝરૂખા-અંકિત મંડપ અને શૃંગારચોકીનું બનેલું છે. ગર્ભગૃહની ચોતરફ પછીના સમયમાં ઉમેરેલો પ્રદક્ષિણામાર્ગ પણ છે. ગર્ભગૃહ પરનું શિખર નાશ પામ્યું છે અને મંદિરનો એકથી વધુ વખત જીર્ણોદ્ધાર થયેલો છે.[૨૩૧]

વડનગર(તા. ખેરાળુ, જિ. મહેસાણા)ના અમથોર માતાનાં મંદિર આ કાલનાં હોય એમ લાગે છે.[૨૩૨]

અમથોર માતાનાં મંદિરોનો સમૂહ પ્રાકાર-આવૃત એક મોટા પ્રાંગણમાં આવેલો છે. પ્રાંગણના નૈઋર્ત્ય કોણની મધ્યમાં સમચોરસ ગર્ભગૃહવાળું આ સમૂહનું મુખ્ય મંદિર આવેલું છે, જેનો થોડાક જ સમય પૂર્વે સંપૂર્ણ જીર્ણોદ્ધાર કર્યો છે, પરંતુ મંદિરનું અસલ ત્રિરથ તલમાન જાળવી રાખ્યું છે. એવી જ રીતે આ મંદિરની દ્વારશાખા પણ મૂળ દ્વારશાખા છે. એના રૂપસ્તંભમાં દશાવતારનાં શિલ્પ કોતરેલાં છે. આ મુખ્ય મંદિરની પાછલી બાજુએ પૂર્વમાં પશ્ચિમાભિમુખ હરોળમાં ચાર મંદિર આવેલાં છે, તે પૈકીનું ઉત્તરેથી બીજું મંદિર લંબચોરસ ઘાટના ગર્ભગૃહવાળું છે. બાકીનાં મંદિરોનાં ગર્ભગૃહોના ઘાટ સમચોરસ છે.[૨૩૩] આ હરોળના બંને છેડે આવેલાં મંદિરોની દ્વારશાખા તથા એની બાજુના સ્તંભોનું રચનાવિધાન એકસરખા ઘાટનું છે. દ્વારશાખાઓ પંચશાખ પ્રકારની છે, તે પૈકી રૂપસ્તંભ પર દશાવતારનાં શિલ્પ છે. એની બાજુની શાખામાં વિવિધ ભંગીમાં પ્રમથો(બટુકો)નાં શિલ્પ છે અને એની બાજુની અંતિમ શાખા ઊર્મિવેલા-અંકિત છે. આ શાખાના લલાટ-બિંબમાં ગણેશનું શિલ્પ છે. એની ઉપરની પટ્ટિકાની મધ્યમાં કોઈક દેવનું અર્ધકાય શિલ્પ તથા એની બંને બાજુએ અર્ધ-સૂતેલ અવસ્થામાં આલિખિત પરિચારકોનાં શિલ્પ છે. સૌથી ઉપર ઓતરંગમાં નવગ્રહ-પટ્ટિકા છે અને એની ઉપર પહોળી ગ્રાસપટ્ટિકા આવેલી છે. દ્વાર-કુંભીના ભાગના રૂપસ્તંભમાં પ્રમથોનાં શિલ્પ છે તથા ઉદુંબરના માણમાં બે કમલવેલાવૃત હંસનાં શિલ્પ છે.[૨૩૪] આ બંને મંદિરોની દ્વારશાખાને સંલગ્ન ભીંતારતંભો આવેલા છે. ચંદ્રશાલાથી અંકિત કુંભીના ઉપરના સ્તંભ-દંડના નીચલા ભાગમાં આવેલા ગવાક્ષમાં દ્વારપાલનાં શિલ્પ છે. એની ઉપરના

સ્તંભભાગમાં ઘંટા અને સાંકળીનું સુશોભન છે, જે એની ઉપર આવેલા ગ્રાસ-મુખમાંથી નિષ્પન્ન થતું જણાવ્યું છે. આ ગ્રાસપટ્ટિકા પરનો સ્તંભવિભાગ સાદા ચોરસ ઘાટનો છે. અને એની ઉપર શિરાવટી તથા કીચકોનાં શિલ્પોથી વિભૂષિત ટેકા (brackets) આવેલા છે.[૨૩૫]

આ હરોળ પૈકી લંબચોરસ ઘાટના મંદિરના ગર્ભગૃહમાં મૂર્તિઓ પધરાવવા માટેના સિંહાસનની રચના ત્રણે બાજુઓએ કરેલી છે, તેથી સંભવતઃ આ મંદિર સપ્તમાતૃકાઓનું હોય, જેમાં સામેની દીવાલે ત્રણ અને બાજુની બંને દીવાલોએ બબ્બે શિલ્પ મળી માતૃકાઓનાં કુલ સાત શિલ્પ પધરાવેલાં હોય. અહીંના ખોદકામ દરમ્યાન સાત માતૃકાઓનાં શિલ્પ મળી આવ્યાં છે, જે આ અનુમાનને ટેકો આપે છે. આ મંદિરનાં દ્વારશાખા તથા સ્તંભો નાશ પામ્યાં છે, તે જ રીતે એની બાજુના દક્ષિણ તરફના ચોરસ મંદિરનાં દ્વારશાખા અને સ્તંભો નાશ પામ્યાં છે. આ બધાં મંદિરોનાં શિખર પણ નાશ પામ્યાં છે, પરંતુ આ સમૂહ પૈકીનું દક્ષિણે આવેલું હાલના પ્રવેશની જમણી બાજુનું ઉત્તરાભિમુખ મંદિર લગભગ સંપૂર્ણ સ્થિતિમાં જળવાઈ રહ્યું છે.[૨૩૬] ત્રિરથ તલમાનવાળા આ મંદિરની કણપીઠ પર મંદિરનાં મંડોવર (દીવાલો) તથા ગર્ભગૃહ આગળ આવેલા અર્ધમંડપના આગલા ભાગે બે નિર્ગમ-સ્તંભ છે. મંડોવરની છેક નીચે ગ્રાસપટ્ટિકા છે તેના પર કુંભો, અંતરપત્રિકા તથા કેવાલ આવેલાં છે. કેવાલની ઉપર સાદી જંઘા છે, પરંતુ એના સુખભદ્રના ગવાક્ષમાં દેવ-દેવીઓનાં શિલ્પ છે. જંઘા પર ગ્રાસપટ્ટી, અંતરપત્રિકા તથા કેવાલ છે અને સૌથી ઉપર છાદ્ય છે. એના પરનો પ્રહારનો થર ભદ્ર તથા મુખભદ્ર ભાગે લલિતાસનમાં બેઠેલ વિવિધ મૂર્તિશિલ્પોથી અલંકૃત છે. કોણભાગે શૃંગિકાઓ છે. ગર્ભગૃહ ઉપરનું મુખ્ય શિખર તથા ભદ્ર પરનાં ઉરઃશૃંગ અને કોણ પરની શૃંગિકાઓ જાલક-ભાતથી સુશોભિત કરેલાં છે. આમ આ મંદિરનું સ્થાપત્યકીય સ્વરૂપ આ સમૂહ-નાં મંદિરોની રચના પર પૂરો પ્રકાશ નાંખે છે.

આ મંદિરસમૂહમાં વરાહ, નૃસિંહ, ત્રિમુખમૂર્તિ, સૂર્ય, નવગ્રહ વગેરે શિલ્પોનું બાહુલ્ય જોતાં આ મંદિરો વૈષ્ણવ સંપ્રદાયનાં હોય એમ લાગે છે. બર્જેસે આ મંદિરસમૂહ ૧૩ મી સદીનો હોવાનું નોંધ્યું છે,[૨૩૭] પરંતુ આ મંદિરોની પીઠ, દ્વારશાખાઓ, સ્તંભો વગેરેના ઘાટ પરથી આ સમૂહ ૧૦ મી સદીના પૂર્વાર્ધનાં હોવાનું સૂચિત થાય છે.[૨૩૮]

મૈથાણ(તા. ધ્રાંગધ્રા, જિ. સુરેંદ્રનગર)નો મંદિરસમૂહ[૨૩૯] પણ આ જ સમય-નો છે. અહીં, જોડાજોડ એકાંડી પ્રકારનાં ત્રણ મંદિર છે અને એ ગર્ભગૃહ તથા

મુખમંડપનાં બનેલાં છે. દરેકના ગર્ભગૃહનું તલ-આયોજન ત્રિરથ પ્રકારનું છે, એટલે કે દરેકનું તલમાન મધ્યમાં ભદ્ર-નિર્ગમ ધરાવે છે. આ ત્રણ મંદિરોમાં વચમાં સૂર્યમંદિર છે; એની આજુબાજુ શિવ અને વિષ્ણુનાં મંદિર છે. ત્રણેય મંદિરોની ઉભડક બાંધણીમાં સૌથી નીચે કલશાદિ થરોથી શોભતો વેદીબંધ અને એની ઉપર મથાળે સાદી વરંડિકા(કાંઠલા)થી શોભતો મંડોવર છે. મંડોવરની જંઘાના ભાગમાં આવેલ ગવાક્ષો પર દોઢિયાની રચના છે. ગવાક્ષોમાં મૂર્તિશિલ્પ છે. મંડોવરની વરંડિકા પરથી જાલક-ભાતથી વિભૂષિત શિખર-ભાગ શરૂ થાય છે, જે રોડાના મંદિરસમૂહનાં શિખરો સાથે સામ્ય ધરાવે છે. સૂર્યમંદિરમાં પશ્ચિમ ભદ્રે સૂર્યની મૂર્તિ છે; ઉત્તર અને દક્ષિણ ભદ્રમાં અર્ધપર્યંકાસને બેઠેલી દેવી-પ્રતિમાઓ છે, જે સંભવતઃ સૂર્યપત્નીઓ, છાયા અને સંજ્ઞા કે રાજ્ઞી અને નિક્ષુભા હોવાની સંભાવના છે. ભદ્ર ગવાક્ષના ઉદ્‌ગમ (દોઢિયા) ચંદ્રશાલાનાં અલંકરણ અને અર્ધરત્નનાં સુશોભનોથી અંકિત છે.

આ ત્રણે મંદિરોની આગળ આવેલ મુખ-ચતુષ્કીને સાદાં રાજસેનક, વેદિકા અને મત્તવારણ છે. તેઓની ઉપરનો ભાગ ફાંસના-રચનાવાળો છે. એના ત્રણે બાજુના મહોરામાં શૂરસેનક અને ચંદ્રશાલાની રચનાઓ છે. [૨૪૦]

અહીંના શિવમંદિરની ચતુષ્કીના ચોરસ સ્તંભ અત્યંત અલંકૃત છે. સાદી કુંભી પરથી શરૂ થતો સ્તંભદંડ નીચેના ભાગે સાદો છે, પરંતુ મધ્યની ઉપરના ભાગમાં ચારે તરફ ફૂલવેલથી અંકિત વિકસિત કમલનાં આલેખન છે. એની ઉપરનો વૃત્તાકાર ભાગ અલંકૃત કંઠથી છૂટો પાડેલો છે. એના પર સ્તંભનો અષ્ટ-કોણ ભાગ તમાલપત્રોથી વિભૂષિત છે. શિરાવટીનાં તરંગ અને વલયો પણ આકર્ષક કોતરકામ ધરાવે છે. [૨૪૧]

આ જ મંદિરની દ્વારશાખા ભરચક કોતરકામવાળી છે. એમાં ઘટપલ્લવયુક્ત ભદ્રશાખા(રૂપસ્તંભ)નું કંડાર-કામ પ્રશંસનીય છે. રત્નશાખા અને પત્રશાખા પણ સુંદર રીતે કોતરેલ છે. ઉત્તરાંગમાં નવગ્રહનાં શિલ્પ છે.[૨૪૨]

વિષ્ણુમંદિર ચૂના પ્લાસ્ટર વડે ખૂબ રગદોળેલું હોવાથી એની શિલ્પ-સમૃદ્ધિ એમાં દબાઈ ગયેલી જણાય છે.

સૂર્યમંદિરની સાથેનો રંગમંડપ પાછલા સમયનો છે. એની દીવાલોને ફરતા કૂટછાદ્યમાં આંતરે આંતરે ચંદ્રશાલાનાં રૂપાંકનો અને છાવણના ભાગમાં દ્વિતલ ફાંસના-રચના અને એના પરની ઘંટા નોંધપાત્ર છે.[૨૪૩] આ મંડપનું સન ૧૮૦૬ માં સમારકામ થયું હોવાનો લેખ મંડપમાં છે.

શુદ્ધ રેખાન્વિત શૈલીનાં શિખર સાવ સાદાં હોય છે; દા. ત. વિસાવાડાનું રાંદલ માતાનું સાંધાર મંદિર આ પ્રકારની રચનાવાળું શિખર ધરાવે છે. ગર્ભગૃહનું તલદર્શન પંચરથ પ્રકારનું છે. મંડપના બે છૂટા સ્તંભ રુચક (ચોરસ) છે અને મંડપની આગલી દીવાલમાં સંકીર્ણ એટલે કે નીચેથી ચોરસ, મધ્યમાં અષ્ટકોણ અને ઉપરના છેડે વૃત્તાકાર ઘાટના વામન સ્તંભ આવેલા છે. પ્રદક્ષિણાપથમાં દરેક દિશાએ એક એક વાતાયન છે.[૨૪૪]

ઓડદરનું મંદિર નં. ૬ ગર્ભગૃહ અને મુખમંડપનું બનેલું છે. એના મુખમંડપમાં ભદ્રક ઘાટના સ્તંભ છે. એની સમતલ છતમાં નાગદમનનું શિલ્પ છે. એના પંચરથ ગર્ભગૃહની ઉપરનું શિખર પણ આ જ પ્રકારનું છે.[૨૪૫]

ધ્રાસણવેલનું કાલિકા માતાનું મંદિર સાંધાર મંદિર છે. એની દીવાલો સાદી છે. પ્રદક્ષિણાપથ પરનું છાવણ દ્વિતલ ફાંસના ઘાટનું છે. મંડપની છત સમતલ છે. મંડપના મુખભાગમાં બે ચોરસ સ્તંભ તથા મધ્યમાં ચાર ભદ્રક સ્તંભો છે. મંડપની ઉત્તર-દક્ષિણ દીવાલમાં એક એક વાતાયનની રચના છે. ગર્ભગૃહ ઉપરનું શિખર સાદું છે.[૨૪૬]

પાછતરના શિવપંચાયતન મંદિર(પટ્ટ ૯, આ. ૬૨)માંનું મધ્ય મંદિર તથા પાછળનાં બે મંદિર પૂર્વાભિમુખ છે. મધ્ય મંદિરનું તલમાન પંચરથ પ્રકારનું છે. મધ્ય મંદિરની આગળ આવેલાં બે મંદિર સામસામાં ઉત્તરાભિમુખ-દક્ષિણાભિમુખ છે. દરેક મંદિરની આગળ આવેલ મુખમંડપના સ્તંભ ચોરસ (રુચક) પ્રકારના છે. મુખ્ય મંદિરના ગર્ભદ્વારની દ્વાર-શાખામાં દ્વારપાલનાં શિલ્પ અને ઉત્તરાંગમાં નવગ્રહનો શિલાપટ્ટ છે. શિખર સાદાં છે અને મુખમંડપ પરનાં છાવણ ત્રિ-છાદ્ય ફાંસનારચનાથી વિભૂષિત છે.[૨૪૭]

મિયાણીનાં પંચાયતન મંદિર તથા મંદિર નં. ૩ અને ૪ નાં શિખર પણ આ જ પ્રકારનાં સાદાં છે. મંદિર નં. ૪ ની દ્વારશાખામાં દ્વારપાલો તરીકે વરુણ અને કુબેરનાં શિલ્પ ખાસ નોંધપાત્ર છે.[૨૪૭અ]

વસઈ(તા. ઓખા મંડળ, જિ. જામનગર)નાં કનકસેન ચાવડાનાં મંદિરો નામે જાણીતાં થયેલ જૂનાં મંદિરોનાં શિખર પણ આ જ પ્રકારની રચના ધરાવે છે.[૨૪૮]

ધ્રુમઠ(તા. ધ્રાંગધ્રા, જિ. સુરેંદ્રનગર) ગામના ઝાંપામાં ઊભેલું એક પુરાણું શિવમંદિર પણ આ જ સમય તથા પરિપાટીનું જણાય છે.[૨૪૯]

દેદાદરા ( તા. વઢવાણ, જિ. સુરેંદ્રનગર ) ગામની દક્ષિણે ગંગવા કુંડના અંતરંગમાં આવેલું દેવાલય-ઝૂમખું પણ આ જ પરિપાટીનું છે.[૨૫૦] કુંડના ચાર ખૂણે ચાર મંદિર-એકાંડક તેમજ પંચાંડક પ્રકારનાં છે. અંબિકા તથા વિનાયકનાં એકાંડક પ્રકારનાં અને સૂર્ય તથા શિવનાં પંચાંડક પ્રકારનાં છે. આ બધાં મંદિરોની આગળ મુખમંડપની રચના છે. આ મંદિરો રોડાનાં મંદિરો કરતાં લગભગ એકાદ શતાબ્દી ઉત્તરકાલીન હોઈને એની કારીગરીમાં ઊણપ વરતાય છે.[૨૫૧] આ મંદિરોથી થોડે દૂર આવેલું મણિયારા મહાદેવનું મંદિર કદમાં મોટું છે, પણ એ આ જ શૈલીનું છે.[૨૫૨]

આ કાલનાં કેટલાંક મંદિર પંચાંડી પ્રકારનાં હોય છે. આમાં મધ્ય શિખરના ચાર ખૂણે ( કર્ણ કે કોણ ભાગે ) એક એક શૃંગ કે શૃંગિકાની રચના જોવામાં આવે છે[૨૫૩] આથી આ મંદિરો અગાઉ વર્ણવેલ એકાંડી મંદિરો કરતાં જુદાં પડે છે.

આ પંચાંડી પ્રકારનાં શિખરોમાં પણ બે ભેદ જોવામાં આવે છે : (૧) સમગ્ર શિખર પર કોતરેલી જાલક-ભાતવાળાં શિખર; દા. ત. ખિમરાણ( તા. ઓખામંડળ, જિ. જામનગર )ના પ્રાચીન મંદિરનું શિખર આ પ્રકારનું છે. આ મંદિરની જૂની શૃંગારચોકી નાશ પામી છે. પાછલા સમયના જીર્ણોદ્ધારમાં એમાં ઘણા ફેરફાર થયા છે. શિખર પરના જાલક-ભાતની રચના મગદેરાના શિખર પરની ભાત કરતાં વિકસિત સ્વરૂપની છે. ઉત્તર ગુજરાતના રોડાના મંદિરસમૂહનાં મંદિરો સાથે આ મંદિર રચના પરત્વે સામ્ય ધરાવે છે. ગર્ભગૃહનું દ્વાર ત્રિશાખ—પત્રશાખા, રૂપસ્તંભ અને ખલ્વશાખાનું બનેલું છે. રૂપસ્તંભમાં અનુક્રમે નૃત્યરત યુગલો, ઘટપલ્લવાકૃતિઓ, પદ્મ વગેરેનાં સુશોભન છે. વિશેષમાં રૂપસ્તંભમાંની શિરાવટીમાં એક બાજુએ સૂર્ય અને બીજી બાજુએ ચંદ્રનાં શિલ્પ છે. ગંગા અને યમુનાનાં શિલ્પ દ્વારપાલિકા તરીકે અંકિત થયેલાં છે. તેઓની બાજુ પર નૃત્ય કરતા શિવનાં આલેખન છે. દ્વારશાખાના ઉત્તરાંગમાં સાત મૂર્તિઓ કોતરેલી છે, તેઓમાં મધ્યમાં શિવ અને બંને છેડે વિષ્ણુ અને બ્રહ્માનાં શિલ્પ છે. અન્ય શિલ્પો ઘસાઈ ગયેલાં હોવાથી ઓળખી શકાતાં નથી. દ્વારશાખાના લલાટબિંબમાં ગણેશનું શિલ્પ છે. આ મંદિર નવમી સદીના પૂર્વાર્ધનું જણાય છે.[૨૫૪]

(૨) જાલક-ભાત વિનાનાં શિખર; દા. ત., સોનકંસારી મંદિર નં. ૩ (પટ્ટ ૨૫, આ. ૨૬) આ પ્રકારનું છે. મંદિરનો મંડપ નાશ પામ્યો છે. ગર્ભગૃહ તલમાનની દૃષ્ટિએ ત્રિરથ એટલે કે ભદ્ર-નિર્ગમવાળું છે. ભદ્રની દીવાલની મધ્યમાં દરેક બાજુએ એક એક ગવાક્ષની રચના છે. ભદ્રની બંને બાજુની કર્ણરેખા પણ

નિર્ગમથી વિભૂષિત કરેલી છે. વેદીબંધમાં રત્નપટ્ટ અને મંડોવરની દીવાલોમાં સલિલાંતર(વારિમાર્ગ)ની રચના સમગ્ર તલમાનને વિશિષ્ટ ઘાટ બક્ષે છે. ભદ્ર-ગવાક્ષના મથાળે સૂર્પાચ્છાદિત મત્તવારણ કે મત્તાલિંબની રચના છે. સૂર્પ ઉપર નાગદંતની પટ્ટિકા તથા ચંદ્રશાલાનાં અલંકરણોવાળી શૂરસેનકની અભિનવ રચના નોંધપાત્ર છે. શૂરસેનકની પાછળ વલભીનો થર છે. એના પરની રથિકા સાદી છે. દરેક કર્ણ (કોણ) પર એક એક શૃંગિકા છે. મધ્ય શિખર તથા શૃંગિકાઓ આમલકથી વિભૂષિત છે.[૨૫૫]

આ કાલનાં ઘણાં લંબચોરસ ગર્ભગૃહવાળાં મંદિરોનાં શિખરોની રચના જુદા જ પ્રકારની છે. કદવારના વરાહમંદિર પરનું શિખર તો નાશ પામ્યું છે, પરંતુ ખીમેશ્વર મંદિરસમૂહમાં એક લંબચોરસ ઘાટના ગર્ભગૃહવાળા મંદિર નં. ૬ (પટ્ટ ૨૬, આ-૮૮) પરનું શિખર જળવાઈ રહ્યું છે. એનો સમગ્ર ઘાટ અર્ધ-નલાકાર ઘાટનો છે, એને 'વલભી' કહે છે. મંદિર પૂર્વાભિમુખ છે. એનો મંડપ ચોરસ છે અને એમાં ચાર ચોરસ સ્તંભ છે. એનું છાવણ તદ્દન સપાટ છે. ગર્ભગૃહની દીવાલોના મથાળે વલભી અને કપોતના થર છે. એમાં પાછલી બાજુએ ભારે કદના શૂરસેનકની રચના છે. દીવાલના મથાળે કપોત પર કંઠ અને સૂર્પાકાર સ્કંધવેદી અને વલભી પ્રકારનું છાવણ છે. એના બંને છેડે મોટા કદની ચંદ્રશાલાની રચના છે. ગર્ભગૃહનું દ્વાર સાદું છે, પરંતુ એની બંને બાજુની દીવાલમાં નિર્ગમિત શૂરસેનકની રચના છે. મંદિરની મૂળ સપ્તમાતૃકાઓની મૂર્તિઓ હાલ અવશેષરૂપે મંદિર બહાર પડેલી છે. ગુજરાત ભરમાં આ ઘાટનું આ એક જ મંદિર ઉપલબ્ધ બન્યું છે.[૨૫૬]

સૌરાષ્ટ્રમાં આ સિવાય બીજાં ઘણાં જૂનાં મંદિર આવેલાં છે, પરંતુ તેઓનાં શિખર નાશ પામ્યાં હોવાથી એ બધાં મૈત્રકકાલની છાદ્ય શિખર શૈલીનાં હતાં કે અનુમૈત્રકકાલીન અવાંતર પ્રાવસ્થાની રેખાન્વિત શિખરશૈલીનાં એ નક્કી કરવું મુશ્કેલ છે. આવાં મંદિર તે સુત્રાપાડાનું નાગમંદિર, પ્રભાસનું સિદ્ધેશ્વર (કે સિદ્ધ-નાથ), નાવદ્રા(તા. કલ્યાણપુર, જિ. જામનગર)નું કાલિકામંદિર, સવની (તા. પોરબંદર, જિ. જૂનાગઢ)નું પ્રાચીન મંદિર, જૂનાગઢનું ભવનાથ, પાતાનું સપ્ત-માતૃકા મંદિર, પોરબંદરનું સપ્તમાતૃકા મંદિર, રાણાવાવનું રાયણેશ્વર મંદિર, કૂછડી-(તા. પોરબંદર, જિ. જૂનાગઢ)નું મહિષાસુરમર્દિની મંદિર, બોરીચાનું સૂર્યમંદિર, મિયાણીનું હરસિદ્ધ મંદિર, દ્વારકા પાસેનું વારાહી મંદિર[૨૫૭], થાનનું પ્રાચીન સૂર્યમંદિર[૨૫૮] વગેરે છે.

આ કાલનાં મંદિરોની આગળ કીર્તિતોરણ[૨૫૯] અને ચોતરફ પ્રાકાર(કોટ)-ની રચના જોવામાં આવતી નથી, પરંતુ કેટલાંક મંદિરો સાથે જલાશય(કુંડ વગેરે)ની યોજના જોવામાં આવે છે. કદવાર, ભાણસરા, પાતા, દેદાદરા વગેરે સ્થળોએ આવા કુંડ છે.

શિલ્પગ્રંથોમાં જણાવ્યા અનુસાર આ કાલનાં કેટલાંક મંદિર કુદરતના સાંનિધ્યમાં દરિયાકાંઠે, નદીઓનાં સંગમસ્થાનોમાં, ડુંગરોની કરાડમાં અથવા નગરો અને ગ્રામોમાં કે કુંડ અને સરોવર પર આવેલાં છે. પસનાવડા, સૂત્રાપાડા, કદવાર, પ્રભાસ, પાતા, બળેજ, રાતિયા, ગોસા, ઓડદર, છાયા, પોરબંદર, બોખીરા, કૂછડી, શ્રીનગર, વિસાવાડા, મિયાણી, ધ્રવેઠ વગેરે સ્થળોએ આવેલાં મંદિર દરિયાકાંઠે છે. પ્રભાસ અને મિયાણીનાં કેટલાંક મંદિર નદી અને સાગરસંગમના સ્થાન પર આવેલાં છે. કોયલા ડુંગરની ધાર પર અને બરડા ડુંગરની કરાડમાં પણ કેટલાંક મંદિર આવેલાં છે.

આ કાલનાં ઘણાંખરાં મંદિર પૂર્વાભિમુખ અને કેટલાંક પશ્ચિમાભિમુખ છે. મંદિરની દીવાલો અંદરથી સાદી અને બહારની બાજુએ ક્યારેક મથાળે એકાદ બે ભારે કદની સુશોભન પટ્ટિકાઓથી વિભૂષિત હોય છે. કેટલાક દાખલાઓમાં દીવાલની બહારની બાજુએ ભીંતાસ્તંભોની રચના કરી વિશિષ્ટ ઘાટ નિપજાવવામાં આવ્યો છે.

મંદિરના ગર્ભદ્વારની શાખાઓ મોટે ભાગે સાદી છે, પરંતુ ઉપરની શાખાના મધ્યના લલાટબિંબમાં કોઈક દેવતાનું શિલ્પ કોતરેલું હોય છે. કેટલીક વાર ઉત્તરાંગ પરનો આખોય પટ્ટ શિલ્પોથી વિભૂષિત હોય છે. કેટલાંક મંદિરોની દ્વારશાખામાં શિલ્પો તથા ઉદુંબરમાં અર્ધવૃત્તાકાર મંદારકની રચના જોવામાં આવે છે.

મંદિરના ગર્ભગૃહની માફક મંડપ ચોરસ કે લંબચોરસ ઘાટનો હોય છે, પણ એમાં ભદ્રાદિ નિર્ગમો હોતા નથી. એમાં મોટે ભાગે મધ્યમાં ચાર સ્તંભોની અને બાર ભીંતાસ્તંભોની રચના હોય છે. ક્વચિત્ શૃંગારચોકી ઘાટમાં લંબચોરસ પણ હોય છે. આવા સંજોગોમાં એને ત્રણ વિભાગ–ત્રિચોકીમાં વહેંચી નાખતા. એમાં ઘણી વાર મધ્યનો વિભાગ બંને બાજુના વિભાગ કરતાં કદમાં મોટો રાખવામાં આવતો. ત્રિ–ચોકીના આ વિભાગોમાં ચાર કે છ છૂટા સ્તંભો અને ચાર કે છ ભીંતા–સ્તંભોની રચના હોય છે. મંડપ અને શૃંગારચોકીના સ્તંભ બૃહત્સંહિતામાં[૨૬૦] વર્ણવ્યા પ્રમાણે રુચક (ચોરસ) ઘાટના હોય છે. તેઓનો સ્તંભ-

દંડ ભારે કદનો હોય છે. શિરાવટીઓમાં કુંડલિત કાનસના થરોમાં ચડતા ઊતરતા ક્રમના ઘાટ હોય છે. કેટલાક સ્તંભો નીચે સાદી કુંભીઓ જોવામાં આવે છે. મંડપ અને શૃંગારચોકીઓની વામન કદની વંડી જેવી દીવાલોમાં ઘણી વાર કક્ષાસન કાઢેલાં હોય છે. ગર્ભગૃહની ચોતરફનો પ્રદક્ષિણાપથ અંદર તેમજ બહારની બાજુએ સાદો હોય છે. મંદિરનો પીઠ-ભાગ આછા થરોથી ક્યારેક અલંકૃત હોય છે. બહુધા એ સાદો હોય છે. મંડોવરની જંઘામાં ગવાક્ષોની રચના અને મથાળે ભારે કદના વલભી કે કપોતના થર સિવાય મંડોવરની માંડણી સાદી હોય છે. મંદિરનાં શિખરોના મથાળે આમલક-કલશની રચના જોવામાં આવે છે.

સૂર્પાકાર છાદ્ય થરોથી વિભૂષિત શિખરોની રચના ધરાવતાં આ તમામ મંદિર સ્થાપત્યકીય સ્વરૂપ પરત્વે ક્રમિક વિકાસ દર્શાવે છે. શિખર-રચનાની વિવિધ અવસ્થાઓ, દરેક અવસ્થામાં પ્રતિબિંબિત થતા થરોની સંખ્યા અને ઊંચાઈનો પારસ્પરિક સંબંધ, મંદિરનાં પીઠ, મંડોવર અને શિખર વચ્ચેની સંતુલિત સપ્રમાણતા અને દેખાવનું રુચિપૂર્ણ આયોજન વગેરે આ મંદિરોનાં તત્ત્વ મંદિરસ્થાપત્યના વિકાસનાં સૂચક ચિહ્ન બની રહે છે. છાદ્ય શિખરશૈલી ક્રમશઃ રેખાન્વિત શિખરશૈલીમાં સંક્રમણ પામી એનાં તમામ વચગાળાનાં લક્ષણ ઘણું કરીને આ કાલના ઉત્તર ભાગમાં એટલે કે અનુ-મૈત્રક કાલનાં મંદિરોમાં નિહિત રહેલાં જણાય છે.[૨૬૧]

આ કાલનાં સ્થાપત્યકીય સ્મારકોમાં મંદિરો વગેરે ધાર્મિક સ્મારકો સિવાય અન્ય પ્રકારનાં સ્મારકોના અવશેષ ગુજરાતમાં જોવામાં આવ્યા નથી.

## પાદટીપો

૧. વિગત માટે જુઓ મૈ.ગુ., ભા. ૨, પરિશિષ્ટ ૮.

૨. એજન, પૃ. ૬૩૨

૩. Beal, *Buddhist Records of the Western World*, pp. 257-70; T. Watters, *On Yuan Chwang's Travels in India*, Vol. II, pp. 239-250; મૈ.ગુ., ભા. ૨, પૃ. ૩૯૫

૪. Beal, *Ibid.*, p. 261

૫. Beal, *Ibid.*, p. 268; આ વિહાર તળાજાના ડુંગર પર આવેલા વિહારોની અંદર હોવાનું અનુમાન છે (પુરાતત્ત્વ, પુ. ૧, પૃ. ૯૯ થી).

૬. Beal, *Ibid.*, p. 261; મૈ.ગુ., ભા. ૨, પૃ. ૩૯૬

૭. આ તેર વિહાર અનુક્રમે દુદ્દા, બુદ્ધદાસ, બપ્પપાદીય, કક્ક, ગોહક, વિમલગુપ્ત, આભ્યંતરિકા, ભટાર્ક, યક્ષશૂર, પૂર્ણભટ્ટા, અજિત, શીલાદિત્ય, અને સ્કંદભટના નામે ઓળખાતા (મૈ.ગુ., ભા. ૨, પૃ. ૩૯૬–૪૦૪).

૮. મૈ.ગુ., ભા. ૨, પૃ. ૩૯૬–૪૦૫

૯. મૈ.ગુ., ભા. ૨, પૃ. ૪૧૦

૧૦. મૈ.ગુ., ભા. ૨, પૃ. ૪૧૦. સાત માનુષી બુદ્ધો–વિપશ્યી, શિખી, વિશ્વભૂ, કકુચ્છંદ, કનકમુનિ, કાશ્યપ ને શાક્યસિંહ નામે ઓળખાય છે (B. Bhattacharya, *Buddhist Iconography*, p. 13).

૧૧–૧૨. મૈ.ગુ., ભા. ૨, પૃ. ૪૧૧ ૧૩. એજન, પૃ. ૩૭૩

૧૪–૧૫. હરિપ્રસાદ શાસ્ત્રી, "ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ," પૃ. ૧૫૭

૧૬. કાં. ફૂ. સોમપુરા, "ભારતીય સ્થાપત્ય અને શિલ્પ", પૃ. ૬૬–૬૭

૧૭. મૈ.ગુ., ભા. ૨, પૃ. ૪૯૩ ૧૮. એજન, પૃ. ૪૨૨

૧૯. એજન, પૃ. ૭૮; B. J. Sandesara, 'Two Digambar Jain works composed in Wadhwan', *Journal of the Saurashtra Research Society, Vol. I, No. 2*

૨૦. *Epigraphia Indica,* Vol XXI, pp. 136, 144; ગુઐલે, ભાગ ૩, લેખ નં. ૧૨૫ બ

૨૧. प्रबन्धचिन्तामणि, पृ. २३. પંચાસરનું હાલનું પાર્શ્વનાથનું મંદિર નવીન છે.

૨૨. हरिभद्रसूरि, 'मल्लिनाथचरितम्', पुष्पिका, શ્લો. ९; "જૈનતીર્થસર્વસંગ્રહ," ગ્રંથ ૧, પૃ. ૫૭

૨૩. અહીં 'વિજયદેવી'ને બદલે 'વિજયદેવ' અને 'અહીં'ને બદલે 'મોઢેરામાં' વાંચો.

૨૪. प्रभावकचरित, ९, શ્લો. ८५७–८५९

૨૫. પ્રાચીન વલભીનાં ખંડેરોમાંથી મળેલાં કેટલાંક શિવલિંગોની હાલ ત્યાં નવાં બંધાવેલાં દેવાલયોમાં પુનઃપ્રતિષ્ઠા કરવામાં આવી છે. એમાં હાલ સિદ્ધેશ્વર નામે ઓળખાતા મહાદેવના લિંગનો ઉપલો ભાગ (રુદ્ર ભાગ) ૬$\frac{1}{4}$ ફૂટ (૧.૯ મી) જેટલો ઊંચો છે ને એનો ઘેરાવો ૮'-૭' (૨.૬ મી.) જેટલો છે. એની સાથે મળેલી નંદીની પ્રતિમા પણ લગભગ ૮'×૪' (૨.૪×૧.૨ મી.)ના કદની છે. આ ઉપરાંત રત્નેશ્વર, બુદ્ધેશ્વર, પ્રગટનાથ ને ભીડભંજન મહાદેવ નામે ઓળખાતાં લિંગ પણ જૂનાં ખંડેરોનાં હોઈ મૈત્રકકાલીન છે (મૈ.ગુ., ભા. ૨, પૃ. ૩૬૮).

૨૬. એજન, ભા. ૨. પૃ. ૬૩૫ ૨૭. એજન, ભા. ૨. પૃ. ૩૬૩

૨૮. એજન, ભા. ૨, લેખ નં. ૫૦ ૨૯. એજન, પૃ. ૩૭૦

૩૦. *CII*, Vol. IV, No. 23; ગુ.ઐ.લે., ભા. ૨, લે. ૧૧૮

૩૧. મૈ.ગુ., ભા. ૨, લેખ નં. ૫૩

૩૨. એજન, પૃ. ૩૭૩. વૃત્તિકાર અભયદેવસૂરિ એનો અર્થ મહિષાસુરના 'કુટ્ટનની ક્રિયા' કરનાર મહિષાસુરમર્દિની હોવાનું જણાવે છે. આ પરથી આ દેવીની પ્રતિમા દુર્ગાના એ રૌદ્ર સ્વરૂપની હોવી જોઈએ એમ ફલિત થાય છે.

૩૩. મૈ.ગુ., ભા. ૨, લેખ નં. ૪૭ તથા પૃ. ૩૭૩

૩૪. એજન, લેખ નં. ૫૧, તથા પૃ. ૩૦૪

૩૫. એજન, લેખ નં. ૭૧ તથા પૃ. ૩૭૪

૩૬. મૈ.ગુ., ભા. ૨, લેખ નં. ૪૪ તથા પૃ. ૩૮૦

૩૭. એજન, લેખ નં. ૪૧ તથા પૃ. ૩૮૦

૩૮. ગુએલે, ભા. ૨, લેખ ૧૨૬ ૩૮અ. એજન, ભાગ ૩, લેખ ૨૩૪-૨૩૫

૩૯. *EI*, Vol. XXVI, p. 216; મૈ. ગુ., ભા. ૨, પૃ. ૩૭૪, પાદટીપ ૧૧૮

૪૦. *Ibid.*, p. 225 ४१. प्र. चि., पृ. ११

४२-४३. एजन, पृ. १४-१५

४४. बृहत्संहिता, अ. ५५, श्लो. ३४, ११-२४

૪૫. કાં. ફૂ. સોમપુરા, "ભારતીય શિલ્પ અને સ્થાપત્ય", પૃ. ૧૧૦

૪૬. J. M. Nanavati and M. A. Dhaky, *The Maitraka and The Saindhava Temples of Gujarat*, Ch. IV, pp. 21-24

આ ગ્રંથમાં 'તલછંદ' અંગેની જે વિગતો અપાઈ છે તે અહીં વધુ વિશદ રીતે રજૂ કરવામાં આવી છે.

૪૭. K. F. Sompura, *The Structural Temples of Gujarat*, Fig. 25

૪૮. *MSTG*, Fig. 11, a; *STG*, Figs, 34, 35

૪૯. U. P. Shah, *Sculptures from Samalaji and Roda*, p. 130, Fig. 80

૫૦. *MSTG*, Figs. 13c, 13d, 29b

૫૧. *Ibid.*, Figs. 13a, 13b, 29a

૫૨. H. Cousens, *Somnatha and Other Medieval Temples in Kathiawad*, p. 48, pls. XLVII-XLVIII

૫૩. *STG*, Fig. 26 ૫૪-૫૫. *SSR*, Figs. 82, 83, 88-90

૫૬-૫૭. હરિલાલ ગૌદાની અને મધુસૂદન ઢાંકી, 'કેટલાંક નવાં શોધાયેલાં મહાગુર્જર શૈલીનાં મંદિરો', "કુમાર," અંક ૫૨૮, ચિત્ર ૧૨, ૧૩-૧૬, ૬

૫૮-૬૦. J. Burgess & H. Cousens, *Architectural Antiquities of Northern Gujarat*, pls. XLI, XLII, XCV

૫૯. *Annual Report, Department of Archaeology* (Gujarat State), 1970-71, plate facing p. 3

૬૧. *MSTG*, Figs. 12c, 29c, 17a, 17b, 17c, 18b, 19a, 20

૬૨. *Ibid.*, Figs. 12b, 19b

૬૩. *Ibid.*, Figs. 11b, 12a, 17d, 189 ૬૪. *MSTG*, Fig. 11c

૬૫. *SSR*, Fig. 91 ૬૬. *MSTG*, Fig. 35

૬૭. *STG*, p. 85; *Archaeology in Baroda*, plt. XXII

૬૮. *MSTG*, Fig. 16

૬૯. *Ibid.*, p. 56, Fig. 25　　　　૭૦. *Ibid.*, p. 63, Fig. 21
૭૧. *Ibid.*, p. 50, Fig, 14/c　　　　૭૨. *Ibid.*, p, 53, Fig. 15
૭૩. *Ibid.*, pp. 60–61, Fig. 23/b　　　　૭૪. *Ibid.*, p. 47, Fig. 24/a
૭૫. *Ibid.*, p. 51, Fig. 24/b　　　　૭૬. *Ibid.*, p. 60, Fig. 23/a
૭૬/અ. *Ibid.*, p. 63, Fig. 30　　　　૭૬/આ *Ibid.*, p. 43, Fig. 28
૭૭. *Ibid.*, Fig. 22　　　　૭૮. *Ibid.*, Figs. 26a, 26b, 27a, 27b, 34

આ કાલનાં અન્ય મંદિર (ફુછડીનું દુર્ગા-મંદિર, સૂત્રાપાડાનું નવદુર્ગા-મંદિર) ગર્ભગૃહ અને ગૂઢમંડપનાં બનેલાં દ્વિખંડી મંદિરો છે. પ્રભાસનું સિદ્ધનાથમંદિર ત્રિખંડી છે. પાછતરનું સૂર્યમંદિર ચતુષ્ખંડી જણાય છે, પરંતુ તેઓમાંનાં કેટલાંકનાં અંગ નાશ પામ્યાં હોવાથી તથા કેટલાંકના તળના નકશા અનુપલબ્ધ હોવાને કારણે ઉપરના વર્ગીકરણમાં તેઓને મૂક્યાં નથી,

૭૯. *Ibid.*, Fig. 31a　　　　૮૦. *Ibid.*, Fig. 31b
૮૦અ. *Ibid.*, p. 64　　　　૮૧. *Ibid.*, Fig, 32; *STG*, Fig. 242
૮૨. *MSTG*, p. 24; also Figs. 2, 4, 6
૮૩. *Ibid.*, pl. 7, Fig. 3, pl. 32　　　　૮૪. *Ibid.*, Figs. 4 f, 5a
૮૫. *Ibid.*, p. 25, fn. 51-53; pls. 10, 19, 26, 11, 14, 32, 21, 34
૮૬. *Ibid.*, p. 25, fn. 54, pls. 66–68, 49, 71, 65

કીંદરખેડાના મંદિરમાં વાતાયનની જાળીઓ આરપાર નથી, પણ એ જાળીઓનો ભાસ કરાવતા ભાસ્કર્યથી વિભૂષિત છે.

૮૭. *Ibid.*, p. 26, f. n. 64　　　　૮૮. *Ibid.*, p. 25, f. n. 50
૮૯. *Ibid.*, p. 25, fn. 55–58, pls. 69, 70, 42; Figs. 8a, b; Cousens, *SMTK*, pl. XXXIX
૯૦. *MSTG*, p. 26, f.n. 59-60
૯૧. *Ibid.*, p. 26, f.n. 61–63, 66–97

૯૨. ચૈત્યબારીનાં અલંકરણોને નાણાવટી તથા ઢાંકીએ 'ચંદ્રશાલા'નામે ઓળખાવ્યું છે (*Ibid.*, p. 26). સોમપુરા એ અલંકરણને 'હંસપૃષ્ઠી' નામથી ઓળખાવે છે ("The Caiyta-arch Motif in the Temples of Gujarat", *Summary of Papers, All India Oriental Conference*, 24th Session, Banaras, 1968).

૯૩. *Ibid.*, p. 26

૯૪. मत्स्य पुराण २४९, ३, ४५; अग्नि पु. ४२, ५, २२; बृहत्संहिता ५५, २२, २७; मानसार १८, ४३, ६४ વગેરે.

૯૫. દેવાલયો(પ્રાસાદો)ના આઠ પ્રકાર નાગર, દ્રાવિડ, વરાટ, ભૂમિજ, લતિન, સાંધાર, વિમાન અને મિશ્રક મનાય છે. એ વાસ્તવમાં શિખરશૈલીને અનુલક્ષીને નહિ, પણ તલછંદના આયોજનના આધારે બહુધા પ્રયોજાયા છે. અપરાજિત-પૃચ્છામાં આ આઠ પ્રકારો ઉપરાંત બીજા છ પ્રકાર વિમાનનાગર, વિમાનપુષ્પક, વલભી, સિંહાવલોકન, દારુજ અને

નપુંસક (ફાંસાકાર) મળી ચૌદ પ્રકારો(જાતિ)ના પ્રાસાદોનાં વર્ણન નિરૂપાયાં છે તે પણ આ જ પરિપાટી અનુસાર તલછંદના આધારે પ્રયોજાયેલાં છે (સૂ. ૧૦૫).

९६. सम., सू., अ. ४९  ९७. एजन, अ. ५५–५७, ५९, ६०, ६३

९८. एजन, अ. ६२

૯૯. અપરાજિતપૃચ્છાકારે શિખરની રેખાના નિર્ણય અંગે ઘણા અધ્યાય (સૂત્રો) આપ્યા છે; દા. ત. અ. ૧૦૫, ૧૦૬, ૧૩૮–૧૪૩. છાદ્ય શિખર-શૈલીને સ્થાને રેખાન્વિત શિખર-શૈલીનો વિકાસ થયાનું આ અધ્યાયો પરથી માલૂમ પડે છે.

૧૦૦. નાણાવટી તથા ઢાંકીએ આ વર્ગીકરણ માટે ચાર ભેદ સૂચવ્યા છે : (૧) ફાંસાકાર, (૨) વિમાનાકાર, (૩) શિખરાન્વિત, (૪) વલભીછંદજ (*MSTG*, Ch. V & VI, pp. 27 ff.). આમાંના પ્રથમ બે ભેદ સ્પષ્ટતઃ છાદ્યશિખર-શૈલીનાં બે જુદાં જુદાં સ્વરૂપ હોય એમ પ્રાપ્ત નમૂનાઓ પરથી નિશ્ચિત થાય છે, છતાં રચનાશૈલીની દૃષ્ટિએ આ વર્ગીકરણ નિર્વાહ્ય બની શકે એમ છે.

૧૦૧ सम. सू., अ. ४९; *STG*, p. 401; સોમપુરા, "ભારતીય સ્થાપત્ય અને શિલ્પ," પૃ. ૧૧૦

૧૦૨. નાણાવટી તથા ઢાંકીએ આ ત્રણ ઘાટોને અનુક્રમે ક્ષોણી, કપોત અને કપોતપાલિકા તરીકે ઓળખાવ્યા છે (*MSTG*, Fig. 9a, b, c).

અપરાજિતપૃચ્છાકારે ચૌદ જાતિ(પ્રકાર)ના પ્રાસાદ વર્ણવ્યા છે તેઓમાંના અંતિમ પ્રકારમાં નપુંસક પ્રાસાદની ઉપર ફાંસનાની રચના કરવાનું કહ્યું છે: (अ. पृ., सू. १०६, श्लो. ३८ तथा सू. १०८). આ અગાઉ સૂત્રધાર મલ્લકૃત प्रमाणमंजरी (૧૧મી સદી)માં ઢાળવાળા છાદ્યને ફાંસાકાર તરીકે ઓળખાવેલ છે (छाद्यलक्षणम्, श्लो. ११९–१२५).

કપોત માટે 'ગોળો' અને કપોતપાલિકા માટે 'ગોળો-ગલતો' શબ્દપ્રયોગ ગુજરાતના શિલ્પીઓમાં ઘણો જાણીતો છે.

૧૦૩. *MSTG*, pls. 7, 8

૧૦૪. *Ibid.*, pp. 28, 43, pl. 52

૧૦૫. નાણાવટી અને ઢાંકીએ આ ઉપપ્રકારને Pseudo-Dravidian તરીકે ઓળખાવેલ છે, જ્યારે પ્રથમના ઉપપ્રકારને તેઓએ Gandharic તરીકે ઓળખાવ્યો છે (*Ibid.*, pp. 27–29 તથા 33–43).

૧૦૬. *Ibid.*, pp. 29, 44, pl. 9

૧૦૭ *Ibid.*, pp. 29, 44–45, pls. 10, 11

૧૦૮. નાણાવટી તથા ઢાંકીએ આ ઉપપ્રકાર માટે 'સૂર્યોદ્ભવ' શબ્દપ્રયોગ કર્યો છે (*Ibid.*, pp. 27, 29, 46–51).

૧૦૯. *Ibid.*, pp. 29, 46-50, pls. 14-19

૧૧૦. *Ibid.*, pp. 29, 50-51, pls. 20-24

૧૧૧. *Ibid.*, p. 29; દક્ષિણનાં ચાલુક્ય અને પલ્લવ મંદિરોમાં શિખરોની રચના સાથે આ વિમાનનાકાર રચના સામ્ય ધરાવતી હોવાનું નાણાવટી તથા ઢાંકીએ પ્રતિપાદિત

કર્યું છે તથા આ રચનાના એ ભેદને Pseudo-Dravidic અને Neo-Dravidic નામે ઓળખાવ્યા છે (*Ibid.*, p. 30).

૧૧૨. નાણાવટી તથા ઢાંકીએ આ પ્રકારની છાદ્ય-શિખરશૈલીને 'વિમાનાકાર' તરીકે ઓળખાવી છે (*MSTG*, p. 29), પરંતુ આગળ જણાવ્યું તેમ આ શિખરશૈલી છાદ્ય પ્રકારની છે. એમાં ફેર માત્ર એટલો જ છે કે એક છાદ્યને બીજા છાદ્યથી છૂટું પાડનાર અંગ 'ઉચ્છેદ'(નામની સાંકડી પટ્ટી)નો પ્રયોગ થયેલો છે, જે આ કાલનાં મોટા કદનાં દેવાલયોનાં શિખરોમાં જોવામાં આવે છે.

૧૧૩. *Ibid.*, pp. 29-30, 52-59, pls. 26-28, 31-35; *STG*, Fig. 25. નાણાવટી તથા ઢાંકીએ કળસારના મંદિરને ત્રિતલ હોવાનું તથા ભાણસરા મંદિર નં. ૪ ને ચતુસ્તલ હોવાનું જણાવ્યું છે, પરંતુ એ બંને અનુક્રમે ચતુસ્તલ તથા પંચતલ હોવાનું ચંદ્રશાલાનાં અલંકરણોનો ક્રમ જોતાં સમજાય છે. બંનેમાં ચૂલિકા નીચેનું તલ નાશ પામ્યું હોય એમ જણાય છે. દેગામના ચામુંડા મંદિરનાં પંચતલ પૈકીનાં ઉપરનાં બે તલ પાછળથી ઉમેરાયેલાં લાગે છે.

૧૧૪. પ્રાક્-ચૌલુક્ય શૈલીનાં શિખરોની સંક્રાંતિ ચૌલુક્યશૈલીનાં શિખરોમાં પરિણમી એ અવસ્થાનાં શિખરોને અવાંતર અવસ્થા (intermediate phase)નાં શિખરો તરીકે આ પ્રકરણના દ્વિતીય લેખકે પ્રતિપાદિત કર્યું છે : જુઓ *STG*, pp. 401 ff. નાણાવટી તથા ઢાંકીએ શિખરાન્વિત શૈલીના વિકાસક્રમને Proto-Nāgara, Eo-Nāgara અને Early Nāgara તરીકે ઓળખાવ્યો છે (*MSTG*, pp. 30-31).

૧૧૫. *Ibid.*, pp. 30-31, 59-67, pls. 37-51

૧૧૬. *Ibid.*, pp. 29, 67; Fig. 19b, pl. 55. દક્ષિણના પલ્લવોના રાજ્યકાલ દરમ્યાન બંધાયેલ મહાબલિપુરમનાં શૈલાત્મક મંદિરોનાં શિખરોમાં આવી રચના જોવામાં આવે છે. अपराजितपृच्छामां ચૌદ જાતિના પ્રાસાદો પૈકી આ પ્રકારના પ્રાસાદની શિખરની રચના 'ગજપૃષ્ઠાકૃતિ' કરવાનું જણાવ્યું છે, (अ. पृ., सू. १०६, श्लो. ३७).

૧૧૭. આ મંદિરના તલદર્શનનો પ્રથમ નકશો બર્જેસે આપ્યો હતો (*AKK*, pl. LII). સને ૧૯૬૧ માં આ પ્રકરણના દ્વિતીય લેખકે પોતાના આ વિષયના અભ્યાસના અનુસંધાનમાં ગોપની મુલાકાત લીધી ત્યારે ભારત સરકારના પુરાતત્ત્વ ખાતા તરફથી મંદિરની પીઠિકા અને જગતીનું વ્યવસ્થિત ખોદકામ ચાલી રહ્યું હતું. પુરાતત્ત્વ ખાતાએ ખુલ્લા કરેલા અવશેષોના આધારે એમણે મંદિરના તલમાનનું કાલ્પનિક પ્રમાણચિત્ર તૈયાર કર્યું હતું. એમણે એમના ગ્રંથ *The Structural Temples of Guajrat*માં બર્જેસનો તથા પોતાનો તલમાનનો નકશો આપ્યો છે. જુઓ *STG*, Figs. 215-216. નાણાવટી તથા ઢાંકીએ મંદિરના તલમાનનો વધુ ચોક્કસ ખ્યાલ આપતો નકશો (*MSTG*, Fig. 16) આપ્યો છે તથા જગતી તથા પીઠના દેખાવનો ખ્યાલ આપતું રેખાચિત્ર (*Ibid.*, Fig. 3) આપ્યું છે.

૧૧૮. *Ibid.*, p. 33, fig. 16	૧૧૯. *Ibid.*, p. 35

૧૨૦. સ્થાનિક લોકો આ બંને પ્રતિમા રામ અને લક્ષ્મણની હોવાનું માનતા હતા, પરંતુ એ વિષ્ણુ અને સ્કંદની હોવાનું પ્રતિપાદિત થયું છે (J. M. Nanavati, "The

Temple at Gop", *Journal of Saurashtra Research Society*, I, No. 2; *MSTG*, p. 36).

૧૨૧. *SMTK*, p. 6

૧૨૨. મંદિરના ગર્ભદ્વારની ઉપરની શાખાના મધ્યમાં 'લલાટબિંબ' નામે ઓળખાતા નાના ગોખમાં મૂકેલી મૂર્તિ પરથી મંદિરના મુખ્ય દેવનો સંકેત મળે છે, પરંતુ અહીં એ શિલ્પ નાશ પામ્યું છે.

૧૨૩. Sankalia, *Archaeology of Gujarat*, p. 56; *MSTG*. p. 35

૧૨૪. *Ibid*., pp. 35, 40 ૧૨૫. *Ibid*., pp. 33-34

૧૨૬. થરો તથા શિલ્પોની વિગતો માટે જુઓ *Ibid*., p. 34.

૧૨૭. આ નિર્ગમો તલમાન પ્રમાણે અનુક્રમે 'પ્રતિરથ', 'નંદી', 'ભદ્ર', 'મુખભદ્ર', 'ભદ્ર', 'નંદી' અને 'પ્રતિરથ' હોઈ શકે. મૂળ રેખાથી મધ્યમાં સૌથી વિશેષ નિર્ગમ પામતું અંગ 'ભદ્ર' કહેવાય. આ ભદ્રની મધ્યમાં વળી નાનું નિર્ગમ આપી મુખભદ્રની રચના કરવામાં આવતી. મૂળ રેખાની બંને બાજુનું નિર્ગમ 'પ્રતિરથ' નામે અને પ્રતિરથ તથા ભદ્રની વચ્ચેનું બંને બાજુનું નિર્ગમ 'નંદી' નામે ઓળખાય છે.

૧૨૮. આ થરોની સૂચિ માટે જુઓ *MSTG*, p. 35.

૧૨૯. આમાંનાં કેટલાંક શિલ્પ શૈવ સંપ્રદાયને લગતાં તથા રામ અને સૂર્યનાં છે (*Ibid*., p. 35).

૧૩૦. આ અક્ષરોનું લખાણ બરાબર વંચાતું નથી, કારણ કે એના અક્ષર તત્કાલીન પ્રાદેશિક લિપિનાં સ્થાનિક રૂપાંતર છે. લિપિનો મરોડ છઠ્ઠી સદીનો હોય એમ જણાય છે (*MSTG*, p. 39. f.n. 97).

૧૩૧. *Ibid*., p. 30 ૧૩૨. *Ibid*., p. 35

૧૩૩. Burgess, *AKK*, p. 187

૧૩૪. Cousens, *SMTK*, pp. 6 f.; *The Architectural Antiquities of Western India* (1926), p. 13

૧૩૫. *History of Indian & Indonesian Art*, p. 82

૧૩૬. *Indian Architecture (Buddhist & Hindu Periods)*, p. 157

૧૩૭. *AG*, pp. 57 ff.

૧૩૮. "Architecture", *Struggle for Empire*, pp. 584 f.

૧૩૯. "Architectural Affinities of Early Saurashtra Temples", *IHQ*, Vol. XXXVII, No. 1, pp. 1 ff.

૧૪૦. R. C. Majumdar (Ed.), *Struggle for Empire*, p. 696, f.n. 77; *STG*, p. 289, f.n. 5

૧૪૧. *MSTG*, pp. 38-39 ૧૪૨. *Ibid*., p. 39-40

૧૪૩. *SMTK*, pl. XXXII; *MSTG*, Fig. 22; pl. 71

૧૪૪. *SMTK*, pl. XXXIV. આ બંને શિલ્પ હવે નાશ પામ્યાં છે.

૧૪૫. *Ibid*., pl. XXXIV ૧૪૬. *Ibid*., pl. XXXV

૧૪૭. *Ibid.*, pp. 38-39 ૧૪૮-૧૪૯. *MSTG*, p. 42

૧૫૦. *SMTK*, pl. XXXV. આ શિલ્પખંડોને આધારે શ્રી. નાણાવટી તથા ઢાંકીએ એ પરિકરનું પુનર્નિર્મિત રેખાંકન આલેખિત કર્યું છે(*MSTG*, Fig. 36).

૧૫૧. *MSTG*, p. 42; અહીંથી પ્રાપ્ત થયેલા અન્ય શિલ્પખંડો–લક્ષ્મી-નારાયણની ઊભી યુગલ મૂર્તિ, લલિતાસનમાં બેઠેલાં ઉમા–મહેશ્વરની મૂર્તિ, યોગાસનમાં બેઠેલા વૈકુંઠની મૂર્તિ તથા વિષ્ણુ વગેરેની મૂર્તિઓ પણ નોંધપાત્ર છે (*SMTK*, pl. XXXV).

૧૫૨-૧૫૩. *MSTG*, p. 42

૧૫૪. Cousens, *op. cit.*, p. 39; Sankalia, *op. cit.*, p. 64

૧૫૫. *MSTG*, p. 43

૧૫૬. મૂળમાં આ મંદિર શિવમંદિર હોવાનું જણાય છે (*MSTG*, p. 43).

૧૫૭-૧૫૮. *MSTG*, p. 43; pl. 52; fig. 28; *STG*, pp. 499-501, Figs. 18-19; Nanvati & Dhaky, "The Ceilings in the Temples of Gujarat", *Bulletin of Museum & Picture Gallery, Baroda*, Fig. 3 a

૧૫૯-૧૬૦. *MSTG*, p. 44

૧૬૧. *Ibid.*, p. 44, pl. 9, Fig. 13

૧૬૨. Cousens, *op. cit.*, p. 49, pls. XDIII, XLIV; *STG*, p. 81, Fig. 5; *MSTG*, pp. 44-45, pl. 10, Fig. 4d

૧૬૩. આ શૃંગારચોકી પછીના સમયમાં ઉમેરાઈ હોય અથવા એનો સંપૂર્ણ જીર્ણોદ્ધાર થયો હોય એમ જણાય છે (*Ibid.*, p. 45).

૧૬૪. *STG*, pp. 83, 502, Fig. 26; *MSTG*, p. 45

૧૬૫. *MSTG*, p. 45, pl. 11 ૧૬૬. *Ibid.*, p. 68

૧૬૭. *Ibid.*, p. 70

૧૬૮. *STG*, p. 493; Fig. 31; *MSTG*, p. 48, Fig. 13,a; pl. 15

૧૬૯. *MSTG*. p. 48 ૧૭૦. *Ibid.*, p. 46, pl. 12

૧૭૧. *SMTK*, pp. 42 f; *STG*, p. 92; *MSTG*, pp. 46-47; Figs. 27a; pls. 13, 65

૧૭૨. *MSTG*, p. 49; Fig. 11c, pl. 17

૧૭૩-૧૭૪. *AKK.*, pp. 183ff; *MSTG*, p. 47; Fig. 12a; pls. 14 & 56

૧૭૫. *MSTG*, p. 48; *STG*, 498 ૧૭૬. *Ibid.*, p. 47

૧૭૭. *STG*, p. 501, Fig. 7; *MSTG*, p. 48

૧૭૮. *STG*, p. 494; *MSTG*, pp. 49-50

૧૭૯. *MSTG*, Figs. 4, 9

૧૮૦. મંદિરનું મૂળ શિખર ચતુસ્તલ હશે. સૌથી ઉપરનું તલ(છાથ) નાશ પામ્યું છે. આ મંદિર સૂર્યમંદિર તરીકે ઓળખાતું હોવાનું માલૂમ પડ્યું છે (*STG*, p. 489,

Fig. 6).. નાણાવટી તથા ઢાંકીએ એ મંદિર શિવમંદિર હોવાનું પ્રતિપાદિત કર્યું છે (*MSTG*, p. 50).

૧૮૧. *STG*, p. 490, Fig. 35; *MSTG*, p. 49, pl. 18

૧૮૧અ. H. R. Gaudani and M. A. Dhaky, 'Some newly discovered and less known Maru-Gurjara Temples in Western Gujarat', *JOI*, Vol. XVII, No. 2, p. 156

૧૮૧આ. Government of Gujarat, *Annual Report of the Department of Archaeology for the year 1970-71*, p. 3; Fig. facing p. 3

૧૮૨. *MSTG*, p. 49, pl. 19, fig. 17

૧૮૩. *Ibid.*, p. 50, pl. 20, fig. 276

૧૮૪. *STG*, pp. 498-99; fig. 17; *MSTG*, pp. 50-51, Fig. 17c; pl. 21

૧૮૫. *STG*, pp. 502-503, Fig. 20; *MSTG*, p. 51; pl. 23

૧૮૬. *STG*, pp. 505-506, Fig. 8; *MSTG*, p. 51, pl. 21, fig. 24,b

૧૮૭. *AKK.*, pp. 183 ff.; *MSTG*, p, 51, pl. 24

૧૮૮. *STG*,, p. 490, Fig. 34; *MSTG*, p, 52, pl. 25

૧૮૯. *MSTG*, p. 52, pl. 26, Figs. 14a, 10, 10k

૧૯૦. ઈ. સ. ૧૯૧૨માં આ મંદિર ગિ. વ. આચાર્યે શોધ્યું (*AR.WMR*, 1912-13), પરંતુ ૧૯૪૯માં એના પર વિસ્તૃત નોંધ રવિશંકર રાવળે પ્રસિદ્ધ કરી (*JGRS*, Vol. XI, pp. 81 ff.). *STG*, p. 93, fig. 12; *MSTG*, p. 53, pl. 27, fig. 126

૧૯૧. *STG*, p. 494, Fig. 32; *MSTG*, p. 54, Fig. 12c, pl. 57

૧૯૨. *STG*, p. 492, Fig. 25; *The Struggle for Empire*, pl. XII, Fig. 45; *MSTG*, p. 55

૧૯૩. *STG*, pp. 492-493, Fig. 30. *MSTG*, pp. 53-55; pls. 31, 66, 67

૧૯૪. *MSTG*, p. 54.

૧૯૫. *STG*, p. 503, Fig. 10; *MSTG*, p. 58; Fig. 41

૧૯૬. *STG*, pp. 504-505, Fig. 11; *MSTG*, p. 58

૧૯૭. *AKK*, pp. 143 f.; *MSTG*, pp. 56-57; Figs. 5a; 25; pls. 31, 58

૧૯૮. *STG*, pp. 501-502, Fig, 13; *MSTG*, p. 58, pl. 33

૧૯૯. *STG*, p. 497, Figs. 28-29; *MSTG*, pp. 58-59, pl. 34

૨૦૦. *MSTG*, p. 59, Fig. 19a, pl. 35 ૨૦૧. *Ibid.*, p. 59

૨૦૨. *Ibid.*, pp. 55-56, pl. 26, Figs. 15, 4b; pl. 30, Figs. 10a, b, d, f; pls. 29-30

૨૦૩. *Ibid.*, p. 59, pl. 37

૨૦૪. *Ibid.*, p. 60, Fig. 23a; pl. 38; *STG*, Figs. 3, 252

૨૦૫. *MSTG*, p. 60, Fig. 6

૨૦૬. *Ibid.*, pp. 60-61, Fig. 5d; pls. 40 & 60; *STG*. Figs. 15-16

૨૦૭. *MSTG*, p. 61, pl. 41; બર્જેસે આ મંદિરની નોંધ (*AKK*, p. 186) પ્રગટ કરી ત્યારે મંડપનું છાવણ લાંબી શિલાઓ વડે ઢંકેલું હતું, પ્રદક્ષિણાપથનું છાવણ ઢાળિયા છાપરાને મળતું હતું, પ્રદક્ષિણાપથની દીવાલોમાં હવા ઉજાસ માટે પાછલી બાજુએ બે બારી હતી, મંડપના સ્તંભોની શિરાવટીઓમાં ચતુર્ભુજ કીચકોનાં શિલ્પ હતાં, ગર્ભદ્વારના લલાટબિંબમાં ગણેશની મૂર્તિ હતી.

૨૦૮. *STG*, pp. 509-511, Figs. 154, 242; *MSTG*, pp. 61-62; Figs. 7a, 7d, 32, pl. 42.

૨૦૯. Cousens, *SMTK*. pl. XC (Side Elevation); *MSTG*, p. 62, pl. 44.

૨૧૦. Burgess, *AKK*, pl. XLV; *MSTG*. p. 62

૨૧૧. *MSTG*, p. 62.

૨૧૨. A.S. Gadre, *Archaeology in Baroda* (1934-42), pl. XXII; M.A. Dhaky, "The Chronology of Solanki Temples in Gujarat", *Journal of the Madya Pradesh Itihas Parishad*, No. 3, pp. 4-5

૨૧૩. U.P. Shah, *The Sculptures of Samalaji and Roda*, pp. 99 ff., Figs. 79-92; *STG*, Figs. 44-50

૨૧૪. *SSR*, Fig. 79 ૨૧૫. *Ibid.*, Fig. 81

૨૧૬. *Ibid.*, Fig. 83; *CSTG*. p. 6 ૨૧૭. *SSR*, Fig. 80

૨૧૮. *Ibid.*, Fig. 88; *CSTG*. p. 6 ૨૧૯. *SSR*, p. 110, Fig. 91

૨૧૯અ. *Ibid.*, p. 113 ૨૨૦-૨૨૧. *MSTG*, p. 6

૨૨૨. *Ibid.*, pp. 112, 131-31, Figs. 84-86

૨૨૩. *Ibid.*, p. 112, Fig. 90 ૨૨૪. *Ibid.*, Fig. 89, p. 131

૨૨૫. J. M. Nanavati & M. A. Dhaky, *The Ceilings in the Temples of Gujarat*, Fig. 1

૨૨૬. *Ibid.*, Figs. 25, 26 ૨૨૭. *SSR*, p. 131, Fig. 82

૨૨૮. *Ibid.*, Fig. 87 ૨૨૯. *Ibid.*, Figs. 90, 72

૨૩૦. *Ibid.*, Figs. 91, 69 ૨૩૧. *Ibid.*, p. 36

૨૩૨. *Ibid.*, p. 112; ર. ના. મહેતા, "ગુજરાતને મળેલ શિલ્પ-સ્થાપત્યનો વારસો", પૃ. ૪૦

૨૩૩. *AANG*, pl. LXI ૨૩૪-૨૩૫. *Ibid.*, pl. LXIII

૨૩૬. *Ibid.*, pls. LXI-LXII  ૨૩૭. *Ibid.*, p. 85

૨૩૮. *STG*, p. 112, f.n. 47

૨૩૯. હરિલાલ ગોદાની અને મધુસૂદન ઢાંકી, 'કેટલાંક નવાં શોધાયેલાં મહાગુર્જર શૈલીનાં મંદિરો', "કુમાર", અંક ૫૨૮, પૃ. ૬૦-૭૦, ચિત્ર નં. ૬-૯. આ લેખકોએ પ્રાક્-સોલંકી મંદિરોની રચના શૈલી માટેનો 'મહાગુર્જર'. અને સોલંકીકાલીન મંદિરો માટે 'મારુ-ગુર્જર' શબ્દપ્રયોગ કર્યો છે (એજન, પૃ. ૬૫)-

૨૪૦. એજન, ચિત્ર ૬  ૨૪૧. એજન, ચિત્ર ૭/અ

૨૪૨. એજન, ચિત્ર ૭  ૨૪૩. એજન, ચિત્ર ૮

૨૪૪. *STG*, Fig. 4; *MSTG*, p. 63, fig. 30, pl. 45

૨૪૫. *MSTG*. p. 63; pl. 64

૨૪૬. *STG*, Fig. 27; *MSTG*, p. 63, Fig. 21, pl. 46

૨૪૭. *MSTG*, pp. 63-64, Fig. 31b, pl. 47

૨૪૭અ. *Ibid*., p. 64  ૨૪૮. *Ibid*., p. 64

૨૪૯. હરિલાલ ગોદાની અને મધુસૂદન ઢાંકી, 'કેટલાંક નવાં શોધાયેલાં મહાગુર્જર શૈલીનાં મંદિરો', "કુમાર", અંક ૫૨૮, પૃ. ૭૦, ચિત્ર ૧૦-૧૧

૨૫૦. એજન, પૃ. ૭૦-૭૧, ચિત્ર ૧૩-૧૬, ૧૯-૨૦

૨૫૧. એજન, પૃ. ૭૦  ૨૫૨. એજન, પૃ. ૭૧, ચિત્ર ૨૧

૨૫૩. આગળ જતાં સોલંકીકાલમાં દેવાલયના તલદર્શનનો પ્રતિરથાદિ નિર્ગમો દ્વારા વધુ વિકાસ થતાં શિખર પરનાં કર્ણશૃંગો ઉપરાંત અન્ય શૃંગો તથા ઉરઃશૃંગોનો ઉમેરો થતો ગયો.

૨૫૪. *MSTG*, pp. 64-65, pl. 48

૨૫૫. *Ibid*., p. 66, pl. 50

૨૫૬. *Ibid*., p. 67, Fig. 196, pl. 55

૨૫૭. *Ibid*., pp. 68-71, Figs. 17a, 17b, 13c, 13d, 11b

૨૫૮. *SMTK*, pl. XLIX

૨૫૯. બજેજના સૂર્યમંદિરની સામે આવેલું તોરણ પછીના સમયની કૃતિ છે.

૨૬૦. बृहत्संहिता, अ. ५२, श्लो. २८

૨૬૧. K. F. Sompura, "The Super-structure of the Garbhagṛha of Temples in Gujarat", *Prof. Biranchikumar Commemoration Volume*, p. 71

## પ્રકરણ ૧૬

# શિલ્પકૃતિઓ

ગુજરાતના ઇતિહાસમાં મૈત્રકકાલ વિશિષ્ટ સ્થાન ધરાવે છે. આ સમયમાં મૈત્રકોના રાજ્યની સીમા વખતોવખત ફરતી રહી છે. દક્ષિણ ગુજરાતમાં ગુર્જરો, ચાલુક્યો વગેરે રાજ્ય થયાં હોવા છતાં સરળતા ખાતર લગભગ ઈ. સ. ૪૭૦ થી ઈ. સ. ૭૮૮ સુધીના સમયની શિલ્પકૃતિઓને મૈત્રકકાલીન અને એ પછીના સોલંકીઓના ઉદય સુધીના સમયની શિલ્પકૃતિઓને અનુ-મૈત્રકકાલીન નામ આપીશું. કેટલીક વખત એવું પણ બને છે કે શિલ્પ જે પ્રદેશમાંથી મળ્યું હોય તે પ્રદેશ પર શિલ્પ બન્યું ત્યારે ચોક્કસ કોનો અધિકાર હતો એની આપણને અત્યારે ચોક્કસ માહિતી ઉપલબ્ધ ન પણ હોય, છતાં સામાન્યપણે રાજ્યકર્તા જુદા હોવા છતાં આખા ગુજરાતમાં તે તે સમયે લગભગ સમાનપણે સંસ્કૃતિનો વિકાસ કે હ્રાસ થતો હશે એમ ગણી શકાય, કેમકે આખા ગુજરાતમાં ઊંચા પર્વતો કે એવી કોઈ ભૌગોલિક રુકાવટો નથી જેથી કરીને એવી રુકાવટની બેઉ બાજુની પ્રજાઓ એકમેકથી તદ્દન અલિપ્ત રહી શકે.

મૈત્રકકાલ અને અનુ-મૈત્રક કાલની શિલ્પસ્થાપત્ય-સામગ્રી વધુ ને વધુ પ્રમાણમાં ઉપલબ્ધ થતી જતી હોવાથી આ પ્રકરણમાં બધી જ શિલ્પકૃતિઓની નોંધ ન લેવાય, કિંતુ કેટલીક મુખ્ય મુખ્ય શિલ્પકૃતિઓ અને એના પરથી જાણવા મળતી શિલ્પશૈલીની વિકાસકથાની જ નોંધ લેવાય એ ઇષ્ટ છે.

મૈત્રક અને અનુ-મૈત્રક કાલની કેટલીક જાણીતી શિલ્પકૃતિઓ નીચે મુજબ છે :

(૧) કારવણમાંથી મળેલી નંદીને અઢેલીને ઊભેલી શિવ–પાર્વતીની પ્રતિમા[1] (પટ્ટ ૨૯, આ. ૬૧). આ કૃતિ છઠ્ઠા સૈકાની છે.

(૨) વિશ્વરૂપ વિષ્ણુ : શામળાજીમાં નાગધરા પાસે એક દેરીમાં ત્યાંની આદિવાસી પ્રજામાં જાણીતી, 'કળશી છોકરાંની મા' તરીકે પૂજાતી પ્રતિમા છઠ્ઠા

સૈકાની, ઘણું ખરું ઈ. સ. ૫૫૦ આસપાસની, લાગે છે[૨] (પટ્ટ ૨૭, આ. ૮૯). આ પ્રતિમામાં અષ્ટભુજ વિષ્ણુનાં લગભગ તમામ આયુધ ખંડિત છે. અનંત નાગ ઉપર વીરાસનમાં વિષ્ણુ ઉત્કટુક બેઠા છે અને એમની પાછળના ભાગમાં વિષ્ણુમાંથી પ્રાદુર્ભૂત થતી તેવીસ અન્ય આકૃતિ છે, જેઓમાં સૂર્ય, ચંદ્ર બ્રહ્મા, શિવ, હયગ્રીવ, વરાહ, બલરામ વગેરે સ્પષ્ટ ઓળખાય છે.

(૩) વિશ્વરૂપ વિષ્ણુની બીજી એક પ્રતિમા પણ શામળાજીમાંથી મળી છે, જેના નીચેના તથા ઉપરના ભાગ ખંડિત થયા છે. એ હાલ વડોદરા મ્યુઝિયમમાં છે. એ પણ ઉપરની પ્રતિમાની લગભગ સમકાલીન કે એનાથી સહેજ પછીના સમયની, પણ છઠ્ઠા સૈકામાં બનેલી લાગે છે.[૩]

(૪-૬) શામળાજીમાંથી મળી આવેલી ઊભી મકરવાહિની ગંગાની સુંદર દ્વિભુજ પ્રતિમા[૪] છઠ્ઠા સૈકાની છે. મકરનાં મુખ અને પુચ્છની કોતરણી ખાસ નોંધપાત્ર છે. ગંગાના જમણા પગ ઉપર લટકતું પર્યસ્તક એ પશ્ચિમ ભારતનાં શિલ્પોમાં ખાસ નજરે પડતું વિશિષ્ટ પ્રકારનું વસ્ત્ર-પરિધાન છે. આવું જ પર્યસ્તક કોટયર્ક-મહુડીની માતા અને શિશુ(પટ્ટ ૨૯, આ. ૯૨)ની તેમજ સ્કંદ માતા(પટ્ટ ૩૩, આ. ૧૦૦)ની પ્રતિમાઓમાં નજરે પડે છે.[૫] એ બે પ્રતિમા પણ છઠ્ઠા સૈકાની લાગે છે.

(૭-૧૦) આબુ-દેલવાડાનાં દેરાં પાછળ આવેલા જગન્નાથના મંદિરમાંની શેષશાયી ચતુર્ભુજ વિષ્ણુની પ્રતિમા તથા એ જ મંદિરમાંની બેઠેલી કૌમારી, ચામુંડા અને વારાહી માતૃકાઓની પ્રતિમાઓ[૬] (પટ્ટ ૩૦, આ. ૯૩-૯૫) છઠ્ઠા સૈકાના ઉત્તરાર્ધની લાગે છે.

(૧૧-૧૨) શામળાજીના ત્રિલોકીનાથના મંદિરમાં સચવાયેલી ત્રિશૂળધારી શૈવ દ્વારપાલની પ્રતિમા[૭] (પટ્ટ ૨૮, આ. ૯૦) તથા એને મળતી હાલ પ્રિન્સ ઑફ વેલ્સ મ્યુઝિયમ, મુંબઈમાં સચવાયેલી બીજી શૈવ દ્વારપાલની પ્રતિમા.[૮] આ બેઉ પ્રતિમા પણ છઠ્ઠા સૈકામાં મૂકી શકાય.

(૧૩) વડોદરામાં મ. સ. યુનિ.ની આર્ટ્સ ફેકલ્ટીના મકાન સામે શેઠ આણંદલાલ ખુશાલચંદના કંપાઉન્ડમાંથી મળેલું ભૈરવનું શિલ્પ, જે હાલ વડોદરા મ્યુઝિયમમાં છે.[૮અ] તે, મૂળ સયાજીગંજ વિસ્તારના દક્ષિણ તરફના છેડે આવેલા ભીમનાથ મહાદેવના મંદિરમાંનું હોવાનો સંભવ છે. એકાવલિ હારવાળા આ ભૈરવ નીચેનું વસ્ત્ર ઘણું બારીક હોવાથી થોડે ઘણે અંશે શરીરના ગુહ્ય ભાગને દેખાડે છે. આ શિલ્પ છઠ્ઠા સૈકા પછીનું તો નથી જ. એનાથી પહેલાંનું હોવાનું ભવિષ્યમાં સિદ્ધ થાય તો નવાઈ ન ગણાય.

(૧૪) વડોદરા પાસેના કપુરાઈ ગામમાં શિવાલય પાસેથી મળેલું ઊભાં શિવ–પાર્વતી(ઉમા–મહેશ્વર)નું ખંડિત શિલ્પ (પટ્ટ ૩૨, આ, ૯૮), જે હાલ વડોદરા મ્યુઝિયમમાં છે તે, ઈ. સ. ૬૦૦ના અરસાનું અર્થાત્ છઠ્ઠા–સાતમા સૈકાનું છે. આ શિલ્પ ગુજરાતની તત્કાલીન કલાનો એક ઘણો સુંદર નમૂનો છે.[૯] આમાં બેઠા ઘાટનાં અંગોને બદલે કંઈક લાંબા પગ વગેરે હોવાથી આ શિલ્પમાં દક્ષિણના ચાલુક્યોની કે એ પહેલાં ગુજરાતમાં આવી ચૂકેલી સાતવાહનોની શૈલી(જેમાં કંઈક પાતળી અને લાંબી છતાં સપ્રમાણ અને સુંદર દેહયષ્ટિઓ કોતરાતી તે)ની અસર હોય એમ સંભવિત છે.

(૧૫) અકોટા( વડોદરા )ના જૈન ધાતુ પ્રતિમા–સમૂહમાંથી મળેલી શ્રીજીવંતસ્વામીની ઊભી કાયોત્સર્ગ પ્રતિમા, કે જેની પીઠ પર લેખ કોતરેલો છે. સદર લેખની લિપિના આધારે આ શિલ્પને વિના સંકોચ ઈ. સ. ૫૫૦ અને ૬૦૦ વચ્ચેના સમયનું ગણી શકાય છે.[૧૦] 'જીવંતસ્વામી' એ દીક્ષા લીધા પહેલાં તપ કરતા સંસારી મહાવીર સ્વામીનું નામ છે, આથી આ સ્વરૂપમાં રાજકુલને અનુરૂપ મુકુટ અને કેશકલાપની દેહભૂષા છે.

(૧૬) અકોટામાંથી મળેલી, અભિલેખ તથા પીઠ વિનાની, અને ઊંચી ટોપી ઘાટના કલામય મુકુટવાળી જીવંતસ્વામીની બીજી મનોહર કાયોત્સર્ગ પ્રતિમા (પટ્ટ ૩૧, આ. ૯૬) ઉપર જણાવેલી પ્રતિમા કરતા કંઈક જૂની છે. આ પ્રતિમાનાં નેત્રોમાં ચાંદી ભરેલી છે અને હોઠની લાલી દર્શાવવા નીચલા હોઠ પર તાંબું ભરેલું છે. સમગ્ર ઉત્તર ભારતવર્ષમાંનાં અદ્યાવધિ ઉપલબ્ધ ધાતુ–શિલ્પોમાં આગલી હરોળમાં બેસે તેવી ઉત્કૃષ્ટ કલામય આ પ્રતિમા આશરે ઈ. સ. ૫૦૦ અને ૫૫૦ની વચ્ચેના સમયની હોય એમ લાગે છે. જીવંતસ્વામીના ગળામાંની હાંસડી અને હાર ગુપ્તકાલને સુપરિચિત એકાવલિને બદલે પશ્ચિમ ભારતવર્ષની ક્ષત્રપકાલીન અને વાયવ્ય હિંદની ગાંધાર કલાની પરંપરાને જાળવી રાખે છે. ઊંચી ટોપીઘાટનો મુકુટ પણ મથુરામાંથી મળેલી કુષાણકાલીન વિષ્ણુપ્રતિમા– (જે એક સમયે ઇંદ્રની મનાતી)ના ઈરાની ટોપી–ઘાટના મુકુટમાંથી વિકાસ પામેલો લાગે છે. આ બધું જોતાં આ પ્રતિમાનો સમય ઉપર જણાવ્યો છે તેનાથી અર્વાચીન હોઈ શકે નહિ.[૧૧]

• (૧૭) યક્ષ–યક્ષીયુક્ત આદિનાથની ઊભી પ્રતિમા અકોટાના જૈન પ્રતિમાઓના સમૂહમાં મળેલી, છઠ્ઠી સદીના ઉત્તરાર્ધની, જેની પાછળ 'देवधर्मोयं निवृत्तिकुले जिनभद्रवाचनाचार्यस्य' એવું લખાણ છે. પૂર્ણ વિકસિત કમળ પર કાયોત્સર્ગ–અવસ્થામાં આદિનાથ ઊભા છે. કમળ પર બે બાજુએ બેઠેલ મૃગ

અને વચ્ચે ધર્મચક્ર કંડારેલું છે. આદિનાથના બંને ખભાઓ ઉપર વાળની લટ રહેલી છે. ધોતી પારદર્શક છે. પીઠિકાના ડાબા છેડે સર્વાનુભૂતિ યક્ષ અને જમણા છેડે અંબિકા યક્ષીની બેઠેલી મૂર્તિ છે. યક્ષ અને આદિનાથની તેમજ આદિનાથ અને યક્ષીની વચ્ચે એકેક અથવા વધુ તીર્થંકરની પ્રતિમા હતી, જે હાલ મોજૂદ રહી નથી, પણ એની પીઠિકામાં ખોસવા માટેનાં કાણાં મોજૂદ છે. એટલે મૂળ આ ત્રિતીર્થિક કે ચોવીસી પ્રતિમા હશે. આ પ્રતિમા અને એનાં યક્ષ-યક્ષીની કલાશૈલી ગુપ્ત શૈલીથી સ્પષ્ટ રીતે જુદી એવી પ્રાચીન પશ્ચિમ ભારતીય શૈલી છે, જેને તારાનાથે ઑલ્ડ વેસ્ટર્ન સ્કૂલ (પ્રાચીન પશ્ચિમી શૈલી) નામથી સંબોધી છે.[૧૨]

(૧૮) વિદ્યાધરકુલમાં પ્રતિષ્ઠિત, ખંડિત અભિલેખવાળી, મોટા મુકુટ અને પ્રભામંડળવાળી, લલિતાસને બેઠેલી, જમણા હાથમાં આમ્રલુંબી અને ડાબા હાથમાં બિજોરું ધારણ કરતી, ડાબા ખોળામાં બાળક તેડેલી સિંહારૂઢ અંબિકાની દ્વિભુજ પ્રતિમા, જે અકોટામાંથી મળેલી છે અને જેની પાછળના અભિલેખની લિપિ છઠ્ઠી સદીના ઉત્તરાર્ધની હોવાથી લગભગ ઈ. સ. ૫૫૦ થી ૫૬૦ આસપાસના સમયમાં મૂકી શકાય તેવી છે તે, પ્રચુર અલંકારયુક્ત ધાતુપ્રતિમા પણ પ્રાચીન પશ્ચિમ ભારતીય શૈલીની છે.[૧૩]

(૧૯-૨૨) આ ઉપરાંત આ કાલનાં બીજાં ગણનાપાત્ર શિલ્પોમાં પાર્વતી[૧૪] (દેલવાડા), માતા અને બાળક[૧૫] (કોટયર્ક) (પટ્ટ ૨૯, આ. ૯૨), સ્કંદમાતા[૧૬] (કોટયર્ક) (પટ્ટ ૩૩, આ. ૧૦૦) તથા પાર્વતી અને નૃત્ય કરતા ગણપતિ[૧૭] (ટીંટોઈ) ગણાવી શકાય.

(૨૩-૨૪) પોતાના શાસનકાલ દરમ્યાન વલભી અને એની આજુબાજુના પ્રદેશમાંના ઘણા બૌદ્ધ વિહારો વગેરેને મૈત્રકોએ આપેલાં દાનોની વિગતવાર માહિતી એમનાં દાનશાસનો પરથી મળે છે,[૧૮] પરંતુ આ કાલનાં બહુ જ થોડાં બૌદ્ધ શિલ્પ ઉપલબ્ધ છે, તેઓમાં વલભીથી મળેલી બુદ્ધની એક નાની ધાતુ-પ્રતિમા ત્યાંના મહેંદ્રસિંહજી ઠાકોરના[૧૯] સંગ્રહમાં છે. આ પ્રતિમા પાંચમા (કે છઠ્ઠા) સૈકાની છે. આ ઉપરાંત, વલભી કે પીરમ બેટમાંથી આવેલી મનાતી એક અતિ-સુંદર બુદ્ધપ્રતિમા હાલ ભાવનગરમાં ગાંધી-સ્મૃતિ મ્યુઝિયમમાં સુરક્ષિત છે. આ ધાતુપ્રતિમા ઉપર સોનાનો ઓપ છે. કારીગરી ઉત્કૃષ્ટ પ્રકારની છે. બેઉ ખભાઓ ઉપર ઓઢેલી સંઘાતી-સંઘાટી ગંધાર અસરવાળી છે. આ પ્રતિમા મૈત્રકકાલીન, છઠ્ઠા સૈકાની, કદાચ શીલાદિત્ય પહેલાની સમકાલીન, લાગે છે.

પ્રલંબપાદે બેઠેલી બુદ્ધની આ પ્રતિમા પ્રાચીન પશ્ચિમ ભારતીય શૈલીનો ઉત્કૃષ્ટ નમૂનો છે.[૨૦]

(૨૫) કપડવંજ પાસે આવેલા કઠલાલ ગામમાંથી મળેલી વિશ્વરૂપ વિષ્ણુની[૨૧] ત્રીજી પ્રતિમા (પટ્ટ ૩૧, આ. ૯૭), જે ઉપરની વિશ્વરૂપ વિષ્ણુની શામળાજીમાંથી મળેલી બે પ્રતિમાઓ પછીના સમયની આશરે ઈ. સ. ના સાતમા સૈકાની છે તે, ગુપ્તકાલની નહિ, પણ મૈત્રકકાલની જ ગણાય. ગુપ્તકાલમાં મથુરા અને ગુજરાતમાં મળતી વિશ્વરૂપ વિષ્ણુની પ્રતિમાઓની પરંપરાની આ પ્રતિમા છે, જે બતાવે છે કે આ સમયમાં ગુજરાતમાં વિશ્વરૂપ વિષ્ણુની કલ્પનાનું પ્રજામાં સારા પ્રમાણમાં આકર્ષણ હતું. કઠલાલની આ પ્રતિમા પણ વિશ્વરૂપની કલ્પનાની છે. વળી શામળાજી અને એલિફન્ટા વચ્ચે મળવાથી આ પ્રતિમા શામળાજી અને પરેલના શિવ તેમજ એલિફન્ટાની મહેશમૂર્તિ વચ્ચેનો કલાશૈલીપરક સંબંધ સૂચવતી કડીરૂપ છે. શામળાજીના વિશ્વરૂપ વિષ્ણુનાં ત્રણ મુખ સાથે એલિફન્ટાની સુવિખ્યાત મહેશમૂર્તિનાં ત્રણ મુખ સરખાવતાં એ વસ્તુ સ્પષ્ટ થયેલી છે કે એલિફન્ટા સુધી આ એકસરખી કલા–પરંપરા હતી. પરેલની શિવમૂર્તિ શિવના વિશ્વરૂપની કલ્પના રજૂ કરે છે. એ મૂર્તિ અને શામળાજીના વિશ્વરૂપ વિષ્ણુ લગભગ સમકાલીન છે, જ્યારે એલિફન્ટાની શિવની મૂર્તિ સહેજ પછીની છે.[૨૨]

(૨૬) સાતમા સૈકાથી આઠમા સૈકાના અંત સુધીમાં મૂકી શકાય તેવાં શિલ્પોમાં અકોટામાંથી મળેલું ધાતુનું એક ધૂપિયું ખાસ નોંધપાત્ર છે.[૨૩] એની આગળના ભાગમાં ધૂપપાત્ર તરીકે હાથીની પોલી આકૃતિ છે, જ્યારે પાછળના ભાગમાં હાથાના છેડે સિંહ છે. સાતમા સૈકાની શરૂઆતની આ કૃતિ ધાતુ-શિલ્પોમાં ક્વચિત્ મળતી અગત્યની કલાકૃતિ છે. હાથીની ઉપર કોતરેલા લેખમાં 'श्रीनि ×× कुले जाएहड राज्ञा ८' એટલા અક્ષર વંચાય છે. जाएहड=जाहड એ 'જયભટ' શબ્દનું બોલાતી ભાષાનું રૂપ લાગે છે, અને સંભવ છે કે નાંદીપુરી–ભરૂચના ગુર્જર રાજવી જયભટ પહેલા ઉર્ફે 'વીતરાગે' આ ધૂપિયું જૈન મંદિરને અર્પણ કર્યું હોય. જયભટનો અમલ અંદાજે ઈ. સ. ૬૦૦–૬૨૮ નો છે. જયભટનું વિશેષણ 'વીતરાગ' હતું, જે સૂચવે છે કે જયભટ જૈનધર્મી હોઈ શકે. આ સિવાય અકોટાના ધાતુસંગ્રહમાંથી સાતમા સૈકામાં મૂકી શકાય તેવી બીજી ઘણી ધાતુપ્રતિમાઓ મળેલી છે તેઓમાંની કેટલીક ખાસ નોંધપાત્ર છે.

(૨૭-૨૯) સપાટ પીઠિકા પર ઊભેલ સરસ્વતીની મૂર્તિના મસ્તક પાછળનું આભામંડળ મણકાદાર કિનાર સિવાય સાદું છે. આ કૃતિ ઈ. સ. ૬૦૦–૬૨૦

આસપાસની છે.[૨૪] જમણા હાથમાં ધારણ કરેલ કમલની નાળ એણે ધારણ કરેલ ઉત્તરીયના નીચે લટકતા છેડાની સમાંતરે પગ પાસે પીઠિકાને અડે છે. આભામંડળની કિનારી પરના આલિખિત મણકાના જેવા જ મણકા ઉત્તરીય પર અંકિત કરેલા છે. એના છેડા ભૌમિતિક આકૃતિઓ વડે અંકિત કરેલા છે. સરસ્વતીએ છાતી પર એકાવલી અને ઉરઃસૂત્ર ધારણ કર્યાં છે. એનો ત્રિકૂટ મુકુટ આકર્ષક છે. કટિ પરનું અધોવસ્ત્ર આ સંગ્રહમાં જાણીતી થયેલ 'વિકચ્છ' શૈલીમાં છે. એની સપ્રમાણ દેહલતા તેમજ દીર્ઘ ધ્યાનસ્થ નેત્રો નોંધપાત્ર છે. રચનાશૈલીનો થોડો હ્રાસ આ કાલની અહીંની સરસ્વતીની એક બીજી ખંડિત મૂર્તિમાં જોવા મળે છે.[૨૫] આ મૂર્તિ ઘણી બાબતોમાં ઉપરની મૂર્તિ સાથે સામ્ય ધરાવે છે. એના મસ્તક પાછળની આભા ઘાટમાં લંબગોળ છે અને એ કમલની પાંદડીઓ તથા કિનારે મુક્તામાલાથી વિભૂષિત છે. પદ્મપીઠ પર ત્રિભંગમાં ઊભેલ આ પ્રતિમાનું ઉત્તરીય-પટ્ટ એના દેહની સમતુલાને જાળવી રાખે છે. મસ્તક પરના ત્રિકૂટ મુકુટના મધ્યપર્ણની બંને બાજુઓએ ચારુ પર્ણવલ્લી અત્યંત સુશોભિત છે. એણે અંગ પર એકાવલી, પદ્મકુંડલ, કેયૂર અને વલય ધારણ કર્યાં છે. પૂર્ણવિકસિત સ્તનપ્રદેશ, નાભિ પરની ત્રિવલ્લી અને ત્રિભંગની છટા વ્યક્ત કરતી જંઘાઓ એના દેહની શોભામાં વધારો કરે છે. ઉપર્યુક્ત બંને સરસ્વતી-પ્રતિમાઓ પર લેખ કોતરેલા નથી.

અહીંના સંગ્રહમાં સરસ્વતીની એક બીજી ખંડિત મૂર્તિ છે.[૨૬] એના પર લેખ કોતરેલો નથી. આ મૂર્તિ બે ટુકડે છે અને એની નીચેની પીઠિકા ગુમ થયેલ છે. આભામંડળ પણ નાશ પામ્યું છે. માત્ર એનો કેટલોક ભાગ મૂર્તિના ડાબા કાન પાસે જળવાઈ રહેલો જણાય છે. એનો મુકુટ ત્રિદલને બદલે પંચદલ છે. મથાળે ભારે કદનો ટોપ છે, જે અગ્રભાગે તેમજ પૃષ્ઠભાગે અલંકૃત પદ્મપત્રથી વિભૂષિત છે. સરસ્વતીએ કુંડલ, હાર, ઉરઃસૂત્ર, કટિસૂત્ર, મણિજડિત અંગદ, વલય વગેરે આભરણો ધારણ કર્યાં છે.

(૩૦) ત્રિતીર્થિક પાર્શ્વનાથપ્રતિમામાં પાર્શ્વનાથના મસ્તક પર ખંડિત નાગફણા છે અને બંને બાજુઓના તીર્થંકરોએ કટિ પર ધોતિયું પહેરેલ છે. પાર્શ્વનાથના સિંહાસનની મધ્યમાં ધર્મચક્ર છે અને એની બંને બાજુઓએ એક એક હરણ તથા વ્યાલનાં શિલ્પ છે. સિંહાસનની બંને બાજુઓએ આવેલ સનાલ કમલ પર ઊભેલ તીર્થંકરોમાં જમણી બાજુએ ઋષભનાથ અને ડાબી બાજુએ મહાવીર (?) છે. પાર્શ્વનાથનાં યક્ષ-યક્ષી સર્વાનુભૂતિ અને અંબિકા અનુક્રમે જમણી તથા ડાબી બાજુએ કમલ પર સ્થિત છે. એમનાં મસ્તકોની પાછળ

પણ પ્રભાવલિ–વિભૂષિત પ્રભાચક્ર છે અને એમણે અનુક્રમે મસ્તક પર કરંડ–મુકુટ અને ચૈત્યગવાક્ષની આકૃતિમાં કેશકલાપ ધારણ કર્યા છે. સિંહાસનની નીચેની પટ્ટિકામાં અષ્ટગ્રહોનાં મુખ કોતરેલાં છે.[૨૭] આને મળતી ત્રિતીર્થિક પાર્શ્વનાથની એક બીજી પ્રતિમા અહીંથી મળી છે. પાર્શ્વનાથની પાછળની સપ્તફણા નાગ-છત્રાવલિ અને બાજુના તીર્થંકરોની પાછળની પ્રભાવલી સાથે આ શિલ્પ સંપૂર્ણ છે.[૨૮] આ બંને પ્રતિમા સાતમા સૈકાની છે.

(૩૧) ચતુર્ભુજ મહાવિદ્યા અચ્છુપ્તા દેવી (પટ્ટ ૩૪, આ. ૧૦૨) અશ્વ પર સવારી કરેલી સ્થિતિમાં છે.[૨૯] એના મસ્તક પાછળ આભાચક્ર છે. એના પરનો કેશકલાપ અત્યંત આકર્ષક છે. એણે કર્ણફૂલો, મુક્તામાલા, ડૂંટી સુધી પહોંચતું ઉરઃસૂત્ર, વલય અને બાજુબંધો અને નૂપુરો ધારણ કર્યાં છે. એણે ચાર હાથમાં અનુક્રમે બાણ, તલવાર, ઢાલ અને ધનુષ ધારણ કર્યાં છે.

(૩૨) આ શિલ્પમાં કાયોત્સર્ગ મુદ્રામાં ઊભેલ પાર્શ્વનાથની ગાદી નીચેથી બંને બાજુઓએ અર્ધનાગ–સ્વરૂપમાં અંકિત કરેલાં ધરણેંદ્ર અને પદ્માવતીનાં શિલ્પ ખાસ નોંધપાત્ર છે.[૩૦] આ બંને શિલ્પોનો કટિ નીચેનો ભાગ નાગની પૂંછડીનો બનેલો છે અને એ બંનેની પૂંછડીઓને ગાદી નીચે મધ્યમાં નાગપાશમાં ગૂંથેલી છે.

(૩૩–૩૪) સાતમા સૈકાનાં શિલ્પોમાં પશ્ચિમ ભારતીય શૈલીમાં કંઈક મોટાં માથાં, ખેઠા ઘાટનાં શરીર અને સુદૃઢ બાંધાવાળી સ્ત્રી-આકૃતિઓ નજરે પડે છે. એવા નમૂના ગ્વાલિયર આજુબાજુના પ્રદેશમાંથી અને રાજસ્થાનમાંથી પણ મળેલા છે. ઉત્તર ગુજરાતમાં જૂના ડીસા પાસે નદીના સામા કાંઠે વડાવલ ગામેથી શ્રી. આર. ટી. પરીખે શોધી કાઢેલી સપ્ત માતૃકાઓ આ શૈલીની અને સાતમા સૈકાની છે. આ માતૃકાઓમાં વારાહીની તથા પાર્વતીની પ્રતિમા ખાસ નોંધપાત્ર છે.[૩૧] ચતુર્ભુજ વારાહીના એ હાથમાં બાળક છે, બીજો જમણો હાથ ખાલી છે, ને બીજા ડાબા હાથે ઉપવસ્ત્ર પકડેલું છે. આભૂષણોમાં એકાવલી, ઉરઃસૂત્ર, કંકણ અને નૂપુર છે. બારીક વસ્ત્ર, કલાત્મક ઉપવસ્ત્ર અને એનો કેશકલાપ સૌંદર્યમાં વધારો કરે છે. ચતુર્ભુજ પાર્વતી સમભંગમાં ઊભેલાં છે. ઉપલા જમણા હાથમાં શિવલિંગ અને ઉપલા ડાબા હાથ હાથમાં ગણેશને ધારણ કરે છે. નીચલો જમણો હાથ વરદમાલા-મુદ્રામાં છે ને નીચલો ડાબો ખંડિત છે. દેવીની બંને બાજુએ દર્શાવેલી જ્વાળા તપ કરતાં પાર્વતીની આસપાસના અગ્નિની દ્યોતક છે. મસ્તકની ઉપર ચાપાકારે દર્શાવેલાં નવ મસ્તક નવ નાગોનાં કે નવ ગ્રહોનાં છે.

(૩૫) થોડાક સમય પૂર્વે કઠલાલ નજીકના પિઠોરા ગામેથી પિઠોરી માતાના મંદિરમાં ઘણાં શિલ્પ શોધાયાં છે. તેઓમાં મહિષમર્દિનીની કેટલીક પ્રતિમાઓ લગભગ સાતમા સૈકાની છે.[૩૨] આમાં કોઈ મૂર્તિ દશભુજ, કોઈ અષ્ટભુજ, કોઈ ચતુર્ભુજ અને કોઈ ત્રિભુજ છે. અસુરને પૂરો મહિષરૂપે જ રજૂ કરેલો છે ને એના પર માતાજીના વાહન સિંહનું આક્રમણ થતું દર્શાવ્યું નથી.

(૩૬–૪૦) મૈત્રકકાલનાં અન્ય શિલ્પોમાં કદવારના વરાહમંદિરનાં શિલ્પ જાણીતાં છે.[૩૩] તેઓમાં ગર્ભગૃહના પ્રવેશદ્વારની ઉપરના શિલ્પપટ્ટમાં બેઠેલા સૂર્ય, બ્રહ્મા, વિષ્ણુ, શિવ અને ચંદ્રની પ્રતિમાઓ, દ્વારશાખા પરની ગંગા–યમુનાની આકૃતિઓ, વરાહની તથા દશાવતારની પ્રતિમાઓ અને છૂટક શિલ્પોમાં ગરુડારૂઢ વિષ્ણુ, વૃષવાહન ઉમા–મહેશ્વર અને ઊભાં લક્ષ્મીનારાયણની પ્રતિમાઓનો સમાવેશ થાય છે. થાનના દેવાલય પરનાં શિલ્પોમાં[૩૪] નવગ્રહો, ગણપતિ, ગંગા, વરાહ અને એક ઊભા દેવયુગલનો સમાવેશ થાય છે. ભૂજના કચ્છ મ્યુઝિયમમાંની ધાતુની ઊભી બુદ્ધપ્રતિમા[૩૫] મળી છે. પ્રતિમાને ફરતી ખંડિત પ્રભાવલી છે. પીઠિકા પર સાતમી સદીનો લેખ છે. બુદ્ધનો જમણો હાથ અભય મુદ્રામાં છે, ડાબો હાથ ખંડિત છે. ઉષ્ણીષ, કાનની લાંબી બૂટ, પ્રસન્ન મુખમુદ્રા અને અર્ધ–પારદર્શક અધોવસ્ત્ર નોંધપાત્ર છે. મહુડીમાંથી મળેલી બુદ્ધ અથવા જિનની પદ્માસનસ્થ મોટી ધાતુ–પ્રતિમામાં[૩૬] પ્રભાવલીની પાછલી બાજુ પરના લખાણનો પાઠ સંદિગ્ધ છે. પ્રતિમામાં રજૂ થયેલ આકૃતિ યોગમુદ્રા ધારણ કરી યોગાસનમાં બેઠેલા પુરુષની છે. સૌરાષ્ટ્રમાં ઢાંકની પહાડી ઉપરનાં કોતરેલાં જૈન શિલ્પ[૩૭] પણ આ કાલનાં છે. તેઓમાં આદિનાથ, પાર્શ્વનાથ વગેરેની આકૃતિઓ કંડારેલી છે, કોઈ યોગાસનમાં બેઠેલા જિનની, તો કોઈ કાયોત્સર્ગ અવસ્થામાં તપ કરતા તીર્થંકરની.

(૪૧) રોડામાંથી એક અજ્ઞાત દેવની પ્રતિમા મળેલી છે. શ્રી. પી. એ. ઇનામદારે પ્રસિદ્ધ કરેલી[૩૮] એ પ્રતિમા હાલ ક્યાં છે એની ખબર નથી. આ પ્રતિમામાં જટાધારી દ્વિભુજ દેવ સમપાદ અવસ્થામાં ઊભેલા છે અને એમણે બારીક ધોતિયું પહેરેલું છે. જમણો હાથ ખંડિત છે. ડાબા હાથમાં જલપાત્ર જેવું કંઈક પકડી રાખ્યું લાગે છે. સંભવ છે કે આ પ્રતિમા શૈવ કે બૌદ્ધ સંપ્રદાયની હોય. આ પ્રતિમા છઠ્ઠા કે સાતમા સૈકાની છે.

(૪૨) સૌરાષ્ટ્રમાં માંગરોળમાંથી મળેલું અને રાજકોટ મ્યુઝિયમમાં સચવાયેલું સૂર્યનું એક સુંદર શિલ્પ વિશિષ્ટ નોંધ માંગી લે છે.[૩૯] સાતમા સૈકાની આ મૂર્તિની કેશરચના ગુપ્ત પરંપરાની યાદ આપે છે, જ્યારે અન્ય રચના પ્રાચીન પશ્ચિમ ભારતીય શૈલીનાં વિશિષ્ટ લક્ષણ રજૂ કરે છે. ઊભા દ્વિભુજ સૂર્યના મુખની

પાછળ પ્રભાચક્ર છે. બંને હાથ ખંડિત છે. બે બાજુઓએ રાજ્ઞી અને નિક્ષુભા તથા એમની આગળ નીચે દંડ અને પિંગલ છે.

(૪૩–૪૪) આ ઉપરાંત આ કાલનાં બીજાં ગણનાપાત્ર શિલ્પોમાં વીણાધર શિવ અને પાર્વતી (ટીંટોઈ)[૪૦] (પટ્ટ ૩૩ આ. ૧૦૧) તથા કુમાર(વડોદરા મ્યુઝિયમ)[૪૧]નો સમાવેશ થાય છે. શિવ બે હાથમાં વીણા ધારણ કરી ઊભા છે. બીજા જમણા હાથમાં ત્રિશૂળ અને બીજા ડાબા હાથમાં સર્પ છે. નીચે પાછળ નંદી છે. શિવની ડાબી બાજુએ ચતુર્ભુજ પાર્વતી ઊભાં છે. એમણે બે હાથમાં બાળક તેડ્યું છે. બીજા જમણા હાથમાં પદ્મ છે. બીજો ડાબો હાથ નીચે ઊભેલા મયૂર પાસે લટકે છે. વાહન દ્વારા આ બાળક કાર્ત્તિકેય હોવાનું સૂચિત થાય છે. આમાંની બીજી ઊભી ખંડિત દ્વિભુજ પ્રતિમા, એનું મસ્તક ન હોવા છતાં, જમણા હાથમાં શક્તિ, ડાબા હાથમાં કૂકડો (?) અને પાછળ મયૂર વાહન દ્વારા કાર્ત્તિકેયની મૂર્તિ હોવાનું સૂચિત થાય છે. આ પ્રતિમા વડોદરામાંથી જ મળેલી છે.

(૪૫–૪૬) રોડાનાં મંદિરોમાંથી મળેલી હાલ વડોદરા મ્યુઝિયમમાંની ચામુંડા-(પટ્ટ ૩૨, આ. ૯૯)ની તેમજ પાર્વતીની પ્રતિમાઓ સાતમા-આઠમા સૈકાની શૈલીના સારા નમૂના[૪૨] છે. ચામુંડા શબ ઉપર બેઠાં છે. એમણે નીચલા જમણા હાથમાં ખડ્ગ, ઉપલા જમણા હાથમાં કપાલ (ખપ્પર), ડાબા હાથમાં ખટ્વાંગ અને નીચલા ડાબા હાથમાં રાક્ષસનું મસ્તક ધારણ કરેલું છે. સિંહ પર બેઠેલાં પાર્વતી કે દુર્ગા ઉપલા બે હાથમાં ત્રિશૂળ અને પરશુ ધારણ કરે છે. નીચલો જમણો હાથ અભય મુદ્રામાં છે. નીચલા ડાબા હાથમાં ધારણ કરેલી વસ્તુ ખંડિત અને અસ્પષ્ટ છે. એમનો દેહ ચૂડામણિ, કુંડલ, એકાવલી, ઉર:સૂત્ર અને કેયૂરોથી આભૂષિત છે.

(૪૭–૫૦) રોડાના મંદિર નં. ૬ તરીકે ઓળખાતા મંદિરની આગળના અર્ધમંડપની થાંભલીઓની ઉપરના ભાગમાં કેટલીક અપ્રતિમ સૌંદર્યયુક્ત વિવિધ ભંગીઓમાં ઊભેલી સ્ત્રી–આકૃતિઓ છે, જેને શિલ્પ–ગ્રંથોમાં દેવાંગનાઓ અથવા અપ્સરાઓ તરીકે વર્ણવેલી આકૃતિઓ તરીકે ઓળખાવી શકાય.[૪૩] કોણાર્ક તેમજ ખજુરાહોનાં મંદિરો ઉપરની અપ્સરાઓ અને સુરસુંદરીઓ કલાપ્રેમીઓને જાણીતી છે, પણ શિલ્પકલાની દૃષ્ટિએ ઘણી ઊંચી કોટિની સજીવ લાગતી આ આકૃતિઓ યોગ્ય પ્રસિદ્ધિ અને પ્રશંસા પામી નથી. પ્રાચીન પશ્ચિમ ભારતીય શિલ્પકલાના સાતમા સૈકાના આ ઉત્કૃષ્ટ નમૂના છે. સામાન્ય રીતે રોડાનાં મંદિરોને આઠમા સૈકાના પૂર્વાર્ધનાં ગણવામાં આવે છે. શિલ્પકલાના વિકાસની દૃષ્ટિએ ભારતીય શિલ્પનાં ખ્યાતનામ–અભ્યાસી સ્ટેલા ક્રેમરિશના મતે તેમજ ઉમાકાંત શાહના

મતે આ શિલ્પ સાતમા સૈકાનાં લાગે છે. રોડાના આ મંદિરને સાતમા સૈકાનું ગણાવી શકાય.

(૫૧–૫૩) આ ઉપરાંત રોડાના શિલ્પસમૂહ પૈકીની ગણેશ,[૪૪] સિંહ ઉપર બેઠેલાં દુર્ગા,[૪૫] કાર્તિકેય[૪૬] વગેરે મૂર્તિઓ સાતમા-આઠમા સૈકાની કૃતિઓ છે. તેઓમાં બેઠેલા ચતુર્ભુજ ગણેશ ઉપલા બે હાથમાં ત્રિશૂળ અને પરશુ તથા નીચલા બે હાથમાં પદ્મ અને મોદકપાત્ર ધારણ કરે છે. સર્પ–યજ્ઞોપવીત તથા મસ્તક પરની વેશભૂષા નોંધપાત્ર છે. પાર્વતી કે દુર્ગા પગમાં નૂપુર પહેરી રહ્યાં છે. એમના વાહન સિંહની આકૃતિ આબેહૂબ કલાકૃતિનો સુંદર નમૂનો છે. મયૂર પર બેઠેલા કાર્તિકેય ષડાનન છે ને જમણા હાથમાં શક્તિ ધારણ કરે છે. મયૂરની ડોક ડાબી બાજુ વળેલી છે.

(૫૪–૫૫) ગોપના મંદિર પાસેથી વિષ્ણુ અને કાર્તિકેયની બે ઊભી પ્રતિમા મળી છે તે પણ મૈત્રક-કાલની છે.[૪૭]

(૫૬–૫૭) સાતમા અને આઠમા સૈકાનાં શિલ્પોમાં ખાસ નોંધપાત્ર છે કારવણની નૃત્ય કરતી સ્કંદમાતા અથવા કૌમારીની પ્રતિમા, જે તત્કાલીન કલાનો એક સુંદર સજીવ નમૂનો[૪૮] છે. નૃત્ય કરતાં કૌમારીનો આબેહૂબ અંગભંગ ઉલ્લાસ અને સ્ફૂર્તિ દર્શાવે છે. વડોદરાની E. M. E. Schoolએ બાંધેલા શૈવ મંદિરમાં કેટલાંક અગત્યનાં શિલ્પ ભાસર (તા. પાદરા), દહેગામ (જિ. ભરૂચ) કાવી વગેરે સ્થળોએથી આણેલાં છે, તેઓમાં ભાસરની માતૃકાઓ લગભગ સાતમા–આઠમા સૈકાની[૪૯] છે.

(૫૮–૬૧) લગભગ આ જ સમયની કુંભારિયા પાસેના કોટેશ્વરની માતૃકાઓ વડોદરા મ્યુઝિયમમાં સુરક્ષિત[૫૦] છે. આબુ પર વસિષ્ઠાશ્રમમાં લગભગ આઠમા સૈકાની એક સુંદર બ્રહ્માણી માતૃકાની મૂર્તિ, ઉપરાંત પદ્માસનસ્થ યોગ-નારાયણની આઠમા સૈકાની એક સુંદર મૂર્તિ છે તેમજ નાગરાજની એક સુંદર નાની મૂર્તિ છે, જે સંભવ છે કે અર્બુદ નાગની હોય. આ પ્રતિમા પણ આઠમા સૈકાની શરૂઆતની હોવાનો સંભવ છે.[૫૦અ] કોટેશ્વરની માતૃકાઓમાં વૈષ્ણવી, ઐંદ્રી, બ્રાહ્મી, વારાહી અને ચામુંડા ચતુર્ભુજ છે. વૈષ્ણવી, ઐંદ્રી અને વારાહી બાળકને તેડે છે. ઐંદ્રી, બ્રાહ્મી અને ચામુંડાને પોતપોતાનું વાહન પણ છે. બ્રાહ્મી દ્વિભુજ છે. બાળક એમની જમણી બાજુએ નીચે ઊભું છે.

(૬૨) સુંદર રીતે કોતરેલ પદ્મપીઠ પર ત્રિભંગમાં મૂકેલ ચામરધારિણીનું શિલ્પ[૫૧] (પટ્ટ ૩૫, આ. ૧૦૩) અકોટા ધાતુ શિલ્પોમાં સર્વોત્તમ નમૂનો છે. એની સપ્રમાણ દેહલતા આકર્ષક છે. કેશકલાપ ગુલાબનાં પુષ્પોની ગૂંથણીના મધ્યમાં

આવેલ ચૂડામણિથી વિભૂષિત કરેલ છે. કાનનાં પત્રકુંડલ, ગળામાંનો નિષ્કનો હાર, ત્રિદલ પુષ્પમંડિત બાજુબંધો, ગોળ કંકણાકૃતિ વલયો, સ્તન-પ્રદેશની મધ્યમાંથી પસાર થતું ઉરઃસૂત્ર, કટિમેખલા અને બારીક ને ઢીલાં અધોવસ્ત્રને પકડી રાખતું અત્યંત અલંકૃત ઊરુજાલક, પગનાં નૂપુર ને ખભા પાછળથી પસાર થતું ઉત્તરીય આ શિલ્પને અત્યંત કમનીય સ્વરૂપ બક્ષે છે. આ શિલ્પ આઠમા સૈકાના મધ્યકાલનું છે.

( ૬૩-૬૪ ) અકોટાના ધાતુમૂર્તિ-સમૂહમાંની ઉપર્યુક્ત અંબિકા સિવાય દ્વિભુજ અંબિકાનાં આ કાલનાં બીજાં બે શિલ્પ અકોટામાંથી મળેલાં છે. એ પૈકીનું એક લલિતાસનમાં સિંહ પર બેઠેલું છે[૫૨] અને બીજું એ જ આસનમાં પદ્મપીઠ પર આસનસ્થ છે.[૫૩] એ બંને શિલ્પોના ડાબા ખોળામાં બાળક બેઠેલું છે. બંનેના જમણા હાથમાં આમ્રપલ્લી છે અને ડાબો હાથ બાળકના મસ્તક પાસે અભય-મુદ્રામાં છે. બંનેના મસ્તકે પત્ર-ભંગ મકરિકા પ્રકારનો મુકુટ છે, પણ પ્રથમ શિલ્પના મસ્તક પાછળ આભાચક્ર નથી, જ્યારે બીજી પ્રતિમાના મસ્તક પાછળનું ખંડિત આભાચક્ર જળવાઈ રહ્યું છે.

( ૬૫ ) ઉત્તર ગુજરાતમાં પાટણમાંથી મળેલાં ને વડોદરા મ્યુઝિયમમાં સચવાયેલાં કેટલાંક શિલ્પ આઠમા સૈકાનાં છે.[૫૪] તેઓમાં યોગાસનમાં બેઠેલી પાંચ માતૃકાઓની શિલ્પપટ્ટીનો અને ગવાક્ષમાં બેઠેલા ચતુર્ભુજ શિવની પ્રતિમાનો સમાવેશ થાય છે.

( ૬૬ ) અકોટાના સંગ્રહમાંથી પણ આઠમા સૈકાની કેટલીક ધાતુ-પ્રતિમાઓ મળેલી છે.[૫૫] તેઓમાં ખભે વાળની લટવાળા ઋષભનાથ, પદ્માસનમાં બેઠેલા દ્વિભુજ અજિતનાથ, લલિતાસનમાં યક્ષ-યક્ષી વચ્ચે યોગાસનમાં બેઠેલા પાર્શ્વનાથ વગેરેનો સમાવેશ થાય છે.

( ૬૭-૬૮ ) આઠમા સૈકામાં, સૌરાષ્ટ્રમાં સૈંધવોના રાજ્યપ્રદેશમાં કેટલાંક અગત્યનાં શિલ્પસ્થાપત્ય બન્યાં તેઓમાં પિંડારક (પીંડારા) તીર્થ અને આજુબાજુનાં શિલ્પ નોંધપાત્ર છે.[૫૬] મંદિર નં. ૨ ના ઉત્તરાંગ પરની શિલ્પપટ્ટીમાં વિષ્ણુ-લક્ષ્મી, બ્રહ્મા-સાવિત્રી, શિવ-પાર્વતી વગેરે દેવ-દેવીઓ એકત્ર થયાં છે. ઉપરાંત દ્વિભંગમાં ઊભેલા ચતુર્ભુજ ગણેશ, ઊભા ચતુર્ભુજ ચતુરાનન અને ગરુડ પર બેઠેલા વિષ્ણુ દર્શનીય છે. સૌરાષ્ટ્રનાં હવા-પાણીને લીધે તેમજ પથ્થરની જાતને લીધે સમુદ્રકાંઠાના પ્રદેશનાં એ સમયના ઘણાં શિલ્પ આજે ખવાઈ ગયેલી હાલતમાં છે, છતાં પીંડારાના લક્ષ્મી-નારાયણ તેમજ સ્પષ્ટ પણ હજુ ન ઓળખી શકાય તેવા પ્રસંગને આલેખતી એક આખી શિલ્પપટ્ટી ખાસ નોંધપાત્ર છે.

(૬૯–૭૦) રણુ પીપળી(તા. પાદરા)થી આણેલી રથારૂઢ સૂર્યની એક અખંડિત સૂર્ય-પ્રતિમા (પટ્ટ ૩૫, આ. ૧૦૪) અતિ સુંદર છે,[૫૭] જે આઠમા–નવમા સૈકાની ગણી શકાય. સૂર્યદેવ એકચક્ર રથમાં અર્ધ પદ્માસને બિરાજેલા છે. એમનો જમણો હાથ ખંડિત છે, ડાબા હાથમાં પદ્મ ધારણ કરેલું છે. મસ્તક પાછળ પદ્મપત્રની ભાતવાળું પ્રભામંડળ છે. ડાબી બાજુએ રાજ્ઞી અને જમણી બાજુએ નિક્ષુભા બેઠાં છે. સારથિ અરુણની ડાબી બાજુએ દંડ અને પ્રત્યુષા તથા જમણી બાજુએ પિંગલ અને ઉષા છે. રથ અને અશ્વો ગતિમાન છે. લગભગ આ જ સમયની ઉમા–મહેશની એક પ્રતિમા પણ વડોદરાની E. M. E. Schoolના સંગ્રહમાં છે.[૫૮] શિવ નંદી ઉપર લલિતાસનમાં બેઠેલા છે ને એમના ડાબા ખોળામાં પાર્વતી બેઠાં છે. શિવના હાથમાં ત્રિશૂળ, નીલોત્પલ અને સર્પ છે. પાર્વતીના એક હાથમાં પદ્મ છે. શિવનું પૌરુષમય શરીર તથા ઉમાની સપ્રમાણ કોમળ દેહયષ્ટિ કલાત્મક છે.

(૭૧) ગુજરાતમાંથી મળતાં માતૃકાઓનાં શિલ્પોમાં વડનગરમાં અમથેર માતાના મંદિરની સપ્ત માતૃકાની મૂર્તિઓ પણ નોંધપાત્ર છે.[૫૯] આ શિલ્પોનાં સુરેખાંકન શાંત મુખમુદ્રા, કંબુગ્રીવા આદિ જૂની શૈલીના અંશ છે, પણ ટૂંકા પગો, જડ રચના વગેરેના કારણે આ શિલ્પ આઠમા–નવમા સૈકાનાં હોવાનો સંભવ છે.

(૭૨) અકોટા ધાતુશિલ્પોમાંનાં કેટલાંક નવમા સૈકાનાં છે. તેઓમાંનું એક સિંહ પર લલિતાસનમાં બેઠેલ અંબિકાનું છે. જમણા હાથમાં આમ્રલુંબી અને ડાબા હાથ વડે બેઠેલા બાળકને એણે ધારણ કરેલ છે અને એની પાસે બીજું એક બાળક ઊભેલું છે. મસ્તક પાછળ તમાલપત્રાવલિ ઘાટના પદ્મદલાંકિત વૃત્તાકાર આભાચક્રના મથાળે અર્ધપદ્માસનસ્થ નેમિનાથની નાના કદની મૂર્તિ આવેલી છે.[૬૦]

(૭૩–૭૪) અકોટા-સંગ્રહમાં સર્વાનુભૂતિ યક્ષની આ કાલની બે મૂર્તિ નોંધપાત્ર છે. કોઈક મોટી જૈન પ્રતિમામાંથી છૂટી પડી ગયેલ એક મૂર્તિમાં યક્ષ જમણા હાથમાં બીજપૂરક કે સંતાનમંજરી અને ડાબા હાથમાં દ્રવ્યની કોથળી(નકુલિકા)ને ધારણ કરે છે. મોરપીંછ ઘાટનું એના મસ્તક પાછળનું આભામંડલ પત્રાવલિ અને ચોરસ ઘાટના મણકાની માલાથી અંકિત કરેલું છે. મસ્તક પર ત્રિદલ કરંડ મુકુટ મણિમાલાથી વિભૂષિત છે. કાનમાં ભારે કુંડળ, છાતી પર હાર અને ઉપવીત ને હાથ પર બાજુબંધ ધારણ કરતો આ યક્ષ લલિતાસનમાં ગોળ પીઠિકા પર બેઠેલો છે.[૬૧]

આમાંનું બીજું બેઠેલા હાથી પરનું બેઠેલું શિલ્પ જૈનેતર કુબેરની મૂર્તિ સાથે ઘણું સામ્ય ધરાવે છે. ઇલોરાની જૈન ગુફામાં પણ આ ઘાટનું શિલ્પ છે. એની જટા કરંડ મુકુટ-ઘાટની છે. જમણા હાથમાં સંતાનમંજરી અને ડાબા હાથમાં નોળિયા-ઘાટની દ્રવ્યથેલી( નકુલિકા )માંથી સિક્કાઓની પંક્તિ નીચે પડતી દર્શાવી છે. મસ્તક પાછળના પ્રભાચક્રનો ઘાટ ચૈત્યબારીની આકૃતિને મળતો છે.[૬૨]

( ૭૫ ) અનુ-મૈત્રક કાલનાં શિલ્પો બાબત શોધને અવકાશ ઘણો છે. ઈ. સ. ૭૮૮ થી ઈ. સ. ૯૪૨ સુધીના પ્રાક્-સોલંકી કાલનાં શિલ્પોમાં ગણાવી શકાય તેવી અકોટાના ધાતુસંગ્રહમાં કેટલીક જૈન ધાતુપ્રતિમાઓ છે. તેઓમાં ત્રિતીર્થિક પાર્શ્વનાથની એક પ્રતિમા નોંધપાત્ર છે. સપ્તફણાવાળા નાગનું છત્ર ધારણ કરી રહેલા પાર્શ્વનાથની આ મૂર્તિની જમણી બાજુએ ઋષભની અને ડાબી બાજુએ મહાવીરની મૂર્તિઓ આવેલી છે. ઋષભની જમણી બાજુએ કમલસ્થિત ત્રિભંગમાં ચક્રેશ્વરીની મૂર્તિ છે. એના ઉપલા બે હાથમાં ચક્ર અને નીચલા ડાબા હાથમાં બીજપૂરક ( બિજોરું ) છે. નીચલો જમણો હાથ વરદ મુદ્રામાં છે. મહાવીરની ડાબી બાજુએ ત્રિભંગમાં વરોટ્યા દેવી છે. એના ઉપલા બે હાથ નાગને ધારણ કરે છે અને નીચેના બંને હાથમાં અનુક્રમે ખડ્ગ અને ઢાલ છે. આ બંને વિદ્યાદેવીઓ છે. પાર્શ્વનાથના સિંહાસનની દરેક બાજુએ એક એક યક્ષ-યક્ષીઓનાં શિલ્પ છે. સિંહાસનની બેઠકની નીચે મધ્યમાં ધર્મચક્ર અને બંને બાજુઓએ એક એક હરણ છે. યક્ષ-યક્ષીઓનાં શિલ્પોની નીચે આઠ ગ્રહોનાં આસનસ્થ શિલ્પ છે. નાગફણાની ઉપર એક એક માલાધર અને દિવ્ય વાદક, ચૈત્યવૃક્ષ અને ત્રિદલ છત્રનાં શિલ્પ છે.[૬૩]

( ૭૬ ) વિમલવસહીના મંદિરમાં એક દેરીમાં જૈન યક્ષી અંબિકાની એક મોટી સુંદર ધાતુપ્રતિમા હતી.[૬૪] એ પ્રતિમા દસમા સૈકાની, કદાચ સોલંકી રાજ્ય-અમલથી થોડી પહેલાંની લાગતી. હાલ એ ગુમ થઈ કહેવાય છે. આ યક્ષી ચતુર્ભુજ છે. એ ખોળામાં બેઠેલા બાળકને એક હાથ વડે ટેકવે છે ને બાકીના ત્રણે હાથમાં આમ્રલુંબી ધારણ કરે છે. અંબિકા લલિતાસનમાં બેઠાં છે. નીચે સિંહ વાહન છે.

(૭૭) સિદ્ધપુર પાસેથી મળી આવેલી કુબેરની એક સુંદર પ્રતિમા વડોદરાના મ્યુઝિયમમાં છે.[૬૫] આ શિલ્પ દસમા સૈકાનું લાગે છે.

(૭૮–૭૯) E. M. E. Schoolના મંદિરમાં આણેલી આ બે પ્રતિમાઓમાંથી એક વિષ્ણુની અને બીજી સંભવતઃ વૈષ્ણવીની દસમા સૈકાની ગણાય

છે.[૧૬] વિષ્ણુની મૂર્તિમાં હાથ ખંડિત હોવાથી એમાં વિષ્ણુનું કયું સ્વરૂપ મૂર્ત થયું છે એ માલૂમ પડતું નથી. પગ પાસે એકેક આયુધ-પુરુષ છે. વૈષ્ણવીની મૂર્તિનાં વસ્ત્રાભૂષણ વિષ્ણુની મૂર્તિનાં વસ્ત્રાભૂષણ જેવાં છે. દસમા સૈકાનાં ગણાય તેવાં શિલ્પોમાં કયાં અનુ-મૈત્રકકાલીન અને કયાં સોલંકીકાલીન એનો નિર્ણય કરવો કઠિન છે, કેમકે મોટા ભાગનાં શિલ્પો પર કોઈ સાલ સંવત કોતરેલાં મળતાં નથી.

(૮૦-૮૨) અકોટામાંથી મળેલાં જૈન શિલ્પો પૈકીનાં દસમા સૈકાના પૂર્વાર્ધનાં શિલ્પોમાં યક્ષ-યક્ષી સાથેની યોગાસનમાં બેઠેલા પાર્શ્વનાથની બે ત્રિતીર્થિક પ્રતિમાઓ તથા યક્ષ-યક્ષી સાથેની પાર્શ્વનાથની પ્રતિમા નોંધપાત્ર છે.[૬૭]

## પાદટીપો

૧. U. P. Shah, *Sculptures from Samalaji and Roda*, Fig. 4, p. 119

૨. *Ibid.*, Fig. 48, pp. 66-73

૩. *Ibid.*, Fig. 50, p. 69

૪. *Ibid.*, Fig. 60, p. 128

૫. *Ibid.*, Fig., 30 & 31, p. 122

૬. *Ibid.*, Figs. 9, 6, 7, 8, p. 118

૭. *Ibid.*, Fig. 21, p. 120

૮. R. N. Mehta, "Five Sculptures from Devni-Mori", *Journal of Indian Society of Oriental Art*, Special Number on Western Indian Art, 1965-66, pl 27, p. 20; *SSR.*, Figs. 27, 28

૯. U. P. Shah and R. N. Mehta, "A Few Early Sculptures from Gujarat", *JOI*, Vol. I, pp. 160 ff; *SSR.*, Fig. 60a

૧૦. U. P. Shah, "A Unique Image of Jivantaswami", *JOI*, Vol. I, pp. 72 ff Fig. 1; *Akota Bronzes*, pp. 27-28, Fig. 12a

૧૧. U. P. Shah, *Akota Bronzes*, pp. 26-27, Figs. 9/a, 9/b

૧૨. *Ibid.*, pp. 28-29, Fig. 11

૧૩. *Ibid.*, pp. 30-31, Fig. 14

૧૪. *SSR*, Fig. 5

૧૫. *Ibid.*, Fig. 29

૧૬. *Ibid.*, Fig. 40

૧૭. *Ibid.*, Fig. 53

૧૮. હ. ગં. શાસ્ત્રી, "મૈત્રકકાલીન ગુજરાત", ભા. ૨, પૃ. ૩૯૬-૪૦૫

૧૯. M. K. Thakore, "A Bronze Image of Buddha from Valabhipur", *JOI*, Vol. XVI, pp. 79 ff.

૨૦. ઉમાકાંત શાહ, 'ગુજરાતમાં બૌદ્ધ ધર્મ', "સ્વાધ્યાય", પુ. ૩, પૃ. ૩૦૪, આકૃતિ ૧૧

૨૧. *SSR*, p. 74; H. G. Shastri, "The So-called Trimurti at Kathlal", *JOI*, Vol. XVII, pp. 425 ff.

૨૨. *SSR*, pp. 72 f.

૨૩. *Akota Bronzes*, pp. 31-33, Fig. 15

૨૪. *Ibid.*, pp. 30-34, Fig. 18

૨૫. *Ibid.*, p. 43, Fig. 33

૨૬. *Ibid.*, p. 46, Fig. 37

૨૭. *Ibid.*, pp. 35-36, Fig. 22

૨૮. *Ibid.*, pp. 36-37, Fig. 25

૨૯. *Ibid.*, p. 36, Fig. 24

૩૦. *Ibid.*, p. 44, Fig. 34

૩૧. આર. ટી. પરીખ, 'વડાવલનો આરસનો શિલ્પસમૂહ', "કુમાર", અંક પ૨૮, પૃ. ૭૪–૭૬

૩૨. હરિલાલ ર. ગૌદાની, "પીઠેશ્વરીનું મંદિર, પીઠાઈ", "નવચેતન", વ. ૪૯, પૃ. ૩૦૭

૩૩. H. Cousens, *Somnath and Other Medieval Temples of Kathiawad*, p. 39, pls. XXXII, XXXIV, XXXV

૩૪. *Ibid.*, pp. 48 ff, pls. XLIV, L

૩૫. M. R. Majmudar (Ed.), *Chronology of Gujarat*, p. 215, pl. LVII

૩૬. *Ibid.*, pp. 212-213, 318, pl. LIII

૩૭. *Ibid.*, pp. 213-214, pl. LV(A) & (B)

૩૮. *SSR*, Fig. 63

૩૯. U. P. Shah, "Some Surya Images from Saurashtra, Gujarat and Rajasthan", *Bulletin of Museum and Picture Gallery, Barcda*, Vol. XIX, pp. 43 f., Fig. 2

૪૦. *Ibid.*, Fig. 52, p. 75

૪૧. *Ibid.*, Fig. 66a, p. 85

૪૨. *Ibid.*, Figs. 67-68, p. 93

૪૩. *Ibid.*, Figs, 73-74, p. 96

૪૪. *Ibid.*, Fig. 65, p. 91

૪૫. *Ibid.*, Fig. 69, p. 95

૪૬. *Ibid.*, Fig. 70, p. 95

૪૭. J. M. Nanavati, 'The Temple at Gop', *Journal of the Saurashtra* Research Society, Vol. 1, No. 2

૪૮. *CG*, p. 276, pl. XXXVI(C)

૪૯. આમાંની કેટલીક મૂર્તિઓને પાછળથી સુધારવામાં આવી છે, જેથી એની મૂળ કલાને હાનિ થઈ છે.

૫૦. U. P. Shah, 'Mātrikās and other Sculptures from Gujarat', *Bulletin of Baroda Museum*, Vol. XIV, pp. 29ff., pls. XVIII,A—XXI,B; 'મહિષાસુરમર્દિની અને અન્ય માતૃમૂર્તિઓ', "કુમાર", અંક ૩૮૨ પૃ. ૩૮૬, ચિત્ર ૬૬-૬૯

૫૦અ. એજન, પૃ. ૩૮૭, ચિત્ર ૭૧; ઉમાકાંત પ્રે. શાહ, 'ગુજરાતની ગુપ્તોત્તરકાલીન શિલ્પસમૃદ્ધિ', "કુમાર", અંક ૩૮૦, પૃ. ૩૦૫, ચિત્ર ૬૪ (પૂંઠા પાછળની આર્ટપ્લેટ); તથા 'ગુજરાતમાં નાગપૂજા અને તેનાં શિલ્પ', "કુમાર", અંક ૩૮૧ પૃ. ૩૫૯, ચિત્ર ૬૫

૫૧. U. P. Shah, *Akota Bronzes*, p. 47, Figs. 42a, 42b, 43

૫૨. *Ibid.*, p. 48, Fig. 44b ૫૩. *Ibid.*, p. 48, Fig. 45a

૫૪. H. Goetz, "Late Gupta Sculptures from Patan-Anhilwād," *Bulletin of Baroda Museum*, Vol. VII, pls. I-II, Figs. 1-7

૫૫. *Akota Bronzes*, pp. 45-47, 49; Figs. 36a, 41b, 46a

૫૬. R. Subrahmanyam, "Pindara and its Antiquities", *JOI.*, Vol. XIV, pp. 419 ff.

૫૭. CG, pl. LXVII,b; ચંદ્રમૌલિ મજમુદાર, 'રણુ પિંપરી'ની રથારૂઢ સૂર્યમૂર્તિ", "સૂર્યમંદિર" વિશેષાંક, પૃ. ૧૦૫-૧૦૬, ચિત્ર નં. ૪૯; વ. સો. પારેખ, 'ગુજરાતની વિરલ સૂર્યપ્રતિમાઓ', "સ્વાધ્યાય", પુ. ૬, પૃ. ૨૩૫-૨૩૮

૫૮. વસંતકુમાર સો. પારેખ, 'ઉમા-મહેશ્વરની મૂર્તિ", "સ્વાધ્યાય", વર્ષ ૬, પૃ. ૨૩૯ તથા પાછલા પૂંઠા પરનું ચિત્ર

૫૯. જુઓ શ્રી. રમણલાલ નાગરજી મહેતા, 'વડનગરની શિલ્પસમૃદ્ધિ', "શ્રી વિજયવલ્લભસૂરિ સ્મારક ગ્રંથ" પૃ. ૧૩૯, ચિત્ર નં. ૨.

૬૦. *Akota Bronzes*, p. 50, Fig. 50/c

૬૧. *Ibid.*, pp. 51-52, Fig. 52a ૬૨. *Ibid.*, p. 52, Fig. 52b

૬૩. *Ibid.*, pp. 53 f., Fig. 55

૬૪. U. P. Shah, "Iconography of the Jain Goddess Ambika", *JUB*, Vol. IX, pt. 2, p. 156, Fig. 14

૬૫. આ મૂર્તિ હજુ પ્રસિદ્ધ થઈ નથી.

૬૬. હરિલાલ ગૌદાની, 'ઈ. એમ. ઈ. સ્કૂલનાં શિલ્પો', "નવચેતન", વ. ૪૯, પૃ. ૨૪૦

૬૭. *Akota Bronzes*, pp. 54 f., pl. 57b, 56b, 57a

## પ્રકરણ ૧૭

# ચિત્રકલા

ચિત્રકલા એ માનવની સૌંદર્યભાવનાને અભિવ્યક્તિ આપતી એવી લલિતકલા છે, જે અતિ પ્રાચીન કાલથી પ્રચલિત છે. ગુજરાતમાં એના સહુથી પ્રાચીન જ્ઞાત નમૂના સિંધુ સંસ્કૃતિનાં લોથલ, રોજડી (શ્રીનાથગઢ) વગેરે સ્થળોએ મળ્યા છે, માટીનાં વાસણો પર આલેખેલાં ચિત્રોરૂપે.[1] ઇસ્વી સનની આરંભિક સદીઓની ડુંગરમાં કંડારેલી ગુફાઓમાં શિલ્પકલાના વિકાસની અંતર્ગત ચિત્રકલાનું આડકતરું સૂચન થાય છે, પરંતુ હાલ તેઓમાંની કોઈ ગુફાઓમાં ચિત્ર મળ્યાં નથી.

મૈત્રકકાલ તથા અનુ-મૈત્રક કાલ દરમ્યાન નિર્માયેલાં વિદ્યમાન દેવાલયોમાં પણ ભિત્તિચિત્રોના નમૂના વર્તમાન ગુજરાતના ભૂ–ભાગમાં ઉપલબ્ધ થયા નથી.

પશ્ચિમ ભારતના અર્હત્ અચલે મહારાષ્ટ્રના પૂર્વ ભાગમાં અજંતા પર્વત પર એક મહાવિહાર બંધાવેલો તેમજ વલભીથી થોડે દૂર એક મહાવિહાર બંધાવ્યો હતો,[2] તેના પરથી અજંતાની જેમ અહીંના એ વિહારમાં પણ ભિત્તિચિત્ર આલેખાયાં હોવાનો સંભવ સૂચિત થાય છે. આ વિહારને તળાજાના ડુંગરમાં કોતરેલા વિહાર તરીકે ઓળખાવવામાં આવ્યો છે.[3] એમાં કે સૌરાષ્ટ્રના બીજા કોઈ ડુંગરમાં કોતરાયેલા બૌદ્ધ વિહારોમાં ભિત્તિચિત્ર મળ્યાં નથી.

પરતું મૈત્રક રાજ્યના શાસન નીચે રહેલા સમીપવર્તી માલવક પ્રદેશમાં મૈત્રકકાલ દરમ્યાન આલેખેલાં કેટલાંક ભિત્તિચિત્ર મળ્યાં છે. આ ગુફાઓ દાહોદ–(જિ. પંચમહાલ)ની દક્ષિણપૂર્વે ઝાબુઆ તાલુકાની પાર આવેલા અમઝેરા–બાકાનેર (મધ્યપ્રદેશ) વિભાગમાં બાઘ નદી (જે નિમાડમાં થઈ નર્મદાને મળે છે)–ના કાંઠે આવેલા બાઘ ગામ પાસેની ટેકરી પર ૪૬ મીટર(૧૫૦ ફૂટ)ની ઊંચાઈએ આવેલી છે.

આ ટેકરીનો નીચેનો અર્ધો ભાગ સીધા ઢોળાવવાળો છે, જ્યારે ઉપરનો ભાગ રેતીના પથ્થર અને મટોડિયા પથ્થરના વારાફરતી આવતા થરોવાળો છે. પહેલાં આ પથ્થર લોઢું ગાળવા માટે વપરાતા. રેતાળ પથ્થરમાં લોખંડનો ક્ષાર છે, જેનો રંગ એકદમ લાલથી ચોખ્ખા સફેદ સુધીનો છે. એના રંગના ફેરની સાથે એની ઘટ્ટતામાં પણ ફરક પડે છે. ઘેરો લાલ પથ્થર ખૂબ જ કઠણ હોય છે, જ્યારે સફેદ તો આંગળીથી પણ ઘસી શકાય તેવો જોવા મળે છે. લાલ રંગની ભિન્ન છાયાવાળા પથ્થરો ઊભા ભાગને આવરે છે ને એમાં મટોડિયા પથ્થરનાં પાતળાં પડ જોવા મળે છે.

ટેકરી ઉત્તર, પૂર્વ અને દક્ષિણ બાજુ વિસ્તરે છે અને ગુફાઓ વાયવ્ય દિશા સામે છે, જેથી દિવસના કોઈ પણ ભાગમાં તેઓના પર પૂરેપૂરો સૂર્યપ્રકાશ પડતો નથી, પણ સાંજના આથમતા સૂર્યનાં કિરણોથી ગુફાઓ પ્રકાશિત થાય છે ખરી. આ બીના ભારતની લગભગ મોટા ભાગની ગુફાઓને લાગુ પડે છે.

આ ગુફાઓની પુરાવિદોને સહુ પ્રથમ જાણ મુંબઈ મિલિટરી એસ્ટાબ્લિશ-મેન્ટના લેફ્ટેનન્ટ ડેન્જરફીલ્ડે ૧૮૧૮માં કરી હતી. એમણે એમના લેખમાં ગુફાઓને દુકાનો કહી છે.[૪] પછી એરિકને એના નિબંધ પર નોંધ લખી.[૪અ] ત્યાર બાદ ડૉ. ઈ. ઇમ્પેએ વિદ્વત્તાપૂર્ણ લેખ લખ્યો.[૫] પછી કર્નલ લુઆર્ડે એમાં સુધારા કર્યા.[૫અ] ચિત્રકાર શ્રી. અસિતકુમાર હલદારે 'બર્લિંગ્ટન મૅગેઝિન' (૧૯૨૩)-માં[૬] લખ્યું અને શ્રી મુકુલચંદ્ર દેએ ૧૯૨૫ માં અજંતા સાથે બાઘની યાત્રાનું પુસ્તક લખ્યું.[૭] ત્યાર બાદ ઇન્ડિયા સોસાયટી, લંડને (૧૯૨૭) બાઘ ગુફાઓ વિશે સવિસ્તર ગ્રંથ પ્રગટ કર્યો.[૮]

અહીં કુલ નવ ગુફા છે અને એ ૬૯૦ મીટર(૭૫૦ વાર)ની સમગ્ર લંબાઈમાં સમાયેલી છે.

પાંડવોની ગુફાના નામે ઓળખાતી ગુફા નં. ૨ સ્તંભયુક્ત પ્રવેશદ્વારવાળા વિહારરૂપે છે, જેના પાછળના ભાગમાં સ્તૂપ છે. એમાંનાં ચિત્ર બધાં ધુમાડાના અને ચામાચીડિયાંના કારણે ખરાબ થઈ ગયેલાં છે.

ગુફા નં. ૩ ની એક ઓરડીમાં બુદ્ધો અને પ્રાયઃ બોધિસત્ત્વોની આકૃતિઓ આલેખાઈ હતી,[૮અ] અહીં અસરકારક રંગ અને લાવણ્યયોજનથી યુક્ત ચામર-ધારિણીનું એક મનોહર ચિત્ર આલેખાયું છે.[૯]

ગુફા નં. ૪ ને 'રંગમહલ' કહે છે. આ ગુફા અહીંના સમૂહમાંની ઉત્તમ અને સુંદર ગુફા છે. આ પણ વિહાર છે, જેમાં વચ્ચે ચોક અને એની ત્રણે

બાજુએએ ઓરડીઓની હરોળ છે. આ વિહાર એક લંબચોરસ શાલા (ખંડ) દ્વારા એક બીજા વિહાર સાથે જોડાયેલો છે. એ બે ગુફાઓની આગળ લાંબી સળંગ પડસાળ હતી.

ગુફા નં. ૪ અને ૫ ની બહારની દીવાલ પરનાં ચિત્ર સૌથી વધુ સચવાયેલાં અને ખ્યાલ કરી શકાય તેવાં છે. દીવાલની નીચેના ભાગમાંથી ચિત્રો સાવ ઘસાઈ ગયાં છે, જ્યારે ઉપરના ભાગમાં હજી થોડાંઘણાં સચવાઈ રહ્યાં છે. તેઓની સ્થિતિ જરાય સારી કહેવાય તેવી નથી. મોટા ભાગનાં ચિત્રોનું અનુસંધાન કે સંબંધ બાંધી શકાય એમ નથી. રંગ પણ ખૂબ ઊડી ગયો હોઈ એ આછાં પાતળાં જોવા મળે છે. પાણી છાંટતાં ચિત્રોની માત્ર બહિર્‌-રેખાઓ જોવા મળે છે, એનાથી ચિત્ર કયા જાતકનાં કેટલાં છે એ સ્પષ્ટ કહેવું અઘરું છે.

ગુફા નં. ૪ ના બારણા બાજુથી શરૂઆત કરતાં બે અસ્પષ્ટ દૃશ્ય જોવા મળે છે. તેઓમાંના એકમાં બે સ્ત્રી છે, જેમાંની એક અતિશય દુ:ખથી ક્લાંત થયેલી છે ને મોઢું ઢાંકી રડે છે, જ્યારે બીજી વિચારનિગ્મન અને આશ્વાસન-વચનો કહેતી હોય એમ લાગે છે. શમિયાણાની ઉપરની બાજુમાં પક્ષીઓ (કબૂતર) બેઠેલાં દેખાય છે. દૃશ્યની પશ્ચાદ્‌ભૂ લીલી છે અને એમાં સ્ત્રીઓનો રંગ ખૂબ જ ઉચિત રીતે આયોજાયો છે. એકનાં પહેરેલાં આભૂષણ તત્કાલીન આભૂષણોનો પરિચય કરાવવા ઉપરાંત રંગ દ્વારા એની અભિવ્યક્તિની કલાની દક્ષતાનો અનુભવ કરાવે છે. બીજી સ્ત્રીનું વસ્ત્ર એના સમગ્ર શરીરને આવરી લે છે, તેથી આભૂષણો દેખાતાં નથી. અજંતાના સાતત્યનો એ સ્પષ્ટ પરિચય કરાવે છે.[૧૦]

બીજા દૃશ્યમાં ચાર પુરુષ જોવા મળે છે. એમનો અંગ-રંગ ઘેરો શ્યામ છે અને એ ગંભીર ચર્ચામાં પડેલા દેખાય છે. બધા પલાંઠી વાળીને બેઠેલા છે અને વસ્ત્રમાં માત્ર ધોતિયું પહેરેલું છે. એમના બે વિભાગ સ્પષ્ટ દેખાય છે. બબ્બે પુરુષ એકબીજાની સામસામે બેઠેલા છે. ડાબી બાજુથી બીજા નંબરનો પુરુષ કોઈ મહાનુભાવ રાજા કે દેવાંશી જેવો દેખાય છે એ એના મુકુટ પરથી જણાઈ આવે છે. એની પાછળ બેઠેલા પુરુષે પણ મુકુટ તો પહેરેલો જ છે, પરંતુ એ જુદા આકારનો છે. બંને આભૂષણોથી લદાયેલા છે ને મુખ્ય માણસને કાનનાં કુંડળ પણ છે. ત્રીજા અને ચોથા પુરુષોનાં માથાં ખુલ્લાં છે. પાંચમો એક નાનકડો ઠીંગુજી ભૂરા રંગમાં આલેખેલો દેખાય છે. ચિત્રની પશ્ચાદ્‌ભૂ ઘેરા લીલા રંગની છે. પાછળ લતાઓ વગેરે દેખાય છે. બેસવાની અદા દરેક વ્યક્તિની સામાજિક કક્ષા સ્પષ્ટ કરતી જણાય છે. ચિત્રનું આયોજન આહ્‌લાદક છે.[૧૧]

જમણી બાજુએ આલેખેલા ત્રીજા દૃશ્યમાં એક ઉપર બીજો એમ બે માનવસમૂહ છે. આનો પરસ્પર સંબંધ સ્પષ્ટ થતો નથી. નીચેના સમૂહમાં છ પુરુષ વાદળાંમાંથી પસાર થતા ઊડતા દેખાય છે. નીચેના સમૂહમાં સ્ત્રીઓ છે, તેઓમાંથી એકના હાથમાં વીણા જેવું દેખાય છે. એમણે કરેલાં કેશગુંફન ઔરંગાબાદની એલોરા ગુફાઓમાંનાં સ્ત્રી-શિલ્પોનાં કેશગુંફનને વધુ મળતાં આવે છે. આમાંથી ધોળી ફીત બાંધેલી સ્ત્રીઓના સમૂહનું કેંદ્ર, રાજકુમારી કે એવું કંઈ લાગે છે. આલેખન ખૂબ જ સપ્રમાણ અને ભાવવાહી છે. રેખા અને રંગ એટલાં પૂરક છે કે જ્યારે એ તાજાં હશે ત્યારે એ પાત્રો સ્વર્ગલોકની સુંદરી જેવાં રુચિકર દેખાતાં હશે.[12]

ચોથા દૃશ્યમાં હલ્લીસક નૃત્ય જોવા મળે છે. આ દૃશ્ય (પટ્ટ ૧૦, આ. ૬૫) બે વિભાગોમાં વહેંચાયેલું છે.[13] ડાબી બાજુના દૃશ્યમાં સાત સ્ત્રી અને એક નર્તક છે. એણે વિશિષ્ટ પ્રકારનો વેશ પહેરેલો છે. એણે અંગરખું અને પાયજામો પહેરેલાં છે. એ નૃત્યની સ્થિતિમાં હોઈ બધાં આભૂષણ અને વાળ ઝૂલતાં દેખાય છે. ધોળાં ટપકાંવાળું પીળું અંગરખું અને નીચે આડા પટાનો પાયજામો વિશિષ્ટ પ્રકારના નૃત્યને લગતા વેશનું સૂચન કરે છે. આ દૃશ્યમાં દાંડિયા સાથે નૃત્ય કરતી ત્રણ સ્ત્રી જોવા મળે છે. બીજી મંજીરા, ઢોલક વગેરે વગાડે છે. દરેકના મુખ પરની તાદાત્મ્યની ભાવના ખૂબ જ સુંદર રીતે વ્યક્ત થઈ છે. બીજા દૃશ્યમાં છ સ્ત્રી અને એક નર્તક છે. આ નર્તકે માથે કંઈ પહેર્યું નથી. એનો મુખભાવ જાણે કે પ્રતીક્ષાની કોઈ વિશિષ્ટ ભાવના વ્યક્ત કરતો લાગે છે, જ્યારે આગલા દૃશ્યનો નર્તક કંઈક સંકેત કરતો હોય એમ લાગે છે. આ બીજા દૃશ્યમાં પણ ત્રણના હાથમાં દાંડિયા જોવા મળે છે. બાકીનાં પાત્રોના હાથમાં મંજીરાં, ઢોલક વગેરે છે. ઢોલક વગાડતી સ્ત્રીની શરીરસ્થિતિ ખૂબ જ સુંદર રીતે વ્યક્ત થઈ છે. અહીં પણ તત્કાલીન વિવિધ અંગશોભન-પદ્ધતિઓનો પરિચય થાય છે. સમગ્ર આલેખન સુશ્લિષ્ટ સમાયોજનનો પરિચય કરાવે છે. એમાંથી પાત્રોનાં વસ્ત્રોના વિવિધ રંગો અને સુશોભનોએ ચિત્રની કલામયતાને સાર્થક કરી છે. ચિત્રની પશ્ચાદ્ભૂ ઘેરી હોવા છતાં એ ક્યાંય ચિત્રનાં પાત્રો ઉપર વધુ પડતી અસર કરતી નથી. રેખાઓની દક્ષતા અદ્ભુત રીતે જળવાઈ રહેલી છે. અજંતામાંના આવા જ નૃત્યના દૃશ્યને આની સાથે સરખાવવા જેવું છે. ફેર એટલો જ કે એમાં સ્ત્રી નૃત્ય કરે છે. બાકી, સંગીતનાં સાધનોમાં દાંડિયાને બાદ કરતાં બાકીનાં બધાં વપરાયાં છે ને આયોજનની પદ્ધતિ પણ લગભગ સરખી છે.

આ દૃશ્ય પછીનું પાંચમું દૃશ્ય[14] ખાસ ધ્યાન એ રીતે ખેંચે છે કે એમાં સત્તર જેટલા ઘોડેસવાર પાંચ-છ કતારમાં ડાબી બાજુ જતા દેખાય છે. એમાંનું

મુખ્ય પાત્ર જેના પર છત્ર ધર્યું છે તે હોવું જોઈએ. એણે પીળા રંગનું ભૂરાં ટપકાંવાળું ઉપવસ્ત્ર પહેર્યું છે અને ઘોડાની લગામ પોતાના હાથમાં લીધી છે. અશ્વોના તેમજ સવારોના રંગ ભિન્ન ભિન્ન કરી ચિત્રને ખૂબ જ અસરકારક બનાવ્યું છે. એમાંય ઘોડાની ડોકના વિશિષ્ટ વળાંક ઘોડાની ખુમારીના ખ્યાલ સાથે એના આલેખકનાં અભ્યાસ અને રેખાંકનની શક્તિનો પરિચય પણ આપે છે. મુખ્ય વ્યક્તિના ઘોડાના માથે ત્રણ ચમરી છે. એનું આલેખન પણ એટલું જ સુંદર થયું છે. જમણી બાજુમાં પણ એવી જ બીજી અગત્યની વ્યક્તિ હોવાનો ખ્યાલ આવે છે. એ ઘેરા બદામી રંગના ઘોડા પર સવાર છે. ઘોડાઓ અને સવારોનું સમાયોજન ચિત્રકલાના સિદ્ધાંતોની દૃષ્ટિએ ખૂબ જ ઉત્તમ કોટિનું છે, જેમાંથી વ્યક્તિત્વ અને કક્ષા બંનેનો ખ્યાલ આપમેળે આવી શકે. આ કાલના ચિત્રકારોની આ વિશેષતા ભારતીય ચિત્રકલાની સિદ્ધિ ગણાય.

છેલ્લું વધેલું દૃશ્ય[૧૫] (પટ્ટ ૧૧, આ. ૬૬) બાઘની કલાની પ્રાણી-આલેખનની સરળ સિદ્ધિ દર્શાવતું દૃશ્ય છે. આ દૃશ્યમાં હાથી–સવારોની નીકળેલી યાત્રાનો ખ્યાલ આવે છે. એમાં હાથીનું આલેખન ભારતીય કલાના ઉત્તમ પ્રાણી–આલેખનનો નમૂનો કહી શકાય તેવું છે. અજંતામાં પણ હાથીનું આલેખન આટલી જ ઉચ્ચ કક્ષાનું જોવા મળે છે. એની પરિપાટી અહીં સચવાઈ રહેલી છે. આ આલેખનનું સાતત્ય અકબરના સમયમાં આલેખાયેલાં હાથીનાં ચિત્રો સુધી પહોંચે છે. શિલ્પ અને ચિત્ર બંનેમાં હાથીનાં વિવિધ રૂપોની તથા અંગસ્થિતિઓની અભિવ્યક્તિમાં ભારતીય કલાનું સ્થાન જગતમાં શ્રેષ્ઠ છે. યાત્રાનો મુખ્ય હાથી તો સાવ ભૂંસાઈ ગયો છે, એની માત્ર બહિર્-રેખા કંઈક કંઈક દેખાય છે. એના ઉપર બેઠેલો અગત્યનો પુરુષ પોતાના કદથી તેમજ લાંબા કાળા વાળનાં ઝૂમખાંથી વિશિષ્ટ ધ્યાન ખેંચે છે. એણે ટૂંકું ધોતિયું પહેરેલું છે. એણે ઊંચા કરેલા જમણા હાથમાં ભૂરા પુષ્પની ડાંખળી પકડી છે. હાથીને સુંદર ઝૂલ પહેરાવેલી છે. એ પીળા રંગની અને ટપકાં ટપકાંવાળી છે. આ પુરુષ રાજપુરુષ હશે, કારણ કે એની બે બાજુ ચામરધારી અને છત્રધારી પુરુષો જોવા મળે છે. એના ગળામાં માળા છે. એની પાછળ ચામરવાળો ઘોડેસવાર છે. મોટા ભાગનું ચિત્ર અહીંથી ભૂંસાઈ ગયું છે. વચલા ભાગમાં અંકુશ સાથે ચાલતો મહાવત જોવા મળે છે. હાથીના માથાનું આલેખન અહીં ખાસ ધ્યાન ખેંચે તેવું છે. એના રંગની રજૂઆત ખૂબ વાસ્તવિક હોવા છતાં ખૂબ જ સાર્થ છે. પાછળના બે હાથીઓ પર ત્રણ ત્રણ સ્ત્રી અને એક એક પુરુષ બેઠેલાં છે. તેઓમાંનાં એનાં

શરીર કેડ સુધી ખુલ્લાં છે અને અનેક આભૂષણોથી શોભે છે. એમની બેસવાની અદા જાણે હીંચકા પર બેઠાં હોય તેવી આસાનીયુક્ત છે, તેથી એમનાં પટાદાર વસ્ત્ર રંગવિભાજનમાં સારો ભાગ ભજવે છે. એમાં ય ઝૂલનો ભૂરો રંગ સમગ્ર ચિત્રની આકર્ષતામાં ઉમેરો કરે છે. સ્ત્રીઓની બેસવાની રીત પરથી યાત્રાની ગતિનો ખ્યાલ આવી શકે છે. પાસે જ મકાનોનું આલેખન છે, તેઓમાં વલભી અને વાતાયનનાં રૂપ વ્યક્ત કર્યાં છે. ચિત્રની પશ્ચાદ્ભૂ વિવિધ રંગોની છે.

ગુફા નં. ૪ની પડસાળના બાકીના ભાગમાં આવાં બીજાં કેટલાંક ચિત્ર આલેખાયાં હોવાની નિશાનીઓ રહેલી છે, પરંતુ એની વિગત હાલ નષ્ટ થઈ ગઈ છે.[૧૬]

આ ચિત્રોમાં પ્રકાશ-છાયાનું સ્પષ્ટ આયોજન ખાસ ધ્યાન ખેંચે તેવું છે. દ્વિપરિમાણમાંથી ત્રિપરિમાણનો સફળ પ્રયોગ અહીં જોવા મળે છે. અલબત્ત, આલેખન-પદ્ધતિમાં હજી ત્રિપરિમાણને સ્થાન નથી મળ્યું, પરંતુ જીવંત પ્રાણીઓ, માનવાકૃતિ વગેરેમાં એણે સ્થાન મેળવી લીધું છે.

સમયની દૃષ્ટિએ આ ગુફાઓનાં ચિત્ર અજંતાની ગુફાઓનાં ચિત્રો સાથે સરખાવતાં ત્રીજા તબક્કાની લગભગ એટલે કે સાતમી સદીમાં આવે છે. આમાં તુલનાની દૃષ્ટિએ હલ્લીસક નૃત્યવાળું ચિત્ર અને અજંતાની પહેલી ગુફામાંનું નૃત્ય-દૃશ્યનું ચિત્ર સરખાવીએ તો એ બંનેની સમાયોજન-પદ્ધતિ એકસરખી જોવા મળે છે. ફેર એટલો જ છે કે અજંતાના દૃશ્યની નૃત્યાંગનાઓના હાથમાં દાંડિયા નથી, છતાં ઊભાં રહેવાની છટા, પાત્રોનો આવેગ વગેરે એકસરખું લાગે છે. શ્રી. ફિલિપ રોસન બાઘમાંના હલ્લીસક નૃત્યના ચિત્રને આશરે ઈ. સ. ૭૦૦ માં મૂકે છે[૧૭] અને અજંતાના દૃશ્યનો સમય સાતમી સદીનો છેલ્લો ભાગ આંકે છે,[૧૮] જ્યારે એમના લખાણમાં બાઘની ગુફાઓમાંનો ચિત્રોનો કાલ છઠ્ઠી સદીનો ઉત્તરાર્ધ કે સાતમી સદીની પહેલી પચ્ચીસી હશે, એવો ઉલ્લેખ કરે છે.[૧૯] આ વિચિત્રતા સમજાય તેવી નથી. વળી શ્રી. ડગ્લાસ બેરેટ આ ચિત્રોનો સમય છઠ્ઠી સદીનો ઉત્તરાર્ધ કે થોડા પછીનો બતાવે છે,[૨૦] અને કહે છે કે અજંતાની ચિત્રપદ્ધતિ કરતાં તેઓનાં ભાવ અને અભિવ્યક્તિ તદ્દન ભિન્ન છે. તેઓ જરા કડક દેહયષ્ટિયુક્ત છે અને બહિર્-રેખામાં દક્ષિણનાં ચિત્રોની કુમાશ જોવા મળતી નથી તેમજ તેઓમાંથી વ્યક્ત થતી અભિવ્યક્તિ ધાર્મિક લાગતી નથી. અજંતાની ગૂઢતા અને ઊર્ધ્વતા અહીં નથી. એમાંની વ્યક્તિઓ મહાપુરુષો-ધર્મરક્ષકો જેવી છે.[૨૧] આ ઉપરથી એટલું સ્પષ્ટ છે કે આ કૃતિઓનું ઉચિત સમયાંકન કરવું અઘરું છે, પરંતુ અહીં આભૂષણો અને માનવકૃતિઓની આલેખન-પદ્ધતિ આપણને મદદ-

રૂપ થાય એમ છે. શ્રી. બેરેટ જે કડક અભિવ્યક્તિની વાત કરે છે તેની સાથે ચિત્રસિદ્ધાંતોનું પૂર્ણ પાલન સરખાવીએ તો આ કૃતિઓને શ્રી. રોસને મૂકેલી સાતમી સદીના અંતભાગમાં મૂકવી પડે, કારણ કે અહીં અતિ આલંકારિકતા ન હોવા છતાં રજૂઆતમાં કુમાશનો અભાવ છે, જ્યારે છઠ્ઠી સદીની આસપાસની અજંતાની બીજા તબક્કાની કૃતિઓ સાથે સરખાવતાં તેઓમાં આવેગ અને લચક નથી, પરંતુ અનુભવે પીઢ થયેલ સીધી સૈદ્ધાંતિકતા-યુક્ત અભિવ્યક્તિ છે, તેથી સ્વાભાવિક જ એના પછીના સમયમાં એટલે કે સાતમી સદીના અંતભાગમાં મૂકી શકાય. વળી અહીં વપરાયેલો ભૂરો રંગ પણ એમ સ્વીકારવામાં મદદરૂપ થાય છે, એટલે આ ભિત્તિ-ચિત્રોનો સમય સાતમી સદીનો અંતભાગ ગણી શકાય. શ્રી. રોસન પણ છેલ્લે આ વિધાન કબૂલ કરે છે.[૨૨]

આ ચિત્રોના આલેખનની પદ્ધતિ અજંતાનાં ચિત્રોના જેવી જ છે, પરંતુ અહીંની માનવકૃતિઓની રંગપૂરણીની પસંદગી ધ્યાન ખેંચે તેવી છે. વળી વસ્ત્રનો રંગ પણ પશ્ચિમ ભારતની રંગબેરંગી પટ્ટાવાળી પદ્ધતિને અનુકૂળ છે. અહીં વપરાયેલા રંગોમાં ગેરુ, પીળો, ભૂરો, હરતાળ, લાલો, કાળો, શ્વેત અને તેઓનાં વિવિધ મિશ્રણ છે. સમાયોજનમાં ખૂબ જ કાળજી રાખેલી જોવા મળે છે. એકંદરે આ ચિત્રસમૂહ વધારે સંખ્યામાં હોત તો અજંતા જેટલું જ અગત્યનું સ્થાન પ્રાપ્ત કરત.

## પાદટીપો

૧. ગ્રંથ ૧, પૃ. ૧૨૭-૧૨૯; *Indian Archaeology 1957-58—A Review*, p. 20; *Indian Archaeology 1958-59—A Review*, pp. 19 f.

૨. હ. ગં. શાસ્ત્રી, "મૈત્રકકાલીન ગુજરાત", ભા. ૨, પૃ. ૩૯૬

૩. હીરાલાલ અ. શાહ, 'તળાજાનો પ્રાચીન વિહાર', "પુરાતત્ત્વ", પુ. ૧, પૃ. ૧૦૩-૧૦૫

૪-૫. M. B. Garde, "Miscellaneous Notes", *The Bagh Caves in the Gwalior State*, p. 23

૫અ-૬. *Ibid*., p. 24

૭. *My Pilgrimages to Ajanta and Bagh*

૮. એનું શીર્ષક *The Bagh Caves in the Gwalior State* છે. આ ગ્રંથના જુદા જુદા ભાગ સર જૉન માર્શલ (પૃ. ૩-૧૮), શ્રી ગાર્ડે (પૃ. ૧૯-૨૬), ડૉ. ફોગેલ (પૃ. ૨૭-૬૪), શ્રી હેવેલ (પૃ. ૬૫-૬૭) અને કઝન્સે (પૃ. ૬૯-૭૮) લખ્યા છે.

૮અ. J. Ph. Vogel, "Paintings", *The Bagh Caves in the Gwalior State*, pp. 62 f.

૯. N. R. Ray, "Painting and Other Arts", *The Classical Age*, pp. 545 f.

૧૦. J. Ph. Vogel, *op. cit.*, p. 47, Plate A

૧૧. *Ibid.*, pp. 47 f., Plate B

૧૨. *Ibid.*, pp. 48 f., Plate C

૧૩. *Ibid.*, pp. 49 ff., Plates D and E

૧૪. *Ibid.*, pp. 51 ff., Plate F

૧૫. *Ibid.*, pp. 55 ff., Plates G, H and I

૧૬. *Ibid.*, pp. 60 ff.

૧૭. Philip Rowson, *Indian Painting*, p. 50

૧૮. *Ibid.*, p. 49

૧૯. *Ibid.*, p. 51

૨૦. Douglass Barret, "Wall Painting", *Painting of India*, p. 31. શ્રી. એસ. કે. સરસ્વતી આ ગુફાઓનો સમય લગભગ ઈ. સ. ૫૦૦ થી ૬૦૦ નો આંકે છે (*The Classical Age*, p. 477).

૨૧. Douglas Barret, *op. cit.*, p. 32

૨૨. Philip Rowson, *op. cit.*, p. 51

## પરિશિષ્ટ ૧

# યુઅન શ્વાંગની નોંધ

આ સમય દરમ્યાન ચીની પ્રવાસી યુઅન શ્વાંગે[1] (હ્યુએનસંગે) ભારતના પ્રવાસ દરમ્યાન ગુજરાતનો પ્રવાસ કર્યો હતો અને જાત–માહિતીથી ઘણી વિગતો નોંધી હતી.

બૌદ્ધ ધર્મશાસ્ત્રોનો અભ્યાસ કરતાં જે શંકાઓ ઉત્પન્ન થઈ તેના નિરાકરણ માટે એ ૨૮ વર્ષની ઉંમરે (ઈ.સ. ૬૨૯ માં) ભારતના પ્રવાસે નીકળ્યો હતો.

યુઅન શ્વાંગે શરૂઆતમાં ઉત્તર ભારતનો પ્રવાસ કર્યો અને પછી એ મગધથી દક્ષિણ ભારતના પૂર્વ ભાગમાં ગયો. ત્યાંથી દક્ષિણ ભારતના પશ્ચિમ ભાગમાં જઈ ઉત્તર તરફ વળતાં એ મહારાષ્ટ્રમાં આવ્યો અને ત્યાંથી એ નર્મદા નદી ઓળંગીને ભરુકચ્છ(ભરૂચ)માં આવ્યો (લગભગ ઈ.સ. ૬૪૦). અહીં માળવા, વડાલી, ખેડા, વલભી, આનંદપુર અને સુરાષ્ટ્રની મુલાકાત લઈ એ ત્યાંથી ગુર્જર, ઉજ્જન વગેરે થઈને સિંધ થઈ પાછો પૂર્વ ભારત ગયો ને ત્યાંથી ૧૬ વર્ષે ચીન પાછો ફર્યો (ઈ.સ. ૬૪૫). આ પ્રવાસ દરમ્યાન એણે ઘણાં પાટનગરો ને બૌદ્ધ વિહારોની મુલાકાતો લીધી. જે જે પ્રદેશમાં ગયો તે તે પ્રદેશનાં લોકો, આબોહવા, જમીન, ધાર્મિક પરિસ્થિતિ વગેરેની રસપ્રદ માહિતી એણે એના પ્રવાસગ્રંથ 'સિયુકી'માં નોંધી છે.[2] એમાં એ ગુજરાતના પ્રદેશો વિશે નીચેની માહિતી આપે છે :

### ભરુકચ્છ (પો–લુ–ક–છે–પો)[3]

આ રાજ્યનો ઘેરાવો ૨૪૦૦ થી ૨૫૦૦ લી[4] અને રાજધાનીનો ઘેરાવો ૨૦ લી છે. જમીન ખારાશવાળી છે. વૃક્ષો અને છોડો બહુ ઓછા અને છૂટા-છવાયા છે. તેઓ (લોકો) સમુદ્રના પાણીને ઉકાળીને મીઠું પેદા કરે છે અને

તેઓનો બધો વકરો સાગરમાંથી રહેલો છે. આબોહવા ગરમ છે. હવા હમેશાં પવનના સપાટાથી વ્યસ્ત હોય છે. તેઓ(લોકો)ની રીતભાત ઉષ્માહીન અને ઉદાસીન છે. લોકોની મનોવૃત્તિ કુટિલ અને વક્ર છે. તેઓ વિદ્યાભ્યાસ કેળવતા નથી, ભ્રમ તથા સદ્ધર્મને સરખા વરેલા છે. અહીં દસેક સંઘારામ છે, જેઓમાં લગભગ ૩૦૦ ભિક્ષુ રહે છે. તેઓ મહાયાનના અને સ્થવિર નિકાયના છે. લગભગ દસ દેવમંદિર પણ છે, જેઓમાં જુદા જુદા સંપ્રદાયોના અનુયાયી એકત્ર થાય છે.

અહીંથી ઉત્તરપશ્ચિમ (વાયવ્ય)[૫] લગભગ ૨૦૦૦ લી જતાં માલવ આવે છે.

**માલવ(મો-લો-પો)[૬]**

આ દેશનો ઘેરાવો લગભગ ૬૦૦૦ લી અને એના પાટનગરનો ઘેરાવો લગભગ ૩૦ લી છે. એ (પાટનગર) દક્ષિણ તથા પૂર્વ દિશાએ મહી નદીથી રક્ષિત છે. જમીન સમૃદ્ધ અને ફળદ્રુપ છે ને એમાં પુષ્કળ અનાજ પાકે છે. છોડો અને વૃક્ષો સંખ્યાબંધ અને આબાદ સ્થિતિમાં છે. ફળ-ફૂલ પુષ્કળ પ્રમાણમાં મળે છે. જમીન શિયાળુ ઘઉં માટે ખાસ અનુકૂળ છે. તેઓ (લોકો) મોટે ભાગે પૂરી અને શેકેલો અનાજનો લોટ ખાય છે. તેઓ સદાચારી અને વિનયી સ્વભાવના છે અને સામાન્ય રીતે અજબ બુદ્ધિમત્તા ધરાવે છે. તેઓની ભાષા સુઘડ અને સ્પષ્ટ છે તથા તેઓની વિદ્વત્તા વિશાળ અને ઊંડી છે.

ભારતવર્ષની સીમા પર આવેલા બે દેશ લોકોની મહાન વિદ્વત્તા માટે પ્રખ્યાત છે : દક્ષિણપશ્ચિમમાં માલવ અને ઉત્તરપૂર્વમાં મગધ.[૭] આ દેશોમાં તેઓ સદ્ગુણો અને વિનય માટે આદરભાવ ધરાવે છે. તેઓ બુદ્ધિશાળી મનના અને અતિશય ઉદ્યમી છે, છતાં આ દેશના માણસો સદ્ધર્મ તેમજ પાખંડી ધર્મ તરફ વળેલા છે, અને તેથી સાથે રહે છે. ત્યાં ૧૦૦ જેટલા સંઘારામ છે, જેઓમાં ૨૦૦૦ જેટલા શ્રમણ વસે છે. તેઓ હીનયાનના છે ને સમ્મતીય નિકાયના છે. ત્યાં જુદા જુદા પ્રકારનાં ૧૦૦ દેવમંદિર છે. પાખંડીઓ ઘણી મોટી સંખ્યામાં છે, પણ તેઓમાં મોટા ભાગના પાશુપત છે.

આ દેશની નોંધ જણાવે છે : આજથી ૬૦ વર્ષ પૂર્વે શીલાદિત્ય થયો, જે પરમ જ્ઞાની અને મોટો વિદ્વાન હતો. સાહિત્યમાં એની બુદ્ધિ અગાધ હતી. ચારેય પ્રકારના ભૂતોનું[૮] એ પાલન અને રક્ષણ કરતો હતો. એ ત્રિરત્નને[૯] અગાધ માન આપતો હતો. એના જન્મથી મૃત્યુ સુધીના સમયમાં ક્યારેય એનું મુખ ગુસ્સાથી લાલચોળ થયું નહોતું કે એના હાથથી જીવંત પ્રાણીને નુકસાન

થયું નહોતું. એના ગજો અને અશ્વોને ગાળેલું પાણી પાવામાં આવતું, જેથી પાણીમાંના કોઈ જીવને ઈજા ન થાય. આવાં હતાં એનાં પ્રેમ અને કરુણા. પચાસ કે એનાથી વધુ વર્ષના એના રાજ્યકાલ દરમ્યાન જંગલી પ્રાણીઓ માનવોના પરિચયમાં આવ્યાં હતાં અને માનવો તેઓની ઈજા કરતા નહિ કે તેઓની હત્યા કરતા નહિ. એના રાજમહેલની બાજુએ એણે વિહાર બંધાવ્યો હતો. (એમાં) એના કારીગરોનું તમામ કૌશલ ઠાલવ્યું હતું અને એને અલંકૃત કરવામાં દરેક પ્રકારનું અલંકરણ વાપર્યું હતું. એમાં એણે લોકનાથ એવા સાત બુદ્ધોની પ્રતિમાઓ સ્થાપી હતી. દર વર્ષે એ મોક્ષમહાપરિષદ નામે પરિષદ ભરતો, અને એમાં ચારેય દિશાઓના ભિક્ષુઓને બોલાવતો. ધાર્મિક દાનમાં એ તેઓને ચાર વસ્તુ આપતો; એ તેઓને ધાર્મિક ઉપાસનામાં વપરાયેલાં ત્રણ ચીવર પણ આપતો અને અદ્દ્ભુત વૈવિધ્યની સાત કિંમતી વસ્તુઓ અને રત્નો પણ એ તેઓને ભેટ આપતો. આ પુણ્યપ્રદ રિવાજ અવિચ્છિન્ન રીતે અદ્યપર્યંત ચાલુ રહેલો છે.

પાટનગરની ઉત્તરપશ્ચિમે લગભગ ૨૦૦ લીએ બ્રાહ્મણપુર આવે છે. એની એક બાજુએ પોલી ખાઈ છે. એમાંથી દરેક ઋતુમાં એક ઝરણું સતત વહેતું હતું; જોકે કેટલાય દિવસોથી આ વહેતું પાણી જથ્થામાં હજુ વધ્યું નથી. એની એક બાજુએ એક નાનો સ્તૂપ આવેલો છે. દેશની જૂની અનુશ્રુતિ જણાવે છે: પહેલાંના સમયમાં ગરમ સ્વભાવનો એક માનવી એમાં જીવતો પડીને નરકમાં ગયો હતો. પહેલાંના સમયમાં આ ગામમાં એક બ્રાહ્મણ રહેતો હતો, જે પોતાનાં જ્ઞાન અને અનુભવને કારણે એ જમાનાના માણસોમાં પ્રતિષ્ઠિત ગણાતો હતો. એણે પાખંડીઓ અને બૌદ્ધોના ગુપ્તથી ગુપ્ત અને ગૂઢથી ગૂઢ સિદ્ધાંતોનો અભ્યાસ કર્યો હતો. એના હાથમાં જ હોય તેમ જ્યોતિષશાસ્ત્રની ગણતરીનો પણ એને સારો મહાવરો હતો. એની કીર્તિ દૂર દૂર સુધી ફેલાયેલી હતી અને એની વર્તણૂક નિષ્કલંક હતી. રાજા એને બહુ માન આપતો અને રાજ્યની પ્રજાએ પણ એને માટે બહુ કર્યું હતું. એને હજારો શિષ્ય હતા, જે એના સિદ્ધાંતોને વખાણતા હતા અને એના ચારિત્ર્યને માન આપતા હતા. એ હમેશાં પોતાના વિશે કહેતો: 'હું પવિત્ર સિદ્ધાંતોના પ્રચાર માટે અને લોકોને માર્ગદર્શન આપવા માટે આ વિશ્વમાં આવ્યો છું. પહેલાં થયેલા મહાત્માઓમાં અને તેઓ પછી જ્ઞાન પામેલા મહાત્માઓમાં કોઈ મારી સરખામણીમાં આવે એમ નથી. મહેશ્વરદેવ, વાસુદેવ, નારાયણદેવ, અને બુદ્ધલોકનાથ વગેરે બધે પૂજાય છે અને એમના સિદ્ધાંત દૂર દૂરના પ્રદેશોમાં ફેલાયા છે. એમની પ્રતિમાઓની લોકો પૂજા

કરે છે અને તેઓને માન આપે છે, પણ હવે તેઓ કરતાં ચારિત્ર્યમાં હું મહાન છું અને મારી કીર્તિ તેઓ બધાં કરતાં વિશેષ વિસ્તરેલી છે. તેઓએ નવાઈ પમાડે તેવી વસ્તુ કરી નથી, તો શા માટે તેઓ વિખ્યાત બન્યા હશે?'

એવું માનીને મહેશ્વરદેવ, વાસુદેવ, નારાયણદેવ અને બુદ્ધલોકનાથની લાલ ચંદનની એણે મૂર્તિઓ બનાવી અને એને ખુરશીના પાયાઓ તરીકે જડી, અને એવો નિયમ કર્યો કે પોતે જ્યાં જાય ત્યાં પેલી ખુરશી પોતાની સાથે લઈ જતો ને પોતાનો ગર્વ તથા મિથ્યાભિમાન બતાવતો.

આ જ દિવસોમાં પશ્ચિમ ભારતમાં ભિક્ષુક ભદ્રરુચિ રહેતો હતો. એણે હેતુવિદ્યાનો પૂર્ણ અભ્યાસ કર્યો હતો. જુદા જુદા અભ્યાસક્રમોમાં ઊંડું સંશોધન કર્યું હતું. એની વધારે પ્રતિષ્ઠા હતી. એની ભલાઈની સુવાસ દરેક દિશામાં ફેલાઈ હતી. એની જરૂરિયાતો થોડી હતી અને એ પોતાના ભાગ્યથી સંતુષ્ટ હતો. આ જગતમાં કશી વસ્તુની એને જરૂર ન હતી. આ બ્રાહ્મણની વાત સાંભળી એને બહુ ખેદ થયો. એણે કહ્યું: 'આ દુઃખની વાત છે કે આ સમયે કોઈ એવો પુરુષ નથી, જેથી આ મૂર્ખને આ પ્રકારનું કાર્ય કરવાની હિંમત આવી છે, અને એથી એ સદ્ગુણોનો અનાદર કરી રહ્યો છે.'

આમ કહીને એણે પોતાનો દંડ ઉઠાવ્યો અને બહુ દૂરની યાત્રા કરતો એ આ દેશમાં આવ્યો. એના મનમાં જે વાસના હતી તેનાથી પીડાતો એ રાજા પાસે ગયો. રાજાએ એનાં ફાટેલાં અને મેલાં વસ્ત્ર જોઈ એના તરફ પૂજ્યભાવ બતાવ્યો નહિ તોપણ એની ઉચ્ચ મહત્ત્વાકાંક્ષા પર ધ્યાન આપવાથી રાજાને વિવશ થઈને એનો (ભિક્ષુનો) આદર કરવો પડ્યો અને એને માટે શાસ્ત્રાર્થની ગોઠવણ કરી રાજાએ બ્રાહ્મણને બોલાવ્યો. બ્રાહ્મણે આ સમાચાર સાંભળી એના પર હસતાં કહ્યું: 'આ કેવો માણસ છે કે જેણે પોતાના મનમાં આવો વિચાર લાવવાનું સાહસ કર્યું!'

એના શિષ્યો તથા હજારો શ્રોતાઓ સભાભવનમાં આગળ પાછળ શાસ્ત્રાર્થ સાંભળવા માટે એકઠા થયા. જમીન પર ઘાસ પાથરી પોતાનાં જૂનાં અને ફાટેલાં વસ્ત્ર સાથે ભદ્રરુચિ બેસી ગયો, પરંતુ બ્રાહ્મણ પોતાની સાથે જે ખુરશી લાવ્યો હતો તેના પર બેઠો અને સદ્ધર્મની નિંદા અને પાખંડીઓના સિદ્ધાંતોની પ્રશંસા કરવા લાગ્યો.

ભિક્ષુએ સ્પષ્ટ ભેદભાવની સાથે એની (બ્રાહ્મણની) યુક્તિઓને વ્યવસ્થિત રીતે ઘેરી લીધી. થોડી વારમાં બ્રાહ્મણ શરણે આવ્યો અને એણે પોતાની હાર સ્વીકારી લીધી.

રાજાએ જવાબ આપતાં કહ્યું: 'ઘણા દિવસોથી તમારી ખોટી પ્રતિષ્ઠા થતી રહી છે. તમે રાજાને છેતર્યા છે અને પ્રજાને પણ ભ્રમમાં રાખી છે. અમારી અહીંની જૂની પ્રથા પ્રમાણે જે કોઈ શાસ્ત્રાર્થમાં હારે છે તેને મોતની સજા કરવામાં આવે છે.' એમ કહીને એણે આજ્ઞા આપી કે 'લોઢાનો તવો ગરમ કરો અને એના પર આને (બ્રાહ્મણને) બેસાડો.' આ આજ્ઞાથી ભયભીત થઈ બ્રાહ્મણ એનાં ચરણોમાં પડ્યો અને ક્ષમાની પ્રાર્થના કરી.

આ સમયે બ્રાહ્મણ પર દયા લાવી ભદ્રરુચિ રાજા પાસે જઈ કહેવા લાગ્યો: 'મહારાજ! આપના સદ્ગુણો દૂર સુધી ફેલાયા છે, આપની કીર્તિ દિગંતવ્યાપી છે. કૃપા કરીને આપ આપના પુણ્યની વધુ અભિવૃદ્ધિ કરવા માટે આ માણસને બચાવો. આપના મનમાં ઘાતકી વિચારોને સ્થાન ન આપો.' ત્યારે રાજાએ આજ્ઞા આપી કે 'આ માણસને ગધેડા પર બેસાડીને બધાં ગામો અને નગરોમાં ફેરવો.''

બ્રાહ્મણ પોતાના પરાજયથી એટલો દુ:ખી થઈ ગયો હતો કે એને લોહીની ઊલટી થઈ. એની આ દશાના સમાચાર જાણી એને આશ્વાસન આપવા ભિક્ષુક એની પાસે ગયો અને કહેવા લાગ્યો: 'આપની વિદ્વત્તા બહુ છે. આપે પુનિત અને અપુનિત બંને સિદ્ધાંતોનું મનન કર્યું છે. આપની કીર્તિ બધી બાજુએ ફેલાયેલી છે. હાર–જીત અને પ્રતિષ્ઠા–અપ્રતિષ્ઠા તો થયા જ કરે છે અને એ પછી કીર્તિમાં શું સત્ય છે?' બ્રાહ્મણ ભિક્ષુના શબ્દ સાંભળી ગુસ્સે થઈ ગયો અને ભિક્ષુને ગાળો ભાંડવા લાગ્યો. એણે (બ્રાહ્મણે) મહાયાન સંપ્રદાયની સાથે પ્રાચીન પવિત્ર પુરુષોને પણ અપશબ્દોથી અપમાનિત કર્યા, પરંતુ એના શબ્દો પૂરા થતાં પહેલાં પૃથ્વી ફાટી અને એ જીવતો અંદર ચાલ્યો ગયો. આ કારણથી એની નિશાની ખાઈમાં હજુ સુધી છે.

અહીંથી દક્ષિણ-પશ્ચિમ જતાં સમુદ્રની ખાડી કે (સમુદ્રોનો સંગમ)[૧૦] આવે છે અને ત્યાંથી ૨૪૦૦ થી ૨૫૦૦ લી ઉત્તરપશ્ચિમે અટલીનું રાજ્ય આવે છે

**વડાલી (અ-ટ-લી કે ઓ-ટ-લી)[૧૧]**

આ દેશનો ઘેરાવો લગભગ ૬૦૦૦ લી અને દેશના પાટનગરનો ઘેરાવો લગભગ ૨૦ લી છે. વસ્તી ગીચ છે. અહીં ભરી રખાતાં રત્નો તથા કિંમતી પદાર્થો ઘણી ઊંચી જાતનાં હોય છે. જરૂરિયાતો ભૂમિની બધી પેદાશ માટે પૂરતી છે તોપણ લોકોનો મુખ્ય વ્યવસાય વેપાર છે. જમીન ખારી અને રેતાળ છે. ફળ–ફૂલ બહુ થતાં નથી. આ દેશમાં હુત્સિઅન (?) વૃક્ષ બહુ થાય છે. આ વૃક્ષનાં પાન ઝુએન (?) પીપરનાં પાન જેવાં થાય છે. અહીં 'હિઉન-લુ' સુગંધી

વૃક્ષ પણ થાય છે, જેનાં પાન 'થંગ-લી'(?)ના જેવાં થાય છે. આબોહવા ગરમ પવનવાળી અને ધૂળવાળી છે. લોકોની મનોવૃત્તિ ઉષ્મારહિત અને ઉદાસીન છે. તેઓ ધનનો આદર અને ધર્મનો અનાદર કરે છે. અહીંના લોકોની વિદ્યા, ભાષા, રીતભાત અને આકૃતિ માલવ દેશના લોકોના જેવી છે. મોટા ભાગના લોકોને પુણ્યના સુકૃત્યમાં શ્રદ્ધા નથી. જેઓ શ્રદ્ધા ધરાવે છે તેઓ મુખ્યત્વે સ્વર્ગીય દેવતાઓની ઉપાસના કરે છે. તેઓનાં મંદિર સંખ્યામાં હજારો છે, જેઓમાં જુદા જુદા મત(સંપ્રદાય)ના લોક એકત્ર થાય છે.

માલવદેશની ઉત્તરપશ્ચિમ જતાં ૩૦૦ થી વધુ લી વટાવતાં ખેટ દેશ આવે છે.[૧૨]

**ખેટ (કિ-ટ)[૧૩]**

આ દેશનો ઘેરાવો લગભગ ૩૦૦૦ લી અને પાટનગરનો ઘેરાવો ૨૦ લી છે. વસ્તી ગીચ છે. ઘરો પૈસાદાર છે. તેઓમાં રાજા નથી; આ પ્રદેશ માલવને તાબે છે. આબોહવા, જમીનની પેદાશ અને લોકોની રીતભાત બંને દેશોમાં ઘણી સરખી છે. અહીં દસેક સંઘારામ છે, તેઓમાં લગભગ ૧૦૦૦ ભિક્ષુ છે, જેઓ મહાયાન તેમજ હીનયાનનો સરખો અભ્યાસ કરે છે. અહીં પચીસ-પચાસ દેવ-મંદિર પણ છે, જેઓમાં ઘણા બધા પાખંડી હોય છે.

અહીંથી ઉત્તર દિશામાં લગભગ ૧૦૦૦ લી જતાં વલભી આવે છે.[૧૪]

**વલભી (ફ-લ-પી)[૧૫]**

આ દેશનો ઘેરાવો લગભગ ૬૦૦૦ લી[૧૬] અને રાજધાનીનો ઘેરાવો લગભગ ૩૦ લી છે. જમીનનો પ્રકાર, આબોહવા અને લોકોની રીતભાત વગેરે માલવના રાજ્યનાં જેવાં જ છે. વસ્તી ઘણી ગીચ છે. ઘરો પૈસાદાર છે. સોએક ઘર તો એવાં છે કે જે કરોડપતિ છે. દૂર દૂરના પ્રદેશોમાંની વિરલ અને કિંમતી વસ્તુઓ અહીં ખૂબ પ્રમાણમાં ભેગી કરવામાં આવે છે. અહીં સોએક સંઘારામ છે, જેઓમાં લગભગ ૬૦૦૦ ભિક્ષુ રહે છે. તેઓમાં મોટા ભાગના સમ્મતીય નિકાય પ્રમાણે હીનયાનને અનુસરે છે. અહીં સેંકડો દેવમંદિર છે, જેઓમાં જુદા જુદા સંપ્રદાયના ઘણા બધા અનુયાયી હોય છે.

જ્યારે તથાગત જગતમાં રહેતા હતા ત્યારે ઘણી વખત આ દેશમાં વિહાર કરતા હતા, એ કારણથી અશોકરાજે જ્યાં જ્યાં બુદ્ધ રહ્યા હતા તે તમામ સ્થળોએ સ્મારક કરાવ્યાં છે કે સ્તૂપ બંધાવ્યા છે. આમાં આમતેમ કેટલાંક એવાં

સ્થાન આવેલાં છે કે જ્યાં ત્રણ અતીત બુદ્ધ બેઠેલા, ચાલેલા કે તેઓએ ધર્મોપદેશ કરેલો. જેવી રીતે બધા રાજા હોય છે તેમ હાલનો રાજા ક્ષત્રિય જાતિનો છે. એ માલવના શીલાદિત્ય રાજનો[17] ભત્રીજો તથા કાન્યકુબ્જના હાલના રાજા શીલાદિત્યનો[18] જમાઈ છે. એનું નામ ધ્રુવપટ (તુ–લુ–હો–પો–તુ)[19] છે. આ રાજા ચપળ અને ઉતાવળિયા સ્વભાવનો છે. એનાં જ્ઞાન અને મુત્સદ્દીગીરી છીછરાં છે. એ છેક થોડા સમયથી રત્નત્રયીમાં અનુરક્ત થયો છે. એ દરેક વર્ષે એક મોટી પરિષદ ભરે છે ને સાત દિવસ સુધી અતિ મૂલ્યવાન રત્નો અને ઉત્તમ ભોજન આપી દે છે, ને ભિક્ષુઓને ત્રણ ચીવર અને ઔષધોનું કે એના મૂલ્યની બીજી વસ્તુઓનું તથા સાત પ્રકારનાં વિરલ અને કિંમતી રત્નોના બનેલા મૂલ્યવાન પદાર્થોનું દાન કરે છે. આ દાનમાં આપીને એ બમણી કિંમતે પાછું રાખી લે છે. એ સદાચારને સંમાને છે ને સજ્જનોને આદર આપે છે. એ બહુશ્રુત જનોને માન આપે છે. દૂરના પ્રદેશોમાંથી આવતા મહાન ભિક્ષુઓને એ ખાસ આદરભાવથી સંમાને છે.

નગરથી થોડે દૂર એક મોટો સંઘારામ છે, જે અચલે (ઓ–ચે–લો એ) બનાવરાવેલો.[20] આ સંઘારામમાં બોધિસત્ત્વ ગુણમતિ અને સ્થિરમતિએ વિહાર કરતાં કરતાં કેટલાક દિવસો સુધી વાસ કર્યો હતો અને ઉત્તમ ગ્રંથોની રચના કરી હતી કે જે ઘણી ખ્યાતિ પામ્યા છે.

અહીંથી ઉત્તરપશ્ચિમ લગભગ ૭૦૦ લીના અંતરે આનંદપુર આવે છે.[21]

**આનંદપુર (ઓ–નં–તો–પુ–લો)**[22]

આ દેશનો ઘેરાવો લગભગ ૨૦૦૦ લી અને પાટનગરનો ઘેરાવો લગભગ ૨૦ લી છે. વસ્તી ગીચ છે; ઘરો પૈસાદાર છે. અહીં કોઈ રાજા નથી, પણ આ દેશ માલવને તાબે છે. અહીંની પેદાશ, આબોહવા, સાહિત્ય, કાયદા વગેરે માલવનાં જેવાં છે. અહીં દસેક સંઘારામ છે, જેઓમાં ૧૦૦૦ થી ઓછા ભિક્ષુ રહે છે. તેઓ સમ્મતીય નિકાય મુજબ હીનયાનને અનુસરે છે. અહીં પચીસ-પચાસ દેવમંદિર છે, જેઓમાં જુદા જુદા સંપ્રદાયના અનુયાયી આવ્યા કરે છે.

વલભીથી લગભગ ૫૦૦ લી પશ્ચિમ દિશામાં જતાં સુરાષ્ટ્ર આવે છે.[23]

**સુરઠ (સુ–લ–ચ)**[24]

આ રાજ્યનો ઘેરાવો ૪૦૦૦ લી અને પાટનગરનો[25] ઘેરાવો ૩૦ લી છે. મુખ્ય નગરની પશ્ચિમ સીમા પર મહી[26] નદી વહે છે. વસ્તી ગીચ છે. અનેક ઘરો પૈસાદાર છે. દેશ વલભીને તાબે છે. જમીન ખારાશવાળી છે; ફળ–ફૂલ થોડાં

થાય છે. આબોહવા સમ છે, છતાં વાવાઝોડાં બંધ રહેતાં નથી. લોકોની રીતભાત તમા વિનાની અને ઉદાસીન છે. તેઓ હળવી અને ક્ષુલ્લક પ્રકૃતિના છે. તેઓને વિદ્યા તરફ પ્રીતિ નથી ને તેઓ સદ્ધર્મ તથા પાખંડ ધર્મને પણ અનુસરે છે. આ રાજ્યમાં પચાસેક સંઘારામ છે, જેઓમાં લગભગ ૩૦૦૦ ભિક્ષુ રહે છે. તેઓ મહાયાન સંપ્રદાયના સ્થવિર નિકાયને અનુસરે છે. અહીં સો જેટલાં દેવમંદિર છે, જે વિવિધ સંપ્રદાયના અનુયાયીઓનાં છે. આ દેશ પશ્ચિમ સમુદ્રના માર્ગમાં હોવાથી બધા માણસ સમુદ્રથી રોજી મેળવે છે ને વેપારધંધામાં બહુ રોકાયેલા રહે છે.

નગરથી થોડે દૂર ઉજ્જંત (યુહ-જેન-તો)[૨૭] નામનો પહાડ છે. એની ટોચે એક સંઘારામ આવેલો છે. પહાડ ગાઢ જંગલ અને જંગલી વૃક્ષોથી આચ્છાદિત છે અને એની ચારે બાજુ ઝરણાં વહે છે. અહીં સંતસાધુઓ ભમે છે ને રહે છે. આધ્યાત્મિક શક્તિ સંપન્ન કરેલા ઋષિઓ અહીં એકઠા થાય છે અને રહે છે.

વલભી દેશથી લગભગ ૧૮૦૦ લી ઉત્તર દિશામાં જતાં ગુર્જર રાજ્ય[૨૮] આવે છે.

## પાદટીપો

૧. પ્રવાસીના મૂળ ચીની નામનાં અંગ્રેજીમાં જુદાં જુદાં રૂપાંતર પ્રયોજાયેલાં છે, એમાં 'હ્યુએન સ્યંગ' રૂપ સહુથી વધુ પ્રચલિત છે, પરંતુ આ રૂપાંતરોમાં આદ્ય 'H' તો અનુચ્ચરિત છે. મૂળ ચીની નામનું સહુથી વાસ્તવિક રૂપાંતર 'યુઅન ચ્વાંગ' છે (T. W. Rhys Davids, "Yuan Chwāng or Hieuen Thsang?" *On Yuan Chwang's Travels in India*, pp. XI-XIII)

૨. એનો જુલિયને ફ્રેન્ચમાં (૧૮૫૭) અને બીલે અંગ્રેજીમાં (૧૮૮૪) અનુવાદ કર્યો છે. યુઈ લિહે લખેલા એ પ્રવાસીના 'જીવન'નોય અંગ્રેજીમાં (૧૮૮૪) અનુવાદ થયો છે. ટૉમસ વૉટર્સે સુધારેલો 'સિયુકી'નો સંક્ષિપ્ત અનુવાદ વિસ્તૃત વિવેચન સાથે ૧૯૦૪માં પ્રકાશિત થયો છે. ગુજરાતના પ્રદેશોને લગતી નોંધ 'સિયુકી'નાં ૧૨ પ્રકરણો પૈકી ૧૧મા પ્રકરણમાં આવે છે.

૩. ભરુકચ્છ = ભરૂચ (ગ્રંથ ૧, પૃ. ૩૪૩). Hiuen Tsiang, *Buddhist Records of the Western World* (Eng. trans. by S. Beal), Vol. II, pp. 259 f.; Watters, *On Yuan Chwang's Travels in India*, p. 241

૪. 'લી' એ ચીની માપ છે. ૧ લી = ૧/૫ કે ૧/૬ માઈલ અર્થાત્ ૧/૩ થી ૧/૪ કિ.મી. જેટલું અંતર થાય.

૫. માળવાનો પ્રદેશ ખરી રીતે ભરૂચથી ઉત્તરપૂર્વે (ઈશાને) આવેલો છે. આથી પ્રવાસી ભરૂચથી શરૂઆતમાં ઉત્તરપશ્ચિમ દિશામાં મહી નદીના મુખ તરફ જઈને પછી ત્યાંથી ઉત્તરપૂર્વ તરફ વળ્યો હશે.

૬. *Records*, Vol. II, pp. 260 ff.; Watters, *op. cit.*, Vol. II, pp. 242 f. હાંસિયાની નોંધમાં આ દેશનું બીજું નામ 'દક્ષિણ લો' અથવા 'દક્ષિણ લો–લો' (લાટ) નોંધવામાં આવ્યું છે.

આ દેશ (કે એનું પાટનગર) મહા (કે મહી) નદીની દક્ષિણપૂર્વે આવેલ હોવાનું જણાવ્યું છે. પ્રવાસીએ માલવદેશના પાટનગરનું નામ આપ્યું નથી. બીલ એ ડુંગરપુર (p. 260) અને કનિંગહમ ધાર(*A. G. I.*, p. 562) હોવાનું ધારે છે, પરંતુ એ સમયના અભિલેખો પરથી માલવનું પાટનગર ત્યારે દશપુર હોવાનું માલૂમ પડે છે (હરિપ્રસાદ શાસ્ત્રી, 'યુઅન સ્વાંગે વર્ણવેલું ગુજરાત', "ઇતિહાસ સંમેલન નિબંધસંગ્રહ", પૃ. ૭૧; મૈ.ગુ., ભા. ૧, પૃ. ૨૦૧)

૭. આ વિધાન મૂળમાં મગધ અને માલવની વચ્ચે રહેતા કોઈએ કર્યું હશે, કેમકે મગધને નહિતો હંમેશાં મધ્યદેશમાં જણાવતા, ઉત્તરપૂર્વમાં નહિ (Watters, *op. cit.*, Vol. II, p. 242).

૮. યોનિજ, અણ્ડજ, સ્વેદજ અને ઉદ્ભિજ્જ ૯. બુદ્ધ, ધર્મ અને સંઘ

૧૦. ખંભાતનો અખાત (Cunnigham, *A. G. I.*, p. 566). ત્યારે ખંભાત નહોતું, નગરક (નગરા) હતું.

૧૧. *Records*, Vol. II, p. 265; Watters, *op. cit.*, Vol. II, pp. 243 ff. 'અટલી' કે 'ઓટલી'ને કનિંગહમે વિ. સં. ૧૦૯૯ના વસંતગઢ લેખમાં આવતું વદરી અને વદરીને હાલનું ઈડર માન્યું છે (*A. G. I.*, pp. 566 f.), જ્યારે *Bombay Gazetteer* ના Vol. V માં એને ઈડરની ઉત્તરે આવેલું વડાલી માનવમાં આવ્યું છે (p. 442). વડાલીના વિ. સં. ૧૨૭૫ના લેખમાં એનું સંસ્કૃત નામ वाटपल्ली આપ્યું છે (મૈ.ગુ., ભા. ૧, પૃ. ૧૯૮, પા. ટી. ૧૦૭).

૧૨. 'જીવન'માં અટલીથી આ દેશનો પ્રવાસ ત્રણ દિવસનો બતાવ્યો છે, પરંતુ 'સિયુકી'માં જણાવ્યા મુજબ એ અંતર માલવથી હોવું જોઈએ, જે યુઅન શ્વાંગ માટે ૩૦૦ લી બરાબર માનવામાં આવે છે. દિશા દક્ષિણ–પશ્ચિમને બદલે ઉત્તરપશ્ચિમ આપી છે, તેથી એ પ્રયાણ-સમયની દિશા સૂચવે છે.

૧૩. *Records*, Vol. II, p. 266; Watters, *op. cit.*, Vol. II, p. 245. મૂળ નામ 'કી–ચ' કે 'કિ-ટ' છે. જુલિયન, બીલ અને વૉટર્સ કી-ચને કચ્છ માને છે, જ્યારે કનિંગહમ કિ-ટને ખેડા માને છે (*A. G. I.*, p. 564).

પ્રવાસીએ આપેલી વસ્તી, સમૃદ્ધિ, આબોહવા, પેદાશ વગેરેની વિગતો પરથી અહીં ખેટક (ખેડા) વધારે બંધ બેસે છે (મૈ.ગુ., ભા. ૧, પૃ. ૧૮૫, પા. ટી. ૮૩).

૧૪. પ્રવાસી ખેડાથી થોડે દૂર ઉત્તરમાં જઈ ત્યાંથી પશ્ચિમે ગોળ ફરતો ફરતો દક્ષિણમાં આવ્યો હશે ને આથી એનો માર્ગ બમણો લાંબો થયો હશે (હ. ગં. શાસ્ત્રી, 'યુઅન શ્વાંગે વર્ણવેલું ગુજરાત', ઉપર્યુક્ત, પૃ. ૭૨)

૧૫. *Records*, Vol. II, pp. 266 ff; Watters, *op. cit.*, Vol II, pp. 246 f. હાંસિયાની નોંધમાં આ પ્રદેશને 'ઉત્તર લો-લો (લાટ)' કહ્યો છે. ત્યારે લાટમાં સૌરાષ્ટ્રનો પણ સમાવેશ થતો.

૧૬. અહીં વલભીદેશમાં સુરાષ્ટ્ર તથા ખેટકનો સમાવેશ થતો હોવાનું ઉદ્દિષ્ટ છે (હરિપ્રસાદ શાસ્ત્રી, ઉપર્યુક્ત, પૃ. ૭૩).

૧૭. અર્થાત્ મૈત્રક રાજા શીલાદિત્ય ૧ લાનો  ૧૮. અર્થાત્ ચક્રવર્તી હર્ષનો

૧૯. અર્થાત્ ધ્રુવસેન (૨ જો)

૨૦. અચલ પશ્ચિમ ભારતનો હતો ને એણે અજંતામાં પણ એક વિહાર બંધાવ્યો હતો. એમણે વલભી પાસે બંધાવેલો વિહાર તળાજાના ડુંગર પર આવ્યો હોવાનો સંભવ છે (મૈ.ગુ., ભા. ૨, પૃ. ૩૯૬).

૨૧. વલભીથી આનંદપુરનું અંતર બરાબર છે, પરંતુ એણે આગળ જતાં ઉત્તરપૂર્વ દિશા લીધી હશે.

૨૨. *Records*, Vol. II, p. 268; Watters, *op. cit.*, Vol. II, pp. 247 f. આનંદપુર એ હાલનું વડનગર છે (મૈ.ગુ., ભા. ૧, પૃ. ૨૦૯-૨૧૧).

૨૩. પ્રવાસી આનંદપુરથી વલભી પાછો આવ્યો લાગે છે. 'જીવન'માં દિશા પશ્ચિમને બદલે ઉત્તરપશ્ચિમ જણાવી છે, પણ એ બહુ તો થોડો વળાંક સૂચવી શકે.

૨૪. *Records*, Vol. II, pp. 264 f, Watters, *op. cit.*, Vol. II, pp. 248 f. सुरठ = सुरट्ठ = सुराष्ट्र. સૌરાષ્ટ્રને ત્યારે 'સુરાષ્ટ્ર' કહેતા.

૨૫. અર્થાત્ ગિરિનગર(જૂનાગઢ)નો

૨૬. સુવર્ણસિકતા (સોનરેખ) અભિપ્રેત હશે?

૨૭. ઊર્જયત્ (ગિરનાર)

૨૮. આ ગુર્જરદેશ ભિલ્લમાલની આસપાસનો પ્રદેશ છે, જે હાલના મારવાડમાં આવેલો હતો.

## પરિશિષ્ટ ૨

# ભીનમાલ

**વર્ણન**

ભીનમાલ, ઉત્તર અક્ષાંશ ૨૪° ૪૨' અને પૂર્વ રેખાંશ ૭૨° ૪', ઐતિહાસિક શ્રીમાલ, જે લગભગ છઠ્ઠી સદીથી નવમી સદી સુધી ગુર્જરોનું પાટનગર હતું તે, આબુ પર્વતની પશ્ચિમે લગભગ પચાસ માઈલ પર આવેલું છે. શહેરનું સ્થાન આબુની હારમાળાના છેલ્લા છૂટા શૈલની પશ્ચિમે લગભગ પંદર માઈલ દૂર આવેલા વિશાળ મેદાનમાં આવેલું છે. પૂર્વ બાજુએ, ડુંગરો અને ભીનમાલની વચ્ચે, એકબીજાથી લાંબે અંતરે આવેલાં થોડાં ગ્રામસ્થાનોને બાદ કરતાં, મેદાન મુખ્યત્વે ઊંટને પ્રિય એવાં પીલુ વૃક્ષોના ધ્વજ જેની ટોચ ઉપર દેખા દે છે તેવો કાંટા અને કેસિયાની ઝાડીવાળો ચરો છે. દક્ષિણે, પશ્ચિમે અને ઉત્તરે મેદાન સમતલ અને વેરાન છે, માત્ર પશ્ચિમ તરફ એ રેતાળ થતું જાય છે. મેદાનની સપાટીથી ૫૦૦ થી ૮૦૦ ફૂટ ઊંચે ડુંગરનાં થોડાં છૂટાંછવાયાં ચોસલાં છે, જેમાંના, શહેરથી પશ્ચિમે લગભગ એક માઈલના અંતરે આવેલા, એક શિખરની ટોચે ભીનમાલની શ્રી ચામુંડાનું મંદિર આવેલું છે. દૂરથી જોતાં હાલનું ભીનમાલ પ્રાચીન પાટનગરનું સ્થાન હોવાનો થોડો જ અણસાર દાખવે છે. એનાં ૧૫૦૦ ઘર એક કૃત્રિમ ટીંબાના આછા ઢોળાવ પર આવેલાં છે. એમનાં છાવણોની સપાટીનો ચાર જૈન મંદિરોનાં શિખરો વડે અને ટીંબાના દક્ષિણ છેડે આવેલી રાજ્યની ખંડેર કચેરી વડે ભંગ થાય છે. એની નજીક જ આવેલા પથ્થર જડેલા જૂના તળાવ અને કિલ્લાના ટીંબાઓની સંખ્યા તેમજ પરિમાણ પરથી અને ખોદનારાઓએ ઈંટો માટે વચ્ચે વચ્ચે પાડેલા ખાડાઓના વિશાળ વિસ્તાર પરથી લાગે છે કે હાલના ભીનમાલનું સ્થાન એક વખત મહાન અને વિસ્તૃત શહેરનું કેંદ્ર હતું. અંગ્રેજ વેપારી નિકોલસ ઉફ્લેટ ઈ. સ. ૧૬૧૧ જેટલા મોડા સમયે ઝાલોરથી અમદાવાદ સુધીની મુસાફરીમાં, એ કિલ્લાને ૩૬ માઈલ (૨૪

કોશ)નો ઘેરાવો ધરાવતો અને એમાં ખંડેર થવા માંડેલાં ઘણાં સુંદર તળાવ ધરાવતો વર્ણવે છે તેની લગભગ કોઈ નિશાની રહી નથી. કેટલાક જૂના દરવાજાઓનાં નામ આમ યાદ કરાય છે: ઉત્તરપૂર્વમાં સૂર્ય, દક્ષિણપૂર્વમાં શ્રીલક્ષ્મી, પશ્ચિમમાં સાંચોર અને ઉત્તરમાં ઝાલોર. અત્યારના શહેરથી પૂર્વે અને દક્ષિણપૂર્વે પાંચ થી છ માઈલ પર જૂના દરવાજા તરીકે સ્થાનો દર્શાવવામાં આવે છે તેઓનાં અંતર અને છૂટાપણા પરથી માનવું મુશ્કેલ છે. આ ખંડેર ટીંબાઓ બહારના ભાગનાં બાંધકામ કરતાં કંઈ વિશેષ હતાં, છતાં ઉફ્લેટનો પુરાવો સ્થાનિક સ્મૃતિને સાચી ઠરાવતો જણાય છે. આ બહારના દરવાજાઓ ઉપરાંત હાલના ભીનમાલના ટીંબાની તળેટીની આસપાસ એક નાની અને પછીના સમયની ભીંતનો અણસાર મળે છે. પૂર્વે અને પશ્ચિમે કિલ્લાની રેખા કડિયા-કામથી એટલી બધી સાફ થઈ ગઈ છે અને કદાચ રક્ષણની યોજના માટે તળાવના બાંધેલા કાંઠાઓની રેખા સાથે એટલી બધી ગૂંચવાઈ ગઈ છે કે તેઓના સ્થાન વિશેની બધી સ્થાનિક જાણકારી જતી રહી છે. સાંચોર દરવાજાથી શહેરની દક્ષિણમાં આવેલો ગુર્જર દરવાજો ખંડેર હોવા છતાં સુચિહ્નિત છે. ગુજરાત દરવાજાથી ટીંબાઓની એક રેખા દક્ષિણે અને પછી પશ્ચિમે પિપલદારાનાં ખંડેર, કદાચ પશ્ચિમ દરવાજા સુધી, ચીંધી શકાય. કોટની દીવાલ, પછી પાણીની નીકની આરપાર થઈને અને અંદર અર્થાત્ જૈકોપ–યક્ષ સરોવરના દક્ષિણપશ્ચિમ ખૂણાની ઉત્તરે આવેલી પાણીની નીકના પૂર્વ કાંઠાઓ પાસેથી પસાર થતી પૂર્વ તરફ વળી હોવાનું જણાય છે. આ ખૂણેથી એ જૈકોપના દક્ષિણ કિનારે ઝાલોર અથવા ઉત્તર દરવાજા તરફ પૂર્વ ભણી ગઈ. આ દરવાજો હજી સારો સચવાયેલો છે. એની અણીદાર કમાન એની બાંધણી મુસલમાન અથવા પછીના રાઠોડ કાલ(૧૭–૧૮ મી સદી)ની હશે એમ દર્શાવે છે. ઝાલોર દરવાજાથી દીવાલનો પાયો પૂર્વમાં કનકસેન અથવા કરાડા તળાવ તરફ જતો દર્શાવી શકાય. કરાડા તળાવથી ગુજરાત દરવાજા સુધીનો શહેરની પૂર્વ તરફનો વિસ્તાર, હાલનું ભીનમાલ બાંધવા ઈંટો માટે એટલો બધો ખોદાયો છે કે પૂર્વમાં આવેલા કરાડા તળાવથી દક્ષિણમાં આવેલા ગુજરાત દરવાજા સુધીની કિલ્લાની રેખાની કોઈ નિશાની રહી નથી.

પ્રાચીન શહેરના સંભવિત કેંદ્ર ૩૫, હાલના શહેરનું સ્થાન, એ ઉત્તરદક્ષિણે ¾ માઈલ જેટલો વિસ્તૃત અને મેદાનથી લગભગ ૨૦ થી ૩૦ ફૂટ ઊપસતો એક ટીંબો છે. લગભગ બધી બાજુઓએ એના સીમાડા કાં બગીચાની જમીનને અથવા રબારી અને ભીલોના વાડા અને નેસડાઓને આવરતી સારી બનાવેલી કાંટાની વાડી વડે રક્ષાયેલા છે. શેરીઓ સાંકડી અને વાંકીચૂંકી છે. ઘરો ત્રણ પ્રકારનાં

છે: (૧) મહાજનો અથવા વેપારીઓનાં તથા સાધનસંપન્ન બ્રાહ્મણો અને કારીગરોનાં માટીનાં સપાટ છાપરાવાળાં ઘર, જેનાં વાછંટિયાવાળાં બારણાં અને પ્રવેશદ્વાર લીંપેલાં છે, (૨) મોટા ભાગના કારીગરો અને માળીઓનાં તથા સુખી રબારીઓ અને ભીલોનાં તળિયાવાળાં ઢળતાં છાપરાવાળાં ઝૂંપડાં; અને (૩) મોટા ભાગના રબારીઓ અને ભીલોની તેમજ વધુ ગરીબ કારીગરો અને ખેડૂતોની ઘાસના પૂળાઓના છાવણવાળી મધપૂડા ઘાટની છાપરીઓ, ખાસ કરીને ઉત્તર-પશ્ચિમ અને પશ્ચિમમાં ઘરો બગીચાની જમીનમાં પહોળા પટ્ટાથી વેષ્ટિત છે. બીજા ભાગોમાં પાણી પાયેલા પાકના ભૂમિખંડ, જૂનાં તળાવોના ખુલ્લા કાંઠાઓ વડે અથવા કાંટા અને કેસિયાની ઝાડીઓથી છવાયેલા મેદાનની પટ્ટીઓ વડે અલગ પડેલા છે અથવા ઈંટો શોધનારાઓએ ત્રીકમ વડે કાણાં કાણાં કરેલાં જૂનાં મકાનોના ઢગલા વડે ખરબચડા કરેલા છે. પારસનાથનાં ચાર શિખરોવાળાં મંદિરો ઉપરાંત ખાસ એકમાત્ર અગ્રગણ્ય ઇમારત જૂની કચેરીની છે, જે શહેરના ટીંબાના સીધા દક્ષિણ છેક ટોચે આવેલો ખંડેરોનો ઢગલો છે.

**લોકો**

ભીનમાલની વસ્તીનાં ૧૪૦૦ ઘરોની વિગતો આ પ્રમાણે છે: મહાજનો ૪૭૫, ખાસ કરીને અનેક પેટાજ્ઞાતિઓના ઓસવાળ વણિકો; શ્રીમાળી બ્રાહ્મણો ૨૦૦; શેવકો ૩૫, સૂર્યના પૂજારી અને ઓસવાળોના પુરોહિત મગ બ્રાહ્મણો; સોનારો ૩૦; બાંધારો એટલે કે કાપડ છાપનારા ૩૫; કાસારો એટલે કંસારા ૪; ઘાંચીઓ ૩૦; માળીઓ ૨૫; કાઠિયા (કઠિયારા) ૧૨; ભાટો, જેમાં ૮૦ ગુણો અથવા અન્નવાહકો અને ૪૦ રાજભાટો અથવા બ્રાહ્મભાટો-(વહીવંચાઓ)નો સમાવેશ થાય છે તેઓનાં ૧૨૦; કુંભારો ૧૨; મુસલમાન કુંભારો ૪; રેહબારીઓ કે રબારીઓ ૭૦; શાધો કે ભિખારીઓ ૧૦; શામિયા અલિકો એટલે ભિખારીઓ કોટવાળ અને પંજારા મુસલમાનો ૧૫; લોહારો ૩; દરજીઓ ૧૨; નાઈઓ ૭; ભૂમિયા એટલે કે સોલંકી જાગીરદારો ૧૫; કવાસો ભૂમિયા નોકરો ૧૨; જાટો–ખેડૂતો ૨; દેશંત્રીઓ એટલે કે શનિવારે તેલ માગનારા ૧; અચારયો અથવા અંત્યેષ્ટિના બ્રાહ્મણ ૧; ઢોલીઓ–ઢોલ વગાડનારા ૧૨; પાત્રિઆ કે ધંધાદારીઓ અર્થાત્ નાચનારીઓ ૩૦; તુર્કી વોરા એટલે મેમણો ૨; વિશયતી મુસલમાનો અથવા તાળાં બનાવનારા ૧; રંગરેજો ૨; મોચીઓ ૩૦; કડિયા અથવા સલાવટો (સલાટો) ૬; ચુડીગરો મુસલમાન ચુડી–બનાવનરા ૨; જતિયા અથવા ચામડું કેળવનારા ૧૭; ખાટિકો અથવા

ચામડું કેળવનાર ખાટકી ૧; સર્ગરો, ભીલ સંદેશવાહકો ૧; ભીલો ૧૨૦; તીરગરો એટલે તીર બનાવનારા ૫; બોંબિયા–ચમારોના પુરોહિત ગોરાડા (ગરોડા) ૨; બોંબિયા, શબ્દાર્થે વણકરો, હવે ચમારો ૪૦; વાઘરિયાહીજડા ૧; મિરાશીઓ–મુસલમાન ઢોલીઓ, મહેતરો અથવા વાળનારા ૧.

**વસ્તુઓ–શહેરમાંની**

શહેરની અંદર જોવાલાયક વસ્તુઓ થોડી છે. પારસનાથનાં ચાર મંદિર કાં અર્વાચીન છે અથવા અર્વાચીન સમારકામથી ફેરફાર પામેલાં છે. શહેરની પૂર્વમાં આવેલા બરાગી અથવા વરાહના મંદિરની દક્ષિણે આવેલા આરામગૃહને સફેદ આરસના થાંભલા છે. તેઓના પર કોતરેલા અગિયારમી અને તેરમી સદીના અભિલેખ દર્શાવે છે કે દક્ષિણ દરવાજા અથવા અર્વાચીન ગુજરાત દરવાજાથી પૂર્વે આશરે ૮૦ વાર પર આવેલા ટીંબા પરના જગસ્વામી અથવા સૂર્યના ખંડિત મંદિરમાંથી આ થાંભલા આણેલા છે. શહેરના પશ્ચિમ ભાગમાં, જૂના મહાલક્ષ્મી મંદિરના વંડાની ભીંતને અડીને, સફેદ આરસના એક થાંભલાનો ભાગ પડેલો છે, તેના પર સં. ૧૩૪૨(ઈ. સ. ૧૨૮૬)નો અભિલેખ છે. આ થાંભલો પણ દેખીતી રીતે એ જ ખંડિત સૂર્યમંદિરમાંથી આણવામાં આવેલો છે. ટીંબાના દક્ષિણ છેડે કચેરીનાં ખંડેરોમાં માત્ર એક જ જોવાલાયક વસ્તુ છે. એ છે માતાનું એક નાનું મંદિર, જેમાં બે સર્પ માતાના આસનને ટેકવે છે અને એના ઉપર આધુનિક અક્ષરોમાં રાઠોડોની કુલદેવી 'નાગાણે' એવા શબ્દ કોતરેલા છે.

**વસ્તુઓ–આસપાસની**

ભીનમાલમાં જોવાલાયક મુખ્ય વસ્તુ શહેરની દક્ષિણે નજીકના ટીંબા પર આવેલું જીર્ણ સૂર્યમંદિર છે. આ મંદિર અને એના અભિલેખોની વિગતો નીચે આપવામાં આવી છે: સૂર્યમંદિરની પશ્ચિમે આશરે પચાસ વારના અંતરે ગુજરાત દરવાજા તરીકે ઓળખાતા દરવાજાના અવશેષ છે. આ આધુનિક નામ પરથી અને એની પાસે પડેલાં સૂર્યમંદિરનાં સફેદ સંગેમરમરનાં ચોસલાંઓ પરથી ઘણું સંભવિત છે કે દરવાજો મુસલમાન કાલ અથવા ૧૮ મી સદીના રાઠોડ કાલથી વધારે જૂનો નથી. દરવાજાની પશ્ચિમ બાજુની નજીક એ ઈંટેરી બાંધકામ સાથે મિશ્ર થયેલા ઘણા જૂના પથ્થરોવાળી ખારી વાવ છે. ગુજરાત દરવાજાની દક્ષિણે લગભગ એકસો વારને અંતરે ૧૬ × ૮ વાર લાંબાપહોળા અને ઢાલરૂપ પાળીની રોચવાળા નવ ફૂટ ઊંચા ઈંટેરી દીવાલના વંડામાં મહાદેવ નૌલખેશ્વરનું મંદિર

આવેલું છે. સં. ૧૮૦૦(ઈ. સ. ૧૭૪૪)નો અભિલેખ જણાવે છે કે આ વંડો એ નૌલાખેશ્વરના પ્રાચીન મંદિરનું સ્થાન દર્શાવે છે. નૌલાખેશ્વર મંદિરથી પૂર્વે આશરે ૫૦ વાર પર, આશરે ૧૨ ફૂટ ઊંચી ભીંતોવાળો લગભગ ૭૫ વાર ચોરસ ઈંટોનો વિશાળ વંડો છે અને એને તરંગાકાર કિનારવાળી મુસ્લિમ શૈલીનો અણીદાર કમાનવાળો દરવાજો છે. પ્રવેશતાં, ડાબી બાજુએ, જગતી પર મોટા હનુમાન છે અને ડાબી બાજુએ એનાથી આગળ ઘૂમટવાળાં મંદિરોમાં ગણપતિ અને માતા છે. દક્ષિણે થોડાં કદમ પર બ્રહ્મકુંડ છે. એની પશ્ચિમે અને ઉત્તરે સીધાં પગથિયાં છે, પૂર્વે અણઘડ પથ્થરો અને ઈંટોની દીવાલ છે અને દક્ષિણે એક ગોળ કૂવો છે. કુંડની દીવાલો અને પગથિયાં હિંદુ મંદિરોમાંથી અથવા કુંડનાં પૂર્વકાલીન સુશોભનોમાંથી લીધેલા પથ્થરો વડે સમરાવવામાં આવેલાં છે. એમાંનાં કેટલાંક પર માતાઓની સારી સમરાવેલી જૂની મૂર્તિઓ છે. કથા એવી છે કે સોમ, એક વૃત્તાંત પ્રમાણે સૂર્યમંદિરનો નિર્માતા, બીજા વૃત્તાંત પ્રમાણે શ્રીમાલનો પુનર્નિર્માતા, કોઢના નિવારણની શોધમાં ભટકતો શ્રીમાલના દક્ષિણ દરવાજે આવ્યો. ખસથી પીડાતો સોમનો કૂતરો અદશ્ય થયો અને થોડી જ વારમાં નીરોગી અને સ્વચ્છ થઈ ને આવ્યો. રાજા કૂતરાનાં પગલાં બ્રહ્મકુંડ તરફ જતાં જોઈને પોતે એમાં નાહ્યો અને રોગમુક્ત થયો. કૃતજ્ઞ ભાવે એણે કુંડને ફરતી પાકી દીવાલો ચણાવી. કુંડની દક્ષિણે જમણી બાજુએ ભોંયરામાં પાતાલેશ્વરનું લિંગ છે અને લિંગની દક્ષિણે ચંડીદેવીનું નાનું ઘૂમટવાળું મંદિર છે. ડાબી બાજુએ, નાના ઈંટેરી વંડાની પૂર્વ બાજુએ, રુદ્રાક્ષની માળાઓ વડે લટકાવેલું સર્પફણાવાળું ચંડેશ્વર નામે લિંગ છે. ચંડેશ્વરના મંદિરની આગળ એક નાનો કોતરેલો પથ્થર છે, જેના મથાળે ગાય ને વાછરડું છે અને જેમાં શ્રીમાળી બ્રાહ્મણોને આપેલું ભૂમિદાન નોંધેલું છે. બ્રહ્મકુંડથી ઉત્તરપૂર્વે આશરે ૪૦ વારના અંતરે, હવે લક્ષ્મીથલ અથવા લક્ષ્મીના સ્થલ તરીકે ઓળખાતો, ઈંટો અને માટીનો મોટો આડોઅવળો પથરાયેલો ઢગલો છે. સ્થાનિક દંતકથા પ્રમાણે, એક બ્રાહ્મણ, જેને એની ભક્તિના બદલામાં લક્ષ્મીએ અઢળક ધન આપ્યું, તેણે બંધાવેલા લક્ષ્મીના મંદિરનું આ સ્થાન છે. દક્ષિણપૂર્વે આવેલો ખાડો 'ખંડાલિયા કુંડ' તરીકે ઓળખાય છે. આશરે ૫૦ વાર દક્ષિણપૂર્વે નાના વંડાને છેડે જગેશ્વરનું મંદિર અને કુંડ છે. કોઈક જગે પુત્રપ્રાપ્તિના બદલામાં આ મંદિર બંધાવ્યું હતું, તેના નામ પરથી 'જગેશ્વર' નામ પડ્યું હોવાનું કહેવાય છે. કેટલાક જૂના કોતરેલા અને ઘડેલા પથ્થર આ મંદિરની દીવાલોમાં ચણવામાં આવ્યા છે. દક્ષિણપૂર્વે એનાથી આગળ આશરે ૭૫ વારના અંતરે ઈંટોના ઢગલાથી ખરબચડો બનેલો એક મોટો વિસ્તાર પ્રાચીન વિદ્યાશાલાનું કે સંસ્કૃત વિદ્યાલયનું સ્થાન હોવાનું

કહેવાય છે. સ્થાનિક માહાત્મ્યમાં જણાવ્યા પ્રમાણે આ વિદ્યાલય દૂર દૂરના પ્રદેશોમાંથી આવતા વિદ્યાર્થીઓનું આશ્રયસ્થાન એવું જાણીતું વિદ્યાસ્થાન હતું. સ્થાનિક વૃત્તાંત જણાવે છે કે ભીલો ઘણા જોરાવર થતાં બ્રાહ્મણો વિદ્યાલયમાં રહી શક્યા નહિ અને ઉત્તર ગુજરાતમાં આવેલા ધોળકામાં જતા રહ્યા.

ભીલો અને રબારીઓનાં કાંટાની વાડોવાળાં રહેઠાણોની પાર આવેલા શહેરના ઢોળાવ અને છેડા ઈંટો શોધનારાઓ વડે કાણાં કાણાં કરાયેલા મોટા પોલા ઢગલાઓમાં પ્રસરેલા છે. વાડવાળાં રહેઠાણોની આ કિનારીની પાર, શહેરથી અર્ધાથી એક માઈલના અંતરે, તલાવડીઓ અને તળાવોના ખુલ્લા સફેદ કાંઠા છે. આમાંનાં કેટલાંક કદમાં સરોવર કહી શકાય તેવડાં છે. દક્ષિણથી ઉત્તરે જતાં, આમાંનાં ત્રણ મુખ્ય તે નિંબાલી અથવા નરમુખ સરોવર, ગોની અથવા ગયાકુંડ અને તલબી અથવા ત્રિમ્બક સરોવર છે. વિદ્યાશાલાના સ્થાનથી દક્ષિણપૂર્વે લગભગ ૩૦૦ વાર પર નિંબાલી તળાવનો વિશાળ વિસ્તાર આવેલો છે, જે પૂર્વ દિશા તરફ ખૂલીને ત્યાંથી પાણીનો પુરવઠો મેળવે છે અને એ એની દક્ષિણપશ્ચિમ તથા ઉત્તર બાજુએ રહેલી ઈંટોથી છવાયેલો અને ઊંચી ખુલ્લી પાળોથી ઘેરાયેલો છે. જેને મહાદેવે પુત્ર આપ્યો અને જેના માટે વજ્ર વડે ખોદીને એમણે સરોવરનું પોલાણ બનાવ્યું, તે વણિકના નામ પરથી સરોવરનું નામ 'નિંબાલી' પડ્યું હોવાનું કહેવાય છે. નિંબાલીથી ઉત્તરપૂર્વે લગભગ અર્ધા માઈલ પર, ખુલ્લી પૂર્વ બાજુને બાદ કરતાં, ૧૫ થી ૩૦ ફૂટ ઊંચી ઘોડાની નાળના આકારની નાળ છે, જે ગોની સરોવરના અવશેષરૂપે છે. ઉત્તરપશ્ચિમ અને ઉત્તરપૂર્વ તરફની પાળોની તળેટીમાં આવેલી પથ્થરની હરોળો દર્શાવે છે કે આ બાજુઓના કેટલાક ભાગ તો ચોક્કસપણે કડિયાકામથી રેખાંકિત હતા. ગૌઘાટ નામે ઓળખાતી જગ્યા આગળ પગથિયાંની નિશાની છે. જેનાં માતાપિતા રાક્ષસ વડે ખવાતાં નરકમાં ગયાં હતાં તે બ્રાહ્મણના નામ પરથી સરોવરનું નામ 'ગોની' પડ્યું હોવાનું કહેવાય છે. તેઓના શ્રેય અર્થે ગોનીએ આખી જિંદગી વિષ્ણુની ઉપાસનામાં ગાળી અને મંદિર તથા સરોવર બાંધ્યાં. એના બદલામાં વિષ્ણુએ સરોવરના જળને ગયાના જળનો પાવનકારી ગુણ અર્પ્યો. આગળના ભાગમાં નાની છત્રીઓની એક હાર ભીનમાલના મહાજનનું સ્મશાન દર્શાવે છે. આ છત્રીઓની પાછળ તલબી સરોવરની ખુલ્લી પાળો છે. પશ્ચિમ છેડે ખોબારો કૂવો છે અને દક્ષિણપશ્ચિમ છેડા પાસે ત્રિમ્બકેશ્વર મહાદેવનું મંદિર છે. ત્રિપુરાસુરને મારવા માટે ત્રિમ્બકેશ્વર મહાદેવને પ્રેરવા અથવા ફરજ પાડવા બ્રાહ્મણોએ યોજેલા મહાન યજ્ઞને અનુલક્ષી આ સરોવર બનાવાયું હોવાનું કહેવાય છે.

તલબી સરોવરની દક્ષિણે શરૂ થતું અને શહેર તરફ ઉત્તરપશ્ચિમ વિસ્તરેલું કરાડા સરોવર છે, જે કનકસેને અથવા શક સંવત(ઈ. સ. ૭૮)ના મહાન સ્થાપક કનિષ્કે બાંધ્યું હોવાનું કહેવાય છે. સરોવરની પશ્ચિમ પાળ ઉપર કરેટેશ્વર મહાદેવનું આકાશ–આચ્છાદિત લિંગ છે. કરાડા સરોવરનો દક્ષિણ છેડો, જે શહેરની આજુબાજુ આવેલાં વાડવાળાં રહેઠાણોની નજીક વિસ્તરે છે, ત્યાં અર્વાચીન બુરજના અને ઝાલોર દરવાજા તરફ ઉત્તરપશ્ચિમ જતી દીવાલના અવશેષ આવેલા છે. બુરજના સ્થાનની પાર મહેશ્વર મહાદેવનું મંદિર અને વંડો છે. કરૈટ સરોવરની ઉત્તરે અને ઉત્તરપશ્ચિમે ચાર મોટાં તળાવ આવેલાં છે. આ બધાંમાં, સહુથી પૂર્વનો, કરાડાની ઉત્તરપશ્ચિમે આશરે ૩૦૦ વારના અંતરે, ઊંચી તૂટેલી પાળોવાળો અને ઉત્તરમાંથી પુરવઠો મેળવતો બ્રહ્મ સરોવરનો વિશાળ વિસ્તાર આવેલો છે. પછી, ઉત્તરપશ્ચિમમાં, આશરે ૫૦૦ વાર પર, ઉત્તરપૂર્વ તરફ ખુલ્લું એવું અતિવિસ્તૃત વનકુંડ નામનું તળાવ છે. પશ્ચિમે આશરે ૮૦૦ વાર પર ગૌતમનું તળાવ છે, જેમાં આખું વર્ષ પાણી ભરેલું રહે છે. ઈંટ અને કંકરની બનેલી પાળો, પૂર્વ અને દક્ષિણમાંનાં ગરનાળાંઓને બાદ કરતાં, લગભગ એક પૂરો ગોળાકાર બનાવે છે. સરોવરની મધ્યમાં ગૌતમના આશ્રમના ૧૮'' × ૧૨'' માપના સફેદ પથ્થરોવાળો નાનકડો ટાપુ છે. પૂર્વ તરફના ગરનાળા પરની પાળ ઉપર હનુમાનની મૂર્તિ છે અને દક્ષિણ નાળાની પૂર્વ બાજુએ, પાળના નીચલા ભાગ આગળ કોતરેલો સફેદ પથ્થર છે, જેના અક્ષર એટલા ઘસાઈ ગયા છે કે સં. ૧૧૦૬ (ઈ. સ. ૧૦૪૯) સિવાય કંઈ ઊકલ્યું નથી. જે મરડિયા તળાવની પાળ ઉપર ખડકવામાં આવ્યા છે તેઓમાંના જેઓમાં કાણાં છે તે શુકનિયાળ છે અને જંતુઓના હુમલા સામે લાકડાના પડદાઓને જંતુઓના ઉપદ્રવથી રક્ષવા માટે રખાય છે. તળાવોમાંનું છેલ્લું અને તળાવોની ઉત્તર હારમાં એકદમ પશ્ચિમ બાજુએ આવેલું જૈકોપ ખરેખર યક્ષકૂપ એટલે કે યક્ષ સરોવર છે. એ ગૌતમ તળાવથી આશરે ૬૦૦ વાર દક્ષિણપશ્ચિમે છે અને શહેરના ઉત્તરપશ્ચિમ છેડા પાસે છે. આ તળાવમાં આખું વર્ષ પાણી ભરેલું રહે છે અને શહેરની ઘણીખરી માંગને પૂરી પડે છે. જૈકોપની દક્ષિણ પાળ આગળ જ્યાં કબરો, ભૈરવ મંદિર અને ખંડેર મસ્જિદ છે ત્યાં ઉત્તરકાલીન નગરની દીવાલોની ધાર જતી હતી. તળાવના દક્ષિણપૂર્વ ખૂણે ચણેલી ત્રણ ચોરસ પીઠિકા છે, જેઓમાંની પ્રત્યેક ઉપર પુરુષ અથવા સ્ત્રીની આકૃતિ કોતરેલી શિલા ખડી કરી છે. આમાંની એક પીઠિકા જે સ્તંભવાળા વિતાન વડે સુશોભિત છે તેના પર એક ઘોડેસવારની અને એક ઊભી રહેલી સ્ત્રીની આકૃતિ કોતરેલો પાળિયો છે. એ તાજેતરમાં સં. ૧૮૬૯(ઈ. સ. ૧૮૧૨)ના ભીનમાલના

તહેસીલદાર, જેની પત્ની સતી થઈ હતી, તેની યાદગીરીનો છે. દક્ષિણપૂર્વે આશરે ૨૦૦ વારના અંતરે સફેદ પાળિયાઓની હાર છે, જેઓમાંના દક્ષિણ છેડાથી ત્રીજો પાળિયો સં. ૧૨૪૫(ઈ. સ. ૧૧૮૯)નો છે. દક્ષિણપૂર્વ પાળ ઉપર નિંગ્રોરિયા ભૈરવનું મંદિર છે, જ્યાં શ્રાવકો તેમજ બીજા હિંદુ પૂજા કરે છે. આ મંદિરની મધ્યમાં આશરે પાંચ ફૂટ ઊંચો ઢળતો થાંભલો છે. એને ચાર બાજુ છે: પૂર્વે હનુમાન, દક્ષિણે ઊભો નાગ, પશ્ચિમે શક્તિ અને ઉત્તરે ભૈરવ છે. થાંભલાની દક્ષિણ બાજુએ, જમીનથી આશરે એક ફૂટ ઊંચે એક પંચમુખ લિંગ છે, જેમાંનું એકેક મુખ દરેક દિશા તરફ છે અને એક અમૂર્ત મુખ આકાશ તરફ અભિમુખ છે. સરોવરના ઘેરાવાની અંદર આવેલા કૂવા નજીક દક્ષિણપૂર્વ ખૂણા પાસે આવેલા એક પથ્થર પર અક્ષર કોતરેલા છે, પણ એ વાંચી ન શકાય એટલા બધા ઘસાઈ ગયા છે. ઉત્તર પાળના પૂર્વ છેડે પીલુ વૃક્ષની નીચે એક બેઠેલી કદાવર મૂર્તિ છે, જે હજી પૂજાય છે ને જેની મોં-કળા ભાંગી ગઈ છે અને કોણી નીચેનો ડાબો હાથ, ડાબો પગ અને બંને પગનાં ચાપ્પાં જતાં રહ્યાં છે, છતાં એ ભવ્ય છે. આ મૂર્તિ તળાવ બંધાવનાર યક્ષ રાજાની મૂર્તિ હોવાનું મનાય છે. વિગતો નીચે આપવામાં આવી છે. બેઠેલા પૂતળાની પશ્ચિમે મંદિરનાં ગર્ભગૃહ અને મંડપના પાયાની નિશાનીઓ છે. એ મૂળમાં યક્ષનું મંદિર હોવાનું મનાય છે. આશરે ૧૦૦ વાર પશ્ચિમે, સફેદ સંગેમરમરના સ્તંભ-વાળા છત્ર નીચે, લગભગ ૪૦૦ વર્ષ પર શ્રીમાલ માટે લડતાં ઝાલોરમાં માર્યા ગયેલા ગઝનીખાન અને હમાલખાનની બે મુસલમાન કબર છે. એમની અંતિમ ઇચ્છાને માન આપી એમના ભાટ આ વીરોનાં શબ યક્ષના તળાવ પાસે લાવેલા. સફેદ સંગેમરમર, થાંભલાઓનો આકાર અને એમાંના એક ઉપર કોતરેલો સં. ૧૩૩૩(ઈ. સ. ૧૨૭૬)નો અભિલેખ દર્શાવે છે કે આ પથ્થર શહેરની દક્ષિણે આવેલા સૂર્યમંદિરમાંથી આણવામાં આવેલા છે. છત્રીથી ઉત્તરે દદેલી વાવ નામની એક મોટી વાવ છે, જેને સપાટ પાટડાને ટેકવતા હિંદુ થાંભલાઓની હાર વડે બહારના અને અંદરના ખંડોમાં છૂટી પાડવામાં આવેલી છે. કેટલાક પથ્થરો ઉપર દેવીઓની આકૃતિઓ છે અને એક ગોખલામાં દેવીની એક જૂની મૂર્તિ છે. વાવનો ઉપલો ભાગ અને એની વંડી હમણાંનાં ઈંટેરી ચણતરનાં છે. ઉત્તરે આશરે ૧૫૦ વાર દૂર એક નીચા ટીંબા પર નીલકંઠ મહાદેવનું મંદિર છે, જેનાથી દક્ષિણપૂર્વે લગભગ સો ડગલાં પર એક સુંદર જૂની વાવ છે. આ સરોવરને દક્ષિણપશ્ચિમ ખૂણેથી ભરવામાં આવતું હતું. ત્યાં આગળ પ્રાચીન મંદિરોમાંથી લાવેલા મોટા ભાગના પથ્થરોથી બાંધેલું અને જેની ઉપર ચૈત્ય સુશોભન કોતરેલું છે તેવું એક ગરનાળું છે. કેટલાક પથ્થર દેખીતી રીતે સફેદ

સંગેમરમરના સૂર્યમંદિરમાંથી લાવવામાં આવેલા છે. એમાંના કેટલાક પર ચૌદમી સદીની લિપિના થોડા અક્ષર છે, જે દેખીતી રીતે કડિયાઓ અથવા કોતરનારાઓનાં નામ હશે. કેટલાંક ચોસલાં સમૃદ્ધ લાલ વેળુપાષાણનાં બનેલાં છે, જે ભીનમાલથી ૮ માઈલ દક્ષિણે આવેલી રૂપેની ખાણોમાં જ મળતાં હોવાનું કહેવાય છે.

જમણી બાજુ, જૈકોપ સરોવરના દક્ષિણપશ્ચિમ ખૂણાથી આશરે અર્ધો માઈલ દક્ષિણે, વૃક્ષોમાં ઢંકાયેલો 'પીપલદ્વાર' નામે ખંડેરનો ઢગલો છે, જે કદાચ પશ્ચિમના દરવાજાના અવશેષ હોય. એ દરવાજે જૈકોપનાં પાણી આવવાના ગરનાળાની અંદરની પાળ આગળ દક્ષિણ તરફ જતી બતાવાય એવી કિલ્લાની અનુકાલીન ધારનો ભાગ થયો હશે. પીપલદ્વારની દક્ષિણે લગભગ એક માઈલ પર વનસરોવર નામના વિશાળ સરોવરની ખુલ્લી પાળો આવેલી છે. ઉત્તરપશ્ચિમે, ઉત્તરે અને ઉત્તરપૂર્વે માટીની એની મોટી પાળો ચણતર ઉતારી લીધેલી રહી છે ને પાણીના પુરવઠાની દિશા પશ્ચિમ તથા દક્ષિણ તરફ ધીમે ધીમે ઢાળ પડતી છે. મધ્યમાં આવેલા દ્વીપનું નામ 'લખારા' છે. ઉત્તમિયાર નામની રાક્ષસીને મારવા સુંદ પર્વત પરથી આવેલાં પાર્વતી અથવા ગૌરીએ આ સરોવર રચ્યું હતું. જ્યારે પાર્વતીએ રાક્ષસીને મારી ત્યારે દફનટીંબો બનાવવા પોતાની સાથે લાવેલી શ્રીની ટેકરીને એના શરીર ઉપર ખડકી. એ જ સમયે પાર્વતીએ તળાવ ખોદ્યું અને શ્રીની ટેકરીની ટોચે શિખરબંધી મંદિર કર્યું. શ્રી અથવા શ્રીમાલની ભાગ્યદેવીના રહેઠાણની આ ટેકરી, શહેરથી આશરે એક માઈલ પશ્ચિમે આવેલા મેદાનથી, ૫૦૦ ફૂટ ઊંચે છે. દક્ષિણ બાજુએથી પગથિયાં તરીકે જેમતેમ ગોઠવેલા અઘડ પથ્થરોની સીડીથી આ ટેકરી પર પહોંચાય છે. ટેકરીની ટોચ ઈંટ અને સિમેંટની સપાટ ફરસમાં લીસી કરાઈ છે. આ ફરસને પૂર્વ બાજુએ ઊંચી બુરજ જેવી દીવાલ વડે ટેકવેલી છે. એને ફરતી આશરે બે ફૂટ ઊંચી વંડી છે. જગતી પર બે પૂર્વાભિમુખ મંદિર છે. ડાબી અગર દક્ષિણ બાજુએ લક્ષ્મીનું મુખ્ય મંદિર છે અને જમણી અથવા ઉત્તર બાજુએ સુંદ માતાનું નાનું મંદિર છે. મુખ્ય મંદિરને ચૂનાના સફેદ સ્ફટિક પથ્થરના થાંભલા અને આસપટ્ટીવાળી ચોકી (મુખમંડપ) છે. દેખીતી રીતે એ મોટા સૂર્યમંદિરના અવશેષ છે. છજાની છતમાંથી ત્રણચાર ઘંટ લટકે છે અને કેટલાક છૂટા સફેદ પથ્થર, જે દેખીતી રીતે સૂર્યમંદિરના છે તે, આમતેમ પડયા છે. પૂર્વાભિમુખ મુખ્ય મંદિરની પશ્ચિમ દીવાલમાં ભીનમાલના રક્ષક દેવની મૂર્તિ છે, જે લાલ લેપ અને સોનાના વરખથી આચ્છાદિત છે. લક્ષ્મીમંદિરની બહારની બાજુએ

સુશોભનનું એકમાત્ર નિશાન તે ચૈત્ય ભાતના પદ્દાના ઉત્તર મુખખંડમાં છે અને ચક્ર, કદાચ સૂર્યનું બિંબ, છે. જમણી અગર ઉત્તર બાજુએ આવેલું સુંદ માતાનું નાનું મંદિર ચોરસ અને સપાટ છાવણવાળું છે. છતનો કેટલોક ભાગ કદાચ અગાઉ ઘૂમટના મધ્યભાગની શિલાઓ તરીકે દેખાતી રીતે ઘડવામાં આવેલા પથ્થરો વડે બનાવાયો છે. બારશાખ અને પાટડા સફેદ સંગેમરમરના છે. જમણી બાજુની બારશાખ પર ઈ. સ. ૧૬૧૨ અને ૧૬૩૪(સં. ૧૬૬૯ અને ૧૬૯૧)ના બે ટૂંકા અભિલેખ છે. બીજા થાંભલા પર ઈ. સ. ૧૫૪૩(સં.૧૬૦૦)નો સમય-નિર્દેશ છે. છાપરાને ચાર ચોરસ કેંદ્રસ્થ સ્તંભો વડે ટેકવ્યું છે. એ સ્તંભો આઠ ભિત્તિસ્તંભો સાથે ચાર છીછરા ઘૂમટ બનાવે છે. એમાં કોઈ બીજા અગર કોઈ વધુ જૂના મંદિરમાંથી લવાયેલા છાપરાના પથ્થરો પર કમળ કોતરેલાં છે. પશ્ચિમ દીવાલનો ગોખલો, જેની ઉપર ચૈત્ય સુશોભનમાં કોતરાયેલો પથ્થર ગોઠવેલો છે, તેમાં સુંદ માતાનું ત્રિશૂળ છે, જે એ પૂજાની એકમાત્ર વસ્તુ છે.

ટેકરીની ટોચેથી જોતાં, ભીનમાલનો ટીંબો સામાન્ય સપાટીથી ભાગ્યેજ ઊંચો ઊઠતો લાગે છે. ટીંબો વૃક્ષોમાં ઢંકાયેલો દેખાય છે. માત્ર દક્ષિણમાં સૂર્ય-મંદિરના સફેદ સ્તંભ ચળકે છે અને ઉત્તરમાં જૂની કચેરીઓનો ઊંચો ટીંબો ઊપસે છે, અને ઉત્તરમાં એનાથી આગળ પારસનાથનાં ચાર મંદિરોનાં શિખર દેખાય છે. શહેરના પાછળના ભાગમાં દક્ષિણે અને પશ્ચિમે સૂકી કાંટાની વાડોથી ઘેરાયેલા લીલાછમ બગીચા વિસ્તરેલા છે. બગીચાઓની વાડોની બહાર દક્ષિણપૂર્વે, દક્ષિણે અને દક્ષિણપશ્ચિમે સૂકા સરોવરની ઊંચી ખુલ્લી પાળો છે, જે કેટલેક ઠેકાણે જૂના કિલ્લાની ધારોમાં ગૂંચવાઈ ગઈ છે. ઉત્તરપશ્ચિમે અને ઉત્તરે જૈકોપ અને ગૌતમ તળાવોનાં પાણી ચળકે છે. પશ્ચિમ બાજુએ, કાંટાના જાળાથી શ્યામ અને બાવળોથી લીલું મેદાન ક્ષિતિજ સુધી વિસ્તરે છે. બીજી બાજુઓએ મેદાનની સમુદ્ર જેવી સપાટીનો ટેકરીઓની હારમાળાથી ભંગ થાય છે; જેમકે, ઉત્તરે અને ઉત્તરપૂર્વે બોરતા હારમાળા, પૂર્વે વધારે સુંદર રતનાગર, થુર અને રામસેન ટેકરીઓ, જે દક્ષિણ તરફ દોદલ અને સુંદની ઊંચી સીધીસટ હારમાળાઓ સુધી ઊંચી જાય છે.

ભીનમાલમાં જોવા લાયક બે જ વસ્તુ ખાસ વર્ણન માગી લે છે, જૈકોપ સરોવરની ઉત્તર પાળ પર આવેલું જક્ષ કે યક્ષનું કદાવર ખંડિત પૂતળું અને શહેરના દક્ષિણપૂર્વ દરવાજા આગળ આવેલું જગસ્વામી સૂર્યનું મંદિર.

જૈકોપ

જૈકોપ અથવા યક્ષ સરોવરની ઉત્તર પાળ પાસે પીલુ વૃક્ષના થડને અઢેલેલી આશરે ચાર ફૂટ ઊંચી, ૨', ૬" પહોળી અને ૧ ફૂટ જાડી શિલા છે. આ શિલામાં, અજબ કુશળતાથી, બેઠેલા રાજાની પ્રતિમા કંડારવામાં આવી છે. ગદાના પ્રહારોથી પ્રતિમાને ઘણું નુકસાન પહોંચ્યું છે: નાક અને મોં ભાંગી ગયાં છે. અર્ધો જમણો હાથ, આખો ડાબો હાથ અને પગ જતા રહ્યા છે અને પગનાં ચાપ્પાં તેમજ લગભગ આખી બેઠક અથવા સિંહાસન અદૃશ્ય થયાં છે. પ્રતિમા સાંકડા સિંહાસન (એટલે કે સિંહ વડે ટેકવાતા સાંકડા આસન) પર બેસાડેલી છે. જમણો હાથ ઘૂંટણ પર ટેકવેલો છે ને એ આશરે ૭ ઇંચ વ્યાસનો પથ્થરનો એક ગોળો ધારણ કરે છે. ડાબું ચાપ્પું જમણા ચાપ્પાની માફક પાછળ લીધેલું હતું અને ડાબો હાથ દેખીતી રીતે ડાબા ઘૂંટણ પર ટેકવેલો હતો, પણ આજે પથ્થરની બાજુ પર ફાટ સિવાય કશો અણસાર નથી, તેથી ડાબા હાથ અને ડાબા પગની સ્થિતિ અનિશ્ચિત છે. મસ્તક મોટું છે. વાળ મસ્તકની ટોચ પરથી આશરે બે ફૂટ નીચે, ચાર ગૂંચળાંઓમાં ખભા પર પડે છે અને ગૂંચળાંઓ ઉપર, અથવા વધારે સંભવિત લાગે છે તે બનાવટી વાંકોડિયા વાળની ટોપી ઉપર, મુકુટ છે, જેમાં વચ્ચે પુષ્પમંજરી અને બાજુએ બે ગોળ પટ્ટાઓ વડે જોડેલાં બે ઊભાં આભૂષણ છે. મુખ ભાંગીને ચપટું થઈ ગયું છે. એ દાઢી મૂછ મૂંડેલું અથવા કંઈ નહિ તો દાઢી વિનાનું લાગે છે. દરેક કાનમાંથી ભારે એરિંગ લટકે છે. કૉલર જેવો એક કડક પટ્ટો કંઠની આસપાસ વીંટળાયેલો છે અને કંઠ પર લટકતી મણકાઓની અથવા પતરીઓની સેરો એટલી બધી ઘસાઈ ગયેલી છે કે બરાબર ઓળખાતી નથી. બંને હાથ ઉપર ઊંચે બાજુબંધ છે અને ડાબી બાજુના બાજુબંધ ઉપર વચ્ચે હજી સિંહનું મુખ સ્પષ્ટ દેખાય છે. જમણા હાથ પર વચ્ચે મણકાઓની હારવાળો અને બહારના બે પટ્ટાઓનો બનેલો બાજુબંધ છે. કમરની આસપાસ હળવો પટ્ટો છે. એનાથી નીચે કંદોરો અને કોપુલ અથવા ધોતિયાની ગાંઠ છે. મોં-કળા વિનાનું મુખ અને ભાંગેલા હાથપગ હોવા છતાં આ પ્રતિમા ગણનાપાત્ર ભવ્યતા દર્શાવે છે. મસ્તક સરસ બેસાડેલું છે અને ગૂંચળાં અને મુકુટ અસરકારક સુશોભનરૂપ છે. છાતી અને પૂરું ગોળ ઉદર કુશળતાથી કંડારવામાં આવ્યાં છે. સપ્રમાણતામાં મુખ્ય ખામી વધારે પડતા ટૂંકાવેલા નીચલા હાથ અને પગ તથા સિંહાસનનું સાંકડાપણું પથ્થરની ઓછી જાડાઈને લીધે છે. જોવાલાયક મુખ્ય વિગતો પ્રતિમાનું શિરોવેષ્ટન અને એના જમણા હાથમાં રહેલો પથ્થરનો ગોળો છે. શિરોવેષ્ટન એ ભવાં આરપાર વાંકડિયા

ગોળ ગૂંચળાંની હારવાળી, ખભા ઉપર લટકતાં લાંબા ગૂંચળાંની ચાર લટોવાળી, અને માથાની ટોચના ઉપર વાંકડિયાં ગૂંચળાંવાળી, બનાવટી વાળની ટોપી છે. મુકુટને ત્રણ સીધાં ઊભાં મુખ છે. નાક ઉપરનું આગળનું મુખ અને કાન ઉપરનાં મુખ એ ગોળ પટ્ટાથી જોડેલાં છે. પહેલી નજરે જમણા હાથમાં રહેલો પથ્થરનો ગોળો એ રાજાએ સરોવરમાં પધરાવવા માટે હાથમાં પકડેલું નારિયેળ હશે એમ લાગે છે. પરીક્ષણ કરતાં જણાય છે કે આ ગોળાની ડાબી બાજુએ મનુષ્યના કાનને ઘણું મળતું આવતું આગળ પડતું અર્ધ વર્તુળ છે. વળી આ કાનની ઉપર જાણે કે પાઘડીના વળ હોય તેવા ત્રણ વીંટા પણ છે. અને જમણો કાન કાંતો દાઢી નીચે ખેંચેલા પાઘડીના છેડા વડે અથવા તો અર્ધા વાળેલા હાથની આંગળીઓ વડે ઢંકાઈ ગયો હશે. ગોળાના આગલા ભાગને જાણી જોઈને તોડી નાખવામાં આવ્યો છે, એ હકીકત એનાં માનુષી લક્ષણોને લીધે એના પર મુસ્લિમોની ગદા પડી હોવાના મતને વધુ સમર્થન આપે છે. સ્થાનિક બ્રાહ્મણો આગ્રહપૂર્વક કહે છે કે આ ગોળો કાંતો ગોળ લાડુ છે અથવા સમર્પણવિધિ દરમ્યાન રાજાએ જમણા હાથમાં રાખેલી મૂઠીભર માટી છે. પણ એક તપ્પ નામનો બ્રહ્મભટ્ટ અદ્ભુત રીતે સાચી માહિતી આપતો હતો. એ ભારપૂર્વક કહેતો હતો કે આ પથ્થરનો ગોળો એ મનુષ્યનું મસ્તક છે. રાજાએ શા માટે મનુષ્યનું મસ્તક હાથમાં પકડ્યું છે એ સમજાવવા તપ્પ નીચેની વાત આપે છે: જેવો લગ્નવિધિ પતે કે તરત જ પ્રત્યેક વરનું મસ્તક લઈ જઈને સતકા નામની એક રાક્ષસી બ્રાહ્મણોને ક્ષીણ કરતી હતી. રાજાએ પ્રતિજ્ઞા લીધી કે દેવી ચામુંડાની મદદથી હું આ અનિષ્ટનો અંત આણીશ. એક રાત્રે એકસો બ્રાહ્મણ યુગલોનાં લગ્ન ગોઠવવામાં આવ્યાં. રાજા પાસે બેઠો. જ્યાંસુધી રાજા જાગતો રહ્યો ત્યાંસુધી રાક્ષસીએ ત્યાં આવવાની હિંમત કરી નહિ. જ્યારે સોમું લગ્ન થતું હતું ત્યારે રાજાને ઊંઘ આવી ગઈ. સતકા અંદર આવી અને છેલ્લા વરરાજાનું માથું લઈ ગઈ. કન્યાએ રાજાને જગાડ્યો અને કહ્યું કે હું તમને શાપ આપીશ, તમે બીજાઓની ચોકી કરી અને મારા માટે ન કરી. રાજાએ એની ઇષ્ટદેવી ચામુંડાને પૂછ્યું કે હવે મારે શું કરવું. ચામુંડાએ કહ્યું: સતકાની પાછળ ઘોડા ઉપર જા. રાજા ઘોડા પર સતકાની પાછળ ગયો. શ્રીમાલથી ૧૪ માઈલ દૂર એણે સતકાને પકડી અને મારી નાખી. પણ એ મરતાં પહેલાં વરરાજાનું માથું ખાઈ ગઈ હતી. હવે શું કરવું એમ રાજાએ ચામુંડાને પૂછ્યું. ઇષ્ટદેવીએ કહ્યું કે મારામાં વિશ્વાસ રાખ. રાજા ઘોડા પર શ્રીમાલ પાછો આવ્યો. એ નગરમાં પ્રવેશતો હતો ત્યાં કુળદેવીએ એને એક માળી બતાવ્યો અને કહ્યું કે એનું માથું કાપી લે. રાજાએ એ પ્રમાણે કર્યું. દેવીએ પડતું માથું ઝીલી લીધું, વરની ડોકને

ચોંટાડી દીધું અને વરરાજા જીવતા થયા. આમ વાર્તાને અંતે જણાવ્યું છે કે અહીંના બ્રાહ્મણો 'શ્રીમાળીઓ' એટલે કે માળીઓના માથાવાળા માણસો કહેવાય. આ અર્થઘટક શ્લેષ અને પથ્થરના ગોળાનું મનુષ્યમસ્તક સાથેનું સામ્ય વાર્તાનું મૂળ હશે. બીજી બાજુ વાર્તા એ પ્રતિમા કરતાં જૂની હોય અને એ કારણે રાજાને હાથમાં મનુષ્ય મસ્તક પકડેલો બતાવ્યો હોય. એકંદરે, એ સંભવિત લાગે છે કે પ્રતિમાને સમજાવવા વાર્તા ઊપજાવવામાં આવી હોય અને ખરેખર આ મૂર્તિ નરમેધ માટેનું મસ્તક ધારણ કરતા અને કોઈ બૌદ્ધ મંદિરના અથવા સૂર્યમંદિરના દ્વારપાળ તરીકે કામ કરતા ભૈરવની છે. પ્રતિમાનો દેખાવ, એની કદાવર સપ્રમાણ અને ભવ્ય દેહાવસ્થા અને એલિફન્ટાની મોટી ગુફાના દક્ષિણ-પશ્ચિમ અથવા વિવાહખંડ પરના ચાંદની પ્રતિમા પરના પાછળ રાખવાની પેટી સાથેના બનાવટી વાળની જેમ, બનાવટી વાળ જેવાં લાંબાં ગૂંચળાં ઉપરથી એ સંભવિત બને છે કે આ પૂતળું એ શ્રીમાલનો સહુથી પ્રાચીન અવશેષ છે, અને એલિફન્ટાની બનાવટી વાળવાળી મૂર્તિઓની જેમ છઠ્ઠી સદીની અથવા સાતમી સદીના આરંભકાળની છે. ગુર્જરોએ આ નગરની સ્થાપના અથવા પુનઃસ્થાપના પ્રાયઃ આ સમયે કરેલી. સ્થાનિક વાત પ્રમાણે, આ મૂર્તિ, જ્યાં એની મૂળ સ્થાપના અને પૂજા થઈ હતી તે મંદિરથી લગભગ વીસ ડગલાં પૂર્વમાં ખડી છે. જમીનની કુદરતી સ્થિતિ અને પાયાની એંધાણીઓ આજની મૂર્તિથી લગભગ પચાસ ડગલાં પશ્ચિમે મુખમંડપ અને પશ્ચિમી મંદિરનાં સ્થાન દર્શાવતી લાગે છે. જે સ્થાન મંદિરનું લાગતું હતું, તેને આશરે બે ફૂટ ખોદવામાં આવ્યુ, એ આશાએ કે કદાચ સિંહાસનની બેસણી હજી મૂળ જગ્યાએ રહેલી હોય, પણ છૂટાંછવાયાં ઈંટેરી કામ સિવાય કંઈ મળ્યું નહિ. ખંડિત હોવા છતાં યક્ષ હજી પૂજાય છે. એનો પર્વદિન આષાઢી પૂર્ણિમા છે. એ દિવસે ગ્રામજનો પોતાની અને ઇંદ્રની વચ્ચેના મેઘ–મધ્યસ્થી તરીકે એને ઘૂઘરી એટલે કે પાણીમાં બાફેલા ઘઉં અને દૂધ, માખણ, આટો, ગોળ અને ખાંડ ધરાવે છે.

**સૂર્યમંદિર**

બીજી અને મુખ્ય જોવાલાયક વસ્તુ તે ગુજરાત દરવાજાના અવશેષોથી આશરે ૮૦ વાર પૂર્વે આવેલા ઈંટેરી ટીંબા પર શહેરની દક્ષિણમાં આવેલું સૂર્યમંદિર છે. આ ઈંટેરી ટીંબો, જેની ટોચે જગતના સ્વામી 'જગસ્વામી' મંદિરના સફેદ આરસના થાંભલા અને વિશાળ લેટેરાઈટ(ઈંટેરી કંકર)નાં ખંડેર છે, તેને એવી રીતે ખોદવામાં આવ્યો છે કે એનું સાચું સ્વરૂપ અને પરિમાણ નિશ્ચિત થઈ શકે એમ નથી. ઘણીખરી ઈંટોનું ૧૬" × ૧' × ૩" પરિમાણ સૂચવે છે કે આ ટીંબો એ મંદિરના વિશાળ લેટેરાઈટ બાંધકામ કરતાં પણ જૂનો

છે અને મુલતાનની જેમ અહીં સૂર્યપૂજક સફેદ હૂણોના શાસનકાલ દરમ્યાન લગભગ છઠ્ઠી સદીમાં બૌદ્ધ મંદિરનાં અથવા સ્તૂપનાં ખંડેરો ઉપર એક સૂર્યમંદિર ચણવામાં આવ્યું હતું.

ઈંટોના પરિમાણના શંકાસ્પદ પુરાવા સિવાય, પૂર્વકાલીન બૌદ્ધ ખંડેર ઉપર સૂર્યમંદિર ઊભું છે એ મતના સમર્થનમાં, હજી કંઈ પણ મળ્યું નથી. અત્યારે ટીંબાનું દેખાતું પરિમાણ ૪૨' પહોળાઈ, ૬૦' લંબાઈ અને ૨૦' ઊંચાઈ છે. મંદિરની ઉત્તર બાજુ અને એનો ઉત્તરપશ્ચિમ ખૂણો સારી રીતે અખંડિત છે. મંડપનો પૂર્વ મુખમંડપ, મંડપના દક્ષિણ સ્તંભો અને તેઓની સાથે મંડપનો ઘૂમટ અને ગર્ભગૃહની દક્ષિણ અને પશ્ચિમ બાજુની મંદિરની બહારની દીવાલ નાશ પામ્યાં છે. ગર્ભગૃહની ટોચે ઈંટોનો અસ્તવ્યસ્ત ઢગલો અને મંડપમાંથી ગર્ભગૃહ તરફનો પ્રવેશ—આટલું જ શિખર અને ઉપરના માળો-માંથી બચ્યું છે. આમાં વપરાયેલી સામગ્રી ત્રણ પ્રકારની છે: મંડપના થાંભલા સંગેમરમર જેવા સફેદ આરસના છે, ગર્ભગૃહની દીવાલોનું અને ગર્ભગૃહની ઉત્તરે આવેલા પ્રદક્ષિણા–માર્ગનું બાંધકામ લાલાશ પડતા પીળા લેટેરાઈટનું છે અને શિખરનો અંદરનો ભાગ અને દેખીતી રીતે બીજાં કેટલાંક છાવણનાં બાંધકામ ઈંટેરી છે. પૂર્વ બાજુના પ્રવેશથી શરૂ કરતાં જમીન મંદિરની એટલી નજીક ખોદાઈ ગઈ છે અને એટલા બધા થાંભલા પડી ગયા છે કે મુખમંડપનો લગભગ કોઈ અણસાર રહ્યો નથી. પૂર્વ તરફથી પ્રવેશતાં પહેલું બાંધકામ તે મંડપના ઘૂમટના બે પૂર્વ સ્તંભ છે અને આ બે વચલા સ્તંભોની ઉત્તરે ઘૂમટના ઉત્તરપૂર્વ ખૂણાને ટેકવતા સ્તંભ છે. પૂર્વ બાજુએ, સહુથી નીચેના કાંઠલા સિવાય, ઘૂમટની અને ઘૂમટ ઉપરની છતની બધી નિશાની જતી રહી છે. મંડપનો મધ્ય ભાગ (હાલ) ઉપરથી ખુલ્લો છે. દક્ષિણ બાજુને પૂર્વ બાજુ કરતાં પણ વધારે નુકસાન પહોંચ્યું છે. બહારની આખી દીવાલ પડી ગઈ છે અને એને ત્યાંથી ખસેડવામાં આવી છે. દક્ષિણપૂર્વ ખૂણો, મંડપના બે દક્ષિણ સ્તંભ અને દક્ષિણપશ્ચિમ ખૂણાના સ્તંભ જતા રહ્યા છે. ઉત્તર બાજુ વધારે સારી રીતે સચવાઈ છે. જેમાંથી ઘૂમટ ઊપસ્યો તે ખૂણાઓને ગોળ બનાવતું બાંધકામ મોજૂદ છે. બાજુના કાંઠલામાં સરસ રીતે કોતરેલી સ્ત્રી-આકૃતિઓનો પટ્ટો છે. ઉત્તરપૂર્વ ખૂણાનો થાંભલો, મંડપના બે ઉત્તર થાંભલા અને ઉત્તરપશ્ચિમ ખૂણાનો થાંભલો એ બધું મોજૂદ છે. થાંભલાની બહારની બાજુએ—બંને બાજુએ આશરે ચાર ફૂટ પહોળો અને અગિયાર ફૂટ ઊંચો એકેક પાર્શ્વમાર્ગ જાય છે અને એ માર્ગની પાર મંદિરની ઉત્તર દીવાલ છે, જેમાં સફેદ આરસનાં કક્ષાસન અને

ઊંડા છાદ્યવાળો બારી–ઝરૂખો છે, અને કદાવર સ્તંભો છે. સ્તંભોના છ ફૂટ ઊંચા મુખ્ય ભાગ ત્રણ ખંડોમાં છે : ચોરસ, અષ્ટકોણ અને ગોળ, ને એની દ્વિચક્રાકાર શિરાવટીઓ પર છીછરા પ્રતિ–કોણવાળા ઘૂમટને ટેકવતા બ્રેકેટ છે. એ માર્ગ ૩⅔ ફૂટ ઊંચા બાજુના થાંભલાવાળા અને ૩⅔ ફૂટ પહોળા સમૃદ્ધ ગોખલાથી સુશોભિત છે. મંડપની પશ્ચિમ બાજુએ મંડપના બે વચલા થાંભલા અને, ઉપર નોંધ્યું તેમ, ઉત્તર ખૂણાનો થાંભલો મોજૂદ છે. મંડપના પશ્ચિમ બાજુના બે થાંભલાઓથી લગભગ ત્રણ ફૂટ પશ્ચિમે, બીજા બે થાંભલા ગર્ભગૃહના ઘૂમટવાળા અંતરાલને ટેકો આપે છે. ભરપૂર કોતરેલા બાજુના થાંભલા, ચામરધારિણીઓ સાથેની દેવી, અને ગર્ભગૃહના દ્વારનું ઉત્તરાંગ મોજૂદ છે, પણ ગર્ભગૃહનો ખુલ્લો ચોરસ ખંડ ઉપરથી સાવ ખુલ્લો છે. ગર્ભગૃહની દક્ષિણે, શિખરની દક્ષિણ બાજુનો સમગ્ર ભાગ, એ બાજુનો પ્રદક્ષિણા–માર્ગ અને મંદિરની બહારની દીવાલ, આ બધું નાશ પામ્યું છે. ઉત્તર બાજુને પ્રમાણમાં ઘણું ઓછું નુકસાન થયું છે. પીળા અને લાલ ટ્રેપનાં દળદાર ગચિયાં, જે ઊંડા કંડારેલા ગોળાગલતાના સમતલ પટ્ટાઓમાં બાંધેલા શિખરના પાયારૂપે હતાં તે, ઉત્તર દીવાલની વચમાં સ્તંભિકાઓ સાથેનો આગળ પડતા પરિકરવાળો ગોખલો, સાદા ટ્રેપની દીવાલોવાળો અને આરપાર ગોઠવેલી છૂટક શિલાઓનાં છાવણવાળો પ્રદક્ષિણાપથ અને બ્રેકેટની શિરાવટી ધરાવતા સ્તંભોવાળી અને એની વચમાં સફેદ આરસની ઊંડી કંડારેલી અને થાંભલાવાળી બહાર પડતી બારીવાળી મંદિરની બહારની દીવાલ મોજૂદ છે. પ્રદક્ષિણા–પથ અને મંદિરની બહારની દીવાલ ઉત્તરપશ્ચિમ ખૂણામાં સમાપ્ત થાય છે. પશ્ચિમની બહારની દીવાલની તમામ નિશાની ચાલી ગઈ છે. મંદિરના સ્તંભ ભારે અને ઘાટીલા છે. તેઓને રમણીય રીતે ખંડિત રેખાઓ, કુંભીઓ, ચોક, અષ્ટભુજ પટ્ટા, ષોડશભુજ પટ્ટા, ગોળ પટ્ટો અને કીર્તિમુખોનો સાંકડો પટ્ટો છે. એની શિરાવટી બેવડા ચક્રનો આકાર ધરાવે છે અને એ ચક્રોની ઉપર આગળ પડતા બ્રેકેટ છે, જે દરેકને છેડે, છાવણને ટેકવતા, બેઠેલા ચતુર્ભુજ નર કે નારીની મનુષ્યાકૃતિ છે. મધ્યના ઘૂમટના છ સ્તંભ બાકીના સ્તંભોને મળતા છે, સિવાય કે ષોડશભુજ પટ્ટાની જગ્યાએ અંદરની બાજુને કુંભનો ઘાટ આપવામાં આવ્યો છે, જેના મુખમાંથી સમૃદ્ધ પત્રાવલીઓ લટકે છે અને જે ઈંઢોણી ઉપર ટેકવેલા છે. છાવણ ઉપરના ઈંટેરી થર દર્શાવે છે કે વચલા ઘૂમટની અને પૂર્વના પ્રવેશમંડપની ઉપર શિખર ઉપરાંત કોઈ ઇમારત હતી, પરંતુ એની કોઈ નિશાની હાલ બતાવી શકાતી નથી.

**ઇતિહાસ**

સ્થાનિક દંતકથા પ્રમાણે આ સૂર્યમંદિર ચંદ્રવંશી રાજા નહુષના પુત્ર યયાતિએ બંધાવ્યું હતું. યયાતિ એની બે રાણીઓ, શર્મિષ્ઠા અને દેવયાની, સાથે શ્રીમાલમાં આવ્યો અને એણે સૂર્યના એક પવિત્ર ધામમાં આકરું તપ કરવા માંડ્યું. સૂર્ય યયાતિની ભક્તિના ઉદ્રેકથી એટલા પ્રસન્ન થયા કે એમણે એને દર્શન દીધું અને યયાતિને વરદાન માગવા કહ્યું. યયાતિએ કહ્યું : હું દિવ્ય દૃષ્ટિથી તમને તમારા સાચા સ્વરૂપમાં જોઉં. સૂર્યે આ વરદાન આપ્યું અને બીજું વરદાન માગવા જણાવ્યું. યયાતિએ કહ્યું કે હું રાજ્યથી અને જિંદગીના ભોગોથી કંટાળ્યો છું. મારી એક ઇચ્છા એ છે કે શ્રીમાલપુરના હિત માટે તમે તમારા સાચા સ્વરૂપે અહીં ઉપસ્થિત થાઓ. સૂર્યે કહ્યું : તથાસ્તુ. સૂર્યના સાચા સ્વરૂપની (દેખીતી રીતે અર્થાત્ માનવસ્વરૂપની) મૂર્તિ સ્થાપવામાં આવી અને એક હરિયા બ્રાહ્મણને એના માટે રાખવામાં આવ્યો. દેવે કહ્યું કે મને 'જગત્-સ્વામી' (જગતનો સ્વામી) કહો, કારણ કે હું એક જ એનો રક્ષક છું. સ્થાનિક બ્રાહ્મણવૃત્તાન્ત પ્રમાણે, સૂર્યની મૂળ મૂર્તિ કાષ્ઠની હતી અને હજી ઉત્તર ગુજરાતના પાટણમાં લક્ષ્મી મંદિરમાં એ સચવાયેલી છે. બીજો વૃત્તાંત મંદિરના બાંધનારને શ્રી પુંજ અથવા જગસોમ તરીકે જણાવે છે. એક દંતકથા પ્રમાણે જગસોમનું સાચું નામ 'કનક' હતું અને એ કાશ્મીરમાંથી આવ્યો હતો. બ્રહ્મભટ્ટ તપ્પના કહેવા પ્રમાણે, જગસોમ જમાવલ જાતિનો કાશ્મીરનો રાજા હતો, જેણે કુમારપાલ પહેલાં લગભગ ૫૦૦ વર્ષ પર, ભીનમાલમાં પોતાનું શાસન સ્થિર કર્યું હતું. કુમારપાલનો સમય ઈ. સ. ૧૧૮૬ હોઈ જગસોમનો સમય લગભગ ઈ. સ. ૬૮૦ થાય.

પ્રચલિત સ્થાનિક વાત પ્રમાણે, જગસોમ પેટમાં રહેલા જીવતા સાપથી પીડાતો હતો. કાશ્મીરથી દ્વારકાની યાત્રા દરમ્યાન જ્યારે જગસોમ ભીનમાલના દક્ષિણ દરવાજે રોકાયો ત્યારે એને ઊંઘ આવી અને એના મોંમાંથી સાપ બહાર આવ્યો. એ જ વખતે નગરના દરવાજા પાસેના દરમાંથી એક સાપે બહાર જોયું અને એણે રાજાના ઉદરમાં રહેલા સાપને કહ્યું : 'તારે જતા રહીને રાજાને હેરાન કરવાનું બંધ કરવું જોઈએ.' ઉદરમાંનો સાપ બોલ્યો : 'તારા દરની નીચે સારો ખજાનો છે, તે છોડવો તને ગમશે? પછી મને મારું ઘર છોડવાનું શા માટે કહે છે?' દરવાજાના સાપે કહ્યું : 'રાજાનો કોઈ સેવક નજીકમાં હોય તો ભલે એ સાંભળી લે: જો કીર વૃક્ષનાં પાંદડાંને તોડીને, એને એની નીચે ઊગતી લતાનાં ફૂલો જોડે ભેળવવામાં આવે ને એને ઉકાળીને રાજાને આપવામાં આવે તો રાજાની અંદરનો સાપ મરી જશે.' રાજાના સાપે વળતો કટાક્ષ કર્યો:

'જો રાજાનો કોઈ સેવક નજીકમાં હોય તો ભલે એ સાંભળે. જો દરવાજાના સાપના દર ઉપર ઊકળતું તેલ રેડવામાં આવે તો સાપ મરી જશે અને મોટો ખજાનો મળશે.' રાજાના રસાલામાં રહેલો એક હોશિયાર કાયસ્થ નજીક હતો તેણે આની નોંધ લીધી. એણે ક્ષીર વૃક્ષ અને એની નીચે ઊગતી લતાને શોધી કાઢી, એણે દવા તૈયાર કરી રાજાને આપી. અંદરના સાપના અમળાટને લીધે રાજાને એટલી બધી વેદના ઊપડી કે એણે કાયસ્થને મારી નાખવાનો હુકમ કર્યો. તરત જ રાજા માંદો પડયો અને મૃત સાપ એના મોંમાંથી બહાર ફેંકાઈ ગયો. મૃત કાયસ્થ માટે રાજાએ ખૂબ વિલાપ કર્યો. એણે કહ્યું કે આટલા હોશિયાર માણસે બીજી પણ નોંધ કરી હશે. એમણે કાયસ્થની નોંધપોથી તપાસી, દર ઉપર ઊકળતું તેલ રેડ્યું, દરવાજાના સાપને માર્યો અને ખજાનો મેળવ્યો. કાયસ્થ અને બંને સર્પોને પ્રસન્ન કરવા માટે બ્રાહ્મણોને જમાડવામાં લાખો રૂપિયા વાપરવામાં આવ્યા. બાકીના ધન વડે સૂર્યનું એક ભવ્ય મંદિર બંધાવ્યું અને મૂર્તિની વિધિપૂર્વક પ્રતિષ્ઠા કરવામાં આવી. ઉપરના નવ માળ પાછળથી વિશ્વકર્માએ ઉમેર્યા.

**દંતકથાઓ**

ભીનમાલની દંતકથાઓ, લગભગ ૪૦૦ વર્ષ પ્રાચીન મનાતી કૃતિ સ્કંદ-પુરાણના શ્રીમાલમાહાત્મ્યમાં સંગ્રહાઈ છે. આ માહાત્મ્ય પ્રમાણે પ્રત્યેક યુગમાં આ શહેર જુદા જુદા નામથી ઓળખાયું છે. એ સત્યયુગમાં શ્રીમાલ, ત્રેતાયુગમાં રતનમાલ, દ્વાપરયુગમાં પુષ્પમાલ અને કલિયુગમાં ભીનમાલ હતું. સત્યયુગમાં શ્રીમાલ અગર શ્રીનગરમાં ૮૪ ચંડી, ૩૩૬ ક્ષેત્રપાલ, ૨૭ વરાહ, ૧૦૧ સૂર્ય, ૫૧ માતા, ૨૧ બૃહસ્પતિ, ૩૦૦ થી ૧૧,૦૦૦ લિંગ, ૮૮,૦૦૦ ઋષિ, ૯૯૯ કૂવા અને તળાવો, ૩½ કરોડ તીર્થ હતાં. પહેલાં ભીનમાલના મેદાનની જગ્યાએ સમુદ્ર હતો, ભૃગુઋષિએ સૂર્યને બોલાવ્યા અને એમણે પાણી સૂકવી નાખી ત્યાં જમીન બનાવી. પછી ભૃગુએ એક આશ્રમ સ્થાપ્યો અને કશ્યપ, અત્રિ, ભરદ્વાજ, ગૌતમ, જમદગ્નિ, વિશ્વામિત્ર અને વસિષ્ઠ આણુર્યા ભૃગુની મુલાકાતે આવ્યા. ભૃગુના આશ્રમથી ઉત્તરે આવેલો પ્રદેશ ગૌતમને ગમ્યો અને એમણે ત્ર્યમ્બકેશ્વરને પ્રાર્થના કરી કે આ ધામમાં બધાં તીર્થોની પવિત્રતા એકઠી થાય અને પોતે તેમજ પોતાની પત્ની અહલ્યા ત્યાં સુખેથી રહે.

ભગવાને ઋષિની પ્રાર્થના કબૂલ રાખી. એક સરોવર નિર્માયું અને એના મધ્યમાં એક દ્વીપ ઊંચે આવ્યો, જેના પર ગૌતમે પોતાનો આશ્રમ બાંધ્યો,

જેના પાયાની નિશાનીઓ હજી દેખાય છે. ગૌતમના સરોવરને ઉત્તરપૂર્વ દિશામાંથી પાણી પૂરું પાડતું નાળું યજનશીલ નામના એક તપસ્વી બ્રાહ્મણે ખોદ્યું હતું. આ નાળામાં એક શિલાલેખ છે, પરંતુ એમાંથી સં. ૧૧૧૭(ઈ. સ. ૧૦૬૦)ના સમય સિવાય કંઈ વંચાતું નથી. ગૌતમના શ્રીમાલમાં સ્થિર થયા પછી થોડાં વર્ષે ભૃગુઋષિને ત્યાં લક્ષ્મી નામે કન્યા જન્મી. જ્યારે કન્યા ઉંમરલાયક થઈ ત્યારે ભૃગુએ એનો પતિ શોધવા માટે નારદજીની સલાહ લીધી. જ્યારે નારદજીએ લક્ષ્મીને જોઈ ત્યારે એમણે કહ્યું કે આ કન્યા વિષ્ણુ સિવાય કોઈની પત્ની બની શકશે નહિ. નારદજી વિષ્ણુ પાસે ગયા અને કહ્યું કે દુર્વાસા ઋષિના શાપના પરિણામે લક્ષ્મી ભૃગુ સિવાય ક્યાંય જન્મે જ નહિ અને તમારે એને પરણવું જોઈએ. વિષ્ણુ કબૂલ થયા. લગ્ન પછી વરવધૂ ગૌતમના દ્વીપથી આશરે અર્ધા માઈલ પૂર્વે આવેલા પવિત્ર ત્રિઅંબક તળાવમાં સાથે નાહ્યાં. પવિત્ર જળે વિસ્મૃતિનો પડદો દૂર કર્યો અને લક્ષ્મીને પોતાનો પૂર્વજન્મ યાદ આવ્યો. દેવતાઓ એની પૂજા કરવા આવ્યા. એમણે પૂછ્યું : આપની શી ઇચ્છા છે? લક્ષ્મીએ જવાબ આપ્યો : જેવી રીતે આકાશ એના વાહન તારાઓથી સુશોભિત છે, તેવી રીતે આ પ્રદેશ બ્રાહ્મણોનાં ઘરોથી સુશોભિત બનો. ભગવાન એટલે કે વિષ્ણુએ એની આ ઇચ્છાથી પ્રસન્ન થઈને બ્રાહ્મણોને બોલાવવા દૂતો મોકલ્યા અને દેવોના સ્થપતિ વિશ્વકર્માએ નગર બાંધ્યું. વિશ્વકર્માને સુવર્ણકંકણ અને સુવર્ણકમળોની માળા મળી. એ ઉપરાંત એવું વચન મળ્યું કે તમારું કામ લોકો વખાણશે અને તમારા વંશજો વાસ્તુશિલ્પમાં પ્રભુત્વ મેળવશે. દેવોએ કહ્યું કે આ શહેર જાણે કે શ્રી અથવા લક્ષ્મીની માળાઓથી શણગારાયું છે, માટે તે 'શ્રીમાલ' કહેવાશે. જ્યારે ઘર તૈયાર થયાં ત્યારે બધા ભાગોમાંથી બ્રાહ્મણ એકત્ર થવા લાગ્યા. જ્યારે બ્રાહ્મણ એકઠા થયા ત્યારે લક્ષ્મીએ વિષ્ણુને પૂછ્યું કે બ્રાહ્મણોમાં પહેલા પૂજવાને લાયક કયા છે? બ્રાહ્મણોએ માન્ય રાખ્યું કે ગૌતમનો હક્ક સૌથી વધારે હતો. સિંધના બ્રાહ્મણોએ એનો વાંધો લીધો અને તેઓ ક્રોધમાં પાછા ચાલ્યા ગયા. પછી વિષ્ણુ અને લક્ષ્મીએ બ્રાહ્મણોને વસ્ત્ર, ધન અને રત્નોની ભેટો આપી. શ્રીમાલ શહેરમાં આવીને વસ્યા હોવાથી એ 'શ્રીમાળી બ્રાહ્મણો' તરીકે જાણીતા થયા.

સિંધના ગુસ્સે થયેલા બ્રાહ્મણોએ પોતાના પ્રદેશમાં જઈને સમુદ્રની પૂજા કરી. એમની વિનંતીથી સમુદ્રે સારિકા રાક્ષસીને શ્રીમાલનું નિકંદન કાઢવા મોકલી. સારિકા પરણવા લાયક થયેલી બ્રાહ્મણ કન્યાઓને ઉપાડી ગઈ. પોતાનું રક્ષણ કરનાર કોઈ ન હોવાથી બ્રાહ્મણો આબુ જઈને રહ્યા. શ્રીમાલ ઉજ્જડ થઈ ગયું અને ઘર ખંડેર થઈ ગયાં. શ્રીમાલ લાંબો વખત ઉજ્જડ રહ્યા પછી, એક વૃત્તાંત

પ્રમાણે કૃમિઓથી અને બીજા વૃત્તાંત પ્રમાણે કોઢથી પીડાતો શ્રીપુંજ નામનો રાજા નગરની દક્ષિણે આવેલા બ્રહ્મકુંડમાં આવ્યો અને નીરોગ થયો. આભારવશ હૃદયે શ્રીપુંજે બ્રાહ્મણોને એકઠા કર્યા અને શ્રીમાલનો જીર્ણોદ્ધાર કર્યો, અને બ્રહ્મકુંડ આગળ ચંડીશ મહાદેવનું મંદિર બંધાવ્યું. જ્યારે સિંધી બ્રાહ્મણોએ સાંભળ્યું કે શ્રીમાલના બ્રાહ્મણો તેઓના મૂળ નગરમાં પાછા ગયા છે અને સમૃદ્ધ થઈ રહ્યા છે, ત્યારે એમણે ફરીથી ઉંમરલાયક કન્યાઓને ઉપાડી જવા સારિકાને મોકલી. એક કન્યાએ, જ્યારે એને ઉપાડી જવામાં આવતી હતી ત્યારે, પોતાનાં કુલદેવીને બોલાવ્યાં અને સારિકા એ જગ્યાએ જાદુથી જડાઈ ગઈ. રાજા શ્રીપુંજ આવી પહોંચ્યો અને બાણથી સારિકાને મારવાની તૈયારીમાં હતો, એટલામાં સારિકાએ કહ્યું કે મને મારશો નહિ, મારા ખોરાક માટે કંઈક વ્યવસ્થા કરો ને હવેથી હું તમારા બ્રાહ્મણોની રક્ષા કરીશ. રાજાએ એને પૂછ્યું : તારે શું જોઈએ ? સારિકાએ કહ્યું કે તમારા બ્રાહ્મણો એમના લગ્નપ્રસંગે મારા માનમાં જમણ આપે અને એમની કન્યાઓને કોરાં વસ્ત્રો પહેરાવીને પરણાવે. જો બ્રાહ્મણો આ બે નિયમ પાળે તો હું એમનું રક્ષણ કરીશ. રાજા કબૂલ થયો અને સારિકાને જવાની છૂટ આપી, પણ સારિકા હાલી શકી નહિ. રાજાને અચંબો થયો, એટલામાં કન્યાનાં કુળદેવી દેખાયાં અને રાજાને કહ્યું કે રાક્ષસીને મેં જડી દીધી છે. રાજાએ કહ્યું કે બરાબર છે, તમે જ ખરાં રક્ષક છો, પણ સારિકા હવે પ્રતિકૂળ નથી માટે એને છોડો. આ થતાં સારિકા સિંધ તરફ પલાયન થઈ. અને શ્રીમાલ અને જોધપુર એ બંનેના લોકો હજી એમની કન્યાઓને કોરાં વસ્ત્રોમાં પરણાવે છે. જે બ્રાહ્મણ કન્યાઓને સારિકા લઈ ગઈ હતી તેઓને પાતાળના અધિપતિ કંકલ નાગના તાબામાં રાખી હતી. બ્રાહ્મણોએ આ શોધી કાઢ્યું અને બ્રાહ્મણો શ્રાદ્ધની શરૂઆતમાં નાગોને પૂજે એ શરતે કંકલે કન્યાઓ પાછી આપવાનું સ્વીકાર્યું. એ સમયથી શ્રીમાળીઓ શ્રાદ્ધવિધિ કરતી વખતે નાગની મૂર્તિ સ્થાપે છે. નાગસ્વામી અથવા સૂર્યમંદિરનું નિર્માણ, બ્રહ્મકુંડ પાસે આવેલા ચંડીશ મહાદેવનું મંદિર અને જૈકોપ સરોવરના નિર્માણ અંગેની બીજી દંતકથાઓ ઉપર આપવામાં આવી છે. સ્થાનિક અનુશ્રુતિઓએ જાળવી રાખેલા સમયનિર્દેશો પ્રમાણે સં. ૨૨૨(ઈ. સ. ૧૬૬)માં સૂર્યનું પહેલું મંદિર બંધાયું, સં. ૨૬૫(ઈ. સ. ૨૦૯)માં શહેર ઉપર વિઘાતક આક્રમણ થયું, સં. ૪૯૪(ઈ. સ. ૪૩૮)માં રાક્ષસે એને બીજી વાર ભાંગ્યું, સં. ૭૦૦ (ઈ. સ. ૬૪૪)માં એ ફરી વાર બંધાયું, સં. ૯૦૦(ઈ. સ. ૮૪૪)માં એનો

ત્રીજી વાર નાશ થયો, અને સં. ૯૫૫(ઈ. સ. ૮૯૯)માં એનું નવું પુનર્નિર્માણ થયું. ત્યાર પછી એ ચૌદમા સૈકાની શરૂઆત સુધી સમૃદ્ધ રહ્યું.

**જ્ઞાતિ-કથાઓ**

સૂર્યમંદિર બંધાવનારના પુત્ર જગત્સેને શ્રીમાલ 'ગુજરાત' બ્રાહ્મણોને આપ્યું એ સ્થાનિક કહેવત, શ્રીમાલ એક વખત ગુર્જરોની રાજધાની હતું એ હકીકત પરથી, સમજાય છે, માત્ર એમાં 'ગુજરાત' એ ભુલાઈ ગયેલા ગુર્જરો અથવા ગુર્જર બ્રાહ્મણોનું સ્વાભાવિક રૂપાંતર છે. શ્રીમાલ એક વખત વસ્તીનું કેંદ્ર હતું, એ ઉત્તર ગુજરાત અને કાઠિયાવાડમાં બહોળી રીતે પથરાયેલા બ્રાહ્મણ અને વણિક જ્ઞાતિઓના 'શ્રીમાળી' પેટા વિભાગોથી સ્પષ્ટ થાય છે. ઘણાખરા શ્રીમાળી વાણિયા શ્રાવક છે. એ સંભવિત લાગે છે કે એમનો ઇતિહાસ ઓસવાળ શ્રાવકોના ઇતિહાસને ખૂબ મળતો આવે છે. આ (પાછલા) શ્રાવકોનું નામ જોધપુરથી આશરે પંદર માઈલ દક્ષિણે આવેલા પ્રાચીન શહેર ઓસિયા પરથી પડયું છે, જ્યાં તેઓ હજી બાધા-માનતા માટે જાય છે. જૈન ધર્મ પાળતા આ ઓસવાળ વાણિયાઓમાંના મોટા ભાગના, એમના ધર્મ-પરિવર્તન પહેલાં, સોલંકી રાજપૂત હતા. જૈન લખાણો પ્રમાણે આ ધર્મપરિવર્તન ઈ. સ. ૭૪૩ (સં. ૮૦૦)ના અરસામાં થયું. ભીનમાલના હાલના ભાટો ઓસવાળોને મૂળ શ્રીમાલના લોકો તરીકે ગણાવે છે. એમના કહેવા પ્રમાણે, જ્યારે શ્રીમાલમાં લક્ષ્મીનાં વિષ્ણુ સાથે લગ્ન થતાં હતાં ત્યારે લક્ષ્મીએ પોતાના વક્ષઃસ્થલમાં જોયું અને જરિયા સોનીઓ ઉત્પન્ન થયા; એણે ઉત્તરમાં જોયું અને એની દૃષ્ટિમાંથી પોરવાડો જન્મ્યા; એની શુકનિયાળ પુષ્પમાળામાંથી શ્રીમાળી બ્રાહ્મણો ઉદ્ભવ્યા. બીજા વૃત્તાંતો પ્રમાણે, શ્રીમાળી બ્રાહ્મણો અને વાણિયા મૂળ કાશ્મીરની જમવાળ જ્ઞાતિના હતા અને જગસોમ, જે નામથી દેખીતી રીતે કનકસેન એટલે કુશાણ અગર ક્ષત્રપ (ઈ. સ. ૭૮-૨૫૦) વંશ ઉદ્દિષ્ટ છે તે, તેઓને દક્ષિણ મારવાડમાં લાવ્યો. તેઓ કહે છે કે સં. ૭૫૯(ઈ. સ. ૭૦૩)માં બૂગરા નામના અરબે આ પ્રદેશને વેરાન કર્યો અને એની બીકથી શ્રીમાળી બ્રાહ્મણો અને વાણિયા દક્ષિણ તરફ નાઠા. ઈ. સ. ૭૪૪(સં. ૮૦૦)નો સમયનિર્દેશ આપતો બીજો વૃત્તાંત જણાવે છે કે આક્રમણખોરો સોંગરા રાજપૂત હતા. ઈ. સ. ૧૬૯૪(સં. ૧૭૫૦)માં ગુજરાતનો સૂબેદાર અભયસિંહ રાઠોડ શ્રીમાળીઓને ભીનમાલમાં પાછા લઈ આવ્યો.

અરબ્બ ઋષિમાંથી ઊતરી આવેલા ગણાતા ગુર્જરોની સ્મૃતિ શ્રીમાલના ભાટોમાં ચાલી આવે છે. તેઓ કહે છે કે ગુર્જરો શ્રીમાલથી પુષ્કર, કે જે

અજમેરથી લગભગ દશ માઈલ ઉત્તરપશ્ચિમે આવેલું છે ત્યાં, ગયા અને ત્યાં તેઓએ મોટું સરોવર ખોદ્યું. તેઓને ખ્યાલ છે કે આ ગુર્જરોને પુષ્કર અથવા પોકરણમાં એક ઘણું પવિત્ર શ્મશાનગૃહ છે અને સાવિત્રી અથવા બ્રહ્માની પત્ની એ ગુર્જર કન્યા હતી.

પણ અગ્રણી ગુર્જરોએ ક્ષત્રિય અગર રાજપૂત બનતાં પોતાનું જાતિનામ છોડી દીધું, તેથી સ્વાભાવિક રીતે ભાટો ગુર્જરોને રાજ્યકર્તા જાતિ તરીકે જાણતા નથી. તેઓ કહે છે કે સામાન્ય (ordinary) ગુર્જરો અને રબારીઓ એક જ છે, અને મોટા ગુર્જરો, જેમાં કૃષ્ણ થયા તે, રજપૂતો છે. ભાટો એનાથી આગળ કહે છે કે સોમપુરા, જે પુષ્કર (અજમેરથી ઉત્તરે આવેલ પોકરણ) નજીક રહે છે અને જે એકલા સર્વ સુશોભનાત્મક રેખાંકનોનાં નામ જાણનાર સર્વોત્તમ સ્થપતિઓ છે તે, ગુર્જરોમાંથી ઊતરી આવ્યા છે અને મૂળ શ્રીમાલના છે. ચાવડા એ ગુર્જર હતા એ વાત ભાટો માન્ય રાખતા નથી. એમના મત પ્રમાણે, ચાવડા એ ભારોડો જ છે અને એ ઉત્તરપૂર્વ કાઠિયાવાડમાં આવેલા ઝાલાવાડના દાંતામાંથી ઉત્તર તરફ મારવાડમાં આવ્યા. એમના કહેવા પ્રમાણે, ચૌહાણો સાંભરથી અજમેર, અજમેરથી દિલ્હી, દિલ્હીથી જોધપુરની ઉત્તરે નાગોર, નાગોરથી જોધપુર, જોધપુરથી ભીનમાલથી ત્રીસ માઈલ દક્ષિણે આવેલા ભડગાંવમાં અને ભડગાંવથી શિરોહીમાં આવ્યા. દેવરા જ્ઞાતિના એક સ્થાનિક જાગીરદારના કહેવા પ્રમાણે, ચૌહાણોનું મૂળ સ્થાન શ્રીમાલથી ચાળીસ માઈલ ઉત્તરે આવેલું ઝાલોર હતું. તેઓ કહે છે કે અઢારમી સદીમાં સોલંકીઓ ઉત્તર ગુજરાતના પાટણથી ઉત્તરે પાલનપુરના હિયુમાં આવ્યા, જ્યાં આજે પણ એમની વસાહત છે, અને હિયુથી એ લોકો ભીનમાલ ગયા.

સૂર્યમંદિર અને જૈનો કે જેમના ગુરુઓનું સૂર્ય જેવું મુખ હોય છે અને જે તેઓના કહેવા મુજબ ચિતોડના રાણાએ તેઓને આપેલું છે, તેમનામાં સૂર્ય-પૂજાની રહેલી નિશાનીઓ—આ બંનેના સંબંધમાં ભીનમાલમાં શેવકોનાં આટલાં બધાં (પાંત્રીસ) ઘર હોવાનું રસપ્રદ છે. આ શેવકો ઓસવાળ શ્રાવકોના ધાર્મિક આશ્રિત છે. તેઓ વિચિત્ર ઊંચા નાકવાળા, કુહાડી જેવા મુખવાળા, લાંબા નરમ વાળ, લાંબી દાઢી અને લાંબા ચોળિયા ધરાવતા માણસ છે.

એ મૂળે મગ બ્રાહ્મણ હતા અને હજી સૂર્યપૂજક વૈષ્ણવ છે. એમને ખ્યાલ છે કે એમની કથા 'સૂર્યપુરાણ' નામના ગ્રંથમાં કહેવામાં આવી છે. ભીનમાલના શેવકો પોતાની સોળ શાખા હોવાનું જાણે છે, પણ તેઓને એ પૈકી માત્ર દસનાં નામ યાદ છે : અખોટી, ભીનમાલા, દેવરા, હીરગોટા, કુવારા,

લલાર, મહતરિયા, મૂંડિયારા, સપરવાલા અને શાંડ. આ મગોને શક પ્રદેશમાંથી ગરુડે કેવી રીતે આણેલા એમાં અને તેઓ અગ્નિ અને સૂર્યના પૂજક હતા એવી સૂર્યપુરાણ અને ભવિષ્યપુરાણની કથામાં આ શેવકોને ખાસ રસ રહેલો છે. દેવલા પરિહાર રાજપૂતોના રાક્ષસ વિભાગનો યક્ષ હોવાનું મનાતા જોગસ્વામી સાથે કાશ્મીરથી આવ્યા હોવાનું મનાય છે. પરિહારોનો બીજો વિભાગ આબુના ગરાસિયા છે, જે અગ્નિકુંડના અગ્નિસંસ્કારને પ્રતાપે ક્ષત્રિય બન્યા. દેવલાઓનું નામ એમણે ભીનમાલમાં જગસોમનું મંદિર બાંધવાને લીધે પડ્યું હોવાનું ધારવામાં આવે છે. દેવરા રાજપૂતો, જેમનો મોવડી શિરોહીનો સરદાર છે અને જે ભાટોના કહેવા પ્રમાણે ચૌહાણોમાંથી ઊતરી આવેલા છે તે, એ જ વખતે આવ્યા અને દેવલાઓ સાથે પરણ્યા. કનકસેનમાંથી થયેલી ઉત્પત્તિની સાથે, દેવરા અને દેવલાઓને સમુદ્રગુપ્ત(ઈ. સ. ૩૭૦–૩૯૫)ના અભિલેખના દેવપુત્રો સાથે સાંકળવા સ્વાભાવિક છે. મહાન હૂણ વિજેતાઓ તોરમાણ અને મિહિરકુલ(ઈ. સ. ૪૪૦–૫૩૦)ના જાતિ-નામ હૂણ કે જાવલાની નિશાનીઓ ભાગ્યેજ મળે છે. દેવલાનો જાગીરદાર 'હૂણ' નામને જાણે છે. એ કહે છે કે તેઓ રાક્ષસ પ્રજા છે. હૂણોની નિશાનીરૂપ 'હોનોતો' કે 'સોનોતો'નો, કાઠિયાવાડના હૂણાલોનો અને મારવાડના કણબીઓમાંના 'હૂણિ' પેટાવિભાગનો, એ નિર્દેશ કરે છે. જાવલાને એ જ્ઞાતિના નામ તરીકે જાણતો નથી.

**ઇતિહાસ**

શ્રીમાલનો ઐતિહાસિક રસ એ હકીકતમાં કેંદ્રિત થાય છે કે એ લાંબો સમય ઉત્તરની મહાન ગુર્જર પ્રજાની મુખ્ય શાખાની રાજધાની હતું. અભિલેખો અને ઐતિહાસિક કૃતિઓમાં આવતા ગુર્જરોના અને એમના પ્રદેશના અનેક ઉલ્લેખ અણહિલવાડના ચૌલુક્ય કે સોલંકી રાજ્ય(ઈ. સ. ૯૬૧–૧૨૪૨)ને અથવા તો એના અનુયાયી વાઘેલા રાજ્ય(ઈ. સ. ૧૨૧૯–૧૩૦૪)ને લાગુ પડે છે. પણ દસમી સદી કરતાં વધારે પ્રાચીન એવાં અનેક લખાણોમાં પણ 'ગુર્જર' નામ મળે છે અને એને ખૂબ જુદી જુદી રીતે અને અસંગત રીતે સમજાવવામાં આવ્યું છે. કેટલાક આ નામ અણહિલવાડના ચાવડાઓ(ઈ. સ. ૭૪૬–૯૪૨)-ને, કેટલાક ભરૂચના ગુર્જરો(ઈ. સ. ૫૮૦–૮૦૮)ને, અને બીજા કેટલાક, જેમાંના એક ડૉ. ભગવાનલાલ ઇંદ્રજી છે તેઓ, વલભીઓ(ઈ. સ. ૫૦૯–૭૦૬)ને પણ લાગુ પડતું માને છે, પરંતુ આમાંનું એક પણ અભિજ્ઞાન બધા કિસ્સાઓને લાગુ પાડી શકાય એમ નથી. વલભીઓ ગુર્જર મૂળના હોય તોપણ એમણે કદી પોતાને ગુર્જર કહેવડાવ્યા હોવાનું કે એમના પડોશીઓને તેઓ એ નામે

જાણીતા હોવાનું જાણવા મળ્યું નથી. પહેલી નજરે ભરૂચના ગુર્જરો સાથેનું અભિજ્ઞાન વધારે ગ્રાહ્ય છે, કારણ કે સાતમી સદીના મધ્ય ભાગ જેટલા મોડા સમયે એમણે પોતાનું ગુર્જર મૂળ કબૂલ્યું છે, પરંતુ ભરૂચની શાખાને ગુર્જરોના અગ્રણી કુલ તરીકે ઓળખવા સામે પ્રબળ કારણો છે. ઈ. સ. ૬૩૪ (શક ૫૫૬)ના ઐહોળ અભિલેખમાં પુલકેશી બીજાએ પોતાના સામર્થ્ય વડે લાટો, માલવો અને ગુર્જરોને વશ કર્યાનો દાવો કર્યો છે. એ દર્શાવે છે કે ગુર્જરોનો પ્રદેશ ભરૂચ જે પ્રાંતમાં હતું તે લાટ પ્રદેશથી જુદો હતો. એ જ પ્રમાણે, હ્યુએન ત્સંગ (લગભગ ઈ. સ. ૬૪૦) ભરૂચના રાજ્યનો (ભરૂચ) નગરના નામથી નિર્દેશ કરે છે, નહિ કે ગુર્જર કે ગુર્જર પ્રદેશ તરીકે. પછીની સદીમાં, અરબ આક્રમણોના ઇતિહાસકારોએ બરૂસ(ભરૂચ)ને જુર્ઝ અથવા ગુર્જરથી જુદું નોંધ્યું છે અને વર્ષ ૪૯૦ એટલે કે ઈ. સ. ૭૩૮-૭૩૯ નું ચાલુક્ય દાનપત્ર ચાવોટકો (ચાવડાઓ) અને મૌર્યો (ચિતોડના) પછી ગુર્જરોનો, અરબ લશ્કર વડે છેલ્લા આક્રાંત થયેલા રાજ્ય તરીકે નિર્દેશ કરે છે. લાટ અને ગુર્જર વચ્ચેનો ભેદ દર્શાવતા પછીના દાખલા મળે છે, પણ ઉદાહૃત કરવા અનાવશ્યક લાગે છે, કારણ કે ભરૂચનું ગુર્જર રાજ્ય રાષ્ટ્રકૂટોની દક્ષિણ ગુજરાતની જીત (ઈ. સ. ૭૫૦-૭૬૦) પછી બચ્યું નથી.

'ગુર્જર' નામ ચાવડાઓ પૂરતું મર્યાદિત ન હતું એવું દર્શાવતા પુરાવા પ્રમાણમાં ઓછા નથી. અણહિલવાડની સ્થાપના(ઈ. સ. ૭૪૬)થી પૂર્વકાલીન સમયના ઉલ્લેખ ચાવડા રાજ્યને લાગુ પડી શકે નહિ એ વિશે કોઈ વિવાદ રહેશે નહિ, અને વળી, આપણને ઈ. સ. ૭૩૮-૭૩૯ નું ચાલુક્ય દાનપત્ર ચાવડાઓ અને ગુર્જરોને સ્પષ્ટ રીતે જુદા પાડતું અને ચાવડાઓનો ઉલ્લેખ એમના જાતિનામ 'ચાવોટક'થી કરતું મળે છે. એવું ધારી શકાય છે કે જેમ ચાવડાઓની સત્તા વધી તેમ તેઓ ગુર્જરદેશના રાજ્યકર્તાઓ તરીકે જાણીતા થયા; અને એ કબૂલ કરવું જોઈએ કે રાષ્ટ્રકૂટોનાં દાનપત્રોમાંના ગુર્જરોને લગતા કેટલાક ઉલ્લેખ ચાવડાઓને લાગુ પડી શકે તેટલા અસ્પષ્ટ છે. છતાં, જો એમ બતાવી શકાય કે, બાકીના ઉલ્લેખ ચાવડાઓને સંભવતઃ લાગુ પાડી શકાય એમ નથી અને આપણે ધારી લેવું જોઈએ તેમ ધારી લઈએ કે 'ગુર્જર' નામ ઓછામાં ઓછી ચોકસાઈથી વપરાયું હતું, તો એ ફલિત થશે કે ગુર્જરોને લગતા નવમી અને દસમી સદીના નિર્દેશ અણહિલવાડના ચાવડા રાજ્યને લાગુ પડતા નથી.

મહાન રાષ્ટ્રકૂટ રાજા ગોવિંદ ૩ જાનાં વણી-ડિંડોરી અને રાધનપુરમાં પતરાં જણાવે છે કે ગોવિંદના પિતા ધ્રુવે (લગભગ ઈ. સ. ૭૮૦-૮૦૦)

વત્સરાજ, કે જે સહેલાઈથી પ્રાપ્ત થયેલી ગૌડની રાજ્યશ્રીથી ગર્વોન્મત્ત હતો, તેને મરુદેશ મધ્યે વિપત્તિના માર્ગે જવાની ફરજ પાડી, અને એણે વત્સરાજ પાસેથી ગૌડનાં બે છત્ર ઝૂંટવી લીધાં. આ વિધાનને, કર્ક ૨ જાના ઈ. સ. ૮૧૨-૮૧૩ ના વડોદરા દાનપત્રમાં આવતા, કર્કે એના બાહુને ગૌડરાજ અને વંગરાજ પરના વિજયથી દુષ્ટ રીતે ઉદ્દીપ્ત થયેલા ગુર્જર નરેશના દેશનો 'અર્ગલ બનાવ્યો' એ વિધાન સાથે સરખાવતાં ખૂબ સંભવિત લાગે છે કે આઠમી સદીના અંતે વત્સરાજ ગુર્જરોનો રાજા હતો. આવું કોઈ નામ ચાવડાઓની યાદીઓમાં આવતું નથી એ પરથી ફલિત થાય છે કે ઈ. સ. ૮૦૦ ના અરસાના અભિલેખોમાં ઉલ્લિખિત ગુર્જરો ચાવડા ન હતા.

એમ પણ બતાવવું શક્ય છે કે એક સદીથી વધારે સમય બાદ ચાવડા ગુર્જરોથી જુદા હતા. કન્નડ કવિ પમ્પ ઈ. સ. ૯૪૧ માં લખતાં જણાવે છે કે એના આશ્રયદાતા અરિકેસરીના પિતાએ ગુર્જરોના રાજા મહીપાલનો પરાજય કર્યો. આ રાજાને ઈ. સ. ૯૧૪ ના વઢવાણના ધરણીવરાહના દાનપત્રમાં 'મહારાજાધિરાજ' તરીકે જણાવેલા મહીપાલ તરીકે ઓળખાવી શકાય. ચાવડાઓની યાદીઓમાં કોઈ મહીપાલ આવતો નથી તેથી ગુર્જર રાજ્યને અણહિલવાડ કરતાં બીજે ક્યાંક શોધવું રહ્યું. આમ, આઠમી અને નવમી સદીના અભિલેખોના ગુર્જરો વલભીઓ, ભરૂચના ગુર્જરો કે અણહિલવાડના ચાવડાઓ તરીકે ઓળખાવી શકાતા નથી, માટે તેઓ કોઈ અન્ય રાજકુલના હોવા જોઈએ. હ્યુએન ત્સંગનું કૂ-ચે-લો કે ગુર્જર રાજ્ય, જેની રાજધાની તરીકે એ પી-લો-મો-લો ગણાવે છે, તેમાંથી બંધબેસતા રાજવંશની માહિતી પૂરી પડે છે. ફ્રેન્ચ ભાષાંતરકારોએ પી-લો-મો-લોને રાજપૂતાનામાં આવેલું બહાડમેર માન્યું. સદ્ગત કર્નલ વૉટ્સનને અનુસરીને, ડૉ. બ્યૂલર એને, નિઃશંકપણે સાચી રીતે, ભીનમાલ અથવા ભીલમાલ તરીકે ઓળખાવે છે.

સમકાલીન સાધનો પરથી જેટલી સંકલિત થઈ શકી તેટલી ગુર્જરોના ઇતિહાસની આ ટૂંકી રૂપરેખા આપણને આ અભિજ્ઞાનોની સંભવિતતાઓ બતાવવામાં મદદરૂપ થઈ શકે. દેખીતી રીતે ગુર્જરો ઈ. સ. ની પાંચમી સદીમાં હિંદમાં પ્રવેશ્યા. એમનો વહેલામાં વહેલો નિર્દેશ ઈ. સ. સાતમી સદીના આરંભકાલની કૃતિ, 'શ્રીહર્ષચરિત' માં મળે છે. એમાં મગધના રાજા શ્રી હર્ષ-(ઈ. સ. ૬૦૬-૬૪૧) ના પિતા પ્રભાકરવર્ધને સાતમી સદીનાં આરંભિક વર્ષોમાં ગંધારના રાજાને, હૂણોને, સિંધના રાજાને, ગુર્જરોને, લાટોને અને માલવરાજને જીત્યા હોવાનું જણાવ્યું છે. ભીનમાલમાં થયેલા એમના વસવાટનો સમય અજ્ઞાત

છે, પણ એમનો રાજા હ્યુએન ત્સંગના સમય(લગભગ ઈ. સ. ૬૪૦)માં ક્ષત્રિય તરીકે ઓળખાતો હતો તેથી એ સમય પ્રાયઃ ઈ. સ. ૫૫૦ કરતાં મોડો નહોતો. છઠ્ઠી સદીના અંતની નજીક(લગભગ ઈ. સ. ૫૮૫)માં તેઓએ ઉત્તર ગુજરાત અને ભરૂચ જીત્યાં હોવાનું અને એમણે વલભીઓને (ઈ. સ. ૫૦૯–૭૬૬) એમનું આધિપત્ય અંગીકાર કરવાની ફરજ પાડી હોવાનું જણાય છે. એમણે ખૂબ ભાવથી ભારતીય સંસ્કૃતિને અપનાવી, કારણ કે ઈ. સ. ૬૨૮ માં ખગોળવેત્તા બ્રહ્મગુપ્તે, જેને પોતે ચાપ વંશનો જણાવે છે તે, રાજા વ્યાઘ્રમુખની સત્તા નીચેના ભીનમાલમાં પોતાનો 'સિદ્ધાંત' લખ્યો. આ કિંમતી નિવેદન ગુર્જર રાજવંશનું માત્ર નામ જ નથી આપતું, પણ એની સાથે ચાપોત્કટો કે ચાવોટકો અર્થાત્ અનુકાલીન ચાવડાઓની ગુર્જર–ઉત્પત્તિ પુરવાર કરે છે. આ વ્યાઘ્રમુખ એ પ્રાયઃ શક ૫૫૬(ઈ. સ. ૬૩૪)ના અભિલેખમાં પુલકેશી ૨ જો જેને વશ કર્યાનો દાવો કરે છે તે ગુર્જર રાજા હોઈ શકે. થોડાં વર્ષો પછી (લગભગ ઈ. સ. ૬૪૦) હ્યુએન ત્સંગ, રાજા(પ્રાયઃ વ્યાઘ્રમુખના ઉત્તરાધિકારી)ને પરમ બૌદ્ધ અને વીસેક વર્ષની ઉંમરનો વર્ણવે છે. એ પ્રદેશ વસ્તીવાળો અને સમૃદ્ધ હતો, પણ બૌદ્ધ ઘણા ઓછા અને પાખંડીઓ ઘણા હતા. ગુર્જરો એમની દક્ષિણની જીતોને લાંબો સમય ટકાવી શક્યા નહિ. હ્યુએન ત્સંગના સમયમાં, ખેડા (કી–ટ) અને વડનગર (આનંદપુર) એ બંને માળવાના તાબે હતાં, જ્યારે ભરૂચના રાજાઓ ઘણુંખરું ચાલુક્યોના શરણે ગયા હતા. અરબોએ સિંધ જીતી લીધું એ પછી ભીનમાલ રાજ્ય વિશેના એનાથી આગળના નિર્દેશ મળતા નથી, સિવાય કે ઈ. સ. ૭૨૪–૭૫૦ માં, ખલીફાના સૂબા જુનૈદે લૂંટનારી ટોળીઓને બધા નજીકના પ્રદેશોમાં મોકલી અને બીજાં સ્થળોની સાથે મારવાડ (મારવાર), મલિબ (માળવા), બરૂસ (ભરૂચ), ઉઝૈન (ઉજ્જન), અલ બૈલમાન (ભીનમાલ ?) અને જુર્ઝ (ગુર્જર) ઉપર આક્રમણ કર્યું. ઉપર નોંધ્યા પ્રમાણે, ઈ. સ. ૭૩૮–૭૩૯ નું સમકાલીન ચાલુક્યોના સમયનું પતરું પણ ગુર્જરોને આક્રમણનો ભોગ બનેલાં રાજ્યોમાંના એક તરીકે વર્ણવે છે. આ બનાવો પછી અરબોએ એમની લૂંટફાટની પ્રવૃત્તિ, ભીનમાલ જેવાં અંદરનાં રાજ્યો પર હુમલો કર્યા સિવાય, કાઠિયાવાડના સમુદ્ર-કિનારા પરનાં શહેરો પૂરતી મર્યાદિત રાખી લાગે છે. અરબોના હુમલા અટકી ગયા પછી તરત જ ગુર્જરોને નવા શત્રુ રાષ્ટ્રકૂટોનો સામનો કરવો પડ્યો, એ રાષ્ટ્રકૂટોએ દખ્ખણમાં ચાલુક્યોને ખસેડીને પોતાની નજર ઉત્તર તરફ ફેરવી હતી. દંતિદુર્ગ ઈ. સ. ૭૫૩–૫૪ ના સમનગઢના દાનપત્રમાં મહી અને રેવા-(નર્મદા)ના કિનારા ખેડવાની અને એના ઇલોરાના દાનપત્રમાં બીજા પ્રદેશો

સાથે માલવ, લાટ અને ટંકને જીતવાની વાત કરે છે. થોડાંક વર્ષો પછી (ઈ. સ. ૭૫૭–૫૮) રાષ્ટ્રકૂટોની એક મુખ્ય શાખાએ કક્ક દ્વારા લાટમાં પોતાની સ્વતંત્રતા સ્થાપી.

એ પછીનો ગુર્જરોનો નિર્દેશ ગોવિંદ ૩ જાના રાધનપુર અને વણી ડીંડોરીનાં દાનપત્રોમાં થયો મળે છે, જેમાં એ જણાવે છે કે એના પિતા ધ્રુવે (લગભગ ઈ. સ. ૭૮૦–૮૦૦) 'સહેલાઈથી મળેલી ગૌડની રાજ્યશ્રીથી ગર્વોન્મત્ત એવા વત્સરાજને મરુદેશની મધ્યમાં વિપત્તિના રસ્તે પ્રવેશવાની' ફરજ પાડી ને એની પાસેથી ગૌડનાં બે શ્વેત છત્ર લીધાં. ઉપર જણાવ્યું તેમ, કર્ક ૨ જાના વડોદરા દાનપત્રની સાથેની સરખામણી બતાવે છે કે આ વત્સરાજ ગુર્જર રાજા હતો અને એણે ઉત્તર ભારતમાં પૂર્વમાં ઠેઠ બંગાળા સુધીની વિસ્તૃત જીતો મેળવી હતી. હવે એ નોંધપાત્ર છે કે સહુથી મહત્ત્વની અગ્નિકુલ જાતિઓમાંની બે : પરમારો અને ચૌહાણોની વંશાવળીઓ બરાબર આ સમય (લગભગ ઈ.સ. ૮૦૦) સુધી પાછળ જાય છે. આ હકીકતને પંજાબ અને ખાનદેશ જેવા દૂરના પ્રાંતોના ગુર્જરોમાં 'પવાર' અને 'ચવાન' જેવી અટકો પ્રચલિત છે એ મુદ્દાના સંબંધમાં લઈએ તો, એ સ્પષ્ટ થાય છે કે આ બંને જાતિઓ અને એનાથી બાકીની બે અગ્નિકુલ જાતિઓ, પરિહારો અને સોલંકીઓ, પણ જો ગુર્જરોમાંથી ઊતરી આવેલા ન હોય તો કોઈ પણ રીતે ગુર્જરોની આગેવાની નીચે આવેલા ઉત્તરના આક્રમણકારોની મોટી ટોળીના સભ્ય તો હતા જ. આ મત અને આબુની અગ્નિકુલની કથાઓ વચ્ચેના મેળને, અંગીકાર કરવા માટે માત્ર દર્શાવવો રહ્યો. અર્વાચીન રાજપૂત જાતિઓની ઉત્પત્તિ હંમેશાં ભારતીય ઇતિહાસની સમસ્યાઓમાંની એક રહી છે. આ સૂચન કંઈ નહિ તો એનો ઉકેલ સૂચવતું જણાય છે.

રાધનપુરનું દાનપત્ર (ઈ.સ. ૮૦૭–૮) આગળ જણાવે છે કે જ્યારે ગુર્જર રાજાએ ગોવિંદ ૩ જાને આવતો જોયો ત્યારે એ ગભરાઈને સંતાવાની કોઈ અજ્ઞાત જગ્યાએ નાસી ગયો. કદાચ આનો અર્થ પ્રાયઃ એટલો જ થયો કે વત્સરાજે ગોવિંદની વિંધ્ય તરફની કૂચનો વિરોધ કર્યો નહિ. પછીનો નિર્દેશ ગુજરાતના કર્ક ૨ જાના વડોદરા દાનપત્રમાં છે, જેમાં એ બડાશ મારે છે કે એના પિતા ઇંદ્રે (લગભગ ઇ. સ. ૮૧૦) એકલાએ જ ગુર્જર સરદારોના અગ્રણીને નાસી જવાની ફરજ પાડી. કર્ક ઉમેરે છે કે મેં પોતે 'નીચે પાડી નાખેલા' માલવપતિના રક્ષણ માટે, પોતાના હાથને, ગૌડ અને વંગની જીતથી 'મદોન્મત્ત બનેલા' ગુર્જરેશ્વરના પ્રદેશનો આગળો બનાવ્યો. અહીં પરમારોએ માળવા પર મેળવેલી જીતનો ઉલ્લેખ છે, અને કર્કે વિજેતા સૈન્યની દક્ષિણ તરફની

ફૂચને અટકાવી, એમ ધારવાનું ટાળવું મુશ્કેલ છે. થોડાં વર્ષો સુધી પછી ગુર્જરો વિશે કંઈ નિર્દેશ મળ્યો નથી, પણ ઈ. સ. ૮૫૧ માં અરબ વેપારી સુલેમાન જણાવે છે કે જુર્ઝનો રાજા એટલે કે બલ્હરા રાષ્ટ્રકૂટની 'આસપાસના' રાજાઓમાંનો એક હતો અને એ મુસલમાનોનો કટ્ટર વિરોધી હતો. એના રાજ્યને સિંધ બાજુથી અરબ હુમલાનો રહેલો ભય ધ્યાનમાં લેતાં આ વલણ નવાઈભર્યું નથી. ઈ. સ. ૮૬૭ ના બગુમ્રા દાનપત્રમાં, ભરૂચનો ધ્રુવ ૩ જો શક્તિશાળી ગુર્જરોના જૂથને 'જેનાથી ગભરાવું પડે તેવા ભયંકર દુશ્મનોમાંના' તરીકે ગણાવે છે. ઈ. સ. ૮૯૦ ની આસપાસ અલખાન નામના એક ગુર્જર સરદારે પંજાબમાંનો ટક્ક દેશ કાશ્મીરના શંકરવર્માને હવાલે કર્યો, પણ અલખાન સ્વાત નજીક આવેલા ઓ-હિંદના શાહી લલ્લિયનો ખંડિયો હતો તેથી આ બનાવે ભીનમાલના સામ્રાજ્યને અસર ન પહોંચાડી. રાષ્ટ્રકૂટ રાજા કૃષ્ણ ૨ જાનાં દેવલી અને નવસારી દાનપત્રોમાંનો નિર્દેશ ઈ.સ. ૯૦૦ ની આસપાસનો છે. એમાં એણે ગુર્જરોને ભયભીત કર્યાનું, લાટનો ગર્વ વિદાર્યાનું અને સમુદ્રકાંઠાના લોકોની ઊંઘ હરામ કર્યાનું જણાવવામાં આવ્યું છે. ગુર્જરો સાથેની એની લડાઈઓને વર્ષાઋતુનાં તોફાનો સાથે સરખાવવામાં આવી છે, એ એવું સૂચવે છે કે એ બે સામ્રાજ્યોના સંબંધ શત્રુતાભર્યા રહ્યા, પણ એમાંનું એકેય બીજા પર સરસાઈ મેળવી શકતું ન હતું. ઇબ્ન ખુર્દદિબા(ઈ. સ. ૯૧૨)નું નિવેદન એ જ સમયનું છે. એ એવું છે કે જુર્ઝનો રાજા હિંદના રાજાઓમાં દરજ્જાની દૃષ્ટિએ ચોથો હતો અને એના રાજ્યમાં તાતારના દીરહમ વપરાતા હતા. આમાંના બીજા મુદ્દા વિશે એ નોંધપાત્ર છે કે ઉપકેશગચ્છની પટ્ટાવલી એક વાર્તા આપે છે, જે ગધૈયા સિક્કાઓને સ્પષ્ટ રીતે ભીનમાલ સાથે જોડે છે. વઢવાણના ચાપ રાજા ધરણીવરાહનું ઈ. સ. ૯૧૪ નું દાનપત્ર એના સમ્રાટ મહીપાલનું નામ આપે છે, જેને, અગાઉ દર્શાવાયું તેમ, કર્ણાટકના રાજા નરસિંહે હરાવેલા મહીપાલ તરીકે ઓળખવો જોઈએ. વઢવાણમાં ચાપોનું ખંડિયું રાજ્ય હતું એ હકીકતમાંથી સૂચિત થાય છે કે અણહિલવાડ પણ આવું જ હતું. આપણે ખરેખર એવું તારવીએ કે આખા ચાવડાકાલ દરમ્યાન અણહિલવાડ એ ભીનમાલનું માત્ર ખંડિયું હતું, જે હકીકત ચાવડા ઇતિહાસના ગૂંચવાડાઓ અને વિરોધોનો ખુલાસો કરે છે. રાષ્ટ્રકૂટ રાજા કૃષ્ણ ૩ જાના ઈ. સ. ૯૪૦ ના દાનપત્રમાં રાજાની દક્ષિણની જીતોને કાલંજર અને ચિત્રકૂટની આશા ગુર્જરોના હૃદયમાંથી કાઢી મૂકતી નિરૂપે છે. આ સમયે કાલંજર મધ્ય ભારતના કલચુરિઓના તાબામાં હતું અને ચિત્રકૂટ અથવા ચિતોડ મેવાડના ગેહલોતોના કબજામાં હતું. કૃષ્ણે પ્રયોજેલું પદ એવું સૂચવે છે કે ગુર્જર રાજાની નજર આ બે પ્રખ્યાત કિલ્લાઓ પર હતી અને એણે કદાચ આ બે

કિલ્લાઓને નિષ્ફળ ઘેરો ઘાલ્યો પણ હતો. એમાંથી અમે તે બાબતોમાં આ ઉલ્લેખ ગુર્જરોની મોટી અને વિસ્તૃત સત્તાનો પુરાવો છે. મસઊદી (ઈ. સ. ૯૧૫) નોંધે છે કે જુર્ઝના રાજાને બલ્હરા (રાષ્ટ્રકૂટ) સાથે વારંવાર યુદ્ધ થતાં હતાં, અને એની પાસે મોટું લશ્કર, ઘણા ઘોડા અને ઊંટ હતાં.

ખજુરાહોમાંથી મળેલો ચંદેલ શિલાલેખ યશોવર્મા અને લક્ષવર્મા ગૌડો, ખશો, કોસલો, કશ્મીરો, મૈથિલો, માલવો, ચેદિઓ, કુરુઓ અને ગુર્જરો સામેની લડાઈમાં વિજયી નીવડ્યાનું વર્ણવે છે, અને પછી તરત જ આશરે ઈ.સ. ૯૫૩ માં, ભીમસેનના રાજ્યકાલ દરમ્યાન, ભીનમાલમાંથી ૧૮,૦૦૦ ગુર્જરોનું સ્થળાંતર નોંધાયું છે. આ હિલચાલની યાદ ખાનદેશના ગુર્જરોની અનુશ્રુતિઓમાં સચવાઈ છે. ત્યાં એ માળવાના રસ્તે ગાડાંઓમાં, મોટી સંખ્યામાં, ગયા હતા. ભીનમાલના આ ત્યાગનું એક મહત્ત્વનું પરિણામ એ આવ્યું કે આધિપત્યનું ભીનમાલથી અણહિલવાડમાં સ્થળાંતર થયું. એના પહેલા ચાલુક્ય (ચૌલુક્ય) અથવા સોલંકી રાજા મૂલરાજ(ઈ. સ. ૯૬૧–૯૯૬)ને આશરે ઈ. સ. ૯૯૦ માં, ગ્રાહરિપુ સાથેના યુદ્ધમાં, ભીનમાલના રાજાએ સામંત સાથી તરીકે સાથ આપ્યો હોવાનું જણાવ્યું છે. ગુર્જર અથવા ભીનમાલ સામ્રાજ્ય પછી અનેક વિભાગોમાં વહેંચાઈ ગયું લાગે છે, જેમાંના ત્રણ મુખ્ય વિભાગ તે સાંભરના ચૌહાણ, માળવાના પરમાર અને અણહિલવાડના સોલંકી હતા.

પછીના અભિલેખ સોલંકી કાલ દરમ્યાનના અને એ પછીના ભીનમાલના ઇતિહાસ પર ઠીક ઠીક પ્રકાશ ફેંકે છે. સમયમાં સહુથી પ્રાચીન બે અભિલેખ (નં. ૧ અને ૨), જે પ્રાયઃ દસમી સદીના છે તે, કોઈ ઐતિહાસિક વિગતો આપતા નથી. નં. ૩ અને ૪ બતાવે છે કે ઈ. સ. ૧૦૫૭ અને ૧૦૬૭ ની વચ્ચે ભીનમાલ ઉપર પરમાર જાતિના મહારાજાધિરાજ કૃષ્ણરાજનું શાસન હતું. રાજપૂત અનુશ્રુતિનું આ મૂલ્યવાન સમર્થન છે. એ અનુશ્રુતિ પ્રમાણે, આબુના પરમાર રાજા પછી શ્રીમાલનો રાજા ગાદીએ આવ્યો ત્યારે એણે ગ્રાહરિપુ (ઈ.સ. ૯૯૦) સામે મૂલરાજને મદદ કરી હતી અને ઈ. સ. ની તેરમી સદીની શરૂઆત સુધી પરમારો આ પ્રદેશમાં સાર્વભૌમ રહ્યા. વલભી રાજાઓએ 'મહારાજાધિરાજ'ના બિરુદને સસ્તું કર્યું એ પહેલાં એ બિરુદનું જે ગૌરવ હતું તે આ કાલમાં ઘણું ઓછું થયું હતું. છતાં એ દર્શાવે છે કે કૃષ્ણરાજનો હોદ્દો માત્ર ખંડિયા રાજા કરતાં ઠીક ઠીક ઊંચો હતો. અભિલેખ નં. ૩ કૃષ્ણરાજના પિતાનું નામ ધંધુક અને દાદાનું નામ દેવરાજ આપે છે. એમાંનું પહેલું નામ આબુના મુખ્ય વંશમાં પ્રથમ પરમાર મહારાજા ધૂમરાજના ઉત્તરાધિકારી તરીકે આવે છે.

રાજપૂત અનુશ્રુતિ પ્રમાણે, પરમારો એક સમયે મરુસ્થલીમાં સર્વોપરી હતા અને રણના નવેય કિલ્લાઓનો કબજો ધરાવતા હતા, પરંતુ ઐતિહાસિક કાલમાં મારવાડમાં એમનાં મુખ્ય થાણાં આબુ અને ચંદ્રાવતીની આસપાસ હતાં; જો કે બહાડમેર નજીક કિરાડુમાં આપણને એમની એક બીજી શાખા સત્તારૂઢ હોવાની ઝાંખી થાય છે. સોલંકી તવારીખમાં આબુના પરમાર રાજાઓનો હરહંમેશ નિર્દેશ મળે છે, અને સોલંકી રાજાઓના સુવર્ણયુગ(ઈ. સ. ૧૦૯૪-૧૧૭૪)માં તેઓ એ રાજ્યના ખંડિયા હતા અને એમની ભીનમાલ શાખા, જો ક્યારેય પણ એ અલગ રાજસત્તા હોય તો તે, પણ મુખ્ય શાખાના પ્રારબ્ધને અનુસરી; જોકે ભીનમાલના અભિલેખ આ લાંબા ગાળા માટે કોઈ હકીકત આપતા નથી. માહિતીનો પછીનો મુદ્દો અભિલેખ નં. ૫ આપે છે, જે મહારાવલ શ્રીજયતસિંહદેવના શાસનકાલમાંના સં. ૧૨૩૯(ઈ.સ. ૧૧૮૩)નો છે. આ નામ ખાસ રસપ્રદ છે, કારણ કે જેની પુત્રીના સૌંદર્યે અણહિલવાડના 'ભીમ સોલંકી' અને દિલ્હીના પૃથ્વીરાજ ચૌહાણ વચ્ચે ખૂનખાર જંગ મચાવ્યો હતો તે આબુના 'જૈત્સી પરમાર'ની અહીં વાત છે, એ વિશે ભાગ્યેજ શંકા કરી શકાય એમ છે. મહારાવલની પદવીને કૃષ્ણરાજના મહાન દિવસો પછી કુટુંબની પડતી દર્શાવતી નોંધવી જોઈએ.

તેરમી સદીના અંતની નજીકમાં, જૂની દુનિયા વિદીર્ણ થઈ જતી હતી અને પરમારોનાં લગભગ બધાં પ્રાચીન થાણાં એક પછી એક નાડોલના ચૌહાણોએ કબજે કરી લીધાં હતાં. ભીનમાલની પડતી ઈ.સ. ૧૨૦૦ ના અરસામાં અથવા થોડાં વર્ષો પહેલાં થઈ હશે, કારણ કે મહારાજાધિરાજ શ્રી ઉદયસિંહદેવના રાજ્યકાલનો અભિલેખ નં. ૬ સં. ૧૨૬૨(ઈ. સ. ૧૨૦૬)નો છે. અભિલેખ નં. ૧૨ માંથી આપણને જાણ થાય છે કે ઉદયસિંહ, ચૌહાણ વંશના મહારાવલ શ્રી સમરસિંહદેવનો પુત્ર હતો. પુત્રનો એકાએક થયેલો અભ્યુદય એ પદવીના ફરકમાં સૂચિત થાય છે અને એમ અનુમાન થઈ શકે કે ઉદયસિંહ પોતે જ ભીનમાલનો વિજેતા હતો. જોકે ફાર્બસે આબુની જીતનો યશ લુણિગ નામે રાજાને આપ્યો છે.

અભિલેખ નં. ૬ થી ૮ ઉદયસિંહના રાજ્યકાલ દરમ્યાનના હોઈ દર્શાવે છે કે એ ઓછામાં ઓછું, ઈ. સ. ૧૨૪૯ના વર્ષ સુધી, જીવ્યો અને એથી એણે ઓછામાં ઓછું ૪૩ વર્ષ રાજ્ય કર્યું. ઈ. સ. ૧૨૭૪ ના અભિલેખ નં. ૧૦ માં પણ એનો ઉલ્લેખ છે, પણ એવી રીતે કે એ હજી જીવતો છે એવો ચોક્કસ અર્થ ન નીકળે, કારણ કે લેખ એના પુણ્ય માટે એક માણસ, જે કદાચ જૂનો સેવક હશે, તેણે કરેલા દાનની જ વાત કરે છે. નં. ૧૨ માંની વંશાવળીમાં પણ

એનું નામ આવે છે. દેખીતી રીતે એનું રાજ્ય સમૃદ્ધ હતું, પણ ઉપર નોંધેલી હકીકતો સિવાય બીજી કોઈ ઐતિહાસિક હકીકતો એને વિશે જાણમાં આવી નથી.

અભિલેખ નં. ૧૨ દર્શાવે છે કે ઉદયસિંહને વાહડસિંહ નામનો એક પુત્ર હતો, જે, એને કોઈ રાજવીપદ આપ્યું ન હોઈ, પ્રાયઃ પિતાની પહેલાં મૃત્યુ પામ્યો હશે. ઉદયસિંહનો ઉત્તરાધિકારી અથવા ગમે તે રીતે પછીનો રાજા, જેના રાજ્યકાલનાં દાનપત્ર સમયનિર્દેશવાળાં છે તે, ચાચિગ હતો. એને અભિલેખ નં. ૧૧(ઈ.સ. ૧૨૭૭)માં અને નં. ૧૨(ઈ. સ. ૧૨૭૮)માં 'મહારાવલ'ની પદવી આપવામાં આવી છે. ઉદયસિંહ સાથેનું એનું સગપણ સ્પષ્ટ જણાતું નથી, પણ એ પ્રાયઃ ચામુંડનો મોટો ભાઈ અથવા કાકો હતો, જેના શ્રેય માટે અભિલેખ નં. ૧૨ માં નોંધેલું દાન આપવામાં આવ્યું હતું અને જે ઉદયસિંહનો પૌત્ર હોવાનું જણાય છે. ચાચિગ ભાવનગર રાજ્યના સંગ્રહ(ભાવ. પ્રા. ૨ યાદી, પૃ. ૫)ના અભિલેખ નં. ૧૫ નો મહામંડલેશ્વર ચાચિગ લાગે છે. આ અભિલેખ સંવત ૧૩૩૨(ઈ. સ. ૧૨૭૬)ના સમયનિર્દેશવાળો અને જોધપુર નજીકના રતનપુરના પાર્શ્વનાથ મંદિરના સ્તંભ પર કોતરેલો જણાવ્યો છે. એ સ્પષ્ટ છે કે એ કોઈ વધુ મોટી સત્તાનો ખંડિયો હતો, જોકે એનો અધિપતિ કોણ હતો એ કહેવું સહેલું નથી. આ સમયે મારવાડ રાઠોડોના વધતા જતા દબાણ નીચે અંધાધૂંધીની દશામાં હતું. ચાચિગના છેલ્લા સમયનિર્દેશ (ઈ. સ. ૧૨૭૮) પછી પાંચ જ વર્ષે, આપણને નવા રાજા મહારાવલ શ્રી સાંવતસિંહનું નામ મળે છે. એનો ઉલ્લેખ અભિલેખ નં. ૧૩ (ઈ. સ. ૧૨૮૩), ૧૪ (ઈ. સ. ૧૨૮૬) અને ૧૫ (ઈ. સ. ૧૨૮૯)માં તેમજ ભાવનગર સંગ્રહના (ઈ. સ. ૧૨૯૬, ભાવ. પ્રા. ૧, યાદી, પૃષ્ઠ ૧૩) જૂનામાંના જૈન મંદિરમાંથી મળેલા લેખ નં. ૪૪ માં પણ આવે છે. એ પહેલાંના રાજાઓના વંશનો છે એમ જણાવાયું નથી, પણ એ મહારાવલની કુલ-પદવી ધરાવે છે અને ઘણી શક્યતા સાથે એવું અનુમાન કરી શકાય કે એ ચાચિગનો પુત્ર હતો. એણે ઓછામાં ઓછું ૧૩ વર્ષ (ઈ. સ. ૧૨૮૩–૧૨૯૬) રાજ્ય કર્યું. રાઠોડોએ ભીનમાલ લઈ લીધું અને ઉદયસિંહનો વંશ ખલાસ થયો, એ લગભગ ઈ. સ. ૧૩૦૦ માં અથવા થોડાં વર્ષ પછી બન્યું હોવું જોઈએ.

**અભિલેખો**

ભીનમાલમાં મળેલા અઢાર અર્વાચીન અભિલેખોમાંથી પંદર પૂરા પાડવાનું માન જગસ્વામી મંદિર ધરાવે છે. જગસ્વામી મંદિરના ૧૫ અભિલેખોમાંથી નવ મૂળ સ્થળે છે અને છ લેખોને બીજાં મકાનોમાં ખસેડવામાં આવેલા છે. ખસેડવામાં

આવેલા છમાંથી પાંચ નગરની પૂર્વમાં આવેલી બારાજીની ધર્મશાળામાં છે અને બાકીનો એક દક્ષિણે આવેલા મહાલક્ષ્મીના મંદિરના વંડામાં છે. બાકીના ત્રણ અભિલેખોમાંથી એક(નં. ૩)નો એકલો સંવત ૧૧૦૬ (ઈ. સ. ૧૦૪૯) વંચાય છે, બાકીના બે, જેમાંથી એક નદીપટમાં છે અને બીજો જૈકોપ સરોવરના ઉત્તર કાંઠે છે, તેઓના પરના અક્ષરોમાંથી કોઈ ભાગ વાંચી શકાતો નથી. જેમાંનો કોઈ પણ ભાગ વંચાયો છે તેવા સોળ અભિલેખોને સમય પ્રમાણે ગોઠવતાં, એ નીચેના ક્રમે આવે છે :[1]

૧. (સંવત ૯૫૦–૧૦૫૦; ઈ. સ. ૯૦૦–૧૦૦૦) જગસ્વામીના મંદિરમાં
૨. (સં. ૯૫૦–૧૦૫૦; ઈ. સ. ૯૦૦–૧૦૦૦) જગસ્વામીના મંદિરમાં
૩. (સં. ૧૧૦૬; ઈ. સ. ૧૦૪૯) ગૌતમ સરોવરની દક્ષિણ નીકની પૂર્વ બાજુએ
૪. (સં. ૧૧૧૭; ઈ. સ. ૧૦૬૦) બારાજીના મંદિરની પૂર્વે આવેલી ધર્મશાળામાં
૫. (સં. ૧૧૨૩; ઈ. સ. ૧૦૬૬) જગસ્વામીના મંદિરમાં
૬. (સં. ૧૨૩૯; ઈ. સ. ૧૧૮૩) ,, ,,
૭. (સં. ૧૨૬૨; ઈ. સ. ૧૨૦૬) ,, ,,
૮. (સં. ૧૨૭૪; ઈ. સ. ૧૨૧૮) બારાજીની ધર્મશાળામાં
૯. (સં. ૧૩૦૫; ઈ. સ. ૧૨૪૯) ,, ,,
૧૦. (સં. ૧૩૨૦; ઈ. સ. ૧૨૬૪) જગસ્વામીના મંદિરમાં
૧૧. (સં. ૧૩૩૦; ઈ. સ. ૧૨૭૪) ,, ,,
૧૨. (સં. ૧૩૩૩; ઈ. સ. ૧૨૭૭) જૈકોપના સરોવરના ઉત્તર કાંઠે
૧૩. (સં. ૧૩૩૪; ઈ. સ. ૧૨૭૮) જગસ્વામીના મંદિરમાં
૧૪. (સં. ૧૩૩૯; ઈ. સ. ૧૨૮૩) બારાજીની ધર્મશાળામાં
૧૫. (સં. ૧૩૪૨; ઈ. સ. ૧૨૮૬) જૂના મહાલક્ષ્મીના વંડામાં
૧૬. (સં. ૧૩૪૫; ઈ. સ. ૧૨૮૯) જગસ્વામીના મંદિરમાં

---

પાદટીપ

૧. સ્થળસંકોચના કારણે અભિલેખોના સ્થાનની ગૌણ વિગતો, તેઓના પાઠ અને એનાં ભાષાંતર છોડી દીધાં છે ને પરિશિષ્ટની પાદટીપો પણ રદ કરી છે.

## પરિશિષ્ટ ૩

# ગુજરો

**'ગુજર' નામ**

'ગુર્જર' અથવા 'ગુજર' નામ, ઇસુ પછીનાં પહેલાં ૫૦૦ વર્ષ દરમ્યાન પશ્ચિમમાંથી ભારતમાં દાખલ થયેલી મધ્ય એશિયાની કોઈ જાતિના નામનું રૂપાંતર લાગે છે. એમાં મૂળમાં ગાયો ચરાવવાનો અને પછી ગાયો ચોરવાનો અર્થ રહેલો છે. મૂળ જાતિ માટે બે સૂચન આપી શકાય. એક તો એ કે એ જાતિ શક અથવા તુર્ક હતી, અને એનું નામ ફારસી 'ગુર્ગ' અથવા તો તુર્કી 'કુર્ત' (વરુ) ઉપરથી આવ્યું છે અને આ જાતિની એક નિશાની બહૂઈ 'ગુર્ગનીસ' (વરુઓ)માં રહેલી છે.

બીજું સૂચન એ છે કે 'ગુર્જર' એ ઉત્તરમાંથી ભારત ઉપર આક્રમણ કરનાર વધારે મહત્ત્વની જાતિઓ— કુશાણો અથવા મોટા યુએચી (ઈ. સ. ૩૯૦), કેદાર અથવા નાના યુએચી (ઈ. સ. ૩૯૦–૫૦૦), જુએ-જુએ(ઈ. સ. ૪૦૦–૫૦૦), ખઝર અથવા સફેદ હૂણ (ઈ. સ. ૪૫૦–૫૦૦), અથવા ગઝ્ઝ-ગઝ્ઝ(નવમી અને દસમી સદી)માંની છેવટે એકના નામનું રૂપાંતર છે. ગુર્જરોને જ્યોર્જિયા, જેનું ફારસી નામ ગુર્જિસ્તાન છે, ત્યાંના લોકો તરીકે ઓળખવામાં આવ્યા છે. 'જ્યોર્જિયાનુ''નું અરબ રૂપ 'ગુઝ્ર' એ મારવાડના નવમી સદીના ગુર્જર રાજવંશ માટે અરબ વેપારી સુલેમાને વાપરેલા 'જોર્ઝર' સાથે એટલું બધું મળતું આવે છે કે ઈ. સ. ૧૮૬૦ માં આ વ્યુત્પત્તિ ડૉ. ગ્લાસગો અને ડૉ. ભાઉ દાજી એ બંનેએ સાનુકૂળ ગણી હતી. ગુર્જરોના જ્યોર્જિયન મૂળ માટેના એમના આધારને એક

જ્યૉર્જિયન દંતકથાનું સમર્થન મળે છે. એ કથા એવી છે કે એમનો મહાન રાજા વખતંગ (ઈ. સ. ૪૬૯–૫૦૦), જેની અટક ગોર્ગસલ (વરુ, સિંહ) હતી અને જેણે જ્યૉર્જિયાની અર્વાચીન રાજધાની ટીફ્લીસની સ્થાપના કરી હતી, તેણે ઓસેટીઓ અને અબ્ખસિયનોને નમાવી અને દક્ષિણ આરમેનિયા ઉપર ફરી વળી ઈરાનના રાજા સાથે સંધિ કરી હતી અને ભારતવર્ષ ઉપર આક્રમણ કર્યું હતું; જોકે જ્યૉર્જિયાની અનુશ્રુતિઓ બહુ આધારભૂત ગણાતી નથી. પાંચમી સદીના અંતમાં માર્ગ આંતરતા સફેદ હૂણોની મહાન સત્તાનો સામનો કરી જ્યૉર્જિયાનો રાજા ભારતવર્ષમાં લશ્કર લઈ આવી શક્યો હોય અથવા તો લશ્કર મોકલી શક્યો હોય એવું ધારવું મુશ્કેલ છે. આ કથા કદાચ દક્ષિણ આરમેનિયાના અને ઉત્તર મીડિયાના ખઝરોએ તેઓના સંબંધી હેરત પાસેના બડેગીઝના સફેદ હૂણો સાથે જોડાવા તથા તેઓની સાથે ભારતવર્ષ ઉપર ચડાઈ કરવા કરેલી હિલચાલની ઝાંખી હોઈ શકે. આ સંદર્ભમાં એટલું નોંધવું જોઈએ કે 'એન્સાઇક્લોપીડિયા બ્રિટાનિકા'માંના લેખક એ વાતની તરફેણમાં છે કે ખઝરો આરમેનિયનો અને જ્યૉર્જિયનોને ઘણા મળતા છે. આ મતમાં લેખક અરબ ભૂગોળવેત્તાઓ, જેઓ ખઝરોને સહુથી સારી રીતે જાણતા હતા, તેઓનો પોતાને ટેકો હોવાનું જણાવે છે.

સેલજુકો અને ઓસમાનલીઓના પૂર્વજો ઘોઝ્ઝને સંભવિત દાવાદારોની સંખ્યામાંથી કમી કરી શકાય એમ છે, કારણ કે તેઓ અગિયારમી સદી સુધી ઑક્સસની દક્ષિણે પસાર થયા ન હતા. હવે રહે છે કુશાણો (ઈ. સ. ૧૦૦ થી ઈ. સ. ૪૦૦માં), કેદારો (ઈ. સ. ૩૮૦–૫૫૦), જુએ-જુએઓ (ઈ. સ. ૪૦૦–૫૦૦) અને ખઝરો અથવા સફેદ હૂણો (ઈ. સ. ૪૫૦–૭૦૦).

**કુશાણો**

કનિંગહમ ગુજરોને પાછળ યુએચી તરફ લે છે, જે કાંતો કુશાણો અથવા ગુશાણો તરીકે ઓળખાતા મોટા યુએચીઓ હતા, જેઓ લગભગ ઈ. પૂ. ૧૨૦ માં કાબુલ ખીણમાં આવ્યા હતા, અથવા તો જેઓ કેદારો તરીકે ઓળખાતા નાના યુએચીઓ હતા, જેઓ લગભગ ઈ. સ. ૩૯૦માં ચિત્રાલ અને સ્વાત થઈને પેશાવર ઊતરી આવ્યા હતા. ગુર્જરોની મોટા યુએચીઓ સાથેની એકરૂપતા માનવાનું કનિંગહમને એક મુખ્ય કારણ એ જાતિનું બીજું નામ હતું. પણ ત્યાર પછીનો ખરો પાઠ 'કુશાણ' હોવાનું દર્શાવ્યું છે. 'કુશાણ' અથવા 'ગુશાણ'ને 'ગુર્જર'ના મૂળરૂપ તરીકે સ્વીકારવાની મુશ્કેલી ફક્ત 'શ'માંથી 'ર' અને અંત્ય 'ણ'માંથી 'ર'ના ફેરફારોમાં જ નહિ, પણ કુશાણોની સત્તાનો અંત ઈ. સ. ૪૦૦ માં આવી ગયો ત્યાંસુધી ભારતવર્ષમાં ગુર્જ અથવા ગુર્જરોનો ક્યાંય ઉલ્લેખ આવતો નથી એમાં રહેલી છે.

ગુર્જરોની સિંધુ અને જમના પરની એક કુશાણ શાખાએ અને રામનો પુત્ર કુશ એમનો સ્થાપક હતો એ ગુર્જર દંતકથા પરથી કુશાણોના પરાભવ પછી તેઓના એક વિભાગે ગુર્જરોના આશ્રય નીચે શરણું શોધ્યું એનાથી કાંઈ વિશેષ સૂચિત થતું નથી.

જ્યારે 'કોર્સ'નું રૂપ સુધારીને 'કુશાણ' કરવામાં આવ્યું ત્યારે એ નામ ઉપર આધારિત દલીલનું બળ જતું રહેતાં કનિંગહમને એ છોડી દેવાની ફરજ પડી ત્યારે એમને ભારતમાં નીચે જણાવ્યા મુજબ ચોથી સદીના મધ્ય સુધીમાં દાખલ થઈ હોય તેવી જાતિ પસંદ કરવાની ફરજ પડી ને તેઓ નાના યુએચી અથવા કેદાર પર પાછા ફર્યા. પરંતુ કેદારોમાં આ અભિજ્ઞાનનું સમર્થન કરે તેવું કંઈ છે નહિ, ને ગુર્જરોના આગમનને પાંચમી સદીના અંતથી વહેલું મૂકવાની જરૂર દૂર થતાં કુશાણોના દાવાની જેમ કેદારોનો દાવો પણ પડી ભાગે છે. તેથી સંભવિત દાવાદારની સંખ્યા બેની થઈ જાય છેઃ જુએ-જુએ કે અવારો (ઈ. સ. ૩૯૦) અને ખઝરો અથવા સફેદ હૂણો (ઈ. સ. ૪૫૦-૫૦૦).

ગુર્જરોને ખઝરો કે સફેદ હૂણો તરીકે ઓળખવામાં મુશ્કેલી નડે છે કે જુએ-જુએ અથવા જુઆન-જુઆન હૂણોની ભારતવર્ષ ઉપરની જીતના અહેવાલોમાં 'ખઝર' નામ આવતું નથી, જેથી આટલી જાણીતી જાતિએ આક્રમણમાં ભાગ લીધો હોય તો કોઈક ઠેકાણે તો એમના નામની કોઈ નિશાની રહેવી જોઈએ, એવી દલીલ કરાય. આ દલીલમાં બળ રહેલું છે ત્યાંસુધી ગુર્જરો મહાન સફેદ હૂણ આક્રમણમાં એટલું ગૌણ સ્થાન ધરાવતા હશે કે જેથી તેઓનો નામનિર્દેશ થયો નથી, એવું માનવું સંતોષકારક ગણાય. આવું સ્થાન જુએ-જુએ અથવા અવારોને પણ લાગુ પડે છે. આ જાતિ પૂર્વના તાર્તારોની હતી. એમને તુકીઉ અથવા તુર્કોએ લગભગ ઈ. સ. ૩૫૦ માં મધ્ય ચીનમાંથી હાંકી કાઢ્યા હતા, આથી તેઓ દેખાતી રીતે મુસ્તાઘ ગિરિમાળાની પાર ઉત્તરમાં પસાર થયા અને તેઓએ ઈ. સ. ૩૮૦ માં બૅક્ટ્રિયાના કુશાણોમાંના છેલ્લા એવા કિતોલો અથવા કેદારોને બલ્કમાંથી કાઢી મૂકી ચોથી સદીના અંતમાં ઈરાનીઓ ઉપર હુમલો કર્યો હતો, તેમણે સાસાની બેહરામ ગોર(ઈ. સ. ૪૨૦-૪૪૦)ના હાથે માર ખાધો લાગે છે. પણ બહેરામના રાજ્યકાલના અંત પછી સફેદ હૂણો અથવા એફ્થલાઈતોનો સાથ મળતાં તેઓ પાછા ફરી, ઈરાન જીતી લઈ (ઈ. સ. ૪૬૦-૪૮૦) ભારતમાં ધૂસી આવ્યા લાગે છે. ગુર્જરોને જુએ-જુએ તરીકે ઓળખવામાં બે વાંધા આડા આવે છે : પહેલો વાંધો બંનેનાં નામોમાં રહેલો બહોળો તફાવત, બીજો એ કે ગુર્જરો ભારતવર્ષમાં આવ્યા

ત્યારથી હંમેશાં રહેલું એમનું મહત્ત્વ બતાવે છે કે તેઓ કાંતો હૂણો અથવા તો ખઝરો એ બેમાંથી કોઈ અગ્રગણ્ય જાતિના હોવા જોઈએ. ખઝરોનો ઉલ્લેખ પ્રાચીન અભિલેખોમાં કેમ નથી એની સમજૂતી માટે કારણોરૂપે એ હકીકત જણાવી શકાય કે અભિલેખોમાં એમનો ઉલ્લેખ મિહિરો અથવા મૈત્રકો તરીકે કરેલો છે.

ખઝરો

ભારતમાંના ગુર્જરોના પ્રાચીન ઇતિહાસમાં જે જાણવા મળ્યું છે તે એમના આગમનનો સમય પાંચમી સદીની છેલ્લી પચ્ચીસીમાં અથવા તો છઠ્ઠી સદીની પહેલી પચ્ચીસીમાં (ઈ. સ. ૪૭૦–૫૨૦) દર્શાવે છે. અર્થાત્ ગુર્જરો એક મોટા સમૂહનો ભાગ હતા, જેમાં જુઆન–જુઆન અથવા અવારો અને એફ્લાઈતો, હિઅતિલહો, યેતો અથવા સફેદ હૂણો અગ્રિમ તત્ત્વો હતા. હવે પ્રશ્ન એ રહે છે કે છઠ્ઠી સદીની શરૂઆતમાં ગુર્જરોના ભારતમાં થયેલા આગમનનો જે ઇતિહાસ જાણવા મળે છે તેની સાથે કયાંસુધી મેળ મળે છે. 'ખઝર' 'નામ નીચે જણાવેલાં રૂપોમાં દેખા દે છે–ચીનાઓમાં કોસા, રશિયનોમાં ખ્વાલિસીઓ, બાયઝન્ટાઈનોમાં ચોઝરો અથવા ચઝરો, આર્મેનિયનોમાં ખઝિરો અને અરબોમાં ખોઝર અને 'ખુરલુપ' તથા 'ખઝલજ'નાં બહુવચનનાં રૂપ–બંનેમાં. બીજા રૂપાંતર 'ગુર્જરો'ને વધુ મળતાં આવે છે. આ છે ગઝર, "ખઝર" રૂપ અસોફના સમુદ્રની ઉત્તર તરફનું છે, 'ગિસર' –આ નામ યહૂદીઓ બનેલા ખઝરો માટેનું છે, અને 'ઘુસર' કૉકેસસના લેસઘિયનોમાં પ્રચલિત 'ખઝર'નું રૂપ હોવર્થ અને 'એન્સાયક્લોપીડિયા બ્રિટાનિકા'માંના લેખક કલપ્રોથના મતને અનુસરીને માને છે કે એ સફેદ હૂણો જ છે. પાંચમી સદીના મધ્યમાં ભારતમાં આવેલા સફેદ હૂણો કારગીઝનાં મેદાનોમાંની ઉત્તરી વસાહતોમાંથી સમરકંદ થઈ બલ્ખ આવ્યા લાગે છે. ઑકસસની ખીણમાં આ સફેદ હૂણોએ જુઆન–જુઆન લોકો જેઓએ તેઓની પહેલાં પચાસેક વર્ષે જકસર્ટીસ ઓળંગી હતી, તેઓને પકડી પાડયા લાગે છે. સફેદ હૂણોએ જોયું કે જુઆન–જુઆન લોકો વરહરન ૫ મા(ઈ. સ. ૪૨૦–૪૪૦) બહેરામ ગોરના વિજયોને લીધે નિર્બળ થઈ ગયા હતા, અને તેઓએ એમને ઈરાન ઉપરની તાજી ચડાઈમાં લીધા લાગે છે. એનું પરિણામ એ આવ્યું કે એમના મહાન નેતા સુ–ચીને (સુખદાયકે) પાંચમી સદીના અંતમાં સાસાનીઓને ખંડણી ભરવાની ફરજ પાડી. ઈરાન ઉપરના આધિપત્યને લીધેજ સુ–ચીને પોતાના ચીની બિરુદ 'શુલો–પુચિન' (સુખદાયક)નું ઈરાની રૂપ 'ખુશનવાઝ' અપનાવ્યું હતું. આમ છતાં એમનું બલ્ખમાં આવવું અને ભારતમાં દાખલ થવું એ બે વચ્ચે એટલો ઓછો ગાળો

રહે છે કે સમૂહનો આ વિભાગ ઈરાનની અસર નીચે બહુ આવી ગયો હોય એવું ભાગ્યેજ બને. આ પૂર્વના અથવા ઑક્સસની ખીણના સફેદ હૂણોને ચીનના લોકો 'યેતો' તરીકે ઓળખતા. 'યેત' એ તેઓના રાજકુલના નામ 'યેત-ઈ-લિ-તો'નો આરંભિક ભાગ છે. પશ્ચિમી પ્રજાઓએ એનું 'હિઅતિલહ' અને 'એફ્થલિત' રૂપાંતર કર્યું. આર્મેનિયનો, ઈરાનીઓ અને અરબોમાં 'ખઝર' નામ કેટલીક વાર ઑક્સસ-ખીણના એફ્થલિતો માટે વપરાતું હોવા છતાં, મુખ્યત્વે તો જે જકસર્ટીસની ઉત્તરે રહ્યા અથવા કાસ્પિયન સમુદ્રના પશ્ચિમતટના માર્ગે દક્ષિણમાં ફેલાયા તે સમૂહના વિભાગો માટે વપરાય છે. મહાન સફેદ હૂણ આક્રમણકારોના અભ્યુદયને લગતા ભારતીય ઉલ્લેખોમાં 'ખઝર' નામ દેખા દેતું નથી. ભારતીય લખાણોમાં આ આક્રમણકારોને હૂણો તરીકે અથવા મિહિરો એટલે કે મેરો તરીકે વર્ણવેલા છે. સફેદ હૂણોનું એક ઝુંડ ઑક્સસ પાર કરીને દક્ષિણે ભારતમાં દાખલ થયું એ જાણવામાં આવ્યું છે. હવે એ પ્રશ્ન રહે છે કે આ ઝુંડ, જેણે ભારત આવતાં માર્ગમાં ઑક્સસ ઓળંગી તે, ભારતમાં દાખલ થતાં પહેલાં સફેદ હૂણો અથવા ખઝરોના કોઈ બીજા સમૂહ સાથે જોડાયેલું કે કેમ. ખઝરો અને સફેદ હૂણો એક જ છે એવું સ્વીકારતાં ફલિત થાય છે કે ખઝરોમાં બે ભિન્ન તત્ત્વોનો સમાવેશ થતો-સુંદર અથવા અક-ખઝર, બાયઝેન્ટાઈનના લેખકોના 'અકત્ઝિરોઈ' અથવા 'ખઝરોઈ' અને કાળા કે કારા-ખઝર. કારા-ખઝર બાંધી દડીના, કુરૂપ અને ઇન્ડિયન જેવા કાળા હતા. એ મેદાનોના ઉગરિયન ભ્રમણકાર હતા, જે લશ્કરના સામાન્ય સિપાઈઓ બનતા. સફેદ ખઝર અથવા સફેદ હૂણો ગોરી ચામડીના, કાળા વાળવાળા અને દેખાવડા હતા. (નવમા અને દસમા સૈકામાં) એમની સ્ત્રીઓની બગદાદ અને બાઈઝન્ટિયમમાં માંગ હતી. કલપ્રોથનો મત જે પ્રમાણે 'એન્સાયક્લોપીડિયા બ્રિટાનિકા'માંના લેખકે અપનાવેલો છે તે પ્રમાણે સફેદ ખઝરો ઈસુની પહેલાંના સમયથી કાસ્પિયનની આસપાસ વસતી ગોરી પ્રજાનું પ્રતિનિધિત્વ ધરાવતા હતા. સફેદ હૂણ એફ્થલિતો, સફેદ ઉગરિયનો, સરોગોનો અને સફેદ બુલગરો તરીકે આ ગોરી જાતિ યુરોપ અને પૂર્વ એશિયા વચ્ચેની કડીરૂપ હતી. તેઓ તાર્તાર આક્રમણોના અગ્રેસર પણ હતા.

આ ગોરી પ્રજામાંથી ઈસ્વી બીજી સદીના અંતમાં ખઝરોએ નામ કાઢ્યું. ખોરીનીના મોઝીઝ (ઈ. સ. ૪૫૦) પ્રમાણે ઈ. સ. ૧૭૮ અને ૧૯૮ની વચ્ચે ખઝરોએ બઝિલિયનોની સાથે ભળી જઈ આર્મેનિયનો ઉપર હુમલો કર્યો અને માર ખાધો. આર્મેનિયન લેખકો ઈ. સ. ૩૫૦ માં પશ્ચિમ કાસ્પિયન પરના દરબંદ થઈને ખઝરોએ ઈ. સ. ૩૫૦માં કરેલા હુમલાનો ઉલ્લેખ કરે છે. ઈ. સ.

૩૫૯ માં મહાન કોન્સ્ટેન્ટાઈન(ઈ. સ. ૩૨૦-૩૪૩)ના પુત્ર કોન્સ્ટન્ટિઅસ અથવા લોથનસે ખઝરોને અને અરબોને ઉત્તરપૂર્વમાંના જુઆન-જુઆન અથવા અવાર હુમલાખોરો સાથે તાજેતરમાં (ઈ. સ. ૩૫૦-૩૫૭) સંધિ કરનાર સાસાની સપોર (ઈ. સ. ૩૦૯-૩૭૯) સાથે લડાઈ કરવા એકઠા કર્યા. ચાર વર્ષ પછી (ઈ. સ. ૩૬૩) ખઝરોએ સમ્રાટ જુલિયનને સાપોર સાથેના યુદ્ધમાં મદદ કરી. રોમ સાથેના મૈત્રી-જોડાણ પછી થોડા વખતમાં પૂર્વ કારિપયન મેદાનોના ઊગરિયનો અથવા કાળા હૂણો સત્તા ઉપર આવ્યા અને તેઓએ ખઝરોને એટલા ઓચિંતા ઘમરોળી નાખ્યા કે આર્મેનિયન લેખકો ઈ. સ. ૩૭૫ અને ૩૭૮ વચ્ચે હૂણોના આક્રમણની નોંધ લે છે. ખઝરો નમ્યા ને થોડાક સમય માટે કાળા હૂણોને શાંતિપૂર્વક તાબે થયા. ઈ. સ. ૪૩૪ માં મહાન અટ્ટિલાને ખબર પડી કે સમ્રાટ થીઓડોસિયસ ખઝરોને કાળા હૂણો ઉપર આક્રમણ કરવા ઉત્તેજિત કરતો હતો એટલે એણે ખઝરોને કચડવા માંડયા (ઈ. સ. ૪૪૮) અને એણે પોતાના જ્યેષ્ઠ પુત્રને એમનો રાજા બનાવ્યો. ખઝરો પરની કાળા હૂણોની પકડ ઈ. સ. ૪૫૪ માં અટ્ટિલાનું મૃત્યુ થતાં શિથિલ થઈ. દેખીતી રીતે કાળા હૂણોનો અભ્યુદય (ઈ. સ. ૩૭૦-૪૫૦) જુઆન-જુઆન કીરગીઝનાં મેદાનોમાંથી એફ્થલાઈતો કે યેતો કારિપયનના ઉત્તરપૂર્વ તરફ શાથી દબાણ લાવ્યા એનો ખુલાસો આપે છે. મહાન બહેરામ ગોર(ઈ. સ. ૪૨૦-૪૪૦)ના હાથે જુઆન-જુઆનની હાર થઈ એનાથી આ દબાણ ટેકામાં ફેરવાઈ ગયું. એફ્થલાઈતો પાછા ફરતાં જુઆન-જુઆનને મળ્યા અને એમની નેતાગીરી લઈ એમણે તેઓને ઈરાન ઉપર જીત મેળવવા માટે પાછા વાળ્યા. કાળા હૂણ વિજેતાઓની પાસેથી થયેલી એ જ પીછેહઠે ઉત્તર-પશ્ચિમ કારિપયનના ખઝરોને જમીનમાર્ગે તથા જળમાર્ગે કારિપયનના પશ્ચિમ કિનારે દક્ષિણ આર્મેનિયા અને ઉત્તર મીડિયામાં હાંકી કાઢયા, જ્યાં તેઓની ઓછામાં ઓછું દસમી સદી સુધી વસ્તી રહી. પાંચમી સદીના અંતમાં નવાં આક્રમણ શરૂ થયાં લાગે છે, કારણ કે ઈ. સ. ૪૯૦ માં કોબદે ખઝરોને હરાવી તેઓને કાબૂમાં રાખવા માટે અમીદ આગળ એક શહેર બંધાવ્યું એમ નોંધ મળે છે. લગભગ બે વર્ષ પછી (ઈ. સ. ૪૯૨ ?) કોબાદને સામ્યવાદી મઝદકને મદદ કરવાના કારણસર ઈરાનમાંથી હાંકી કાઢવામાં આવ્યો. ત્યારે એ હયતિલહોના આશ્રયે ગયો. હયતિલહ દેખીતી રીતે પૂર્વના સફેદ હૂણો છે, જેમની રાજધાની હેરતની ઉત્તરે લગભગ ૭૦ માઈલ પર આવેલ બદેગીઝ હતી. તેઓની સહાયથી અને ખોરાસાનના લશ્કરની મદદથી કોબાદે એના ભાઈ જમરપને હરાવ્યો. આ વિગતો બતાવે છે કે પાંચમી સદીના અંતમાં સફેદ હૂણોના બે વિભાગ ઉત્તર ઈરાનમાં સ્થિર થયા

હતા. આમાંના એક હતા દક્ષિણ આર્મેનિયામાંના અમનહ અને અઝરબૈજનના ખઝરો. કાસ્પિયન અથવા ખઝર સમુદ્ર ઉપર સત્તા ધરાવતા તબરી-(ઈ. સ. ૮૩૮-૯૨૨)નો ખઝર દેશ હતો. બીજી વસાહત હતી સફેદ હૂણોની, જે હિઅતિલહો કે યેતો તરીકે ઓળખાતા ને જેમની રાજધાની હેરાતની ઉત્તરે આવેલી બદેગીઝ હતી. આ લોકો સફેદ હૂણ હતા.

તેઓ પાંચમી સદીના મધ્ય પછી તરત જ ઑકસસ ખીણની દક્ષિણે અને પશ્ચિમે પસાર થયા હતા. હવે પ્રશ્ન એ રહે છે કે ખઝરો યેતો સાથે ભળી ગયેલા ને જીત મેળવતા ભારતમાં સાથે આવેલા કે કેમ. આનો જવાબ એ છે કે તેઓ ભળી ગયા હતા જ. રૉલિન્સનના મંતવ્ય પ્રમાણે ઈ. સ. ૪૮૦ માં જ્યારે કુશાણોએ એટલે કે ખરી રીતે સફેદ હૂણોએ-જોકે તેઓએ નિ:શંક કુશાણ તત્ત્વ આત્મસાત્ કર્યું હતું, તેઓએ સાસાની પેરોસીસ(ફીરોઝ ઈ. સ. ૪૫૯-૪૮૪)ને મોટી લડાઈમાં હરાવ્યો ત્યારે તેઓએ દક્ષિણપૂર્વ ખૂણામાંના અસ્તરાબાદથી માંડીને ઉત્તર-પશ્ચિમમાં આવેલા અલ્બેનિયામાંના દરબાંદ સુધીના કાસ્પિયનની સમગ્ર દક્ષિણ સરહદ પર સત્તા સ્થાપી હતી. આની સાથે એક સદી પછીના બનાવોને લગતી તબરી (ઈ. સ. ૮૩૮-૯૨૨)ની વિગતો મળતી આવે છે. તબરી કહે છે: નૌશીરવાનના પુત્ર હોરમઝદ (ઈ. સ. ૫૭૯-૫૯૦)નું રાજ્યારોહણ થતાં, અમનહ અને અઝરબૈજન એટલે કે દક્ષિણ આર્મેનિયા અને ઉત્તર મીડિયામાંથી આવેલા ખઝરો એની સામે થયા. આ હકીકત બતાવે છે કે હૂણોથી ડરેલા ચોથી સદીના ખઝરો દક્ષિણ આર્મેનિયા અને મીડિયામાંથી અણપડકારેલા રહ્યા હતા. આ પરથી ફલિત થાય છે કે નૌશીરવાનો-(ઈ. સ. ૫૩૬-૫૭૯)ની દીવાલ (ઈ. સ. ૫૬૨), જેના અવશેષ દરબાંદની પાસે રહેલા છે તે, અહીં લાંબા વખતથી સ્થાયી થયેલા ખઝરોને રોકવા માટે નહિ, પણ સફેદ હૂણો અને ખઝરો એ બંનેને પીડનાર તુર્કોને ખાળી રાખવા માટે બંધાઈ હતી. સુમાહિતગાર અરબ લેખકો ખઝરોને જ્યૉર્જિયન માનતા, જે મતને આજે પણ અનુમોદન મળે છે, એ હકીકત પાંચમી સદીના અંત ભાગમાં એમના મહાન રાજા વખતંગે (ઈ. સ. ૪૬૯-૫૦૦) લશ્કર લઈને ભારતવર્ષ ઉપર આક્રમણ કર્યું હતું, તે જ્યૉર્જિયન અનુશ્રુતિને, દક્ષિણ આર્મેનિયા અને મીડિયાના ખઝરોની પૂર્વાભિમુખ હિલચાલ વડે સમજાવી શકે. જો એ સંભવિત હોય તો આ વાત વજૂદવાળી છે. ખરેખર ફલિત થાય છે કે પાંચમી સદીના અંતભાગમાં ઉત્તરપશ્ચિમ ભારતવર્ષમાં આવેલા એ મહાન યૂથમાં ત્રણ મુખ્ય વિભાગોનો સમાવેશ થતો હતો: જુઆન-જુઆન અથવા અવર અંશ, વધારે અણઘડ અને ગૌણ તત્ત્વ અને સફેદ હૂણોના બે વિભાગ પૂર્વ કાસ્પિયન કિનારા પરથી આવેલા

એફ્થલાઈટો અને પશ્ચિમ તથા દક્ષિણપશ્ચિમ કારિપયન કિનારા પરથી આવેલા ખઝરો. સફેદ હૂણોની આ દરેક ટુકડીમાં ગોરા અને કાળા વર્ગનો સમાવેશ થાય છે. મેર્વ અને હેરાત ટુકડીમાં આ બે વર્ગ હૂણો અને કરા અર્થાત્ કાળા હૂણો તરીકે ઓળખાતા. દક્ષિણ આર્મેનિયા અને ઉત્તર મીડિયાની ટુકડીમાં ખઝરોના બે વર્ગમાં ભારતવર્ષના બડ અથવા રાજપૂત અને સાધારણ કે હલકા વર્ગના ગુર્જરો એ બે જાતિઓનું મૂળ રહેલું હોય એમ લાગે છે. ઉત્તરપૂર્વ અને ઉત્તર-પશ્ચિમ વચ્ચેનો આ ભેદ જ આ સમૂહના આક્રમણના સહુથી વધુ નોંધપાત્ર પરિણામોમાંના એક પરિણામનો ખુલાસો કરી શકે છે. એનું પરિણામ એ છે કે ઉત્તર-પૂર્વમાંની શિવની પૂજા અને અંશતઃ બૌદ્ધધર્મમાંની અને ખાસ કરીને વધારે તો ઈરાનમાંની મિહિર(સૂર્ય)ની પૂજા,–એ બે વિશિષ્ટ પૂજા આગળ ધપી. આ દેખાવડી અને બરછટ–એ બંને જમાતોની નિશાની મારવાડની કહેવત 'હૂણ જૈસા સુંદર' અને ગુજરાતની નિંદાત્મક કહેવત 'હૂણની દાઢી જેવો પીળો અને ઠીંગણો'માં સચવાઈ છે. વળી કાબુલની ખીણ અને કાશ્મીર એ બંનેમાં મળતાં છઠ્ઠી સદીનાં ગ્રીક અને રોમન સ્થાપત્યોમાં તેમજ કોસમસ(ઈ. સ. ૫૨૫)ને જેમાં રસ પડેલો તે હૂણની ટોળીમાં રહેલા ખ્રિસ્તી તત્ત્વ માટે પણ દક્ષિણ આર્મેનિયા અને ઉત્તર મીડિયાના ખઝરો જ જવાબદાર હશે. છેલ્લે, આ બેવડા ખઝર અથવા સફેદ હૂણ તત્ત્વ પરથી સમજાય છે કે એ મહાન સમૂહના મહાન વિજયો અને પરાજયો નોંધતા ભારતીય અભિલેખો તેઓનો હૂણો અને મિહિરો તરીકે કેવી રીતે ઉલ્લેખ કરે છે. છઠ્ઠી સદીના હૂણોનો ઉલ્લેખ સફેદ હૂણોને લગતો લાગે છે. મિહિરો એ મીડિયામાંથી નવા આવેલા સૂર્યપૂજક મેડો અથવા મેરો લાગે છે. એમણે મીડિયાના મગ બ્રાહ્મણોને ભારતવર્ષમાં આણ્યા. પંજાબમાં અને રાજપૂતાનામાં તેઓનું નામ 'મહર' અથવા 'મહેર' ખઝર અથવા ગુર્જરને માટે આદરદર્શક શબ્દ રહેલ છે. એના ભારતીય રૂપ 'ગુર્જર' નીચે 'ખઝર' છઠ્ઠી સદીના આવેલા મહાન સમૂહ માટે વપરાતું બંધ થયું લાગે છે. સંભવતઃ એ નામધારી સૂર્યપૂજક હતા એ કારણે 'મિહિર' શબ્દ કે બિરુદ વપરાતું બંધ થયું. ધીરે ધીરે જેમ જેમ આ નવા આગંતુકો રાજપૂતો અને ક્ષત્રિયો તરીકે ઓળખાયા તેમ તેમ ઉપલી જમાતોમાં 'ગુર્જર' નામ નાપસંદ પડતું ગયું ને એને મુખ્યત્વે છઠ્ઠી સદીના સફેદ હૂણ સમૂહના મધ્યમ અને નીચલા વર્ગના પ્રતિનિધિઓએ જ ચાલુ રાખ્યું ને આજે પણ એ તેઓમાં લગભગ સીમિત રહ્યું છે.

**ઇતિહાસ—નિશાનીઓ : ભારતના માર્ગે**

ઉપર જોયું છે કે જ્યૉર્જિયામાં 'ગુર્જ' અને 'કુર્જ' એ પૌરસ્ત્ય રૂ ગુર્જઓની જાતિના નામમાંથી વ્યુત્પન્ન થયાં છે. અબુલ ફરગે (ઈ. સ. ૧૨૪૩

આ જાતિને ખઝરો જ ધારે છે. પરંતુ નદી 'કુર' અથવા 'કુરુસ'માંથી દર્શાવાતી પ્રકારે પ્રચલિત વ્યુત્પત્તિ વધુ સંભવિત લાગે છે, જોકે નદીએ જાતિને અને જાતિએ દેશને નામ આપ્યું એ અસંભવિત નથી. જેનું નામ ખઝરોની નિશાનીરૂપ લાગે તેવું બીજું સ્થળ છે ખિવા, અરબોનું ખ્વારિઝમ, પ્રશિષ્ટ લેખકોનું ચોરસ્મિઆ, જે ઈરાનીઓને 'ગુર્ગાન' તરીકે અને અરબોને 'જુર્જજ' તરીકે જાણીતું ને જે હાલ આદ્ય કંઠ્યાક્ષરના લોપથી 'ઉર્ગંજ' છે. દ' હેરબેલોતના મંતવ્ય પ્રમાણે અરબોએ કાસ્પિયનને જ્યોર્જિયન કહેલો તે આ 'ગુર્ગંજ' ને લીધે. પ્રશિષ્ટ રૂપ (ચોરસ્મિયા) નામનું કોઈ સ્થાનિક મૂળ દર્શાવતું લાગે છે, જોકે નોંધવું જોઈએ કે અરબ લેખકોએ ખઝરોને ખિવાની પડોશમાં મૂકયા છે અને ખિવા પાસેનો સમુદ્રકાંઠો કાસ્પિયન પરનાં વેપારનાં મુખ્ય મથકોમાંનો એક છે. વળી, કાસ્પિયનના દક્ષિણપૂર્વ ખૂણામાં આવેલું અર્વાચીન અસ્તરાબાદ, જેને અરબોએ 'ખઝરોની ભૂમિ' પણ કહ્યું છે ને જે વેપારનું કેંદ્ર હતું તે, આઠમી અને નવમી સદીના અરબોને જુર્જાન કે દૂર્જેહ્જાન તરીકે જાણીતું હતું. બન્સની જ્યોર્જનની પ્રાચીન નદી અને ગૂર્ગનનું પાટનગર સરખાવો, જેની નિશાનીઓ અસ્તરાબાદ પાસેના ગુંબઝ કાઉસમાં રહી હતી. નામનું રૂપ તથા દેશની ભૌગોલિક સ્થિતિ—એ બંનેમાં રહેલી અનુકૂળતા છતાં ખઝર અથવા ગુર્જર સાથેનો નામ-સંબંધ અસંભવિત લાગે છે. એનું મૂળ તો લાગે છે ફારસીમાં નદી 'ગુર્જ' (કે વરુ). હિર્કેનિયામાંના 'હિર્ક'ના ઝંદ મૂળ 'વ્રક'નો અર્થ પણ વરુ થાય છે એ હકીકતથી આ વ્યુત્પત્તિને સમર્થન મળે છે. ખઝર કે ગુર્જરનાં સૂચક નામોવાળો ત્રીજો પ્રદેશ છે ગુર્જિસ્તાન, જે દેખાતી રીતે સફેદ હૂણોના પાટનગર બદેઘિઝની પડોશમાં છે ને જેની હદ ઉત્તરે મેર્વ, પૂર્વે ગોર, દક્ષિણે ગઝની અને પશ્ચિમે હેરાત સુધી હોવાનું નિરૂપાયું છે. ખુરદાદબેહ(ઈ. સ. ૮૨૬)ની ખંડણીની યાદીઓ બદેઘિઝ પછી ગોર્દજિસ્તાન દર્શાવે છે. આ તબરી(ઈ. સ. ૮૩૮-૯૨૨)એ જણાવેલો પ્રદેશ છે, જ્યાં એ નૌશિરવાન(ઈ. સ. ૫૩૭-૫૭૯)ને બલ્ખ તરફ જતો ને તુખરિસ્તાન, હિઅતિલહ અને ગુર્જિસ્તાનનો દેશ જીતતો જણાવે છે. એ હ્યુએન ત્સંગ(ઈ. સ. ૬૩૦)નું જુઝગાના (હુ-શિ-કિયેન) પણ હોય, જેને નિઃશંક મુરઘાબની ખીણની દક્ષિણપૂર્વે મૂકેલું છે.

અર્વાચીન નિશાની 'ઉજરિસ્તાન'માં રહી લાગે છે, જેમાં આદ્ય 'ગ'નો લોપ થયો છે. એ હઝારાની પશ્ચિમે અર્ઘંદાબની પાર આવેલું છે. મેર્વ અને બલ્ખની વચ્ચેનો એક બીજો પ્રદેશ બારમી સદી(ઈ. સ. ૧૧૬)માં 'જુઝજન' તરીકે ઓળખાયો લાગે છે. હેલમંદની વધુ દક્ષિણે થોર્નટનને સીસ્તાનના માર્ગ પર

ગુજરિસ્તાન અને ગુજર-ઇ-ખશી મળ્યું છે. ત્રીજું ગુજરિસ્તાન ગઝની પાસે છે. કાં તો આ અથવા તો હેલમંદ ગઝર હ્યુએન ત્સંગ(ઈ. સ. ૬૪૦ નું 'હોસલો' હોય, જેમાં કંઠ્ય લુપ્ત છે ને 'ર'નો 'લ' થયો છે. બીજું બહુઈઓ, જેમનાં ટૂંકાં જાડાં અસ્થિ, ચપટાં અંગ અને સખત કામ અને ભારે આહારવાળી તંદુરસ્તી ક્રૂરા અથવા નીચલા વર્ગના ખઝર સૂચવે છે, તેઓમાં મિંગલો (જાણે કે મિનો), નગ્રીઓ એક જાણીતો ગુર્જર પેટાવિભાગ, મેરવારી (મેરો) અને મેહરાની (મેહિરો) તથા શંકાસ્પદ ગુર્ગનનીઓ કે ગુર્જરો છે. આ નામોની બીજી કોઈ સમજૂતી અપાઈ ન હોઈ, તેઓ ભારતવર્ષમાં બમિયન થઈને અને સીસ્તાન અને અફઘાનિસ્તાન થઈને-એને માર્ગે ખઝરો કે ગુર્જરોએ કરેલા ગમનના માર્ગની નિશાનીઓરૂપે છે. આને ડૉ. બર્ડ(કંઈક બિનસલામત આધાર)નો ટેકો મળ્યો છે. એ કહે છે કે અફઘાનોને યુરોપિયન પ્રજાઓ સાથે જોડતી અંતરાલ શાખા તે ખઝરોની જાતિ છે, જેઓની સાથે સાતમી સદી દરમ્યાન ઘણા યહૂદીઓ તથા ખ્રિસ્તીઓ સંલગ્ન હતા. આ સૂચવે છે કે હઝારો, જે હેલમંદની પશ્ચિમે, ઉપલા સિંધુદેશમાં અને રાવલપિંડીની ઉત્તરે જોવામાં આવે છે ને જેના મોંનાં લક્ષણ અને પ્રકાર મોંગોલ તરફ ઢળે છે, તે ક્રૂરા કે ઊતરતા ખઝરોના અવશેષ હશે.

## નિશાનીઓ : ભારતમાં

બાજપુરાણના આધારે અલ્બીરૂની (ઈ. સ. ૧૦૪૦) પલ્લવો, શકો, મલ્લો અને ગુર્જરોને ઉત્તરના તરીકે વર્ણવે છે. બોમ્બે ગૅઝિટયરના ગ્રંથ ૧, ભાગ ૧ માં પ્રાચીન ગુર્જર પાટનગર ભીનમાલના આપેલા વૃત્તાંતમાં જણાવેલો ગુર્જરોના ભારતીય ઇતિહાસનો સાર એવું દર્શાવે છે કે ગુર્જરો પ્રાયઃ ભારતવર્ષમાં લગભગ પાંચમી સદીના મધ્યમાં દાખલ થયા. ડૉ. ભગવાનલાલે પોતાના પ્રાચીન ગુજરાતના ઇતિહાસમાં અપનાવેલો મત એવો છે કે વલભીઓ જે લગભગ ઈ. સ. ૪૯૦માં કે ૫૨૫ માં સત્તારૂઢ થયા તે ગુર્જરો હતા. આ મતને એમણે એ રાજવંશના સ્થાપક ભટાર્ક(ઈ. સ. ૪૮૦)ના કુટુંબ કે કુળના ઉલ્લેખનાં અભાવથી વલભીના રાજાઓ અને ભરૂચના ગુર્જરો (ઈ. સ. ૫૮૦–૮૦૮) વચ્ચે રહેલા મૈત્રીભર્યા સંબંધોથી અને સાતમી તથા આઠમી સદીઓ દરમ્યાન કાઠિયાવાડના બીજા રાજાઓ ચાપકુલના ગુર્જરો હતા એ હકીકતથી આધાર આપ્યો છે. પંડિતની સમજૂતીના માર્ગમાં ગંભીર મુશ્કેલી હતી, વલભીકુલના સ્થાપક ભટાર્ક(ઈ. સ. ૪૮૦)નું વિશેષણ, જેમાં એણે મૈત્રકોનાં મોટાં સૈન્યોને હરાવી નામના મેળવ્યાનું નિરૂપાયું

છે. 'મૈત્રક' અને 'મિહિર' એક જ છે ને 'મિહિર' એ 'મેડ' 'કે' 'મેર'નું સંસ્કૃત રૂપ છે, તેથી એ ગુર્જર આક્રમણકારોના એ જ સમૂહના એક બીજા વિભાગનો સામનો કરવાથી કીર્તિ પામે એમાં વિરોધ લાગતો. ડૉ. ભગવાનલાલનો ઇતિહાસ લખાયા પછી, ડૉ. હુલ્શે માહિતી બહાર પાડી છે, જે દર્શાવે છે કે વલભીઓ મૈત્રકોના વિરોધી નહોતા, એટલું જ નહિ, પોતે જ મૈત્રકો હતા. આ પરથી ફલિત થાય છે કે ગેહલોતો અને બીજા રાજપૂતો જે પોતાની ઉત્પત્તિ વલભીના બાલાઓ અથવા વાળાઓમાંથી થઈ હોવાનું જણાવે છે તેઓ પણ મિહિરો ને એથી ગુર્જરો હતા, કેમકે 'મિહિર' એ ગુર્જર માટેનું માનવાચક નામ છે. ગુર્જરોના એ નામ નીચેનો સહુથી પ્રાચીન જ્ઞાત નિર્દેશ મગધના મહાન શ્રી હર્ષ(ઈ. સ. ૬૦૬-૬૪૧)ના પિતા પ્રભાકરવર્ધન વડે થયેલા તેઓના પરાજયનો છે. પ્રભાકરવર્ધનના વિજયોની યાદીમાં ગુર્જરોને સિંધના રાજા અને લાટોની અર્થાત્ મહીની દક્ષિણે આવેલા હાલના ગુજરાતના રાજાઓની વચ્ચે આપેલી સ્થિતિ સૂચવે છે કે એ સમયે ગુર્જર વડું મથક દક્ષિણ મારવાડમાં હતું. ચીની યાત્રિક હ્યુએન ત્સંગે ઈ. સ. ૬૪૦માં કરેલા, ગુર્જરો (કુ-ચે-લો) જેમનું પાટનગર ભીનમાલ (પિ-લો-મો-લો) છે તેઓ સમૃદ્ધ અને વસ્તીવાળા દેશ પર રાજ્ય કરતા હતા ને એમનો રાજા જુવાન ક્ષત્રિય હતો એ વર્ણન પરથી આ સ્પષ્ટ થાય છે. અભિલેખો એકંદરે આઠમી સદી દરમ્યાન ભીનમાલના ગુર્જરોની સત્તામાં વૃદ્ધિ દર્શાવે છે, તેઓના મુલકોમાં છેવટે બંગાળાના ભાગોનો સમાવેશ થાય. નવમી સદીમાં જુર્જ કે જુજ રાજાઓને અરબ હુમલાઓથી ગંભીર રીતે સહન કરવું પડેલું હોવા છતાં તેઓ ભારતીય રાજવંશોમાં મહત્ત્વની દૃષ્ટિએ ચોથા હતા. તેઓના મુલકોમાં, અબુ ઝૈદ(ઈ. સ. ૯૧૬)ના વિધાન અનુસાર, કનોજ દેશના ઘણાખરા ભાગનો સમાવેશ થતો હતો.

ભીનમાલ હજી પાટનગર હતું, પરંતુ ચાપ નામની પેટાજાતિ કે કબીલાના રાજાઓએ ઘણાં મહત્ત્વનાં રાજ્ય સ્થાપ્યાં હતાં. એમાંનું એક સોમનાથમાં હતું, બીજું વઢવાણમાં અને આઠમી સદીના મધ્યના અરસામાં ત્રીજું અણહિલવાડમાં હતું. અણહિલવાડ મુંબઈ ગુજરાતનું થોડા વખતમાં પાટનગર થવાનું હતું. છઠ્ઠી સદીના અંત પહેલાંથી એક નાનો ગુર્જર-વંશ ભરૂચમાં થયો. એ આઠમી સદીના આરંભ સુધી ટક્યો. એમાં ખાસ રસપ્રદ બાબત એ છે કે દદ્દ ત્રીજો (ઈ. સ. ૬૭૫-૭૦૦) બતાવે છે કે બ્રાહ્મણ નિયમોના પાલનથી વિદેશી જાતિનો સભ્ય પણ કેવી રીતે ક્ષત્રિય તરીકે અપનાવાઈ શકે અને એની ઉત્પત્તિ પૌરાણિક પ્રસિદ્ધ પુરુષમાંથી કેવી રીતે પૂરી પાડી શકાય. એણે સૂર્યપૂજા તજી શિવપૂજા અંગીકાર કરી અને ક્ષત્રિય તરીકે સ્થાન પ્રાપ્ત

કર્યું. એ પછી દદ્દ ૩ જાએ અને એના અનુગામીઓએ પોતાને ગુર્જરો કહેવાનું બંધ કર્યું એ હકીકત વલભીના ક્ષત્રિય રાજાઓ મિહિરોમાં કે ગુર્જરોમાં થયેલી પોતાની ઉત્પત્તિ કબૂલ કરવાને દેખીતો અણગમો દાખવતા એનો દાખલો છે. ભાટો પ્રમાણે અણહિલવાડને ગુર્જરોની શાખારૂપ ચાવડાઓની કે ચાપો-(ઈ. સ. ૭૨૦–૯૫૬)ની સત્તા નીચે સત્તાના કેંદ્ર તરીકે દર્શાવવામાં આવ્યું છે, એમ છતાં એ નગર ઓછામાં ઓછું દસમી સદી સુધી ભીનમાલના ગુર્જરોને તાબે રહેલું જણાય છે. પંજાબમાંના મહાન ગુર્જર રાજ્ય વિશે ઈ. સ. ૮૯૦ પહેલાં કોઈ વિગતો મળી નથી. એ વર્ષે તેઓની સત્તા પડતીમાં હોવાનું જણાય છે, કેમકે રાજતરંગિણી જણાવે છે કે ગુર્જર રાજા અલખાન કે જે ઠક્કીય કુલનો હોવાનું અને કાબુલના શાહીના તાબે હોવાનું કહેવાય છે, તેને ટક્કદેશનો મહત્ત્વનો મુલક કાશ્મીરના શંકરવર્માને આપી દેવો પડ્યો હતો. અગિયારમી સદીના આરંભમાં, આ ઉલ્લેખ પણ પડતીની નિશાની દર્શાવે છે, એમ છતાં ગુર્જરોની સમસ્ત રાજપૂતાના પર પ્રસરેલી વિસ્તૃત સત્તા અલ્બીરૂનીના એ વિધાન-(ઈ. સ. ૧૦૩૦)થી દર્શાવાય છે કે જયપુર પાસેનું નરાયન કે બરાનનું મોટું વેપારમથક તાજેતરના સમય સુધી ગુર્જર પાટનગર હતું ને એની પડતી થતાં ગુર્જરોએ પોતાનું પાટનગર જહવદ(જાવરા ?)માં ખસેડ્યું હતું. દરમ્યાન ભીનમાલમાં પણ ગુર્જર સત્તાની પડતી થતી હતી. લગભગ ઈ. સ. ૯૫૦ માં ૧૮,૦૦૦ ગુર્જરોના સમૂહે ભીનમાલ છોડ્યું ને જૂની મધ્ય એશિયાઈ રીતે શકટોમાં પ્રવાસ કરી, દક્ષિણ માળવામાં તથા ઉત્તરપૂર્વ ખાનદેશમાં તાજી વસાહતો સ્થાપી. ચૌલુક્ય કે સોલંકી કુળ જે ચાવડાઓની જેમ ગુર્જર મૂળનું હતું તેની સ્થાપના (ઈ.સ. ૯૬૧) સાથે પાટનગર ભીનમાલમાંથી અણહિલ-વાડમાં ગયું. ઈ. સ. ૯૯૦ માં ભીનમાલનો રાજા અણહિલવાડના મૂલરાજ સોલંકીના સામંત સાથી તરીકે દેખા દે છે. આ પરિવર્તન ભીનમાલમાંથી સાંભરના ચૌહાણોના, માળવાના પરમારોના તેમજ અણહિલવાડના સોલંકીઓના છૂટા પડવાનું પરિણામ હતું.

ગુર્જરો સંબંધી એક રસપ્રદ મુખ્ય મુદ્દો એ છે કે આબુ પર્વત પરના અગ્નિકુંડમાં પુનર્ભવ વડે રાજપૂત તરીકે ઊંચું સ્થાન પામેલાં અગ્નિકુલ જાતિઓ તે કાં તો ગુર્જરો હતી અથવા મહાન સમૂહના સભ્ય હતી કે જેનું ગુર્જરો એક તત્ત્વ હતા. ભરૂચના દદ્દ ૩ જાનો દાખલો, વલભીવંશનું દૃષ્ટાંત અને જેમણે પોતાના મૂળ ગુર્જર કબીલા-નામને 'ચાપોત્કટ' અર્થાત્ શૂરા ધનુર્ધરોમાં સંસ્કૃતી-કૃત કર્યું ને ચાપો ચાવડા કે ચૌરાની શાસક રાજપૂત જાતિમાં વિકસ્યા એ કિસ્સો અગ્નિકુલ રાજપૂતો ગુર્જર સમૂહના છે એ સૂચનમાંથી તમામ મુશ્કેલી દૂર કરે છે.

### વસ્તી

૧૮૮૧ની વસ્તીગણતરી પ્રમાણે ગુર્જરોની કુલ વસ્તી ૧,૪૧૬,૮૩૭ છે. વિગતો છે : પંજાબ ૬૨૭,૩૦૪; રાજપૂતાના ૪૦૨,૭૦૯; મધ્ય હિંદ ૩૩૭,૪૬૬; વાયવ્ય પ્રાંત ૩૦૮,૯૦૯; મુંબઈ ૬૪,૬૦૯; મધ્ય પ્રાંત ૪૪,૨૮૯; અજમેર ૩૨,૬૯૦; વરાડ ૯૬૭; હૈદરાબાદ ૫૬૨; બંગાળા ૪૧. ખાસ કરીને પંજાબમાં ગુર્જર વસ્તીના મોટા ભાગને મુસલમાનો અને શીખો તરીકે લખી મોકલ્યા છે.

### વિભાજન

વાયવ્ય હિંદની વસ્તીમાં ગુજર તત્ત્વને ચાર જૂથોમાં ગોઠવાય : (અ) ગુજરો તરીકે ઓળખાતા વર્ગો, (બ) ગુજરોના ખાસ વર્ગો, (ક) ગુજર સમૂહના હોવાનું સ્વીકારેલા વિભાગો અને (ડ) જેઓનું ગુજર મૂળ કાં તો ભુલાઈ ગયું છે અથવા તો છુપાયેલું છે તેવા વર્ગો.[૧]

(અ) ગુજરો તરીકે ઓળખાતા વર્ગોનું વડું મથક પંજાબમાં છે. (બ) ગુજરોના ખાસ વર્ગોમાં બે છે : બડ (મડા) કે બીઠ (પહાડી) ગુજરો અને ભટ્ટિ ગુજરો. પશ્ચિમ મારવાડમાં ભટ્ટિઓ ગુર્જર હોવાનું કહેવાય છે. પંજાબમાં ભટ્ટિઓ જાટ હોવાનું કહેવાય છે. (ક) ગુજરસમૂહના હોવાનું સ્વીકારતા વિભાગોમાં અગ્નિકુલો, બગરાવતો (અજમેર), ચંદેલો (મેવાડ-અલવર), ચારણો (કચ્છ), ચાવડાઓ કે ચાપો, ચેચીઓ (પંજાબ ગુજરાત), જાવલા કે ઝાવલા (પંજાબ), કલહેણિયા (પંજાબ ગુજરાત), ખડવા (ગુજરાત કણબીઓ), કોરો (સિંધ ખત્રીઓ), કુસનેઓ (સિંધુ–જમના), લાવા કે લોરો (અજમેર), મેરો (અજમેર, પશ્ચિમ કાઠિયાવાડ અને મારવાડ), નાગરીઓ (વાયવ્ય પ્રાંત) ને કાડીઓ (અજમેર), રાજપૂતો, હિંડો (બલૂચી) અને સિસોદિયાઓ (ગેહલોતો). અગ્નિકુલની ચાર જાતિઓ તે છે ચોહાણ, પરિહાર, પરગાર અને સોલંકી. (ડ) લુપ્ત ગુર્જરો જેવા કે ગુજરાત કણબીઓ, મારવાડ ઓસવાળો અને રત્નાગિરિ કરહાડેઓ.

### ફલિતાર્થ

ગુજરના શત્રુઓએ મહાન બાણાવળી ચાપોત્કટોને તીરંદાજ ભીલોમાં પલટાવી નાખ્યા. ગુર્જરો સ્થાપત્યમાં ઘણો ફાળો આપતા એ મારવાડ તથા ઉત્તર ગુજરાતનાં ખંડેરો પરથી સાબિત થાય છે. સૈનિકો તરીકે ગુજરો રાજપૂતો અને ક્ષત્રિયોનો દરજ્જો પ્રાપ્ત કરી શક્યા હતા. ગુર્જરો(સફેદ હૂણો)ના વૈદોનો

બ્રાહ્મણો તરીકે ખુલ્લો સ્વીકાર થયો હતો. એ નવા બ્રાહ્મણ શકસ્થાનના મગ હતા અથવા ગંધારદેશના બ્રાહ્મણ હતા. સૂર્યપૂજાની પડતી થતાં મગો ભોજકો કે શેવકો થઈ ગયા. પોકર્ણના પુષ્કર બ્રાહ્મણો જે સ્વીકૃત બ્રાહ્મણોમાં ગણાતા નથી તે ગુજરો હોવા સંભવ છે. ગુજરાતમાં સહુથી ઊંચા બ્રાહ્મણો ગણાતા નાગરો વિદેશી હોવાનું મનાય છે. નાગર વાણિયાના અસ્તિત્વ પરથી મૂળ નાગરો ગુજરોની નાગરી શાખાના હોવા સંભવ છે. ગુજરો ઘણા ધાર્મિક વૃત્તિના હતા. પશ્ચિમ ભારતના જૈનોમાં ધર્માચાર્યો વાણિયાઓના ઓસવાળ વિભાગમાંથી લેવામાં આવે છે ને તેથી તેઓ ગુર્જર મૂળના છે.

## પાદટીપ

૩ સ્થળમર્યાદાને લઈને અહીંથી વિગત છોડી દેવામાં આવી છે ને માત્ર સાર તારવવામાં આવ્યો છે.

## પરિશિષ્ટ ૪

# આનુશ્રુતિક વૃત્તાંતો

મૈત્રકકાલ તથા અનુ-મૈત્રકકાલની અનેક રાજકીય, ધાર્મિક અને સાહિત્યિક વ્યક્તિઓ વિશે કેટલીક અનુશ્રુતિઓ ગ્રંથસ્થ થઈ છે. ઐતિહાસિક દૃષ્ટિએ એમાં કેટલુંક તથ્ય હશે ને કેટલુંક કલ્પિત હશે, તોપણ ઇતિહાસનાં અન્વેષણ તથા સંશોધન માટે એ આનુશ્રુતિક સામગ્રી તરીકે લક્ષમાં લેવા લાયક જરૂર ગણાય.

### ધ્રુવસેન અને કલ્પસૂત્ર-વાચના

વીર નિ. સં. ૯૯૩(વિ. સં. ૫૨૩)માં ધ્રુવસેન રાજાને પુત્રના મરણથી થયેલા શોકની સાંત્વના આપવા માટે આનંદપુરમાં સભા સમક્ષ કલ્પસૂત્રની વાચના કરવામાં આવી.[1] એ પછી જ સંઘ સમક્ષ કલ્પસૂત્રની વાચના શરૂ થઈ, જે આજ સુધી ચાલુ છે.

### શિલાદિત્યની ઉત્પત્તિ

વલભીપુરના રાજા શિલાદિત્ય( પ્રબંધોમાં પ્રયોજેલી જોડણી અનુસાર )ની ઉત્પત્તિ વિશે આ પ્રકારે અનુશ્રુતિ જાણવા મળે છે :

ખેડ નામક ગામમાં દેવાદિત્ય નામના બ્રાહ્મણને સુભગા નામે અત્યંત રૂપાળી વિધવા દીકરી હતી. એ સૂર્યદેવની ભક્ત હતી. એક દિવસે સૂર્યને અર્ઘ્ય આપતાં સૂર્ય એનું તેજસ્વી રૂપ જોઈ એના પર મોહિત થયો. એનાથી એ ગર્ભવતી થઈ. માબાપે એનું આ કલંક છુપાવવા એને વલભી નગરી પાસે મૂકી દીધી. ત્યાં એણે એક પુત્રને જન્મ આપ્યો. એ મોટો થતાં સરખા વયનાં બાળકો સાથે રમતો હતો ત્યારે બીજાં બાળકો એને 'નબાપો' કહીને ચીડવતાં હતાં, આથી એણે માતાને પોતાના બાપ વિશે પૂછ્યું. માતાએ લાચારી બતાવતાં એણે આપઘાત કરવાનો વિચાર કર્યો. આપઘાત માટે ઉદ્યત થતાં સૂર્યે પ્રત્યક્ષ થઈ કહ્યું : 'તું મારો દીકરો છે. લે, આ કાંકરા, જે તને કનડે તેને મારીશ તો એ પથ્થર બની જશે, પણ

નિરપરાધીને મારીશ તો તને નુકસાન થશે.' આમ કહી એને એક આકાશવિહારી દિવ્ય ઘોડો આપીને એ અદૃશ્ય થઈ ગયો. પછી તો એ કનડનારને કાંકરા મારતો અને એ પથ્થર બની જતો, આથી એનું નામ 'શિલાદિત્ય' પડ્યું. એક દિવસે ત્યાંના રાજાએ એની પરીક્ષા કરવા એને ચીડવ્યો ત્યારે એને મારી નાખી પોતે જ રાજા બની બેઠો. સૂર્યે એને આપેલા દિવ્ય ઘોડા ઉપર બેસી રોજ આકાશ-વિહાર કર્યા કરતો. એ રીતે ફરતાં પરાક્રમથી ઘણા રાજાઓઓને એણે વશ કર્યા. જૈન મુનિના સંસર્ગથી સમ્યક્ત્વ પ્રગટ થતાં એણે શત્રુંજયનો જીર્ણોદ્ધાર કર્યો.[२]

### મલ્લવાદિસૂરિ

એક વખત શ્વેતાંબર જૈનો અને બૌદ્ધો વચ્ચે વલભીપુરમાં શિલાદિત્ય રાજા સમક્ષ ભારે વિવાદ થયો. એમાં શરત એવી કરવામાં આવી કે જે હારે તેણે આ દેશ છોડી ચાલ્યા જવું. શ્વેતાંબર જૈનોનો પરાજય થતાં તેઓ એ દેશ છોડી ચાલ્યા ગયા. વિજયના મદમાં બૌદ્ધોએ તો જૈનોનું શત્રુંજય તીર્થ પણ કબજે કરી લીધું. ત્યાંના આદિનાથ તીર્થંકરને બુદ્ધરૂપે પૂજતા તેઓ ત્યાં રહેવા લાગ્યા.

શિલાદિત્ય રાજાનો એક ભાણેજ[२अ] માત્ર મલ્લ નામે જૈન સાધુ ત્યાં રહી ગયો હતો. મલ્લ હતો ક્ષત્રિય જાતિનો, એટલે પરાજયનું વેર લેવા એણે નિર્ણય કર્યો. બૌદ્ધો પાસે ભણીને મહા વિદ્વાન થયો. એણે સરસ્વતીની સાધના કરી. બૌદ્ધોને હરાવવા માટેનું વરદાન આપી સરસ્વતી દેવી અંતર્હિત થઈ ગઈ.

હવે એણે રાજાને સૂચના કરી બૌદ્ધોને વાદ માટે લલકાર્યા. ફરીથી વાદ માટે પહેલાં જેવી જ શરત કરવામાં આવી. વાદમાં મલ્લસાધુનો વિજય થયો તેથી બૌદ્ધોને એ દેશ છોડી ચાલ્યા જવું પડ્યું અને જૈન સાધુઓ એ પ્રદેશમાં આવી પહેલાંની માફક સ્થિર થયા. બૌદ્ધોને જીતવાથી મલ્લ 'વાદી' તરીકે પ્રસિદ્ધ થયા. ગુરુએ એમને સૂરિપદ આપ્યું.[३]

રાજાએ શત્રુંજય પરના જિનાધીશ શ્વેતાંબરોને સોંપી એની યાત્રા કરી. વિ. સં. ૩૭૫માં વલભી–ભંગ થવાનો જાણી મલ્લવાદી સપરિવાર પંચાસુરી ગયા.[४] પછી સ્તંભનક–તીર્થના ચિંતાયક બન્યા.[५]

### ધનેશ્વરસૂરિ

ચંદ્રગચ્છીય ધનેશ્વરસૂરિએ વિ. સં. ૪૭૭માં બૌદ્ધ લોકોનો પરાભવ કરી વલભીપુરના શિલાદિત્ય રાજાને જૈન બનાવી એની મારફત શત્રુંજય તીર્થનો

ઉદ્ધાર કરાવ્યો અને એના રાજાના આગ્રહથી આ જ ધનેશ્વરસૂરિએ 'શત્રુંજય-માહાત્મ્ય' નામનો ગ્રંથ વલભીપુરમાં રચ્યો.[૧]

રંક કાકૂ અને વલભીભંગ

મરુમંડલના પલ્લી ગામમાં કાકૂ અને પાતાક નામે બે ભાઈ રહેતા હતા. નાનો ભાઈ પાતાક શ્રીમંત હતો. એને ત્યાં મોટો ભાઈ કાકૂ નોકરી કરી પોતાનું ગુજરાન ચલાવતો.

એક દિવસ મધરાતે ભારે વરસાદ થયો ત્યારે મજૂરીથી થાકીને ગાઢ નિદ્રામાં પડેલા કાકૂને ઉઠાડી પાતાકે ઠપકો આપતાં કહ્યું : 'આપણા ખેતરના ક્યારાઓની પાળો વરસાદથી તૂટી ગઈ છે ત્યારે તું અહીં નિશ્ચિંત થઈને ઘોરે છે ?' આ ઠપકાથી ખેદ પામી એ ઝટપટ કોદાળી ખભે નાખી ખેતરમાં ગયો. ત્યાં એણે બીજા માણસોને કામ કરતા જોયા. એમને પૂછતાં તેઓએ કહ્યું કે 'અમે તમારા ભાઈના નોકરો છીએ.' એણે એમને મજાકમાં પૂછ્યું : 'મારા નોકરો ક્યાં છે ?' એમણે કહ્યું : 'વલભીમાં છે.'

કાકૂ પોતાનો સામાન માથે મૂકી વલભી ગયો. ત્યાં એ વલભીના કોટની રાંગે વસતા આભીરોની સમીપમાં ઝૂંપડી બાંધી રહેવા લાગ્યો. એની મેલીઘેલી રીતભાત અને દેહની દુર્બલ દશાને લઈને એને ભરવાડો 'રંક' નામથી સંબોધવા લાગ્યા.

યોગાનુયોગે એક કાર્પટિક રૈવતકથી સિદ્ધરસની ભરેલી એક તૂંબડી લઈને વલભી પાસેથી જતો હતો ત્યારે એને 'કાકૂય તૂંબડી' એવી આકાશવાણી સંભળાઈ. કોઈને ખબર પડી જશે એવી બીકથી રંકના ઘરમાં સંતાડવા થાપણરૂપે એ તૂંબડી આપી એ સોમેશ્વર પાટણ તરફ ગયો. કાકૂએ તૂંબડી એના રાંધણિયામાં એક ચૂલા ઉપર ખીંટીએ ભરાવી. રાંધતી વખતે ચૂલાના તાપથી તૂંબડીનો રસ ઓગળતાં એનું એક ટીપું તપેલી ઉપર પડ્યું, તાંબાની તપેલી સોનાની બની ગઈ. એ જોઈ કાકૂને નિર્ણય થયો કે તૂંબડીમાં સિદ્ધરસ છે. એનાથી એણે પુષ્કળ સોનું બનાવ્યું. પોતાનું ઘર આગમાં બાળી નાખી, નગરમાં મહેલ જેવું મકાન ચણાવી એ રહેવા લાગ્યો.

એકદા એક ચારણ એને ત્યાં ઘી વેચવા માટે આવી. ઘી તોળતાં એને લાગ્યું કે ગાડવામાંથી ઘી ખૂટતું નહોતું. એણે ઘાડવા નીચે ઉઢાણી જોઈ, તો

એને કૃષ્ણચિત્રક કુંડલિકા (ચિત્રાવેલી) જણાઈ. એણે યુક્તિથી એ ચિત્રાવેલી એની પાસેથી લઈ ચિત્રક–સિદ્ધિ પ્રાપ્ત કરી.

વળી, ભાગ્યયોગથી એને સુવર્ણપુરુષસિદ્ધિ પણ પ્રાપ્ત થઈ.

આમ ત્રણ પ્રકારની દુષ્પ્રાપ વસ્તુઓ પ્રાપ્ત થવાથી એને ત્યાં કરોડોની સંપત્તિ થઈ ગઈ, પણ સ્વભાવે લોભી હોવાથી એ કોઈ પ્રકારનું દાન કે તીર્થાટન કરી શકતો નહિ. ઊલટું, એણે એ લક્ષ્મીને સકલ વિશ્વની કાલરાત્રિરૂપે દર્શાવી.

પ્રસંગ એવો બન્યો કે એ કાકૂની પુત્રી પાસે એક રત્નજડિત કાંસકી હતી તે ત્યાંના રાજાની દીકરીની નજરે ચડી. રાજાએ દીકરીની હઠ પૂરી કરવા એ કાંસકી કાકૂ પાસેથી બળજબરીથી પડાવી લીધી.

પછી તો રાજાનું ખેદાનમેદાન કરી નાખવાની દ્વેષબુદ્ધિથી કાકૂ મ્લેચ્છોના મુલકમાં ગયો. મ્લેચ્છ રાજાને કરોડ સોનૈયા આપી ઘોડેસવાર લશ્કર સાથે વલભી ઉપર ચડાઈ કરવા પ્રેરણા કરી પ્રયાણ કરાવ્યું.

માર્ગે બીજા દિવસના પરોઢિયાના સમયે મ્લેચ્છ રાજાના એક છત્રધરે એના સાથી સાથે વાત કરતાં કહ્યું : 'આવા મોટા ઘોડેસવારોના માલિક એક અજાણ્યા માણસની પ્રેરણાથી શિલાદિત્ય રાજા ઉપર ચડાઈ કરે એમાં રાજાને કોઈ સારો સલાહ આપનારોયે લાગતો નથી. આ હકીકત અર્ધનિદ્રાધીન રાજાએ સાંભળી. વાતમાં તથ્ય લાગવાથી રાજાએ પ્રયાણ કરવામાં વિલંબ કર્યો.

કાકૂને આ વિલંબ સંતોષી છત્રધરની વાતની જાણ થતાં એણે એને પણ પૈસા આપી પોતાના પક્ષમાં લીધો. ત્રીજા દિવસે એ જ છત્રધરે પેલા સાથી સાથે વાત કરતાં જણાવ્યું કે 'હવે તો રાજા સિંહની તરાપે આગળ વધે એમાં જ એની શોભા છે.'

રાજાએ આ વાત સાંભળી ઉત્સાહભેર પ્રયાણ આરંભ્યું.

અહીં વલભીમાં શ્રીચંદ્રપ્રભુ સ્વામી, અંબાદેવી અને ક્ષેત્રપાલની પ્રતિમાઓને અધિષ્ઠાયક દેવે આકાશમાર્ગે ઉડાડી સોમનાથ પાટણના જિનાલયમાં પધરાવી. એની સાથે આસો સુદિ પૂર્ણિમાએ રથાધિરૂઢ મહાવીરની પ્રતિમા અદૃષ્ટ શક્તિથી શ્રીમાલ(ભિન્નમાલ)ના જિનાલયમાં પહોંચી. બીજી ચમત્કારિક પ્રતિમાઓ

યથાયોગ્ય સ્થળોએ (કાસદ્રહમાં યુગાદિદેવ, હારીજમાં પાર્શ્વનાથ અને શત્રુંજયમાં વલભીનાથ) પહોંચતી થઈ ગઈ.[૭]

વલભીમાં બિરાજમાન વર્ધમાનસૂરિ બહિર્ભૂમિ ગયા ત્યારે એમણે એક સ્ત્રીને રડતી નિહાળી પૂછ્યું : 'સુંદરી ! તું કોણ છે ? હે દેવીસમાન ! તું કેમ રડે છે ?' ત્યારે દેવીએ કહ્યું કે 'હે ભગવાન ! હું વલભીનો વિનાશ જોઈ રહી છું. અહીં તમારા સાધુઓને મળેલું પાણી પણ લોહીરૂપે થઈ જશે, એટલે જ્યાં લોહી પાછું પાણી થઈ જાય ત્યાં તમારા મુનિઓને સ્થિર થવા જણાવો.'

મુનિઓ વલભીમાંથી ચાલ્યા ગયા અને મોઢેરામાં સ્થિર થયા.

મ્લેચ્છોનું લશ્કર આવી પહોંચ્યું. કાકૂએ શિલાદિત્યના મુખ્ય માણસોને ફોડી નાખ્યા. ચારે દિશામાં રણશીંગાંનો એવો ભયંકર અવાજ થવા લાગ્યો કે શિલાદિત્યનો દિવ્ય ઘોડો ગગનમાર્ગે ઊડીને ચાલ્યો ગયો.

મ્લેચ્છોએ શિલાદિત્યને મારી નાખ્યો અને વલભીને લૂંટી લઈ ખેદાનમેદાન કરી નાખી મ્લેચ્છ રાજા ચાલ્યો ગયો.[૮]

વિક્રમનાં ૩૭૫ વર્ષ વ્યતીત થતાં વલભીપુરનો ભંગ–નાશ થયો.[૯]

વલભીભંગ વિશે બીજી અનુશ્રુતિઓ પણ પ્રચલિત છે :

વલભીના એક દરિદ્ર બ્રાહ્મણને ત્યાં ગોઘૃતની જગ્યાએ ખરમૂત્રનો હોમ અપાતાં નગરમાં યવન વ્યંતરો પેસી ગયા ને પરિણામે યવન સેના વલભીમાં ઘૂસી શકી.[૧૦]

ધુંડીમલ્લ નામનો એક તપસ્વી સાધુ પોતાના શિષ્ય સાથે વલભી આવ્યો. એણે નજીકના ચમારડી ગામ પાસેના ઈશાવલ ડુંગરની તળેટીમાં નિવાસ કર્યો. શિષ્ય નગરમાં ભિક્ષા લેવા ગયો. એને ભિક્ષા મળી નહિ. છેવટે શિષ્યે જંગલનાં લાકડાં કાપી ભારી બનાવી વેચી અને બદલામાં આટો લીધો. એક કુંભારણે એના રોટલા ઘડી આપ્યા. આ રીતે કેટલાય દિવસ વીતી ગયા. શિષ્યને ભારી ઊંચકતાં ઊંચકતાં માથે તાલ પડતી જોઈ ગુરુએ શિષ્યને કારણ પૂછ્યું. શિષ્યે બધી હકીકત જણાવી.

હવે ગુરુ પોતે ભિક્ષા માગવા ગયા, પણ ભિક્ષા મળી નહિ. છેવટે કુંભારણે ભિક્ષા આપી. ગુરુને વલભી અને એના લોકો ઉપર ગુસ્સો ચડ્યો.

એમણે કુંભારણને બચાવી લેવા ત્યાંથી ચાલ્યા જવા સૂચવ્યું ને જણાવ્યું કે 'તારે ભાવનગર તરફ જવું, પણ પાછા વળીને જોવું નહિ.' કુંભારણને કુતૂહલ થયું તેથી એણે પાછળ ફરીને નજર નાખી, આથી એ પાષાણની પૂતળી બની ગઈ, જે રૂપાપરી નામથી પૂજાવા લાગી.

આ તરફ સાધુએ પોતાના કમંડલુને ઊંધું વાળી કહ્યું: 'નગર! તું ઊંધું વળી જા ને તારો ધનમાલ ધૂળ થઈ જાઓ.' એમ કહેતાં જ વલભીનો નાશ થઈ ગયો.[11]

## ભિક્ષુ શાંતિદેવ

શાંતિદેવ સૌરાષ્ટ્રના કોઈ રાજવીના પુત્ર હતા. જુદી જુદી પરંપરાઓ એમના પિતાનાં નામ જુદાં જુદાં નોંધે છે. કોઈ શીલ નામ આપે છે, તો બીજા કોઈ કલ્યાણવર્મા નામ નોંધે છે ને ત્રીજા વળી મંજુવર્મા નામ બતાવે છે. તેઓ એમની માતાના આદેશથી બૌદ્ધ ભિક્ષુ મંજુવજ્ર પાસે જવાને રાજપાટ છોડી ચાલી નીકળ્યા. શાંતિદેવ ગુરુ પાસે બાર વર્ષ સુધી રહ્યા અને એમના જ્ઞાનનો લાભ લીધો. ત્યાંથી તેઓ નાલંદા વિદ્યાપીઠમાં ગયા ને બૌદ્ધ ભિક્ષુ બની ગયા. એમનું નામ શાંતિદેવ પાડવામાં આવ્યું. એમનું બીજું નામ ભુસુકુ પણ હતું. શાંતિદેવે શિક્ષાસમુચ્ચય, સૂત્રસમુચ્ચય અને બોધિચર્યાવતાર નામે ગ્રંથ રચ્યા.

જૂની બંગાળી ભાષામાં ભુસુકુનાં રચેલાં ચર્યાગીત મળે છે.

આ શાંતિદેવ સાતમા-આઠમા સૈકામાં થયા હોવાનું વિદ્વાનો માને છે.[12]

## વનરાજનો જન્મ અને એના વંશજો

આ વિશે 'પ્રબંધચિંતામણિ' માં આવો વૃત્તાંત આપ્યો છે:

ગુર્જરભૂમિ જ્યારે કાન્યકુબ્જના રાજાઓના અધિકાર નીચે હતી ત્યારે વઢિયાર પ્રદેશમાં આવેલા પંચાસર ગામમાં જૈનાચાર્ય શીલગુણસૂરિ[13] એક ચૈત્યમાં નિવાસ કરતા હતા. બહિર્ભૂમિથી પાછાં ફરતાં એમણે ઝાડની ડાળીએ બાંધેલી ઝોળીમાં સૂતેલા એક ચાપવંશી બાળકના ઉપરથી બપોરના સમયે પણ અણખસતી છાયાને જોઈને બાળકના પ્રભાવ વિશે અનુમાન દોર્યું. ત્યાં જ

બાળકને ઝોળીમાં સુવડાવી જંગલમાંથી લાકડાં વીણવા ગયેલી એની મા આવી પહોંચી. લક્ષણો ઉપરથી આચાર્યે નિર્ણય કરી એની માને કહ્યું : 'આ બાળક જૈન ધર્મનો પ્રભાવક થશે.' આથી એમણે એ બાળકની અને એની માની આજીવિકાની વ્યવસ્થા કરાવી. એમણે એ બાળકને એની મા પાસેથી આચાર્યની ભક્ત વીરમતી નામની શેઠાણી શ્રાવિકાને ઉછેરવા આપ્યો. ગુરુએ આ બાળકનું નામ 'વનરાજ' પાડ્યું.

વનરાજ આઠ વર્ષનો થયો. એને જિનાલયમાં પૂજાની સામગ્રીનો નાશ કરતા ઉંદરોથી રક્ષણ કરવાનું કામ સોંપવામાં આવ્યું. વનરાજ તો ઉંદરોને ઢેફાં મારી મારી નાખતો એટલે ગુરુએ એને એમ કરવા ના પાડી ત્યારે વનરાજે 'ઉંદરોને વશ કરવાનો એને મારી નાખવા સિવાય બીજો ઉપાય નથી' એમ ગુરુજીને જણાવ્યું.

એના આવા જવાબથી આચાર્યે જ્યારે એની જન્મકુંડલી જોઈ તો રાજયોગ માલૂમ પડ્યો. 'એ એક દિવસ રાજા થશે' એવો નિર્ણય કરી એ બાળક એની માને સોંપી દીધો. હવે વનરાજ એની મા સાથે કોઈ ભીલોની પલ્લીમાં રહીને પોતાના મામા સાથે ધાડ પાડવાનો ધંધો કરવા લાગ્યો.

વનરાજ કાકર નામના ગામમાં કોઈ વેપારીના ઘરમાં ચોરી કરવા પેઠો ત્યારે એનો હાથ દહીંના કોઈ વાસણમાં પડ્યો, એટલે 'અહીં મેં ખાધું છે તેથી ચોરી ન કરાય' એમ વિચારી ચોરેલી બધી વસ્તુઓ ત્યાં મૂકી દઈ એ ચાલ્યો ગયો. બીજે દિવસે એ શેઠની બહેન શ્રીદેવીએ એને ગમે ચોરી કરતાં જોયો હોય કે ગમે તેમ, પણ એને બોલાવ્યો અને એક ભાઈના સ્નેહથી એને (ચોરી ન કરે એ માટે) કપડાં અને ભોજન આપી ઉપકૃત કર્યો. વનરાજે એને વચન આપેલું હતું : 'જ્યારે મારો રાજ્યાભિષેક થશે ત્યારે ધર્મબહેન એવી તારા હાથે રાજતિલક કરાવીશ.'

એકદા જાંબ નામનો વણિક જંગલના માર્ગે પસાર થઈ રહ્યો હતો ત્યારે એને લૂંટી લેવા માટે વનરાજ અને એના બે સાથીઓએ એને રોક્યો. જાંબ પાસે પાંચ તીર હતાં. એણે સામે રહેલા ત્રણ લૂંટારુઓને જોઈને વધારાનાં બે તીર તોડી નાખ્યાં. એ જોઈ લૂંટારુઓએ તીર ભાંગવાનું કારણ પૂછ્યું. જાંબે કહ્યું : 'તમે ત્રણ છો, તેથી બાકીનાં નકામાં છે.' વનરાજે એની પરીક્ષા કરવા કોઈ વસ્તુ વીંધવાનું સૂચવ્યું. જાંબની લક્ષ્યવેધી [illegible] જોઈ એ ત્રણે જણ હેરત પામી ગયા. વનરાજે પ્રસન્ન થઈ વચન આપતાં 'જ્યારે મારો રાજ્યાભિષેક થશે ત્યારે તને જ મહામાત્ય બનાવીશ' કહી જાંબને જવા દીધો.

કાન્યકુબ્જના રાજાએ પોતાની પુત્રી મહણિકાને ગુર્જરદેશ પહેરામણમાં આપ્યો હતો, એટલે એની ખંડણી ઉઘરાવવા કાન્યકુબ્જથી પંચોળી આવ્યો હતો તેણે વનરાજના એક સાથીને ઉઘરાણી વખતે સાથે રહેનારા રક્ષક તરીકે નીમ્યો. પંચોળી ૭ મહિના સુધી ગુજરાતમાંથી વસૂલાતના ૨૪ લાખ દમ્મ અને ચાર હજાર તેટલા ઘોડા ઉઘરાવીને પાછો કાન્યકુબ્જ તરફ જઈ રહ્યો હતો ત્યારે વનરાજ સૌરાષ્ટ્રના ઘાટમાં એને મારી રોકડ રકમ અને ઘોડા લૂંટી લઈ પલાયન થઈ ગયો. રાજાના બીકથી એક વર્ષ સુધી એ જંગલમાં છુપાઈને રહ્યો.

પૈસા અને ઘોડા મેળવી વનરાજે સૈન્ય તૈયાર કર્યું. પછી કોઈ નગર સ્થાપી પોતાનો રાજ્યાભિષેક કરવાના ઇરાદે વનરાજ નગરયોગ્ય ભૂમિની શોધ કરી રહ્યો હતો, ત્યાં પીંપળુકા તળાવની પાળે નિરાંતે સૂતેલા સાખડ નામના ભરવાડના પુત્ર અણહિલે વનરાજને 'શું જુઓ છો?' એમ પૂછ્યું, ત્યારે વનરાજના મુખ્ય સાથી(ઓ-પ્રધાનો)એ કહ્યું: 'અમે નગર વસાવવાને યોગ્ય સારી ભૂમિની શોધમાં છીએ.' અણહિલે 'જો એ નગર સાથે મારું નામ જોડવામાં આવે તો ભૂમિ બતાવું' એમ કહી જ્યાં સસલાએ કૂતરાને બિવરાવ્યો હતો તે પીંપળીના ઝાડ પાસેની જમીન બતાવી.

સં ૮૦૨ ના વૈશાખ સુદ ૨ ને સોમવારનો શુભ દિવસ હતો.[14] એ દિવસે 'અણહિલપુર' નામ આપી જૈન મંત્રોથી નગર વસાવ્યું.[15] એ પીંપળીના ઝાડ પાસે વનરાજે પોતાનો રાજમહેલ બંધાવ્યો. કાકર ગામથી પોતાની ધર્મબહેન શ્રીદેવીને તેડાવી, રાજ્યાભિષેકના મુહૂર્તે એના હાથે રાજતિલક કરાવી ૫૦ વર્ષની ઉંમરે વનરાજ અણહિલપુરની ગાદીએ બેઠો. પેલા જાંબ વણિકને બોલાવી પોતાનો મહામાત્ય નીમ્યો.[16] પંચાસર ગામથી પોતાના ઉપકારી આચાર્ય શીલગુણસૂરિને ભક્તિપૂર્વક નિમંત્રણ આપી તેડાવ્યા અને રાજમહેલમાં સિંહાસન ઉપર બેસાડી, સાત અંગવાળું રાજ્ય વિનીત ભાવે અર્પણ કરી પોતાની

નિઃસ્પૃહ આચાર્યે રાજ્ય લેવાની ના પાડી, આથી એમના ઉપકારના બદલામાં પંચાસરથી જિનપ્રતિમા લાવી નગરમાં 'પંચાસરા પાર્શ્વનાથ' નામનું જિનચૈત્ય બંધાવ્યું અને એના પૂજક તરીકે પોતાની મૂર્તિ પણ ત્યાં સ્થાપિત કરી. એણે રાજમહેલ પાસે કંટેશ્વરીદેવીનું મંદિર પણ બંધાવ્યું. પ્રાચીન ગુર્જરદેશમાંથી અને આસપાસના પ્રદેશમાંથી હજારોની સંખ્યામાં જૈનો ત્યાં આવીને વસ્યા.[17]

વનરાજે ગાંભૂથી પોરવાડવંશીય શેઠ નિન્નયને અણહિલપુર બોલાવી વસાવ્યો. એણે નગરમાં ઋષભજિનમંદિર બંધાવ્યું. એના પુત્ર લહરને વનરાજે

દંડનાયક બનાવ્યો. એ જબરો ધનુર્ધારી હતો અને અશ્વોનો તેમજ હાથીઓનો પરીક્ષક પણ હતો. એણે રાજાની ટંકશાળમાં વિત્તપટ સ્થાપિત કર્યો હતો. એણે વિંધ્યવાસિની દેવીને સંડરથલમાં સ્થાપી હતી.[૧૮]

વનરાજે ૫૯ વર્ષ, ૨ માસ અને ૨૧ દિવસ રાજ્ય ભોગવ્યું. પછી ૧૦૯ વર્ષ, ૨ માસ અને ૨૧ દિવસની ઉંમરે એનું અવસાન થયું.

વનરાજ પછી એના પુત્ર યોગરાજનો સં. ૮૧૨ ના આષાઢ સુદિ ૩ ને ગુરુવારે અશ્વિની નક્ષત્રમાં સિંહલગ્નમાં રાજ્યાભિષેક થયો.

યોગરાજને ત્રણ પુત્ર હતા, તેઓમાં ક્ષેમરાજ મોટો હતો. એના વિશે નોંધ મળે છે કે એક પરદેશી વહાણ પવનના તોફાનથી બીજે કાંઠેથી સોમનાથ પાટણમાં આવી ચડયું. એ વહાણમાં ૧૦૦૦ તેજલા ઘોડા, ૧૫૦ હાથી અને બીજી વસ્તુઓ મળીને લાખો રૂપિયાની મિલકત હતી. એ જોઈ એને લૂંટી લેવાને ઇરાદે ક્ષેમરાજે યોગરાજને વિનંતી કરી કે 'જો મહારાજ આજ્ઞા આપે તો એ વહાણ આપણા દેશમાં થઈ બીજા મુલકમાં જાય એ પહેલાં એને લૂંટી લઈએ.' રાજાએ એમ કરવા ના પાડી.

પણ ત્રણે કુમારોએ 'રાજા ઘરડા હોવાથી ઘેલા થયા લાગે છે' એમ માની, પોતાના દેશની સરહદ ઉપર લશ્કર ગોઠવી દઈ, ચોરની માફક છુપાઈને વહાણનો સમગ્ર માલ પડાવી લઈ પિતા સમક્ષ ધર્યો. રાજા ગુસ્સે થયો, પણ મૂક રહી એમના કાર્યને આવકાર ન આપ્યો. ત્યારે ક્ષેમરાજે પૂછ્યું: 'આ કામ સારું કર્યું કે નરસું?' રાજાએ કહ્યું: 'જો સારું કામ કર્યું એમ કહું તો બીજાને લૂંટવાનું પાપ લાગે અને સારું કર્યું નથી એમ કહું તો તમને ખેદ થાય એટલે તમારા કાર્ય માટે મેં મૌન ધારણ કરવાનું પસંદ કર્યું. મેં ના પાડી એનું કારણ એ હતું કે બીજાં રાજ્યોના રાજાઓ બધા રાજાઓનાં રાજ્યોની પ્રશંસા કરે છે, જ્યારે ગુર્જરદેશમાં તો ચોરોનું રાજ્ય છે એમ કહી એની હાંસી કરે છે. આપણા જાસૂસો પણ આ વાત પત્ર દ્વારા જણાવે છે ત્યારે આપણા પૂર્વજો માટે ભારે દુઃખ થાય છે. આપણા પૂર્વજોનું એ કલંક દૂર થાય તો બીજા રાજાઓની હરોળમાં આપણે પણ રાજા ગણાઈએ, પણ તમે આપણા પૂર્વજોનું એ કલંક તાજું કર્યું.'

પછી તો રાજાએ આયુધશાળામાંથી ધનુષ મંગાવી કુમારોને કહ્યું: 'તમારામાં જે બળવાન હોય તે આ ધનુષ ચડાવે.' પણ કોઈ કુમાર ચડાવી ન શક્યો. રાજાએ રમત માત્રમાં ધનુષ ચડાવી બતાવ્યું. પછી રાજનીતિનો પાઠ

શીખવતાં કહ્યું : 'રાજાની આજ્ઞાનો ભંગ થાય, નોકરોની રોજી બંધ થાય, અને પત્નીની પથારી પતિથી જુદી થાય એ શસ્ત્ર વિનાનો વધ કહેવાય છે. એટલે આવો વધ કરનાર પુત્રોને શી શિક્ષા કરવી?'

પછી તો રાજાએ ૧૨૦ વર્ષની ઉંમરે અનશન કરી ચિતામાં પ્રવેશ કર્યો.

આ યોગરાજે અણહિલપુરમાં ભટ્ટારિકા યોગીશ્વરીનું મંદિર બંધાવ્યું હતું. યોગરાજ પછી ક્ષેમરાજ, ભૂયડરાજ, વૈરિસિંહ, રત્નાદિત્ય અને સામંતસિંહ નામે રાજા થયા. તેઓએ સં. ૯૯૮ સુધી રાજ્ય ભોગવ્યું.[૧૯]

'પુરાતનપ્રબંધસંગ્રહ'માં વનરાજ વિશે આ પ્રકારે અનુશ્રુતિ જાણવા મળે છે :

અંબાસણ ગામમાં ચંડ અને ચામુંડ નામના બે ચાવડાવંશી ભાઈ રહેતા હતા. એક વખતે કોઈ નિમિત્તિયાએ કહ્યું કે 'ચામુંડની પત્નીના ગર્ભથી અવતરેલા પુત્રના હાથે ચંડનું મૃત્યુ થશે' આ હકીકતથી ચામુંડ પોતાની સગર્ભા પત્નીને ઘરમાંથી કાઢી મૂકી. ત્યાંથી એ પંચાસર ગામમાં જઈ રહેવા લાગી. ત્યાં એણે એક બાળકને જન્મ આપ્યો અને એ બાઈ મહેનત-મજૂરી કરીને ગુજરાન કરવા લાગી.

એક દિવસે શીલગુણસૂરિ જ્યારે ગામ બહાર શૌચભૂમિએ જઈ રહ્યા હતા ત્યારે ઝાડની ડાળે બાંધેલા ઝોળીમાં સુવડાવેલા બાળકના મસ્તક ઉપરથી અણખસતી છાયા જોઈ એ (વનરાજ)ને પોતાના ચૈત્યમાં લઈ આવ્યા. (આ પછીનો વૃત્તાંત 'પ્રબંધચિંતામણિ' અનુસાર છે.)[૨૦]

'ધર્મારણ્ય' ગ્રંથમાં વનરાજના જન્મ અને એના વંશજો વિશે આ પ્રકારે અનુશ્રુતિ જાણવા મળે છે :

કોશલદેશવાસી અગ્નિવંશીય એક ક્ષત્તા ફરતો ફરતો ધર્મારણ્ય (મોઢેરા) પ્રદેશમાં આવ્યો. બ્રાહ્મણોએ એને ત્યાંના ઇંદ્ર સરોવરના પાણીનું રક્ષણ કરવાનું કામ સોંપ્યું. એના બદલામાં બ્રાહ્મણો એને એના નિર્વાહ જેટલી રકમ આપતા.

ક્ષત્તા એ તળાવ નજીક શ્રીમાતાના દરવાજા પાસે આશ્રમ બાંધીને પોતાની પત્ની સાથે રહેવા લાગ્યો. થોડા સમય વીતતાં એની પત્નીએ શુભ નક્ષત્રમાં એક બાળકને જન્મ આપ્યો, જેનું નામ 'વનરાજ' પાડવામાં આવ્યું. જ્યારે એ ૧૩ મહિનાનો થયો ત્યારે ચોરોએ વનમાં ચરતી ગાયોને ચોરી લીધી. વીર ક્ષત્તા ચોરો સાથે લડતાં મરાયો. એની પત્ની એની પાછળ સતી થઈ, બંને સ્વર્ગે

ચર્યા. બ્રાહ્મણોએ એ બાળકનું પોષણ કર્યું. એ બાળક ધીમે ધીમે યૌવનાવસ્થામાં આવ્યો ને શસ્ત્રો ધારણ કરી ભમવા લાગ્યો.

એક વખત તળાવે પાણી ભરવા આવેલી બ્રાહ્મણ સ્ત્રીઓના એણે ઘડા ફોડી નાખ્યા. એ નિરંકુશપણે ઉન્મત્ત બની ફર્યા કરતો. કોઈનું કહ્યું માનતો નહિ. બ્રાહ્મણોએ એને ત્યાંથી કાઢી મૂક્યો. પછી તો એ બ્રાહ્મણોને પ્રણામ કરી ત્યાંથી નીકળી પડ્યો. નીકળતી વખતે એને શુભ શકુનો થયાં. શકુનોનું શુભ ફળ સમજી એ ત્યાંથી ઉત્તરમાં ચાલવા લાગ્યો. નિમિત્તિયાઓએ શકુનોનું ફળ 'વનરાજ રાજા થશે' એવું જણાવ્યું.

ધર્મારણ્યથી ઉત્તર દિશામાં ૧૦ ગાઉ દૂર ઉજ્જડ મેદાનમાં સરસ્વતી નદીના કિનારે એક ન્યગ્રોધ વૃક્ષ નીચે એણે અરણિ-કાષ્ઠથી અગ્નિ ઉત્પન્ન કર્યો. એ અરણિ-કાષ્ઠ અને જલપાત્ર એ ઝાડની ડાળે લટકાવી શિકાર કરી ગુજરાન ચલાવતો.

એક દિવસે ત્યાં એક યોગિનીએ આવીને કહ્યું : 'હે રાજન્! ભિક્ષા આપ'. એણે એને માંસ આપી સંતુષ્ટ કરી. એ ચલ્લા નામની યોગિનીએ એને આશીર્વાદ આપતાં કહ્યું : 'આ સ્થાનની પૂજા કરજે, એથી તને સર્વ સિદ્ધિ મળી રહેશે'. આમ કહી એ અંતર્ધાન થઈ ગઈ. વનરાજ દિવસે ભમતો, શિકાર કરતો અને રાતે એ ઝાડ નીચે સૂઈ જતો. માર્ગે જતા લોકોને લૂંટવાનો ધંધો કરતો. ધીમે ધીમે ૫૦ જેટલા જુવાનો એની સાથે આવીને એના સેવક બની રહેવા લાગ્યા.

વનરાજ પરાક્રમી યોદ્ધો હતો. એણે સરસ્વતી નદીના રમણીય કિનારે દક્ષિણ દિશામાં સં. ૮૦૨ ના અષાઢ સુદિ ૩ ને શનિવારે પાટણ નગર વસાવવાનું ખાતમુહૂર્ત કર્યું. એ નગર ધીમે ધીમે વિવિધ જાતિના માનવો અને ધનધાન્યથી પરિપૂર્ણ બનતું ગયું. રાજા તરીકે એ દુષ્ટોને દંડ દેતો, સાધુ પુરુષોનું પાલન કરતો, બ્રાહ્મણો તેમજ ગાયોનું હિત કરનારો એ ચાવડાવંશનું ભૂષણ હતો.

આ વંશમાં પછી યોગરાજ, રત્નાદિત્ય, વીરસિંહ, ક્ષેમરાજ, ચામુંડ, ઘાઘડ અને ભુવડ નામે રાજા થયા.[21]

કૃષ્ણાજી નામના બ્રાહ્મણે રચેલી 'રત્નમાલા'માંથી આ પ્રકારે અનુશ્રુતિ જાણવા મળે છે :

સંવત ૭૫૨ ઈ. સ. (૬૯૬)માં કલ્યાણ નગરમાં સોલંકી વંશનો ભુવડ રાજા રાજ્ય કરતો હતો. એની પાસે ૧૬ પરાક્રમી યોદ્ધા હતા. આમાં મિહિર

મુખ્ય હતો. આ યોદ્ધાઓએ ચારે બાજુનાં રાજ્ય કબજે લઈ, ભુવડની સમૃદ્ધિ વધારી દઈ એની આણ વર્તાવી હતી. માત્ર ગુજરાતનો રાજા જીતવો બાકી હતો.

એ સમયે ગુજરાતના પંચાસર નગરમાં ચાવડાવંશી જયશિખરી રાજા રાજ્ય કરતો હતો. એની રાણીનું નામ રૂપસુંદરી હતું. જયશિખરી બળવાન અને બુદ્ધિમાન હતો. એનો ભંડાર અખૂટ હતો. એની ફોજ પણ અગણિત હતી.

એક વખત ભુવડ રાજદરબાર ભરીને બેઠો હતો ત્યારે ત્યાં એક પરદેશી કવિ આવ્યો. એણે કવિત્વચાતુર્ય બતાવી રાજાને ખુશ કર્યો. ભુવડે એને મૂલ્યવાન સરપાવ આપ્યો. પછી એ કવિનું નામ અને એના નિવાસસ્થળ વિશે રાજાએ પૂછ્યું. એણે કહ્યું :

'મારું નામ શંકર. પૃથ્વીના ઉત્તમોત્તમ અને રસાળ એવા ગુર્જર પ્રદેશથી આવું છું. હું પંચાસરનો રહેવાસી છું. ત્યાં જયશિખરી નામે ચાવડો રાજા રાજ્ય કરે છે. એ રાજ્યમાં લક્ષ્મી અને સરસ્વતી બંને નિવાસ કરે છે. એની રાણી રૂપસુંદરીનો ભાઈ સુરપાલ મહાપરાક્રમી યોદ્ધો છે. જયશિખરી અને સુરપાલ એ બંને સાથે હોય તો ઇંદ્રાસન ઉપરથી ઇંદ્રને પણ ઉઠાડી શકે એવા એ બંને શૂરવીરો છે. ત્યાંથી હું દિગ્વિજય કરવા નીકળ્યો છું.'

ભુવડ રાજાએ ગુજરાતનાં વખાણ સાંભળી, એને હાથ બનાવી કબજે કરવાનો નિર્ણય કર્યો. ભુવડે પોતાના વીર યોદ્ધાઓ પાસેથી ગુજરાત વિશે માહિતી મેળવી અને એના ઉપર ચડાઈ કરવા લશ્કરને સજ્જ થવા આદેશ આપ્યો.

કવિ શંકરે પંચાસર આવી રાજા જયશિખરીને ભુવડની બધી વાત કહી. જયશિખરીને તો લડાઈની તક મળવાથી આનંદ થયો. ભુવડના સૈન્યે પંચાસરથી દૂર છ માઈલ ઉપર પડાવ નાખ્યો. મિહિરે જયશિખરીને લડાઈ માટે આહ્વાન કર્યું.

એ જ વખતે સુરપાલે શત્રુની સેના ઉપર હુમલો કરી એના સૈન્યના કેટલાયે યોદ્ધાઓને મારી નાખ્યા. હાર થવાના સમાચારથી ભુવડ મિહિરની છાવણીમાં આવ્યો અને એણે નાસી જતા સૈન્યને હિંમત આપી. પછી તો ભુવડનું સૈન્ય બેવડા ઉત્સાહથી પંચાસરના સીમાડે આવી પહોંચ્યું. જયશિખરીએ પંચાસરના દરવાજા બંધ કરાવ્યા ત્યારે ભુવડે નગરને ઘેરો ઘાલ્યો.

રાણી રૂપસુંદરીને યુદ્ધની ખબર પડી એટલે એણે રાજાને કહ્યું કે શકુન સારાં થતાં નથી માટે તમે રણસંગ્રામમાં જશો નહિ; પણ જયશિખરી તો ક્ષત્રિય

બચ્યો હતો, એણે યુદ્ધમાં ઝંપલાવ્યું. બંને તરફના યોદ્ધાઓએ શૌર્યભર્યા દાવ અજમાવ્યા. જયશિખરીના ઘણા સુભટ યુદ્ધમાં ખપી ગયા, ત્યારે એણે ગર્ભવતી રૂપસુંદરીને નિર્ભય સ્થાનમાં લઈ જવા સૂરપાલને વીનવ્યો. જયશિખરી એકલે હાથે વીરતાથી ઝઝૂમ્યો. આખરે એનું મસ્તક કપાઈ ગયું, એના લશ્કરે નાસભાગ કરી, ને ભુવડે પંચાસરનો કબજો લીધો.

આ તરફ સૂરપાલ એની બહેનને નિર્ભય સ્થળમાં મૂકી પંચાસર આવ્યો, પણ જયશિખરીના મરણના સમાચાર સાંભળી વાલે મોંએ પાછો વળ્યો. બહેનને શોધી, પણ એ મળી નહિ. આમ ભેવડી નિરાશાથી એ ગિરનારના ઉપરકોટમાં જઈ અજાણપણે રહેવા લાગ્યો.

રૂપસુંદરીને એક ભીલડીએ પોતાની ઝૂંપડીમાં આશરો આપ્યો ને સં. ૭૫૨ ના વૈશાખ સુદિ ૧૫ ને દિવસે સૂર્યોદય વેળાએ રૂપસુંદરીએ એક તેજસ્વી બાળક(વનરાજ)ને જન્મ આપ્યો (આ પછીનો વૃત્તાંત 'પ્રબંધચિંતામણિ' અનુસાર છે.)[૨૨]

## વીરસૂરિ

ભિન્નમાલનિવાસી શ્રીમંત શેઠ શિવનાગના પુત્ર વીરસૂરિ વિશે 'પ્રભાવક-ચરિત'માંથી આ પ્રકારે અનુશ્રુતિ જાણવા મળે છે :

ભિન્નમાલ નગરના નિવાસી કોટિધ્વજ શિવનાગ અને એમની પત્ની પૂર્ણલતાને વીર નામે પુત્ર હતો. શેઠે એને યોગ્ય ઉંમરે સાત કન્યાઓ સાથે પરણાવ્યો હતો. એ નાનપણથી જ ધર્મપરાયણ અને સંસાર તરફ ઉદાસીન વૃત્તિનો હતો. સાચોરના મંદિરની મહાવીર પ્રતિમા ઉપર એને ઊંડી શ્રદ્ધાભક્તિ હતી. પિતાના મરણ પછી પર્વના દિવસોમાં એ સાચોરની યાત્રા અવશ્ય કરતો. માતાના મરણ પછી તો એનું મન સંસારથી વિમુખ બની જતાં પોતાની સાતે પત્નીઓને એકેક કરોડની સંપત્તિ આપીને બાકીનું ધન સુમાર્ગે વાપરી, પરિગ્રહત્યાગી તરીકે ગૃહસ્થવેશે સાંચોરમાં જઈ ભગવાનની આરાધના કરવા લાગ્યો.

સાયંકાળ સમયે એ ગામ બહાર કાયોત્સર્ગ માટે ગયો ત્યારે પરલોકનું સાધન કરવાની ભાવનાથી મથુરાથી શત્રુંજય તીર્થે જવા વિહાર કરતા વિમલ-ગણિ નામના સાધુ એને મળ્યા. એમણે કહ્યું : "તારી યોગ્યતા સમજી હું તને 'અંગવિદ્યા' શીખવવા ઇચ્છું છું એ વિદ્યાથી તું પ્રભાવક બનીશ." વીર એમને

પોતાને ઉપાશ્રયે લઈ ગયો અને વિમલગણિએ 'અંગવિદ્યા'નો સર્વ આમ્નાય એને બતાવી દીધો. વળી, થરાદના જિનમંદિરના શુકનાસમાં રહેલું 'અંગવિદ્યા'નું પુસ્તક વાંચી લેવાનો ભલામણ કરી. ગણિએ વીરની ઇચ્છાથી એને દીક્ષા આપી, ગુરુ ત્રણ દિવસ ત્યાં રહીને શત્રુંજય તરફ વિહાર કરી ગયા. ત્યાં એમણે અનશનપૂર્વક દેહત્યાગ કર્યો.

વીર મુનિ સાંચોરથી થરાદ આવ્યા. શ્રાવકો દ્વારા એમણે પુસ્તક પ્રાપ્ત કરીને 'અંગવિદ્યા' જાણી લીધી. તેઓ મહાશક્તિશાળી તપસ્વી તરીકે પ્રસિદ્ધિ પામ્યા.

વીર મુનિ થરાદથી વિહાર કરીને પાટણ તરફ જતાં વચ્ચે સ્થિરા (થરા) ગામ આવ્યા. ત્યાં વલભીનાથ કે વિરૂપાનાથ વ્યંતરનું સ્થાન હતું ત્યાં જ રાતવાસો રહ્યા. એ ઘાતકી વિરૂપાનાથને શાંત કરી હિંસા ન કરવાની પ્રતિજ્ઞા કરાવી. એ માટે ચામુંડરાજ રાજાની સહીવાળું આજ્ઞાપત્ર મેળવ્યું. વિરૂપાનાથે વીરગણિની આવી શક્તિથી પ્રસન્ન થઈને કહ્યું : 'પૂર્વદિશામાં આવેલી ડકકપુરી-(ડાકોર)માં ભીમેશ્વર મહાદેવનું મેં લિંગ ફોડ્યું હતું તે જ આજે પૂજાય છે. મહાબોધનગરમાં ૫૦૦ બૌદ્ધ વિહારોનો મેં નાશ કર્યો છે. મહાકાલ મારાથી ડરે છે. સોમનાથને જીતવા હું નીકળ્યો, પણ એણે મારી પાસેથી વચન લઈ મને અહીં સ્થિર કર્યો છે, જેથી આ ગામનું નામ સ્થિરા (થરા) પડ્યું છે. સ્પષ્ટ છે કે મારી શક્તિ સામે કોઈ ઊભું રહી શક્યું નથી. પણ તમારી આગળ મારું કંઈ ચાલી શકતું નથી. એ જ આપની વિશેષતા છે. આજથી હું આપનો સેવક છું.'

આ રીતે વીરગણિ વિરૂપાનાથનો ઉદ્ધાર કરી પાટણ ગયા. ત્યાં વર્ધમાનસૂરિ આચાર્યે એમને સૂરિપદવી આપી.[૨૭] વિરૂપાનાથની મદદથી એ અષ્ટાપદની યાત્રા કરીને ત્યાંથી દિવ્ય અક્ષતના દાણા લઈ આવ્યા. કહેવાય છે કે તુર્કોએ પાટણનો ભંગ કર્યો ત્યાંસુધી એ અક્ષત એમના ઉપાશ્રયમાં પૂજાતા હતા.

ચામુંડરાજની રાણીઓને કોઈ બાધાથી પુત્ર થતો નહોતો તેથી વીર મંત્રીએ વીરસૂરિ પાસેથી મંતરેલો વાસક્ષેપ અપાવ્યો, જેના વડે સ્નાન કરવાથી ગર્ભસ્રાવનો દોષ દૂર થયો. પરિણામે ચામુંડરાજને ત્યાં વલ્લભરાજ વગેરે પુત્ર થયા.

વીરસૂરિએ જ્યારે આબુ તરફ વિહાર કર્યો ત્યારે તેઓ ઉંબરણી ગામમાં આવ્યા. ત્યાં સાયંકાળે ગામ બહાર સ્મશાનમાં ધ્યાન માટે જઈ રહ્યા હતા ત્યારે

એમને પરમારવંશીય રુદ્ર નામનો રાજપુત્ર મળ્યો. એણે શ્મશાનમાં થતા ઉપદ્રવોનો ખ્યાલ આપ્યો, પરંતુ વીરસૂરિ તો ઉપદ્રવવાળાં સ્થળ જ પસંદ કરતા હતા. યોગાનુયોગ એ જ દિવસે એ રાજપુત્ર રુદ્રને કોઈક ભેટ મોકલેલાં વનકુસુમમાં કીડા જોતાં વૈરાગ્ય ઊપજ્યું ને એણે વીરસૂરિ પાસે દીક્ષા લીધી. એ પાછળથી ચંદ્રસૂરિ નામથી એમના પટ્ટધર તરીકે ખ્યાતિ પામ્યા.

વીરસૂરિનો જન્મ વિ. સં. ૯૩૮ માં, એમની દીક્ષા વિ. સં. ૯૮૦ માં અને એમનો સ્વર્ગવાસ વિ. સં. ૯૯૧ માં થયો.[૨૪]

### માઘ કવિ

શ્રીમાલનિવાસી કવિ માઘ વિશે આ પ્રકારે અનુશ્રુતિ જાણવા મળે છે :

શ્રીમાલનિવાસી વર્મલાત રાજાના મંત્રી સુપ્રભદેવના પુત્ર દત્તને માઘ નામે પુત્ર હતો. માઘના જન્મ વખતે પિતાએ જાતક કરાવ્યું હતું તેમાં ૮૪ વર્ષનું આયુષ પૂરું થતાં પગના સોજાથી મૃત્યુ થશે એવો ફળાદેશ હતો.

દત્ત શ્રેષ્ઠી પાસે પુષ્કળ પૈસો હતો એટલે એક માણસનું ૧૦૦ વર્ષનું આયુષ માની એના ૩૬,૦૦૦ દિવસોની ગણતરી એ નાણાંથી ભરેલા ૩૬,૦૦૦ હાર કરાવીને દત્ત શ્રેષ્ઠીએ પુત્ર માટે ભંડારમાં રાખ્યા હતા, જેથી ખૂબ ખર્ચ કરે તોપણ પુત્રનો સુખપૂર્વક નિર્વાહ થઈ શકે.

માઘ પ્રૌઢ બનીને અભ્યાસ કરવા લાગ્યો. કાવ્યો રચીને એ પિતાને બતાવતો રહેતો. વિદ્વાન પિતા પુત્રને કહેતા : 'તું જે કાવ્યો રચે છે તે પૂર્વના કવિઓના સોમા ભાગે પણ સમર્થ નીવડે એવાં નથી.'

માઘે 'શિશુપાલવધ' નામે કાવ્યગ્રંથ રચી ચૂલા ઉપરની બાજુએ છાની રીતે મૂકી રાખ્યું. એ ધુમાડાવાળું જીર્ણપ્રાય પુસ્તક કોઈ વખતે એણે પિતાને બતાવ્યું. પિતાએ વાંચીને માથું ધુણાવતાં કહ્યું : 'વત્સ ! કાવ્યો તો આવાં રચવાં જોઈએ'. એણે પૂછ્યું : 'પિતાજી ! શું આ પુસ્તક ભવ્ય છે ?' પિતાએ કહ્યું : 'એમાં કહેવા જેવું જ શું છે ?' માઘે કહ્યું : 'પિતાજી ! એ કાવ્ય મેં રચ્યું છે.' પિતાએ ગુસ્સે થઈ કહ્યું : 'તેં કપટપ્રેમ રચ્યો તેથી તારા કવિત્વની મર્યાદા આટલી જ રહેશે, આથી વધુ કવિત્વ નહિ આવે.'

પિતા અઢળક સંપત્તિ મૂકીને સ્વર્ગવાસી થયા પછી માઘ કવિ વિલાસમાં દિવસો વિતાવવા લાગ્યો, પેલા હારોથી પોતાની આજીવિકા ચલાવવા લાગ્યો.[૨૫]

માઘ કવિની વિદ્વત્તાથી પ્રભાવિત માળવાના રાજા ભોજરાજે[૨૬] કવિને શ્રીમાલ નગરથી શિયાળાની ઋતુમાં તેડાવ્યો. રાજાજીએ કવિનો આદરસત્કાર કર્યો ને એનાં સ્નાન, વસ્ત્ર, ખાન-પાન, શયન, સ્નાનગમન વગેરેની બધી વ્યવસ્થા કરી. બીજે દિવસે રાજાજીએ માઘને પૂછ્યું : 'શું બધી સગવડ સુખભરી હતી?' માઘે જણાવ્યું : 'સારા-નરસા અન્ન વિશે કાંઈ કહેવાનું નથી, પણ ગરમ કપડાંના ભારથી થાક લાગી ગયો છે.' ભોજરાજને આ જવાબથી સાશ્ચર્ય દુઃખ થયું. માઘે બીજે દિવસે ઘેર જવા રજા માગી. રાજાએ ભારે કાકલૂદીથી વિદાય આપી ને એને વળાવવા રાજા પોતે ઉદ્યાન સુધી ગયો.

જતી વેળા માઘ કવિએ રાજાજીને પોતાને ત્યાં આવવા માટે આદર ભર્યું નિમંત્રણ આપ્યું. ભોજ રાજાને પણ માઘ કવિનો વૈભવ અને એની રહેણીકરણી જોવાનું કુતૂહલ થયું હતું જ, એટલે માઘ કવિના નિમંત્રણનો સ્વીકાર કરી બીજે વર્ષે શિયાળામાં એ પોતાના પરિવાર સાથે શ્રીમાલ નગર ગયો.

માઘ કવિની ભવ્ય હવેલીના આંગણામાં જ ભોજરાજના સૈન્ય સાથેના પરિવારનો સમાવેશ થઈ ગયો. પછી હવેલીની અંદરની રચના તો અચંબો પમાડે તેવી હતી. હવેલીમાં જવાનો માર્ગ સોને મઢેલો હતો. એના દેવપૂજાના સ્થાનમાં તો મરકતમણિ જડેલા હતા. ખાનપાનમાં દૂધપાક અને ભાતભાતની રસોઈ સાથે ચાલુ ઋતુમાં ઉત્પન્ન ન થતાં શાક અને ફળો જોઈ આશ્ચર્ય સાથે ધરાઈને રાજાએ ભોજન કર્યું. શયનાગારમાં તો શિયાળાની ઋતુ હોવા છતાં વીંઝણા-વાળાને પવન નાખવો પડે એવી રચનાથી ભોજરાજને સુખભરી નિદ્રા આવી ગઈ. સવારે વાજિંત્રના કર્ણપ્રિય નાદ સાથે એ જાગ્રત થયો.

ભોજ રાજા તો આ બધી સમૃદ્ધિ, વૈભવ, એશઆરામભરી દેવતાઈ ઋદ્ધિ જોઈ અનુભવીને દિંગ થઈ ગયો. કવિ માઘની આવી રહેણીકરણીથી જ દેવોની ઋદ્ધિનું માપ કાઢવા લાગ્યો. ભોજ રાજા ભોજસ્વામી મંદિર બંધાવી રહ્યો હતો તેનું પુણ્ય કવિ માઘને આપી, કેટલાક દિવસ શ્રીમાલમાં ગાળી માળવે ગયો.

માઘ કવિને હવે વાર્ધક્ય વરતાવા લાગ્યું હતું ને એના આ અમૂલ્ય વૈભવ ઉપર કાળચક્ર ફરી વળતું જણાવા લાગ્યું હતું. કવિઓ, વિદ્વાનો અને ભિક્ષુકો એના ઘેરથી કદી ખાલી હાથે જતા નહોતા. એવા દાનવીર કવિ માઘની ઋદ્ધિ ખૂટી ગઈ, ખાવા-પીવાનાં સાધનોની પણ ખેંચ પડવા લાગી.

માઘે વિપત્તિનાં વાદળ ઘેરાવાથી એ પોતાની પત્ની સાથે માળવા ગયો. ત્યાં જઈ એક કાવ્ય-પુસ્તક ભોજને અર્પણ કરી એની પાસેથી થોડુંક દ્રવ્ય

કેળવવા, પોતાના પગે સોજો આવવાથી, પોતાની પત્નીને ભોજરાજ પાસે મોકલી ને એ પત્નીના આવવાની રાહ જોવા લાગ્યો.

ભોજ રાજા કાવ્ય–પુસ્તકનો વચ્ચેથી એકાદ શ્લોક વાંચી અને એનો એક અમુક શબ્દ જોઈને ખૂબ ખુશ થયો. માઘ કવિની પત્નીને લાખ રૂપિયા આપ્યા. રસ્તે જતાં માઘની પત્નીને ઓળખી જનારા માગણોએ યાચના કરતાં બધું દ્રવ્ય એણે માગણોને વહેંચી દીધું. એણે ખાલી હાથે ઘેર આવીને પતિને પરિસ્થિતિ જણાવી. આવી મુશ્કેલ સ્થિતિમાં પણ કવિએ પત્નીની દાનશીલતાની પ્રશંસા કરી.

કવિ શ્રીમાલ આવ્યો. ભોજ ઊંટ ઉપર દ્રવ્ય ભરીને શ્રીમાલ આવી રહ્યો હતો ત્યાં પંડિતનું મરણ નીપજ્યું. શ્રીમાલમાં પોતાના સંબંધીઓ અને જ્ઞાતિમાં અનેક ધનપતિઓ હોવા છતાં આવા પુરુષરત્નનું ભૂખથી પીડાઈને મરણ પામ્યાનું સાંભળી ભોજને ભારે દુઃખ થયું. ભોજે આવા નગરને શ્રીમાલને બદલે 'ભિલ્લમાલ' નામ આપી ભારે હૈયે વિદાય લીધી.[૨૭]

**રૈવતકતીર્થના ક્ષેત્રાધિપતિઓ**

ધામણઉલિ (ધામણોદ) ગામમાં ધાર નામે એક શ્રીમંત વેપારી રહેતો હતો તેણે ગિરનારનો સંઘ કાઢ્યો. પોતાના પાંચ પુત્રોને પણ એણે સાથે લીધા. માર્ગે જતાં એ પ્રાણીઓને જીવિતદાન આપતો, જરૂરિયાતવાળાને એ ચીજ-વસ્તુઓ અપાવતો અને માગણોને પૈસા આપતો, એનાથી એણે દાનવીરની ખ્યાતિ પ્રાપ્ત કરી.

ગિરનાર આવીને એણે તળેટીમાં પાંચ પુત્રો અને સંઘ સાથે પડાવ નાખ્યો.

આ પ્રદેશના એક દિગંબરાનુયાયી રાજવીએ શ્વેતાંબરમતાનુયાયી ધાર શ્રેષ્ઠી અને સંઘને ગિરનાર ઉપર ચડતાં અટકાવ્યા. રાજા અને શ્રેષ્ઠીના માણસો વચ્ચે ચડસાચડસીનું યુદ્ધ જામ્યું તેમાં ધાર શ્રેષ્ઠીના પાંચ પુત્ર મરાયા. એ બધા મરીને ત્યાંના ૧ કાલમેઘ, ૨ મેઘનાદ, ૩ ભૈરવ, ૪ એકપદ અને ૫ ગોમેધપાદ નામના ક્ષેત્રાધિપતિ થયા. એ પાંચ રૈવતકતીર્થનું રક્ષણ કરવા લાગ્યા.

એ સમયમાં બપ્પભટ્ટિસૂરિ મહાપ્રભાવશાળી પુરુષ ગણાતા હતા. તેઓ કનોજમાં હતા એટલે ધાર શ્રેષ્ઠી ત્યાં ગયો અને આચાર્યનું વ્યાખ્યાન ચાલતું હતું ત્યારે એણે ક્રોધ ધર્મ આચાર્યને વિનંતી કરતાં કહ્યું : 'રૈવતકતીર્થમાં દિગંબરો સ્થિર થઈ બેઠા છે, શ્વેતાંબરોને પાખંડી કહી ઉપર ચડવા દેતા નથી, તેથી એમને જીતી તીર્થનો ઉદ્ધાર કરવો જોઈએ અને પછી જ ધર્મપ્રવચન કરવા બેસવું જોઈએ'.

સૂરિજી વિહાર કરતા ગિરનાર આવ્યા. સાત દિવસ સુધી દિગંબરો સાથે ગિરનાર વિશે વાદ કરી દિગંબરોને હરાવ્યા અને સંઘના દેખતાં અંબિકાદેવીનાં પ્રત્યક્ષ દર્શન કરાવ્યાં.

આ રીતે શ્વેતાંબર માર્ગની સ્થાપના થતાં દિગંબરોએ મંદિરના પ્રવેશદ્વાર ઉપરના બલાનક મંડપથી ઝંપાપાત કરી આપઘાત કર્યો.[૨૮]

**શંકરાચાર્ય**

ભારતના પ્રભાવશાળી ધર્માચાર્યો અને તત્ત્વજ્ઞાનીઓમાં શંકરાચાર્યનું નામ જાણીતું છે. એમના વિશે આ પ્રકારે અનુશ્રુતિ જાણવા મળે છે :

કેરલમાં કાલડી ગામમાં શિવગુરુ નામે બ્રાહ્મણને ત્યાં શક સં. ૭૧૦ (ઈ. સ. ૭૮૮)માં એમનો જન્મ થયો.

શંકર શિવના અવતાર હોવાથી પ્રથમનાં ત્રણ વર્ષોમાં જ એમણે પુરાણ, કાવ્ય, ઇતિહાસ આદિ ગ્રંથોના સાર શીખી લીધા. ચોથા વર્ષે પિતા શિવગુરુનું મરણ થયું. પાંચમા વર્ષે શંકર ગુરુગૃહનો નિવાસી બન્યો અને ગુરુએ એને ભણાવી–ગણાવી પંડિતપદવીને યોગ્ય બનાવી દીધો.

એ નર્મદાતીરે વસતા ગોવિંદ યતિના શિષ્ય થયા. એ યતિ ગૌડપાદાચાર્યના શિષ્ય હતા. ગોવિંદ યતિએ એમને સાચું જ્ઞાન પ્રાપ્ત કરી ધર્મનો પ્રચાર કરવાની આજ્ઞા આપી. પછી તો શંકર આચાર્ય કાશી જઈને રહ્યા. ત્યાં અભ્યાસ કરી ગ્રંથો તૈયાર કરવાની શરૂઆત કરી.

પછી એમણે કાશી બહાર વિજયયાત્રા શરૂ કરી. પ્રથમ પ્રયાગના કુમારિલ ભટ્ટ પાસે ગયા, પણ એ સમયે એ મહાપંડિત સ્વર્ગવાસ પામી ગયા હતા. પછી તેઓ માહિષ્મતીના મંડનમિશ્ર પંડિત પાસે ગયા. શંકરાચાર્યની સાથે વાદ થતાં એ હારી ગયા. પછી મંડનમિશ્રનાં પત્ની ઉભયભારતી સાથે વાદવિવાદ થતાં શંકરાચાર્યે અમરુ રાજાના શરીરમાં પ્રવેશ કરી, સંસારનો અનુભવ મેળવી વાદ કરતાં એમના ઉપર પણ વિજય મેળવ્યો. એ સમયે 'અમરુશતક' રચાયું. હવે પંડિત 'સુરેશ્વરાચાર્ય' નામથી એમના શિષ્ય થયા. સુરેશ્વરાચાર્ય દ્વારકા પીઠના અધિષ્ઠાતા બન્યા.

પછી દક્ષિણમાં તુંગભદ્રા સુધી પ્રવાસ કરીને શારદા–મંદિર બાંધ્યાં. ત્યાં શૃંગેરીમઠની સ્થાપના કરી.

દરમ્યાન એમની માતાનું અવસાન થતાં સંન્યાસના બધા નિયમ બાજુએ મૂકી એ મહાપુરુષે માતાની ઉત્તરક્રિયા કરી.

ફરીથી એમણે વિજયયાત્રા શરૂ કરી. એમણે જ્યાં ત્યાં ધર્મના નામે ચાલતાં અનિષ્ટ દૂર કરાવ્યાં ને શાક્તમતની અસર નામશેષ કરી. એ યાત્રા કરતાં તેઓ જગન્નાથપુરી, દ્વારકા અને બદરીકેદાર એમ ભારતના બીજાં ત્રણ સ્થળોએ એમના મઠોની સ્થાપના કરી, ધર્મપ્રસાર અને ધર્મરક્ષણની કાયમી વ્યવસ્થા કરી; એ રીતે મઠામ્નાયની વ્યવસ્થા ને પરંપરા ઊભી કરી.[૨૯]

એ જ રીતે કાશ્મીરમાં જય પ્રાપ્ત કરતાં શારદાદેવીના સિંહાસન ઉપર એમનો સત્કાર થયો. પછી તેઓ કામરૂપ ગયા. ત્યાંના પંડિતોએ એમના ઉપર અભિચારનો પ્રયોગ કર્યો, ત્યારે એમને વ્યાધિવિકાર લાગુ પડ્યો. ત્યાંથી તેઓ બદરીકેદાર ગયા ને ૩૨ વર્ષના ભરજુવાનીમાં ગુહાપ્રવેશ કરી બ્રહ્મીભૂત થયા (ઈ. સ. ૮૨૦).

**શ્રીમાળી, પોરવાડ અને ઓશવાળ જ્ઞાતિની સ્થાપના**

'વિમલપ્રબંધ'માં જણાવ્યું છે કે શ્રીમાલ સર્વ પ્રકારના વ્યવહારો અને વેપારીઓથી ભરપૂર હતું. એ નગરમાં જે કરોડપતિઓ હોય તે નગરની અંદરના કોટમાં રહેતા ને એનાથી ઓછી પૂંજીવાળા હોય તે નગરના કોટ બહાર રહેતા. લાખની પૂંજીવાળા લખપતિઓ એક સાથે રહે એ રીતે નગરના વસવાટની રીત હતી.

ત્યાં ઊહડ અને રોહડ નામે બે ભાઈ હતા. તેઓમાં રોહડ મોટો કોટિપતિ હતો. ઊહડ પાસે ૯૯ લાખ હતા, તેથી એણે ભાઈને કહ્યું : મારે કોટમાં વસવું છે, માટે તું મને એક લાખ આપે તો હું કરોડપતિ બનું.' ત્રીજા ભાઈ આહડે ધૃષ્ટતાથી કહ્યું: 'તારા વિના કોટમાં શું અડયું રહ્યું છે?' આવા જવાબથી ઊહડ નિરાશ થયો. પૈસા માગ્યા, પણ આશા ફળી નહિ. એને એનો ડંખ રહી ગયો તેથી એ પોતાનું નસીબ અજમાવવાનો વિચાર કર્યા કરતો હતો.

બીજી તરફ રાજાનો કુંવર ઉપલદે પિતા પાસે મોટો ગરાસ માગી રહ્યો હતો એની રકઝક ચાલતી હતી. એમ કરતાં છ મહિના વીતી ગયા મંત્રીએ કહ્યું : 'રાજન્, ઉપલદેને મનાવી લો'. રાજાએ જવાબ આપ્યો : ઉપલદે રોષે ભરાઈ ને શું કરી શકશે? કોઈ ઉજ્જડ સ્થળે ગામ વસાવશે.' રાજપુત્રે આ વાત જાણી.

રાજપુત્ર ઉપલદે તો રોષભર્યો ઘેરથી નીકળીને ઊહડની દુકાને આવ્યો. ઊહડે એને આદરથી પોતાની પાસે બેસાડી આવવાનું કારણ પૂછ્યું. એણે બનેલી સર્વ હકીકત કહી સંભળાવી. બંનેના મનમાં સરખો ભાવ હતો. બંને એક વિચારના થયા ને ઘેરથી જોઈતી રકમ તેમજ ભાતું લઈ બંને ઘોડેસવાર થઈ શ્રીમાલથી બહારગામ જવા નીકળ્યા.

નીકળતી વેળા એમને સારાં શકુન થયાં. રસ્તે જતાં એમણે ઘણાં સારાં સ્થળ નિહાળ્યાં. એમ ચાલતાં તેઓ સિંધમાં ઠઠ્ઠા નગરના રાજા પાસે ગયા. રાજાએ આવકાર આપ્યો. ગરાસ આપવાને પણ જણાવ્યું ત્યારે રાજકુમારે કહ્યું : 'અમે માલિકી વિનાનું સ્થળ જોવા નીકળ્યા છીએ. ચારે દિશાએ પરિભ્રમણ કરતાં કોઈ ગામ ઠાકોર વિનાનું ન મળ્યું.' પછી તો એ રાજાએ જણાવ્યું : 'મારી પાસે દેવી ઘોડો છે તે લઈને ઉત્તર તરફ જાઓ. જ્યારે એ દેશોનું સંધિસ્થળ આવે ત્યારે ઘોડાને આઠ પહોર સુધી છૂટો લગામે જવા દેજો. એ ઘોડો જેટલી હદ સુધી જઈને પાછો આવે તે સ્થળે નગર વસાવજો.'

કુંવરે રાજાએ કરેલી સૂચના મુજબ કર્યું ને ઉજ્જડ સ્થળે નગરનું ખાતમુહૂર્ત કર્યું. નગરનું નામ 'ઊવેસ' (ઓસિયા) પાડ્યું. પછી તો રાજાનો મહેલ, મોટા મોટા ધનપતિઓની હવેલીઓ, પોળો, વિશાળ રસ્તાઓ વગેરે જોતજોતામાં તૈયાર થઈ ગયાં. ઊહડની હવેલી રાજગઢ પાસે બંધાઈ. રાજા થયેલા ઉપલદે એ અને મંત્રી થયેલા ઊહડ નગરનો કારભાર વ્યવસ્થિત ચલાવ્યો. ઊહડનો યશ દિન-પ્રતિદિન વધતો જ ગયો.

એકદા ઊહડને સ્વપ્નમાં દેવીએ દર્શન દીધાં અને જણાવ્યું : 'હું નગરીની રક્ષણ કરનારી દેવી છું. તારા ઉપર પ્રસન્ન છું. તું હવે ઓસવંશની સ્થાપના કરજે.'

ઊહડે બીજે દિવસે સ્વપ્નની વાત ઉપલદે રાજાને કરી. વાત જાણીને રાજા ખૂબ ખુશ થયો. ઊહડે ત્યાંના જૈન વણિકોને એકઠા કરી જિનાલય બંધાવ્યું. અને જે ઊવેસમાં વસ્યા તે જૈન વણિકો 'ઓસવાલ' નામથી ખ્યાતિ પામ્યા.

આ તરફ શ્રીમાલમાંથી ઉપલદે અને ઊહડના ગયા પછી એ નગર ઉપર લૂંટારુઓનાં ધાડાં ધસી આવવા લાગ્યાં. પછી એક રાજા પાસેથી સૈન્ય મેળવ્યું ને અંબાજીને પ્રસન્ન કરી. દેવીએ રાતોરાત સાત ગઢ બનાવ્યા ત્યારે લૂંટારુઓ આવતા બંધ થયા. રાજાએ શ્રીમાલનગરની નવેસર રચના કરી.

શ્રીમાલનગરની પૂર્વ દિશામાં જે વસ્યા તે 'પોરવાડ' કહેવાયા. એમણે અંબાજી માતાને ગોત્રજ સ્થાપી એનું મંદિર બંધાવ્યું.[૩૦]

મતલબ કે શ્રીમાળીઓની પ્રાચીન અને મોટી જ્ઞાતિમાંથી ઓસવાળ અને પોરવાડ થયા અને એમાંથી અનેક જ્ઞાતિઓ થતી ગઈ.

## પાદટીપો

૧. विनयविजय, कल्पसूत्रसुबोधिका, पृ. १५–१६

२. प्रबन्धचिन्तामणि, पृ. १०६–१०७

૨ અ. प्रभावकचरितમાં એમને વલભીમાં વસતી ભૃગુકચ્છના જિનાનંદસૂરિની બહેન દુર્લભદેવીના કનિષ્ઠ પુત્ર કહ્યા છે (પૃ. ૧૨૨). ३. प्रबन्धचिन्तामणि, पृ. १०७

४. प्रबन्धकोश, पृ. २३ ५. प्र चि., पृ. १०७

६. धनेश्वरसूरि, शत्रुंजयमाहात्म्य, १, १४; १५, १८२–२५१

૭. કાસદ્રહમાં યુગાદિદેવ, હારીજમાં પાર્શ્વનાથ અને શત્રુંજયમાં વલભીનાથ (पुरातनप्रबन्धसंग्रह, पृ. ८३)

८. प्रबन्धचिन्तामणि, पृ. १०७–१०९; प्रबन्धकोश, पृ. २३; पुरातनप्रबन्धसंग्रह, पृ. ८२–८३

અલ્બીરૂનીએ પણ રંકની વાત નોંધી છે. એમાં રંકે મનસૂરના અરબ સરદારને પૈસા આપીને એની પાસે વલભી ઉપર દરિયારસ્તે રાતમાં હુમલો કરાવ્યો હોવાની સ્પષ્ટતા કરેલી છે (Sachau, *Alberuni's India*, Vol. I, pp 192 f.)

९. प्रबन्धचिन्तामणि(पृ. १०७)માં તથા पुरातनप्रबन्धसंग्रह पृ. ८३)માં વલભી ભંગનો સમય વિ. સં. ૩૭૫ આપ્યો છે, प्रबन्धकोश (पृ. २३)માં વિ. સં. ૩૭૫ અને प्रभावकचरित (पृ. ७४)માં વીરનિર્વાણ સંવત ૮૪૫ આપ્યો છે, જ્યારે विविधतीर्थकल्प-માં વિ. સ. ૮૪૫ આપ્યો છે (पृ. २९).

१०. पुरातनप्रबन्धसंग्रह, पृ. ८३

૧૧. ફોર્બ્સ, રાસમાલા (ગુજ. અનુ), ભા. ૧, પૃ. ૧૭–૧૮

૧૨. જુઓ, ઉ. પ્રે. શાહ, 'ગુજરાતમાં બૌદ્ધધર્મ,' "સ્વાધ્યાય", પુ. ૧, પૃ. ૩૦૭ થી ૩૦૯.

૧૩. प्रभावकचरित ના अभयदेवसूरिचरितમાં શીલગુણસૂરિને બદલે દેવચંદ્રસૂરિનું નામ આપ્યું છે.

પાટણના પંચાસરા પાર્શ્વનાથના જિનાલયમાં વિદ્યમાન વનરાજની મૂર્તિ પરના લેખમાં પણ દેવચંદ્રસૂરિનું નામ છે, જ્યારે ચારૂપ(તા. પાટણ)ની મૂર્તિ ઉપર પાછું શીલગુણસૂરિનું નામ આવે છે.

૧૪. અણહિલપુરની સ્થાપનાનો સમય विचारश्रेणीમાં વિ. સં. ૮૨૧ ના વૈશાખ સુદિ ૨ નો જણાવ્યો છે. પહેલાં ત્યાં 'લાક્ષારામ' નામે ગામ વસેલું હતું એ જગા ઉપર અણહિલપુરની સ્થાપના થઈ (विविधतीर्थकल्प, पृ. २१).

१५. गूर्जराणामिदं राज्यं वनराजात् प्रभृत्यपि।
जैनैस्तु स्थापितं मन्त्रैस्तद्द्वेषी नैव नन्दति॥ —प्र. चि. पृ. १३

૧૬. વનરાજને ચાંપા નામનો શ્રેષ્ઠી પણ મંત્રી હતો, જેણે પોતાના નામથી 'ચાંપાનેર' વસાવ્યું, એનું બીજું નામ જાંબ હતું એમ કેટલાક વિદ્વાન માને છે—"જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ", પૃ. ૧૮૧

૧૭. ઠામ ઠામના વ્યવહારીયા, જે પરદેસી વાખ્યારીઆ;
તે તેડી વાસ્યા આવાસિ, પાયક રાખ્યા મોટાઈ શ્રાસિ

—વિમલપ્રબંધ, ૩, ૧૪૨

૧૮. નિન્નયનો પુત્ર લહર દંડનાયક થયો. એ ઘોડાઓના સૈન્ય સાથે વિંધ્યગિરિ પ્રદેશમાં પહોંચ્યો. ત્યાંથી એણે શ્રેષ્ઠ હાથી એકઠા કર્યા. એ હાથીઓ માટે શત્રુ રાજાઓ સાથે એને યુદ્ધ થયું, પણ લહરના ધનુષ ઉપર વિંધ્યવાસિની દેવી ઊતરી તેથી શત્રુઓ ઉપર એણે વિજય મેળવ્યો. આવી આશા પૂરનારી વિંઝવાસિણી દેવીને એણે સંડસ્થલ ગામમાં સ્થાપિત કરી. જુઓ 'નેમિનાહચરિઉ'ની અંતિમ પ્રશસ્તિ.

૧૯. प्रबन्धचिन्तामणि, पृ. १२–१५

२०. पुरातनप्रबन्धसंग्रह, पृ. १२

२१. धर्मारण्य, अध्याय ६६, श्लो. ३८ थी

२२. रत्नमाला, रत्न ३–८

૨૩. વીરસૂરિને આચાર્યપદવી આપનારા વર્ધમાનસૂરિ કયા? વિ. સં. ૧૦૮૦ માં વિદ્યમાન ચંદ્રકુલના આ. વર્ધમાનસૂરિ હોય તો વીરસૂરિના વિ. સં. ૯૮૦ ના દીક્ષા સમય સાથે મેળ ખાતો નથી. વળી, ચામુંડરાજનો રાજત્વકાલ વિ. સં. ૧૦૫૩ થી ૧૦૬૬ નો હતો તેથી વીરસૂરિના વિ. સં. ૯૮૦ ના દીક્ષાસમય સાથે એ ઘટનાનો મેળ જણાતો નથી. વળી, વિમલ મંત્રીના પિતા વીરમંત્રી ૧૧ મી સદીના પૂર્વભાગમાં હતા.

વીરસૂરિ ૧૧ મી સદીના પૂર્વાર્ધમાં થયેલા હોવા જોઈએ એમ માનીએ તો જ બધી ઘટનાઓના મેળ મળી રહે.

२४. प्रभावकचरित, पृ. १२७–१३२

२५. पुरातनप्रबंधसंग्रह, पृ. १७–१९

૨૬. ભોજરાજના સમય સાથે માઘના સમયનો મેળ ખાય એમ નથી.

२७. प्रबन्धचिन्तामणि, पृ. ३४–३६

२८. एजन, पृ. १२२

આવી હકીકત पुरातनप्रबन्धसंग्रह માંના उज्जयन्ततीर्थात्मकरणप्रबंध (पृ. १८) માં છે, પણ એમાં ધામણઉલિને બદલે ગોમંડલ (ગોંડળ) નગર, પાંચ પુત્રોને બદલે સાત પુત્રો અને ૭૦૦ યોદ્ધાઓ, તેમજ દિગંબર મતાનુયાયી રાજા ખેંગાર વગેરે વિશેષ હકીકતો આવે છે. વળી, બપ્પભટ્ટિસૂરિની સાથે આમ રાજા સ્વયં સંઘ સહિત આવી પ્રથમ ખંભાત આવે છે ને ત્યાંથી બધા ગિરનાર તીર્થમાં જાય છે.

२९. विद्यारण्य, शंकरदिग्विजय, स. २–१६ ના આધારે

३०. लावण्यसमय, विमलप्रबंध, खं. २, १–६१

# વંશાવળીઓ

## ૧. મૈત્રક વંશ

૧. ભટાર્ક

- ૨. ધરસેન ૧ લો
- ૩. દ્રોણસિંહ
- ૪. ધ્રુવસેન ૧ લો
- ૫. ધરપટ્ટ
  - ૬. ગુહસેન
    - ૭. ધરસેન ૨ જો
      - ૮. શીલાદિત્ય ૧ લો – ધર્માદિત્ય
        - દેરભટ
          - શીલાદિત્ય ૨ જો
            - ૧૫. શીલાદિત્ય ૩ જો
              - ૧૬. શીલાદિત્ય ૪ થો
                - ૧૭. શીલાદિત્ય ૫ મો
                  - ૧૮. શીલાદિત્ય ૬ ઠ્ઠો
                    - ૧૯. શીલાદિત્ય ૭ મો
          - ૧૪. ખરગ્રહ ૨ જો –ધર્માદિત્ય
          - ૧૩. ધ્રુવસેન ૩ જો
      - ૯. ખરગ્રહ ૧ લો
        - ૧૦. ધરસેન ૩ જો
        - ૧૧. ધ્રુવસેન ૨ જો –બાલાદિત્ય
          - ૧૨. ધરસેન ૪ થો ચક્રવર્તી

## ૨. કનોજનો પ્રતીહાર વંશ

૧. નાગભટ ૨ જો–આમ

૨. રામભદ્ર

૩. ભોજ–મિહિર

૪. મહેંદ્રપાલ–મહેંદ્રાયુધ

૫. મહીપાલ

### ૩. નાંદીપુર—ભરુકચ્છનો

#### ગુર્જરનૃપતિ વંશ

૧. દદ ૧ લો

૨. જયભટ ૧ લો—વીતરાગ

૩. દદ ૨ જો

૪. જયભટ ૨ જો

૫. દદ ૩ જો—પ્રશાન્તરાગ

૬. જયભટ ૩ જો

૭. અહિરોલ

૮. જયભટ ૪ થો

### ૪. વઢવાણનો ચાપ વંશ

૧. વિક્રમાર્ક

૨. અડ્ડુક

૩. પુલકેશી

૪. ધ્રુવભટ   ૫. ધરણીવરાહ

### ૫. ઓખામંડળનો ચાવડા વંશ

૧. અખેરાજજી

૨. ભુવડરાય

૩. જયસેન   ૪. જગદેવ ૧ લો

૫. મંગલજી

૬. જગદેવ ૨ જો

૭. કનકસેન   ૮. અનંતદેવ

## ૬. અણહિલવાડનો ચાવડા વંશ

**અનુશ્રુતિ નં. ૧**

૧. વનરાજ
|
૨. યોગરાજ
|
૩. રત્નાદિત્ય
|
૪. વૈરિસિંહ
|
૫. ક્ષેમરાજ
|
૬. ચામુંડરાજ
|
૭. આહડ
|
૮. ભૂભટ (કે સામંતસિંહ)

**અનુશ્રુતિ નં. ૨**

૧. વનરાજ
|
૨. યોગરાજ
|
૩. ક્ષેમરાજ
|
૪. ભૂયડરાજ
|
૫. વૈરસિંહ કે વૈરિસિંહ
|
૬. રત્નાદિત્ય
|
૭. સામંતસિંહ

**સંશોધિત**

૧. વનરાજ
|
૨. યોગરાજ
|
૩. ક્ષેમરાજ — ચામુંડરાજ — આહડ

૩. ક્ષેમરાજ
|
૪. વૈરિસિંહ
|
૫. રત્નાદિત્ય
|
૬. સામંતસિંહ (કે ભૂભટ)

## ૭. ગારુલક વંશ

૧. શૂર ૧ લો
|
૨. વરાહદાસ ૧ લો
|
૩. શૂર ૨ જો — ૪. વરાહદાસ ૨ જો

૪. વરાહદાસ ૨ જો
|
૫. સિંહાદિત્ય

## ૮. સૈંધવ વંશ

- અહિવર્મા ૧ લો
  - ૧. પુષ્યેણ
    - ૨. અહિવર્મા ૨ જો
      - ૩. પુષ્યદેવ
        - ૪. કૃષ્ણરાજ ૧ લો
          - ૫. અગ્ગુક ૧ લો
            - ૬. રાણક ૧ લો
              - ૭. કૃષ્ણરાજ ૨ જો
                - ૮. અગ્ગુક ૨ જો
              - ૯. જાઈક ૧ લો
                - ૧૦. અગ્ગુક ૩ જો
                  - ૧૧. રાણક ૨ જો
                    - જાઈક
                - ૧૨. ચામુંડરાજ
                  - ૧૩. અગ્ગુક ૪ થો
                    - ૧૪. જાઈક ૨ જો

### ૯. સૌરાષ્ટ્રનો ચાલુક્ય વંશ

૧. કલ્લ
|
૨. [રાજેંદ્ર]
|
૩. બાહુકધવલ
|
૪. અવનિવર્મા ૧ લો
|
૫. બલવર્મા
|
૬. અવનિવર્મા ૨ જો

### ૧૦. સમા વંશ

(૧)

૧. ચંદ્રચૂડ
- હમીર
- ૨ મૂળરાજ
  - ૩ વિશ્વવરાહ

(૨)

લાખો
- ઉન્નડ
- ૧. મોડ
  - ૨. સાડ
    - ૩. ફૂલ
- મનાઈ

### ૧૧ ત્રૈકૂટક વંશ

૧. ઇંદ્રદત્ત
|
૨. દહ્રસેન
|
૩. વ્યાઘ્રસેન

### ૧૨. કટચ્છુરિ વંશ

૧. કૃષ્ણરાજ
|
૨. શંકરગણ
|
૩. બુદ્ધરાજ

### ૧૩. ચાહમાન વંશ

૧. મહેશ્વરદામ
|
૨. ભીમદામ
|
૩. ભર્તૃવડ્ઢ ૧ લો
|
૪. હરદામ
|
૫. ધ્રૂભટ

૬. ભર્તૃવડ્ઢ ૨ જો

### ૧૪. સેંદ્રક વંશ

૧. ભાનુશક્તિ–નિકુંભ
|
૨. આદિત્યશક્તિ
|
૩. અલ્લશક્તિ–નિકુંભ
|
જયશક્તિ

## ૧૫. નવસારીનો ચાલુકય વંશ

- ૧. ધરાશ્રય જયસિંહ
  - શ્રયાશ્રય શીલાદિત્ય (યુવરાજ)
  - જયાશ્રય મંગલરસ
  - ૨. અવનિજનાશ્રય – પુલકેશી

## ૧૬. રાષ્ટ્રકૂટ વંશ

### (૧) કર્ણાટકનો

- ગોવિંદરાજ ૧ લો
  - કર્કરાજ ૧ લો
    - ઇંદ્રરાજ ૧ લો
      - ૧. દંતિદુર્ગરાજ
    - ૨. કૃષ્ણરાજ ૧ લો
      - ૩. ગોવિંદરાજ ૨ જો
        - સ્તંભ
        - કર્કરાજ
        - ૫. ગોવિંદરાજ ૩ જો
          - ૬. અમોઘવર્ષ ૧ લો
            - ૭. કૃષ્ણરાજ ૨ જો
              - જગત્તુંગ
                - ૮. ઇંદ્રરાજ ૩ જો
                  - ૯. અમોઘવર્ષ ૨ જો
                  - ૧૦. ગોવિંદરાજ ૪ થો
                - ૧૧. અમોઘવર્ષ ૩ જો
                  - ૧૨. કૃષ્ણરાજ ૩ જો
                    - ૧૫. ઇંદ્રરાજ ૪ થો
                  - ૧૩. ખોટ્ટિગ
                  - નિરુપમ
                    - ૧૪. કર્ક ૨ જો
        - ઇંદ્રરાજ (લાટ-શાખા)
      - ૪. ધ્રુવરાજ

### (૨) લાટના

- ૧. ઇંદ્રરાજ
  - ૨. કર્કરાજ સુવર્ણવર્ષ
    - ૩. ધ્રુવરાજ ધારાવર્ષ ૧ લો
      - ૪. અકાલવર્ષ શુભતુંગ
        - ૫. ધ્રુવરાજ ધારાવર્ષ ૨ જો
          - કર્કરાજ
        - ગોવિંદરાજ
        - ૬ દંતિવર્મા
          - કૃષ્ણરાજ અકાલવર્ષ*
  - ગોવિંદરાજ પ્રભૂતવર્ષ*

## ૧૭. પરમાર વંશ

- ૧. ઉપેંદ્ર-કૃષ્ણરાજ
  - ૨. વૈરસિંહ ૧ લો
    - ૩. સીયક ૧ લો
      - ૪. વાક્પતિ ૧ લો
        - ૫. વૈરિસિંહ ૨ જો
          - ૬. સીયક ૨ જો
  - ડંબરસિંહ (વાગડ-શાખા)

# સંદર્ભસૂચિ

## સામાન્ય

### ૧. મૂળ સંદર્ભો

#### (અ) વેદ-વેદાંગ


पाणिनि — अष्टाध्यायी, ग्रं. १–२
सं. श्रीशचन्द्र वसु, दिल्ही, १९६२

स्कन्दस्वामि–महेश्वर — निरुक्तभाष्यटीका, भा. १–२
सं. लक्ष्मण स्वरूप, लाहोर, १९२८–३१


#### (આ) સ્મૃતિ


मनुस्मृति, वाराणसी, १९७०


#### (ઇ) ઇતિહાસ—પુરાણ


धर्मारण्य (पद्मपुराणान्तर्गत), मुंबई, १९२४
भविष्यपुराण, मुंबई, १९५९
भागवतपुराण, गोरखपुर, वि. सं. २०१०
मत्स्यपुराण, पूना, १९०७
श्रीमाळपुराण (स्कंदपुराणान्तर्गत)
अहमदाबाद, १८९९
स्कन्दपुराण, खं. ७, मुंबई, वि. सं. १९६६–६७


#### (ઈ) બૌદ્ધ ગ્રંથો


आर्यमञ्जुश्रीमूलकल्प, भा. १–३, त्रिवेन्द्रम्,
१९२०, १९२५

## (ઉ) જૈન આગમ

| | |
|---|---|
| क्षेमकीर्ति | बृहत्कल्पसूत्रवृत्ति, भा. २, भावनगर, १९३४ |
| जयविजय | कल्पदीपिका, राधनपुर, सं. १९९२ |
| जिनदासगणि महत्तर | आचारांगसूत्रचूर्णि, रतलाम, वि. सं. १९९८ |
| | —आवश्यकसूत्रचूर्णि, उत्तर भाग, रतलाम, सं. १९२९ |
| | —उत्तराध्ययनसूत्रचूर्णि, रतलाम, सं. १९९८ |
| | —निशीथसूत्र चूर्णि (टाईप करेली) सं. आचार्य विजय-प्रेमसूरि, वि. सं. १९९५–९६ |
| जिनप्रभसूरि | कल्पसन्देहविषौषधि, जामनगर, सं. १९६९ |
| धर्मसागरगणि | कल्पसूत्र–किरणावली, भावनगर, सं. १९७८ |
| विनयविजय | कल्पसूत्र–सुबोधिका, सुरत, १९११ |
| शीलांकदेव | सूत्रकृतांगसूत्र–वृत्ति, महेसाणा, सं. १९७३ |
| सिद्धसेनगणि | जीतकल्पसूत्र–बृहत्चूर्णि, अमदावाद, १९२६ |

## (ઊ) આગમેતર જૈન ધર્મગ્રંથો

| | |
|---|---|
| जिनविजय मुनि (सं.) | विविधगच्छीयपट्टावलीसंग्रह, मुंबई, १९६१ |
| जिनेश्वरसूरि | प्रमालक्षण (नाथूराम प्रेमी, दर्शनसार–विवेचना, परिशिष्ट, पृ. ६१ मां उदाहृत) |
| देवसेनसूरि | दर्शनसार. बंबई, सं. १९७४ (सं. नाथूराम प्रेमी), भावसंग्रह (नाथूराम प्रेमी, दर्शनसार–विवेचना, बंबई, सं. १९७४ मां) |
| धर्मसागर उपाध्याय | प्रवचनपरीक्षा, रतलाम, १९३७ |
| भट्टारकनंदी | भद्रबाहुचरित, (नाथूराम प्रेमी, दर्शनसार–विवेचना, परिशिष्ट, बंबई, सं. १९७४ मां प्रकाशित) |
| राजशेखरसूरि–हरिभद्रसूरि | षड्दर्शनसमुच्चयौ, राजनगर (अमदावाद), १९१८ |

## (એ) જૈન પ્રબંધો, ચરિતો અને કથાઓ

| | |
|---|---|
| उद्‌द्योतनसूरि | कुवलयमाला, मुंबई, १९५९ |
| जैनप्रभसूरि | विविधतीर्थकल्प, शान्तिनिकेतन, १९३४ |
| जिनमण्डन | कुमारपालप्रबन्ध, भावनगर, सं. १९७१ |

| | |
|---|---|
| जिनविजय मुनि (सं.) | पुरातनप्रबन्धसंग्रह, कलकत्ता, १९३६ |
| धनपाल | भविसयत्तकहा, वडोदरा, १९२३ |
| धनेश्वरसूरि | शत्रुंजयमाहात्म्य, मुंबई, १८८९ |
| प्रभाचन्द्र | प्रभावकचरित, मुंबई, १९४० |
| मेरुतुंगाचार्य | प्रबन्धचिन्तामणि, शान्तिनिकेतन, १९३३ |
| | —(स्थविरावली के) विचारश्रेणी, ('जैन साहित्य संशोधक', खंड २, अं- ३–४), पूना, १९२५ |
| राजशेखरसूरि | प्रबन्धकोश (चतुर्विंशतिप्रबन्ध), शान्तिनिकेतन, १९३५ |
| लावण्यसमय | विमलप्रबंध, अमदावाद, १९६५ |
| संघदासगणि | वसुदेवहिण्डी, खं. १–२, भावनगर, १९३०-३१ |
| हरिभद्रसूरि | नेमिनाहचरिउ, अमदावाद, १९७० (सनत्कुमार-चरितम्, München 1921) |
| | —मल्लिनाथचरिय, वाराणसी, वी. सं. २४३८ |
| हरिषेण | बृहत्कथाकोश, मुंबई, १९४३ |
| કાપડિયા, મો. ગિ. | શ્રીસિદ્ધર્ષિ, ભાવનગર, ૧૯૩૯ |


## (ઐ) શાસ્ત્રીય ગ્રંથો


| | |
|---|---|
| अमरसिंह | नामलिङ्गानुशासन (अमरकोश), मुंबई, १९१३ |
| कौटिल्य | अर्थशास्त्र, भा. १, मुंबई, १९६० |
| गांधी, लालचंद भ. (सं.) | पाटणजैनभंडारग्रंथसूचि, वडोदरा, १९३७ |
| चण्ड | प्राकृतलक्षणम्, अमदावाद, १९२९ |
| दण्डी | काव्यादर्श, पूना, १९२४ |
| ब्रह्मगुप्त | ब्राह्मस्फुटसिद्धान्त, दिल्ही, १९६६ |
| भरत | नाटयशास्त्र, मुंबई, १९४३ |
| भामह | काव्यालंङ्कार, वाराणसी, सं. १९८५ |
| भुवनदेव | अपराजित पृच्छा, वडोदरा, १९५० |
| भोजदेव | समराङ्गणसूत्रधार, वडोदरा, १९२४–२५ |
| मल्लसूत्रधार | प्रमाणमंजरी, वडोदरा, १९५८ |
| यादवप्रकाश | वैजयन्ती, पूना, १८९३ |

| | |
|---|---|
| राजशेखर | काव्यमीमांसा, वडोदरा, १९३४ |
| वराहमिहिर | बृहत्संहिता, भा. १–२, वाराणसी, १८९५–९९ |
| विनयचन्द्रसूरि | काव्यशिक्षा, अमदावाद, १९६४ |
| हलायुध | हलायुधकोश, वाराणसी, शक १८७९ |
| हेमाचन्द्राचार्य | अभिधानचिन्तामणि, भावनगर, १९१५ |
| — | मानसार, ग्रं. ३, ऑक्सफर्ड, १९३१ |
| — | लेखपद्धति, वडोदरा, १९२५ |


## (ઓ) લલિત સાહિત્ય


| | |
|---|---|
| अरिसिंह ठक्कुर | सुकृतसंकीर्तन, मुंबई, १९६१ |
| उदयप्रभसूरि | सुकृतकीर्तिकल्लोलिनी (हम्मीरमदमर्दन, परिशिष्ट ३) वडोदरा, १९२० |
| कालिदास | मालविकाग्निमित्र, पूना, १९१८ |
| | —मेघदूत, मुंबई, १९३५ |
| | —विक्रमोर्वशीय, मुंबई, १९०१ |
| क्षेमेन्द्र | बृहत्कथामञ्जरी, मुंबई, १९०१ |
| दण्डी | दशकुमारचरित, मुंबई, १९३६ |
| धनपाल | तिलकमञ्जरी, मुंबई, १९३८ |
| भट्टि | रावणवध (भट्टिकाव्य), मुंबई, १८९८ |
| भवभूति | मालतीमाधव, मुंबई, १९१३ |
| माघ | शिशुपालवध (माघकाव्य), मुंबई, १९०५ |
| यशःपाल | मोहराजपराजय नाटक, वडोदरा, १९१८ |
| रङ्गविजय | गूर्जरदेशराजवंशावली (સ્વાધ્યાય, પુ. ૫, અંક ૩), વડોદરા, ૧૯૬૮ |
| विद्यारण्य | शङ्करदिग्विजय, पूना, १८९१ |
| सुन्दरसूरि मुनि | स्तोत्ररत्नाकर, महेसाणा, १९१४ |
| सोड्ढल | उदयसुन्दरीकथा, वडोदरा, १९२० |
| सोमदेव भट्ट | कथासरित्सागर, मुंबई, १९३० |
| हेमचन्द्र | द्व्याश्रय महाकाव्य (संस्कृत) अभयतिलकगणिकृत टीका सहित, भा. १–२, मुंबई, १९२५, १९३१ |

कृष्ण — रत्नमाला ("રત્નમાળ અને ગુજરાતનાં રાજ્યો તથા રાજવંશીઓની તવારીખોનો સંગ્રહ" માં પ્રકાશિત), અમદાવાદ, ૧૯૦૩

## (ઔ) અભિલેખો અને સિક્કા

Altekar, A. S. — "Six Saindhava Copper-plate Grants from Ghumli", *E.I.*, Vol XXVI, New Delhi, 1941

—Surat Plates of Karkarâja Suvarnavarsha", *E.I.*, Vol. XXI, New Delhi, 1931

Bhagvanlal Indraji — "On the Ancient Nagari Numerals", *I.A.*, Vol. VI, Bombay, 1887

Bhandarkar, D. R. — "Plates of Dantivarman", *E.I.*, Vol. VI, Ootacamund, 1901

—"Vasantgadh Inscription of Varmalāta", *E.I.*, Vol. IX, Calcutta, 1908

Bhandarkar, R. G. — "Deoli Plates of Krishna III," *E.I.*, Vol. V, New Delhi, 1899

—"Karhad Plates of Rashtrakuta Krishna III," *E.I.*, Vol. IV, Calcutta, 1897

—"Two Copper plates from Valabhi", *I.A.*, Vol. I, Bombay, 1873

Biswas, A. B. — "A Note on the Ajanta Inscription of the Vakatakas," *Indian Culture*, Vol. VII, Calcutta, 1940–41

Bühler, G. — "Gurjara Inscriptions", No. III, *I.A.*, Vcl. XVII, Bombay, 1888

Dikshit, K. N. & Diskalkar, D. B. — "Plates of Paramāra Siyaka II," *E.I.*, Vol. XIX, Calcutta, 1928

Dikshit, M. G. — "Prince of Wales Museum Plates of Govindarāja," *E.I.*, Vol. XXVI, New Delhi, 1942

Fleet, J. F. — "Bengal Asiatic Society's Plate of the Mahārāja Vināyakapāla," *I.A.*, Vol. XV, Bombay, 1886

—*Corpus Inscriptionum Indicarum*, Vol. III, Calcutta, 1888

—"Note", *I.A.*, Vol. XV, Bombay, 1886

—"Sanskrit and Canarese Inscriptions", *I.A.*, Vol. VIII, Bombay, 1879

Hultzsch, E. — "Ganesgadh Plates of Dhruvasena I", *E.I.*, Vol. III, Calcutta, 1895

Khare, G. H. — "A New Sendraka Grant of Śaka 577", *N.I.A.*, Vol. I, Bombay 1939

Kielhorn, F. — "A Copper-plate Grant of Śilāditya I," *I.A.*, Vol. XIV, Bombay, 1888

Konow, Sten — "Hansot Copper-plates of Cāhamāna Bhartṛvaḍḍha", *E.I.*, Vol. XII, Calcutta, 1914

Majumdar, N. G. — "A Passage of the Inscriptions of the Maitrakas of Valabhi", *I.A.*, Vol. XLVIII, Bombay, 1919

Majumdar, R. C. "The Gwalior Praśasti of the Gurjara Pratihāra King Bhoja," *E.I.*, Vol. XVIII, Calcutta, 1926

—" Jodhpur Inscription of Pratihāra Bāuka", *E.I.*, Vol. XVIII, Calcutta, 1926

Mirashi, V. V. *Corpus Inscriptionum Indicarum*, Vol. IV, Ootacamund, 1955

—"Kavi Plate of Jayabhaṭa IV", *C.I.I.*, Vol. IV, Pt. 1, Ootacamund, 1955

Ojha, G. H. "Pratabgadh Inscription of King Mahendrapāla II," *E. I.*, Vol. XIV, Calcutta, 1918

Reu, B. N. "The Sambhar Inscription of Chaulukya Jayasimha's Time," *I.A.*, Vol. LVIII, Bombay, 1929

Sankalia, H. D. "Hilol Plates of year 470", *E.I.*, Vol. XXXIV, Calcutta, 1962

Shastri, H. G. "Magodi Plates of Suvarṇavarṣa Karkarāja", *JOI*, Vol. XX, Baroda, 1971

"Tarasadi Plates of Amoghavarṣa," *JOI*, Vol. XX, Baroda, 1970

Shastri, H. G. & Dholakia, P. V. "Ambalas Plates of the Saindhava King Ahivarman," *JOI*, Vol. XIX, Baroda, 1970

Sircar, D. C. "Ajanta Cave Inscription of the Time of Harishena," *S. I.*, Calcutta, 1942

—"Devali Plates of Govinda, Valabhi 500", *E. I.*, Vol. XXXV, New Delhi, 1964

—"Gunaighar Copper-plate Inscription of Vainya Gupta", *S.I.*, Calcutta, 1942

—"Rashtrakūṭa Charters from Chinchani," *E.I.*, Vol. XXXII, Cacutta 1959

—*Select Inscriptions*, Vol. I, Calcutta, 1942

આચાર્ય, ગિ. વ. "ગુજરાતના ઐતિહાસિક લેખો", ભા. ૧–૩, મુંબઈ, ૧૯૩૩, ૧૯૩૫, ૧૯૪૨

જ્ઞાની, રણછોડલાલ ધ. 'ગુજરાતના ઇતિહાસને લગતા સિક્કાઓ', "બુદ્ધિવર્ધક વ્યાખ્યાનમાળા", પુષ્પ ૧ અને ૨, મુંબઈ, ૧૯૩૪–૩૫

શાસ્ત્રી, હરિપ્રસાદ ગં. 'ચિંચણીમાંથી મળેલા પાંચ અપ્રસિદ્ધ તામ્રપત્ર-લેખો,' "બુદ્ધિપ્રકાશ", પુ. ૧૦૮, અમદાવાદ, ૧૯૬૧

—'મહાસામંત ચંદ્રાદિત્યનું દાનશાસન,' "વલ્લભવિદ્યાનગર સંશોધન પત્રિકા", પુ.૧ અં. ૧, વલ્લભ વિદ્યાનગર ૧૯૫૭

—'મૈત્રક રાજા ધ્રુવસેનનું એક અપ્રસિદ્ધ દાનશાસન,' "સ્વાધ્યાય", પુ. ૩, વડોદરા, સં. ૨૦૨૧

શાસ્ત્રી હ. ગં. અને ધોળકિયા પ્ર વિ. 'વલભીના મૈત્રક રાજા ધ્રુવસેન ૧ લાનું દાનપત્ર,' "સ્વાધ્યાય", પુ. ૭, વડોદરા, સં. ૨૦૨૬

## (ક) ચીની ગ્રંથો

| | |
|---|---|
| Hiuen Tsiang | *Siyuki*. Eng. trans. by S. Beal: *Buddhist Records of the Western World*, London, 1906 |
| I-tsing | Eng. trans. by J. Takakusu: *A Record of the Buddhist Religion as practised in India and the Malay Archipelago* (A. D. 671-695), Oxford, 1896 |
| Watters, T. | *On Yuan Chwang's Travels in India*, Vol. II, London, 1905 |

## (ખ) અરબી, ફારસી, તુર્કી અને ઉર્દૂ ગ્રંથો

| | |
|---|---|
| अली अकबर शाह ख़ुरासानी | खाबिते अदबीए ईरान व हिंद [છોટુભાઈ ર. નાયક "મધ્યયુગીન ભારત," ખંડ ૧, અમદાવાદ, ૧૯૬૭ ના આધારે] |
| अल्मस्ऊरी, अबुल्हसन अली | मुरुजुम्न ज़हब (मौलवी मोहम्मद अब्दल् मालिक, आज़मगढ, १९३४ ના આધારે) |
| अलीमोहम्मद खान | मिर्आते अहमदी, भाग १-२ और खातिमा, बडोदा, १९२७, १९२८, १९३० |
| इब्ने खलदून | मुकद्दमओ इब्ने खल्दून, भा. ६, अलाहाबाद |
| तयमूर | मल्फूज़याते तयमूरी के रज़्के तयमूरी (Elliot & Dowson, *History of India*, Vol. III, London, 1871 |
| बगदादी इब्ने होकल मोहम्मद अबुल् क़ासिम | अशकालुल् बिलाद् (*Ibid.*, Vol I, London, 1867) |

| | |
|---|---|
| बलाझरी, अहमद बिन याह्या | फुतूहुल् बुल्दान (*Ibid.*) |
| बुझुर्ग बिन शहरियार | अजाइबुल् हिंद (सैयद सुलेमान, 'अरबो हिंदके तअल्लुकात'ना आधारे) |
| मौलाना सैयद अबूज़फ़र नद्वी | तारीखे सिंध, आजमगढ, १९४७ |
| मौलाना सैयद सुलेमान नद्वी | 'अरबो हिंदके तअल्लुकात', इलाहाबाद, १९३० |
| | —अरबोकी जहाजरानी, आजमगढ, १९३५ |
| मौलाना, हकीम सैयद अब्दुल्हय | यादे अय्यम, लखनौ |
| मौल्वी मोहम्मद अब्दुल् मालिक | शासने गूजर, भा. २, आज़मगढ, १९३१ |
| शेख, गुलाम मोहम्मद | तारीखे मिर्आते मुस्तफाबाद, मुंबई, १९३१ |
| | —मिर्आते मोहम्मदी; मुंबई, हि. स. १३४२ |
| सेराफी सुलैमान | सिल् सिलतुत् तवारीख, पारीस, १८११ |
| इस्तख्री अबू इस्हाक | किताबुल् अक़ालीम (Elliot & Dowson, *op. cit*, Vol. I, London, 1867) |
| Al Beruni | *Al-Beruni's India* (Eng. trans. by E. C. Sachau), Vols. I–II, London, 1914 |
| Ali Muhammad Khan | *Mirat-i-Ahmadi* (Eng. trans. by M. F. Lokhandwala), Baroda, 1965 |
| | —*Supplement* (Eng. trans. by Syed Nawab Ali & C. N. Seddon), Baroda, 1928 |
| | મીરાતે અહમદી, ભાગ ૧–૨ (ગુજ. અનુ. કાઝી મોહમ્મદ નીઝામુદ્દીન ચીશ્તી ફારૂકી), અમદાવાદ, ૧૯૧૩, ૧૯૧૯ |

—મિરાતે અહમદી, વૉ. ૨, ખંડ ૧ થી ૪ (ગુજ. અનુ. કૃ. મો. ઝવેરી), અમદાવાદ, ૧૯૩૩–૧૯૩૬

Elliot, H. M. & Dowson, J. — *The History of India as told by its own Historians*, Vols. I & III, London, 1867, 1871

(ગ) અવેસ્તા ગ્રંથો

— "Vandidad", *The Zend–Avesta*. Part I (Eng. trans. by James Darmesteter), S. B. E., Vol. IV, Oxford, 1895

— "Yasna", *The Zend–Avesta*, Part III, (Eng. trans by L. H. Mills) S.B.E. Vol. XXXI, Delhi, 1965

૨. અર્વાચીન સંદર્ભો

Altekar, A. S. : *A History of Important Ancient Towns and Cities in Gujarat and Kathiawad*, Bombay, 1924

—*The Rashtrakutas and Their Times*, Poona, 1934

—"The Rastrakuta Empire", *The Age of Impeiral Kanauj*, Bombay, 1955

(Bhagvanlal & Jackson) — *Gazetteer of the Bombay Presidency*, Vol. I, Pt. 1: History of Gujarat : Early History, Bombay, 1896

Bhattacharya, B. — *Buddhist Iconography*, London, 1924

Burgess, J. — *Report on the Antiquities of Kathiawad and Kachh*, London, 1876

Burgess, J. & Cousens, H. — *Architectural Antiquities of Northern Gujarat*, Bombay, 1903

Campbell, J. M. (Ed.) — *Gazetteer of the Bombay Presidency*, Vols. V, VIII, IX, Bombay, 1880, 1884, 1899-1901

Coomarswamy, G. K. — *History of India and Indonesian Art*, Leipzig, 1927

Cousens, J. — *The Architectural Antiquities of Western India*, London, 1926

—*Somanatha and Other Medieval Temples in Kathiawad*, Calcutta, 1931

Cunnigham, A. — *Ancient Geography of India*, Calcutta, 1924

Fergusson, J. & Burgess, J. — *Hiitory of India and Eastern Architecture*, Vol. I, London, 1910

Forbes, A. K. — *Rās Mālā*, Vol. I, London, 1924

Majmudar, M. R. (Ed.) — *Historical and Cultural Chronology of Gujarat*, Vol. I, Baroda, 1960

Majumdar, R. C. (Ed.) — *The History and Culture of the Indian People*,

Vol. II: *The Age of Imperial Kanauj*, Bombay, 1953

Vol. III : *The Classical Age*, Bombay, 1954

Vol. IV : *The Age of Imperial Kanauj*, Bombay, 1955

Vol. V : *The Struggle for Empire*, Bombay, 1957

Munshi, K. M. — *The Glory that was Gūrjaradeśa*, Part III, Bombay, 1944

—*Somnath : The Shrine Eternal*, New Delhi, 1951

Parikh, R. C. — "Introduction to the History of Gujarat", Introduction, *Kāvyānuśāsana*, Vol. II, Bombay, 1938

Rhys Davids, T. W. — "Yuan Chwang or Hiuen Thsang ?", *On Yuan Chwang's Travels in India*, Vol. I, London, 1904

Sankalia, H. D. — *The Archaeology of Gujarat*, Bombay, 1941

Shah, U. P. — *Akota Bronzes*, Bombay, 1959

—*Sculptures from Samalaji and Roda*, Baroda, 1960

Smith, V. A. — *Early History of India*, Oxford, 1932

Thapar, B. K. — "The Temple of Somantha : History by Excavations", *Somanatha : Shrine Eternal*, New Delhi, 1958

Virji, K. J. — *Ancient History of Saurashtra*, Bombay, 1955

કલ્યાણવિજય મુનિ — 'પ્રબંધપર્યાલોચન', "પ્રભાવક-ચરિત" (ગુજ. અનું), ભાવનગર, સં. ૧૯૮૭

દવે, નર્મદાશંકર લા. — "કાઠિયાવાડ સર્વસંગ્રહ", મુંબઈ, ૧૮૮૬

દેસાઈ, શંભુપ્રસાદ હ. — "સૌરાષ્ટ્રનો ઇતિહાસ", જૂનાગઢ, ૧૯૬૮

દેસાઈ, પાલનજી બ. — "તારીખે શાહાને ઈરાન", દફતર બીજું

દેસાઈ, મોહનલાલ દ. — "જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ", મુંબઈ, ૧૯૩૩

ફાર્બસ, એ. કિ. — "રાસમાળા": (ગુજ. અનુ. : રણછોડભાઈ ઉદયરામ), મુંબઈ, ૧૯૨૨

રાઠોડ, રામસિંહજી કા. — "કચ્છનું સંસ્કૃતિદર્શન", અમદાવાદ, ૧૯૫૯

શાસ્ત્રી, દુર્ગાશંકર કે. — "ગુજરાતનો મધ્યકાલીન રાજપૂત ઇતિહાસ", અમદાવાદ, ૧૯૫૩

શાસ્ત્રી, હરિપ્રસાદ ગં. — "ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ", અમદાવાદ, ૧૯૬૪

—"પ્રાચીન ભારત", ભા. ૧, અમદાવાદ, ૧૯૬૯

—"મૈત્રકકાલીન ગુજરાત", ભા ૧–૨, અમદાવાદ, ૧૯૫૫

શાહ, ઉમાકાન્ત પ્રે. — 'ગુજરાતમાં બૌદ્ધ ધર્મ', "સ્વાધ્યાય", પુ. ૧, વડોદરા, સં. ૨૦૨૦

સાંડેસરા, ભોગીલાલ જ. — "જૈન આગમ સાહિત્યમાં ગુજરાત", અમદાવાદ, ૧૯૫૨

સોમપુરા, કાંતિલાલ ફ. — "ભારતીય સ્થાપત્ય અને શિલ્પ", અમદાવાદ, ૧૯૬૫

ओझा, गौ. ही. राजपूतानेका इतिहास, जि. १, अजमेर, १९२७
—भारतीय प्राचीन लिपिमाला, दिल्ली, सं. २०१६

कल्याणविजय मुनि वीरनिर्वाण संवत् और जैन कालगणना, जालोर, सं. १९८७

दत्त और सिंह हिन्दू गणितशास्त्रका इतिहास, भा. १, लखनऊ, १९५६

दीक्षित, शं. बा. भारतीय ज्योतिष (हिंदी अनु. शिवनाथ झारखंडी), लखनऊ, १९५७

पुण्यविजयजी मुनि 'जैन आगमधर और प्राकृत वाङ्मय', "मुनि हजारीमल स्मृतिग्रंथ" : ब्यावर, १९३५

प्रेमी, नाथूराम 'दर्शनसार विवेचना', "दर्शनसार", बंबई, सं. १९७४

## પ્રકરણવાર

[સામાન્ય સંદર્ભસૂચિમાં જણાવેલા સંદર્ભો સિવાયના સંદર્ભોની]

### પ્રકરણ ૨

Acharya, P. K. *Dictionary of Hindu Architecture*, London, 1927

Belvalkar, S. K. *Systems of Sanskrit Grammar*, Poona, 1915

Government of Gujarat *Bharnagar District* (Gujarat State Gazatteers), Ahmedabad, 1969

Kapadia, H. R. *A History of the Cannoical Literature of the Jainas*, Surat, 1941

Macdonell, A. A. — *Vedic Mythology*, Strassburg, 1897

Mehta, R. N. — "Valabhi of the Maitrakas," *JOI*, Vol. XIII, Baroda, 1964

Monier-Williams, M. — A Sanskrit-English Dictionary,- Oxford, 1963

Ptolemy — *Ancient India as described by Ptolemy* (Eng. trans. by Mc Crindle), Calcutta, 1927

Subbarao, B. — *Baroda through the Ages*, Baroda, 1953

ત્રિવેદી, રમણલાલ કે. (સં.) — "વસતિ-ગણતરી ૧૯૬૨ : ગુજરાત : જિલ્લા વસતિ-ગણતરી પુસ્તિકા : ભાવનગર જિલ્લો", અમદાવાદ, ૧૯૬૪

પરીખ, રસિકલાલ છો. — "ગુજરાતની રાજધાનીઓ", અમદાવાદ, ૧૯૫૮

શાહ, ઉ. પ્રે. — 'ગુજરાતના કેટલાક પ્રાચીન પંડિતો', "બુદ્ધિપ્રકાશ", પુ. ૯૯, અમદાવાદ, ૧૯૫૨


### પ્રકરણ ૩-૪


Bhandarkar, D. R. — "The Nagar Brāhmaṇas and the Bengal Kayasthas", *IA*, Vol. LXI, Bombay 1932

Fick, Richard — *The Social Organisation in North-West India in Buddha's Time*, Calcutta, 1920

Jagan Nath — *Early History of the Maitrakas of Gujarat*", *Indian Culture*, Vol. V, Calcutta, 1938

Jayaswal, K. P. — *History of India 150 A.D. to 350 A. D.*, Lahore, 1933

—*An Imperial History of India*, Lahore, 1934

Kane, P. V. — *History of Dharmaśāstra*, Vol. II, Poona, 1921

Ray, N. R. — "Maitrakas of Valabhi" '*IHQ*, Vol. IV, Calcutta, 1928

Raychaudhuri, H. — *Political History of Ancient India*, Calcutta, 1950

Senart, E'mile — *Caste in India*, London, 1930

Shah, C. J. — *Jainism in North India*, Bombay, 1932

Tod, J. — *Annals and Antiquities of Rajasthan*, Vol. I, Bombay, 1920

Watson, J. W. — "Legends of the Earlier Chudāsamā Rās of Junagadh" '*I. A.*, Vol II, Bombay, 1873

મહેતા, માનશંકર પી. — "મેરાડના ગુહિલો", ભાવનગર, ૧૯૩૩

શાસ્ત્રી, દુ. કે. — 'વલભીના રાજાઓ મેર હતા? ગુર્જર હતા? હૂણ હતા? કે નાગર?' "ફાર્બસ ગુજરાતી સભાનું ત્રૈમાસિક", પુ. ૧, મુંબઈ, ૧૯૩૬

પ્રકરણ ૫

Parmar, B. M. — *Cultural and Critical Study of Śrimāla Purāṇa*, Vol. I

પરીખ, ર. છો — "ગુજરાતની રાજધાનીઓ", અમદાવાદ, ૧૯૫૮

## પ્રકરણ ૬

Bhandarkar, D. R. "Correction", *JBBRAS*, Vol. XXI, Bombay, 1904

Ganguly, D. C. "Central and Western India", *The Age of Imperial Kanauj*, Bombay, 1955

Majumdar, R. C. "Northern India during A. D. 650–756", *The Classical Age*, Bombay, 1954

—"Rise and Fall of the Pratihara Empire", *The Age of Imperial Kanauj*, Bombay, 1955

Puri, B. N. *The History of Gurjar–Pratiharas*, Bombay, 1957

Shastri, H. G. "The Problem of the Chronology of Cāvadā Kings", *Proceedings and Transactions of the All–India Oriental Conference, Seventeenth Session*, Ahmedabad, 1953

Uyadhye, A. N. "Introduction", *Brihatkathakosa*, Bombay, 1943

મોદી, રા. મુ. 'પાટણ-સ્થાપનાનાં તારીખ વાર તિથિ', "કાન્તમાલા", અમદાવાદ, ૧૯૨૪

## પ્રકરણ ૭

જાની, અંબાલાલ બુ. (સં.) "શ્રી ફાર્બસ ગુજરાતી સભાનાં હસ્તલિખિત પુસ્તકોની સવિસ્તર નામાવલિ," ભા. ૧, મુંબઈ, ૧૯૨૩

નથગાંધી, જયરામદાસ જે. "કચ્છનો બૃહદ્ ઇતિહાસ," અંજાર, ૧૯૨૬

મોદી, રા. ચુ. 'પાટણસ્થાપનાનાં તારીખ વાર તિથિ', "કાન્તમાલા" અમદાવાદ, ૧૯૨૪

શાસ્ત્રી, હ. ગં. 'અણહિલવાડનો ચાવડા વંશ', "સ્વાધ્યાય", પુ.૫, વડોદરા, સં ૨૦૨૪

—'પુરાણોમાં આપેલી મૌર્યવંશની સાલવારી,' "ગુજરાતી સાહિત્ય પરિષદ:૨૦મું સંમેલન—હેવાલ," અમદાવાદ, ૧૯૫૯

સાંડેસરા, ભો. જ. 'ગુજરાતના સાંસ્કૃતિક ઇતિહાસનું એક ભૂલાયેલું પૃષ્ઠ', "ગુજરાત દીપોત્સવી અંક, સં. ૨૦૨૩", અમદાવાદ, ૧૯૬૭

પ્રકરણ ૮

શાસ્ત્રી, હ. ગં. 'ગુજરાતમાં રાષ્ટ્રકૂટોનું શાસન', "ગુજરાત સંશોધન મંડળનું ત્રૈમાસિક," પુ. ૩૦, મુંબઈ, ૧૯૬૮

પ્રકરણ ૯

Sircar, D. C. *Indian Epigraphical Glossary*, Calcutta, 1966

પ્રકરણ ૧૦

જોટ, ર. ભી. 'ગુજરાતનું વહાણવટુ', "વસંત રજત મહોત્સવ સ્મારક ગ્રંથ", અમદાવાદ, ૧૯૨૭

— 'નવોઢા', "કુમાર", અંક ૫૪૪, અમદાવાદ, ૧૯૬૯

સાંડેસરા, ભો. જ. 'નટપુત્ર રોહક અને રાજા', "પ્રજાબંધુ–ગુજરાત સમાચાર દીપોત્સવી અંક", અમદાવાદ, સં. ૧૯૯૯

—'શબ્દ અને અર્થ', મુંબઈ, ૧૯૫૪

## પ્રકરણ ૧૧


Bagchi, P. C. — *India and China*, Calcutta, 1927

કાપડિયા, હી. ર. — 'કાવ્યોએ કવિઓને આપેલાં બિરુદો', "ફાર્બસ ગુજરાતી સભા ત્રૈમાસિક", પુ. ૨૬, મુંબઈ ૧૯૬૧

ગાંધી, લા. ભ. — "ઐતિહાસિક લેખસંગ્રહ", વડોદરા, ૧૯૬૩


## પ્રકરણ ૧૨


Burnell — *South Indian Paleography*, London, 1878

Bühler, G, — *Indian Palaeography*, Calcutta, 1962

Dani, A. H, — *Indian Palaeography*, Oxford, 1963

Fleet, J. F. — "Adni Inscription of Mahipāla Samvat 974" *I.A.*, Vol. XVI, Bombay, 1887

Upasak, C. S. — *The History and Palaeography of Mauryan Brāhmī Script* Nalanda, 1960


## પ્રકરણ ૧૩


Arnold, T. W. — *Preaching of Islam*, London, 1913

Davar, F. C. — *Iran and India through the Ages*, Bombsy, 1962

—*Iran and Its Culture*, Bombay

Hitti, P. K. — *History of Arabs*, London, 1963

Hodiwala, S. H. — *Studies in Parsi History*, Bombay, 1920

Marshall, J. — *A Guide to Taxila*, Cambridge, 1960

Nicholson, R. A. — *A Literary History of Arabs*

'કોકિલ', મુહમ્મદ ઉમર — "૧૧ મી સદી પૂર્વેનો ગુજરાત મુસ્લિમ સંબંધ", મુંબઈ, ૧૯૩૮

તારાપોરવાળા, એરચ જહાંગીર — 'પારસીઓનું હિંદમાં આગમન તથા તેમનો ત્યાર પછીનો ઇતિહાસ', "બુદ્ધિપ્રકાશ", પુ. ૮૩, અમદાવાદ, ૧૯૩૬

દ્વિવેદી, મણિભાઈ — "પુરાતન દક્ષિણ ગુજરાત", નવસારી, ૧૯૪૦

શાસ્ત્રી કે. કા. — "આપણા કવિઓ", અમદાવાદ, ૧૯૪૨

શાસ્ત્રી, દુ. કે. — "શૈવ ધર્મનો સંક્ષિપ્ત ઇતિહાસ", મુંબઈ, ૧૯૩૬

શાસ્ત્રી, હરિપ્રસાદ ગં. — 'સંજાણના સ્થાનિક ઇતિહાસ પર પડેલો પ્રકાશ', "ગુજરાતી સહિત્ય પરિષદનું ૨૧ મું સંમેલન—હેવાલ", કલકત્તા, ૧૯૬૧

શાહ, ઉ. પ્રે. — 'ગુજરાતમાં બૌદ્ધ ધર્મ', "સ્વાધ્યાય", પુ.૧, વડોદરા, સં.૨૦૨૦

શાહ હીરાલાલ, અ. — તળાજાનો પ્રાચીન વિહાર', "પુરાતત્ત્વ", પુ.૧, અમદાવાદ, સં.૧૯૭૮

સાંડેસરા, ભો. જ. — "અન્વેષણા", અમદાવાદ, ૧૯૬૭
—"ઇતિહાસ અને સાહિત્ય," અમદાવાદ, ૧૯૬૬

## પ્રકરણ ૧૪

Ansari, Z. D. & Mehta, M. S. — *Excavations at Dwarka*, Poona, 1966

Mehta. R. N. — *Excavations at Nagara*, Baroda, 1970
—*Excavations at Timbarva*, Baroda, 1955

—'Valabhi of the Maitrakas', *JOI*; Vol. XIII, Baroda, 1964

Mehta, R. N. & Patel, A. J. — *Excavation at Shamalaji*, Baroda, 1967

Nanavati, J. M., Mehta, R. N. & Chowdhury, S. N. — *Somnath–1956*, Baroda, 1971

Subba Rao, B. & Mehta, R. N. — *Baroda through the Ages*, Baroda, 1953

—'Excavation at Vadnagar', *Journal of the M. S. University of Baroda*, Vol. IV, Baroda, 1955

પ્રકરણ ૧૫

Brown, Percy — *Indian Architecture*, (Buddhsit & Hindu period), Bombay, 1965

Gadre, A. S. — *Archaeology in Baroda*, Baroda, 1947

Gaudani, H. R. & Dhaky, M. A. — Some Newly Discovered and Less Known Māru-Gurjara Temples in Northern Gujarat', *JOI*, Vol. XVII, Baroda, 1967

Dhaky, M. A. — "The Chronology of Solanki Temples in Gujarat", *Journal of the Madhya Pradesh Itihas Parishad*, No. 3, Bhopal 1961

Government of Gujarat — *Annual Report, Department of Archaeology, 1970-71*, Ahmedabad, 1971

Nanavati, J. M. — 'The Temple at Gop', *Journal of Saurashtra Research Society*, Vol. I, No. 2, Rajkot, 1957

Nanavati, J. M. & Dhaky, M. A. — *The Ceilings in the Temples of Gujarat*, Baroda, 1963

—*The Maitrakas and The Saindhava Temples of Gujarat*, Ascona, 1969

Sandesara, B. J. — "Two Digambar Jain Works Composed in Wadhwan", *Journal of Saurashtra Research Society*, Vol. I, No. 2, Rajkot, 1957

Sarasvati, S. K. — "Architecture," *The Struggle for Empire*, Bombay, 1957

Sompura, K. F. — "The Caitya-arch Motif in the Temples of Gujarat," *Summary of Papers, All-India Oriental Conference, 24th session*, Bombay, 1968

—"The Super Structure of Garbhagruha of Temples in Gujarat," *Prof. Birenchi-Kumar Commemorative Volume*, Gauhati, 1964

—*Structural Temples of Gujarat*, Ahmedabad, 1968

Sounder Rajan — "Architectural Affinities of Early Saurashtra Temples", *IHQ*, Vol. XXXVII, Calautta, 1961

ગોદાની, હરિલાલ અને ઢાંકી, મધુસૂદન — 'કેટલાંક નવાં શોધાયેલાં મહાગુર્જર શૈલીનાં મંદિરો,' "કુમાર," અંક ૫૨૮, અમદાવાદ, ૧૯૬૭

મહેતા, ર. ના.　"ગુજરાતને મળેલ શિલ્પસ્થાપત્યનો વારસો", અમદાવાદ, ૧૯૬૮

રાવળ, ર. મ.　'કળસારનું પુરાણું, દેવાલય', *JGRS*. Vol. XI, Bombay, 1949

શાહ, અં. પ્રે. (સં.)　"જૈનતીર્થસર્વસંગ્રહ," ભા. ૧. ખં. ૧, અમદાવાદ, ૧૯૫૩

શાહ, હીરાલાલ અ.　તળાજાનો પ્રાચીન વિહાર,' "પુરાતત્ત્વ," પુ. ૧., અમદાવાદ, સં. ૧૯૭૮

પ્રકરણ ૧૬

**Goetz, H.**　"Late Gupta Sculptures from Patan-Anhilwad", *Bulletin of Museum and Picture Gallery, Baroda*, Vol. VII, Baroda, 1949-50

**Mehta, R. N.**　"Five Sculptures from Devni Mori", *Journal of Indian Society of Oriental Art*, Special Number on Western Indian Art, 1955–56

**Nanvati, J. M.**　"The Temples at Gop", *Journal of the Saurashtra Research Society*, Vol I, No. 2, Rajkot, 1959

**Shah, U. P.**　*Akota Bronzes*, Bombay, 1959

—Iconography of the Jain Goddess Ambika," *Journal of the University of Bombay*, Vol. IX, Bombay 1940

—*Mitrakas and other Sculptures from Gujarat*, Baroda, 1962

—*Some Sūrya Images from Saurāṣṭra,* Baroda, 1966

—"A Unique Jaina Image of Jivanta Swami," *JOI*, Vol. I, Baroda, 1951

Shah, U. P. & Mehta, R. N — "A Few Early Sculptures from Gujarat," *JOI*, Vol. I, Baroda, 1951

Shastri, H. G — "The So-called Trimurti at Kathlal', *JOI*, Vol. XVII, Baroda, 1968

Subrahmanyam, R. — "Pindara and its Antiquities," *JOI*, Vol. XVII, Baroda, 1965

Thakore, M. K. — A Bronze Image of Buddha from Valabhipur," *JOI*, Vol. XVI, 1966

ઓઝાની, ક. ર. — 'ઈ. એમ. ઈ. સ્કૂલનાં શિલ્પો,' "નવચેતન", પુ. ૪૯, અમદાવાદ, ૧૯૭૦

—'પીઠેશ્વરીનું મંદિર,' "નવચેતન", પુ, ૪૯, અમદાવાદ, ૧૯૭૦

પરીખ, આર. ટી. — 'વડાવલનો આરસનો શિલ્પસમૂહ', "કુમાર", અંક ૫૨૮, અમદાવાદ, ૧૯૬૭

પારેખ, વ. સો. — 'ઉમા-મહેશ્વરની મૂર્તિ,' "સ્વાધ્યાય", પુ. ૬, વડોદરા, સં. ૨૦૨૫

—'ગુજરાતની એક વિરલ સૂર્ય-પ્રતિમા', "સ્વાધ્યાય" પુ. ૬, વડોદરા, સં. ૨૦૨૫

મજમુદાર, ચં. મ. — 'રણુ-પિંપરીની રથારૂઢ સૂર્યમૂર્તિ", "સૂર્ય-મંદિર વિશેષાંક," અમદાવાદ, ૧૯૬૪

મહેતા, ર. ના. 'વડનગરની શિલ્પસમૃદ્ધિ', "શ્રી વિજયવલ્લભસૂરિ સ્મારક ગ્રંથ", મુંબઈ, ૧૯૫૬

શાહ, ઉ. પ્રે. 'ગુજરાતની ગુપ્તોત્તરકાલીન શિલ્પસમૃદ્ધિ', "કુમાર", અંક ૩૮૦, અમદાવાદ, ૧૯૫૫

—'ગુજરાતમાં બૌદ્ધધર્મ', "સ્વાધ્યાય", પુ. ૧, વડોદરા, સં. ૨૦૨૦

—'મહિષાસુરમર્દિની અને અન્ય માતૃમૂર્તિઓ', "કુમાર", અંક ૩૮૨, અમદાવાદ, ૧૯૫૫


પ્રકરણ ૧૭


Dey, Mukulchandra *My Pilgrimages to Ajanta and Bagh*, London, 1925

Barret, Douglas "Wall Painting", *Painting of India*, Skira, 1963

Ghosh, A (Ed.) *Indian Archaeology, 1957-58 -A Review*, New Delhi, 1958

—*Indian Archaeology, 1958-59 -A Review*, New Delhi, 1959

Indian Society (pub.) *The Bagh Caves in the Gwalior State*, London, 1928

Ray, N. R. 'Painting and Other Arts', *The Classical Age*, Bombay, 1954

Rowson, P. S. *Indian Painting*, New York, 1961

શાહ, હીરાલાલ અ. 'તળાજાનો પ્રાચીન વિહાર', "પુરાતત્ત્વ", પુ. ૧, અમદાવાદ, સં. ૧૯૭૮

## પરિશિષ્ટ ૧

Campbell, J. M. (Ed.) — *Gazetteer of the Bombay Presidency*, Vol. V, Bombay, 1880

Rhys Davids, T. W. — "Yüan Chwang or Hiouen Thsang?" *On Yuan Chwang's Travels in India*, London, 1904

શાસ્ત્રી, હરિપ્રસાદ ગં. — 'યુઅન શ્વાંગે વર્ણવેલું ગુજરાત', "ઇતિહાસ સંમેલન નિબંધ સંગ્રહ", અમદાવાદ, ૧૯૪૮

# પરિભાષા

અનુશ્રુતિ=tradition
અબરખ છાંટેલું=micacious
અભિલેખ=epigraph, inscription
અભિવ્યક્તિ=expression
અર્ધમૂર્ત સ્તંભ=pilaster
અલંકરણ=motif
અંતરપત્ર=deep-set fillet
અંતરાલ=ante-chamber, vestibule
અંતર્ગોળ=concave
અંબુજ=*cyma recta*
ઉત્ખનન=excavation
ઉદ્ગમ=pediment
ઉપાન=plinth
ઊર્ધ્વદર્શન=elevation
એકાંડી=mono-spired, sinlge-spired
કક્ષાસન=slanting seat-back
કપોત=roll-cornice
કમાનદાર=vaulted
કરોટક=circular ceiling
કપિકા=dentil, rafter's end motif
કંધર=necking
કીચક=Atlas
કુડ્ય સ્તંભ=pilaster
કુંડલિત કાનસ=roll-cornice
કૂટ=spire
કૂટ છાદ્ય=corrugated eave
કોલ-કાચલા જુઓ ગજતાલુ.
ક્ષેપણ=fillet
ક્ષોણી=pent-house roof
ખુરક=half-torus moulding
ગજતાલુ=elephant-palate moulding
ગર્ભગૃહ=cella, sanctum
ગળતો-ગોળો=*cyma reversa*
ગૂઢમંડપ=closed hall
ગોળો-ગળતો=*cyma recta*
ઘટપલ્લવ=vase-and-foliage
ઘૂંટેલું=burnished
ઘોડો=bracket
ચકતી=tablet
ચતુષ્કી=porch
ચંદ્રશાલા=false dormer window
ચંદ્રાવલોકન=grille
ચૂલિકા=finial

ચોકી=porch; amulet
છાદ્ય=eave
જગતી=seat, platform, plinth
જાડ્યકુંભ=inverted *cyma recta*
જાલક=lattice-work
ટેકા=bracket
ટોડા=corbel
તલ=tier, storey
તલચ્છંદ / તલદર્શન / તલમાન =ground-plan
તોરણ=arch; arched gateway
ત્રિ-પત્તી=trefoil
ત્ર્યાયતન=triple shrine
દોઢિયો=pediment
નાસિકા=projection
નિર્ગમ=projection
પત્રવલ્લી=leaf-and-scroll
પત્રશાખા=jamb offset with foliage scroll
પદ્મ=inverted *cyma recta*
પદ્મ-વાજન=plank-edge moulding with lotus motif
પદ્મશિલા=pendant
પાદ=dado
પારેવો=schist
પાર્શ્વમાર્ગ=aisle
પીઠ=basement
પ્રતિકૃતિ=replica
પ્રહાર=ante-blature
પ્રાગ્ગ્રીવ=pillared portico
બહિર્રેખા=outer line
બાહ્યગોળ=convex
ભદ્ર=buttress
ભ્રમતી=ambulatory
ભારવાહક=Atlas
ભાવ=motif
ભિટ્ટ=plinth
ભિત્તિચિત્ર=wall-painting
ભીંતાસ્તંભ / ભીંતો =pilaster
ભૂમિ=storey
મણિબંધ=jewelled girdle
મત્તવારણ / મત્તાલિંબ =seat-back
મધ્યલતા=central spine
મહોરું=facade
માટીનું પકવેલું=*terra cotta*
મુખમંડપ=porch, portico
મુદ્રા=seal
મુદ્રાંક / મુદ્રાંકન =sealing
રત્નશાખા=jamb with lozenges
રથિકા=framed panel
રૂપસ્તંભ=central jamb bearing figures
રેખાન્વિત=curvilinear
લલાટબિંબ=dedicatory block
લૂપા / લૂમા =dentil or rafter's end motif
વરંડિકા=neck-moulding
વલય==wristlet
વાજન=plank-edge moulding
વાતાયન=ventilator

વામનસ્તંભ=dwarf pillar
વાસ્તુ=architecture
વિતાન=ceiling
વેણુકોશ=carved silhouette
વેદિકા=railing
શિખર=spire
શિરાવટી=capital
શિરોવેષ્ટન=head-dress
શૃંગાર ચોકી=porch, portico
સજાલ=latticed
સમતલ=horizontal
સમયાંકન=chronology
સમાયોજન=co-ordination
સરું=capital
સલિલાંતર=vertical recessed drain
સંઘાટ=composite
સુશોભન=motif
સર્પ=inverted *cyma recta*
સ્તૂપાકાર=pyramidal
સ્તંભશીર્ષ=capital
સ્થળતપાસ=exploration
સ્થાપત્ય=architecture
સ્મારક=monument
હંસપૃષ્ઠી=false dormer window motif
હીરગ્રહણક=bracket

# શબ્દસૂચિ


અકબર ૪૭,૩૬૯
અકોટા ૨૧૮, ૨૮૨, ૨૮૩, ૩૫૧, ૩૫૩, ૩૫૮–૩૬૨
અક્કુક ૧૬૧
અક્રૂરેશ્વર ૧૦૦, ૧૦૧, ૧૦૪, ૧૫૧, ૧૫૬, ૧૮૨, ૧૮૩
અક્ષતા ૧૩૧
અખોદર ૨૯૮, ૩૦૫, ૩૨૫
અગરચંદજી નાહટા ૨૨૮
અગસ્તિકા ૨૫૫
અગ્ગુક ૧ લો ૧૩૯,
૨ જો ૧૩૯, ૧૪૧
૩ જો ૧૪૦–૧૪૩
૪ થો ૧૪૨
અગ્નિકેતુ ૧૧૮
અગ્નિદેશ ૨૬૪
'અગ્નિપુરાણ' ૧૯૪
અચલ ૯, ૧૨, ૨૬૩, ૨૮૯, ૩૬૫, ૩૭૯, ૩૮૨
અચ્છુપ્તા ૩૫૫
અજમેર ૪૦૩, ૪૨૬
અજંતા ૯, ૩૬૫, ૩૬૬, ૩૭૦ ૩૭૧, ૩૮૨
અજિત ૧૪, ૧૬, ૧૯૬, ૨૬૧, ૨૬૩, ૩૩૯
અજિતનાથ ૩૫૯
અઝરબૈજન ૪૨૦
અ-ટ-લી ૩૭૭, ૩૮૧
અટ્ટિલા ૪૧૯
અડ્ડુક ૧૧૫
અડ્ડાણક ૧૧૫, ૧૮૩
અણુહિલ ૪૩૫
અણુહિલપુર ૨૯૧, ૪૨૪, ૪૨૫, ૪૩૫, ૪૩૭, ૪૪૮
અણુહિલવાડ ૯૦, ૧૧૮, ૧૨૦, ૧૨૩, ૧૨૬. ૧૨૮, ૧૨૯, ૧૯૭, ૨૫૫, ૨૬૧, ૨૯૧, ૨૯૩, ૪૦૪, ૪૦૬, ૪૦૯–૪૧૧
અણુહિલ્લ ૧૨૩
અણુહિલ્લપાટક ૪, ૧૦૬, ૧૨૩–૧૨૫, ૧૨૭, ૧૨૯, ૧૩૦, ૧૩૩, ૨૩૧
અત્રિ ૩૯૯
અનસારી ૧૯
અનહિલ ૬૧
અનંતદેવ ૧૧૬, ૧૧૭
અનંતસેન ૧૧૭
અનિરુદ્ધપુરી ૧૪૯, ૧૫૩

'અનુભૂતસિદ્ધ સારસ્વત સ્તોત્ર' ૨૨૮
'અનુયોગદ્વાર' ૨૨૩, ૨૨૫
'અનુયોગદ્વાર-ચૂર્ણિ' ૨૧૯
'અનેકાંતજયપતાકા' ૨૩૭
'અનેકાંતવાદ' ૨૨૭
અપરસુરાષ્ટ્રા ૧૮૩
'અપરાજિતપૃચ્છા' ૩૦૨, ૩૪૧, ૩૪૨
અપરાંત ૧૪૮, ૧૪૯
અબડાસા ૧૧૭
અબ્દુલ મલીક ૬૭
અબુ ઝર્દ ૧૯૦,૪૨૪
અબુલ ફરગ ૪૨૧
અબૂ ઈસ્હાક ઈબ્રાહીમ ઈસ્તખ્રી ૨૬૯
અબૂ તાલિબ ૨૬૬
અબૂલ હસન અલી અલ્ મસઊદી ૨૬૯
અબ્દુલ મલેક બિન શિહાબ ૧૭૩
અબ્દુલ્ મુત્તલિબ ૨૬૬
અબ્દુલ્લાહ ૨૬૬
અબ્બાસિયન ૪૧૫
અભયતિલકગણિ ૨૦૨
અભયદેવસૂરિ ૩૩૯
અભયસિંહ ૪૦૨
'અભિધાનચિંતામણિ' ૨૧
'અભિધાનરત્નમાલા' ૧૯૫
અમઝેરા ૩૬૫
અમથોર ૩૦૫, ૩૩૧, ૩૬૦
અમદાવાદ ૩૮૩
અમનહ ૪૨૦
અમરુ ૪૪૫
'અમરુશતક' ૪૪૫
અમરૂ ૬૬
અમરેલી ૧૩૮
અમિતસેન ૨૨૯
અમિતાભ ૨૯૦
અમીદ ૪૧૯
અમોઘવર્ષ ૧ લો ૧૪૫, ૧૫૮, ૧૫૯, ૧૬૦,૧૬૩,૨૬૬,૨૬૯
,, ૨ જો ૧૬૨
,, ૩ જો ૧૬૨
અયાનક ૨૫૫
અરબ ૯૫, ૯૭, ૧૦૩, ૨૨૧, ૨૬૭, ૨૭૦, ૨૭૨, ૨૭૪, ૪૧૫, ૪૧૮, ૪૨૦
અરબસ્તાન ૨૬૬,૨૭૦
અરિકેસરી ૪૦૬
અરુણ ૩૬૦
અર્ક ૩૫
'અર્થશાસ્ત્ર' ૧૯૩
અર્ધફલક સંપ્રદાય ૪૨
અર્બુદ ૧૬૩,૩૫૮
અલઅરકન્દ ૨૨૧
અલખાન ૪૦૯,૪૨૫
અલતેકર ૧૩૮-૧૪૧, ૧૬૪-૧૬૬, ૨૦૪
અલ્-બિલાદુરી ૧૦૮
અલ્-બીરૂની ૧૭,૧૮,૬૮,૯૦,૧૦૮, ૧૭૩, ૧૮૯, ૧૯૦,૨૫૬,૨૬૫
અલબેનિયા ૪૨૦
અલ્-મનસુરા ૬૮,૧૦૩
અલ્-મસૂદી ૧૯૧,૧૯૭

અલ્-મહદી ૬૭
અલ્-મહમદી અબ્બાસી ૧૭૩
અલ્લશક્તિ ૧૫૨,૧૫૩
અવનિવર્મા ૧ લો ૧૪૫
,, ૨ જો ૧૦૫,૧૦૭,૧૧૫,૧૪૫,૧૪૬
અવંતિ ૩૮,૯૬,૧૦૩,૧૦૪,૨૩૦
અવંતિવર્મા ૫૨,૫૪
અવંતિસુંદરી ૧૮૯
અશોક ૨૩૭,૨૭૧,૩૭૮
અશ્વઘોષ ૨૬૪
અશ્વાવબોધતીર્થ ૨૯૧
અસંગ ૯,૨૩
અસિતકુમાર હલદાર ૩૬૬
અસ્તરાબાદ ૪૨૦,૪૨૨
'અષ્ટસહસ્રિકા પ્રજ્ઞાપારમિતા' ૨૬૫
'અષ્ટાધ્યાયી' ૨૨૦
અષ્ટાપદ ૪૪૧
અહલ્યા ૮૩, ૩૯૯
અહિચ્છત્રપુર ૧૫૧
અહિરોલ ૧૦૨
અહિવર્મા ૨ જો ૬૫, ૧૩૭, ૧૩૮
અહુરમઝ્દ ૨૭૬, ૨૭૭
અંકલેશ્વર ૧૦૦, ૧૦૩, ૧૦૪, ૧૫૧, ૧૬૦
અંકુલેશ્વર ૧૬૦
અંકોટ્ટક ૧૫૮, ૧૮૨, ૨૧૮
અંગ ૯૮, ૧૯૪
'અંગવિજ્જા' ૨૧૭
અંચલગચ્છ ૯૧
અંજની ૨૯૮, ૩૦૧, ૩૦૪, ૩૧૬
અંતર્નર્મદા ૧૪૯, ૧૮૨, ૧૮૩
અંતર્મંડલી ૧૮૩
અંતર્વેદી ૧૧
અંબા ૧૫, ૪૩૧, ૪૪૭
અંબાસણ ૪૩૭
અંબિકા ૧૮૪, ૩૩૫, ૩૫૨, ૩૫૪, ૩૫૯, ૩૬૧, ૪૪૫
આગડ ૧૨૪
આગડદેવ ૨૯૩
આગડેશ્વર ૧૨૮, ૨૯૩
આગિયા ૨૯૭, ૩૦૪, ૩૧૭
'આચારાંગસૂત્ર' ૨૧૦, ૨૩૧, ૨૬૬
આણંદલાલ ખુશાલચંદ ૩૫૦
આદિત્યશક્તિ ૧૫૨
આદિનાથ ૨૬૧, ૨૯૧, ૩૫૧, ૩૫૨, ૩૫૬
આદિવરાહ ૯૭, ૨૦૦
આ-નં-તો-પુ-લો ૩૭૯
આનર્ત ૩૮, ૮૨, ૮૮, ૯૬, ૧૦૪, ૧૦૬, ૧૨૦, ૧૨૬, ૨૨૪
આનર્તપુર-આનંદપુર ૧૩
આનંદપુર ૧૭, ૪૦, ૪૧, ૫૪, ૬૬, ૬૭, ૧૫૦, ૧૬૩, ૧૮૩, ૧૯૬, ૨૫૫, ૨૮૮ ૨૮૯, ૩૭૩, ૩૭૯, ૩૮૨, ૪૦૭, ૪૨૮
આનાક ૧૪૭, ૧૪૮
આનુમંજી ૧૮૩
આફ્રિકા ૧૭૦
આબુ ૮૨, ૯૧, ૧૫૧, ૨૧૫, ૩૫૦, ૩૫૮, ૩૯૯, ૪૦૦, ૪૦૪, ૪૦૮, ૪૧૦, ૪૧૧, ૪૨૫, ૪૪૧
આભોણા ૧૫૦
આમ ૮૮, ૯૬, ૧૦૫, ૧૨૦, ૧૨૬, ૧૨૭, ૨૨૭, ૨૨૮, ૨૬૨, ૨૯૧

આમર્દક ૨૫૭
આમિના ૨૬૬
આયામુખ ૧૯૬
આરમેનિયા ૪૧૫, ૪૧૮-૪૨૧
આર. ડી. પરીખ ૩૫૫
આર્યદેવ ૨૬૪
આર્યધર્મ ૨૭૫
'આર્યમંજુશ્રીમૂલકલ્પ' ૨૦, ૩૦, ૧૯૫, ૨૧૬, ૨૬૩
'આવશ્યકચૂર્ણિ' ૨૧૨, ૨૨૩
'આવશ્યકસૂત્ર' ૧૩, ૧૯૧, ૨૨૬
આશાપુરા ૩૧૫
આસમેશ્વર ૨૯૨
આહડ ૧૨૪-૧૨૮
આંધ્ર ૮૮, ૯૬
આંબળાસ ૧૩૮
આંબાસણ ૧૧૮
ઇક્ષુરકી ૧૮૩
ઇ-ત્સિંગ ૧૨
ઇબ્ન ખુર્દદિબા ૪૦૯
ઇબ્ને હૌકલ બગદાદી ૨૬૯
ઇમ્પે, ડૉ. ઈ. ૩૬૬
ઇલિયટ ૧૭૫, ૨૭૧
ઇલોરા ૩૬૧, ૪૦૭
ઇશાવલ ૪૩૨
ઇસ્માઇલ ૬૩, ૧૭૧, ૧૭૪, ૨૬૬, ૨૬૮, ૨૬૯
ઇંદુ ૧૦૩
ઇંદ્ર ૭, ૩૯૫, ૪૦૮, ૪૩૭, ૪૩૯,
ઇંદ્રદત્ત ૧૪૮
ઇંદ્રરાજ ૧ લો ૭૨, ૧૦૫, ૧૫૫, ૧૫૭, ૧૬૦
ઇંદ્રરાજ ૩ જો ૯૭, ૧૬૨, ૧૬૩, ૨૭૪
ઇંદ્રાયુધ ૯૬, ૨૩૦
ઈડર ૩૮૧
ઈરાન ૧૭૦, ૨૫૯, ૨૭૦, ૨૭૨, ૨૭૫, ૪૧૫-૪૧૯
ઈરાની અખાત ૨૭૬
ઈશાનવર્મા ૪૦, ૪૮
ઈશ્વરવર્મા ૪૮
ઉગાવાળો ૧૪૬
ઉધડ ૧૨૫
ઉજ્જન ૪૯, ૫૩, ૬૫, ૯૫, ૯૬, ૧૧૦, ૧૧૪, ૧૫૫, ૧૬૩, ૧૬૯, ૩૭૩, ૪૦૭
ઉજ્જંત ૩૮૦
ઉજ્જયિની ૮, ૪૨, ૫૪, ૧૬૦, ૧૬૩, ૧૯૦, ૧૯૧
ઉજરિસ્તાન ૪૨૨
ઉજ્જૈન ૪૦૭
ઉત્તામચાર ૩૯૧
'ઉત્તરાધ્યયન' ૨૨૪
ઉત્તરાપથ ૧૩૩, ૨૨૮
ઉદયસિંહ ૪૧૧, ૪૧૨
'ઉદયસુંદરીકથા' ૧૧, ૨૦, ૨૬, ૧૭૯
ઉદુમ્બર ૨૫૫
ઉદુમ્બરગહ્વર ૨૫૫
ઉદ્યોતનસૂરિ ૮૮, ૯૦, ૨૧૦-૨૧૨, ૨૧૪, ૨૨૮, ૨૨૯, ૨૬૧
ઉન્નડ ૧૪૭
ઉપકેશગચ્છ ૪૦૯
'ઉપદેશમાલા' ૨૩૨
'ઉપમિતિભવપ્રપંચકથા' ૯૦, ૨૩૧, ૨૬૧

ઉપ્પલહેટ ૧૮૩
ઉપલદે ૪૪૬, ૪૪૭
ઉપેન્દ્ર ૧૬૩
ઉફ્લેટ ૩૮૪
ઉભયભારતી ૪૪૫
ઉમર ૧૭૧
ઉમર ફારૂક ૧૭૦
ઉમર બિન જમલ ૧૭૨
ઉમાકાંત શાહ ૨૭૪, ૩૨૯, ૩૫૭
ઉમાન ૧૭૦, ૧૭૧
ઉમૈયા મુઆવિયા ૧૭૪
ઉસમાન ૧૭૧
ઉસમાન બિન અબીઆસ સક્ફી ૧૭૦
ઉંબરણી ૪૪૧
ઊધડ ૪૩૮
ઊના ૧૧૫, ૧૪૪
ઊર્જયત્ ૩૮૯
ઊવેશ ૪૪૭
ઊહડ ૪૪૬, ૪૪૭
'ઋગ્વેદ' ૨૭૦
'ઋગ્વેદ-ભાષ્ય' ૧૨
ઋષભ ૧૫, ૧૮, ૧૨૩. ૨૯૧, ૩૫૪, ૩૫૯, ૩૬૧, ૪૩૫
એકપદ ૪૪૪
એડન ૧૯૭
'એન્સાયક્લોપીડિયા બ્રિટાનિકા' ૪૧૭, ૪૧૮
એરિકંન ૩૬૬
એલિફન્ટા ૮૯, ૩૫૩, ૩૯૫
એલોરા ૧૫૫
એશિયા ૧૯૭, ૨૮૪, ૨૮૫, ૪૧૪, ૪૧૮, ૪૨૫
એસીરિયા ૧૯૫
ઐહોલ(ળ) ૩૦૯, ૪૦૫
ઐંદ્રી ૩૫૮
ઑક્સસ ૪૧૫, ૪૧૭, ૪૨૦
ઓખામંડળ ૧૧૭, ૩૧૪, ૩૧૯, ૩૨૩, ૩૨૬, ૩૩૪, ૩૩૫
ઓ–ચે–લો ૩૭૯
ઓટલી ૩૭૭, ૩૮૧
ઓડદર ૨૯૬, ૩૦૦, ૩૦૧, ૩૦૩, ૩૦૫, ૩૧૩, ૩૧૬, ૩૩૪, ૩૩૭
ઓસમાનલી ૪૧૫
ઓસિયા ૩૨૮, ૪૦૨, ૪૪૭
ઓસેટી ૪૧૫
ઓ–હિંદ ૪૦૯
ઔરંગઝેબ ૧૮
કકુચ્છંદ ૩૩૯
કક્ક પ્રતીહાર ૯૪, ૯૬, ૧૦૯,
,, ૨ જો ૧૫૨, ૧૫૬, ૧૫૭, ૪૦૮
,, માંડિલ ૧૪, ૧૬, ૨૬૩, ૩૬૯
કક્કુક ૯૪-૯૬, ૧૨૬, ૨૬૩
કચ્છ ૬૫, ૬૯, ૧૧૭, ૧૧૮, ૧૪૭, ૧૪૮, ૧૫૪, ૧૭૨, ૩૮૧, ૪૨૬
કચ્છેલ્લ ૧૧૦, ૧૧૪, ૧૫૪
કઝ્ન્સ ૩૦૮, ૩૧૦–૩૧૨, ૩૭૧
કઠલાલ ૩૫૩, ૩૫૬
કણ્ણીરિકા ૧૪૫, ૨૫૯, ૨૯૩
કણ્હવલ ૧૮૩
કણ્હેરી ૧૪૯
કતારગામ ૨૬૫, ૨૯૦
'કથાસરિત્સાગર' ૮, ૧૧, ૧૫, ૨૧
કદવાર ૨૫૮, ૨૯૯–૩૦૧, ૩૦૩, ૩૦૯, ૩૧૪, ૩૩૬, ૩૩૭, ૩૫૬

કદંબપદ્રક ૧૮૩
'કદીમ તારીખ પારસીઓની કસર' ૨૭૨
કનક ૧૧૭
કનકપુરી ૧૧૬
કનકમુનિ ૩૩૯
કનકસેન ૧૧૬, ૩૩૪, ૩૯૪, ૩૯૫, ૪૦૨, ૪૦૪
કનકાયન ૬૩
કનિષ્ક ૩૮૯
કનિંગહમ ૩૮૧, ૪૧૫
કનોજ ૩, ૫૪, ૮૮,૯૫-૯૭, ૧૦૧ ૧૦૫, ૧૦૬, ૧૧૫, ૧૧૮, ૧૨૦, ૧૨૨, ૧૨૩, ૧૨૫-૧૨૮, ૧૩૪ ૧૪૫, ૧૯૪, ૨૧૨, ૨૨૭, ૨૨૮ ૨૩૯, ૨૯૧, ૪૨૪,૪ ૪૪
કન્નડ ૨૩૮, ૪૦૬
કન્હેરી ૨૭૫
કપડવંજ ૧૬૧, ૧૮૪, ૩૫૩
કપિશા ૨૬૪
કપુરાઈ ૩૫૧
ક. મા. મુનશી ૧૩૧
કરજણ ૯૯
કરકાડ ૧૬૯, ૨૬૨
કરાડા ૩૮૪, ૩૮૯
કરાસાદ ૨૬૪
કરેટેશ્વર ૩૮૯
કર્કરાજ ૧ લો ૬૮, ૧૦૪, ૧૦૫, ૧૫૫, ૧૬૦
,, ૨ જો ૪૦૬, ૪૦૮
,, સુવર્ણવર્ષ ૧૭, ૧૫૭, ૧૫૮, ૨૬૬, ૨૯૧, ૨૯૩
કર્કરાપુરી ૧૨૮, ૨૯૩
કર્ણ ૨૫, ૯૮
કર્ણાટક ૧૪૫, ૧૫૯, ૧૬૦, ૧૯૪, ૨૫૫, ૨૬૨, ૨૬૩, ૪૦૯
કર્પટવાણિજ્ય ૧૬૧, ૧૮૨, ૧૮૪
કર્માંતપુર ૧૫૯, ૧૮૪
કલકત્તા ૩૦૯
કલપ્રોથ ૪૧૭, ૪૧૮
કલાદિત્ય ૨૬, ૬૭
કલિંગ ૮૮, ૯૬
'કલ્પસૂત્ર' ૪૧, ૨૬૬, ૪૨૮
કલ્યાણ ૧૨૫, ૧૩૪, ૪૩૮
કલ્યાણકટક ૧૦૬, ૧૧૯, ૧૨૫, ૧૩૪
કલ્યાણનગર ૧૧૯, ૧૨૫
કલ્યાણપુર ૩૨૨, ૩૩૬
કલ્યાણવર્મા ૪૩૩
કલ્લ ૧૪૪
કવટિકા ૧૮૪
'કવિશિક્ષા' ૨૨૮
કશ્યપ ૩૯૯
કળસાર ૨૫૯, ૨૯૭, ૩૦૪, ૩૨૦, ૩૪૩
કંકલ ૪૦૧
કંટેશ્વરી ૧૨૮, ૪૩૫
કંઠેશ્વરી ૧૨૪, ૨૯૩
કંતારગ્રામ ૧૮૨-૧૮૪
કંથકોટ ૧૪૭,૧૪૮
કંથિકા ૧૮૩
કંબોજ ૧૯૭
કંબોડિયા ૧૯૭
કંસારી ૩૧૫
કાકર ૧૨૨, ૪૩૪, ૪૩૫

કાકુત્સ્થ ૮૮
કાકૂ ૧૧, ૧૬, ૪૩૦-૪૩૨
કાઠિયાવાડ ૧૯, ૪૦૨, ૪૦૩, ૪૦૭, ૪૨૩, ૪૨૬
'કાઠિયાવાડ-સર્વસંગ્રહ' ૨૦
'કાદંબરી' ૨૦૫, ૨૦૯
કાન્યકુબ્જ ૮૮, ૧૦૫, ૧૦૬, ૧૧૯, ૧૨૨, ૧૨૫, ૧૯૬, ૨૨૭, ૨૩૪, ૨૯૧, ૩૭૯, ૪૩૩, ૪૩૫
કાપલિયા ૨૯૦
કાપલેથા ૧૮૪
કાપિકા ૧૦૧
કાબુલ ૪૨૫
કામરેજ ૧૮૪, ૧૯૭
કામરૂપ ૪૪૬
કામળી ૩૦૪, ૩૧૭
કામા, કે. આર. ૨૭૨, ૨૭૩, ૨૭૫
કામ્પિલ્ય તીર્થ ૧૫૯
કાયારોહણ ૩૨
કાયાવતાર ૧૦૨, ૧૫૩
કારવણ ૧૦૨, ૧૫૩, ૨૮૩, ૩૪૯, ૩૫૮
કાર્ત્તિકેય ૩૦૬, ૩૫૭, ૩૫૮
કાર્મણેય ૧૫૪, ૧૫૫, ૧૮૨, ૧૮૪
કાલકાચાર્ય ૨૦૦
કાલમેઘ ૪૪૪
કાલરી ૪૪૫
કાલંજર ૩૦૯
કાલાપક ૧૮૨
કાલાવડ ૧૮૩, ૨૯૭, ૩૦૫, ૩૨૫
કાલિકા ૨૯૮, ૩૦૦-૩૦૨, ૩૦૫, ૩૨૩, ૩૩૬
કાલિદાસ ૨૧૧
કાલિંદી ૩૬
કાત્રિકા ૨૯૩
કાવી ૧૦૧, ૨૮૪, ૨૫૦, ૨૯૬
'કાવ્યમીમાંસા' ૧૮૯, ૨૧૨
'કાવ્યાદર્શ' ૨૧૧
'કાવ્યાલંકાર' ૨૧૨
કાશહ્રદ ૧૫૮, ૧૮૨, ૧૮૪, ૨૫૫, ૨૬૧, ૪૩૨, ૪૪૮
કાશાકુલ ૧૫૬, ૧૮૨, ૧૮૩
કાશી ૪૪૫
કાશ્ગર ૨૬૪
કાશ્મીર ૧૯૬, ૩૦૮, ૩૦૯, ૩૯૫, ૪૦૨, ૪૦૪, ૪૦૯, ૪૨૫, ૪૪૬
કાશ્યપ ૩૩૯
કાસંજર ૩૦૯
કાસિંદ્રા ૨૬૧
કાસ્પિયન ૪૧૮-૪૨૨
કાંકરેજ ૧૩૨
કાંકેશ્વર ૩૦૨, ૩૦૫
કાંચીપુર ૨૦૧
કાંતારગ્રામ ૨૬૫, ૨૯૦
કાંપિલ ૨૯૦
કાંપિલ્ય ૧૮૪
કાંપિલ્યતીર્થ ૨૬૫
કાંપિલ્ય વિહાર ૨૬૫, ૨૯૦
ક્રિ-ટ ૩૮૧
ક્રિરાડુ ૪૧૧
'કિરાતાર્જુનીય' ૨૨૨
'ક્રિસ્સે-સંજાન' ૨૭૨, ૨૭૩
ક્રી-ચ ૩૮૧

ક્રીટ ૪૦૭
ક્રીમ ૨, ૧૫૬
ક્રીરગીઝ ૪૧૯
કીર્તિવર્મા ૧લો ૧૫૪
કીર્તિસેના ૧૫
કીર્તિષેણસૂરિ ૨૨૯
કીંદરખેડા ૨૫૯, ૨૯૭, ૨૯૯, ૩૦૦, ૩૦૨–૩૦૪, ૩૧૩, ૩૧૫, ૩૪૧
કુક્ષિપુર ૧૯૬
કુચી ૨૬૪
કુ-ચે-લો ૪૨૪
કુટિલ લિપિ ૨૩૯
કુતિયાણા ૩૧૮
કુબેર ૧૬, ૧૯૬, ૩૨૨, ૩૨૮, ૩૩૪ ૩૬૧
કુબેરનગર ૧૩૮
કુમાર ૩૫૭
કુમારગુપ્ત ૧ લો ૯, ૫૪
૨ જો ૪૭
કુમારપાલ ૧૮, ૧૧૨, ૧૪૭, ૨૫૬, ૩૯૮
કુમારસ્વામી ૩૦૮
કુમારિલપતિક ૩૯
કુમારિલ ભટ્ટ ૨૬૫, ૪૪૫
કુરાટ ૧૮૩
કુરેશ ૨૬૬
'કુવલયમાલા' ૮૮, ૯૦, ૨૧૦, ૨૧૨, ૨૨૮, ૨૨૯, ૨૬૧
કુશ ૪૧૬
કુશસ્થલી ૭
કુશિક ૪૫
કુષાણ ૪૧૫, ૪૧૬
કુંભારિયા ૩૫૮
કૂછડી ૩૩૬, ૩૩૭, ૩૪૧
કૂબડા ૧૩૮
કૃષ્ણ વાસુદેવ ૨૩૦, ૨૫૮, ૪૦૩
કૃષ્ણ કવિ ૧૧૮
કૃષ્ણરાજ (કલચુરિ) ૧૪૯, ૧૫૦
,, (પરમાર) ૪૧૦, ૪૧૧
,, (રાષ્ટ્રકૂટ) ૧લો ૧૩૯, ૧૫૬, ૧૬૫
,, ૨જો ૧૪૦, ૧૪૩, ૧૫૭, ૧૬૦, ૧૯૮, ૪૦૯
,, ૩જો ૮૯, ૯૭, ૧૬૦, ૧૬૪, ૪૦૯
કૃષ્ણાજી ૪૩૮
કેમ્બ્રજ ૨૫૨
કેરલ ૪૪૫
કેશોદ ૩૨૫
કૈલાસ ૨૯૪
કોક્કલ ૯૬
કોકેસસ ૪૧૭
કોટમ્મહિકા ૩૯
કોટિપુર ૨૫૯, ૨૯૩
કોટેશ્વર ૨૯૭, ૩૦૫, ૩૨૫, ૩૫૮
કોટ્ટમ્મહિકા ૨૫૭, ૨૯૨
કોટ્ટાર્ય ક્ષમાશ્રમણ ૨૧૮
કોટ્ટાર્ય વાદિગણિ ૨૧૯
કોટયર્ક–મહુડી ૩૫૦, ૩૫૨
કોટયાચાર્ય ૨૧૦, ૨૬૧
કોઠ ૨૯૭, ૩૦૧
કોડિનાર ૧૩૮
કોણુક ૧૮૩, ૨૯૨
કોણાર્ક ૩૫૭
કોન્સ્ટન્ટાઇન ૪૧૯
કોન્સ્ટન્ટિઅસ ૪૧૯

કોબ્દ ૪૧૯
કોયલો ૩૦૪, ૩૩૭
કોરિલ્લા ૧૮૨
કોલાચાર્ય ૨૪૧
કોશલ ૨૯, ૪૩૭
કોસમસ ૪૨૧
કોંકણ ૧૧૦, ૧૪૮, ૧૪૯, ૧૫૩, ૧૫૪, ૧૭૦, ૨૭૩
કૌશિક ૪૫
કૌંડિન્યપુર ૧૮૩
ક્યુ-ચ-લો ૪૦૬
ક્ષત્તા ૧૨૧, ૧૩૧, ૪૩૭
ક્ષેત્રપાલ ૧૫, ૨૬૧, ૩૯૯, ૪૩૧
ક્ષેમકીર્તિ ૨૦૧
ક્ષેમરાજ ૧૨૪, ૧૨૫, ૧૨૭, ૧૨૮, ૧૬૫, ૪૩૬-૪૩૮
ક્ષેમંકરી ૩૧૭
ક્ષેમેશ્વરી ૧૩૯
ખજુરાહો ૩૫૭, ૪૧૦
ખઝર ૪૧૪-૪૨૧
ખઝર સમુદ્ર ૪૨૦
ખત્તિખત્તર ૧૯૪
ખદીજા ૨૬૭
ખપુટાચાર્ય ૨૯૧
ખરગ્રહ ૧ લો ૩૭, ૫૩, ૫૬, ૫૭, ૬૦
,, ૨ જો ૬૧, ૬૨
ખરોષ્ઠી ૨૭૧
'ખંડખાદ્યકરણ' ૨૨૧
ખંડાલિયા કુંડ ૩૮૭
ખંભાત ૧૯૭, ૨૧૮, ૨૬૧, ૨૬૫, ૨૬૯, ૩૮૧, ૪૪૯
ખાકચોક ૩૩૧
ખાનદેશ ૧૫૨, ૧૯૪, ૪૦૮, ૪૧૦, ૪૨૫
ખિત્રા ૪૨૨
ખીમરાણુ ૩૦૧, ૩૦૫, ૩૩૫
ખીમેશ્વર ૨૯૭-૩૦૧, ૩૦૪, ૩૦૬, ૩૧૪, ૩૧૬, ૩૨૦, ૩૨૧
ખેટ ૩૭૮
ખેટક ૩, ૫૮ ૬૧, ૬૩, ૬૫, ૬૬, ૬૮, ૧૦૫, ૧૪૧, ૧૫૫, ૧૫૬, ૧૫૮. ૧૬૨, ૧૬૪, ૧૮૨-૧૮૪, ૧૯૧, ૧૯૪, ૧૯૬, ૨૫૫, ૨૮૯, ૨૯૨, ૩૮૧, ૩૮૨
ખેટકપુર ૨૮૮
ખેટક મંડલ ૭૨
ખેડ ૪૨૮
ખેડબ્રહ્મા ૩૧૭
ખેડા ૨, ૧૦૫, ૧૫૫, ૧૫૬, ૧૫૮, ૧૮૩, ૨૬૧, ૩૭૩, ૩૮૧, ૩૮૨, ૪૦૭
ખેરાળુ ૩૩૧
ખેંગાર ૪૪૯
ખોરાસાન ૨૭૨, ૨૭૩, ૪૧૯
ખોરીજા ૪૧૮
ગઝની ૪૨૨, ૪૨૩
ગઝનીખાન ૩૯૦
ગણપતિ ૧૨૪, ૨૫૮, ૨૯૩, ૩૫૨, ૩૫૬, ૩૮૭
ગણેશ ૩૦૫, ૩૦૬, ૩૧૦, ૩૨૬-૩૨૮, ૩૩૦, ૩૩૧, ૩૩૫, ૩૪૭, ૩૫૫, ૩૫૮, ૩૫૯
ગયૈયા ૧૯૯, ૨૦૦ ૨૦૧, ૪૦૯

ગગ્ર ૨૭૧
ગયંદસિંહ ૧૨૫
ગયાકુંડ ૩૮૮
ગરબ ૪૦૨
ગરુડ ૧૩૬, ૧૫૫, ૨૫૮, ૩૫૯
ગર્ગર્ષિ ૨૩૧
ગર્દભિલ્લ ૨૦૦
ગર્દભી ૨૦૦
ગંગવા કુંડ ૨૯૭, ૩૩૫
ગંગા ૧૫૭, ૩૩૫, ૩૫૬
ગંગા-યમુના ૫૮, ૩૧૧, ૩૨૯, ૩૫૬
ગંધાર ૧૫૨, ૧૭૨, ૨૧૭, ૨૬૯, ૩૦૯, ૪૦૬
ગંભૂતા ૧૨૩, ૨૩૧
ગાયત્રી ૨૧૪, ૨૯૮, ૩૦૦, ૩૦૨, ૩૦૩, ૩૧૧
ગાંધાર ૨૬૪, ૩૫૧
ગાંધીસ્મૃતિ મ્યુઝિયમ ૩૫૨
ગાંભૂ ૧૨૩, ૨૩૧
ગિરનાર ૧૦૫, ૧૦૬, ૧૯૬, ૨૬૨, ૩૮૨, ૪૪૪, ૪૪૫, ૪૪૯
ગિરિનગર ૬, ૭, ૧૦, ૩૪, ૩૫, ૧૯૬, ૨૫૫, ૨૮૮
ગિરિપત્તન ૧૯૬
ગિ. વ. આચાર્ય ૩૪૬
ગુજર-ઈ-ખસી ૪૨૩
ગુજરિસ્તાન ૪૨૩
ગુણમતિ ૯, ૧૨, ૨૬૩, ૩૭૯
ગુણાઢ્ય ૨૨૯
ગુણે, ડૉ. ૨૧૫
ગુર્જર ૫૨, ૬૫, ૯૫, ૧૦૦, ૧૦૩, ૧૧૦, ૧૧૪, ૧૫૪, ૧૫૫, ૨૦૫, ૩૭૩, ૩૮૦, ૩૮૨, ૩૮૪, ૪૧૪, ૪૧૬, ૪૨૧-૪૨૫
ગુર્જરદેશ ૮૨, ૮૫, ૮૭, ૯૮, ૯૯, ૧૦૩, ૧૦૫, ૧૦૬, ૧૦૮, ૧૧૪, ૧૬૦, ૨૩૯, ૪૩૫
ગુર્જિસ્તાન ૪૧૪, ૪૨૨
ગુહસેન ૧૨, ૧૫, ૪૨, ૪૮, ૫૦-૫૨, ૭૦, ૨૧૧
ગુંબઝ કળિસ ૪૨૨
ગૂગર્ન ૪૨૨
ગૂંતરી ૧૧૭, ૧૪૭, ૧૪૮
ગેડી ૧૪૭, ૧૪૮
ગોગ્ગી ૨૭૩
ગોડવાડ ૫૩
ગોદ્રહક ૬૬
ગોધરા ૬૬
ગોની ૩૮૮
ગોપ ૨૫૯, ૨૯૮, ૩૦૦, ૩૦૩, ૩૦૬, ૩૦૮, ૩૦૯, ૩૧૨, ૩૪૩, ૩૫૮
ગોપાલગણિ મહત્તર ૨૨૪
'ગોમંડલ ૪૪૯
ગોમૂત્રિકા ૧૩
ગોર ૪૨૨
ગોરખમઢ ૩૦૩
ગોર્દજિસ્તાન ૪૨૨
'ગોવિંદ-નિર્યુક્તિ' ૨૬૧
ગોવિંદપતિ ૪૪૫
ગોવિંદરાજ ૧ લો ૧૭, ૧૫૫-૧૫૮, ૨૫૯, ૨૯૩
,, ૩ જો ૯૬, ૧૦૫, ૧૫૭, ૧૫૮, ૧૬૦, ૧૬૩, ૪૦૫, ૪૦૬, ૪૦૮

,, ૪ થો ૧૬૨, ૧૬૮, ૧૬૯
ગોવિંદસૂરિ ૨૨૮, ૨૬૧, ૨૬૨
ગોવિંદાચાર્ય ૨૨૮
ગોસા ૩૩૭
ગોહક ૧૪, ૨૬૩, ૩૩૯
ગોહિલવાડ ૧૮
ગોંડલ ૪૪૯
ગૌઘાટ ૩૮૮
ગૌડ ૨૫૫, ૪૦૬, ૪૦૮
ગૌડપાદાચાર્ય ૪૪૫
ગૌરરાજ ૯૫, ૯૬, ૪૦૬
ગૌતમ ૧૪, ૮૩, ૩૮૯, ૩૯૨, ૩૯૯, ૪૦૦, ૪૧૩
ગૌતમાશ્રમ ૮૩, ૮૫, ૪૧૩
ગૌરીશંકર ઓઝા ૮૭
ગૃહગુપ્ત ૧૧, ૧૬, ૧૯૬
ગ્રહલ્લા ૧૨૧, ૪૩૮
ગ્રહવર્મા ૫૪
ગ્રાહરિપુ ૧૪૭, ૪૧૦
ગ્લાસગો, ડૉ. ૪૧૪
ગ્વાલિયર ૮૮, ૧૨૬, ૩૫૫
ઘટિયાલ ૯૪
ઘરાય ૧૮૩
ઘલા ૨૮૪
ઘાઘડ ૧૨૪
ઘાસરક ૧૮૩
ઘૂમલી ૩, ૧૩૭–૧૪૦, ૧૪૨, ૧૪૩ ૧૬૬, ૨૫૫, ૨૯૬, ૩૦૫, ૩૧૫, ૩૨૬–૩૨૮
ઘેલો ૬, ૧૮
ઘોઘા ૧૭૧, ૧૭૬
ઘોડાદમન ૧૦, ૧૮, ૧૯
ઘોલાય ૧૧૮
'ચઉપ્પન્નમહાપુરિસચરિય' ૨૧૭, ૨૩૧
ચક્રાયુધ ૯૬
ચક્રેશ્વરી ૩૬૧
'ચતુર્વિંશતિકા' ૨૨૮
ચપલ ૭૦
ચમારડી ૧૮, ૪૩૦
ચમ્મલાત ૨૦૧
ચંડ ૮૯, ૨૧૧, ૨૧૨, ૪૩૭
ચંડી ૩૮૭, ૩૯૯
ચંડેશ્વર ૩૮૭
ચંદુક ૯૪
ચંદેલ ૪૧૦, ૪૨૬
ચંદ્ર ૧૫૫, ૨૬૭, ૩૧૦, ૩૩૫, ૩૫૦, ૩૫૬
ચંદ્રકીર્તિ ૪૯
'ચંદ્રકેવલિચરિત' ૨૩૨
ચંદ્રગચ્છ ૪૨૯
ચંદ્રગુપ્ત ૯, ૩૪
ચંદ્રચૂડ ૧૪૬, ૧૪૭
ચંદ્રપ્રભ ૧૫, ૬૭ ૨૬૧, ૨૯૧, ૪૩૧
ચંદ્રભાગા ૨૨૮
ચંદ્રલેખા ૪૨, ૪૯
ચંદ્રસૂરિ ૪૪૨
ચંદ્રાદિત્ય ૧૫૬, ૨૩૯
ચંદ્રાવતી ૪૧૧
ચંપા ૧૨૨
ચાચિગ ૪૧૨
ચામુંડ ૧૧૮, ૧૨૪–૧૨૬, ૧૨૮, ૧૪૧, ૧૬૫, ૪૧૨, ૪૩૭, ૪૩૮,

૪૪૧, ૪૪૯
ચામુંડા ૨૯૭, ૨૯૯, ૩૦૩-૩૦૫, ૩૧૩, ૩૧૮, ૩૨૩, ૩૪૩, ૩૫૦, ૩૫૭, ૩૫૮, ૩૮૩, ૩૯૪
ચારૂપ ૪૪૮
ચાવડાપાદર ૧૨૬
ચાંગનન ૨૧૬
ચાંદ ૩૯૫
ચાંપાનેર ૧૨૪, ૪૪૯
ચાંપા ૧૨૨ ૧૨૪, ૪૪૯
ચિતોડ ૨૨૪, ૨૨૭, ૪૦૩, ૪૦૬
ચિત્રકૂટ ૪૦૯
ચિત્રાલ ૪૧૫
ચિત્રાવેલી ૪૩૧
ચિંચણી ૨૭૪
ચીન ૩૭૩, ૪૧૬
ચેઝરલા ૩૨૮
ચેમૂર ૨૬૯
ચેલેશ્વર ૩૦૪, ૩૧૫
છાયા ૨૯૮, ૩૦૧, ૩૦૪, ૩૧૪, ૩૧૬, ૩૩૩, ૩૩૭
છેલેશ્વર ૨૯૮
જક્ષ ૩૯૨
જકસટીસ ૪૧૭, ૪૧૮
જગતુંગ ૧૬૧, ૧૬૨
જગત્સેન ૪૦૨
જગત્સ્વામી ૮૬, ૮૯, ૩૯૮
જગદેવ ૧૧૬
જગન્નાથ ૨૯૮, ૩૧૯, ૩૫૦
જગન્નાથપુરી ૪૪૬
જગસોમ ૩૯૮, ૪૦૨, ૪૦૪
જગસ્વામી ૩૮૬, ૩૯૫, ૪૧૨, ૪૧૩
જગેશ્વર ૩૮૭
જજ્જપ ૧૪૫
જટાસિંહ નંદિ ૨૩૦
જડિલ ૨૨૯
જમદગ્નિ ૩૯૯
જમના ૪૧૬, ૪૨૬
જમરપન ૪૧૯
જમળા ૨૯૭, ૩૦૦, ૩૦૧, ૩૦૪, ૩૧૮
જયનસિંહ ૪૧૧
જયદ્રથ ૯૮, ૧૩૭
જયપુર ૧૪૫, ૧૬૧, ૨૫૯, ૨૯૩, ૪૨૫
જયભટ ૧ લો ૯૭, ૧૦૦, ૧૦૯, ૧૭૨, ૩૫૩
„ ૨ જો ૧૦૧
„ ૩ જો ૧૦૨
„ ૪ થો ૧૦૨, ૧૦૩
જયમંગલ ૧૩
જયવરાહ ૨૩૦
જયશક્તિ ૧૫૩
જયશિખરી ૧૦૫, ૧૦૬, ૧૧૫, ૧૧૮-૧૨૧, ૧૨૫-૧૨૭, ૪૩૯, ૪૪૦
જયશેખર ૧૩૧
જયસિંહ ધરાશ્રય ૬૩, ૧૫૩, ૧૫૫
જયસેન ૧૧૬
જયસેનસૂરિ ૧૨૯
જયાદિત્ય ૧૦૧, ૨૫૯, ૨૯૩
જરથુસ્ત્ર (જરથોસ્ત) ૨૭૫, ૨૭૬
જવદ્વીપ ૧૯૭
જશકુંવરમા ૧૧૮
જંબૂનાગ ૨૩૧
જંબૂસર ૮, ૧૯૬, ૨૫૫, ૨૯૩

જાર્ડિક ૧ લો ૧૩૯–૧૪૧, ૧૬૫
,, ૨ જો ૮૮, ૧૪૨, ૧૬૫
જાડેશ્વર ૩૦૪, ૩૧૮, ૩૧૯
જાદી રાણો ૨૭૨, ૨૭૪
જાબાલિપુર ૨૧૦, ૨૨૮
જામજોધપુર ૩૦૬
જામનગર ૩૦૬, ૩૧૪, ૩૧૫, ૩૧૯,
૩૨૨–૩૨૬, ૩૩૪–૩૩૬
જાલોર ૯૫, ૨૧૦, ૨૨૮
જાવરા ૪૨૫
જાવા ૧૯૭
જાવાલિપુર (જાલોર) ૯૫
જાંબ ૧૨૨–૧૨૪, ૪૩૪, ૪૩૫,
૪૪૯
જિનચંદ્ર ૮
જિનદત્તસૂરિ ૨૨૪, ૨૨૫
જિનદાસગણિ ૨૧૨, ૨૨૩, ૨૬૧
મહત્તર
જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ ૧૩, ૨૧૭,
૨૧૮–૨૨૫, ૨૬૦, ૨૬૧
જિનસેન ૮૮, ૨૨૯, ૨૩૩, ૨૬૨
જિનાનંદસૂરિ ૪૪૮
'જીતકલ્પ' ૨૧૮, ૨૧૯
જીમૂતવાહન ૧૫
જીવનજી જ. મોદી ૨૭૬
જીવંતસ્વામી ૩૫૧
'જીવાભિગમ' ૨૨૬, ૨૯૧
જુઝગા ૪૨૨
જુઝંજન ૪૨૨
જુનૈદ ૬૫, ૧૧૦, ૧૧૪, ૧૧૫, ૧૬૭,
૧૭૨, ૪૦૭
જુર્ઝ ૪૦૫, ૪૦૭, ૪૦૯, ૪૧૦
જુલિયન ૩૮૦, ૩૮૧, ૪૧૯
જૂનાગઢ ૧૦૫, ૧૩૮, ૨૦૮, ૨૭૩,
૩૦૯, ૩૧૧, ૩૧૩–૩૧૬, ૩૧૮,
૩૨૦, ૩૨૧, ૩૨૩–૩૨૬, ૩૩૬,
જેકસન ૮૯, ૯૦
જેસલમેર ૨૧૮
જૈકોપ ૮૯, ૩૮૪, ૩૮૯, ૩૯૧,
૩૯૨, ૪૦૧, ૪૧૩
જૈત્સી ૪૧૧
જોગસ્વામી ૪૦૪
જોધપુર ૮૮, ૯૪, ૨૧૦, ૨૨૮,
૪૦૧, ૪૧૨
જયેષ્ઠુક દેશ ૧૪૩
જયોર્જિયા ૪૧૪, ૪૧૫
ઝરિ ૧૮૩
ઝાડેશ્વર ૯૯
ઝાબુઆ ૩૬૫
ઝાલાવાડ ૪૦૩
ઝાલોર ૩૮૩, ૩૮૪, ૩૮૯, ૩૯૦,
૪૦૩,
ઝીણાવાળી ગોપ ૩૦૬
ઝુંજ ૧૯૪
ઝોટ ૯૪
ટક્ક ૨૬૪, ૪૦૯, ૪૨૫
ટંક ૪૦૮
ટીફ્લીસ ૪૧૫
ટીંટોઈ ૩૫૨, ૩૫૭
ટીંબરવા ૨૮૨
ઠઠ્ઠા ૪૪૭
ડક્કપુરી ૪૪૧
ડગ્લાસ બેરેટ ૩૭૦, ૩૭૧
ડુંબરસિંહ ૧૬૩

ડાઉસન ૨૭૧
ડાકોર ૪૪૧
ડીસા ૩૫૫
ડુંગરપુર ૧૬૩, ૩૮૧
ડેન્જરફીલ્ડ ૩૬૬
ડેમરાનું દેરું ૨૯૮, ૩૨૭
ડોલરરાય માંકડ ૧૩૦
ઢાઢર ૧૮૩, ૨૬૯
ઢાંક ૧૪૧, ૩૫૩
ઢાંકી ૨૯૯, ૩૦૯, ૩૧૧, ૩૪૧,
   ૩૪૩, ૩૪૫, ૩૪૬
તક્ષશિલા ૨૭૧
તજ્જિક ૧૦૩
'તત્ત્વાર્થભાષ્ય' ૨૧૭
તથ(બગ)-ડિંબર ૧૮૩
તથાગત ૨૭૮
તપ્પ ૩૯૪, ૩૯૮
તબરી ૪૨૦, ૪૨૨
તરુણાદિત્ય ૧૪૫, ૧૪૬, ૨૫૯, ૨૯૩
તલખી ૩૮૮, ૩૮૯
તળાજા ૧૭, ૨૬૩, ૩૬૫, ૩૮૨,
તાજિક ૧૫૪
તાત ૯૫, ૧૨૫, ૧૩૧
તાતાર ૪૦૯
તાપી ૨, ૧૫૬, ૧૮૩, ૧૮૪
તારણ ૨૬૧
તારંગા ૨૬૧, ૨૬૫
તારા ૨૨૨, ૨૬૫, ૨૯૦
તારાગણ ૨૨૮
તારાનાથ ૨૨૧, ૨૬૪, ૩૫૨
તારાપોરવાળા, ડૉ. એરચ જે. એસ.
   ૨૭૩
તાર્તાર ૪૧૬
તુર્કીઉ ૪૧૬
તુખરિસ્તાન ૪૨૨
તુરફાન ૨૬૪
તુ-લુ-હો-પો-ટુ ૩૭૯
તુંગભદ્રા ૪૪૫
તેજપાલ ૨૧૫
તેન ૧૫૩
તૈમૂર લંગ ૨૭૧
તૈલાટ ૧૭૨, ૧૮૪
તોખાર ૨૬૪
તોરણક ૯૯
તોરમાણ ૧૯૯, ૨૨૯, ૨૫૯, ૪૦૪
તોરરાય ૨૨૮
ત્રયપુણ ૧૫૩
ત્રિકૂટ ૩૮, ૧૪૮, ૧૪૯
ત્રિપુરાસુર ૩૮૮
ત્રિમ્બક ૩૮૮, ૪૦૦
ત્રિમ્બકેશ્વર ૩૯૯
ત્રિલોકનાથ ૩૫૦
ત્રિવિક્રમ ૨૨૯
ત્રિસંગમક ૨૯૦, ૨૯૨
ત્રેયપુણ ૧૮૩
ત્રૈલોક્યપાદ ૪૪૪
ત્ર્યંબક ૮૩
થરા ૯૦, ૪૪૧
થરાદ ૯૦, ૪૪૧
થંગ-લી ૩૭૮
થાણા ૧૭૧, ૨૭૪
થાણેશ્વર ૫૪
થાન ૨૫૯, ૨૯૭, ૩૩૩
થાપર ૧૪૭, ૨૫૬

થામણા ૨૬૧, ૨૯૧
થીઓડોસિયસ ૪૧૯
થુર ૩૯૨
થોર્નટન ૪૨૨
દક્ષિણાપથ ૧૫૪, ૧૫૭, ૧૭૨, ૧૯૦, ૨૦૧
દખ્ખણ ૨, ૩, ૫૬, ૯૫, ૧૦૫, ૧૧૯, ૧૨૫, ૧૩૪, ૧૪૪, ૧૫૦, ૧૫૪, ૧૫૫, ૧૫૭–૧૫૯, ૧૬૩, ૧૬૪
દત્ત ૨૨૨, ૪૪૨
દદ્દ ૧ લો ૯૭-૯૯, ૧૦૧, ૧૦૮, ૧૦૯ ૨૫૮
,, ૨ જો પ્રશાંતરાગ ૫૮, ૯૭–૧૦૧, ૩૫૮
,, ૩ જો બાહુસહાય ૬૩, ૯૯, ૧૦૧, ૪૨૪, ૪૨૫
દમણગંગા ૧૮૩, ૧૮૪
'દમયંતી ચંપૂ' ૨૨૯
દદેલી વાવ ૩૯૦
દરબાંદ ૪૧૮, ૪૨૦
'દર્શનસાર' ૮, ૨૦
'દશકુમારચરિત' ૧૧, ૧૬, ૨૦, ૧૯૫
દશપુર ૫૩, ૧૮૩, ૨૫૫, ૨૫૯, ૨૮૮
'દશવૈકાલિક' ૧૯૩, ૨૨૩, ૨૨૪
દહેનજ ૬૫, ૧૧૦
દહાણુ ૨૭૪
દહેગામ ૩૫૮
દંહેરએસોત ૪૨૨
દહ્રુસેન ૧૪૮
દંડ ૩૫૭
દંડી ૧૧, ૧૯૫. ૨૧૧, ૨૧૨, ૩૫૭
દંતિદુર્ગ ૬૬, ૯૫, ૧૦૩, ૧૫૫, ૧૫૬, ૪૦૭
દંતિવર્મા ૧૫૫, ૧૫૮–૧૬૦, ૨૬૫
દામોદર ૧૦૫
દારયસ હિસ્તાસ્પિસ ૨૭૧
દાહોદ ૩૬૫
દાંતા ૪૦૩
દિનકર ૨૫૮
દિલ્હી ૪૦૩
દિગંબર ૨૬૨
દીપ્તરશ્મિ ૨૫૯
દીપંકર ૨૬૪
દીવ ૧૧૬, ૨૦૧, ૨૦૪
દીહરમ ૪૦૯
દુ. કે. શાસ્ત્રી ૧૩૧
દુદા ૧૪, ૪૦, ૨૬૩, ૩૮૯, ૩૩૯
દુર્લભદેવી ૪૪૮
દુર્વાસા ૪૦૦
દેગામ ૩૦૫, ૩૨૩, ૩૪૩
દેણ્ડીનીગ્રામ ૨૫૧, ૨૫૩
દેદાદરા ૨૯૭, ૩૩૫, ૩૩૭
દેરભટ ૩૭, ૫૬, ૫૭, ૬૦, ૭૧
દેલવાડા ૨૧૫, ૩૫૦, ૩૫૨
દેવગઢ ૩૦૯
દેવગુપ્ત ૫૪, ૨૨૯
દેવગુપ્તસૂરિ ૨૬૨
દેવચંદ્ર ૨૨૯
દેવચંદ્રસૂરિ ૧૨૩, ૪૪૮
દેવની મોરી ૨૮૪
દેવપત્તન ૧૫, ૬૭, ૧૯૬
દેવપાલ ૯૬
દેવયાની ૩૯૮
દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણ ૯, ૨૩, ૪૧,

૨૧૧, ૨૬૦
દેવરાજ ૮૮, ૯૫, ૪૧૦
'દેવલસ્મૃતિ' ૧૯૦
દેવલી ૪૦૯
દેવવિહાર ૨૬૪
દેવસેન ૧૫
દેવાદિત્ય ૪૨૮
દોદલ ૩૯૨
દોરતટિકા ૨૩૦, ૨૯૧
દ્રમ્મ ૨૦૦, ૨૦૧
દ્રાવિડ ૨૦૧, ૩૪૧
દ્રોણસિંહ ૩૩, ૩૪, ૩૭, ૩૯, ૪૨, ૪૭, ૧૩૬, ૨૫૭, ૨૯૦, ૨૯૨
'દ્વાદશારનયચક્ર' ૮, ૬૯
દ્વારકા ૧૦૫, ૧૧૬, ૧૩૭, ૨૫૭, ૨૬૧, ૨૬૬, ૨૮૨, ૩૩૬, ૩૯૮ ૪૪૫, ૪૪૬
દ્વારવતી ૭, ૨૬૧
દ્વીપ ૧૯૬, ૨૫૫
'દ્વયાશ્રય' ૨૦૨, ૨૨૦
ધક્કડ ૨૧૪, ૨૧૯
ધનપાલ ૨૧૪, ૨૧૫
ધનપાલિત ૧૫
ધનેશ્વર ૪૩૦
ધનેશ્વરસૂરિ ૧૫, ૪૨૯
ધનોત્કટ ૮૬
ધરણ ૧૪૭, ૧૪૮
ધરણીવરાહ ૯૭, ૧૦૫, ૧૦૭, ૧૧૨, ૧૧૫, ૧૧૬, ૧૪૫, ૨૦૮, ૨૫૭, ૪૦૬, ૪૦૯,
ધરણેંદ્ર ૩૫૫,
ધરપટ્ટ ૧૪, ૪૨, ૨૫૮,
ધરસેન ૧ લો ૧૩, ૨૫, ૩૩, ૩૬, ૩૮, ૩૯, ૪૭
,, ૨ જો ૫૧, ૫૩, ૫૭, ૫૮, ૬૦, ૬૧, ૬૩, ૬૬, ૭૧, ૯૯, ૧૦૧, ૧૪૬, ૨૨૧,
,, ૩ જો ૨૨૧
,, ૪ થો ૫૯, ૨૨૨
ધર્મ ૧૦૫, ૧૪૫
ધર્મગુપ્ત ૨૧૬, ૨૩૪,
ધર્મપાલ ૬૭, ૯૬, ૧૦૫, ૧૪૫
ધર્મરાજ ૩૯
ધર્માદિત્ય ૬૨
ધર્મારણ્ય ૧૨૧, ૧૨૨, ૧૨૮, ૪૩૭, ૪૩૮
'ધર્મારણ્ય–માહાત્મ્ય' ૧૦૫, ૧૧૮, ૧૨૧, ૧૨૪, ૧૨૬
'ધર્મોપદેશમાલા વૃત્તિ' ૨૧૦
ધલુરા ૧૪૮
ધવલ ૧૪૭, ૧૪૮, ૨૨૮
ધવલપ્પ ૧૬૧
ધંધુક ૪૧૦
ધંધુકા ૧૭
ધામણઉલી ૪૪૪, ૪૪૯
ધામણોદ ૪૪૪
ધાર ૪૪૪
ધારણ ૨૬૫
ધારાનગરી ૧૬૩
ધારી ૧૩૮
ધિણોજ ૧૧૪, ૧૫૫, ૧૭૨
ધીઇક ૧૪૫
ધીંગેશ્વર ૨૯૭, ૩૦૪, ૩૧૪
ધૂમરાજ ૪૧૦

'ધૂર્તાખ્યાન' ૨૨૭
ધુંડીમલ્લ ૪૩૨
ધૃતરાષ્ટ્ર ૧૩૧
ધોળકા ૧૪૮
ધોળા ૬
'ધ્યાનગ્રહ' ૨૨૧
'ધ્યાનશતક' ૨૧૯
ધ્રંવેડ ૩૦૫, ૩૧૪, ૩૨૩, ૩૩૦, ૩૩૭
ધ્રાસણવેલ ૨૯૮, ૨૯૯, ૩૦૧, ૩૦૨, ૩૦૫, ૩૨૬, ૩૨૮
ધ્રાંગધ્રા ૩૩૨, ૩૩૪
ધ્રુમઠ ૩૩૪
ધ્રુવ ૭૦, ૯૬, ૪૦૫; ૪૦૮
ધ્રુવસેન ૧ લો ૧૪, ૪૦, ૪૨, ૪૮, ૭૮, ૧૩૭, ૨૫૮, ૨૬૦, ૨૬૩, ૨૬૬
ધ્રુવસેન (બાલાદિત્ય) ૨ જો ૩૯, ૪૭, ૫૪, ૫૭–૫૯, ૭૧, ૧૦૦, ૧૭૮, ૧૯૭, ૨૨૨, ૨૫૭, ૨૯૨, ૪૨૮
ધ્રુવસેન ૩ જો ૬૦–૬૩, ૬૬, ૨૨૧, ૪૦૯
ધ્રુવપટ ૩૭૯
ધ્રુવભટ ૫૮, ૬૬, ૧૧૫
ધ્રુવરાજ ૧ લો ૮૮, ૧૫૮, ૧૬૦, ૨૬૫
.. ૨ જો ૧૦૬, ૧૫૭, ૧૫૯, ૧૬૦
ધ્રભટ ૧૫૧, ૧૫૨
નક્કપુર ૧૯૬
નક્ષિસપુર ૧૪૫, ૧૪૬, ૧૮૨, ૧૮૩, ૨૫૯, ૨૯૩
નખત્રાણા ૧૧૭, ૧૪૭
નગરક ૪૦, ૧૦૨, ૧૮૩, ૧૯૬, ૨૫૫, ૩૮૧
નગરા ૨૬૫, ૨૮૨–૨૮૫
નટવિટક ૧૯૦
નન્ન ૮૮, ૧૪૩, ૨૯૬
નન્નમઠિકા ૮૮, ૧૪૩, ૨૯૩
નન્નરાજવસતિ ૨૩૦
નન્નસૂરિ ૨૬૨
'નયચક્ર' ૮
'નયચક્રપાલ' ૨૧૭
નરપત ૧૪૬, ૧૪૭
નરમુખ ૩૮૮
નરસિંહ ૪૮૯
નરસેહ ૨૯
નરહસ્તી–વત્સરાજ ૨૨૮
નરાયન ૪૨૫
નર્મદા ૩૬, ૩૮, ૧૦૪, ૧૫૩, ૧૫૮, ૧૫૯, ૧૬૩, ૧૮૩, ૧૮૪, ૩૬૫, ૩૭૩, ૪૦૭, ૪૪૫
નહુપ ૩૯૮
નવદુર્ગા ૩૪૧
નવનાગ ૩૫૫
નવલખા ૩૧૫, ૩૨૭
નવલખેશ્વર ૮૮
નવસારિકા ૬૫, ૧૦૩, ૧૫૪, ૧૮૪, ૧૯૬
નવસારી ૨, ૩, ૬૩, ૮૭, ૧૦૩, ૧૧૨, ૧૧૪, ૧૫૩, ૧૫૪, ૧૫૬, ૧૫૯, ૧૭૨, ૨૬૬, ૨૭૨ ૨૯૧, ૪૦૯
નંદ ૨૧૨
નંદરબાર ૧૫૩

'નંદિચૂર્ણિ' ૨૨૩
નંદિતીર્થ ૯૯
નંદિવર્ધન ૧૫
'નંદિસૂત્ર' ૯
નંદી ૧૩, ૩૫, ૧૪૯, ૧૯૮, ૨૫૫
નંદીશ્વર ૨૯૬, ૨૯૭, ૩૦૫, ૩૨૬, ૩૨૭
'નંદીસૂત્ર' ૨૨૬
નંદિવાલ ૯૯
નાગ ૩૩૬, ૩૯૦, ૪૦૧
નાગદમન ૩૩૪
નાગધરા ૩૪૯
નાગભટ ૧ લો ૬૬, ૮૭, ૮૮, ૯૪, ૯૬, ૧૦૪, ૧૦૫, ૧૩૧, ૧૫૧
,, ૨ જો ૧૦૪-૧૦૬, ૧૧૦, ૧૧૯, ૧૨૦, ૧૨૬, ૧૨૮, ૧૪૫, ૧૫૭, ૨૬૨, ૨૯૧
નાગરાજ ૩૫૮
નાગસારિકા ૧૫૮, ૧૮૪, ૨૯૧
નાગસ્વામી ૪૦૧
નાગાણે ૩૮૬
નાગાર્જુન ૮, ૯, ૨૬૪, ૨૯૧,
નાગાવલોક ૮૭, ૮૮, ૯૫, ૯૬, ૧૦૩ -૧૦૫, ૧૧૦, ૧૨૭, ૧૫૧, ૨૨૭, ૨૬૨, ૨૯૧
નાગોર ૪૦૩
નાડોલ ૪૧૧
નાણાવટી ૧૯, ૨૯૯, ૩૦૯, ૩૧૧, ૩૪૧-૩૪૩, ૩૪૫, ૩૪૬
નારદ ૪૦૦
નારાયણદેવ ૩૭૫, ૩૭૬
નારાયણપાલ ૯૬
નાલંદા ૯, ૧૨, ૨૬૪, ૨૬૬, ૪૩૩
નાવડા ૩૩૬
નાસિક ૧૫૦, ૧૫૩
નાંદીપદ્ર ૧૮૬
નાંદીપુર ૧, ૬૪, ૬૬, ૮૨, ૯૭-૯૯, ૧૦૧, ૧૦૨, ૧૫૧, ૧૮૨, ૧૮૩, ૧૮૬
નાંદીપુરદ્વારી ૧૫૩
નાંદીપુરી ૮૨, ૯૮, ૧૮૨, ૧૮૩, ૨૩૯, ૩૫૩
નાંદોદ ૧, ૮૨, ૯૯, ૧૦૩, ૧૮૬
નિકોલસ ઉક્લેટ ૩૮૩
નિક્ષુભા ૩૩૦, ૩૫૭ ૩૬૦
નિન્નય ૧૨૩, ૨૯૧, ૪૩૫, ૪૪૯
નિમ્બકૂપ ૧૮૩
નિમ્બવતી ૧૬
નિમાડ ૩૬૫
નિરિહુલ્લક ૧૫૦
નિય ૨૯૧
'નિરુક્ત-ટીકા' ૧૨
નિર્વૃતિ ગચ્છ ૨૩૧
'નિશીથચૂર્ણિ' ૧૯૦, ૧૯૩, ૩૦૧
'નિશીથસૂત્ર' ૨૦૧, ૨૦૪
'નિશીથસૂત્ર-વિશેષચૂર્ણિ' ૨૨૩
નિંગ્રોરિયા ભૈરવ ૩૯૦
નિંબાલી ૩૮૮
નીમા ૨૯૧
નીલકંઠ ૩૯૦
નુકુલદેવી ૨૬૨
નૃસિંહ ૩૧૧, ૩૩૦, ૩૩૨
નેપાળ ૨૬૫
નેમિનાથ ૧૯૬, ૨૩૦, ૨૬૧

'નેમિનાથચરિઉ' ૧૨૩
નેલક ૨૦૧
નૌલાખેશ્વર ૩૮૬
નૌશિરવાન ૪૨૦, ૪૨૨
'ન્યાયપ્રવેશ' ૨૨૭
'ન્યાયાવતાર' ૨૩૨
પચ્છત્રી ૧૩૯, ૧૪૧, ૧૮૨, ૧૮૩
પટુમિત્ર ૨૯
પત્તન ૪
પદ્મ ૯, ૭૮
'પદ્મચરિત' ૯
પદ્મપાણિ અવલોકિતેશ્વર ૨૯૦
'પદ્મપુરાણ' ૧૧૮, ૨૩૦
પદ્મમિત્ર ૨૯
પદ્માવતી ૩૫૫
પરપ ૪૦૬
પરશુરામ ૩૧૦, ૩૧૧
પર્ણદત્ત ૩૩, ૩૪
પલ્લી ૪૩૦
પવ્વઇયા ૨૨૮
પસનાવડા ૨૯૭, ૩૦૦, ૩૦૨–૩૦૪, ૩૧૨, ૩૧૮, ૩૩૭
પંચમહાલ ૬૬, ૩૩૫
'પંચમીકહા' ૨૧૪
પંચાસર ૩, ૧૦૫, ૧૦૬, ૧૧૪, ૧૧૫, ૧૧૮, ૧૧૯, ૧૨૩–૧૨૬ ૧૩૩, ૧૭૨, ૨૯૧, ૩૩૯, ૪૩૩, ૪૩૫, ૪૩૭, ૪૩૯, ૪૪૦
પંચાસુરી ૪૨૯
પંજાબ ૨૬૪, ૨૭૧, ૪૦૮, ૪૦૯, ૪૨૧, ૪૨૫, ૪૨૬
પાછતર ૨૯૯, ૩૦૫, ૩૨૫, ૩૨૬, ૩૨૮, ૩૩૪, ૩૪૧
પાટગઢ ૧૧૭, ૧૪૭
પાટણ ૯૦, ૧૨૩, ૧૨૪, ૨૩૧, ૩૫૯, ૩૯૮, ૪૦૩, ૪૩૮, ૪૪૧, ૪૪૮
પાટણ, વેરાવળ ૩૦૯, ૩૧૧, ૩૨૪
પાટલિપુત્ર ૧૫, ૨૧૪, ૨૫૫
પાણિનિ ૮, ૨૨૦
પાતા ૨૯૭, ૩૦૦, ૩૦૧, ૩૩૬, ૩૩૭
પાનાક ૪૩૦
પાદરા ૩૫૮, ૩૬૦
પાદલિપ્ત ૨૨૯
પારખનાથ ૩૮૫, ૩૯૨
પાર્શ્વનાથ ૧૫, ૧૮, ૧૨૪, ૨૯૧, ૩૫૪–૩૫૬, ૩૫૯, ૩૬૧, ૩૬૨, ૪૧૨, ૪૩૨, ૪૪૮
પાર્શ્વમુનિ ૨૩૧
'પાર્શ્વાભ્યુદય' ૨૩૦
પાર્સ ૨૭૫
પાલનપુર ૪૦૩
પાલિત્તાણક ૧૫૮
પાલીતાણા ૨૬
પાવરગઢ ૧૪૮
પાંડુ ૧૩૧
પાંડુરાજા, પાંડુરાર્યા ૩૯, ૨૫૭
પિંઢારા ૩૫૬
પિંઢારી ૩૫૬
પિંગલ ૩૫૭, ૩૬૦
પિંડચારિક ૨૧૬, ૨૬૩
'પિંડતારક ૧૦૫
'પિંડનિર્યુક્તિ' ૨૧૮, ૨૨૬

પિઠારક ૩૫૯
પીઠડ ૨૯૮, ૩૦૧, ૩૦૪, ૩૧૬
પીપલદ્રાર ૩૯૧
પીપલુકા ૪૩૫
પીરમ ૩૫૨
પી-લો-મે-લો ૮૫, ૪૦૬, ૪૨૪
પીંડારા ૧૦૫, ૩૨૨, ૩૫૯
પુણ્યવિજયજી ૨૩૧
પુણ્યાનક ૧૮૩
પુન્નાટ સંઘ ૨૨૯, ૨૩૨, ૨૩૩, ૨૬૨
પુરગુપ્ત ૪૭
'પુરાતનપ્રબંધસંગ્રહ' ૨૦, ૧૧૮, ૪૩૭
પુલકેશી અવનિજનાશ્રય ૧૦૩, ૧૦૮, ૧૧૦, ૧૧૨, ૧૧૪, ૧૫૪, ૧૫૫, ૧૬૩, ૧૬૬, ૧૭૨
„ (વઢવાણનો) ૧૧૫
„ ૧ લો ૧૫૪
„ ૨ જો ૧૦૦, ૧૫૧, ૧૫૩, ૧૫૪, ૪૦૭
પુષ્કર ૪૦૨, ૪૦૩
પુષ્પમાલ ૮૪, ૩૯૯
પુષ્પાવતી ૨૮
પુષ્યદેવ ૧૩૭, ૧૩૮, ૧૪૨, ૧૬૫
પુષ્યમિત્ર ૨૯
પુષ્યસંબપુર ૧૩
પુષ્યેણ ૧૧, ૧૯, ૧૩૭, ૧૩૮
પૂના ૧૪૯
પૂર્ણભદ્ર ૧૪, ૩૩૯
પૂર્ણભદ્રા ૨૬૩
પૂર્ણા ૧૮૩, ૧૮૪
પૃથુરાજ ૧૨૫
પૃથ્વીરાજ ૪૧૧
પેરેસીસ ૪૨૦
પેલેસ્ટાઇન ૧૭૦
પેશવાજ ૨૦૩
પેશાવર ૪૧૫
પૈકુલી ૨૯
પોકરણ ૪૦૩
પોકર્ણ ૪૨૬
પોરબંદર ૨૯૭, ૩૧૩-૩૧૬, ૩૧૮, ૩૨૦, ૩૨૧, ૩૨૩, ૩૩૬, ૩૩૭
પો-લુ-ક-છે-પો ૩૭૩
પૌણ્ડ્રપુર ૧૫૯
પ્રગટનાથ ૧૩, ૩૩૯
પ્રચંડ ૧૬૧
'પ્રજ્ઞાપના' ૨૨૬
પ્રદ્યુમ્ન ક્ષમાશ્રમણ ૨૨૩
'પ્રબંધચિન્તામણિ' ૨૦, ૮૪, ૧૦૬, ૧૧૨, ૧૧૩, ૧૧૮, ૧૨૦, ૨૯૩, ૪૩૩, ૪૩૭, ૪૪૦
પ્રભંજન ૨૨૯
પ્રભાકરવર્ધન ૫૨, ૫૪, ૨૫૮, ૪૦૬, ૪૨૪
પ્રભાચંદ્રસૂરિ ૮૫, ૨૦૧, ૨૬૧
'પ્રભાવકચરિત' ૮૫, ૮૭, ૮૮, ૯૦, ૧૦૫, ૨૦૧, ૨૩૫, ૨૬૧, ૨૬૨, ૪૪૦
પ્રભાસ ૧૫, ૪૫, ૯૧, ૨૫૮, ૩૩૬, ૩૩૭, ૩૪૧
'પ્રભાસખંડ' ૮
'પ્રમાણમંજરી' ૩૪૨
'પ્રમાલક્ષણ' ૨૦

પ્રયાગ ૪૪૫
'પ્રાકૃતલક્ષણ' ૨૧૧
પ્રાંતીજ ૧૫૯
પ્રિન્સ ઑફ વેલ્સ મ્યુઝિયમ ૧૯,૩૫૦
ફ—લ—પી ૩૭૮
ફંકપ્રસ્રવણ ૧૧, ૧૩૭
ફાર્ગ્યુસ ૧૮, ૪૧૧
ફિરંગી ૩૦૪, ૩૨૦
ફીરોઝ ૧૯૯, ૪૨૦
'ફુતુહુલ બુલદાન' ૧૧૪, ૧૭૫
ફુલ ૧૪૭, ૧૪૮
ફ્રેગેલ ૩૭૧
બગુઆ ૪૦૯
બડેંગીઝ ૪૧૫
બદકસાની ૨૮૫
બદક્ષાન ૨૬૪
બદરસિદ્ધિ ૧૫૮
બદરીકેદાર ૪૪૬
બદેગી(ગિ)ઝ ૪૧૯, ૪૨૨
બદ્ર ૨૬૮
બનાસકાંઠા ૧૨૯,૧૩૨
બપ્પ ૨૨૭
બપ્પપાદ ૯
બપ્પભટ્ટિ ૨૨૭, ૨૨૮,૨૬૧, ૨૬૨, ૪૪૪, ૪૪૯
બરડા ૧૭૫, ૩૦૬, ૩૩૭,
બરાગી ૩૮૬
બરાન ૪૨૫
બરૂસ ૪૦૫, ૪૦૭
બર્જેસ ૩૦૮, ૩૦૯
બર્ડ, ડૉ. ૪૨૩
'બર્લિંગ્ટન મેગેઝિન' ૩૬૬
બર્ન્સ ૪૨૨
બલગ્ગ ૧૭૫
બલભદ્ર ૧૯૬
બલરામ ૩૧૯, ૩૫૦
બલવર્મા ૧૦૭, ૧૪૫, ૧૪૬
બલાહરી ૧૭૫
બલ્ખ ૪૧૧, ૪૧૬, ૪૧૭, ૪૨૨
બલ્હરા ૪૦૯, ૪૧૦
બસરી ૨૬૯
બહરીમદ ૧૧૦
બહરૈન ૧૭૦
બહાડમેર ૪૦૬, ૪૧૧
બહેરામ ગોર ૪૧૭, ૪૧૯
બળેજ ૨૯૭, ૩૯૮, ૩૦૧, ૩૦૪, ૩૧૪, ૩૧૬, ૩૩૭, ૩૪૮
બંગ ૮૮
બંગાળા ૧૯૪, ૨૬૫, ૪૨૪, ૪૨૬
બંડરિજિદ્દિ ૧૮૩
બાઉક ૯૪, ૯૬, ૧૦૯
બાઉદ ૧૨૬
બાકાનેર ૩૬૫,
બાઘ ૩૬૫, ૩૬૬, ૩૬૯
બાજપુરાણ ૪૨૩
બાણ ૧૮૯, ૧૯૦, ૨૦૫, ૨૨૯, ૨૫૮
બાપા રાવલ ૨૦૦
બાગર ૪૭
બારડોલી ૨૯૦
બારાજી ૪૧૩
બાલગઢ ૧૭૫
બાલમેર ૧૦૮
બાષ્કલદેવ ૧૪૩

બાહિરિકા ૧૫૪, ૧૮૩
બાહુકધવલ ૯૬, ૧૪૫
બિજોલિયા ૧૫૧
બિલ્વખાત ૧૮૩
બિહાર ૯૪
બીલ ૩૮૦, ૩૮૧
બીલેશ્વર ૨૯૮, ૩૦૧, ૩૦૪, ૩૦૫, ૩૨૩
બુઝુર્ગ બિન શહરિયાર ૨૬૯
બુદ્ધ ૫૧, ૫૬, ૭૫, ૩૧૧, ૩૫૨, ૩૫૩, ૩૫૬, ૩૭૫, ૩૭૬, ૩૭૮, ૩૭૯, ૪૨૯
બુદ્ધદાસ ૧૨, ૧૪, ૨૧૫, ૨૬૭, ૩૩૯
બુદ્ધનાથ ૨૬૫, ૨૬૬
બુદ્ધરાજ ૫૪, ૧૦૦, ૧૫૦, ૧૫૧
બુદ્ધિ ૧૧૭, ૧૩૧
'બુદ્ધિપ્રકાશ' ૨૭૪
બુદ્ધેશ્વર ૧૩, ૩૩૯
બુધગુપ્ત ૩૬, ૩૮
બૂગટા ૪૦૨
'બૃહત્કથા' ૧૧, ૧૫
'બૃહત્કથાકોશ' ૧૧, ૧૫
'બૃહત્કથામંજરી' ૮, ૧૫
'બૃહત્કલ્પ' ૨૦૧
'બૃહત્કલ્પભાષ્ય' ૨૧૮
'બૃહત્કોશ' ૨૩૩
'બૃહત્ક્ષેત્રસમાસ' ૨૧૯
'બૃહત્સંગ્રહણી' ૨૧૯
'બૃહત્સંહિતા' ૨૫૯, ૨૮૯, ૨૯૩, ૩૩૧
બેકટ્રિયા ૪૧૬
બેહરામ ગોર ૪૧૬
બેંડેલ ૨૨૨
બૈલમાન ૪૦૭
બોખીરા ૨૯૯, ૩૦૧, ૩૦૪, ૩૧૮, ૩૩૭
બોથી ૧૩૧
'બોધિચર્યાવતાર' ૨૨૨, ૨૬૪, ૪૩૩,
'બૉમ્બે ગૅઝેટિયર' ૧૯, ૨૦, ૮૯,
બોરસદ ૧૫૮
બોરરિપશિન ૨૯
બોરીચા ૨૯૭, ૩૦૧ ૩૦૪, ૩૧૫ ૩૩૬
બોરોબુદુર ૧૯૭
બૌદ્ધિ ૧૩૧
બ્યૂલર, ડૉ ૯૯, ૪૦૬
બ્રહ્મકુંડ ૩૮૭, ૪૦૧
બ્રહ્મગુપ્ત ૮૪, ૯૦, ૯૫, ૧૧૨, ૧૧૪, ૨૨૦, ૪૦૭
બ્રહ્મવક ૧૬૧
બ્રાઉન, પર્સી ૩૦૮
બ્રાહ્મણપુર ૩૭૫
'બ્રાહ્મસ્ફુટસિદ્ધાંત' ૯૦, ૧૦૮, ૧૧૨, ૧૧૪, ૨૨૧
ભગવતી ૮૮
'ભગવતી–આરાધના' ૨૩૩
ભગવાનલાલ ઇન્દ્રજી, ડૉ. ૯૯, ૨૦૧, ૪૦૪, ૪૨૩, ૪૨૪
ભટાર્ક ૧૬, ૨૭, ૩૦, ૩૩, ૩૪, ૩૬, ૩૮, ૩૯, ૪૨, ૪૬, ૭૦, ૭૪, ૧૩૬, ૧૯૩, ૨૫૮, ૨૬૦, ૪૨૩
ભટ્ટારક નંદી ૪૯
ભટ્ટિ ૧૩, ૧૪, ૨૨૦, ૨૨૧, ૨૨૭,

૨૫૮
'ભટ્ટિકાવ્ય' ૧૩, ૨૦, ૨૨૦, ૨૫૮
ભડગાંવ ૪૦૩
ભદ્રકીર્તિ ૨૨૭
ભદ્રપત્તન ૧૮૬
ભદ્રપાટક ૧૮૬
ભદ્રબાહુ ૮
'ભદ્રબાહુચરિત' ૨૬૨
ભદ્રરુચિ ૨૧૫, ૩૭૬, ૩૭૭
ભદ્રા ૯૪
ભદ્રાવતી ૧૧૭, ૧૪૮
ભદ્રેણિયક ૨૫૯, ૨૯૨
ભદ્રેશ્વર ૧૧૭
ભરત ચક્રવર્તી ૨૬૨
'ભરત-નાટચશાસ્ત્ર' ૨૧૧
ભરતસેન ૨૩૨
ભરદ્વાજ ૩૯૯
ભરુકચ્છ ૬૦, ૬૩, ૬૪, ૬૬, ૮૨, ૯૭, ૯૯, ૧૦૧, ૧૦૨, ૧૪૯, ૧૫૨, ૧૫૮, ૧૮૨, ૧૮૩, ૧૯૧, ૧૯૪, ૨૩૯, ૨૫૫, ૨૮૮, ૨૮૯, ૨૯૧, ૨૯૨ ૩૭૩,
ભરૂચ ૧, ૨, ૮, ૬૩, ૬૫, ૮૨, ૮૭, ૯૫, ૯૭–૯૯, ૧૦૧, ૧૦૪, ૧૧૦, ૧૧૪, ૧૧૫, ૧૪૯, ૧૫૧, ૧૫૨, ૧૫૫, ૧૫૬, ૧૫૭, ૧૭૧, ૧૭૨, ૧૭૫ ૧૮૩, ૧૯૦, ૧૯૭, ૨૧૮, ૨૭૨, ૩૫૩, ૩૫૮, ૩૭૩, ૪૦૪–૪૦૭, ૪૨૩, ૪૨૪
ભર્તૃધ્રુવ ૧૨
ભર્તૃવડ્ડ ૧ લો ૧૫૧
,, ૨ જો ૧૦૩, ૧૦૪, ૧૫૧, ૧૫૨, ૧૫૬
ભર્તૃવૃદ્ધ ૮૭
ભર્ત્રીશ્વર ૨૯૨
ભવનાગા ૭૨, ૧૫૫
ભવનાથ ૩૩૬
'ભવવિરહ' ૨૨૫
'ભવિષ્યપુરાણ' ૭૮, ૨૬૦, ૪૦૪
'ભવિસ્સત્તકહા' ૨૧૪, ૨૧૫
ભાઉ દાજી, ડૉ. ૨૭૫, ૪૧૪
'ભાગવત પુરાણ' ૨૧, ૨૫ ૧૯૮, ૨૬૬
ભાડભૂત ૧૭૨, ૧૭૩
ભાણવડ ૩૧૫, ૩૨૫
ભાણસરા ૨૯૬, ૩૦૦, ૩૦૪, ૩૦૫, ૩૧૬, ૩૧૯, ૩૨૩, ૩૨૪, ૩૩૭, ૩૪૩
ભાદ્રોડ ૧૧૭, ૧૮૬
ભાનુ ૧૭
ભાનુગુપ્ત ૪૦
ભાનુશક્તિ ૧૫૨
ભામહ ૨૧૨
ભારત ૧૭૦
ભારતવર્ષ ૪૧૫, ૪૧૬
ભારદ્વાજ ૧૪૪
ભારવિ ૨૨૨
ભારુકચ્છ ૧૫૮, ૧૮૪
ભાવડ ૯૧
ભાવનગર ૬, ૧૧, ૧૮, ૧૯૫, ૨૬૩, ૩૨૦, ૩૫૨, ૪૧૨, ૪૩૩
'ભાવસંગ્રહ' ૮, ૨૦
ભાવસિંહજી ૧૮
ભાસ ૨૦૫

ભાંડારકર, દે. રા. ૧૯, ૨૦૦
ભિન્નમાલ ૮૪, ૯૧, ૧૦૮, ૨૦૧, ૨૩૧, ૨૯૩, ૪૩૧
ભિલોડા ૩૩૧
ભિલ્લમાલ ૩, ૮૪, ૮૫, ૮૮, ૯૦, ૯૧, ૯૫, ૯૮, ૧૦૮, ૧૧૨, ૧૧૪, ૧૧૫, ૧૧૮, ૧૨૫, ૧૩૧, ૧૪૧, ૧૪૩, ૨૦૧, ૨૨૯, ૩૮૨, ૪૪૪
ભિલ્લમાલકાચાર્ય ૮૪, ૯૦, ૯૫, ૧૦૮, ૧૧૪, ૨૨૧
ભિલ્લમાલદેવ ૮૮
ભિલ્લાદિત્ય ૯૪
ભીડભંજન ૧૩, ૩૩૯
ભીનમાલ ૮૨, ૮૭, ૮૮, ૯૦, ૧૧૪, ૧૧૫, ૧૭૧, ૧૭૨, ૩૮૩, ૩૮૪, ૩૮૬, ૩૮૮, ૩૯૧, ૩૯૨, ૩૯૮, ૩૯૯, ૪૦૨–૪૦૪, ૪૦૭, ૪૦૯–૪૧૨, ૪૨૩–૪૨૫
ભીમદ્યુમ ૧૫૧
ભીમદેવ (ભિલ્લમાલનો) ૧૧૮, ૪૧૦
,, (સોલંકી) ૧ લો ૨૫૬
,, ,, ૨ જો ૪૧૧
ભીમનાથ ૩૫૦
ભીમેશ્વર ૪૪૧
ભીલમાલ ૪૦૬
ભુજગેંદ્ર ૧૫૨
ભુભટ ૧૨૫
ભુવડ ૧૦૬, ૧૧૬, ૧૧૮, ૧૧૯, ૧૨૫, ૧૨૬, ૪૩૮–૪૪૦
ભુસુકુ ૨૨૨, ૪૩૩
ભુસુકુપાદ ૨૬૪
ભૂઅડ ૧૧૭
ભૂઅડેશ્વર ૧૧૭
ભૂજ ૩૫૬
ભૂતાંબિલિકા ૮૮, ૧૩૮, ૧૪૩, ૨૯૩
ભૂપા ૬૦
ભૂભટ ૧૨૬, ૧૨૭, ૧૨૯
ભૂયગડ ૧૨૫, ૧૨૯
ભૂયગેડશ્વર ૧૨૯
ભૂયડ ૧૨૬, ૧૨૭
ભૂયડરાજ ૧૨૫, ૪૩૭
ભૂયડેશ્વર ૧૨૯
ભૂયરાજ ૧૦૬, ૧૨૨, ૧૨૫, ૧૨૬, ૧૬૨
ભૂવડ ૧૨૯
ભૃગુ ઋષિ ૮૩, ૩૯૯, ૪૦૦
ભૃગુકચ્છ ૧૦૪, ૧૫૧, ૧૫૯, ૪૪૮
ભૈરવ ૩૫૦, ૩૮૯, ૩૯૦, ૪૪૪
ભોગભટ ૧૦૯
ભોજ ૯૬, ૯૭, ૧૦૬, ૧૨૫–૧૨૮, ૨૨૨, ૪૪૩, ૪૪૪
ભોજદેવ ૧૦૭, ૧૪૫
ભોજરાજ ૪૪૯
ભોજસ્વામી-મંદિર ૪૪૩
ભૂવિજય સવેલચાલ ૧૯૭
મકરધ્વજ ૧૬૬
મકરાણ ૧૭૧
મક્કા ૧૯૭, ૨૬૭, ૨૬૮
મગ ૪૦૩, ૪૦૪
મગદેરું ૨૯૯, ૩૦૫, ૩૨૬, ૩૩૫, ૩૭૧
મગધ ૨, ૧૦, ૧૨, ૩૩–૩૬, ૩૮, ૪૦, ૫૪, ૯૭, ૩૭૪, ૩૮૧, ૪૦૬, ૪૨૪

મઝદક ૩૩૫
મણિધારા ૩૩૫
મથુરા ૯, ૨૯, ૨૧૮, ૩૫૧, ૪૪૦
મદસર ૨૯૨
મદસર સ્થલી ૨૫૭
મદીનતુન્ નબી ૨૬૮
મદાવી ૧૮૪, ૨૬૫, ૨૯૦
મધુમતી ૧૯૬
મધ્યપ્રદેશ ૩૬, ૩૬૫
મધ્યપ્રાંત ૪૨૬
મધ્યહિંદ ૪૨૬
મનસૂર ૪૪૮
મનાર્ક ૧૧૭, ૧૪૦, ૧૪૮
મનુ વૈવસ્વત ૮, ૩૯
'મનુસ્મૃતિ' ૩૦, ૩૨
મયણલ્લા ૨૦૧
મરુ ૮૬
મરુદેશ ૪૦૬, ૪૦૮
મરુમંડલ ૧૯૩, ૧૯૪
મરુસ્થલી ૪૧૧
મલિઅ ૪૦૭
મલ્લ ૩૪૦, ૪૨૯
મલ્લવાદિસૂરિ ૯, ૧૨, ૨૧૭, ૪૨૯
મલ્લિનાથ ૧૩
મલ્હણાદેવી ૨૨૨
મ. સ. યુનિવર્સિટી ૩૫૦
મસ્ઊદી ૪૧૦
મહણિકા ૧૦૬, ૧૨૨, ૪૩૫
મહમૂદ ગઝનવી ૨૫૬
મહલ્લ ૧૪૪
મહાકાલ ૧૪૪
મહાદેવ ૫૫, ૩૮૮
મહાદ્વાર ૨૨૮
મહાધન ૧૫
'મહાનિશીથસૂત્ર' ૨૧૮
'મહાપુરિસચરિય' ૨૧૧
મહાબલિપુરમ્ ૩૪૩
મહાબોધિનગર ૪૪૧
મહાબોધિપુર ૨૩૨
'મહાભારત' ૨૭૦
મહાયાન ૨૬૩, ૨૬૪, ૩૭૭, ૩૭૮
મહારાષ્ટ્ર ૧૪૯–૧૫૧, ૧૫૩, ૨૫૫, ૨૫૭, ૨૬૩, ૨૭૪, ૩૬૫, ૩૭૩
મહાલક્ષ્મી ૨૬૬, ૩૮૬, ૪૧૩
મહાવીર ૪૧, ૨૬૧, ૨૯૧, ૩૫૧, ૩૫૪, ૩૬૧, ૪૩૧, ૪૪૦
મહાસેન ૨૩૦, ૨૫૬
મહાસેનગુપ્ત ૫૨, ૫૪
મહિષમર્દિની ૩૫૬
મહિષાસુર ૩૩૯
મહિષાસુરમર્દિની ૧૦, ૧૪, ૨૫૭, ૩૧૭, ૩૩૬, ૩૩૯
મહી ૬૬, ૮૨, ૧૦૩, ૧૫૩, ૧૫૬, ૧૫૮, ૧૫૯, ૧૮૩, ૧૮૪, ૪૦૭ ૪૨૪
મહીપાલ ૯૭, ૧૬૧, ૧૬૩, ૪૦૬, ૪૦૯
મહીપાલદેવ ૧૦૭, ૧૧૫, ૧૧૬
મહુડી ૨૬૫, ૩૫૬
મહુવા ૧૯૬, ૩૨૦
મહેશ ૩૫૩
મહેશ્વર ૨૬, ૩૫, ૫૧, ૩૮૯
મહેશ્વરદામ ૧૫૧
મહેશ્વરદેવ ૩૭૫, ૩૭૬

મહેશ્વરાચાર્ય ૧૧૫
મહેસાણા ૧૨૯, ૩૧૩, ૩૧૭, ૩૩૧
મહેંદ્રપાલ ૧૪૫, ૧૪૬, ૧૮૯, ૨૧૨
,, (પ્રતીહાર) ૧લો ૯૭, ૧૦૭
,, રજો ૧૬૯
મહેંદ્રસિંહજી ઠાકોર ૩૫૨
મહેંદ્રાયુધ ૯૭, ૧૦૭, ૧૪૫
મહોદય ૧૬૧
મંકણિકા ૧૮૪
મંગલરસ ૧૫૩, ૧૬૬
મંગલજી ૧૧૬
મંગલરાજ ૧૦૦, ૧૧૦, ૧૫૦
મંગલેશ ૧૫૦
મંજુવજ ૪૩૩
મંજુવર્મા ૪૩૩
મંજુશ્રી ૯૦
મંડનમિશ્ર ૨૫૭, ૪૪૫
મંડાર ૯૪, ૧૮૯
માઘ ૮૭, ૯૦, ૨૦૨, ૨૨૨, ૨૨૩, ૪૪૨, ૪૪૩, ૪૪૯
'માઘકાવ્ય' ૨૨૩
'માઘપ્રબંધ' ૮૪
માણ્ડવ્યપુર ૧૩૧
માથુરી વાચના ૨૩
માધવગુપ્ત ૫૪
માધવદેવ ૧૦૫
માધવપુર ૧૦૫
માનદેવસૂરિ ૨૧૧, ૨૩૧. ૨૬૧
માનવ્ય ૧૪૪, ૧૫૩
માન્યખેટ ૧૫૯, ૧૬૪
મામૂન, ખલીફ ૨૭૩
મારવાડ ૧૬, ૬૫, ૮૭, ૯૧, ૧૦૮, ૧૧૦, ૧૧૪, ૧૫૫, ૧૭૨, ૧૮૯, ૨૦૫, ૨૧૦, ૨૧૧, ૨૧૪, ૩૮૨, ૪૦૨, ૪૦૩, ૪૦૭, ૪૧૧, ૪૧૨ ૪૧૪, ૪૨૪, ૪૨૬
માર્તંડ ૩૦૮
માર્શલ, સર જહોન ૨૭૧ ૩૭૧
'માલતીમાધવ' ૨૧
માલવ ૫૨, ૫૪, ૮૮, ૯૫, ૯૬, ૧૦૦, ૧૦૩, ૧૦૪ ૧૫૫, ૧૯૧, ૩૭૪, ૩૭૮, ૩૭૯, ૩૮૧, ૪૦૮
માલવક ૫૮, ૧૮૨, ૧૮૩, ૩૬૫
'માલવિકાગ્નિમિત્ર' ૨૧
માસર ૩૫૮
માહિષક ૧૫૮, ૧૮૨, ૧૮૪
માહિષ્મતી ૧૪૯, ૪૪૫
માહેશ્વર ૨૯, ૩૦, ૪૫, ૧૯૧, ૧૯૮, ૨૫૫-૨૫૮, ૨૬૬
માળવા ૧, ૧૧, ૫૨, ૫૪, ૫૯, ૬૦, ૬૫, ૮૮, ૧૧૦, ૧૧૪, ૧૫૦, ૧૫૫, ૧૫૭, ૧૬૩, ૧૬૪, ૨૩૮, ૩૭૩, ૪૦૭, ૪૦૮, ૪૧૮, ૪૨૫, ૪૪૩
માંકણી ૧૮૪
માંગરોળ ૩૫૬
માંડલ ૬૫, ૧૧૦, ૧૧૪, ૧૭૨
માંડવી ૧૧૮
માંડવ્યપુર ૯૪
મિગ્મા ૧૪, ૨૬૩
મિત્ર ૨૮, ૨૯, ૩૨, ૩૩, ૪૫ ૨૫૫, ૨૫૯
મિત્ર-અલ-સેન ૩૦
મિયાણી ૨૯૬, ૨૯૯, ૩૦૦, ૩૦૪,

૩૦૫, ૩૨૦, ૩૨૬, ૩૨૮, ૩૩૪, ૩૩૬, ૩૩૭
'મિરાતે અહમદી' ૧૧૮, ૧૨૧, ૧૨૨, ૧૨૪
મિરાશી ૧૬૭
મિશ્રક ૩૪૧
મિસર ૧૪૬, ૧૭૦
મિહિર ૨૮, ૯૭, ૧૦૬, ૧૧૯, ૨૫૯, ૪૨૧, ૪૩૮, ૪૩૯
મિહિરકુલ ૩૭, ૪૦, ૧૯૯, ૨૫૯, ૨૬૨, ૪૦૪
મિહિરભોજ ૧૬૦, ૨૦૦
મીડિયા ૪૧૫, ૪૧૯–૪૨૧
મીંઢોળા ૮૨, ૧૮૩, ૧૮૪, ૨૬૫, ૨૯૦
મુકુલચંદ્ર દે ૩૬૬
મુદ્દગગિરિ ૯૪
'મુદ્રારાક્ષસ' ૨૭૦
મુનશી ૯૯, ૧૨૬
મુનિસુવ્રત ૨૯૧
મુરધાલ ૪૨૨
મુલતાન ૯૦, ૨૭૧, ૩૯૬
મુસ્તાજી ૪૧૬
મુહમ્મદ ઉર્ફે સુબ્કતા ૧૬૧
મુંગેર ૯૪
મુંદ્રા ૧૧૭
મુંબઈ ૧૦, ૧૭૧, ૨૭૫, ૪૨૪, ૪૨૬
મૂલરાજ ૮૨, ૧૨૯, ૧૪૪, ૧૪૭, ૧૬૪, ૪૧૦, ૪૨૫
મૂલવાસર ૧૧૬
મેગેસ્થનીસ ૨૬૫
મેઘ ૩૯૫
'મેઘદૂત' ૨૧
મેઘનાદ ૪૪૪
મેડતા ૧૦૭, ૧૩૧
મેડન્તક ૯૪, ૧૩૧
મેરુ ૧૬૧, ૨૯૪
મેવાડ ૨૫, ૨૮, ૧૮૯, ૨૦૦, ૨૨૪, ૪૦૯, ૪૨૬
મેવાસા ૨૯૮, ૩૦૪, ૩૧૫
મૈત્ર ૨૯, ૩૦, ૩૨
મૈત્રેય ૨૯૦
મૈથાણુ ૨૯૭, ૩૩૨
મોઝીઝ ૪૧૮
મોડ ૧૪૭, ૧૪૮
મોડાસા ૧૬૩, ૧૬૪
મોઢપુર ૨૯૧
મોઢેર ૨૬૧
મોઢેરપુર ૬૮
મોઢેરા ૧૫, ૨૨૭, ૨૯૧, ૩૩૯, ૪૩૨, ૪૩૭
મોનિયર વિલિયમ્સ ૭
મોરબી ૧૪૨
મો–લે–પો ૩૭૪
મોહડવાસક ૧૬૪
મોહમ્મદ ૧૭૦, ૨૬૬–૨૬૮, ૨૭૯
મોહમ્મદ કાસિમ ૬૫, ૧૭૧
મોહમ્મદ બિન ફઝલ ૧૭૪
મોહમ્મદ શફી ઉલ્લાહ ૧૭૧
'મોહરાજપરાજય' ૧૧૨
મૌનિ–ભટ્ટારક ૨૩૨
મ્લેચ્છ–મંડલ ૬૭
યક્ષ ૩૯૨, ૩૯૩

યક્ષકૂપ-યક્ષસરોવર ૩૮૯
યક્ષદત્ત ૨૨૯
યક્ષદાસ ૧૪૫
યક્ષદેવસૂરિ ૨૩૧
યક્ષશૂર ૨૬૩, ૩૩૯
યક્ષશૂર-વિહાર ૧૪, ૨૮૯
યજનશીલ ૪૦૦
'યતિપ્રતિક્રમણસૂત્ર' ૨૩૧
યથરિશ ૨૬૭, ૨૬૮
યમુના ૧૫૭, ૩૧૧, ૩૨૯, ૩૩૫, ૩૫૬
યયાતિ ૩૯૮
યશોધર્મા વિષ્ણુવર્ધન ૩૭, ૪૦
યશોવર્ધન ૯૪
યશોવર્મા ૧૧૯, ૪૧૦
યાકિની ૨૨૫
યાકૂબ મદની ૧૭૧
યાકોબિ, ડૉ. ૨૧૪, ૨૧૫
યાજ્ઞવલ્કય ૧૯૧
યુઅન શ્વાંગ ૯, ૧૬, ૨૦, ૩૦, ૫૩, ૫૫, ૫૮, ૫૯, ૮૨, ૮૫, ૮૭, ૯૦, ૯૫, ૧૦૮, ૧૧૪, ૧૯૦, ૧૯૧, ૧૯૩, ૨૧૫, ૨૬૩-૨૬૫, ૩૭૩, ૩૮૦, ૩૮૧
યુઈ લિહ ૩૮૦
યુએચી ૪૧૪-૪૧૬
યુ-ચીન ૪૧૭
યુરોપ ૪૧૮
યુહ-જેન-તો ૩૮૦
યોગ ૧૪૫
'યોગદૃષ્ટિસમુચ્ચય' ૨૨૭
યોગરાજ ૧૧૩, ૧૨૪-૧૨૮, ૨૯૩, ૪૩૬-૪૩૮
યોગીશ્વરી ૧૨૮, ૨૯૩, ૪૩૭
રજનીપુત્ર ૧૧૮, ૧૨૧, ૧૩૧
રજ્જિલ ૯૪, ૧૦૯
રણગ્રહ ૧૦૩
રણુંપીપળી ૩૬૦
રતન તળાવ ૧૮
રતનપુર ૪૧૨
રતનાગર ૩૯૨
રત્ન ૧૯૬, ૨૬૧
રત્નનંદી ૮
'રત્નમાલા' ૧૦૫, ૧૦૬, ૧૧૨, ૧૧૮, ૧૨૦, ૧૨૧, ૧૨૪, ૧૨૬, ૪૩૮
'રત્નમાળ' ૮૪, ૧૩૨, ૩૯૯
રત્નાદિત્ય ૧૨૪, ૧૨૫, ૧૨૭-૧૨૯, ૪૩૭, ૪૩૮
રત્નેશ્વર ૧૩, ૩૩૯
ર. ના. મહેતા ૧૯, ૨૦
રવિશંકર રાવળ ૩૪૬
રવિષેણ ૨૨૯, ૨૩૦
રસિકલાલ છો. પરીખ ૭
રંક કાકૂ ૬૭, ૧૭૩, ૪૪૮
રંગમહલ ૩૬૬
રા. ચુ. મોદી ૧૩૩
રાજકોટ ૩૫૬
'રાજતરંગિણી' ૪૨૫
રાજપીપળા ૯૯
રાજપૂતાના ૪૨૧, ૪૨૫, ૪૨૬
રાજલવેજલ ૩૦૦, ૩૦૪, ૩૧૪
રાજશેખર ૯૭, ૧૮૯, ૨૧૨
રાજશેખરસૂરિ ૪૬
રાજસ્થાન ૯૨, ૯૪, ૯૬, ૧૦૩,

૨૩૮, ૨૩૯, ૩૫૫
રાજિ ૧૨૯
રાજેન્દ્ર ૧૪૪
રાજ્યવર્ધન ૫૪
રાજ્યશ્રી ૫૪
રાણક ૧ લો ૧૩૯, ૧૪૦
„ ૨ જો ૧૪૧, ૧૪૨
રાણાવાવ ૩૦૪, ૩૧૮, ૩૧૯, ૩૩૬
રાણોજી ૧૮
રાતિયા ૩૧૪, ૩૩૭
રાધનપુર ૧૨૧, ૧૬૮, ૪૦૫, ૪૦૮
રાપર ૧૪૭
રામ ૯૪, ૯૮, ૧૪૪, ૧૬૬, ૩૧૧, ૩૪૩, ૩૪૪, ૪૧૬
રામભદ્ર ૯૬, ૧૪૦
રામવાળો ૧૪૬
રામસેન ૩૯૨
રામેશ્વર ૧૬૩
રાયણેશ્વર ૩૩૬
રાયપુર ૧૧૮
'રાવણવધ' ૧૩, ૧૪, ૬૯, ૨૨૦, ૨૫૮
'રાસમાળા' ૧૮, ૧૩૨
રાત્રી ૩૩૦, ૩૫૭, ૩૬૦
રાંદલ ૨૯૮, ૩૦૫, ૩૧૩, ૩૧૫, ૩૩૪
રિપિક ૧૯૪
રુદ્ર ૨૫૬, ૪૪૨
રુદ્રદામા ૨૦૮
રૂપસુંદરી ૧૧૯, ૧૨૦, ૪૩૯, ૪૪૦
રૂપાપરી ૪૩૩
રૂપારેલ ૧૧૭
રૂરિદ્દા ૧૮૨, ૧૮૪
રેવા ૬૬, ૯૯, ૧૦૩, ૧૫૬, ૪૦૭
'રેવા–માહાત્મ્ય' ૯૯
રૈવતક ૪૮, ૧૦૬, ૪૩૦
રૈવતાચલ ૧૦૫
રોજડી (શ્રીનાથગઢ) ૩૬૫
રોડા ૨૯૬–૨૯૮, ૩૦૫, ૩૨૭, ૩૨૮, ૩૩૦, ૩૩૫, ૩૫૬, ૩૫૮, ૩૯૭
રોમ ૪૧૯
રોલિન્સન ૪૨૦
રોસન, ફિલિપ ૩૭૦, ૩૭૧
રોહક ૧૯૦
રોહડ ૪૪૬
રોહાણક ૧૮૩
લકુલીશ ૩૩, ૨૫૬
લક્ષવર્મા ૪૧૦
લક્ષ્મણ ૯૪, ૯૮, ૧૪૪, ૩૦૯, ૩૪૩
લક્ષ્મી ૮૩, ૮૪, ૩૮૪, ૩૯૭, ૩૯૮, ૪૦૦, ૪૦૨
લક્ષ્મીચલ ૩૮૭
લક્ષ્મી–નારાયણ ૩૪૫, ૩૫૬, ૩૫૯
લખપત ૧૧૭, ૧૧૮
લખારો ૩૯૧
'લલિતવિસ્તરા' ૯૦, ૨૩૨
લલ્લિય ૪૦૯
લહર ૧૨૩, ૪૩૫, ૪૪૯
લંડન ૩૬૬
લાકરોડા ૨૯૮, ૩૨૭
લાક્ષારામ ૧૨૩, ૪૪૮
લાખિયાર ભડ ૧૧૭, ૧૪૭
લાખો ફુલાણી ૧૧૭, ૧૪૭, ૧૪૮
લાટ ૨, ૧૧, ૩૨, ૩૮, ૫૨, ૬૫, ૬૬, ૯૫, ૧૦૦, ૧૦૩, ૧૦૫, ૧૪૧, ૧૪૯, ૧૫૬, ૧૫૭, ૧૫૯,

૧૬૦, ૧૬૩, ૧૭૮, ૧૮૩, ૧૯૦, ૧૯૪, ૨૫૯, ૨૬૨, ૨૬૪, ૨૬૫, ૨૯૩, ૩૮૧, ૩૮૨, ૪૦૫, ૪૦૮, ૪૦૯, ૪૨૪
લાડચી ૩૨૭
લીલાદેવી ૧૨૯
લુઆડું ૩૬૬
લુણાવાડા ૬૬
લુણિગ ૪૧૧
લોકનાથ ૨૮૯, ૩૭૫
લોણાપદ્રક ૧૭૩
લોથનસ ૪૧૯
લોથલ ૩૬૫
લો-લો ૩૮૧, ૩૮૨
વખતંગ ૪૧૫
વજેશંકર ગૌરીશંકર ૯, ૧૯
વજ્જડ ૬૩, ૧૫૩
વજ્જદ-દેવ ૨૭૩
વજ્જદેવ ૨૭૪
વજ્જટ ૬૩, ૭૧
વટપદ્ર ૨૫૬, ૨૫૯, ૨૯૨, ૨૯૩
વટપલ્લિકા ૧૮૩, ૨૫૭, ૨૯૨
વટેશ્વર ૨૨૮, ૨૨૯
વટેણિજ્જુ ૨૩૮
વડનગર ૨૮, ૧૧૨, ૧૫૦, ૧૬૩, ૨૮૨, ૨૮૯, ૨૯૭, ૩૦૫, ૩૩૧, ૩૬૦, ૩૮૨, ૪૦૭
વડપદ્રક ૧૭
વડાલી ૩૭૩, ૩૭૭, ૩૮૧
વડાવલ ૩૫૫
વડોદરા ૧૭, ૮૨, ૧૫૦, ૧૫૩, ૨૮૨, ૨૮૩, ૩૫૦, ૩૫૧, ૩૫૭-૩૬૧, ૪૦૬, ૪૦૮
વઢવાણ ૩, ૪, ૯૭, ૧૦૫, ૧૦૭, ૧૧૨-૧૧૫, ૧૪૫, ૧૮૩, ૨૩૩, ૨૫૫, ૨૬૧, ૨૬૨, ૨૯૧, ૩૩૫, ૪૦૬, ૪૦૯, ૪૨૪
વઢિયાર ૧૨૦, ૪૩૩
વણી ૧૬૮
વણી-ડિંડોરી ૪૦૫, ૪૦૮
વણોદ ૧૩૩
વત્રભટ્ટિ ૫૩, ૫૮
વત્સ ૮૮, ૯૬, ૧૫૧
વત્સરાજ ૮૮, ૯૫, ૯૬, ૧૦૪, ૧૬૦, ૪૦૬, ૪૦૮
વદરી ૩૮૧
વનકુંડ ૩૮૯
વનરાજ ૧૦૫, ૧૦૬, ૧૧૨, ૧૧૭, ૧૧૮-૧૨૪, ૧૨૬-૧૨૮, ૧૩૦-૧૩૩, ૨૩૧, ૨૬૧, ૨૯૧, ૨૯૩, ૪૩૩-૪૩૫, ૪૩૮, ૪૪૦, ૪૪૮, ૪૪૯
'વનરાજપ્રબંધ' ૧૩૨
વનરાજ-વિહાર ૧૨૪
વનસરોવર ૩૯૧
વપ્રદેવ ૪૯
વપ્પભટ્ટિ ૨૦૧
વરતાળા ૩૧૯
વરસી ૧૪૬
વરહસ્ત ૪૧૭
વરાડ ૪૨૬
વરાહ ૧૪૪, ૧૫૩, ૨૫૮, ૩૦૧, ૩૦૩, ૩૧૦, ૩૧૧, ૩૧૪, ૩૩૦, ૩૩૨, ૩૪૧, ૩૮૬, ૩૯૯

વરાહદાસ ૧ લો ૧૩૬
,, ૨ જો ૪૦, ૧૩૭
વરાહમિહિર ૨૫૯, ૨૮૯
'વરાંગચરિત' ૨૩૦
વરિઅવિ ૧૬૦, ૧૮૨, ૧૮૪
વરિઆવ ૧૮૪
વરિયાવ ૧૬૦
વરુણ ૮૩, ૩૩૪
વરોટયા ૩૬૧
વર્ધમાન ૧૧૫, ૧૮૨, ૧૮૩
વર્ધમાનપુર ૨૩૦, ૨૩૨, ૨૩૩
વર્ધમાન મહાવીર ૧૫, ૨૯૧
વર્ધમાનસૂરિ ૧૫, ૩૮, ૪૪૧, ૪૪૯
વર્મલાત ૮૭, ૯૫, ૨૦૧, ૨૦૨, ૨૨૨, ૪૪૨
વલઈ ૮
વલખદેશ ૨૧૪
વલહી ૬–૮, ૧૭
વલભિદ્ ૭
વલભી ૩, ૬–૧૪, ૧૬, ૧૭, ૧૯ ૨૦, ૨૭, ૩૦, ૩૪, ૩૫, ૩૯ ૫૧, ૫૩, ૫૬, ૫૯, ૬૧–૬૩, ૬૬–૬૯, ૭૩, ૯૧, ૯૯, ૧૦૦, ૧૦૪, ૧૪૬, ૧૫૬, ૧૭૨, ૧૭૩, ૧૯૩, ૧૯૫, ૧૯૬, ૨૧૧, ૨૧૫, ૨૧૮, ૨૨૧, ૨૨૪, ૨૫૫, ૨૫૬, ૨૫૮, ૨૬૩, ૨૮૯, ૨૯૨, ૩૪૧, ૩૫૨, ૩૬૫, ૩૭૩, ૩૭૮–૩૮૦, ૩૮૨, ૪૦૬, ૪૨૩, ૪૨૫, ૪૩૧, ૪૩૩, ૪૪૮
વલભીનગર ૨૬૦
વલભીનાથ ૧૫, ૨૬૧, ૪૩૨, ૪૪૧, ૪૪૮
વલભીપુર ૧, ૬, ૧૫, ૧૮, ૩૪, ૩૫, ૬૫, ૧૦૩, ૧૦૯, ૧૩૭, ૨૮૨, ૨૯૧, ૪૨૮–૪૩૦
વલભીપુરી ૧૨
વલયી ૮
વલસાડ ૧૪૯, ૧૫૨, ૧૫૪
વલહિ ૬, ૭
વલ્લભ ૧૫૮–૧૬૦, ૪૪૧
વલ્લભરાજ ૪૪૧
વલ્લભરાય ૨૬૯, ૨૭૦
'વલ્લભીપુર' ૬
વસઈ ૧૧૬, ૩૦૧, ૩૦૫, ૩૩૪
વસંતગઢ ૩૮૧
વસિષ્ઠ ૧૬૩, ૩૯૯
વસિષ્ઠાશ્રમ ૩૫૮
વસી ૩૦૪, ૩૨૦
વસુદત્ત ૧૨, ૧૫
'વસુદેવહિંડી' ૨૧૨
વસુબંધુ ૯, ૨૩
વસ્તુપાલ ૧૧૨
'વસ્ત્રાપથ-માહાત્મ્ય' ૧૦૬
વહાઉસ ૧૫૮
વળા ૬, ૧૭, ૧૮, ૬૮, ૧૩૭, ૧૩૮, ૧૪૬
વંગ ૧૯૪
વંગરાજ ૪૦૬
વંથળી ૧૪૬
વંદીદાદ ૨૭૭
વંશકટ ૫૬, ૨૫૫, ૨૬૩
વાક્પતિ ૧ લો ૧૬૩
વાકાટક ૩૮

વાગડ ૧૪૮, ૧૬૩
વાઘમ ૧૧૭, ૧૪૭
વાઘમચાવડાગઢ ૧૧૭
વાતાપિ ૧૦૩, ૧૧૫, ૧૫૬
વામન ૨૫૮, ૩૧૦, ૩૧૧
વાયડ ૨૬૧
વાયવ્ય પ્રાંત ૪૨૬
વારાણસી ૧૯૬
વારાટી ૩૩૩, ૩૫૦, ૩૫૫, ૩૫૮
વાલભ ૩૦૩ , ૩૧૩
વાલભ કાયસ્થ ૧૭
વાલભી વાચના ૨૩
વાલ્મીકિ ૨૨૦, ૨૨૯
વાસુકિ ૨૧૪
વાસુદેવ ૩૭૫, ૩૭૬
વાહડસિંહ ૪૧૨
વાહરિગણિ ૨૩૧
વાહાઉલ ૧૮૨, ૧૮૪
વાહુકધવલ ૧૦૫
વાંસવાડા ૧૬૩
વિક્રમ ૮
વિક્રમશીલા ૨૬૬
વિક્રમાર્ક ૧૧૫
વિક્રમાદિત્ય (ઉજ્જનનો) ૧૨, ૨૩
,, (ચાલુક્ય) ૧લો ૧૫૩, ૧૫૪
,, ,, ૨જો ૧૫૪
'વિક્રમોર્વશીય' ૨૧, ૨૧૧
'વિચારશ્રેણી' ૧૨૭
વિજયદેવ ૨૯૧, ૩૩૯
વિજયદેવી ૩૩૯
વિજયાદિત્ય ૧૫૫
વિજાપુર ૨૬૨, ૩૨૭
વિદર્ભ ૮૮, ૯૬
વિદિશા ૧૫૦
વિદુર ૧૩૧
વિદ્યાધર ૩૫૨
વિદ્યાધર ગચ્છ ૨૨૫
વિનયાદિકપાલ ૨૩૩
વિનયાદિત્ય ૧૫૪, ૧૫૫
વિનાયક ૨૫૮, ૨૯૩, ૩૩૫
વિનાયકપાલ ૧૦૭
વિપશ્યી ૩૩૯
વિમલ ૨૨૯
વિમલગણિ ૪૪૦, ૪૪૧
વિમલગુપ્ત ૧૨, ૧૪, ૨૧૫, ૨૬૩, ૩૩૯, ૩૬૧
વિમલગુપ્ત-વિહાર ૨૮૯
'વિમલપ્રબંધ' ૪૪૬
વિમલ મંત્રી ૪૪૯
વિરહાંક ૨૨૫
વિરૂપાનાથ ૪૪૧
'વિવિધતીર્થકલ્પ' ૨૦, ૯૧
વિશાખદત્ત ૨૭૦
'વિશેષણવતી' ૨૧૭, ૨૧૯
'વિશેષાવશ્યક-ભાષ્ય' ૧૫, ૬૯, ૨૧૦, ૨૧૭-૨૧૯, ૨૬૦, ૨૬૧
વિશ્વકર્મા ૮૩, ૩૯૯, ૪૦૦
વિશ્વભૂ ૩૩૯
વિશ્વરૂપ વિષ્ણુ ૩૪૯, ૩૫૦, ૩૫૩
વિશ્વવરાહ ૧૪૭
વિશ્વામિત્ર ૧૬૩, ૩૯૯
વિષઢ ૧૪૫
વિષ્ણુ ૧૪, ૮૩, ૯૦, ૧૪૪, ૧૫૩, ૨૫૮, ૨૯૩, ૩૦૬, ૩૦૮,

૩૧૦, ૩૨૧, ૩૨૮, ૩૨૯, ૩૩૩, ૩૩૫, ૩૪૩, ૩૫૦, ૩૫૧, ૩૫૬, ૩૫૮, ૩૫૯, ૩૬૧, ૩૬૨, ૪૦૦, ૪૦૨
વિષ્ણુદત્ત ૧૧, ૧૨
'વિષ્ણુધર્મોત્તરપુરાણ' ૭૮
'વિષ્ણુપુરાણ' ૨૭૦
વિષ્ણુ-લક્ષ્મી ૩૫૯
વિષ્ણુસિંહ ૫૦૦
વિસનગર ૩૧૩
વિસાવાડા ૨૫૯, ૨૯૭, ૨૯૮, ૩૦૦, ૩૦૪, ૩૦૫, ૩૧૪, ૩૨૮, ૩૩૪, ૩૩૭
વિહારગામ ૨૬૫
વિંઝવાસિની ૪૪૯
વિંઝાણ ૧૧૭
વિંધ્ય ૬૦-૬૨, ૯૯, ૧૫૭, ૪૦૮
વિંધ્યગિરિ ૪૪૯
વિંધ્યવાસિની ૧૨૩, ૨૯૯, ૩૦૦, ૩૨૨, ૪૩૬, ૪૪૯
વિંધ્યાટવી ૧૨૩
વીતરાગ ૩૫૩
વીર ૬૭, ૭૨, ૯૧, ૪૪૧
વીરગણિ ૯૦
વીરમ ચાવડો ૧૧૭
વીરમતી ૧૨૦, ૪૩૪
વીરમંત્રી ૪૪૧, ૪૪૯
વીરસિંહ ૪૩૮
વીરસૂરિ ૪૪૦-૪૪૨, ૪૪૯
વીરસેન ૨૬૦
'વીરસ્તવ' ૨૨૮
વીસોજી ૧૮
વૃષકેતુ ૨૫ ૧૪૬
વેદવ્યાસ ૭૬
વેલાકુલ ૮
વેંગી ૧૬૨, ૧૬૯
વૈજનાથ ૧૩
વૈજયન્તી ૩૧
વૈન્યગુપ્ત ૩૮
વૈરસિંહ ૧૨૫, ૧૬૩
વૈરિસિંહ (ચાવડો) ૧૨૪, ૧૨૫, ૧૨૭-૧૨૯, ૪૩૭
,, (પરમાર) ૧લો ૧૬૩
,, ,, ૨ જો ૧૬૩, ૧૬૪
વૈષ્ણવી ૩૨૭, ૩૫૮, ૩૬૧, ૩૬૨
વૉટર્સ, ટૉમસ ૩૮૦, ૩૮૧
વૉટસન, કર્નલ ૪૦૬
વોપ્પરાજ ૨૦૦
'વ્યવહારસૂત્ર' ૧૯૧
વ્યાઘ્રમુખ ૮૬, ૯૫, ૧૦૮, ૧૧૪, ૧૧૫, ૪૦૭
વ્યાઘ્રસેન ૧૪૯
વ્યાસ ૨૨૯
વ્રજલાલ શાસ્ત્રી ૧૨૬
શકદેશ ૪૦૪
શત્રુંજય ૧૫, ૨૬૧, ૪૨૯, ૪૩૨, ૪૪૦, ૪૪૧, ૪૪૮
'શત્રુંજય-માહાત્મ્ય' ૧૫, ૩૦, ૪૩૦
શર્મિષ્ઠા ૩૯૮
શર્યાતિ ૮
શર્વ ૧૫૭
શર્વ ભટ્ટારક ૧૦, ૩૫
શશાંક ૫૪
શંકર ૧૧૯, ૧૩૨, ૧૪૫, ૨૯૭, ૩૦૪,

૩૧૪
શંકરગણ ૯૬, ૯૯, ૧૮૯, ૧૫૦
શંકરવર્મા ૪૦૯, ૪૨૫
શંકરાચાર્ય ૨૫૭, ૨૬૫, ૨૬૬, ૪૪૫
શંકરિકા ૨૫૭
શંખપુર ૨૬૧
શંખેશ્વર ૨૬૧
શંખોદ્ધાર ૧૦૫
શંભુ ૧૧૩
શાકદ્વીપ ૨૫૯
શાકંભરી ૧૦૪
શાક્યસિંહ ૨૯૦, ૩૩૯
શામ ૧૭૦
શામળાજી ૨૮૨, ૨૮૩, ૩૩૧, ૩૪૯, ૩૫૦, ૩૫૩
શારદામઠ ૨૫૭
શારદા-મંદિર ૪૪૫
'શારદા-સ્તોત્ર' ૨૨૮
'શાહનામા' ૨૭૦
શાંતિદેવ ૨૨૧, ૨૬૪, ૪૩૩
શાંતિનાથ ૨૯૧
શાંતિલ્લ ૧૫૦
'શિક્ષાસમુચ્ચય' ૨૨૨, ૨૬૪, ૪૩૩
શિખી ૩૩૯
શિયાળબેટ ૧૧૭
શિરપુર ૩૦૯
શિરોહી ૪૦૩
'શિલાદિત્ય' (!) ૧૫, ૨૬, ૩૦, ૪૨૮, ૪૨૯, ૪૩૧, ૪૩૨
શિલુક ૯૪
શિવ ૧૩, ૮૩, ૨૫૫, ૨૯૭, ૨૯૮, ૩૦૪, ૩૧૦, ૩૧૫, ૩૧૬, ૩૨૧, ૩૨૩, ૩૨૪, ૩૨૭, ૩૨૮, ૩૩૦, ૩૩૪, ૩૩૫, ૩૫૦, ૩૫૩, ૩૫૫-૩૫૭, ૩૫૯, ૩૬૦, ૪૨૧, ૪૨૪
શિવગુરુ ૪૪૫
શિવચંદ્રગણિ ૨૨૯
શિવનાગ ૪૪૦
શિવપત્તન ૨૬૧
શિવ-પાર્વતી ૮૯, ૩૨૬, ૩૪૯, ૩૫૧, ૩૫૯
શિવભાગપુર ૬૨, ૧૮૨, ૧૮૩
શિવરુદ્ર ૨૫૭, ૨૯૩
શિવાર્ય ૨૩૩
શિશુપાલ ૨૨૨
'શિશુપાલવધ' ૨૧, ૮૭, ૨૦૨, ૨૨૨, ૨૨૩, ૪૪૨
શિંદે ૧૫૨
શીલ ૨૨૧, ૨૨૨, ૪૩૩
શીલગુણસૂરિ ૧૨૦, ૧૨૩, ૧૨૪, ૨૩૧, ૨૬૧, ૪૩૩, ૪૩૭, ૪૪૮
શીલાચાર્ય ૨૧૦, ૨૧૧, ૨૬૧
શીલાદિત્ય (કનોજનો) ૩૭૯
,, (ગુહિલ) ૪૩
,, (મૈત્રક) ૧લો ૧૪, ૩૭, ૫૨-૫૭, ૬૦, ૬૨, ૭૬, ૭૯, ૧૭૮, ૨૧૮, ૨૨૧, ૨૨૨, ૨૫૬, ૨૫૯, ૨૬૩, ૨૮૯, ૨૯૨, ૩૩૯, ૩૫૨, ૩૭૯, ૩૮૨
,, ૨ જો ૬૦-૬૨
,, ૩ જો ૬૦, ૬૨-૬૪, ૧૦૧, ૧૫૩, ૧૭૪, ૨૫૭, ૨૯૨
,, ૪ થો ૬૪, ૭૧

,, ૫ મો ૬૪, ૬૫, ૭૧
,, ૬ ઠ્ઠો ૬૫, ૬૬, ૧૩૮
,, ૭ મો ૧૬, ૨૫, ૨૮, ૬૪, ૬૬,
૬૭, ૧૪૬, ૧૭૩
શીલાદિત્ય–વિહાર ૨૯૦
શીલાદિત્ય, ક્ર્યાશ્રય ૧૫૩, ૧૫૪
શીલાંક ૧૯૬, ૨૧૦, ૨૬૧
શુભતુંગ અકાલવર્ષ ૧૫૯
શુભંકર ૨૩૨
શૂર ૧ લો ૩૬, ૧૩૬, ૨૬૩
,, ૨ જો ૧૩૬, ૧૩૭
શૂરપાલ ૧૧૯
શૂર્પારક ૧૯૪
શૃંગેરીમઠ ૪૪૫
શેત્રુંજી ૧૭
શેષનાગ ૨૧૩
શૌરિપુર ૧૯૬
શ્યામદાસ ચેટરજી, ડૉ. ૩૦૯
શ્રદ્ધિકા ૨૫૫
'શ્રાવકપ્રતિક્રમણ સૂત્ર' ૨૩૧
શ્રી ૫૩, ૮૩, ૮૪, ૮૭, ૩૯૧
શ્રીદેવી ૧૨૨, ૧૨૩, ૪૩૪, ૪૩૫
શ્રીનગર ૨૯૯, ૩૦૦, ૩૦૪, ૩૧૫,
૩૨૧, ૩૩૭, ૩૯૯
શ્રીનાથગઢ ૩૬૫
શ્રીપુંજ ૮૪, ૯૧, ૩૯૮, ૪૦૧
શ્રીભવન ૧૫૭
શ્રીમાતા ૮૪, ૪૩૭
શ્રીમાલ ૩, ૧૫, ૬૮, ૮૨–૮૬, ૮૯,
૯૧, ૯૪, ૧૨૩, ૧૯૧, ૨૦૧,
૨૦૪, ૨૨૧, ૨૨૨, ૨૨૭, ૨૩૧,
૨૫૯, ૨૬૧, ૩૮૭, ૩૯૦, ૩૯૧,
૩૯૫, ૩૯૮–૪૦૪, ૪૦૬, ૪૧૦,
૪૩૧, ૪૪૨ – ૪૪૪, ૪૪૬,
૪૪૭
'શ્રીમાલમાહાત્મ્ય' ૮૩, ૮૫, ૮૬, ૮૯,
૯૧, ૩૯૯
ષટ્પર્ણક ૨૨૯
'ષડ્દર્શનસમુચ્ચય' ૯૦, ૨૨૭
'સકલકથા' ૯૦
સત્કા ૩૯૪
સદેવંત સાવળિંગા ૩૦૫, ૩૨૬
સનત્કુમાર ૨૨૮
સપ્તમાતૃકા ૩૦૧, ૩૩૫
સબલદેવ ૧૨૧
સમનગઢ ૪૦૭
સમરકંદ ૪૧૭
સમરસિંહ ૪૧૧
'સમરાઇચ્ચકહા' ૨૨૭, ૨૨૯
'સમરાદિત્યકથા' ૯૦
'સમરાંગણ-સૂત્રધાર' ૩૦૨
સમ્મતીય નિકાય ૩૭૮, ૩૭૯
સમા ૧૪૬
સમુદ્રગુપ્ત ૪૦૪
સમુદ્રસૂરિ ૨૬૧
સયાજીગંજ ૩૫૦
સરકાર, ડૉ. દિ. ચં. ૨૭૪
સરમા ૨૯૯
સરભોણ ૧૫૭
સરસવણી ૬૧
સરસ્વતી ૫૩, ૧૦૬, ૨૦૦, ૩૫૩,
૩૫૪, ૪૨૯, ૪૩૮
સરસ્વતી, એસ. કે. ૩૦૯, ૩૭૨
સર્વતોભદ્ર ૨૯૪

સર્વાનુભૂતિ ૩૫૨, ૩૫૪, ૩૬૦
સર્વપ્રિય ૮૭
સર્વાસ્તિવાદ ૮૫
સલીમ મુનીસી ૬૮
સવની ૨૯૭, ૩૩૬
સહ્ય ૫૨, ૫૩, ૫૬, ૬૦
સંખેડા ૯૯, ૧૦૦, ૧૦૩, ૧૫૦, ૧૮૩
સંગજી ૧૪૩
સંગમખેટક ૧૦૦, ૧૦૧, ૧૮૨, ૧૮૩
સંગમસિંહ ૧, ૧૪૯, ૨૪૧
સંઘદાસગણિ ૨૧૨
સંજાણ ૮૮, ૧૫૯, ૧૬૧, ૧૮૨, ૧૮૪, ૨૭૨, ૨૭૪, ૨૭૫
સંજાણા, બેહમન કૈકોબાદ ૨૭૨
સંજ્ઞા ૩૩૩
સંડરથલ ૪૩૬, ૪૪૯
સંદથલ ૧૨૩
સંયાન ૮૮, ૧૬૧, ૨૭૪
સાખડ ૪૩૫
સાડ ૧૪૭, ૧૪૮
સાબરકાંઠા ૨, ૩, ૧૫૭, ૩૧૭, ૩૨૭, ૩૩૧
સાભરક ૨૦૧
સામંત ૧૫૧
સામંતસિંહ ૧૨૫-૧૨૭, ૧૨૯, ૪૩૭
સામંતસીંગ ૧૧૮
સારિકા ૪૦૦, ૪૦૧
'સારિકોપાખ્યાન' ૯૧
સાવિત્રી ૪૦૩
સાહરક ૨૦૧
સાંકળિયા, ડૉ. ૩૦૮
સાંચોર ૩૮૪, ૪૧૯, ૪૪૦, ૪૪૧
સાંથળી ૧૨૩
સાંધ ૧૪૭
સાંબ ૧૪૬
સાંભર ૪૦૩, ૪૧૦, ૪૨૫
સાંવતસિંહ ૪૧૨
સિદ્ધ ૨૩૨
સિદ્ધનાથ ૩૩૬, ૩૪૧
સિદ્ધપુર ૩૧૭, ૩૬૧
સિદ્ધરાજ ૧૩૩
સિદ્ધર્ષિ ૯૭, ૨૩૧, ૨૬૧
સિદ્ધસેન ક્ષમાશ્રમણ ૨૧૭, ૨૨૦, ૨૩૨
સિદ્ધસેનગણિ ૨૧૯
સિદ્ધસેન દિવાકર ૨૧૭
સિદ્ધેશ્વર ૧૩, ૩૩૬, ૩૩૯
'સિન્ધિંદ' ૨૨૧
સિરિસિગ્મિણિક ૬૧
'સિયુકી' ૩૭૩, ૩૮૦, ૩૮૧
સિરવાતાનક ૨૯૨
સિહોર ૧૮, ૨૬, ૪૦, ૧૯૬, ૨૬૧
સિંદાન ૧૭૪
સિંધ ૬૫, ૬૬, ૬૮, ૯૧, ૯૫, ૧૧૦, ૧૧૪, ૧૧૭, ૧૩૮, ૧૪૬-૧૪૮, ૧૫૨, ૧૫૫, ૧૭૨, ૨૩૮, ૨૬૮, ૨૬૯, ૨૭૧, ૩૦૯, ૩૭૬, ૪૦૦, ૪૦૬, ૪૦૭, ૪૦૯, ૪૨૪, ૪૪૭
સિંધુ ૩૬૫, ૪૧૬, ૪૨૬
સિંધુદેશ ૧૩૭, ૪૨૩
સિંધુરાજ ૮૮
સિંધુ-સૌવીર ૨૫૭


સિંહપલ્લિકા ૧૮૩
સિંહપુર ૪૦, ૬૩, ૧૯૬, ૨૫૫, ૨૬૧,
સિંહપુરી ૧૯૭
સિંહવાદી ગણિ ૨૧૭
સિંહાદિત્ય ૫૨, ૧૩૭
સીયક ૧ લો ૧૬૩, ૧૬૪
,, ૨ જો ૧૬૪
સીરિયા ૧૭૦
સીસ્તાન ૪૨૨
સીહરખિ ૧૫૮, ૧૮૨, ૧૮૪
'સુકૃતકીર્તિકલ્લોલિની' ૧૧૨, ૧૨૪
'સુકૃત-સંકીર્તન' ૧૧૨, ૧૨૪
સુદર્શન તળાવ ૧૦, ૩૫
સુધન્વાચાર્ય ૩૧
સુપ્રભદેવ ૮૭, ૨૦૨, ૨૨૨, ૪૪૨
સુમક્ત ૧૬૧
સુબ્બારાવ ૧૦, ૧૯
સુભગા ૪૨૮
સુરડ ૩૭૯
સુરત ૮૨, ૧૪૯, ૧૫૨, ૧૫૩, ૨૭૨
સુરશ્મિચંદ્ર ૩૬
સુરાષ્ટ્ર ૩૮, ૫૮, ૬૫, ૧૮૩, ૨૫૫, ૩૭૩, ૩૭૯, ૩૮૨
સુરાષ્ટ્રા ૧૮૩
સુરેન્દ્રનગર ૩૩૨, ૩૩૪, ૩૩૫
સુરેલી ૧૮૬
સુરેશ્વરાચાર્ય ૨૫૭, ૪૪૫
સુ-લ-ચ ૩૭૫
સુલેમાન ૧૯૪, ૪૦૯, ૪૧૪
સુલેમાન સૈરાફી ૨૬૯
સુલોચના ૨૨૯
'સુલોચનાકથા' ૨૩૦
સુવર્ણતીર્થ ૨૯૮, ૩૦૦, ૩૧૯
સુવર્ણમંજરી ૧૪૧-૧૪૩, ૧૮૨, ૧૮૩, ૨૫૭, ૨૯૩
સુવર્ણસિકતા ૩૮૨
સુવાન ૩૧૯
'સુશ્રુતસંહિતા' ૧૯૩
સુહિલા ૧૫૯, ૧૮૪
સુંદ ૩૯૧, ૩૯૨
'સૂત્રકૃતાંગસૂત્ર' ૧૯૬, ૨૩૧, ૨૬૧
'સૂત્રસમુચ્ચય' ૨૨૨, ૨૬૪, ૪૩૩
સૂત્રાપાડા ૨૯૮, ૩૦૫, ૩૧૪, ૩૨૪-૩૨૬, ૩૨૮, ૩૩૬, ૩૩૭, ૩૪૧
સૂરપાલ ૨૨૭, ૪૩૯, ૪૪૦
સૂર્ય ૨૮, ૨૯, ૩૧, ૨૫૭-૨૫૯, ૨૯૩, ૨૯૭-૩૦૨, ૩૦૪-૩૦૬, ૩૧૦, ૩૧૩-૩૧૬ ૩૧૮, ૩૧૯, ૩૨૧, ૩૨૨, ૩૨૫, ૩૨૬, ૩૩૦-૩૩૩, ૩૩૫, ૩૩૬, ૩૪૧, ૩૪૪, ૩૪૫, ૩૪૮, ૩૫૦, ૩૫૬, ૩૬૦, ૩૮૪-૩૮૬, ૩૯૧, ૩૯૨, ૩૯૪-૩૯૯, ૪૦૧-૪૦૪, ૪૨૧, ૪૨૪, ૪૨૬, ૪૨૮, ૪૨૯
સૂર્યપલ્લી ૧૮૬
'સૂર્યપુરાણ' ૪૦૩, ૪૦૪
સૂર્યાણી ૩૧૫, ૩૧૮
સૂર્યાપુર ૬૬, ૧૮૨, ૧૮૩
સેઠી ૨૯૧
સેલજુક ૪૧૫
સૈરંધ્રી ૧૧૮
સૈરાફ ૨૭૯
સોઢલ ૧૧, ૬૭

સોન કંસારી ૨૯૭–૩૦૦, ૩૦૪, ૩૦૫, ૩૧૫, ૩૧૯, ૩૨૨, ૩૩૫
સોનરેખ ૩૮૨
સોપારા ૧૯૪
સોમ ૧૭, ૨૬, ૩૮૭
સોમનાથ ૧૦૫, ૧૨૮, ૧૨૯, ૧૪૧, ૨૫૬, ૨૫૭, ૨૮૨, ૪૨૪, ૪૪૧
સોમનાથ પાટણ ૧૧૬, ૪૩૦, ૪૩૧, ૪૩૬
સોમેશ્વર ૧૦૫, ૧૨૮, ૧૨૯, ૧૪૧
સૌન્દરરાજન ૩૦૯
સૌર ૨૯, ૨૫૯
સૌરાષ્ટ્ર ૩૨, ૫૨, ૫૯, ૬૦, ૬૯, ૧૧૪, ૧૧૯, ૧૨૦, ૧૫૪, ૧૭૧, ૨૩૦, ૨૫૭
સૌવીર ૨૫૭
સ્કંદ ૭૮, ૩૦૬, ૩૦૮, ૩૪૩
સ્કંદગુપ્ત ૧, ૧૦, ૩૩, ૩૪, ૪૬, ૪૭, ૧૯૮, ૨૦૮
'સ્કંદપુરાણ' ૮, ૧૦૬, ૩૯૫
સ્કંદભટ ૧ લો ૫૦, ૫૩, ૫૮
,, ૨ જો ૬૧, ૨૬૩, ૩૩૯
સ્કંદમાતા ૩૫૨, ૩૫૮
સ્કંદસ્વામી ૧૨
સ્કંદિલાચાર્ય ૯
સ્ટેલા ક્રેમરિશ ૩૫૭
સ્તંભતીર્થ ૨૬૧
સ્તંભનક ૯, ૨૬૧, ૨૯૧, ૪૨૯
સ્થિરમતિ ૯, ૧૨, ૧૪, ૨૬૩, ૩૭૯
સ્થિરા ૪૪૧
સ્પૂનર, ડૉ. ૨૭૧
સ્પેન ૧૭૦
સ્માર્ત ૨૬૬
સ્મિથ ૨૯
સ્વાત ૪૦૯, ૪૧૫
હકમ ૧૭૦, ૧૭૧
હખામની ૨૭૦
હઝારા ૪૨૨
હનુમાન ૧૪૩, ૧૬૬, ૩૮૭, ૩૮૯, ૩૯૦
હમાલખાન ૩૯૦
હમીર ૧૪૭
હયગ્રીવ ૩૫૦
હર ૩૨૯
હરદામ ૧૫૧
હરસિદ્ધ ૩૩૬
હરસોલ ૧૫૭
હરિ ૨૫૭, ૨૯૩, ૩૨૯
હરિગુપ્ત ૨૨૯
હરિચંદ્ર ૯૮, ૯૯, ૧૦૯, ૧૨૫, ૧૩૧
હરિદશ્વ ૨૫૮, ૨૯૩
હરિનાથ ૨૫૬
હરિપ્રસાદ શાસ્ત્રી ૨૬૦, ૨૭૪
હરિભદ્રસૂરિ ૯૦, ૨૨૪–૨૨૭, ૨૨૯, ૨૩૨, ૨૬૧
'હરિવંશપુરાણ' ૬૯, ૮૮, ૯૫, ૨૨૮–૨૩૦, ૨૩૩
હરિષેણ ૮, ૩૮, ૪૭, ૪૯, ૧૦૭, ૧૪૯, ૨૩૨, ૨૩૩, ૨૬૨
હરિસ્વામી ૧૨
હરિહર ૩૨૮, ૩૨૯
હર્ષ ૫૪, ૫૬, ૫૮–૬૦, ૭૧, ૧૦૦, ૧૫૦, ૧૫૩, ૧૯૦, ૨૨૧, ૨૨૨, ૩૮૨, ૪૯૬, ૪૨૪

'હર્ષચરિત' ૧૮૯, ૧૯૩, ૨૦૫, ૨૫૮, ૪૦૬
હર્ષપુર ૧૫૬, ૧૬૧, ૧૮૨, ૧૮૪, ૨૩૯
'હલાયુધકોશ' ૨૧, ૧૯૫
હલ્લીસક ૩૬૮, ૩૭૦
હશામ, ખલીફ ૬૫, ૬૬
હસ્તકલ્પ ૧૯૬
હસ્તવપ્ર ૩૯, ૪૦, ૧૮૨, ૧૯૫, ૧૯૬, ૨૫૫, ૨૯૦
હાટક ૨૯
હાથબ ૩૯, ૪૦, ૧૯૫, ૨૯૦
હાથીભાઈ હ. શાસ્ત્રી ૧૩૯, ૧૬૫
હારિલ વાચક ૨૬૧
હારીજ ૧૫, ૨૬૧, ૪૩૨, ૪૪૮
હારીતી ૧૪૪, ૧૫૩
હાંસોટ ૮૧, ૧૦૩
હિઅતિલહ ૪૨૨
હિઉન-લુ ૩૭૭
હિયુ ૪૦૩
હિરા ૨૬૭
હિશામ બિન ઉમર તગ્લબી ૧૫૨, ૧૭૨
હિંમતનગર ૩૨૭
હીનયાન ૮૫, ૨૬૩, ૨૬૪, ૩૭૮, ૩૭૯
હુરિસયન (?) ૩૭૭
હુમાયુ ૪૭
હુલ્ટ્શ, ડૉ. ૪૨૪
હેમચંદ્ર ૧૮, ૨૧૫, ૨૧૭, ૨૨૬
હેરત ૪૧૫, ૪૧૯, ૪૨૨
હેરાસ ૧૦, ૧૯
હેલમંદ ૪૨૨, ૪૨૩
હેવેલ ૩૭૧
હૈદ્રાબાદ ૪૨૬
હોડીવાલા, એચ. એચ. ૨૭૩
હોરમઝ ૨૭૨
હોરમઝ્દ ૪૨૦
હોસલો ૪૨૩
હ્યુએન ત્સંગ ૩૭૩, ૩૮૦, ૪૦૫–૪૦૭, ૪૨૨–૪૨૪


※

નકશો ૧





સમુદ્રમાં ભારતીય જલપ્રદેશની સીમા ઉપર્યુક્ત આધારરેખાથી બાર દરિયાઈ માઈલના અંતર સુધી છે.

નકશો ૨





અનુ – મૈત્રકકાલીન પશ્ચિમ ભારત





સમુદ્રમાં ભારતીય જલપ્રદેશની સીમા ઉપર્યુક્ત આધારરેખાથી બાર દરિયાઈ માઈલના અંતર સુધી છે.

નકશો ૪






સમુદ્રમાં ભારતીય જલપ્રદેશની સીમા ઉપર્યુક્ત આધારરેખાથી બાર દરિયાઈ માઈલના અંતર સુધી છે.





સમુદ્રમાં ભારતીય જલપ્રદેશની સીમા ઉપર્યુક્ત આધારરેખાથી બાર દરિયાઈ માઈલના અંતર સુધી છે.

## દક્ષિણી શૈલી






આકૃતિ ૬-૭





આકૃતિ ૮-૯


પટ્ટ ૩





આકૃતિ ૧૦–૨૦. માટીનાં વાસણ





આકૃતિ ૨૧–૨૭. માનવ અને પશુ આકૃતિઓ




આકૃતિ ૨૮–૪૪. શંખની બંગડીઓ, મણકા વગેરે





આકૃતિ ૪૫–૫૭. ચિત્રિત અને ધારીલાં મૃત્પાત્ર




આકૃતિ ૫૮. ગોપના મંદિરનું તલદર્શન




આકૃતિ ૫૯. કદવારના વરાહમંદિરનું તલદર્શન




આકૃતિ ૬૦ ધ્રાસણવેલના મગદેરાનું તલદર્શન




આકૃતિ ૬૧. પાછતરના પંચાયતન મંદિરનું તલદર્શન




આકૃતિ ૬૨. ગોપના મંદિરની જગતીના થરો



આકૃતિ ૬૩. ગોપ મંદિરનું અધિષ્ઠાન (પીઠ)



આકૃતિ ૬૪. ખીમેશ્વર મંદિરનો કુડયસ્તંભ

પટ્ટ


૧૦




આકૃતિ ૬૫. હલ્લીષકનું દશ્ય, બાઘ




આકૃતિ ૬૬. હાથીની સવારીનું દૃશ્ય, બાઘ



આકૃતિ ૬૭. પ્રાચીન મંદિર, ગોપ



આકૃતિ ૬૮. પ્રાચીન મંદિર, વિસાવાડા



આકૃતિ ૬૯. સૂર્યમંદિર જમળા




આકૃતિ ૭૦. સૂર્યમંદિર, કીંદરખેડા




આકૃતિ ૭૧. મંદિર નં. ૩, ભાણસરા



આકૃતિ ૭૨. સૂર્યમંદિર, પસનાવડા



આકૃતિ ૭૩. જગન્નાથમંદિર, સુવર્ણતીર્થ



આકૃતિ ૭૪. પ્રાચીનમંદિર, કળસાર



આકૃતિ ૭૫ મંદિર નં ૧, ખામેશ્વર





આકૃતિ ૭૬. મંદિર નં. ૧, સોનકંસારી




આકૃતિ ૭૭. પ્રાચીન મંદિર, પીંડારા

પટ્ટ ૬૯ આકૃતિ ૭૮. કાલિકામાતા મંદિર, જૂની ધ્રેવડ





પટ્ટ ૨૦ આકૃતિ ૭૯. શિવમંદિર, બીલેશ્વર



આકૃતિ ૮૦. સૂર્યમંદિર, સૂત્રાપાડ




આકૃતિ ૮૧. સૂર્યમંદિર, પાછતર




આકૃતિ ૮૨. સૂર્યમંદિર, આઅખોદર




આકૃતિ ૮૩ મગદેરું, ધ્રાસણવેલ



આકૃતિ ૮૪. મંદિર નં. ૨, મિયાણી




આકૃતિ ૮૫. ગણેશદેરું, ધૂમલી



આકૃતિ ૮૬. મંદિર નં. ૩, સોનકંસારી



આકૃતિ ૮૭. ગાયત્રીમંદિર, પસનાવડા



આકૃતિ ૮૮. મંદિર નં. ૬, ખીમેશ્વર



આકૃતિ ૮૯. વિશ્વરૂપ વિષ્ણુ, શામળાજી



આકૃતિ ૯૦. શિવ, શામળાજી



આકૃતિ ૯૧. શિવ-પાર્વતી, કારવણ



આકૃતિ ૯૨. મા અને બાળક, કોટ્યર્ક



આકૃતિ ૯૩. કૌમારી, દેલવાડા



આકૃતિ ૯૪. ચામુંડા, દેલવાડા



આકૃતિ ૯૫. વારાહી. દેલવાડા

પટ્ટ
૩૧



આકૃતિ ૯૬. જીવંત સ્વામી, અકોટા



આકૃતિ ૯૭. વિશ્વરૂપ વિષ્ણુ, કઠલાલ





આકૃતિ ૯૯. ચામુંડા, રોડા

← આકૃતિ ૯૮. ઉમા–મહેશ્વર, કપૂરાઈ

પટ્ટ
33



આકૃતિ ૧૦૦. સ્કન્દમાતા કોટયર્ક



આકૃતિ ૧૦૧ શિવ-પાર્વતી ટીંટોઈ



આકૃતિ ૧૦૨. અચ્છુપ્તા,અકોટા



આકૃતિ ૧૦૩. ચામરધારિણી, અકોટા



આકૃતિ ૧૦૪. સૂર્ય, રણુંપીપળી

ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ

ગ્રંથ ૩

# મૈત્રક કાલ અને અનુ-મૈત્રક કાલ

શેઠ ભોળાભાઈ જેશિંગભાઈ અધ્યયન-સંશોધન વિદ્યાભવન